# તવઝીહુલ મસાઈલ

## લેખક

મરજએ તકલીદ, આયતુલ્લાહિલ ઉઝમા સૈયદ અલી હુસૈની સીસ્તાની

# -: કેટલાક અઘરા ફીકહી શબ્દોની સમજણ :-

**એહતીયાત :** અમલની એ રીત જેનાથી હકીકત પ્રમાણે યકીન આવી જાય.

**એહતીયાતે લાઝિમ :** એહતીયાતે વાજિબની બરાબર.

**એહતીયાતે મુસ્તહબ :** ફતવા ઉપર એહતીયાત છે એટલે તેના પર ધ્યાન દેવું જરૂરી નથી.

**એહતીયાતે મુસ્તહબ :** એ હુકમ જે એહતીયાત પ્રમાણે હોય. આવા મસઅલામાં મુકલ્લિદ (અનુયાયી) એવા મુજતહિદના ફતવા પ્રમાણે અમલ કરી શકશે જે અ'અલમની પછી ઈલ્મમાં વધારે હોય.

**એહતીયાત તજવી ન જોઈએ (એહતીયાતનું ધ્યાન રાખવું) :** જે મસઅલામાં આવો શબ્દ આવે, જો તેમાં મુજતહિદે ફતવો આપ્યો ન હોય તો તેનો ભાવાર્થ એહતીયાતે વાજિબ થશે, અને જે મુજતહિદનો ફતવો પણ મવજૂદ હોય તો તેનાથી એહતીયાત પર ભાર મુકવાનો આશય છે.

**અહવત :** એહતીયાત

**ઈશ્કાલ છે :** આ અમલના કારણે શરઈ જવાબદારી ખતમ નહિ થાય. તેના ઉપર અમલ ન કરવો જોઈએ. આ મસઅલામાં કોઈ બીજા મુજતહિદની તરફ રજૂ થઈ શકાય છે, એ શરતે કે તેની સાથે ફતવો ન હોય.

**અઝહર :** (વધારે સ્પષ્ટ) મસઅલા સંબંધી દલીલોથી વધારે નજદીક અને દલીલો સાથે મળતું આવવાના કારણે વધારે સ્પષ્ટ આ મુજતહિદનો ફતવો હોય.

**ઈફઝાઅ :** ઉઘડવું. પેશાબ અને હેઝની જગ્યાનું એક થઈ જવું. અથવા હેઝ અને પાયખાનાની જગ્યાનું એક થઈ જવું. અથવા ત્રણેય જગ્યાઓનું એક થઈ જવું.

**અકવા :** કવી (દ્રઢ) દ્રષ્ટિબિંદુ.

**અવલા :** વધારે સારૂં, વધારે યોગ્ય.

**ઈકાઅ :** એ મામલો જે એક તરફી થઈ જાય છે, અને તેને કબુલ કરવાવાળાની જરૂરત નથી. જેમકે તલ્લાક જેમાં માત્ર તલ્લાક આપવી પુરતુ છે, કબૂલ કરવાની જરૂરત નથી.

**બઈદ છે :** ફતવો આ પ્રમાણે નથી.

**જાહિલે કાસિર :** મસઅલો ન જાણનાર એવો શખ્સ (જે કોઈ દૂરના સ્થળે રહેવાને કારણે) મસઅલાના હુકમ સુધી પહોંચ ન ધરાવતો હોય.

**જાહિલે મોકસ્સિર :** તે અજ્ઞાન શખ્સ જેના માટે મસાઈલ શીખવા શક્ય રહ્યા હોય, પણ તેણે આળસ

કરી હોય અને જાણી જોઈને મસાઈલ માલૂમ ન કર્યા હોય.

**હાકિમે શરઅ :** તે જામેઉશ્શરાઈત મુજતહિદ જેનો હુકમ શરીઅતના કાનૂનોની બુન્યાદ પર અમલમાં હોય.

**હદસે અસગર :** દરેક એ વસ્તુ જેના કારણે નમાઝના માટે વઝુ કરવું પડે. આ **સાત** વસ્તુઓ છે :

| | | |
|---|---|---|
| **(૧)** પેશાબ | **(૨)** પાયખાના | **(૩)** હવા છૂટવી |
| **(૪)** નીંદ (ઉંઘ) | **(૫)** બુધ્ધિ નષ્ટ કરનારી વસ્તુ (મસ્તી અથવા બે શુધ્ધી) | |
| **(૬)** ઈસ્તેહાજા | **(૭)** એ વસ્તુઓ જેના લીધે ગુસ્લ વાજિબ થાય છે. | |

**હદસે અકબર :** એ વસ્તુઓ જેના કારણે નમાઝ પઢવા માટે ગુસ્લ કરવું પડે, જેમકે સ્વપ્નદોશ (વીર્યપાત), સ્ત્રી સંયોગ, વિગેરે

**હદ્દે તરખ્ખુસ :** મુસાફરીની એ હદ જયાંથી અઝાનની અવાજ ન સાંભળી શકાય અને વસ્તીની દીવાલો દેખાવી બંધ થાય.

**હરામ :** દરેક એ અમલ જેને તજી દેવો (તર્ક કરવો) શરીઅતી દ્રષ્ટિએ જરૂરી છે.

**દિરહમ :** ૧૨.૬/૧૦ ચણા બરાબર ચાંદી (લગભગ ૨.૫૦ ગ્રામ)

**ઝિમ્મી કાફર :** યહુદી, ઈસાઈ અને મજૂસી, જે ઈસ્લામી દેશમાં રહેતા હોય અને ઈસ્લામના સામુદાયીક કાયદાઓની પાબંદી કરવાના વાયદાના કારણે ઈસ્લામી હુકૂમત તેના જાન, માલ અને આબરૂનું રક્ષણ કરે.

**રજાએ મતલૂબીયત :** કોઈ અમલને ખુદા પસંદ કરશે એવી આશાએ અંજામ આપવો.

**રજુઅ કરવું :** પાછું ફરવું. આ શબ્દનો ઉપયોગ **બે** જગ્યાએ થાય છે :

**(૧)** આલમ જે મસઅલામાં એહતીયાતે વાજિબનો હુકમ આપે એ મસઅલામાં કોઈ બીજા મુજતહિદની તકલીદ કરવી.

**(૨)** પત્નીને તલાકે રજઈ દેવા પછી ઈદ્દત દરમિયાન એવું કોઈ કામ કરવું અથવા એવી કોઈ વાત કહેવી જેનાથી એ વાતની ખબર પડે કે તેને બીજી વાર પત્ની બનાવી લીધી છે.

**શાખિસ :** ઝોહરનો સમય જાણવા માટે જમીનમાં ખોડવામાં આવેલી લાકડી.

**શારેઅ :** ખુદાવંદે આલમ, રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ

**તલાક :** આઝાદી : શરીઅતે બતાવેલ રીતથી નિકાહ તોડવા.

**તલાકે બાઈન :** એ તલાક જે પછી પતિને રજુ કરવાનો હક નથી રહેતો. વિગત તલાકના પ્રકરણમાં

જુઓ.

**તલાકે ખુલાઅ :** એ સ્ત્રીની તલાક જે ધણીને પસંદ ન કરતી હોય અને તલાક લેવા માટે શવહરને પોતાની મહેર અથવા કોઈ માલ બખ્શી દે. વિગત તલાકના પ્રકરણમાં જુઓ.

**તલાકે રજઈ :** એ તલાક જેમાં પુરૂષ ઈદ્દત દરમિયાન સ્ત્રી પ્રતિ રજુ થઈ શકે છે. જેના એહકામ તલાકના પ્રકરણમાં બયાન કરવામાં આવ્યા છે.

**તલાકે મુબારાત :** એ તલાક જેમાં પતિ પત્ની બંને એક બીજાને ધીક્કારતા હોય અને સ્ત્રી તલાક માટે ધણીને કંઈ માલ આપે.

**તવાફે નિસાઅ :** હજ અને ઉમરએ મુફરદાનો છેલ્લો તવાફ જેને જ બજાવી લાવવાની હજ અથવા ઉમરએ મુફરદા કરવાવાળા પર સ્ત્રી સંભોગ હરામ રહે છે.

**ઝાહિર આ છે :** ફતવો આ છે. (એ સિવાય કે લખાણમાં તેની વિરૂધ્ધ કાંઈ ઈશારો મવજૂદ હોય.)

**ઝોહરે શરઈ :** અર્થાત અર્ધો દિવસ વિતી જવો. ઉદાહરણ : જો દિવસ બાર કલાકનો હોય તો સુર્યોદય છ કલાક વીતવા પછી અને જો દિવસ તેર કલાકનો હોય તો સાડા છ કલાક વીતવા પછી અને જો દિવસ અગીયાર કલાકનો હોય તો સાડા પાંચ કલાક વીતવા પછી શરઈ ઝોહરનો સમય છે, અને શરઈ ઝોહરનો સમય જે સુર્યોદય પછી અર્ધો દિવસ વીતવા પછીથી સૂર્યાસ્ત સુધીનો છે. કેટલાક સમયે બાર વાગ્યાની કેટલીક પળો પહેલા અને ક્યારેક બાર વાગ્યાની કેટલીક પળો પછી હોય છે.

**અદાલત :** એ લાક્ષણિક પરિસ્થિતિ જે પરહેઝગારીના કારણે ઈન્સાનમાં પેદા થાય છે, જેના કારણે તે વાજિબ કામો અંજામ આપે છે અને હરામ કામો તજી દે છે.

**અકદ :** કરાર, નિકાહ

**ફતવા :** શરઈ મસાઈલમાં મુજતહીદનું દ્રષ્ટિબિંદુ.

**કુરઆનના વાજિબ સજદા :** કુરઆનમાં પંદર આયતો એવી છે જેને પઢવા કે સાંભળવા પછી ખુદાવંદે આલમની અઝમત સામે સિજદો કરવો જોઈએ. તેમાંથી ચાર સ્થળોએ સિજદો વાજિબ અને અગિયાર સ્થળોએ મુસ્તહબ છે.

**કુરઆનના મુસ્તહબ સજદા :**

**(૧)** પારો ૯, સૂરએ અઅરાફ, છેલ્લી આયત. **(૨)** પારો ૧૩, સૂરએ રઅદ, ૧૫મી આયત. **(3)** પારો ૧૪, સૂરએ નહ્લ, ૫૦મી આયત. **(૪)** પારો ૧૫, સૂરએ બની ઈસરાઈલ, ૧૦૯મી આયત. **(૫)** પારો ૧૬, સૂરએ મરયમ, ૫૮મી આયત. **(૬)** પારો ૧૭, સૂરએ હજ, ૧૮મી આયત. **(૭)**

પારો ૧૭, સૂરએ હજ, ૭૭મી આયત **(૮)** પારો ૧૯, સૂરએ ફુરકાન, ૬૦મી આયત. **(૯)** પારો ૧૯, સૂરએ નમ્લ, ૨૬મી આયત. **(૧૦)** પારો ૨૩, સૂરએ સ્વાદ, ૨૪મી આયત. **(૧૧)** પારો ૩૦, સૂરએ ઈન્શેકાક, ૨૧મી આયત.

**કુરઆનના વાજિબ સિજદા :**

**(૧)** પારો ૨૧, સૂરએ અલીફ લામ મીમ તન્ઝીલ, ૧૫મી આયત. **(૨)** પારો ૨૪, સૂરએ સજદહ, ૩૮મી આયત. **(૩)** પારો ૨૭, સૂરએ નજમ, છેલ્લી આયત. **(૪)** પારો ૩૦, સૂરએ અલક, છેલ્લી આયત.

**કસદે ઈન્શાઅ :** વેપાર (લે-વેચ)ની જેમ કોઈ ભરોસા પાત્ર વસ્તુને લગતા શબ્દો વડે અસ્તીત્વમાં લાવવાનો નિશ્ચય.

**કસદે કુરબત :** (કુરબતની નિય્યત) : અલ્લાહ તઆલાની મરજીની નિકટ થવાનો ઈરાદો.

**કુવ્વતથી ખાલી નથી :** આ ફત્વો છે. (એ સિવાય કે લખાણમાં તેની વિરૂધ્ધ કોઈ ઈશારો મવજૂદ ન હોય.)

**કફ્ફારએ જમ્અ : (સંયુકત કફ્ફારો)** ત્રણેય કફ્ફારા. **(૧)** સાંઈઠ રોઝા રાખવા. **(૨)** સાંઈઠ ફકીરોને પેટ ભરીને ખાવાનું ખવડાવવું. **(૩)** ગુલામ આઝાદ કરવો.

**લાઝિમ :** વાજિબ. અગર મુજતહિદ કોઈ કામના વાજિબ અને લાઝિમ હોવાનું નિરૂપણ આયતો અથવા રિવાયતોથી એવી રીતે કરે છે કે તેને શારેઅની સાથે સંબંધીત કરવું શક્ય હોય તો તેનો ઉલ્લેખ વાજિબ શબ્દથી કરાય છે અને જો તેના વાજિબ કે લાઝિમ હોવાનું કોઈ બીજી રીતે દાખલા તરીકે અકલી દલીલોથી સમજયા હોય એવી રીતે કે તેને શારેઅ સાથે સંબંધીત ન કરી શકાય તો તેને લાઝિમ શબ્દથી ઓળખવામાં આવે છે. એહતીયાતે વાજિબ અને એહતીયાતે લાઝિમમાં પણ આ ફકરાને ધ્યાનમાં રાખવામાં આવે છે. ગમે તેમ મુકલ્લિદ (અનુયાયી) માટે અમલ કરવામાં વાજિબ અને લાઝિમ વચ્ચે કોઈ ફરક નથી.

**મુબાહ :** એ અમલ જે શરીઅતની નજરમાં ન તો વખાણવા યોગ્ય હોય કે ન વખોડવા જેવો હોય. (આ શબ્દ વાજિબ, હરામ, મુસ્તહબ અને મકરૂહ સામે છે.)

**નજીસ :** દરેક એ વસ્તુ જે ખુદ તો પાક હોય પણ કોઈ નજીસ ચીજને સીધી કે આડકતરી રીતે ભળી જવાથી નજીસ થઈ ગઈ હોય.

**મજહુલુલ માલિક :** એ માલ જેના માલિકની ખબર ન હોય.

**મેહરમ :** એવા નિકટના સગાઓ જેની સાથે કદી નિકાહ નથી થઈ શકતા.

**મહલ્લે ઈશ્કાલ છે :** આમાં ઈશ્કાલ છે. આ અમલ સહીહ થવો અથવા પૂરો થવો મુશ્કિલ છે. (મુકલ્લિદ આ મસઅલામાં બીજા કોઈ મુજતહીદને રજુ કરી શકે છે, જો તેની સાથે ફતવો ન હોય.)

**મોહરીમ :** જે શખ્સ હજ અથવા ઉમરાના એહરામમાં હોય.

**મહલ્લે તઅમ્મુલ :** એહતીયાત કરવી જોઈએ. મુકલ્લિદ આ મસઅલામાં બીજા મુજતહિદને રજુ કરી શકે છે, જો તેની સાથે ફતવો ન હોય તો.

**મુસલ્લમાતે દીન :** તે આવશ્યક અને નકકર કામો જે દીને ઈસ્લામના આવિભાજય અંગો છે, અને જેને બધા મુસલમાન દીનના જરૂરી અંગો સમજે છે, જેમકે નમાઝ રોઝાનું ફરજ અને વાજિબ હોવું. આ કાર્યોને "દીનની જરૂરીયાતો" અને "દીનના અંગો" પણ કહે છે. કેમકે આ એ કાર્યો છે જેને સ્વીકારવું ઈસ્લામના વર્તુળમાં રહેવા માટે અત્યંત જરૂરી છે.

**મુસ્તહબ :** ઈચ્છવા યોગ્ય. જે વસ્તુ શારએ મુકદ્દસ (અલ્લાહ) ને પસંદ હોય પણ તેને વાજિબ ન ઠેરવે. દરેક એ કાર્ય (હુકમ) જે કરવામાં સવાબ હોય પણ છોડવામાં ગુનાહ ન હોય.

**મકરૂહ :** અનિચ્છીય, તે કામ જેને કરવું હરામ ન હોય પણ ન કરવું સારૂં છે.

**નિસાબ :** નક્કી માપ અથવા નક્કી મર્યાદા.

**વાજિબ :** દરેક એ કાર્ય જેને બજાવી લાવવું શરીઅતની દ્રષ્ટિમાં ફરજ હોય.

**વાજિબે તખયીરી :** જયારે વાજિબ હોવું બે માંથી કોઈ એકથી સંબંધ ધરાવતું હોય તો એ બે માંના દરેકને વાજિબે તખયીરી કહે છે, જેમકે રોઝાના કફ્ફારામાં ત્રણ વસ્તુઓ વચ્ચે ઈખ્તીયાર હોય છે. **(૧)** ગુલામ આઝાદ કરવો. **(૨)** સાંઈઠ રોઝા રાખવા. **(3)** સાંઈઠ ફકીરોને ખાવાનું ખવરાવવું.

**વાજિબે અયની :** જે દરેક શખ્સ પર ખુદ વાજિબ હોય, જેમકે નમાઝ, રોઝા.

**વાજિબે કિફાઈ :** એવું વાજિબ જેને કેટલાક લોકો અંજામ આપી દે તો બાકી લોકો પરથી ઉતરી (સાકીત થઈ) જશે. જેમકે મય્યતને ગુસલ આપવું બધા પર વાજિબ છે, પણ જો થોડા લોકો એને અંજામ આપી દે તો બાકી લોકો પરથી સાકીત થઈ જશે.

**વકફ :** મૂળ માલને અંગત (ઝાતી) મિલકતમાંથી કાઢી તેનો ફાયદો ખાસ લોકો અથવા નેક કામો સાથે ખાસ કરી દેવો.

**વલી :** વાલી, દાખલા તરીકે બાપ, પતિ અથવા હાકિમે શરઅ.

**શરઈ વજન અને દશાંશી વજન :**

**(૧)** ૫ નખૂદ (ચણા ભાર) એટલે ૧ ગ્રામ

**(૨)** ૧૨ ૬/૧૦ નખૂદ એટલે લગભગ ૨.૫૦ ગ્રામ

**(૩)** ૧૮ નખૂદ (અથવા એક મિસ્કાલ શરઈ) એટલે લગભગ ૩.૫૦ ગ્રામ

**(૪)** ૧ દિનાર (અથવા એક મિસ્કાલ શરઈ) એટલે લગભગ ૩.૫૦ ગ્રામ

**(૫)** ૧ મિસ્કાલ શરાફી (૨૪ નખૂદ) એટલે લગભગ ૫.૦૦ ગ્રામ

**(૬)** ૧ મુદ એટલે લગભગ ૭૫૦ ગ્રામ

**(૭)** ૧ સાઅ એટલે લગભગ ૩.૦૦ કિલો ગ્રામ

**(૮)** કુર (પાણી) એટલે લગભગ ૩૭૭ કિલો ગ્રામ

# તકલીદ

## તકલીદના અહેકામ

**<u>મસઅલો ૧</u>** : એક મુસલમાન માટે જરૂરી છે કે ઉસૂલે દીન સંબંધી પોતાના અકીદાને પોતાની બુધ્ધિ અને પારખશક્તિથી સમજીને માન્ય રાખે; અને ઉસૂલે દીન બારામાં એ તકલીદ કરી શકતો નથી, એટલે કે માત્ર જાણકારોના કથન ઉપર આધાર રાખી માની લેવું પુરતું નથી.

સામાન્ય રીતે જયારે એક શખ્સ ઈસ્લામના સત્ય અકીદા ઉપર યકીન ધરાવતો હોય અને તે મુજબ અમલ કરી અકીદાનું પ્રદર્શન કરતો હોય, અગરચે એ પૂરી સમજણને પરિણામે ન હોય, ત્યારે પણ એ શખ્સ મુસલમાન અને મોઅમીન ગણાશે, અને તેના ઉપર ઈસ્લામના તમામ હુકમો લાગુ પડશે.

દીનના જેટલા નિશ્ચિત, નિર્વિવાદ અને ચોકકસ એહકામ છે, એ સિવાય બાકીના એહકામ માટે યા તો મુજતહિદ હોવું જરૂરી છે, જેથી દલીલો વડે એ હુકમોને જાણી શકાય, અને યા તો મુજતહિદની તકલીદ કરવી જોઈએ, અને યા તો એહતીયાત અને સાવચેતીથી એવી રીતે અમલ બજાવી લાવવા જોઈએ કે જેથી ખાતરી થાય કે તે પોતાની ફરજ અદા કરી શકયો છે.

જેમકે, અગર અમુક મુજતહિદો એક અમલને હરામ ગણાતા હોય, અને બીજા મુજતહિદો એને હરામ ન ગણતા હોય, તો એહતીયાત કરનારે એ અમલથી પરહેઝ કરવો જોઈએ. એવી જ રીતે અગર અમુક મુજતહિદો કોઈ અમલને મુસ્તહબ કરાર દીએ, જયારે બીજા મુજતહિદો એને વાજિબ ગણાવતા હોયપ ત્યારે એહતીયાત કરનારે એ અમલ બજાવી લેવો જોઈએ.

ખુલાસો એ કે જે લોકો મુજતહિદ નથી, અને એહતીયાત મુજબ વર્તી શકતા નથી, તેઓ ઉપર વાજિબ છે કે તેઓ મુજતહિદની તકલીદ કરે.

**<u>મસઅલો ૨</u>** : એહકામમાં મુજતહિદની તકલીદ કરવાનો અર્થ એ છે કે તેના હુકમ પ્રમાણે અમલ કરવામાં આવે.

જે મુજતહીદની તકલીદ થઈ શકે તેની શરતો એ છે કે એ પુરૂષ હોવો જોઈએ. ઉપરાંત બાલિગ, આકિલ, શીયા ઈસ્નાઅશરી, હલાલઝાદો અને જીવંત તથા આદિલ હોવો જોઈએ.

આદિલ એ શખ્સને કહેવામાં આવે છે કે જે પોતાના ઉપર વાજિબ હોય એવા કાર્યોને બજાવી લાવતો હોય,અને જે હરામ કાર્યો હોય તેનાથી પરહેઝ કરતો હોય: અને તેની નિશાની તેમજ ઓળખ એ છે કે જાહેરમાં તેના ગુણ-લક્ષણ સારાં હોય, કે અગર તેના વિષે તેના મોહલ્લાના લોકોને,

પાડોશીઓને યા જેની સાથે તે વસતો હોય, તેમને પૂછવામાં આવે, તો તેની નેકી સાથે સહમત હોય અને સમર્થન આપે.

જયારે ખબર પડે કે રોજીંદા મસાઈલમાં મુજતહિદોના ફતવામાં ફરક છે, અગરચે એ જાણ ખુલાસાપૂર્વક ન હોય, ત્યારે જરૂરી છે કે ઈન્સાન એવા મુજતહિદની તકલીદ કરે કે જે અઅલમ હોય. અઅલમથી મુરાદ એ મુજતહિદ છે કે જે સમકાલીન મુજતહિદો કરતાં વધુ ઈલ્મ ધરાવતો હોય: અને ખુદાના હુકમને સમજવામાં વધુ શક્તિશાળી હોય.

**મસઅલો 3** : મુજતહિદ અને અઅલમને **ત્રણ રીતે** પારખી શકાય :

**(૧)** પોતે ઈન્સાન યકીન હાસિલ કરે, જેમકે પોતે એટલું ઈલ્મ ધરાવતો હોય કે મુજતહિદ અને અઅલમને પારખી શકે.

**(૨)** બે આલિમ આદિલો કે જે મુજતહિદની પરખ કરી શકતા હોય, સાક્ષી પુરે કે ફલાણો મજતહિદ અથવા અઅલમ છે ; પણ તેમાં શરત એ છે કે તેની વિરૂધ્ધમાં બીજા બે આલિમ આદિલોએ ગવાહી આપી ન હોય ; અને જાહેર એ છે કે એક જ વિશ્વાસપાત્ર આલિમ આદિલની ગવાહીથી પણ મુજતહિદ કે અઅમલમ સાબિત થઈ શકશે.

**(3)** અમુક ગણનાપાત્ર આલિમો કે જેઓ મુજતહિદ અને અઅલમની પરખ કરી શકતા હોય, તેઓ કોઈને મુજતહિદ અને અઅલમ તરીકે સ્વીકારે; અને તેમના કથનથી ઈત્મિનાન હાસિલ થાય.

**મસઅલો ૪** : અગર બે યા બેથી વધુ મુજતહિદો વચ્ચે રોજિંદા મસાઈલ બારામાં અસમાનતા કે તફાવત હોય, અગરચે એ તફાવતની ખુલાસાવાર જાણ ન હોય ; અને એ પણ ખબર હોય કે એ મુજતહિદોમાં એક બીજા કરતા અઅલમ છે, પણ એ અઅલમની પરખ કરવાની શક્યતા ન હોય, તો બેહતર છે કે એ સર્વે ફતવાઓને અનુલક્ષી એહતેયાતનો વચગાળાનો રસ્તો જોઈ તે પ્રમાણે અમલ કરે.

અગર એહતેયાત મુજબ પણ અમલ કરવાની શક્યતા જણાતી ન હોય, તો પછી એ મુજતહિદના ફતવા મુજબ વર્તે, જેના માટે તેને ગુમાન થાય કે એ બીજા કરતાં અઅલમ છે. જે સંજોગોમાં બે મુજતહિદો વચ્ચે કોણ અઅલમ છે તેની પરખ ન થઈ શકતી હોય અને બંને સરખા જણાતા હોય, ત્યારે કોઈ પણ એક મુજતહિદના ફતવા પ્રમાણે અમલ કરી શકાશે.

**મસઅલો ૫** : મુજતહિદના ફતવાની જાણ **ચાર રીતે** પ્રાપ્ત થઈ શકે.

**(૧)** પોતે મુજતહિદના મોઢે સાંભળીને

**(૨)** બે આદિલો પાસેથી મુજતહિદનો ફતવો જાણીને:

**(3)** એવા શખ્સ પાસેથી સાંભળીને કે જે વિશ્વાસપાત્ર હોય, અને તેના કહેવાથી ઈત્મિનાન હાસિલ થાય ;

**(૪)** મુજતહિદના રિસાલા (તવઝીહુલ મસાઈલ) ઉપરથી, પણ તે એ શરતે કે એ રિસાલાની દુરસ્તી અને તેના આધારભૂત હોવાની ખાત્રી હોય.

**મસઅલો ૬** : જયાં સુધી ઈન્સાનને ખાત્રી થઈ ન હોય કે મુજતહિદનો ફતવો બદલ્યો છે, ત્યાં સુધી મુજતહિદના રિસાલામાં જે રીતે લખેલું હોય તે મુજબ અમલ કરી શકે છે; અને અગર એને એવો ભાસ થાય કે ફતવો બદલ્યો હશે, તો તે માટે તપાસ કરવી જરૂરી નથી

**મસઅલો ૭** : અગર મુજતહિદે અઅલમ કોઈ મસઅલા વિષે સ્પષ્ટ ફતવો આપે, તો તેની તકલીદ કરનાર એ મસઅલમાં કોઈ બીજા મુજતહિદના ફતવા પ્રમાણે અમલ નહી કરી શકે. પરંતુ અગર એ મુજતહિદે સ્પષ્ટ ફતવો ન આપ્યો હોય, અને ફરમાવે કે ફલાણી રીતે અમલ કરવું એહતીયાત છે, તો તકલીદ કરનાર માટે બે વિકલ્પ છે : યા તો એ મુજતહિદે જણાવેલ એહતીયાત, કે જે એહતીયાતે વાજિબ છે, તે પ્રમાણે જ અમલ કરે: અને યા તો બીજા એવા મુજતહિદના સ્પષ્ટ ફતવા મુજબ વર્તે કે જે મુજતહિદની તકલીદ કરવી જાઈઝ છે.

દાખલા તરીકે અગર મુજતહિદે અઅલમ ફરમાવે કે નમાઝની પહેલી અને બીજી રકાતમાં સૂરએ હમ્દ પડયા પછી એહતીયાત છે કે બીજો એક પૂરો સૂરો પડવામાં આવે: અને બીજા મુજતહિદે કે જેની તકલીદ કરવી જાઈઝ હોય, તે એવો સ્પષ્ટ ફતવો આપે કે નમાઝની પહેલી અને બીજી રકઅતમાં સૂરએ હમ્દ કાફી છે, તો તકલીદ કરનાર યા તો પોતાના મુજતહિદના એહતીયાતે વાજિબ ઉપર અમલ કરીને બંને સૂરાઓ પડશે, અને યા તો બીજા મુજતહિદ તરફ રજૂઅ કરી ફકત સૂરએ હમ્દ પડશે,એવી જ રીતે જયારે મુજતહિદે અઅલમ ફરમાવે કે આ મસઅલામાં ઈશ્કાલ છે અથવા મહલ્લે તઅમ્મુલ (અનિશ્રિતતા છે), ત્યારે ઉપર જણાવેલ કાયદો લાગુ પડશે.

**મસઅલો ૮** : અગર મુજતહિદે અઅલમ સ્પષ્ટ ફતવો આપે, અને તેની પહેલા કે બાદ એહતીયાત દર્શાવે, તો એ એહતીયાતે મુસ્તહબ ગણાશે: અને તકલીદ કરનાર એ એહતીયાતનો ત્યાગ કરી શકશે.

દાખલા તરીકે અગર મુજતહિદે અઅલમ ફરમાવે કે જો નજીસ વાસણ કુર પાણીમાં એક વાર ધોવામાં આવે તો એ પાક ગણાશે. ત્યારબાદ કહે કે પણ એહતીયાત એ છે કે ત્રણ વાર ધોવામાં આવે, તો એ એહતીયાતે મુસ્તહબ ગણાશે.

**મસઅલો ૯** : ઈન્સાન જે મુજતહિદની તકલીદ કરતો હોય, તે જો ગુજરી જાય, તો તેનો હુકમ જીવતા મુજતહિદ જેવો જ છે, એટલે અગર એ વકાત પામેલા મુજતહિદ કરતાં અઅલમ હોય, અને રોજીંદા મસાઈલમાં તેમના વચ્ચે સંક્ષેપ્તમાં ખબર હોય, તો એ વકાત પામેલા મુજતહિદની તકલીદ ઉપર બાકી રહેવું જરૂરી છે; અને અગર જીવતા મુજતહિદ અઅલમ હોય તો તેમના તરફ રજૂ કરવું જરૂરી થશે.

આ મસઅલામાં તકલીદથી મુરાદ એ મુજતહિદના હુકમ પ્રમાણે ચાલવાની નિય્યત છે, તે મુજબ અમલ કર્યા હોવાની શર્ત નથી.

**મસઅલો ૧૦** : અગર કોઈ મસઅલામાં મુજતહિદના ફતવા અનુસાર અમલ કરે, અને એ

મુજતહિદની વફાતબાદ પોતાની શરઈ જવાબદારીને અનુસરી બીજા જીવતા મુજતહિદના ફતવા મુજબ અમલ કરે, તો ત્યારબાદ ફરીથી ગુજરી ગયેલા મુજતહિદના ફતવા પ્રમાણે અમલ નહી કરી શકે.

**મસઅલો ૧૧** : જે મસઅલાની ઈન્સાનને હર હમેંશ જરૂરત રહેતી હોય, તેને શીખી લેવા વાજિબ છે.

**મસઅલો ૧૨** : અગર કોઈ શખ્સ સામે એવો મસઅલો પેશ આવે કે જેના હુકમની તેને જાણ ન હોય, તો વાજિબ છે કે એહતેયાતથી વર્તે, અથવા ઉપરોકત શરતોને નજર સામે રાખી તકલીદ કરે, પણ જો અઅલમ મુજતહિદના ફતવાની જાણ ન થઈ શકતી હોય, તો એ મસઅલામાં ગયર અઅલમ મુજતહિદના ફતવા મુજબ અમલ કરવું જાઈઝ છે, અગર તેને સાધારણ જાણ હોય કે અઅલમ અને ગયરે અઅલમના ફતવાઓ વચ્ચે ફરક છે.

**મસઅલો ૧૩** : અગર કોઈ શખ્સ બીજા મુજતહિદના ફતવાની જાણ કરે, અને થોડાક સમય બાદ મુજતહિદે ફતવો બદલ્યો હોય, તો એ બીજા શખ્સને ફતવો બદલાયાની જાણ કરવી વાજિબ નથી, પણ અગર મુજતહિદના ફતવાની જાણ કરતી વેળા જ ભૂલ કરી હોય, જે ભૂલને કારણે એ બીજો શખ્સ પોતાની શરઈ ઝીમ્મેદારીથી વિરૂધ્ધ અમલ કરે, તો શક્ય રીતે એ ભૂલ સુધારવી એહતીયાતે વાજિબ છે.

**મસઅલો ૧૪** : અગર કોઈ શખ્સ એક મુદ્દત સુધી તકલીદ વિના અમલ બજાવી લાવે, અને પછી તકલીદ શરૂ કરે, અગર મુજતહિદ તેના વીતેલા અઅમાલને સહી કરાર દે, તો એ અઅમાલ સહીહ ગણાશે, નહિતર એ સર્વે અઅમાલ બાતિલ છે.

***: નોંધ :***

(૧) તેના આમાલ

- મુજતહીદના ફતવા પ્રમાણે હતા તો સહીહ ગણાશે.
- મુજતહીદના ફતવા પ્રમાણે ન હતા તો,

(અ) જાહીલે કાસીર હોય તો અરકાનમાં કોઈ ભૂલ કરી ન હોય તો અમલ સહીહ ગણાશે.

અથવા

(બ) જાહીલે મુક્કસીર હોય તો અગર એવી વસ્તુમાં ભૂલ હોય કે જેમાં લા ઈલ્મીને કારણે વાંધો ન હોય જેમ કે કીરાઅતમાં જ્યાં ધીમેથી પડવાની જરૂર હોય ત્યાં અવાજથી પડયું હોય તો અમલ સહીહ ગણાશે.

- મીનાજુસ્સાલેહીન (મસઅલા-૨)

## તહારતના એહકામ

### ચોખ્ખું અને મિશ્રણવાળું પાણી (મુત્લક અને મુઝાફ)

મસઅલો ૧૫ : પાણી હંમેશા યા તો ચોખ્ખું હોય યા મિશ્રણવાળું હોઈ શકે. મિશ્રણવાળું પાણી એ છે કે જે કોઈ વસ્તુમાંથી રસ રૂપે ખેંચી લેવામાં આવે, જેમકે તરબૂચનો રસ અથવા ગુલાબનો અર્ક; અને યા તો તેમાં એવી રીતે ભેળસેળ કરવામાં આવે કે તેને ચોખ્ખું પાણી ન કહી શકાય; જેમકે માટી ધૂળ વગેરે મોટા પ્રમાણમાં ભેળવવામાં આવી હોય. એ સિવાય પાણી દરેક સ્વરૂપમાં મુત્લક ગણાશે.

મુત્લક પાણીના **પાંચ પ્રકારો** છે :

**(૧)** કુર, **(૨)** કલીલ, **(૩)** જારી, **(૪)** વરસાદ અને **(૫)** કૂવાનું પાણી.

### (૧) કુર પાણી :

**મસઅલો ૧૬** : મશહૂર એ છે કે જે વાસણની લંબાઈ, ઉંડાઈ અને પહોળાઈ સાડા ત્રણ વેંત હોય, તે વાસણ અગર પૂરેપૂરૂ પાણીથી ભરવામાં આવે, તો તે પાણીનું પ્રમાણ કુર ગણાશે. એ રીતે એ પ્રમાણનું ઘનફળ ૪૨.૭/૮ થશે, પણ ઝાહેર એ છે કે અગર ઘનફળ ૩૬ વેંત હોય તો એ પણ કાફી છે; અને વજનથી કુર પાણી નક્કી કરવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૭** : અગર કોઈ નજીસુલ અયન, જેમકે પેશાબ, લોહી (ખુન) અથવા નજીસ થયેલી ચીજ અથવા નજીસ કપડું કુર પાણીમાં પડે, તો અગર એ પાણીમાં નજાસતનો રંગ, ગંધ કે સ્વાદ ઉપસ્થિત થાય તો એ નજીસ ગણાશે, અને અગર તેમાં એવા ફેરફાર ન જણાય તો એ નજીસ નહિ ગણાય.

**મસઅલો ૧૮** : કુર પાણીના રંગ, ગંધ કે સ્વાદમાં નજાસત સિવાય બીજા કોઈ કારણસર ફેરફાર ઉપસ્થિત થાય તો પાણી નજીસ નથી.

**મસઅલો ૧૯** : અગર કોઈ નજીસુલ અયન, જેમકે લોહી, કુરથી વિશેષ પાણીમાં ભળી જાય, અને તેમાંથી અમુક ભાગના પાણીનો રંગ, ગંધ કે સ્વાદ બદલાઈ જાય, તો જોવું જોઈએ કે બાકી રહી ગયેલો ભાગ કુર જેટલો છે કે નહિ ? અગર એ ભાગ કુરથી ઓછો હોય, તો તમામ પાણી નજીસ થયેલું ગણાશે, પણ જો બાકી રહી ગયેલો ભાગ કુર જેટલો યા એથી વધારે હોય, તો પાણીનો માત્ર એ જ ભાગ નજીસ ગણાશે, જેમાં નજાસતના કારણે રંગ, ગંધ કે સ્વાદ બદલાઈ ગયાં હોય.

**મસઅલો ૨૦** : કુવારાનું પાણી અગર કુર પાણી સાથે જોડાયેલું હોય, તો એ નજીસ પાણીને પાક કરશે, અગર એ નજીસ પાણી ઉપર ટીપે ટીપે પડે તો પાક નહી રહે, સિવાય કે કોઈ એવું સાધન

તેના ઉપર મુકવામાં આવે કે જેના પરિણામે ટીપે ટીપે પડવાને બદલે એ પાણી ધારરૂપે પાણીને મળે, બહેતર એ છે કે કુવારાનું પાણી નજીસ પાણી સાથે બિલકુલ ભળી જાય.

**મસઅલો ૨૧** : નળમાંથી નીકળતું પાણી અગર કુર પાણી સાથે જોડાયેલું હોય, અને તેની નીચે કોઈ નજીસ વસ્તુ ધોવામાં આવે, તો એ વસ્તુને અડીને વહેતું પાણી નીચે જણાવેલ શરતે પાક ગણાશે :

**(૧)** એ પાણીનું જોડાણ કુર સાથે ચાલું હોય.

**(૨)** એ પાણીમાં નજાસતને લઈને રંગ, ગંધ કે સ્વાદ માં ફેરફાર ઉપસ્થિત ન હોય.

**(૩)** એ પાણીમાં કોઈ નજીસુલ અયન પણ ન હોવું જોઈએ.

**મસઅલો ૨૨** : અગર કુર પાણીનો અમુક ભાગ જામીને બરફ થઈ જાય, અને બાકી રહી ગયેલો ભાગ કુર જેટલો ન હોય, તેમાં અગર નજાસત પડે તો એ નજીસ ગણાશે; અને બરફનો જેટલો ભાગ ઓગળતો રહેશે એ પણ નજીસ થતો રહેશે.

**મસઅલો ૨૩** : જે પાણી કુર હોય, પણ ઈન્સાન શંકા કરે કે કદાચ કુરથી ઓછું થઈ ગયું હશે, તો એ શંકાને સ્થાન નથી અને એ પાણી કુર ગણાશે, એટલે કે નજાસતને પાક કરશે અને નજાસત સાથે ભળી જતા નજીસ નહિ થાય.

પણ અગર પાણી પહેલે કુરથી ઓછં હતું, અને ઈન્સાન ગુમાન કરે કે કદાચ કુર થઈ ગયું હશે, તો એ પાણી કુરથી ઓછું ગણાશે.

**મસઅલો ૨૪** : પાણીનું કુર હોવું **બે રીતે** સાબિત થઈ શકે : **(૧)** ઈન્સાનને યકીન હોય અથવા ઈત્મીનાન હોય કે પાણીનું પ્રમાણે કુર જેટલું છે, **(૨)** બે આદિલ પુરૂષો ગવાહી આપે.

### (૨) કુર કરતા ઓછુ પાણી (આબે કલીલ) :

**મસઅલો ૨૫** : કલીલ પાણી એને કહેવાય છે કે જે જમીનમાંથી ફુટીને નીકળતું ન હોય, અને પ્રમાણમાં કુરથી ઓછું હોય.

**મસઅલો ૨૬** : જયારે કલીલ પાણી કોઈ નજીસ વસ્તુ પર પડે અથવા કોઈ નજીસ વસ્તુ સાથે મળે ત્યારે એ પાણી નજીસ થશે, પણ અગર એ કલીલ પાણી કોઈ નજીસ વસ્તુ પર દબાણ સાથે જોરથી પડે, તો માત્ર એટલું જ પાણી નજીસ ગણાશે, જે નજીસ વસ્તુના સંપર્કમાં આવ્યું હોય, બાકીનું પાણી પાક ગણાશે.

**મસઅલો ૨૭** : જે કલીલ પાણી નજીસ વસ્તુ ઉપર તેમાં રહેલા નજીસુલ અયન પદાર્થને દૂર

કરવા રેડવામાં આવે, તે પાણી એ નજીસ વસ્તુથી છુટું પડયા બાદ નજીસ ગણાશે. એવી જ રીતે નજીસુલ અયન પદાર્થને દૂર કર્યા પછી પણ એ નજીસ વસ્તુને ધોવા માટે જે કલીલ પાણી રેડવામાં આવે તે પાણી નજીસ વસ્તુને અડયા બાદ એહતીયાતે લાઝિમની રૂએ નજીસ છે.

**મસઅલો ૨૮** : કલીલ પાણી કે જે પેશાબ અથવા પાયખાનાની જગ્યાને ધોવા માટે ઉપયોગમાં લેવાય, તેનું ધોવણ કોઈ વસ્તુને લાગી જાય તો એ વસ્તુ નજીસ નહિ થાય, પણ તે માટે **પાંચ શરતો** છે :

**(૧)** એ ધોવણમાં નજાસતનો રંગ, ગંધ કે સ્વાદ ઉપસ્થિત ન હોય.

**(૨)** બહારથી કોઈ નજાસત તેમાં ભળી ન ગઈ હોય.

**(૩)** પેશાબ કે પાયખાના સાથે બીજી કોઈ નજાસત, જેમકે લોહી વગેરે બહાર ન આવી હોય.

**(૪)** પાણીમાં પાયખાનાનો કોઈ ભાગ કે કણ ન હોય.

**(૫)** પેશાબ કે પાયખાનાની જગ્યાની ચારે તરફ અસામાન્ય રીતે નજાસત ફેલાઈ ન ગઈ હોય.

## (૩) જારી - વહેતું પાણી :

જારી એ પાણીને કહેવાય કે જે જમીનમાંથી ફુટી નીકળીને વહેવા માંડે, જેમકે ઝરા, નદીનું પાણી.

**મસઅલો ૨૯** : જારી પાણી પ્રમાણમાં કુરથી ઓછું હોય, તો પણ નજાસતને કારણે તેનો રંગ, ગંધ કે સ્વાદ ન બદલાય, ત્યાં સુધી તે કોઈ પણ નજીસ વસ્તુના સંપર્કમાં આવતા નજીસ નહિ થાય.

**મસઅલો ૩૦** : અગર વહેતા પાણીમાં નજાસત પહોંચે, તો જેટલા ભાગમાં એ નજાસતને લીધે રંગ, ગંધ કે સ્વાદમાં ફેર જણાય, તેટલો જ ભાગ નજીસ ગણાશે; અને એ ભાગ કે જેનો સંબંધ ઝરા સાથે છે તે કુરથી ઓછો હોવા છતાંય પાક ગણાશે.

નદી કે નહેરની બીજી બાજૂએ જે પાણી હોય, તે અગર કુર જેટલું હોય કે જેનું રંગ-રૂપ નજાસતને કારણે ન બદલાયું હોય, એ પાણી ઝરા સાથે જોડાયેલું હોય, તો એ બાજુનું પાણી પાક ગણાશે, નહિતર નજીસ છે.

**મસઅલો ૩૧** : ઝરાનું પાણી અગર વહેતું ન હોય, પણ તેમાંથી જો પાણી ઓછું કરવામાં આવે, તો તેની જગ્યાએ પાછું નવું પાણી ફુટી નીકળે, તો એ જારી પાણીના હુકમમાં નહિ ગણાય. મતલબ કે અગર એ પાણી કુરથી ઓછું હોય, અને તેમાં નજાસત પડે તો એ પાણી નજીસ થશે.

**મસઅલો ૩૨** : નદી કે નહેરને કાંઠે જે સ્થિર પાણી હોય, તે વહેતા પાણી સાથે તેનું જોડાણ

હોવા છતાં જારી પાણીનો હુકમ ધરાવશે નહિ.

**મસઅલો ૩૩** : જે ઝરાનું પાણી દાખલા તરીકે ઉનાળામાં ઊછળીને ફુટી નીકળતું હોય અને શિયાળામાં શમી જતું હોય, તે ફકત ઊછળીને ફુટી નીકળતું હોય ત્યારે જ જારી પાણી ગણાશે.

**મસઅલો ૩૪** : હમામના નાનકડા હોજમાં અગર કુરથી ઓછું પાણી હોય, પણ તેનું જોડાણ એક એવી ટાંકી સાથે હોય કે જેનું પાણી હોઝના પાણી સાથે મળીને કુર જેટલું થઈ જતું હોય, તો તેમાં નજાસત પડતાએ પાણી નજીસ નહિ થાય, સિવાય કે નજાસત ભળતા તેનો રંગ, ગંધ કે સ્વાદ બદલાઈ જાય.

**મસઅલો ૩૫** : હમ્મામ અને ઈમારતોના પાઈપનું પાણી કે જે નળ અને ફુવારા વાટે વહે છે, તેનું જોડાણ જો એવા હોઝ સાથે હોય કે જેનું પાણી કુર જેટલું હોય, તો તે પાઈપનું પાણી પણ કુર ગણાશે.

**મસઅલો ૩૬** : જે પાણી જમીન ઉપર વહેતું હોય, પણ જમીનથી ફુટીને નીકળતું ન હોય, અગર કુરથી ઓછું હોય તો નજાસત સાથે સંપર્કમાં આવતાં એ પાણી નજીસ થઈ જશે, અગર તેનું વહેણ જોશભેર હોય અને નજાસત ઉતરીને તળિયા સુધી પહોંચે, તો ઉપલા ભાગમાં પાણી પાક રહેશે.

## (૪) વરસાદનું પાણી :

**મસઅલો ૩૭** : કોઈ પણ એવી નજીસ વસ્તુ કે જેમાં નજીસુલ અયન પદાર્થ ન હોય, એક વાર તેના ઉપર જે જે જગ્યાએ વરસાદનું પાણી પડે તે જગ્યા પાક થશે.

પણ અગર શરીર અને કપડું પેશાબથી નજીસ થયું હોય, તો તે બંને માટે એહતીયાત એ છે કે બે વાર તેના ઉપર વરસાદ પડે: અને ગાલીચા કે લિબાસ વગેરે માટે નીચોવવા જરૂરી નથી, પણ એ વાત ધ્યાનમાં રહે કે વરસાદની હલકી ઝરમર કાફી નથી. પાણીની ધાર એવી પડવી જોઈએ કે તેને વરસાદ કહી શકાય.

**મસઅલો ૩૮** : નજીસુલ અયન પદાર્થ ઉપર વરસાદ પડે, અને તે બાદ તેના છાંટા જો બીજી વસ્તુ પર આવી પડે, તો અગર એ છાંટાઓમાં નજીસુલ અયન ભળી ગયું ન હોય, અથવા તેમાં નજીસુલ અયનને કારણે રંગ, ગંધ કે સ્વાદ બદલાયા ન હોય તો એ પાક છે. જેમકે વરસાદ લોહી ઉપર પડે અને તેમાંથી છાંટાઓ ઊડીને બીજી વસ્તુ પર આવી પડે તો અગર એમાં લોહીનો ભાગ હોય, યા તેમાં લોહીને કારણે રંગ, ગંધ કે સ્વાદમાં ફેર પડયો હોય, તો એ નજીસ ગણાશે.

**મસઅલો ૩૯** : અગર મકાનની છત કે અગાશી ઉપર નજીસુલ અયન પદાર્થ હોય, તો જયાં

સુધી વરસાદ ચાલુ પડી રહ્યો હોય, ત્યાં સુધી નજીસ વસ્તુને અડીને છત કે પાણીની નાળીમાંથી વહી જતું પાણી પાક ગણાશે, પણ વરસાદ બંધ પડી જતાં જો એ પાણી ખાત્રીપૂર્વક નજીસ વસ્તુને અડીને વહેતું રહે, તો એ પાણી નજીસ ગણાશે.

**મસઅલો ૪૦** : વરસાદ જયારે નજીસ જમીન ઉપર પડે, ત્યારે એ જમીનને પાક કરશે; અને અગર વરસાદનું પાણી પડીને વહેવા માંડે, તો ચાલુ વરસાદમાં છતની નીચે જેટલી નજીસ જગ્યાએ એ પાણી પહોંચે, તે જગ્યા પાક થઈ જશે.

**મસઅલો ૪૧** : નજીસ માટી ઉપર વરસાદનું પાણી એવી રીતે પડે કે તેનું રજે રજ ભીંજાઈ જાય, તો એ માટી પાક ગણાશે.

**મસઅલો ૪૨** : વરસાદનું પાણી એક જગ્યાએ એકત્રિત થાય, તે અગરચે કુરથી ઓછું હોય, પણ જયાં સુધી વરસાદ ચાલુ પડી રહ્યો હોય, એ પાણી કુર ગણાશે. એટલે જો એ પાણીમાં કોઈ નજીસ વસ્તુને ધોવામાં આવે, અને તેનો રંગ, ગંધ કે સ્વાદ એ નજાસતને કારણે ન બદલાય, તો એ નજીસ વસ્તુ પાક થયેલી ગણાશે.

**મસઅલો ૪૩** : જો નજીસ જમીન પર પાથરેલ પાક ગાલીચો (અથવા જાઝમ) પર વરસાદ પડે અને ચાલું વરસાદે પાણી જમીન સુધી પહોંચી જાય તો એ ગાલીચો નજીસ નહિ થાય, બલ્કે સાથે જમીન પણ પાક થઈ જશે.

### (૫) કૂવાનું પાણી :

**મસઅલો ૪૪** : કૂવાનું પાણી કે જે જમીનમાંથી કુટી નીકળતું હોય, કૂરથી ઓછું હોવા છતાં નજાસત સાથે ભળતા નજીસ નહિ થાય, સિવાય કે એ નજાસત ને કારણે તેના રંગ, ગંધ કે સ્વાદમાં ફેરફાર થાય. જો કે અમુક નજાસતો એવી છે કે એ કૂવાના પાણી સાથે સંપર્કમાં આવે તો મુસ્તહબ છે કે અમુક પ્રમાણમાં પાણી કૂવામાંથી ખેંચી લેવામાં આવે, જેનો સવિસ્તાર ઉલ્લેખ કિતાબોમાં થયો છે.

**મસઅલો ૪૫** : અગર નજાસત કૂવામાં પડે, અને કૂવામાંના પાણીના રંગ, ગંધ કે સ્વાદને બદલી નાખે, તો જયારે એ ફેરફાર દૂર થઈ જાય, ત્યારે કૂવાનું પાણી પાક ગણાશે. બેહતર એ છે કે એ પાણી કૂવામાંથી કુટી નીકળતા નવા પાણી સાથે ભળી જાય.

**મસઅલો ૪૬** : વરસાદનું પાણી અગર એક ખાડામાં કે ખાબોચિયામાં એકત્રિત થાય, અને કુરથી ઓછું હોય, તો વરસાદ બંધ પડી ગયા બાદ નજાસત સાથે સંપર્કમાં આવતાં એ પાણી નજીસ થઈ જશે.

## (૬) પાણી વિષેના એહકામ :

**<u>મસઅલો ૪૭</u>** : મિશ્રિત પાણી (મઝાફ) કે જેનો ઉલ્લેખ મસઅલા ૧૫માં થઈ ચૂક્યો છે, કોઈ પણ નજીસ વસ્તુને પાક કરશે નહિ; અને એ પાણીથી વઝુ કે ગુસ્લ બાતિલ છે.

**<u>મસઅલો ૪૮</u>** : જયારે કોઈ નજાસત, ગમે તેટલા ઓછા પ્રમાણમાં, મિશ્રિત (મુઝાફ) પાણીમાં પડે, તો એ મુઝાફ પાણી કુર હોવા છતાં નજીસ થઈ જશે. અલબત્ત, અગર દબાણથી કે જોશભેર રેડવામાં આવે તો જેટલું પાણી નજીસ વસ્તુ સુધી પહોંચ્યું હોય તેટલું જ નજીસ ગણાશે અને જે ન પહોંચ્યું હોય એ પાક રહેશે. દાખલા તરીકે ગુલાબદાનીમાંથી ગુલાબજળ નજીસ હાથ ઉપર છાંટવામાં આવે, તો જેટલું પાણી નજીસ હાથ ઉપર પહોંચ્યું હોય એ નજીસ ગણાશે: અને જેટલું પાણી હાથ ઉપર આવ્યું ન હોય એ પાક ગણાશે.

**<u>મસઅલો ૪૯</u>** : અગર નજીસ મુઝાફ પાણી કુર કે વહેતા નિર્મળ પાણી સાથે એવી રીતે ભળી જાય કે તેને ફરી મુઝાફ ન કહેવામાં આવે, તો એ પાક ગણાશે.

**<u>મસઅલો ૫૦</u>** : એક એવું ચોખ્ખું પાણી કે જેના વિષે શંકા ઉપસ્થિત થાય કે એ મુઝાફ થઈ ગયું છે કે નહિ, તો તેને ચોખ્ખું અને મુત્લક ગણવામાં આવશે. એટલે કે એ નજીસ વસ્તુને પાક કરી શકશે, અને એનાથી વઝુ અને ગુસ્લ સહીહ રહેશે.

એથી ઉલટું એક મુઝાફ પાણી માટે શંકા થાય કે હવે એ ચોખ્ખું થઈ ગયું છે કે નહિ, તો એ મુઝાફ જ ગણાશે. એટલે કે એ નજીસ વસ્તુને પાક નહિ કરે અને એનાથી વઝુ કે ગુસ્લ બાતિલ અને તેને લીધે રંગ, ગંધ કે સ્વાદમાં ફેરફાર થાય, તો એ કુર કે જારી હોવા છતાં નજીસ થઈ જશે. બલ્કે રંગ, ગંધ કે સ્વાદમાં બહાર પડેલી નજાસતને કારણે તબદિલી થાય, જેમકે બહાર પડેલું મુડદં કે જે પાણીની નજીક હોય તેને કારણે ગંધમાં ફેર પડે, તો એહતીયાતે વાજિબની રૂએ પાણી નજીસ થશે.

**<u>મસઅલો ૫૧</u>** : એવું પાણી જેની ખબર ન હોય કે મુત્લક છે યા મુઝાફ તે નજીશ વસ્તુને પાક નથી કરતું. અને આ પાણીથી વઝું અને ગુસ્લ કરવું પણ બાતિલ છે. જેવી કોઈ નજાશત આ પાણીમાં પડશે તો એહતીયાતે લાઝિમની રૂએ તે નજીશ થઇ જશે. ભલે પછી તે કુર જેટલું જ કેમ ન હોય.

**<u>મસઅલો ૫૨</u>** : એવું પાણી જેમાં ખુન યા પેશાબ જેવી અયન નજાશત પડશે અને તેની ગંધ, રંગ અને સ્વાદ બદલાઈ જશે તો તે નજીશ થઇ જશે. ભલે પછી તે કુર કે જારી પાણી હોય.- અગર જો તેની ગંધ, રંગ અને સ્વાદ કોઈ એવી નજાશતથી બદલાય જે પાણીથી બહાર હોય. દા.ત. : બહાર પડેલ મુર્દારથી તેની ગંધ બદલાય જાય તો એહતીયાતે લાઝિમની રૂએ તે પાણી નજીશ થઇ જશે.

**મસઅલો ૫૩** : જે પાણીમાં નજીસુલ અયન પદાર્થ, જેમકે લોહી અથવા પેશાબ પડે, અને તેના રંગ, ગંધ કે સ્વાદમાં ફેર પડી જાય, તો તે પાણી અગર કુર કે જારી પાણી સાથે જોડાઈ જાય, અથવા તેના ઉપર વરસાદ કે વરસાદની વાછટ પડે, અથવા ચાલુ વરસાદમાં મોરી કે નળમાંથી વરસાદનું પાણી તેમાં રેડાય, તો એ સર્વે સંજોગોમાં અગર ઉપસ્થિત ફેરફાર દૂર થઈ જાય તો પાણી પાક થયેલું ગણાશે, પણ અકવા એ છે કે વરસાદ, કુર કે જારી પાણી એટલું હોય કે તે પાણી સાથે ભળી જાય.

**મસઅલો ૫૪** : અગર નજીસ વસ્તુને કુર કે જારી પાણીમાં પાક કરવામાં આવે, તો પાક થઈ ગયા બાદ વસ્તુને બહાર લઈ આવ્યા પછી તેમાંથી જે પાણી પડે એ પાણી પાક છે.

**મસઅલો ૫૫** : જે પાણી પહેલેથી પાક હોય, અને તે નજીસ થયું છે કે નહિ, તેની જાણ ન હોય, તો એને પાક જ સમજવું. એવી જ રીતે જે પાણી પહેલેથી જ નજીસ હોય, અને તે પાક થયું છે કે નહિ તેની જાણ ન હોય, તો એને નજીસ ગણવું જોઈએ.

**મસઅલો ૫૬** : કૂતરો, ડુકકર અને એહલે કિતાબ સિવાયના કાફરોનું, બલ્કે એહતીયાતે મુસ્તહબની રૂએ અહલે કિતાબનું, એઠું, નજીસ અને તેનું ખાવું હરામ છે, પણ જે હયવાનોનું ગોશ્ત ખાવું હરામ છે, તેનું એઠું પાક છે: અને બાકીના એવા પ્રાણીનું એઠું ખાવું મકરૂહ છે.

## પાયખાને જવાના એહકામ :

**મસઅલો ૫૭** : વાજિબ છે કે ઈન્સાન પાયખાનામાં તેમજ અન્ય પ્રસંગે પોતાની શરમની જગ્યાઓ બાલિગ લોકોથી છૂપાવે; અને તેમાં બહેન અને મા વગેરે મેહરમ વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

એવી જ રીતે દીવાનાઓથી અને સમજદાર બચ્ચાઓ, કે જે સારી-બુરી બાબતો પારખી શકે, તેમનાથી પણ શરમની જગ્યાઓ છૂપાવવી વાજિબ છે, પણ પતિ-પત્ની માટે એકબીજાની શરમગાહને છૂપાવવી વાજિબ નથી.

**મસઅલો ૫૮** : એ વાજિબ નથી કે કોઈ ખાસ વસ્તુથી પોતાની શરમની જગ્યા છૂપાવે, દાખલા તરીકે આડો હાથ રાખી ને પણ જો છૂપાવે તો કાફી ગણાશે.

**મસઅલો ૫૯** : પાયખાનામાં હાજત વેળા એહતીયાતે વાજિબ છે કે પોતાના શરીરના આગળના ભાગો, એટલે કે પેટ, છાતી કિબ્લાની સામે ન હોય; અને કિબ્લાને પીઠ દઈને ન બેસે.

**મસઅલો ૬૦** : પાયખાનામાં હાજત વેળા અગર ઈન્સાન કિબ્લાની સામે યા પીઠ દઈને બેસે,

પણ માત્ર પોતાની શરમગાહ કિબ્લાથી ફેરવી નાખે, તો એ કાફી નહીં ગણાય; અને અગર કિબ્લાની સામે કે પીઠ દઈને ન બેસે, તો એહતીયાતએ છે કે શરમની જગ્યાને કિબ્લા તરફ કે એની સામેની દિશા તરફ ન રાખે.

**મસઅલો ૬૧** : એહતીયાતે મુસ્તહબ છે કે ઈસ્તબરા કરતી વેળા પણ શરીરનો સામેનો ભાગ કિબ્લા તરફ કે કિબ્લાને પીઠ દઈને ન બેસે. ઈસ્તબરાના મસાઈલ હવે પછી સમજાવવામાં આવશે. એવી જ રીતે હાજતથી ફારિગ થયા બાદ પોતાને પેશાબ કે પાયખાનાથી પાક કરતી વખતે પણ કિબ્લા તરફ કે કિબ્લાને પીઠ દઈને ન બેસે.

**મસઅલો ૬૨** : અગર ઈન્સાન નામહેરમની નજરથી પોતાને છુપાવવા માટે મજબુર થાય કે કિબ્લાની સામે કે તેને પીઠ દઈને બેસે, તો એહતીયાતે વાજિબ એ છે કે કિબ્લાની પીઠ દઈ ને બેસે પણ જો એ શક્ય ન હોય, તો કિબ્લાની સામે બેસી શકશે. એવીજ રીતે કોઈ પણ કારણસર મજબૂરીની સ્થિતિમાં કિબ્લાની સામે કે તેને પીઠ દઈને બેસી શકાશે.

**મસઅલો ૬૩** : એહતીયાતે મુસ્તહબ છે કે બચ્ચાઓને પણ પાયખાનામાં હાજત વેળાએ કિબ્લા તરફ કે તેને પીઠ આપીને ન બેસાડવામાં આવે, પણ અગર કોઈ બાળક પોતે એ રીતે બેસી જાય, તો પછી એને રોકવું વાજિબ નથી.

**મસઅલો ૬૪ : ચાર** જગ્યાએ પેશાબ, પાયખાનું કરવું હરામ છે :

**(૧)** બંધ છેડા વાળી શેરી કે ગલી, અગર ત્યાંના લોકો રજા ન આપતા હોય,

**(૨)** કોઈની મિલકત ઉપર, અગર ધણીએ તે માટે રજા ન આપી હોય.

**(૩)** એવી જગ્યાએ કે જે ખાસ લોકો માટે વકફ હોય, જેમકે અમુક મદ્રેસાઓમાં હોય છે.

**(૪)** મોઅમીનોની કબરો ઉપર, જયારે કે તેમ કરવાથી તેમનું અપમાન અને બે એહતેરામી થતી હોય. એવીજ રીતે દરેક એવી જગ્યાએ હરામ છે કે જયાં હાજતથી ફારિગ થવાથી દિન કે મઝહબની કોઈ પણ પવિત્ર બાબતની માનહાનિ થતી હોય.

**મસઅલો ૬૫** : **ત્રણ** સંજોગોમાં પાયખાનાની જગ્યા ફકત પાણીથી જ પાક થઈ શકશે :

**(૧)** જયારે પાયખાના સાથે બીજી નજાસત, જેમકે લોહી, બહાર આવ્યું હોય ;

**(૨)** જયારે બહારથી નજાસત પાયખાનાની જગ્યા સુધી પહોંચી હોય ;

**(૩)** જયારે પાયખાનાની જગ્યાની ચારે તરફ અસામાન્ય રીતે નજાસત ફેલાઈ ગઈ હોય.

આ ત્રણ સંજોગો સીવાય પાયખાનાની જગ્યા પાણીથી પાક થવા ઉપરાંત, આગળ ઉલ્લેખ થશે

તેમ કપડાં, પથ્થર વગેરેથી પણ પાક થઈ શકશે. જોકે દરેક સંજોગોમાં પાણીથી પાક કરવું બહેતર છે.

**મસઅલો ૬૬** : પેશાબની જગ્યા પાણી સિવાય કોઈપણ વસ્તુથી પાક નહી થાય. કુર કે જારી પાણીમાં પેશાબની નજાસત દૂર કર્યા બાદ પોતાને એકજ વાર ધોવાથી ઈન્સાન પાક થશે. અલબત, કલીલ પાણીમાં એહતીયાતે મુસ્તહબ છે કે નજાસત દૂર કર્યા બાદ બે વાર ધોવામાં આવે; અને અગર ત્રણ વખત ધોવે તો બહેતર છે.

**મસઅલો ૬૭** : જયારે પાયખાનાની જગ્યા પાણીથી ધોવામાં આવે ત્યારે એ ખ્યાલ રાખવો જરૂરી છે કે એ જગ્યાએ નજાસતનું નિશાન સુધ્ધાં બાકી ન રહે, પણ માત્ર રંગ કે ગંધ બાકી રહે તો વાંધો નથી.

**મસઅલો ૬૮** : પથ્થર, ઢેફાં કે લુગડાથી પાયખાનાની જગ્યા એ શરતે પાક થશે કે તે સુકા અને પાક હોવા જોઈએ. હા, અગર તેમાં થોડીક એવી ભીનાશ હોય કે જે પાયખાનાની જગ્યા સુધી ન પહોંચે, તો તેના ઉપયોગમાં વાંધો નથી.

**મસઅલો ૬૯** : પાયખાનાની જગ્યાને પથ્થર, ઢેફાં કે લુગડાથી એકજ વાર સંપૂર્ણ રીતે સાફ કરી લેવું કાફી ગણાશે, પણ બહેરત છે કે ત્રણ વાર સાફ કરે ; અને ત્રણ પથ્થર કે લુગડા થી સાફ કરે, પણ જો ત્રણ વાર સાફ કર્યા બાદ પણ નજાસત દૂર ન થાય, તો પછી જયાં સુધી મુકમ્મલ રીતે સાફ ન થાય ત્યાં સુધી પ્રયત્ન જારી રાખવો જોઈએ, પણ પાયખાનાની ઝીણી ઝીણી રજ કે જે આંખે દેખી શકાતી ન હોય, તે અગર બાકી રહે તો વાંધો નથી.

**મસઅલો ૭૦** : પાયખાનાની જગ્યાને પવિત્ર વસ્તુઓથી પાક કરવું હરામ છે. જેમકે એવો કાગળ કે જેના ઉપર અલ્લાહનું નામ કે પયગમ્બરોના નામો હોય, તેનો ઉપયોગ કરવો હરામ છે.
અને હાડકું કે છાણથી પાયખાનાની જગ્યા નું પાક થવું ઈશ્કાલ નથી.

**મસઅલો ૭૧** : અગર કોઈ શખ્સને શંકા થાય કે હાજતથી ફારિગ થયા બાદ પોતાને પાક કર્યો છે કે નહિં, તો વાજિબ છે કે પોતાને પાક કરે, અગરચે હંમેશા તે પેશાબ - પાયખાના બાદ પોતાને તરત પાક કરવાની આદત ધરાવતો હોય.

**મસઅલો ૭૨** : અગર કોઈ શખ્સ નમાઝ બાદ શક કરે કે નમાઝથી પહેલા એણે પોતાની પેશાબ- પાયખાનાની જગ્યા પાક કરી હતી કે નહિ, તો જે નમાઝ પડી ચૂકયો એ સહીહ ગણાશે, પણ એ પછીની નમાઝો શરૂ કર્યા પહેલા પોતાને પાક કરી લેવું જરૂરી થશે.

**ઈસ્તબરા :**

**મસઅલો ૭૩** : ઈસ્તબરા એક મુસ્તહબ અમલ છે, જે પુરૂષો પેશાબ કર્યા બાદ અંજામ આપે છે, જેથી એમને ઈત્મિનાન થાય કે પેશાબની નળીમાં પેશાબ બાકી નથી.

ઈસ્તબરાની ઘણી રીતો છે, પણ સૌથી બહેતર રીત એ છે કે પેશાબથી ફારિગ થયા બાદ પ્રથમ પાયખાનાની જગ્યા અગર નજીસ હોય, તો તે ને પાક કરી લ્યે; અને ત્યાર પછી ડાબા હાથની વચલી આંથળી વડે ત્રણ વાર પાયખાનાની જગ્યાથી લઈને પેશાબની નળી સુધી દબાવે, ત્યારબાદ અંગૂઠો અને પહેલી આંગળી પેશાબની નળી ઉપર રાખી ખત્નાની જગ્યા સુધી ત્રણ વાર દબાવે અને ખત્નાની જગ્યાને ત્રણ વાર ઝટકો આપે.

**મસઅલો ૭૪** : જે પ્રવાહી જાતિય ઉશ્કેરાટ કે પ્રણયને કારણે ઈન્સાનને પેશાબની નળી બહાર આવતું જણાય છે, એને "મઝી" કહેવાય છે અને એ પાક છે, એવીજ રીતે "વઝી" છે કે જે વીર્યસ્ખલન બાદ નીકળે છે, અને જે પ્રવાહી પેશાબ કર્યા બાદ કયારેક બહાર આવે છે તે વદી છે; અને અગર તેમાં પેશાબનો કોઈ ભાગ શામિલ ન હોય તો એ પણ પાક છે.

અગર ઈન્સાન પેશાબ બાદ ઈસ્તબરા કરી લ્યે, અને ત્યારબાદ કોઈ રૂતુબત કે પ્રવાહી જણાય અને શંકા કરે કે તે પેશાબ છે યા ઉપરોકત ત્રણ પ્રવાહીઓમાંથી છે, તો તેને પાક ગણાશે.

**મસઅલો ૭૫** : અગર કોઈ શખ્સ શક કરે કે એણે ઈસ્તબરા કર્યો છે કે નહીં, અને એજ સ્થિતિમાં કોઈ પ્રવાહી જણાય કે જેની તેને જાણ ન હોય કે તે પાક છે કે નહીં, તો એ પ્રવાહીને નજીસ ગણાશે; અને અગર વઝુ કરી ચૂક્યો હોય તો એ વઝૂ બાતિલ થશે.

પણ અગર એવો શક કરે કે જે ઈસ્તબરા એ કરી ચૂકયો છે તે સહીહ રીતથી હતો કે નહીં, અને એવી હાલત માં કોઈ પ્રવાહી જણાય કે જેના બારામાં એ ફેંસલો ન કરી શકે કે પાક છે કે નહિ, તો તેને પાક ગણશે ; અને જો વઝૂ કરી ચૂક્યો હોય તો એ વઝૂ બાતિલ નહિ થાય.

**મસઅલો ૭૬** : અગર કોઈ શખ્સે ઈસ્તબરા ર્ક્યો ન હોય, પણ છેલ્લે પેશાબ કર્યા બાદ એટલી મુદ્દત પસાર થઈ ગઈ હોય કે તેને ખાત્રી હોય કે પેશાબની નળીમાં પેશાબ બાકી નથી. અને એવી હાલતમાં કોઈ રૂતુબત કે પ્રવાહી જણાય, જેની તહારત વિષે શંકા જાગે, તો એ રૂતુબતને પાક ગણશે; અને એનું વઝૂ પણ બાતિલ નહિ થાય.

**મસઅલો ૭૭** : અગર કોઈ શખ્સ પેશાબ કર્યા બાદ ઈસ્તબરા અને વઝૂ કરી ચૂક્યો હોય, અને ત્યારબાદ એવું પ્રવાહી બહાર આવે કે જેના માટે એ જાણતો હોય કે યા પેશાબ છે યા મની, તો એવી હાલતમાં વાજિબ છે કે એહતીયાતની રૂએ ગુસ્લ કરે અને વઝૂ પણ કરે, પણ અગર ઈસ્તબરા

બાદ વઝૂ ન કરી ચૂક્યો હોય તો પછી માત્ર વઝૂ કરી લેવું કાફી છે.

**મસઅલો ૭૮** : ઔરત માટે પેશાબનો ઈસ્તબરા નથી; અને અગર એ પ્રવાહી જુવે કે જેના માટે શકમંદ થાય કે પેશાબ છે કે નહિ, તો એને પાક ગણશે ; અને તેનું વઝૂ કે ગુસ્લ બાતિલ થયેલ નહિ ગણાય.

## પાયખાને જવાના મુસ્તહબાત અને મકરૂહાત

**મસઅલો ૭૯** : મુસ્તહબ છે કે ઈન્સાન પોતાની હાજતથી ફારિગ થવા માટે એવી જગ્યાએ બેશે કે જયાં તેને કોઈ જોઈ ન શકે; અને પાયખાનામાં દાખલ થતી વેળા પહેલા ડાબો પગ મુકે અને નિકળતી વેળા જમણો પણ ધરે. એવીજ રીતે મુસ્તહબ છે કે હાજતથી ફારિગ થતી વેળા પોતાનું માથું ઢાંકે અને શરીરનો ભાર ડાબા પગ ઉપર મૂકે.

**મસઅલો ૮૦** : પાયખાનમાં સૂરજ કે ચંદ્ર સામે બેસવું મકરૂહ છે, પણ પોતાની શર્મગાહને કોઈ પણ રીતે ઢાંકી શકે તો પછી મકરૂહ નથી. એવીજ રીતે પવન સામે, રસ્તા ઉપર, ગલી શેરીમાં, મકાનોના દરવાજા સામે અને ફળ આપતા ઝાડ નીચે હાજતથી ફારિગ થવા માટે બેસવું મકરૂહ છે. પાયખાનામાં ખાવું, લાંબા સમય સુધી રોકાવું અને જમણા હાથે તહારત કરવું પણ મકરૂહ છે, એવીજ રીતે પાયખાનામાં વાતો કરવી મકરૂહ છે, સિવાય કે મજબૂરીથી કાંઈ બોલવું પડે, પણ ઝિક્રે ઈલાહી કરવું મકરૂહ નથી.

**મસઅલો ૮૧** : ઊભા ઊભા પેશાબ કરવું, સખ્ત જમીન ઉપર કે જાનવરોના દર ઉપર, પાણી ઉપર, ખાસ કરીને સ્થિર પાણી ઉપર પેશાબ કરવું મકરૂહ છે.

**મસઅલો ૮૨** : પેશાબ કે પાયખાનાને રોકવું મકરૂહ છે : અને જો તેમ કરવાથી તંદુરસ્તીને નુકસાન થવાનો ભય હોય તો તેમ કરવું હરામ ગણાશે.

**મસઅલો ૮૩** : મુસ્તહબ છે કે ઈન્સાન નમાઝથી પહેલાં, સુવા પહેલાં, સંભોગ પહેલાં અને વિર્યસ્ખલન બાદ પેશાબ કરે.

# નજાસાતો

**<u>મસઅલો ૮૪</u>** : નજાસત **દસ** છે : **(૧)** પેશાબ, **(૨)** પાયખાનું, **(3)** મની, **(૪)** મુરદાર, **(૫)** ખૂન, **(૬ - ૭)** કૂતરો અને સુવ્વર, **(૮)** કાફિર, **(૯)** શરાબ **(૧૦)** નજાસત ખાનાર હેવાનનો પરસેવો.

## (૧ - ૨) પેશાબ અને પાયખાનું :

**<u>મસઅલો ૮૫</u>** : ઈન્સાનનું પેશાબ-પાયખાનું નજીસ છે; અને એવી રીતે દરેક એવા હયવાનનું પેશાબ-પાયખાનું નજીસ છે, જેનું ગોશ્ત હરામ હોય; અને જેનું ખૂન ઊછળીને વહેતું હોય, એટલે કે અગર તેની ગરદનની રગ કાપવામાં આવે તો ખૂન ઊછળીને નીકળે.

જે હરામ ગોશ્ત હયવાનનું ખૂન ઊછળીને ન નીકળે, જેમકે હરામ માછલી અને નાના નાના જંતુઓ, જેમકે મચ્છર, માખી કે જેમાં ગોશ્ત નથી, તેમનું પાયખાનું પાક છે. પણ જે હયવાનનું ગોશ્ત હરામ હોય અને ખૂન ઊછળીને ન નીકળતું હોય તેના પેશાબથી એહતીયાતે લાઝિમની રૂએ પરહેઝ કરવું જોઈએ.

**<u>મસઅલો ૮૬</u>** : હરામ ગોશ્ત પક્ષીઓનાં પેશાબ-પાયખાના પાક છે, પણ એથી પરહેઝ કરવી બહેતર છે.

**<u>મસઅલો ૮૭</u>** : નજાસત ખાનાર હયવાનનું પેશાબ-પાયખાનું નજીસ છે, એવી જ રીતે બકરીનું બચ્ચું જે સુવ્વરનું દૂધ પીઈને ઉછર્યું હોય (જેની તફસીલ આગળ જતાં આવશે); અને જે હયવાન સાથે ઈન્સાને બદફેલી કરી હોય તેનું પેશાબ-પાયખાનું પણ નજીસ ગણાશે.

## (3) મની :

**<u>મસઅલો ૮૮</u>** : ઈન્સાનનું મની (વીર્ય) નજીસ છે.

અને હર એ હયવાન કે જેનું ખૂન ઉછળીને નીકળે તેનું મની નજીસ છે. એહતીયાતે વાજિબની રૂએ એવા હયવાનનું ગોશ્ત હલાલ હોય, તો પણ તેનું મની નજીસ છે.

## (૪) મુરદાર :

**<u>મસઅલો ૮૯</u>** : ઈન્સાનનું મુડદું નજીસ છે; અને જે હયવાનનું ખૂન ઊછળીને નીકળે તેનું મુડદું પણ નજીસ છે, ચાહે એ પોતે મરી ગયું હોય, યા ઈસ્લામી શરીઅત સિવાય બીજી રીતે મારવામાં આવ્યું હોય, પણ માછલી પાણીમાં મરી જાય તો તેનું મુડદું પાક છે, કારણકે તેનું ખૂન ઊછળીને બહાર આવતું નથી.

**મસઅલો ૯૦** : મુરદારના એ ભાગો કે જેમાં જીવ નથી - જેમકે ઊન, વાળ, શીંગડાં, અને હાડકાં અને દાંત પાક ગણાશે.

**મસઅલો ૯૧** : ઈન્સાન અથવા ઊછળતું લોહી ધરાવનાર હયવાનના શરીરમાંથી હયાતી દરમ્યાન ગોશ્ત છુટું પાડવામાં આવે, અથવા કોઈ પણ એવો ભાગ કે જેમાં જીવ હોય છે, કાપીને અલગ કરવામાં આવે તો એ ભાગ નજીસ ગણાશે.

**મસઅલો ૯૨** : હોઠ અથવા શરીરના અન્ય ભાગમાંથી ઝીણી ચામડીનું પડ ઉતારવામાં આવે તો એ પાક છે.

**મસઅલો ૯૩** : મરી ગયેલી મુરઘીના પેટમાંથી જે ઈંડું બહાર આવે એ પાક છે, પણ તેના જાહેર ભાગને પાણીથી ધોઈ લેવું જોઈએ.

**મસઅલો ૯૪** : અગર ઘેંટાનું અથવા બકરીનું બચ્ચું કે જેણે ઘાસ ચરવાનું શરૂ ન કર્યું હોય, મરી જાય, તો જે આખરણ કે પનીર તેના આંચળમાં હોય છે એ પાક છે, પણ તેનો બહારનો ભાગ ધોઈ લેવો જોઈએ.

**મસઅલો ૯૫** : દવા - દારૂ કે જે પ્રવાહી હોય, અત્તર, તેલ, ઘી, મીણવાળું પોલીશ અને સાબુ વગેરે જે પરદેશથી આવતું હોય છે, તેની નજાસતની જયાં સુધી ખાત્રી ન થાય ત્યાં સુધી એ વસ્તુઓ પાક ગણાશે.

**મસઅલો ૯૬** : જે ગોશ્ત, ચરબી કે ચામડી વિષે એવું ગુમાન હોય કે શરીઅત મુજબ ઝબ્હ થયેલા હયવાનનું જ હશે, તો એ પાક સમજવું.

પણ અગર તે કોઈ કાફર પાસેથી લેવામાં આવ્યું હોય, અથવા એવા મુસલમાન પાસેથી મળ્યું હોય, કે જેણે કોઈ કાફર પાસેથી લીધું હોય; અને ઝબીહા હયવાનનું છે કે નહિ તેની તપાસ ન કરી હોય, તો એવા સંજોગોમાં ગોશ્ત અને ચરબી ખાવી હરામ છે પણ એ ચામડી સાથે નમાઝ પડવી જાઈઝ છે.

અને અગર તે મુસલમાનોની બજારમાંથી લ્યે, અથવા એવા મુસલમાન પાસેથી લ્યે કે એણે કાફર પાસેથી લીધું છે એવી જાણ ન હોય, અથવા અગરચે કાફર પાસેથી લીધું હોય, પણ એવું ગુમાન હોય કે એણે એનું ઝબીહા હોવા સંબંધે તેહકીક કરી જ હશે તો એ ગોશ્ત અને ચરબી ખાવી જાઈઝ ગણાશે.

**(૫) ખૂન :**

**મસઅલો ૯૭** : ઈન્સાનનું ખૂન નજીસ છે અને દરેક એવા હયવાનનું ખૂન પણ નજીસ છે, જે

ઊછળીને નીકળતું હોય; તો જે હયવાનોનું ખૂન ઊછળીને ન નીકળે, તે જેમકે માછલી, મચ્છર વગેરેનું ખૂન પાક છે.

**મસઅલો ૯૮** : જયારે કોઈ હલાલ ગોશ્ત હયવાનને શરીઅત મુજબ ઝિબ્હ કરવામાં આવે, અને સામાન્ય પ્રમાણમાં જેટલું ખૂન શરીરમાંથી વહી જવું જોઈએ તેટલું વહી જાય, ત્યાર પછી તેના શરીરમાં જે ખૂન બાકી રહે છે એ પાક છે. પણ અગર શ્વાસ ખેંચવાને કારણે અથવા હયવાનનું માથું ઊંચા ભાગમાં રાખેલું હોવાથી ખૂન પાછું શરીરમાં વળે, તો એ નજીસ ગણાશે.

**મસઅલો ૯૯** : મુરઘીના ઈંડામાં જો ખૂનનું ટપકું દેખાય, તો તેનાથી પરહેઝ કરવી એહતીયાતે મુસ્તહબ છે; અને જો એ ખૂન ઈંડાની જરદીમાં હોય, તો તેના ઉપરનું નાજુક પડ જયાં સુધી સલામત હોય, ત્યાં સુધી ઈંડાની સફેદી કોઈપણ ઈશ્કાલ વગર પાક ગણાશે.

**મસઅલો ૧૦૦** : દૂધ દોહતી વેળા કોઈક વાર જે ખૂન પડે છે તે નજીસ છે, અને દૂધને નજીસ કરશે.

**મસઅલો ૧૦૧** : દાંતમાંથી નીકળતું ખૂન અગર થૂંક સાથે ભળી જઈ અદ્રશ્ય થઈ જાય, તો તે થૂંકથી પરહેઝ કરવી વાજિબ નથી.

**મસઅલો ૧૦૨** : કોઈ વાર લાગી જવાથી નખ કે ચામડી નીચે ખૂન જામી જાય છે, તેની અગર હાલત એવી થાય કે તેને ખૂન તરીકે ન ઓળખવામાં આવે પાક ગણાશે; અને અગર ખૂન ગણાય તો નજીસ છે.

તો અગર નખ કે ચામડીમાં છીદ્ર પડી જાય; અને વઝુ કે ગુસ્લ માટે તે છીદ્રમાંથી લોહી બહાર કાઢીને તહારત કરવામાં વધારે પડતી તકલીફ થતી હોય, તો તયમ્મુમ કરવું જોઈએ.

**મસઅલો ૧૦૩** : અગર કોઈ શખ્સને ખબર ન હોય કે ચામડી નીચે જામેલું લોહી છે યા ચોટ લાગવાથી શરીરના માંસની એવી હાલત થઈ ગઈ છે, તો એને પાક ગણશે.

**મસઅલો ૧૦૪** : ખાવાનું પકાવતી વેળા અગર એક ટીપું ખૂનનું તેમાં પડે, તો તમામ ખાવાનું અને વાસણ એહતીયાતે વાજિબની રૂએ નજીસ થયેલું ગણાશે. ઉકાળવાથી કે આગની ગરમીથી એ પકવાન પાક નહિ થાય.

**મસઅલો ૧૦૫** : ઝખમ રૂઝાતી વેળા તેની ચારેકોર પરૂ વગેરે થાય છે, તેમાં અગર ખૂન ભળી ગયું ન હોય તો પાક ગણાશે.

### (૬ - ૭) કૂતરો અને સુવ્વર :

**મસઅલો ૧૦૬** : કૂતરો અને સુવ્વર જે જમીન ઉપર વસવાટ કરે છે. તેના વાળ, હાડકાં, પંજા, નખ અને તેના શરીરની દરેક રૂતુબત-પ્રવાહી સહિત નજીસ છે. દરિયાઈ કૂતરા અને સુવ્વર પાક છે.

### (૮) કાફિર :

**મસઅલો ૧૦૭** : જે શખ્સ ખુદાની હસ્તિ અથવા તેના એક હોવા સંબંધે ઈન્કાર કરે તે કાફિર છે. એવી જ રીતે ગુલાત (એટલે કે જેઓ ઈમામો (અ.સ.) માંથી કોઈપણ એક ને ખુદા તરીકે માને અથવા તેને ખુદાનો અવતાર વગેરે ગણે ) અને ખારજીઓ તથા નાસીબીઓ (એટલે કે જેઓ ઈમામો અ.સ. થી દુશ્મની વ્યક્ત કરતા હોય ) નજીસ છે. એ જ હુકમ એ લોકોનો છે કે જેઓ નબુવ્વતનો ઈન્કાર કરે અથવા દીનના જરૂરી એહકામ, જેમકે નમાઝ, રોઝા વગેરેનો જાણી-સમજીને ઈન્કાર કરે.

અને એહલેકિતાબ (યહૂદીઓ અને ખ્રિસ્તીઓ) કે જેઓ હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) ની નબુવ્વતને માન્ય રાખતા નથી, તેઓ મશહૂર કોલ પ્રમાણે નજીસ છે, પણ તેમની તહારત અસંભવિત નથી.અલબત્ત તેમનાથી દૂર રહેવું બેહતર છે.

**મસઅલો ૧૦૮** : કાફિરનું આખુંય શરીર વાળ, નખ અને તેની સર્વ રૂતુબતો (પ્રવાહીઓ) સહિત નજીસ છે.

**મસઅલો ૧૦૯** : અગર કોઈ નાબાલિગ બચ્ચાનાં મા-બાપ અથવા દાદા-દાદી કાફિર હોય, તો એ બચ્ચું પણ નજીસ ગણાશે. અલબત્ત, અગર એ બચ્ચું સમજદાર અને પારખશક્તિવાળું હોય અને પોતાને મુસ્લિમ જાહેર કરે તો એ પાક ગણાશે. અગર માવિત્રોમાંથી કે દાદા-દાદીમાંથી એક મુસલમાન હોય, તો પછી મસઅલા ૨૧૭ માં જણાવેલ શરતો મુજબ એ બચ્ચું પાક ગણાશે.

**મસઅલો ૧૧૦** : જે શખ્સ માટે એ ખબર ન હોય કે મુસલમાન છે કે નહિ, અને તેના ઈસ્લામ માટે કોઈ નિશાની પણ ન હોય તો એ પાક ગણાશે, પણ મુસલમાનને લગતા બીજા હુકમો તેને લાગુ નહિ પાડી શકાય. જેમકે તે મુસ્લિમ સ્ત્રીને નહિ પરણી શકે, તેમજ મુસલમાનોના કબ્રસ્તાનમાં તેને દફન નહિ કરવામાં આવે.

**મસઅલો ૧૧૧** : જે શખ્સ બાર ઈમામોમાંથી કોઈને પણ દુશ્મનીને કારણે બૂરૂં બોલે, એ શખ્સ નજીસ છે.

### (૯) શરાબ :

**મસઅલો ૧૧૨** : શરાબ નજીસ છે અને એહતીયાતે મુસ્તહબની રૂએ દરેક એવી ચીજ કે જે ઈન્સાનને મસ્ત કરે અને નશો આપે, અગર એ એના અસલ રૂપમાં પ્રવાહી હોય તો નજીસ ગણાશે, પણ

અગર ભાંગ, ચરસ વગેરેની જેમ અસલથી પ્રવાહી ન હોય તો એ પાક ગણાશે, અગરચે પાછળથી તેમાં પાણી ઉમેરવામાં આવે.

**મસઅલો ૧૧૩** : ઔદ્યોગિક આલ્કાહોલ કે જેનો ઉપયોગ દરવાજા, બારીઓ, મેજ, ખુરશી વગેરેને રંગ કરવા માટે થાય છે, તેના સર્વે પ્રકારો પાક છે.

**મસઅલો ૧૧૪** : અગર દ્રાક્ષ કે દ્રાક્ષનો રસ પોતમેળે અથવા પકાવવાથી જોશ મારતો થાય તો તે પાક છે, પણ તેનો આહાર હરામ છે.

**મસઅલો ૧૧૫** : ખજૂર, કીસમીસ કે સૂકી દ્રાક્ષ અને તેનો રસ અગર જોશ મારતું થાય તો એ પાક છે, અને તેનો આહાર હલાલ છે.

**મસઅલો ૧૧૬** : ફુકાઅ કે જે જવથી બનાવવામાં આવેલો શરાબ છે, અને તે "આબે જવ" પણ કહેવાય છે તે હરામ છે, પણ તેના નજીસ હોવામાં ઈશ્કાલ છે.

ફુકાઅ સિવાય ડોકટરોની દોરવણીથી જે જવનું પાણી (BARLEY WATER) પીવાય છે એ પાક છે.

## (૧૦) નજાસત ખાનાર હયવાનનો પરસેવો :

મસઅલો ૧૧૭ : જે ઊંટ નજાસત ખાય, અને દરેક એ હયવાન કે જેણે ઈન્સાનની નજાસત ખાવાની આદત પાડી હોય, તેનો પરસેવો નજીસ છે.

**મસઅલો ૧૧૮** : જે શખ્સ હરામ કાર્યથી જનાબતની હાલતમાં દાખલ થાય તેનો પરસેવો પાક છે, અને એહતીયાતે મુસ્તહબી છે કે પરસેવા સાથે નમાઝ ન પડે; કોઈ શખ્સ હયઝવાળી સ્ત્રી સાથે જાણી-જોઈને સંભોગ કરે તો એ હરામ રસ્તે જનાબતમાં દાખલ થયેલો ગણાશે.

**મસઅલો ૧૧૯** : જે સમયે સ્ત્રી - સમાંગમ હરામ છે, જેમકે માહે રમઝનમાં રોઝાની હાલતમાં કોઈ પોતાની સ્ત્રી સાથે સંભોગ કરે, તો એનો પરસેવો હરામનો પરસેવો ગણાશે નહિ.

**મસઅલો ૧૨૦** : અગર કોઈ શખ્સ હરામ કાર્યથી જનાબતમાં દાખલ થાય, અને ગુસ્લને બદલે તયમ્મુમ કરે, અને તયમ્મુમ બાદ તેને પરસેવો વળે, એ પરસેવાનો હુકમ તયમ્મુમથી પહેલાંના પરસેવા જેવો રહેશે.

**મસઅલો ૧૨૧** : અગર કોઈ શખ્સ હરામ રસ્તે જનાબતમાં દાખલ થાય, અને ત્યારપછી હલાલ રીતે સંભોગ કરે તો એહતીયાતે મુસ્તહબ છે કે નમાઝમાં પોતાના પરસેવાથી પરહેઝ કરે; અને અગર પહેલાં હલાલ રીતે જનાબતમાં દાખલ થયો હોય અને પછી હરામ કાર્ય અંજામ આપે, તો તેના

પરસેવાનો હુકમ હરામ પરસેવાનો નથી.

## નજાસત સાબિત થવાના પ્રકાર :

**મસઅલો ૧૨૨** : કોઈ પણ વસ્તુની નજાસત **ત્રણ રીતે** સાબિત થઈ શકે :

**(૧)** જયારે ઈન્સાન પોતે ખાત્રી ધરાવતો હોય, અથવા ઈત્મિનાન પ્રાપ્ત કરે કે ફલાણી વસ્તુ નજીસ છે; અને અગર ફકત ગુમાન હોય કે એ નજીસ છે, તો પરહેઝ કરવી વાજિબ નથી. એ કાનૂનની રૂએ જાહેર હોટેલો કે રેસ્ટોરાં જેમાં લાપરવા લોકો પાક-નજીસ નો ખ્યાલ રાખ્યા વગર જમે છે, તેમાં અગર ઈન્સાનને ઈત્મિનાન ન હોય કે જે ખાવાનું તેમાં પીરસવામાંઆવે છે તે નજીસ છે, તો તેમાં કોઈ વાંધો નથી.

**(૨)** જયારે કોઈ વસ્તુ તેના કબ્જામાં હોય, એ જણ પોતે કહે કે તે નજીસ છે, અને એ શખ્સ વિશ્વાસપાત્ર હોય, દાખલા તરીકે પત્ની કે નોકર કે નોકરડી ઘરનાં ઠામ-વાસણો વગેરે કે જે એમની દેખરેખ હેઠળ હોય છે, એના વિષે જણાવે છે એ નજીસ છે તો એ સામાન્ય રહેશે.

**(૩)** જયારે બે આદિલ પુરૂષો કહે કે ફલાણી વસ્તુ નજીસ છે, પણ તેમાં એ શર્ત છે કે એમની આ સાક્ષીનો સંબંધ નજાસતના કારણ સાથે હોય.

**મસઅલો ૧૨૩** : અગર કોઈ શખ્સ મસઅલાથી અજાણ હોવાને કારણે ન જાણતો હોય કે ફલાણી વસ્તુ નજીસ ગણાય કે પાક, જેમકે એ ન જાણતો હોય કે ઉંદરનું પાયખાનું પાક ગણાય કે નજીસ, તો એના માટે જરૂરી છે કે એ મસઅલા વિષે પૂછીને જાણી લ્યે, પણ જો એ મસઅલો જાણતો હોય અને શક કરે કે ફલાણી વસ્તુ નજીસ વસ્તુ છે કે નહિ, જેમકે શક કરે કે ફલાણું પ્રવાહી લોહી છે કે નહિ અથવા એ લોહી મચ્છરનું છે કે ઇન્સાનનું, તો આવા સંજોગોમાં તેને પાક ગણશે અને તે વિષે પૂછપરછ કે તપાસ કરવું વાજિબ નથી.

**મસઅલો ૧૨૪** : અગર કોઈ નજીસ વસ્તુ માટે શંકા થાય કે એ પાક થઈ ગઈ હશે કે કેમ, તો એ વસ્તુ ને નજીસ જાણવું; અને અગર પાક વસ્તુ માટે શંકા જાગે કે કદાચ નજીસ થઈ હશે, તો એને પાક ગણવું. અને અગરચે તેની પાકીઝગી કે નજાસત વિષે જાણી લેવાની શક્યતા હોય, તો પણ તપાસ કરવી જરૂરી નથી.

**મસઅલો ૧૨૫** : અગર કોઈ જાણતો હોય કે બે વાસણ કે બે લિબાસમાંથી એક નજીસ છે, અને તે તેનો ઉપયોગ કરવા માંગતો હોય, પણ ખબર ન હોય કે એ બેમાંથી ક્યુ વાસણ કે લિબાસ નજીસ છે, તો બંનેથી પરહેઝ કરવી જોઈએ.

પણ અગર એક શખ્સને ખબર ન હોય કે પોતાનો લિબાસ નજીસ થયો છે કે બીજો લિબાસ કે જે તેના કબ્જામાં નથી અને કોઈ બીજાની માલિકીમાં છે, તો એવા સંજોગમાં પોતાના લિબાસ થી પરહેઝ કરવી જરૂરી નથી.

## પાક ચીજ ક્યારે નજીસ થાય છે ?

<u>મસઅલો ૧૨૬</u> : અગર કોઈ પાક વસ્તુનો મેળાપ નજીસ વસ્તુ સાથે થાય, અને બંને યા બેમાંથી એક એટલી ભીની હોય કે ભીનાશ એકમેક ને અસર કરે, તો પાક વસ્તુ નજીસ થઈ જશે. મશહૂર એ છે કે નજીસ થયેલી વસ્તુ કોઈ પણ શક વિના તેના સમાંગમમાં આવતી દરેક વસ્તુને નજીસ કરશે, પરંતુ કંઈક વસીલાઓ બાદ પણ પરંપરાગત એ નજાસત પ્રસારિત થતી રહે, એ બાબત ઈશ્કાલથી ખાલી નથી. બલ્કે અમુક તબકકે તહારતનો હુકમ જારી થશે.

દાખલા તરીકે અગર જમણો હાથ પેશાબ ને અડવાથી નજીસ થાય, અને એ હાથ ભીનાશની સાથે ડાબા હાથને અડે, તો ડાબો હાથ પણ નજીસ થશે; અને એ ડાબો હાથ સૂકાઈ ગયા બાદ કોઈ ભીના કપડાંને અડે તો એ લિબાસ નજીસ ગણાશે, પણ એ લિબાસ જયારે સુકાઈ ગયા બાદ કોઈ બીજી ભીનાશવાળી વસ્તુના સમાંગમમાં આવે, તો એ વસ્તુ નજીસ નહિ થાય.

દરેક સંજોગમા જયારે ભીનાશ એટલી ઓછી હોય કે સામેવાળી વસ્તુમાં તેની અસર ન પહોંચતી હોય તો તે પાક વસ્તુને નજીસ નહિ કરે, અગરચે એ નજીસુલ અયનને અડે.

**<u>મસઅલો ૧૨૭</u>** : જયારે કોઈ પાક વસ્તુનો મેળાપ નજીસ વસ્તુથી થાય, અને ઈન્સાન શક કરે કે બંનેમાંથી યા બેમાંથી એક વસ્તુમાં ભીનાશ હતી કે નહિ, ત્યારે એવા સંજોગમાં પાક વસ્તુ નજીસ થયેલી નહિ ગણાય.

**<u>મસઅલો ૧૨૮</u>** : અગર એક શખ્સ ન જાણતો હોય કે બે વસ્તુઓમાંથી કઈ પાક છે અને કઈ નજીસ, અને ત્યારબાદ કોઈ પાક વસ્તુ એ બેમાંથી કોઈ એક વસ્તુને ભીનાશ સાથે અડે તો એથી પરહેઝ વાજિબ નથી, પણ અગર એ બે વસ્તુઓ અગાઉ નજીસ થયેલી હોય એ હાલતમાં બીજી કોઈ પાક ભીની વસ્તુ તેના સમાંગમમાં આવી હોય, તો પછી નજીસ ગણાશે.

**<u>મસઅલો ૧૨૯</u>** : જમીન કે કપડું વગેરે જો નજીસ થાય, અને તેમાં ભીનાશ હોય, તો જેટલા ભાગમાં નજાસત પહોંચી હોય એ જ ભાગ નજીસ ગણાશે બાકીનો ભાગ પાક ગણાશે એ જ હુકમ કાકડી, તરબૂચ વગેરેને લાગું પડશે.

**<u>મસઅલો ૧૩૦</u>** : ચાસણી, તેલ, ઘી વગેરે અગર એવી રીતે પ્રવાહી હોય કે તેમાંથી અમુક

ભાગ ઉપાડી લેવાથી જગ્યા ખાલી ન પડતી હોય, તો તેમાંનો કોઈ પણ એક નાનકડો ભાગ નજીસ થઈ જતાં તમામ નજીસ ગણાશે, પણ અગર એટલું ઘટ કે જામેલુ હોય કે અમુક ભાગ કાઢી લેવાથી જગ્યા ખાલી પડતી હોય, અગરચે આગળ જતાં એ ફરીથી ભરાઈ જાય, તો માત્ર એટલી જ જગ્યા નજીસ ગણાશે, જયાં નજાસત પહોંચી હોય. દાખલા તરીકે જો તેમાં ઉંદરનું પાયખાનું પડે, તો જે જગ્યાએ એ પાયખાનું પડયું હોય, તેટલો જ ભાગ નજીસ ગણાશે અને બાકીનો ભાગ પાક છે.

**મસઅલો ૧૩૧** : અગર માખી કે એ જાતનાં જીવડાં ભીની નજીસ વસ્તુ ઉપર બેસે અને ત્યાર બાદ ભીની પાક વસ્તુ ઉપર આવીને બેસે, તો અગર ભરોસો હોય કે નજાસત સાથે લઈને બેઠી છે તો એ પાક વસ્તુ નજીસ થઈ જશે. પણ અગર એવી જાણ ન હોય તો એ પાક રહેશે.

**મસઅલો ૧૩૨** : શરીર ઉપર જે જગ્યાએ પરસેવો હોય એ નજીસ થાય, અને એ પરસેવો વહીને શરીરના બીજા ભાગો સુધી પહોંચે, તો જયાં એ પરસેવો પહોંચશે ત્યાં એ ભાગ પણ નજીસ થયો ગણાશે, પણ જો એ પરસેવો બીજે ક્યાંય ન પહોંચે, તો શરીરના બાકીના ભાગો પાક રહેશે.

**મસઅલો ૧૩૩** : અગર નાક વાટે ગળા વાટે નીકળતા સળેખમ, બલગમ, કફ વગેરેમાં ખૂન જણાય તો જેટલી જગ્યાએ ખૂનની અસર થઈ હોય એટલી જગ્યા નજીસ અને બાકીનો ભાગ પાક ગણાશે; અને જો ખૂનવાળો ભાગ મોઢાની બહારના ભાગને કે નાકને અડે તો જેટલી જગ્યાએ ઈન્સાનને યકીન હોય કે નજીસ થઈ છે, તેટલી જગ્યા પાક કરવી જોઈએ; અને અગર કોઈ જગ્યાએ એ નજાસત પહોંચવા બારામાં શક હોય તો એ જગ્યાને પાક સમજવી.

**મસઅલો ૧૩૪** : અગર કોઈ લોટાના તળિયામાં કાણું કે છિદ્ર હોય, અને એને નજીસ જમીન ઉપર રાખવામાં આવે, ત્યારબાદ એ લોટાની અંદરનું પાણી વહેતું બંધ થાય, જેથી તળિયા પાસે જમીન ઉપર એકત્રિત નજીસ પાણી અને લોટાની અંદરનું પાક પાણી એક જ ગણાય, તો લોટામાં રહેલું પાણી નજીસ ગણાશે, પણ જો લોટામાંથી પાણી જોશભેર વહેતું રહે તો નજીસ નહિ થાય.

**મસઅલો ૧૩૫** : કોઈ વસ્તુ અગર શરીરની અંદર દાખલ થયા બાદ નજાસતને મળે, પણ બહાર આવ્યા પછી તેમાં નજાસત ન દેખાય, તો એ વસ્તુ પાક ગણાશે. એ રીતે પાયખાનાની જગ્યા એેનીમાના સાધનો કે પાણી દાખલ કરવામાં આવે અથવા શરીરમાં સોય કે ચાકુ ભોંક્વામાં અને બહાર આવતાં તેમાં નજાસતનો કોઈ ભાગ ન દેખાય, તો એ નજીસ નથી. એ જ હુકમ થૂંક કે સળેખમનો છે કે જો મોઢા કે નાકની અંદર ખૂનને મળે, પણ બહાર આવતાં તેમાં ખૂન ન દેખાય તો પાક ગણાશે.

## નજાસતોના એહકામ :

**મસઅલો ૧૩૬** : કુરઆને મજીદના અક્ષરો અને પાનાંઓને બેહુરમતીના આશયથી નજીસ કરવા હરામ છે; અને જો નજીસ થાય તો તરત જ વિના વિલંબે તેને પાણીથી પાક કરવા જોઈએ; બલ્કે બેહુરમતીનો ઈરાદો ન હોય તો પણ એહતીયાતે વાજિબની રૂએ તેને નજીસ કરવા હરામ છે અને તરત જ પાક કરવા વાજિબ છે.

**મસઅલો ૧૩૭** : અગર કુરઆને મજીદનું જીલ્દ નજીસ થઈ જાય, અને તેમ થવાથી કુરઆને મજીદની હુરમત જળવાતી ન હોય, તો તેને પાક કરવી વાજિબ છે.

**મસઅલો ૧૩૮** : કુરઆને મજીદને ખૂન, મુરદાર વગેરે નજીસુલ અયન ઉપર મૂક્વું, અગરચે એ નજીસુલ અયન સૂકાઈ ગયું હોય, અગર બેહુરમતીનું કારણ બનતું હોય, તો તેમ કરવું હરામ છે.

**મસઅલો ૧૩૯** : કુરઆને મજીદને નજીસ શાહીથી લખવું ચાહે તે એક જ અક્ષર કેમ ન હોય, કુરઆનને નજીસ કરવાનો હુકમ ધરાવે છે; અને અગર એવી રીતે લખાય તો તેને પાણીથી પાક કરવું, અથવા ભૂંસી નાખવું કે જેથી સદંતર બાકી ન રહે.

**મસઅલો ૧૪૦** : અગર કાફિરને કુરઆને મજીદ દેવાથી તેની બેહુરમતી થતી હોય તો દેવું હરામ છે; અને તેની પાસેથી પાછું લઈ લેવું વાજિબ છે.

**મસઅલો ૧૪૧** : અગર કુરઆને મજીદનું પાનું યા કોઈ પણ વસ્તુ કે જેની હુરમત જાળવવી વાજિબ છે, જેમકે, એવો કાગળ કે જેના ઉપર અલ્લાહનું કે પયગમ્બર અથવા ઈમામનું નામ લખેલું હોય, તે સંડાસમાં પડી જાય, તો ગમે તે ખર્ચે તેને ત્યાંથી કાઢીને પાણીથી પાક કરી લેવું વાજિબ છે; અને જો તેમ કરવું શક્ય ન હોય, તો એ સંડાસનો એટલા સમય સુધી ઉપયોગ ન કરવો જોઈએ કે ખાત્રી થાય કે હવે એ કાગળનું નામ-નિશાન બાકી નહિ રહ્યું હોય. એવી જ રીતે અગર ખાકે શિફા હઝરત ઈમામ હુસૈન (અલય્હિસ્સલામ) સંડાસમાં પડી જાય અને તેને બહાર કાઢવી અશક્ય હોય, તો જ્યાં સુધી ખાત્રી ન થાય કે એ ખાકે શિફાનાં કોઈ નિશાન બાકી નહિ હોય, ત્યાં સુધી એ સંડાસનો ઉપયોગ ન કરવો જોઈએ.

**મસઅલો ૧૪૨** : નજીસ થયેલી કોઈ પણ વસ્તુને ખાવું કે પીવું હરામ છે; અને એ જ રીતે કોઈ બીજાને નજીસ વસ્તુનું ખવડાવવું હરામ છે, પણ નાના નાના બચ્ચાઓને કે દીવાનાને નજીસ ખોરાક ખવડાવવો દેખીતી રીતે જાએઝ છે. અગર બચ્ચું કે પાગલ શખ્સ પોતે નજીસ ખોરાક ખાય, યા પોતાના નજીસ થયેલા હાથો વડે ખોરાકને નજીસ કરીને ખાવા માંડે તો એને અટકાવવો જરૂરી નથી.

**<u>મસઅલો ૧૪૩</u>** : કોઈ પણ નજીસ વસ્તુ વહેંચવી કે ઉધાર આપવી એ શરતે જાઈઝ છે કે એ વસ્તુ પાક થઈ શકતી હોય. પણ ખરીદનાર કે ઉધાર લેનારને એ વસ્તુ નજીસ હોવા વિષે ખબર આપવી **બે** સંજોગોમાં જરૂરી છે :

**(૧)** અગર ખબર ન આપવાથી એ શખ્સ વસ્તુનો ઉપયોગ એવી રીતે કરે કે વાજિબ હુકમનું ઉલંઘન થાય, જેમકે એ નજીસ વસ્તુને ખાવા-પીવા માટે વાપરે. એ સિવાયના સંજોગોમાં ખબર આપવી જરૂરી નથી.

**(૨)** અગર એવી ઉમ્મીદ હોય કે તેને જાણ કરી દેવાથી એ મુજબ તે અમલ કરશે. અગર તેવી ઉમ્મીદ ન હોય તો પછી જાણ કરવી વાજિબ નથી.

**<u>મસઅલો ૧૪૪</u>** : અગર કોઈ શખ્સ જુએ કે કોઈ માણસ નજીસ થયેલી વસ્તુ ખાઈ રહ્યો છે, અથવા નજીસ લિબાસમાં નમાઝ પડી રહ્યો છે, તો તે તેને એ વિષે જાણ કરવાની જરૂરત નથી.

**<u>મસઅલો ૧૪૫</u>** : ઘરમાં કોઈ જગ્યા અથવા ગાલીચો, ફર્શ વગેરે નજીસ હોય, અને ઘરધણી જુએ કે આવેલા મહેમાનોનું શરીર કે કપડાં ભીનાશ સાથે એ નજાસતના સમાંગમમાં આવે છે, તો અગર એ નજાસત માટે પોતે કારણરૂપ બન્યો હોય, તો ઉપરોકત બે શરતોમાં મહેમાનોને જાણ કરી દેવી જરૂરી છે.

**<u>મસઅલો ૧૪૬</u>** : અગર ઘરધણી ખાતી વેળા જાણી લ્યે કે ખોરાક નજીસ થયો છે, તો ઉપર જણાવેલી બીજા નંબરની શરતે મહેમાનોને જણાવી દેવી જરૂરી છે.

પણ અગર ઉપસ્થિત મેહમાનોમાંથી કોઈ એકનું એ બાબત તરફ ધ્યાન દોરાય, તો બીજા મહેમાનોને વાકિફ કરવું તેના માટે વાજિબ નથી.

અલબત, અગર એ શખ્સ બાકીના મહેમાનો સાથે એવી રીતે હળીમળીને રહેતો હોય કે તેમના નજીસ થવાથી પોતે નજાસતમાં મુબ્તેલા થઈને શરીઅતના હુકમોનું ઉલ્લંઘન કરવા મજબૂર બનતો હોય, તો પછી તેમને જણાવી દેવું જરૂરી છે.

**<u>મસઅલો ૧૪૭</u>** : અગર ઉધાર લીધેલી વસ્તુ નજીસ થઈ જાય, તો એ બારામાં, મસઅલા ૧૪૩ માં જણાવેલી શરતોને અનુલક્ષી, ધણીને જણાવી દેવું જરૂરી છે.

**<u>મસઅલો ૧૪૮</u>** : જો કોઈ બાળક કહી દે કે ફલાણી વસ્તુ નજીસ છે, અથવા પાણીથી પાક કરી દેવામાં આવી છે, તો એ વાત માન્ય નહિ રાખી શકાય.

પણ જો એ બાળક બાલિગ થવાની આસપાસ હોય ; અને એ કહે કે ફલાણી વસ્તુને મેં પાણીથી

પાક કરી છે, તો અગર એ વસ્તુનો વપરાશ એના હાથમાં હોય, યા તો એની વાત વિશ્વાસપાત્ર હોય, તો એની વાત માન્ય રાખી શકાશે. એવી જ રીતે અગર એ કોઈ વસ્તુની નજાસતની સાક્ષી આપે તો એ માન્ય રખાશે.

# મુતહ્હરાત (પાક કરનારી વસ્તુઓ)

**મસઅલો ૧૪૯** : બાર વસ્તુઓ નજાસતને પાક કરે છે; અને એ વસ્તુઓ મુતહ્હરાત તરીકે ઓળખાય છે : **(૧)** પાણી, **(૨)** જમીન, **(3)** સૂરજ, **(૪)** ઈસ્તિહાલા, **(૫)** ઈન્કેલાબ, **(૬)** ઈન્તેકાલ, **(૭)** ઈસ્લામ, **(૮)** તબઈય્યત, **(૯)** અયને નજાસતનું દૂર થવું, **(૧૦)** નજીસ ખાનાર હયવાનનો ઈસ્તબરા, **(૧૧)** મુસલમાનનું ગાયબ થઈ જવું, **(૧૨)** ઝબીહાના શરીરમાંથી ખૂનનું વહી જવું.

એ સર્વ બાબતોનો ઉલ્લેખ અહીં નીચે જણાવેલા મસઅલામાં આપીએ છીએ.

## (૧) પાણી :

**મસઅલો ૧૫૦** : **ચાર** શરતો પૂરી થાય તો જ પાણી નજીસ વસ્તુઓને પાક કરે છે :

**(૧)** પાણી ચોખ્ખું-ભેળસેળ વિનાનું-મુત્લક હોવું જોઈએ. મુઝાફ પાણી, જેમકે ગુલાબજળ કે તરબૂચનો રસ વગેરે કોઈ પણ નજીસ વસ્તુને પાક નહિ કરે.

**(૨)** પાણી પાક હોવું જોઈએ.

**(3)** નજીસ વસ્તુને પાક કરવા માટે ધોતી વેળા મુઝાફ ન થઈ જાય; અને જે ધોવા બાદ ફરી ધોવું વાજિબ નથી, એમાં શરત છે કે પાણી નજાસતનો રંગ, ગંધ કે સ્વાદ ધારણ ન કરે, એ સિવાયના ધોવામાં અગર પાણીનો રંગ-રૂપ બદલી જાય તો વાંધો નથી. દાખલા તરીકે વસ્તુ કુર કે કલીલ પાણીથી ધોવાય, અને એને બે વાર ધોવું વાજિબ હોય, તો પહેલી વાર ધોતી વેળા અગર રંગ-રૂપ બદલી જાય, અને ત્યાર બાદ બીજી વાર ધોતી વેળા કોઈ ફેરફાર ન જણાય, તો એ વસ્તુ પાક થઈ ગણાશે.

**(૪)** તહારત માટે પાણીથી ધોઈ લીધા બાદ નજીસુલ અયનના ઝીણાઝીણા ભાગો કે કણ, રજ વગેરે બાકી રહી જવા ન પામે.

કોઈપણ નજીસ વસ્તુને કલીલ પાણીથી પાક કરવા માટે અમુક બીજી શરતો પણ છે, જેનો ઉલ્લેખ કરવામાં આવે છે :

**મસઅલો ૧૫૧** : નજીસ વાસણ કે ઠામના અંદરના ભાગને કલીલ પણીથી ત્રણ વાર ધોવું વાજિબ છે; અને એહતીયાતે વાજિબની રૂએ કુર કે જારી પાણીથી પણ એ જ રીતે ત્રણ વાર ધોવું જોઈએ.

અને એ વાસણ કે જેમાંથી કૂતરાએ પાણી વગેરે પીધું હોય, એને પ્રથમ પાક માટીથી ઘસવું જોઈએ; અને એ માટી દૂર કર્યા બાદ કલીલ પાણી કે કુર અથવા જારીપાણીથી બે વાર ધોવું જોઈએ.

એવી જ રીતે અગર કૂતરાએ વાસણ ચાટયું હોય, અને એ વાસણમાં ચાટેલી કોઈ વસ્તુ બાકી રહી ગઈ હોય, તો ધોવા પહેલાં માટીથી ઘસવું વાજિબ છે; અને જો કૂતરાના મોઢાનું થૂંક કે લાળ કોઈ વાસણમાં પડે, તો એહતીયાતે વાજિબની રૂએ તે વાસણને માટીથી ઘસવા બાદ ત્રણ વાર પાણીથી ધોવું જરૂરી છે.

**<u>મસઅલો ૧૫૨</u>** : જે ઠામ અથવા વાસણમાં કૂતરાએ મોઢું નાખ્યું હોય, એ ઠામનું મોઢું અગર તંગ હોય, તો તેમાં માટી નાખીને ખૂબ જોરથી હલાવવું જોઈએ, જેથી માટી વાસણના દરેક ભાગમાં પહોંચી જાય, અને ત્યારબાદ ઉપર જણાવ્યા મુજબ તેને ધોવામાં આવે.

**<u>મસઅલો ૧૫૩</u>** : જે વાસણને સુવ્વરે ચાટયું હોય, અથવા એમાંથી કોઈ પ્રવાહી પીધું હોય, અથવા એમાં જંગલી ઊંદર મરી જાય, તો એ વાસણને કલીલ, કુર કે જારી પાણીથી સાત વખત ધોવું જરૂરી છે, પણ માટીથી ઘસવું વાજિબ નથી.

**<u>મસઅલો ૧૫૪</u>** : જે વાસણ શરાબથી નજીસ થઈ જાય તેને ત્રણ વાર ધોવું વાજિબ છે, ચાહે કલીલ પાણી થી હોય કે કુર પાણીથી હોય, અથવા જારી પાણીથી હોય, તેમાં કોઈ ફેર નથી.

**<u>મસઅલો ૧૫૫</u>** : અગર કોઈ કુંજો નજીસ માટીથી બનાવવામાં આવ્યો હોય, અથવા નજીસ પાણી તેમાં સર્પૂણ ફરી વળ્યું હોય, તો તેવા કુંજાને કુર પાણીમાં કે જારી પાણીમાં એવી રીતે મૂકવામાં આવે કે પાણી બધે પહોંચી જાય, તો તે પાક થઈ જશે; અને અગર કોઈ ઈચ્છે કે કુંજાના આંતરિક ભાગને પણ પાક કરે, તો પછી કુર કે જારી પાણીમાં કુંજાને એટલા સમય સુધી રાખે કે પાણી આંતરિક ભાગો સુધી પહોંચી શકે.

હવે જો એ કુંજામાં એવી ભીનાશ હોય કે પાક પાણીને આંતરિક ભાગો સુધી પહોંચતાં અટકાવે, તો પહેલાં કુંજાને સૂકાવવો જોઈએ; અને ત્યાર બાદ તેને કુર કે જારી પાણીમાં રાખવો.

**<u>મસઅલો ૧૫૬</u>** : નજીસ વાસણને કલીલ પાણીથી પાક કરવાની **બે રીતો** છે :

**(૧)** વાસણમાં ત્રણ વાર પાણી ભરીને દરેક વાર ખાલી કરવામાં આવે.

**(૨)** બીજી રીત એ છે કે વાસણમાં અમુક પ્રમાણમાં પાણી રેડવામાં આવે, અને એ વાસણને એવી રીતે હલાવવામાં આવે કે અંદરનું પાણી દરેક નજીસ જગ્યા સુધી પહોંચી જાય, ત્યાર પછી એ પાણી બહાર ફેંકી દેવામાં આવે. આમ ત્રણ વાર કરવાથી વાસણ પાક થઈ જશે.

**<u>મસઅલો ૧૫૭</u>** : અગર દેગ કે મટકા વગેરે મોટા વાસણો નજીસ થાય, તો એને અગર ત્રણ વાર પાણીથી ભરીને ખાલી કરવામાં આવે, તો એ પાક થઈ જશે. એવી જ રીતે અગર તેમાં ઉપરથી

ત્રણ વાર એ પ્રમાણે પાણી રેડવામાં આવે કે દરેક ખૂણે એ પાણી જઈ પહોંચે; અને તે બાદ દરેક વખતે અંદર ભેગું થયેલું પાણી બહાર ફેંકી દેવામાં આવે તો એ પાક થશે, પણ એહતીયાતે મુસ્તહબ એ છે કે બીજી અને ત્રીજી વાર પાણી બહાર લાવવા માટે જે વાસણનો ઉપયોગ થતો હોય તેને પણ પાણીથી પાક કરી લ્યે.

**<u>મસઅલો ૧૫૮</u>** : અગર નજીસ ત્રાંબુ વગેરે ધાતુને પીગળાવીને પાણીથી ધોઈ લેવામાં આવે, તો તેનો બહારનો ભાગ પાક થયેલો ગણાશે.

**<u>મસઅલો ૧૫૯</u>** : જે તન્દુર કે ભઠ્ઠી પેશાબથી નજીસ થાય, તેને પાક કરવાના અર્થે જો ઉપરથી એક વાર એવી રીતે તેમાં પાણી રેડવામાં આવે કે તે દરેક ખૂણે અને જગ્યાએ પહોંચે, તો એ તન્દુર પાક થયેલું ગણાશે. જો કે એહતીયાતે મુસ્તહબ છે કે આ કામ બે વાર અંજામ આપે; પણ અગર પેશાબ સિવાય કોઈ બીજા કારણે તન્દુર નજીસ થયું હોય, તો ઉપર જણાવ્યા મુજબ એક જ વાર પૂરી રીતે પાણી પહોંચાડવું કાફિ છે; અને બેહતર છે કે તન્નુરની નીચે એક ખાડો ખોદવામાં આવે કે જેથી પાણી તેમાં ભેગું થાય, અને તે પાણી બહાર ફેંકી દીધા બાદ એ ખાડો માટીથી પૂરી દેવામાં આવે.

**<u>મસઅલો ૧૬૦</u>** : અગર કોઈ પણ નજીસ વસ્તુને કુર અથવા જારી પાણીમાં એકવાર એવી રીતે ડુબાડવામાં આવે કે જેથી તેના દરેક હિસ્સામાં પાણી પહોંચી વળે, તો એ નજીસ વસ્તુ પાક થઈ જશે; અને અગર એ વસ્તુ ગાલીચો કે લિબાસ હોય,તો તેને નીચોવવુ કે પગના જોરે દબાવવું વગેરે જરૂરી નથી. અલબત્ત, જયારે લિબાસ કે શરીર પેશાબ થી નજીસ થાય, ત્યારે કુર પાણીથી બે વાર ધોવું જરૂરી છે.

**<u>મસઅલો ૧૬૧</u>** : અગર પેશાબ ને કારણે નજીસ થયેલી ચીજને કલીલ પાણીથી પાક કરવાનો ઈરાદો હોય, તો એક વાર તેના પર પાણી રેડે,અને તેમાંથી પાણી વહી ગયા બાદ એ ચીજ માં પેશાબનું નિશાન ન રહે તો એ પાક ગણાશે, સિવાય લિબાસ અને શરીર, કે તે માટે જરૂરી છે કે બે વાર પાણી રેડવામાં આવેં, ત્યાર બાદ એ પાક થશે.

કલીલ પાણીથી જયારે લીબાસ કે ગાલીચા વગરેને પાક કરવામાં આવે, ત્યારે તેને નીચોવવું અથવા દબાવવું જરૂરી છે, જેથી તેમાં રહી ગયેલું પાણી વહી જાય

**<u>મસઅલો ૧૬૨</u>** : અગર કોઈ વસ્તુ દૂધ પીતા બાળકના પેશાબથી નજીસ થાય, જે બાળક દૂધ સિવાય કોઈ અનાજ ન લેતું હોય, અને તેની ઉમર બે વર્ષની નીચે હોય,જો એ વસ્તુ ઉપર એક વાર એ રીતે પાણી રેડવામાં આવે કે દરેક ભાગમાં પહોંચી જાય, તો પાક થઈ જશે. એહતીયાતે મુસ્તહબ છે કે

બીજી વાર પણ પાણી રેડવામાં આવે; પણ ગાલીચા, લિબાસ વગેરે માટે નીચોવવા કે દબાવવાની જરૂરત નથી.

**<u>મસઅલો ૧૬૩</u>** : અગર કોઈ ચીજ પેશાબ સિવાય બીજા કોઈ કારણસર નજીસ થઈ હોય, તો નજાસત દૂર કર્યા બાદ તેના ઉપર એક્વાર કલીલ પાણી રેડી અને વહેવડાવવાથી એ પાક થઈ જશે, પણ લિબાસ અને ગાલીચા વગેરે માટે જરૂરી છે કે તેને નીચોવવા કે દબાવવામાં આવે, જેથી તેમાં રહી ગયેલું પાણી દૂર થાય.

**<u>મસઅલો ૧૬૪</u>** : અગર નજીસ થઈ ગયેલી ચટાઈ કે જે દોરીથી વણીને બનાવવામાં આવી હોય, તેને કુર કે જારી પાણીમાં ડુબાડવામાં આવે, તો અયન નજાસત દૂર થઈ ગયા બાદ એ ચટાઈ પાક થઈ જશે, પણ અગર કલીલ પાણીથી પાક કરવાનો ઈરાદો હોય, તો દરેક કોશિશથી તેને નીચોવવું કે દબાવવું જરૂરી છે કે જેથી તેમાંથી ધોવનનું પાણી અલગ થઈ જાય, ચાહે તે માટે પગથી કે લાતોથી મહેનત કરવી પડે.

**<u>મસઅલો ૧૬૫</u>** : અગર સાબુ, ઘઉં, ચોખા વગેરેનો બહારનો જાહેર ભાગ નજીસ થાય,તો તેને કુર કે જારી પાણીમાં ડુબાડવાથી પાક થઈ જશે; પણ જો તેનો અંદરનો ભાગ નજીસ થયો હોય, અને કુર કે જારી પાણી ચોક્કસ અને ખાત્રીપૂર્વક રીતે અંદર સુધી પહોંચે,તો તે પણ પાક થઈ શકશે, પરંતુ દેખીતી રીતે જણાય છે કે સાબુ અને એવી વસ્તુઓમાં ચોખ્ખું, મુત્લક પાણી અંદરના ભાગો સુધી નહિ પહોંચે.

**<u>મસઅલો ૧૬૬</u>** : અગર ઈન્સાન શક કરે કે સાબુની અંદરના ભાગ સુધી નજીસ પાણી પહોંચી ગયું હશે કે નહિ, તો સાબુની અંદરનો ભાગ પાક જ ગણાશે.

**<u>મસઅલો ૧૬૭</u>** : અગર ચાવલ કે ગોશ્ત વગેરેના જાહેરી ભાગો નજીસ થઈ જાય, તો એને પાક વાસણમાં કે પાત્રમાં મૂકી તેના ઉપર એક વાર પાણી રેડવું; અને તે બાદ એ વાસણમાંથી પાણી ઢોળી દેતાં એ ચાવલ કે ગોશ્ત વગેરે પાક થઈ જશે, પણ અગર નજીસ વાસણમાં મુકવામાં આવે, તો ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણ વાર કરવું પડશે, જેને પરિણામે એ વાસણ પણ પાક થઈ જશે.

અગર કપડાં વગેરેને વાસણમાં મૂકીને પાક કરવાનો ઈરાદો હોય, તો દરેક વાર પાણી રેડયા પછી એ કપડાં વગેરેને નીચોવવું જોઈએ; અને પછી વાસણને સહેજ નમાવીને પાણી બહાર ઢોળી નાખવું. જેથી જે પાણી કપડાં વગેરેમાં રહી જવા પામ્યું હોય તે પણ બહાર નીકળી જાય.

**<u>મસઅલો ૧૬૮</u>** : અગર કોઈ નજીસ કપડું કે જેને ગળી કે એવા પદાર્થથી રંગવામાં આવ્યું

હોય, તેને કુર કે જારી પાણીમાં ડુબાડીને પાક કરવામાં આવે, અને પાણી એ રંગને કારણે મુઝાફ થાય એથી પહેલાં જો કપડાના દરેક ભાગ સુધી પહોંચી જાય, તો કપડું પાક થયેલું ગણાશે;અને જો કલીલ પાણીથી તેને પાક કર્યું હોય, તો નીચોવતી વેળા તેમાંથી મુઝાફ પાણી ન નીકળે તો એ કપડું પાક છે.

**મસઅલો ૧૬૯** : અગર કપડાંને કુર કે જારી પાણીમાં પાક કર્યા બાદ કપડા ઉપર પાણીમાં ભેગી થતી માટી કે એવો કોઈ પદાર્થ ચોંટેલો દેખાય, તો જો એવું અનુમાન ન હોય કે એ માટી વગેરે પાણીને સરખી રીતે પહોંચવામાં અટકાયતરૂપ થયું છે, તો તે કપડું પાક થયેલું ગણાશે.

**મસઅલો ૧૭૦** : કપડાં વગેરેને પાણીથી પાક કરી લીધા બાદ અગર તેના ઉપર માટી કે સાબુ દેખાય, અને એવું ગુમાન થાય કે પાણીને પહોંચવામાં અટકાયતરૂપ થયું છે, તો પણ તે કપડું પાક છે. પણ જો નજીસ પાણી, માટી કે સાબુના ભીતર ભાગ સુધી પહોંચી ગયું હોય, તો માટી કે સાબુનો બાહ્ય ભાગ પાક થશે; અને અંદરનો ભાગ નજીસ ગણાશે.

**મસઅલો ૧૭૧** : જયાં સુધી લાગેલા કે ચોંટેલા નજીસુલ અયનને દૂર ન કરવામાં આવે, ત્યાં સુધી કોઈ પણ ચીજ પાક થતી નથી. પણ અગર માત્ર તેની ગંધ કે તેનો રંગ બાકી રહી જવા પામે તો વાંધાજનક નથી. દાખલા તરીકે અગર કોઈ કપડું ખૂનથી નજીસ થયું હોય, અને તે ખૂનને દૂર કરીને ધોઈ લેવામાં આવતાં લોહીનો રંગ બાકી રહે, તો એ કપડું પાક ગણાશે. અલબત્ત, અગર ખાત્રી કે ગુમાન હોય કે નજીસુલ અયનની અસર એ રંગ કે ગંધમાં હજી બાકી છે, તો એ નજીસ ગણાશે.

**મસઅલો ૧૭૨** : અગર કોઈ શખ્સ પોતાના શરીરની નજાસતને કુર કે જારી પાણીમાં દૂર કરે, તો શરીર પાક થશે, સિવાય કે શરીર પેશાબને કારણે નજીસ થયું હોય, એ સંજોગોમાં એક વાર ધોવાથી પાક નહિ થાય, પણ એના માટે પાણીમાંથી બહાર આવી બીજી વાર તેમાં દાખલ થવાની જરૂરત રહેતી નથી, બલ્કે પાણીમાં જ રહી નજીસ ભાગ ઉપર હાથ મૂકી બે વાર પાણી પહોંચાડવું કાફી છે.

**મસઅલો ૧૭૩** : દાંતો વચ્ચે અગર નજીસ ખોરાક રહી ગયો હોય, તો તેના ઉપર મોંઢામાં જ થૂંકને એવી રીતે ફેરવે કે અનાજના દરેક ભાગ સુધી પહોંચે, જેથી એ પાક થશે.

**મસઅલો ૧૭૪** : માથાના કે ચહેરાના વાળને અગર કલીલ પાણીથી કોઈ પાક કરે, અને એ વાળનો ઉગાવો બહુ ઘાટો અને વિપુલ ન હોય, તો પાણી ખંખેરવા માટે નીચોવવાની કોઈ જરૂરત નથી, કારણકે તેમાંથી સામાન્ય રીતે પાણી આપોઆપ છૂટું થઈ જશે.

**મસઅલો ૧૭૫** : અગર શરીર કે કપડાના કોઈ ભાગને કલીલ પાણીથી ધોવામાં આવે, તો

તેની ચારે તરફના ભાગો સુધી પાણી પહોંચે એ સ્વભાવિક છે; તો એનો હુકમ એ છે કે નજીસ ભાગ પાક થઈ જતાં અતરાફના ભાગો પણ પાક ગણાશે, એટલે અતરાફમાં ભીના થયેલા ભાગો ઉપર જુદું પાણી રેડવું જરૂરી નથી, બલ્કે એ બંને ભાગો એકી સાથે પાક થઈ જશે. એવી જ રીતે અગર એક નજીસ વસ્તુને પાક વસ્તુની બાજુમાં રાખી તેના ઉપર પાણી રેડવામાં આવે, તો બંને પાક ગણાશે. દાખલા તરીકે એક જ આંગળી નજીસ થઈ હોય, અને તેના ઉપર પાક કરવા એવી રીતે પાણીનો ઉપયોગ કરે કે નજીસ અને તે પછી પાક પાણી બાકીની આંગળીઓ સુધી પહોંચે, તો એ નજીસ આંગળી પાક થતાં બાકીની આંગળીઓ પણ પાક થયેલી ગણાશે.

**મસઅલો ૧૭૬** : ગોશ્ત કે ચરબી અગર નજીસ થઈ જાય, તો બીજી વસ્તુઓની જેમજ તેને પાણીથી પાક કરી શકાશે; અને અગર લિબાસ કે શરીર ઉપર થોડીક ચીકાશ રહી હોય, તો એ પાણી પહોંચાડવામાં રૂકાવટ નહિ કરે.

**મસઅલો ૧૭૭** : અગર કોઈ નજીસ વાસણમાં કે નજીસ શરીર ઉપર ચીકાશ વધારે પ્રમાણમાં હોય, કે જેને કારણે પાણી પહોંચી ન શકે, તો પ્રથમ એ ચીકાશનું દૂર કરવું જરૂરી છે, જેથી પાણીથી તહારત કરી શકાય.

**મસઅલો ૧૭૮** : નળનું પાણી અગર કુર પાણી સાથે જોડાયેલું હોય, તો એ કુરનો હુકમ ધરાવશે.

**મસઅલો ૧૭૯** : કોઈ પણ નજીસ વસ્તુને પાણીથી ખાત્રપૂર્વક પાક કરી લીધા બાદ અગર શક થાય કે અયને નજાસતને પ્રથમ દૂર કરવામાં આવી હતી કે નહિ, તો બીજી વાર પાણીથી ધોઈ અયને નજાસત દૂર થઈ જવા બારામાં યકીન કરી લેવું જરૂરી છે.

**મસઅલો ૧૮૦** : જે જમીન પાણી ચૂસી લ્યે, જેમકે ધૂળ કે રેતીવાળી જમીન હોય, તે અગર નજીસ થાય તો એ પણ કલીલ પાણીથી પાક કરી શકાશે.

**મસઅલો ૧૮૧** : જે જમીન સખત હોય, પથરાળ હોય કે ઈંટ વગેરેથી પાકી કરવામાં આવી હોય, જેથી પાણી ચૂસી ન લ્યે, તે અગર નજીસ થાય તો કલીલ પાણીથી પાક કરી શકાશે, પણ તેના ઉપર એટલું પાણી રેડવું જોઈએ કે એ પાણી વહેવા માંડે. હવે જો એ પાણી કોઈ ખાડા કે નાળી વાટે બહાર ન જાય તો પછી એકઠું થયેલું પાણી કોઈ વાસણ કે કપડાથી ખેંચી લેવું જોઈએ.

**મસઅલો ૧૮૨** :અગર ખાણમાંથી આવતા સુગઠિત નીમક(ના ઢેફાં)નો જાહેરી ભાગ નજીસ થાય, તો એ પણ કુરથી ઓછા પાણી વડે પાક કરી શકાશે.

**મસઅલો ૧૮૩** : ઓગળી ગયેલી ખાંડ જો નજીસ થાય, અને તેને કંદ રૂપે ઘનાકારમાં ફેરવવામાં આવે, તો એ ઘન ખાંડ (કંદ)ને કુર યા જારી પાણીમાં પાક નહિ કરી શકાય.

**(૨) જમીન :**

**મસઅલો ૧૮૪** : જમીન પગના તેમજ જોડાના તળિયાને પાક કરે છે, પણ તેની **ચાર** શરતો છે :

**(૧)** જમીન પાક હોવી જોઈએ; **(૨)** એહતીયાત એ છે કે જમીન સૂકી પણ હોવી જોઈએ. **(૩)** એહતીયાતે લાઝિમની રૂએ નજાસત જમીનથી જ લાગેલી હોવી જોઈએ; **(૪)** પગના તળીયા કે જોડાના તળિયામા લાગેલુ નજીસુલ અયન (જેમકે ખૂન,પેશાબ) અથવા નજીસ થયેલી વસ્તુ (જેમકે નજીસ માટી વગેરે) જમીન ઉપર ચાલવાથી કે પગને ઘસવાથી દૂર થઈ ગઈ હોવી જોઈએ; અગર પહેલેથી જ નજીસુલ અયન દૂર થઈ ગયુ હોય, તો જમીન ઉપર ચાલવાથી કે પગ ઘસવાથી એહતીયાતે લાઝિમની રૂએ પાક નહિ ગણાય.

ઉપરાંત જમીન ધૂળ, પત્થર અથવા ઈંટ વગેરેથી પાકી બનેલી હોવી જોઈએ. ગાલીચા કે સાદડી અથવા ઘાસ ઉપર ચાલવાથી પગના કે જોડાના તળિયા પાક નહિ થાય.

**મસઅલો ૧૮૫** : જે જમીન ઉપર ડામર પાથરવામાં આવ્યુ હોય અથવા તે ઉપર લાકડાની ફરશબંધી થઈ હોય, તે ઉપર ચાલવાથી પગનું તળિયુ કે જોડાનું તળિયુ પાક થાય તેમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૮૬** : પગના કે જોડાના તળિયા પાક થાય તે માટે બેહતર છે કે પંદર હાથ યા એથી વધુ અંતર સુધી ચાલે, અગરચે પંદર હાથ જેટલું ચાલ્યા પહેલા જ અથવા જમીન ઉપર પગ ઘસી લેવાથી નજાસત દૂર થઈ ગઈ હોય.

**મસઅલો ૧૮૭** : નજીસ પગનાં કે જોડાના તળિયાં માટે જરૂરી નથી કે એ ભીનાં હોય, બલ્કે અગર સૂકાં હોય, તો પણ ચાલવાથી પાક થઇ જશે.

**મસઅલો ૧૮૮** : જયારે ચાલવાથી નજીસ પગનાં કે જોડાનાં તળિયાં પાક થઈ જાય, ત્યારે સામાન્ય રીતે અતરાફમાં જે માટી ચોંટેલી હોય છે, એ પણ પાક થઈ જાય છે.

**મસઅલો ૧૮૯** : જે શખ્સ હાથ કે ગોઠણભેર ચાલતો હોય, તેના નજીસ થયેલા હાથ કે ગોઠણ એ રીતે ચાલવાથી પાક થવામાં ઈશ્કાલ છે. એવી જ રીતે હાથની લાકડીનો છેડો, નકલી પગનાં તળિયાં, જાનવરના પગની ખરી, મોટર કે અન્ય ગાડીનાં પૈડાં વગેરેનું પાક થવું ઈશ્કાલ ધરાવે છે.

**મસઅલો ૧૯૦** : જમીન ઉપર ચાલ્યા બાદ નજાસતનો રંગ, ગંધ કે બારીક અવશેષો કે જે

દેખી શકાતા ન હોય, અગર પગના તળિયાં કે જોડાના તળિયામાં બાકી રહે, તો વાંધાજનક નથી. જો કે એહતીયાતે મુસ્તહબ છે કે એટલું ચાલે કે જેથી એ અસરો પણ બાકી ન રહેવા પામે.

**મસઅલો ૧૯૧** : જોડાની અંદરનો ભાગ જમીન ઉપર ચાલવાથી પાક નહિ થાય; અને મોજાંના તળિયાનો ભાગ જે તળિયાને ઢાંકે છે, એનું પાક થવું પણ ઈશ્કાલ ધરાવે છે, સિવાય કે એ ભાગ ચામડાં અથવા એવી કોઈ વસ્તુની બનેલી હોય અને તેને પહેરવાનો રિવાજ હોય તો પાક થઇ જશે.

### (3) સૂરજ :

**મસઅલો ૧૯૨** : જમીન, ઈમારત અને દીવાલને સૂર્ય પાક કરે છે; અને તે માટે **પાંચ** શર્તો છેઃ

**(૧)** નજીસ વસ્તુમાં એટલી ભીનાશ હોવી જોઈએ કે અગર તે કોઈ બીજી વસ્તુ સાથે મેળાપમાં આવે,તો તેને પણ ભીની કરે; અગર એ નજીસ વસ્તુ સૂકાઈ ગઈ હોય,તો એને ફરી ભીની કરવી જોઈએ, જેથી સૂરજને કારણે એ સૂકાય.

**(૨)** અગર એ નજીસ વસ્તુમાં નજીસુલ અયન લાગેલું હોય, તો સૂરજ એને સૂક્વે એથી પહેલાં એ નજીસુલ અયનને દૂર કરવું જોઈએ.

**(૩)** સૂરજના કિરણો અને એ નજીસ વસ્તુ વચ્ચે કોઈ અવરોધ ન હોવો જોઈએ, અગર સૂરજ પડદાની પાછળથી કે વાદળા પાછળથી ગરમી પહોંચાડીને તેને સૂક્વે, તો એ પાક નહિ થાય, અલબત્ત, અગર વાદળાં બહુ જ ઘેરાયેલા ન હોય અને કિરણને રૂકાવટરૂપ ન હોય તો વાંધો નથી.

**(૪)** એ નજીસ વસ્તુ એકલા સૂરજના તાપથી સૂકાય, એટલે અગર એ જ નજીસ વસ્તુ સૂરજના તાપ અને ફુંકાતા પવન વડે સૂકાય તો પાક નહિ થાય. હા, અગર હલકો પવન વાતો હોય કે જે માટે એમ ન કહી શકાય કે પવને સુકવવામાં મદદ કરી છે, તો વાંધો નથી.

**(૫)** ઈમારતનો જે ભાગ નજીસ થયો હોય તેને સૂરજ એક વખતમાં પાક કરે, એટલે અગર પહેલી વાર ઈમારતના બહારના ભાગને તાપ વડે પાક કરે, અને બીજી વાર નીચલા ભાગને તાપથી સૂક્વે, તો ફકત પહેલી વાર જે ભાગ સૂકાયો એ બહારનો ભાગ પાક થયેલો ગણાશે, નીચલો ભાગ નજીસ રહેશે.

**મસઅલો ૧૯૩** : નજીસ સાદડીને સૂરજ પાક કરે છે, પણ અગર એ સાદડી દોરાથી વણવામાં

આવી હોય, તો એ દોરાનું સૂરજથી પાક થવું ઈશ્કાલ ધરાવે છે. એવી જ રીતે ઝાડ, ઘાસ કે બારી-બારણાંનું સૂરજથી પાક થવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૯૪** : અગર નજીસ જમીન ઉપર સૂરજનો તાપ પડયા બાદ કોઈ શખ્સ શક કરે કે એ જમીન સૂરજનો તાપ પડયો એ પહેલા ભીની હતી કે નહિ, અથવા એ ભીનાશ સૂરજના તાપથી જ સૂકાઈ છે કે કેમ, તો એ જમીન નજીસ ગણાશે.

એવી જ રીતે અગર શક કરે કે સૂરજનો તાપ પહેલા નજીસુલ અયનને દૂર કરવામાં આવ્યું હતું કે નહિ, અથવા એ કે સૂરજના કિરણો અને જમીન વચ્ચે કોઈ અવરોધ કે રૂકાવટ હતી કે કેમ, તો પણ જમીન નજીસ ગણાશે.

**મસઅલો ૧૯૫** : અગર નજીસ દીવાલની એક બાજુ ઉપર સૂર્યનો તાપ પડે, અને એને કારણે દીવાલની બીજી બાજુ કે જેના ઉપર સૂર્યના કિરણો ન પડયા હોય, તે સૂકાઈ જાય, તો એ બંને ભાગોનું પાક થઈ જવું અસંભવિત નથી.

## (૪) ઈસ્તિહાલા :

**મસઅલો ૧૯૬** : અગર કોઈ નજીસ વસ્તુની હકીકત અને પ્રકાર બદલી જઈ કોઈ પાક વસ્તુના પ્રકારનું રૂપ ધારણ કરે, તો એ પાક ગણાશે, જેમકે નજીસ લાકડું બળીને રાખ થઈ જાય, અથવા કૂતરો નીમકની ખાણમાં પડયો પડયો આખો નીમક થઈ જાય.

પણ અગર પ્રકાર ન બદલે તો પાક નહિ થાય, જેમકે અગર નજીસ ઘઉંનો આટો બનાવવામાં આવે કે તેની રોટલી પકાવવામાં આવે, તો એ પાક નહિ થાય.

**મસઅલો ૧૯૭** : નજીસ માટીથી ઘડો કે કુંજો બનાવવામાં આવે, તો એ નજીસ રહેશે, પણ નજીસ લાકડાથી તૈયાર કરવામાં આવેલા કોલસા એ શર્તે પાક ગણાશે કે તેમાં આગલી કોઈ ખાસિયત બાકી ન રહી હોય.

**મસઅલો ૧૯૮** : અગર કોઈ નજીસ વસ્તુ માટે નિશ્ચય ન થઈ શકે કે એમાં ઈસ્તિહાલા થયું છે કે નહિ, તો એ નજીસ છે.

## (૫) ઈન્કિલાબ :

**મસઅલો ૧૯૯** : અગર શરાબ આપમેળે યા તેમાં કોઈ વસ્તુની મિલાવટ કરવાથી, જેમકે સુરકો કે નીમક નાખવાથી બદલીને સુરકો થઈ જાય, તો એ પાક થઈ જશે.

**મસઅલો ૨૦૦** : જે શરાબને નજીસ દ્રાક્ષથી તૈયાર કરવામાં આવે, અથવા એવી યા બીજી

કોઈ નજાસતના મિશ્રણથી બનાવવામાં આવે, તો સુરકો થઈ જવાથી પાક નહિ થાય.

**મસઅલો ૨૦૧** : જે સુરકો નજીસ દ્રાક્ષ કે કિસમિસ અથવા નજીસ ખજૂરથી બનાવવામાં આવે, એ નજીસ છે.

**મસઅલો ૨૦૨** : અગર દ્રાક્ષ કે ખજૂરની ડાંખળીઓ તેમાં હોય, અને તેનો સુરકો બનાવવામાં આવે, વાંધાજનક નથી. બલ્કે કાકડી અને રીંગણા વગેરે તેમાં સુરકો થયા પહેલા મૂકવામાં આવે તો પણ ઈશ્કાલ નથી, સિવાય કે સુરકો થયા પહેલાં એમાં કેફ કે નશો પેદા થયો હોય.

**મસઅલો ૨૦૩** : અગર દ્રાક્ષ રસમાં આપમેળે યા તાપ દેવાથી જોશ પેદા થાય તો એ હરામ થઈ જાય છે, પણ જો એટલો જોશ મારે કે ૨/૩ ભાગ ખત્મ થઈ જાય, તો બાકી રહેલો ૧/૩ ભાગ હલાલ છે; અને મસઅલા ૧૧૪માં જણાવ્યા મુજબ દ્રાક્ષરસ જોશ ખાવાથી નજીસ થતો નથી.

**મસઅલો ૨૦૪** : અગર જોશ ખાધા વગર દ્રાક્ષરસનો ૨/૩ ભાગ ઓછો થઈ જાય, અને બાકી રહેલો ૧/૩ ભાગ જોશ ખાવા માંડે, તો અગર સામાન્ય રીતે એ દ્રાક્ષરસ તરીકે ઓળખાતો હોય, અને ચાસણી તરીકે ન મનાતો હોય, તો એહતીયાતે લાઝિમની રૂએ એ હરામ છે.

**મસઅલો ૨૦૫** : અગર કોઈ દ્રાક્ષરસ બારામાં ખબર ન હોય કે તેમાં જોશ આવ્યો હતો કે નહિ, તો એ હલાલ છે; પણ અગર તેમાં જોશ પેદા થાય, તો જયાં સુધી ૨/૩ ભાગ નાશ ન પામે ત્યાં સુધી હલાલ નહિ ગણાય.

**મસઅલો ૨૦૬** : અગર કાચી દ્રાક્ષના ઝુમખામાં અમુક પાકી દ્રાક્ષ હોય, અને એ ઝુમખામાંથી રસને સામાન્ય રીતે દ્રાક્ષરસ તરીકે ગણવામાં ન આવતો હોય, તો તે જોશમાં આવે તો પણ તે હલાલ ગણાશે.

**મસઅલો ૨૦૭** : અગર એક જ દ્રાક્ષ કોઈ ઊકળતી ચીજમાં પડે, અને તેમાં જોશ આવી જાય, પણ ઉકળતી ચીજમાં ગળી ન જાય, તો માત્ર એ દ્રાક્ષનું જ ખાવું હરામ છે.

**મસઅલો ૨૦૮** : અગર એકથી વધુ દેગમાં ચાસણી પકાવવાનો ઈરાદો હોય, તો જે ચમચો જોશ ખાધેલી ચાસણીના ઉપયોગમાં લેવાયો હોય, તે જોશ ન ખાધેલી ચાસણીવાળી દેગમાં વાપરી શકાશે.

**મસઅલો ૨૦૯** : અગર ખબર ન પડતી હોય કે કાચી દ્રાક્ષનો રસ છે કે પાકી દ્રાક્ષનો છે, અને તેમાં જોશ આવે તો એ હલાલ છે.

### (૬) ઈન્તિકાલ :

**મસઅલો ૨૧૦** : અગર મચ્છર વગેરે જીવાત કે જેમાં ખૂન હોતું નથી. ઈન્સાનનું ખૂન ચૂસી લ્યે, અથવા એવા હયવાનનું ખૂન ચૂસી લ્યે કે જે હયવાનનું ખૂન ઊછળીને વહે છે, અને એને કારણે એ ખૂન ચૂસનાર જીવાતના શરીરનો ભાગ થઈ જાય, તો એ ખૂન પાક ગણાશે; અને એને ઇન્તિકાલ કહેવાય છે.

પરંતુ ખૂન ચૂસી લેનાર જળો(જોંક) જયારે ઈલાજ ખાતર ઈન્સાનના શરીર ઉપર બેસાડવામાં આવે; અને એ ખૂન ચૂસે તો તે ખૂન પાક નથી, કારણ કે જળોના શરીરનો ભાગ થઈ જતો નથી, બલ્કે સામાન્ય રીતે એ ઈન્સાનના જ ખૂન તરીકે ઓળખાય છે.

**મસઅલો ૨૧૧** : અગર કોઈ શખ્સ પોતાના શરીર ઉપર બેઠેલા મચ્છરને મારી નાખે, અને એ મચ્છરે જે ખૂન ચૂસ્યું હોય તે બહાર આવે, તો દેખીતી રીતે એ ખૂન પાક છે, કારણ કે મચ્છરના શરીરમાં તેના ખોરાક તરીકે પ્રવેશ કરી ચૂક્યું છે; અગરચે તેના ખૂન ચૂસવા અને તેને મારી નાખવા વચ્ચે સમયનું અંતર તદ્દન ઓછું હોય; પણ એહતીયાતે મુસ્તહબ એ છે કે એવા સંજોગોમાં એ ખૂનથી પરહેઝ કરવું.

**(૭) ઈસ્લામ :**

**મસઅલો ૨૧૨** : અગર કોઈ કાફિર કોઈ પણ ભાષામાં શહાદતૈન પડે, એટલે કે ખુદાની વહદાનિયત અને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની નબુવ્વતની સાક્ષી પૂરે, તો એ મુસલમાન થયો ગણાશે. એથી અગાઉ એ નજીસ હતો, પણ હવે મુસલમાન થયા બાદ તેનું શરીર, થૂંક, નાકની રૂતુબતો અને પરસેવો પાક ગણાશે.

પણ અગર મુસલમાન થતી વેળા તેના શરીર ઉપર નજીસુલ અયન હોય, તો તેને દૂર કરી પાણીથી પાક કરી લ્યે, બલ્કે અગર મુસલમાન થયા પહેલાં જો નજીસુલ અયન દૂર કરી ચૂક્યો હોય, તો પણ એહતીયાતે વાજિબ છે કે એ જગ્યાની પાણીથી તહારત કરે.

**મસઅલો ૨૧૩** : અગર કાફિર હતો ત્યાર કોઈ લિબાસ ભીનાશ સાથે તેના શરીરને લાગેલો હોય, અને મુસલમાન થતી વેળાએ લિબાસ તેના શરીર ઉપર હોય કે ન હોય, એહતીયાતે વાજિબ એ છે કે એ લિબાસથી પરહેઝ કરે.

**મસઅલો ૨૧૪** : અગર કોઈ કાફિર શહાદતૈન પડે, અને કોઈ શક કરે કે એ દિલથી મુસલમાન થયો છે કે નહિ, તો એને પાક ગણવું જોઈએ; બલ્કે અગર જાણતો હોય કે દિલથી મુસલમાન થયો નથી, પણ શહાદતૈન બાદ તેની વિરૂધ્ધમાં એ શખ્સથી કોઈ બાબત જો જાહેર ન થઈ હોય તો

એને પાક ગણવો.

### (૮) તબઈય્યત :

**મસઅલો ૨૧૫** : "તબઈય્યત" એટલે કોઈ નજીસ વસ્તુ પાક વસ્તુ સાથે એક જાતનો સંબંધ ધરાવતી હોવાથી પાક થાય.

**મસઅલો ૨૧૬** : અગર શરાબ સુરકો થઈ જાય તો એનું વાસણ, ઠામ પણ પાક થઈ જશે; અને જોશ ખાતી વેળા શરાબ એ પાત્રમાં જયાં સુધી પહોંચ્યો હશે, ત્યાં સુધીની જગ્યાઓ પાક થઈ જશે; અને સામાન્ય રીતે એ પાત્ર ઉપર જે કપડું વગેરે મૂકવામાં આવે છે, તે પણ અગર નજીસ થયેલું હોય તો પાક થઈ જશે.

પણ ઠામની બહારનો હિસ્સો અગર શરાબથી નજીસ થયેલો હોય, તો એહતીયાતે વાજિબ છે કે સુરકામાં ફેરવાઈ ગયા બાદ તે બહારના હિસ્સાથી પરહેઝ કરવામાં આવે.

**મસઅલો ૨૧૭** : કાફિરનું બાળક તબઈય્યતની રૂએ **બે રીતે** પાક થાય છે :

**(૧)** જયારે કાફિર મુસલમાન થાય ત્યારે તેનું બાળક તબઈય્યતને આધારે પાક થશે. એવી જ રીતે જો બાળકના દાદા કે મા અથવા દાદી મુસલમાન થાય તો બાળક પાક થશે, પણ તેમાં શરત એ છે કે એ બાળક એ નવા મુસલમાનની સાથે હોય અને તેના ઉછેરમાં હોય. ઉપરાંત કોઈ બીજો વધુ નઝદીકનો કાફિર એ બાળકની સાથે ન હોવો જોઈએ.

**(૨)** અગર કાફિરનું બાળક મુસલમાનોનું કેદી બને, અને તેની સાથે તેનો બાપ કે દાદા કે નાના ન હોય, તો એ પાક ગણાશે.

ઉપરોકત બંને સંજોગોમાં તબઈય્યતને આધારે પાક થવામાં વધુ શરત એ છે કે એ બાળક જો સમજણો હોય, તો પોતાના કુફ્રને જાહેર ન કરતો હોય.

**મસઅલો ૨૧૮** : જે તખ્તા ઉપર મય્યતને ગુસ્લ દેવામાં આવે છે, અને તેની શરમગાહને ઢાંક્વા માટે જે કપડું મૂકવામાં આવે છે, ઉપરાંત ગુસલ દેનારના હાથો અને બીજી અન્ય વસ્તુઓ કે જે ગુસલ દેતી વેળા મય્યત સાથે ધોવાતી રહે છે, એ સર્વે ગુસલે મય્યત પૂરૂં થતાની સાથે પાક થઈ જાય છે.

**મસઅલો ૨૧૯** : જયારે કોઈ શખ્સ હાથોથી કોઈ નજીસ વસ્તુને પાણીથી પાક કરતો હોય છે. ત્યારે એ નજીસ વસ્તુ પાક થતાંની સાથે હાથો પણ આપોઆપ પાક થઈ જશે.

**મસઅલો ૨૨૦** : અગર કોઈ શખ્સ કલીલ પાણીથી કપડું વગેરે પાક કરે, અને સાધારણ રીતે

નીચોવીને તેમાંથી પાણી છૂટું પાડી દે, તો બાકી રહેલું થોડુંક પાણી પાક ગણાશે.

**મસઅલો ૨૨૧** : નજીસ વાસણ કે ઠામ વગેરેને જયારે કલીલ પાણીથી પાક કરવામાં આવે, ત્યારે તેને પાક કરવા માટે રેડવામાં આવેલું પાણી બહાર ફેંક્યા બાદ જે થોડુ ઘણું પાણી તેમાં રહી જવા પામે એ પાક છે.

## (૯) અયને નજાસતનું દૂર થવું :

**મસઅલો ૨૨૨** : અગર કોઈ જાનવરનું શરીર અયને નજાસતથી અથવા કોઈ નજીસ ચીજથી નજીસ થયેલું હોય, અને એ દૂર થઈ જાય, તો શરીર પાક થઈ જશે. એવી જ રીતે ઈન્સાનના શરીરના આંતરિક ભાગો, જેમકે મોંઢાની અંદર કે નાક-કાનની અંદર અગર બહારથી નજાસતને કારણે નજીસ થઈ જાય, તો અગર ધીરે ધીરે નજાસત દૂર થઈ જાય તો એ ભાગો પાક થઈ જાય છે; અને એ આંતરિક ભાગોની નજાસત, જેમકે દાંતમાંથી લોહી પડતું હોય, શરીરના બાતિનને નજીસ નહિ કરે.

ઉપરાંત અગર બહારથી કોઈ વસ્તુ શરીરની અંદર આંતરિક નજાસતથી મળે, તો નજીસ નહિ થાય, દાખલા તરીકે મોઢામાં અમુક બનાવટી દાંત હોય, અને અસલી દાંતમાંથી લોહી ઝરતું હોય, તો જયાં સુધી એ દાંત મોઢાની અંદર છે, તેને પાણીથી પાક કરવાની જરૂરત નહિ રહે. અલબત્ત અગર નજીસ ખોરાક એ દાંતને મળે તો તેને પાક કરવો પડશે.

**મસઅલો ૨૨૩** : અગર દાંત વચ્ચે ખોરાક રહી જવા પામ્યો હોય, અને મોઢાંની અંદરના ભાગમાં લોહી ઝરતું હોય, તો એ દાંતમાં રહી ગયેલું અનાજ એ લોહી સાથે મળતાં નજીસ નહિ થાય.

**મસઅલો ૨૨૪** : હોંઠ અને આંખ બંધ થતાં જેટલો ભાગ ઢંકાઈ જાય છે, એટલા ભાગને શરીરનો આંતરિક ભાગ ગણવો જોઈએ; તો એ ભાગનો બહારની નજાસતથી જો મેળાપ થાયતો પાણીથી ધોઈને પાક કરવાની જરૂર નથી, પણ અગર ઈન્સાન એ નક્કી ન કરી શકે કે શરીરનો ફલાણો ભાગ બહારનો ગણાય કે આંતરિક, તો એવા સંજોગમાં બહારની નજાસત સાથે સંપર્ક થતા પાણીથી પાક કરવું વાજિબ છે.

**મસઅલો ૨૨૫** : અગર કપડાં કે ગાલીચા ઉપર નજીસ ધૂળ કે માટી ચોંટેલી હોય, તો ધૂળ-માટીને ખંખેરવા બાદ જો એ કપડાં કે ગાલીચાને કોઈ ભીની વસ્તુ લાગે, તો નજીસ નહિ થાય.

## (૧૦) નજાસત ખાનાર હયવાનનું ઈસ્તબરા :

**મસઅલો ૨૨૬** : જે જાનવરને ઈન્સાનની નજાસત ખાવાની ટેવ પડી ગઈ હોય, એ જાનવરનું પેશાબ-પાયખાનુ નજીસ છે; અને અગર તેને પાક કરવું હોય તો તેના માટે ઈસ્તબરા જરૂરી છે. એ

ઈસ્તબરાનો અર્થ એ છે કે અમુક નિશ્ચિત સમય સુધી એ જાનવરને નજાસત ખાવાથી રોકવામાં આવે અને તેની જગ્યાએ પાક ખોરાક ખવડાવવામાં આવે, જેથી એ મુદ્દતને અંતે એ જાનવરને નજીસ ખાનાર જાનવર ન કહેવામાં આવે.

એહતીયાતે મુસ્તહબ એ છે કે નજીસ ખાનાર ઊંટને ચાલીસ દિવસ, ગાયને વીસ દિવસ, ઘેટા-બકરાંને દસ દિવસ, બતક વગેરેને પાંચથી સાત દિવસ, ઘરમાં પાળેલી મુરઘીને ત્રણ દિવસ સુધી નજાસત ખાવાથી અટકાવવામાં આવે, અગરચે એ મુદ્દત પૂરી થયા પહેલા જ એ જાનવરને નજાસત ખાનાર તરીકે ઓળખવવાનું બંધ થઈ જાય.

## (૧૧) મુસલમાનનું ગાયબ થઈ જવું :

**મસઅલો ૨૨૭** : અગર કોઈ બાલિગ મુસલમાનનું અથવા નજીસ - પાકને પારખી શકે એવા નાબાલિગ પણ સમજદાર બાળકનું શરીર કે કપડું કે એના કબ્જામાં રહેતી અન્ય વસ્તુઓ, જેમકે ઠામ-વાસણ, ગાલીચા વગેરે નજીસ થાય; અને એ મુસલમાન લાપતા થઈ જાય, તો અગર એવી હોય કે એણે એ પાક કરી લીધું છે, તો એને પાક ગણવું જોઈએ; પણ એહતીયાતે મુસ્તહબ છે કે તેને નીચે જણાવેલી શરતો વિના પાક ન ગણે :

**(૧)** જે વસ્તુથી એ મુસલમાનનું શરીર યા કપડું નજીસ થયું હોય, તે વસ્તુને એ મુસલમાન નજીસ જાણતો હોય; દાખલા તરીકે એનાં કપડાં કોઈ કાફિરના શરીરની ભીનાશથી નજીસ થયા હોય, અને એ મુસલમાન તેને નજીસ ન ગણતો હોય, તો એના લાપતા થઈ જવા બાદ એ કપડાંને પાક નહિ સમજવા જોઈએ.

**(૨)** એ લાપતા થઈ ગયેલા મુસલમાનનું કપડું કે શરીર નજીસ થયું હતું એની તે (મુસલમાન)ને ખાત્રી હોવી જોઈએ.

**(૩)** એ બાબતની જાણ હોય કે લાપતા મુસલમાન એ વસ્તુને જે કામોમાં તહારતની શરત છે તેમાં વાપરતો હતો. જેમકે ખાત્રી હોય કે આ લાપતા મુસલમાન એ કપડાંથી નમાઝ પડતો હતો.

**(૪)** એ બાબતની જાણ હોય કે એ લાપતા મુસલમાનને મસઅલાની ખબર હતી કે ફલાણા અમલને અંજામ દેવા માટે તહારત શરત છે, અગર એ મસઅલાથી નાવાકિફ હોવાથી નજીસ કપડાંથી પણ નમાઝ પડી લેતો હતો, તો એવા સંજોગમાં એના કપડા પાક નહિ ગણાય.

**(૫)** એ લાપતા મુસલમાન વિષે ખાત્રી હોય કે તે નજાસત તેમજ તહારતનો ખ્યાલ રાખતો હતો, અગર એ નજાસત તથા તહારત બારામાં લાપરવા હતો, તો એની વસ્તુને પાક નહિ

ગણાય.

**મસઅલો ૨૨૮** : અગર કોઈને ખાત્રી અથવા ઈત્મિનાન થઈ જાય કે ફલાણી વસ્તુ જે નજીસ હતી એ પાક થઈ ગઈ છે, અથવા બે આદિલો તેના પાક હોવાની સાક્ષી એ રીતે આપે કે જેથી પાક થઈ જવાનું કારણ સમજાય, તો એ વસ્તુ પાક ગણાશે.

એવી જ રીતે અગર કોઈ શખ્સ પોતાના કબ્જામાં રહેલી નજીસ વસ્તુ માટે કહી દે કે તે પાક થઈ ગઈ છે, અને એ શખ્સ વિશ્વાસપાત્ર હોય, તો તેને પાક સમજવું; અને કોઈ મુસલમાન નજીસ વસ્તુને પાણીથી ધોઈ લ્યે, તો એણે સરખી રીતે ધોઈને પાક કરેલ છે કે નહિ, એ વિષે તપાસ કરવાની જરૂરત નથી, એને પાક સમજવું.

**મસઅલો ૨૨૯** : અગર એક શખ્સ કોઈ બીજાનાં કપડાં પાણીથી પાક કરવાની જવાબદારી લ્યે, અને એ કહે કે મેં પાક કરી લીધું છે, તો એની વાત ઉપર ભરોસો આવતાં એ કપડાં પાક ગણાશે.

**મસઅલો ૨૩૦** : અગર કોઈની હાલત એવી થઈ જાય કે ગમે તેટલી વાર પાણીથી ધોઈ લીધા બાદ પણ નજીસ વસ્તુ પાક થવા સંબંધે તેને ખાત્રી ન થતી હોય, તો સાધારણ રીતે લોકો જે રીતે પાણીથી વસ્તુને પાક કરે છે. તે મુજબ અમલ કરવો તેના માટે કાફી છે.

### (૧૨) ઝબીહાના ખૂનનું વહી જવું :

**મસઅલો ૨૩૧** : હયવાનને શરીઅત મુજબ ઝબ્હ કર્યા બાદ સામાન્ય રીતે જેટલું લોહી વહી જાય છે, તે બાદ તેના શરીરમાં રહી ગયેલું લોહી પાક છે. આ વિષેનો મસઅલા ૯૮માં ઉલ્લેખ થઈ ચૂક્યો છે.

**મસઅલો ૨૩૨** : ઉપરોકત હુકમ હલાલ ગોશ્તવાળા જાનવરને લાગું પડે છે. હરામ ગોશ્તવાળા જાનવરોને લાગું પડતો નથી. બલ્કે એહતીયાતે મુસ્તહબીની રૂએ હલાલ ગોશ્તવાળા હયવાનના એ ભાગો કે જેનું ખાવું હરામ છે, તેને પણ લાગુ પડશે નહિ.

### વાસણના એહકામ

**મસઅલો ૨૩૩** : જે પાત્ર કૂતરાની, સુવ્વરની કે મુરદાર ચામડીથી બનેલું હોય, તેમાં ખાવું-પીવું હરામ છે, અગર ભીનાશને કારણે નજીસ થઈ જતું હોય; અને એ પાત્રને વઝુ, ગુસલ કે એવા કાર્યો માટે ઉપયોગમાં ન લેવું જોઈએ જે કાર્યમાં તહારતની જરૂરત હોય; અને એહતીયાતે મુસ્તહબ એ છે કે કૂતરા,સુવ્વર કે મુરદારની ચામડીને ઠામ-વાસણ ઉપરાંત કોઈ પણ બીજી રીતે ઉપયોગમાં ન લેવામાં આવે.

**મસઅલો ૨૩૪** : સોના-ચાંદીના વાસણમાં ખાવુંપીવું હરામ છે, બલ્કે કોઈ પણ રીતે તેનો ઉપયોગ એહતીયાતે વાજિબની રૂએ જાઈઝ નથી, પણ શોભા કે ઝીનત માટે ઓરડામાં મૂક્વું અથવા તેના રક્ષણ માટે સંભાળ રાખવામાં વાંધો નથી, જો કે અહવત છે કે તેને પણ તર્ક કરે. એ જ હુકમ સોના-ચાંદીના પાત્રો ઘડવા કે ખરીદ અને વેચાણ માટે છે, એટલે જો શોભા માટે કે સુરક્ષિત રાખવા માટે હોય તો વાંધો નથી.

**મસઅલો ૨૩૫** : ઈસ્તકાન (જે નાનકડા પાત્રમાં ચાઈ કે કાવો પીવાય છે વગેરે)નું હોલ્ડર અગર સોનામાંથી કે ચાંદીમાંથી બનેલું હોય, અને એ હોલ્ડર પાત્ર તરીકે ગણાતું હોય, તો પછી સોના-ચાંદીના પાત્રનો હુકમ લાગુ પડશે; અને અગર એ પાત્ર તરીકે ન લેખાતું હોય તો તેનો ઉપયોગ વાંધાજનક નથી.

**મસઅલો ૨૩૬** : એવું વાસણ કે જેના ઉપર સોના કે ચાંદીનું માત્ર પાણી ચડાવવામાં આવ્યું હોય, તેના ઉપયોગમાં કોઈ વાંધો નથી.

**મસઅલો ૨૩૭** : અગર કોઈ ધાતુમાં સોનું કે ચાંદી મિશ્રણ કરીને તેનું પાત્ર ઘડવામાં આવે, અને તેમાં ધાતુનો ભાગ એટલો હોય કે એ વાસણને સોના કે ચાંદીના પાત્ર તરીકે ન લેખવામાં આવે, તો તેના વપરાશમાં કોઈ વાંધો નથી.

**મસઅલો ૨૩૮** : અગર કોઈ શખ્સ સોના કે ચાંદીના પાત્રમાંથી ખોરાક બીજા પાત્રમાં ઠાલવી લ્યે, તો અગર એ બીજું વાસણ સાથે સામાન્ય રીતે નિસ્બત ન ધરાવતું હોય, તો તેમાં વાંધો નથી.

**મસઅલો ૨૩૯** : હુકકાની નળીનો છેડો, જયાંથી કશ લેવાય છે તે, અને તલવાર કે ચાકુની મ્યાન, તેમજ કુરઆને મજીદ રાખવાનું ચોકઠું કે ખોખું અગર સોના કે ચાંદીનું બનેલું હોય, તો તેમાં વાંધો નથી, પણ એહતીયાતે મુસ્તહબ એ છે કે સોનાનાં કે ચાંદીના અત્તરદાન, સુરમાદાન કે અફીણદાન ઉપયોગમાં ન લેવામાં આવે.

**મસઅલો ૨૪૦** : અગર કોઈ મજબૂરીને કારણે સોના કે ચાંદીના વાસણમાંથી ખાવું કે પીવું પડે, તો જરૂરત પૂરતું જ ખાઈ કે પી શકાય છે. જરૂરતથી વધુ પ્રમાણમાં જાઈઝ નથી.

**મસઅલો ૨૪૧** : અગર કોઈ વાસણ માટે એ નક્કી ન કરી શકાતું હોય કે એ સોના કે ચાંદીથી બનેલું છે કે નહિ, તો તેના ઉપયોગમાં વાંધો નથી.

# વઝુનું બયાન

**મસઅલો ૨૪૨** : વઝુમાં વાજિબ છે કે ઈન્સાન પોતાના ચહેરા અને બંને હાથોને ધોવે; અને માથાના આગલા ભાગ અને પગ ઉપર મસહ કરે.

**મસઅલો ૨૪૩** : ચહેરાને લંબાઈમાં પેશાનીથી ઉપર જયાં વાળ ઊગે છે, ત્યાંથી હડપચીના છેલ્લા ભાગ સુધી ધોવું જોઈએ, અને પહોળાઈમાં હાથના અંગુઠા અને વચલી આંગળી વચ્ચે જેટલો વિસ્તાર આવે તેને ધોવું જોઈએ. આટલેથી સ્હેજ પણ જો ઓછું ધોવામાં આવે, તો વઝુ બાતિલ ગણાશે; અને જો ઈન્સાનને ખાત્રી ન હોય કે એટલો વિસ્તાર સંપૂર્ણ રીતે ધોવામાં આવ્યો છે કે નહિ, તો ખાત્રી કરવા માટે આજુ બાજુનો થોડોક ભાગ વધુ ધોઈ લ્યે.

**મસઅલો ૨૪૪** : અગર કોઈ શખ્સનો ચહેરો કે હાથ અસાધારણ રીતે નાનો કે મોટો હોય, તો સામાન્ય રીતે લોકો જેટલા વિસ્તાર સુધી પોતાના ચહેરાને વઝુ કરતી વેળા ધુએ છે, એ પ્રમાણે જોઈને વર્તે. એવી જ રીતે અગર તેની પેશાનીની ઉપર કે માથાના આગલા હિસ્સામાં વાળ ન હોય, તો સામાન્ય હદ સુધી પોતાની પેશાની ધોઈ લ્યે.

**મસઅલો ૨૪૫** : અગર કોઈ ને એવું ગુમાન હોય કે તેના ભવાંમાં કે આંખો યા હોઠના ખૂણે કોઈ વસ્તુ કે મેલ છે, જેને કારણે ત્યાં સુધી પાણી ન પહોંચવાનો સંભવ છે, તો અગર એ ગુમાન સામાન્ય હોય તો સરખી રીતે તપાસ કરીને વઝુથી પહેલા એ વસ્તુ કે મેલને દૂર કરે.

**મસઅલો ૨૪૬** : અગર ચહેરાની ચામડી બાલ નીચેથી દેખાતી હોય, તો પછી ચામડી સુધી પાણી પહોંચાડવું જોઈએ, પણ જો ચામડી બાલ નીચે દેખાતી ન હોય, તો બાલનું ધોવું કાફી છે, તેની નીચે ચામડી સુધી પાણી પહોંચાડવું જરૂરી નથી.

**મસઅલો ૨૪૭** : અગર કોઈને શક હોય કે બળની નીચેની ચામડી દેખાય છે કે નહિ તો એવા સંજોગોમાં એહતીયાતે વાજિબની રૂએ બાલને ધુવે અને ચામડી સુધી પાણી પહોંચાડે.

**મસઅલો ૨૪૮** : નાકના અંદરના ભાગને કે આંખ, હોઠ બંધ થતા જે ભાગ ઢંકાઈ જાય તેને વઝુમાં ધોવું વાજિબ નથી, પણ અગર કોઈ શખ્સને ખાત્રી ન હોય કે જે-જે જગ્યાએ પાણી પહોંચવું જરૂરી છે તે જગ્યાએ પાણી પહોંચ્યું છે કે નહિ, તો વાજિબ છે કે ખાત્રી થાય તે માટે એ ભાગો પણ થોડાક પ્રમાણમાં ધોઈ લ્યે.

અગર કોઈ શખ્સ આ બાબત જાણતો ન હોય, ને તેને ખબર ન હોય કે જેટલી વાર એણે વઝુ કર્યું છે, તેમાં જયાં પાણી પહોંચાડવું જરૂરી છે ત્યાં પાણી પહોંચાડી શક્યો હતો કે કેમ, તો પડી લીધેલી

નમાઝો સહીહ ગણાશે; અને એના પછી જો કોઈ નમાઝ પડવાની હોય તો તે માટે ફરી વઝુ કરવાની જરૂરત નથી.

**મસઅલો ૨૪૯** : એહતીયાતે વાજિબ એ છે કે ચહેરો તેમજ હાથ ધોતી વેળા પાણી ઉપરથી નીચે તરફ વહેવડાવવામાં આવે; અગર કોઈ નીચેથી ઉપર તરફ પાણી વહેવડાવીને ધૂવે, તો વઝુ બાતિલ છે.

**મસઅલો ૨૫૦** : અગર કોઈ શખ્સ પોતાના હાથને પાણીમાં ભીંજવીને ચહેરા કે હાથો ઉપર ફેરવે, અને અગર એ હાથની ભીનાશ એટલી હોય કે ચહેરા અને હાથોના બધા ભાગો સુધી પહોંચે તો એ કાફી છે; તેના ઉપર પાણીનું વહેવડાવવું વાજિબ નથી.

**મસઅલો ૨૫૧** : ચહેરાને ધોઈ લીધા બાદ પ્રથમ જમણા હાથને અને તે પછી ડાબા હાથને કોણીથી માંડીને આંગળીઓના ટેરવાં સુધી ધોવું જોઈએ.

**મસઅલો ૨૫૨** : અગર કોઈ શખ્સને ખાત્રી ન હોય કે કોણીને સંપૂર્ણ રીતે ધોઈ શક્યો છે કે નહિ, તો ખાત્રી કરવા માટે જરૂરી છે કે કોણીની ઉપરનો અમુક ભાગ પણ ધોઈ લ્યે.

**મસઅલો ૨૫૩** : અગર કોઈ શખ્સે ચહેરો ધોયા પહેલાં પોતાના હાથો કાંડા સુધી ધોઈ લીધા હોય, તો પણ વઝુ કરતી વેળા કોણીથી આંગળીઓના ટેરવા સુધી ધોવું જરૂરી છે. અગર ફકત કાંડા સુધી ધોશે તો વઝુ બાતિલ ગણાશે.

**મસઅલો ૨૫૪** : વઝુ કરતી વેળા ચહેરા અને હાથોને એક વાર ધોવું વાજિબ, બે વાર ધોવું મુસ્તહબ, અને ત્રણ વાર કે વધુ વાર ધોવું હરામ છે.

પહેલી વાર ધોવું એટલે કે વઝુની નિય્યતથી ચહેરા કે હાથો ઉપર એટલું પાણી રેડે કે દરેક જગ્યાએ પહોંચે; અને વધુ એહતેયાત કરવાની આવશ્યકતા ન રહે.

તો અગર કોઈ શખ્સ ફકત ધોવાની નિય્યતને દસ વાર ચહેરા ઉપર પાણી રેડે અને સર્વત્ર પહોંચાડે, તો તેમાં વાંધો નથી. જયાં સુધી ધોવા સાથે વઝુની નિય્યત ન હોય ત્યાં સુધી પહેલી વાર ધોવું પૂરૂં થયું નહિ ગણાય.

એવું પણ કરી શકે કે ધોવાને ઈરાદે કઈક વાર પાણી રેડે, અને છેલ્લે વઝુ માટે ધોવાની નિય્યત કરે, પણ એ બીજી વાર ધોવામાં નિય્યત મોઅતબર હોવામાં ઈશ્કાલ છે.

અને એહતીયાતે લાઝિમની રૂએ ચહેરા કે હાથોને બીજી વાર ધોવા માટે એક વારથી વધુ ન ધોવામાં આવે, અગરચે એ વઝુની નિય્યતથી ન હોય.

**મસઅલો ૨૫૫** : બંને હાથ ધોઈ લીધા બાદ માથાના આગલા હિસ્સાને, એ જ ભીનાશથી કે જે વઝુને કારણે હાથમાં રહી હોય, મસહ કરવો જોઈએ; અને એતિયાતે મુસ્તહબ એ છે કે જમાણા હાથની હથેળીથી મસહ કરવામાં આવે, અને મસહ ઉપરથી નીચેના ભાગ તરફ કરવામાં આવે.

**મસઅલો ૨૫૬** : માથાના ચાર ભાગમાંથી જે આગલો ભાગ પેશાની તરફ છે, તે મસહની જગ્યા ગણાય. એ ભાગમાં કોઈ પણ જગ્યાએ ગમે તેટલા વિસ્તારમાં મસહ કરે તો કાફી છે, અગરચે એહતીયાતે મુસ્તહબ છે કે લંબાઈમાં એક આગળીની લંબાઈ અને પહોળાઈમાં ત્રણ સાથે મૂકેલી આંગળીઓ જેટલી પહોળાઈમાં મસહ કરે.

**મસઅલો ૨૫૭** : મસહ માટે જરૂરી નથી કે માથાની ચામડી કે ટાલ ઉપર થાય, બલ્કે માથાના આગલા ભાગના વાળ ઉપર પણ સહીહ ગણાશે, પણ અગર માથાના વાળ બેહદ લાંબા હોય, એટલે સુધી કે ઓળતી વેળા એ ચહેરા સુધી પહોંચી જતાં હોય, અથવા માથાના બીજા ભાગોને આવરી લેતા હોય, તો પછી વાળના મૂળ ઉપર મસહ કરવું જોઈએ, અથવા વાળને જુદા પાડી ચામડી ઉપર મસહ કરે.

અગર કોઈએ લાંબા વાળને એક જગ્યાએ માથાના આગલા હિસ્સામાં ભેગા કરે, અથવા બીજા હિસ્સાના વાળને આગળ લઈ આવે, અને તેના ઉપર મસહ કરે તો એ મસહ બાતિલ છે.

**મસઅલો ૨૫૮** : માથાના મસહ બાદ વઝુની એ જ ભીનાશ કે જે હાથોમાં રહી ગઈ હોય, તેનાથી પગના આગલા હિસ્સામાં પગની કોઈ પણ એક આંગળીથી લઈ સાંધા સુધી મસહ કરવું જોઈએ; અને એહતીયાતે મુસ્તહબ એ છે કે જમણા પગનો મસહ જમણા હાથે અને ડાબા પગનો મસહ ડાબા હાથે કરવામાં આવે.

**મસઅલો ૨૫૯** : પગના મસહમાં પહોળાઈનો ગમે તેટલો વિસ્તાર હોય, કાફી છે; પણ બેહતર એ છે કે ત્રણ આંગળીઓ સાથે મુક્વામાં આવે તેટલો વિસ્તાર રાખે, બલ્કે પગના આખાય આગલા હિસ્સાને પૂરી હથેળીથી મસહ કરે.

**મસઅલો ૨૬૦** : એહતેયાત એ છે કે મસહ કરતી વેળા હાથને પગની આંગળીઓનાં ટેરવા ઉપર રાખી સાંધા સુધી ફેરવે, અથવા હાથને સાંધા ઉપર મૂકીને આંગળીઓના ટેરવા સુધી લઈ જાય. આખીય હથેળીને પણ ઉપર મૂકીને થોડીક હરક્ત કરવી કાફી ગણાય.

**મસઅલો ૨૬૧** : માથા કે પગના મસહમાં હાથનું ફેરવવું જરૂરી છે; અગર કોઈ હાથ સ્થિર રાખે અને તેને બદલે પગ કે માથાને હરક્ત દે તો મસહ બાતિલ છે. અલબત્ત, હાથ ફેરવતી વેળા

અગર પગ કે માથામાં નહિવત હરકત થાય તો વાંધો નથી.

**મસઅલો ૨૬૨** : મસહની જગ્યા સૂકી હોવી જોઈએ; અગર એ સૂકી ન હોય અને તેની ભીનાશ એટલી હદ સુધી હોય કે હથેળીની ભીનાશ તેના ઉપર અસર ન કરે, તો મસહ બાતિલ છે. અલબત્ત, અગર તેમાં થોડીક જ ભીનાશ હોય કે જે હાથની ભીનાશમાં ભળી જાય તો વાંધો નથી.

**મસઅલો ૨૬૩** : અગર હાથોમાં મસહ માટે પાણી બાકી ન રહ્યું હોય, તો નવું પાણી લઈને મસહ નહિ કરી શકાય. બલ્કે દાઢીમાં જે ભીનાશ રહી હોય તે લઈને મસહ કરવો જોઈએ. દાઢી સિવાય બીજે ક્યાંયથી ભીનાશ લઈને મસહ કરવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૬૪** : અગર હથેળીમાં રહેલી ભીનાશ એટલી જ હોય કે એથી ફકત માથાનું મસહ શક્ય હોય, તો એહતીયાતે વાજિબની રૂએ માથાનો મસહ એ ભીનાશથી કરે; અને પગના મસહ માટે પોતાની દાઢીની રૂતુબત લ્યે.

**મસઅલો ૨૬૫** : મોજા કે બૂટ ઉપર મસહ બાતિલ છે, પણ જો સખત ઠંડીને કારણે અથવા ચોર કે ફાડી ખાનાર જાનવર વગેરેનો ભય હોય કે જેને કારણે બૂટ કે મોજા ઊતારી ન શકતો હોય, તો એહતીયાતે વાજિબની રૂએ બૂટ કે મોજા ઉપર મસહ કર્યા બાદ તયમ્મુમ પણ કરે, અલબત્ત, અગર તકય્યાને કારણે તેમ કરવું પડે તો બૂટ કે મોજા ઉપર મસહ કાફી ગણાશે.

**મસઅલો ૨૬૬** : અગર પગનો આગલો ભાગ નજીસ હોય, અને તેને મસહ માટે પાક કરવાની શક્યતા ન હોય, તો એવા સંજોગમાં તયમ્મુમ કરવું જોઈએ.

## ઈરતેમાસી વઝુ :

**મસઅલો ૨૬૭** : ઈરતેમાસી વઝુ એટલે કે ઈન્સાન પોતાના ચહેરાને તેમજ હાથોને વઝુની નિય્યતથી પાણીમાં ડુબાડે. દેખીતી રીતે ઈરતેમાસી વઝુનું પાણી હાથમાં હોય તેનાથી મસહ કરવામાં ઈશ્કાલ નથી, જો કે એહતીયાતની વિરૂધ્ધ છે.

**મસઅલો ૨૬૮** : ઈરતેમાસી વઝુમાં પણ શરત એ છે કે ચહેરાને તેમજ હાથોને ઉપરથી નીચે તરફ લઈ જવામાં આવે, તો અગર ચહેરાને અને હાથોને પાણીમાં ડુબાડતી વેળા વઝુની નિય્યત કરે, તો ચહેરાને પેશાની તરફથી અને હાથોને કોણી તરફથી પાણીમાં મૂકે.

**મસઅલો ૨૬૯** : અગર વઝુના અમુક ભાગોને ઈરતેમાસી રીતે ધુવે, અને બાકીના ભાગોને ઈરતેમાસી સિવાયની રીતે ધુવે તો કોઈ વાંધો નથી.

## દુઆઓ કે જે વઝુ કરતી વેળા પઢવી મુસ્તહબ છે :

**<u>મસઅલો ૨૭૦</u>** : વઝુ કરનાર જયારે પાણીને જુએ ત્યારે મુસ્હબ છે કે આ દુઆ પઢે :

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે વલ હમદો લિલ્લાહિલ લઝી જઅલલ માઅ તહુરન વ લમ યજઅલ્હો નજેસન.**

અને જયારે વઝુ પહેલા પોતાના હાથોને ધોવે ત્યારે પઢે :

**બિસ્મિલ્લાહે વ બિલ્લાહે અલ્લાહુમ મજઅલની મેનત તવ્વાબીન વજઅલની મેનલ મોતતહ્હેરીન.**

અને જયારે કોગળા કરે ત્યારે પઢે :

**અલ્લાહુમ્મ લક્કેની હુજજતી યવ્મ અલ્કાક વ અત્લિક લેસાની બે ઝીક્રેક.**

અને જ્યરે નાકમાં પાણી ખેંચે ત્યરે પઢે :

**અલ્લાહુમ્મ લા તોહર્રિમ અલય્ય રીહલ જન્નતે વજઅલની મિમ મન યશમ્મો રીહહા વ રવહહા વ તીબહા**

અને ચહેરાને ધોતી વેળા પઢે :

**અલ્લાહુમ્મ બયયિઝ વજહી યવ્મ તસ્વદ્દુલ વોજુહો વ લા તોસવ્વિદ વજહી યવ્મ તબયઝઝુલ વોજુહો.**

અને જમણા હાથને ધોતી વેળા પઢે :

**અલ્લાહુમ્મ અઅતેની કેતાબી બે યમીની વલ ખુલદ ફિલ જેનાને બે યસારી વ હાસિબની હેસાબન યસીરા.**

અને ડાબા હાથને ધોતી વેળા પઢે :

**અલ્લાહુમ્મ લા તુઅતેની કેતાબી બે શેમાલી વ લા મિન વરાએ ઝહરી વ લા તજઅલહા મગ્લૂલતન એલા ઓનોકી વ અઊઝો બેક મિન મોકત્તઆતિન નીરાને.**

અને માથાનો મસહ કરતી વેળા પઢે :

**અલ્લાહુમ્મ ગશ્શેની રહમતક વ બરકાતેક.**

અને પગનો મસહ કરતી વેળા પઢે :

**અલ્લાહુમ્મ સબબિતની અલસ સેરાતે યવ્મ તઝિલ્લો ફી હિલ અકદામો વજઅલ સઅયી ફી મા યુરઝીક અન્ની યા ઝલ જલાલે વલ ઇકરામ.**

## વઝુ સહીહ થવાની શરતો

વઝુનું સહીહ હોવું અમુક શરતો ઉપર અવલંબિત છે :

**(૧)** વઝુનું પાણી પાક હોવું જોઈએ. બલ્કે એ પાણીમાં એવી વસ્તુ ન હોય કે જેથી ઈન્સાનને નફરત થાય, જેમકે હલાલ ગોશ્તવાળા જાનવરનું પેશાબ, પાક મુડદું, જખ્મ વગેરેનો ગંદવાડ; અગરચે શરીઅતની રૂએ વસ્તુઓ પાક ગણાય છે; અને આ બાબત એહતેયાત મુજબ યોગ્ય છે.

**(૨)** વઝુનું પાણી મુત્લક હોવું જોઈએ, (મુઝાફ ન હોય).

**મસઅલો ૨૭૧** : નજીસ પાણી અને મુઝાફ પણીથી વઝુ કરવું વઝુને બાતિલ કરે છે, અગરચે ઈન્સાનને તેનું નજીસ હોવું કે મુઝાફ હોવું માલૂમ ન હોય, અથવા એ બારામાં ભૂલી ગયો હોય. અને અગર એ વઝુથી નમાઝ પડી ચૂક્યો હોય, તો એ નમાઝને ફરીથી સહીહ વઝુ સાથે પડવી વાજિબ છે.

**મસઅલો ૨૭૨** : અગર માટીથી ડહોળાઈને પાણી મુઝાફ થયું હોય, અને એ સિવાય વઝુ માટે બીજું પાણી ન હોય, તો નમાઝના વખતની તંગીના સંજોગમાં તયમ્મુમ કરવું જોઈએ; અને અગર નમાઝનો વખત હોય તો એટલી સબર કરે કે એ પાણી સાફ થઈ જાય, અથવા એવા સાધનનો ઉપયોગ કરે કે જેથી એ પાણીને સાફ કરીને એથી વઝુ કરે.

**(૩)** પાણી મુબાહ હોવું જોઈએ, એટલે કે ગસ્બી ન હોય.

**મસઅલો ૨૭૩** : ગસ્બી પાણીથી અથવા જે પાણી વિષે ખબર ન હોય કે તેનો ધણી તેના વપરાશ માટે રાજી છે કે નહિ,તેનાથી વઝુ બાતિલ અને હરામ છે. ઉપરાંત અગર ચહેરાને અને હાથોને ધોવાથી તેનું પાણી ગસ્બી જગ્યા ઉપર ઢોળાતું હોય, અથવા જે જગ્યાએ વઝુ કરતો હોય એ જગ્યા ગસ્બી હોય, અને એ સિવાય વઝુ કરવા માટે જગ્યા ન હોય,તો તયમ્મુમ કરવું જોઈએ.

અને અગર એ જગ્યા સિવાય બીજી જગ્યા વઝુ કરવા માટે મોજૂદ હોય, તો જરૂરી છે કે બીજી જગ્યા ઉપર આવીને વઝુ કરે; પણ જો એ જ ગસ્બી જગ્યાએ વઝુ કરે તો ગુનાહ છે, પણ વઝુ સહીહ ગણાશે.

**મસઅલો ૨૭૪** : અગર કોઈ શખ્સ કોઈ મદ્રેસાના હોઝમાં વઝુ કરે અને એને ખબર ન હોય કે એ હોઝ આમ જનતા માટે વકફ હતો કે ફકત મદ્રેસાના વિદ્યાર્થીઓ પૂરતો જ વકફ હતો. તો એવા સંજોગમાં અગર એ જૂએ કે આમ લોકો તેમાં કોઈ અટકાયત વિના વઝુ કરી લ્યે છે, તો વાંધો નથી.

**<u>મસઅલો ૨૭૫</u>** : અગર કોઈ શખ્સ જે મસ્જિદના હોઝમાં વઝુ કરવા માંગતો હોય, તે મસ્જિદમાં નમાઝ પડવાનો ઈરાદો ન રાખતો હોય, અને તેને ખબર ન હોય કે એ હોઝ આમ જનતા માટે વકફ છે કે માત્ર એ મસ્જિદમાં નમાઝ પડનારાઓ માટે વકફ છે, તો એવા સંજોગમાં એ હોઝમાં વઝુ નહિ કરી શકે, પણ અગર સામાન્ય રીતે એજ મસ્જિદમાં નમાઝ ન પડનારાઓ કોઈ પણ રોકટોક વિના એ હોઝમાં વઝુ કરી લેતા હોય તો એ પણ વઝુ કરી શકશે.

**<u>મસઅલો ૨૭૬</u>** : જે હોઝ મુસાફરખાનાઓ કે પથિકાશ્રમો (જાહેર માર્ગો ઉપર આવતાં આરામ માટેના સ્થળો) વગેરેમાં હોય, તો તેમાં મુકામ ન કરનારાઓ જો વઝુ કરે, તો એ જ સંજોગમાં સહીહ ગણાશે કે સામાન્ય રીતે આમ લોકો પણ તેમાં વઝુ કરતાં હોય અને કોઈ તેમને મના ન કરે.

**<u>મસઅલો ૨૭૭</u>** : એવી નહેરો કે લોકો તેમાંથી સામાન્ય રીતે પાણી વાપરતા હોય; અને કોઈને ખબર ન હોય કે એ નહેરનો માલિક રાજી છે કે નહિ, તો પણ તેમાં વઝુ કરી શકાય છે; પણ અગર તેના માલિકે તેમાં વઝુ કરવાની મના કરી હોય, અથવા ઈન્સાનને ખબર હોય કે માલિકની રજામંદી નથી, અથવા એ કે એ નહેરનો માલિક કોઈ બાળક અથવા દીવાનો હોય, તો એહતીયાતે મુસ્તહબીની રૂએ તેમાં વઝુ ન કરવું જોઈએ.

**<u>મસઅલો ૨૭૮</u>** : અગર કોઈ શખ્સ ભૂલી જાય કે પાણી ગસ્બી છે, અને એથી વઝુ કરી લ્યે, તો એ વઝુ સહીહ છે, પણ અગર કોઈ શખ્સે પોતે પાણી ગસબ કર્યુ હોય, અને પછી તેનું ગસ્બી હોવું ભૂલી જાય અને વઝુ કરે, તો એ વઝુ સહીહ હોવું ઈશ્કાલ ધરાવે છે.

**(૪)** વઝુ માટેનું પાત્ર (ઠામ-વાસણ) પણ મુબાહ હોવું જોઈએ.

**(૫)** વઝુ માટેનું પાત્ર એહતીયાતે વાજિબની રૂએ સોના-ચાંદીનું બનેલું ન હોવું જોઈએ.

ઉપરોકત બંને શરતોનો સવિસ્તાર ઉલ્લેખ હવે પછી આવશે.

**<u>મસઅલો ૨૭૯</u>** : અગર વઝુ માટે પાણી ગસ્બી અથવા સોના-ચાંદીના પાત્રમાં હોય, અને એ પાણી સિવાય બીજું પાણી મોજૂદ ન હોય, તો અગર શરીઅતની હદમાં રહી એ પાણીને બીજા કોઈ પાત્રમાં ઠાલવી શકાતું હોય, તો તેમ કરવું વાજિબ છે, અને તેનાથી વઝુ કરે, અને અગર એમ કરવું શક્ય ન હોય, તો પછી તયમ્મુમ કરે; અને અગર બીજું પાણી મોજૂદ હોય, તો પછી વાજિબ છે કે એ બીજા પાણીનો વઝુ માટે ઉપયોગ કરે.

ઉપરોકત બંને સંજોગોમાં અગર કોઈ શખ્સ ગસ્બી કે સોના-ચાંદીના પાત્રમાં જ વઝુ કરે તો ગુનેહગાર ગણાશે, પણ વઝુ સહીહ ગણાશે.

**મસઅલો ૨૮૦** : અગર કોઈ એવો હોઝ હોય કે જેનો એક પત્થર કે એક ઈંટ ગસ્બી હોય, તો તેમાંથી વઝુ માટે પાણી વાપરતી વેળા અગર એવું લેખાય કે એ ગસ્બી ભાગ-પત્થર કે ઈંટથી નાજાઈઝ ફાયદો લેવાઈ રહ્યો નથી, તો વઝુ કરવામાં વાંધો નથી; પણ અગર એવું જણાય કે એનો નાજાઈઝ ફાયદો લેવાઈ રહ્યો છે, તો તેમાંથી પાણી લેવું હરામ છે, પણ વઝુ સહીહ ગણાશે.

**મસઅલો ૨૮૧** : અગર કોઈ ઈમામ કે ઈમામઝાદાઓના હરમનું સહેન એવી જમીન ઉપર બંધાયેલું હોય કે જે ભૂતકાળમાં કબ્રસ્તાન હતું, અને હવે એ સહેનમાં હોઝ કે નહેર હોય, તો અગર કોઈ શખ્સને જાણ ન હોય કે સહેનની એ જમીન કબ્રસ્તાન તરીકે વકફ હતી. તો એ હોઝ કે નહેરમાં વઝુ કરવામાં કોઈ વાંધો નથી.

**(૬)** વઝુના અવયવો ધોતી વેળા અને મસહ કરતી વેળા પાક હોવા જોઈએ.

**મસઅલો ૨૮૨** : અગર વઝુ પૂરું થયા પહેલાં જે જગ્યા વઝુને માટે ધોઈ ચૂક્ય હોય, અથવા મસહ કરી ચૂક્યો હોય,એ નજીસ થાય તો વઝુ સહીહ રહેશે.

**મસઅલો ૨૮૩** : વઝુના અવયવો સિવાય શરીરનો કોઈ બીજો ભાગ નજીસ હોય, તો વઝુ સહીહ લેખાશે; પણ અગર પેશાબ કે પાયખાનાની જગ્યાની તહારત ન કરી હોય, તો પછી એહતીયાતે મુસ્તહબ છે કે પ્રથમ એ જગ્યાની તહારત કરે અને ત્યારબાદ વઝુ કરે.

**મસઅલો ૨૮૪** : અગર વઝુના અવયવોમાંનો કોઈ એક ભાગ નજીસ હોય, અને ઈન્સાન વઝુ કરી લીધા બાદ શક કરે કે એ ભાગને વઝુથી પહેલા પાક કર્યો હતો કે નહિ, તો વઝુ સહીહ ગણાશે; પણ જે ભાગ નજીસ હતો તેને પાણીથી ધોઈ લેવો જોઈએ.

**મસઅલો ૨૮૫** : અગર ચહેરા કે હાથો ઉપર કાપ કે જખ્મ હોય, જેનું લોહી બંધ ન થતું હોય, અને પાણીનો ઉપયોગ તેના માટે નુકસાનકારક ન હોય, તો જે અવયવ ઉપર કાપ કે જખમ હોય તેના તંદુરસ્ત ભાગને તરતીબી મુજબ ધોઈ લીધા બાદ એ જખમ કે કાપને કુર કે જારી પાણીમાં મૂકી એવી રીતે દબાવે કે લોહી બંધ થઈ જાય, અને પછી પાણીમાં જ ઉપરથી નીચેના હિસ્સા તરફ આંગળી ફેરવે કે જેથી એ જગ્યા ઉપર પાણી પહોંચે, તો તેમ કરવાથી વઝુ સહીહ ગણાશે.

**(૭)** વઝુ અને નમાઝ માટે પૂરતો સમય હોવો જોઈએ.

**મસઅલો ૨૮૬** : જયારે નમાઝનો સમય તંગ હોય કે, અગર વઝુ કરે તો પૂરી નમાઝ યા તેનો અમુક ભાગ કઝા થઇ જાય, તો એવા સંજોગોમાં તયમ્મુમ કરવું જોઈએ; પણ અગર જેટલો સમય તયમ્મુમ માટે લાગવાનો હોય, તેટલો જ સમય વઝુ માટે લાગે તો પછી વાજિબ છે કે વઝુ કરે.

**મસઅલો ૨૮૭** : જે માણસ ઉપર નમાઝના સમયની તંગીને હિસાબે તયમ્મુમ વાજિબ હોય, તે અગર કુરબતનની નિય્યતથી અથવા કોઈ સુન્નત કાર્યને અંજામ આપવા, જેમકે કુરઆને મજીદની તિલાવત માટે વઝુ કરે, તો સહીહ ગણાશે. એવી જ રીતે એ જ નમાઝ માટે વઝુ કરે તો સહીહ ગણાશે, સિવાય એ કે તેમાં કુરબતનની નિય્યત ન થઇ શકે તેમ હોય.

**(૮)** વઝુમાં કુરબતનની નિય્યત જરૂરી છે, એટલે કે ખુદાના હુકમ મુજબ અમલ કરવાનો ઈરાદો હોવો જોઈએ. કોઈ બીજા ઈરાદાથી કે ઠંડક મુળવવા માટે વઝુ કરે તો એ બાતિલ ગણાશે.

**મસઅલો ૨૮૮** : વઝુની નિય્યત માટે જરૂરી નથી કે તેનો ઉચ્ચાર કરે અથવા તેને મનમાં ધારે; બલ્કે અગર વઝુનાં સર્વ કાર્યોને ખુદાના હુકમ પ્રમાણે બજાવી લાવવામાં આવે, તો એટલું જ કાફી છે.

**(૯)** વઝુ માટે જરૂરી છે કે જે તરતીબ અને ક્રમ શરીઅતમાં નિયુકત છે, તે મુજબ અમલ થાય. એટલે કે પ્રથમ ચહેરાને, તે બાદ જમણો હાથ, પછી ડાબો હાથ ધોવે. ત્યાર બાદ માથાનો મસહ કરીને પછી પગનો મસહ કરે. એહતીયાતે મુસ્તહબ એ છે કે બંને પગના મસહ એકી સાથે ન કરે, બલ્કે ડાબા પગનો મસહ જમણા પગના મસહ બાદ બજાવી લાવે.

**(૧૦)** વઝુના સર્વ કાર્યો વિના વિલંબે બજાવી લાવે.

**મસઅલો ૨૮૯** : અગર વઝુના કાર્યો વચ્ચે અસાધારણ ઢીલ કરે, કે જેથી એમ ન કહી શકાય કે એક પછી એક વઝુના અહેકામ બજાવી લાવ્યો છે, તો વઝુ બાતિલ ગણાશે; પણ અગર કોઈ ઉજર ઉપસ્થિત હોય, જેમકે ઈન્સાન ભૂલી જવાને કારણે યા પાણી ખલાસ થઈ જવાને કારણે એક પછી એક વઝુના ભાગોને ધોઈ ન શક્યો હોય, તો પછી ઉપરોકત શરત લાગુ નહિ પડે, બલ્કે તેના માટે હુકમ એ છે કે અગર જે ભાગ હવે ધોઈ રહ્યો છે, અથવા મસહ કરી રહ્યો છે. તેની પહેલાના તમામ ભાગોમાં વઝુની ભીનાશ બાકી ન હોય તો વઝુ બાતિલ ગણાશે; અને અગર તમામ ભાગો સૂકાઈ ન ગયા હોય, પણ જે ભાગ ધોઈ રહ્યો છે કે તે ઉપર મસહ કરી રહ્યો છે, તેની અગાઉનો ભાગ જ સૂકાયો હોય. તો વઝુ સહીહ છે, દાખલા તરીકે અગર ડાબો હાથ ધોઈ રયો હોય અને માત્ર જમણા હાથની જ ભીનાશ સુકાઈ જવા પામી હોય; અને ચહેરા ઉપર રૂતુબત બાકી હોય, તો વઝુ સહીહ છે.

**મસઅલો ૨૯૦** : અગર કોઈ શખ્સ વઝુના કાર્યો એક પછી એક ઢીલ વિના અંજામ આપી રહ્યો હોય, પરંતુ હવામાનની કે શરીરની વધુ પડતી ગરમીને કારણે આગલા ભાગોની ભીનાશ સૂકાઈ જતી હોય તો વઝુ સહીહ છે.

**<u>મસઅલો ૨૯૧</u>** : વઝુ કરતી વખતે ચાલવામાં કોઈ વાંધો નથી. અગર કોઈ શખ્સ ચહેરો અને હાથોને ધોવા બાદ થોડાક પગલાં ચાલીને પછી માથાનો અને પગોનો મસહ બજાવી લાવે, તે વઝુ સહીહ ગણાશે.

**(૧૧)** વઝુના કાર્યોને ઈન્સાન પોતે અંજામ આપે. અગર બીજો કોઈ એેને વઝુ કરાવે અથવા ચહેરા ઉપર કે હાથો ઉપર પાણી પહોંચાડવા કે મસહ કરવા માટે મદદ કરે, તો વઝુ બાતિલ ગણાશે.

**<u>મસઅલો ૨૯૨</u>** : જે માણસ પોતે વઝુ કરવા અશક્ત હોય, તો એ બીજાની મદદ મેળવી શકે છે; અને બંને સાથે મળીને પણ ચહેરો, હાથ વગેરે ધોઈ શકે છે અને મસહ કરી શકે છે. અગર તે માટે મદદ કરનાર મહેનતતાણું માંગે, તો અગર એ સમર્થ હોય અને એને વધારે પડતી નુકસાની જતી ન હોય, તો મહેનતતાણું દેવું જોઈએ, પણ નિય્યત વઝુ કરનારે પોતે કરવી જોઈએ અને પોતાના હાથ વડે મસહ બજાવી લાવવા જોઈએ.

પણ જો ઈન્સાન પોતે વઝુનું કોઈ પણ કાર્ય મદદ કરનારની સાથે રહી અંજામ ન આપી શકતો હોય,તો પછી એ મદદ કરનાર વડે વઝુ કરાવે. આવા સંજોગમાં એહતીયાતે વાજિબ છે કે બંને જણ વઝુની નિય્યત કરે. શક્ય ન હોય તો મસહ વેળા એનો જે મદદ કરનાર નાયબ હોય, એ એના હાથ પકડીને મસહ કરાવશે; અને અગર એ શક્ય ન હોય તો નાયબ એના હાથમાંથી ભીનાશ લઈને એ જ ભીનાશથી એના માથા-પગના મસહ કરશે.

**<u>મસઅલો ૨૯૩</u>** : વઝુના કાર્યો પોતે એકલો અંજામ આપી શકતો હોય, તેમાં બીજાની મદદ ન લેવી જોઈએ.

**(૧૨)** વઝુ માટે પાણીનો ઉપયોગ તેના માટે નુકસાનકારક ન હોય.

**<u>મસઅલો ૨૯૪</u>** : અગર કોઈને ભય હોય કે વઝુ કરશે તો બીમાર થઈ જશે, યા પીવા માટે પાણી બાકી નહિ રહે, તો એવા સંજોગમાં વઝુ કરવું તેની ફરજ નથી; અને જો કોઈ શખ્સ જાણતો ન હોય કે પાણી તેના માટે નુકસાનકર્તા છે કે નહિ, અને વાસ્તવમાં ખરેખર પાણી તેના માટે નુકસાનકારક સાબિત થાય તો તેનું વઝુ બાતિલ છે.

**<u>મસઅલો ૨૯૫</u>** : અગર સહીહ વઝુ કરવા માટે ઓછામાં ઓછુંપાણી વાપરવાથી નુકસાનનો ભય ન હોય, અને વધુ પાણી ઉપયોગમાં લેવાથી નુકસાનનો સંભવ હોય, તો પછી ઓછા પ્રમાણમાં પાણી વાપરીને વઝુ કરે.

**(૧૩)** વઝુના ભાગો સુધી પાણી પહોંચવા માટે કોઈ અવરોધ કે રૂકાવટ હોય.

**<u>મસઅલો ૨૯૬</u>** : અગર વઝુના અવયવોને કોઈ એવી ચીજ ચોંટેલી હોય કે જેને પરિણામે શક થાય કે પાણીને પહોંચતા તે અટકાવશે કે કેમ, તો એ વસ્તુ દૂર કરી લેવી જોઈએ અથવા એની નીચેથી પાણી પહોચાડવું જોઈએ.

**<u>મસઅલો ૨૯૭</u>** : અગર નખ નીચે મેલ જામેલો હોય, તો વઝુને બાતિલ નહિ કરે, પણ નખ કાપ્યા બાદ અગર ચોંટેલો મેલ પાણીને ચામડી સુધી પહોંચતાં રોકે, તો એ મેલને દૂર કરવો જરૂરી છે, એવી જ રીતે અગર નખ અસાધારણ પ્રમાણમાં લાંબા હોય તો સામાન્ય લંબાઈથી વધારે ભાગના મેલને દૂર કરવો જોઈએ.

**<u>મસઅલો ૨૯૮</u>** : અગર ચહેરો, હાથ, માથાના આગલા હિસ્સામાં કે પગોમાં બળી જવાથી યા બીજા કારણે સોજો થઈ આવ્યો હોય, તો એ સોજા ઉપર ધોઈ લેવું કે મસહ કરવું કાફી છે; પણ અગર છિદ્ર પડી ગયું હોય, તો એની નીચે પાણી પહોંચાડવું વાજિબ નથી. બલ્કે એક ભાગમાં ચામડી ઉખડી ગઈ હોય, તો જે ભાગમાં ચામડી ઉખડી ન ગઈ હોય, તેની નીચે પણ પાણી પહોંચાડવું જરૂરી નથી. પણ ઉખડી ગયેલી ચામડી કોઈક વાર ચોંટેલી રહે છે અને કોઈક વાર છૂટી પડે છે, એટલે એને કાપીને તેની નીચે પાણી પહોંચાડવું.

**<u>મસઅલો ૨૯૯</u>** :અગર કોઈ શખ્સ શક કરે કે વઝુના ભાગો ઉપર કોઈ વસ્તુ ચોંટેલી છે કે નહિ, તો અગર એ શક વાજબી હોય, જેમકે માટી, ગારાથી કામ કર્યા બાદ શક થાય કે ગારો હજી હાથોમાં ચોંટેલો છે કે નહિ, તો પૂરી તપાસ કરે અથવા એટલી વાર ઘસીને ધુવે કે જેથી ઈત્મિનાન હાસિલ થાય કે તે દૂર થઈ ગયું છે. અથવા પાણી તેની નીચે પહોંચી શક્યું છે.

**<u>મસઅલો 300</u>** :અગર વઝુના ધોવાના કે મસહના ભાગો ઉપર ગંદવાડ કે મેલ હોય, પણ એ મેલ પાણી પહોંચવા માટે રૂકાવટરૂપ ન હોય તો વાંધો નથી. એવી જ રીતે અગર કોઈ ઈમારત ધોળવા માટે ચુનો વગેરે વાપરે, અને એ સફેદી ચામડી સુધી પાણી પહોંચવામાં અટકાયતરૂપ ન થાય તો વાંધો નથી; પણ અગર શક જાય કે કદાચ તે પાણીને ચામડી સુધી પહોંચાડવામાં અટકાયતરૂપ થશે, તો તેને દૂર કરવો જરૂરી છે.

**<u>મસઅલો 30૧</u>** : અગર કોઈ શખ્સને પહેલેથી જાણ હોય કે વઝુના અમુક ભાગો ઉપર એવી વસ્તુ છે કે જે પાણીને પહોંચતાં અટકાવશે, અને વઝુ કરી લીધા બાદ તેને શક જાય કે વઝુ કરતી વેળા એ જગ્યાએ પાણી પહોંચ્યું હશે કે કેમ, તો તે વઝુ સહીહ ગણાશે.

**<u>મસઅલો 30૨</u>** : અગર વઝુના અમુક ભાગોમાં એવી અટકાયતરૂપ વસ્તુ મોજૂદ હોય કે કોઈ

વેળા આપોઆપ તેની નીચે પાણી પહોંચી જતું હોય, અને કોઈ વેળા ન પહોંચી શકતું હોય; અને ઈન્સાનને વઝુ કર્યા બાદ શક જાય કે પાણી પહોંચ્યું હશે કે નહિ, તો એવા સંજોગોમાં અગર વઝુ કરતી વેળા તેનું ધ્યાન પાણી પહોંચાડવા તરફ ન રહ્યું હોય, તો એહતીયાતે મુસ્તહબની રૂએ ફરીથી વઝુ કરશે.

**મસઅલો ૩૦૩** : અગર કોઈ શખ્સ વઝુ કર્યા બાદ જુએ કે વઝુના કોઈ ભાગ ઉપર એવી વસ્તુ છે કે જે પાણીને પહોંચતા અટકાયતરૂપ છે, અને તેને ખબર ન હોય કે વઝુ કરતી વેળા એ વસ્તુ હતી કે તે બાદ ઉપસ્થિત થઈ છે, તો એનું વઝુ સહીહ છે; પણ અગર તેને જાણ હોય કે વઝુ કરતી વેળા એવી વસ્તુ માટે કોઈ ચીવટ રાખી ન હતી તો એહતીયાતે મુસ્તહબની રૂએ વઝુ ફરીથી કરશે.

**મસઅલો ૩૦૪** : અગર વઝુ કરી લીધા બાદ કોઈને શક જાય કે વઝુ કરતી વેળા પાણીને પહોંચતા અટકાવી શકે એવી કોઈ વસ્તુ વઝુના ભાગો ઉપર હતી કે નહિ, તો વઝુ સહીહ છે.

## વઝુના એહકામ :

મસઅલો ૩૦૫ : અગર કોઈ શખ્સને વઝુના કાર્યો અને તેની શરતો, જેમકે પાણીનું પાક હોવું,ગસ્બી ન હોવું, એ બારામાં વધુ શંકા થતી હોય, તો એ શંકાઓને ધ્યાનમાં ન લેવી જોઈએ.

**મસઅલો ૩૦૬** : અગર કોઈ શક કરે કે એનું વઝુ બાતિલ થયું છે કે નહિ, તો એણે એમજ માની લેવું જોઈએ કે વઝુ હજી બાકી છે. અલબત્ત, અગર એણે પેશાબ કર્યા બાદ ઈસ્તીબ્રા ન કર્યો હોય, અને વઝુ કર્યા પછી અમુક રૂતુબત જણાતાં એને શંકા જાય કે એ રૂતુબત પેશાબ છે કે નહિ, તો એવા સંજોગમાં એનું વઝુ બાતિલ છે.

**મસઅલો ૩૦૭** : અગર કોઈ એવો શક કરે કે એણે વઝુ કર્યું છે કે નહિ, તો એને વઝુ કરી લેવું જોઈએ.

**મસઅલો ૩૦૮** : અગર કોઈને ખાત્રી હોય કે વઝુ તો એણે કરી લીધું છે, અને વઝુને તોડનાર, જેમકે પેશાબ વગેરે કાર્ય પણ એણે અંજામ આપ્યું છે, પણ એ વાતે શંકા જાય છે કે કઈ બાબત પહેલી અંજામ આપી છે, તો અગર એ શંકા નમાઝ પડવાની પહેલાં ઉપસ્થિત થાય તો વઝુ કરશે; અને અગર નમાઝ દરમ્યાન શક ઉપસ્થિત થાય તો નમાઝને તોડીને વઝુ કરશે,પણ જો નમાઝ પૂરી કર્યા બાદ શક જાય, તો જે નમાઝ પડી ચૂક્યો એ સહીહ ગણાશે, પણ પછીની નમાઝો પડવી હોય, તે માટે જરૂરી છે કે વઝુ કરે.

**મસઅલો ૩૦૯** : અગર કોઈ શખ્સને વઝુ કરી લીધા બાદ અથવા વઝુ કરતી વેળા ખાત્રી

થાય કે વઝુનો અમુક ભાગ સરખો ધોવાયો નથી, અથવા તેનો મસહ થયો નથી, તો અગર એ ભાગથી પહેલાંના ભાગો ઉપર, લાંબી મુદ્દત પસાર થઈ હોવાથી પાણી સુકાઈ ગયું હોય, તો એ શખ્સે ફરીથી વઝુ કરવું પડશે.

પણ અગર આગલા ભાગો ઉપર હજી પાણી સૂકાયું ન હોય, અથવા હવામાનની ગરમી વગેરેને કારણે સૂકાયું હોય, તો જે જગ્યાએ સરખું ધોવાયું ન હોય કે મસહ થયો ન હોય, તે સરખી રીતે ધોઈ કે મસહ કરી લ્યે; અને ત્યાર બાદ એ ભાગ પછીના ભાગોને પણ ફરી ધુવે કે મસહ કરે.

અગર વઝુ દરમ્યાન કોઈ ભાગને ધોવા કે મસહ કરવા બારામાં શક જાય, તો પણ આજ કાયદાનુસાર અમલ કરશે.

**<u>મસઅલો ૩૧૦</u>** : અગર કોઈ શખ્સ નમાઝ પડી લીધા બાદ શક કરે કે એણે વઝુ કર્યું હતુ કે નહિ, તો એની નમાઝ સહીહ છે; પણ તે પછી જે નમાઝો પડવાની હોય તે માટે વઝુ કરી લેવું જરૂરી છે.

**<u>મસઅલો ૩૧૧</u>** : અગર નમાઝ દરમ્યાન શક ઉપસ્થિત થાય કે વઝુ કર્યું છે કે નહિ, તો નમાઝ બાતિલ છે; અને વઝુ કરીને નમાઝ પડશે.

**<u>મસઅલો ૩૧૨</u>** : અગર કોઈને નમાઝ બાદ જાણ થાય કે વઝુ બાતિલ થઈ ગયું છે, પણ એ વાતે શક હોય કે વઝુ નમાઝથી પહેલા બાતિલ થયુ હતું કે નમાઝ પડી લીધા બાદ, તો જે નમાઝ એ પડી ચૂક્યો એ સહીહ ગણાશે.

**<u>મસઅલો ૩૧૩</u>** : અગર ઈન્સાનને એવી બીમારી હોય કે એણે ચાલુ પેશાબનાં ટીપાં પડતાં હોય, અથવા એ પાયખાનાને રોકી ન શકતો હોય, તો અગર એને યકીન હોય કે નમાઝનો સમય દાખલ થાય ત્યારથી કઝાના ટાઈમ સુધી અમુક એવો વખત મળી શકશે કે જે દરમ્યાન ટીપાં વગેરે બંધ થશે અને એ વઝુ અને નમાઝ પડી શકશે, તો તેના માટે જરૂરી છે કે એવી મોહલતના સમયે જ નમાઝ પડે.

હવે જો એ મોહલતનો સમય એટલો ટૂંકો હોય કે ફકત નમાઝના વાજિબ અમલને જ અંજામ આપી શકે, તો તેના માટે જરૂરી છે કે મોહલતની પળોમાં માત્ર નમાઝના વાજિબ ભાગોને અદા કરે, અને મુસ્તહબ કાર્યો, જેમકે અઝાન, ઈકામહ અને કુનૂતને તરક કરે.

**<u>મસઅલો ૩૧૪</u>** : એવા બીમાર શખ્સને અગર ફકત એટલી જ મોહલત મળે કે વઝુ પૂરી રીતે કરી શકે અને નમાઝનો અમુક ભાગ પડી શકે, અને ત્યાર પછી નમાઝ દરમ્યાન એક યા અનેક વાર પેશાબના ટીપાં કે પાયખાનું ખારીજ થતું રહે, એવા શખ્સ માટે એહતીયાતે વાજિબ છે કે એ જ

મોહલતના સમયે વઝુ કરીને નમાઝ શરૂ કરે. પછી નમાઝ દરમ્યાન જે નજાસત ખારીજ થાય તે માટે નવેસરથી વઝુ કરવાની જરૂરત નથી. જો કે એહતીયાતે મુસ્તહબ છે કે એ શખ્સ બાજુમાં પાણીનું કોઈ વાસણ મૂકે, જેથી જયારે પણ પેશાબ અથવા પાયખાનું ખારીજ થાય, ત્યારે ફરી વઝુ કરી લ્યે.

પણ એહતીયાતે મુસ્તહબ ત્યારે જ લાગુ પડશે કે જયારે પેશાબ પાયખાનાને કારણે નવેસરથી વઝુ કરવાને લીધે મવાલાતમાં ફેર ન પડે; અગર મવાલાતમાં ફેર પડતો હોય, તો આ એહીતેયાતને કોઈ સ્થાન નથી.

**મસઅલો ૩૧૫** : અગર બીમારી એ હદે પહોંચે કે પેશાબના ટીપાં ચાલુ પડતાં રહે અથવા ચાલુ પાયખાનું ખારીજ થતું હોય, અને વચ્ચે કોઈ પણ મોહલત ન મળતી હોય કે એ વઝુ અથવા નમાઝના અમુક ભાગો એવા સમયે બજાવી લાવે કે જયારે એ નજાસતો બંધ હોય, તો એવા સંજોગમાં દરેક નમાઝ માટે એક જ વઝુ કાફી છે, બલ્કે દેખીતી રીતે એક જ વઝુ કંઈક નમાઝો માટે કાફી ગણાશે; સિવાય એ કે કોઈ બીજી એવી વસ્તુ બજાવી લાવે કે જે વઝુને તોડે છે.

પણ બેહતર છે કે દરેક નમાઝ માટે વઝુ અલગ કરે. અલબત્ત, કઝા સિજદા કે તશહહુદ ત્થા નમાઝો એહતેયાત માટે બીજું વઝુ જરૂરી નથી.

**મસઅલો ૩૧૬** : જે માણસને ઉપરોકત બીમારી હોય તેના માટે વાજિબ નથી કે વઝુ કર્યા બાદ તરત જ નમાઝ પડવા માંડે. અલબત્ત, બેહતર છે કે ઢીલ ન કરે.

**મસઅલો ૩૧૭** : જે માણસને ઉપરોકત બીમારી હોય, તે વઝુ કરી લીધા બાદ કુરઆને મજીદના અક્ષરોને અડે તો જાઈઝ છે, અગરચે નમાઝની હાલતમાં ન હોય.

**મસઅલો ૩૧૮** : જે શખ્સને ચાલું પેશાબના ટીપાં પડતાં હોય, તેણે નમાઝ માટે એક એવી થેલી બાંધવી જોઈએ કે જેમાં રૂ વગેરે હોય, જેથી પેશાબને અન્ય સ્થળે પહોંચતા અટકાવી શકાય; અને એહતીયાતે વાજિબ છે કે દરેક નમાઝ પહેલાં પેશાબની નજીસ જગ્યાને પાણીથી ધોઈ પાક કરે.

એવી જ રીતે જે શખ્સ પાયખાનું અટકાવી શકતો ન હોય, તેણે શક્ય તેટલા પ્રયાસે નમાઝ દરમ્યાન પાયખાનાને અન્ય ભાગો સુધી પહોંચતાં અટકાવવું જોઈએ; અને અગર વધારે પડતી મહેનત ન હોય, તો એહતીયાતે વાજિબ છે કે દરેક નમાઝ શરૂ કર્યા પહેલાં પાયખાનાની જગ્યાને પાણીથી ધોઈ પાક કરે.

**મસઅલો ૩૧૯** : જે શખ્સને ઉપરોકત રીતે પેશાબ, પાખાનાને રોકવાની તકલીફ હોય તો બેહતર છે કે બનતા પ્રયાસે રોકે; અને તે માટે અગર કાંઈ ખર્ચ કરવાની જરૂરત જણાય યા આસાનીથી

તેનો ઈલાજ થઈ શકતો હોય, તો બેહતર છે કે તે પ્રમાણે અમલ કરે.

**<u>મસઅલો ૩૨૦</u>** : જે શખ્સ પેશાબ પાયખાનાને રોકવા અશક્ત હોય, તે જયારે સાજો થાય અને એ તકલીફથી મુક્તિ પામે, ત્યારે એના ઉપર વાજિબ નથી કે બીમારી દરમ્યાન શરીઅતની દોરવણી મુજબ પડેલી નમાઝોની કઝા આપે; પણ અગર કોઈ નમાઝના સમય દરમ્યાન શીફા પામે, તો એહતીયાતે લાઝિમ છે કે એ સમયમાં પડી લીધેલી નમાઝને ફરીથી પડે.

**<u>મસઅલો ૩૨૧</u>** : જે શખ્સને એવી બીમારી હોય કે તેને ચાલુ નમાઝે હવા નીકળતી હોય અને તે એને રોકી ન શકતો હોય, તો જે મુજબ પેશાબ, પાયખાનાને ન રોકી શકનાર માટે મસઅલો બયાન થયો છે, એ જ મુજબ વર્તે.

## જે સંજોગોમાં વઝુ કરવું જરૂરી છે :

**<u>મસઅલો ૩૨૨</u>** : **છ બાબતો** માટે વઝુ કરવું વાજિબ છે :

**(૧)** નમાઝે મય્યત સિવાય દરેક વાજિબ નમાઝ માટે વઝુ વાજિબ છે; અને મુસ્તહબ નમાઝો માટે વઝુ નમાઝ સહીહ હોવાની શરત છે.

**(૨)** નમાઝમાં ભુલાઈ ગયેલા સિજદા કે તશહહુદની કઝા દેવા માટે વઝુ વાજિબ થશે, અગર નમાઝ બાદ વઝુ તોડનાર કોઈ અમલ અંજામ આપ્યો હોય, પણ સિજદએ સહવ માટે વઝુ વાજિબ નથી.

**(૩)** ખાનએ કાઅબાનો વાજિબ તવાફ કે જે હજ અને ઉમરાનો ભાગ છે, તે માટે વઝુ વાજિબ છે.

**(૪)** અગર કોઈ શખ્સ નઝર કે અહદ કરે, અથવા કસમ ખાય કે વઝુ કરશે, તો એ વઝુ તેના માટે વાજિબ થશે.

**(૫)** અગર કોઈએ એવી નઝર કરી હોય, કે દાખલા તરીકે કુરઆને મજીદને ચુમશે.

**(૬)** જે કુરઆને મજીદ નજીસ થયું હોય તેને ધોવા માટે, અથવા સંડાસમાં પડી ગયું હોય તેને ત્યાંથી બહાર લઈ આવવા માટે, વઝુ એવા સંજોગોમાં વાજિબ થશે કે હાથ વડે યા શરીરના કોઈ પણ ભાગ વડે તેને અડવું અનિવાર્ય હોય.

પણ અગર વધુ પડતી ઢીલ થવાથી કુરઆનની બેહુરમતી થતી હોય, તો કુરઆનને સંડાસ અથવા એવી કોઈ બીજી નજાસતથી વઝુ કર્યા વગર બહાર કાઢી શકાશે, અથવા પાક કરવાની જરૂર હોય તો ધોઈ શકાશે.

**મસઅલો ૩૨૩** : કુરઆનના અક્ષરોને હાથો વડે કે શરીરના કોઈ પણ ભાગ વડે વઝુ કર્યા વગર અડવું હરામ છે, પણ અગર કુરઆને મજીદનો તરજુમો હોય તો તેના અક્ષરોને અડવું હરામ નથી.

**મસઅલો ૩૨૪** : નાનાં બાળકોને કે દીવાનાને કુરઆને મજીદના અક્ષરોને અડવાથી રોકવું વાજિબ નથી, પણ અગર એમ કરતાં કુરઆનની બેહુરમતી થઈ રહી હોય તો રોકવું જરૂરી છે.

**મસઅલો ૩૨૫** : ખુદાવંદે કરીમના નામો કે ખાસ સિફાતો, ગમે તે ભાષામાં લખેલાં હોય, તેને એહતીયાતે વાજિબની રૂએ વઝુ વગર અડવું હરામ છે; અને બેહતર એ છે કે પયગમ્બર અથવા ઈમામોનાં મુબારક નામો તેમજ હઝરત ફાતેમા ઝેહરા સલામુલ્લાહે અલય્હાના નામને પણ વઝુ વગર ન અડે.

**મસઅલો ૩૨૬** : અગર કોઈ શખ્સ નમાઝના વખત પહેલાં માત્ર તહારતની સાથે હોવાની નિય્યતથી વઝુ અથવા ગુસ્લ કરે તો એ સહીહ ગણાશે; અને નમાઝના સમયની પહેલા પણ હોય ત્યારે તૈયારીની નિય્યતથી વઝુ કરે તો પણ વાંધો નથી.

**મસઅલો ૩૨૭** : અગર કોઈને ખાત્રી હોય કે નમાઝનો સમય થઈ ચૂક્યો છે, અને વાજિબ વઝુની નિય્યત કરે, પછી વઝુ કરી લીધા બાદ એને ખબર પડે કે નમાઝનો સમય દાખલ થયો નથી, તો એનું વઝુ સહીહ છે.

**મસઅલો ૩૨૮** : નીચે મુજબના કાર્યો માટે વઝુ મુસ્તહબ છે :

**(૧)** નમાઝે મય્યત માટે.

**(૨)** કબ્રસ્તાનમાં મોઅમીનોની કબ્રોની ઝીયારત માટે.

**(૩)** મસ્જિદમાં દાખલ થવા માટે.

**(૪)** ઈમામો (અલય્હેમુસ્સલામ)ના હરમમાં દાખલ થવા માટે.

**(૫)** કુરઆને મજીદ પાસે રાખવા તેમજ તેની તિલાવત અને તેના લખવા માટે.

**(૬)** કુરઆને મજીદના હાસિયાને અડવા માટે.

**(૭)** સૂવા પહેલાં.

**(૮)** એવી જ રીતે જે શખ્સ વઝુ કરી ચૂક્યો હોય તેને ફરી વાર દરેક નમાઝ માટેનવેસરથી વઝુ કરવું મુસ્તહબ છે. રજાઅની નિય્યતથી આ કાર્યો માટે વઝુ કરવું જોઈએ.

ઉપરોકત કોઈ પણ કાર્ય માટે વઝુ કર્યુ હોય, એ વઝુ દરેક એવા કામો માટે પણ કાફી ગણાશે,

જેને અંજામ દેવા માટે વઝુ જરૂરી હોય, જેમકે અગર ચાહે તો એ જ વઝુથી નમાઝ પડી શકશે.

## જે વસ્તુથી વઝુ તુટી જાય છે :

**મસઅલો ૩૨૯** : **સાત બાબતો**થી વઝુ બાતિલ થાય છે :

**(૧)** પેશાબ કરવાથી,

**(૨)** પાયખાનું કરવાથી,

**(૩)** હવા છુટવાથી,

**(૪)** એવી ઊંઘ કે જેથી કાનથી ન સંભળાય અને આંખથી કંઈ ન સૂજે; અગર આંખે ન સૂજે, પણ કાને સંભળાતું હોય તો વઝુ બાતિલ નહિ થાય,

**(૫)** જે કાર્યથી ઈન્સાન ભાન કે હોશ ભૂલાવે, જેમકે દીવાનગી, નશો અને બેહોશી,

**(૬)** ઓરતો જયારે ઇસ્તેહાઝાની હાલતમાં હોય, (એના વિગતવાર મસાઈલ હવે પછી આવશે);

**(૭)** જનાબતથી; બલ્કે એહતીયાતે મુસ્તહબની રૂએ દરેક એવા કામથી કે જેના માટે ગુસ્લ જરૂરી છે.

## જબીરાના એહકામ :

જખમ કે હાડકાંની તૂટ માટે જે પાટાપીંડી ઉપયોગમાં લેવાય છે, તેમજ જે દવાઓ જખમ વગેરે ઉપર મૂકવામાં આવે છે તે "જબીરા" કહેવાય છે.

**મસઅલો 330** : અગર વઝુના કોઈ ભાગ ઉપર જખમ, ગૂમડું કે હાડકાંની તૂટ હોય; અને તેને પાટા વગેરેથી બાંધવામાં આવ્યો ન હોય, તેમજ પાણીથી કોઈ નુકસાન થવાનો સંભવ ન હોય, તો પછી સામાન્ય રીતે વઝુ કરવું જોઈએ.

**મસઅલો 33૧** : અગર ચહેરા કે હાથો ઉપર જખમ, ગૂમડું કે હાડકાંની તૂટ પાટા વગર ખુલ્લું હોય, અને તેના ઉપર પાણી રેડવું નુકસાનકારક હોય, તો વઝુ માટે એ જગ્યાની ચારે તરફ, ઉપરથી નીચે પાણી રેડવું જોઈએ; અને અગર એ જખમ વગેરેની જગ્યાએ ભીનો હાથ ફેરવવાથી નુકસાનનો ભય ન હોય તેના ઉપર ભીનો હાથ ફેરવે; અને ત્યાર બાદ તેના ઉપર પાક કપડું મૂકી તેના ઉપર ફરી ભીનો હાથ ફેરવે, પણ અગર હાડકાંની તૂટ હોય તો તે બાદ તયમ્મુમ કરવું વાજિબ છે.

**મસઅલો 33૨** : અગર જખમ, ગૂમડું કે તૂટ માથાના આગલા હિસ્સામાં અથવા પગના સામેના ભાગમાં હોય, અને તેના ઉપર પાટો વગેરે ન હોય, પણ તેના ઉપર મસહ ન કરી શકાતો

હોય,જેમકે, જખમ વગેરે આખાય હિસ્સામાં ફેલાયેલું હોય, અથવા જયાં જખમની અસર ન હોય ત્યાં મસહ કરવો અશક્ય હોય, તો એવા સંજોગમાં તયમ્મુમ કરવું વાજિબ છે; અને એહતીયાતે મુસ્તહબની રૂએ વઝુ પણ કરે, અને જખમ વગેરેની જગ્યાએ પાક કપડું મૂકી તેના ઉપર હાથમાં રહી ગયેલી ભીનાશથી મસહ કરે.

**મસઅલો 333** : અગર જખમ, ગૂમડું કે હાડકાંની તૂટ ઉપર પાટો બાંધેલો હોય, પણ તેને તકલીફ વગર ખોલી શકાતો હોય, અને પાણીના ઉપયોગથી નુકસાન થવાનો સંભવ ન હોય, તો તે પાટો ખોલીને વઝુ કરવું જરૂરી છે, ચાહે એ જખમ વગેરે ચહેરા અને હાથો ઉપર હોય, ચાહે માથાના કે પગના સામેના ભાગમાં હોય.

**મસઅલો 334** : અગર જખમ, ગૂમડું કે હાડકાની તૂટ ઉપર પાટો બાંધેલો હોય, અને પાટાના ખોલવામાં તેમજ ઉપર પાણી રેડવામાં નુકસાનની બીક હોય, તો તેની ચારે તરફ જયાં જયાં શક્ય હોય ત્યાં ધોવું જોઈએ; અને જબીરા ઉપર હાથ ફેરવી લ્યે.

**મસઅલો 335** : અગર જખમને ખોલી શકાતું ન હોય, પણ એ જખમ અથવા તેના ઉપર મૂકવામાં આવેલી દવા કે પાટો વગેરે પાક હોય, અને કોઈ પણ નુકસાન વગર પાણી જખમ સુધી પહોંચાડી શકાતું હોય, તો જખમ ઉપર વઝુની રીતમાં જણાવ્યા મુજબ ઉપરથી નીચે પાણી રેડવું જોઈએ.

પણ જો એ જખમ અને તેના ઉપર મૂકવામાં આવેલો પાટો વગેરે નજીસ હોય, તો અગર પાણીથી ધોઈને પાક કરવાની શક્યતા હોય, તો તને પાક કરે; અને વઝુ કરતી વેળા એ જખમ સુધી પાણી પહોંચાડે.

અને જો જખમ સુધી પાણી, નુકસાનકર્તા ન હોવા છતાં, પહોંચાડી શકાતું ન હોય, અથવા નજીસ જખમને પાક ન કરી શકાતું હોય, તો તયમ્મુમ કરવું જરૂરી છે.

**મસઅલો 336** : અગર વઝુના કોઈ પણ એક ભાગને જબીરા પૂરી રીતે ઘેરી વળે, તો દેખીતી રીતે જબીરાના હુકમ મુજબ વઝુ કાફી છે; પણ અગર વઝુના તમામ ભાગોને જબીરાએ પૂરી રીતે ઘેરી લીધો હોય, તો અહવત એ છે કે તયમ્મુમ કરે; અને જબીરા મુજબ વઝુ પણ બજાવી લાવે.

**મસઅલો 337** : જબીરા માટે વાજિબ નથી કે તે એવી વસ્તુથી બનેલું હોય કે જેનો વપરાશ નમાઝમાં જાઈઝ છે, બલ્કે અગર રેશમનું બનેલું હોય, અથવા હરામ ગોશ્ત જાનવરના કોઈ ભાગથી બનેલું હોય, તો પણ તેના ઉપર હાથ ફેરવવો જાઈઝ ગણાશે.

**મસઅલો ૩૩૮** : અગર કોઈ શખ્સની હથેળી કે આંગળીમાં જબીરા હોય, અને વઝુ કરતી વેળા તેના ઉપર હાથ ફેરવી ચૂક્યો હોય, તો એની ભીનાશથી માથાનો કે પગનો મસહ કરી શકશે.

**મસઅલો ૩૩૯** : અગર પગના સામેના ભાગને જબીરાએ પહોળાઈમાં ઘેરી લીધો હોય. પણ આંગળીઓના કિનારા અને પગના ઉપલા હિસ્સામાં થોડીક જગ્યા જબીરા વિના ખુલ્લી હોય, તો મસહ કરતી વેળા એ ખુલ્લી જગ્યા ઉપર તેમજ જબીરા ઉપર મસહ માટે હાથ ફેરવે.

**મસઅલો ૩૪૦** : અગર ચહેરા કે હાથો ઉપર ઠેકઠેકાણે જબીરા હોય, તો એ જબીરાની વચ્ચે ખુલ્લી જગ્યાઓને પાણીથી ધોવે; અને અગર માથા કે પગના આગલા હિસ્સામાં ઠેરઠેર જબીરા હોય, તો તેની વચ્ચે ખુલ્લી જગ્યાઓ ઉપર મસહ કરે; અને જયાં જયાં જબીરા હોય, ત્યાં જબીરાના દર્શાવેલા હુકમ મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૩૪૧** : અગર જબીરાએ જખમની ચારે કોર અસાધારણ રીતે જગ્યા ઘેરી લીધી હોય; અને એને તકલીફ વિના દૂર ન કરી શકાતું હોય, તો એવા સંજોગમાં તયમ્મુમ કરવું જોઈએ; પણ અગર એ જબીરા તયમ્મુમના જ ભાગો ઉપર હોય, તો પછી વાજિબ છે કે તયમ્મુમ સાથે વઝુ પણ કરે.

ઉપરોકત બંને સંજોગમાં અગર જબીરાને દૂર કરવામાં વધુ પડતી ઝહેમત ન હોય, તો તેને દૂર કરવું જોઈએ. હવે અગર જખમ ચહેરા કે હાથો ઉપર હોય તો તેની ચોતરફના ભાગોને ધુએ; અને જો માથા કે પગના આગલા હિસ્સામાં હોય, તો જખમની ચોતરફના હિસ્સા ઉપર મસહ કરે; અને જખમની જગ્યા માટે જબીરાના દર્શાવેલા હુકમ પ્રમાણે અમલ કરે.

**મસઅલો ૩૪૨** : અગર વઝુના ભાગો ઉપર કોઈ જખમ, ગૂમડું કે હાડકાંની તૂટ ન હોય, પરંતુ કોઈ બીજા કારણસર પાણીથી નુકસાન થવાનો સંભવ હોય, તો તયમ્મુમ કરવું જોઈએ.

**મસઅલો ૩૪૩** : અગર વઝુના કોઈ ભાગમાં લોહીની નસ કે શિરા ખોલવામાં આવી હોય, અને તેને પાણીથી ધોવાની શક્યતા ન હોય, તો તયમ્મુમ કરવું જોઈએ; પણ અગર પાણીના ઉપયોગથી તેને નુકસાન થવાનો ભય ન હોય,તો પછી તેના માટે પણ જબીરા માટે જણાવેલા હુકમ મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૩૪૪** : અગર વઝુ કે ગુસલના ભાગો ઉપર કોઈ એવી વસ્તુ ચોંટેલી હોય કે તેને ત્યાંથી ઉપાડી લેવી શક્ય ન હોય, અથવા અસહ્ય તકલીફનું કારણ બનતું હોય, તો તયમ્મુમ કરવું જોઈએ; પણ અગર એ વસ્તુ તયમ્મુમના ભાગો ઉપર ચોંટેલી હોય, તો વાજિબ છે કે તયમ્મુમ અને વઝુ બંને બજાવી લાવે; અને જો ચોંટેલી વસ્તુ કોઈ દવા હોય, તો જબીરાનો હુકમ તેને લાગુ પડશે.

**મસઅલો ૩૪૫** : ગુસલે મય્યત સિવાય બાકીનાં તમામ ગુસલોમાં જબીરાનો હુકમ વઝુના જબીરાની જેમ જ છે. પરંતુ એહતીયાતે લાઝિમની રૂએ એ તરતીબી રીતે ઉતારવું જોઈએ.

દેખીતી રીતે જયારે શરીર ઉપર જખમ કે ગૂમડું હોય, ત્યારે ઈન્સાનને ઈખ્તીયાર છે કે ચાહે ગુસલ કરે યા તયમ્મુમ કરે; અને જો એ ગુસલ માટે ઈરાદો કરે, અને જખમ વગેરે ઉપર કોઈ પાટો વગેરે ન હોય, તો એહતીયાતે મુસ્તહબ છે કે એક પાક કપડું એ જખમ કે ગૂમડાં ઉપર રાખી તેના ઉપર હાથ ફેરવે, પણ જો હાડતૂટ હોય તો તેને ગુસલ ઉતારવું જોઈએ; અને અહવતની રૂએ જબીરા ઉપર પણ ઉપર દર્શાવેલ રીતે હાથ ફેરવવો જોઈએ. જે સંજોગોમાં જબીરા ઉપર હાથ ફેરવવો શક્ય ન હોય, અથવા હાડતૂટની જગ્યા પાટાપીંડી વગર ખુલ્લી પડી હોય, તો લાઝિમ છે કે તયમ્મુમ કરે.

**મસઅલો ૩૪૬** : જે શખ્સ માટે તયમ્મુમ સિવાય કોઈ ઉપાય ન હોય, અને તેના તયમ્મુમના ભાગો ઉપર જખમ, ગૂમડું કે હાડતૂટ હોય, તો જબીરા વઝુની જેમ જ જબીરા તયમ્મુમ બજાવી લાવશે.

**મસઅલો ૩૪૭** : જે માણસને જબીરા વઝુ યા ગુસલથી નમાઝ પડવાની હોય, અને એ જાણતો હોય કે નમાઝના છેલ્લા સમય સુધી તેનું ઉઝર દૂર નહિ થાય, તો એ નમાઝ વખત થતાંની સાથે પડી શકે છે, પણ અગર એને આશા હોય કે નમાઝના છેલ્લા વખત સુધીમાં ઉઝર દૂર થઈ જશે તો બેહતર છે કે ઢીલ કરે. હવે જો ઉઝર દૂર ન થાય તો કઝા થાય એ પહેલાં જબીરા વઝુ કે જબીરા ગુસલથી નમાઝ પડી લ્યે.

જે સંજોગોમાં એણે વખત દાખલ થતાં જ નમાઝ અદા કરી હોય, એ નમાઝના છેલ્લા વખત સુધીમાં ઉઝર દૂર થઈ જાય, તો એહતીયાતે મુસ્તહબ છે કે ફરી વઝુ કે ગુસલ કરીને બીજી વાર નમાઝ પડે.

**મસઅલો ૩૪૮** : અગર આંખની બીમારીને કારણે આંખની પાંપણ બંધ રાખવી પડતી હોય, તો એવા સંજોગમાં તયમ્મુમ કરવું જોઈએ.

**મસઅલો ૩૪૯** : અગર કોઈ શખ્સ એ નક્કી ન કરી શકે કે એણે તયમ્મુમ કરવું જોઈએ યા જબીરાના હુકમ મુજબ વઝુ કરવું જોઈએ, તો એહતીયાતે વાજિબ છે કે બંને બજાવી લાવે.

**મસઅલો ૩૫૦** : જબીરા વઝુની સાથે જેટલી નમાઝો પડવામાં આવી હોય તે સહીહ ગણાશે; અને એજ વઝુથી ઉઝર દફે થયા પછીની નમાઝો પણ પડી શકાય.

# વાજિબ ગુસ્લ

વાજિબ ગુસ્લ **સાત** છે :

**(૧)** ગુસ્લે જનાબત, **(૨)** ગુસ્લે હયઝ, **(૩)** ગુસ્લે નિફાસ, **(૪)** ગુસ્લે ઈસ્તેહાઝા, **(૫)** ગુસ્લે મસે મય્યત, **(૬)** ગુસ્લે મય્યત, **(૭)** જે ગુસ્લે નઝર, કસમ વગેરેથી વાજિબ થાય છે.

## ગુસ્લે જનાબતના એહકામ :

**મસઅલો ૩૫૧** : ઈન્સાન **બે રીતે** જુનુબ થાય છે :

**(૧)** જાતીય સંભોગ

**(૨)** વીર્ય સ્ખલન (મનીનું બહાર આવવું), ચાહે ઊંઘમાં કે જાગૃત અવસ્થામાં, ઓછા યા વધુ પ્રમાણમાં, શહવતની સાથે યા શહવત વગર, ઈખ્તિયારથી કે બેકાબૂ થઈને અગર મની સ્ખલિત થાય તો ઈન્સાન જુનુબ ગણાશે.

**મસઅલો ૩૫૨** : અગર ઈન્સાનથી કોઈ એવી રૂતુબત ખારીજ થાય કે એ નક્કી ન કરી શકે કે મની છે, યા પેશાબ છે, યા કોઈ બીજું પ્રવાહી છે, તો અગર એ રૂતુબત શહેવત અને જોશ સાથે સ્ખલિત થઈ હોય, અને બહાર આવ્યા બાદ શરીરમાં એક પ્રકારની સુસ્તી થાય, તો તેને મની સમજવું જોઈએ; અને જો આ ત્રણ નિશાનીઓમાંથી કોઈ નિશાની ન હોય, તો એ રૂતુબત મની નહિ ગણાય.

અલબત્ત બીમાર માટે જોશથી મની બહાર આવવું યા સ્ખલન બાદ શરીરનું સુસ્ત થઈ જવું જરૂરી નથી; અગર શહેવતની સાથે ખારીજ થાય, તો તેને મનીનો હુકમ લાગુ પડશે.

**મસઅલો ૩૫૩** : અગર એક તંદુરસ્ત ઈન્સાનથી કોઈ એવી રૂતુબત ખારીજ થાય, જેમાં ત્રણ નિશાનીઓમાં એક નિશાની હોય, પણ બાકીની નિશાનીઓ બારામાં ખાત્રી ન હોય, તો અગર એ વઝુ કરી ચૂકયો હોય તો એ જ વઝુ એના માટે કાફી છે; અને જો વઝુ ન કરી ચૂકયો હોય તો ફકત વઝુ કરે, ગુસ્લ તેના ઉપર વાજિબ નથી.

**મસઅલો ૩૫૪** : મુસ્તહબ છે કે ઈન્સાન મની ખારીજ થયા બાદ પેશાબ કરે; અને જો એ પેશાબ ન કરે અને ગુસ્લ કરી લીધા બાદ તેને કોઈ એવી રૂતુબત જણાય, જે માટે નક્કી ન કરી શકે કે મની છે કે કોઈ અન્ય પ્રવાહી, તો તેને મની ગણાશે.

**મસઅલો ૩૫૫** : સ્ત્રી-સંભોગ વેળા અગર બંને શરમગાહમાંથી કોઈ પણ એકમાં, ખત્નાની જગ્યા સુધી યા એથી વધુ ભાગનો પ્રવેશ થાય, ચાહે બાલિગ હોય કે નાબાલિગ, મની બહાર આવે કે ન આવે, બંને જુનુબ થયા ગણાશે.

**મસઅલો ૩૫૬** : અગર કોઈને શંકા હોય કે ખત્નાની જગ્યા સુધીનો પ્રવેશ થયો છે કે નહિ, તો તેના ઉપર ગુસ્લ વાજિબ નથી.

**મસઅલો ૩૫૭** : અગર નઉઝો બિલ્લાહ કોઈ શખ્સ હયવાન સાથે જાતીય સમાંગમ કરે, અને વીર્ય બહાર આવે, તો તેના માટે ગુસ્લ કાફી છે; પણ જો મની બહાર ન આવે, અને પહેલેથી વઝુ કરી ચૂક્યો હોય, તો એકલું ગુસ્લ કાફી ગણાશે; અને જો વઝુ કરી ચૂક્યો ન હોય તો એહતીયાતે વાજિબ છે કે ગુસ્લ કર્યા બાદ વઝુ પણ કરે. એ જ હુકમ પુરૂષ સાથે જાતીય સમાંગમનો છે.

**મસઅલો ૩૫૮** : અગર ઈન્સાનને એહસાસ થાય કે મની ઇન્દ્રિયમાં ઉત્તેજિત થઈ ચૂક્યું છે, પણ સ્ખલિત થઈને બહાર આવ્યું નથી, અથવા બહાર આવ્યા સંબંધે તેને શક હોય, તો તેના ઉપર ગુસ્લ વાજિબ નથી.

**મસઅલો ૩૫૯** : જે શખ્સ ગુસ્લ કરવા અશક્ત હોય, પણ તયમ્મુમ કરી શકતો હોય, એ શખ્સ નમાઝનો સમય દાખલ થયા બાદ પણ પોતાની સ્ત્રી સાથે સંભોગ કરી શકે છે.

**મસઅલો ૩૬૦** : અગર કોઈને પોતાના લિબાસ ઉપર મની દેખાય, જે માટે તેને ખાત્રી થાય કે પોતાનું મની છે, તો અગર ગુસ્લ કરી ચૂક્યા ન હોય તો તેણે ગુસ્લ કરી લેવું જોઈએ; અને જે નમાઝો માટે એને ખાત્રી હોય કે મની બહાર આવ્યા પછી પઢતો રહ્યો, તેની કઝા આપે; પણ જે નમાઝો માટે એને ગુમાન થાય કે મની નીકળ્યા પહેલાં પઢી લીધી હતી તેની કઝા પઢવી વાજિબ નથી.

## જનાબતવાળા શખ્સ પર જે જે વસ્તુઓ હરામ છે :

**મસઅલો ૩૬૧** : જુનૂબ (જનાબતવાળા) માટે **પાંચ બાબતો** હરામ છે :

**(૧)** પોતાના શરીરના કોઈ પણ ભાગ વડે કુરઆને મજીદના અક્ષરોને અડવું. એવી જ રીતે અલ્લાહના નામોને અડવું. ચાહે તે કોઈ પણ ભાષામાં લખેલાં હોય; અને બેહતર છે કે પયગમ્બરો, ઈમામો અને જનાબે ફાતેમા ઝેહરા (સલામુલ્લાહે અલયહા)ના નામોને પણ એવી હાલતમાં ન અડે.

**(૨)** મસ્જિદુલ હરામ અને મસ્જીદે નબવીમાં દાખલ થવું, ચાહે તે એક દરવાજાથી પ્રવેશ કરી બીજે દરવાજેથી નીકળી જવા જેટલું કેમ ન હોય.

**(૩)** બાકીની બીજી મસ્જીદોમાં રોકાવું કે થોભવું; અને એહતીયાતે વાજિબની રૂએ એ જ હુકમ ઈમામોના હરમો માટે પણ છે. પરંતુ મસ્જિદમાં ઓળંગવું કે પાર થવું, જેમકે એક દરવાજે દાખલ થઈ રોકાયા વિના બીજે દરવાજેથી નીકળી જવામાં વાંધો નથી.

**(૪)** મસ્જિદમાં કોઈ પણ વસ્તુ રાખવા અને ઉપાડવા માટે દાખલ થવું; અને એહતીયાતે વાજિબની રૂએ મસ્જિદમાં કોઈ પણ વસ્તુ મૂકવા માટે દાખલ પણ ન થવું પડે.

**(૫)** કુરઆને મજીદની જે આયતો પઢવાથી સિજદો વાજિબ થાય છે, તેમાંથી કોઈ પણ એકનું પઢવું. એ વાજિબ સિજદાની આયતો કુરઆનમાં નીચે મુજબ સુરાઓમાં છે :

(૧) સૂરો નંબર ૩૨ (અલ-સજદા) (આયત નં. ૧૫), (૨) સૂરો નંબર ૪૧ (હામીમ સજદા) (આયત નં. ૩૭), (૩) સૂરો નંબર ૫૩ (વન્નજમ) (આયત નં. ૬૨), (૪) સૂરો નંબર ૯૬ (ઈકરઅ) (આયત નં. ૧૯).

## જનાબતવાળા શખ્સ પર જે જે વસ્તુઓ મકરૂહ છે :

**મસઅલો ૩૬૨** : જુનૂબ (જનાબતવાળા) માટે **નવ કાર્યો** મકરૂહ છે :

**(૧-૨)** ખાવું અને પીવું, પણ અગર કોઈ હાથોને ધોઈને તેમજ કોગળા કરીને ખાય પીએ તો મકરૂહ નથી; અને ફકત હાથોને ધોઈને ખાય કે પીએ તો કરાહત ઓછી છે.

**(૩)** વાજિબ સિજદાવાળી આયતો સિવાય સાત આયતોથી વધુ તિલાવત કરવી.

**(૪)** કુરઆને મજીદની જીલ્દ, હાંસિયા કે છપાઈ વચ્ચેની ખાલી જગ્યાને અડવું.

**(૫)** કુરઆને મજીદ પાસે રાખવું.

**(૬)** ગુસ્લ કર્યા વિના સૂઈ રહેવું, પણ અગર વઝુ કરી લ્યે અથવા પાણી ન હોવાને કારણે ગુસ્લને બદલે તયમ્મુમ કરે તો મકરૂહ નથી.

**(૭)** મેંહદી વગેરેથી બાલ-દાઢી વગેરેને ખિઝાબ કરવું, રંગવું.

**(૮)** શરીર ઉપર તેલ ચોપડવું.

**(૯)** ઊંઘની હાલતમાં મની બહાર આવે તેને એહતેલામ કહેવાય છે. એહતેલામ બાદ ગુસ્લ પહેલાં સ્ત્રી-સંભોગ મકરૂહ છે.

## ગુસ્લે જનાબત :

**મસઅલો ૩૬૩** : ગુસ્લે જનાબત વાજિબ નમાઝ માટે અને એ પ્રકારના વાજિબ કાર્યો માટે વાજિબ છે, પણ નમાઝે મય્યત, સિજદએ સહ્વ, સિજદએ શુક્ર અને કુરઆનમાં વાજિબ સિજદા માટે ગુસ્લે જનાબત વાજિબ નથી.

**મસઅલો ૩૬૪** : ગુસ્લ કરતી વેળા એવી નિય્યત કરવી કે વાજિબ ગુસ્લ અદા કરૂ છું. જરૂરી નથી; બલ્કે માત્ર કુરબતનની નિય્યત કરે. એટલે કે અલ્લાહના હુકમને બજાવી લાવવાની નિય્યતથી

ગુસ્લ કરે તો કાફી છે.

**મસઅલો ૩૬૫** : અગર કોઈ શખ્સ એમ જાણીને કે નમાઝનો વખત થઈ ગયો છે, વાજિબ ગુસ્લની નિય્યત કરે, અને પછીથી તેને ખબર પડે કે વખત દાખલ થયા પહેલાં ગુસ્લ કર્યું છે, તો ગુસ્લ સહીહ ગણાશે.

**મસઅલો ૩૬૬** : ગુસ્લે જનાબત બે રીત થઈ શકે છે : એક તરતીબી અને બીજુ ઈરતેમાસી.

## ગુસ્લે તરતીબી :

**મસઅલો ૩૬૭** : ગુસ્લે તરતીબીમાં, ગુસ્લની નિય્યતથી, એહતીયાતે લાઝિમની રૂએ પ્રથમ માથું અને ગરદન અને ત્યાર બાદ શરીરને ધોવું જોઈએ; અને શરીરને ધોતી વેળા બેહતર એ છે કે પહેલાં જમણા ભાગને ધૂવે, અને ત્યાર બાદ ડાબા ભાગને ધૂવે.

અગર કોઈ શખ્સ પાણીમાં ડુબકી મારી, તરતીબીની નિય્યતથી ઉપરોકત ત્રણેય ભાગોને હરકત આપે, તો એ ગુસ્લનું સહીહ હોવું ઈશ્કાલથી ખાલી નથી; અને એહતીયાત એ છે કે તેને કાફી ન સમજે.

અગર કોઈ જાણી-જોઈને, યા ભૂલી જવાના કારણે, યા મસઅલાથી નાવાકિફ હોવાને લીધે, શરીરના ધડને માથા અને ગરદનથી પહેલાં ધોઈ નાખે તો ગુસ્લ બાતિલ છે.

**મસઅલો ૩૬૮** : જે સંજોગમાં કોઈ શખ્સે શરીરના ધડને માથા અને અને ગરદનની પહેલાં ધોઈ નાખ્યું હોય, તેના માટે જરૂરી નથી કે નવેસરથી ગુસ્લ કરે, બલ્કે ફકત ધડને ફરીથી ધોઈ લ્યે, તો ગુસ્લ સહીહ થશે.

**મસઅલો ૩૬૯** : અગર કોઈ શખ્સને ખાત્રી ન થતી હોય કે માથું, ગરદન અને ધડને સંપૂર્ણ રીતે ધોઈ શક્યો છે, તો ખાત્રી હાસિલ કરવા માટે દરેક ભાગને ધોતી વેળા બીજા ભાગની અમુક જગ્યા સાથે ધોઈ લ્યે.

**મસઅલો ૩૭૦** : ગુસ્લ કરી લીધા બાદ અગર કોઈને જાણ થાય કે શરીરનો કોઈ ભાગ ધોયા વગર રહી જવા પામ્યો છે, અને એ ભાગની ચોક્કસપણે ખબર ન હોય, તો ફરીથી માથું ધોવાની જરૂરત નથી, બલ્કે જે જગ્યા માટે એને ગુમાન હોય કે ધોયા વિના રહી ગઈ છે, તેને ધોઈ લ્યે.

**મસઅલો ૩૭૧** : ગુસ્લ કર્યા બાદ અગર કોઈને જાણ થાય કે શરીરનો કોઈ ભાગ ધોયા વગર રહી ગયો છે, તો અગર એ ધડનો ડાબો ભાગ છે, તો એટલા જ ભાગને ધોઈ લેવું કાફી ગણાશે; પણ અગર એ જમણો ભાગ છે, તો તેટલા ભાગને ધોવા બાદ એહતીયાતે મુસ્તહબ છે કે ડાબા ભાગને

ફરીથી ધુવે; અને જો માથું કે ગરદનનો ભાગ ધોયા વગર રહી ગયો હોય, તો તેને ધોવા બાદ ધડને ફરી ધોવું જોઈએ.

**મસઅલો ૩૭૨** : ગુસ્લ તમામ થયા પહેલાં અગર કોઈને શક જાય કે જમણા યા ડાબા ભાગમાં કોઈ જગ્યા ધોયા વિના રહી ગઈ છે, તો વાજિબ છે કે એ જગ્યાને ધોઈ લ્યે પણ અગર એ શક માથા અને ગરદનના કોઈ ભાગ માટે જાય, તો એહતીયાતે લાઝિમ છે કે એને ધોયા પછી ધડના જમણા અને ડાબા ભાગને ફરીથી ધુવે.

## ગુસ્લે ઈરતિમાસી :

ગુસ્લે ઈરતેમાસી કરવાની **બે રીતો** છે : એક દફઈ, એટલે કે તત્કાળ; અને બીજી તદરીજી, એટલે કે ક્રમવાર.

**મસઅલો ૩૭૩** : એકી સાથે, દફઈ રીતે, ઈરતિમાસી, ગુસ્લ માટે જરૂરી છે કે એક જ ડુબકીમાં પાણી આખા શરીર સુધી પહોંચે, જો કે એ જરૂરી નથી કે ગુસ્લ શરૂ કર્યા પહેલાં આખુંય શરીર પાણીની બહાર હોય, બલ્કે અગર અમુક ભાગ બહાર હોય, અને પછી ગુસ્લની નિય્યત કરી એકી સાથે પાણીમાં ડૂબકી મારે તો કાફી ગણાશે.

**મસઅલો ૩૭૪** : તદરીજી એટલે કે ક્રમવાર ઈરતિમાસી ગુસ્લમાં ગુસ્લની નિય્યત કરી શરીરના ભાગોને એક પછી એક સંપૂર્ણ રીતે ડૂબાડવામાં આવે, આ રીત માટે જરૂરી છે કે ગુસ્લ શરૂ કર્યા પહેલાં આખું શરીર પાણીની બહાર હોય.

**મસઅલો ૩૭૫** : ગુસ્લ ઈરતિમાસી કર્યા બાદ જો જણાય કે શરીરના અમુક ભાગ સુધી પાણી પહોંચ્યું નથી, ચાહે એ ભાગ વિષે એને ચોક્કસ જાણ હોય કે ન હોય, તો ફરીથી ગુસ્લ કરવું પડશે.

**મસઅલો ૩૭૬** : અગર ગુસ્લે તરતીબી માટે વખત ન હોય, પણ વખતની અંદર ઈરતિમાસી બજાવી લાવી શકતો હોય, તો ગુસ્લે ઈરતિમાસી કરવું જોઈએ.

**મસઅલો ૩૭૭** : જે માણસ હજ યા ઉમરાના એહરામની હાલતમાં હોય, તે ગુસ્લે ઈરતિમાસી નહિ કરી શકે, પણ અગર ભૂલી જઈને તેમ કરે તો ગુસ્લ સહીહ ગણાશે.

## ગુસ્લ કરવાના એહકામ :

**મસઅલો ૩૭૮** : ગુસ્લે ઈરતિમાસી કે તરતીબી શરૂ કર્યા પહેલાં આખાય શરીરનું પાક હોવું વાજિબ નથી, બલ્કે ગુસ્લ માટે પાણીમાં ડૂબકી મારવાથી અથવા પાણી રેડવાથી શરીર પાક થઈ જાય, તો ગુસ્લ સહીહ ગણાશે.

**મસઅલો ૩૭૯** : અગર કોઈ શખ્સ હરામ કાર્યથી જુનુબ થયો હોય, અને જો ગરમ પાણીથી ગુસ્લ ઉતારતી વેળા તેને પસીનો વળે, તો પણ તેનું ગુસ્લ સહીહ ગણાશે, પણ એહતીયાતે મુસ્તહબ એ છે કે ઠંડા પાણીથી ગુસ્લ કરે.

**મસઅલો ૩૮૦** : ગુસ્લ વેળા અગર શરીરનો વાળ બરાબર ભાગ પણ ધોયા વિના રહી જાય, તો ગુસ્લ બાતિલ છે; પરંતુ કાનની અંદર, નાકની અંદર અથવા એવા ભાગો કે જે આંતરિક ભાગો ગણાય છે, તેને ધોવું વાજિબ નથી.

**મસઅલો ૩૮૧** : જે ભાગ માટે શક હોય કે એ બહારનો ભાગ છે કે આંતરિક છે, તો તેને ધોવું જોઈએ.

**મસઅલો ૩૮૨** : અગર ઈયર રીંગ વગેરે માટે પાડવામાં આવેલા છીદ્રો એટલાં ખુલ્લાં અને પહોળા થઈ ગયાં હોય કે બહાર દેખાઈ આવતાં હોય, તો તેને ધોવું જરૂરી છે, નહિતર જરૂરી નથી.

**મસઅલો ૩૮૩** : જે વસ્તુ શરીર સુધી પાણી પહોંચાડવામાં રૂકાવટ કરતી હોય તેને દૂર કરવી જોઈએ, અને એ દૂર થઈ ગઈ છે તેની ખાત્રી કર્યા વિના જો ગુસ્લ કરે, તો ગુસ્લ બાતિલ ગણાશે.

**મસઅલો ૩૮૪** : ગુસ્લ ઉતારતી વેળા જો શક જાય કે તેના શરીર ઉપર પાણીને રોકનારી કોઈ વસ્તુ રહી ગઈ છે કે નહિ તો તેની તપાસ કરે, અને કોઈ એવી વસ્તુ બાકી રહી નથી તે માટે ઈત્મિનાન હાંસિલ કરે.

**મસઅલો ૩૮૫** : ગુસ્લ કરતી વેળા ટૂંકા વાળ કે જે શરીરના ભાગરૂપે ગણાય છે તેને ધોવા જરૂરી છે, પણ લાંબા વાળને ધોવા વાજિબ નથી, બલ્કે અગર પાણીને ચામડી સુધી એવી રીતે પહોંચાડે કે એ લાંબા વાળ ભીના ન થાય, તો પણ ગુસ્લ સહીહ ગણાશે. અલબત્ત, અગર એ લાંબા વાળને ધોયા વગર ચામડી સુધી પાણી પહોંચાડવું શક્ય ન હોય, તો શરીર સુધી પાણી પહોંચે તે માટે એ વાળને પણ ધોવા જોઈએ.

**મસઅલો ૩૮૬** : વઝુ સહીહ થવા માટે જેટલી શરતો છે, જેમકે, પાણીનું પાક હોવું, ગસ્બી ન હોવું વગેરે તમામ શરતો ગુસ્લ સહીહ થવા માટે પણ લાગુ પડશે.

પરંતુ ગુસ્લ માટે એ વાજિબ નથી કે શરીરના ભાગો ઉપરથી નીચે તરફ ધોવામાં આવે. એવી જ રીતે તરતીબી ગુસ્લમાં એ જરૂરી નથી કે માથું અને ગરદન ધોયા બાદ તરત જ શરીરને ધોવામાં આવે; અગર કોઈ શખ્સ માથું અને ગરદન ધોયા બાદ અમુક સમય સુધી ઢીલ કર્યા પછી શરીરને ધુવે તો વાંધો નથી, બલ્કે એ પણ જરૂરી નથી કે માથું, ગરદન કે આખાય શરીરને એકી સાથે એક જ

વખતમાં ધુવે, દાખલા તરીકે માથું ધોયા બાદ અમુક સમય પછી ગરદન ધુવે તો જાઇઝ છે.

પણ જે શખ્સ પેશાબ કે પાયખાનાને રોકી શકતો ન હોય, અગર ગુસ્લ અને નમાઝ અદા કરી શકે તેટલા સમય દરમ્યાન પેશાબ પાયખાનું બંધ થઈ જતું હોય, તો તેના માટે વાજિબ છે કે તરત જ ગુસ્લ ઉતારે અને ગુસ્લ બાદ તરત જ નમાઝ અદા કરે.

**મસઅલો ૩૮૭** : અગર કોઈ શખ્સ હમામમાં ગુસ્લ ઉતારી રહ્યો હોય; અને હમામના ધણીની રજામંદી મેળવ્યા વિના મનોમન નક્કી કરે કે તેના પૈસા (હમામના ભાડા) ઉધાર રાખીશ, તો ત્યાર બાદ હમામનો માલિક સંમતિ આપે તો પણ તેનું ગુસ્લ બાતિલ ગણાશે.

**મસઅલો ૩૮૮** : અગર હમામનો ધણી રાજી હોય કે તેનો હક ઉધાર રહે, પણ ગુસ્લ ઉતારનારનો એવો ઈરાદો હોય કે પૈસા નહિ અદા કરે, તો ગુસ્લ બાતિલ છે.

**મસઅલો ૩૮૯** : અગર કોઈ માણસ હમામના ધણીને કોઈ એવા માલમાંથી રકમ આપે કે જે માલમાંથી ખુમ્સ અદા ન કર્યું હોય, તો અગરચે એણે હરામ કામ કર્યું ગણાશે, પણ તેનું ગુસ્લ સહીહ છે. અલબત્ત, એ ખુમ્સના હકદારોના દેવાદાર તરીકે બાકી રહેશે.

**મસઅલો ૩૯૦** : અગર કોઈ શખ્સ હમામના હોઝનું પાણી વાપરીને પોતાના પેશાબ પાયખાનાની જગ્યાની તહારત કરે, અને ગુસ્લ કર્યા પહેલાં શક કરે કે તેણે તહારત માટે હોઝનું પાણી ઉપયોગમાં લીધું હોવાથી કદાચ હમામનો માલિક ગુસ્લની પરવાનગી નહિ આપે, તો ગુસ્લ બાતિલ ગણાશે, સિવાય કે ગુસ્લ પહેલા માલિકની રજામંદી મેળવી લ્યે.

**મસઅલો ૩૯૧** : અગર કોઈ શખ્સને શક જાય કે એણે ગુસ્લ કર્યું છે કે નહિ, તો એણે ગુસ્લ કરી લેવું જોઈએ; પણ ગુસ્લ કરી લીધા બાદ જો શક કરે કે ગુસ્લ સહીહ હતું કે નહિ, તો ફરીથી ગુસ્લ કરવું જરૂરી નથી.

**મસઅલો ૩૯૨** : ગુસ્લ દરમ્યાન અગર વઝુને તોડનાર કોઈ બાબત બને, જેમકે પેશાબ કરે, તો એ ગુસ્લને તજી દઈ નવેસરથી ગુસ્લ શરૂ કરવું જરૂરી નથી, બલ્કે એ જ ગુસ્લને પુરૂ કરશે; અને એહતીયાતે લાઝિમની રૂએ ત્યાર બાદ વઝુ કરશે, પણ અગર તરતીબી ગુસ્લને ઈરતેમાસીમાં ફેરવી લ્યે, અથવા ઈરતેમાસી ગુસ્લને તરતીબીમાં યા ઈરતેમાસી તરતીબીમાં બદલે, તો પછી વઝુ કરવું જરૂરી નહિ થાય.

**મસઅલો ૩૯૩** : વખતની તંગીને કારણે અગર કોઈ શખ્સ ઉપર તયમ્મુમ કરવું વાજિબ હોય, પણ સાથે એનો એવો અંદાજ હોય કે ગુસ્લ અને નમાઝ માટે વખત છે; અને એ ગુસ્લ કરે, તો અગર

એ ગુસ્લ કુરબતનની નિય્યતથી ઉતાર્યું હોય તો સહીહ છે, અગરચે એ ગુસ્લ નમાઝ અદા કરવા માટે કર્યું હોય.

**મસઅલો ૩૯૪** : અગર કોઈ જુનુબ શક કરે કે એણે ગુસ્લ કર્યું કે નહિ, તો જેટલી નમાઝો એ અરસામાં પડી ચૂક્યો હોય એ સહીહ ગણાશે, પણ એ પછીની નમાઝો માટે ગુસ્લ કરી લેવું પડશે; અને અગર નમાઝ બાદ એણે વઝુને તોડનાર કોઈ બાબત કરી હોય, તો વઝુ કરવું પણ જરૂરી છે; અને જો વખત બાકી હોય તો એહતીયાતે વાજિબની રૂએ જે નમાઝ એ પઢી ચૂક્યો હોય તે ફરીથી અદા કરે.

**મસઅલો ૩૯૫** : અગર કોઈ શખ્સ ઉપર અનેક ગુસ્લો વાજિબ થયા હોય, તો એ તમામની નિય્યતથી એક જ ગુસ્લ ઉતારી લેશે તો કાફી ગણાશે, બલ્કે દેખીતી રીતે એક જ ગુસ્લની નિય્યત કરીને ગુસ્લ કરે, તો બાકીનાં ગુસ્લો વતી એક જ ગુસ્લ કાફી છે.

**મસઅલો ૩૯૬** : અગર કોઈ શખ્સના શરીર ઉપર કુરઆનની આયત અથવા અલ્લાહનાં પાક નામો લખેલાં હોય, અને એ વઝુ અથવા ગુસ્લે તરતીબી કરવા માગે,તો તેના માટે જરૂરી છે કે પાણી એવી રીતે રેડે કે તેન હાથો એ લખાણને ન અડે. વઝુ કરતી વખતે કુરઆનની આયત બલ્કે એહતીયાતે વાજિબની રૂએ અલ્લાહ તઆલાના નામોનો પણ આજ હુકમ છે.

**મસઅલો ૩૯૭** : જે શખ્સે જનાબતનું ગુસ્લ ઉતાર્યું હોય, તેણે નમાઝ માટે વઝુ ન કરવું જોઈએ; બલ્કે ગુસ્લે ઈસ્તેહાઝા સિવાય બાકીના વાજિબ ગુસ્લો અને મસઅલા નં. ૬૫૧માં આલેખાયેલા મુસ્તહબ ગુસ્લો બાદ પણ નમાઝ માટે વઝુની જરૂરત નથી, જો કે એ ગુસ્લો માટે એહતીયાતે મુસ્તહબ છે કે વઝુ પણ કરે.

# સ્ત્રીઓના માસિક વિષેના મસઅલાઓ

## ઈસ્તિહાઝા :

ઓરતોને જેટલી પ્રકારના રક્તસ્રાવ (શરીરમાંથી ખૂન પડવું) થાય છે, તેમાંથી એક ઇસ્તિહાઝા છે. જે ઓરત ઈસ્તિહાઝામાં હોય, તેને "મુસ્તહાઝા" કહે છે.

**મસઅલો ૩૯૮** : સામાન્ય સંજોગોમાં ઈસ્તિહાઝાનું ખૂન રંગે પીળું અને ઠંડું હોય છે; અને કોઈ પણ જાતના જોશ કે બળતરા વિના વહે છે અને ઘટ્ટ પણ હોતું નથી, પણ અમુક સંજોગોમાં મુમ્કીન છે કે એ કાળું કે લાલ હોય, અને બાકીની નિશાનીઓ પણ ધરાવતું હોય.

**મસઅલો ૩૯૯** : ઈસ્તિહાઝાના **ત્રણ પ્રકારો** છે :

**(૧)** કલીલા, **(૨)** મુતવસ્સેતા, **(૩)** કસીરા.

ઓરતો પોતાની શરમગાહ ઉપર જે પાટો કે રૂ મૂકે છે, તે અગર ખૂનથી ફકત ઉપરના હિસ્સામાં ભીનું થાય, એ આખાય રૂ વગેરે તરબોળ ન કરે તો એ ઇસ્તિહાઝા કલીલા ગણાશે.

અને અગર ખૂન રૂના અંદરના ભાગ સુધી ઊતરે, ચાહે તે એક જ ખૂણામાંહોય, પણ રૂ ઉપર બાંધવામાં આવેલા પાટા સુધી ન પહોંચે, તો એ ઈસ્તિહાઝા મુતવસ્સેતા કહેવાશે. અને જો રૂ સાથે પાટા ઉપર પણ ખૂન પહોંચી જાય, તો ઈસ્તિહાઝા કસીરા ગણાશે.

## ઈસ્તિહાઝાના એહકામ :

**મસઅલો ૪૦૦** : જે ઓરત કલીલા ઈસ્તિહાઝામાં હોય, તેણે દરેક નમાઝ માટે એક વઝુ કરવું જોઈએ, અને એહતીયાતે મુસ્તહબ છે કે રૂને પાક કરે અથવા બદલી નાખે; અને જો શરમગાહના જાહેર ભાગો સુધી ખૂન પહોંચ્યું હોય તો એને પણ પાણીથી ધોઈને પાક કરે.

**મસઅલો ૪૦૧** : અગર ઓરત ઈસ્તિહાઝા મુતવસ્સેતામાં હોય, તો એહતીયાતે લાઝિમ છે કે પોતાની નમાઝો માટે દરરોજ એક ગુસ્લ ઉતારે, ત્યાર બાદ ઉપર જણાવ્યા મુજબ કલીલા ઈસ્તિહાઝાના હુકમ મુજબ અમલ કરે, એટલે કે દરેક નમાઝ માટે વઝુ કરે, વિગેરે.

અગર કોઈ ઓરત નમાઝે સુબ્હ પહેલાં અથવા એજ સમયે મુસ્તહાઝા મુતવસ્સેતા થાય, તો તે નમાઝે સુબ્હ માટે ગુસ્લ કરશે; અને જો એ જાણ-જોઈને કે ભૂલી જવાથી નમાઝે સુબ્હ માટે ગુસ્લ ન કરે, તો પછી ઝોહર, અસરની નમાઝ માટે ગુસ્લ કરે, અને જો ત્યારે પણ ગુસ્લ ન કરે, તો નમાઝે મગરિબ, ઈશા પહેલાં ગુસ્લ કરવું જરૂરી છે, ચાહે તે સમયે ખૂન આવી રહ્યું હોય યા અટકી ગયું હોય.

**મસઅલો ૪૦૨** : ઈસ્તિહાઝા કસીરાવાળી ઓરત માટે :

**(૧)** એહતીયાતે વાજિબ છે કે દરેક નમાઝ પહેલાં રૂ અને પાટો વગેરે બદલી નાખે યા પાણીથી તેને પાક કરે.

**(૨)** લાઝિમ છે કે એક ગુસ્લ નમાઝે સુબ્હ માટે, એક ગુસ્લ નમાઝે ઝોહર અસર માટે; અને એક ગુસ્લ નમાઝે મગરિબ,ઈશા માટે ઉતારે; અને નમાઝે ઝોહર, અસર વચ્ચે ઢીલ ન કરે.

અગર બે નમાઝો વચ્ચે ઢીલ કરશે,તો પછી નમાઝે અસર માટે જુદ્દ ગુસ્લ કરવું જોઈએ. એવી જ રીતે અગર નમાઝે મગરિબ અને ઈશા વચ્ચે ઢીલ કરે, તો નમાઝે ઈશા માટે અલગ ગુસ્લ ઉતારવું પડશે, પરંતુ આ હુકમ એવા સંજોગમાં છે, જયારે ખૂન ચાલુ વહેતું હોય અને રૂ, પાટા સુધી પહોંચી રહ્યું હોય.

પણ અગર ખૂનને રૂથી નીકળીને પાટા સુધી પહોંચતા વાર લાગતી હોય, અને એ સમય દરમ્યાન ઓરત એક યા એકથી વધુ નમાઝ પડી શકતી હોય, તો અહવતે વાજિબની રૂએ જયારે ખૂન રૂને તરબોળ કરીને પાટા સુધી પહોંચે, ત્યારે તેને બદલી નાંખે અથવા પાણીથી પાક કરે; અને પછી ગુસ્લ ઉતારે.

દાખલા તરીકે અગર એક ઓરત ગુસ્લ ઉતારીને ઝોહરની નમાઝ પડે,અને નમાઝે અસર પહેલાં અથવા તે દરમ્યાન એકદમ ખૂન રૂથી બહાર આવી પાટાને પણ ભીંજવી નાખે, તો પછી અસરની નમાઝ માટે એક ગુસ્લ ઉતારવું જોઈએ; પણ અગર બે નમાઝ વચ્ચે એટલી મોહલત મળતી હોય કે બે યા બેથી વધુ નમાઝ પડી શકે, જેમકે મગરિબ અને ઈશા બંને નમાઝો પૂરજોશથી ખૂન વહે એ પહેલાં અદા કરી શકે, તો પછી લાઝિમ નથી કે નમાઝો માટે ગુસ્લ કરે.

ઉપરોકત સર્વે સંજોગોમાં ઈસ્તિહાઝા કસીરાના ગુસ્લ પછી વઝુની જરૂરત હોતી નથી.

**મસઅલો ૪03** : અગર નમાઝના સમય પહેલાં ઈસ્તિહાઝાનું ખૂન દેખાય, અને તેના માટે વઝુ કે ગુસ્લ કર્યુ ન હોય, તો નમાઝ માટે ગુસ્લ અથવા વઝુ બજાવી લાવવું જરૂરી થશે. અગરચે એ સમય ઈસ્તિહાઝાનું ખૂન આવતું બંધ થઈ ગયું હોય.

**મમસઅલો ૪૦૪** : જે ઓરત મુસ્તહાઝા મુતવસ્સેતા હોય, તેના માટે જે વઝુ અને ગુસ્લનો હુકમ છે, તેમાં એહતીયાતે લાઝિમ એ છે કે પહેલાં ગુસ્લ કરે અને તે બાદ વઝુ કરે.

પણ જે ઓરત મુસ્તહાઝા કસીરા હોય, તે અગર વઝુ કરવા ઈચ્છે, તો ગુસ્લથી પહેલાં વઝુ કરી લ્યે.

**મસઅલો ૪૦૫** : અગર કોઈ સ્ત્રી ઇસ્તિહાઝા કલીલામાં હોય, પણ નમાઝે સુબ્હ બાદ

મુતવસ્સેતા થઈ જાય, તો તેને ઝોહર અને અસર માટે એક ગુસ્લ કરવું પડશે. એવી જ રીતે અગર એ ઝોહર અને અસર બાદ મુતવસ્સેતા થાય તો મગરિબ, ઈશાની નમાઝ માટે ગુસ્લ કરશે.

**મસઅલો ૪૦૬** : અગર મુસ્તહાઝા કલીલા અથવા મુતવસ્સેતા નમાઝે સુબ્હ બાદ કસીરા થઈ જાય, અને એ જ હાલત ઉપર બાકી રહે, તો મસઅલા નં. ૪૦૨માં જણાવેલ રીત મુજબ ઝોહર અને અસર, મગરિબ અને ઈશાની નમાઝો માટે એહતીયાત કરે.

**મસઅલો ૪૦૭** : મસઅલા નં. ૪૦૨માં જણાવ્યા પ્રમાણે જે સંજોગમાં મુસ્તહાઝા કસીરા માટે લાઝિમ છે કે ગુસ્લ અને નમાઝ વચ્ચે સમયનું અંતર ન હોય, અગર કોઈ સ્ત્રી નમાઝના સમય પહેલાં ગુસ્લ કરી લ્યે, અને તેના કારણે નમાઝ અને ગુસ્લ વચ્ચે સમયનું અંતર થઈ જાય, તો એ ગુસ્લ નમાઝ માટે ફાયદારૂપ નહિ થાય; ને મુસ્તહાઝાને નમાઝ માટે ફરીથી ગુસ્લ ઉતારવું પડશે. આ હુકમ મુસ્તહાઝા મુતવસ્સેતાને પણ લાગુ પડશે.

**મસઅલો ૪૦૮** : મુસ્તહાઝા કલીલા અને મુતવસ્સેતાને રોજની વાજિબ નમાઝો પઢવી હોય, તો તેના હુકમો બયાન થઈ ચૂક્યા છે. એ રોજીંદી નમાઝો સિવાય બીજી કોઈ વાજિબ કે સુન્નત નમાઝ પઢવી હોય, તો તે દરેક નમાઝ માટે ફકત વઝુ કરશે; પણ અગર એ પોતાની રોજની વાજિબ નમાઝને એહતીયાતન પડવા માગે, અથવા જે નમાઝ ફુરાદા અદા કરી ચૂકી હોય તેને જમાઅતની સાથે ફરી પડવા માંગતી હોય, તો પછી ઈસ્તિહાઝાના જણાવેલા તમામ હુકમો મુજબ અમલ કરવો પડશે.

પરંતુ નમાઝે એહતીયાત માટે કે ભૂલાઈ ગયેલા સિજદા કે તશહ્હુદની કઝા માટે, અગર એ નમાઝ બાદ તરત જ બજાવી લાવવામાં આવે, તો ઈસ્તિહાઝાના હુકમ બજાવી લાવવા જરૂરી નથી. સિજદએ સહ્વ બજાવી લાવવા માટે કોઈ પણ સંજોગે ઈસ્તિહાઝા હુકમો લાગુ થતા નથી.

**મસઅલો ૪૦૯** : જયારે મુસ્તહાઝાને ખૂન બંધ થઈ જાય, ત્યાર બાદ ફકત પ્રથમ નમાઝ માટે ઈસ્તિહાઝાના હુકમ પ્રમાણે વર્તવું પડશે. તે પછીની નમાઝો માટે લાઝિમ નથી.

**મસઅલો ૪૧૦** : અગર કોઈ સ્ત્રી નક્કી ન કરી શકે કે તેને જે ઈસ્તિહાઝાનું ખૂન વહે છે તે ક્યા પ્રકારનું છે, તો જયારે નમાઝ પઢવા માગે ત્યારે એહતીયાતની રૂએ એવી તપાસ કરે કે થોડુંક રૂ પોતાની શરમગાહમાં દાખલ કરે; અને થોડીક વાર બાદ રૂ બહાર લઈ આવી નક્કી કરે કે ત્રણ પ્રકારોમાંથી ક્યા પ્રકારનું છે, અને એ નક્કી થયા બાદ શરીઅતે તે માટે જે હુકમ આપેલ છે તે પ્રમાણે અમલ કરે; પણ અગર એને ખાત્રી હોય કે નમાઝનો વખત દાખલ થશે ત્યાં સુધીમાં તેના ઈસ્તિહાઝાની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર નહિ થાય, તો નમાઝનો વખત દાખલ એથી પહેલાં પણ પોતાની તપાસ કરી

શકે છે.

**મસઅલો ૪૧૧** : અગર કોઈ મુસ્તહાઝા પૂરી તપાસ કર્યા વિના નમાઝ શરૂ કરી લ્યે, તો અગર કુરબતનની નિય્યતથી તેમ કર્યુ હોય, અને તેની જે હાલત હોય તે જ મુજબ અમલ થયો હોય, જેમ કે કલીલાના હુકમ મુજબ અમલ ર્ક્યો હોય, અને પોતે વાસ્તવમાં કલીલા જ હોય, તો તેની નમાઝ સહીહ છે.

પણ અગર કુરબતનની નિય્યતથી ન હોય,અથવા વાસ્તવમાં એની જે હાલત હોય તે મુજબ અમલ ન થયો હોય, જેમકે એ મુતવસ્સેતા હોય, પણ એણે કલીલાના હુકમ પ્રમાણે વર્તાવ ર્ક્યો હોય તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૪૧૨** : અગર કોઈ સ્ત્રી નક્કી ન કરી શકતી હોય કે પોતે ક્યા પ્રકારની મુસ્તહાઝા છે, તો જેટલું નિશ્ચિત છે, તે પ્રમાણે અમલ કરે. દાખલા તરીકે અગર એ ન જાણતી હોય કે પોતે મુતવસ્સેતા છે કે કલીલા, તો એ સંજોગમાં કલીલાના હુકમ પ્રમાણે અમલ કરે; અને અગર ન જાણતી હોય કે પોતે મુતવસ્સેતા છે યા કસીરા, તો મુતવસ્સેતાના હુકમ પ્રમાણે અમલ કરે.

અલબત્ત, અગર એને ખાત્રી હોય કે પહેલાં એ કઈ જાતની મુસ્તહાઝા હતી, તો પછી એજ પ્રમાણે અમલ બજાવી લાવે.

**મસઅલો ૪૧૩** : અગર ઈસ્તિહાઝાનું ખૂન શરૂઆતમાં માત્ર અંદર જ હોય, અને બહાર ન આવ્યું હોય, તો એ સ્ત્રીએ જે વઝુ કે ગુસ્લ કરી લીધું હોય તે બાતિલ નહિ થાય, પણ અગર બહાર વહેવા માંડે, ચાહે ગમે તેટલું થોડું હોય, વઝુ અને ગુસ્લને બાતિલ કરશે.

**મસઅલો ૪૧૪** : મુસ્તહાઝા સ્ત્રી અગર નમાઝ બાદ પોતાની તપાસ કરે, અને તેને ખૂન ન જણાય, તો અગરચે એને ખાત્રી હોય કે ખૂન ફરીથી ચાલુ થશે, તો પણ કરી લીધેલ વઝુથી બીજી નમાઝ પડી શકશે.

**મસઅલો ૪૧૫** : અગર મુસ્તહાઝાને ખાત્રી હોય કે જયારથી વઝુ અથવા ગુસ્લ શરૂ કર્યુ ત્યારથી ઈસ્તિહાઝાનું ખૂન જારી થયું નથી, અને અંદરના ભાગમાં પણ ખૂન નથી, તો જેટલા સમય સુધી એને ખાત્રી હોય કે તે પાક રહેશે, તેટલા સમય સુધી નમાઝ પઢવા માટે ઢીલ કરી શકે છે.

**મસઅલો ૪૧૬** : અગર મુસ્તહાઝાને યકીન હોય કે નમાઝ કઝા થશે, એથી પહેલાં એ તદ્દન પાક થઈ જશે, અથવા એટલો સમય અવશ્ય મળશે કે જે દરમ્યાન ખૂન દેખાતું બંધ થશે, તો એવા સંજોગમાં એહતીયાતે લાઝિમની રૂએ જરૂરી છે કે સબર કરે; અને નમાઝને પાકીઝગીની હાલતમાં પઢે.

**મસઅલો ૪૧૭** : અગર વઝુ અને ગુસ્લ કર્યા બાદ ખૂન બહાર દેખાતું બંધ થઈ ગયું હોય, અને મુસ્તહાઝા જાણતી હોય કે નમાઝ માટે ઢીલ કરશે, તો ઓછામાં ઓછું વઝુ, ગુસ્લ અને નમાઝનો જેટલો સમય તદ્દન પાકીઝગીની હાલતમાં થઈ શકશે, તો એવા સંજોગમાં એહતીયાતે લાઝિમ છે કે નમાઝ માટે ઢીલ કરે; અને જયારે તદ્દન પાક થઈ જાય, ત્યારે ફરીથી વઝુ, ગુસ્લ બજાવી લાવીને નમાઝ અદા કરે.

પણ ખૂન જયારે બહાર દેખાતું બંધ થયું હોય, ત્યારે નમાઝ માટે વખત તંગ હોય, તો લાઝિમ નથી કે ફરી વઝુ અને ગુસ્લ કરે, બલ્કે જે વઝુ અને ગુસ્લ કરી ચૂકી હોય, એનાથી જ નમાઝ પઢી શકશે.

**મસઅલો ૪૧૮** : જયારે મુસ્તહાઝા કસીરા તદ્દન પાક થઈ જાય, ને એને ખાત્રી હોય કે જયારથી બીજી નમાઝ માટે એણે ગુસ્લ શરૂ કર્યું હતું ત્યારથી જ ખૂન આવવાનું બંધ થઈ ગયું હતું, તો એવા સંજોગમાં બીજી વાર ગુસ્લની જરૂરત નહિ રહે, પણ એ સિવાયના સંજોગમાં ફરી એક વાર ગુસ્લ કરવું જોઈએ, જો કે આ હુકમ એહતેયાતને આધારે છે.

અલબત્ત, મુસ્તહાઝા મુતવસ્સેતા માટે જરૂરી નથી કે તન પાક થયા બાદ ગુસ્લ ઉતારે.

**મસઅલો ૪૧૯** : મુસ્તહાઝા કલીલા માટે વઝુ કર્યા બાદ, મુતવસ્સેતા માટે ગુસ્લ અને વઝુ બાદ, અને કસીરા માટે ગુસ્લ બાદ તરત જ નમાઝ અદા કરે, સિવાય એ બે સંજોગોમાં કે જે પ્રત્યે મસઅલા નં. ૪૦૩ અને ૪૧૫માં ઈશારો થઈ ચૂક્યો છે.

પરંતુ નમાઝ પહેલાં અઝાન અને ઈકામહ દેવામાં કોઈ વાંધો નથી, એવી જ રીતે નમાઝમાં મુસ્તહબ કાર્યો, જેમ કે કુનૂત વગેરે બજાવી લાવી શકે છે.

**મસઅલો ૪૨૦** : અગર મુસ્તહાઝા સ્ત્રી માટે વાજિબ હોય કે વઝુ યા ગુસ્લ અને નમાઝ વચ્ચે ઢીલ ન કરે, પણ એ હુકમ મુજબ એ ન વર્તે, તો તેના માટે જરૂરી છે કે ફરીથી વઝુ યા ગુસ્લ કરી તરત જ વગર ઢીલે નમાઝ અદા કરે.

**મસઅલો ૪૨૧** : અગર ઈસ્તિહાઝાનું ખૂન ચાલું હોય, અને જરાક વાર માટે પણ અટકતું ન હોય, તો અગર નુકસાનકારક ન હોય, તો ગુસ્લ ઉતાર્યા બાદ ખૂનને બહાર આવતું રોકવું જોઈએ; અને અગર તે માટે પણ પ્રયત્ન ન કરે અને નમાઝમાં ખૂન બહાર વહે તો ફરીવાર નમાઝ પઢવી જોઈએ; અને એહતીયાતે મુસ્તહબ છે કે ફરીવાર ગુસ્લ કરે.

**મસઅલો ૪૨૨** : અગર ગુસ્લ દરમ્યાન ખૂન ન અટકે તો ગુસ્લ સહીહ છે, પણ જો ગુસ્લ

દરમ્યાન ઈસ્તિહાઝા મુતવસ્સેતા વધીને કસીરા થઈ જાય, તો લાઝિમ છે કે ગુસ્લ ફરીથી કરે.

**મસઅલો ૪૨૩** : એહતીયાતે મુસ્તહબ છે કે ઈસ્તિહાઝાવાળી સ્ત્રી રોઝા દરમ્યાન બની શકે તેટલા સમય માટે ખૂનને બહાર આવતાં અટકાવે.

**મસઅલો ૪૨૪** : મશહૂર એ છે કે મુસ્તહાઝા કસીરાનો રોઝો એ જ સંજોગમાં સહીહ છે કે એણે રોઝાના દિવસની આગલી રાતના મગરિબ, ઈશાની નમાઝો માટે ગુસ્લ ઉતાર્યુ હોય, અને દિવસની નમાઝો માટે જે ગુસ્લ વાજિબ છે તે પણ કર્યુ હોય, પરંતુ ઘણું કરીને સત્ય એ છે કે ગુસ્લ એ રોઝાના સહીહ હોવા માટે શરતરૂપ નથી; અને એવી જ રીતે મુસ્તહાઝા મુતવસ્સેતાના રોઝા માટે પણ એ શરત લાગુ નથી.

**મસઅલો ૪૨૫** : અગર કોઈ સ્ત્રી નમાઝે અસર બાદ મુસ્તહાઝા થાય, અને મગરિબના સમય સુધી ગુસ્લ ન ઉતારે, તો તેનો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૪૨૬** : અગર કોઈ ઓરત નમાઝ પહેલાં કલીલાથી વધીને મુતવસ્સેતા અથવા કસીરા થઈ જાય, તો તેને મુતવસ્સેતા અથવા કસીરાના દર્શાવેલા હુકમનું પાલન કરવું જોઈએ. એવી જ રીતે અગર મુતવસ્સેતા વધીને કસીરાની હાલતમાં દાખલ થાય, તો કસીરાના એહકામ મુજબ અમલ કરશે. એટલે કે અગર મુતવસ્સેતા માટેના હુકમ મુજબ ગુસ્લ કરી ચૂકી હોય, તો પણ કસીરા તરીકે ફરી ગુસ્લ કરશે.

**મસઅલો ૪૨૭** : અગર નમાઝ દરમ્યાન કોઈ ઓરત મુતવસ્સેતામાંથી કસીરા થઈ જાય, તો નમાઝને તોડીને ઈસ્તેહાઝા કસીરા માટે ગુસ્લ કરશે અને તે સાથે બીજા હુકમો જે છે તે બજાવી લાવીને એ નમાઝને ફરી અદા કરશે. એહતીયાતે મુસ્તહબ છે કે ગુસ્લ પહેલાં વઝુ કરે.

પરંતુ જો ગુસ્લ માટે વખત ન હોય અને નમાઝ કઝા થઈ જવાનો સંભવ હોય તો તયમ્મુમ કરે, અને જો તયમ્મુમ માટે પણ સમય બાકી ન હોય તો એહતીયાતે મુસ્તહબની રૂએ એજ નમાઝ પૂરું કરે, પણ લાઝિમ છે કે તે બાદ નમાઝની કઝા આપે.

એવી જ રીતે અગર નમાઝ દરમ્યાન કલીલામાંથી મુતવસ્સેતા અથવા કસીરાની હાલતમાં દાખલ થાય, તો નમાઝને તોડીને મુતવસ્સેતા અને કસીરાના હુકમો ઉપર પણ અમલ કરે, અને દર્શાવેલાં બીજાં કાર્યો બજાવી લાવે.

**મસઅલો ૪૨૮** : અગર નમાઝ દરમ્યાન ખૂન બંધ થઈ જાય, અને મુસ્તહાઝાને પૂરી જાણ ન હોય કે અંદરથી પણ ખૂન બંધ થઈ ગયું છે કે નહિ, તો જો નમાઝ પૂરી કર્યા બાદ જાણ થાય કે ખૂન

તદ્દન બંધ થઈ ગયું હતું, અને નમાઝ માટે હજી સમય બાકી હોય કે પાકીઝગીની હાલતમાં ફરીથી નમાઝ પડી શકે, તો એહતીયાતે લાઝિમ છે કે તેને જે હુકમ લાગુ પડતો હોય તે મુજબ વઝુ યા ગુસ્લ કરી ફરીથી નમાઝ પડે.

**મસઅલો ૪૨૯** : અગર કોઈ સ્ત્રી કસીરાની હાલતથી ઘટીને મુતવસ્સેતા થઈ જાય, તો પહેલી નમાઝ માટે કસીરા મુજબ અમલ કરશે; અને તે પછીની નમાઝો માટે મુતવસ્સેતા મુજબ અમલ કરશે. દાખલા તરીકે અગર કોઈ સ્ત્રી ઝોહરની નમાઝ પહેલાં મુતવસ્સેતા થાય, તો નમાઝે ઝોહર માટે ગુસ્લ કરશે; અને નમાઝે અસર, મગરિબ તથા ઈશા માટે માત્ર વઝુ કરશે.

પણ અગર એ નમાઝે ઝોહર માટે ગુસ્લ ન કરે, અને એની પાસે ફકત નમાઝે અસર પડવા જટલો સમય રહી ગયો હોય, તો નમાઝે અસર માટે ગુસ્લ કરશે; અને નમાઝે અસર માટે ગુસ્લ ન કરે, તો નમાઝે મગરિબ માટે ગુસ્લ કરવું જોઈએ; અને જો એ પણ ન કરે અને ફકત નમાઝે ઈશા પડવા જેટલો સમય બાકી હોય, તો નમાઝે ઈશા માટે ગુસ્લ કરવું જરૂરી છે.

**મસઅલો ૪૩૦** : અગર દરેક નમાઝ પહેલાં મુસ્તહાઝા કસીરાનું ખૂન બંધ પડી જતું હોય, અને ત્યાર બાદ ફરીથી જારી થતું હોય, તો દરેક નમાઝ માટે એક ગુસ્લ બજાવી લાવવું જરૂરી થશે.

**મસઅલો ૪૩૧** : અગર ઈસ્તિહાઝા કસીરા ઘટીને કલીલા થઈ જાય, તો પહેલી નમાઝ માટે કસીરાના હુકમ પ્રમાણે અમલ કરે, અને ત્યાર બાદની નમાઝો માટે કલીલા મુજબ અમલ કરે. એજ પ્રમાણે જો મુતવસ્સેતા કલીલા થાય, તો પહેલી નમાઝ માટે મુતવસ્સેતાના એહકામ મુજબ અમલ કરશે અને ત્યાર બાદની નમાઝો માટે કલીલાના હુકમો બજાવી લાવશે.

**મસઅલો ૪૩૨** : અગર મુસ્તહાઝા કોઈપણ એક દર્શાવેલા વાજિબ હુકમ પ્રમાણે અમલ ન કરે, તો એની નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૪૩૩** : મુસ્તહાઝા કલીલા અથવા મુતવસ્સેતા નમાઝ સિવાય કોઈ બીજા એવા કાર્યો બજાવી લાવવા માગે જેમાં વઝુની શરત છે, જેમકે શરીરના કોઈ ભાગ વડે કુરઆને મજીદના અક્ષરોને અડવા માગે તો જો એ કાર્ય નમાઝ પડયા પછી કરવા ધારે, તો ફરીથી વઝુ કરશે, નમાઝ માટે કરેલ વઝુ કાફી નહિ ગણાય.

**મસઅલો ૪૩૪** : જે મુસ્તહાઝા સ્ત્રી પોતા ઉપર વાજિબ થયેલા ગુસ્લો ઉતારી ચૂકી હોય, તે મસ્જિદમાં દાખલ થઈ શકે છે, તેમાં રોકાઈ પણ શકે છે, અને તેના માટે વાજિબ સિજદાવાળી આયતો પડવી અને પોતાના પતિ સાથે જાતીય સમાંગમ હલાલ છે, અગરચે બાકીના કાર્યો, જેમકે નમાઝ માટે

રૂ, પાટા વગેરે બદલાવવું જરૂરી હોય છે, એ કાર્યોનો અંજામ આપેલ ન હોય, ઉપરોકત કાર્યો ગુસ્લ ઉતાર્યા વિના પણ જાઈઝ હોય તે બઈદ નથી, પરંતુ એહતીયાત છે કે તરક કરે.

**મસઅલો ૪૩૫** : અગર કોઈ કસીરા કે મુતવસ્સેતા સ્ત્રી નમાઝના સમય પહેલાં વાજિબ સિજદાવાળી આયત પડવા માગે, અથવા મસ્જિદમાં દાખલ થવા ઈચ્છે, તો એહતીયાતે મુસ્તહબ છે કે પહેલાં ગુસ્લ કરે, એ જ હુકમ પોતાના પતિ સાથે જાતીય સમાંગમને લાગુ પડશે.

**મસઅલો ૪૩૬** : ઈસ્તિહાઝાવાળી ઓરત માટે નમાઝે આયાત પણ વાજિબ છે; અને રોજની વાજિબ નમાઝો માટે જે હુકમો છે, તે નમાઝે આયાત માટે પણ લાગુ પડશે.

**મસઅલો ૪૩૭** : અગર રોજની વાજિબ નમાઝોના સમય દરમ્યાન નમાઝે આગાત મુસ્તહાઝા ઉપર વાજિબ થાય, અને અગર તે રોજની નમાઝ બાદ તરત જ નમાઝે આયાત બજાવી લાવવા માગે, તો પણ બંને ને એક જ વઝુઅને ગુસ્લથી અદા નહિ કરી શકે.

**મસઅલો ૪૩૮** : અગર મુસ્તહાઝા ઓરત કઝા નમાઝો પડવા માગે, તો જે હુકમો અદા નમાઝો માટે છે, એ જ હુકમો કઝા નમાઝો માટે પણ લાગુ પડશે; અને એહતીયાતની રૂએ અદા નમાઝો માટે બજાવી લાવેલા હુકમો કઝા નમાઝો પડવા માટે કાફી નહિ ગણાય.

**મસઅલો ૪૩૯** : અગર કોઈ સ્ત્રીને જાણ હોય કે જે ખૂન આવી રહ્યું છે તે કોઈ જખમનું ખૂન નથી, પણ એ નક્કી ન કરી શકતી હોય કે એ ખૂન ઇસ્તેહાઝા છે, હયઝ છે કે નિફાસ છે, તો અગર તેમાં શરીઅતમાં જણાવવામાં આવેલી નિશાનીઓ ન હોય, તો તેને ઈસ્તિહાઝા ગણીને અમલ કરશે. એવી જ રીતે અગર શક કરે કે એ ખૂન ઈસ્તિહાઝા છે કે નહિ, તો અગર ઈસ્તિહાઝા સિવાય બીજા પ્રકારના ખૂનની તેમાં નિશાનીઓ ન દેખાય, તો એહતીયાતે વાજિબની રૂએ ઈસ્તિહાઝા ના હુકમ મુજબ અમલ કરશે.

**હયઝ :**

હયઝ એ ખૂનને કહેવાય છે કે જે ઓરતોને દર મહિને અમુક દિવસો માટે દેખાય છે; અને હયઝવાળી સ્ત્રીને "હાઈઝ" કહે છે.

**મસઅલો ૪૪૦** : હયઝનું ખૂન સામાન્ય સંજોગમાં ઘટ્ટ, ગરમ અને રંગે કાળાશ કે લાલાશ ઉપર હોય છે; અને તે દબાણ તથા સહેજ બળતરા સાથે વહે છે.

**મસઅલો ૪૪૧** : સાઈઠ વર્ષની ઉમર પૂરી થયા બાદ અગર કોઈ ઓરત ખૂન જુએ તો તે "હયઝ" નથી.

અને અગર કોઈ ગયર સૈયદ ઓરત પચાસ વર્ષ પૂરાં થયા બાદ એવા પ્રકારનું ખૂન જુએ કે અગર પચાસ વર્ષ પૂરાં થવા પહેલા જોયું હોત, તો તેને અવશ્ય હયઝ ગણતે, તો તેના માટે એહતીયાતે મુસ્તહબ છે કે મુસ્તહાઝા રીતે અમલ બજાવી લાવે; અને જે વસ્તુઓ હાઈઝ સ્ત્રીને હરામ છે તે તરક કરે.

**<u>મસઅલો ૪૪૨</u>** : અગર કોઈ બાળા નવ વર્ષ પુરાં થયા પહેલાં ખૂન જુએ તો એ હયઝ નથી.

**<u>મસઅલો ૪૪૩</u>** : હમલવાળી ઓરત અને દૂધ પીવરાવતી સ્ત્રી માટે હાઇઝ થવું મુમ્કીન છે, અને તેમાં હમલવાળી અને હમલ વગરની સ્ત્રી માટે એક જ જાતનો હુકમ છે.

માત્ર એટલો જ ફેર છે કે અગર હમલવાળી ઓરત પોતાની આદતના પહેલા દિવસથી વીસ દિવસ વીતી ગયા પછી જો ખૂન જુએ કે જેમાં હયઝની નિશાનીઓ મોજૂદ હોય, તો લાઝિમ છે કે એહતીયાતની રૂએ મુસ્તહાઝાના એહકામ મુજબ અમલ કરે, અને હાઈઝ માટે જે બાબતો તરક કરવાની છે તેનો ત્યાગ કરે.

**<u>મસઅલો ૪૪૪</u>** : અગર કોઈ બાળાને જાણ ન હોય કે તેના નવ વર્ષ પૂરાં થયાં છે કે નહિ, અને અગર એ એવા પ્રકારનું ખૂન જુએ કે જેમાં હયઝની નિશાનીઓ ન હોય, તો એને હયઝ નહિ ગણે, અને અગર હયઝની નિશાનીઓ મોજૂદ હોય, તો પણ એને હયઝ ગણવામાં ઈશ્કાલ છે, પણ અગર એને ઈત્મિનાન થઈ જાય છે કે એ ખૂન હયઝ જ છે, તો તેને હયઝ ગણશે; અને સાથે સાથે યકીન કરશે કે એના નવ વર્ષ પૂરા થઈ ગયાં છે.

**<u>મસઅલો ૪૪૫</u>** : અગર કોઈ સ્ત્રીને શક હોય કે તેના સાઈઠ વર્ષ પૂરાં થયાં છે કે નહિ, અને જે ખૂન જુએ તે માટે નક્કી ન કરી શકે કે હયઝ છે કે નહિ, તો એવા સંજોગમાં સાઈઠ વર્ષ પૂરાં થયા નથી એમ ગણાશે.

**<u>મસઅલો ૪૪૬</u>** : હયઝની મુદ્દત ત્રણ દિવસથી ઓછી કે દસ દિવસથી વધુ હોતી નથી; અને અગર ત્રણ દિવસથી જરા પણ ઓછા સમય માટે ખૂન જુએ, તો તેને હયઝ નહિ ગણે.

**<u>મસઅલો ૪૪૭</u>** : હયઝના શરૂઆતના ત્રણ દિવસોમાં દરરોજ ખૂનનું દેખાવું જરૂરી છે. અગર દાખલા તરીકે બે દિવસ સુધી ખૂન દેખાય, અને વચ્ચે એક દિવસ બંધ થઈ ગયા પછી ફરી એક દિવસ ખૂન શરૂ થાય તો એ હયઝ નથી.

**<u>મસઅલો ૪૪૮</u>** : હયઝની શરૂઆતમાં જરૂરી છે કે ખૂન વહીને બહાર આવે, પણ એ જરૂરી નથી કે ત્રણેય દિવસ ખૂન બહાર દેખાય, અગર અંદરના ભાગમાં ખૂન હોય તો એ કાફી છે; અને અગર

ત્રણ દિવસ દરમિયાન અમુક પળો માટે ખૂન બંધ થાય, જેમ ઘણી સ્ત્રીઓની આદત છે, તો એ પણ હયઝ છે.

**મસઅલો ૪૪૯** : એ જરૂરી નથી કે પહેલી રાતના અને ચોથી રાતના પણ ખૂન દેખાય. અલબત્ત, બીજી અને ત્રીજી રાતના ખૂન બંધ થયું ન હોવું જોઈએ; તો અગર પહેલાં દિવસની સવારથી લઈ ત્રીજા દિવસની મગરિબ સુધી એકધારૂ ખૂન બંધ થયા વિના જારી રહે તો એ હયઝ છે, એવી જ રીતે અગર પહેલા દિવસે અધવચ્ચેથી ખૂન શરૂ થાય, અને ચોથે દિવસે એ જ સમયે બંધ થાય તો હયઝનો હુકમ લાગુ પડશે.

**મસઅલો ૪૫૦** : અગર કોઈ ઓરત ત્રણ દિવસ સુધી લાગલાગટ ખૂન જુએ અને પછી પાક થઈ જાય, અને ફરી અમુક દિવસો માટે ખૂન જુએ, અને જો ખૂનના દિવસો અને પાકીઝગીના દિવસો કુલ મળીને દસ દિવસથી વધારે ન થતા હોય, તો જે દિવસોમાં ખૂન જોયું હોય એ દિવસો હયઝના ગણાશે; પણ એહતીયાતે વાજિબની રૂએ વચ્ચે જે પાક દિવસો હતા તેમાં હયઝ વગરની સ્ત્રીઓ માટે જે કાર્યો વાજિબ છે તે બજાવી લાવે, અને સાથે હાઈઝ માટે જે બાબતો હરામ છે તેને તરક કરે.

**મસઅલો ૪૫૧** : અગર કોઈ સ્ત્રી ત્રણ દિવસથી વધુ પણ દસ દિવસથી ઓછી મુદ્દત માટે ખૂન જુએ, અને નક્કી ન કરી શકે કે એ ખૂન જખમ કે ગૂમડા વગેરેનું છે યા હયઝનું, તો એને હયઝ કરાર નહિ દયે.

**મસઅલો ૪૫૨** : અગર કોઈ ઓરત નક્કી ન કરી શકે કે જે ખુન જણાયું છે તે જખમનું છે યા હયઝનું, તો તેના માટે જરૂરી છે કે પોતાની ઈબાદતો બજાવી લાવે, સિવાય કે તેની આગલી હાલત હયઝની રહી હોય.

**મસઅલો ૪૫૩** : અગર કોઈ સ્ત્રીને શક જાય કે ખૂન આવ્યું છે તે હયઝ છે યા ઈસ્તિહાઝા, તો અગર તેમાં હયઝની શરતો મોજૂદ હોય તો એને હયઝ ગણશે.

**મસઅલો ૪૫૪** : અગર કોઈ સ્ત્રીને જાણ ન થાય કે જે ખૂન જણાયું છે તે હયઝનું છે કે કૌમાર્યને કારણે છે, તો એવા સંજોગમાં એવી રીતે તપાસ કરે કે થોડુંક રૂ પોતાની શરમગાહમાં મૂકે; અગર થોડીક વાર પછી એવું દેખાય કે રૂની ચારેકોર ખૂન લાગેલું છે, તો એનો સંબંધ કૌમાર્ય સાથે છે, અને અગર બધા રૂને તરબોળ કરે તો હયઝ છે.

**મસઅલો ૪૫૫** : અગર કોઈ ઓરત ત્રણ દિવસથી ઓછી મુદ્દત માટે ખૂન જુએ, અને પાક થઈ જાય; અને ત્યાર પછી ત્રણ દિવસ સુધી લાગલાગટ ખૂન જુએ, તો બીજી વાર આવેલું ખૂન હયઝ

ગણાશે, અગરચે પહેલી વાર જે ખૂન જણાયું હતું તે આદતના દિવસોમાં આવેલું હોય.

## હાઈઝ (હયઝવાળી સ્ત્રી માટે)ના એહકામ :

**મસઅલો ૪૫૬** : હાઈઝ (હયઝવાળી) સ્ત્રી માટે અમુક બાબતો હરામ છે :

**(૧)** નમાઝની જેમ જે જે ઈબાદતો માટે વઝુ અથવા ગુસ્લ અથવા તયમ્મુમની શરત હોય તે સર્વે હરામ છે. અલબત્ત, જે ઈબાદતો માટે વઝુ, ગુસ્લ, તયમ્મુમ જરૂરી નથી, જેમકે નમાઝે મય્યત, તે ઈબાદત બજાવી લાવી શકે છે.

**(૨)** જેટલી બાબતો જુનુબ માટે હરામ છે, જેનો ઝિક્ર જનાબતના પ્રકરણમાં થઈ ચૂક્યો છે એ સર્વે બાબતો હાઈઝ માટે પણ હરામ છે.

**(૩)** જાતીય સમાંગમમાં યોનિ પ્રવેશ મરદ તેમજ ઓરત, બંને માટે હરામ છે, અગરચે એ ખત્નાના ભાગ સુધીનો જ હોય, અને વીર્ય પણ સ્ખલિત ન થાય; બલ્કે એહતીયાતે વાજિબની રૂએ ખત્નાની જગ્યાથી ઓછો ભાગ પણ પ્રવેશ ન કરે. એહતીયાત છે કે પોતાની સ્ત્રી સાથે પાછલી શરમગાહમાં જાતીય સમાંગમ ન કરે, ચાહે એ હયઝની હાલતમાં હોય કે ન હોય.

**મસઅલો ૪૫૭** : જે દિવસોમાં ઓરતને યકીન ન હોય કે હયઝની હાલતમાં છે કે નહિ, પરંતુ શરીઅતના હુકમ મુજબ એ દિવસો હયઝના કરાર થયા હોય, તો તે દિવસોમાં પણ જાતીય સમાંગમ જાઈઝ નથી; તો જયારે કોઈ ઓરત દસ દિવસથી વધુ ખૂન જુએ, અને હવે પછી સમજાવવામાં આવશે તે મુજબ એમાંથી પોતાની ચાલુ આદતના દિવસોને હયઝના દિવસો ગણાશે, ત્યારે એ દિવસોમાં શવહર સાથે જાતીય સમાંગમ હરામ છે.

**મસઅલો ૪૫૮** : અગર કોઈ શખ્સ પોતાની પત્ની સાથે હયઝની હાલતમાં સંભોગ કરે, તો લાઝિમ છે કે ઈસ્તિગફાર કરે; અને એહતીયાતે મુસ્તહબની રૂએ કફ્ફારો પણ આપે, જેની વિગત આગળ જતાં આવશે.

**મસઅલો ૪૫૯** : સંભોગ અને જાતીય સમાંગમ સિવાય હયઝની હાલતમાં પોતાની સ્ત્રી સાથે અન્ય પ્રણય-પ્રેમનાં કાર્યો, જેમકે ચુંબન, આલિંગન વગેરે જાઈઝ છે.

**મસઅલો ૪૬૦** : હયઝની હાલતમાં સંભોગ માટે જે કફ્ફારો છે, તેની વિગત નીચે મુજબ છે:

શરૂઆતના દિવસોમાં સંભોગ કર્યો હોય તો ૩.૪૫૭ ગ્રામ સોનાના સિક્કા.

વચગાળાના દિવસોમાં સંભોગ કર્યો હોય તો ૧.૭૨૯ ગ્રામ સોનાના સિક્કા.

છેલ્લા દિવસોમાં સંભોગ કર્યો હોય તો ૦.૮૬૫ ગ્રામ સોનાના સિક્કા.

દાખલા તરીકે અગર એક ઓરતની આદત હોય કે ૬, દિવસ સુધી હયઝની હાલતમાં રહે છે, તો શરૂઆતના પહેલાં બે દિવસો કે રાતોમાં તેની સાથે સંભોગ કરે, તો ૩.૪૫૭ ગ્રામ સોનાના સિક્કા, ત્રીજા દિવસે યા રાતે, યા ચોથા દિવસ કે રાતે સંભોગ કરે તો ૧. ૨૯ ગ્રામ સોનાના સિક્કા, અને પાંચમા, છઠા દિવસે કે રાતે સંભોગ કરે તો ૦.૮૬૫ ગ્રામ સોનાના સિક્કા કફ્ફારા તરીકે આપશે.

**મસઅલો ૪૬૧** : અગર કોઈ શખ્સ કફ્ફારા માટે સોનાના સિક્કા આપી શકતો ન હોય, તો તેની કિંમત આપે.

અને અગર જાતીય સમાંગમ વેળા સોનાની કિંમત હતી તેમાં કફ્ફારો ફકીરને દેતી વેળા જે કિંમત હોય તેમાં તફાવત હોય, તો ફકીરને દેતી વેળા જેટલી કિંમત હોય તે મુજબ અદા કરશે.

**મસઅલો ૪૬૨** : અગર કોઈ શખ્સ પોતાની સ્ત્રી સાથે હયઝની હાલતમાં ત્રણેય ભાગના દિવસ કે રાતના સંભોગ કરે, તો ઉપર જણાવેલ ત્રણેય કફ્ફારાઓ, કુલ મળીને ૬.૦૫૧ ગ્રામ સોનાના સિક્કા તેના ઉપર લાગુ પડશે.

**મસઅલો ૪૬૩** : અગર કોઈ શખ્સ પોતાની હાઈઝ સ્ત્રી સાથે અનેક વાર સંભોગ કરે તો બેહતર છે કે દરેક વાર એક કફ્ફારો આપે.

**મસઅલો ૪૬૪** : અગર સંભોગ દરમ્યાન શવહરને ખબર પડે કે સ્ત્રી હાઈઝ થઈ ગઈ છે, તો તેને તરત જ અલગ થઈ જવું જોઈએ; અને અગર અલગ ન થઈ જાય તો એહતીયાતે મુસ્તહબની રૂએ કફ્ફારો આપે.

**મસઅલો ૪૬૫** : અગર કોઈ પુરૂષ હાઈઝ સ્ત્રી સાથે ઝીના કરે, અથવા કોઈ નામેહરમ હાઈઝ સ્ત્રી સાથે એમ ગુમાન કરીને કે પોતાની પત્ની છે, જાતીય સમાંગમ કરે, તો પણ એહતીયાતે મુસ્તહબ છે કે કફ્ફારો આપે.

**મસઅલો ૪૬૬** : અગર કોઈ શખ્સ પોતાની હાઈઝ સ્ત્રી સાથે મસઅલો ન જાણતો હોવાથી અથવા ભૂલી ગયો હોવાથી સંભોગ કરે, તો તેના ઉપર કફ્ફારો નથી.

**મસઅલો ૪૬૭** : અગર કોઈ શખ્સ પોતાની સ્ત્રી સાથે એમ જાણીને સંભોગ કરે કે હયઝની હાલતમાં છે અને તેને જાણ થાય કે હયઝની હાલતમાં ન હતી, તો તેના ઉપર કફ્ફારો નથી.

**મસઅલો ૪૬૮** : હયઝની હાલતમાં અગર સ્ત્રીને તલાક દેવામાં આવે, તો તલાકના એહકામમાં જેવી રીતે સમજાવવામાં આવશે, એ તલાક બાતિલ છે.

**મસઅલો ૪૬૯** : અગર કોઈ સ્ત્રી કહે કે હું હયઝમાં છું, અથવા હયઝથી પાક છું, તો અગર એ

વિશ્વાસપાત્ર હોય, તો પછી તેની વાત માન્ય રાખવી જોઈએ, પણ અગર એ વિશ્વાસપાત્ર ન હોય તો વાત માન્ય રાખવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૪૭૦** : અગર કોઈ સ્ત્રી નમાઝ દરમ્યાન હાઈઝ થાય, તો તેની નમાઝ બાતિલ થઈ જશે.

**મસઅલો ૪૭૧** : નમાઝ દરમ્યાન જો કોઈ ઓરતને શક જાય કે હાઈઝ થઈ છે કે નહિ, તો તેની નમાઝ સહીહ છે, પણ અગર નમાઝ પૂરી કર્યા બાદ ખબર પડે કે નમાઝ દરમ્યાન હાઈઝ થઈ ગઈ હતી, તો જે નમાઝ પડી એ બાતિલ છે.

**મસઅલો ૪૭૨** : જયારે ઓરત હયઝથી પાક થઈ જાય, તો વાજિબ છે કે નમાઝ તેમજ બીજી એવી સઘળી ઈબાદતો કે જેના માટે વઝુ, ગુસ્લ કે તયમ્મુમ અનિવાર્ય છે, તેના માટે ગુસ્લ ઉતારે, અને એની રીત અને એના હુકમો ગુસ્લે જનાબતની જેમ છે. બેહતર છે કે ગુસ્લ ઉતાર્યા પહેલાં વઝુ કરે.

**મસઅલો ૪૭૩** : જયારે ઓરત હયઝથી પાક થઈ જાય, તો અગરચે હજી ગુસ્લ ન ઉતાર્યું હોય, તેની તલાક સહીહ ગણાશે, અને તેનો શવહર તેની સાથે જાતીય સમાંગમ કરી શકશે, પણ એહતીયાતે લાઝિમ છે કે સંભોગ પહેલાં સ્ત્રી પોતાની શરમગાહને પાણીથી ધોઈ લ્યે; બલ્કે એહતીયાતે મુસ્તહબ એ છે કે સ્ત્રી ગુસ્લ ન કરી લ્યે ત્યાં સુધી તેની સાથે સંભોગ ન કરે.

પણ બીજા કાર્યો કે જે હયઝની હાલતમાં તેના માટે હરામ હતાં, જેમકે મસ્જિદમાં થોભવું, કુરઆને મજીદના અક્ષરોને અડવું વગેરે, એ ગુસ્લ ન ઉતારે ત્યાં સુધી હલાલ નહિ થાય.

**મસઅલો ૪૭૪** : અગર પાણી વઝુ અને ગુસ્લ માટે કાફી ન હોય, પણ એટલા પ્રમાણમાં હોય કે ગુસ્લ કરી શકે, તો ગુસ્લ કરશે; અને બેહતર છે કે વઝુને બદલે તયમ્મુમ કરે, પણ અગર પાણી માત્ર વઝુ પુરતું જ હોય તો બેહતર છે કે વઝુ કરે; અને ગુસ્લને બદલે તયમ્મુમ કરશે; અગર બંનેમાંથી કોઈ પણ માટે પાણી પૂરતા પ્રમાણમાં મોજૂદ ન હોય, તો ગુસ્લને બદલે તયમ્મુમ કરશે, અને બેહતર છે કે વઝુને બદલે તયમ્મુમ પણ કરે.

**મસઅલો ૪૭૫** : હયઝની હાલતમાં જેટલી નમાઝો ઓરતે ન પડી હોય તેની કઝા નથી. પરંતુ માહે રમઝાનના જે રોઝા હયઝને કારણે રહી ગયા હોય તેની કઝા આપવી જોઈએ; અને એ નઝરના રોઝા કે જે નક્કી થયેલા દિવસ માટે વાજિબ થયા હોય, તે જો હયઝના કારણે રહી જાય, તો એહતીયાતે વાજિબની રૂએ તેની પણ કઝા દેવી જોઈએ.

**મસઅલો ૪૭૬** : અગર નમાઝનો સમય દાખલ થઈ જાય, અને ઓરતને જાણ હોય કે અગર નમાઝ પડવામાં ઢીલ કરશે તો હાઈઝ થઈ જશે, તો એના માટે જરૂરી છે કે તુરત જ નમાઝ અદા કરી લ્યે, બલ્કે અગર એને ફકત ગુમાન હોય કે ઢીલ કરવાથી હયઝની હાલતમાં આવી જશે, તો એહતીયાતે લાઝિમ છે કે તરત જ નમાઝ પડે.

**મસઅલો ૪૭૭** : અગર કોઈ સ્ત્રી નમાઝ પડવામાં ઢીલ કરે અને અવ્વલ વખતથી એક નમાઝ પડવાનો સામાન્ય સમય તેમજ વઝુ, તયમ્મુમનો સમય વીતી જાય, અને એ હયઝની હાલતમાં દાખલ થાય, તો એ નમાઝની કઝા તેના ઉપર વાજિબ છે, હવે એ નમાઝને ઝડપથી પડવામાં કે આસ્તે પડવામાં કેટલો સમય જોઈએ એ વ્યક્તિગત હાલત ઉપર આધાર રાખે છે.

જેમકે અગર એક ઓરત સફરમાં નથી, અને ઝોહરના અવવલ સમયમાં એણે નમાઝ ન પડી હોય, તો નમાઝની કઝા એ સંજોગમાં વાજિબ થશે કે ચાર રકાતનો સમય વઝુ, તયમ્મુમના સમય સહિત વીતી જાય, પણ જો એ મુસાફર હોય તો પછી બે રકાત પડવામાં વઝુ, તયમ્મુમના સમય સહિત જેટલો સમય લાગે એ મુજબ હિસાબ કરશે.

**મસઅલો ૪૭૮** : અગર કોઈ ઓરત નમાઝના છેલ્લા સમયે પાક થઈ જાય, અને હજી એટલો સમય હોય કે ગુસ્લ ઉતારી એક યા એકથી વધુ રકાત પડી શકે, તો જરૂરી છે કે નમાઝ પડે, અને જો નહિ પડે, તો તેની કઝા વાજિબ છે.

**મસઅલો ૪૭૯** : અગર હાઈઝ ઓરત એવા સમયે પાક થાય કે ગુસ્લ માટે સમય ન હોય, પણ તયમ્મુમ કરીને નમાઝ વખતની અંદર પડી શકતી હોય, તો એહતીયાતે વાજિબ છે કે એ નમાઝને તયમ્મુમ સાથે વખતની અંદર અદા કરે, અને જો નહિ પડે તો તેના ઉપર એ નમાઝની કઝા વાજિબ છે. એવી જ રીતે વખતની તંગી સિવાય કોઈ બીજા કારણસર તેના ઉપર તયમ્મુમ વાજિબ હોય, જેમકે પાણીના ઉપયોગથી નુકસાન થવાનો ભય હોય, તો એવા સંજોગમાં પણ એ તયમ્મુમ કરીને વખતની અંદર નમાઝ પડશે, અને જો નહિ પડે તો લાઝિમ છે કે એ નમાઝની કઝા આપે.

**મસઅલો ૪૮૦** : અગર કોઈ સ્ત્રી હયઝથી પાક થયા બાદ શક કરે કે નમાઝ અદા કરવા માટે હજી વખત છે કે નહિ, તો એણે નમાઝ પડી લેવી જોઈએ.

**મસઅલો ૪૮૧** : અગર કોઈ સ્ત્રી એમ ધારી લ્યે કે તેની પાસે તહારત કરી ઓછામાં ઓછી એક રકાત પડવાનો પણ સમય નથી, અને નમાઝ ન પડે, અને ત્યાર બાદ માલૂમ થાય કે સમય હતો, તો એ નમાઝની કઝા આપવી પડશે.

**<u>મસઅલો ૪૮૨</u>** : જે ઓરત હયઝની હાલતમાં હોય તેના માટે મુસ્તહબ છે કે જયારે નમાઝનો સમય દાખલ થાય ત્યારે પોતાને ખૂનથી પાક કરે, રૂ, પાટા, વગેરે બદલાવે, વઝુ કરે (અને જો વઝુ ન કરી શકતી હોય તો તયમ્મુમ કરે), અને નમાઝની જગ્યા ઉપર કિબ્લા તરફ મોઢું રાખીને બેસે; અને દુઆ, ઝિક્ર તથા સલવાત વગેરેમાં મશગુલ રહે.

**<u>મસઅલો ૪૮૩</u>** : હાઈઝ સ્ત્રી માટે કુરઆનની તિલાવત કરવી અથવા કુરઆને મજીદ પાસે રાખવું અથવા કુરઆને મજીદના અક્ષરો વચ્ચે ખાલી જગ્યાને અડવું, વાળને મહેંદી વગેરેથી રંગવું મકરૂહ છે.

## હાઈઝ સ્ત્રીઓના પ્રકાર :

**<u>મસઅલો ૪૮૪</u>** : હાઈઝ સ્ત્રીના **છ પ્રકારો** છે :

(૧) એ ઓરત કે જે બે મહિનામાં એક જ સમયે ખૂન જુએ; અને બંને મહિનામાં સરખી સંખ્યાના દિવસોમાં હયઝની હાલતમાં રહે. તેને "સાહેબે આદતે વકતીય્યાહ અને અદદીય્યાહ" કહેવાય છે. દાખલા તરીકે બંને મહિનામાં પહેલી તારીખથી સાતમી તારીખ સુધી હયઝની હાલતમાં હોય.

(૨) એ ઓરત કે જે બે મહિનામાં એક જ સમયે હયઝની હાલતમાં દાખલ થાય, પણ બંને મહિનામાં દિવસોની સંખ્યામાં ફેર હોય, તો તેને "સાહેબે આદતે વકતીય્યાહ" કહેવાય છે. દાખલા તરીકે બંને માસની પહેલી તારીખે હયઝ જુએ, પણ પહેલાં મહિનામાં સાત દિવસે અને બીજા મહિનામાં આઠ દિવસે પાક થાય.

(૩) એ ઓરત કે જે બે મહિનામાં સરખા દિવસોની સંખ્યામાં હયઝ જુએ, પણ હયઝની શરૂઆતની તારીખમાં ફેર હોય, તો તેને "સાહેબે આદતે અદદીય્યાહ" કહેવાય છે. જેમકે પહેલાં મહિનામાં પાંચમી તારીખથી દસમી સુધી હયઝ જુએ; અને બીજા મહિનામાં બારમી તારીખથી સત્તરમી તારીખ સુધી હયઝમાં રહે.

(૪) જે સ્ત્રી અમુક મહિનાઓ દરમ્યાન હયઝ જુએ, પણ તેની કોઈ નિયુકત આદત ન હોય, અથવા તેની જે આદત હતી તેમાં ખલલ પડે અને ત્યાર પછી કોઈ નવી આદત ન પડે, તો એને "મુઝતરેબહ" કહેવાય છે.

(૫) જે ઓરત પહેલી વાર હયઝ જુએ તેને "મુબ્તદેઆ" કહેવાય છે.

(૬) જે ઓરત પોતાની આદત ભૂલી ગઈ હોય, તેને "નાસીયાહ" કહેવાય છે. આ દરેક પ્રકાર

માટે એહકામ છે, જે હવે પછી સમજાવવામાં આવશે.

## ૧. વકતીય્યાહ અને અદદીય્યાહ :

(જે ઓરતને ચોક્કસ સમયે ચોક્કસ મુદ્દતની આદત હોય)

**મસઅલો ૪૮૫** : જે ઓરતોને હયઝની ચોક્કસ સમય અને ચોક્કસ મુદ્દતની આદત હોય છે, તે **બે પ્રકાર**ની છે :

**(૧)** જે ઓરત બે મહિના લાગલાગટ (સતત) એક જ સમયે હયઝની હાલતમાં દાખલ થાય, અને એક જ સમયે મુદ્દત પૂરી થતાં પાક થાય, જેમકે બંને માસમાં પહેલા દિવસે હાઈઝ થાય અને સાતમે દિવસે પાક થાય, તે ઓરત માટે કહેવાશે કે તેનો ચોક્કસ સમય મહિનાના પહેલા દિવસે શરૂ થાય છે અને સાતમે દિવસે ખતમ થાય છે.

**(૨)** જે ઓરત બે મહિના લગાતાર એક જ સમયે હયઝમાં દાખલ થાય, અને ત્રણ દિવસ યા એથી વધુ ખૂન જોયા બાદ એક દિવસ યા એથી વધુ માટે પાક થઈ જાય, અને ફરીથી ખૂન જારી થાય, તો અગર બંને માસમાં હયઝના દિવસો અને વચગાળામાં પાક હોવાના દિવસો કુલ મળીને સરખી સંખ્યામાં હોય, તો તે ઓરત માટે કહેવાશે કે તેની આદત એટલા દિવસોની છે કે જેટલા દિવસોમાં હયઝનું ખૂન જારી હોય, તેમાં વચ્ચેના પાક દિવસો ઉમેરવામાં નહિ આવે.

ધ્યાનમાં રહે કે દરેક માસમાં ખૂન જારી હોવાના દિવસો અને ખૂન બંધ રહેવાના દિવસોની સંખ્યા એકસરખી હોવી જોઈએ, જેમકે પહેલા મહિનામાં તેમજ બીજા મહિનામાં પહેલાં દિવસથી લઈને ત્રીજા દિવસ સુધી ખૂન જુએ, અને ત્રણ દિવસ પાક રહ્યા બાદ ફરીથી ત્રણ દિવસ માટે હાઈઝ થાય, તો તેની આદત છ દિવસની ગણાશે.

પણ અગર બીજા મહિનામાં હયઝના દિવસો વધે અથવા ઘટે, તો એ ઓરત ચોક્કસ સમયની ગણાશે, પણ ચોક્કસ મુદ્દતની નહિ ગણાય, એટલે કે વકતીય્યાહ છે પણ અદદીય્યાહ નથી.

**મસઅલો ૪૮૬** : જે ઓરતની હયઝની આદત વકતીય્યાહ હોય, એટલે કે ચોક્કસ સમયે શરૂ થતી હોય, ચાહે અદદીય્યાહ હોય કે ન હોય, અગર આદત પ્રમાણે એ જ દિવસે યા એથી એકાદ દિવસ પહેલાં ખૂન જુએ, જાણે આદત સહેજ વહેલી થઈ ગણાય, તો અગરચે હયઝના ખૂનની નિશાનીઓ તેમાં મોજૂદ ન હોય, તો પણ એ ઓરત હાઈઝના એહકામ મુજબ અમલ કરશે.

પણ પછીથી સાબિત થાય કે એ દિવસ હયઝના ન હતા, જેમકે ત્રણ દિવસથી પહેલાં જ એ પાક થઈ જાય, તો જે ઈબાદતો બજાવી ન લાવી હોય તેની કઝા આપશે.

**મસઅલો ૪૮૭** : અગર ચોક્કસ સમય અને ચોક્કસ મુદ્દત ધરાવનાર સ્ત્રી પોતાની આદતના તમામ દિવસોમાં તેમજ અમુક દિવસો પહેલાં અને બાદ ખૂન જુએ, અને જો એ દિવસો કુલ મળીને દસથી વધુ થતા ન હોય, તો એ તમામ દિવસો હયઝના ગણાશે.

પરંતુ જો કુલ મળીને સંખ્યા દસથી વધી જતી હોય, તો આદતના દિવસોમાં જે ખૂન આવ્યું હોય, માત્ર તેને જ હયઝ ગણશે, એથી પહેલાં યા બાદ આવેલા ખૂનને ઈસ્તેહાઝા ગણશે, અને એ દિવસોમાં જે ઈબાદત બજાવી લાવી ન હોય તેની કઝા આપશે.

એવી જ રીતે અગર કોઈ ચોક્કસ સમય અને મુદ્દત ધરાવનાર ઓરત પોતાની આદતના તમામ દિવસો ઉપરાંત અમુક દિવસો આદતની પહેલાં ખૂન જુએ, અને સર્વ મળીને દસ દિવસથી ન વધે, તો એ તમામ દિવસો હયઝના ગણાશે.

પણ જો કુલ સંખ્યા દસથી વધી જાય, તો ફકત આદતના દિવસોને હયઝના દિવસો ગણશે, અગરચે તેમાં હયઝના ખૂનની નિશાનીઓ ન હોય, અને બાકીના વધતા દિવસોમાં ખૂન હયઝની નિશાનીવાળું હોય, એ વધારાના દિવસોને ઈસ્તેહાઝાના દિવસો ગણશે, અને અગર એ દિવસોમાં કોઈ ઈબાદત તર્ક કરી હોય તો તેની કઝા આપશે.

અને જો હયઝની ચોક્કસ આદતના સમય બાદ પણ ખૂન દેખાય, અને જો કુલ મળીને દસ દિવસથી ન વધે, તો સર્વ દિવસો હયઝના ગણાશે, પણ જો દસ દિવસથી સંખ્યા વધી જાય, તો માત્ર આદતના ચોક્કસ દિવસો હયઝના દિવસો ગણાશે, અને બાકીના ઈસ્તેહાઝા છે.

**મસઅલો ૪૮૮** : અગર ચોક્કસ સમય અને મુદ્દતવાળી સ્ત્રી પોતાની આદતના બધાય નહિ, પણ અમુક દિવસોમાં ખૂન જુએ, અને સાથે સમયની પહેલાં પણ અમુક દિવસોમાં ખૂન દેખાય, તો અગર કુલ મળીને દસ દિવસો ન થતા હોય, તો બધાય દિવસો હયઝના ગણાશે. પરંતુ જો એ દસ દિવસથી વધી જાય, તો આદતના દિવસોમાં આદતથી પહેલાંના એટલા દિવસો ઉમેરશે કે જેથી ચોક્કસ મુદ્દતની સંખ્યા પૂરી થાય, અને એ દિવસોને હયઝના ગણશે, એ સિવાયના શરૂઆતના ઈસ્તેહાઝા કરાર દેશે.

એવી જ રીતે અગર ચોક્કસ આદતના અમુક દિવસોમાં હયઝ જુએ, અને તે બાદના દિવસોમાં પણ ખૂન દેખાય, તો જો કુલ મળીને દસ દિવસોથી વધુ ન થતા હોય, તો એ તમામ દિવસો હયઝના ગણાશે.

પરંતુ જો દસ દિવસોથી વધારે થતા હોય, તો પોતાની આદતના દિવસોમાં, બાદમાં આવેલા ખૂનના એટલા દિવસો ઉમેરશે કે જેથી તેની મુદ્દતની સંખ્યા પૂરી થાય, અને એ દિવસોને હયઝના

દિવસો ગણી બાકીના દિવસોને ઈસ્તેહાઝા કરાર દેશે.

**મસઅલો ૪૮૯** : જે ઓરત ઉપર જણાવ્યા મુજબ ચોક્કસ આદતવાળી હોય, અને એ ત્રણ દિવસ યા એથી વધુ દિવસો સુધી ખૂન જોયા બાદ પાક થઈ જાય, અને ત્યાર બાદ ફરીથી ખૂન જુએ; અને બંને ખૂન વચ્ચેનો ગાળો દસ દિવસથી ઓછો હોય, પણ ખૂનના દિવસો અને પાક હોવાના દિવસો કુલ મળીને દસ દિવસથી વધારે થતા હોય, જેમકે પાંચ દિવસ ખૂન જુએ, પછી પાંચ દિવસ સુધી પાક રહીને ફરીથી પાંચ દિવસ સુધી ખૂન જુએ, તો તેના નીચે મુજબ અલગ અલગ હુકમો છે :

**(૧)** અગર પહેલી વાર ખૂન આવ્યું તે પૂરેપૂરૂ યા અમુક આદતોના દિવસોમાં આવ્યું હોય, અને પાક થવા બાદ બીજી વાર જે ખૂન આવ્યું તે આદતના દિવસોમાં ન હોય, તો પહેલી વાર આવેલું ખૂન હયઝ ગણાશે અને બીજી વાર આવેલું ખૂન ઈસ્તહાઝા ગણાશે.

**(૨)** અગર પહેલી વાર આવેલું ખૂન આદતના દિવસોમાં ન હોય, પણ બીજી વાર આવેલું પૂરેપૂરૂ યા અમુક ખૂન આદતના દિવસોમાં હોય, તો બીજી વાર આવેલું ખૂન હયઝ ગણાશે; અને પહેલી વાર આવેલા ખૂનને ઈસ્તેહાઝા ગણશે.

**(૩)** અગર બંને વખત આવેલું અમુક ખૂન આદતના દિવસોમાં આવ્યું હોય, તો જો પહેલી વાર આવેલું ખૂન ત્રણ દિવસ સુધી રહ્યુ હોય, અને વચ્ચે તહારતના દિવસો અને ત્યાર બાદ બીજી વાર આદતના દિવસોમાં આવેલું ખૂન સાથે મળીને દસ દિવસથી વધુ ન થતા હોય, તો બંને ખૂનને હયઝ ગણશે, અને એહતીયાતે વાજિબ છે કે વચ્ચે જે તહારતના દિવસો હતા એ દરમ્યાન પાક ઓરતોની ફરજો અદા કરે, અને હાઈઝ માટે જે બાબતો હરામ છે તેને તર્ક કરે.

બીજી વાર આવેલું ખૂન જે આદતના દિવસો સિવાય પણ જારી રહે તેને ઈસ્તેહાઝા ગણશે, પણ પહેલી વાર જો આદતના દિવસોથી પહેલાં ખૂન દેખાય, જાણે આદત થોડી વહેલી થઈ ગઈ હોય, તેને હયઝ જ ગણશે.

અલબત્ત, અગર પહેલી વાર આદતથી પહેલાં આવેલા ખૂનને હયઝમાં ગણી લેવાથી બીજી વાર આદતમાં આવેલું ખૂન,પૂરેપૂરૂ યા અમુક હયઝના દસ દિવસમાંથી નીકળી જતા હોય, તો પછી પહેલી વાર આદતથી પહેલાંના ખૂનને ઈસ્તેહાઝા ગણશે.

જેમકે અગર કોઈ ઓરતની આદત હોય કે મહિનાના ત્રીજા દિવસથી દસમાં દિવસ સુધી હાઈઝ રહે, પણ એક વાર એવું બને કે પહેલાં દિવસથી છઠ્ઠા દિવસ સુધી ખૂન જુએ, પછી બે દિવસ પાક રહીને ફરીથી પંદરમાં દિવસ સુધી ખુન જુએ, તો પહેલા દિવસથી દસમાં દિવસ સુધીનું ખૂન હયઝ છે; અને અગિયારમાં દિવસથી લઈને પંદરમાં દિવસ સુધીનું ખૂન

ઈસ્તેહાઝા ગણાશે.

**(૪)** અગર આદતવાળી ઓરત પહેલી અને બીજી વાર અમુક ખૂન આદતના દિવસોમાં જુએ, પણ પહેલી વાર જે ખૂન આદતના દિવસોમાં જોયું હોય, તે ત્રણ દિવસથી કમ હોય, તો બેહતર છે કે આદતના દિવસોથી પહેલાં આવેલું ખૂન, આદત દરમ્યાન આવેલા ખૂનની સાથે ગણી, ત્રણ દિવસમાં રહેલી કસર પૂરી કરે; અને પછી એ ત્રણ દિવસને હયઝના દિવસો કરાર દે.

આમ કરવાથી બીજી વાર આદતના દિવસોમાં આવેલું અમુક ખૂન પણ જો હયઝની મુદ્દતમાં આવી જતું હોય, એટલે કે પહેલું ખૂન, વચ્ચે પાક હોવાના દિવસો, અને બીજી વારનું ખૂન કુલ મળીને દસ દિવસથી ન વધતા હોય, તો તેને પણ હયઝ કરાર દેશે, પણ જો એમ ન થતું હોય તો બીજી વારનું ખૂનના દસ દિવસથી વધતા ખૂનને ઈસ્તિહાઝા ગણાશે.

અમુક સંજોગોમાં પહેલી વાર આવેલું તમામ ખૂન હયઝ ગણાશે, પણ તેની બે શરતો છે, પ્રથમ એ કે આદતથી પહેલાં આવેલું ખૂન એટલું જ વહેલું આવેલું હોય કે એમ કહી શકાય કે ચોક્કસ આદત સહેજ વહેલી થઈ ગઈ છે, અને બીજી શરત એ કે પ્રથમ વાર આવેલા ખૂનને હયઝ કરાર દેવાથી બીજી વાર આદતના દિવસો દરમ્યાન આવેલું અમુક ખૂન હયઝના દસ દિવસોમાંથી નીકળી જાય.

દાખલા તરીકે અગર એક ઓરતની ચોક્કસ આદત ચોથીથી દસમી સુધી હોય, અને એ પહેલીથી ચોથીની સાંજ સુધી ખૂન જુએ, પછી બે દિવસ પાક રહી ફરી પંદરમી સુધી ખૂન જુએ, તો પહેલી વાર જોયેલું પૂરેપૂરૂ ખૂન હયઝ છે અને બીજી વાર દસમીની સાંજ સુધી આવેલું ખૂન પણ હયઝ ગણાશે.

**<u>મસઅલો ૪૯૦</u>** : અગર કોઈ ચોક્કસ સમય અને મુદ્દતની આદતવાળી સ્ત્રી પોતાની આદતના સમયે ખૂન ન જુએ, અને એ સિવાયના દિવસોમાં પોતાની નિયુકત મુદ્દત અને હયઝની નિશાનીઓ સાથે ખૂન જુએ, તો એને હયઝ ગણશે, ચાહે એ ખૂન પોતાની આદતથી પહેલા આવે કે બાદમાં આવે.

**<u>મસઅલો ૪૯૧</u>** : અગર ચોક્કસ મુદ્દત અને આદતવાળી ઓરત પોતાના નિયુકત સમયે ત્રણ યા એથી વધુ દિવસો સુધી ખૂન જુએ, પણ એની ગણત્રી પોતાની હંમેશની મુદ્દતથી ઓછી હોય, અને ત્યાર બાદ પાક થઈ અને ફરી પોતાની હંમેશની મુદ્દત પ્રમાણેના દિવસો સુધી ખૂન જુએ, તો તેના હુકમો નીચે મુજબ છે :

**(૧)** અગર બંને ખૂનના દિવસો, દરમ્યાન પાક હોવાના દિવસો સાથે, કુલ મળીને દસ દિવસોથી વધતા ન હોય, તો બંને ખૂન હયઝ ગણશે.

**(૨)** અગર બંને ખૂન દરમ્યાન તહારતના દિવસો દસથી વધારે હોય, તો બંને ખૂનને અલગ

અલગ હયઝ ગણશે.

**(૩)** અગર દરમ્યાનમાં તહારતના દિવસો દસથી ઓછા હોય, પણ બંને ખૂનના દિવસો અને તહારતના દિવસો કુલ મળીને દસથી વધી જતા હોય, તો પ્રથમ ખૂનને હયઝ ગણશે, અને બીજી વાર આવેલું ખૂન ઈસ્તિહાઝા ગણાશે.

**મસઅલો ૪૯૨** : અગર ચોક્કસ સમય અને મુદ્દતની આદતવાળી સ્ત્રી દસ દિવસથી વધુ ખૂન જુએ, તો જે ખૂન આદતના દિવસોમાં જોયું હોય એ હયઝ ગણાશે, ચાહે તેમાં હયઝની નિશાનીઓ મોજૂદ ન હોય.

અને જે ખૂન આદતના દિવસો સિવાયના દિવસોમાં જોયું હોય એ ઈસ્તિહાઝા ગણાશે, ચાહે તેમાં હયઝની નિશાનીઓ મોજૂદ હોય.

દાખલા તરીકે કોઈ ઓરતની આદત હોય કે એ પહેલીથી સાતમી સુધી હંમેશાં ખૂન જુએ છે, અને તે પહેલીથી બારમી સુધી ખૂન જુએ, તો શરૂઆતના સાત દિવસો હયઝના અને બાકીના પાંચ દિવસો ઈસ્તિહાઝાના ગણશે.

## ૨. સમયની આદતવાળી સ્ત્રી :

**(વકતીય્યાહ)**

**મસઅલો ૪૯૩** : અમુક ઓરતોની માત્ર હયઝના સમયની આદત હોય છે, એટલે કે દર વખતે શરૂઆત મુકરર સમયે થાય છે. એમાં **બે પ્રકાર** છે :

**(૧)** એ ઓરત કે જેને લાગલાગટ (સતત) બે માસ દરમ્યાન મુકર્રર સમયે જ હયઝની શરૂઆત થાય; અને અમુક દિવસો બાદ પાક થાય, પણ બંને માસમાં દિવસોની સંખ્યા એક સરખી ન હોય, દાખલા તરીકે બંને માસમાં લાગલાગટ (સતત) મહિનાના પહેલા દિવસે હયઝ જુએ, પરંતુ પહેલા મહિનામાં સાતમા દિવસે અને બીજા મહિનામાં આઠમા દિવસે પાક થાય, આ ઓરત મહિનાના પહેલા દિવસને પોતાની આદતના પહેલા દિવસ તરીકે નિયુકત કરશે.

**(૨)** એ ઓરત કે જે લાગલાગટ (સતત) બે માસ મુકર્રર વખતે હયઝ જુએ, પણ ત્રણ દિવસ યા એથી વધુ ખૂન જોયા બાદ વચ્ચે થોડાક દિવસો પાક રહે, વળી ફરીથી અમુક દિવસોમાં હયઝ જુએ, અને એ કુલ દિવસો, દરમ્યાનમાં પાક હોવાના સમય સહિત, દસ દિવસથી ન વધે, પણ બીજા મહિનામાં દિવસોની સંખ્યા પહેલા માસથી ઓછી યા વધારે હોય, તો એવી ઓરત પણ દર મહિનાના પહેલા દિવસને હયઝનો પહેલો દિવસ કરાર દેશે.

**<u>મસઅલો ૪૯૪</u>** : જે ઓરતના હયઝની શરૂઆતનો દિવસ મુકર્રર હોય, અગર તે મુકર્રર સમયે યા એથી એકાદ દિવસ પહેલા ખૂન જુએ, તો તેને હયઝવાળી ઓરત માટે જણાવેલા હુકમો મુજબ અમલ કરવો જોઈએ, અને તે વિષે ખુલાસો મસઅલા નં. ૪૮૯ માં આપવામાં આવ્યો છે.

ઉપરોકત બે સંજોગો સિવાય કોઈ ઓરત પોતાની આદતના દિવસથી એટલું વહેલું ખૂન જુએ કે એમ ન જ કહી શકાય કે આદતમાં સહેજ ફેર પડી ગયો છે, બલ્કે એમ જ કહેવાય કે આદત સિવાયના દિવસોમાં ખૂન આવ્યું છે, તો અગર એ ખૂનમાં હયઝની નિશાનીઓ મોજૂદ હોય, તો હાઈઝ સ્ત્રી માટે દર્શાવેલા હુકમ મુજબ અમલ કરશે.

એવી જ રીતે અગર આદત પસાર થઈ ગયા બાદ ખૂન જુએ, તો અગર તેમાં હયઝની નિશાનીઓ મોજૂદ હોય, તો હાઈઝ સ્ત્રીના હુકમો મુજબ અમલ કરશે.

અને જો તેમાં હયઝની નિશાનીઓ મોજૂદ ન હોય, પણ ઓરતને ખાત્રી હોય કે એ ખૂન ત્રણ દિવસ સુધી રહેશે, તો પણ હાઈઝ સ્ત્રીના હુકમો મુજબ અમલ કરશે.

જો ઓરતને યકીન હોય કે ત્રણ દિવસ સુધી એ ખૂન રહેશે કે નહિ, તો એહતીયાતે વાજિબની રૂએ ઓરત જે કાર્યો મુસ્તહાઝા ઉપર વાજિબ છે તેને બજાવી લાવશે, અને હાઈઝ માટે જે હરામ છે તેને તર્ક કરશે.

**<u>મસઅલો ૪૯૫</u>** : જે ઓરતના હયઝનો પહેલો દિવસ મુકર્રર હોય,અને એ આદત દરમ્યાન જ ખૂન જુએ, પણ દિવસોની સંખ્યા દસથી વધી જતી હોય, તો હયઝની નિશાનીઓ જેટલા દિવસ મોજૂદ જણાય તેટલા દિવસ હયઝના ગણશે, અને અગર એ નિશાનીઓ ઉપર આધાર રાખી દિવસોની ગણત્રી નિયુકત ન કરી શકે તો પોતાના મા-બાપના કુટુંબમાં જીવતી યા ગુજરી ગયેલી સંબંધિત સ્ત્રીઓમાંની કોઈ પણ એકની આદત મુજબ પોતાની સંખ્યા કરાર દેશે, પણ તેમાં **બે શરતો** છે:

**(૧)** જે ઓરતની આદત અપનાવવા માંગતી હોય, તો ઓરતની અને પોતાની પરિસ્થિતિ વચ્ચે તફાવત ન હોવો જોઈએ, જેમકે એ સંબંધિત સ્ત્રી ઘરડી હોય અને પોતે જુવાન હોય, અથવા એ સ્ત્રીને હયઝ બંધ થવાના દિવસો નજીક આવી ગયા હોય, તો તેની સાથે સરખામણી ન થઈ શકે, કારણ કે એવી સ્ત્રીની આદતમાં દિવસો ઘટી જવા પામે છે.

**(૨)** જે ઓરતની આદત ધારણ કરે તેમાં અને સગા-સ્નેહીઓમાં બીજી સ્ત્રીઓ વચ્ચે કે જે પહેલી શરત ધરાવનાર છે તફાવત ન હોય, પણ અગર નજીવો ફેર હોય તો તેમમાં વાંધો નથી.

એવી જ રીતે ઓરતના હયઝનો પહેલો દિવસ મુકર્રર હોવા છતાં એ વખતે તદ્દન ખૂન ન જુએ

અને તે સિવાયના દિવસોમાં દસથી વધુ દિવસો સુધી ખૂન જુએ અને હયઝની નિશાનીઓ ઉપર આધાર રાખીને પણ દિવસોની ગણત્રી નક્કી ન કરી શકે, તો ઉપર જણાવેલા મસઅલા મુજબ અમલ કરશે.

**મસઅલો ૪૯૬** : જે ઓરતની આદતનો દિવસ મુકર્રર હોય, તે પોતાના હયઝના દિવસોને આદત સિવાયના સમયમાં ફેરવી નહિ શકે.

જેમકે અગર એક ઓરતને પોતાની આદતની શરૂઆતનો દિવસ ખબર હોય, દાખલા તરીકે મહિનાના પહેલા દિવસે તેને ખૂન આવતું હોય, અને કોઈ વાર પાંચ અને કોઈ વાર છ દિવસ બાદ પાક થઈ જતી હોય, તો જો બનવાકાળ એક મહિનામાં તેને બાર દિવસ સુધી ખૂન જણાય, અને હયઝની નિશાનીઓની મદદ વડે પરખ પણ ન કરી શકે, તો એ ઓરત મહિનાના પહેલા દિવસને હયઝનો પહેલો દિવસ ગણશે; અને મુદ્દતની ગણત્રી માટે મસઅલા નં. ૪૯૫ મુજબ અમલ કરશે.

અને જો એ પોતાની આદતની વચલી કે છેલ્લી મુદ્દતથી વાકેફ હોય, અને તેને ખૂન દસ દિવસથી વધુ આવે, તો ગણત્રી કરતી વેળા એ ચોકસાઈ રાખે કે છેલ્લી યા વચલી મુદ્દત પોતાની આદતને અનુસરીને હોય.

**મસઅલો ૪૯૭** : જે ઓરતના હયઝની શરૂઆતનો દિવસ મુકર્રર હોય, અને એ દિવસથી વધુ ખૂન જુએ, અને મસઅલા નં. ૪૯૫ માં જણાવેલી રીત મુજબ હયઝના દિવસો નિયુકત ન કરી શકે, જેમકે હયઝની નિશાનીઓ તેમાં ન હોય અથવા બે શરતોમાંથી કોઈ એક તેમાં ન હોય, તો એવા સંજોગમાં એ ઓરતને ઈખ્તીયાર છે કે ગણત્રી ત્રણથી દસ દિવસ, જે સંખ્યા તેને અનુકુળ જણાય, તો પોતાના હયઝના દિવસો તરીકે કરાર દે, અને જો છ અને આઠ દિવસો સુધી પોતા માટે મુનાસિબ સમજે તો બેહતર છે કે સાત દિવસ ધારણ કરે, પણ પોતાની આદતની શરૂઆતનો દિવસ દરેક હાલમાં ધ્યાનમાં લેવો જરૂરી છે.

## 3. સંખ્યાની આદતવાળી સ્ત્રી :

**(અદદીય્યાત)**

**મસઅલો ૪૯૮** : જે ઓરતો “અદદીય્યાહ” હોય છે, તે **બે પ્રકાર**ની છે :

**(૧)** બે મહિના સુધી લાગલાગટ (સતત) એક જ મુદ્દત દરમ્યાન ખૂન જુએ, પણ મુદ્દતની શરૂઆતના દિવસો એક સરખા ન હોય, જેમકે પહેલા મહિનામાં પહેલા દિવસથી પાંચમા દિવસ સુધી ખૂન જુએ, અને બીજા મહિનામાં અગિયારમાં દિવસથી પંદરમાં દિવસ સુધી ખૂન

જુએ, તો એવી સ્ત્રીની આદત પાંચ દિવસની ગણાશે.

**(૨)** બે મહિના સુધી લાગલાગટ (સતત) ત્રણ દિવસ યા એથી વધુ મુદ્દત માટે ખૂન જોયા બાદ એકાદ દિવસ પાક રહે; અને ત્યારબાદ ફરીથી ખૂન દેખાય, તો અગર

(અ) બંને માસમાં શરૂઆતની તારીખોમાં ફેર હોય.

(બ) ખૂનના દિવસો અને વચ્ચે પાક રહેવાના દિવસો કુલ મળીને દસ દિવસથી ન વધે.

(જ) અને બંને માસમાં ખૂનના દિવસોની ગણત્રી એક સરખી હોય.

તો જેટલા દિવસોમાં એ સ્ત્રીએ ખૂન જોયું હોય, એ સંખ્યાની મુદ્દત આદત તરીકે ગણશે, અને વચ્ચે જે તહારતના દિવસો આવ્યા હોય, તેમાં અહવતની રૂએ હયઝથી પાક સ્ત્રી ઉપર અમલ વાજિબ છે તે બજાવી લાવે; અને હાઈઝ ઉપર જે બાબતો હરામ છે તેનાથી પરહેઝ કરે.

દાખલા તરીકે અગર કોઈ ઓરત એક માસમાં પહેલીથી ત્રીજી સુધી ખૂન જુએ, અને પછી બે દિવસ પાક રહ્યા બાદ ફરી ત્રણ દિવસ ખૂન જુએ, એવી જ રીતે બીજા માસમાં અગિયારમી થી તેરમી સુધી ખૂન જુએ અને બે દિવસ પાક રહી ફરી ત્રણ દિવસ ખૂન જુએ, તો એ ઓરતની મુદ્દતની આદત છ દિવસ ગણાશે.

પણ જો એક માસમાં દાખલા તરીકે આઠ દિવસ ખૂન જુએ, અને બીજા મહિનામાં ચાર દિવસ જોઈ, અમુક દિવસ પાક રહી ફરીથી ખૂન જુએ, અને એ રીતે કુલ આઠ દિવસ થાય તો એ ઓરત મુદ્દતની આદત ધરાવનાર નહિ ગણાય, બલ્કે મુઝતરેબહ ગણાશે, જેના હુકમો હવે પછી બયાન થશે.

**મસઅલો ૪૯૯** : અગર કોઈ ઓરત ચોક્કસ મુતની આદત ધરાવતી હોય, પણ આદત કરતાં વિશેષ અથવા ઓછી મુદ્દત માટે ખૂન જુએ, અને એ દસ દિવસથી ન વધે, તો બધાય દિવસોને હયઝના કરાર દેશે.

પણ જો પોતાની આદત કરતાં વધુ મુદ્દત માટે ખૂન જુએ, અને દસ દિવસથી વધી જાય, તો પોતાની આદતના દિવસોની ગણત્રી મુજબ હયઝ ગણશે; અને બાકીના દિવસો ઈસ્તિહાઝાના ગણશે. પણ જો એ ખૂન એક જ પ્રકારનું ન હોય, બલ્કે અમુક દિવસોમાં ખૂનમાં હયઝની નિશાનીઓ જણાય અને બાકીના દિવસોમાં ઈસ્તિહાઝા જેવું દેખાય, તો તેની **ત્રણ** સૂરતો છે :

(અ) અગર જેટલા દિવસો હયઝની નિશાની સાથે ખૂન દેખાય તેની સંખ્યા, એ ઓરતની આદતની સંખ્યા પ્રમાણે હોય, તો એટલા જ દિવસોને હયઝ ગણી બાકીને ઇસ્તિહાઝા ગણશે.

(બ) અગર હયઝની નિશાની સાથેનું ખૂન પોતાની આદત કરતાં વધુ દિવસો સુધી ચાલું રહે, તો ફકત પોતાની આદતના દિવસોને હયઝ કરાર દઈ બાકીને ઈસ્તિહાઝા ગણશે.

(જ) અગર હયઝની નિશાની સાથેનું ખૂન આદત કરતાં ઓછા દિવસો સુધી દેખાય, તો એ દિવસોમાં બીજા દિવસોને ઉમેરો કરી પોતાની આદતની સંખ્યા પ્રમાણે નક્કી કરે; અને એ પછીના દિવસોને ઈસ્તિહાઝા કરાર દે.

## ૪. મુઝતરેબહ :

**મસઅલો ૫૦૦** : મુઝતરેબહ એ ઓરતને કહેવાય કે જે મહિનાઓ સુધી ખૂન જુએ, પણ કોઈ નિશ્ચિત આદત ધારણ ન કરે, ન તો હયઝની શરૂઆતનો કોઈ ચોક્કસ દિવસ હોય, અને ન તો હયઝની મુદ્દત નિયુકત થાય.

એવી ઓરત અગર દસ દિવસથી વધુ મુદ્દત માટે ખૂન જુએ, અને દસેય દિવસમાં આવતું ખૂન એક જ પ્રકારનું હોય, એટલે કે યા તો હયઝની નિશાનીવાળું હોય યા ઈસ્તિહાઝાની, તો એનો હિસાબ એ આદતવાળી સ્ત્રી જેવો છે કે જે પોતાના નિયુકત સમય સિવાયના દિવસોમાં ખૂન જુએ, અને નિશાનીઓ વડે હયઝને ઈસ્તેહાઝાથી અલગ પારખી ન શકે.

અહવતની રૂએ એવી ઓરત પોતાના અમુક સગા-વહાલાઓની આદત મુજબ પોતાની આદત કરાર દેશે; અને અગર તે પણ શક્ય ન હોય તો ગણત્રી ત્રણ દિવસથી લઈને દસ દિવસ સુધીની કોઈ પણ અનુકૂળ સંખ્યા ધારણ કરશે. એ બધી બાબતોનો ખુલાસો મસઅલા નં. ૪૯૫ અને ૪૯૭ માં આવી ગયો છે.

**મસઅલો ૫૦૧** : મુઝતરેબહ સ્ત્રી અગર દસ દિવસથી વધુ ખૂન જુએ કે જેમાં અમુક દિવસોમાં ખૂન હયઝની નિશાની ધરાવતું હોય, અને અમુક દિવસોમાં ઈસ્તેહાઝાની નિશાનીવાળું હોય, તો અગર હયઝની નિશાનીવાળું ખૂન ત્રણ દિવસથી ઓછું અને દસ દિવસથી વધુ ન રહે, તો એ નિશાનીવાળા તમામ દિવસો હયઝના ગણાશે, અને એ ઉપરાંતના દિવસો ઈસ્તિહાઝાના સમજવા.

પણ અગર ખૂન ત્રણ દિવસથી કમ અથવા દસ દિવસથી વધારે રહે, તો હયઝની મુદ્દત નક્કી કરવા માટે આથી પહેલાંના મસઅલા મુજબ અમલ કરવો જોઈએ.

ઉપર જણાવ્યા મુજબ જે હયઝનું ખૂન નક્કી કર્યું હોય, તે બાદ દસ દિવસ વીતી જવા પહેલાં જો ફરીથી હયઝની નિશાનીઓ સાથે ખૂન દેખાય, તો બઈદ નથી ઈસ્તિહાઝા ગણશે.

## ૫. મુબ્તદેઅહ :

**મસઅલો ૫૦૨** : જે સ્ત્રી પ્રથમ વાર ખૂન જુએ તેને "મુબ્તદેઅહ" કહેવાય, પણ અગર તે દસ દિવસથી વધારે એક જ જાતનું ખૂન જુએ, તો પોતાના સગા-વ્હાલાઓમાં કોઈ પણ એક સ્ત્રીની આદત

મુજબ પોતાની હયઝની આદત નક્કી કરશે, અને બાકીના દિવસોને ઈસ્તિહાઝા ગણશે, પણ તે માટે મસઅલા નં. ૪૯૫માં જણાવેલ શરતો તેને લાગું પડશે, અને અગર એ મુમ્કીન ન હોય તો ત્રણ અને દસની વચ્ચે કોઈ પણ એક સંખ્યા હયઝ માટે કરાર દેશે, જે માટે મસઅલા નં. ૪૯૭માં હુકમ દર્શાવવામાં આવ્યો છે.

**મસઅલો ૫૦૩** : અગર મુબ્તદેઅહ સ્ત્રી દસ દિવસથી વધારે ખૂન જુએ, જેમાં અમુક હયઝની નિશાનીવાળું ખૂન હોય અને અમુક ઈસ્તેહાઝાની નિશાની ધરાવતું હોય, તો જો હયઝની નિશાનીવાળું ખૂન ત્રણ દિવસથી કમ અને દસ દિવસથી વધુ ન રહેવા પામે, તો એ તમામ દિવસો હયઝ ગણાશે.

પણ એ હયઝના દિવસો બાદ દસ દિવસ વીતે એથી પહેલાં ફરી હયઝની નિશાનીવાળું ખૂન દેખાય, જેમકે પાંચ દિવસ હયઝની નિશાનીવાળું કાળાશ પડતું ખૂન હોય, ત્યાર બાદ નવ દિવસ માટે પીળાશવાળું ખૂન હોય, અને ફરી કાળાશ પડતું ખૂન પાંચ દિવસ માટે દેખાય, તો પ્રથમ જે ખૂન આવ્યું એ હયઝ અને એ પછીનાં બે ખૂન ઈસ્તિહાઝાના ગણાશે, જે મુઝતરેબહના મસઅલામાં સમજાવી ચૂક્યા છીએ.

**મસઅલો ૫૦૪** : મુબ્તદેઅહ સ્ત્રી અગર દસ દિવસથી વધુ ખૂન જુએ, જેમાં અમુક દિવસોમાં હયઝની નિશાનીવાળું ખૂન આવે, અને બાકીના દિવસોમાં ઈસ્તેહાઝાની નિશાની જણાય, પણ હયઝની નિશાનીવાળું ખૂન ત્રણ દિવસથી કમ રહ્યુ હોય, તો તેને હયઝ કરાર દેશે, અને મુદ્દતની આદત નક્કી કરવા માટે મસઅલા નં. ૫૦૧ મુજબ વર્તશે.

## ૬. નાસીયહ :

**મસઅલો ૫૦૫** : જે ઓરત હયઝની આદતની મુદ્દત (દિવસોની સંખ્યા) ભૂલી ગઈ હોય તેને "નાસીયહ" કહેવાય છે; અને તેવી ઓરતના અમુક પ્રકારો છે :

એક એ કે જેની ચોક્કસ, નિશ્ચિત મુદ્દત હતી અને "અદદીય્યાહ" કહેવાતી હતી, અને ત્યાર બાદ પોતાની એ મુદ્દત તેને યાદ ન હોય, આવી સ્ત્રી અગર ખૂન જુએ કે જે ત્રણ દિવસથી કમ ન હોય અને દસ દિવસથી વધારે ન હોય તો એને હયઝ કરાર દેશે.

પણ અગર દસ દિવસથી વધુ મુદ્દત માટે ખૂન રહે, તો પછી તેને "મુઝતરેબહ"નો હુકમ લાગુ પડશે, જેનો ઉલ્લેખ મસઅલા નં. ૫૦૦ અને પછી ૫૦૧ માં કરવામાં આવ્યો છે, પણ એમાં ફેર માત્ર એટલો છે કે હયઝની મુદ્દત એટલી ઓછી કરાર ન દે કે જે માટે તેને ખબર હોય કે તેની એટલી ઓછી આદત ન હોઈ શકે, અને ન તો એટલી વધારે કરાર દે કે જે માટે તેને જાણ હોય કે એટલી વધુ મુત

તેની ન હોઈ શકે.

એવી રીતે જે ઓરતની મુદ્દત નાકીસ હોય, એટલે કે તેને શક હોય કે તેને ત્રણ દિવસથી વધુ અને છ દિવસથી ઓછું ખૂન હોય છે કે નહિ, જેમકે મહિનામાં છ દિવસ અથવા સાત દિવસ સુધી ખૂન રહેતું હોય, તે ખૂનની પરખ હયઝની નિશાની વડે ન કરી શકતી હોય, તેમજ પોતાના કુટુંબીજનોમાં કોઈપણ એક સ્ત્રીની આદત ઉપર આધાર ન રાખી શકતી હોય, અને ન તો જે સંજોગમાં ખૂન દસ દિવસથી વધારે રહે તે સંજોગમાં એ બે સંખ્યાથી વધ-ઘટ કોઈ સંખ્યા નિયુકત કરી શકે, તો એવી ઓરત પણ ઉપરોકત મસઅલામાં જણાવેલ સાવચેત પ્રમાણે અમલ કરશે.

## હયઝના જુદા જુદા મસાઈલ :

**મસઅલો ૫૦૬** : જે સ્ત્રી "મુબ્તદેઅહ" અથવા "નાસીયાહ" હોય, યા તો મુદ્દતની ચોક્કસ આદતવાળી હોય, તે અગર હયઝની નિશાનીઓ સાથે ખૂન જુએ, અથવા યકીન ધરાવતી હોય કે એ ખૂન ત્રણ દિવસ સુધી રહેશે, તો તેના માટે જરૂરી છે કે નમાઝ-ઈબાદતને તર્ક કરે, અને જો પછીથી ખબર પડે કે એ હયઝનું ખૂન ન હતું, તો જે ઈબાદતો રહી જવા પામી હોય તેની કઝા આપે.

**મસઅલો ૫૦૭** : અગર કોઈ ઓરત હયઝની શરૂઆતના સમયની આદત યા તેની મુદ્દતની અથવા બંને આદતો નિશ્ચિતપણે ધરાવતી હોય, અને એવું બને કે આગળ જતાં સમય કે મુદ્દત બંનેમાં એવી રીતે ફેર પડે કે બે માસ સુધી લાગલાગટ (સતત) સમય અને મુદ્દત બંને સરખા રહે, તો પછી એ બે માસથી નવી આદત પડી હોય એવું ગણાશે. દાખલા તરીકે અગાઉ મહિનાના પહેલા દિવસથી સાતમા દિવસ સુધી એ ખૂન જોતી હતી અને પાક થઈ જતી હતી, અને હવે બે માસ દરમ્યાન દસમા દિવસથી સત્તરમા દિવસ સુધી ખૂન જોઈને પાક થઈ હોય, તો તેની હવે નવી આદત દસમીથી સત્તરમી સુધી ગણાશે.

**મસઅલો ૫૦૮** : આ મસાઈલમાં જયાં મહિનાનો ઉલ્લેખ થાય છે, ત્યાં એથી મુરાદ જયારથી ખૂન દેખાવાનું શરૂ થાય ત્યારથી ત્રીસ દિવસ વીતી જાય ત્યાં સુધી છે. એથી મુરાદ મહિનાની તારીખો નથી.

**મસઅલો ૫૦૯** : જે ઓરત સામાન્ય રીતે મહિનામાં એક જ વાર ખૂન જોતી હોય, તે અગર કોઈ મહિનામાં બે વાર ખૂન જુએ, અને બંનેમાં હયઝની નિશાનીઓ પણ મોજૂદ હોય, અને અગર દરમ્યાનના તહારતના દિવસો દસથી ઓછા ન હોય, તો બંને ખૂનને હયઝ કરાર દેશે.

**મસઅલો ૫૧૦** : અગર કોઈ સ્ત્રી ત્રણ દિવસ યા એથી વધુ હયઝની નિશાની સહિત ખૂન

જુએ, અને તે બાદ દસ યા એથી વધુ દિવસોમાં ઈસ્તિહાઝાની નિશાનીઓવાળું ખૂન દેખાય, અને ફરીવાર બે-ત્રણ દિવસ હયઝની નિશાની સહિત ખૂન જુએ, તો પહેલા અને છેલ્લા દિવસોમાં જે હયઝની નિશાનીવાળું ખૂન જોયું હતું તેને હયઝ કરાર દેશે.

**મસઅલો ૫૧૧** : અગર કોઈ સ્ત્રી દસ દિવસ પૂરા થાય એથી પહેલા પાક થાય, અને એ જાણતી હોય કે શરીરના અંદરના ભાગમાં કોઈ ખૂન બાકી નથી, તો તેને ઈબાદતો બજાવી લાવવા માટે ગુસ્લ કરી લેવું જોઈએ, અગરચે એને એવું અનુમાન હોય કે દસ દિવસ પૂરા થાય તે પહેલાં ફરીવાર ખૂન દેખાશે.

અને જો એને ખાત્રી હોય કે દસ દિવસ પૂરા થતાં પહેલાં ફરી વાર ખૂન દેખાશે, તો પણ ઉપર જણાવ્યા મુજબ એહતીયાતની રૂએ ગુસ્લ કરી પોતાની ઈબાદતો બજાવી લાવે, અને સાથે જે બાબતો હાઈઝ સ્ત્રી ઉપર હરામ છે તેને તર્ક કરે.

**મસઅલો ૫૧૨** : અગર કોઈ ઓરત દસ દિવસથી પહેલાં પાક થઈ જાય, અને એને એવું ગુમાન હોય કે શરીરના અંદરના ભાગમાં હજી ખૂન છે, તો પછી થોડુંક રૂ શરમગાહમાં દાખલ કરી થોડીક વાર સબર કરે. (અલબત્ત એટલો સમય સબર કરે કે જેટલા સમયમાં સ્ત્રીઓ સારી પેઠે નક્કી કરી શકે કે પાક છે.) જયારે રૂ બહાર લાવે ત્યારે અગર પાક જણાય તો ગુસ્લ કરી પોતાની ઈબાદતો બજાવી લાવે. તપાસ કર્યા વગર ઈબાદત તર્ક કરવી જાએઝ નથી.

પણ જો એ પાક ન થઈ હોય, અગરચે એ રૂમાં થોડીક પીળાશ લાગેલી હોય, તો અગર એ સ્ત્રીની કોઈ નિયુકત આદત ન હોય અથવા એની ચોક્કસ આદત દસ દિવસની હોય, અથવા એની ચાલું આદતના દિવસો બાકી હોય તો સબર કરે, જેથી :

**(૧)** અગર દસ દિવસ પહેલા તદ્દન પાક થઈ જાય, તો તે વેળા ગુસ્લ કરે;

**(૨)** અગર દસમે દિવસે પાક થાય, તો એ દિવસે ગુસ્લ કરે;

**(3)** અગર ખૂન દસ દિવસથી વધી જાય, તો પણ દસમે દિવસે ગુસ્લ કરે.

અને જો એ સ્ત્રીની આદત દસ દિવસથી ઓછી હોય, અને એને ખબર હોય કે દસ દિવસ પહેલાં અથવા દસમે દિવસે એ પાક થઈ જશે, તો એ ત્યારે ગુસ્લ નહિ કરે.

અને જો એને એવું ગુમાન હોય કે ખૂન દસ દિવસથી વધી જશે, તો એહતીયાતે મુસ્તહબ છે કે એક દિવસની ઈબાદત તર્ક કરે, બલ્કે દસમા દિવસ સુધી ઈબાદત તર્ક કરી શકે છે, પણ એ હુકમ ખાસ એવી ઓરતો માટે છે કે જેને આદતથી પહેલાં ચાલુ ખૂન આવતું ન હોય, નહિતર આદત પસાર થઈ ગયા બાદ ઈબાદત તર્ક કરવી જાઈઝ નથી.

**મસઅલો ૫૧૩** : અગર અમુક દિવસોમાં ખૂનને હયઝ કરાર દે અને ઈબાદત ન બજાવી લાવે, અને ત્યાર બાદ ખાત્રી થાય કે હયઝ ન હતું, તો એ દિવસોમાં તર્ક કરેલ નમાઝ, રોઝાની કઝા દેવી જરૂરી છે; એવી જ રીતે જે દિવસોમાં એમ ધારીને કે હયઝ નથી, ઈબાદતો બજાવી લાવે, અને પછીથી ખાત્રી થાય કે હયઝ હતું, તો એ દિવસોમાં રાખેલા રોઝાની કઝા દેવી પડશે.

## નિફાસ :

**મસઅલો ૫૧૪** : માના પેટથી બાળકના શરીરનો પ્રથમ ભાગ જયારે બહાર આવી જાય, ત્યારથી ઓરત જે ખૂન જુએ, અને એ ખૂન દસ દિવસની અંદર યા તો દસમે દિવસે બંધ થાય, તો તેને નિફાસ કહેવાય છે, અને નિફાસની સ્ત્રીને "નફસાઅ" કહેવાય છે.

**મસઅલો ૫૧૫** : બાળકના શરીરનો પ્રથમ ભાગ બહાર આવે, એથી પહેલાં સ્ત્રી જે ખૂન જુએ, તે નિફાસ નથી.

**મસઅલો ૫૧૬** : એ જરૂરી નથી કે બાળક શરીરના તમામ ભાગો સાથે પુરૂ જન્મે, બલ્કે અગર તેમાં કોઈ ખોડ-ખાંપણ હોય, પણ જન્મ થયો છે એ કહી શકાય તો કાફી છે, અને એ જન્મ બાદ જે ખૂન દસ દિવસ સુધી દેખાય એ નિફાસ છે.

**મસઅલો ૫૧૭** : એ શક્ય છે કે નિફાસનું ખૂન એક પળથી વધુ માટે ન વહે, પણ કોઈ પણ સંજોગે દસ દિવસથી વધુ ન હોઈ શકે.

**મસઅલો ૫૧૮** : અગર કોઈ ઓરત શક કરે કે ગર્ભપાત થયો છે કે નહિ, અથવા જે તેના શરીરથી અવતર્યુ છે એ બાળક છે કે નહિ, તો તેની તપાસ કરવી જરૂરી નથી, અને એ સંજોગમાં જે ખૂન દેખાય તેને નિફાસ નહિ ગણે.

**મસઅલો ૫૧૯** : એહતીયાતની રૂએ મસ્જિદમાં થોભવું, અને બીજા તમામ કાર્યો જે હયઝવાળી સ્ત્રી માટે હરામ છે તે "નફસાઅ" માટે પણ હરામ છે, અને જે બાબતો હાઈઝ ઉપર વાજિબ છે, તે નફસાઅ ઉપર પણ વાજિબ છે.

**મસઅલો ૫૨૦** : નિફાસની હાલતમાં સ્ત્રીને તલાક દેવી અને તેની સાથે સંભોગ કરવો હરામ છે, પણ અગર તેનો ધણી તેની સાથે જાતીય સમાંગમ કરે, તો વિના ઈશ્કાલ કફ્ફારો લાગુ નહિ પડે.

**મસઅલો ૫૨૧** : જયારે ઓરત નિફાસના ખૂનમાંથી પાક થઈ જાય, તો તેણે ગુસ્લ કરીને પોતાની ઈબાદતો બજાવી લાવવી જોઈએ.

અને તે પછી એક વાર યા એથી વિશેષ ખૂન જુએ, તો અગર ખૂનના દિવસો અને દરમ્યાનના

તહારતના દિવસો મળીને દસ દિવસથી ન વધે, તો એ બંને ખૂનને નિફાસ ગણશે, અને અહવત છે કે દરમ્યાનના તહારતના સમયમાં એક પાક સ્ત્રી માટે જે અમલ વાજિબ હોય છે તે બજાવી લાવે, અને જે અમલ નફસાઅ માટે હરામ છે તેને તર્ક કરે, એનો અર્થ એ કે અગર એ દિવસોમાં રોઝો રાખ્યો હોય તો તેની કઝા આપે.

પણ જો બીજી વાર જે ખુન આવ્યું તે દસ દિવસથી વધી જાય, અને જો એ સ્ત્રીને હયઝની મુદ્દતની આદત ન હોય, તો દસ દિવસ દરમ્યાન જે ખૂન આવ્યું તેને નિફાસ ગણી બાકીના ઈસ્તેહાઝા શુમાર કરશે.

અને જો એ સ્ત્રી હયઝ માટે મુદ્દતની આદત ધરાવતી હોય, એટલે કે "અદદીય્યાહ" હોય, તો એહતીયાત છે કે આદતની મુદ્દત બાદ જે ખૂન જારી રહ્યું હોય તે અરસામાં મુસ્તહાઝાના અમલ બજાવી લાવે, અને નફસાઅ માટે જે બાબતો છે તેને તર્ક કરે.

**<u>મસઅલો પ૨૨</u>** : નિફાસના ખૂનથી પાક થયા બાદ એવું ગુમાન થાય કે કદાચ શરીરના અંદના ભાગમાં ખૂન હશે, તો થોડુંક રૂ શરમગાહમાં રાખી થોડીક વાર સબર કરે, અગર પાક જણાય તો ઈબાદતો માટે ગુસ્લ કરી લ્યે.

**<u>મસઅલો પ૨૩</u>** : અગર નિફાસ સમયે આવતું ખૂન દસ દિવસથી વધી જાય, તો અગર એ સ્ત્રીની હયઝની ચોક્કસ અને નિયુકત આદત છે, તો આદતની મુદ્દત પ્રમાણે નિફાસના દિવસો કરાર દેશે, અને બાકીના દિવસોને ઈસ્તિહાઝા ગણશે.

અને જો તેની કોઈ આદત ન હોય, તો દસ દિવસ નિફાસના અને બાકીના ઈસ્તિહાઝાના ગણશે.

એહતીયાતે વાજિબ છે કે નિશ્ચિત આદતવાળી સ્ત્રી આદત ખતમ થયા બાદ બીજે દિવસથી, અને આદત વગરની સ્ત્રી દસમો દિવસ ખતમ થયા બાદ પ્રસૂતિથી અઢારમા દિવસ સુધી ઈસ્તિહાઝાના હુકમ પ્રમાણે અમલ કરે, અને જે કાર્યો નફસાએ ઉપર હરામ છે તેનાથી પરહેઝ કરે.

**<u>મસઅલો પ૨૪</u>** : જે ઓરતની હયઝની આદત દસ દિવસથી ઓછી હોય, તે અગર પોતાની આદતથી વધુ દિવસો સુધી ખૂન જુએ, તો આદતના દિવસો પ્રમાણે નિફાસના દિવસો કરાર દેશે, અને ત્યાર બાદ દસમા દિવસ સુધી તેને ઈખ્તિયાર રહેશે કે ચાહે નમાઝને તર્ક કરે અથવા મુસ્તહાઝાના હુકમ મુજબ અમલ કરે, પણ એક દિવસ નમાઝ તરક કરવી બેહતર છે.

અને જો ખૂન દસ દિવસથી વધી જાય, તો આદત પછીના દિવસથી લઈ દસમા દિવસ સુધીના ખૂનને ઈસ્તિહાઝા ગણશે, અને એ દિવસોમાં જે ઈબાદતો બજાવી લાવી ન હોય તેની કઝા

આપશે.

દાખલા તરીકે ઓરતની આદત છ દિવસની હોય, અને છ દિવસથી વધુ સમય સુધી ખૂન જૂએ, તો છ દિવસ સુધી આવેલા ખૂનને નિફાસ કરાર દેશે, અને સાતમા, આઠમા, નવમા અને દસમા દિવસે તેને ઈખ્તિયાર રહેશે કે ચાહે ઈબાદતને તરક કરે અથવા ઈસ્તિહાઝા મુજબ વર્તે, અને જો દસ દિવસથી વધુ ખૂન વધી જાય, તો આદતના બીજા દિવસથી એ પોતાને મુસ્તહાઝા ગણશે.

**મસઅલો ૫૨૫** : જે સ્ત્રીની હયઝની આદત ચોક્કસ અને નિશ્ચિત હોય, તે અગર બાળકને જન્મ આપ્યા પછી એક માસ યા એથી વધુ મુદ્દત સુધી લાગલાગટ (સતત) ખૂન જુએ, તો તેની જેટલી આદત હોય, તેટલા દિવસો પ્રમાણે ખૂનને નિફાસ કરાર દેશે.

તે બાદ જે ખૂન દસ દિવસ સુધી જુએ, અગરચે એ તેના માસિકના દિવસોમાં આવે, તો પણ ઈસ્તિહાઝા ગણશે.

દાખલા તરીકે એક સ્ત્રીની આદત હોય કે દક મહિને વીસમીથી સત્તાવીસમી સુધી તેને હયઝ આવે, પણ એણે બાળકને જન્મ દસમીએ આપ્યો હોય, અને ત્યાર બાદ એક માસ સુધી યા એથી વિશેષ લાગલગાટ ખૂન ચાલુ આવતું રહે, તો નિફાસની મુદ્દત સત્તરમી સુધી ગણાશે, ત્યાર બાદ સત્તરમીથી દસ દિવસ સુધી જે ખૂન આવે, તે અગરચે આદતની મુત દરમ્યાન, એટલે કે વીસમીથી સત્તાવીસમી સુધીના દિવસો દરમ્યાન આવે તો ઈસ્તિહાઝા ગણાશે.

અને જો એ દસ દિવસ વીતી ગયા બાદ ખૂન આદતના દિવસોમાં આવે તો એને હયઝ ગણશે, ચાહે તેમાં હયઝની નિશાનીઓ મોજૂદ હોય કે ન હોય, અને જો આદતના દિવસોમાં ન હોય, તો પોતાની આદતના દિવસોનો ઈન્તેઝાર કરશે, અગરચે તેમાં એક મહિનો યા એથી વિશેષ વીતી જાય, અને અગરચે એ આદત સિવાયના દિવસોમાં આવતું ખૂન હયઝની નિશાની ધરાવતું હોય.

જે ઓરત "વકતીય્યાહ" ન હોય, એટલે કે હયઝના સમયની શરૂઆત બારામાં તેની કોઈ ચોક્કસ આદત ન હોય, તે પોતાના હયઝના દિવસો તેની નિશાનીઓ ઉપરથી પારખીને નક્કી કરશે; અને અગર તે મુમ્કીન ન હોય, જેમકે નિફાસના દસ દિવસ બાદ જે ખૂન આવે તે એક જ પ્રકારનું જણાય, અને મહિના બલ્કે મહિનાઓ સુધી એ જ મુજબ આવતું રહે, તો એવા સંજોગમાં પોતાના કુટુંબની કોઈ એક સ્ત્રીની આદત મુજબ પોતાના હયઝના દિવસો કરાર દેશે, અને જો એ પણ ન કરી શકે તો પોતાની હાલતને મુનાસિબ જણાય, તેટલા દિવસોની સંખ્યા પોતે નક્કી કરે. આ મસઅલાને લગતા ખુલાસાઓ હયઝના પ્રકરણમાં આવી ગયા છે.

**મસઅલો ૫૨૬** : જે ઓરત હયઝની મુદ્દતની આદત ધરાવતી ન હોય, એટલે કે અદદીય્યાહ

ન હોય, તે અગર જન્મ આપ્યા બાદ એક માસ યા એથી વધુ મુદ્દત સુધી ખૂન જુએ, તો પહેલા દસ દિવસ માટેનો હુકમ મસઅલા નં. પર૩ માં બયાન થઈ ગયો. બીજા દસ દિવસો ઈસ્તિહાઝાના ગણશે, પણ તે પછી જે ખૂન જારી રહે, એ મુમ્કીન છે કે હયઝ હોય અને ઈસ્તિહાઝા પણ હોય, તો હયઝ છે કે નહિ તે નક્કી કરવા માટે ઉપરોકત મસઅલામાં જે હુકમ દર્શાવવામાં આવેલો છે એ મુજબ અમલ કરે.

# ગુસ્લે મસે મય્યત

**<u>મસઅલો પ૨૭</u>** : અગર કોઈ ઈન્સાનની મય્યતને તેનું શરીર ઠંડું થઈ ગયા બાદ અને ગુસ્લ અપાયા પહેલા અડે, એટલે કે પોતાના શરીરના કોઈ પણ ભાગને મય્યતના સમાંગમ (સંપર્ક)માં લઈ આવે, તો તેના માટે ગુસ્લે મસે મય્યત જરૂરી છે.

એ અડવું ચાહે ઊંઘમાં કે જાગૃતિમાં, ઈખ્તીયારથી થાય કે બેઈખ્તીયારીથી, ગુસ્લ વાજિબ થઈ જશે, એટલે સુધી કે અગર તેના નખ અને હાડકાં મય્યતના નખ કે હાડકાંને અડે તો ગુસ્લ કરશે.

અલબત્ત, મુડદા જાનવરને અડવાથી ગુસ્લ વાજિબ થતું નથી.

**<u>મસઅલો પ૨૮</u>** : અગર કોઈ એવી મય્યતને અડે કે જે પૂરી રીતે ઠંડી ન થઈ ચૂકી હોય, તો ગુસ્લ વાજિબ નહિ થાય, અગરચે જે ભાગને અડે એ ભાગ ઠંડો થઈ ગયો હોય.

**<u>મસઅલો પ૨૯</u>** : અગર કોઈ શખ્સ મય્યતને પોતાના વાળ અડાડે, અથવા પોતાના શરીરને મય્યતના વાળના સંપર્કમાં લઈ આવે, અથવા પોતાના વાળથી મય્યતના વાળને અડે, તો ગુસ્લ વાજિબ નથી.

**<u>મસઅલો પ૩૦</u>** : બાળકની મય્યતને અડવાથી, બલ્કે કસુવાવડ થયેલ બચ્ચું કે જેમાં રૂહ આવી ગઈ હોય તેને અડવાથી ગુસ્લે મસે મય્યત વાજિબ થશે.

તો અગર મરી ગયેલું બચ્ચું જેનું શરીર ઠંડું થઈ ગયું હોય, અને એ એની માના શરીરના ભાગને અડે, તો એની મા ઉપર ગુસ્લે મસે મય્યત વાજિબ થશે, બલ્કે અગર શરીરના જાહેર ભાગને ન અડે, તો પણ એહતીયાતે વાજબ છે કે એની મા ગુસ્લે મસે મય્યત કરે.

**<u>મસઅલો પ૩૧</u>** : જે બાળક માના ગુજરી જવા બાદ અને તેનું શરીર ઠંડું થઈ જવા બાદ જન્મે, અને તેનું શરીર માના શરીરના જાહેર ભાગને અડે, તો જયારે બાલિગ થાય ત્યારે વાજિબ છે કે ગુસ્લે મસે મય્યત બજાવી લાવે, બલ્કે અગર શરીરના બહારના કોઈ ભાગને અડયો ન હોય, તો પણ અહ્વતની રૂએ બાલિગ થયા બાદ ગુસ્લે મસે મય્યત બજાવી લાવે.

**<u>મસઅલો પ૩૨</u>** : જે મય્યતને ત્રણ ગુસ્લો પૂરી રીતે અપાઈ ગયા હોય, તેને અડવાથી ગુસ્લે મસે મય્યત વાજિબ નહિ થાય, પણ ત્રીજું ગુસ્લ પુરૂ થવા પહેલાં જો એ મય્યતના શરીરના કોઈ ભાગને અડશે તો ગુસ્લે મસે મય્યત વાજિબ થશે, અગરચે જે ભાગને એ અડે એ ભાગ ધોવાઈ ચૂક્યો હોય.

**મસઅલો ૫૩૩** : અગર કોઈ દીવાનો અથવા નાબાલિગ બાળક મય્યતને અડે, તો એ દીવાનો જયારે સાજો થાય અને એ નાબાલિગ જયારે બાલિગ થાય, ત્યારે ગુસ્લે મસે મય્યત બજાવી લાવશે.

**મસઅલો ૫૩૪** : અગર કોઈ જીવતા યા ગુસ્લ અપાયા પહેલાં મરી ગયેલા શખ્સના શરીરમાંથી કોઈ ભાગ છૂટો થઈ જાય, અને એ છૂટા પડી ગયેલા ભાગને હજી ગુસ્લ અપાયું ન હોય, તો તેને અડવાથી ગુસ્લે મસે મય્યત ઉતારવું લાઝિમ નથી, અગરચે એ ભાગમાં હાડકું પણ હોય.

**મસઅલો ૫૩૫** : જે હાડકું કોઈ મુડદાથી યા જીવતાથી અલગ પડી ગયું હોય, અને એ હાડકાને ગુસ્લ અપાયું ન હોય, તો પણ એને અડવાથી ગુસ્લે મસે મય્યત વાજિબ નથી, એજ હુકમ દાંતનો છે, ચાહે તે જીવતા શખ્સથી યા મુડદાથી છૂટો પડી જાય.

**મસઅલો ૫૩૬** : ગુસ્લે મસે મય્યતને ગુસ્લે જનાબતની જેમ ઉતારવું જોઈએ, પણ ગુસ્લે મસે મય્યત ઉતારનાર અગર નમાઝ પડવા માગે, તો એહતીયાતે મુસ્તહબ છે કે વઝુ પણ કરે.

**મસઅલો ૫૩૭** : અગર કોઈ શખ્સ અનેક મય્યતોને અડે અથવા એક મય્યતને અનેક વાર અડે, તો એ સર્વ માટે એક જ ગુસ્લ કાફી છે.

**મસઅલો ૫૩૮** : જે શખ્સે મય્યતને અડયા બાદ હજી ગુસ્લ ન કર્યુ હોય, તેના માટે મસ્જિદમાં થોભવું, સ્ત્રી-સંભોગ યા વાજિબ સિજદાવાળી આયતોની તિલાવત કરવામાં કોઈ વાંધો નથી, પણ નમાઝ વગેરે માટે અલબત્ત જરૂરી છે કે ગુસ્લ કરે.

# સકરાતની હાલતને લગતા એહકામ

**મસઅલો ૫૩૯** : અહવત છે કે શક્ય સંજોગમાં, મરનાર મુસલમન મરદ અને ઓરતને, ચાહે એ પુખ્ત વયનો હોય યા બાળક હોય, પીઠ ઉપર ચત્ત સુવડાવવામાં આવે, એવી રીતે કે તેના પગોનાં તળિયાં કિબ્લા તરફ રહે.

**મસઅલો ૫૪૦** : બેહતર છે કે જયાં સુધી ગુસ્લે મય્યત ન અપાઈ ગયું હોય, ત્યાં સુધી મય્યતને કિબ્લા તરફ સુવડાવવામાં આવે, પણ ગુસ્લ અપાઈ જાય, તે બાદ નમાઝે મય્યત ટાણે જે રીતે સુવડાવવામાં આવે છે, એ રીતે મય્યતને સુવડાવવું બેહતર છે.

**મસઅલો ૫૪૧** : અંતકાળ સમયે મરનારને કિબ્લા તરફ સુવડાવવું અહવતની રૂએ દરેક મુસલમાન ઉપર વાજિબ છે; અને જો મરનાર પોતે રાજી હોય અને તે બાલિગ તથા સમજદાર હોય, તો એ કાર્ય માટે તેના વાલીની રજામંદી મેળવવી લાઝિમ નથી, પણ એ સિવાયના સંજોગમાં વાલીની રજામંદી અહવતની રૂએ જરૂરી રહેશે.

**મસઅલો ૫૪૨** : સુન્નત છે કે અંતકાળ સમયે મરનારને શહાદતૈન, બાર ઈમામો (અ.સ.)ની ઈમામતનો ઈકરાર અને તમામ હક મઝહબના અકીદાની યાદી અને તલકીન એવી રીતે આપવી કે તેને સમજાય, અને મુસ્તહબ છે કે યાદી ઈન્સાન મરણ પામે ત્યાં સુધી દોહરાવવામાં આવે.

**મસઅલો ૫૪૩** : મરનારને નીચે મુજબની દુઆ એ સમજી શકે એ રીતે તલકીન કરવી મુસ્તહબ છે :

**અલ્લાહુમ મગફિર લેયલ કસીર મિમ મઆસીક વકબલ મિન્નીલ યસીર મિન તાઅતેક યા મંય યકબલુલ યસીર વ યઅફુ અનિલ કસીર ઈકબલ મિન્નીલ યસીર વઅફો અન્નીલ કસીર ઈન્નક અનતલ અફુવ્વુલ ગફુરો અલ્લાહુમ મરહમની ફ ઈન્નક રહીમ.**

**મસઅલો ૫૪૪** : જે મરનારને અંતકાળ સમયે જીવ નીકળવામાં સખ્તી થતી હોય, તો અગર કોઈ અગવડ કે ત્રાસનો ભય ન હોય, તો તેને જયાં હંમેશાં નમાઝ પડતો હોય એ જગ્યાએ સુવડાવવો મુસ્તહબ છે.

**મસઅલો ૫૪૫** : મુસ્તહબ છે કે મરનારની તસ્કીન અને તેની રાહત માટે તેની પાસે સૂરએ યાસીન, સૂરએ સાફફાત, સૂરએ અહઝાબ, આયતુલ કુરસી, સૂરએ અઅરાફની ૫૪મી આયત અને સૂરએ

બકરહની છેલ્લી ત્રણ આયતો તિલાવત કરવી; બલ્કે કુરઆને મજીદમાંથી જેટલું પડી શકાય તેટલું પડતા રહેવું.

**<u>મસઅલો ૫૪૬</u>** : નીચે જણાવેલ બાબતો અંતકાળ સમયે મકરૂહ છે :

(અ) મરનારને એકલા મૂકી દેવું.

(બ) તેના પેટ ઉપર કોઈ ભારે વસ્તુ મૂકવી.

(જ) જનાબત કે હયઝની હાલતમાં તેની પાસે રહેવું.

(દ) તેની પાસે વધુ વાતો કરવી.

(હ) તેની પાસે રહીને ખૂબ ખૂબ રડવું.

(ત) મરનાર પાસે સ્ત્રીઓને એકલા મૂકી દેવું.

## મરણ પછીના એહકામ :

<u>મસઅલો ૫૪૭</u> : મરણ બાદ અમુક બાબતો મુસ્તહબ છે :

(૧) મય્યતની આંખો, હોઠ અને હડપચીને બાંધવું.

(૨) મય્યતના હાથ-પગ લાંબા કરી તેના ઉપર ચાદર ઓઢાડવી.

(૩) અગર રાતના મરણ થયું હોય તો મરણની જગ્યાએ દીવો કે બત્તી રોશન કરવી.

(૪) જનાઝામાં શિરકત માટે મોઅમીનોને ખબર કરવી.

(૫) દફન માટે ઉતાવળ કરવી; પણ અગર યકીન ન હોય કે મરણ પામ્યો છે, તો એટલી રાહ જોવી કે ખબર પડે.

ઉપરાંત અગર મય્યત હામેલા હોય અને પેટમાં બચ્ચું જીવતું હોય, તો દફનમાં એટલી ઢીલ કરવી જોઈએ કે જે દરમ્યાન પાંસા કે બાજુ ચીરી બચ્ચાને બહાર લાવી શકાય, અને ત્યાર બાદ પાસાને સીવી લેવામાં આવે.

## ગુસ્લ, કફન, નમાઝે મય્યત અને દફનના એહકામ :

**<u>મસઅલો ૫૪૮</u>** : મુસલમાન મય્યતના વલી ઉપર વાજિબ છે કે તેને ગુસ્લ, હુનુત, કફન, આપે, તેની નમાઝે મય્યત પડી દફન કરે, અગરચે મરનાર શીયા ઈસ્નાઅશરી ન હોય, વલી માટે જરૂરી છે કે કાર્યો પોતે અંજામ આપે યા કોઈને ફરજો બજાવવા માટે નીમે, અગર કોઈ શખ્સ એ ફરજોને વલીની રજાથી બજાવી લાવે, તો વલી જવાબદારીથી મુક્ત થઈ જશે, બલ્કે દફન વગેરે જેવાં કાર્યો વલીની રજા વગર અંજામ આપે, તો પણ વલીની ફરજ અદા થઈ ગયેલી ગણાશે, અને તેને ફરી

વાર અંજામ આપવાની જરૂરત નથી.

અને જો મય્યતનો કોઈ વલી ન હોય અથવા વલી એ ફરજોની અદાયગી માટે મના કરતો હોય તો બાકીના મોઅમીનો ઉપર વાજિબે કિફાઈ છે કે તે ફરજો પૂરી કરે, અગર અમુક મોઅમીનો એ ફરજોની અદાયગી કરે, તો બાકીના મોમીનો જીમ્મેદારીથી મુક્ત ગણાશે; અને જો કોઈ પણ એ ફરજો ન બજાવી લાવે તો ગુનેહગાર થશે.

વલી અગર એ ફરજોને અંજામ આપવાની મના કરતો હોય, તો તેની રજાની કોઈ જરૂરત રહેશે નહિ.

**મસઅલો ૫૪૯** : અગર કોઈ શખ્સ મય્યતને લગતી ફરજો અંજામ આપી રહ્યો હોય, તો બીજાઓ ઉપર વાજિબ નથી કે તે માટે વ્યવસ્થા કરે, પણ અગર એ શખ્સ કામ અધૂરૂ મૂકી દે, તો બીજાઓ માટે જરૂરી થશે કે એ કામ પૂરૂ કરે.

**મસઅલો ૫૫૦** : અગર કોઈને ખાત્રી હોય કે મય્યત માટેની ફરજો કોઈ અદા કરી રહ્યો છે, તો તેના માટે કોઈ પહેલ કરવી વાજિબ નથી, પણ અગર તેને એ બારામાં શક કે ગુમાન હોય, તો પહેલ કરવી વાજિબ છે.

**મસઅલો ૫૫૧** : અગર કોઈને જાણ થાય કે ગુસ્લ અથવા કફન અથવા નમાઝ કે દફન બાતિલ રીતે અંજામ દેવામાં આવ્યું છે, તો તેની ફરજ છે કે બીજી વાર અંજામ આપે, પણ અગર ફકત ગુમાન હોય કે બાતિલ રીતે અંજામ દેવામાં આવ્યું હશે, અથવા શક કરે કે સહીહ રીતે દેવામાં આવ્યું છે કે નહિ, તો તે માટે કોઈ પહેલ કરવી લાઝિમ નથી.

**મસઅલો ૫૫૨** : મય્યત અગર સ્ત્રી હોય તો તેનો શવહર તેનો વલી છે; અને એ સિવાયના સંજોગમાં વારસાના તબકકાઓ મુજબ જે લોકો સરસાઈ ભોગવે તેને વલી ગણવામાં આવશે.

મય્યતના દીકરા કરતાં તેનો બાપ, ભાઈ કરતાં, મા, તેના દાદા, સાવકા ભાઈઓ કરતાં સગા ભાઈઓ, એક માથી જન્મેલા ભાઈઓ કરતાં એક બાપથી જન્મેલા ભાઈઓ, મામા કરતાં કાકા વલી હોવામાં સરસાઈ ભોગવે, એ બાબત ઈશ્કાલથી ખાલી નથી, પણ બહરહાલ આવા સંજોગોમાં એહતેયાતનો જે તકાજો હોય તે મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૫૫૩** : નાબાલિગ કે દીવાનો શખ્સ મય્યીતને લગતી ફરજો અદા કરવા બારામાં વલી નહિ થાય. એવી જ રીતે એક ગેરહાજર શખ્સ કે જે ન તો પોતે એ ફરજો અંજામ આપી શકે, અને ન કોઈ બીજાની નિમણુંક કરવા સમર્થ હોય, તેની એ બારામાં વિલાયત નથી.

**મસઅલો ૫૫૪** : અગર કોઈ શખ્સ કહે કે એ મય્યતનો વલી છે અથવા જણાવે કે મરનારે તેને ગુસ્લ, કફન, દફનની ક્રિયાઓ અંજામ આપવાની રજા આપી હતી, અથવા દાવો કરે કે મય્યીતને લગતી એ ક્રિયાઓ માટે તેને વસી બનાવ્યો છે, તો અગર એની વાત ભરોસાપાત્ર હોય, અથવા મય્યત તેના જ કબ્જામાં હોય, અથવા બે આદિલો તેને ટેકો આપતી સાક્ષી પૂરે, તો એ સ્વીકારી લેવું જોઈએ.

**મસઅલો ૫૫૫** : અગર મરનાર પોતાના વલી સિવાય કોઈ બીજાને પોતાના ગુસ્લ, કફન, દફન, નમાઝની ફરજો અદા કરવા નીમે, તો પછી વિલાયત એ નીમાયેલા શખ્સની ગણાશે.

જે શખ્સ માટે મરનારે વસિયત કરી હોય કે એ જાતે સર્વ કાર્યોને અંજામ આપે, તો તેના માટે લાઝિમ નથી કે એ વસિયત માન્ય રાખે, પણ અગર એણે માન્ય રાખી લીધું હોય, તો તે મુજબ અમલ કરવું જરૂરી છે.

# ગુસ્લે મય્યતની રીત

**<u>મસઅલો ૫૫૬</u>** : મય્યતને ત્રણ ગુસ્લ આપવા વાજિબ છે :

(૧) એવા પાણીથી જેમાં સીદ્ર (બોરડીનાં પાંદડાં) ભેળવવામાં આવ્યા હોય. (૨) એવા પાણીથી કે જેમાં કાફુર (કપુર) ભેળવવામાં આવ્યું હોય. (૩) ખાલીસ પાણીથી, એટલે કે ભેળ સેળ વિનાનું ચોખ્ખું પાણી.

**<u>મસઅલો ૫૫૭</u>** : બોરડીના પાન કે કપુરનું પ્રમાણ એટલું વધારે ન હોવું જોઈએ કે પાણી મુઝાફ ગણાય, અને ન તો એટલું ઓછું હોવું જોઈએ કે બોરડીના પાન કે કપુરની તેમાં અસર ન જણાય.

**<u>મસઅલો ૫૫૮</u>** : અગર બોરડીના પાન કે કપુર પૂરતાં પ્રમાણમાં મોજૂદ ન હોય, તો બિના બર એહતીયાતે મુસ્તહબની રૂએ જેટલા પ્રમાણમાં પ્રાપ્ય હોય તેટલું ઉપયોગમાં લેવું જોઈએ.

**<u>મસઅલો ૫૫૯</u>** : અગર કોઈ શખ્સ એહરામની હાલતમાં મૃત્યુ પામે, તો તેને કપુર મિશ્રિત પાણીથી ગુસ્લ ન આપવું જોઈએ, અને તેની જગ્યાએ ચોખ્ખા પાણીથી ગુસ્લ આપવું જોઈએ.

પણ અગર એ એહરામ હજ્જે તમત્તોઅનો હોય, અને એ શખ્સ તવાફ, નમાઝે તવાફ અને સઈ પૂરી રીત બજાવી લાવી ચૂકયો હોય, અથવા હજ્જે કિરાન કે ઇફરાદના એહરામમાં હલક (માથું મૂંડાવવું) કરી ચૂકયો હોય, તો એ બંને સંજોગોમાં કપુર મિશ્રિત પાણીથી ગુસ્લ દેવું જોઈએ.

**<u>મસઅલો ૫૬૦</u>** : અગર બોરડીના પાન અને કપુર, અથવા બેમાંથી એક ઉપલબ્ધ ન હોય, અથવા તેનો ઉપયોગ જાઈઝ ન હોય, જેમકે ગસ્બી હોય, તો એહતીયાતની રૂએ જે પ્રાપ્ત ન હોય તેને બદલે મય્યતને ચોખ્ખા પાણીથી ગુસ્લ અપાશે, અને સાથે એક તયમ્મુમ પણ આપવું પડશે.

**<u>મસઅલો ૫૬૧</u>** : મય્યતને ગુસ્લ આપનાર માટે જરૂરી છે કે અકલમંદ હોય, બાલિગ હોય અને મશહૂર કોલ પ્રમાણે શિયા ઈસ્નાઅશરી હોય. ઉપરાંત એ ગુસ્લ સંબંધિત સર્વ મસઅલાથી વાકિફ હોવો જોઈએ.

દેખીતી રીતે અગર એક સમજદાર નાબાલિગ કે જે સહીહ રીતે ગુસ્લ આપી શકતો હોય, ગુસ્લે મય્યત આપે તો એ કાફી ગણાશે.

અગર ગૈર શિયા ઈસ્નાઅશરી મય્યતને તેના હમ મઝહબ લોકો પોતાના મઝહબ મુજબ ગુસ્લ આપી દે, તો શિયા ઈસ્નાઅશરી મોઅમીન પોતાની ફરજથી મુકત થયો ગણાશે, પણ અગર એ શિયા ઈસ્નાઅશરી મય્યતનો વલી હોય, તો તેની જવાબદારી બાકી રહેશે.

**મસઅલો પ૬૨** : મય્યતને ગુસ્લ આપનાર માટે જરૂરી છે કે કુરબતનની નિય્યત કરે, એટલે કે ગુસ્લને ખુદાવંદે આલમની ખુશનૂદી માટે અંજામ આપે.

**મસઅલો પ૬૩** : મુસલમાન બચ્ચું, અગરચે ઝીનાથી જનમ્યુ હોય, જો મરણ પામે તો તેને ગુસ્લ આપવું વાજિબ છે. કાફિરને અથવા કાફિરની અવલાદને ગુસ્લ, દફન આપવું શરીઅતમાં નથી.

અને જે શખ્સ બચપણથી દીવાનો રહ્યો હોય, અને એ જ હાલતમાં બાલિગ થઈ ગુજરી ગયો હોય, તે અગર મુસલમાન હોવાના હુકમમાં આવતો હોય, તો તેને પણ ગુસ્લ આપવાનું વાજિબ છે.

**મસઅલો પ૬૪** : ગર્ભપાતના સંજોગમાં અગર ગર્ભની ઉંમર ચાર માસ યા એથી વધુ હોય, તો તેને ગુસ્લ આપવું જોઈએ, બલ્કે અગર ગર્ભની ઉંમર ચાર માસની ન હોય, પણ તેની મુખાકૃતિ અને અંગ મોજૂદ હોય, તો એહતીયાતની રૂએ તેને પણ ગુસ્લ દેવું જોઈએ, આ બે સંજોગ સિવાય હુકમ એ છે કે ગર્ભને કપડામાં લપેટી ગુસ્લ વગર દફન કરી દેવામાં આવે.

**મસઅલો પ૬પ** : પુરૂષ માટે સ્ત્રીને ગુસ્લ આપવું જાઈઝ નથી, એવી જ રીતે સ્ત્રી પણ પુરૂષને ગુસ્લ આપી શકે નહિ, પરંતુ પત્ની પતિને ગુસ્લ આપી શકશે અને પતિ પણ પત્નીને ગુસ્લ આપી શકશે. અલબત્ત, એહતીયાતે મુસ્તહબ છે કે ઈખ્તીયારની હાલતમાં પતિ પત્નીને અને પત્ની પતિને ગુસ્લ ન આપે.

**મસઅલો પ૬૬** : અગર કોઈ નાસમજ નાની બાળાની મય્યત હોય તો તેને પુરૂષ ગુસ્લ આપી શકે છે, એવીજ રીતે નાસમજ નાના બાળકને સ્ત્રી ગુસ્લ આપી શકે છે.

**મસઅલો પ૬૭** : અગર એક મરદની મય્યતને ગુસ્લ આપવા માટે કોઈ મરદ મોજૂદ ન હોય, તો જે ઓરતો તેના સંબંધી હોવાને મેહરમ હોય, જેમકે મા, બહેન, ફુઈ, માસી અથવા જે દૂધને કારણે અથવા નિકાહથી મેહરમ હોય, એ ઓરતો તેને ગુસ્લ આપી શકશે.

એવી જ રીતે અગર સ્ત્રીને ગુસ્લ આપવા માટે સ્ત્રીઓ મોજૂદ ન હોય, તો તેના મેહરમ સગા પુરૂષો, યા દૂધ કે નિકાહના કારણે મેહરમ પુરૂષો તેને ગુસ્લ આપી શકશે.

બંને સંજોગમાં શરમગાહ સિવાય શરીરના બાકીના ભાગને કપડા નીચે ગુસ્લ આપવું લાઝિમ નથી, જોકે એમ કરવું (મેહરમ પુરૂષ અને સ્ત્રીનું એકબીજાને ગુસ્લ આપવું) એહતીયાતે વાજિબની રૂએ છે.

**મસઅલો પ૬૮** : અગર મય્યત અને ગુસ્લ આપનાર બંને પુરૂષ હોય, અથવા બંને સ્ત્રી હોય, તો શરમગાહ સિવાય બાકીના શરીરને ખુલ્લું મુકવું જાઈઝ છે, પણ બેહતર છે કે ગુસ્લ કપડાની નીચેથી

આપવામાં આવે.

**મસઅલો ૫૬૯** : મય્યતની શરમગાહ તરફ નજર કરવી હરામ છે, અને ગુસ્લ આપનાર એ તરફ નજર કરે તો ગુનેહગાર છે, પણ એથી ગુસ્લ બાતિલ નહિ થાય.

**મસઅલો ૫૭૦** : અગર મય્યતના શરીરના કોઈ ભાગ ઉપર નજીસુલ અયન હોય, તો તેને ગુસ્લ આપ્યા પહેલાં એ નજાસતનું દૂર કરવું જરૂરી છે, બલ્કે બેહતર એ છે કે ગુસ્લ શરૂ કર્યા પહેલાં મય્યતના આખા શરીરને તમામ નજાસતોથી પાક કરી લેવામાં આવે.

**મસઅલો ૫૭૧** : ગુસ્લે મય્યતની રીત ગુસ્લે જનાબતની જેમ છે, ને એહતીયાતે વાજિબની રૂએ જયાં સુધી મય્યતને તરતીબી રીતે ગુસ્લ આપવું શક્ય હોય, ત્યાં સુધી ઈરતેમાસી રીતે ગુસ્લ આપવામાં ન આવે.

અને તરતીબી રીતે ગુસ્લ આપતી વેળાએ લાઝિમ છે કે શરીરના જમણા ભાગને ડાબા ભાગથી પહેલાં ધોવામાં આવે, ઉપરાંત જયાં સુધી શક્ય હોય, એહતીયાતે મુસ્તહબ છે કે શરીરના ત્રણેય ભાગોમાંથી કોઈ પણ એક ભાગને પાણીમાં ન ડુબાડે, બલ્કે ઉપરથી પાણી રેડવામાં આવે.

**મસઅલો ૫૭૨** : અગર કોઈ શખ્સ જનાબત કે હયઝની હાલતમાં જાય, તો તેને ગુસ્લે હયઝ કે ગુસ્લે જનાબત આપવું લાઝિમ નથી, બલ્કે એ જ ગુસ્લે મય્યત તેના માટે કાફી છે.

**મસઅલો ૫૭૩** : મય્યતને ગુસ્લ આપવા માટે મહેનતાણું લેવું અહવતની રૂએ હરામ છે, અને અગર કોઈ શખ્સ કમાવવા માટે ગુસ્લ આપે, અને તેમાં કુરબતનની નિય્યત બાકી ન રહેવા પામે, તો ગુસ્લ બાતિલ ગણાશે, પરંતુ અગર કોઈ શખ્સ ગુસ્લથી પહેલાંની પૂર્વ તૈયારીઓ વગેરે માટે મહેનતાણું લ્યે તો એ હરામ નથી.

**મસઅલો ૫૭૪** : ગુસ્લે મય્યતમાં જબીરા ગુસ્લનો હુકમ લાગું પડતો નથી, તો જો પાણી મોજૂદ ન હોય અથવા પાણીનો ઉપયોગ કરી શકાતો ન હોય, તો ગુસ્લને બદલે મય્યતને એક તયમ્મુમ દેવું જોઈએ.

એહતીયાતે મુસ્તહબ છે કે મય્યતને ત્રણ તયમ્મુમ દેવામાં આવે; અને એ ત્રણ તયમ્મુમમાં એક તયમ્મુમ "માફીઝ ઝીમ્મા"ની નિય્યતથી દેવું, એટલે કે તયમ્મુમ દેનાર એમ સમજે કે એ તયમ્મુમથી પોતા ઉપર જે ઝીમ્મો છે, તેને એ અંજામ આપી રહ્યો છે.

**મસઅલો ૫૭૫** : મય્યતને તયમ્મુમ આપનાર પોતે પોતાની હથેળીઓ જમીન ઉપર મારી મય્યતના ચહેરા અને હાથના કાંડા સુધી ફેરવે, પણ જો મુમ્કીન હોય તો એહતીયાતે મુસ્તહબ છે કે ખુદ

મય્યતના હાથો વડે પણ તેને તયમ્મુમ આપે.

# કફનના એહકામ

**<u>મસઅલો ૫૭૬</u>** : મુસલમાન મય્યતને ત્રણ કપડામાં કફન દેવું જોઈએ : એક લુંગી, બીજું પહેરણ, ત્રીજું ચાદર.

**<u>મસઅલો ૫૭૭</u>** : લુંગી અહ્વતની રૂએ એટલી હોવી જોઈએ કે ડુંટીથી લઈને સાંથળ સુધી શરીરને સંપૂર્ણ ઢાંકે; અને બેહ્તર એ છે કે છાતીથી લઈને પગ સુધી પહોંચે.

પહેરણ કે કમીસ માટે અહ્વત છે કે ખભાથી લઈને પગના અડધા હિસ્સા સુધી આખા શરીરને ઢાંકે; બેહ્તર છે કે પગના ઉપલા ભાગ સુધી પહોંચે.

ચાદર એટલી હોવી જોઈએ કે આખા શરીરને લપેટીને ઢાંકે, અને અહ્વત છે કે તેની લંબાઈ એટલી રાખવામાં આવે કે તેના બંને છેડાઓ પર ગાંઠ બાંધી શકાય, અને પહોળાઈ એટલી હોય કે ચાદરની એક બાજુને બીજી બાજુથી અંશત ઢાંકી શકાય.

**<u>મસઅલો ૫૭૮</u>** : ડુંટીથી સાંથળ સુધીની લુંગી અને ખભાથી લઈને પગના અડધા ભાગ સુધીનું ખમીસ, એ કફનના વાજિબ હિસ્સાઓ ગણાય, તે સિવાય જે ઉપરના મસાઈલમાં કફનના વિસ્તાર વિષે જણાવવામાં આવ્યું છે, એ કફનના મુસ્તહબ હિસ્સાઓ છે.

**<u>મસઅલો ૫૭૯</u>** : ઉપરોકત મસઅલામાં જણાવ્યા મુજબ જેટલો હિસ્સો વાજિબ છે, તે મય્યતના અસલ માલમાંથી લેવાશે બલ્કે મુસ્તહબ હિસ્સો કે જે પ્રચલિત હોય અથવા મય્યતની શાનને મુતાબિક હોય, એ પણ અસલ માલમાંથી લઈ શકાશે, જો કે એહ્તીયાતે મુસ્તહબ છે કે વાજિબ કફનથી વધુ નાબાલિગ વારસદારના હિસ્સામાંથી ન લેવામાં આવે.

**<u>મસઅલો ૫૮૦</u>** : અગર કોઈ શખ્સે વસિયત કરી હોય કે ઉપરોકત મસાઈલમાં વર્ણવવામાં આવેલ મુસ્તહબ કફનનો ભાગ તેની મિલકતમાંથી લેવાય, અથવા એમ વસિયત કરી હોય કે એ મિલકત તેના પોતાના માટે ઉપયોગમાં લેવાય, પણ એ ઉપયોગ નિયુકત ન કરે, અથવા તેમાંથી ફકત અમુક ભાગ ખાસ કામ માટે નિયુકત કરેલ હોય, તો એવા સંજોગોમાં તેની મિલ્કતમાંથી એ મુસ્તહબ કફન લઈ શકાશે.

**<u>મસઅલો ૫૮૧</u>** : અગર મરનારે વસિયત કરી હોય કે કફનનો ખર્ચ તેની મિલકતમાંથી લેવાય, અને જો એના અસલ માલમાં લેવું પડે તો તે મસઅલા નં. ૫૭૯ માં જેટલું જણાવવામાં આવ્યુ છે તેથી વિશેષ ન લેવું જોઈએ; એટલે કે મુસ્તહબ હિસ્સાઓ કે જે પ્રચલિત ન હોય કે મરનારની

શાનનો એ માટે કોઈ તકાજો ન હોય. તે અસલ માલમાંથી નહિ લઈ શકાય.

એવી જ રીતે ચાલુ અને સામાન્ય કિંમત કરતાં જો વધુ કિંમત કફન માટે ખર્ચવામાં આવે, તો જે વધારે રકમ ખર્ચાઈ હોય તે અસલ માલમાંથી નહિ લઈ શકાય. અલબત્ત, અગર બાલિગ વારસદારો પોત પોતાના ભાગમાંથી લેવાની રજા આપે, તો તેમના ભાગોના હિસાબે લઈ શકાશે.

**મસઅલો ૫૮૨** : પત્નીના કફનની જીમ્મેદારી પતિ ઉપર છે, અગરચે પત્ની પોતાની મિલકત ધરાવતી હોય.

એવી જ રીતે અગર કોઈ પોતાની પત્નીને "તલાકે રજઈ" આપે, અને એ પત્ની ઇદ્દો પૂરો કર્યા પહેલા ગુજરી જાય, તો પતિએ તેનું કફન દેવું જોઈએ.

અને જો પતિ બાલિગ ન હોય અથવા દીવાનો હોય, તો તેના વલીએ તેના માલમાંથી પત્ની માટે કફન આપવું જોઈએ.

**મસઅલો ૫૮૩** : મય્યતનું કફન તેના સગાં-વહાલાંઓ ઉપર વાજિબ નથી, અગરચે એવા સગાં હોય કે જેમના ઉપર જિંદગીમાં તેનું ભરણપોષણ વાજિબ હતું.

**મસઅલો ૫૮૪**: અહવત છે કે મય્યતને કફન આપવાના ત્રણેય કપડાં એટલા બારીક ન હોય કે તેની નીચે મય્યતનું શરીર દેખાય, પણ અગર એમ હોય કે ત્રણેય કપડાનું કફન આપ્યા બાદ તેનું શરીર ન દેખાય તો કાફી ગણાશે.

**મસઅલો ૫૮૫** : ગસ્બી વસ્તુથી મય્યતને કફન આપવું જાઈઝ નથી, અગરચે એ સિવાય કોઈ બીજી વસ્તુ પ્રાપ્ય ન હોય; અગર કોઈ ગસ્બી કફન આપી દે અને તેનો માલિક રાજી ન હોય, તો એ કફનને મય્યત દફન થઈ ગયા બાદ પણ ઉતારી દેવું વાજિબ છે, અલબત, અમુક સંજોગો અપવાદરૂપ છે, જેનો ખુલાસો અહીં અસ્થાને છે.

**મસઅલો ૫૮૬**: મય્યતને નજીસ વસ્તુથી કે નિર્ભેળ રેશમથી કફન આપવું જાઈઝ નથી, એવી રીતે અહવતની રૂએ જે કપડું સોનાના તારોથી વણવવામાં આવ્યું હોય તે કપડાથી પણ કફન જાઈઝ નથી, પણ લાચારીના સંજોગમાં વાંધો નથી.

**મસઅલો ૫૮૭** : નજીસ મુડદારની ચામડીથી ઈખ્તીયારની હાલતમાં કફન આપવું જાઈઝ નથી, બલ્કે એહતીયાત એ છે કે ઈખ્તીયારની હાલતમાં પાક મુડદારની ચામડી અથવા એવું કપડું કે જે હરામ ગોશ્ત જાનવરના ઊન કે વાળથી તૈયાર કરવામાં આવ્યું હોય, કફન માટે ઉપયોગમાં લેવું જાઈઝ નથી; પણ અગર હલાલ ગોશ્ત જાનવરની ચામડી અથવા વાળ અને ઊનથી કફન અપાય તો

ઈશ્કાલ નથી, પણ એહતીયાતે મુસ્તહબ છે કે એ બે વસ્તુનો પણ ઉપયોગ ન કરે.

**મસઅલો ૫૮૮**: અગર મય્યતનું કફન પોતાની યા બહારની નજાસતથી નજીસ થાય, તો અગર કફન ખરાબ ન થયું હોય તો નજીસ થયેલા ભાગને ધોઈ નાખવો જોઈએ, અથવા એટલા ભાગને કાપી નાખવો જોઈએ, અગરચે મય્યતને કબરમાં ઉતારી લીધા બાદ એ નજાસત દેખાય, અને જો ધોઈ નાખવું કે કાપી લેવું મુમ્કીન ન હોય અને કફનને બદલવું શક્ય હોય તો બદલવું જરૂરી છે.

**મસઅલો ૫૮૯** : અગર કોઈ હજ યા ઉમરાના એહરામમાં હોય, અને એ હાલતમાં મરણ પામે તો તેને સામાન્ય સંજોગમાં બીજાઓને જે રીતે કફન અપાય છે એ જ રીતે કફન અપાશે, અને તેના માથાને કે ચહેરાને ઢાંકવામાં કોઈ વાંધો નથી.

**મસઅલો ૫૯૦** : મુસ્તહબ છે કે ઈન્સાન પોતાની હયાતીના તંદુરસ્તીના દિવસોમાં પોતાનું કફન, બોરડીના પાન અને કપુર તૈયાર રાખે.

# હુનૂત એહકામ

**મસઅલો ૫૯૧** : ગુસ્લ આપ્યા પછી મય્યતને હુનૂત આપવું વાજિબ છે, એટલે કે કપાળ, હથેળીઓ, ગોઠણો અને પગના અંગૂઠાનાં ટેરવાં ઉપર કપુર મૂકવામાં આવે, અને તે એવી રીતે કે એ અવ્યવો ઉપર કપુર બાકી રહે, ચાહે કપુર ભૂંસવામાં ન આવે, અને નાક ઉપર કપુર મુક્વું મુસ્તહબ છે.

કપુર માટે જરૂરી છે કે એનો ભૂકો કરવામાં આવે, અને તાજું હોય, . જુનું કપુર જેમાં તેની ખુશ્બૂ જતી રહી હોય, એ કાફી નહિ ગણાય.

**મસઅલો ૫૯૨** : પેશાની ઉપર એહતીયાતે મુસ્તહબની રૂએ પહેલાં કપુર લગાડે, અને એ પછી બાકીના અવયવો માટે તરતીબ જરૂરી નથી. એટલે કે તે માટે કોઈ ક્રમ નથી.

**મસઅલો ૫૯૩** : બેહતર એ છે કે મય્યતને કફન આપ્યા પહેલાં હુનૂત દેવામાં આવે, પણ જો કફન દેતી વેળા યા તે બાદ હુનૂત અપાય તો કોઈ વાંધો નથી.

**મસઅલો ૫૯૪** : જે શખ્સ હજ યા ઉમરાના એહરામની હાલતમાં ગુજરી જાય, તેને હુનૂત આપવું જાઈઝ નથી; સિવાય એ સંજોગોમાં કે જેનો ઉલ્લેખ મસઅલા નં. ૫૫૯ માં કરી દેવામાં આવ્યો છે.

**મસઅલો ૫૯૫** : જે ઓરત શવહરના ગુજરી જવાથી ઈદ્દામાં હોય, તેના માટે અગરચે ખુશ્બૂ લગાડવું હરામ છે, પણ અગર એ ઓરત એ હાલતમાં ગુજરી જાય તો તેને હુનૂત આપવું વાજિબ છે.

**મસઅલો ૫૯૬** : એહતીયાતે મુસ્તહબ છે કે મય્યીતને મુશ્ક, અંબર કે ઊદ અને બીજા કોઈ પણ પ્રકારની ખુશ્બૂ ન લગાડવામાં આવે, અને કપુરમાં પણ કોઈ બીજી ખુશ્બૂ ભેળવવામાં ન આવે.

**મસઅલો ૫૯૭** : મુસ્તહબ છે કે હુનૂત માટેના કપુરમાં થોડીક ખાકે શફા સય્યદુશ્શોહદા અલય્હેમુસ્સલામ ભેળવવામાં આવે, પણ પછી એ કપુર એવી જગ્યાએ ન ભૂંસવામાં આવે કે જેથી ખાકેશફાની બેહુરમતી થાય, અને ખાકેશફાને એટલા પ્રમાણમાં ન ભેળવવી જોઈએ કે કપુરની અસલિયત બાકી ન રહે.

**મસઅલો ૫૯૮** : અગર કપુર પ્રાપ્ય ન હોય અથવા અગર ફકત ગુસ્લ પુરતું જ હોય, તો હુનૂત વાજિબ નથી; અને જો ગુસ્લ આપ્યા બાદ એટલું જ કપુર બાકી રહે તેનાથી સાતે સાત ભાગને હુનૂત ન આપી શકાય, તો એહતીયાતે મુસ્તહબની રૂએ પહેલાં પેશાની ઉપર કપુર લગાડવામાં આવે, અને જો ત્યાર પછી પણ કપુર બાકી રહે તો બીજા ભાગોને લગાવામાં આવે.

**મસઅલો ૫૯૯** : મુસ્તહબ છે કે બે ઝાડની લીલી ડાળીઓ મય્યતની સાથે કબરમાં મૂકવામાં આવે.

# નમાઝે મય્યતના એહકામ

**મસઅલો ૬૦૦** : દરેક મુસલમાનની મય્યત ઉપર નમાઝ પઢવી વાજિબ છે. એવી જ રીતે જે બચ્ચું મુસલમાન હોવાના હુકમમાં આવી જતું હોય, અને તેને ૬ વર્ષ પૂરાં થઈ ગયાં હોય, તેની મય્યત ઉપર નમાઝ પઢવી વાજિબ છે.

**મસઅલો ૬૦૧** : જે બાળકને ૬ વર્ષ પૂરાં ન થયાં હોય, પણ એ બાળકને નમાઝ બારામાં સમજણ હોય, તો એહતેયાતની રૂએ તેની મય્યત ઉપર નમાઝ પઢવી એહતીયાતે લાઝિમ છે, જો એને નમાઝ વિષે સમજણ ન હોય, તો પણ એક નેક કાર્યની ઉમીદ રાખી તેની મય્યત ઉપર નમાઝ પઢવામાં વાંધો નથી, અલબત, જે બચ્ચું મરી ગયેલું જન્મે તેના પર નમાઝે મય્યત પઢવી મુસ્તહબ નથી.

**મસઅલો ૬૦૨** : નમાઝે મય્યત ગુસ્લ, હુનૂત, કફન બાદ પડવી જોઈએ, અને અગર એ ત્રણ કાર્યો પહેલાં કે દરમ્યાનમાં પડે, તો ચાહે એ ભૂલથી યા મસઅલો ન જાણવાને કારણે હોય, તો પણ કાફી નહિ ગણાય.

**મસઅલો ૬૦૩** : જે શખ્સ નમાઝે મય્યત પઢવા માંગતો હોય, તેના માટે જરૂરી નથી કે વઝુ, ગુસ્લ કે તયમ્મુમ કરે; એવી જ રીતે તેના કપડાં પાક હોવા જરૂરી નથી, બલ્કે અગર તેના કપડાં ગસ્બી હોય તો પણ વાંધો નથી, પણ બેહતર છે કે બીજી નમાઝોમાં જે શરતો છે, તેનું પાલન કરવામાં આવે.

**મસઅલો ૬૦૪** : નમાઝે મય્યત પઢનાર માટે વાજિબ છે કે કિબ્લા સામે મોઢું રાખીને પડે, એવી જ રીતે વાજિબ છે કે મય્યતને પોતાની સામે પીઠ ઉપર એવી રીતે સુવડાવે કે મય્યતનું માથું તેના જમણા હાથ તરફ અને પગો ડાબા હાથ તરફ હોય.

**મસઅલો ૬૦૫** : એહતીયાતે મુસ્તહબ છે કે નમાઝે મય્યત જે જગ્યાએ પઢાય, એ જગ્યા ગસ્બી ન હોય, અને એ જગ્યા મય્યત કરતાં ઊંચી કે નીચી ન હોવી જોઈએ, પણ અગર ઊંચાઈ કે નીચાઈ નહિવત હોય તો વાંધો નથી.

**મસઅલો ૬૦૬** : નમાઝે મય્યત પઢનાર મય્યતથી દૂર ન હોવો જોઈએ,પણ અગર જમાઅત સાથે નમાઝે મય્યત બજાવી લાવતો હોય અને સફો એક બીજા સાથે જોડાયેલી હોય તો વાંધો નથી.

**મસઅલો ૬૦૭** : નમાઝે મય્યત પઢનાર માટે જરૂરી છે કે મય્યતની સામે ઉભો રહે, પણ જમાઅત સાથે પડતો હોય અને સફો લાંબી થઈ જતાં મય્યતની સામે ઉભા રહેવાનું શક્ય ન હોય તો

વાંધો નથી.

**મસઅલો ૬૦૮** : અહવત છે કે નમાઝે મય્યત પડનાર અને મય્યત વચ્ચે કોઈ પડદો, દીવાલ કે કોઈ બીજી આડે આવતી નડતર ન હોય, અલબત્ત, અગર મય્યતને જનાઝા વગેરેમાં રાખવામાં આવી હોય તો કોઈ વાંધો નથી.

**મસઅલો ૬૦૯** : નમાઝે મય્યત જયારે પઢાય ત્યારે મય્યતની શરમગાહ છૂપાયેલી હોવી જોઈએ અને જે સંજોગમાં મય્યતને કફન ન આપી શકાયું હોય, ત્યારે તેની શરમગાહને પાટીયા કે ઈંટ વગેરે જેવી વસ્તુથી છૂપાવવી જોઈએ.

**મસઅલો ૬૧૦** : નમાઝે મય્યત ઊભા રહીને પઢવી જોઈએ, અને કુરબતનની નિય્યતથી પઢવી જોઈએ, એટલે કે નિય્યત કરે કે, હું આ મય્યત ઉપર "કુરબતન એલલ્લાહ" નમાઝ પઢી રહ્યો છું.

**મસઅલો ૬૧૧** : અગર કોઈ ઊભા રહીને નમાઝે મય્યત પડવાવાળો મોજૂદ ન હોય, તો બેસીને નમાઝે મય્યત પડવી જોઈએ.

**મસઅલો ૬૧૨** : અગર મરનારે વસિય્યત કરી હોય કે ફલાણો શખ્સ મારી નમાઝે મય્યત પડે, તો એહતીયાતે મુસ્તહબની રૂએ એ શખ્સે મય્યતના વલીની રજા લેવી જોઈએ.

**મસઅલો ૬૧૩** : એક મય્યત ઉપર અનેક વાર નમાઝે મય્યત પડવી મકરૂહ છે, પણ અગર મય્યત એહલે ઈલ્મ અને એહલે તકવાની હોય તો મકરૂહ નથી.

**મસઅલો ૬૧૪** : અગર મય્યતને નમાઝે મય્યત પડયા વગર જાણી-જોઈને કે ભૂલી જવાથી કે કોઈ ઉઝરને કારણે દફન કરવામાં આવે અથવા દફન કરી લીધા પછી ખબર પડે કે જે રીતે નમાઝે મય્યત પડવામાં આવી હતી તે સહીહ ન હતી, તો કબરને નમાઝ માટે ખોલવી જાઈઝ નથી, પણ જયાં સુધી ગુમાન હોય કે મય્યતનું શરીર તદ્દન નષ્ટ નહિ થયું હોય, ત્યાં સુધી કબર પાસે ઊભા રહી નમાઝે મય્યતની તમામ શરતો સાથે તેને અદા કરવામાં વાંધો નથી.

## નમાઝે મય્યતની રીત :

**મસઅલો ૬૧૫** : નમાઝે મય્યતમાં પાંચ તકબીર છે; અને દરેક તકબીર પડનાર અગર આ રીતે તકબીર બજાવી લાવે તો કાફી ગણાશે.

પ્રથમ નિય્યત કરે; અને પહેલી તકબીર કહે.

**અશહદો અન લા એલાહ ઈલ્લલ્લાહો વ અશહદો અન્ન મોહમ્મદન**

**રસૂલુલ્લાહે.**

ત્યાર પછી બીજી તકબીર કહીને પઢે :

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદિન.**

ત્યાર પછી ત્રીજી તકબીર કહીને પઢે :

**અલ્લાહુમ મગફિર લિલ મુઅમેનીન વલ મુઅમેનાત.**

અને ત્યાર બાદ ચોથી તકબીર કહીને અગર મય્યત પુરૂષની હોય તો પઢે :

**અલ્લાહુમ મગફિર લે હાઝલ મય્યેતે.**

જો મય્યત સ્ત્રીની હોય તો પઢે :

**અલ્લાહુમ મગફિર લી હાઝેહીલ મય્યત.**

તે બાદ પાંચમી તકબીર કહે.

બેહતર છે કે પહેલી તકબીર બાદ નીચે મુજબ પઢે :

**અશહદો અન લા એલાહ ઈલ્લલ્લાહો વહદહુ લા શરીક લહૂ વ અશહદો અન્ન મોહમ્મદન અબદોહૂ વ રસૂલોહૂ અરસલહૂ બિલ હકકે બશીરવં વ નઝીરન બયન યદયિસ સાઅતે.**

અને બીજી તકબીર બાદ પઢે :

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદિન વ બારિક અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદીન વરહમ મોહમ્મદન વ આલ મોહમ્મદિન ક અફઝલે મા સલ્લયત વ બારક્ત વ તરહહમત અલા ઈબરાહીમ વ આલે ઈબરાહીમ ઈન્નક હમીદુન મજીદુન વ સલ્લે અલા જમીઈલ અમબેયાએ વલ મુરસલીન વશશોહદાઈ વ સીદદીકીન વ જમીઈ એબાદીલ્લાહિસ સાલેહીન.**

અને ત્રીજી તકબીર બાદ પઢે :

**અલ્લાહુમ મગફિર લિલ મુઅમેનીન વલ મુઅમેનાતે વલ મુસલેમીન વલ**

**મુસલેમાતે અલ અહ્યોએ મિનહુમ વલ અમવાતે તાબેઅ બયનના વ બયનહુમ બિલ ખયરાતે ઈન્નક મોજીબુદ દઅવાતે ઈન્નક અલા કુલ્લે શયઈન કદીર.**

અને ચોથી તકબીર બાદ અગર મય્યત પુરૂષની હોય તો પઢે :

**અલ્લાહુમ્મ ઈન્ન હાઝા અબદોક વબનો અબદેક વબનો અમતેક નઝલ બેક વ અન્ત ખય્રો મન્ઝુલિન બેહી અલ્લાહુમ્મ ઈન્ના લા નઅલમો મિનહો ઈલ્લા ખયરન વ અનત અઅલમો બેહી મિન્ના અલ્લાહુમ્મ ઈન કાન મુહ્સેનન ફ ઝિદ એહ્સાનેહી વ ઈન કાન મોસીઅન ફ તજાવઝ અનહો વગફિર લહૂ અલ્લાહુમ મજઅલહો ઈનદક ફી અઅલા ઈલ્લીય્યીન વખલુફ અલા અહ્લેહી ફિલ ગાબેરીન વરહ્મહો બે રહ્મતેક યા અરહ્મર રાહેમીન.**

અને ત્યાર બાદ પાંચમી તકબીર કહે.

પણ જો મય્યત સ્ત્રીની હોય તો ચોથી તકબીર બાદ નીચે મુજબ પઢે :

**અલ્લાહુમ્મ ઈન્ન હાઝેહી અમતોક વબનતો અબદેક વબનતો અમતેક નઝલત બેક વ અનત ખયરો મનઝૂલિન બેહી અલ્લાહુમ્મ ઈન્ના લા નઅલમો મિનહા ઈલ્લા ખયરન વ અનત અઅલમો બેહા મિન્ના અલ્લાહુમ્મ ઈન કાનત મુહ્સેનતન ફ ઝિદ એહ્સાનેહા વ ઈન કાનત મોસીઅતન ફ તજાવઝ અનહા વગફિર લહા અલ્લાહુમ મજઅલહા ઈનદક ફી અઅલા ઈલ્લીય્યીન વખલુફ અલા અહ્લેહા ફિલ ગાબેરીન વરહ્મહા બે રહ્મતેક યા અરહ્મર રાહેમીન.**

**<u>મસઅલો ૬૧૬</u>** : તકબીરો અને દુઆઓ એક પછી એક લાગલાગટ (સતત) એવી રીતે પડવી જોઈએ કે જેથી નમાઝની સૂરત ન બદલી જાય.

**મસઅલો ૬૧૭** : જે શખ્સ જમાઅતની સાથે નમાઝે મય્યત પડતો હોય, તેણે પણ મામૂમ તરીકે તમામ તકબીરો અને દુઆઓ પઢવી જોઈએ.

## નમાઝે મય્યતની મુસ્તહબ બાબતો :

**મસઅલો ૬૧૮** : નમાઝે મય્યતમાં અમુક બાબતો મુસ્તહબ છે :

**(૧)** નમાઝે મય્યત પઢનાર વઝુ, ગુસ્લ યા તયમ્મુમ સાથે નમાઝ બજાવી લાવે અને અહવત છે કે તયમ્મુમ માત્ર એ સંજોગમાં કરે કે જયારે વઝુ અથવા ગુસ્લ મુમ્કીન ન હોય, અથવા એવી બીક હોય કે ગુસ્લ કે વઝુ કરવા જતાં નમાઝે મય્યતમાં પહોંચી નહિ શકે.

**(૨)** અગર મય્યત પુરૂષની હોય તો નમાઝે મય્યત પડાવનાર, યા એકલો પડનાર, મય્યતના શરીરના વચલા ભાગ સામે ઊભો રહે, અને જો મય્યત સ્ત્રીની હોય તો છાતી સામે ઊભો રહે.

**(૩)** નમાઝે મય્યત પડતી વેળા પગે ઉઘાડા હોવું.

**(૪)** દરેક તકબીર વેળા હાથો ઊંચા કરવા.

**(૫)** નમાઝ પડનાર અને મય્યત વચ્ચે ઓછામાં ઓછું અંતર હોવું જોઈએ, કે જો પવન ફુંકાવાથી તેના કપડાંમાં હરક્ત થાય તો તે જનાઝાને અડે.

**(૬)** નમાઝે મય્યત જમાઅત સાથે પડવી.

**(૭)** નમાઝે મય્યત પડાવનાર ઊંચે સાદે તકબીર અને દુઆઓ પડે, જયારે જમાઅતથી સાથે પડનાર ધીમે સાદે પડે.

**(૮)** જમાઅતથી નમાઝ પડાતી હોય, તો મામૂમ અગર એકલો પણ હોય, તો પણ ઈમામની પાછળ ઊભો રહે.

**(૯)** નમાઝે મય્યતમાં મય્યત તેમજ મોઅમીનો માટે વધુ દુઆઓ કરવી.

**(૧૦)** જમાઅતથી નમાઝે મય્યત પડવાની હોય, ત્યારે નમાઝ શરૂ કર્યા પહેલાં ત્રણ વાર "અસ્સલાત" કહેવું.

**(૧૧)** એવી જગ્યાએ નમાઝે મય્યત પડવી કે જયાં લોકો નમાઝે મય્યત માટે વધુ જતા હોય.

**(૧૨)** હયઝવાળી સ્ત્રી અગર નમાઝે મય્યતની જમાઅતમાં જોડાય, તો અલગ એકલી ઊભી રહે; અને જમાઅતની હરોળમાં ન જોડાય.

**મસઅલો ૬૧૯** : મસ્જીદોમાં નમાઝે મય્યત પડવી મકરૂહ છે, પણ મસ્જિદુલ હરામમાં મકરૂહ નથી.

# દફનના એહકામ

**મસઅલો ૬૨૦** : વાજિબ છે કે મય્યતને જમીનમાં એવી રીતે દફન કરવામાં આવે કે જેથી કોઈ દુર્ગંધ બહાર ન ફેલાય, અને ફાડી ખાનાર જાનવરો કબર ખોદીને શરીર બહાર ન લાવી શકે; અને જો એવો ભય હોય કે ફાડી ખાનાર જાનવરો કબરને ખોદી મય્યતને ઈજા પહોંચાડી શકશે, તો એ કબરને પાકી રીતે ચણી લેવી જોઈએ.

**મસઅલો ૬૨૧** : અગર મય્યતને જમીનમા દફન કરવુ શક્ય ન હોય, તો તેને દફન કરવાને બદલે કોઈ શબપેટીમાં યા સુરક્ષિત ઓરડામા રાખી શકાય.

**મસઅલો ૬૨૨** : મય્યતને કબરમા તેના જમણા પાસા ઉપર એવી રીતે સુવડાવવું જોઈએ કે તેના શરીરનો સામેનો ભાગ કિબ્લા તરફ હોય.

**મસઅલો ૬૨૩** : અગર કોઈ શખ્સ દરિયાની મુસાફરી દરમ્યાન વહાણ વગેરેમાં ગુજરી જાય, તો જો શરીરમાં સડો પેદા થવાનો ભય ન હોય અને તેને વહાણમાં અમુક સમય રાખવામાં નડતર ઊભી ન થતી હોય, તો કિનારે પહોંચીને મય્યત જમીનમાં દફન કરવું જોઈએ, પણ અગર એવો ભય હોય કે શરીરમાં સડો પેદા થશે, તો વહાણ વગેરેમાં જ તેને ગુસ્લ, હુનૂત, કફન આપ્યા બાદ નમાઝે મય્યત બજાવી લાવવામાં આવે, અને પછી શબપેટી, સાદડી વગેરેમાં સરખી રીતે બંધ કરી અથવા વીંટાળીને દરિયામાં ઉતારવામાં આવે, અથવા કોઈ વજનદાર વસ્તુ પગ સાથે બાંધીને દરિયામાં મય્યતને સુપરત કરવામાં આવે; અને જો શક્ય હોય તો દરિયામાં એવી જગ્યાએ મય્યતને ઉતારે કે જયાં તરત જ દરિયાઈ પ્રાણીઓનો શિકાર ન બને.

**મસઅલો ૬૨૪** : જયારે એવો ડર હોય કે દુશ્મન કબરને ખોલી મય્યતના નાક, કાન, કે અન્ય અવયવો કાપીને બેહુરમતી કરશે, તો અગર મુમ્કીન હોય તો ઉપરોકત મસઅલામાં જણાવ્યા મુજબ મય્યતને દરિયાને સુપરત કરવી જોઈએ.

**મસઅલો ૬૨૫** : મય્યતને દરિયામાં સુપરત કરવા માટે અથવા જરૂરી સંજોગમાં કબરને પાકી ચણવા માટે જે ખર્ચ આવશ્યક હોય, તે મય્યતના અસલ માલમાંથી લઈ શકાશે.

**મસઅલો ૬૨૬** : અગર કોઈ કાફિર ઓરત ગુજરી જાય અને તેના પેટમાં મરી ગયેલું બચ્ચું હોય કે જેનો બાપ મુસલમાન હોય, તો તેને કબરમાં ડાબા પાસા ઉપર કિબ્લાને પીઠ દઈ એવી રીતે સુવડાવવું જોઈએ કે બચ્ચાનું મોઢું કિબ્લા તરફ રહે, અને એહતીયાતે મુસ્તહબની રૂએ અગર બચ્ચામાં

હજી જીવનો પ્રવેશ ન થયો હોય તો પણ મય્યતને એ જ રીતે સુવડાવવામાં આવે.

**મસઅલો ૬૨૭** : મુસલમાનને કાફિરોના કબ્રસ્તાનમાં અને કાફિરને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરવું જાએઝ નથી.

**મસઅલો ૬૨૮** : મુસલમાનની મય્યતને એવી જગ્યાએ દફન ન કરવું કે જેથી તેની બેહુરમતી થતી હોય, જેમ કે ગંદવાડની જગ્યાએ દફન કરવું જાએઝ નથી.

**મસઅલો ૬૨૯** : મય્યતને ગસ્બી જગ્યાએ દફન કરવું અથવા મસ્જિદ જેવી જગ્યામાં કે જે દફન સિવાય બીજા કાર્યો માટે વકફ હોય, જાએઝ નથી.

**મસઅલો ૬૩૦** : એક મય્યતની કબર ખોલી તેમાં બીજી મય્યતને દફન કરવું જાએઝ નથી. સિવાય કે એ કબર બિલકુલ જૂની હોય અને તેમાં દફન થયેલ મય્યતનું કોઈ નિશાન બાકી ન રહેવા પામ્યું હોય.

**મસઅલો ૬૩૧** : મય્યતના શરીરમાંથી જે વસ્તુ છૂટી ગઈ હોય, અગરચે તેના વાળ, નખ કે દાંત જેવી વસ્તુઓ હોય, તેની સાથે દફન કરી લેવું જોઈએ, અને જો એવી વસ્તુઓ મય્યતને દફન કર્યા પછી મળે તો એહતીયાતે લાઝિમની રૂએ તેને અલગ દફન કરવું જોઈએ. જિંદગી દરમ્યાન જે નખ કે દાંત ઈન્સાનથી છૂટા પડે, તેને દફન કરી લેવું સુન્નત છે.

**મસઅલો ૬૩૨** : અગર કોઈ શખ્સ કૂવામાં મરી જાય, અને તેને કૂવામાંથી બહાર લઈ આવવાની શક્યતા ન હોય, તો કૂવાના મોઢાને બંધ કરી એ કૂવાને જ એની કબર કરાર દેવામાં આવે.

**મસઅલો ૬૩૩** : અગર કોઈ બચ્ચુ માના પેટમાં મરી જાય, અને તેના પેટમાં રહેવાથી માની જિંદગી ખતરામાં હોય, તો તેને જેટલી સહેલાઈથી બની શકે, બહાર લઈ આવવું જોઈએ, અને અગર મજબૂરીના સંજોગમાં મુડદા બચ્ચાને ટુકડે ટુકડા કરવું પડે તો તેમાં વાંધો નથી. પણ અગર એ સ્ત્રીનો ધણી કાબેલિય્યત ધરાવતો હોય તો એ કામ તેના ધણી મારફતે કરાવવું જોઈએ, અને જો એ મુમ્કીન ન હોય તો એ કામ એવી સ્ત્રીને સોંપાય કે જે એ કામ અંજામ આપવાની કાબેલિય્યત ધરાવતી હોય, અને અગર એ પણ શક્ય ન હોય તો કોઈ પણ મેહરમ પુરૂષ કે જે કાબિલ હોય તે એ કામને અંજામ આપે. જયારે એ પણ મુમ્કીન ન હોય તો કોઈ પણ નામેહરમ કાબિલ શખ્સ એ કામને અંજામ આપી શકશે. છેવટે જો એ પણ શક્ય ન હોય તો કોઈ પણ શખ્સ, ચાહે કાબિલ હોય કે ન હોય, એ મુડદા બચ્ચાને બહાર લઈ આવી શકે છે.

**મસઅલો ૬૩૪** : અગર મા ગુજરી જાય અને તેના પેટમાં બચ્ચું જીવતું હોય, તો ચાહે એ

બચ્ચાની સલામતી અને જીવતા રહેવાની આશા ન હોય, તો પણ જરૂરી છે બને તેટલી સાવચેતી જાળવી મય્યતને ચીરવામાં આવે, અને બચ્ચાને બહાર લઈ આવ્યા બાદ મય્યતને સીવી દેવામાં આવે.

## દફન માટે મુસ્તહબ બાબતો :

**<u>મસઅલો ૬૩૫</u>** : દફન માટે મુસ્તહબ બાબતો

નીચે જણાવેલ બાબતો દફન માટે મુસ્તહબ છે :

**(૧)** મુસ્તહબ છે કે કબરની ઊંડાઈ ઈન્સાનના સરેરાશ કદ જેટલી હોય.

**(૨)** મય્યતને લોકોની વસાહતથી બને તેટલા નજીકના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવે, અલબત્ત, અગર દૂર આવેલ કબ્રસ્તાનમાં અમુક કારણોસર ફઝીલત હોય, જેમકે એ કબ્રસ્તાનમાં નેક લોકો દફન થયા હોય અથવા ફાતેહા પડવા માટે વધુ લોકો ત્યાં જતા હોય, તો ત્યાં દફન કરવું મુસ્તહબ છે.

**(૩)** મુસ્તહબ છે કે જનાઝાને કબરથી અમુક અંતરે જમીન ઉપર રાખવામાં આવે; અને એવી રીતે ત્રણ વાર કરીને ધીરે ધીરે કબરની નજીક લઈ જવામાં આવે. દરેક વાર જનાઝાને જમીન ઉપર રાખીને ફરી ઊંચકવામાં આવે, અને ચોથી વાર ઊંચકીને કબરમાં ઊતારવામાં આવે.

**(૪)** અગર મય્યત પુરૂષની હોય તો ત્રીજી વાર જનાઝાને એવી રીતે ઊંચકે કે તેનું માથું કબરના છેડા તરફ હોય, જેથી ચોથી વાર જયારે કબરમાં ઉતારવા માટે ઊંચકે તો પ્રથમ માથું કબરમાં વારીદ થાય; અને જો મય્યત સ્ત્રીની હોય તો ત્રીજી વાર ઊંચકીને કબરના કિબ્લા તરફ રાખીને મય્યતને તેના પાસા પાસેથી કબરમાં વારીદ કરે; અને સ્ત્રીની મય્યતને કબરમાં ઉતારતી વેળા કબર ઉપર ચાદર કે કપડું તાણી લેવું જોઈએ.

**(૫)** મુસ્તહબ છે કે મય્યતને ધીમેથી જનાઝામાંથી બહાર લઈ આવીને કબરમાં ઉતારવામાં આવે, અને જે દુઆઓ વારીદ થઈ છે તે દફન પહેલાં અને દફન કરતી વેળા પઢવામાં આવે.

**(૬)** મય્યતને કબરમાં સુવડાવી દીધા બાદ કફનની ગાંઠો ખોલી નાખવામાં આવે; અને મય્યતના ગાલને માટી ઉપર મુકવામાં આવે. ત્યાર બાદ માટી એકત્રિત કરી તેના માથા નીચે ટેકારૂપે રાખવામાં આવે.

**(૭)** મુસ્તહબ છે કે લહદને બંધ કરવા પહેલાં જમણો હાથ મય્યતના જમણા ખભા ઉપર અને ડાબો હાથ મય્યતના ડાબા ખભા ઉપર રાખી તેને હલાવીને ત્રણ વાર કાન પાસે કહેવું :

## ઈસમઅ ઈફહમ યા ફોલાનબન ફોલાન

અને "ફોલાન ઈબ્ન ફોલાન"ની જગ્યાએ તેનું તથા તેના બાપનું નામ લેવું, જેમકે અગર મય્યતનું નામ મોહમ્મદ અને બાપનું નામ અલી હોય, તો કહેવું : ઈસ્મઅ, ઈફહમ, યા મુહમ્મદબ્ન અલી.

ત્યાર પછી નીચે મુજબ પઢવું :

**હલ અન્ત અલલ અહદિલ્લઝી ફારક્તના અલય્હે મિન શહાદતે અલ લા એલાહ ઈલ્લલ્લાહો વહદહૂ લા શરીક લહૂ વ અન્ન મોહમ્મદન સલ્લલ્લાહો અલયહે વ આલેહી અબદોહૂ વ રસૂલોહૂ વ સય્યેદુન નબીય્યીનવ ખાતેમુલ મુરસલીન વ અન્ન અલીય્યન અમીરૂલ મુઅમેનીન વ સય્યેદુલ વસીય્યીન વ એમામોનિફ તરઝલ્લાહો તાઅતોહૂ અલલ આલમીન. વ અન્નલ હસન વલ હુસયન વ અલીય્યબનલ હુસયને વ મોહમ્મદબન અલીયયિન વ જઅફરબન મોહમ્મદિન વ મૂસબન જઅફિરન વ અલીય્યબન મૂસા વ મોહમ્મદબન અલીયયિન વ અલીય્યબન મોહમ્મદિન વલ હસનબન અલીયયિન વલ કાએમલ હુજજતલ મહદિય્ય સલવાતુલ્લાહે અલયહિમ અઈમ્મતુલ મુઅમેનીન વ હોજજુલ્લાહે અલલ ખલકે અજમઈન વ અઈમ્મતક અઈમ્મતો હોદન અબરારૂન યા** (અહીં તેનું અને તેના બાપનું નામ લેવું)

**એઝા અતાકલ મલકાનિલ મોકરરબાને રસૂલયને મિન ઈનદિલ્લાહે તબારક વ તઆલા વ સઅલાક અન રબ્બેક વ અન નબીય્યેક વ અન દીનેક વ અન કેતાબેક વ અન કિબ્લતેક વ અન અઈમ્મતેક ફ લા તખફ વલા તહઝન વ કુલ ફી જવાબેહેમા અલ્લાહો જલ્લ જલાલોહૂ રબ્બી વ મોહમ્મદુન સલ્લલ્લાહો અલયહે વ આલેહી નબીયયી વલ ઈસલામો**

**દીની વલ કુરઆનો કેતાબી વલ કઅબતો કિબલતી વ અમીરૂલ મુઅમેનીન અલીય્યુબનો અબી તાલેબીન એમામી વલ હસનુબનો અલીય્યેનિલ મુજતબા એમામી વલ હુસયનુબનો અલીય્યેનિશશહીદો બે કરબલાઅ એમામી વ અલીય્યુન ઝયનુલ આબેદીન એમામી વ મોહમ્મદુન બાકેરો ઈલમિન નબીય્યીન એમામી વ જઅફરોનિસસાદેકો એમામી વ મૂસલ કાઝેમો એમામી વઅલીય્યેનિર રેઝા એમામી વ મોહમ્મદોનિલ જવાદો એમામી વ અલીય્યોનિલ હાદી એમામી વલ હસનુલ અસકરીય્યો એમામી વલ હુજ્જતુલ મુનતઝરો એમામી હાઓલાએ સલવાતુલ્લાહે અલયહિમ અજમઈન અઈમ્મતી વ સાદતી વ કાદતી વ શોફઆઈ બેહિમ અતવલ્લા વ મિન અઅદાએહિમ અતબરરઓ ફિદ દુનયા વલ આખેરતે સુમ્મ અઅલમ યા...**

(અહીં મય્યતનું અને તેના બાપનું નામ લેવું)

**અન્નલ્લાહ તબારક વ તઆલા નેઅમર રબ્બો વ અન્ન મોહમ્મદન સલ્લલ્લાહો અલયહે વ આલેહી નેઅમર રસૂલો વ અન્ન અમીરલ મુઅમેનીન અલીય્યબને અબી તાલેબીન વ અવલાદહુલ મઅસૂમીનલ અઈમ્મતલ અહદ અશર નેઅમલ અઈમ્મતો વ અન્ન મા જાઅ બેહી મોહમ્મદુન સલ્લલ્લાહો અલયહે વ આલેહી હકકુન વ અન્નલ મવ્ત હકકુન વ સોઆલ મુનકિરન વ નકીરિન ફિલ કબરે હકકુન વલ બઅસ હકકુન વન નોશૂર હકકુન વસ સેરાત હકકુન વલ મીઝાન હકકુન વ તતાયોરલ કોતોબે હકકુન વલ જન્નત હકકુન વન નાર હકકુન વ અન્નસ સાઅત આતેયતુન લા રયબ ફીહા વ અન્નલ્લાહ યબઅસો મન ફિલ કોબૂરે**

**અફહિમત યા** (મય્યતનું નામ લ્યે)

**સબ્બતકલ્લાહો બિલ ક્વલિસ સાબેતે હદાકલ્લાહો એલા સેરાતિમ મુસતકીમિન અરરફલ્લાહો બયનક વ બયન અવલેયાએક ફી મુસતકરિરન મિન રહમતેહી.** પછી કહેવું :

**અલ્લાહુમ્મ જાફિલ અરઝ અમ જનબયહે વસઈદ બે રૂહેહી એલયક વ લકકેહી મિનક બુરહાનન અલ્લાહુમ્મ અફવક અફવક.**

(ભાષાંતર કરનારની નોટ : ઓરતો માટે અરબી વ્યાકરણની રૂએ આ તલકીનમાં જે સૂચિત ફેરફાર છે, તે ઘણી કિતાબોમાં વારીદ છે, તેને જોઈને પઢવું.)

**<u>મસઅલો ૬૩૬</u>** : મુસ્તહબ છેકે કબરમાં મય્યતને ઉતારનાર શખ્સ તહારતની સાથે હોય, અને ઉઘાડે માથે તેમજ ઉઘાડે પગે ઉતરે, અને કબરમાંથી બહાર આવતી વેળા મય્યતના પગ પાસેથી નીકળે, અને મુસ્તહબ છે કે મય્યતના સગાં- વ્હાલાઓ સિવાય બાકીના લોકો હથેળીના પાછલા ભાગમાંથી માટી નાખે, અને સાથે...... **“ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલયહે રાજેઊન”** પઢે.

અગર મય્યત ઓરતની હોય, તો તેને મેહરમ સગાંઓ કબરમાં ઉતારે, અને અગર મેહરમ મોજૂદ ન હોય તો પછી બીજાં સગાંઓ ઉતારે.

**<u>મસઅલો ૬૩૭</u>** : મુસ્તહબ છે કે કબરને ચોરસ અથવા લંબચોરસ બનાવવામાં આવે, અને જમીનથી તેની ઉંચાઈ ચાર આંગળાઓથી વધુ ન હોય, ઉપરાંત તેના ઉપર એવી નિશાની રાખવી કે જેથી ભૂલ ન થાય. મુસ્તહબ છે કે કબર ઉપર પાણી નાખવામાં આવે, અને પાણી રેડયા બાદ હાજર રહેલાઓ કબર ઉપર હાથ રાખી, આંગળીઓ પહોળી કરીને માટીમાં ઘોંચે, અને ત્યાર બાદ સાત વખત ‘સૂરએ ઈન્ના અન્ઝલના’ પઢે, મય્યત માટે મગફેરતની દુઆ કરે અને આ મુજબ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ જાફીલ અરઝ અન જમબયહે વઅસઈદ એલયક રૂહહૂ વ લકકેહી મિનક રિઝવાનન વ અસકિન કબરહુ મિન રહમતેકા યા તુગનીહિ બિહી અન રહમતીન મન સિવાક.**

ઓરતોની કબર ઉપર ઉપરોકત દુઆ આ રીતે પઢાશે :

**અલ્લાહુમ્મ જાફીલ અરઝ અન જમબયહા વઅસઈદ એલયકે રૂહહા વ**

## લકકેહ્ મિનક રિઝવાનન વ અસકિન કબરહ્ મિન રહ્મતેક મા તુગનિહ્ બિહિ અન રહ્મતીન મિન સિવાક

**મસઅલો ૬૩૮** : જનાઝા સાથે આવેલા લોકો જયારે ચાલ્યા જાય, ત્યારે મુસ્તહબ છે કે મય્યતનો વલી યા જેને વલીએ ઈજાઝત આપી હોય તે ઉપરોકત દુઆઓ અને તલકીન કબર પાસે પઢે.

**મસઅલો ૬૩૯** : દફન બાદ મુસ્તહબ છે કે મય્યતના શોકગ્રસ્ત સગાંઓને દિલાસો દેવામાં આવે, પણ જો મૃત્યુ પામેલાને ઘણી મુદ્દત વીતી ગઈ હોય અને દિલાસો દેવાથી સગાઓને દુ:ખની યાદ ફરી તાજી થતી હોય, તો તેમ ન કરવું બેહતર છે.

એવી જ રીતે મુસ્તહબ છે કે ત્રણ દિવસ સુધી મય્યતના ઘરવાળાઓને ખોરાક પહોંચાડવામાં આવે; અને તેમની સાથે યા તેમના ઘરે ખાવું મકરૂહ છે.

**મસઅલો ૬૪૦** : મુસ્તહબ છે કે ઈન્સાન પોતાના કુટુંબીજનોની મોત ઉપર, તેમાં ખાસ ફકઝંદની મોત ઉપર સબર કરે અને જયારે મય્યતને યાદ કરે ત્યારે....... **"ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઉન"** પઢે; અને મય્યત માટે કુરઆને મજીદની તિલાવત કરે; અને માતા-પિતાની કબરો ઉપર જઈ પોતાની હાજત ખુદા પાસે તલબ કરે. મુસ્તહબ છે કે કબરને પાકી ચણે, જેથી જલદી ખંડિત ન થઈ જાય.

**મસઅલો ૬૪૧** : એહતીયાતની રૂએ જાઈઝ નથી કે ઈન્સાન કોઈના મરવા ઉપર પોતાના ચહેરાને, શરીરને જખ્મી કરે અથવા પોતાના વાળ ખેંચીને ઉખેડે, પણ માથું કે ચહેરાનું પીટવું જાઈઝ છે.

**મસઅલો ૬૪૨** : બાપ અને ભાઈ સિવાય કોઈ બીજાના મૃત્યુ ઉપર કપડાં ફાડવાં એહતીયાતની રૂએ જાઈઝ નથી; અને એહતીયાતે મુસ્તહબ છે કે એમના મૃત્યુ ઉપર પણ એવી રીતે ન વર્તે.

**મસઅલો ૬૪૩** : અગર સ્ત્રી મય્યતના શોકમાં પોતાના ચહેરાને જખ્મી કરે અને લોહીલુહાણ કરે, અથવા પોતાના વાળ ખેંચીને ઉખેડે, તો એહતીયાતે મુસ્તહબની રૂએ કફ્ફારા રૂપે એક ગુલામને આઝાદ કરે અથવા દસ ફકીરોને અનાજ આપે અથવા પહેરવા માટે કપડાં આપે, એવી જ રીતે અગર કોઈ પુરૂષ પોતાની સ્ત્રી કે ફરઝંદના ગમમાં પોતાના કપડાં ફાડે તો એ જ હુકમ છે.

**<u>મસઅલો ૬૪૪</u>** : એહતીયાતે મુસ્તહબ છે કે મય્યત ઉપર હદ ઉપરાંત ઊંચા અવાજે ન રડે.

**નમાઝે વહશત :**

**<u>મસઅલો ૬૪૫</u>** : મુનાસિબ છે કે દફનની પહેલી રાતે મય્યત માટે બે રકાત નમાઝે વહશત પઢવામાં આવે, અને તેની રીત એ છે કે પહેલી રકાતમાં સૂરએ હમ્દ બાદ એક વખત આયતુલ કુરસી પઢે; અને બીજી રકાતમાં સૂરએ હમ્દ બાદ દસ વખત સૂરએ ઈન્ના અન્ઝલના પઢે અને નમાઝ ખત્મ કર્યા બાદ કહે :

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદ વબઅસ સવાબહા એલા કબરે ફોલાન.** (ફોલાનની જગ્યાએ મય્યતનું નામ લેવું).

<u>મસઅલો ૬૪૬</u> : નમાઝે વહશત દફનની પહેલી રાતે કોઈ પણ સમયે પઢી શકાય છે, પણ બેહતર છે કે રાતના પહેલા ભાગમાં નમાઝે ઈશા બાદ પડાય.

**<u>મસઅલો ૬૪૭</u>** : અગર મય્યતને દફનક્રિયા માટે બીજા દૂરના શહેરમાં લઈ જવાનું હોય, અથવા કોઈ પણ બીજા કારણોસર દફનમાં ઢીલ થાય, તો નમાઝે વહશત પડવા માટે દફનની પહેલી રાત સુધી ઢીલ કરવી જોઈએ.

**દફન કર્યા પછી કબર ખોલવા વિષે :**

**<u>મસઅલો ૬૪૮</u>** : કોઈ પણ મુસલમાનની કબરને ખોદીને ખોલવી, ચાહે એ દીવાનાની કબર હોય કે નાના બાળકની, હરામ છે; પણ જો કબર એટલી જૂની હોય કે તેમાં શરીરનું કોઈ નામ-નિશાન બાકી ન રહવા પામ્યું હોય તો વાંધો નથી.

**<u>મસઅલો ૬૪૯</u>** : ઈમામઝાદાઓ, શોહદા, ઓલમા અને નેક લોકોની કબર ગમે તેટલી જૂની હોય, તેને ખંડિત કરવું હરામ છે, કારણ કે તેમ કરવું બેહુરમતી ગણાશે.

**<u>મસઅલો ૬૫૦</u>** : અમુક સંજોગોમાં કબર ખોલવી હરામ નથી, જે નીચે મુજબ છે :

**(૧)** જયારે મય્યતને ગસ્બી જમીનમાં દફન કરવામાં આવી હોય, અને એ જમીનનો માલિક મય્યત ત્યાં હોય તે માટે રજામંદ ન થાય.

**(૨)** જયારે મય્યતનું કફન યા કોઈ પણ વસ્તુ કે જે તેની સાથે દફન થઈ ગઈ હોય, ગસ્બી હોય, અને માલિક તે માટે રાજી ન હોય.

એવી જ રીતે માલ ઉપર વારિસોનો હકક હોય, તે માલ જો મય્યત સાથે દફન થઈ ગયો હોય,

અને વારિસો રજામંદ ન હોય કે એ માલ કબરમાં રહે, તો કબર ખોલી શકાય.

પણ અગર મય્યતે વસિય્યત કરી હોય કે દુઆ, કુરઆન અથવા વીંટી તેની સાથે દફન થાય, અને અગર એ વસિય્યત અમલ કરવા માટે કાયદેસર હોય, તો એ વસ્તુઓને બહાર લઈ આવવા માટે કબર નહિ ખોલી શકાય.

**(૩)** જયારે મય્યત ગુસ્લ દીધા વગર અથવા કફન આપ્યા વગર દફન કરવામાં આવી હોય, અથવા એવી જાણ થાય કે જે ગુસ્લ અપાયું હતુ તે બાતિલ હતું, અથવા કફન ઈસ્લામી શરીઅત અનુસાર નથી આપવામાં આવ્યું, અથવા મય્યત કબરમાં કિબ્લા તરફ સુવડાવવામાં ન આવી હોય, તો જો કબર ખોલવાથી બેહુરમતી ન થતી હોય, તો કબર ખોલવી હરામ નથી.

**(૪)** અગર કોઈ એવો હક સાબિત કરવો હોય કે જે કબર ખોલવા કરતાં વધુ મહત્વ ધરાવતો હોય, અને મય્યતના શરીરને જોવું જરૂરી થઈ પડે, તો કબર ખોલવી હરામ નથી.

**(૫)** અગર મય્યત એવી જગ્યાએ દફન થઈ હોય કે તેમ થવાથી તેની બેહુરમતી થતી હોય, જેમકે કાફિરોના કબ્રસ્તાનમાં દફન થઈ હોય, અથવા એવી જગ્યાએ દફન થઈ હોય, જયાં લોકો ગંદવાડ કે કચરો ફેંકતા હોય, તો કબર ખોલવી હરામ નથી.

**(૬)** જયારે કોઈ શરઈ કામ આવી પડે કે જેનું મહત્વ કબર ખોદીને ખોલવા કરતા વધુ મહત્વ પૂર્ણ હોય, જેમકે અગર કોઈ હામેલા ઓરત દફન થઈ હોય અને તેના પેટમાં બચ્ચુ જીવંત હોય, તો એ બચ્ચાંને બહાર લઈ આવવા માટે કબર ખોલી શકાય.

**(૭)** જયારે એવો ભય હોય કે ફાડી ખાનાર જાનવર મય્યતને ફાડી ખાશે, અથવા પાણીનું પૂર મય્યતને તાણી જશે, અથવા દુશ્મન મય્યતને કબરમાંથી બહાર કાઢશે, ત્યારે કબર ખોલી શકાશે.

**(૮)** અગર કોઈ મરનારે વસિયત કરી હોય કે દફન માટે તેના શરીરને એવી જગ્યાએ લઈ જવામાં આવે, જયાં મઅસૂમીન અલય્હેમુસ્સલામમાંથી કોઈ પણ મઅસૂમ અલય્હેમુસ્સલામનું હરમ છે. (જેમકે કરબલા, નજફ, કાઝમૈન વગેરે) અને તેમ કરવા જતાં મય્યતની કોઈ બેહુરમતીનો સંભવ ન હોય, પણ તેને જાણી-જોઈને કે ભૂલથી બીજી જગ્યાએ દફન કરવામાં આવે, તો બેહુરમતી ન થતી હોય તો એ પાક સ્થળે લઈ જવા માટે કબર ખોલી શકાય.

# સુન્નત ગુસ્લો

**<u>મસઅલો ૬૫૧</u>** : ઈસ્લામી શરીઅતમાં અમુક ગુસ્લો મુસ્તહબ તરીકે નિયુકત છે, જેની નામાવલી નીચે મુજબ છે :

ગુસ્લે જુમ્આ : જુમ્આના દિવસે ગુસ્લનો સમય નમાઝે સુબ્હની અઝાનથી લઈ સૂરજ આથમે ત્યાં સુધી છે, અને બેહતર છે કે એ ઝોહરના સમયની નજીક બજાવી લાવવામાં આવે, અને જો ઝોહર સુધી ગુસ્લ ન કરે, તો સુરજ આથમે ત્યાં સુધીના સમય દરમ્યાન બેહતર છે કે અદા કે કઝાની નિય્યત કર્યાં વગર ગુસ્લ કરે. અને જે શખ્સ જુમ્આના દિવસે ગુસ્લ ન કરે, તેના માટે મુસ્તહબ છે કે શનિવારે સવારથી સાંજ પડે તે દરમ્યાન કઝાની નિય્યતથી ગુસ્લ કરે, અને જે શખ્સને જાણ થાય કે જુમ્આના દિવસે પાણી પ્રાપ્ત નહિ હોય તે ગુરૂવારના દિવસે રજાઅન (નેક કાર્ય બજાવી લાવવાની નિય્યતથી) ગુસ્લ કરી શકશે.

ગુસ્લ જુમ્આ ઉતારતી વેળા નીચે મુજબ પઢવું મુસ્તહબ છે :

**અશહદો અલ લા એલાહ ઈલ્લલ્લાહો વહદહૂ લા શરીક લહૂ વ અશહદો અન્ન મોહમ્મદન અબદોહૂ વ રસૂલોહૂ અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદિન વજ અલની મેનત તવ્વાબીન વજ અલની મેનલ મોતતહહેરીન.**

૨ થી ૭ માહે મુબારક રમઝાનની ૧લી રાતે, ૧૭મી રાતે, ૧૯મી રાતના પહેલા ભાગમાં, ૨૧મી રાતના પહેલા ભાગમાં, ૨૩મી રાતના પહેલા ભાગમાં અને ૨૪મી રાતના ગુસ્લ મુસ્તહબ છે.

૮ અને ૯. ઈદુલ ફિત્ર અને ઈદુલ હજના દિવસે ગુસ્લ મુસ્તહબ છે, અને તેનો સમય નમાઝે સુબ્હની અઝાનથી લઈ મગરિબ સુધી છે, અને બેહતર છે કે એ ગુસ્લ નમાઝે ઈદ પહેલા કરવામાં આવે.

૧૦-૧૧. ૮ મી અને ૯મી ઝિલ્હજના દિવસે ગુસ્લ કરવું મુસ્તહબ છે.
૯મી તારીખે બેહતર છે કે ગુસ્લ ઝોહરના સમયે કરવામાં આવે.

૧૨. મય્યતને ગુસ્લ અપાઈ ગયા બાદ શરીરના કોઈપણ ભાગથી તેને અડવા બાદ ગુસ્લ મુસ્તહબ છે.

૧૩. ગુસ્લે એહરામ.

૧૪. મકકાના હરમમાં દાખલ થવા માટે ગુસ્લ.

૧૫. મકકામાં દાખલ થવા માટે.

૧૬. ખાને કઅબાની ઝિયારત માટે ગુસ્લ.

૧૭. ખાનએ કઅબામાં દાખલ થવા માટે ગુસ્લ.

૧૮. ઊંટને નહર કરવા કે ઘેંટા- બકરાંને ઝિબ્હ વડે કુરબાની માટે ગુસ્લ.

૧૯. માથાના વાળ ઉતારવા (હલક) માટે ગુસ્લ.

૨૦. મદીનએ મુનવ્વરાના હરમમાં દાખલ થવા માટે ગુસ્લ.

૨૧. મદીનએ મુનવ્વરાના હરમમાં દાખલ થવા માટે ગુસ્લ.

૨૨. પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની મસ્જિદમાં દાખલ થવા માટે ગુસ્લ.

૨૩. પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની કબરે મુબારકને વિદાય કરવા માટે ગુસ્લ.

૨૪. દુશ્મન સાથે મુબાહેલા કરવા માટે ગુસ્લ.

૨૫. નવા જન્મેલા બાળકને ગુસ્લ.

૨૬. ઈસ્તેખારા માટે ગુસ્લ.

૨૭. વરસાદ માટે દુઆ કરવા માટે ગુસ્લ.

**મસઅલો ૬૫૨** : એ ઉપરાંત ફોકહાએ મુસ્તહબ ગુસ્લમાં ઘણાં ગુસ્લોનો ઉલ્લેખ કર્યો છે, જેમાંથી અમુક નીચે મુજબ છે :

૧. માહે રમઝાનની એકી રાતોમાં (એટલે કે પહેલી,ત્રીજી, પાંચમી, સાતમી વગેરે) ; અને આખરી દસ રાતોમાં; અને ૨૩મી રાતના છેલ્લા ભાગમાં ગુસ્લ મુસ્તહબ છે.

૨. ઝિલ્હજની ૨૪મી તારીખે ગુસ્લ.

૩. ઈદે નવરોઝ (૨૩, માર્ચ), ૧૫મી શાબાન, ૯મી અને ૧૭મી રબીઉલ અવ્વલ અને ૨૫મી ઝિલ્કાદના ગુસ્લ.

૪. જે ઓરતે પોતાના શવહર સિવાય અન્ય માટે ખુશ્બૂનો ઉપયોગ કર્યો હોય તેના માટે ગુસ્લ.

૫. જે શખ્સ નશાની હાલતમાં સૂતો હોય.

૬. જે શખ્સ ફાંસીની સજા જોવા જાય, અને સજા પામેલાને શૂળીએ લટક્તાં જોયો હોય, તેના ઉપર ગુસ્લ મુસ્તહબ છે, પણ અગર ઈરાદાપૂર્વક ન જોયો હોય અથવા મજબૂરીથી જોઈ લીધું હોય

અથવા માત્ર સાક્ષી પૂરવા ગયો હોય તો ગુસ્લ મુસ્તહબ નથી.

૭. મઅસૂમીન (અ.સ.)ની ઝિયારતો માટે ગુસ્લ, ચાહે એ દૂરથી પડવામાં આવે યા નઝદીકથી, પણ એહતીયાત છે કે આ બધા ગુસ્લો રજાઅન (એક નેક કામ કરવાની નિય્યતથી ) કરવામાં આવે.

**મસઅલો ૬૫૩** : જે માણસે મસઅલા નં ૬૫૧માં દર્શાવેલાં મુસ્તહબ ગુસ્લોમાંથી કોઈ પણ એક ગુસ્લ કર્યું હોય, તો જે કાર્યોમાં વઝુની જરૂરત છે, જેમકે નમાઝ વગેરેને અદા કરી શકશે, પણ જે ગુસ્લો રજાઅન કર્યાં હોય તે બાદ વઝુ કરવું જોઈએ, અને માત્ર ગુસ્લ કાફી નહિ ગણાય.

**મસઅલો ૬૫૪** : અગર કોઈ શખ્સ ઉપર અનેક મુસ્તહબ ગુસ્લો હોય, અને આ બધા ગુસ્લોની નિય્યતથી એક જ વાર ગુસ્લ કરે તો કાફી ગણાશે.

# તયમ્મુમનું બયાન

સાત સંજોગોમાં વઝુ અને ગુસ્લને બદલે તયમ્મુમ કરવું જોઈએ.

૧. એક :જયારે વઝુ અથવા ગુસ્લ માટે પૂરતું પાણી હાસિલ કરવું મુમ્કીન ન હોય.

**મસઅલો ૬૫૫** : અગર ઈન્સાન કોઈ વસાહત અને આબાદીની જગ્યાએ રહેતો હોય, તો વઝુ અને ગુસ્લ માટે પાણી મેળવવા જયાં સુધી તદ્દન નિરાશ ન થાય ત્યાં સુધી સતત પ્રયાસ કરવો જોઈએ, અને જો એ જંગલમાં કે જયાં આબાદી ન હોય એવા સ્થળે હોય, તો રસ્તામાં અથવા એ જયાં રોકાયો હોય તેની અતરાફમાં પાણીની તલાશ કરે.

એહતીયાતે લાઝિમની રૂએ અગર જમીન ટેકરાળ યા ઢાળવાળી હોય અથવા ગીચોગીચ ઝાડો હોય, જેને કારણે રસ્તો કાપી પાણીની શોધમાં મુશ્કેલી નડે, તો તેવા સંજોગમાં ચારે તરફ એક તીર કામઠાથી ફેંક્વામાં જેટલું અંતર કપાય ત્યાં સુધી તપાસ કરવી જોઈએ(લગભગ ૨૦૦ પગલાં); અને જો જમીન સપાટ હોય તો દરેક દિશાએ બે તીર ફેંક્વા જેટલા અંતર સુધી તપાસ કરવી જોઈએ.

**મસઅલો ૬૫૬** : અગર ચાર દિશાઓમાંથી અમુક તરફ સપાટ જમીન હોય, અને અમુક તરફ ઢાળ હોય કે ઊંચાઈ હોય, તો જે ભણી સપાટ હોય ત્યાં બે તીર અને જયાં સપાટ ન હોય ત્યાં એક તીરના અંતર સુધી તપાસ કરવી જોઈએ.

**મસઅલો ૬૫૭** : જે દિશાએ ખાત્રી હોય કે પાણી નહિ હોય, એ દિશાએ પાણીની તપાસ કરવી લાઝિમ નથી.

**મસઅલો ૬૫૮** : અગર નમાઝનો સમય તંગ ન હોય, અને પાણી હાસિલ કરવા માટે સમય હોય, તો ઈત્મિનાન અથવા યકીનની હાલતમાં અસાધારણ અંતર સુધી દૂર જવું પડે તો જવું જોઈએ, સિવાય કે એટલે દૂર સુધી જવામાં અસહ્ય તકલીફ હોય અથવા પાણી એટલે દૂર હોય કે ઈન્સાન માટે કહી શકાય કે તે પાણીથી મહેરૂમ છે, એવી જ રીતે જો ઈન્સાનને માત્ર ગુમાન હોય કે ફલાણી દૂર જગ્યાએ પાણી હશે, તો ત્યાં સુધી જવું જરૂરી નથી.

**મસઅલો ૬૫૯** : લાઝિમ નથી કે પાણીની તપાસ માટે ઈન્સાન પોતે નીકળે, બલ્કે કોઈ પણ વિશ્ર્વાસુ શખ્સને તે માટે મોકલી શકે છે; અને આવી પિરસ્થિતિમાં એક જ શખ્સ અનેક વતી તપાસ અર્થે જાય તો કાફી છે.

**મસઅલો ૬૬૦** : અગર કોઈને ગુમાન હોય કે પોતાના સફરના સામાનમાં યા મન્ઝીલમાં યા

મન્ઝીલ કે કાફલામાં પાણી છે, તો જયાં સુધી એને સંતોષ ન થાય કે પાણી નથી, અથવા પાણી મેળવવાથી નાઉમ્મીદ ન થઈ જાય, ત્યાં સુધી તપાસ ચાલુ રાખવી જોઈએ.

**મસઅલો ૬૬૧** : અગર કોઈ શખ્સ નમાઝના સમય પહેલા પાણીની તપાસ કરી નાકામ થયો હોય, અને નમાઝના સમયે ત્યાં જ હાજર હોતા એને ગુમાન થાય કે કદાચ પાણી હાસિલ થઈ શકશે, તો એહતીયાતે મુસ્તહબ છે કે ફરી વાર પાણીની તલાશ માટે જાય.

**મસઅલો ૬૬૨** : અગર કોઈ શખ્સ નમાઝનો સમય દાખલ થઈ ગયા બાદ પાણીની તપાસ કરી નાકામ થાય, અને ત્યાં જ હાજર હોતાં બીજી નમાઝનો સમય દાખલ થાય, તો જો એને ગુમાન થાય કે કદાચ પાણી મળી શકશે તો એહતીયાતે મુસ્તહબ છે કે ફરી વાર પાણીની તલાશ માટે જાય.

**મસઅલો ૬૬૩** : અગર નમાઝનો સમય તંગ હોય અથવા ચોર કે ફાડી ખાનાર પ્રાણીનો ભય હોય અથવા તપાસ માટે જવામાં અસહ્ય તકલીફ હોય, તો પાણીની તપાસ કરવી લાઝિમ નથી.

**મસઅલો ૬૬૪** : અગર કોઈ શખ્સ પાણીની તલાશ ન કરે, અને નમાઝનો સમય તંગ થઈ જાય, તો અગરચે તલાશ માટે નીકળતાં પાણી પ્રાપ્ત થયું હોત, તો પણ એની નમાઝ તયમ્મુમથી સહીહ ગણાશે, પણ ગુનેહગાર થયો ગણાશે.

**મસઅલો ૬૬૫** : અગર કોઈ શખ્સને ખાત્રી હોય કે પાણી હાસિલ નહિ કરી શકે, અને પાણીની તપાસ ન કરે; અને તયમ્મુમથી નમાઝ પડી લીધા બાદ તેને ખબર પડે કે તપાસ કરી હોત, તો પાણી હાસિલ થઈ શકતે, તો એવા સંજોગોમાં એહતીયાતે લાઝિમ છે કે એ પાણીથી વઝુ કરીને ફરી નમાઝ પડે.

**મસઅલો ૬૬૬** : અગર કોઈ શખ્સ પાણીની પૂરી તલાશ કર્યા બાદ નિરાશ થઈ ગયો હોય, અને તયમ્મુમથી નમાઝ પઢી લીધા બાદ તેને ખબર પડે કે જે જગ્યાએ તપાસ કરી હતી ત્યાં પાણી હતું, તો એ શખ્સની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૬૬૭** : અગર કોઈ શખ્સને ખાત્રી હોય કે નમાઝનો સમય તંગ છે, અને પાણીની તપાસ કર્યા વગર તયમ્મુમથી નમાઝ પડે, અને ત્યાર બાદ નમાઝ કઝા થયા પહેલાં તેને જણાય કે તેની પાસે પાણીની તલાશ માટે પૂરતો સમય હતો, તો એહતીયાતે વાજિબ છે કે ફરીથી નમાઝ પઢે.

**મસઅલો ૬૬૮** : અગર કોઈ શખ્સ નમાઝનો સમય દાખલ થયા બાદ વઝુની હાલતમાં હોય, અને એ જાણતો હોય કે જો વઝુને બાતિલ કરશે તો પાણી મેળવવું મુશ્કીલ છે અથવા એ કે ફરી વાર વઝુ નહિ કરી શકે, તો એહતીયાતે વાજિબ છે કે શક્ય હોય ત્યાં સુધી પોતાના વઝુને ન તોડે, પણ

અગર એ પોતાની પત્ની સાથે સંભોગ કરવા માંગે તો કરી શકે, અગરચે તેને ખબર હોય કે ગુસ્લ નહિ કરી શકે.

**મસઅલો ૬૬૯** : અગર કોઈ શખ્સ નમાઝના સમય પહેલાં બા વઝુ હોય ; અને એ જાણતો હોય કે જો વઝુ બાતિલ કરશે તો ફરી પાણી હાસિલ નહિ થાય, તો અગર વઝુ બાકી રાખી શકતો હોય, તો એહતીયાતે વાજિબ છે કે તેને બાતિલ ન કરે.

**મસઅલો ૬૭૦** : એક શખ્સ પાસે અગર એટલું જ પાણી હોય કે એનાથી વઝુ યા ગુસ્લ કરી શકે, અને જાણતો હોય કે એ પાણી ઢોળી લેવા બાદ ફરી પાણી નહિ મળી શકે, તો અગર નમાઝનો સમય દાખલ થઈ ચૂક્યો હોય તો પાણીને ઢોળી દેવું હરામ છે, એહતીયાતે વાજિબની રૂએ નમાઝનો સમય દાખલ થયા પહેલાં પણ એ પાણી ન ઢોળવું જોઈએ.

**મસઅલો ૬૭૧** : અગર કોઈ શખ્સ જાણતો હોય કે ફરી પાણી નહિ મળે, તે છતાં નમાઝનો સમય દાખલ થઈ ગયા બાદ પોતાના વઝુ ને બાતિલ કરે અથવા પાણીને ઢોળી નાખે, તો અગરચે ગુનેગાર ગણાશે, પરંતુ તયમ્મુમ સાથે જે નમાઝ પઢશે એ નમાઝ સહીહ છે ; એહતીયાતે મુસ્તહબ છે કે એ નમાઝની કઝા પણ આપે.

## ૨. બે

**મસઅલો ૬૭૨** : અગર કોઈ શખ્સ ઘડપણ કે કમજોરીને કારણે, ચોરની બીકે અથવા ફાડી ખાનાર જાનવર વગેરેના ખોફથી અથવા કૂવામાંથી પાણી ખેંચવાનું સાધન ન હોવાથી પાણી ન મેળવી શકે, તો તે તયમ્મુમ કરશે, એવી જ રીતે જે શખ્સને પાણી મેળવવામાં અસહ્ય મહેનત કરવી પડતી હોય, તો એ તયમ્મુમ કરશે, પરંતુ આ સંજોગમાં કષ્ટ વેઠીને પાણી હાસિલ કરે અને તયમ્મુમને બદલે વઝુ કરે, તો એ વઝુ સહીહ ગણાશે.

**મસઅલો ૬૭૩** : અગર કૂવામાંથી પાણી ખેંચી લાવવા માટે ડોલ, રસ્સી વગેરે જરૂરી સાધનોની જરૂરત હોય તે લાચારીએ ખરીદવું પડે અથવા ભાડે લેવું પડે, તો અસાધારણ કિંમત ચૂક્વીને પણ તે હાંસિલ કરવું જોઈએ, એવી જ રીતે અગર પાણી અસાધારણ કિંમતે વેચાતું મળતું હોય, તો તે મેળવવું જોઈએ ; પણ જો કિંમત એટલી મોંધી હોય કે ઈન્સાનની માલી હાલત માટે નુકસાનકર્તા હોય, તો પાણી મેળવવું લાઝિમ નથી.

**મસઅલો ૬૭૪** : જો પાણી મેળવવા માટે લાચારીએ કરજ લેવું પડતું હોય તો કરજ લેવું જોઈએ, પણ જો કોઈ શખ્સને ખાત્રી અથવા ગુમાન હોય કે એ કરજ ભરપાઈ નહિ કરી શકે, તો કરજ

લેવું વાજિબ નથી.

**<u>મસઅલો ૬૭૫</u>** : અગર પાણી મેળવવા ખાતર કૂવો ખોદવામાં વધારે પડતી મહેનત ન હોય, તો કૂવો ખોદવો જોઈએ.

**<u>મસઅલો ૬૭૬</u>** : અગર કોઈ શખ્સ કોઈ પણ એહસાન જતાવ્યા વગર પ્રમાણસર પાણી આપતો હોય, તો તેની પાસેથી એ સ્વીકારી લેવું જોઈએ.

**3. ત્રણ**

**<u>મસઅલો ૬૭૭</u>** : અગર કોઈ શખ્સને ભય હોય કે પાણીના ઉપયોગથી તેની જાન ખતરામાં મૂકાશે, અથવા એવી બીક હોય કે પાણીથી એ બીમાર પડશે અથવા કોઈ ખોડ-ખાંપણ ઉપસ્થિત થશે, અથવા એ કે તેની બીમારી લંબાશે યા વધુ જોર પકડશે યા ઈલાજમાં તકલીફ નડશે, તો એવા સંજોગોમાં તયમ્મુમ કરશે.

પણ અગર એ પાણીથી થતા નુકસાનને દૂર કરી શકતો હોય, જેમકે પાણીને ગરમ કરવાથી વઝુની શક્યતા હોય અથવા ગુસ્લ કરી શકતો હોય, તો પછી એ મુજબ વર્તવું જોઈએ.

**<u>મસઅલો ૬૭૮</u>** : લાઝિમ નથી કે ઈન્સાન ખાત્રી કરે કે પાણી એના માટે નુકસાનકારક છે કે નહિ, બલ્કે જો એને ગુમાન હોય કે પાણી તેને નુકસાન પહોંચાડશે, અને એ ગુમાન સામાન્ય નજરે વ્યાજબી લેખાતું હોય, અને એને કારણે એક જાતની બીક તેનામાં જન્મે તો તે તયમ્મુમમ કરશે.

**<u>મસઅલો ૬૭૯</u>** : જે માણસને આંખના દર્દની બીમારી હોય અને પાણી તેના માટે નુકસાનકર્તા હોય, તો એ માણસે તયમ્મુમમ કરવું જોઈએ.

**<u>મસઅલો ૬૮૦</u>** : અગર કોઈ શખ્સ ખાત્રીપૂર્વક યા બીકથી એમ ધારે કે પાણી તેના માટે નુકસાનકર્તા છે, અને તયમ્મુમ કરે, પણ નમાઝ પહેલાં એને જાણ થાય કે પાણી નુકસાનકર્તા નથી, તો તયમ્મુમ બાતિલ થશે ; અને અગર નમાઝ બાદ એવી જાણ થાય તો ગુસ્લ અથવા વઝુ કરીને ફરીવાર નમાઝ પઢશે.

**<u>મસઅલો ૬૮૧</u>** : અગર કોઈ શખ્સને ખાત્રી હોય કે પાણી તેના માટે નુકસાનકારક નથી, અને ગુસ્લ યા વઝુ કર્યા બાદ તેને જાણ થાય કે પાણી નુકસાનકર્તા હતું, તો તેનું વઝુ અને ગુસ્લ બાતિલ છે.

**૪. ચાર**

**<u>મસઅલો ૬૮૨</u>** : અગર એક શખ્સને એવો ભય હોય કે પાણીને વઝુ અથવા ગુસ્લ માટે

વાપર્યા બાદ પ્યાસને કારણે એ સંકટમાં મુકાશે, તો એવા શખ્સે તયમ્મુમ કરવું જોઈએ, પણ તેના માટે **ત્રણ શરતો** છે :

**(અ)** પાણીને વઝુ કે ગુસ્લ માટે ઉપયોગમાં લેવાથી તાત્કાલિક યા પછીથી એ પ્યાસને કારણે હલાક થઈ જાય અથવા બીમારીનો ભોગ બને અથવા અસહ્ય સંકટમાં મુકાય.

**(બ)** જે લોકોની સંભાળ અને રક્ષણ તેના ઉપર વાજિબ હોય, એ લોકો માટે ભય હોય કે પાણી ન હોવાથી હલાક થશે યા બીમાર પડશે.

**(જ)** અન્ય જીવ માટે, ચાહે એ ઈન્સાન હોય કે હયવાન, અગર ભય લાગે કે એ હલાક થશે અથવા બીમાર પડશે અથવા એ લોકોની બેતાબી અસહ્ય થશે, તો ચાહે એ જીવ મોહતરમ હોય કે ન હોય, તયમ્મુમ કરી લવું જોઈએ.

ઉપરોકત ત્રણ સંજોગો સિવાય પાણીની મોજૂદગીમાં તયમ્મુમ જાઈઝ નથી.

**<u>મસઅલો ૬૮૩</u>** : અગર કોઈ શખ્સ પાસે વઝુ અથવા ગુસ્લ માટે પાક પાણી હોવા ઉપરાંત પીવા માટે નજીસ પાણી હોય, તો એ પીવા માટે પાક પાણી રાખશે અને તમમ્મુમમથી નમાઝ પડશે.
પણ અગર પીવાનું પાણી પોતાના સંબંધીઓ માટે જરૂરી હોય, તો એ શખ્સ પાક પાણીથી વઝુ યા ગુસ્લ કરી શકશે, અગરચે સંબંધીઓ પ્યાસને સંતોષવા માટે નજીસ પાણી ઉપયોગમાં લ્યે, બલ્કે અગર એ સંબંધીઓને નજાસતની ખબર ન હોય અથવા નજીસ પાણીથી પરહેઝ ન કરતા હોય, તો પછી લાઝિમ છે કે પોતે પાક પાણીને વઝુ યા ગુસ્લ માટે વાપરે.
એવી જ રીતે અગર પીવા માટે હયવાન કે નાબાલિગ બચ્ચાને નજીસ પાણી દેવું પડે તો દે અને પોતે પાક પાણીથી વઝુ અને ગુસ્લ અંજામ આપે.

## ૫. પાંચ

**<u>મસઅલો ૬૮૪</u>** : જે માણસનું શરીર અથવા કપડાં નજીસ હોય, અને પાણી એટલું થોડું હોય કે વઝુ યા ગુસ્લ કરવા જતાં શરીર કે કપડાંને પાક ન કરી શકે, તો એવા સંજોગમાં એ શરીર યા કપડાંને પાક કરશે ; અને તયમ્મુમથી નમાઝ પડશે, પણ અગર તયમ્મુમ કરવા માટે જોઈતી વસ્તુઓમાંથી કોઈ પણ મોજૂદ ન હોય, તો પછી પાણીને વઝુ અથવા ગુસ્લ માટે વાપરશે, અને નજીસ શરીર કે કપડાં સાથે નમાઝ અદા કરશે.

## ૬. છ

**<u>મસઅલો ૬૮૫</u>** : અગર કોઈ શખ્સ પાસે એવું પાણી કે ઠામ હોય કે જેનો ઉપયોગ હરામ છે,

અને એ સિવાય બીજું પાણી કે ઠામ ન હોય, જેમકે અગર પાણી કે ઠામ ગસ્બી હોય અને એ સિવાય પાણી અને ઠામ મોજૂદ ન હોય, તો એ શખ્સ વઝુ અને ગુસ્લને બદલે તયમ્મુમ કરશે.

### ૭. સાત

**મસઅલો ૬૮૬** : જયારે નમાઝનો સમય એટલો તંગ હોય કે વઝુ કે ગુસ્લ કરવા જતાં આખી નમાઝ યા એનો અમુક ભાગ કઝા થઈ જાય, ત્યારે તયમ્મુમ કરવું જોઈએ.

**મસઅલો ૬૮૭** : અગર કોઈ શખ્સ જાણી બુજીને નમાઝ પડવામાં એટલી ઢીલ કરે કે વઝુ યા ગુસ્લ માટે સમય બાકી ન રહે તો એ ગુનેહગાર છે, પણ તયમ્મુમ કરીને જે નમાઝ એ પઢશે એ નમાઝ સહીહ છે, જો કે એહતીયાતે મુસ્તહબ છે કે એ નમાઝની કઝા આપે.

**મસઅલો ૬૮૮** : અગર કોઈને શક હોય કે વઝુ યા ગુસ્લ કરવા જતાં નમાઝનો વખત બાકી રહેશે કે નહિ, તો એ તયમ્મુમ કરશે.

**મસઅલો ૬૮૯** : જે શખ્સ નમાઝના વખતની તંગીને કારણે તયમ્મુમ કરે, અને નમાઝ બાદ વઝુ કરવાની આવશ્યકતા હોવા છતાં વઝુ ન કરે, એટલે સુધી કે પાણી હાથમાંથી જતું રહે, તો અગર હજી તેના માટે તયમ્મુમનો હુકમ બાકી હોય, તો એ બીજી નમાઝો માટે ફરી તયમ્મુમ કરશે, અગરચે તેનું પહેલું તયમ્મુમ બાતિલ ન થયું હોય.

**મસઅલો ૬૯૦** : અગર કોઈ શખ્સ પાસે પાણી હોય, પણ નમાઝના સમયની તંગીને કારણે તયમ્મુમ કરીને નમાઝ પઢે, અને એ દરમ્યાન પાણી હાથમાંથી જતું રહે, તો અગર તેના ઉપર હજી તયમ્મુમનો હુકમ લાગુ પડતો હોય, તો એહતીયાતે મુસ્તહબ છે કે એ બીજી નમાઝો માટે નવેસરથી તયમ્મુમ કરે.

**મસઅલો ૬૯૧** : અગર કોઈ શખ્સ પાસે એટલો જ સમય હોય કે વઝુ યા ગુસ્લ કરીને નમાઝ મુસ્તહબ કાર્યો વિના સમયની અંદર અદા કરે, જેમકે એકામહ અથવા કુનૂત ન પડે, તો એવા માણસે વઝુ અથવા ગુસ્લ કરીને મુસ્તહબ કાર્યો વગર નમાઝ પડવી જોઈએ, બલ્કે અગર સૂરો પડવા જેટલો પણ સમય ન હોય, તો એ માણસે વઝુ યા ગુસ્લ કરવું જોઈએ ; અને નમાઝને સૂરો પઢયા વગર અદા કરવું જોઈએ.

### જે વસ્તુઓ ઉપર તયમ્મુમ કરવું દુરસ્ત (સહીહ) છે :

**મસઅલો ૬૯૨** : તયમ્મુમ માટી, રેતી, ઢેલા અને પત્થર ઉપર થઈ શકે છે ; પણ એહતીયાતે મુસ્તહબ છે કે જયાં સુધી માટી પ્રાપ્ય હોય ત્યાં સુધી બીજી કોઈ વસ્તુ ઉપર તયમ્મુમ ન કરવામાં

આવે, માટી ન હોય તો રેતી યા ઢેલાનો ઉપયોગ થવો જોઈએ, અને જો એ ન હોય તો પછી પત્થર ઉપર તયમ્મુમ કરે.

**મસઅલો ૬૯૩** : ચૂનાના પત્થર ઉપર તેમજ જીપ્સમ ઉપર તયમ્મુમ સહીહ ગણાશે; એવી જ રીતે જે રજકણ ગાલીચા ઉપર કે કપડાં ઉપર એકત્રિત થાય છે, તે અગર એટલા પ્રમાણમાં હોય કે તેને બારીક માટી તરીકે ઓળખી શકાય તો તેના ઉપર તયમ્મુમ થઈ શકશે, અગરચે એહતીયાતે મુસ્તહબની રૂએ જયારે કોઈ પણ જાતની મજબૂરી ન હોય ત્યારે એ રજકણ વગેરે ઉપર તયમ્મુમ ન કરવામાં આવે, એવી જ રીતે ઈખ્તીયારની હાલતમાં પકાવવામાં આવેલા ચૂના, જીપ્સમ, ઈંટ અને ખાણમાંથી નીકળેલા પત્થરો, જેમકે અકીક ઉપર તયમ્મુમ ન કરવામાં આવે.

**મસઅલો ૬૯૪** : અગર કોઈ પણ સંજોગે ધૂળ, રેંતી, માટી, કે પત્થર હાંસિલ ન થાય, તો ભીની માટી ઉપર તયમ્મુમ કરવું જોઈએ, અને જો એ પણ ન મળે તો પછી ગાલીચા, કપડાં ઉપર જે સાધારણ રજ બેસે છે, ચાહે એ બહુજ ઓછા પ્રમાણમાં હોય, તેના ઉપર તયમ્મુમ કરે, અને જો ઉપરોકત કોઈ પણ વસ્તુ પ્રાપ્ય ન હોય તો એહતીયાતે મુસ્તહબ છે કે તયમ્મુમ વિના નમાઝ પડે, પણ તે પછી તેની કઝા આપવી વાજિબ છે.

**મસઅલો ૬૯૫** : અગર કોઈ શખ્સ ગાલીચા વગેરે જેવી વસ્તુ ને ઝટકો આપીને ધૂળ ભેગી કરી શકતો હોય, તો પછી માત્ર રજ લાગેલી વસ્તુઓ ઉપર તયમ્મુમ બાતિલ ગણાશે, એવી જ રીતે અગર ભીની માટીને સુકવીને તેમાંથી ધૂળ મેળવી શકતો હોય તો ભીની માટી ઉપર તયમ્મુમ બાતિલ છે.

**મસઅલો ૬૯૬** : અગર એક શખ્સ પાસે પાણી ન હોય પણ એને બદલે બરફ હોય, જેને પીગળાવીને પાણી મેળવી શકતો હોય તો તેના ઉપર જરૂરી છે એ બરફને પીગળાવીને એ પાણીથી વઝુ કરે અથવા ગુસ્લ બજાવી લાવે, પણ જો એ મુમકીન ન હોય અને તયમ્મુમ કરવા લાયક વસ્તુઓમાંથી કોઈપણ વસ્તુ મોજૂદ ન હોય, તો નમાઝને તેના સમય બાદ કઝા રૂપે બજાવી લાવે, અને બહેતર એ છે કે બરફથી જ વઝુ અથવા ગુસ્લના ભાગોને ભીના કરે; અને જો એ પણ શક્ય ન હોય તો પછી બરફ ઉપર તયમ્મુમ કરી સમયની અંદર નમાઝ અદા કરે.

**મસઅલો ૬૯૭** : અગર ધૂળ યા રેતીમાં સૂકું ઘાસ યા એવી વસ્તુ ભેળસેળ કરવામાં આવે કે જે વસ્તુ ઉપર તયમ્મુમ બાતિલ છે, તો એવી ધૂળ વગેરેથી તયમ્મુમ સહીહ નહિ ગણાયમ, પણ જો એ ભેળસેળ કરવામાં આવેલી વસ્તુનું પ્રમાણ એટલું ઓછું હોય કે ધૂળ, રેંતીમાં તેની જુદી પરખ ન થઈ

શકે તો એવી ધૂળ કે એવી રેંતી ઉપર તયમ્મુમ સહીહ ગણાશે.

**<u>મસઅલો ૬૯૮</u>** : અગર કોઈ શખ્સ પાસે તયમ્મુમ કરી શકે એવી વસ્તુ મોજૂદ ન હોય, તો શક્ય સંજોગમાં તેની ખરીદ વગેરે માટે પ્રયોજન કરવું જરૂરી છે.

**<u>મસઅલો ૬૯૯</u>** : માટીની દિવાલ ઉપર તયમ્મુમ સહીહ છે; અને એહતીયાતે મુસ્તહબ છે કે સુકી જમીન કે ધૂળની મોજૂદગીમાં ભીની માટી કે જમીન ઉપર તયમ્મુમ ન કરવામાં આવે.

**<u>મસઅલો ૭૦૦</u>** : જે વસ્તુ ઉપર તયમ્મુમ કરવામાં આવે તેનું પાક હોવું જરૂરી છે, અને અગર એવી વસ્તુ પાક મોજૂદ ન હોય તો નમાઝને તે વખતે વાજિબ નથી, પણ તેની કઝા આપવી પડશે, અને બેહતર છે કે સમયની અંદર પણ નમાઝ પડે.

**<u>મસઅલો ૭૦૧</u>** : અગર ખાત્રી હોય કે ફલાણી વસ્તુ ઉપર તયમ્મુમ સહીહ છે; અને તેના ઉપર તયમ્મુમ કરી લીધા બાદ ખબર પડે કે તેના ઉપર કરવામાં આવેલ તયમ્મુમ બાતિલ હતું, તો એ તયમ્મુમથી જેટલી નમાઝો પડી હોય તે સર્વ ફરી પડી લેવી જોઈએ.

**<u>મસઅલો ૭૦૨</u>** : જે વસ્તુ ઉપર તયમ્મુમ કરવામાં આવે તે ગસ્બી ન હોવી જોઈએ, દા.ત.અગર કોઈ ગસ્બી ધૂળ ઉપર તયમ્મુમ કરે, તો એ તયમ્મુમ બાતિલ ગણાશે.

**<u>મસઅલો ૭૦૩</u>** : તયમ્મુમ માટે શરત નથી કે વાતાવરણ ગસ્બી ન હોય, અગર કોઈ પોતાની મિલકત - વાળી જમીન ઉપર હાથ મારીને તયમ્મુમ માટે હથેળી ઉપર ધૂળ લ્યે; અને પછી રજા વિના કોઈ બીજાની મિલકતમાં દાખલ થઈને એ હથેળીઓને પોતાની પેશાની ઉપર ફેરવે તો તયમ્મુમ સહીહ ગણાશે, અગરચે ગુનેહગાર થયો ગણાશે.

**<u>મસઅલો ૭૦૪</u>** : અગર કોઈ શખ્સ ભૂલથી યા અજાણતાથી ગસ્બી વસ્તુ ઉપર તયમ્મુમ કરે તો તેનું તયમ્મુમ સહીહ ગણાશે, પણ અગર એ વસ્તુ એણે પોતાએ ગસ્બ કરી હોય અને પછી ભૂલી ગયો હોય, તો તેવી વસ્તુ ઉપર તયમ્મુમનું સહીહ હોવું મુશ્કીલ છે.

**<u>મસઅલો ૭૦૫</u>** : અગર કોઈ શખ્સ કોઈ ગસ્બી જગ્યાએ કેદ હોય, અને ત્યાંનું પાણી અને ધૂળ બંને ગસ્બી હોય, તો એ શખ્સ માટે જરૂરી છે કે તયમ્મુમ કરીને નમાઝ પઢે.

**<u>મસઅલો ૭૦૬</u>** : એહતીયાતે લાઝિમ છે કે જે વસ્તુ ઉપર તયમ્મુમ કરવામાં આવે, તેના ઉપર રજ કે ધૂળ ચોંટેલી પડી હોય, જેથી તેના ઉપર હાથ મારતાં એ ધૂળ હથેળીમાં રહે, અને હથેળીમાંથી ધૂળ ખંખેરતી વેળા એ ધ્યાન રાખવું જોઈએ કે એટલા જોરથી ન ખંખેરે કે હથેળીમાં કોઈ ધૂળ બાકી ન રહેવા પામે.

**મસઅલો ૭૦૭** : જમીનમાં ખાડો પડી ગયો હોય તેના ધૂળ, રસ્તાની ધૂળ અને નીમકવાળી જમીન ઉપર તયમ્મુમ મકરૂહ છે, અને અગર જમીન પૂરી નીમકથી ઢંકાઈ ગઈ હોય તો તે ઉપર તયમ્મુમ બાતિલ છે.

## વઝુ અથવા ગુસ્લને બદલે તયમ્મુમ કરવાની રીત :

**મસઅલો ૭૦૮** : વઝુ અથવા ગુસ્લને બદલે તયમ્મુમ કરવામાં ચાર બાબતો વાજિબ છે :

**(૧)** નિય્યત;

**(૨)** જે વસ્તુ ઉપર તયમ્મુમ કરવાની રજા છે, તે ઉપર બંને હથેળીઓ મારવી અથવા રાખવી જોઈએ, અને એહતીયાતે લાઝિમ છે કે બંને હથેળીઓ એકી સાથે રાખવામાં કે મારવામાં આવે.

**(૩)** બંને હથેળીઓને આખીય પેશાની ઉપર અને એહતીયાતે વાજિબની રૂએ તેની બંને બાજુઓ ઉપર એવી રીતે ફેરવે કે જયાંથી વાળ ઊગે છે, ત્યાંથી આંખના ભવાં સુધી અને નાકના ઉપલા ભાગ સુધી હથેળીઓ પહોંચે, એહતીયાતે મુસ્તહબ છે કે આંખના નેણ ઉપર પણ હથેળી ફેરવવામાં આવે.

**(૪)** ડાબા હાથની હથેળી જમણા હાથના ઉપલા ભાગ ઉપર (એટલે કે હથેળીની પીઠ ઉપર ) અને ત્યાર બાદ એવી જ રીતે જમણા હાથની હથેળી ડાબા હાથના ઉપલા ભાગ ઉપર ફેરવવી.

**મસઅલો ૭૦૯** : એહતીયાતે મુસ્તહબની રૂએ વઝુ અથવા ગુસ્લની બદલે તયમ્મુમની રીત આ પ્રમાણે છે :

**(અ)** એક વાર બંને હથેળીઓ જમીન ઉપર મારી હથેળીને પોતાની પેશાની અને બંને હથેળીઓની પીઠ ઉપર ફેરવે;

**(બ)** ત્યાર બાદ બીજીવાર બંને હથેળીઓ જમીન ઉપર મારી માત્ર બંને હાથની હથેળીઓની પીઠ ઉપર ફેરવે.

## તયમ્મુમના એહકામ :

**મસઅલો ૭૧૦** : અગર કોઈ શખ્સ જાણી-જોઈને કે મસઅલાથી અજાણ હોવાને કારણે કે ભૂલી જવાથી તયમ્મુમના કોઈ ભાગ ઉપર પૂરી રીતે હાથ ન ફેરવે, અને થોડો ભાગ પણ રહી જવા પામે તો તયમ્મુમ બાતિલ ગણાશે, અલબત્ત એ બાબતમાં વધુ પડતી ચીવટની પણ જરૂરત નથી, અગર સંતોષ થઈ જાય કે આખી પેશાની અને હાથની હથેળીની પીઠ ઉપર હાથ ફરી ગયો છે તો એ કાફી ગણાશે.

**મસઅલો ૭૧૧** : અગર કોઈને શંકા થતી હોય કે હથેળીની પૂરી પીઠ ઉપર હાથ ફર્યો છે કે નહિં, તો ખાત્રી મેળવવા માટે કાંડાથી સ્હેજ ઉપરથી હાથ ફેરવે, પરંતુ આંગળીઓ વચ્ચે હાથ ફેરવવાની જરૂરત નથી.

**મસઅલો ૭૧૨** : પેશાની અને હથેળીઓની પીઠ ઉપર હાથ ફેરવતી વેળા અહ્વતની રૂએ હાથ ઉપરથી નીચેની તરફ ફેરવવો જોઈએ, એવી જ રીતે તયમ્મુમના તમામ કાર્યો એક પછી એક ઢીલ વગર અંજામ આપવા જરૂરી છે, અગર કાર્યો વચ્ચે એટલી વાર લગાડે કે ખબર ન પડે કે તયમ્મુમ બજાવી રહ્યો છે, તો તયમ્મુમ બાતિલ ગણાશે.

**મસઅલો ૭૧૩** : નિય્યત કરતી વેળા એ મુઅય્યન કરવું જરૂરી નથી કે વઝુના બદલે તયમ્મુમ કરી રહ્યો છે કે ગુસ્લના બદલે કરી રહ્યો છે, પણ જે સંજોગમાં બંને તયમ્મુમ વાજિબ થયાં હોય, તો દરેકને મુઅય્યન કરવું લાઝિમ છે.

જયારે એક જ તયમ્મુમ તેના ઉપર વાજિબ હોય, અને એ નિય્યત કરે કે હાલ તેના ઉપર તયમ્મુમ વાજિબ થયું છે તે બજાવી રહ્યો છે, તો એનું તયમ્મુમ સહીહ ગણાશે, અગરચે તેની ધારણામાં એણે ભૂલ કરી હોય.

**મસઅલો ૭૧૪** : તયમ્મુમ કરતી વેળા એહ્તીયાતે મુસ્તહબ છે કે શક્ય સંજોગમાં તેની પેશાની હથેળીઓ અને હથેળીઓની પીઠ પાક હોય.

**મસઅલો ૭૧૫** : હથેળીની પીઠ ઉપર હાથ ફેરવતી વેળા હાથમાંથી વીંટી કાઢી લેવી જરૂરી છે; અને અગર પેશાની, હથેળીઓ કે હથેળીઓની પીઠ ઉપર કોઈ રૂકાવટ હોય, તો તેને પણ દૂર કરી લેવી જોઈએ.

**મસઅલો ૭૧૬** : અગર પેશાની કે હથેળીઓની પીઠ ઉપર જખ્મને કારણે પાટો બાંધેલો હોય અને એ ખોલી શકાતો ન હોય, તો એ પાટા ઉપર જ હાથ ફેરવવો જોઈએ; એવી જ રીતે જો જખ્મને કારણે હથેળી ઉપર પાટો હોય એ ખોલી શકાતો ન હોય, તો પાટાની સાથે જ તયમ્મુમની વસ્તુ ઉપર હાથ મારીને તયમ્મુમ કરશે.

**મસઅલો ૭૧૭** : અગર પેશાની કે હથેળીની પીઠ ઉપર વાળ હોય તો કોઈ વાંધો નથી, પણ અગર માથાના વાળ પેશાની ઉપર ઉતરી આવ્યા હોય, તો તેને હટાવી લેવા જરૂરી છે.

**મસઅલો ૭૧૮** : અગર એવું ગુમાન થાય કે પેશાની, હથેળીઓ યા હથેળીઓની પીઠ ઉપર કોઈ રૂકાવટ છે, અને જો એ ગુમાન સામાન્ય રીતે વ્યાજબી લેખાતું હોય, તો પછી તેની પૂરી તપાસ

કરીને ખાત્રી અને ઈત્મિનાન હાસિલ કરવું જોઈએ કે કોઈ રૂકાવટ રહી નથી.

**મસઅલો ૭૧૯** : અગર કોઈ શખ્સ ઉપર તયમ્મુમ વાજિબ હોય, પણ એ એકલો બજાવી લાવી શકતો ન હોય, તો બીજાની મદદ લેવી જોઈએ, અને એ મદદ વડે પોતાના હાથો જે વસ્તુ ઉપર તયમ્મુમ થઈ શકે છે તેના ઉપર મારે, અને પછી પેશાની અને હથેળીની પીઠ ઉપર પોતે ફેરવે.

અને જો એ મુમ્કીન ન હોય તો મદદ કરનાર તેને તેના જ હાથોથી તયમ્મુમ કરાવે, અને જો એ પણ શક્ય ન હોય તો મદદ કરનાર પોતાના હાથ તયમ્મુમની વસ્તુ ઉપર મારી તેની પેશાની અને હથેળીની પીઠ ઉપર ફેરવી આપે. આ છેલ્લા બે સંજોગમાં એહતીયાતે વાજિબ છે કે બંને જણ તયમ્મુમની નિય્યત કરે.

પરંતુ પહેલી સૂરતમાં પોતે શખ્સ જેના ઉપર તયમ્મુમ વાજિબ છે, અગર નિય્યત કરી લ્યે તો કાફી ગણાશે.

**મસઅલો ૭૨૦** : અગર તયમ્મુમ દરમ્યાન શક જાય કે કોઈ ભાગ રહી જવા પામ્યો છે, તો અગર જે ભાગ વિષે શંકા જાય તેનો મોકો વીતી ગયો હોય, તો એ શંકાની પરવા ન કરવી જોઈઅ, અને જો હજી એનો મોકો બાકી હોય, તો તેના ઉપર તયમ્મુમનો અમલ બજાવી લાવે.

**મસઅલો ૭૨૧** : અગર ડાબી હથેળીની પીઠ ઉપર હાથ ફેરવી લીધા બાદ કોઈને શંકા જાય કે તયમ્મુમ સરખી રીતે કર્યું છે કે નહિ, તો તેને સહીહ સમજવું, પણ અગર શંકાનો સંબંધ ડાબી હથેળીની પીઠ ઉપર હાથ ફેરવવા સાથે હોય, તો તે ઉપર ફરીથી હાથ ફેરવે. અલબત્ત, અગર તયમ્મુમથી ફરાગત થઈ ગઈ હોય, એટલે દાખલા તરીકે તહારતની જે અમલમાં શરત છે એ અમલ શરૂ કરી ચૂક્યો હોય, તો તયમ્મુમ સહીહ ગણાશે.

**મસઅલો ૭૨૨** : અગર કોઈ શખ્સ ઉપર તયમ્મુમનો હુકમ લાગુ પડયો હોય, અને નમાઝના સમયના અંત સુધી ઉઝર બાકી રહેવાની ખાત્રી ધરાવતો હોય તો એ તયમ્મુમ કરી શકે છે; અને જો એણે કોઈ બીજા વાજિબ કે મુસ્તહબ કાર્ય માટે તયમ્મુમ કર્યુ હોય, અને નમાઝના સમય સુધી ઉઝર પણ બાકી રહ્યો હોય, તો એ જ તયમ્મુમથી નમાઝ પઢી શકશે.

**મસઅલો ૭૨૩** : અગર કોઈ શખ્સ ઉપર તયમ્મુમ વાજિબ હોય અને એ જાણતો હોય કે નમાઝના છેલ્લા સમય સુધીતેનો ઉઝર બાકી રહેશે, અથવા ઉઝર દૂર થવાથી નિરાશ થઈ ગયો હોય, તો નમાઝ માટે પૂરતો સમય બાકી હોવા છતાં તયમ્મુમ વડે નમાઝ પઢી શકશે, પણ જો એને ખાત્રી હોય કે નમાઝના આખર વખત સુધીમાં ઉઝર બરતરફ થઈ જશે, તો એણે સબર કરવી જોઈએ, જેથી

પાણી વડે વઝુ યા ગુસ્લ કરીને નમાઝ પડે, બલ્કે અગર એ ઉઝરના બરતરફ થવા સંબંધે તદ્દન માયુસ ન થયો હોય, તો તદ્દન માયુસ ન થાય ત્યાં સુધી તયમ્મુમ કરીને નમાઝ નહિ પઢી શકે.

**મસઅલો ૭૨૪** : અગર કોઈ શખ્સ વઝુ યા ગુસ્લ કરી શકતો ન હોય, અને સાથે યકીન ધરાવતો હોય કે ઉઝર બરતરફ નહિ થાય, અથવા એ બારામાં તદ્દન નિરાશ હોય, તો તયમ્મુમ કરીને પોતાની કઝા નમાઝો પડી શકે છે, પણ જો એ બાદ ઉઝર દૂર થાય તો એહતીયાતે મુસ્તહબ છે કે જે નમાઝો પડી ચૂકયો છે તે વઝુ અથવા ગુસ્લ સાથે ફરીથી પડે પણ જો ઉઝર દૂર થવામાં બિલ્કુલ નિરાશ ન થયો હોય તો એહતીયાતે લાઝિમની રૂએ તયમ્મુમ વડે કઝા નમાઝો નહિ પડી શકે.

**મસઅલો ૭૨૫** : જે શખ્સ વઝુ યા ગુસ્લ ન કરી શકતો હોય, તે તયમ્મુમ કરીને સુન્નતી નમાઝો, જેમકે રોજની નાફિલા નમાઝો કે જેનો સમય મુકર્રર છે તે પડી શકે છે, પણ અગર એ ઉઝર દૂર થવા બારામાં નિરાશ ન થયો હોય અને એને આશા હોય કે એ સુન્નતી નમાઝો તેના મુકર્રર વખતમાં વઝુ કે ગુસ્લ કરીને પઢી શકશે, તો એહતીયાતે લાઝિમ છે કે એ સુન્નતી નમાઝોને તયમ્મુમ વડે અવ્વલ વખતમાં ન પડે.

**મસઅલો ૭૨૬** : અગર કોઈ શખ્સ એહીતયાતની રૂએ જબીરા ગુસ્લ સાથે તયમ્મુમ કરે, અને એ ગુસ્લ અને તયમ્મુમ બાદ નમાઝ પઢે, અને જો નમાઝ બાદ કોઈ વઝુને તોડનાર અમલ બજાવી લાવે, તો તે પછીની નમાઝો માટે વઝુ કરવું જરૂરી છે; અને જો નમાઝ પઢયા પહેલાં વઝુને તોડનાર કોઈ કાર્ય કરે, તો એ નમાઝ માટે પણ વઝુ કરવું જરૂરી છે.

**મસઅલો ૭૨૭** : પાણી હાસિલ ન થવાથી કે કોઈપણ બીજા ઉઝર ને કારણે અગર કોઈએ તયમ્મુમ કર્યું હોય, તો ઉઝર દૂર થતાં એ તયમ્મુમ બાતિલ થઈ જશે.

**મસઅલો ૭૨૮** : જે બાબતો વઝુને બાતિલ કરે છે, એ બાબતો વઝુને બદલે કરવામાં આવેલ તયમ્મુમને પણ બાતિલ કરશે; એવી જ રીતે જે બાબતો ગુસ્લને બાતિલ કરે છે, એ બાબતો ગુસ્લને બદલે કરવામાં આવેલ તયમ્મુમને પણ બાતિલ કરશે.

**મસઅલો ૭૨૯** : જે શખ્સ ગુસ્લ ન કરી શકતો હોય, અને તેના ઉપર અનેક ગુસ્લો વાજિબ થયાં હોય, તો એક જ તયમ્મુમ એ સર્વ ગુસ્લોના બદલામાં કરે તો જાઈઝ છે, પણ એહતીયાતે મુસ્તહબ છે કે દરેક વાજિબ થયેલા ગુસ્લના બદલામાં અલગ તયમ્મુમ કરે.

**મસઅલો ૭૩૦** : જે શખ્સ ગુસ્લ ન કરી શકતો હોય, અને એ એવો અમલ બજાવવા માંગતો હોય, જેના માટે ગુસ્લ વાજિબ છે, તો એ ગુસ્લને બદલે તયમ્મુમ કરશે, એવી જ રીતે જે વઝુ ન કરી

શકતો હોય, અને એવું કાર્ય કરવા માંગે, જે માટે વઝુ વાજિબ છે, તો વઝુને બદલે તયમ્મુમ કરશે.

<u>**મસઅલો ૭૩૧**</u> :જે શખ્સ ગુસ્લ જનાબતને બદલે તયમ્મુમ કરે, તેના માટે લાઝિમ નથી કે નમાઝ માટે વઝુ કરે, પણ અગર બીજા ગુસ્લોને બદલે તયમ્મુમ કર્યું હોય, તો એહતીયાતે મુસ્તહબ છે કે વઝુ પણ કરે, અને જો વઝુ ન કરી શકતો હોય તો વઝુના બદલામાં બીજું તયમ્મુમ કરે.

<u>**મસઅલો ૭૩૨**</u> :અગર કોઈ શખ્સ ગુસ્લે જનાબતને બદલે તયમ્મુમ કરી, ત્યાર બાદ વઝુ ને તોડનાર કોઈ અમલ કરે, તો અગર ત્યાર બાદની નમાઝો માટે ગુસ્લ ન કરી શકતો હોય તો વઝુ કરવું જરૂરી છે; અને એહતીયાતે મુસ્તહબ છે કે તયમ્મુમ પણ કરે.

અને જો વઝુ ન કરી શકતો હોય તો તેના બદલામાં તયમ્મુમ કરવું જોઈએ, અને એહતીયાતે મુસ્તહબ છે કે તયમ્મુમને “મા ફીઝઝીમ્મહ” (જે હુકમ ઝીમ્મા ઉપર હોય તે) નિય્યતથી બજાવી લાવે.

<u>**મસઅલો ૭33**</u> :જે શખ્સ માટે જરૂરી હોય કે કોઈ અમલ બજાવી લાવવા માટે, જેમકે નમાઝ પઢવા માટે વઝુ તેમજ ગુસ્લના બદલામાં બે તયમ્મુમ કરે, તે અગર પહેલા તયમ્મુમમાં વઝુને બદલે અથવા ગુસ્લને બદલે નિય્યત કરે, અને બીજા તયમ્મુમમાં ફકત એટલી જ નિય્યત કરે કે જે હુકમ તેને લાગુ પડે છે, તેને અંજામ આપવા તયમ્મુમ કરી રહ્યો છે, તો એ કાફી ગણાશે.

<u>**મસઅલો ૭3૪**</u> : જે શખ્સ ઉપર તયમ્મુમ કરવાનો હુકમ લાગુ હોય, તે અગર કોઈ અમલ માટે તયમ્મુમ કરે, તો જયાં સુધી ઉઝર બાકી છે, ત્યાં સુધી એવાં તમામ કામોને અંજામ આપી શકાશે, જે માટે વઝુ યા ગુસ્લ બજાવી લાવવું જરૂરી છે, પણ જો વખતની તંગીને લઈને એણે તયમ્મુમ કર્યું હોય, અથવા પાણી મોજૂદ હોવા છતાં નમાઝે મય્યીત યા સુવા માટે તયમ્મુમ કરેલું હોય, તો એ જ કામ અંજામમ આપશે, જે માટે એણે તયમ્મુમ કર્યું હોય.

<u>**મસઅલો ૭3૫**</u> : અમુક સંજોગોમાં બેહતર છે કે તયમ્મુમ કરીને પડવામાં આવેલી નમાઝોની કઝા આપવામાં આવે :

(૧) જયારે પાણીના ઉપયોગનો ડર હોવા છતાં કોઈ જાણી-બૂજી પોતાને જુનૂબની હાલતમાં દાખલ કરે, અને પછી તયમ્મુમમથી નમાઝ પડે.

(૨) જયારે કે એને ખાત્રી હોય, અથવા ગુમાન હોય કે પાણી હાસિલ નહિ થાય, તે છતાં જાણીને પોતાને જુનૂબમાં દાખલ કરે, અને પછી તયમ્મુમથી નમાઝ પડી હોય.

(૩) જયારે નમાઝના આખર વખત સુધી જાણી-જોઈને પાણીની તપાસ ન કરે, અને તયમ્મુમથી નમાઝ પઢયા બાદ ખબર પડે કે જો પાણીની તલાશ કરી હોત તો એ મળી જતે.

(૪) જયારે કોઈ જાણીને નમાઝ પડવામાં ઢીલ કરે, અને પછી છેલ્લે સમયની તંગીને કારણે તયમ્મુમથી નમાઝ પઢે.

(૫) જયારે ખાત્રી હોય અથવા ગુમાન હોય કે પાણી નહિ જડે, તે છતાં મોજૂદ પાણીને ઢોળી લીધું હોય, અને પછી તયમ્મુમ વડે નમાઝ પડી હોય.

# નમાઝના એહકામ

દીને ઈસ્લામમાં બતાવવામાં આવેલા તમામ અઅમાલ કરતાં નમાઝ શ્રેષ્ઠ છે, અગર ખુદાની બારગાહ નમાઝ કબૂલ થઈ, તો બીજા અઅમાલ પણ કબૂલ થાય છે, અને જો એ કબૂલ ન થઈ, તો બીજા અઅમાલ કબૂલ થતા નથી.

જેવી રીતે ઈન્સાન પોતાના શરીરને દિવસમાં પાંચ વાર નહેરના પાણીથી ધોઈને સ્વચ્છ રાખે, અને શરીરના મેલને દૂર કરે, એવી જ રીતે પાંચ વખતની નમાઝો ઈન્સાનને ગુનાહોથી પાક-સાફ રાખે છે.

સર્વશ્રેષ્ઠ બાબત એ છે કે ઈન્સાન નમાઝને અવ્વલ વખતમાં અદા કરે, જે શખ્સ નમાઝને હલ્કી ગણે છે, તે નમાઝ ન મપડવાવાળાની હરોળમાં છે.

પયગમ્બરે અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે જે શખ્સ નમાઝને મહત્વ ન આપતો હોય, અને તેને હલ્કી ગણતો હોય, તે આખેરતના અઝાબને પાત્ર બને છે.

એક વાર રસૂલે ખુદા (સ.અ.વ.) મસ્જિદમાં હાજર હતા, અને આપે એક શખ્સને જોયો કે એ નમાઝ એટલી ઉતાવળે પડતો હતો કે તેના રૂકૂઅ અને સિજદાઓ સરખી રીતે અદા થતા ન હતા; તો આપે ફરમાવ્યું : “અગર આ શખ્સ આવી હાલતમાં મરણ પામે, અને નમાઝની આવી હાલત હોય, તો એની મોત માર દીન ઉપર નથી.”

એટલા માટે દરેક મોઅમીને ખ્યાલ રાખવો જોઈએ કે ઉતાવળે નમાઝ ન પડે, અને નમાઝ પઢતી વેળા એકાગ્રતા, પરવરદિગારના ખોફ અને સુકૂન સાથે નમાઝ અદા કરે, અને એવો ખ્યાલ હોવો જોઈએ કે કોની સામે ઉભો છે, અને ખુદાવંદે આલમની બુઝુર્ગી અને અઝમત સામે પોતાને ઝલીલ અને નાચીઝ સમજે, જયારે નમાઝ પડનાર એ મરતબા ઉપર પહોંચે છે, ત્યારે સર્વસ્વ ભૂલી જાય છે, અને એને પોતાની પણ ખબર રહેતી નથી, જેવી રીતે મૌલા હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ના મુબારક પગમાંથી નમાઝની હાલતમાં તીર કાઢવામાં આવ્યું અને આપને તેની ખબર પણ ન પડી.

એજ રીતે નમાઝ પઢનારે તૌબા અને ઈસ્તેગ્ફારની આદત કેળવવી જોઈએ, અને જે ગુનાહો નમાઝને કબૂલ થવાથી રોકે છે તે ગુનાહોથી બચે, જેમકે હસદ, અભિમાન, ગીબત, હરામ ખાવું, નશાવાળું પીણું પીવું, ખુમ્સ- ઝકાત અદા ન કરવું વગેરે તમામ મઅસીયતથી પરહેઝ કરવું જોઈએ, સાથે સાથે એવા અઅમાલ ન બજાવી લાવવા જોઈએ કે જેથી નમાઝનો સવાબ ઓછો થાય, જેમકે આંખો નિંદરથી ઘેરાયેલી હોય ત્યારે નમાઝ પઢવી, સખત પેશાબ લાગી હોય ત્યારે એ બેકરારીની

હાલતમાં નમાઝ પડવી વગેરે.

ઉપરાંત નમાઝ પડતી વેળા આસમાન તરફ નજર ન રાખવી જોઈએ, અને જે કામો નમાઝના સવાબમાં વધારો કરે છે તે બજાવી લાવવા જોઈએ, જેમકે આંગળીમાં અકીકની વીંટી પહેરીને નમાઝ પડવી, વસ્ત્રો ચોખ્ખાં પહેરવાં, વાળ ઓળી, મીસ્વાક કરી, ખુશ્બૂ લગાડીને નમાઝ પડવી.

## વાજિબ નમાઝો :

વાજિબ નમાઝો **૭** છે :

**(૧)** રોજની પંજગાના નમાઝો.

**(૨)** નમાઝે આયાત.

**(૩)** નમાઝે મય્યત.

**(૪)** ખાનએ કાઅબાના વાજિબ તવાફની નમાઝ.

**(૫)** બાપની કઝા નમાઝો, કે જે એહતીયાતે વાજિબની રૂએ મોટા દીકરા ઉપર વાજિબ છે.

**(૬)** જે નમાઝો ઈજારાને કારણે વાજિબ થઈ હોય, તેમજ જે નમાઝો નઝર, કસમ અને અહદને પરિણામે વાજિબ થઈ હોય.

નમાઝે જુમ્આનો શુમાર રોજની નમાઝોમાં થાય છે.

## રોજની વાજિબ નમાઝો :

રોજની વાજિબ નમાઝો **પાંચ** છે :

ઝોહર અને અસરની નમાઝ, કે જે દરેક ચાર રકાતવાળી નમાઝ છે.

મગરીબની ત્રણ રકાત.

ઈશાની ચાર રકાત.

સુબ્હની બે રકાત.

**મસઅલો ૭૩૬** : મુસાફરીમાં ચાર રકાતવાળી નમાઝ બે રકાત પડાય છે, અને તેની શરતો આગળ જતાં સમજાવવામાં આવશે.

## ઝોહર અને અસરનો સમય :

મસઅલો ૭૩૭ : અગર કોઈ સીધી લાકડી કે વાંસડો અથવા સોટો વગેરે 'શાખીસ' તરીકે સપાટ જમીન ઉપર ધોંચવામાં આવે, તો સૂર્યોદય સમયે તેનો પડછાયો પશ્ચિમ તરફ પડશે, અને જેમ-જેમ દિવસ વધતો જશે, એ પડછાયો ટૂંકો થતો જશે, એટલે સુધી કે અમુક શહેરોમાં ઝોહર સમયે એ

પડછાયો તદ્દન ટૂંકો નજરે પડશે, ઝોહરનો સમય વીતતાની સાથે એ પડછાયો પૂર્વ તરફ ઢળતો જણાશે, અને જેમ જેમ દિવસ ઢળતો જશે, એ પડછાયો પૂર્વ દિશામાં લાંબો થતો રહેશે.

આ હકીકતને ધ્યાનમાં રાખીને જાણવું જોઈએ કે જયારે પશ્ચિમમાં પડછાયો તદ્દન ટૂંકો થઈ, પછી પૂર્વ તરફ વધવા માંડે, એટલે સમજવું કે ઝોહરનો સમય દાખલ થઈ ગયો.

અમુક શહેરો, જેમકે મકકએ મુઅઝઝમામાં મધ્યાન્હે સાયો તદ્દન અદ્રશ્ય થઈ જાય છે, તો જયારે સાયો ફરી દેખાવા લાગે ત્યારે જાણવું કે ઝોહરનો સમય દાખલ થઈ ગયો.

**મસઅલો ૭૩૮** : નમાઝે ઝોહર, અસરનો સમય ઝોહરનો સમય દાખલ થવાથી લઈને સૂર્યાસ્ત સુધી હોય છે, પણ અગર કોઈ શખ્સ જાણી-બૂજીને નમાઝે અસરને નમાઝે ઝોહરથી પહેલાં પડી લ્યે, તો બાતિલ છે.

અલબત્ત, અગર નમાઝનો આખર વખત હોય, જયારે કે એક નમાઝથી વધુ પઢવા માટે સમય બાકી ન રહેવા પામે, અને જો કોઈએ હજી નમાઝે ઝોહર અદા ન કરી હોય, તો ત્યારે નમાઝે ઝોહર કઝા થઈ ગઈ ગણાશે, અને એ નમાઝે અસર પડશે.

એથી પહેલાં અગર કોઈ શખ્સ ભૂલથી નમાઝે અસર નમાઝે ઝોહરથી પહેલાં પડી લ્યે, તો તેની નમાઝ સહીહ છે, પણ એહતીયાતે મુસ્તહબ છે કે એ પડેલી નમાઝને ઝોહર કરાર દઈ મા ફીઝઝીમ્મહની નિય્યતથી બીજી ચાર રકાતો પડે.

**મસઅલો ૭૩૯** : અગર કોઈ શખ્સ નમાઝે ઝોહર પડયા પહેલાં ભૂલથી નમાઝે અસર શરૂ કરે, અને નમાઝ દરમ્યાન તેને ખ્યાલ આવે કે ભૂલ થઈ છે, તો તેના માટે જરૂરી છે કે નિય્યત ફેરવીને ઝોહરની નિય્યત કરે, એટલે કે એમ સમજે કે જે કાંઈ અત્યાર સુધી પડી ચૂક્યો, અને જે પડી રહ્યો છે, અને જે હવે પછી પડશે, એ સર્વ નમાઝે ઝોહર છે, એ નમાઝ પૂરી કર્યા બાદ નમાઝે અસર અદા કરશે.

## નમાઝે જુમ્આ અને તેના એહકામ :

**મસઅલો ૭૪૦** : નમાઝે જુમ્આ નમાઝે સુબ્હની જેમ બે રકાતવાળી નમાઝ છે, પણ બે વચ્ચે ફેર એટલો છે કે નમાઝે જુમ્આમાં પહેલાં બે ખુત્બાઓ છે.

નમાઝે જુમ્આ 'વાજિબે તખ્યીરી' છે, એટલે કે દરેક મુકલ્લફ, બાલિગ શખ્સને જુમ્આના દિવસે ઈખ્તીયાર છે કે અગર તમામ શરતો પૂરી થઈ હોય તો ચાહે નમાઝે જુમ્આ પઢે યા નમાઝે ઝોહર પઢે, અને જો નમાઝે જુમ્આ પડે, તો પછી નમાઝે ઝોહર પડવાની જરૂરત રહેશે નહિ.

નમાઝે જુમ્આ વાજિબ થવાની અમુક શરતો છે :

**(૧)** ઝોહરનો સમય દાખલ થઈ ગયો હોવો જોઈએ, અને નમાઝે જુમ્આનો સમય ઝોહરના અવ્વલ વખતમાં છે, અગર એથી મોડું થઈ જાય તો નમાઝે જુમ્આનો સમય બાકી રહેતો નથી, અને એની જગ્યાએ નમાઝે ઝોહર પઢવી જોઈએ.

**(૨)** નમાઝીઓની સંખ્યા પડાવનાર સાથે ઓછામાં ઓછી પાંચ હોવી જોઈએ, જયાં પાંચ મુસલમાનો જમાઅતમાં ભેગા ન થઈ શકે ત્યાં નમાઝે જુમ્આ વાજિબ નથી.

**(૩)** નમાઝે જુમ્આ પડાવનારમાં ઈમામતની, એટલે કે નમાઝે જમાઅત પડાવવા માટેની સર્વ શરતો, જેમકે અદાલત વગેરે હોવી જોઈએ, એ વિષે ખુલાસો નમાઝે જમાઅતના પ્રકરણમાં આવશે, અગર એ શરતો સાથે પડાવનાર મોજૂદ ન હોય તો નમાઝે જુમ્આ વાજિબ નહિ થાય.

નમાઝે જુમ્આ સહીહ હોવા માટે અમુક શરતો છે :

**(૧)** નમાઝે જુમ્આ જમાઅતથી પડાય, ફુરાદા નમાઝે જુમ્આ સહીહ નથી.

અને ઈમામ જયાં સુધી નમાઝે જુમ્આની બીજી રકાતના કયામમાં હોય, અને રૂકૂઅમાં ન હોય, ત્યાં સુધી જમાઅતમાં જોડાઈ શકાશે, અન નમાઝે જુમ્આ સહીહ ગણાશે.

પણ જો કોઈ બીજી રકાતના રૂકૂઅમાં જોડાય તો તેની નમાઝે જુમ્આ સહીહ હોવામાં ઈશ્કાલ છે, અને તે માટે અહવત તર્ક ન કરે (એટલે કે પોતાની નમાઝે ને સહીહ ન ગણે).

**(૨)** નમાઝે જુમ્આ પહેલાં બે ખુત્બાઓ પડાવવા જોઈએ. પહેલા ખુત્બામાં ખુદાવંદે કરીમની હમ્દ અને સના (વખાણ) બાદ લોકોને તક્વા અને પરહેઝગારી ઈખ્તિયાર કરવા બારામાં નસિહત કરવી જોઈએ. ત્યાર બાદ કુરઆને મજીદનો કોઈ એક મુખ્તસર સૂરો તિલાવત કરીને બેસવું જોઈએ.

ફરી ઊભા થઈને બીજા ખુત્બામાં પરવરદિગારની હમ્દ અને સના બાદ પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અને ઈમામો (અલય્હેમુસ્સલામ) ઉપર સલવાત મોકલવી જોઈએ; અને એહતીયાતે મુસ્તહબની રૂએ તમામ મોઅમેનીન માટે ઈસ્તેગફાર અને ગુનાહોની બખ્શીશની દુઆ કરવી.

ખુત્બાઓ નમાઝથી પહેલાં પઢવા લાઝિમ છે, અગર કોઈ નમાઝને ખુત્બાથી પહેલાં પડે તો એ સહીહ નહિ ગણાય, અને ઝોહરનો સમય દાખલ થાય એથી પહેલાં ખુત્બાઓ પડી લેવામાં ઈશ્કાલ છે.

ખુત્બા પડવાવાળા માટે લાઝિમ છે કે ઊભા રહીને પડે અગર કોઈ બેઠા બેઠા ખુત્બાઓ પઢે તો એ સહીહ નહિ ગણાય; અને ખુત્બાઓ વચ્ચે બેસવું લાઝિમ અને વાજિબ છે, પણ એ બેસવાનો

સમય ટૂંકો હોવો જોઈએ.

અને લાઝિમ છે કે ખુત્બાઓ પડનાર અને નમાઝે જુમ્આ પડાવનાર એક જ શખ્સ હોય.

અક્વા એ છે કે ખુત્બાઓ માટે તહારતની શરત નથી, પરંતુ અહવત છે કે તહારતની સાથે પડે.

પરવરદિગારની હમ્દો સના અને રસુલે ખુદા(સ.અ.વ.) ત્થા એમની આલ ઉપર સલવાત અહવતની રૂએ અરબી ભાષામાં હોવી જોઈએ. એ સિવાય જે કાંઈ પડાય તે માટે અરબી ભાષાની શરત નથી, બલ્કે અગર હાજરીનનો મોટો ભાગ અરબી સમજતો ન હોય, તો એહતીયાતે લાઝિમ એ છે કે ખાસ કરી તક્વા, પરહેઝગારીની નસિહત વગેરે હાજરીન લોકોની ભાષામાં બયાન થાય.

**(3)** બે જગ્યાએ જો નમાઝે જુમ્આ પડાતી હોય, તો એ બે જગ્યાઓ વચ્ચેનું અંતર એક ફરસખ (ત્રણ માઈલ)થી ઓછું ન હોવું જોઈએ, તો અગર એક જ સમયે બે જગ્યાએ નમાઝે જુમ્આ પડાય, અને તેમના વચ્ચેનું અંતર એક ફરસખથી ઓછું હોય, તો બંનેની નમાઝે જુમ્આ બાતિલ ગણાશે.

અને જો એક જગ્યાએ નમાઝે જુમ્આ વહેલી શરૂ થાય, અગરચે તકબીરતુલ એહરામ વહેલી થઈ ગઈ હોય, તો એ જગ્યાએ નમાઝ સહીહ ગણાશે, અને બીજી જગ્યાએ બાતિલ ગણાશે.

ઉપરોકત સંજોગમાં અગર નમાઝે જુમ્આ પડી લીધા બાદ ખબર પડે કે બીજી જગ્યાએ નમાઝે જુમ્આ વહેલી અથવા એ જ સમયે પડાવવામાં આવી છે(અને બંને વચ્ચેનું અંતર ત્રણ માઈલથી ઓછું હોય તો નમાઝે ઝોહર પડવી વાજિબ નહિ થાય, અને જયારે એવી ખબર પડે, ત્યારે નમાઝે જુમ્આનો સમય બાકી હોય કે ન હોય, તેમાં ફેર નથી.

ત્રણ માઈલની અંદર અંદર નમાઝે જુમ્આ બીજી જગ્યાએ ફકત એ જ સંજોગમાં બાતિલ ગણાશે, જયારે કે નમાઝે જુમ્આ જે પડાઈ રહી હોય તે સહીહ અને જણાવેલી શરતોની સાથે હોય, અગર તેમ ન હોય તો બીજી નમાઝે જુમ્આ ને રૂકાવટ નહિ થાય.

**મસઅલો ૭૪૧** : જયારે નમાઝે જુમ્આ તમામ શરતો સાથે કાયમ થાય, અને તેને કાયમ કરનાર પોતે ઈમામ હોય, યા એમના ખાસ પ્રતિનિધિ હોય, તો તેમાં હાજર રહેવું વાજિબ છે, પણ એ સિવાયના સંજોગમાં હાજર રહેવું વાજિબ નથી.

અને પહેલી સૂરતમાં જુમ્આની નમાઝમાં હાજર રહેવું જે વાજિબ ગણાવવામાં આવ્યું છે, તેની અમુક શરતો છે :

**(૧)** મુકલ્લફ એટલે કે બાલિગ પુરૂષ હોવો જોઈએ, સ્ત્રીઓ માટે નમાઝે જુમ્આમાં હાજર રહેવું વાજિબ નથી.

**(૨)** આઝાદ હોવો જોઈએ, એટલે કે ગુલામ ઉપર નમાઝે જુમ્આમાં હાજર રહેવું વાજિબ નથી.

**(૩)** મુસાફર ન હોય; મુસાફર ચાહે નમાઝે કસર પડતો હોય યા દાખલા તરીકે દસ દિવસ યા એથી વધુ રોકાવાને કારણે પૂરી નમાઝ પડતો હોય, તેના ઉપર જુમ્આમાં હાજર રહેવું વાજિબ નથી.

**(૪)** બીમાર ન હોય અને આંધળો ન હોય, બીમાર અને આંધળા શખ્સ ઉપર નમાઝે જુમ્આમાં હાજરી વાજિબ નથી.

**(૫)** બુઢ્ઢો ન હોય, બુઢ્ઢા ઉપર નમાઝે જુમ્આમાં હાજરી વાજિબ નથી.

**(૬)** જયાં નમાઝે જુમ્આ પડાવવાની હોય એ જગ્યા બે ફરસખ (૬ માઈલ) થી વધુ દૂર ન હોય, અલબત્ત, અગર કોઈ શખ્સ બિલકુલ બે ફરસખના અંતરે હોય, તો તેના માટે હાજર રહેવું વાજિબ થશે, એવી જ રીતે જે શખ્સ માટે જુમ્આમાં હાજરી આપવી તકલીફરૂપ હોય, જેમકે સખત વરસાદ કે ઠંડીને કારણે ન આવી શકે, તો તેના માટે હાજરી આપવી વાજિબ નહિ થાય.

**<u>મસઅલો ૭૪૨</u>** : નમાઝે જુમ્આ સંબંધી અમુક એહકામ નીચે મુજબ છે :

**(૧)** જે શખ્સ ઉપર નમાઝે જુમ્આ માફ હોય, અને તેમાં હાજરી આપવી વાજિબ ન હોય, તે શખ્સ અવ્વલ વખતે નમાઝે ઝોહર પડી શકે છે.

**(૨)** ઈમામ જયારે ખુત્બાઓ પડી રહ્યો હોય, ત્યારે વાતચીત કરવી મકરૂહ છે; અને અગર વાતચીતને કારણે ઈમામનો ખુત્બો ન સાંભળી શકાતો હોય,તો એ વાતચીત હરામ છે, ચાહે નમાઝીઓની સંખ્યા માત્ર એટલી હોય કે જે જુમ્આની નમાઝ માટે શરતરૂપે છે, યા એથી વધારે હોય.

**(૩)** ખુત્બાને ધ્યાન દઈને સાંભળવું અહવતની રૂએ વાજિબ છે, પણ જે લોકો ખુત્બાનો અર્થ ન સમજી શકતા હોય તેમના માટે ધ્યાન દઈને સાંભળવું વાજિબ નથી.

**(૪)** જુમ્આને દિવસે બીજી અઝાન આપવી બિદઅત છે, અને તે એ અઝાન છે જેને સાધારણ રીતે ત્રીજી અઝાન કહેવાય છે.

**(૫)** ઈમામ જયારે ખુત્બો પડી રહ્યા હોય, ત્યારે ઝાહેરન હાજરી આપવી વાજિબ નથી.

**(૬)** નમાઝે જુમ્આ માટે જયારે પુકારવામાં આવે ત્યારે ખરીદ અને વહેંચણી હરામ છે, જયારે કે તેમ કરવું નમાઝને અટકાયતરૂપ હોય,અને જો અટકાયતરૂપ ન હોય તો હરામ નથી, અને

હરામ હોવા છતાં જે મામલો કરવામાં આવ્યો હોય એ મામલો બાતિલ નથી.

**(૭)** જે શખ્સ ઉપર જુમ્આની નમાઝમાં હાજર રહેવું વાજિબ હોય, તે છતાં એ તર્ક કરે અને નમાઝે ઝોહર પડે, તો જાહેર એ છે કે તેની નમાઝ સહીહ ગણાશે.

## મગરીબ અને ઈશાની નમાઝનો સમય :

**મસઅલો ૭૪૩** : એહતીયાતે વાજિબ છે કે સૂર્યાસ્ત પછી જે લાલાશ પૂર્વ દિશામાં દેખાય છે, એ માથા ઉપરથી પસાર ન થઈ જાય ત્યાં સુધી નમાઝે મગરિબ ન પઢવામાં આવે.

**મસઅલો ૭૪૪** : ઈખ્તીયારની હાલતમાં નમાઝે મગરિબ અને ઈશાનો સમય અડધી રાત સુધી હોય છે, પણ મજબૂરીની હાલતમાં, ભૂલી જવાથી, નિંદ્રાવશ થવાને કારણે કે હયઝ વગેરેને લઈને અગર કોઈ મધરાત સુધી એ નમાઝો ન પડી શકે, તો નમાઝે મગરિબ, ઈશાનો સમય સુબ્હે સાદિક સુધી રહે છે.

દરેક હાલતમાં એ બંને નમાઝોમાં તરતીબ જાળવવી વાજિબ છે, એટલે કે પ્રથમ નમાઝે મગરિબ પડે અને ત્યાર બાદ નમાઝે ઈશા પડે, અને અગર કોઈ જાણી-બૂજીને ઈશાની નમાઝ પહેલાં પડી નાખે તો એ બાતિલ ગણાશે. અલબત્ત, અગર આખર સમયે ઈશાની નમાઝ પડવા જેટલો જ સમય બાકી રહ્યો હોય, તો લાઝિમ છે કે પહેલાં ઈશા પડે અને ત્યાર બાદ નમાઝે મગરિબ પડે.

**મસઅલો ૭૪૫** : અગર કોઈ શખ્સ અજાણતાથી નમાઝે ઈશા નમાઝે મગરિબથી પહેલાં પડી નાખે; અને નમાઝ ખત્મ કર્યા બાદ તેનું ધ્યાન દોરાય, તો એની નમાઝ સહીહ છે, અને એ બાદ નમાઝે મગરિબ અદા કરશે.

**મસઅલો ૭૪૬** : અગર કોઈ શખ્સ નમાઝે મગરિબ પહેલાં ભૂલથી ઈશાની નમાઝ શરૂ કરે; અને નમાઝ દરમ્યાન એ ભૂલ તરફ તેનું ધ્યાન દોરાય, તો અગર ચોથી રકાતના રૂકૂઅ સુધી ન પહોંચ્યો હોય, તો તે પોતાની નિય્યતને મગરિબ તરફ ફેરવી નાખશે, અને નમાઝ પૂરી કર્યા બાદ નમાઝે ઈશા અદા કરશે, પણ જો એ ચોથી રકાતના રૂકૂઅ સુધી પહોંચી ગયો હોય, તો એ નમાઝે ઈશા પૂરી કરી શકે છે; અને તે બાદ નમાઝે મગરિબ પઢશે.

**મસઅલો ૭૪૭** : અગાઉ જણાવવામાં આવ્યું છે તેમ નમાઝે ઈશાનો છેલ્લો સમય ઈખ્તીયારની હાલતમાં મધરાત સુધી છે, અને રાતની ગણત્રી સૂર્યાસ્તથી લઈને સુબ્હે સાદિકના સમય સુધી કરવી જોઈએ.

**મસઅલો ૭૪૮** : અગર કોઈ શખ્સ ઈખ્તીયારની હાલતમાં મધરાત સુધી નમાઝે મગરિબ

અને ઈશા ન પડે, તો એહતીયાતે વાજિબ છે કે નમાઝે સુબ્હની અઝાનનો સમય થાય એથી પહેલાં અદા કે કઝાની નિય્યત કર્યા વગર એ નમાઝો બજાવી લાવે.

## સુબ્હની નમાઝનો સમય :

**મસઅલો ૭૪૯** : નમાઝે સુબ્હનો સમય દાખલ થાય એથી પહેલાં પૂર્વ દિશામાં સફેદી ક્ષિતિજથી ઉપર જતી દેખાય છે, એ સમયને 'ફજરે અવ્વલ' કહેવાય છે; જયારે એ સફેદી ફેલાવવા માંડે ત્યારે એ ફજરે દુવ્વુમ અને સુબ્હે સાદિક કહેવાય છે, જે નમાઝે સુબ્હ માટે અવ્વલ વખત છે.

નમાઝે સુબ્હનો આખર વખત સૂર્યોદય સમયે છે :

## નમાઝના સમયના એહકામ

**મસઅલો ૭૫૦** : જયારે ઈન્સાનને યકીન થાય કે નમાઝનો સમય દાખલ થઈ ચૂક્યો છે, ત્યારે જ એ નમાઝ પડી શકશે, અને યા તો બે આદિલોની સાક્ષી હોય કે સમય દાખલ થઈ ચૂકયો છે; બલ્કે અઝાન દેવાય અથવા વખતની પરખ કરી શકનાર ખબર આપે, અને એથી ઈત્મિનાન હાંસિલ થાય તો પણ કાફી ગણાશે.

**મસઅલો ૭૫૧** : અગર કોઈ શખ્સ અંધાપાને કારણે અથવા કેદમાં હોવાને કારણે અથવા એવા કોઈ પણ નડતરને લીધે નમાઝના અવ્વલ વખતની ઓળખ કરવા અશક્ત હોય, તો એના માટે જરૂરી છે કે એટલી ઢીલ કરે કે એને યકીન અથવા ઈત્મિનાન હાસિલ થાય કે વખત દાખલ થઈ ગયો છે; અને એહતીયાતે વાજિબની રૂએ એ જ કાયદો તમામ એવાં સંજોગોને લાગુ પડે છે કે જયાં વખત દાખલ થવા વિષે ખાત્રી ન થઈ શકતી હોય, જેમકે વાદળાં ઘેરાયેલાં હોય, વાવાઝોડું હોય વગેરે.

**મસઅલો ૭૫૨** : અગર ઉપર જણાવેલી રીતોમાંથી કોઈ પણ એક રીતે ઈન્સાનને ખાત્રી થાય કે નમાઝનો વખત દાખલ થઈ ચૂક્યો છે, અને એ નમાઝ શરૂ કરે, ત્યાર બાદ નમાઝ દરમ્યાન એને જાણ થાય કે સમય થયો ન હતો તો એની નમાઝ બાતિલ છે, એવી જ રીતે અગર નમાઝ પડી લીધા બાદ તેને જાણ થાય કે પૂરી નમાઝ સમય દાખલ થયા પહેલાં પડવામાં આવી હતી તો નમાઝ બાતિલ છે.

પરંતુ જો નમાઝ દરમ્યાન એને જાણ થાય કે નમાઝનો સમય દાખલ થયો છે, અથવા નમાઝ પૂરી કર્યા બાદ એને જાણ થાય કે એ નમાઝ પડતો હતો એ દરમ્યાન સમય દાખલ થયો, તો એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૭૫૩** : અગર એક શખ્સને એ બાબત ધ્યાનમાં ન હોય કે નમાઝ શરૂ કર્યા પહેલાં

સમય દાખલ થયો છે કે નહિ તેની ખાત્રી કરવી જરૂરી છે, અને નમાઝ શરૂ કરી લ્યે, અને નમાઝ પૂરી પડયા પછી તેને જાણ થાય કે એણે સમય દાખલ થયા બાદ જ નમાઝ પડી હતી તો એની નમાઝ સહીહ છે; પણ જો નમાઝ તમામ કર્યા બાદ એને ખબર પડે કે સમય પહેલાં નમાઝ પડી હતી અથવા અચોક્કસ રહે કે સમયની અંદર પડી હતી યા સમય પહેલાં, તો એવા સંજોગમાં તેની નમાઝ બાતિલ છે, બલ્કે અગર નમાઝ બાદ એને જાણ થાય કે નમાઝ દરમ્યાન સમય દાખલ થયો હતો, તો એના માટે ફરી નમાઝ પડવી જરૂરી છે.

**<u>મસઅલો ૭૫૪</u>** : અગર કોઈ શખ્સ યકીન કરે કે નમાઝનો સમય દાખલ થઈ ગયો છે, અને નમાઝ શરૂ કર્યા બાદ નમાઝમાં જ તેને શક જાય કે સમય દાખલ થયો છે કે નહિ, તો તેની નમાઝ બાતિલ છે; પણ અગર કોઈને નમાઝ દરમ્યાન યકીન થાય કે નમાઝનો સમય દાખલ થઈ ચૂક્યો છે, પણ શંકા કરે કે જેટલી નમાઝ એ પડી ચૂક્યો છે તે સમયની અંદર પડી હતી કે નહિ, તો એની નમાઝ સહીહ છે.

**<u>મસઅલો ૭૫૫</u>** : અગર નમાઝનો સમય તંગ હોય, જેને કારણે અગર એ નમાઝના મુસ્તહબ અમલ બજાવી લાવે તો નમાઝના અમુક ભાગો કઝા થઈ જાય, તો એવા સંજોગમાં મુસ્તહબ અમલ મૂકી દેવા જોઈએ, જેમકે અગર કુનૂત પડવાને પરિણામે નમાઝના બાકી હિસ્સા કઝા થતા હોય, તો કુનૂત ન પડે.

**<u>મસઅલો ૭૫૬</u>** : અગર કોઈ શખ્સ પાસે ફકત એક જ રકાત સમયની અંદર પડવા જેટલો સમય હોય, તો એણે નમાઝ અદાની નિય્યતથી પડવી જોઈએ, પણ જાણી-જોઈને નમાઝને અદા કરવામાં એટલી ઢીલ ન કરવી જોઈએ.

**<u>મસઅલો ૭૫૭</u>** : જે શખ્સ મુસાફર ન હોય, અને તેની પાસે સૂર્યાસ્ત સુધીમાં પાંચ રકાત પડવા જેટલો સમય બાકી હોય, તો તેના ઉપર લાઝિમ છે કે બંને નમાઝો, ઝોહર અને અસર પડે, અને જો એથી ઓછો સમય હોય તો ફકત નમાઝે અસર પડે અને ત્યાર બાદ નમાઝે ઝોહરની કઝા પડે, એવી જ રીતે મધરાત સુધીમાં જો પાંચ રકાત પડી શકે તેટલો સમય બાકી હોય, તો મગરિબ અને ઈશાની નમાઝો પડશે, અને જો એથી ઓછો સમય હોય તો માત્ર નમાઝે ઈશા પડશે અને ત્યાર પછી કઝા કે અદાની નિય્યત કર્યા વગર નમાઝે મગરિબ પડશે.

**<u>મસઅલો ૭૫૮</u>** : જે શખ્સ મુસાફર હોય, અને તેની પાસે સુર્યાસ્ત સુધીમાં ત્રણ રકાત પડવા જેટલો સમય બાકી હોય, તો એના ઉપર નમાઝે ઝોહર અને અસર બંને પડવું લાઝિમ છે, પણ જો એથી ઓછો સમય હોય તો ફકત નમાઝે અસર પડે અને તે બાદ નમાઝે ઝોહરની કઝા આપે, અને જો

મધરાત સુધીમાં એની પાસે ચાર રકાત પડવા જેટલો સમય બાકી હોય તો તેના માટે જરૂરી છે કે નમાઝે મગરિબ અને નમાઝે ઈશા બંને પડે; અને ત્રણ રકાત જેટલો સમય બાકી હોય તો પ્રથમ નમાઝે ઈશા પડે અને પછી નમાઝે મગરિબ પડે, જેથી એક રકાત સમયની અંદર થઈ શકે.

જો એની પાસે ત્રણ રકાતથી પણ ઓછો સમય હોય, તો પ્રથમ નમાઝે ઈશા પડશે અને ત્યાર બાદ કઝા કે અદાની નિય્યત કર્યા વગર નમાઝે મગરિબ પડશે.

અને જો નમાઝે ઈશા પડયા બાદ એવું જણાય કે મધરાત સુધીમાં હજી એક યા એથી વધુ રકાત સમયની અંદર પડી શકાય તેમ છે, તો જરૂરી છે કે તરત જ નમાઝે મગરિબ અદાની નિય્યતથી પડી લ્યે.

**<u>મસઅલો ૭૫૯</u>** : મુસ્તહબ છે કે ઈન્સાન નમાઝને અવ્વલ વખતમાં પડે, અને તે માટે ઘણી ભલામણ કરવામાં આવી છે, અને કોશિશ એ હોવી જોઈએ કે અવ્વલે વક્તથી બને તેટલા નજદીક સમયમાં નમાઝ પડે, અલબત્ત, અગર કોઈ એવા કામ માટે ઢીલ કરવી પડે કે જે કામમાં મહત્વપૂર્ણ ફાયદો હોય, જેમકે નમાઝને બા જમાઅત અદા કરવા માટે સબર કરે તો વાંધો નથી.

**<u>મસઅલો ૭૬૦</u>** : અગર કોઈ ઈન્સાનને એવો ઉઝર હોય કે જો એ નમાઝના અવ્વલ સમયે નમાઝ અદા કરવા માંગતો હોય, તો તયમ્મુમ કર્યા સિવાય કોઈ બીજો ઉપાય ન હોય, તો અગર એને ખાત્રી હોય કે નમાઝના આખર સમય સુધી ઉઝર બાકી રહેશે અથવા એ ઉઝર બરતરફ થવા બારામાં નિરાશ થઈ ગયો હોય, તો અવ્વલ વખતે તયમ્મુમ કરીને નમાઝ પડી શકશે.

પણ જો એ તદ્દન નિરાશ ન થયો હોય તો એના માટે જરૂરી છે કે એટલી વારઢીલ કરે કે જે દરમ્યાન ઉઝર દૂર થઈ જાય, અને જો ઉઝર બરતરફ ન થાય તો આખર વખતમાં નમાઝ અદા કરે; અને એ લાઝિમ નથી કે એટલી વાર રાહ જુએ કે ફકત નમાઝના વાજિબ અમલો અદા કરી શકે, બલ્કે નમાઝના મુસ્તહબ કાર્યો, જેમકે અઝાન, એકામહ, કુનૂત વગેરે જેટલો સમય હોય તો પણ તયમ્મુમ કરીને મુસ્તહબ અમલોની સાથે નમાઝ અદા કરી શકશે.

તયમ્મુમના સંજોગો સિવાય બીજી મજબૂરીઓમાં અગર ઈન્સાન ઉઝર બરતરફ થવા વિષે માયુસ ન થયો હોય, તો પણ અવ્વલ વખતે નમાઝ અદા કરી શકે છે, પણ વખતની અંદર અગર ઉઝર બરતરફ થઈ જાય તો જરૂરી છે કે નમાઝ ફરીથી પડે.

**<u>મસઅલો ૭૬૧</u>** : અગર કોઈ શખ્સ નમાઝના શક્કીયાત વગેરેના મસાઈલ ન જાણતો હોય, અને એને એવો ભય હોય કે નમાઝમાં કોઈ એવો સંજોગ ઉપસ્થિત થશે કે જેથી અજાણતાને લઈને અલ્લાહના હુકમનું ઉલ્લંઘન થશે, તો મસાઈલ શીખવા માટે જરૂરી છે કે નમાઝ પડવામાં ઢીલ કરે અને

અવ્વલ વખતમાં પડવાનો આગ્રહ ન રાખે.

પણ જો એવી ઉમ્મેદથી નમાઝ અવ્વલ સમયે શરૂ કરી લ્યે કે નમાઝ સહીહ રીતે અદા કરી શકશે; અને નમાઝ દરમ્યાન કોઈ એવો સંજોગ ઉપસ્થિત ન થાય જેના હુકમથી એ અજાણ હોય, તો એની નમાઝ સહીહ ગણાશે, અને જો નમાઝ દરમ્યાન એવો સંજોગ ઉપસ્થિત થાય, જેના હુકમથી એ વાકેફ ન હોય, તો જાઈઝ છે કે જે તરફ એને ગુમાન હોય એ મુજબ અમલ કરીને નમાઝ પૂરી કરે, પણ ત્યાર બાદ તેની ફરજ છે કે મસઅલો જાણવા માટે પૂછે કે જેથી અગર નમાઝ બાતિલ થઈ હોય તો ફરીથી પડે; અને અગર સહીહ હોય તો ફરીથી પડવાની જરૂરત નથી.

**મસઅલો ૭૬૨** : અગર નમાઝના સમયમાં તંગી ન હોય, અને લેણદાર પોતાનું લેણું વસૂલ કરવા માટે તકાજો કરે, તો જો મુમ્કીન હોય તો પહેલાં કરજ અદા કરે અને પછી નમાઝ પડે.

એવી રીતે કોઈ પણ વાજિબ કાર્ય આવી પડે કે જેને તરત જ બજાવી લેવું વાજિબ હોય, તો પહેલાં એ વાજિબ કાર્યને બજાવી લાવે, જેમકે અગર મસ્જિદ નજીસ થઈ હોય તો પહેલાં મસ્જિદને પાક કરશે અને પછી નમાઝ પડશે.

પરંતુ ઉપરોકત બે સંજોગોમાં અગર કોઈ શખ્સ પહેલાં નમાઝ પડે તો અગરચે ગુનેહગાર થયો ગણાશે, પણ તેની નમાઝ સહીહ છે.

## નમાઝો ક્રમવાર પડવા વિષે :

**મસઅલો ૭૬૩** : નમાઝે અસર નમાઝે ઝોહર બાદ પડવી જોઈએ, અને નમાઝે ઈશા નમાઝે મગરિબ બાદ પડવી જોઈએ; અગર કોઈ શખ્સ જાણી-જોઈને ઉલટું કરે અને એ ક્રમને તોડે તો તેની નમાઝો બાતિલ છે.

**મસઅલો ૭૬૪** : અગર કોઈ શખ્સ નમાઝે ઝોહરની નિય્યતથી નમાઝ શરૂ કરે, અને નમાઝ દરમ્યાન તેને યાદ આવે કે નમાઝે ઝોહર તો એ પડી ચૂક્યો છે, તો એ પોતાની નિય્યતને નમાઝે અસર માટે નહિ ફેરવી શકે, બલ્કે એ નમાઝ તોડીને નમાઝે અસર શરૂ કરશે; એ જ હુકમ નમાઝે મગરિબ અને ઈશાને લાગુ પડે છે.

**મસઅલો ૭૬૫** : અગર કોઈ શખ્સને નમાઝે અસર પડતી વેળા ખાત્રી થાય કે ઝોહરની નમાઝ પડી નથી, અને પોતાની નિય્યતને નમાઝે ઝોહરની નિય્યતમાં ફેરવી લ્યે, અને ત્યાર પછી ફરી યાદ આવે કે ઝોહરની નમાઝ એ પડી ચૂક્યો હતો, તો એ ફરી વાર નમાઝે અસરની નિય્યત કરી શકશે અને નમાઝ પૂરી કરશે, પણ તેમાં શરત એ છે કે નમાઝના કોઈ ભાગને ઝોહરની નિય્યતથી બજાવી

લાવ્યો ન હોય; અને અગર બજાવી લાવ્યો હોય તો અસરની નિય્યતથી ફરી બજાવી લાવે, પણ જો એ ભાગ આખી રકાત હોય તો નમાઝ બાતિલ છે, એવી જ રીતે અગર એ ભાગ એક રૂકૂઅ યા બે સિજદાઓ હોય તો એહતીયાતે લાઝિમની રૂએ નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૭૬૬** : અગર કોઈ શખ્સને નમાઝે અસર પડતી વેળા એવો શક થાય કે ઝોહરની નમાઝ પડી હતી કે નહિ, તો એના માટે જરૂરી છે કે નમાઝે અસર તમામ કરીને પછી નમાઝે ઝોહર બજાવી લાવે; પણ જો સમય એટલો તંગ હોય કે નમાઝ પૂરી કર્યા બાદ સૂરજ આથમી જાય અને એક રકાત પણ સમયની અંદર પડવા જેટલો સમય બાકી ન રહે. તો લાઝિમ નથી કે નમાઝે ઝોહરની કઝા આપે.

**મસઅલો ૭૬૭** : અગર કોઈ નમાઝે ઈશા પડતી વેળા શક કરે કે નમાઝે મગરિબ પડી ચૂક્યો છે કે નહિ, તો નમાઝે ઈશાને પૂરી કરશે અને તે બાદ નમાઝે મગરિબ પડશે, પણ જો સમય એટલો તંગ હોય કે નમાઝ પૂરી કરતા મધરાત થઈ જાય અને એક રકાત પણ એથી પહેલાં અદા કરવાનો સમય બાકી ન રહે તો લાઝિમ નથી કે નમાઝે મગરિબની કઝા આપે.

**મસઅલો ૭૬૮** : અગર કોઈ શખ્સ નમાઝે ઈશાની ચોથી રકાતના રૂકૂઅમાં પહોંચી ગયા બાદ શક કરે કે નમાઝે મગરિબ પડી ચૂક્યો છે કે નહિ, તો એ શખ્સ નમાઝ પૂરી કરશે, અને તે બાદ અગર નમાઝે મગરિબ માટે સમય બાકી હોય તો નમાઝે મગરિબ પણ પડશે.

**મસઅલો ૭૬૯** : અગર કોઈ ઈન્સાનની પોતાની પડેલી નમાઝ ફકત એહતીયાતની રૂએ બીજી વાર પડતો હોય, અને નમાઝ દરમ્યાન એને યાદ આવે કે એ નમાઝની પહેલા જે નમાઝ પડવાની હતી એ ચૂકી ગયો છે, તો પોતાની નિય્યતને એ નમાઝ માટે નહિ ફેરવી શકે, જેમકે અગર કોઈ નમાઝે અસરને એહતીયાતની રૂએ બીજી વાર પડતો હોય; અને એને યાદ આવે કે નમાઝે ઝોહર ચૂકી ગયો હતો, તો એ આ નમાઝની નિય્યતને નમાઝે ઝોહર માટે નહિ ફેરવી શકે.

**મસઅલો ૭૭૦** : કઝા નમાઝની નિય્યતને અદા નમાઝ માટે ફેરવવી અને મુસ્તહબ નમાઝની નિય્યતને વાજિબ માટે બદલવી જાઈઝ નથી.

**મસઅલો ૭૭૧** : અગર અદાની નિય્યતથી નમાઝ પડવાનો પૂરો સમય બાકી હોય, અને નમાઝ દરમ્યાન ઈન્સાનને યાદ આવે કે તેના ઉપર કઝા નમાઝનો ઝીમ્મો છે, તો એ અદા નમાઝની નિય્યતને કઝા માટે ફેરવી શકે છે, પણ એમ કરવામાં એ બાબતનો ખ્યાલ રહે કે નિય્યત બદલવાની શક્યતા હોવી જોઈએ, દાખલા તરીકે અગર નમાઝે ઝોહર પડી રહ્યો હોય તો તે નમાઝની નિય્યતને

નમાઝે સુબ્હ માટે માત્ર એવા જ સંજોગમાં ફેરવી શકશે કે ત્રીજી રકાતના રૂકૂઅમાં ન પહોંચ્યો હોય.

## મુસ્તહબ નમાઝો :

**મસઅલો ૭૭૨** : મુસ્તહબ નમાઝો ઘણી છે, એ સૌને નાફિલા કહેવાય છે, અને તેમાં ખાસ કરીને રોજની નાફિલા પડવા માટે ખાસ તાકીદ થઈ છે, અને જુમ્આ સિવાયના દિવસોમાં એની સંખ્યા ચોંત્રીસ રકાત થાય છે.

(૧) આઠ રકાત નાફિલાએ ઝોહર. (૨) આઠ રકાત નાફિલાએ અસર. (૩) ચાર રકાતનાફિલાએ મગરિબ. (૪) બે રકાત નાફિલાએ ઈશા. (૫) અગિયાર રકાત નાફિલાએ શબ. (૬) બે રકાત નાફિલાએ સુબ્હ.

નમાઝે ઈશાની નાફિલા એહતીયાતે વાજિબની રૂએ બેસીને પડવી જોઈએ, અને એ કારણસર બે રકાતોને એક રકાત ગણવામાં આવશે.

જુમ્આના દિવસે ઝોહર અસરની સોળ રકાતમાં બીજી ચાર રકાતનો ઉમેરો થાય છે, અને બેહતર છે કે કુલ વીસ રકાતો ઝોહરના સમય પહેલાં પડવામાં આવે.

**મસઅલો ૭૭૩** : નાફેલએ શબની અગિયાર રકાતોમાં આઠ રકાત નાફેલએ શબની નિય્યતથી પડવી જોઈએ, બે રકાતો નમાઝે શફાઅ અને છેલ્લી એક રકાત નમાઝે વીતરની નિય્યતથી પડવી જોઈએ, નમાઝે શબની પૂરી રીત અનેક દુઆઓની કિતાબોમાં આપવામાં આવી છે.

**મસઅલો ૭૭૪** : નાફિલાની દરેક નમાઝ બેસીને પડી શકાય છે, પણ અમુક ફકીહોની દોરવણી એ છે કે બેસીને નાફીલા પડનાર દરેક બે રકાતોને એક રકાત ગણે તો બેહતર છે, જેમકે નમાઝે ઝોહરની નાફિલાને આઠ ને બદલે સોળ રકાતો પડે.

અને અગર કોઈ નમાઝે વીતર બેસીને પડવા માગે તો એ એક રકાતવાળી નમાઝ બે વાર પડશે. જો કે આ કાર્યની બેહતરી અમને માલૂમ નથી, પણ નેક કામની ઉમ્મીદે (રજાઅન) તેને એ રીતે અંજામ દેવામાં ઈશ્કાલ નથી.

**મસઅલો ૭૭૫** : મુસાફરીની હાલતમાં ઝોહર, અસરની નાફિલા ન પડવી જોઈએ, પણ ઈશાની નાફિલાને રજાઅન (સારા કામની નેક ઉમ્મીદે) પડવામાં વાંધો નથી.

## રોજની નાફેલા નમાઝોનો સમય :

**મસઅલો ૭૭૬** : નમાઝે ઝોહરની નાફિલા નમાઝે ઝોહરથી પહેલાં પડવી જોઈએ, તેનો સમય નમાઝે ઝોહરના સમયથી શરૂ થાય છે, અને જયાં સુધી નમાઝે ઝોહર પહેલાં એ પડી શકાય ત્યાં

સુધી એનો સમય રહે છે, પણ અગર કોઈ ઝોહરની નાફિલા પડવામાં એટલી ઢીલ કરે કે ઝવાલ પછી 'શાખીસ' (ખોડેલી લાકડી)નો સાયો ૨/૭ થઈ જાય, એટલે કે અગર 'શાખીસ' સાત વેંતનું હોય અને સાયો બે વેંતની લંબાઈ સુધી પહોંચે, તો એવા સમયે બેહતર છે કે નમાઝે ઝોહર પડે.

**<u>મસઅલો ૭૭૭</u>** : નમાઝે અસરની નાફિલા નમાઝે અસર પહેલાં પડાય છે, અને એ માટેનો સમય જયાં સુધી નમાઝે અસર પહેલાં એ પડી શકાય ત્યાં સુધી બાકી રહે છે, પણ જો એટલી ઢીલ કરે કે 'શાખીસ'નો સાયો ૪/૭ સુધી પહોંચી જાય, તો બેહતર છે કે એ સમયે નમાઝે અસર પડે.

અગર કોઈ નમાઝે ઝોહર કે નમાઝે અસરની નાફિલાને તેના સમય બાદ પડવા માગે, તો એ ઝોહરની નાફિલા નમાઝે ઝોહર બાદ અને અસરની નાફિલા નમાઝે અસર બાદ પડી શકે છે, પણ અહ્‌વતની રૂએ કઝા કે અદાની નિય્યત ન કરે.

**<u>મસઅલો ૭૭૮</u>** : નમાઝે મગરિબની નાફિલા નમાઝ બાદ પડવી જોઈએ, અને તેનો સમય નમાઝે મગરિબ બાદ જયાં સુધી સમયની અંદર પડી શકાય ત્યાં સુધી રહે છે, પણ અગર કોઈ તેની અદાયગીમાં એટલી ઢીલ કરે કે પશ્ચિમ તરફની લાલાશ જે સૂર્યાસ્ત પછી આસમાનમાં હોય છે તે અદ્રશ્ય થઈ જાય, તો પછી બેહતર છે કે એ સમયે નમાઝે ઈશા પડે.

**<u>મસઅલો ૭૭૯</u>** : નમાઝે ઈશાની નાફિલાનો સમય નમાઝે ઈશા બાદ મધરાત સુધી બાકી રહે છે, પણ બેહતર છે કે નમાઝે ઈશા બાદ તરત જ અદા કરવામાં આવે.

**<u>મસઅલો ૭૮૦</u>** : નમાઝે સુબ્હની નાફિલા નમાઝ પહેલાં પડવી જોઈએ, અને તેનો સમય નમાઝે શબ બાદ શરૂ થાય છે અને નમાઝે સુબ્હથી પહેલાં પડવાની શક્યતા હોય ત્યાં સુધી બાકી રહે છે, પણ જો એટલી ઢીલ કરે કે પૂર્વ દિશામાં લાલાશ દેખાવા માંડે તો બેહતર છેકે એ સમયે નમાઝે સુબ્હ અદા કરે.

**<u>મસઅલો ૭૮૧</u>** : નમાઝે શબ માટે અવ્વલ વખત મધરાતે શરૂ થાય છે અને સુબ્હ સાદિક સુધી રહે છે, અને બેહતર છે કે સુબ્હે સાદિકની નજદીક પડવામાં આવે.

**<u>મસઅલો ૭૮૨</u>** : મુસાફર માટે, અને જે શખ્સ માટે તકલીફરૂપ હોય કે નમાઝે શબ મધરાત પછી પડે, તેના માટે રાતના શરૂના હિસ્સામાં નમાઝે શબ પડવામાં વાંધો નથી.

## નમાઝે ગોફયલા

**<u>મસઅલો ૭૮૩</u>** : નમાઝે ગોફયલા મુસ્તહબ નમાઝોમાંથી એક છે; અને એ નમાઝે મગરિબ અને ઈશા વચ્ચે પડાય છે.

પહેલી રકાતમાં સૂરએ હમ્દ બાદ બીજા સૂરાને બદલે નીચે જણાવેલી આયત પઢવી.

**વ ઝન નૂને ઈઝ ઝહબ મોગાઝેબન ફ ઝનન અન્ન લન નકદેર અલયહે ફ નાદા ફિઝઝોલોમાતે, અલ લા એલાહ ઈલ્લા અનત સુબહાનક ઈન્ની કુનતો મેનઝ ઝાલેમીન, ફસતજબના લહૂ વ નજ્જયનાહો મેનલ ગમ્મે વ કઝાલેક નુનજિલ મુઅમેનીન.**

અને બીજી રકાતમાં સૂરએ અલ્હમ્દ બાદ બીજા સૂરાને બદલે આ આયત પઢવી :

**વ ઈન્દહુ મફાતેહુલ ગય્બે લા યઅલમોહા, ઈલ્લા હોવ વ યઅલમો મા ફિલ બર્રે વલ બહરે, વ મા તસકોતો મિન વરકતિન, ઈલ્લા યઅલમોહા, વલા હબ્બતિન ફી ઝોલોમાતિલ અરઝે, વલા રતબિન, વલા યાબેસિન, ઈલ્લા ફી કેતાબિમ મોબીન.**

અને કુનૂતમાં આ દુઆ પઢે :

**અલ્લાહુમ્મ ઈન્ની અસઅલોક બે મફાતેહિલ ગયબિલ લતી લા યઅલમોહા ઈલ્લા અન્ત અન તોસલ્લેય અલા મોહમ્મદિન વ આલેહિ વ અન તફઅલ બી....**(અહીં પોતાની હાજત માગે).

અને ત્યાર બાદ પઢે :

**અલ્લાહુમ્મ અન્ત વલીયો નેઅમતી, વલ કાદેરો અલા તલેબતી, તઅલમો હાજતી, ફ અસઅલોક બેહકકે મોહમ્મદિન વ આલેહી અલય્હે વ અલય્હેમુસ્સલામો લમ્મા કઝય્તહા લી.**

**કિબ્લાના એહકામ:**

<u>**મસઅલો ૭૮૪**</u> : મક્કએ મુઅઝઝમામાં જે ખાનએ કઅબાની જગ્યા છે એ કિબ્લો છે, અને એ દિશા તરફ નમાઝો અદા કરવી જોઈએ, પણ જે શખ્સ દૂર હોય તેના માટે કાફી છે કે એવી રીતે ઊભો રહે કે કહી શકાય કે કિબ્લા તરફ મોંઢુ રાખીને નમાઝ પડી રહ્યો છે, એ જ હુકમ એવાં કાર્યોને લાગુ પડે છે જે માટે કિબ્લા તરફ મોઢું હોવું જરૂરી છે, જેમકે હયવાનને ઝબ્હ કરતી વેળા.

<u>**મસઅલો ૭૮૫**</u> : જે માણસ ઊભા રહીને નમાઝ પડતો હોય, તેના માટે જરૂરી છે કે તેની

છાતી, પેટ (શરીરનો સામેનો હિસ્સો) કિબ્લા તરફ હોય, અને એનો ચહેરો પણ કિબ્લાથી હટીને ન રાખે, એહતીયાતે મુસ્તહબની રૂએ પગની આંગળીઓ પણ કિબ્લા તરફ હોવી જોઈએ.

**મસઅલો ૭૮૬** : જે માણસ માટે બેસીને નમાઝ પડવું જરૂરી હોય તે નમાઝ પડતી વેળા એવી રીતે બેસે કે તેની છાતી, પેટ (શરીરનો સામેનો ભાગ) કિબ્લા તરફ હોય, અને ચહેરો પણ કિબ્લાથી હટીને ન હોય.

**મસઅલો ૭૮૭** : જે શખ્સ બેસીને પણ નમાઝ અદા ન કરી શકતો હોય, તેના માટે જરૂરી છે કે જમણા ભાગ ઉપર એવી રીતે સૂવે કે તેના શરીરનો સામેનો ભાગ કિબ્લા ભણી હોય, અને જો તેમ કરવું શક્ય ન હોય તો ડાબા ભાગ ઉપર એવી રીતે સૂવે કે શરીરનો સામેનો ભાગ કિબ્લા ભણી હોય, પણ એહતીયાતે લાઝિમ છે કે જયાં સુધી જમણા ભાગ ઉપર સૂઈ શકતો હોય ત્યાં સુધી ડાબા ભાગ ઉપર ન સૂવે, અને જો એ બંને રીત તેના માટે અશક્ય હોય, તો પછી પીઠ ઉપર એવી રીતે સૂવે કે તેના પગનાં તળિયાં કિબ્લા તરફ હોય.

**મસઅલો ૭૮૮** : નમાઝે એહતીયાત અને ભૂલાઈ ગયેલા સિજદા કે તશહ્હુદને પણ કિબ્લા તરફ અદા કરવું જોઈએ. અને એહતીયાતે મુસ્તહબની રૂએ સિજદએ સહવ પણ કિબ્લા તરફ અદા કરવું જોઈએ.

**મસઅલો ૭૮૯** : સુન્નત નમાઝોને ચાલતાં ચાલતાં કે સવારી ઉપર અદા કરી શકાય છે, અને એ રીતે સુન્નત નમાઝને અદા કરતી વેળા કિબ્લા તરફ હોવું જરૂરી નથી.

**મસઅલો ૭૯૦** : નમાઝ પડનાર માટે જરૂરી છે કે કિબ્લાની દિશા જાણવા માટે પૂરી કોશિશ કરે, જેથી યકીન હાસિલ થાય અથવા યકીનની નજીક પહોંચે જેમકે બે આદિલની ગવાહી ઉપર અમલ કરે, અને અગર એ શક્ય ન હોય તો ગામની મસ્જીદોના મહેરાબ, મોઅમીનોની કબર અથવા એવા બીજા કોઈ રસ્તે ગુમાન હાસિલ કરે, અને તે મુજબ અમલ કરે, અને જો કોઈ ફાસિક કે કાફિર વૈજ્ઞાનિક રીતે કિબ્લાની સંતોષકારક ઓળખ આપે, તો તે મુજબ અમલ કરવો કાફી છે.

**મઅસલો ૭૯૧** : અગર કોઈ શખ્સને કિબ્લા બારામાં માત્ર ગુમાન હોય, અને તેહકીક કરી વધુ ઈત્મિનાન હાસિલ કરવાની આવશ્યકતા હોય, તો માત્ર ગુમાન ઉપર અમલ નહિ કરી શકે, દાખલા તરીકે કોઈ મહેમાન યજમાનના કહેવાથી કિબ્લા સંબંધે ગુમાન હાસિલ કરે, પણ બીજે રસ્તે વધુ ખાત્રી મેળવી શકતો હોય તો પછી એ યજમાનના કહેવા મુજબ અમલ ન કરે.

**મસઅલો ૭૯૨** : અગર કોઈ શખ્સ કિબ્લા સંબંધી જાણકારી મેળવવા માટે કોઈ સાધન

ધરાવતો ન હોય અથવા કે કોશિશો કર્યા બાદ કોઈ નિર્ણય ન કરી શકતો હોય, તો કોઈ પણ એક દિશા તરફ નમાઝ પડે તો કાફી છે, અને એહતીયાતે મુસ્તહબ છે કે અગર નમાઝનો પૂરતો સમય બાકી હોય, તો ચારેય દિશાઓ તરફ નમાઝ પઢે.

**<u>મસઅલો ૭૯૩</u>** : અગર કોઈ શખ્સને એવી ખાત્રી કે એવું ગુમાન હાસિલ થાય કે બે દિશાઓમાંથી એક કિબ્લો છે, તો તેના માટે બંને દિશાએ નમાઝ પઢવી જરૂરી છે.

**<u>મસઅલો ૭૯૪</u>** : જે માણસ એક થી વધુ દિશાએ નમાઝ પડવાની સ્થિતિમાં હોય, અને એને બે નમાઝો પડવાની હોય, જેમકે નમાઝે ઝોહર અને નમાઝે અસર પડવાની હોય, તો એ નમાઝોને ક્રમવાર એક પછી એક પડશે, એહતીયાતે મુસ્તહબ એ છે કે પ્રથમ પહેલી નમાઝને એ દિશાઓ તરફ પઢી લ્યે અને પછી બીજી નમાઝ શરૂ કરે.

**<u>મસઅલો ૭૯૫</u>** : જે શખ્સને કિબ્લા બારામાં ખાત્રી ન હોય, અને એ નમાઝ સિવાય કોઈ એવું કામ બજાવી લાવવા માંગતો હોય જેના માટે કિબ્લાની જરૂરત હોય, જેમકે હયવાનને ઝબ્હ કરવું હોય, તો એ ગુમાન મુજબ અમલ કરશે; અને જો ગુમાન વડે કોઈ અનુમાન ન કરી શકે, તો કોઈ પણ એક દિશાએ અમલ બજાવી લાવે.

## નમાઝમાં શરીરને ઢાંકવા વિષે :

**<u>મસઅલો ૭૯૬</u>** : પુરૂષો માટે નમાઝની હાલતમાં પોતાની બંને શરમગાહોને ઢાંકવી જરૂરી છે, ચાહે કોઈ તેને જોવાવાળું હોય કે ન હોય, અને બહેતર છે કે ડુંટીથી લઈને સાથળ સુધી પોતાને ઢાંકે.

**<u>મસઅલો ૭૯૭</u>** : સ્ત્રી માટે નમાઝની હાલતમાં પૂરા શરીરને માથા અને વાળ સહીત ઢાંકવું જરૂરી છે અને એહતીયાતે મુસ્તહબ છે કે પગના તળિયાને પણ ઢાંકે પણ ચહેરાના જેટલા ભાગને વઝુમાં ધોવામાં આવે છે તે અને હાથને કાંડા સુધી તેમજ પગને સાંધા સુધી ઢાંકવું જરૂરી નથી પણ ખાત્રી કરવા માટે વાજીબાત મુજબ પોતાને પૂરી રીતે ઢાંકેલ છે/ જરૂરી છે કે ચહેરાની ચારેય કોર અને હાથના કાંડાની સહેજ નીચેના ભાગ સુધી ઢાંકી રાખે.

**<u>મસઅલો ૭૯૮</u>** : જયારે ઈન્સાન ભૂલાઈ ગયેલા સિજદા કે તશહ્હુદને અદા કરવા માગે, ત્યારે જરૂરી છે કે નમાઝમાં પોતાને જેટલી હદે ઢાંકવું જરૂરી છે તે પ્રમાણે અમલ કરે, અને એહતીયાતે મુસ્તહબ છે કે સિજદએ સહ્વ અદા કરતી વેળા પણ એ મુજબ પોતાને ઢાંકે.

**<u>મસઅલો ૭૯૯</u>** : અગર કોઈ શખ્સ જાણી-બૂજીને અથવા મસઅલાથી અજાણ હોવાને કારણે અથવા બેદરકારીને લીધે નમાઝમાં પોતાની શરમગાહોને ન ઢાંકે તો તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૦૦** : અગર કોઈ શખ્સને નમાઝ દરમ્યાન જાણ થાય કે તેની શરમગાહ તરફ નજર પડી રહી છે, તો તરત જ તેને ઢાંકી લેવું જોઈએ; અને એ નમાઝ ફરી પડવાની જરૂરત નથી, પણ અહવત એ છે કે જયારે એને જાણ થાય કે તેની શરમગાહ જાહેર થઈ છે, ત્યારે એ સમયે નમાઝના કોઈ ભાગને અદા ન કરે, અને જો એને નમાઝ પૂરી કર્યા બાદ ખબર પડે કે શરમગાહ જાહેર થઈ હતી, તો તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૦૧** : અગર ઈન્સાને એવો લિબાસ પહેર્યો હોય કે કયામની હાલતમાં તેનું શરીર ઢંકાયેલું રહે, પણ બીજી હાલતમાં, જેમકે રૂકૂઅ કે સિજદામાં, એ લિબાસ તેના શરીરને સરખી રીતે ન ઢાંકે, તો શરમગાહને ઢાંકવા માટે કોઈ બીજી રીતે કે સાધન ઈખ્તીયાર કરે તો નમાઝ સહીહ ગણાશે; પણ એહતીયાતે મુસ્તહબ એ છે કે એવા લિબાસમાં નમાઝ ન પડે.

**મસઅલો ૮૦૨** : અગર કોઈ શખ્સ નમાઝમાં પોતાને ઘાસ કે પાંદડાઓથી ઢાંકે તો વાંધો નથી, પણ એહતીયાતે મુસ્તહબ છે કે જયાં સુધી બીજી વસ્તુઓ શરીરને સરખી રીતે ઢાંક્વા માટે મોજૂદ હોય, ત્યાં સુધી ઉપરોકત વસ્તુઓ ઉપયોગમાં ન લ્યે.

**મસઅલો ૮૦૩** : મજબૂરીના સંજોગમાં, જયારે કે પોતાને ઢાંક્વા માટે કોઈ વસ્તુ પ્રાપ્ત ન હોય, ત્યારે ઈન્સાને પોતાની શરમગાહની ચામડીને છૂપાવવા માટે માટી વગેરેનો ઉપયોગ કરી શકે છે.

**મસઅલો ૮૦૪** : જયારે ઈન્સાન પાસે નમાઝમાં પોતાને ઢાંક્વા માટે કોઈ વસ્તુ પ્રાપ્ત ન હોય, પણ તેને હાસિલ કરવા માટે તદ્દન હતાશ ન થયો હોય, તો બેહતર છે કે નમાઝ પડવામાં ઢીલ કરે, પણ જો કોઈ વસ્તુ ન મેળવી શકે તો (સંજોગવશાત) પોતાની ફરજ મુજબ વર્તીને નમાઝ પડશે, પણ જો તે અવ્વલ વખતમાં નમાઝ પડી લ્યે, અને નમાઝના છેલ્લા સમય સુધીમાં તેનું ઉઝર બરતરફ થઈ જાય તો એહતીયાતે લાઝિમ છે કે ફરીથી નમાઝ પડે.

**મસઅલો ૮૦૫** : જે માણસ એવા સંજોગમાં નમાઝ પડવા માગે કે જયારે પોતાને ઢાંક્વા માટે તેની પાસે કોઈ વસ્તુ ન હોય, એટલે સુધી કે ઘાસ-પાંદડાં કે માટી વગેરે પણ ન હોય, અને નમાઝના છેલ્લા સમય સુધી એવી વસ્તુ હાસિલ કરવા બારામાં નિરાશ થઈ જાય, તો અગર એને ઈત્મિનાન હોય કે કોઈ જોવાવાળું નથી, તો સામાન્ય સંજોગમાં જે રીતે નમાઝ પડાય છે તે જ રીતે નમાઝ પડે, અને કયામ, રૂકૂઅ, સિજદાઓ બજાવી લાવે; અને જો એને એમ લાગે કે કોઈ જોવાવાળું છે, તો પછી તેના માટે જરૂરી છે કે નમાઝ એવી રીતે પડે કે તેની શરમગાહો ન દેખાય, જેમકે બેસીને નમાઝ પડે અથવા રૂકૂઅ અને સિજદાઓને સામાન્ય રીતે નહિ, બલ્કે ઈશારાથી અદા કરે; એહતીયાતે

લાઝિમ છે કે નગ્નવસ્થામાં જે શખ્સ નમાઝ પડી રહ્યો હોય તે પોતાની શરમગાહને શરીરના બીજા ભાગો વડે છૂપાવે, જેમકે બેઠો હોય ત્યારે સાથળ વડે અને ઊભો હોય ત્યારે બંને હાથો વડે શરમગાહને છૂપાવે.

## નમાઝ પડનારના લિબાસની શરતો :

**મસઅલો ૮૦૬** : નમાઝ પડનારના કપડાઓ માટે **૭** શરતો છે :

**(૧)** તે પાક હોવા જોઈએ.

**(૨)** તે મુબાહ હોવા જોઈએ, એટલે કે ગસ્બી ન હોય.

**(૩)** મુડદારના શરીરના કોઈ પણ ભાગથી બનેલાં ન હોય.

**(૪)** હરામ ગોશ્ત જાનવરના શરીરથી બનેલાં ન હોય.

**(૫-૬)** અગર નમાઝ પડનાર પુરૂષ હોય, તો તેનો લિબાસ ખાલિસ રેશમથી કે સોનાથી વણેલો ન હોવો જોઈએ.

આ બાબતોના વધુ ખુલાસાઓ આવતા મસાઈલમાં સમજાવવામાં આવશે.

## (૧) પહેલી શરત

**મસઅલો ૮૦૭** : નમાઝ પડનારના કપડાં પાક હોવા જોઈએ, અગર કોઈ શખ્સ ઈખ્તીયારની હાલતમાં નજીસ શરીર કે કપડાંથી નમાઝ પઢે, તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૦૮** : અગર કોઈ શખ્સે એ મસઅલો જાણવાની તસ્દી ન લીધી હોય કે નજીસ શરીર કે કપડાંથી નમાઝ બાતિલ છે, અને એ નજીસ શરીર યા કપડાંથી નમાઝ પડે, તો એહતીયાતે લાઝિમની રૂએ એની નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૮૦૯** : એવી જ રીતે અગર કોઈએ એ મસઅલો જાણવાની તસ્દી ન લીધી હોય કે ફલાણી વસ્તુ નજીસ છે, જેમકે એ ન જાણતો હોય કે કાફિરનો પસીનો નજીસ છે, અને એ નજાસત સાથે નમાઝ પડે તો એહતીયાતે લાઝિમની રૂએ એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૧૦** : અગર કોઈને ખાત્રી હોય કે એનાં કપડાં યા એનું શરીર પાક છે, અને નમાઝ પડી લીધા બાદ ખબર પડે કે એ નજીસ હતું, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૧૧** : અગર કોઈ શખ્સ ભૂલી જાય કે એના કપડાં યા એનું શરીર નજીસ છે, અને નમાઝ દરમ્યાન યા નમાઝ બાદ એને યાદ આવે, તો અગર એ ભૂલી જવું લાપરવાહીને કારણે હોય, તો અહવતે લાઝિમ છે કે એ નમાઝ ફરીથી અદા કરે, અને જો નમાઝનો સમય વીતી ગયો હોય તો

કઝા આપે, એ સિવાયના સંજોગમાં નમાઝ ફરીથી પડવી જરૂરી નથી. અલબત્ત, અગર નમાઝ દરમ્યાન તેને યાદ આવે તો આ પછીના મસઅલામાં જણાવેલ હુકમ મુજબ અમલ કરશે.

**મસઅલો ૮૧૨** : અગર કોઈ શખ્સ એવા સમયે નમાઝ પડતો હોય કે કઝા થવાને ઘણી વાર હોય, અને નમાઝ દરમ્યાન તેને ખબર પડે કે તેનું શરીર યા લિબાસ નજીસ થયેલ છે, અને એવું ગુમાન થાય કે એ નજાસત નમાઝ શરૂ કર્યા બાદ લાગી છે, તો જો એ જ હાલતમાં કપડાં કે શરીરને, નમાઝની સૂરતને બદલ્યા વગર, પાણીથી પાક કરી શકતો હોય, યા કપડાં ઉતારી કે બદલી શકતો હોય, તો એ મુજબ અમલ કરે, અને જો કોઈ બીજી રીતે પોતાની શરમગાહને છૂપાવી શકતો હોય, તો કપડાં ઉતારી નાખે.

પણ જો એમ કરવા જતાં નમાઝની સૂરત બદલી જતી હોય, અથવા કપડાં ઉતારી લેવાથી એ તદ્દન નગ્નાવસ્થામાં રહેતો હોય, તો પછી એહતીયાતે લાઝિમ છે કે નમાઝ ફરીથી પાક કપડાં સાથે પડે.

**મસઅલો ૮૧૩** : અગર કોઈ શખ્સ તંગ વખતમાં નમાઝ પડી રહ્યો હોય, એટલે કે કઝાનો સંભવ હોય, અને એને જણાય કે એના કપડાં નજીસ છે, અને સાથે ગુમાન કરે કે નમાઝ શરૂ કર્યા બાદ નજાસત લાગી છે, તો અગર નમાઝની સૂરત બદલ્યા વિના એ પાણીથી પાક કરી શકતો હોય, અથવા કપડાં ઉતારી શકતો હોય તો એ મુજબ અમલ કરે, અને જો બીજી રીતે શરમગાહ છૂપાવી શકે તો કપડાં ઉતારીને નમાઝ પૂરી કરે.

**મસઅલો ૮૧૪** : તંગ વખતમાં નમાઝ પડનારને જો નમાઝ દરમ્યાન ખબર પડે કે તેનું શરીર નજીસ છે, અને એને ગુમાન હોય કે નજાસત નમાઝ શરૂ કર્યા બાદ લાગી છે, તો જો નમાઝની સૂરત બદલ્યા વગર શરીરને પાણીથી પાક કરી શકે તો એ મુજબ વર્તે, અને જો નમાઝની સૂરત બદલી જતી હોય, તો એ જ હાલતમાં નમાઝ પૂરી કરે, એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૮૧૫** : અગર કોઈને પોતાના કપડાં યા શરીર વિશે શક હોય કે પાક છે કે નહિ, અને તે બારામાં તપાસ કર્યા બાદ કોઈ નજાસત ન દેખાતાં નમાઝ પડી લ્યે, અને નમાઝ પડયા બાદ ખબર પડે કે નજીસ હતું, તો તેની નમાઝ સહીહ છે; પણ જો તપાસ ન કરી હોય, તો એહતીયાતે લાઝિમની રૂએ એ શખ્સ નમાઝ ફરીથી પડશે, અને જો સમય વીતી ગયો હોય તો કઝા આપશે.

**મસઅલો ૮૧૬** : અગર કોઈ શખ્સ પોતાના કપડાં પાણીથી ધોઈ લીધા બાદ યકીન હાસિલ કરે કે પાક થઈ ગયા છે; અને એ કપડાંથી નમાઝ પડયા પછી તેને જાણ થાય કે એ પાક થયાં ન હતાં,

તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૧૭** : અગર કોઈ શખ્સ પોતાના શરીર અથવા કપડાં ઉપર ખૂનનો ડાઘ જૂએ, અને એને ખાત્રી થાય કે એ નજીસ પ્રકારનું ખૂન નથી, જેમકે મચ્છરનું ખૂન સમજે, અને નમાઝ બાદ એને જાણ થાય કે એ નજીસ ખૂન હતું, તો એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૮૧૮** : અગર કોઈને યકીન હોય કે જે ખૂન તેનાં કપડાં યા શરીર ઉપર છે, એ એવા પ્રકારનું નજીસ ખૂન છે કે નમાઝમાં માફ છે, જેમકે ઝખ્મ યા ગૂંમડાનું ખૂન છે એમ સમજે, અને નમાઝ પઢી લીધા બાદ એને જાણ થાય કે એ એવું ખૂન હતું જે નમાઝમાં માફ નથી, તો એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૮૧૯** : અગર કોઈ ઈન્સાન ભૂલી જાય કે ફલાણી વસ્તુ નજીસ છે, અને એ નજીસ વસ્તુને તેનું ભીનું શરીર કે કપડું અડે, ત્યાર બાદ એ જ ફરામોશીની હાલતમાં નમાઝ પડે, અને નમાઝ ખત્મ કર્યા બાદ તેને યાદ આવે, તો એની નમાઝ સહીહ છે.

પણ જો તેનું કપડું યા શરીર ભીનાશ સાથે એ નજીસ વસ્તુને અડે, જેની નજાસત વિષે એ ભૂલી ગયો હતો, અને ત્યાર બાદ તેને પાણીથી પાક કર્યા વગર ગુસ્લ કરીને નમાઝ પડે, તો તેનું ગુસ્લ અને તેની નમાઝ બંને બાતિલ ગણાશે, સિવાય કે ગુસ્લ કરવાથી તેનું શરીર પૂરી રીતે પાક થઈ ગયું હોય.

એવી જ રીતે વઝુનો કોઈ ભાગ એ નજીસ વસ્તુને અડે, જેની નજાસત વિષે એ ભૂલી ગયો હતો, અને પાણીથી પાક કર્યા પહેલાં એ વઝુ કરીને નમાઝ પડે, તો વઝુ અને નમાઝ બંને બાતિલ થશે, સિવાય કે વઝુ કરવાથી વઝુનો એ ભાગ પણ પાક થઈ ગયો હોય.

**મસઅલો ૮૨૦** : જેની પાસે એક જ કપડું હોય, અને એનું શરીર અને કપડું બંને નજીસ હોય, પણ તેની પાસે ફકત એટલું જ પાણી હોય કે બેમાંથી એક જ વસ્તુને પાક કરી શકાય, તો એહતીયાતે લાઝિમ છે કે પોતાના શરીરને પાક કરે અને નજીસ કપડાંથી નમાઝ પડે, એના માટે જાઈઝ નથી કે કપડાં ને પાક કરીને નજીસ શરીરથી નમાઝ પડે, પણ જો લિબાસની નજાસત બહુ જ વધારે પડતી હોય અથવા વધારે ઉગ્ર હોય, તો પછી એને ઈખ્તીયાર છે કે ચાહે શરીરને પાક કરે યા કપડાને પાક કરે.

**મસઅલો ૮૨૧** : જે શખ્સ પાસે નજીસ કપડાં સિવાય બીજું કપડું ન હોય, તો એવા શખ્સે નજીસ કપડાંથી નમાઝ પડી લેવી જોઈએ; અને એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૮૨૨** : જે માણસ પાસે બે કપડાં હોય; અને એ જાણતો હોય કે બે માંથી એક નજીસ છે,પણ ક્યુ નજીસ છે તે ચોક્કસપણે ન જાણતો હોય, તો અગર નમાઝના સમયમાં ગુંજાઈશ હોય તો જરૂરી છે કે બંને કપડાંથી નમાઝ અદા કરે, દાખલા તરીકે અગર એ નમાઝે ઝોહર અને અસર પડવા માંગતો હોય તો એક કપડાંથી નમાઝે ઝોહર ને બીજાથી નમાઝે અસર પડશે, પણ જો વખત તંગ હોય તો બેમાંથી કોઈ પણ એક કપડાંથી નમાઝ પડી લ્યે, અને નમાઝ સહીહ ગણાશે.

## (૨) બીજી શરત

**મસઅલો ૮૨૩** : નમાઝ પડનારના કપડાં મુબાહ હોવા જોઈએ; અને જે માણસને ખબર હોય કે ગસ્બી કપડાં હરામ છે, અથવા એ લાપરવાહીને કારણે મસઅલાથી અજાણ હોય, અને જાણી-બૂજીને ગસ્બી કપડાંથી નમાઝ પડે, તો અહવતની રૂએ નમાઝ બાતિલ છે, પણ જે વસ્તુ શરમગાહને ઢાંકી ન શકતી હોય, અથવા એવી ગસ્બી ચીજ કે નમાઝ પડનારે પહેરી ન હોય, પણ ખિસ્સામાં રાખી મૂકી હોય, જેમકે રૂમાલ વગેરે, અગરચે એ રૂમાલ અગર પહેરતે તો શરમગાહને છૂપાવી શક્તે, તો એનાથી નમાઝ બાતિલ નથી; એવી જ રીતે અગર કોઈ શખ્સે ગસ્બી કપડું ધારણ કર્યું હોય, પણ શરમગાહને મુબાહ કપડાંથી ઢાંકી હોય, તો નમાઝ બાતિલ નથી, પણ આ બધાય સંજોગમાં અહવત એ છે કે એવાં કપડાંને તર્ક કરે.

**મસઅલો ૮૨૪** : જે શખ્સ જાણતો હોય કે ગસ્બી કપડાં પહેરવાં હરામ છે, પણ એ કપડાંથી નમાઝ પડવાનો શો હુકમ છે એ જાણતો ન હોય, અને એ કપડાંથી નમાઝ પડી લ્યે, તો ઉપરોકત મસઅલામાં જણાવેલી વિગતોને અનુલક્ષી તેની નમાઝ અહવતની રૂએ બાતિલ છે.

**મસઅલો ૮૨૫** : અગર કોઈ શખ્સને ખબર ન હોય કે એનું લિબાસ ગસ્બી છે, અથવા એ ભૂલી જાય; અને એ લિબાસથી નમાઝ પડે તો એની નમાઝ સહીહ છે, પણ જો એ શખ્સ પોતે એ લિબાસ ગસ્બ કર્યું હોય અને એ વિષે ભૂલી જાય, તો અહવતની રૂએ એની નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૮૨૬** : અગર એક શખ્સ જાણતો ન હોય કે એનું લિબાસ ગસ્બી છે, અથવા ભૂલી ગયો હોય; અને નમાઝ દરમ્યાન એને ખબર પડે કે લિબાસ ગસ્બી છે, તો અગર બીજી મુબાહ વસ્તુથી તેની શરમગાહ છૂપેલી હોય, અને તરત જ, નમાઝમાં મવાલાતને તોડયા વગર, કપડાં ઉતારી શકતો હોય, તો તેણે કપડાં ઉતારી મૂકવા જોઈએ.

પણ તેની શરમગાહને છૂપાવવા માટે બીજી કોઈ મુબાહ વસ્તુ ન હોય, અથવા ગસ્બી કપડાંને તરત જ ઉતારી ન શકે, અથવા તેમ કરવા જતાં નમાઝમાં મવાલાત તૂટતી હોય, તો અગર એક રકાત

પણ વખતની અંદર પડવા જેટલો સમય બાકી હોય તો એ નમાઝને તોડશે, અને મુબાહ કપડાંથી નમાઝ પડશે; અને જો એટલો સમય બાકી ન હોય તો એના માટે જરૂરી છે કે નમાઝની હાલતમાં જ કપડાં ઉતારી મૂકે અને નગ્નવસ્થામાં નમાઝ પડવા માટે જે હુકમ બયાન થઈ ચૂક્યો છે એ મુજબ અમલ કરે.

**મસઅલો ૮૨૭** : અગર કોઈ શખ્સ પોતાની જાનને બચાવવા ખાતર ગસ્બી લિબાસથી નમાઝ પડે, અથવા એ બીકે કે ચોર ગસ્બી લિબાસને ચોરી ન જાય, એ લિબાસથી નમાઝ પડે તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૨૮** : અગર ઈન્સાન કોઈ એવી રકમથી કપડાં ખરીદે જે રકમ ઉપર લાગું પડેલું ખુમ્સ અદા ન થયું હોય, તો એ ગસ્બી કપડાં સાથે નમાઝ પડવાનો હુકમ ધરાવે છે.

## (3) ત્રીજી શરત

**મસઅલો ૮૨૯** : એહતીયાતે લાઝિમની રૂએ નમાઝ પડનારનો લિબાસ એવા મુડદાર હયવાનના કોઈ પણ ભાગથી બનેલું ન હોવું જોઈએ કે જે હયવાનનું ખૂન ઉછળીને નીકળતું હોય, બલ્કે એહતીયાતે મુસ્તહબ છે કે એવા મુડદારના ભાગથી પણ ન હોવું જોઈએ કે જેનું ખૂન ઉછળીને નીકળતું નથી. જેમકે સાંપ માછલી વગેરે.

**મસઅલો ૮30** : અગર નજીસ મુડદારનો કોઈ પણ ભાગ, જેમકે ગોશ્ત થવા ચામડી કે જે જીવંત હયવાનના જીવવાળા ભાગ તરીકે ગણાય છે, નમાઝ પડનાર પાસે પડી હોય તો એથી નમાઝનું સહીહ હોવું બઈદ નથી.

**મસઅલો ૮૩૧** : અગર હલાલ ગોશ્ત જાનવરના મુડદારનો એવો ભાગ કે જે જીવવાળો ગણાતો નથી, જેમકે વાળ, ઊન વગેરે નમાઝ પડનારની સાથે હોય, અથવા એનાથી લિબાસ બન્યો હોય અને એ લિબાસથી નમાઝ પડે તો નમાઝ સહીહ છે.

## (૪) ચોથી શરત

**મસઅલો ૮૩૨** : જે ચીજો એકલી હોય તો શરમગાહને ન છૂપાવી શકે, એ ચીજો સિવાય, જેમકે મોજાં વગેરે, નમાઝ પડનારનો લિબાસ ફાડી ખાનાર જાનવરોના કોઈ પણ ભાગથી બનેલો ન હોવો જોઈએ, બલ્કે અહતિયાતે લાઝિમની રૂએ કોઈ પણ હરામ ગોશ્ત જાનવરના ભાગથી બનેલો ન હોવો જોઈએ.

એવી જ રીતે નમાઝ પડનારના શરીર કે કપડાં ઉપર એ જાનવરનું પેશાબ, પાયખાનું,

પરસેવો, દૂધ અથવા વાળ લાગેલાં ન હોવા જોઈએ, અલબત્ત, અગર લિબાસ ઉપર એકાદ વાળ રહી જવા પામ્યો હોય તો વાંધો નથી. એવી જ રીતે અગર કોઈ નમાઝ પડનાર એ ચીજોમાંની કોઈ એકને ડબ્બામાં મૂકી અને પાસે રાખે તો નમાઝમાં વાંધારૂપ નથી.

**મસઅલો ૮૩૩** : અગર હરામ ગોશ્ત જાનવર, જેમકે બિલાડી વગેરેનું થૂંક, સળેખમ અથવા બીજું કોઈ પ્રવાહી શરીર ઉપર કે લિબાસ ઉપર કે લિબાસ ઉપર લાગેલું હોય, તો જો ભીનાશ બાકી હોય તો નમાઝ બાતિલ છે; અને જો સૂકાઈ જઈ તેનું અસલ સ્વરૂપ બાકી ન રહેવા પામ્યું હોય તો નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૩૪** : અગર કોઈ શખ્સના વાળ, પરસેવો કે થૂંક નમઝીના શરીર ઉપર યા લિબાસ ઉપર હોય તો કોઈ વાંધો નથી; એવી જ રીતે મરવારીદ, મીણ કે મધમાં લાગેલું હોય તો નમાઝ જાઈઝ છે.

**મસઅલો ૮૩૫** : અગર કોઈને શક હોય કે લિબાસ હરામ ગોશ્ત જાનવરથી યા હલાલ ગોશ્ત જાનવરથી તૈયાર કરવામાં આવેલું છે, તો ચાહે એ સ્વદેશી હોય યા આયાત કરેલો માલ હોય, તેમાં નમાઝ પઢવી જાઈઝ છે.

**મસઅલો ૮૩૬** : મોતીની છીપ સંબંધે સાબિત નથી કે તે હરામ ગોશ્ત જાનવરનો ભાગ છે, એટલે એથી બનેલી વસ્તુઓ સાથે નમાઝ પડવી જાઈઝ છે.

**મસઅલો ૮૩૭** : જાનવરોની સુંવાળી રૂવાટીવાળા લિબાસથી અથવા ખિસકોલીની રૂવાટીથી તૈયાર કરવામાં આવેલા લિબાસથી નમાઝ પડવામાં કોઈ વાંધો નથી, પણ એહતીયાતે મુસ્તહબ છે કે ખિસકોલીની ચામડીથી તૈયાર થયેલા લિબાસ સાથે નમાઝ ન પડે.

**મસઅલો ૮૩૮** : અગર કોઈ શખ્સને ખબર ન હોય, અથવા ભૂલી જાય કે જે લિબાસ સાથે એણે નમાઝ અદા કરી છે એ લિબાસ હરામ ગોશ્તવાળા જાનવરથી બનેલો છે, તો એહતીયાતે મુસ્તહબ છે કે નમાઝ ફરીથી પડે.

## (૫) પાંચમી શરત

**મસઅલો ૮૩૯** : પુરૂષો માટે સોનાથી વણવામાં આવેલો લિબાસ પહેરવો હરામ છે, અને નમાઝમાં જો પહેરે તો નમાઝ બાતિલ છે. પરંતુ સ્ત્રીઓ માટે નમાઝ અને નમાઝ સિવાય અન્ય હાલતમાં સોનાના ઉપયોગમાં કોઈ હરજ નથી.

**મસઅલો ૮૪૦** : સોનું પહેરવું, જેમકે ગળામાં સોનાની સાંકળ લટકાવવી, સોનાની વીંટી

પહેરવી, સોનાની કાંડાવાળી ઘડિયાળ અને સોનાના ચશ્માં પુરૂષો માટે હરામ છે, અને એની સાથે નમાઝ પડવી નમાઝને બાતિલ કરશે. અલબત્ત, ઓરતો માટે નમાઝમાં કે નમાઝ સિવાયની હાલતમાં એ પહેરવું જાઈઝ છે.

**મસઅલો ૮૪૧** : અગર કોઈ પુરૂષને ખબર ન હોય, અથવા ભૂલી ગયો હોય કે તેની વીંટી અથવા લિબાસ સોનાથી બનેલ છે. યા એ વિષે એને શક હોય, અને એ સાથે નમાઝ પડે તો એની નમાઝ સહીહ છે.

### (૬) છઠ્ઠી શરત

**મસઅલો ૮૪૨** : નમાઝ પડનાર પુરૂષનો લિબાસ ખાલિસ રેશમનો ન હોવો જોઈએ, અને એહતીયાતે મુસ્તહબની રૂએ માથાને ઢાંકતી નાનકડી ટોપી કે ઈજારની નાડી પણ ખાલિસ રેશમની ન હોવી જોઈએ, અને નમાઝ સિવાય અન્ય હાલતમાં પણ ખાલિસ રેશમનાં વસ્ત્રો પુરૂષ માટે હરામ છે.

**મસઅલો ૮૪૩** : અગર લિબાસમાં ખાલિસ રેશમનું અસ્તર મૂકવામાં આવે, ચાહે પૂરા લિબાસમાં હોય યા થોડા પ્રમાણમાં હોય, મરદ માટે તેનું પહેરવું હરામ છે, એ નમાઝમાં એવો લિબાસ ધારણ કરે તો બાતિલ છે.

**મસઅલો ૮૪૪** : જે વસ્ત્ર માટે જાણ ન હોય કે એ ખાલિસ રેશમનું છે કે બીજી કોઈ વસ્તુથી બનાવેલું છે, એ વસ્ત્ર પહેરવું જાઈઝ છે, અને એ સાથે નમાઝમાં પણ કોઈ વાંધો નથી.

**મસઅલો ૮૪૫** : ખાલિસ રેશમનો રૂમાલ યા એવી કોઈ વસ્તુ કે જે પુરૂષના ખિસ્સામાં હોય તેમાં કોઈ વાંધો નથી; અને તે નમાઝને બાતિલ નહિ કરે.

**મસઅલો ૮૪૬** : સ્ત્રીઓ માટે ખાલિસ રેશમનો લિબાસ નમઝમાં અને નમાઝ સિવાયની હાલતમાં પહેરવો જાઈઝ છે.

**મસઅલો ૮૪૭** : મજબૂરીની હાલતમાં ગસ્બી લિબાસ, ખાલિસ રેશમથી બનેલો લિબાસ યા સોનાથી વણવામાં આવેલો લિબાસ પહેરવામાં વાંધો નથી, એવી જ રીતે અગર શખ્સ મજબૂર હોય કે કપડાં પહેરે, અને ઉપરોકત પ્રકારના લિબાસ સિવાય કોઈ બીજું વસ્ત્ર તેની પાસે ન હોય, તો એ લિબાસ સાથે નમાઝ પડી શકશે.

**મસઅલો ૮૪૮** : અગર એક શખ્સ પાસે ગસ્બી લિબાસ સિવાય બીજો લિબાસ મોજૂદ ન હોય, પણ સાથે સાથે લિબાસ પહેરવા માટે લાચાર ન હોય, તો નમાઝ પડવા માટે, નગ્નાવસ્થામાં નમાઝ પડવા માટે જે રીત દર્શાવવામાં આવી છે તે પ્રમાણે વર્તે.

**મસઅલો ૮૪૯** : અગર ફાડી ખાનાર જાનવરની ચામડી વગેરેથી બનાવવામાં આવેલ લિબાસ સિવાય બીજો લિબાસ મોજૂદ ન હોય, અને સાથે સાથે લિબાસ પહેરવા માટે લાચાર હોય તો એ જ લિબાસ સાથે નમાઝ પડી શકશે, પણ જો લાચાર ન હોય તો પછી નગ્નાવસ્થામાં નમાઝ પડવા માટે જે હુકમ સમજાવવામાં આવ્યો છે તે મુજબ અમલ કરશે.

પણ ફાડી ખાનાર જાનવર સિવાય કોઈ હરામ ગોશ્તની ચામડી વગેરેથી લિબાસ બનાવવામાં આવ્યો હોય, અને એ સિવાય બીજો કોઈ લિબાસ તેની પાસે ન હોય, તો જો એ લિબાસ પહેરવા માટે લાચાર ન હોય, તો એહતીયાતે લાઝિમ છે કે બે વાર નમાઝ પડે, એક વાર એ લિબાસ પહેરીને પડે અને બીજી વાર નગ્નાવસ્થામાં નમાઝની રીત મુજબ પડે.

**મસઅલો ૮૫૦** : અગર પુરૂષ પાસે ખાલિસ રેશમ યા સોનાથી બનેલા લિબાસ સિવાય બીજો લિબાસ ન હોય, અને એ લિબાસ પહેરવા માટે મજબૂર ન હોય, તો એ નગ્નાવસ્થામાં જે નમાઝની રીત બતાવવામાં આવી છે એ પ્રમાણે અમલ કરશે.

**મસઅલો ૮૫૧** : અગર એક શખ્સ પાસે નમાઝમાં શરમગાહને ઢાંકવા માટે કોઈ ચીજ પ્રાપ્ય ન હોય, તો વાજિબ છે કે ભાડેથી યા ખરીદ કરીને એવી ચીજ હાસિલ કરે, પરંતુ જો એમ કરવામાં એની શક્તિથી વિશેષ કિંમત અદા કરવી પડતી હોય, યા એવું હોય કે લિબાસ માટે પૈસા વાપરવાથી એની સ્થિતિને હાનિ પહોંચે, તો એવા સંજોગમાં નગ્નાવસ્થામાં નમાઝ પડવા માટે જે હુકમ છે એ પ્રમાણે વર્તશે.

**મસઅલો ૮૫૨** : જે શખ્સ પાસે લિબાસ ન હોય, અને કોઈ બીજો શખ્સ લિબાસ ભેટરૂપે યા કામચલાઉ એને આપે, તો જો એ સ્વીકારવામાં કોઈ તકલીફ ન હોય તો સ્વીકારી લેવો જોઈએ, બલ્કે જો કામચલાઉ યા ભેટરૂપે લિબાસ માગી લેવામાં ઈઝઝતને હાનિ ન હોય તો માગી લેવો જોઈએ.

**મસઅલો ૮૫૩** : જે લિબાસનું કપડું, રંગ યા શીવણ એવું હોય કે એ પહેરવાથી ઈન્સાનની બેઈઝઝતી યા મશ્કરી થતી હોય, એ લિબાસ પહેરવો હરામ છે, પણ અગર એવા લિબાસથી નમાઝ પડે, અગરચે ફકત શરમગાહને છૂપાવવા જેટલો ભાગ એવા પ્રકારનો હોય, એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૫૪** : અગર મરદ સ્ત્રીના વસ્ત્રો ધારણ કરે, અને ઓરત મરદના વસ્ત્રો ધારણ કરે, અને એ લિબાસને શણગારરૂપે અપનાવી લીએ તો એહતીયાતની રૂએ એ હરામ ગણાશે, પરંતુ એ લિબાસમાં દરેક સંજોગમાં નમાઝ સહીહ છે.

**મસઅલો ૮૫૫** : જે શખ્સને સૂતા સૂતા નમાઝ પડવી પડતી હોય અને અગર તેની ઓઢણી,

ચાદર વીગેરે ફાડી ખાનાર જાનવરની ચામડી વીગેરેથી બનેલી હોય, અથવા નજીસ હોય, અથવા રેશમી હોય, અથવા એહતીયાતે લાઝિમની રૂએ જો હરામ ગોશ્ત જાનવરની ચામડી વીગેરેથી બનેલી હોય, અને એ ચાદર કે ઓઢણી પહેરણની જેમ એના શરીરને લપેટી લીએ, તો એમાં નમાઝ પઢવી જાએઝ નથી. પણ જો એ પહેરણની જેમ શરીરને લપેટતી ન હોય, બલ્કે માત્ર આવરણ તરીકે ખેંચે, તો તેમાં કોઈ વાંધો નથી, અને નમાઝ બાતિલ નહીં થાય.

અને ગાદલા માટે ઉપરોકત સંજોગ હોય તો વાંધો નથી. સિવાય કે ઈન્સાન ગાદલાના અમુક હિસ્સાને પોતાની ચારેકોર વીંટાળી લીએ, જાણે પહેરી લીએ, તો પછી ઓઢણી કે ચાદરનો હુકમ લાગુ પડશે.

## તે જગ્યાઓ જેમાં નમાઝ પઢનારનું શરીર અને લિબાસનું પાક હોવું જરૂરી નથી

**મસઅલો ૮૫૬** : ત્રણ એવા સંજોગ છે કે જેમાં નમાઝ પડનારનું શરીર કે લિબાસનું પાક હોવું જરૂરી નથી. તેની વિગતો આગળ જતાં રજુ કરવામાં આવશે :

**(૧)** અગર પોતાના શરીરનું જખ્મ, ગુમડું કે ઘામાંથી વહેતું ખૂન તેના શરીર કે લિબાસને અડે.

**(૨)** અગર તેના કપડાં કે શરીરમાં એક દિરહમના વિસ્તાર જેટલું ખૂન લાગેલું હોય; અને એ વિસ્તાર લગભગ હાથના અંગુઠાના પ્રથમ વેઢાં જેટલો ગણાય છે.

**(૩)** અગર મજબૂર હોય કે નજીસ કપડાં યા શરીરથી નમાઝ પડે.

ઉપરાંત એક બીજો સંજોગ પણ છે કે જેમાં અગર નમાઝ પડનારનો લિબાસ નજીસ હોય તો નમાઝ સહીહ છે, અને તે સંજોગ એ છે કે જયારે પહેરવાની નાની વસ્તુઓ, જેમકે મોજાં, માથા ઉપર મુક્વાની નાનકડી ટોપી વીગેરે નજીસ હોય. આ ચારેય સૂરતોની વિગત હવે પછી રજુ થશે.

**મસઅલો ૮૫૭** : અગર નમાઝ પડનારના શરીર કે લિબાસ ઉપર જે ખૂન લાગેલું હોય, એ જખ્મ, ઘા કે ગુમડાં વીગેરેનું ખૂન હોય, તો જયાં સુધી એ જખ્મ, ગુમડું કે ઘા રૂજાઈ ન ગયું હોય ત્યાં સુધી એ ખૂન સાથે નમાઝ પડી શકે છે. એવી જ રીતે અગર એ ખૂન સાથે પરૂ વીગેરે બહાર આવે, અથવા દવા વીગેરે જે જખ્મ, ગુમડાં વીગેરે ઉપર હોય અને નજીસ થઈ હોય, એ સાથે પણ નમાઝ પડી શકશે.

**મસઅલો ૮૫૮** : જે ખૂન સાધારણ જખ્મ કે કાપને કારણે હોય, એવા મામુલી જખ્મ કે કાપ જે તરત જ રૂજાઈ જતાં હોય, અને પાક પણ કરી શકાતા હોય, તો એ ખૂન અગર નમાઝ પડનારના શરીર કે કપડાં ઉપર લાગેલું હોય તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૫૯** : અગર શરીર કે કપડાં અને જખ્મ વચ્ચે અંતર હોય, અને એ જખ્મના પ્રવાહી કે બીજી ભીનાશથી નજીસ થાય, તો એ નજીસ શરીર કે કપડાંમાં નમાઝ જાઈઝ નથી. પણ જખ્મના અતરાફ, શરીર કે લિબાસના ભાગો, જે સામાન્ય રીતે જખ્મમાંથી નીકળતા પ્રવાહી વીગેરેથી નજીસ થઈ જાય છે, તે સાથે નમાઝ પડવામાં વાંધો નથી.

**મસઅલો ૮૬૦** : જે હરસના ગુમડાં બહાર ન આવ્યા હોય, અથવા જે ગુમડાંઓ મોંઢા યા નાકના અંદરના હિસ્સામાં હોય છે, તેમાંથી ઝરતું ખૂન જો શરીર કે કપડાંને અડે તો એથી નમાઝ પડી શકાય છે અને જે હરસના ગુમડાં બહાર આવી ગયા હોય તેમાંથી ઝરતાં ખૂન સાથે કોઈ પણ ઈશ્કાલ વિના નમાઝ પઢવી જાઈઝ છે.

**મસઅલો ૮૬૧** : અગર કોઈ શખ્સના શરીર ઉપર જખ્મ હોય, અને એ પોતાના શરીર કે કપડાં ઉપર દીરહમના વિસ્તારથી વધુ ખૂન જુએ, પણ નક્કી ન કરી શકે કે એ ખૂન જખ્મનું છે યા બીજી જગ્યાએથી લાગ્યું છે, તો એહતીયાતે વાજીબીની રૂએ એથી નમાઝ ન પડે.

**મસઅલો ૮૬૨** : અગર ઈન્સાનના શરીર ઉપર અનેક જખ્મો હોય, પણ એક બીજાથી એટલા નજીક હોય કે એ સૌનો શુમાર એક જ જખ્મ તરીકે થતો હોય, તો જયાં સુધી એ સર્વે જખ્મો રૂજાઈ ન જાય, ત્યાં સુધી તેમાંથી નીકળતાં ખૂન સાથે નમાઝ પડી શકશે.

પણ જો એ જખ્મો વચ્ચે ફાસલો હોય, અને દરેક જખ્મ જુદું તરી આવતું હોય, તો જે જખ્મ રૂજાઈ જાય, તેના ખૂનથી કપડાં કે શરીરનો ભાગ નજીસ થયો હોય તેને નમાઝ પહેલાં પાણીથી પાક કરી લેવું જોઈએ.

**મસઅલો ૮૬૩** : અગર સોયની નોક બરાબર પણ જો હયઝનું ખૂન શરીર કે કપડાં ઉપર હોય તો એથી નમાઝ બાતિલ ગણાશે, અને અહવતની રૂએ એ જ હુકમ નિફાસ અને ઈસ્તેહાઝાના ખૂન માટે છે, તેમજ નજીસુલ અયન જેમકે ડુક્કરનું ખૂન, મુડદારનું ખૂન, અને હરામ ગોશ્તવાળા જાનવરના ખૂન માટે પણ છે.

પરંતુ ઈન્સાનના શરીરનું ખૂન અથવા હલાલ ગોશ્તવાળા જાનવરનું ખૂન, અગરચે શરીર કે લિબાસ ઉપર ઠેકઠેકાણે લાગેલું હોય, પણ કુલ મળીને દીરહમના વિસ્તારથી ઓછું હોય તો નમાઝ પઢવામાં વાંધો નથી.

**મસઅલો ૮૬૪** : જે લિબાસમાં અસ્તર મુક્વામાં આવ્યું ન હોય, તેના ઉપર જો ખૂન પડે અને એ લિબાસના પાછળના હિસ્સા સુધી પહોંચે તો એ એક જ ખૂન ગણાશે. પણ જો લિબાસનો પાછળનો

હિસ્સો બીજા ખૂનના સમાંગમમાં આવ્યો હોય, તો એ જુદું ગણાશે.

એવા સંજોગમાં ઉપર તેમજ નીચલા હિસ્સામાં લાગેલું ખૂન કુલ મળીને દીરહમના વિસ્તારથી ઓછું હોય, તો એથી નમાઝ સહીહ છે અને જો વધારે હોય તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૬૫** : જે લિબાસમાં અસ્તર મુક્વામાં આવ્યું હોય, એના ઉપર ખૂન પડે અને અસ્તર સુધી પહોંચે, અથવા અસ્તર ઉપર ખૂન પડે અને લિબાસના ઉપલા હિસ્સા સુધી પહોંચે, તો એ બે અલગ ખૂન ગણાશે. સિવાય કે અસ્તર લિબાસ સાથે એવી રીતે જોડાયેલું હોય કે સામાન્ય રીતે એ ખૂન એક જ ગણાય. (પણ જો એક ન ગણાય તેવા) સંજોગમાં અગર અસ્તર અને લિબાસ ઉપર લાગેલું ખૂન કુલ મળીને દીરહમથી ઓછું હોય તો નમાઝ સહી છે, અને જો વધારે હોય તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૮૬૬** : અગર શરીર કે લિબાસ ઉપર લાગેલું ખૂન દીરહમના વિસ્તારથી ઓછું હોય, પણ એના ઉપર એવી ભીનાશ કે એવું પ્રવાહી લાગે કે જેને કારણે આજુ બાજુના હિસ્સા સુધી ફેલાય જાય, તો એથી નમાઝ પડવી નમાઝને બાતિલ કરશે, અગરચે ખૂન અને એ ભીનાશ કુલ મળીને દીરહમના વિસ્તારથી ઓછું હોય. પણ જો એ ભીનાશ માત્ર ખૂન ઉપર પડે, અને અતરાફના હિસ્સામાં ન ફેલાય, તો એથી નમાઝ પડવામાં વાંધો નથી.

**મસઅલો ૮૬૭** : અગર શરીર કે લિબાસ ઉપર ખૂન ન હોય, પણ કોઈ ભીનાશ સાથે સમાંગમમાં આવી ખૂનથી નજીસ થાય, તો નજીસ થયેલી જગ્યા અગરચે દીરહમથી ઓછી હોય તો પણ એથી નમાઝ નહીં પડી શકાય.

**મસઅલો ૮૬૮** : અગર શરીર કે લિબાસ ઉપર લાગેલું ખૂન દીરહમના વિસ્તારથી ઓછું હોય, અને બીજી નજાસત, જેમકે, પેશાબનું ટીપું, એ ખૂન ઉપર પડે, તો અગર એ શરીર કે લિબાસ સુધી પહોંચી જાય, તો તેમાં નમાઝ પડવી જાઈઝ નથી. બલ્કે જો શરીર કે લિબાસ સુધી ન પહોંચે, તો પણ એહતીયાતે લાઝિમની રૂએ તેમાં નમાઝ પડવી સહીહ નથી.

**મસઅલો ૮૬૯** : જે નાનકડાં લિબાસથી શરમગાહ ઢાંકી શકાતા નથી, જેમકે મોજાં, માથાની નાનકડી ટોપી તે અગર નજીસ હોય, તો એથી નમાઝ પડી શકાય છે, પણ એહતીયાતે લાઝિમની રૂએ એ વસ્તુઓ નજીસ મુડદાર કે નજીસુલ અયન જાનવરના કોઈ ભાગથી બનેલી ન હોવી જોઈએ.

એવી જ રીતે નજીસ વીંટી સાથે નમાઝ પડવામાં વાંધો નથી.

**મસઅલો ૮૭૦** : નમાઝ પડનાર અગર નજીસ વસ્તુ, જેમકે રૂમાલ, ચાવી, ચાકુ વી. પાસે

રાખે તો વાંધો નથી. એવી જ રીતે નજીસ લિબાસ સાથે હોય (પહેર્યો ન હોય) તો નમાઝને કોઈ નુકસાન નહીં પહોંચે.

**મસઅલો ૮૭૧** : અગર કોઈ શખ્સ જાણતો હોય કે જે ખૂન તેના શરીર કે લિબાસ ઉપર લાગેલું છે, તે દીરહમથી ઓછું છે, પણ એને માત્ર ગુમાન હોય કે એ ખૂન એ પ્રકારનું છે કે જે નમાઝમાં માફ નથી, તો એ ખૂન સાથે નમાઝ પડી શકે છે, અને તેને પાક કરવું જરૂરી નથી.

**મસઅલો ૮૭૨** : અગર દીરહમના વિસ્તારથી ઓછું શરીર કે લિબાસ ઉપર હોય, પણ નમાઝ પડનારને જાણ ન હોય કે એ એવા પ્રકારનું ખૂન છે જે નમાઝમાં માફ નથી; નમાઝ પડી લીધા બાદ જો જાણ થાય કે એ ખૂન માફ નથી, તો ફરીથી નમાઝ પડવું જરૂરી નથી.

એવી જ રીતે જયારે એણે માની લીધું હોય કે ખૂન દીરહમથી ઓછું છે, અને નમાઝ બાદ ખબર પડે કે એ ખૂન દીરહમના વિસ્તાર જેટલું યા એથી વિશેષ છે, ફરી વાર નમાઝ પડવાની જરૂરત નથી.

## નમાઝ પઢનારના અમુક લિબાસની મુસ્તહબાત

**મસઅલો ૮૭૩** : અમુક લિબાસ નમાઝ પડનાર માટે મુસ્તહબ છે :

**(૧)** અમામો પહેરવો (પાઘડી), અને એનો એક છેડો ગળા નીચે રાખવો. **(૨)** અબા પહેરવી. **(૩)** સફેદ વસ્ત્રો પહેરવા. **(૪)** સ્વચ્છ કપડાં પહેરવા. **(૫)** ખુશ્બુ લગાડવી. **(૬)** અકીકવાળી વીંટી પહેરવી.

## જે લિબાસ નમાઝ પઢનાર માટે મકરૂહ છે

**મસઅલો ૮૭૪** :

**(૧)** કાળાં વસ્ત્રો પહેરવાં. **(૨)** ગંદા કપડાં પહેરવાં. **(૩)** તંગ, કસકસતા વસ્ત્રો પહેરવા. **(૪)** શરાબીના કપડાં પહેરવા. **(૫)** એવા શખ્સના કપડા પહેરવા કે જે નજાસત બારામાં પરહેજ ન કરતો હોય. **(૬)** જે કપડાં ઉપર ચહેરો ચિતરવામાં આવ્યો હોય. **(૭)** નમાઝની હાલતમાં લિબાસના બટન વીગેરે ખુલ્લાં રાખવા. **(૮)** પ્રતિમા કે ચહેરાની નકશીવાળી વીંટી પહેરવી.

## નમાઝ પડવાની જગ્યા

નમાઝની જગ્યા માટે **સાત** શરતો છે :

**(પહેલી શરત)** જગ્યા મુબાહ હોવી જોઈએ.

**મસઅલો ૮૭૫** : અગર કોઈ શખ્સ ગસ્બી મિલકતમાં નમાઝ પડે, ચાહે એ મિલકત ગાલીચા કે તખ્ત વીગેરે રૂપે હોય. એહતીયાતે લાઝિમની રૂએ નમાઝ બાતિલ ગણાશે. પણ ગસ્બી છત કે ખયમા

નીચે નમાઝ પડવામાં વાંધો નથી.

**<u>મસઅલો ૮૭૬</u>** : એવી મિલકતમાં નમાઝ પડવી કે જેના નફા ઉપર બીજા કોઈના હક હોય, તો જેનો હક એના ફાયદા કે ઉપયોગ ઉપર હોય તેની રજા વગર જો ત્યાં નમાઝ પડે તો એ ગસ્બી જગ્યા ઉપર નમાઝ પડવા સમાન છે. દાખલા તરીકે મકાન માલિક યા બીજો શખ્સ ભાડુતની રજા વગર ભાડે આપેલી જગ્યાએ નમાઝ પડે તો અહ્વતની રૂએ નમાઝ બાતિલ છે, અને મરનારે વસીયત કરી હોય કે તેના માલનો ત્રીજો ભાગ નિયુકત કાર્ય માટે વાપરવામાં આવે, તો જયાં સુધી એ ત્રીજો ભાગ અલગ ન કરવામાં આવે, તેની મિલકતમાં નમાઝ નહીં પડી શકાય.

**<u>મસઅલો ૮૭૭</u>** : અગર કોઈ શખ્સ મસ્જિદમાં એક જગ્યાએ બેઠો હોય, અને બીજો આવીને તેને ખસેડી તેની જગ્યા ઉપર કબ્જો લીએ અને ત્યાં નમાઝ પડે તો સહીહ છે, પણ ગુનેહગાર થયો ગણાશે.

**<u>મસઅલો ૮૭૮</u>** : અગર કોઈ શખ્સને જાણ ન હોય કે ફલાણી જગ્યા ગસ્બી છે, અથવા એના ગસ્બી હોવા વિષે ભૂલી ગયો હોય, અને ત્યાં નમાઝ પડી લીધા બાદ તેને જાણ થાય અથવા યાદ આવે, તો એની નમાઝ સહીહ છે. પણ જો એ જગ્યા એણે પોતે ગસ્બ કરી હોય, અને પછી ભૂલી જઈ ત્યાં નમાઝ પડે, તો અહ્વતની રૂએ એની નમાઝ બાતિલ છે.

**<u>મસઅલો ૮૭૯</u>** : અગર કોઈ શખ્સને જાણ હોય કે ફલાણી જગ્યા ગસ્બી છે,અને એ પણ જાણતો હોય કે એનો ઉપયોગ જાઈઝ નથી, પણ એ ખબર ન હોય કે એવી જગ્યાએ નમાઝ ન પડી શકાય, અને નમાઝ પડે તો અહ્વતની રૂએ તેની નમાઝ બાતિલ છે.

**<u>મસઅલો ૮૮૦</u>** : અગર કોઈ શખ્સ વાજિબ નમાઝ સવારી ઉપર અદા કરવા મજબૂર હોય, અને સવારી માટેનું જાનવર, યા તેની જીન યા નાળ ગસ્બી હોય, તો નમાઝ બાતિલ છે. અને એ જ હુકમ સવારીની હાલતમાં મુસ્તહબ નમાઝ પડવાનો છે.

**<u>મસઅલો ૮૮૧</u>** : અગર કોઈ શખ્સ મિલકતમાં બીજાનો ભાગીદાર હોય, પણ તેનો ભાગ જુદો નિયુકત ન હોય, તો તેના ભાગીદારની રજા વિના એ મિલકતનો ઉપયોગ કરી નમાઝ નહીં પડી શકે.

**<u>મસઅલો ૮૮૨</u>** : અગર જે રકમ ઉપર ખુમ્સ અદા ન કર્યુ હોય, એ જ રકમની મિલકત ખરીદવામાં આવે તો એ મિલકતનો ઉપયોગ હરામ છે, અને તેમાં નમાઝ પડવી જાઈઝ નથી.

**<u>મસઅલો ૮૮૩</u>** : અગર માલીકે મોઢાંથી રજા આપી હોય, પણ ઈન્સાન જાણતો હોય કે માલિક દીલથી રાજી નથી, તો એ મિલકતમાં નમાઝ પડવી જાઈઝ નથી. એથી ઉલટું અગર માલિક મોઢેથી

રજા ન આપે, પણ ઈન્સાનને ખાત્રી હોય કે એ દીલથી રાજી છે, તો ત્યાં નમાઝ પડવી જાઈઝ છે.

**મસઅલો ૮૮૪** : જે મય્યત ઉપર ઝકાત યા બીજા હક્કોનું લેણું બાકી રહી ગયું હોય, તેની મિલકતમાં એવી જાતનો ઉપયોગ કે જે હકકોની અદાયગીમાં અંતરાયરૂપ ન હોય, જેમકે નમાઝ પડવી, વારીસોની રજાથી જાઈઝ છે. એવી જ રીતે જો એ બાકી રહેલા હક્કોની અદાયગી કરે અથવા તેની જામીનગીરી લઈ લીએ તો તેનો ઉપયોગ જાઈઝ છે.

**મસઅલો ૮૮૫** : જે મય્યત ઉપર લોકોનું કર્ઝ હોય, તેની મિલકતનો ઉપયોગ કરવાનો હુકમ એ જ છે જે ઝકાત અને એવી જાતના હક્કોના કર્ઝ માટે છે.

**મસઅલો ૮૮૬** : અગર મય્યત ઉપર કર્ઝ ન હોય, પણ એના વારીસોમાં અમુક સગીર વયના કે દીવાના કે લાપતા હોય, તો તેની મિલકતનો ઉપયોગ એમના વલીની રજા વગર હરામ છે, અને તેમાં નમાઝ પડવી જાઈઝ નથી.

**મસઅલો ૮૮૭** : પારકી મિલકતમાં નમાઝ પઢવી માત્ર એ જ સંજોગમાં જાઈઝ છે કે જયારે માલીકે ચોખ્ખી રીતે રજામંદી દર્શાવી હોય, અથવા એવી વાત કરી હોય કે જેથી એમ સમજાય કે તેની મિલકતમાં નમાઝ પડવા માટે એને કોઈ વાંધો નથી. જેમકે અગર એ કોઈને એની મિલકતમાં રોકાવા, સુવા વીગેરેની રજા આપે, કે જેથી એમ સમજાય કે રોકાણ દરમ્યાન નમાઝ પડવાની રજા આપી છે. અથવા બીજી કોઈ રીતે માલિકની રજામંદી બારામાં ઈત્મેનાન હાંસિલ થાય.

**મસઅલો ૮૮૮** : જયાં વિશાળ જમીન પડી હોય, તેના ઉપર નમાઝ પડવી જાઈઝ છે, અગરચે એ વિશાળ જમીનનો માલિક સગીર વયનો કે દીવાનો હોય, અથવા માલિક ત્યાં નમાઝ પડવા માટે રજામંદ ન હોય.

એવી જ રીતે જે જમીન ઉપર દિવાલ વીગેરે બાંધેલ ન હોય, તેના ઉપર માલિકની રજા લીધા વગર નમાઝ પડી શકાય છે, પણ આ સંજોગમાં જો માલિક સગીર વયનો કે ગાંડો હોય, અથવા એવો ગુમાન હોય કે માલિક રજામંદ નહીં હોય, તો એહતીયાતે લાઝિમની રૂએ તે જમીન ઉપર નમાઝ ન પડવી જોઈએ.

### (૨) બીજી શરત

**મસઅલો ૮૮૯** : વાજિબ નમાઝ પડવા માટે જરૂરી છે કે નમાઝની જગ્યા અસ્થિર ન હોય, અને તેમાં એવી હલચલ કે હરક્ત ન હોય કે જેને કારણે નમાઝ પડનાર સામાન્ય રીતે કયામ, રૂકૂઅ કે સુજુદ અદા ન કરી શકે. બલ્કે એહતીયાતે લાઝિમની રૂએ એવી જગ્યાન હોય કે જે એના શરીરને સ્થિર

રહેવાથી રોકે.

અગર વખતની તંગીને કારણે ઈન્સાન મજબૂર થાય કે એવી જગ્યાએ નમાઝ પડે, જેમકે અમુક ગાડીઓમાં, વહાણ કે સ્ટીમરમાં અથવા ટ્રેનમાં અસ્થિર (હાલતમાં) નમાઝ પડવી પડે, તો બની શકે તેટલી હદે સ્થિરતા અને કિબ્લાને જાળવે, અને જયારે સવારી કિબ્લાની દીશાથી હટી જાય ત્યારે પોતે કિબ્લા તરફ મોઢું રાખે.

**મસઅલો ૮૯૦** : ઉપરોકત વાહનોમાં અને અન્ય વાહનોમાં જયારે કે એ સ્થિર હોય, નમાઝ પડવામાં કોઈ વાંધો નથી. એવી રીતે જયારે એ ગતિમાન થાય અને એ ગતિને કારણે એટલું હલનચલન ન થાય કે શરીર સ્થિર ન રહી શકે, તો વાંધો નથી.

**મસઅલો ૮૯૧** : ઘઉં કે જવ વીગેરેના ઢગલા ઉપર નમાઝ પડવી, જયારે કે ઈન્સાન સ્થિર ઉભો ન રહી શકે, નમાઝને બાતિલ કરશે.

### (૩) ત્રીજી શરત

એવી જગ્યાએ નમાઝ પડવી જોઈએ કે જયાં ઈન્સાન આશા રાખી શકે કે નમાઝ પૂરી રીતે અદા કરી શકશે. જે જગ્યાએ સખત પવન ફુંકાતો હોય, અથવા વરસાદ પડી રહ્યો હોય, અથવા લોકોની સખત ભીડ હોય, અને એને ઈત્મેનાન હોય કે એ જગ્યાએ નમાઝ પૂરી નહીં પડી શકે, તો એની નમાઝ સહીહ નથી, અગરચે બનવા કાળ એ નમાઝ પૂરી કરી લીએ.

**મસઅલો ૮૯૨** : જે જગ્યાએ રોકાવું હરામ છે, જેમકે એવી જગ્યાએ કે જયાં છત પડી જવાની તૈયારીમાં હોય, ત્યાં કોઈ નમાઝ પડે તો સહીહ છે, પણ ગુનેહગાર થયો ગણાશે.

**મસઅલો ૮૯૩** : અગર કોઈ શખ્સ એવી જગ્યા ઉપર નમાઝ પડે, જયાં ઉઠવું, બેસવું જાઈઝ નથી, જેમકે, એવી જગ્યા ઉપર કે જયાં અલ્લાહનું નામ લખેલું હોય, તો જો કુરબતન એલલ્લાહની નિય્યતથી વિરૂદ્ધ કાર્ય સાબિત થાય (જેમકે બેહુરમતીનો ઈરાદો હોય વી.) તો નમાઝ સહીહ નથી.

### (૪) ચોથી શરત

નમાઝ પડવા માટેની જગ્યામાં શરત છે કે અગર એ જગ્યાએ છત હોય, તો એટલી નીચી ન હોવી જોઈએ કે નમાઝ પડનાર સીધો ઉભો ન રહી શકે અને એવી જ રીતે એ જગ્યા એટલી નાની કે સાંકડી ન હોવી જોઈએ કે ત્યાં રૂકૂઅ અને સજદા બજાવવા માટે પૂરી જગ્યા ન હોય.

**મસઅલો ૮૯૪** : લાચારીના સંજોગમાં અગર ઈન્સાનને એવી જગ્યાએ નમાઝ પડવી પડે કે જયાં સરખી રીતે સીધો ઉભો ન રહી શકે, તો લાઝિમ છે કે બેઠા બેઠા નમાઝ પડે અને જો સાંકડને

કારણે સરખી રીતે રૂકૂઅ કે સીજદો અદા ન કરી શકે, તો માથાથી ઈશારો કરે.

**મસઅલો ૮૯૫** : હઝરત રસુલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેમજ અઈમ્મે અતહાર અલય્હેમુસ્સલામની મુબારક કબરોની આગળ બેહુરમતીના ઈરાદે નમાઝ પડવી સહીહ નથી, પણ જો બેહુરમતીનો ઈરાદો ન હોય તો વાંધો નથી.

### (૫) પાંચમી શરત

અગર નમાઝ પડવાની જગ્યા નજીસ હોય, તો એ જગ્યા એવી ભીની ન હોવી જોઈએ કે તેની ભીનાશ નમાઝ પડનારના શરીર કે લિબાસને અડે.

પણ જે જગ્યાએ સજદા માટે પેશાની રાખવામાં આવે છે, તે અગર નજીસ હોય, તો નમાઝ બાતિલ છે, ચાહે એ જગ્યા સૂકી કેમ ન હોય.

એહતીયાતે મુસ્તહબની રૂએ નમાઝની જગ્યા તદ્દન પાક હોવી જોઈએ.

### (૬) છઠ્ઠી શરત

એહતીયાતે લાઝિમ છે કે નમાઝ પડતી વેળા સ્ત્રી પુરૂષથી પાછળ ઉભી રહે. કમમાં કમ એટલા અંતરે પાછળ ઉભી રહે કે સજદામાં તેનું માથું મરદના ગોઠણની હરોળમાં આવે.

**મસઅલો ૮૯૬** : અગર સ્ત્રી પુરૂષની હરોળમાં યા એનાથી આગળ ઊભી રહે, અને બંને એકી સાથે નમાઝ શરૂ કરે, તો બંનેએ નમાઝ ફરીથી પડવી જોઈએ અને એ જ હુકમ એવા સંજોગમાં છે જયારે બેમાંથી એકે નમાઝ વહેલી શરૂ કરી હોય.

**મસઅલો ૮૯૭** : અગર એક જ હરોળમાં નમાઝ માટે પુરૂષ અને સ્ત્રી ઉભા હોય, અથવા સ્ત્રી આગળ ઉભી હોય, પણ એમના વચ્ચે નમાઝ વેળા કોઈ દિવાલ કે પડદો હોય, યા એવી વસ્તુ હોય કે જેને કારણે એકબીજાને ન જોઈ શકે, અથવા બે વચ્ચ દસ હાથ જેટલો ફાંસલો હોય, તો બંનેની નમાઝ સહીહ છે.

### (૭) સાતમી શરત

નમાઝમાં સજદાની જગ્યા ગોઠણ અને બંને પગના અંગુઠાથી ચાર બંધ આંગળીઓથી વધુ ઉંચી કે નીચી ન હોવી જોઈએ. આની વિગતો આગળ જતાં સજદાના પ્રકરણમાં આવશે.

**મસઅલો ૮૯૮** : જયાં નામેહરમ પુરૂષ કે સ્ત્રી હોય, અને ગુનાહમાં પડવાની શક્યતા દેખાતી હોય, ત્યાં હાજરી આપવી હરામ છે, અને એહતીયાતે મુસ્તહબ છે કે એવી જગ્યાએ નમાઝ ન પડે.

**મસઅલો ૮૯૯** : જે જગ્યાએ સંગીતના સાધનો કે વાજીંત્રો વગાડવામાં આવતા હોય, તે

જગ્યાએ નમાઝ બાતિલ નહીં થાય; અગરચે એનું સાંભળવું કે વગાડવું હરામ છે.

**મસઅલો ૯૦૦** : એહતીયાતે વાજિબ છે કે ઈન્સાન ઈખ્તીયારની હાલતમાં વાજિબ નમાઝ ખાનએ કઅબાની અંદર અથવા તેની છત ઉપર ન પડે, મજબૂરીની હાલતમાં પડવી પડે તો વાંધો નથી.

**મસઅલો ૯૦૧** : ખાનએ કઅબામાં અથવા તેની છત ઉપર સુન્નત નમાઝ પડવામાં કોઈ વાંધો નથી, બલ્કે મુસ્તહબ છે કે કઅબાની અંદર દરેક રૂકનની સામે બે રકાત નમાઝ પડે.

## તે જગ્યાઓ જયાં નમાઝ પઢવી મુસ્તહબ છે

**મસઅલો ૯૦૨** : શરીઅતમાં નમાઝ પડવા માટે ખાસ તાકીદ છે કે મસ્જિદમાં બજાવી લાવવામાં આવે, અને સૌથી શ્રેષ્ઠ જગ્યા મસ્જિદુલ હરામ છે. ત્યારપછી મસ્જીદે નબવીનો મરતબો છે. તે બાદ મસ્જીદે કુફા, અને ત્યા બાદ મસ્જીદે બયતુલ મુકદ્દસનો મરતબો આવે છે. એ ચાર જગ્યાઓ બાદ શહેરની જામેઅ મસ્જીદો, તે પછી મોહલ્લાની મસ્જિદ અને તે પછી બજારની મસ્જિદનો મરતબો છે.

**મસઅલો ૯૦૩** : ઓરતો માટે બેહતર છે કે એવી જગ્યાએ નમાઝ પડે કે જ્યાં બીજી જગ્યાઓ કરતા વધારે મુનાસીબ રીતે નામહરમોથી અલાયદા સગવડ હોય, ચાહે એ જગ્યા ઘરમાં હોય, મસ્જિદમાં હોય કે કોઈ અન્ય સ્થળે હોય.

**મસઅલો ૯૦૪** : ઈમામો અલય્હેમુસ્સલામના હરમમાં નમાઝ અદા કરવી મુસ્તહબ છે, બલ્કે આમ મસ્જીદો કરતા બેહતર છે. રિવાયતમાં છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામના પાક હરમમાં નમાઝનો સવાબ બે લાખ નમાઝ સમાન છે.

**મસઅલો ૯૦૫** : મસ્જિદમાં હર હંમેશ જવું, અને ખાસ કરી એવી મસ્જિદમાં કે જયાં નમાઝીઓ ન જતાં હોય, જવું મુસ્તહબ છે, અને જે શખ્સ મસ્જિદના પાડોશમાં રહેતો હોય, તેના માટે મસ્જિદ સિવાય અન્ય સ્થળે નમાઝ પડવી મકરૂહ છે.

**મસઅલો ૯૦૬** : જે શખ્સ મસ્જિદમાં હાજરી ન આપતો હોય, તેની સાથે બેસીને ન જમવું, તેની સલાહ ન લેવી, તેના પાડોશમાં ન રહેવું અને તેની સાથે શાદીનો વ્હેવાર ન રાખવો મુસ્તહબ છે. જયાં નમાઝ પઢવી મકરૂહ છે.

## જ્યાં નમાઝ પઢવી મકરૂહ છે

મસઅલો ૯૦૭ :

જે જગ્યાએ નમાઝ પઢવી મકરૂહ છે, તેમાંની અમુક નીચે જણાવ્યા મુજબ છે :

**(૧)** હમામમાં. **(૨)** નમકીન જમીન ઉપર. **(૩)** કોઈ ઈન્સાનની સામે. **(૪)** ખુલ્લા દરવાજાની સામે. **(૫)** રસ્તા ઉપર કે શેરી, ગલીમાં નમાઝ પડવી, જો લોકોની અવરજવરમાં અંતરાય ન હોય. અગર અંતરાયરૂપ થાય તો તેમ કરવું હરામ છે. **(૬)** આગ યા દિવા સામે. **(૭)** રસોડામાં, અને દરેક એવી જગ્યાએ જયાં આગની ભઠ્ઠી હોય. **(૮)** કુવા સામે, અને દરેક એવા ખાડા સામે કે જયાં લોકો પેશાબ કરતા હોય. **(૯)** કોઈ પણ જાનવરના ફોટાં કે પૂતળાં સામે; સિવાય કે તેને ચાદર કે પડદાથી ઢાંકવામાં આવે. **(૧૦)** જે ઓરડામાં કોઈ જુનુબની હાલતમાં મોજૂદ હોય. **(૧૧)** જે ઓરડામાં ફોટાઓ હોય, અગરચે નમાઝીની સામેની દિશામાં ન હોય. **(૧૨)** કબરની સામે. **(૧૩)** કબરની ઉપર. **(૧૪)** બે કબરોની વચ્ચે. **(૧૫)** કબ્રસ્તાનમાં.

**મસઅલો ૯૦૮** : અગર કોઈ શખ્સ એવી જગ્યાએ નમાઝ પડી રહ્યો હોય, જયાં લોકોની અવરજવર થઈ રહી હોય, અથવા કોઈ એની સામે રૂબરૂ બેઠું હોય, તો મુસ્તહબ છે કે પોતાની આગળ કોઈ એવી વસ્તુ રાખી મુકે, જેમકે, લાકડી અથવા દોરી, રસ્સી રાખે, તો કાફી ગણાશે.

## મસ્જિદના એહકામ

**મસઅલો ૯૦૯** : મસ્જિદની જમીન, છત, છાપરૂ દિવાલની અંદરનો હિસ્સો, વીગેરેને નજીસ કરવું હરામ છે. અને જેને જાણ થાય કે એ નજીસ થઈ છે, એના માટે જરૂરી છે કે તરત જ એ નજાસત દૂર કરે. એહતીયાતે મુસ્તહબ છે કે મસ્જિદની દિવાલના બહારના ભાગને પણ નજીસ ન કરવામાં આવે, પણ જો એ નજીસ થઈ જાય તો નજાસતને બરતરફ કરવી લાઝિમ નથી. અલબત્ત, મસ્જિદના બહારના ભાગને બેહુરમતીના ઈરાદાથી નજીસ કરવો હરામ છે, અને એ બેહુરમતી દૂર થઈ જાય એટલી હદે બહારના ભાગને પાક કરવો લાઝિમ છે.

**મસઅલો ૯૧૦** : અગર કોઈ શખ્સ મસ્જિદને પાક ન કરી શકતો હોય, અથવા તે માટે જરૂરી મદદ ન મેળવી શકતો હોય, તો તેના ઉપર મસ્જિદને પાક કરવી વાજિબ નથી. પણ જો એને એવું જણાય કે બીજાઓને ખબર કરવાથી તહારતનું કામ અંજામ પામશે, તો ખબર કરવી જરૂરી છે.

**મસઅલો ૯૧૧** : અગર મસ્જિદની કોઈ પણ જગ્યા નજીસ થાય, અને એ જગ્યાને ખોદવા કે તોડવા સિવાય તહારત કરવી મુમ્કીન ન હોય, તો એ જગ્યા ખોદી કે તોડી શકાય છે. પણ એ ખોદવું કે તોડવું ફકત એવા સંજોગમાં જાઈઝ છે કે ઓછામાં ઓછા વિસ્તારમાં હોય, અને જો વધારે ખોદવા કે તોડવાની જરૂરત જણાય તો એવા સંજોગમાં હોવું જોઈએ કે તેમ કરવાથી મસ્જિદની બેહુરમતી

બરતરફ થાય. નહીંતર મસ્જિદને ખોદવા કે તોડવામાં ઈશ્કાલ છે. જયાં ખોદકામ કે તોડવામાં આવ્યું હોય તેને ફરી વાર તઅમીર કરવું વાજિબ નથી, પણ જો ઈંટ જેવી કોઈ વસ્તુ નજીસ થઈ હોય, તો શક્ય સંજોગમાં તેને પાક કર્યા બાદ એ જગ્યાએ પાછી મૂકવી જોઈએ.

**મસઅલો ૯૧૨** : અગર મસ્જિદ ગસ્બ કરવામાં આવે અને એની જગ્યાએ મકાન વગેરે બાંધવામાં આવે, અથવા મસ્જિદ જર્જિરત થઈ ગઈ હોય અને મસ્જિદ તરીકે ઓળખાતી ન હોય, તો એહતીયાતે મુસ્તહબની રૂએ એને નજીસ ન કરવી જોઈએ. અલબત્ત, એ જગ્યાને પાક કરવી વાજિબ નથી.

**મસઅલો ૯૧૩** : અઈમ્મા અલય્હેમુસ્સલામના હરમ મુબારકોને નજીસ કરવા હરામ છે, અને જો નજીસ થાય તો અગર બેહુરમતી થતી હોય, તો તેને પાક કરવા વાજિબ છે. બલ્કે એહતીયાતે મુસ્તહબ છે કે જો બેહુરમતી ન થતી હોય તો પણ તેને પાક કરી લેવા જોઈએ.

**મસઅલો ૯૧૪** : અગર મસ્જિદમાં મૂકવામાં આવેલી સાદડી વીગેરે નજીસ થઈ જાય તો એને પાણીથી પાક કરી લેવી જોઈએ. પણ અગર એ સાદડી વીગેરેનું નજીસ રહેવું મસ્જિદની બેહુરમતી માટે કારણરૂપ હોય અને પાણીથી પાક કરવાથી એ સાદડી વીગેરે ખરાબ થઈ જતી હોય, તો એવા સંજોગમાં નજીસ ભાગને કાપી લેવો જોઈએ.

**મસઅલો ૯૧૫** : નજીસુલ અયન અથવા નજીસ થયેલી કોઈ વસ્તુને મસ્જિદમાં લઈ જવાથી જો મસ્જિદની બેહુરમતીનો સંભવ હોય, તો તેમ કરવું હરામ છે. બલ્કે એહતીયાતે મુસ્તહબ છે કે બેહુરમતી ન થતી હોય તો પણ એવી વસ્તુ મસ્જિદમાં ન લઈ જવામાં આવે.

**મસઅલો ૯૧૬** : અગર મસ્જિદની અંદર મજલીસે અઝા માટે શામીયાનો બાંધવામાં આવે, સાદડી વગેરે મૂકવામાં આવે, કાળા કપડાં લટકાવવામાં આવે, ચાય વીગેરેનો સામાન લઈ આવવામાં આવે, તો જો મસ્જિદની ઈમારતને એથી નુકસાન ન પહોંચે અને નમાઝીઓને નમાઝ પડવાથી ન રોકે અથવા અંતરાયરૂપ ન થાય, તો વાંધો નથી.

**મસઅલો ૯૧૭** : એહતીયાતે વાજિબ છે કે મસ્જિદને સોનાથી ઝીનત ન આપવામાં આવે, અને એહતીયાતે મુસ્તહબ છે કે મસ્જિદને કોઈ પણ જાનદાર, જેમકે, ઈન્સાન કે હયવાનના ચિત્રો વીગેરે વડે શોભાયમાન ન બનાવવામાં આવે.

**મસઅલો ૯૧૮** : મસ્જિદ અગર જર્જિરત થઈ જાય, તો પણ એ વેચી શકાતી નથી, અથવા મિલકત કે રસ્તાના ભાગમાં ફેરવી શકાતી નથી.

**મસઅલો ૯૧૯** : મસ્જિદના બારી બારણાં અને બીજી વસ્તુઓ વેચવી હરામ છે, અને જો મસ્જિદ જર્જિરત થઈ હોય, તો એ બધી વસ્તુઓ એ જ મસ્જિદના પુન:બાંધકામમાં વપરાવવી જોઈએ. અને જો એ મસ્જિદમાં કામ ન આવી શકતી હોય, તો બીજી મસ્જિદમાં ઉપયોગમાં લઈ શકાશે, પણ જો એવું બને કે કોઈ પણ મસ્જિદમાં વાપરવા લાયક ન હોય, તો તેને વેચીને જે રકમ મળે તે એ જ મસ્જિદના બાંધકામમાં વપરાય, અને નહીં તો બીજી કોઈ મસ્જિદના બાંધકામમાં વપરાય.

**મસઅલો ૯૨૦** : મસ્જિદ બનાવવી, અને જર્જિરત થયેલી મસ્જિદમાં સમારકામ કરાવવું મુસ્તહબ છે અને જો મસ્જિદ તદ્દન જર્જિરત થઈ હોય, અને તેમાં સમારકામથી કામ ન ચાલે તો બીલકુલ નવેસરથી બાંધી શકાય છે. બલ્કે જે મસ્જિદ જર્જિરત ન હોય, પણ લોકોની સહુલત માટે તેને મોટી કરવા ખાતર તોડીને નવેસરથી બાંધવી પડે તો જાઈઝ છે.

**મસઅલો ૯૨૧** : મસ્જિદને સાફ કરવી, તેમાં રોશની કરવી મુસ્તહબ છે, અને જે શખ્સ મસ્જીદે જવાનો ઈરાદો કરે તેના માટે મુસ્તહબ છે કે ખુશ્બુ લગાડે, સાફ અને કિંમતી વસ્ત્રો પહેરે, પોતાના જોડાં વીગેરેના તળિયા પાક રાખે, અને મસ્જિદમાં દાખલ થતી વેળા જમણો પગ પહેલાં મુકે, અને નીકળતી વેળા પ્રથમ ડાબો પગ મુકે. એવી જ રીતે મુસ્તહબ છે કે મસ્જિદમાં સૌથી વહેલો દાખલ થાય અને સૌથી મોડો નીકળે.

**મસઅલો ૯૨૨** : ઈન્સાન જયારે મસ્જિદમાં દાખલ થાય ત્યારે મુસ્તહબ છે કે બે રકાત નમાઝ તહીય્યત અને હુરમતે મસ્જિદની નિય્યતથી પડે, અને જો બીજી કોઈ વાજિબ અથવા મુસ્તહબ નમાઝ પડે તો પણ કાફી છે.

**મસઅલો ૯૨૩** : મજબૂરીની હાલત સિવાય મસ્જિદમાં સૂવું મકરૂહ છે. એવી જ રીતે મસ્જિદમાં દુન્યાના કામો વિષે વાતો કરવી, પોતાની કારીગરીમાં મશ્ગુલ રહેવું, નસીહત વીગેરે સિવાયના કાવ્યો પડવા કે શાઈરી કરવી મકરૂહ છે. ઉપરાંત મસ્જિદમાં થૂંક્વું, નાક સાફ કરી કે બલગમ વીગેરે મસ્જિદમાં ફેંક્વું મકરૂહ છે, બલ્કે અમુક સંજોગમાં હરામ છે. એવી જ રીતે પોતાની ખોવાયેલી વસ્તુની શોધમાં કે અન્ય કાર્ય માટે મોટા સાદે પુકારવું મકરૂહ છે. અલબત્ત અઝાન માટે બુલંદ અવાઝનો વાંધો નથી.

**મસઅલો ૯૨૪** : દીવાનાને મસ્જિદમાં પ્રવેશ કરવા દેવું મકરૂહ છે. એવી જ રીતે બચ્ચાઓને મસ્જિદમાં દાખલ થવા દેવું એ સંજોગમાં મકરૂહ છે કે એમના આવવાથી નમાઝીઓને તકલીફ થતી હોય, અથવા મસ્જિદ નજીસ થવાનો સંભવ હોય, એ સિવાય મકરૂહ નથી અને જે શખ્સે ડુંગળી યા

લસણ વીગેરે ખાધું હોય, અને એને કારણે મોઢામાંથી આવતી વાંસને કારણે લોકોને અઝીય્યત થતી હોય, તો તેના માટે મસ્જિદમાં જવું મકરૂહ છે.

## અઝાન અને એકામહ

**મસઅલો ૯૨૫** : મરદ અને ઓરત બંને માટે મુસ્તહબ છે કે પોતાની રોજની દરેક વાજિબ નમાઝ પહેલાં અઝાન અને એકામહ કહે. બીજી વાજિબ નમાઝો કે મુસ્તહબ નમાઝો માટે શરીઅતમાં હુકમ આવ્યો નથી. પણ ઈદે ફીત્ર અને ઈદે અઝહાની નમાઝ જો જમાઅતથી પઢાતી હોય, તો નમાઝ પહેલાં ત્રણવાર અસ્સલાત કહેવું મુસ્તહબ છે.

**મસઅલો ૯૨૬** : મુસ્તહબ છે કે જયારે બચ્ચું જન્મે ત્યારે પહેલા જ દિવસે, અથવા તેની નાભિ ખરે એથી પહેલાં તેના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામહ કહેવામાં આવે.

**મસઅલો ૯૨૭** : અઝાનમાં **૧૮ વાકયો** છે :

ચાર વખત : **અલ્લાહો અકબર**

બે વખત : **અશહદો અલ લા એલાહા ઈલ્લલ્લાહ**

બે વખત : **અશહદો અન્ન મોહમ્મદર રસૂલુલ્લાહ**

બે વખત : **હય્ય અલસ સલાહ**

બે વખત : **હય્ય અલલ ફલાહ**

બે વખત : **હય્ય અલા ખયરીલ અમલ**

બે વખત : **અલ્લાહો અકબર**

બે વખત : **લા એલાહા ઈલ્લલ્લાહ**

એકામહમાં ૧૭ વાક્યો છે. એટલે પહેલી તકબીરમાં ચારને બદલે બે વખત **'અલ્લાહો અકબર'** અને છેલ્લી તહલીલમાં બેને બદલે એકવાર **'લાએલાહ ઈલ્લલ્લાહ'** પડવું જોઈએ અને **'હય્ય અલા ખયરીલ અમલ'** બાદ બે વાર **'કદ કામતીસ્સલાહ'** પડવું.

**મસઅલો ૯૨૮** : અશ્હદો અન્ન અલીય્યન વલીયુલ્લાહ અઝાન અને એકામહનો ભાગ નથી, પણ અશ્હદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહ બાદ કુરબતનની નિય્યતથી પડવું ઈચ્છનીય છે.

## અઝાન અને એકામહનો તરજુમો

**અલ્લાહો અકબર** : અલ્લાહ કોઈ પણ વર્ણન કરતાં મહાન છે.

**અશ્હદો અન લા એલાહ ઈલ્લલ્લાહ** : હું ગવાહી આપું છું કે એક અલ્લાહ સિવાય કોઈ પરસ્તીશ અને ઈબાદતને સઝાવાર નથી.

**અશ્હદો અન્ન મોહમ્મદર રસુલુલ્લાહ** : હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અલ્લાહ તરફથી મોકલવામાં આવેલા પયગમ્બર છે.

**અશ્હદો અન્ન અલીય્યન અમીરૂલ મુઅમીનીન વલીયુલ્લાહ** : હું ગવાહી આપું છું કે હઝરત અલી અલય્હિસ્સલામ મોઅમીનોના સરદાર અને ખુદાની તમામ મખલુક ઉપર તેના વલી છે.

**હય્ય અલસ્સલાહ** : નમાઝ માટે ઉતાવળ કરો.

**હય્ય અલલફલાહ** : નજાત અને કામ્યાબી તરફ ઉતાવળ કરો.

**હય્ય અલા ખયરીલ અમલ** : સર્વ શ્રેષ્ઠ અમલ તરફ ઉતાવળ કરો.

**કદકામતીસ્સલાહ** : ખરેખર, નમાઝ બરપા થઈ ગઈ.

**અલ્લાહો અકબર** : અલ્લાહ કોઈ પણ વર્ણન કરતાં મહાન છે.

**લા એલાહા ઈલ્લલ્લાહ** : કોઈ ખુદા પરસ્તીશ અને ઈબાદત માટે સઝાવાર નથી, સિવાય અલ્લાહ કે જે એક જ છે.

**મસઅલો ૯૨૯** : અઝાન અને એકામહના વાક્યો વચ્ચે વધારે પડતો ફાસલો ન રાખવો જોઈએ. અને અગર એમના વચ્ચે અસામાન્ય ફાસલો રાખે તો પછી અઝાન કે એકામહ ફરીથી કહેવું જોઈએ.

**મસઅલો ૯૩૦** : અગર અઝાન અને એકામહમાં સુરાવટવાળો અવાજ ગળામાંથી કાઢે, અને એવી રીતે ગાઈને પડે જેવી રીતે સંગીતના જલસાઓમાં સૂર કાઢવામાં આવે છે. તો એ હરામ કાર્ય ગણાશે અને જો સંગીતના સૂર જેવો આભાસ ન થાય તો મકરૂહ છે.

**મસઅલો ૯૩૧** : જે સંજોગમાં બે નમાઝો એક પછી એક સાથે પડવામાં આવે, તેમાં પહેલી નમાઝ માટે જો અઝાન દેવામાં આવી હોય, તો બીજી નમાઝ માટે, અઝાન સાકીત છે, ચાહે બે નમાઝો સાથે પઢવી બેહતર હોય કે ન હોય, જેમકે નમાઝે ઝોહર અને અસર અરફાને દિવસે સાથે પડવી, ઈદે કુરબાનની રાત્રે મગરિબ અને ઈશાની નમાઝ મશ્અરૂલ હરામમાં બંને નમાઝો સાથે પડવી બેહતર છે.

પણ બીજી નમાઝ માટે અઝાન સાકીત થવા માટે શરત એ છે કે બે નમાઝો વચ્ચે ફાંસલો ન હોવો જોઈએ, અથવા ઓછો હોવો જોઈએ. અને જો એ દરમિયાન નાફિલા અને તઅકીબાત પડે તો વાંધો નથી, અને એહતીયાતે વાજિબ એ છે કે એવા સંજોગમાં જો બીજી નમાઝ માટે અઝાન કહે તો શરીઅતના હુકમની નિય્યતથી ન કહે બલ્કે છેલ્લા બે સંજોગમાં એટલે કે અરફા અને મશ્અરૂલ

હરામમાં કોઈ પણ નિય્યતથી અઝાન દેવી મુનાસીબ નથી.

**મસઅલો ૯૩૨** : અગર નમાઝે જમાઅત માટે અઝાન અને એકામહ આપવામાં આવી હોય, તો એ જમાઅતની સાથે નમાઝ પડનારે પોતાની નમાઝ માટે અઝાન અને એકામહ કહેવું જરૂરી નથી.

**મસઅલો ૯૩૩** : અગર કોઈ શખ્સ મસ્જિદમાં દાખલ થયા બાદ જૂએ કે નમાઝે જમાઅત પૂરી થઈ ગઈ છે, તો જયાં સુધી સફો કાયમ હોય અને લોકો વિખેરાઈ ન ગયા હોય ત્યાં સુધી તેના માટે પોતાની નમાઝ માટે અઝાન અને એકામહ કહેવાની જરૂર નથી. એટલે કે તેમ કરવું તાકીદ ભરેલી સુન્નત નહીં ગણાય, બલ્કે જો એ અઝાન દેવા માગે તો બેહતર છે કે તદ્દન ધીમા અવાઝે અઝાન દીએ, અને જો એ બીજી નમાઝે જમાઅત કાયમ કરવા માંગતો હોય તો પણ અઝાન એકામહ ન દેવું જોઈએ.

**મસઅલો ૯૩૪** : જે સંજોગમાં નમાઝે જમાઅત પૂરી થઈ હોય, અને સફો હજી વિખેરાઈ ન ગઈ હોય, ત્યાં અગર કોઈ શખ્સ પોતાની ફુરાદા નમાઝ કે બીજી જમાઅતની નમાઝ પડવા ધારે, તો અઝાન અને એકામહ સાકીત થવાની છ શરતો છે :

**(૧)** નમાઝે જમાઅત મસ્જિદમાં પડાયેલી હોવી જોઈએ, મસ્જિદ સિવાયની જગ્યાએ પડાએલી નમાઝને કારણે અઝાન અને એકામહનું સાકીત થવું સાબિત નથી.

**(૨)** એ પ્રથમ નમાઝ માટે અઝાન અને એકામહ આપવામાં આવી હોવી જોઈએ.

**(૩)** એ નમાઝે જમાઅત બાતિલ ન હોય.

**(૪)** એની નમાઝ અને નમાઝે જમાઅત એક જ સ્થળે અદા થવી જોઈએ. અગર નમાઝે જમાઅત મસ્જિદમાં થઈ હોય, અને પોતે મસ્જિદની અગાશી ઉપર નમાઝ પડવા માંગતો હોય તો મુસ્તહબ છે કે અઝાન અને એકામહ કહે.

**(૫)** જમાઅતની નમાઝ અદા નમાઝ માટે હોવી જોઈએ.(કઝા માટે નહીં) અલબત્ત, એની પોતાની નમાઝ માટે અદા નમાઝ હોવું શરત નથી.

**(૬)** એની નમાઝ અને નમાઝે જમાઅતનો સમય એક હોવો જોઈએ. એટલે કે બંને નમાઝે ઝોહર અથવા નમાઝે અસર પડતા હોય, અથવા જમાઅતની નમાઝ ઝોહરની હોય અને પોતાની નમાઝ અસરની હોય, યા એથી ઉલટું પોતાની નમાઝ ઝોહરની હોય અને જમાઅતની નમાઝે અસર પડાઈ ગઈ હોય, અગર જમાઅતની નમાઝે અસર આખર વકતમાં પડાઈ હોય અને એ નમાઝે મગરિબની અદા નમાઝ પડવા માગે તો અઝાન અને એકામહ સાકીત નથી.

**મસઅલો ૯૩૫** : ઉપરોકત શરતોમાં ત્રીજી શરત બારામાં જો શંકા ઉપસ્થિત થાય, એટલે કે કોઈ શંકા કરે કે નમાઝે જમાઅત સહીહ હતી કે નહીં, તો એના ઉપર અઝાન અને એકામહ સાકીત છે.

પણ બાકીની પાંચ શરતો વિષે શંકા થાય તો બેહ્તર છે કે 'રજાએ મતલૂબીય્યત' (નેક કામની ઉમેદ) અઝાન અને એકામહ કહે.

**મસઅલો ૯૩૬** : જયારે બીજી અઝાન લોકોની જાણ માટે યા નમાઝે જમાઅત માટે અપાઈ રહી હોય, ત્યારે સાંભળનાર માટે મુસ્તહબ છે કે જે ભાગને સાંભળે તેને ધીમે સાદે દોહરાવે.

**મસઅલો ૯૩૭** : જે શખ્સે બીજી અઝાન અને એકામ સાંભળી હોય, ચાહે એણે દોહરાવી હોય કે ન હોય, અગર એ અઝાન, એકામહ અને પોતે જે નમાઝ પડવા માગે તે વચ્ચે વધારે સમયનો અંતર ન હોય તો અઝાન અને એકામહ કહ્યા વગર નમાઝ પડી શકે છે.

**મસઅલો ૯૩૮** : અગર કોઈ પુરૂષ ઓરતની અઝાન. લીઝઝતના ઈરાદાથી સાંભળે તો એના ઉપર અઝાન સાકીત નહીં થાય. બલ્કે લીઝઝતનો કસદ ન હોય તો પણ સાકીત થવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૯૩૯** : નમાઝે જમાઅત માટે અઝાન અને એકામહ આપનાર મરદ હોવો જોઈએ. પણ જો ઓરતોની નમાઝે જમાઅત હોય તો તેમાં ઓરત અઝાન અને એકામહ આપે તો કાફી છે.

**મસહલો ૯૪૦** : એકામહ હંમેશાં અઝાન બાદ અપાવી જોઈએ અને એકામહ માટે પણ જરૂરી છે કે એ ઉભા ઉભા દેવાય, અને વઝુ યા ગુસ્લ યા તયમ્મુમની સાથે દેવામાં આવે.

**મસઅલો ૯૪૧** : અગર કોઈ શખ્સ અઝાન અને એકામહના વાક્યોનો ક્રમ તોડે, જેમકે, હય્યા અલલ ફલાહ ને હય્યા અલસ્સલાહ થી પહેલાં પડી નાખે તો જે જગ્યાએ ક્રમ તૂટયો હોય ત્યાંથી બીજી વાર ક્રમ જાળવીને પડે.

**મસઅલો ૯૪૨** : અઝાન અને એકામહ વચ્ચે સમયનો અંતર ન હોવો જોઈએ, અને જો એટલી ઢીલ થાય કે અઝાન આપવામાં આવી હોય તેની નીસ્બત એકામહ સાથે બાકી ન રહેવા પામે, તો મુસ્તહબ છે કે ફરીથી અઝાન આપે. એવી જ રીતે અઝાન, એકામહ અને નમાઝ વચ્ચે સમયનો અંતર ન હોવો જોઈએ. અને જો એ બે વચ્ચે એટલી ઢીલ થાય કે અઝાન અને એકામહની નીસ્બત નમાઝ સાથે બાકી ન રહે, તો મુસ્તહબ છે કે નમાઝ માટે ફરીથી અઝાન અને એકામહ કહે.

**મસઅલો ૯૪૩** : અઝાન અને એકામહ સહીહ અરબીમાં ઉચ્ચારવું જોઈએ. અગર કોઈ ગલત ઉચ્ચાર કરે, અથવા એક અક્ષરની જગ્યાએ બીજા અક્ષરનો ઉચ્ચાર કરે, યા બીજી ભાષામાં એનો તરજુમો અદા કરે, તો એ સહીહ નથી.

**મસઅલો ૯૪૪** : અઝાન અને એકામહ નમાઝનો વખત દાખલ થઈ જાય ત્યાર બાદ અપાવવા જોઈએ. અગર કોઈ જાણી બૂજીને યા ભૂલી જઈને વખતથી પહેલાં અઝાન, એકામહ દઈ

દીએ તો એ બાતિલ ગણાશે.

અગાઉ મસઅલો નં. ૭૫૨ માં જણાવી ગયા છીએ એ મુજબ જો નમાઝ દરમ્યાન વખત દાખલ થાય તો એ નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૯૪૫** : એકામહ શરૂ કર્યા પહેલાં જો કોઈ શક કરે કે અઝાન દઈ ચૂક્યો છે કે નહીં, તો અઝાન દે. પણ જો એકામહ શરૂ કર્યા બાદ તે દરમ્યાન શંકા ઉપસ્થિત થાય, તો અઝાન દેવી જરૂરી નથી.

**મસઅલો ૯૪૬** : અઝાન અથવા એકામહ આપતી વેળા કોઈ પણ એક વાકય શરૂ કર્યા પહેલાં શક જાગે કે એથી પહેલાનું વાકય અદા થઈ ગયું છે કે નહીં, તો જે વાકય માટે શક થાય તે વાકયને પડી લ્યે, પણ કોઈ પણ એક વાકયનો ઉચ્ચાર કરી રહ્યો હોય એ સમયે શક થાય કે એથી પહેલાનો જુમલો અદા કર્યો હતો કે નહીં, તો એને અદા કરવો જરૂરી નથી.

**મસઅલો ૯૪૭** : મુસ્તહબ છે કે ઈન્સાન અઝાન દેતી વેળા કિબ્લા તરફ ઉભો રહે, વઝુ અથવા ગુસ્લની સાથે હોય, પોતાના હાથોને કાન ઉપર રાખે, ઊંચે સાદે અઝાન દીએ, અને વાક્યો વચ્ચે સાધારણ સબર કરે, અને દરમ્યાનમાં વાતો ન કરે.

**મસઅલો ૯૪૮** : મુસ્તહબ છે કે એકામહ દેતી વેળા ઈન્સાનનું શરીર સ્થિર હોય, અને તે માટેનો અવાજ અઝાન માટેના અવાઝ કરતા ધીમો હોય, અને તેના વાક્યોને સાથે ન જોડી લીએ. પણ અઝાનમાં બે વાક્યો વચ્ચે જેટલી સબર કરે, તે કરતાં એકામહમાં ઓછું અંતર રાખે.

**મસઅલો ૯૪૯** : મુસ્તહબ છે કે અઝાન બાદ એકામહ શરૂ કર્યા પહેલાં એકપગલું આગળ ભરે, અથવા બેસી જાય, અથવા સીજદો કરે, અથવા કોઈ ઝિક્ર પડે, અથવા દુઆ માગે, અથવા થોડીક વાર ખામોશ રહે, અથવા થોડીક વાતચીત કરે, અથવા બે રકાત નમાઝ પડે, પણ નમાઝે સુબ્હની અઝાન અને એકામહ વચ્ચે વાતો કરવી અને નમાઝે મગરિબની અઝાન એકામહ વચ્ચે નમાઝ પઢવી મુસ્તહબ નથી.

**મસઅલો ૯૫૦** : મુસ્તહબ છે કે જે શખ્સને અઝાન માટે મુકર્રર કરવામાં આવે તે આદીલ હોય, નમાઝના સમયને પારખનાર હોય, તેનો અવાજ બુલંદ હોય, અને અઝાન કોઈ ઉંચી જગ્યાએથી દયે.

## વાજિબાતે નમાઝ

વાજિબાતે નમાઝ અગિયાર છે : (૧) નિય્યત (૨) કયામ (ઊભા રહેવું) (૩) તકબીરતુલ

એહરામ એટલે કે નમાઝની શરૂઆતમાં "અલ્લાહો અકબર" કહેવું (૪) રૂકૂઅ (૫) સજદાઓ (૬) કિરઅત (૭) ઝિક્ર (૮) તશહ્હુદ (૯) સલામ (૧૦) તરતીબ (૧૧) મવાલાત- એટલે કે એક પછી એક નમાઝના ભાગોને ઢીલ વગર અદા કરવું.

**મસઅલો ૯૫૧** : નમાઝમાં અમુક વાજિબ કાર્ય "રૂકન" છે, એટલે કે અગર કોઈ શખ્સ જાણીબુજીને અથવા ભૂલથી એ વાજિબને તર્ક કરે, તો નમાઝ બાતિલ થશે, અને બીજા વાજિબ કાર્યો "રૂકન" નથી, એટલે કે અગર ભૂલથી રહી જાય તો નમાઝ બાતિલ થતી નથી.

## વાજિબ "રૂકન" પાંચ છે

(૧) નિય્યત (૨) તકબીરતુલ એહરામ (૩) કયામ મુત્તસીલ બ રૂકૂઅ, એટલે કે રૂકૂઅમાં જવા પહેલાં થોડી વાર ઊભા રહેવું (૪) રૂકૂઅ (૫) દરેક રકાતમાં બે સજદા.

અગર કોઈ શખ્સ કમી કરવાને બદલે ઉમેરો કરે, તો જાણી જોઈને એવું કરે તો નમાઝ તદ્દન બાતિલ છે. અને જો ભૂલથી વધારો કરે, તો જો એ વધારો રૂકૂઅમાં યા એક રકાતના બે સજદાઓમાં કરે, તો એહતીયાતે લાઝિમની રૂએ નમાઝ બાતિલ છે, તે સિવાયના સંજોગમાં બાતિલ નથી.

## નિય્યત

**મસઅલો ૯૫૨** : નમાઝ પડનાર માટે વાજિબ છે કે કુરબતનની નિય્યતથી પડે, એટલે કે ખુદાનો હુકમ બજાવી લાવવાનો ઈરાદો રાખે, પણ મનમાં એ નિય્યત કરવાની કે મોઢેથી કહેવાની જરૂરત નથી. જેમકે એમ કહે કે ઝોહરની ચાર રકાત પઢું છું કુરબતન એલલ્લાહ.

**મસઅલો ૯૫૩** : અગર કોઈ શખ્સ ઝોહર કે અસરની નમાઝ પડતી વેળા ફકત એવી નિય્યત કરે કે ચાર રકાત પડું છું અને એ મુઅય્યન (નક્કી) ન કરે કે ઝોહરની પડી રહ્યો છે કે અસરની, તો તેની નમાઝ બાતિલ છે. એવી જ રીતે અગર કોઈના ઉપર નમાઝે ઝોહરની કઝા બાકી હોય, અને ઝોહરની નમાઝના સમયે એવો ઈરાદો હોય કે કઝા પડે અથવા નમાઝે ઝોહર એ દિવસની અદા કરે, તો જે નમાઝ પડી રહ્યો હોય તેને નિય્યતમાં મુઅય્યન કરવું જોઈએ.

**મસઅલો ૯૫૪** : નમાઝ દરમ્યાન પહેલેથી માંડીને છેલ્લે સુધી નિય્યત ઉપર બરકરાર રહેવું જોઈએ. જો કોઈ નમાઝ પડનાર ધ્યાન બહેરો થઈ જાય, એટલે સુધી કે અગર કોઈ પુછે કે શું કરી રહ્યો છે, તેનું એને ભાન ન હોય, તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૯૫૫** : ઈન્સાન ઉપર વાજિબ છે કે માત્ર અલ્લાહની મરજી ઉપર અમલ કરવાની નિય્યતથી નમાઝ પડે. તો જો કોઈ રીયાકારી કરે, એટલે કે લોકોને દેખાડવા નમાઝ પડે તો નમાઝ

બાતિલ છે. ચાહે એ રીયાકારીમાં ફકત લોકોને દેખાડવા પુરતો ઈરાદો હોય, યા નિય્યતમાં ખુદાની મરજી અને લોકોને દેખાડવાનો ઈરાદો મિશ્રિત હોય તો પણ નમાઝ બાતિલ છે.

**મસઅલો ૯૫૬** : અગર નમાઝનો અમુક ભાગ, વાજિબ કે સુન્નત, બીજા માટે બજાવી લાવે, અને એ રીયાકારી આખી નમાઝને આવરી લ્યે, અથવા એ કાર્યને ખુદાની ખુશ્નુદી માટે ફરીથી બજાવવાથી નમાઝ બાતિલ થતી હોય, તો નમાઝ બાતિલ થશે, અને જો એ ખુદાની ખુશ્નુદી માટે નમાઝ પડે, પણ તેને લગતા અમુક કાર્યો લોકોના દેખાવ માટે અંજામ આપે, જેમકે દેખાવ માટે મસ્જિદમાં પડે, અથવા ખાસ વખત ઉપર પડે, અથવા ખાસ રીતથી, જેમકે જમાઅત સાથે પડે, તો પણ નમાઝ બાતિલ થશે.

## તકબીરતુલ એહરામ

**મસઅલો ૯૫૭** : દરેક નમાઝની શરૂઆતમાં અલ્લાહો અકબર કહેવું વાજિબે રૂકની છે અને તેના દરેક અક્ષર અને બંને શબ્દો અલ્લાહો અને અકબરને એક પછી એક ક્રમ વાર અદા કરવું જોઈએ. ઉપરાંત અરબી ભાષાનો સહીહ ઉચ્ચાર થવો જોઈએ. અગર ગલત ઉચ્ચાર કરે, અથવા બીજી કોઈ ભાષામાં તરજુમો પડે તો સહીહ નહીં ગણાય.

**મસઅલો ૯૫૮** : એહતીયાતે મુસ્તહબ છે કે તકબીરતુલ એહરામ પહેલાં જે કાંઈ પડાય, જેમકે, એકામહ અથવા દુઆઓ પડાય, તેને તકબીરતુલ એહરામ સાથે જોડવામાં ન આવે.

**મસઅલો ૯૫૯** : અગર ઈન્સાન ચાહે કે તકબીરતુલ એહરામને તેના પછી જે પડવા માગે તેની સાથે જોડી લીએ, જેમકે, ચાહે કે બિસ્મીલ્લાહ સાથે જોડી લીએ, તો બેહતર છે કે અકબરના 'ર' ઉપર પેશ (ઝમ્મહ) મૂકીને પડે. પણ એહતીયાતેયતે મુસ્તહબ છે કે વાજિબ નમાઝમાં એ બે વાક્યોને ન જોડે.

**મસઅલો ૯૬૦** : તકબીરતુલ એહરામ પડતી વેળા જરૂરી છે કે શરીર સ્થિર હોય, અગર કોઈ શખ્સ જાણીબુજીને હલનચલન કે અસ્થિરતાની હાલતમાં પડે તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૯૬૧** : તકબીર, કિરઅત, ઝિક્ર અને દુઆ વીગેરે નમાઝમાં એવી રીતે પડવી જોઈએ કે કમમાં કમ પોતાનો ધીમો અવાજ પોતે સાંભળી શકે, અને જો પોતે બહેરો હોય, અથવા શોરબકોરને કારણે સાંભળી ન શકે, તો એટલા સાદે પડે કે અગર એવી અડચણો ઉપસ્થિત ન હોત તો સાંભળી લેત.

**મસઅલો ૯૬૨** : અગર કોઈ શખ્સ બીમારીને કારણે મુંગો થયો હોય, અથવા જીભની

બીમારીને લઈને ‘અલ્લાહો અકબર’નો ઉચ્ચાર ન કરી શકતો હોય, તો એવા શખ્સે શક્ય રીતે ઉચ્ચાર કરવો જોઈએ, અને જો તદ્દન અશકત હોય, તો તકબીરને મનમાં અદા કરે, અને તે સાથે તકબીરના શબ્દોનો નિર્દેશ થાય એ આંગળીઓ વડે ઈશારો કરે, અને થઈ શકે તો જીભને અને હોઠને પણ હરક્ત આપે, પણ જે શખ્સ જન્મથી મુંગો હોય, તે પોતાની જીભ અને હોઠને એવી રીતે હલાવે કે જેથી તકબીર પડનારની શબીહ થાય અને સાથે આંગળીઓથી પણ ઈશારો કરે.

**મસઅલો ૯૬૩** : મુસ્તહબ છે કે તકબીરતુલ એહરામ બાદ નીચે મુજબ પડે :

**યા મોહસેનો કદ અતાકલ મોસિઓ વકદ અમરતલ મોહસેન અન યતજાવઝો અનીલ મોસિઓ અન્તલ મોહસેનો વ અનલ મોસિએ બેહકકે મોહમ્મદિંવ વ આલે મોહમ્મદિન સલ્લે અલા મોહમ્મદિંવ વ આલે મોહમ્મદિન, વ તજાવઝ અન કબીહે મા તઅલમો મીન્ની.**

અય પોતાના બંદાઓ સાથે નેકી કરનાર પરવરદીગાર, તારી બારગાહમાં ગુનેહગાર હાજર થયો છે. તેં જ એવો હુકમ કર્યો છે કે નેકી કરનાર ગુનેહગારને માફ કરે. તું જ નેકી કરનાર છો, અને હું જ ગુનેહગાર છુ. મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને તેમની આલનો વાસ્તો આપું છું. એમના ઉપર અને તેમની આલ ઉપર રહમત નાઝીલ ફરમાવ. એ મારા જે ગુનાહો તું જાણે છે, તે મને બખ્શી આપ.

**મસઅલો ૯૬૪** : તકબીરતુલ એહરામ તેમજ નમાઝ દરમ્યાન બીજી તકબીરો અદા કરતી વેળા બંને હાથોને કાન સામે રાખવા મુસ્તહબ છે.

**મસઅલો ૯૬૫** : અગર કોઈ શખ્સ શક કરે કે તકબીરતુલ એહરામ અદા કરી ચૂક્યો છે કે નહીં, તો જો એ શક એવા સમયે થાય જયારે કે કિરઅત શરૂ કરી ચૂક્યો હોય તો એ શકની પરવા નહીં કરે. પણ અગર કિરઅતની શરૂઆત ન કરી હોય, તો તકબીરતુલ એહરામ કહે.

**મસઅલો ૯૬૬** : અગર તકબીરતુલ એહરામ અદા કર્યા બાદ કોઈ શક કરે કે સહીહ ઉચ્ચાર કર્યો હતો કે નહીં, તો ચાહે તકબીર પછીના કાર્યો શરૂ કર્યા હોય કે ન હોય, એ શક ઉપર ધ્યાન નહીં આપવું જોઈએ.

## કયામ (ઊભા રહેવું)

**મસઅલો ૯૬૭** : તકબીરતુલ એહરામ વેળા, અને રૂકૂઅમાં જવા પહેલાં ઊભા રહેવું વાજિબે

રૂકની છે. પણ સૂરએ હમ્દ અને તે પછીનો સૂરો પડતી વેળા, તેમજ રૂકૂઅ બાદ ઊભા થવું વાજિબે રૂકની નથી. એટલે અગર કોઈ શખ્સ ભૂલી જવાથી એ તર્ક કરે તો નમાઝ સહીહ રહેશે.

**મસઅલો ૯૬૮** : વાજિબ છે કે તકબીરતુલ એહરામ કહેવા પહેલાં અને કહેવા બાદ નમાઝ પડનાર અમુક પળો માટે ઊભો રહે, જેથી યકીન થાય કે તકબીરની અદાયગી કયામની હાલતમાં થઈ છે.

**મસઅલો ૯૬૯** : અગર કોઈ શખ્સ રૂકૂઅ ભૂલી જાય, અને હમ્દ અને બીજો સૂરો પડી બેસવા જતાં તેને યાદ આવે, તો તેના માટે જરૂરી છે કે પહેલા સીધો ઊભો થઈ જાય પછી રૂકૂઅ અદા કરે અને જો સીધા ઉભા થવા સિવાય જુકવાની હાલતમાં રૂકૂઅ કરે તો કયામ મુત્તસીલ બ રૂકૂઅને અંજામ ન આપવાથી એ કાફી નહીં ગણાય.

**મસઅલો ૯૭૦** : જયારે નમાઝ પડનાર તકબીરતુલ એહરામ અને કિરાઅત માટે ઉભો હોય, ત્યારે જરૂરી છે કે પોતાના શરીરને સ્થિર રાખે, અને કોઈ એક બાજુ ન નમે, અને એહતીયાતે લાઝિમ છે કે ઈખ્તીયારની હાલતમાં ટેકો પણ ન લ્યે. અલબત્ત, લાચારીની હાલતમાં તેમ કરવું પડે તો વાંધો નથી.

**મસઅલો ૯૭૧** : અગર કયામની હાલતમાં કોઈ શખ્સ ભૂલી જવાને કારણે શરીરને અસ્થિર રાખે, અથવા એક બાજુ નમી જાય, અથવા ટેકો લીએ તો વાંધો નથી.

**મસઅલો ૯૭૨** : એહતીયાતે વાજિબ છે કે કયામ સમયે બંને પગો જમીન ઉપર હોય, પણ એ જરૂરી નથી કે શરીરનો ભાર બંને પગો ઉપર હોય, અગર એક પગ ઉપર ભાર મૂકે તો વાંધો નથી.

**મસઅલો ૯૭૩** : જે શખ્સ સરખી રીતે ઉભો રહી શકતો હોય, તે અગર પોતાના પગો એટલા પહોળા રાખે કે એ સરખો ઊભો છે એમ ન કહી શકાય, તો નમાઝ બાતિલ છે અને એહતીયાતની રૂએ જે શખ્સ એવી રીતે પગ પહોળા કરીને ઉભો રહે કે જેને સામાન્ય રીતે ઉભા રહેવું ન કહેવાય, તેના માટે પણ એ જ હુકમ છે.

**મસઅલો ૯૭૪** : જયારે કોઈ શખ્સ નમાઝમાં વાજિબ ઝિક્ર પડી રહ્યો હોય ત્યારે જરૂરી છે કે તેનું શરીર સ્થિર હોય અને એહતીયાતે લાઝિમની રૂએ મુસ્તહબ ઝિક્ર પડતી વેળા પણ શરીરનું સ્થિર હોવું જરૂરી છે.

અને જયારે નમાઝ પડનાર જરાક આગળ થવા માંગતો હોય, અથવા જમણી ડાબી તરફ વલણ કરવા માગે ત્યારે એ સમયે કોઈ ઝિક્ર ન પડે.

**મસઅલો ૯૭૫** : અગર મુસ્તહબ ઝિક્ર એવા સમયે અદા કરે કે તેનું શરીર અસ્થિર હોય, જેમકે, રૂકૂઅમાં જતી વેળા કે સજદામાં જતી વેળા તકબીર પડે, તો અગર એમ ધારીને પડે કે નમાઝનો ભાગ છે, તો એ ઝિક્ર સહીહ નહીં ગણાય, પણ નમાઝ સહીહ છે અને "બેહવલીલ્લાહે વ કુવ્વતેહી અકૂમો વઅકઉદ" ઉભા થતા થતા પડવું જોઈએ.

**મસઅલો ૯૭૬** : સૂરએ હમ્દ પડતી વેળા હાથ કે આંગળીઓને હરકત દેવામાં વાંધો નથી, પણ એહતીયાતે મુસ્તહબ છે કે તેમ પણ ન કરે.

**મસઅલો ૯૭૭** : અગર કિરઅત વખતે અથવા તસબીહાત પડતી વેળા બે ઈખ્તીયારીની હાલતમાં એટલું હલન ચલન કરે કે સ્થિરતા બાકી ન રહે, તો એહતીયાતે મુસ્તહબ છે કે સ્થિર થયા બાદ અસ્થિરતાની હાલતમાં જે કાંઈ પડવામાં આવ્યું હોય તે ફરીથી પડે.

**મસઅલો ૯૭૮** : અગર કોઈ શખ્સ નમાઝ દરમ્યાન ઊભા રહેવા માટે અશક્ત થઈ જાય, તો બેસી જવું જોઈએ, અને બેસવાથી પણ આજીઝ થાય, તો સૂઈ જાય પણ જયાં સુધી તેનું શરીર સ્થિર ન થઈ જાય ત્યાં સુધી કોઈ વાજિબ ઝિક્ર ન પડે.

**મસઅલો ૯૭૯** : જયાં સુધી ઈન્સાન ઊભા રહીને નમાઝ અદા કરી શકતો હોય ત્યાં સુધી બેસીને નમાઝ ન પડવી જોઈએ. જેમકે અગર કોઈ માણસને ઊભા રહેવાની હાલતમાં ધ્રુજારી રહેતી હોય, અથવા ટેકો લેવા માટે મજબૂર હોય, યા પોતાના શરીરને એક તરફ જૂકાવવા મજબૂર થતો હોય, તો ગમે એ રીતે ઊભો રહીને નમાઝ પડશે. પણ જો ઉપરોકત કોઈ પણ રીતે ઊભો ન રહી શકતો હોય તો પછી ટટ્ટાર બેઠાં બેઠાં નમાઝ પડશે.

**મસઅલો ૯૮૦** : જયાં સુધી ઈન્સાન બેઠાં બેઠાં નમાઝ પડી શકતો હોય ત્યાં સુધી સૂતા સૂતા નમાઝ ન પડે. અને જો એ ટટ્ટાર બેસીને નમાઝ ન પડી શકે તો જે રીતે પણ બેસી શકતો હોય તે રીતે પડે, અગર કોઈ પણ રીતે બેસવું તેના માટે અશક્ય હોય તો કિબ્લાના એહકામમાં જણાવી ગયા છીએ તેમ જમણા પડખા ઉપર સૂએ, અને જો એમ ન કરી શકે તો ડાબા પડખા ઉપર સૂએ. અને જ્યાં સુધી જમના પડખા ઉપર સૂઈ શકતો હોય, ડાબા પડખા ઉપર ન સુવે, અને જો બંને પડખા ઉપર સૂવું મુમ્કીન ન હોય તો પીઠ ઉપર ચત્ત સૂએ, અને પોતાના પગના તળિયાને કિબ્લા તરફ રાખે.

**મસઅલો ૯૮૧** : જે શખ્સ બેસીને નમાઝ પડતો હોય, તે અગર કિરાઅત બાદ ઊભો રહી શકતો હોય તો ઊભા થઈને રૂકૂઅ બજાવી લાવશે, એટલે કે પ્રથમ ઊભો થશે, અને તે બાદ રૂકૂઅમાં જશે, પણ જો ઊભા રહેવું શક્ય ન હોય તો રૂકૂઅ પણ બેઠાં બેઠાં અંજામ આપશે.

**મસઅલો ૯૮૨** : જે માણસ સૂતાં સૂતાં નમાઝ પડતો હોય, તે અગર નમાઝ દરમ્યાન બેસી શકે, તો જેટલો ભાગ બેસીને અદા કરી શકતો હોય, બેસીને કરે, એવી જ રીતે જો અમુક ભાગ ઊભા રહીને પડી શકતો હોય તો ઊભા થઈને પડે, પણ દરેક સંજોગમાં જયાં સુધી શરીર સ્થિર ન થાય ત્યાં સુધી કોઈ વાજિબ ઝિક્ર ન પડે.

**મસઅલો ૯૮૩** : અગર કોઈ શખ્સ બેસીને નમાઝ પડતો હોય, પણ નમાઝ દરમ્યાન ઊભો રહેવા સશક્ત હોય, તો જેટલો ભાગ ઊભા રહીને પડી શકે તેટલો ભાગ ઊભા થઈને અદા કરે પણ જયાં સુધી શરીર સ્થિર ન થાય ત્યાં સુધી કોઈ વાજિબ ઝિક્ર ન પડે.

**મસઅલો ૯૮૪** : જે માણસ ઊભા રહીને નમાઝ પડી શકતો હોય, પણ એને બીક હોય કે ઊભા રહેવાથી બીમાર થશે, અથવા એને કોઈ નુકસાન થશે, તે બેસીને નમાઝ પડી શકે છે, અગર બેસવામાં પણ એને એવો ભય રહે તો સૂઈને નમાઝ પડી શકશે.

**મસઅલો ૯૮૫** : અગર ઈન્સાનને આશા હોય કે નમાઝના આખર વખત સુધીમાં એ ઊભા રહીને નમાઝ પડી શકશે, અને એવા સંજોગમાં અવ્વલ વખતમાં નમાઝ અદા કરે, ત્યારબાદ આખર વખતે ઊભા રહેવા સશક્ત થાય તો ફરી વાર નમાઝ પડવી જોઈએ, પણ જો ઊભા રહીને નમાઝ પડી શકવા વિષે બીલકુલ નિરાશ હોય, અને અવ્વલ વખતમાં નમાઝ અદા કરે, ત્યાર બાદ આખર વખતે ઊભા રહેવાની તાકાત હાંસિલ કરે, તો જરૂરી નથી કે ફરી વાર નમાઝ અદા કરે.

**મસઅલો ૯૮૬** : મુસ્તહબ છે નમાઝ પડનાર કયામની હાલતમાં શરીર ટટ્ટાર રાખે, ખભાઓને સ્હેજ જુકાવે, હાથોને સાંથળ ઉપર ગોઠવે, અને હાથની આંગળીઓ સાથે મીલાવે એ પ્રમાણે મુસ્તહબ છે કે પોતાની નજર સજદાની જગ્યા ઉપર રાખે, શરીરના ભારને બંને પગો ઉપર સમાન રીતે મુકે. અલ્લાહની બારગાહમાં વિનમ્રતા અને સમર્પણ સાથે ઉભો રહે, અને એક પગને બીજાથી આગળ કે પાછળ ન ગોઠવે. પુરૂષ માટે મુસ્તહબ છે કે બંને પગો ત્રણ ખૂલેલી આંગળીઓથી માંડીને એક વેંત જેટલી જગ્યા રાખે; અને ઓરત પોતાના બંને પગોને મીલાવીને ઊભી રહે.

## કિરઅત

**મસઅલો ૯૮૭** : રોજની વાજિબ નમાઝોની પહેલી બે રકાતમાં પ્રથમ સૂરએ હમ્દ પડવો જોઈએ, અને તે બાદ એહતીયાતની રૂએ એક બીજો સૂરો પૂરો પડવો જોઈએ.

એહતીયાતની રૂએ નમાઝમાં 'સૂરએ વઝઝોહા' અને 'સૂરએ અલમ નશ્રહ' એક સૂરો ગણાશે; એવી જ રીતે 'સૂરએ ફીલ' અને 'સૂરે લે ઈલાફ' પણ એક સૂરો ગણાશે.

**મસઅલો ૯૮૮** : અગર નમાઝનો વખત તંગ હોય, અથવા એવી કોઈ મજબૂરી આવી પડે કે જેને કારણે બીજો સૂરો ન પડી શકે, જેમકે ચોર, ફાડી ખાનાર જાનવર, યા કોઈ બીજી રીતે નુકસાનનો ભય હોય, અથવા બેહદ જરૂરી કામ હોય, તો ઈન્સાન બીજા સૂરાને મૂકી આપી શકે છે. બલ્કે નમાઝનો સમય તંગ હોય, અથવા અમુક ભયના સંજોગમાં બીજો સૂરો ન પડવો જોઈએ.

**મસઅલો ૯૮૯** : અગર કોઈ શખ્સ જાણી બુજીને સૂરએ હમ્દ પહેલા બીજો સૂરો પડે તો નમાઝ બાતિલ છે અને જો ભૂલથી તેમ કરે અને સૂરો પડતી વેળા એને યાદ આવે તો એ સૂરાને મૂકી આપે, અને સૂરએ હમ્દ પડીને બીજા સૂરાને નવેસરથી પડે.

**મસઅલો ૯૯૦** : અગર કોઈ શખ્સ સૂરએ હમ્દ અને બીજા સૂરાને અથવા બેમાંથી કોઈ એકને ભૂલી જવાને કારણે ન પડે, અને રૂકૂઅમાં પહોંચી ગયા બાદ યાદ આવે, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૯૯૧** : અગર રૂકૂઅ માટે નમવા પહેલા કોઈને યાદ આવે કે કિરઅત કરી નથી તો તરત પડી નાંખે અને જો યાદ આવે કે બીજો સૂરો ભૂલાઈ ગયો છે, તો એ બીજા સૂરાને પડે. પણ જો યાદ આવે કે હમ્દનો સૂરો ભૂલાઈ ગયો હતો, તો પ્રથમ સૂરએ હમ્દ પડશે, અને તે બાદ બીજો સૂરો પણ પડવો જોઈએ. એવી જ રીતે જો સ્હેજ જુક્યો હોય, પણ હજી રૂકૂઅ સુધી ન પહોંચ્યો હોય, અને યાદ આવે કે બંને સૂરા યા બેમાંથી એક ભૂલાઈ ગયો છે, તો ઉપર જણાવેલ હુકમ પ્રમાણે અમલ કરે.

**મસઅલો ૯૯૨** : અગર કોઈ શખ્સ વાજિબ નમાઝમાં જાણી જોઈને વાજિબ સજદાવાળો સૂરો પડ, તો સજદાની આયત પડયા બાદ વાજિબ છે કે તરત સજદો કરે, પણ તેમ કરવાથી એહતીયાતની રૂએ તેની નમાઝ બાતિલ થશે. એટલે જરૂરી છે કે નમાઝ ફરીથી પડે. પણ અગર એ સીજદો તરત ન બજાવી લાવે, તો નમાઝ જારી રાખી શકે છે, પણ ગુનેહગાર ગણાશે.

**મસઅલો ૯૯૩** : અગર કોઈ શખ્સ ભૂલથી વાજિબ સજદાની આયતવાળો સૂરો શરૂ કરે, અને સજદાની આયત સુધી પહોંચ્યા પહેલા તેને યાદ આવે, તો એ સૂરાને મૂકી આપીને બીજો સૂરો પડવો જોઈએ, અને જો સજદાની આયત તીલાવત કરી લીધા બાદ એને યાદ આવે તો ઉપર જણાવેલ મસઅલા મુજબ અમલ કરે.

**મસઅલો ૯૯૪** : અગર નમાઝ પડનાર વાજિબ સજદાની આયત સાંભળે તો તેની નમાઝ સહીહ છે, પણ એહતીયાત છે કે સજદાનો ઈશારો કરે, અને નમાઝ બાદ તેનો સીજદો અદા કરે.

**મસઅલો ૯૯૫** : મુસ્તહબ નમાઝમાં બીજો સૂરો પડવો જરૂરી નથી, અગરચે એ નમાઝ નજરને કારણે વાજિબ થઈ હોય. પણ અમુક મુસ્તહબ નમાઝો એવી છે કે જેમાં નિયુકત સૂરા પડવાનો

આદેશ છે, જેમકે 'નમાઝે વહ્શત' તો અગર કોઈ તે મુજબ અમલ કરવા માંગે તો એણે દર્શાવવામાં આવેલો સૂરો પડવો જોઈએ.

**મસઅલો ૯૯૬** : નમાઝે જુમ્આમાં અને જુમ્આના દિવસે નમાઝે ઝોહરમાં મુસ્તહબ છે કે પહેલી રકાતમાં સૂરએ અલહમ્દ બાદ સૂરએ જુમ્આ પડાય, અને બીજી રકાતમાં સૂરએ અલહમ્દ બાદ સૂરએ મુનાફેકુન પડાય, અને અગર એ સૂરાઓ પડવાનું શરૂ કરી લીધું હોય તો એહતીયાતે વાજિબની રૂએ તેને અધુરો મૂકી બીજો સૂરો ન પડવો જોઈએ.

**મસઅલો ૯૯૭** : અગર કોઈ શખ્સ સુરએ અલહમ્દ બાદ સૂરએ કુલ હોવલ્લાહો અહદ અથવા સૂરએ કુલ યા અય્યોહલ કાફેરૂન શરૂ કરે તો તેને અધુરો મૂકીને બીજો સૂરો શરૂ નહિ કરી શકે પણ નમાઝે જુમ્આ અથવા જુમ્આના દિવસે નમાઝે ઝોહરમાં કોઈ શખ્સ ભૂલી જીને સૂરએ જુમ્આ અને સૂરએ મુનાફેકુનને બદલે ઉપરોકત બે સૂરાઓ શરૂ કરે, તો એમને મૂકી દઈ સૂરએ જુમ્આ અને મુનાફેકુન પડી શકશે. પણ એહતીયાત એ છે કે અડધેથી વધારે જો સૂરો પડી ચૂકયો હોય, તો તેને તર્ક ન કરે.

**મસઅલો ૯૯૮** : અગર કોઈ શખ્સ નમાઝે જુમ્આમાં અથવા જુમ્આના દિવસે નમાઝે ઝોહરમાં જાણી જોઈને સુરએ કુલ હોવલ્લાહો અહદ અને સુરએ કુલ યા અય્યોહલ કાફેરૂન શરૂ કરે તો અગરચે અડધે સુધી ન પડી ચૂકયો હોય, તે સૂરાઓને સુરએ જુમ્આ કે મુનાફેકુન પડવા ખાતર અધુરો નહીં મૂકી શકે.

**મસઅલો ૯૯૯** : અગર કોઈ શખ્સ નમાઝમાં કુલ હોવલ્લાહો અહદ અને કુલ યાઅય્યોહલ કાફેરૂનના સુરાઓ સિવાય બીજો કોઈ સૂરો શરૂ કરે, તો અગર અડધે સુધી ન પડી ચૂકયો હોય તો તેને અધુરો મૂકી બીજા કોઈ સૂરાની શરૂઆત કરી શકે છે. પણ જો અડધે સુધી પડી ચૂકયો હોય તો એને ત્યજી દઈ બીજા સૂરાની શરૂઆત કરવી એહતીયાતની રૂએ બીલકુલ જાઈઝ નથી.

**મસઅલો ૧૦૦૦** : અગર કોઈ શખ્સ સૂરાનો કોઈ હિસ્સો ભૂલી જાય, અથવા અમુક મજબૂરીને કારણે એ સૂરાને પૂરો ન કરી શકે, જેમકે વખત તંગ હોય-વીગેરે તો એ સૂરાને મૂકી આપી બીજો સૂરો શરૂ કરી શકે છે. અગરચે અડધે પહોંચી ગયો હોય, અથવા એ સુરએ કુલહોવલ્લાહો અહદ યા કુલ યા અય્યોહલ કાફેરૂન હોય.

**મસઅલો ૧૦૦૧** : પુરૂષ માટે એહતીયાતની રૂએ વાજિબ છે કે નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશામાં કિરાઅત અવાજથી પડે અને પુરૂષ તેમજ સ્ત્રી માટે એહતીયાતની રૂએ વાજિબ છે કે નમાઝે ઝોહર અને અસરમાં કિરઅત ધીમે અને આસ્તે પડે.

**મસઅલો ૧૦૦૨** : પુરૂષ માટે એહતિયાની રૂએ લાઝિમ છે કે નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશામાં કિરઅતનો એકે એક શબ્દ અવાજથી પડે, એટલે સુધી કે શબ્દોના છેલ્લા અક્ષરો પણ સ્પષ્ટપણે અવાજથી ઉચ્ચારે.

**મસઅલો ૧૦03** : ઓરતો માટે સુબ્હ, મગરિબ અને ઈશામાં અવાજથી યા આસ્તે કિરાઅત કરી શકે છે, પણ અગર કોઈ નામેહરમ અવાજ સાંભળી રહ્યો હોય, અને એને સંભળાવવું હરામ હોય, તો એહતીયાતની રૂએ આસ્તેથી પડે.

**મસઅલો ૧૦૦૪** : અગર કોઈ શખ્સ જે નમાઝમાં અવાઝથી પડવું જોઈએ તેમાં જાણી જોઈને આસ્તેથી પડે, અથવા જે નમાઝમાં આસ્તે પડવું જોઈએ તેમાં જાણી જોઈને અવાજથી પડે, તો એહતીયાતની રૂએ તેની નમાઝ બાતિલ છે. પણ અગર ભૂલી જવાથી યા મસઅલાથી અજાણ હોવાને કારણે તેમ કરે તો નમાઝ સહીહ છે અને જો સૂરએ અલહમ્દ અને બીજા સૂરાની તીલાવત દરમ્યાન એને પોતાની ભૂલ સમજાય તો જેટલું પડી ચૂકયો હોય, તેને ફરીથી પડવાની જરૂરત નથી.

**મસઅલો ૧૦૦૫** : અગર કોઈ શખ્સ મોટે સાદે, જાણે બુમ પાડી રહ્યો હોય, એવી રીતે નમાઝમાં કિરઅત કરે તો નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૦૦૬** : ઈન્સાન માટે જરૂરી છે કે નમાઝની કિરઅત શીખે, જેથી ગલત ન પડે, અને જે શખ્સ કોઈ રીતે સુરએ અલહમ્દ શીખી ન શકે, તો જેટલું શીખી શક્યો હોય તેટલું પડે. પણ જેટલું શીખી શક્યો હોય એ નહીવત હોય, તો પછી એહતીયાતે વાજિબ છે કે કુરઆનમાંથી જે કાંઈ બીજું શીખ્યો હોય તે એની સાથે જોડીને પડે અને જો તે પણ મુમ્કીન ન હોય, તો કોઈ તસ્બીહ પડીને તેની સાથે પડે. પરંતુ જે શખ્સ સદંતર રીતે સુરએ અલહમ્દ શીખી ન શકે તેના માટે એને બદલે બીજું કાંઈ પડવું વાજિબ નથી. ઉપરોકત દરેક સંજોગમાં એહતીયાતે મુસ્તહબ છે કે એવો શખ્સ જમાઅતની સાથે નમાઝ પડે.

**મસઅલો ૧૦૦૭** : જે માણસ સૂરએ અલહમ્દ સરખી રીતે શીખી ન શક્યો હોય, પણ શીખી શકતો હોય, અને નમાઝના ટાઈમમાં અવકાશ હોય, તો તેના માટે જરૂરી છે કે શીખી લીએ પણ જો વખત તંગ હોય, તો ઉપર જણાવેલ મસઅલામાં જણાવેલી રીત મુજબ નમાઝ અદા કરે તો સહીહ ગણાશે. પણ દરેક સંજોગમાં શક્ય પ્રયાસ કરીને જમાઅત સાથે નમાઝ અદા કરે, જેથી જવાબદારીથી મુક્ત થઈ શકે.

**મસઅલો ૧૦૦૮** : વાજિબાતે નમાઝ શીખવાડવા માટે મહેનતાણું લેવું એહતીયાતની રૂએ

હરામ છે, પણ મુસ્તહબાત શીખવાડવા માટે મહેનતાણું લેવું જાઈઝ છે.

**મસઅલો ૧૦૦૯** : અગર કોઈ શખ્સ અલહમ્દ અથવા બીજા સૂરાનો કોઈ એક શબ્દ ન જાણતો હોય, અથવા જાણી બુજીને તેનો ઉચ્ચાર ન કરે, યા એકની જગ્યાએ બીજા અક્ષરનો ઉચ્ચાર કરે, જેમકે ઝવાદની જગ્યાએ ઝોય પડે, અથવા જે જગ્યાએ ઝેર, ઝબર પડવું જોઈએ ત્યાં ઝેર, ઝબર ન આપે, અથવા જયાં તશ્દીદ જરૂરી છે ત્યાં તશ્દીદ ન આપે તો નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૦૧૦** : અગર ઈન્સાન જે રીતે શબ્દનો ઉચ્ચાર શીખ્યો હોય તેને સહીહ ગણીને નમાઝમાં એવી જ રીતે પડે, અને પછીથી ખબર પડે કે એ ગલત હતું, તો નમાઝ ફરી પડવી જરૂરી નથી.

**મસઅલો ૧૦૧૧** : અગર કોઈ શખ્સ કોઈ શબ્દનો 'ઝેર', 'ઝબર'થી નાવાકેફ હોય, અથવા દાખલા તરીકે એ ન જાણતો હોય કે શબ્દમાં 'હય' છે કે 'હંય', તો તેના માટે જરૂરી છે કે એ વિષે જાણી લીએ, પણ શીખવાને બદલે એ બે યા બેથી વધુ રીતે પડે, અને ગલત પડવાથી એ ન કુરઆને મજીદની આયતમાં, ન તો કોઈ ઝીક્રમાં શુમાર થઈ શકે, તો નમાઝ બાતિલ ગણાશે, પણ જે સંજોગમાં બંને જાતની તીલાવત સહીહ હોય. જેમકે 'એહદેનસ્સેરાતલ મુસ્તકીમ'માં 'સિરાત' શબ્દ 'સીન' તેમજ 'સ્વાદ'થી પડી શકાય છે, તો તે સંજોગમાં એ આયતને બે રીતે પડે તો વાંધો નથી.

**મસઅલો ૧૦૧૨** : તજવીદના ઉલમાએ કહ્યું છે કે અગર કોઈ શબ્દમાં "વાવ" હોય, અને તેની અગાઉનો અક્ષર "પેશ" એટલે કે "ઝુમ્માવાળો" હોય અને તેની બાદનો અક્ષર "હમઝા" હોય, તો એ "વાવ" ને "મદ" દેવું, એટલે કે ખેંચવું જરૂરી છે. જેમકે "સુઅ"તો એ શબ્દમાં "વાવ"ને "મદ" આપવું જરૂરી છે.

એવી જ રીતે અલીફથી પહેલાના અક્ષર ઉપર ઝબર એટલે કે "ફતહા" હોય, અને પછીનો અક્ષર "હમઝહ" હોય, તો એ અલીફને "મદ" આપવું જોઈએ, જેમકે "જાઅ".

અને જો "યા" પછી "હમ્ઝા" હોય અને "યા"ની પહેલાના અક્ષર નીચે "ઝેર" એટલે કે "કસરા" હોય, જેમકે "જીઅ", તો "યા"ને "મદ" આપવું જોઈએ. એવી જ રીતે જો "અલીફ", "વાવ" અને "યા"એ ત્રણે અક્ષર બાદ કોઈ અક્ષર હોય કે જે સાકીન હોય, એટલે કે તેના ઉપર "ઝેર", "ઝબર" કે "પેશ" ન હોય, તો પણ એ ત્રણેયને "મદ" આપવું જોઈએ.

પરંતુ નમાઝમાં કિરઅત સહીહ થવા માટે તજવીદના આ કાયદાઓ આધારભૂત નથી, એટલે કે તે મુજબ "મદ" ન આપવામાં આવે તો પણ નમાઝ સહીહ છે.

અલબત્ત, "વલઝઝાલ્લીન" જેવી જગ્યાએ "તશદીદ" અને "અલીફ"ના સહીહ ઉચ્ચાર માટે

“મદ” આપવું જરૂરી હોય છે, તો ત્યારે “અલીફ”ને “મદ” આપવું જોઈએ.

**મસઅલો ૧૦૧૩** : એહતીયાતે મુસ્તહબ છે કે નમાઝમાં જયારે વકફ કરે તો છેલ્લા અક્ષરને સાકીન આપે, અને ઝેર, ઝબર વીગેરેની હરક્ત સાથે વકફ ન કરે, એવી જ રીતે બે આયતો જોડવી હોય તો પહેલી આયતના છેલ્લા અક્ષરને સાકીન સાથે ન પડે, બલ્કે ઝેર, ઝબર વીગેરે જે હોય તેની હરક્ત સાથે જોડણી કરે.

દાખલા તરીકે, કોઈ શખ્સ “અરરહમાની રહીમ” પડે, એટલે કે છેલ્લા ‘મીમ’ને ‘ઝેર’ આપી, થોડી વાર વકફ કરે, અને પછી “માલેકે યવમીદ્દીન” પડે, તો એહતીયાતે મુસ્તહબની રૂએ એ યોગ્ય નથી. એવી જ રીતે અગર કોઈ “અરરહમાની રહીમ” પડે, અને છેલ્લા ‘મીમ’ને સાકીન આપી તરત “માલેકે યવમીદ્દીન” શરૂ કરે, તો એ પણ યોગ્ય નહીં ગણાય.

**મસઅલો ૧૦૧૪** : નમાઝની ત્રીજી અને ચોથી રકાતમાં એક જ વાર સૂરએ અલહમ્દ પડે તો કાફી છે, અથવા એક વાર “તસ્બીહાતે અરબઆ” પડી લીએ તોકાફી છે. “તસ્બીહાતે અરબઆ” આ રીતે છે:

**“સુબ્હાનલ્લાહે વલ હમ્દોલીલ્લાહે વલા એલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર.”**

પણ બેહતર છે કે તસ્બીહાતે અરબા ત્રણ વાર પડવામાં આવે, અને અગર કોઈ શખ્સ એમાંની એક રકાતમાં સૂરએ અલહમ્દ પડે, અને બીજીમાં ‘તસ્બીહાતે અરબા’પડે તો વાંધો નથી. પણ બેહતર છે કે બંને રકાતમાં તસ્બીહાતે અરબા પડે.

**મસઅલો ૧૦૧૫** : નમાઝના સમયની તંગી હોય, તો એક જ વાર તસ્બીહાતે અરબા પડવું જોઈએ, અને જો એટલા માટે પણ સમય ન રહ્યો હોય તો માત્ર એક વાર “સુબ્હાનલ્લાહ” કહી લેવું (બઈદ નથી) કાફી છે.

**મસઅલો ૧૦૧૬** : એહતીયાતે વાજિબ છે કે પુરૂષ અને સ્ત્રી ત્રીજી અને ચોથી રકાતમાં ચાહે “તસ્બીહાતે અરબા” હોય કે સૂરએ અલહમ્દ, જે પડે તે ધીમે અવાજે પડે.

**મસઅલો ૧૦૧૭** : અગર કોઈ શખ્સ ત્રીજી, ચોથી રકાતમાં સૂરએ અલહમ્દ પડે, તો તેના માટે વાજિબ નથી કે તેની બિસ્મીલ્લાહ પણ આસ્તેથી પડે. પણ મામૂમ એટલે કે જમાઅતથી નમાઝ પડનાર માટે આ સંજોગમાં એહતીયાતે વાજિબ છે કે ‘બિસ્મીલ્લાહ’ પણ આસ્તેથી પડે.

**મસઅલો ૧૦૧૮** : જે શખ્સ “તસ્બીહાતે અરબા” શીખી ન શક્યો હોય, અથવા સહીહ ન પડી શકતો હોય, તો તેવા શખ્સ માટે જરૂરી છે કે ત્રીજી અને ચોથી રકાતમાં “સૂરએ અલહમ્દ” પડે.

**મસઅલો ૧૦૧૯** : અગર કોઈ શખ્સ નમાઝની પહેલી બે રકાતોમાં એમ ધારીને કે એ છેલ્લી બે રકાતો છે, "તસ્બીહાતે અરબા" પડે, અને રૂકૂઅમાં ગયા પહેલા એને યાદ આવે, તો સુરએ અલહમ્દ અને બીજો સૂરો પડી લેવો જરૂરી છે. પણ જો રૂકૂઅમાં યા રૂકૂઅ બાદ એને યાદ આવે તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૦૨૦** : અગર નમાઝની છેલ્લી બે રકાતો એમ વિચારીને કે આ પહેલી બે રકાતો છે. કોઈ શખ્સ સુરએ અલહમ્દ પડે, અથવા પહેલી બે રકાતોમાં એમ વિચારીને કે છેલ્લી બે રકાતો છે, સૂરએ અલહમ્દ પડે, તો ચાહે રૂકૂઅથી પહેલા કે બાદ યાદ આવે, બંને સંજોગમાં એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૦૨૧** : અગર ત્રીજી યા ચોથી રકાતમા કોઈ શખ્સ સૂરએ અલ્હમદ પડવાનો ઈરાદો ધરાવતો હોય, પણ તેની ઝબાન ઉપર "તસ્બીહાતે અરબા" આવી જાય, અથવા "તસ્બીહાતે અરબા" પડવાનો ઈરાદો હોય, પણ સૂરએ અલ્હમ્દ આવી જાય, તો અગર એ કાર્ય તદ્દન ઈરાદા વિના હોય તો તેને તર્ક કરીને તેની જગ્યાએ સૂરએ અલ્હમ્દ અથવા "તસ્બીહાતે અરબા" પડે. પણ જો બિલ્કુલ ઈરાદા વગર ન હોય, જેમકે એની હંમેશની આદતને કારણે એવું થઈ ગયું હોય તો જે એની ઝબાન ઉપર આવી ગયું તેને પૂરૂં કરે, અને એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૦૨૨** : જે શખ્સની આદત હોય કે હંમેશા ત્રીજી ને ચોથી રકાતમાં "તસ્બીહાતે અરબા" પડતો હોય, તે અગર પોતાની આદતથી વિરૂદ્ધ જઈ અને એમ સમજીને કે એક શરઈ કાર્ય બજાવી રહ્યો છે, સુરએ અલહમ્દ પડે તો એ કાફી ગણાશે, અને ફરીથી અલહમ્દ કે "તસ્બીહાતે અરબા" પડવાની જરૂરત નહીં રહે.

**મસઅલો ૧૦૨૩** : મુસ્તહબ છે કે ત્રીજી અને ચોથી રકાતમાં તસ્બીહાતે અરબા પડયા બાદ 'ઈસ્તીગફાર' કરવામાં આવે, જેમકે કહે : "અસ્તગફેરૂલ્લાહ રબ્બી વ અતૂબો એલયહે" અથવા કહે : "અલ્લાહુમમગફીર લી" હવે જો ઈસ્તીગફાર પડતી વેળા યા પડી લીધા બાદ, પણ રૂકૂઅ માટે ઝૂકયા પહેલા એને શક થાય કે 'અલહમ્દ' અથવા 'તસ્બીહાતે અરબા' પડી ચૂકયો છે કે નહીં, તો જરૂરી છે કે અલહમ્દ અથવા તસ્બીહાતે અરબા પડે.

**મસઅલો ૧૦૨૪** : અગર ત્રીજી યા ચોથી રકાતમાં રૂકૂઅમાં પહોંચી ગયા બાદ, યા રૂકૂઅમાં જતી વેળા કોઈ શખ્સ શક કરે કે 'અલહમ્દ' અથવા 'તસ્બીહાતે અરબા' પડી ચૂકયો છે કે નહીં, તો એ શક તરફ ધ્યાન નહીં ધરે.

**મસઅલો ૧૦૨૫** : અગર કોઈ શખ્સ શક કરે કે કોઈ આયત યા શબ્દ સહીહ અદા થયો છે કે નહીં, જેમકે શક કરે કે "કુલ હોવલ્લાહો અહદ"ની આયત સહીહ પડી છે કે નહીં, તો એ શક તરફ ધ્યાન ધરવાની જરૂરત નથી. પણ અગર એહતીયાતન એ આયત કે શબ્દને ફરીવાર સહીહ અદા કરે તો વાંધો નથી. અને જો એવી જાતના શક અનેક્વાર થાય અને દરેક વખતે ફરીથી પુનઃ ઉચ્ચાર કરે તો પણ વાંધો નથી. અગર એ શક વસવસાના હદે પહોંચી જાય, અને એ વસવસાને કારણે વારંવાર આયત કે શબ્દ દોહરાવવા માંડે તો એહતીયાતે મુસ્તહબ છે કે નમાઝ ફરીથી પડે.

**મસઅલો ૧૦૨૬** : મુસ્તહબ છે કે પહેલી રકાતમાં સૂરએ અલહમ્દની શરૂઆત કર્યા પહેલા 'અઉઝો બિલ્લાહે મેનશ્શયતાનીર રજીમ' પડવામાં આવે. અને નમાઝે ઝોહર અને અસરની પહેલી બે રકાતોમાં સૂરાની શરૂઆતમાં 'બિસ્મીલ્લાહ' અવાજથી પડે. એવી જ રીતે મુસ્તહબ છે કે સૂરએ અલહમ્દ અને બીજા સૂરા વચ્ચે એટલો ફાસલો રાખીને પડે કે જેથી એ બે સૂરાઓ જુદા વર્તાય, અને દરેક આયત પર વકફ કરે, એટલે કે બે આયતોને જોડીને ન પડે. મુસ્તહબ છે કે સૂરાઓ પડતી વેળા આયતોનો અર્થ અને તરજુમા તરફ ધ્યાન રાખે.

અગર નમાઝે જમાઅત હોય તો ઈમામ જયારે અલહમ્દ પૂરો કરે, અને જો પોતે એકલો ફુરાદા પડતો હોય તો પોતે જયારે અલહમ્દ પૂરો કરે, ત્યારે "અલહમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન" પડવું સુન્નત છે. અને સુરએ કુલ હોવલ્લાહે અહદ બાદ (પઢ્યા પછી) એક, બે યા ત્રણ વાર "કઝાલેકલ્લાહો રબ્બી" અથવા ત્રણ વાર "કઝલેકલ્લાહો રબ્બોના" કહેવું. એવી જ રીતે સૂરાને તમામ કર્યા બાદ થોડીક વાર સબર કરીને પછી રૂકૂઅ પહેલાની તકબીર અથવા કુનૂત પડવું જોઈએ.

**મસઅલો ૧૦૨૭** : મુસ્તહબ છે કે દરેક નમાઝની પહેલી રકાતમાં સુરએ "ઈન્ના અન્ઝલના" અને બીજી રકાતમાં સૂરએ "કુલ હોવલ્લાહ" પડવામાં આવે.

**મસઅલો ૧૦૨૮** : મકરૂહ છે કે ઈન્સાન આખા દિવસની નમાઝોમાં કોઈ પણ નમાઝમાં સુરએ કુલ હોવલ્લાહ ન પડે.

**મસઅલો ૧૦૨૯** : સુરએ 'કુલ હોવલ્લાહો અહદ'ને ઝડપથી એક જ શ્વાસે પડવું મકરૂહ છે.

**મસઅલો ૧૦30** : અલહમ્દ બાદ જે સૂરાને પહેલી રકાતમાં પડી ચૂક્યો હોય, એ જ સૂરાને બીજી રકાતમાં ફરી પડવું મકરૂહ છે, પણ કુલ હોવલ્લાહ ના સૂરાને બંને રકાતોમાં પડે તો મકરૂહ નથી.

## રૂકુઅ

**મસઅલો ૧૦૩૧** : દરેક રકાતમાં કિરઅત બાદ એટલું ઝૂકવું જરૂરી છે કે આંગળીઓના છેડાં

ગોઠણોને અડે, આ અમલને 'રૂકુઅ' કહેવાય છે.

**મસઅલો ૧૦૩૨** : અગર રૂકૂઅમાં જેટલું ઝૂકવું જોઈએ તેટલું ઝુકવામાં આવે, પણ આંગળીઓના છેડાં ગોઠણ ઉપર ન રાખે તો વાંધો નથી.

**મસઅલો ૧૦૩૩** : અગર કોઈ અસામાન્ય રીતે રૂકૂઅ કરે, જેમકે જમણી યા ડાબી દિશા તરફ નમે, તો અગરચે તેની આંગળીઓના છેડાં ગોઠણો સુધી પહોંચી જાય, તો પણ એ સહીહ નહીં ગણાય.

**મસઅલો ૧૦૩૪** : ઝુકતી વેળા 'રૂકુઅ'ની નિય્યત હોવી જોઈએ. જો કોઈ બીજા કાર્ય માટે ઝુકે, જેમકે જાનવરને મારવા માટે ઝુકે, તો રૂકૂઅ નહીં ગણાય, બલ્કે પાછો ઉભો રહીને ફરી રૂકૂઅ કરવાને ઈરાદે નમે, તો આમ કરવાથી રૂકૂઅના અમલમાં વધારો થયો નહીં ગણાય, અને નમાઝ સહીહ રહેશે.

**મસઅલો ૧૦૩૫** : જે શખ્સના હાથો કે ગોઠણો સામાન્ય ઈન્સાનના હાથો અને ગોઠણો કરતાં લાંબા-ટૂંકા હોય, જેમકે હાથો એટલા લાંબા હોય કે સ્હેજ નમવાથી આંગળીઓ ગોઠણ ઉપર પહોંચતી હોય, અથવા એટલા હેઠાં હોય કે ખુબ નમવું પડે, તો એવા શખ્સ માટે હુકમ છે કે સાધારણ માણસો જેટલે અંદાજે ઝુકે છે, તેટલા અંદાજે રૂકૂઅ કરે.

**મસઅલો ૧૦૩૬** : જે માણસ બેસીને રૂકૂઅ કરવા માંગતો હોય, તેના માટે જરૂરી છે કે એટલું નમે કે તેનો ચહેરો તેના ગોઠણો સામે રહે, અને બેહતર છે કે એટલું નમે કે તેનો ચહેરો સજદાની જગ્યાની નજીક પહોંચે.

**મસઅલો ૧૦૩૭** : ઈખ્તીયારની હાલતમાં બેહતર છે કે રૂકૂઅમાં ત્રણ વાર 'સુબ્હાનલ્લાહ' યા એક વાર 'સુબ્હાન રબ્બેયલ અઝીમે વ બેહમ્દેહ' પડવામાં આવે. બલ્કે જો કોઈ પણ ઝિક્ર એટલા પ્રમાણમાં પડે તો કાફી છે. અલબત્ત નમાઝના વખતની તંગીમાં અને મજબૂરીના સંજોગમાં એક વાર 'સુબ્હાનલ્લાહ' પડવું કાફી છે.

**મસઅલો ૧૦૩૮** : રૂકૂઅમાં ઝિક્ર અનુક્રમે અને સહીહ અરબીમાં પડવો જોઈએ, અને મુસ્તહબ છે કે ઝિક્ર ત્રણ યા પાંચ યા સાત વાર પડે, બલ્કે એથી વધુ વાર પડે.

**મસઅલો ૧૦૩૯** : રૂકૂઅની હાલતમાં નમાઝ પડનારનું શરીર સ્થિર હોવું જોઈએ, અને ઈખ્તીયારની હાલતમાં શરીરમાં કોઈ એવા પ્રકારનું હલનચલન ન હોવું જોઈએ કે જેથી સ્થિરતામાં ફેર પડે, અને એહતીયાતે વાજિબની રૂએ અગરચે હલનચલન વેળા કોઈ વાજિબ ઝિક્ર ન પડતો હોય. તો પણ આ જ હુકમ છે.

**મસઅલો ૧૦૪૦** : અગર રૂકૂઅમાં વાજિબ ઝિક્ર પડતી વખતે બેઈખ્તીયારીથી એવી હરકત કરે કે સ્થિરતા બાકી ન રહેવા પામે તો બેહતર છે કે સ્થિર થઈ ગયા બાદ ઝીકર ફરીથી પડે. અલબત્ત અગર હલનચલન નહીંવત હોય અને સ્થિરતા કાયમ રહે, અથવા આંગળીઓમાં થોડીક હરકત હોય તો વાંધો નથી.

**મસઅલો ૧૦૪૧** : અગર રૂકૂઅ સુધી પૂરી રીતે પહોંચી અને શરીર સ્થિર થાય એથી પહેલા કોઈ જાણીબુજીને ઝિક્ર પડવાનું શરૂ કરે તો નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૦૪૨** : અગર કોઈ શખ્સ વાજિબ ઝિક્ર પૂરી રીતે પડયા પહેલા જાણીબુજીને રૂકૂઅમાંથી માથું ઉંચું કરે તો નમાઝ બાતિલ છે, અને જો ભૂલથી એવું કરે તો અગર રૂકૂઅની હાલતમાંથી નીકળી ગયા બાદ યાદ આવે તો નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૦૪૩** : અગર કોઈ શખ્સ ઝિક્ર પૂરો થાય ત્યાં સુધી રૂકૂઅની હાલતમાં રહેવા અશકત હોય, તો એહતીયાતે મુસ્તહબ છે કે ઝીક્રનો બાકીનો ભાગ ઉભા થતી વખતે પડે.

**મસઅલો ૧૦૪૪** : અગર કોઈ શખ્સ બીમારીના કારણે અથવા એવા કોઈ કારણસર રૂકૂઅમાં સ્થિર ન રહી શકતો હોય, તો એની નમાઝ સહીહ ગણાશે, પરંતુ વાજિબ ઝીકરને ઉપર જણાવ્યા મુજબ રૂકૂઅની હાલતમાં જ પડે.

**મસઅલો ૧૦૪૫** : અગર કોઈ શખ્સ રૂકૂઅમાં પૂરી રીતે ઝુકી ન શકતો હોય, તો કોઈ ચીજનો ટેકો લઈને રૂકૂઅ કરે, અને જો ટેકો લઈને પણ સામાન્ય રીતે રૂકૂઅ ન કરી શકે, તો એટલો ઝુકે કે સાધારણ રીતે એમ કહી શકાય કે રૂકૂઅમાં છે અને જો એ પણ શક્ય ન હોય તો રૂકૂઅ માટે માથા વડે ઈશારો કરે.

**મસઅલો ૧૦૪૬** : જે શખ્સ માટે માથાના ઈશારાથી પણ રૂકૂઅ કરવું અશક્ય હોય, તે રૂકૂઅની નિય્યતથી પોતાની આંખો બંધ કરીને ઝિક્ર પડશે, અને રૂકૂઅમાંથી પાછા ઉભા થવાની નિય્યતથી પોતાની આંખો ખોલશે, અને જો એ પણ કરવા સમર્થ ન હોય તો એહતીયાતની રૂએ દિલમાં રૂકૂઅની નીય્યત કરશે, અને પોતાના હાથો વડે રૂકૂઅનો ઈશારો કરી ઝિક્ર પડશે.

**મસઅલો ૧૦૪૭** : જે શખ્સ ઉભા રહેવાની હાલતમાં રૂકૂઅ ન કરી શકતો હોય, પણ બેસવાની હાલતમાં રૂકૂઅ માટે નમી શકતો હોય, તેના માટે હુકમ એ છે કે ઉભા ઉભા નમાઝ પડે અને રૂકૂઅ માટે માથાથી ઈશારો કરે. અને એહતીયાતે મુસ્તહબ છે કે એ શખ્સ બીજી વાર એવી રીતે નમાઝ પડે કે રૂકૂઅમાં જવા માટે બેસીને રૂકૂઅ માટે ઝુકે.

**મસઅલો ૧૦૪૮** : અગર કોઈ શખ્સ રૂકૂઅ માટે સંપુર્ણ રીતે ઝુકયા બાદ માથું ઉંચકી લીએ, અને ફરી વાર રૂકૂઅ માટે જુકે, તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૦૪૯** : રૂકૂઅમાં ઝિક્ર પૂરી રીતે અદા કર્યા બાદ ફરી સીધા ઉભા થઈ જવું જરૂરી છે. અને સ્થિર થયા બાદ સજદો અદા કરે. અને જો કોઈ સીધા ઉભા રહ્યા વગર, યા સ્થિર થવા પહેલે સજદો અદા કરે તો નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૦૫૦** : અગર કોઈ શખ્સ રૂકૂઅ ભૂલી જાય, અને સજદામાં પહોંચ્યાં પહેલા તેને યાદ આવે, તો તેના માટે જરૂરી છે કે પ્રથમ સીધો ઉભો થાય અને પછી રૂકૂઅ બજાવી લાવે, અને જો એ ઝુકવાની હાલતમાં, સીધા ઉભા રહેવા વગર, રૂકૂઅ કરશે તો એ કાફી નથી.

**મસઅલો ૧૦૫૧** : અગર પેશાની જમીન સુધી પહોંચી જાય, ત્યારે યાદ આવે કે રૂકૂઅ બજાવી લાવ્યો નથી, તો જરૂરી છે કે તરત પાછા સીધા ઉભા રહીને પછી રૂકૂઅ કરે. અને જો બીજા સજદામાં યાદ આવે તો એહતીયાતે લાઝિમની રૂએ નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૦૫૨** : રૂકૂઅ માટે મુસ્તહબ અમલો નીચે મુજબ છે :

**(૧)** રૂકૂઅમાં જતા પહેલા સીધા ઉભા રહેવાની હાલતમાં તકબીર કહેવું.

**(૨)** રૂકૂઅમાં પોતાના ગોઠણોને પાછળ તરફ ખેંચવા.

**(૩)** પીઠને સીધી, સમતલ રાખવી.

**(૪)** ગરદનને આગળ તરફ ખેંચીને પીઠની સીધ (સમાંતર)માં રાખવી.

**(૫)** નજર બંને કદમોની વચમાં રાખવી.

**(૬) ઝિક્ર** પહેલા યા બાદ સલવાત પડવી.

**(૭) રૂકૂઅ**માંથી ઉભા થયા બાદ સ્થિર હાલતમાં 'સમેઅલ્લાહો લેમન હમેદહ' કહેવું.

**મસઅલો ૧૦૫૩** : ઓરતો માટે મુસ્તહબ છે કે રૂકૂઅમાં પોતાના હાથો ગોઠણથી સહેજ ઉપર ગોઠવે, અને ગોઠણને પાછળ તરફ ન ખેંચે.

## સુજુદ

**મસઅલો ૧૦૫૪** : નમાઝ પડનાર માટે જરૂરી છે કે દરેક વાજિબ નમાઝ અને મુસ્તહબ નમાઝમાં રૂકૂઅ બાદ બે સજદા બજાવી લાવે, અને સજદાનો અર્થ એ છે કે એક ખાસ રીતથી વિનમ્રતા સાથે પોતાની પેશાની જમીન ઉપર ટેકવે. નમાઝમાં વાજિબ છે કે સજદાની હાલતમાં બંને હથેળીઓ, બંને ગોઠણો અને પગના અંગુઠાંઓ જમીનને અડે.

**મસઅલો ૧૦૫૫** : બંને સજદાઓ સાથે મળીને એક રૂકન થાય છે, અને અગર કોઈ શખ્સ વાજિબ નમાઝમાં કોઈ એક એક રકાતમાં બંને સજદાઓ તરક કરે, ચાહે એ ભૂલી જવાને કારણે હોય, તેની નમાઝ બાતિલ છે. અને એવી રીતે અગર કોઈ શખ્સ એક રકાતમાં બે સજદાઓનો ઉમેરો કરે, ચાહે એ ભૂલી જવાને કારણે હોય તો પણ એરતિયાતે લાઝિમની રૂએ તેની નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૦૫૬** : અગર કોઈ શખ્સ જાણીબુજીને એક સજદો ઓછો યા વધારે બજાવી લાવે તો તેની નમાઝ બાતિલ છે. પણ જો ભૂલથી એવું કરે, તો તેનો હુકમ આગળ જતાં જણાવવામાં આવશે.

**મસઅલો ૧૦૫૭** : જે શખ્સ જમીન ઉપર પેશાની રાખી શકતો હોય, તે અગર જાણીબુજીને યા ભૂલથી તેમ ન કરે, તો એનો સીજદો અદા થયેલો નહીં ગણાય, અગરચે શરીરના બીજા ભાગો જમીનને અડી ચૂક્યા હોય, પણ જો પેશાની જમીન ઉપર ટેકાવી ચૂકયો હોય, અને ભૂલથી શરીરના બીજા ભાગો જમીન ઉપર ન રાખે, અથવા ભૂલી જવાથી ઝિક્ર ન પડે, તો સીજદો સહીહ છે.

**મસઅલો ૧૦૫૮** : બેહતર છે કે ઈખ્તીયારની હાલતમાં સજદામાં ત્રણવાર ‘સુબ્હાનલ્લાહ’ અથવા એકવાર ‘સુબ્હાન રબ્બેયલ અઅલા વબેહમ્દેહ’ પડે. અને આ ઝીક્રના શબ્દોને અનુક્રમે, સહીહ અરબી ભાષામાં અદા કરવું જરૂરી છે. અલબત્ત, સજદામાં કોઈ પણ ઝિક્ર પડી લેવું કાફી છે, પણ એહતીયાતે વાજિબની રૂએ ઝિક્ર એટલા જ પ્રમાણમાં હોવો જરૂરી છે અને મુસ્તહબ છે કે ‘સુબ્હાન રબ્બેયલ અઅલા વબેહમ્દેહ’ ત્રણ યા પાંચ યા સાત યા એથી વધારે વખત પડે.

**મસઅલો ૧૦૫૯** : સજદાની હાલતમાં શરીર સ્થિર હોવું જોઈએ, અને ઈખ્તીયારની હાલતમાં શરીરમાં એવી હરકત કે એવું હલનચલન ન હોવું જોઈએ કે જેથી સ્થિરતા કાયમ ન રહે, અગરચે એહતીયાતની રૂએ એ સમયે વાજિબ ઝિક્ર ન પડી રહ્યો હોય.

**મસઅલો ૧૦૬૦** : પેશાની જમીન ઉપર પહોંચે, અને શરીર સ્થિર થાય, એથી પહેલા અગર કોઈ શખ્સ જાણીબુજીને સજદાનું ઝિક્ર શરૂ કરી લીએ, અથવા ઝિક્ર પૂરૂં થાય એથી પહેલા જાણીબુજીને સજદાથી માથું ઉંચકી લીએ, તો તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૦૬૧** : પેશાની જમીન ઉપર પહોંચે એથી પહેલા અગર કોઈ શખ્સ ભૂલથી ઝિક્ર શરૂ કરે, અને માથું ઉંચકે એથી પહેલા એને યાદ આવે કે ભૂલ કરી છે, તો શરીરને સ્થિર રાખી બીજી વાર ઝિક્ર પડવો જોઈએ (જરૂરી છે).

**મસઅલો ૧૦૬૨** : અગર સજદામાંથી માથું ઉંચકી લીધા બાદ કોઈ શખ્સને પોતાની ભૂલ સમજાય કે ઝિક્ર પૂરૂં થયા પહેલા એણે માથું ઉંચક્યું છે, તો તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૦૬૩** : સજદામાં ઝિક્ર પડતી વખતે અગર કોઈ શખ્સ જાણીબુજીને જે સાત અવ્યવો જમીન ઉપર ટેક્વા જોઈએ, તેમાંથી કોઈ પણ એકને ઉપાડી લીએ તો નમાઝ બાતિલ થશે. પણ જયારે ઝિક્ર ન પડી રહ્યો હોય, ત્યારે પેશાની સિવાય બાકીના અવયવોને જમીન ઉપરથી ઉંચકે, અને પાછા ફરીથી જમીન ઉપર મુકે તો વાંધો નથી, સિવાય કે એમ કરવાથી શરીરની સ્થિરતા બાકી ન રહેવા પામે, આ સંજોગમાં એહતીયાતની રૂએ તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૦૬૪** : અગર કોઈ શખ્સ ઝિક્ર પૂરો થાય એથી પહેલા ભૂલથી પેશાની ઉપાડી લીએ તો ફરીથી પેશાની જમીન ઉપર નહીં રાખી શકે, અને એને એક સજદા તરીકે ગણવું પડશે. પણ એ સિવાયના અવયવોને જો ભૂલથી ઉપાડી લીએ તો બીજી વાર મુકવા જોઈએ, અને ઝિક્ર પડે.

**મસઅલો ૧૦૬૫** : પહેલા સજદામાં ઝિક્ર પૂરૂં કર્યા બાદ બેસવું જોઈએ, અને સ્થિરતા પામ્યા બાદ બીજા સજદામાં જવું જોઈએ.

**મસઅલો ૧૦૬૬** : સજદામાં પેશાનીની જગ્યા, હથેળી, ગોઠણ અને પગના અંગુઠાની જગ્યાથી ચાર બાંધેલી આંગળીઓના વિસ્તારથી વધુ ઉંચી કે નીચી ન હોવી જોઈએ. બલ્કે એહતીયાતે વાજિબ છે કે પેશાની ટેકવાની જગ્યા ઉભા રહેવાની જગ્યાથી પણ ચાર બાંધેલી આંગળીઓના વિસ્તારથી ઉંચી યા નીચી ન હોય.

**મસઅલો ૧૦૬૭** : અગર કોઈ શખ્સ ઢાળવાળી જમીન ઉપર નમાઝ પડે, અગરચે ઢળાણનું પ્રમાણ ચોક્કસ રીતે માલૂમ ન હોય, અને એની પેશાની હથેળી, ગોઠણ અને અંગુઠાની જગ્યા કરતા ચાર બાંધેલી આંગળીઓના વિસ્તારથી વધુ ઉંચી યા નીચી રહે, તો તેની નમાઝમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૦૬૮** : અગર કોઈ શખ્સ ભૂલથી એવી જગ્યાએ પેશાની મૂકે કે જે ઉપરોકત વિસ્તારથી ઉંચી હોય, તો અગરએ ઊંચાઈ એટલી હોય કે સજદાનું રૂપ ન રહે, અને એમ ન કહી શકાય કે એ સજદામાં છે, તો લાઝિમ છે કે માથું ઊંચકીને એવી જગ્યા ઉપર મૂકે કે જે એ વિસ્તારથી નીચી હોય. પણ જો એ ઊંચાઈ એટલી હોય કે સજદામાં છે એમ કહી શકાય, અને ઝિક્ર પૂરો કર્યા બાદ એનું ધ્યાન ખેંચાય તો એ સજદાથી પરવારીને નમાઝ તમામ કરી શકશે. પણ જો એનું ધ્યાન વાજિબ ઝિક્ર પૂરો કર્યા પહેલા ખેંચાય, તો જરૂરી છે કે પોતાની પેશાની એવી જગ્યા તરફ ખેંચીને મુકે કે જેની ઉંચાઈ જણાવેલ વિસ્તારની અંદર યા એથી ઓછી હોય, અને પછી વાજિબ ઝિક્ર પડે, પણ જો પેશાનીને ખેંચીને બીજી જગ્યાએ મૂકવી મુમ્કીન ન હોય, તો એ જ હાલતમાં વાજિબ ઝિક્ર પડી શકશે, અને નમાઝ પૂરી કરશે. ફરી એ નમાઝ અદા કરવાની જરૂરત નથી.

**મસઅલો ૧૦૬૯** : પેશાની અને સજદાની જગ્યા વચ્ચે કોઈ બીજી વસ્તુ અવરોધરૂપે ન હોવી જોઈએ. તો જો સજદાગાહ (મોહર) ઉપર એટલો મેલ ચોંટેલો હોય કે પેશાની મોહર સુધી ન પહોંચતી હોય, તો સીજદો બાતિલ ગણાશે, પણ જો એથી ફકત મોહરનો રંગ બદલાઈ ગયો હોય તો વાંધો નથી.

**મસઅલો ૧૦૭૦** : સજદામાં બંને હથેળીઓનું જમીન ઉપર રહેવું જરૂરી છે, પણ મજબૂરી હોય તો હથેળીની પીઠ રાખવામાં વાંધો નથી અને જો એ પણ મુમ્કીન ન હોય તો એહતીયાત છે કે કાંડાઓને જમીન ઉપર રાખે, અને જયારે એ પણ ન થઈ શકે તો કોણી સુધી જે ભાગ જમીન ઉપર ગોઠવી શકે, તેને ગોઠવે. જયારે એ પણ શક્ય ન હોય તો આખાય હાથને રાખે તો કાફી છે.

**મસઅલો ૧૦૭૧** : સજદામાં પગના બે અંગુઠાઓનું જમીન ઉપર હોવું જરૂરી છે. પણ એ જરૂરી નથી કે અંગુઠાના ટેરવાં જમીન ઉપર હોય, બલ્કે તેનો ઉપલો યા પાછલો ભાગ પણ જો જમીન ઉપર ટેકે તો કાફી છે. જો એ સિવાયની આંગળીઓ જમીન ઉપર મૂકે, અથવા પગનો ઉપલો ભાગ મૂકે, અથવા નખ લાંબા હોવાને કારણે અંગુઠા જમીન સુધી ન પહોંચે તો નમાઝ બાતિલ છે. જે શખ્સ લાપરવાહીને કારણે અને મસઅલાથી અજાણ હોવાને કારણે એવી રીતે નમાઝ પડતો રહ્યો હોય, તેના માટે જરૂરી છે કે નમાઝો ફરીથી અદા કરે.

**મસઅલો ૧૦૭૨** : જેના પગના અંગુઠાનો અમુક ભાગ કપાઈ ગયો હોય, તે બાકીના ભાગને જમીન ઉપર રાખશે, અને જો એ પૂરો કપાઈ ગયો હોય, યા બહુ જ થોડો ભાગ રહી જવા પામ્યો હોય, તો એહતીયાતની રૂએ બાકીની આંગળીઓ જમીન ઉપર રાખશે. અને જે શખ્સના પગની કોઈ પણ આંગળી બાકી ન હોય, તે બાકી રહેલા પગના ભાગને જમીન ઉપર મુકશે.

**મસઅલો ૧૦૭૩** : અગર કોઈ સજદાની પ્રચલીત રીતથી હટીને સજદો કરે, જેમકે પેટ, છાતીને જમીન સાથે અડાડે, અથવા પગને સ્હેજ પાછળ તરફ લાંબા કરે, તો અગર સજદાનું રૂપ બાકી હોય, અને લોકો એને સામાન્ય સજદા તરીકે ગણી શકે, તો એની નમાઝ સહીહ છે, પણ અગર સજદાનું રૂપ બાકી ન રહે, અને એમ જણાય કે જાણે પગ લાંબા કરીને સૂતો છે, તો નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૦૭૪** : મોહર અથવા કોઈ પણ બીજી વસ્તુ જેના ઉપર સજદો કરવામાં આવે તે પાક હોવું જરૂરી છે, પણ જો મોહરને નજીસ સાદડી કે ફરશ ઉપર રાખવામાં આવે, અથવા મોહરનો એક ભાગ નજીસ હોય, પણ સજદો કરનાર પાક ભાગ ઉપર પેશાની રાખવામાં આવે (મોહરનો એક ભાગ નજીસ હોય, પણ સીજદો કરનાર પાક ભાગ ઉપર પેશાની રાખે), તો વાંધો નથી.

**મસઅલો ૧૦૭૫** : અગર પેશાની ઉપર ગુંમડું કે જખ્મ વીગેરે હોય, અને જમીન ઉપર તેનું

રાખવું મુશ્કિલ હોય, તો જો આખી પેશાની ઉપર ફેલાઈ ન ગયું હોય, તો જે ભાગ સલામત હોય એ ભાગને રાખીને સજદો કરે.

અને જો પેશાનીની સલામત જગ્યાથી સજદો કરવા માટે જરૂરી થઈ પડે કે જમીનને (કે સજદાની જગ્યાને) એક તરફ ખોદે જેથી જખ્મ, ગુંમડું વીગેરે એ તરફ રહે અને બાકીની સલામત જગ્યા, સજદા માટે જેટલું જરૂરી છે તેટલા પ્રમાણમાં, જમીન ઉપર રાખી શકે, તો તેમ કરવું જોઈએ.

**મસઅલો ૧૦૭૬** : જો જખ્મ, ગુમડું વીગેરે આખી પેશાનીમાં ફેલાયેલું હોય, તો ચહેરાના અમુક ભાગથી સજદો કરશે, અને એહતીયાતે લાઝિમ એ છે કે શક્ય સંજોગમાં હડપચીથી સજદો કરે અને જો એ શક્ય ન હોય તો પેશાનીના બંને છેડાઓમાંથી કોઈ એક છેડે સજદો કરે. જયારે ચહેરાના કોઈ પણ ભાગથી સજદો મુમ્કીન ન હોય ત્યારે ઈશારાથી સજદો કરશે.

**મસઅલો ૧૦૭૭** : જે શખ્સ બેસી શકતો હોય પણ પોતાની પેશાની જમીન સુધી ન પહોંચાડી શકતો હોય, તેના માટે જરૂરી છે કે બને તેટલું ઝુકે, અને મોહર અથવા સજદા કરવા માટે બીજી વસ્તુ કોઈ ઉંચી ચીજ ઉપર રાખી તેના ઉપર એવી રીતે પોતાની પેશાની રાખે કે એમ કહી શકાય કે સજદો કર્યો છે. પણ બંને હથેળીઓ, ગોઠણો અને પગના અંગુઠાઓ સામાન્ય રીતે જમીન ઉપર રાખશે.

**મસઅલો ૧૦૭૮** : અગર કોઈ એવી ઉંચી ચીજ પ્રાપ્ય ન હોય કે જેના ઉપર મોહર યા સજદા માટે બીજી કોઈ વસ્તુ ગોઠવી શકે, અને કોઈ શખ્સ પણ મોજૂદ ન હોય જે એના માટે મોહર ઉંચે લઈ આવે જેથી સજદો કરી શકે, તો એહતીયાત એ છે મોહર યા બીજી વસ્તુને પોતાના હાથે ઉંચે લઈ આવી તે ઉપર સજદો કરે.

**મસઅલો ૧૦૭૯** : જે શખ્સ બીલકુલ સજદો કરવાને અશક્ત હોય, તેના માટે જરૂરી છે કે માથાના ઈશારાથી સીજદો કરે, અને જો એ મુમ્કીન ન હોય તો આંખો વડે ઈશારો કરે, અને જો આંખોનો ઈશારો કરવા પણ અસમર્થ હોય, તો એહતીયાતે વાજિબની રૂએ હાથ વીગેરેથી સજદા માટે ઈશારો કરે અને દિલમાં સજદાની નિય્યત કરે, ત્યાર બાદ વાજિબ ઝિક્ર પડે.

**મસઅલો ૧૦૮૦** : અગર સજદામંથી માથું બેઈખ્તીયારીની હાલતમાં ઉંચુ થઈ જાય, તો નમાઝ પડનારે બીજીવાર માથું સજદાની જગ્યા સુધી ન પહોંચાડવું જોઈએ, અને એ જ એક સજદો ગણાશે, ચાહે સજદાનો ઝિક્ર પડી શક્યો હોય કે ન પડી શક્યો હોય, અને જો બીજીવાર માથાને સજદાની જગ્યા સુધી પહોંચતા ન રોકી શકે અને બેઈખ્તીયાર ફરીથી સજદો કરે, તો પણ એ એક જ સજદો ગણાશે. પણ જો પહેલી વાર ઝિક્ર ન પડી ચૂકયો હોય, તો એહતીયાતે મુસ્તહબ છે કે હવે માત્ર

કુરબતનની નિય્યતથી ઝિક્ર પડે.

**મસઅલો ૧૦૮૧** : જે સ્થળે ઈન્સાનને. તકય્યા કરવાની જરૂરત જણાય, ત્યાં ગાલીચા વીગેરે ઉપર સજદો કરી શકે છે, અને લાઝિમ નથી કે નમાઝ પડવા માટે બીજી જગ્યાએ જાય, અથવા નમાઝ અદા કરવામાં એટલી ઢીલ કરે કે એ જ જગ્યાએ તકય્યા વિના નમાઝ પડી શકે. પણ જો શક્ય હોય કે સાદડી અથવા એવી વસ્તુ કે જેના ઉપર સીજદો જાઈઝ છે. તેના ઉપર એવી રીતે સજદો કરે કે તકય્યાનું ઉલંઘન ન થાય, તો એવા સંજોગમાં ગાલીચા વીગેરે ઉપર સજદો ન કરવો જોઈએ.

**મસઅલો ૧૦૮૨** : અગર કોઈ શખ્સ પીંછા વીગેરેથી ભરેલા ગાદલા કે તકીયા ઉપર સજદો કરે, જેને પરિણામે અગર તેનું શરીર સ્થિર ન રહે તો એ સજદો બાતિલ છે.

**મસઅલો ૧૦૮૩** : અગર કોઈ શખ્સને મજબૂરીના કારણે ભીની માટીવાળી જમીન કે કીચડ ઉપર નમાઝ પડવી પડે, તો અગર તેના કપડાં કે તેનું શરીર ગંદું થવામાં તેને કોઈ ઝહેમતનો સામનો ન હોય તો સજદો અને તશહ્હુદ હંમેશની રીતે અદા કરવા જોઈએ પણ અગર ઝેહમત થતી હોય તો સજદો માથાના ઈશારાથી બજાવી લાવશે, અને તશહ્હુદ ઉભા ઉભા પડશે, અને એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૦૮૪** : જે નમાઝની પહેલી અને ત્રીજી રકાતમાં તશહ્હુદ નથી, જેમકે નમાઝે ઝોહર, અસર અને ઈશાની ત્રીજી રકાત, તેમાં એહતીયાતે વાજિબ છે કે બે સજદા બાદ થોડીક વાર સ્થિર બેઠા રહેવું, અને ત્યાર બાદ ઉભા થવું.

## જે વસ્તુઓ ઉપર સીજદો કરવો સહીહ છે

**મસઅલો ૧૦૮૫** : સજદો જમીન ઉપર અને જમીનમાંથી ઉગતી વસ્તુઓ જેમકે ઝાડનું લાકડું, પાંદડાં વીગેરે ઉપર કરવો જોઈએ; પણ જે વસ્તુ ખાવાના ઉપયોગમાં અથવા પોશાક તરીકે ઉપયોગમાં લેવાતી હોય તેના ઉપર સજદો નહીં થઈ શકે. ખોરાક અને પોશાકની વસ્તુઓ, જેમકે ઘઉં, જવ, કપાસ, તેમજ જમીનમાંથી નીકળતી એવી વસ્તુઓ જે જમીનના ભાગ તરીકે ગણાતી નથી, જેમકે સોનું, ચાંદી વીગેરે ધાતુઓ ઉપર સજદો સહીહ નથી. ડામર ઉપર સજદો સહીહ નથી, પણ મજબૂરીની હાલતમાં તમામ એવી વસ્તુઓ જેના ઉપર સજદો સહીહ નથી, તેમાં ડામરને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

**મસઅલો ૧૦૮૬** : જયારે દ્રાક્ષના પાંદડા કુમળા હોય, અને ખાવાના ઉપયોગમાં લેવાતા હોય, ત્યારે તેના ઉપર સજદો જાઈઝ નથી. એ સિવાયના સંજોગમાં તેના ઉપર સજદો કરવામાં વાંધો નથી.

**મસઅલો ૧૦૮૭** : જે વસ્તુઓ જમીનમાંથી ઉગી નીકળતી હોય, અને જાનવરોના ખોરાક તરીકે કામ આવતી હોય, જેમકે ઘાસ વીગેરે, તેના ઉપર સજદો સહીહ છે.

**મસઅલો ૧૦૮૮** : જે ફૂલો ખાવાના ઉપયોગમાં ન આવતા હોય તેના ઉપર સજદો સહીહ છે, બલ્કે જે વનસ્પતિ દવાના ઉપયોગમાં આવે છે, અને તેને ઉકાળીને તેનો રસ દવા તરીકે પીવાય છે, જેમકે બનફશા વીગેરે તેના ઉપર સજદો સહીહ છે.

**મસઅલો ૧૦૮૯** : જે વનસ્પતિ અમુક શહેરોમાં ખવાતી હોય, અને બીજા શહેરોમાં આદતની રૂએ ન ખવાતી હોય, અગરચે એને ખાવા લાયક જાણતા હોય, તેના ઉપર સજદો સહીહ નથી. એવી જ રીતે કાચા ફળો ઉપર સજદો નહીં થઈ શકે.

**મસઅલો ૧૦૯૦** : ચુના અને ચિરોડીના પત્થર ઉપર સજદો સહીહ છે, અને એહતીયાતે મુસ્તહબ છે કે ઈખ્તીયારની હાલતમાં પકાવવામાં આવેલા ચુના અને ચિરોડી ઉપર, ઈંટ અને પકાવવામાં આવેલી માટીથી બનાવવામાં આવેલા વાસણો વીગેરે ઉપર સજદો ન કરવામાં આવે.

**મસઅલો ૧૦૯૧** : જે વસ્તુઓ ઉપર સજદો સહીહ છે, જેમકે લાકડું, ઘાસ વીગેરે, તેમાંથી જો કાગળ બનાવવામાં આવ્યો હોય તો તેના ઉપર સજદો થઈ શકે છે. એવી જ રીતે કપાસ, અને શણ વિગેરેથી કાગળ બન્યો હોય તો તેના ઉપર સજદો થઈ શકશે, પણ રેશમ વિગેરેથી બન્યો હોય તો તેવા કાગળ ઉપર સજદો સહીહ નથી.

**મસઅલો ૧૦૯૨** : સજદા માટે સૌથી ઉત્તમ અને શ્રેષ્ઠ હઝરત સય્યદુશ્શોહદા ઈમામ હુસૈન અલય્હિસ્સલામની તુરબતની માટી છે. ત્યારબાદ બીજી માટીઓ, તે બાદ પત્થર અને તેના પછી ઘાસ કે પાંદડાનો વારો આવે છે.

**મસઅલો ૧૦૯૩** : અગર એવી વસ્તુ કે જેના ઉપર સજદો સહીહ છે, હાંસિલ ન થઈ શકે, અથવા હાંસિલ હોય પણ સખત ઠંડી કે ગરમીને કારણે તેના ઉપર સજદો ન કરી શકતો હોય, તો ડામરની પહેલી પસંદગી કરવી જોઈએ. પણ જો તેના ઉપર પણ સજદો ન કરી શકતો હોય તો પોતાના કપડા ઉપર યા હથેળીની પીઠ ઉપર સજદો કરે, અથવા એવી બીજી ચીજ ઉપર સજદો કરે કે જેના ઉપર ઈખ્તીયારની હાલતમાં સજદો સહીહ નથી. પણ એહતીયાતે મુસ્તહબ છે કે જયાં સુધી પોતાના કપડા ઉપર સજદો કરી શકતો હોય ત્યાં સુધી કોઈ બીજી વસ્તુ ઉપર સજદો ન કરે.

**મસઅલો ૧૦૯૪** : નરમ માટી અથવા ધૂળ કે જેના ઉપર સજદામાં માથું સ્થિર ન રહી શકે, તેના ઉપર સજદો બાતિલ છે.

**<u>મસઅલો ૧૦૯૫</u>** : પહેલા સજદામાં જો મોહ્ર પેશાની ઉપર ચોંટી જાય, તો બીજો સજદો કરવા પહેલા એ મોહ્રને પેશાનીથી અલગ કરવું જરૂરી છે.

**<u>મસઅલો ૧૦૯૬</u>** : અગર જે વસ્તુ ઉપર સીજદો કરતો હોય એ વસ્તુ નમાઝ દરમ્યાન ગુમ થઈ જાય, અને બીજી એવી વસ્તુ એની પાસે ન હોય કે જેના ઉપર સજદો સહીહ છે, તો પછી મસઅલો ૧૦૯૩માં જે ક્રમ સમજાવવામાં આવ્યો છે તે મુજબ અમલ કરી શકશે ; ચાહે નમાઝનો સમય તંગ હોય, યા ન હોય કે નમાઝને તોડીને ફરીથી પડી શકતો હોય.

**<u>મસઅલો ૧૦૯૭</u>** : અગર સજદાની હાલતમાં કોઈનું ધ્યાન ખેંચાય કે જે વસ્તુ ઉપર સજદો કરી રહ્યો છે, એ વસ્તુ ઉપર સજદો સહીહ નથી, તો જો વાજિબ ઝિક્ર પડી લીધા બાદ ધ્યાન ખેંચાય તો સજદાથી પરવારીને નમાઝને જારી રાખી શકશે. અને જો વાજિબ ઝીક્રથી પહેલા ધ્યાન ખેંચાય, તો હળવેથી પોતાની પેશાનીને એ વસ્તુ તરફ ખસેડે કે જેના ઉપર સજદો સહીહ છે, અને પછી વાજિબ ઝિક્ર પડે. પણ જો પેશાનીને ખસેડવું મુમ્કીન ન હોય તો એ જ હાલતમાં ઝિક્ર પડી શકશે, અને બંને સૂરતોમાં તેની નમાઝ સહીહ ગણાશે.

**<u>મસઅલો ૧૦૯૮</u>** : અગર સજદો કરી લીધા બાદ કોઈનું ધ્યાન દોરાય કે જે વસ્તુ ઉપર સજદો થયો તે વસ્તુ ઉપર સજદો સહીહ નથી, તો કોઈ વાંધો નથી.

**<u>મસઅલો ૧૦૯૯</u>** : ખુદાવંદે કરીમની ઝાત સિવાય કોઈ બીજા માટે સજદો કરવો હરામ છે. અને અમુક લોકો જે અઈમ્મા અલય્હેમુસ્સલામની કબરો સામે પેશાની જમીન ઉપર રાખે છે, તે અગર અલ્લાહનો શુક્ર બજાવી લાવવા માટે હોય તો વાંધો નથી, નહીંતર હરામ છે.

## સજદામાં મુસ્તહબ અને મકરૂહ વાતો વિષે

**<u>મસઅલો ૧૧૦૦</u>** : સજદામાં અમુક બાબતો મુસ્તહબ છે :

**(૧)** જે શખ્સ ઉભા ઉભા નમાઝ પડતો હોય, તે રૂકૂઅમાંથી સીધા ઉભા રહ્યા બાદ સજદામાં જવા માટે તકબીર કહે અને બેઠા બેઠા નમાઝ પડતો હોય તો રૂકૂઅ માટે ઝુકીને પાછો સ્થિર બેસીને સજદામાં જવા માટે તકબીર કહે.

**(૨)** જયારે સજદામાં જવા માટે નમે ત્યારે પુરૂષ માટે મુસ્તહબ છે કે પહેલા હાથોને જમીન ઉપર રાખે, અને સ્ત્રીઓ પહેલા ગોઠણો જમીન ઉપર મુકે.

**(3)** નાકને મોહ્ર ઉપર, યા જે વસ્તુ ઉપર સજદો સહીહ છે, તેના ઉપર રાખવું.

**(૪)** સજદાની હાલતમાં હાથની આંગળીઓ મીલાવીને રાખવી, અને કાનની હારમાં એવી રીતે

ગોઠવવી કે ટેરવાં કિબ્લા તરફ હોય.

**(૫)** સજદામાં દુઆ કરવી, પોતાની હાજતો માંગવી, અને નીચે જણાવેલી દુઆ પડવી :

યા ખયરલ મસ્ઉલીન, વ યા ખયરલ મુઅતી, ઉરઝુકની વરઝુક અયાલી મીન ફઝલેક ફઈન્નક ઝુલ ફઝલીલ અઝીમ (અય એવા તમામથી શ્રેષ્ઠ કે જેમની પાસે માંગવામાં આવે, અને એવા તમામથી શ્રેષ્ઠ કે જે અતા કરે છે. તારા ફઝલથી મને રોઝી આપ અને મારા કુટુંબીઓને રોઝી આપ. કે ખરેખર તું મહાન ફઝલવાળો છે.)

**(૬)** સજદા બાદ ડાબા પડખે બેસવું, અને જમણા પગના બહારના ભાગને ડાબા પગના તળીયા ઉપર રાખવો.

**(૭)** દરેક સજદામાંથી માથું ઉપાડી સ્થિર બેસીને તકબીર કહેવું.

**(૮)** પહેલા સજદામાંથી માથું ઉંચકયા બાદ સ્થિર બેસીને "અસ્તગફેરૂલ્લાહ રબ્બી વ અતૂબો એલયહે" પડવું.

**(૯)** સજદાને લંબાવવું, અને બેસતી વેળા સાથળ ઉપર હાથો રાખવા.

**(૧૦)** બીજા સજદા માટે જવા પહેલા સ્થિર હાલતમાં તકબીર કહેવી.

**(૧૧)** સજદાઓમાં સલવાત મોકલવી.

**(૧૨)** સજદામાંથી પરવારીને ઉભા થતી વેળા પ્રથમ ગોઠણો ઉંચક્વા અને ત્યાર બાદ હાથોને ઉપાડવા.

**(૧૩)** મરદો કોણી અને પેટને જમીન ઉપર ન રાખે, અને પોતાના હાથોને બાજુમાં છુટાં ગોઠવે. ઓરતો કોણી અને પેટને જમીન ઉપર રાખે, અને શરીરના તમામ અવયવોને મીલાવીને સજદો કરે.

**મસઅલો ૧૧૦૧** : સજદામાં કુરઆને મજીદની તીલાવત કરવી મકરૂહ છે. અને સજદાની જગ્યા ઉપર ચોંટલી ધૂળ વીગેરે દૂર કરવા માટે કુંક મારવી મકરૂહ છે. અને જો એ કુંક મારતી વખતે જાણીબુજીને બે શબ્દો મોંઢામાંથી નીકળે તો એહતીયાતની રૂએ નમાઝ બાતિલ થશે.

એ સિવાય બીજી મકરૂહ બાબતો કિતાબોમાં ખુલાસાવાર જણાવવામાં આવી છે.

## કુરઆને મજીદના વાજિબ સજદાઓ

**મસઅલો ૧૧૦૨** : કુરઆનના ચાર સૂરાઓ, વન્નજમે, ઈકરઅ, અલીફ લામ તન્ઝીલ અને હા મીમ સજદહમાં એક સજદાની એવી આયત છે, જે અગર ઈન્સાન તીલાવત કરે અથવા સાંભળે તો આયત પૂરી થતાની સાથે જ તરત સજદો કરવો જોઈએ. અને અગર ભૂલી જાય, તો યાદ આવતાની

સાથે સજદો કરી લેવો જોઈએ. જાહેર એ છે કે જે શખ્સ ઈરાદા વગર મજબૂરન એવી આયત સાંભળે તો સજદો તેના ઉપર વાજિબ નથી, પરંતુ બેહતર છે કે સજદો કરી લીએ.

**<u>મસઅલો ૧૧૦૩</u>** : અગર કોઈ શખ્સ સજદાની આયત સાંભળતી વેળા પોતે પણ તેની તીલાવત કરે, તો એને બે સજદા કરવા જોઈએ.

**<u>મસઅલો ૧૧૦૪</u>** : અગર કોઈ શખ્સ નમાઝ સિવાયના કોઈ સજદામાં હોય અને વાજિબ સજદાની આયત સાંભળે અથવા પડે, તો એ સજદાથી માથું ઉપાડીને ફરીથી સજદો કરશે.

**<u>મસઅલો ૧૧૦૫</u>** : અગર કોઈ શખ્સ સૂતલા ઈન્સાનના મોઢેથી, યા દિવાના કે અણસમજુ બાળકના મોઢેથી વાજિબ સજદાની આયત સાંભળે, અથવા એ તરફ ધ્યાન ધરે, તો સજદો વાજિબ થશે. પરંતુ જો ગ્રામોફોન કે ટેપમાંથી સાંભળે તો સજદો વાજિબ નથી. એવી જ રીતે રેડીયો ઉપર જો ટેપમાંથી પ્રસારીત હોય તો સજદો વાજિબ નથી, પણ જો કોઈ શખ્સ રેડીયો સ્ટેશનથી એ આયત તીલાવત કરતો હોય, અને ઈન્સાન રેડીયોથી એ સાંભળે તો સજદો વાજિબ થશે.

**<u>મસઅલો ૧૧૦૬</u>** : કુરઆનના વાજિબ સજદાને અદા કરવા માટે એહતીયાતે વાજિબ છે કે તેની જગ્યા ગસ્બી ન હોય, અને એહતીયાતે મુસ્તહબની રૂએ સજદા માટે પેશાનીની જગ્યા ગોઠણ અને પગના અંગુઠાઓની જગ્યાએથી, ચાર બાંધેલી આંગળીઓના વિસ્તારથી વિશેષ ઊંચી કે નીચી ન હોવી જોઈએ. પણ એ માટે વુઝુ, ગુસ્લ, કિબ્લાની જરૂરત નથી, તેમજ શરમગાહને છુપાવવું, શરીર કે પેશાનીની જગ્યાનું પાક હોવું જરૂરી નથી, ઉપરાંત નમાઝ પડનારના લિબાસ માટે જે શરતો છે, તે પણ લાગુ નહીં પડે.

**<u>મસઅલો ૧૧૦૭</u>** : કુરઆનના વાજિબ સજદા માટે એહતીયાતે વાજિબ છે કે પેશાનીને મોહર ઉપર યા બીજી એવી વસ્તુ કે જેના ઉપર સજદો જાઈઝ છે, તેના ઉપર રાખે, અને એહતીયાતે મુસ્તહબ છે કે નમાઝના સજદા માટે પેશાની સાથે જે બીજા અવ્યવો જમીન ઉપર રાખવા જરૂરી હોય છે, તે અવયવોને પણ જમીન ઉપર ગોઠવે.

**<u>મસઅલો ૧૧૦૮</u>** : કુરઆનના વાજિબ સજદામાં માથું જમીન ઉપર ટેક્યા બાદ કોઈ ઝીકર ન પડે તો કાફી છે, બેહતર છે કે ઝિક્ર પડે અને એથી બેહતર છે કે નીચે મુજબ પડે :

**લાએલાહ ઈલ્લલ્લાહો હકકન હકકા**

**લાએલાહ ઈલ્લલ્લાહો ઈમાનવ વ તસદીકા**

**લાએલાહ ઈલ્લલ્લાહો ઉબૂદિય્યતંવ વ રિક્કા**

**સજદતો લક યા રબ્બે તઅબ્બોદંવ વ રિક્કા**

**લા મુસતનકેફન વ લા મુસતકબિરા**

**બલ અના અબદુન ઝલીલુન ખાએફુન મુસતજીર**

**તશહ્હુદ**

**મસઅલો ૧૧૦૯** : દરેક વાજિબ અને મુસ્તહબ નમાઝની બીજી રકાતમાં, નમાઝે મગરિબની ત્રીજી રકાતમાં, નમાઝે ઝોહર, અસર અને ઈશાની ચોથી રકાતમાં બીજા સજદા બાદ જયારે ઈન્સાન સ્થિર હાલતમાં બેસે, ત્યારે તશહ્હુદ પડવું વાજિબ છે, અને આ મુજબ પડે :

**અશ્હદો અલ લા એલાહ ઈલ્લલ્લાહો વહદહુ લાશરીક લહૂ**

**વ અશ્હદો અન્ન મોહમ્મદન અબ્દોહૂ વ રસુલોહ.**

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદીન વ આલે મોહમ્મદ.**

અને અગર આ મુજબ પડે :

**અશ્હદો અલ લાએલાહ ઈલ્લલ્લાહો, વ અશ્હદો અન્ન મોહમ્મદન સલ્લલ્લાહો અલયહે વ આલેહી અબ્દોહુ વ રસુલોહ.**

તો કાફી છે, અને નમાઝે વીતર કે જે નમાઝે શબની છેલ્લી એક રકાત છે, તેમાં પણ તશહ્હુદ જરૂરી છે.

**મસઅલો ૧૧૧૦** : તશહ્હુદ સહીહ અરબી ઉચ્ચારમાં પડવું જોઈએ, અને જેમ પ્રચલીત છે તેમ અનુક્રમે એક પછી એક અદા કરવું જોઈએ.

**મસઅલો ૧૧૧૧** : અગર કોઈ શખ્સ તશહ્હુદ ભૂલી જઈને ઉભો થઈ જાય, અને રૂકૂઅમાં ગયા પહેલા તેને યાદ આવે કે તશહ્હુદ પડયો નથી, તો એને બેસી જવું જોઈએ, અને તશહ્હુદ પડીને ફરી ઉભા થવું જોઈએ, અને એ રકાતમાં જે કાંઈ પડવાનું હોય, એ પડીને નમાઝ પૂરી કરે. એહતીયાતે મુસ્તહબ છે કે નમાઝ પૂરી કર્યા બાદ ભૂલથી ઉભા રહેવા માટે બે સજદએ સહવ કરે.

પણ જો એને રૂકૂઅમાં ગયા બાદ યાદ આવે, તો નમાઝ પૂરી કરે, અને નમાઝની સલામ પડયા બાદ એહતીયાતે મુસ્તહબ છે કે તશહ્હુદની કઝા આપે, તેમજ તશહ્હુદ ભૂલી જવા બદલ બે સજદએ સહવ અદા કરવા જોઈએ.

**મસઅલો ૧૧૧૨** : મુસ્તહબ છે કે તશહ્હુદ પડતી વખતે ઈન્સાન ડાબા પડખા ઉપર બેસે, અને

જમણા પગના ઉપરના ભાગને ડાબા પગના તળિયા ઉપર મૂકે. અને તશહ્હુદ શરૂ કર્યા પહેલા અલહમ્દો લીલ્લાહ પઢે, અથવા બિસ્મીલ્લાહે વ બિલ્લાહ, વ ખયરૂલ અસ્માઈ લીલ્લાહ પઢે. એવી જ રીતે મુસ્તહબ છે કે તશહ્હુદ પડતી વખતે પોતાના હાથોને સાથળ ઉપર મૂકે, આંગળીઓને મીલાવીને રાખે, અને નજર પોતાના ખોળા ઉપર રાખે, અને સલવાત પડયા બાદ કહે : વ તકબ્બલ શફાઅતહુ વરફ દરજત.

**મસઅલો ૧૧૧૩** : ઓરતો માટે મુસ્તહબ છે કે તશહ્હુદ પડતી વખતે પોતાના બંને સાથળોને મીલાવીને રાખે.

## સલામ

**મસઅલો ૧૧૧૪** : નમાઝની છેલ્લી રકાતમાં તશહ્હુદ બાદ મુસ્તહબ છે કે 'અસ્સલામો અલય્ક અય્યોહન્નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહ' પડે. તે બાદ વાજિબ છે કે પડે : 'અસ્સલામો અલય્કુમ' અને એહતીયાતે મુસ્તહબ છે કે તેમાં 'વ રહમતુલ્લાહે વ બરકાતોહ'નો ઉમેરો કરે.

અથવા આ સલામ પડે : 'અસ્સલામો અલય્ના વ અલા એબાદીલ્લાહીસ્સાલેહીન' પણ જો આ સલામ પડે તો એહતીયાતે વાજિબની રૂએ તે બાદ 'અસ્સ્લામો અલયકુમ' પડવું જરૂરી છે.

**મસઅલો ૧૧૧૫** : અગર કોઈ શખ્સ નમાઝની સલામ ભૂલી જાય, પણ નમાઝની સૂરત બદલી જાય એથી પહેલા યાદ આવે, અથવા હજી કોઈ એવો અમલ ન કર્યો કે જે જાણીજોઈને યા ભૂલથી કરવામાં આવે તો નમાઝને બાતિલ કરે છે, જેમકે કિબ્લાને પીઠ આપવી વીગેરે, તો એવી હાલતમાં તરત સલામ પડી લીએ, અને એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૧૧૬** : અગર કોઈ શખ્સ નમાઝની સલામ ભૂલી જાય, અને એવા સમયે યાદ આવે કે નમાઝની સૂરત બદલી ગઈ હોય, અથવા એવું કામ અંજામ દઈ ચૂકયો હોય કે જે જાણી જોઈને કે ભૂલી જઈને કરવાથી નમાઝ બાતિલ થાય છે, જેમકે કિબ્લા તરફ પીઠ આપવી વીગેરે તો એવા સંજોગમાં એની નમાઝ સહીહ છે.

## તરતીબ - ક્રમ

**મસઅલો ૧૧૧૭** : અગર કોઈ શખ્સ જાણી જોઈને નમાઝની તરતીબ અને ક્રમને બદલી નાખે, જેમકે, બીજા સૂરાને સૂરએ અલહમ્દની પહેલા પડે, અથવા સજદાને રૂકૂઅથી પહેલા અદા કરે, તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૧૧૮** : અગર કોઈ શખ્સ નમાઝમાં કોઈ રૂકન ભૂલી જાય અને તે પછીના રૂકનને

બજાવી લાવે, જેમકે રૂકૂઅ કર્યા પહેલા બે સજદાઓ કરે, તો એહતીયાતની રૂએ તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૧૧૯** : અગર કોઈ શખ્સ રૂકનને ભૂલી જાય, પણ તે પછીનો જે અમલ બજાવી લાવે એ રૂકની ન હોય, જેમકે બે સજદાઓની પહેલા તશહ્હુદ પડી લીએ, તો એવા સંજોગોમાં વાજિબ છે કે પ્રથમ રૂકન બજાવી લાવે, અને જે અમલ ભૂલથી પહેલા અદા કર્યો હોય તે ફરીથી પડે.

**મસઅલો ૧૧૨૦** : અગર કોઈ શખ્સ નમાઝમાં એ અમલ ભૂલી જાય જે રૂકની નથી, અને તે પછીના રૂકનમાં દાખલ થાય, જેમકે, સૂરએ અલહમ્દ ભૂલી જાય અને રૂકૂઅમાં દાખલ થઈ જાય તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૧૨૧** : અગર કોઈ શખ્સ એવા અમલને ભૂલી જાય કે જે રૂકની નથી, અને ત્યાર પછીના એવા કાર્યને શરૂ કરે જે પણ રૂકની ન હોય, જેમકે સૂરએ અલહમ્દને ભૂલી જઈ બીજા સૂરાને શરૂ કરે, તો એવા સંજોગોમાં જરૂરી છે કે ભૂલી ગએલા અમલને બજાવી લાવે, અને ત્યાર બાદ જે અમલ ભૂલથી પ્રથમ બજાવી લાવ્યો હતો એ ફરીથી પડે.

**મસઅલો ૧૧૨૨** : અગર કોઈ શખ્સ પહેલો સજદો એમ વિચારીને બજાવી લાવે કે એ બીજો છે, અથવા બીજો સજદો એમ સમજીને બજાવી લાવે કે એ પહેલો છે, તો એની નમાઝ સહીહ છે, પહેલો સજદો પહેલો જ રહેશે, અને બીજો સજદો બીજા સજદા તરીકે જ ગણાશે.

## મવાલાત (ઉપરા ઉપર પઢવું)

**મસઅલો ૧૧૨૩** : ઈન્સાન માટે જરૂરી છે કે નમાઝને મુવાલાતની રૂએ અદા કરે, એટલે કે નમાઝના તમામ કાર્યોને, જેમકે રૂકૂઅ, સજદા, તશહ્હુદને એક પછી એક, ક્રમવાર અદા કરે, અને પડવાના ભાગોને પણ જેમ પ્રચલીત છે તે રીતે એક પછી એક પડે, અને અગર વચ્ચે એટલી ઢીલ કરે અથવા ફાસલો મૂકે કે જેથી એમ ન જણાય કે નમાઝ પડી રહ્યો છે, તો નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૧૨૪** : અગર કોઈ શખ્સ નમાઝમાં ભૂલથી શબ્દો કે અક્ષરો વચ્ચે ફાસલો રાખે, પણ એ ફાસલો એટલો ન હોય કે નમાઝની સૂરત બદલી જાય, તો અગર તે પછીના કોઈ રૂકનમાં દાખલ ન થઈ ગયો હોય, તો જરૂરી છે કે એ અક્ષરો કે શબ્દોને યોગ્ય રીતે ફરીથી પડે, અને જો એ પછીના કલેમાતને પણ પડી ચૂકયો હોય તો એ કલેમાતનો પણ પુન:ઉચ્ચાર કરે.

પણ જો તે પછીના રૂકનમાં દાખલ થઈ ગયો હોય, તો તેની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૧૨૫** : રૂકૂઅ યા સજદાને લંબાવવાથી કે લાંબા સૂરાને પડવાથી મવાલાતમાં ફેર પડતો નથી.

## કુનુત

**<u>મસઅલો ૧૧૨૬</u>** : તમામ વાજિબ અને મુસ્તહબ નમાઝોમાં બીજી રકાતમાં રૂકૂઅ કર્યા પહેલા કુનૂત પડવું મુસ્તહબ છે. પણ નમાઝે શફઅમાં જો કુનૂત પડે તો રજાઅન (સારા કાર્યના ઉમેદથી) પડે.

નમાઝે વીતર કે જે એક રકાતની નમાઝ છે, તેમાં રૂકૂઅથી પહેલા કુનૂત મુસ્તહબ છે, અને નમાઝે જુમ્આમાં દરેક રકાતમાં કુનૂત મુસ્તહબ છે. નમાઝે આયાતમાં પાંચ કુનૂત, નમાઝે ઈદે ફીત્ર અને ઈદુલ અઝહામાં પહેલી રકાતમાં પાંચ અને બીજી રકાતમાં ચાર કુનૂત છે.

**<u>મસઅલો ૧૧૨૭</u>** : મુસ્તહબ છે કે કુનૂત પડતી વખતે હાથોને ચહેરા સામે રાખે, અને હથેળીઓને એકમેકથી મીલાવીને આસમાન સામે ગોઠવે, હાથના અંગુઠા સિવાય બાકીની આંગળીઓને મીલાવીને રાખે અને પોતાની નજર હથેળીઓ ઉપર રાખે.

**<u>મસઅલો ૧૧૨૮</u>** : કુનૂતમાં કોઈ પણ ઝિક્ર પડી શકાય છે, બલ્કે ફકત 'સુબ્હાનલ્લાહ' કહે તો પણ કાફી છે. બેહતર છે કે કુનૂતમાં આ મુજબ પડે.

**'લા એલાહ ઇલ્લલ્લાહુલ હલીમુન કરીમ, લા એલાહ ઈલ્લલ્લાહુલ અલિય્યુલ અઝીમ, સુબ્હાનલ્લાહે રબ્બીસ સમાવાતિસ સબએ વ રબબિલ અરઝીનસ સબએ વ મા ફી હિન્ન વ મા બયન હુન્ન વ રબ્બીલ અરશિલ અઝીમ, વલ હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન.'**

**<u>મસઅલો ૧૧૨૯</u>** : મુસ્તહબ છે કે કુનૂતને અવાજથી પડવામાં આવે, પણ જે શખ્સ નમાઝે જમાઅત પડતો હોય, અને અવાજથી કુનૂત પડવાથી ઈમામે જમાઅત એ સાંભળી શકે તેમ હોય, તો અવાજથી પડવું તેવા શખ્સ માટે મુસ્તહબ નથી.

**<u>મસઅલો ૧૧30</u>** : અગર કોઈ શખ્સ જાણીબુજીને કુનૂત ન પઢે, તો એની કોઈ કઝા નથી અને જો ભૂલી જાય, અને રૂકૂઅ સુધી પહોંચ્યા પહેલા યાદ આવે તો મુસ્તહબ છે કે ઉભા થઈને કુનૂત પડે, જો રૂકૂઅમાં દાખલ થઈ ગયા પછી યાદ આવે તો મુસ્તહબ છે કે રૂકૂઅ બાદ કઝા આપે અને જો સજદામાં યાદ આવે તો મુસ્તહબ છે કે નમાઝની સલામ પડી લીધા બાદ તેની કઝા આપે.

## નમાઝનો તરજુમો

### ૧. સૂરએ અલ-હમ્દનો તરજુમો :

**બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ :**

શરૂ કરૂં છું અલ્લાહના નામથી જેની દયા અને મહેરબાની વિશાળ છે, તેની રેહમત શરૂથી આખર સુધી છે.

**અલ હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન :**

તમામ વખાણ ખાસ ખુદા માટે જ છે, જે સમસ્ત મખલુકની પરવરીશ કરનાર છે.

**અર રહમાનિર્ર રહીમ :**

તેની રેહમત શરૂથી આખર સુધી છે.

**માલેકે યવમિદ દીન :**

એ શક્તિમાન ઝાત કે જે કયામતના દિવસનો માલિક છે.

**ઈય્યાક નઅબોદો વ ઈય્યાક નસ્તઈન :**

માત્ર તારી જ બંદગી કરીએ છીએ; અને ફકત તારી પાસેથી જ મદદ માંગીએ છીએ.

**એહદેનસ સેરાતલ મુસ્તકીમ :**

તું સીધા રસ્તા તરફ અમારી હીદાયત ફરમાવ.

**સેરાતલ લઝીન અન્અમત અલય્હિમ, :**

એવા લોકોની રાહ કે જેમને તે તારી નેઅમતોથી નવાજયા છે,

**ગયરિલ મગઝૂબે અલય્હિમ વલઝ ઝાલ્લીન :**

એવા લોકોની રાહ નહીં કે જેમના ઉપર તારો કોપ નાઝીલ થયો હોય, અને ન એવા લોકોની રાહ કે જેઓ ગુમરાહ છે.

**૨. સૂરએ કુલ હુવલ્લાહો અહદનો તરજુમો :**

**બિસમિલ્લાહિર્ર રહમાનિર્ર રહીમ :**

(તરજુમો ઉપર લખી ચૂક્યા છીએ)

**કુલ હોવલ્લાહો અહદ :**

કહો કે ખુદા એક જ છે.

**અલ્લાહુસ સમદ :**

એ ખુદા કે જે તમામ મવજુદાતથી બેનીયાઝ છે.

**લમ યલિદ વ લમ યુલદ :**

એણે જન્મ દીધો નથી, અને જન્મ લીધો નથી.

**વ લમ યકુલ્લહુ કોફોવન અહદ :**

અને ન કોઈ એક તેના જેવો છે.

**3. રૂકૂઅ, સુજુદ અને બીજા ઝીક્રનો તરજુમો :**

**સુબ્હાન રબ્બેયલ અઝીમે વ બે હમ્દેહ :**

મારો મહાન પાલનહાર તમામ અયબથી પાક છે, અને હું એની સ્તુતિ કરી રહ્યો છું.

**સુબ્હાન રબ્બેયલ અઅલા વ બે હમ્દેહ :**

મારો પાલનહાર સૈ ાથી બુલંદ છે, તમામ અયબથી પાક છે અને હું એની સ્તુતિ કરી રહ્યો છું.

**સમેઅલ્લાહો લે મન હમેદહ :**

ખુદા એની સ્તુતિ કરનારની પ્રસંશાને સાંભળે અને કબુલ ફરમાવે.

**અસતગ્ફેરૂલ્લાહ રબ્બી વ અતૂબો એલય્હ :**

ખુદા પાસે માફી ચાહું છું, કે જે મારો પાલનહાર છે, અને એની તરફ પાછો વળું છું.

**બે હવલિલ્લાહે વ કુવ્વતેહી અકૂમો વ અકઊદ :**

અલ્લાહની મદદથી અને એની તાકાતથી ઉભો થાઉં છું, અને બેસું છું.

**૪. કુનૂતનો તરજુમો :**

**લા એલાહ ઈલ્લલ્લાહુલ હલીમુન કરીમ :**

બંદગીને પાત્ર કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ, કે જે સહનશીલતા અને ક્ર્તિ ીવાળો છે.

**લા એલાહ ઈલ્લલ્લાહુલ અલીય્યુલ અઝીમ :**

એટલે બંદગીને પાત્ર કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ કે જે બુલંદ મરતબાવાળો અને મહાન છે.

**સુબ્હાનલ્લાહે રબ્બીસ્સમાવાતિસ સબ્એ વ રબ્બુલ અરઝીનસ્સબએ**

એટલે કે પવિત્ર છે એ અલ્લાહ કે જે સાતેય આસમાન અને સાતય જમીનનો પાલનહાર છે.

**વમા ફી હિન્ન વમા બય્ન હુન્ન વ રબ્બીલ અરશિલ અઝીમ :**

તે જમીનમાં અને આસમાનમાં તેમજ તેમના વચ્ચે દરેક વસ્તુનો પાલનહાર છે, અને મહાન અર્શનો માલિક છે.

**વલ હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન :**

સર્વ વખાણ અને સ્તુતિ ખાસ એ અલ્લાહ માટે છે જે તમામ મવજુદાતનો પાલનહાર છે.

**તસ્બીહાતે અરબાનો તરજુમો :**

**સુબ્હાનલ્લાહે વલ હમ્દો લિલ્લાહે વ લા એલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર.**

અલ્લાહ તમામ અયબ અને ક્ષતિથી પાક છે, તમામ સ્તુતિ ખાસ અલ્લાહ માટે જ છે, અને અલ્લાહ સિવાય બંદગીને પાત્ર કોઈ ખુદા નથી, અને અલ્લાહ તમામ વર્ણનથી મહાન છે.

**તશહહુદ અને સલામનો તરજુમો :**

**અલ હમ્દો લિલ્લાહ, અશ્હદો અલ લા એલાહ ઈલ્લલ્લાહો વહદહૂ લા શરીક લહૂ**

તમામ વખાણ અને સ્તુતિ ખાસ અલ્લાહ માટે છે. હું ગવાહી આપું છું કે બંદગીને પાત્ર કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ, કે જે એક છે, અને તેનો કોઈ ભાગીદાર નથી.

**વ અશહદો અન્ન મોહમ્મદન અબ્દોહૂ વ રસુલોહ**

અને ગવાહી આપું છું કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ખુદાના બંદા અને તેના તરફથી મોકલવામાં આવેલ પયગમ્બર છે.

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિંવ વ આલે મોહમ્મદ**

અય અલ્લાહ, તું મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને તેમની આલ ઉપર રહેમત મોકલ.

**વ તકબ્બલ શફાઅતહૂ વરફઅ દરજતહ**

તું પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની શફાઅત કબુલ ફરમાવ, અને તારી બારગાહમાં એમના દરજ્જાને બુલંદ કર.

**અસ્સલામો અલય્ક અય્યોહન નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહ**

સલામ થાય તમારા ઉપર અય નબી, અને તમારા ઉપર અલ્લાહની રહેમત અને બરકત નાઝીલ થાય.

**અસ્સલામો અલયના વ અલા એબાદીલ્લાહીસ્સાલેહીન**

ખુદા તરફ અમારા સૌ ઉપર સલામ થાય, અને અલ્લાહના નેક બંદાઓ ઉપર સલામ થાય.

**અસ્સલામો અલય્કુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ**

અલ્લાહના સલામ તમે સૌ ઈમાન લઈ આવનારાઓ ઉપર થાય, અને તમારા ઉપર અલ્લાહની રહેમત અને બરકત નાઝીલ થાય.

## તઅકીબાત

**મસઅલો ૧૧૩૧** : મુસ્તહબ છે કે નમાઝ પડયા બાદ ઈન્સાન થોડોક સમય તઅકીબાતમાં ગુજારે, એટલે કે અમુક ઝીક્ર, દુઆઓ અને કુરઆનની આયતો પડે. બેહતર એ છે કે પોતાની જગ્યાએથી હટવા અને વઝુ, ગુસ્લ અને તયમ્મુમ બાતિલ થાય એથી પહેલા કિબ્લા સામે બેસીને તઅકીબાત પઢે, અને તઅકીબાતનું અરબી ભાષામાં હોવું જરૂરી નથી. પરંતુ દુઆની કિતાબોમાં જે દુઆઓ માટે ભલામણ થઈ છે તે દુઆઓ પઢવી બેહતર છે.

જે તઅકીબાત ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે, તેમાં સૌથી વિશેષ તસ્બીહે હઝરત ફાતેમહ સલા. ઉપર તાકીદ થઈ છે. અને તેની રીત આ મુજબ છે : ૩૪ વખત અલ્લાહો અકબર, ૩૩ વખત અલ હમ્દોલીલ્લાહ, અને ૩૩ વખત સુબ્હાનલ્લાહ, અગર કોઈ એ તસ્બીહમાં સુબ્હાનલ્લાહને અલહમ્દોલીલ્લાહથી પહેલા પડે તો વાંધો નથી, પણ બેહતર છે કે અલ હમ્દોલીલ્લાહ પહેલા પડે.

**મસઅલો ૧૧૩૨** : નમાઝ બાદ મુસ્તહબ છે કે ઈન્સાન શુકરનો સીજદો કરે, અને તે માટે માત્ર પેશાનીને શુકરની નિય્યતથી જમીન ઉપર મુક્વું કાફી છે. પણ બેહતર છે કે સો વખત, યા ત્રણ વખત યા એક વાર શુકરન લિલ્લાહ પડે, યા અફવન કહે. ઉપરાંત જયારે પણ ઈન્સાનને કોઈ નવી નેઅમતની નવાજીશ થાય, અથવા કોઈ સંકટ, બલા દૂર થાય, ત્યારે શુકરનો સીજદો કરવો મુસ્તહબ છે.

## પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ઉપર સલવાત

**મસઅલો ૧૧૩૩** : જયારે પણ ઈન્સાન હઝરત રસૂલે ખુદા સલલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનું નામ સાંભળે જેમકે, મોહમ્મદ, અહમદ, અથવા એમનો લકબ કે એમની કુન્નીયત સાંભળે, જેમકે મુસ્તફા, અબુલ કાસીમ ; અથવા પોતે પોતાને મોઢે કહે, અગરચે નમાઝની હાલતમાં હોય, ત્યારે એમના ઉપર સલવાત મોકલવી મુસ્તહબ છે.

**મસઅલો ૧૧૩૪** : જયારે પણ હઝરત રસૂલે ખુદા સ.અ.વ.નું નામ લખે ત્યારે ત્યારે પણ મુસ્તહબ છે કે સલવાત લખે ; ઉપરાંત બેહતર છે કે જયારે પણ આપને યાદ કરે કે એમના વિષે કાંઈ બોલે ત્યારે સલવાત પડે.

## નમાઝને બાતિલ કરનારી (તોડનારી) વસ્તુઓ

**મસઅલો ૧૧૩૫** : બાર બાબતો નમાઝને તોડનારી છે, જેને ‘મુબ્તેલાત’ તરીકે ઓળખવામાં

આવે છે.

**(૧)** નમાઝ દરમ્યાન નમાઝ સહીહ હોવાની કોઈ પણ શરત જો બાકી ન રહેવા પામે, જેમકે નમાઝમાં ખબર પડે કે કપડાથી એણે પોતાની શરમગાહ છુપાવી છે એ ગસ્બી છે, તો નમાઝ બાતિલ છે.

**(૨)** નમાઝ દરમ્યાન જાણી બુજીને, યા ભૂલથી યા લાચારીથી કોઈ પણ એવી બાબત બને કે જેથી વઝુ અથવા ગુસ્લ બાતિલ થઈ જાય, જેમકે પેશાબના ટીપાં બહાર આવે તો નમાઝ બાતિલ છે, અને એહતીયાતની રૂએ અગરચે એ ભૂલથી કે લાચારીથી નમાઝના છેલ્લા સજદા બાદ પણ હોય, તો પણ નમાઝ બાતિલ છે.

પરંતુ જે શખ્સ બીમારીને કારણે પેશાબ, પાયખાનાને રોકી ન શકતો હોય, અને નમાઝમાં એ ખારીજ થાય તો અગાઉ વઝુના એહકામમાં જે મસઅલા જણાવવામાં આવ્યા છે, તે મુજબ અમલ કરે તો નમાઝ બાતિલ નહીં થાય, એવી જ રીતે નમાઝ દરમ્યાન અગર મુસ્તહાઝા ઓરતથી લોહી ખારીજ થાય, તો અગર ઈસ્તેહાઝાના બતાડવામાં આવેલા હુકમો અનુસાર કરેલ હોય તો નમાઝ સહીહ રહેશે.

**<u>મસઅલો ૧૧૩૬</u>** : અગર કોઈ શખ્સ બેઈખ્તીયારીની હાલતમાં નિંદ્રાવશ થઈ જાય અને એને ખ્યાલ ન રહે કે નમાઝ દરમ્યાન તેને ઉંઘ ચડી ગઈ હતી કે નમાઝ બાદ, તો એના માટે નમાઝ ફરીથી પડવી લાઝિમ નથી, પણ એ શરતે કે એને એ બાબતની જાણ હોય કે જે નમાઝ એણે પડી છે, એ સામાન્ય નમાઝની રીત મુજબ પડી છે.

**<u>મસઅલો ૧૧૩૭</u>** : અગર કોઈ શખ્સ જાણતો હોય કે ઈખ્તીયારની સાથે નિંદ્રાવશ થયો હતો, પણ એ વાતે શક જાગે કે નમાઝ બાદ ઊંઘ ચડી ગઈ હતી કે નમાઝ દરમ્યાન ખ્યાલ ન રહેતા ઊંઘી ગયો હતો, તો તેની નમાઝ ઉપર જણાવેલ મસઅલામાં જે શરત છે, તે પૂરી થતા સહીહ ગણાશે.

**<u>મસઅલો ૧૧૩૮</u>** : અગર કોઈ શખ્સ સજદાની હાલતમાં જાગૃત થાય, અને શક કરે કે એ સજદો નમાઝનો છેલ્લો સજદો છે કે સજદ-એ-શુક્ર છે, તો અગર એ બેઈખ્તીયારીની હાલતમાં સૂઈ ગયો હોય, તો નમાઝ ફરીથી પડવી જરૂરી છે.

પણ એ જાણતો હોય કે ઈખ્તીયારથી સૂઈ ગયો હતો અને એવું ગુમાન થાય કે ગફલતને કારણે સજદામાં ઊંઘ ચડી ગઈ હતી, તો એની નમાઝ સહીહ છે.

**(૩)** નમાઝમાં વિનમ્રતા કે અદબની નિય્યતથી અદબ વાળીને ઉભા રહેવું એહતીયાતની રૂએ નમાઝને બાતિલ કરશે અને અગર શરીઅતનો હુકમ છે એમ સમજીને એવું કરે તો બેશક એ હરામ છે.

**મસઅલો ૧૧૩૯** : કોઈ શખ્સ ભૂલથી, લાચારીથી, તકય્યાને કારણે અથવા ખંજવાળવા માટે હાથ ઉપર હાથ રાખે, તો વાંધો નથી.

**(૪)** સૂરએ અલહમ્દ પડયા બાદ આમીન કહેવું નમાઝને બાતિલ કરશે, પણ કુરાદા નમાઝમાં નમાઝનું બાતિલ થવું એહતીયાતની રૂએ છે અને જો કોઈ એને શરીઅતનો હુકમ જાણીને પડે તો તેના હરામ હોવામાં કોઈ શક નથી. બહરહાલ, ભૂલથી કે તકય્યાની હાલતમાં અગર કોઈ નમાઝમાં આમીન કહે તો વાંધો નથી.

**(૫)** કોઈ પણ જાતના ઉઝર વિના કિબ્લાથી ફરી જવાથી નમાઝ બાતિલ થશે. પણ જો કોઈ ઉઝર હોય, જેમકે ભૂલી ગયો હોય, અથવા કોઈ બેઈખ્તીયારી હોય, જેમકે સખત પવન ફુંકાતો હોય અને એ કિબ્લાથી ફરી જાય, તો એવા સંજોગમાં જો એનું મોઢું જમણી યા ડાબી દિશા તરફ ન ફર્યું હોય તો નમાઝ સહીહ છે, પણ જરૂરી છે કે ઉઝર બરતરફ થયા બાદ તરત જ કિબ્લા તરફ ફરી જાય.

પણ જો એ જમણી યા ડાબી દિશા તરફ ફરી ગયો હોય, અગરચે પીઠ કિબ્લા તરફ ન થઈ હોય, અને અગ ભૂલી જવાને કારણે એમ થયું હોય તો યાદ આવતાં નમાઝ તોડીને કિબ્લા તરફ રહીને ફરીથી અદા કરે, પણ એ શરતે કે નમાઝના વખતની અંદર ઓછામાં ઓછી એક રકાત પણ અદા કરી શકતો હોય; નહીંતર એ જ નમાઝ કાફી ગણાશે, અને તેના ઉપર કઝા જરૂરી નથી.

એવી જ રીતે જો બેઈખ્તીયારીથી એનું મોઢું કિબ્લાથી ફરી ગયું હોય, તો અગર કિબ્લા તરફ નમાઝના વખતની અંદર ઓછામાં ઓછી એક રકાત પણ પડી શકતો હોય, તો નમાઝ ફરીથી પડે, અને નહીંતર એ જ નમાઝ કાફી ગણાશે અને ફરીથી પડવું કે કઝા પઢવાની જરૂરી નથી.

**મસઅલો ૧૧૪૦** : અગર કોઈ શખ્સ ફકત પોતાના ચહેરાને કિબ્લા તરફથી ફેરવે, પણ એનું શરીર કિબ્લા તરફ જ રહે, તો અગર ચહેરાને ફેરવવાથી તેની ડોક એટલી વાંકી થાય કે પોતાની ગરદનનો પાછલો હિસ્સો જોઈ શકે, તો તેનો હુકમ ઉપર જણાવ્યા મુજબ કિબ્લાથી ફરી જવાવાળા મુજબ થશે. પણ અગર એટલી હદ સુધી ડોક વાંકી ન થઈ હોય, અને જોનારને એમ જ જણાય કે શરીરનો સામેનો હિસ્સો કિબ્લા ભણી છે તો નમાઝ બાતિલ નહીં ગણાય, અલબત્ત એ કાર્ય મકરૂહ છે.

**(૬)** નમાઝમાં જાણીબુજીને વાત કરવી નમાઝને બાતિલ કરશે, અગરચે એ વાતમાં માત્ર એક જ અક્ષરનો ઉપયોગ થયો હોય, અને એ એક અક્ષરનો કોઈ અર્થ હોય, જેમકે અરબીમાં 'કી'નો અર્થ થાય છે પોતાની 'સંભાળ રાખ, પોતાને બચાવ' અથવા કોઈ એમ પુછે કે અરબીના મૂળાક્ષરોમાં બીજો અક્ષર ક્યો છે અને કોઈ જવાબમાં કહે 'બે' તો કારણ કે એ અક્ષરનો

ભાવાર્થ છે, નમાઝમાં તેનો ઉચ્ચાર નમાઝને બાતિલ કરશે. પણ જો ભાવાર્થ વિનાનો ઉચ્ચાર હોય અને અગર બે યા એથી વિશેષ અક્ષરોથી બનેલો હોય, તો એહતીયાતની રૂએ નમાઝ બાતિલ કરશે.

**મસઅલો ૧૧૪૧** : અગર કોઈ શખ્સ ભૂલથી કોઈ એવો શબ્દ ઉચ્ચારે કે જે બે યા બેથી વધુ અક્ષરોથી બનેલો હોય, તો અગરચે અર્થ ધરાવતો હોય, તો પણ નમાઝ બાતિલ નહીં થાય. પણ એહતીયાતની રૂએ જરૂરી છે કે નમાઝ પૂરી કર્યા બાદ સજદ-એ-સહવ કરે. આ વિષે ખુલાસો આગળ જતાં આવશે.

**મસઅલો ૧૧૪૨** : ખાંસી ખાવી, ઓડકાર લેવો, નમાઝમાં વાંધાજનક નથી, પણ એહતીયાતે લાઝિમની રૂએ નમાઝમાં ઈખ્તીયારની હાલતમાં નિસાસો ન મુક્વો જોઈએ અને 'અરે' કે 'આહ' જેવા શબ્દો અગર કોઈ જાણીબુજીને ઉચ્ચારે તો નમાઝ બાતિલ થશે.

**મસઅલો ૧૧૪૩** : અગર કોઈ શખ્સ કોઈ શબ્દ કે વાકય ઝીક્રની નિય્યતથી પડે, જેમકે ઝીક્રની નિય્યતથી 'અલ્લાહો અકબર' કહે, પણ એને એવી રીતે અવાજથી પડે કે જેથી બીજા શખ્સનું કોઈ વાત તરફ ધ્યાન ખેંચવા માગે તો તેમાં વાંધો નથી. યા ઝીક્રની નિય્યતથી ઉચ્ચાર કરે, અને જાણતો હોય કે તેમ કરવાથી કોઈ શખ્સ તેના ઈરાદાને સમજી શકશે તો પણ વાંધો નથી. પણ જો બીલકુલ ઝીકરની નિય્યત ન કરે, અથવા બે નીય્યતો ભેગી કરે, એટલે કે ઝીક્રની પણ નિય્યત હોય અને સામેવાળાને કાંઈ સમજાવવાની નિય્યત કરે, તો તેમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૧૪૪** : વાજિબ સજદાની ચાર આયતો સિવાય નમાઝમાં કુરઆનની આયતો પડવી, દુઆ કરવી વાંધાજનક નથી, પણ એહતીયાતે મુસ્તહબ છે કે અરબીમાં જ દુઆ કરે.

**મસઅલો ૧૧૪૫** : અગર સૂરએ હમ્દ કે બીજા સૂરાની આયતો યા ઝીક્રને નમાઝમાં જાણીબુજીને વારંવાર દોહરાવે, અથવા એહતીયાતની રૂએ એવું કરે કે જેથી ચીવટપૂર્વક સહીહ ઉચ્ચાર થાય, તો વાંધો નથી. પણ એ દોહરાવવામાં ફરીને ફરી પડાતી આયતોને નમાઝનો વધારાનો ભાગ ન સમજે.

**મસઅલો ૧૧૪૬** : નમાઝની હાલતમાં ઈન્સાને કોઈ ઉપર સલામ ન કરવી જોઈએ પણ જો કોઈ બીજો એને સલામ કરે તો જવાબ આપવો જરૂરી છે પણ એ જવાબ સલામ કરનારના શબ્દોમાં જ હોવો જોઈએ. એટલે કે સલામ કરનારે જે રીતે સલામ કરી હોય તેમાં ઉમેરો ન કરે, જેમકે 'સલામુન અલયકુમ'ના જવાબમાં 'સલામુન અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ' ન કહે બલ્કે જો સલામ

કરનારે 'સલામુન અલયકુમ' કહ્યું હોય તો એહતીયાતે વાજિબની રૂએ જવાબમાં 'અલયકુમ કે અલયક'ને સલામ શબ્દની આગળ ન મુકે.

એહતીયાતે મુસ્તહબ એ છે કે સલામ કરનારે જેટલા શબ્દો ઉપયોગમાં લીધા હોય જવાબમાં એ જ શબ્દોનો ઉચ્ચાર કરે. અગર એણે 'સલામુન અલયકુમ' કહ્યું હોય તો જવાબમાં 'સલામુન અલયકુમ' કહે, અને જો એણે 'અસ્સલામો અલયકુમ' કહ્યું હોય તો જવાબમાં પણ 'અસ્સલામો અલયકુમ' કહે. એવી જ રીતે જો એણે 'સલામુન અલયક' કહ્યું હોય તો એને એટલો જ જવાબ આપે પણ જો સલામ કરનારે 'અલયકુમુસ્સલામ' કહ્યું હોય તો જવાબમાં ચાહે એ ફેર કરી શકશે.

**મસઅલો ૧૧૪૭** : સલામનો જવાબ, નમાઝની હાલતમાં કે એ સિવાયના સંજોગોમાં, તરત જ આપવો જોઈએ. પણ અગર કોઈ જાણી બુજીને યા ભૂલી જવાથી સલામનો જવાબ દેવામાં એટલી ઢીલ કરે કે હવે જો જવાબ આપે તો એ સલામનો જવાબ જ ન ગણી શકાય, તો જો નમાઝની હાલતમાં એવું બને, તો જવાબ ન દેવો જોઈએ, અને નમાઝ સિવાયની હાલત હોય તો એટલા વિલંબ પછી જવાબ દેવો વાજિબ નથી.

**મસઅલો ૧૧૪૮** : સલામનો જવાબ એવી રીતે દેવો જોઈએ કે સલામ કરનાર તેને સાંભળે, પણ જો સલામ કરનાર બહેરો હોય, અથવા સલામ કરનાર સલામ કરીને ઝડપથી પસાર થઈ જાય, તો અગર હાથના ઈશારા વિગેરે થી તેને જવાબ સમજાવી શકાય તો તેમ કરવું જરૂરી છે. પણ જો એ શક્ય ન હોય તો સામાન્ય સંજોગોમાં જવાબ દેવો વાજિબ નથી, અને નમાઝની હાલતમાં જવાબ દેવો જાએઝ નથી.

**મસઅલો ૧૧૪૯** : વાજિબ છે કે નમાઝ પડનાર સલામનો જવાબ સલામની નિય્યતથી આપે, અને જો દુઆની નિય્યતથી જવાબ આપે તો પણ વાંધો નથી, એટલે કે ખુદા પાસે સલામ કરનારની સલામતી ઈચ્છે છે.

**મસઅલો ૧૧૫૦** : અગર સ્ત્રી કે નામેહરમ પુરૂષ અથવા સમજદાર બાળક કે જે સારૂં નરસુ સમજી શકે, નમાઝીને સલામ કરે તો નમાઝી ઉપર તેનો જવાબ દેવો વાજિબ છે. જો સ્ત્રી સલામ કરતી વખતે 'સલામુન અલયક' કહે, તો તેના જવાબમાં 'સલામુન અલયકી' કહી શકે છે, એટલે કે નારી જાતીના સંબોધન માટે 'કાફ'ને કસરા (ઝેર) આપી શકશે.

**મસઅલો ૧૧૫૧** : અગર નમાઝ પડનાર સલામનો જવાબ ન આપે, તો ગુનેહગાર થશે, પણ તેની નમાઝ બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૧૫૨** : અગર કોઈ શખ્સ નમાઝ પડનારને ગલત સલામ કરે, કે જે સલામ ન ગણી શકાય, તો જવાબ દેવો જાઈઝ નથી.

**મસઅલો ૧૧૫૩** : જો સલામ કરનાર ઠઠ્ઠા મશ્કરીમાં સલામ કરે તો તેનો જવાબ દેવો વાજિબ નથી અને ગેરમુસ્લિમ સ્ત્રી કે પુરૂષ અગર ઝિમ્મી ન હોય, તો તેનો સલામનો જવાબ દેવું વાજિબ નથી અને જો ઝિમ્મી હોય તો એહતીયાતે વાજિબની રૂએ જવાબમાં ફકત 'અલય્ક' કહેવું જોઈએ.

**મસઅલો ૧૧૫૪** : અગર સલામ કરનાર હાજર રહેલા અસંખ્ય લોકો ઉપર સલામ કરે, તો દરેક ઉપર જવાબ દેવો વાજિબ છે. પણ જો એમાંનો એક જવાબ દઈ દીએ તો કાફી ગણાશે.

**મસઅલો ૧૧૫૫** : અગર કોઈ શખ્સ અમુક લોકો ઉપર સલામ કરે, અને એ સલામનો જવાબ એવો શખ્સ આપે કે જેને સલામ કરનારે મુરાદ લીધો ન હોય, તો એ લોકો ઉપર સલામનો જવાબ દેવો વાજિબ રહેશે.

**મસઅલો ૧૧૫૬** : અગર કોઈ શખ્સ અમુક લોકો ઉપર સલામ કરે, અને એમના વચ્ચે એક શખ્સ નમાઝમાં મશ્ગુલ હોય, જે શક કરે કે સલામ કરનારે સલામ કરતી વેળા તેને પણ શામીલ કર્યો હતો કે નહીં, તો તેના માટે હુકમ છે કે જવાબ ન આપે. એવી જ રીતે જો એ જાણતો હોય કે એને પણ શામીલ કર્યો હતો, પણ બીજા કોઈએ જવાબ દીધો છે, તો જવાબ ન દેવો જોઈએ. અલબત્ત જો એ જાણતો હોય કે સલામ કરનારે એને પણ શામીલ કર્યો હતો, અને કોઈએ જવાબ આપ્યો નથી, તો પછી તેના માટે જરૂરી છે કે જવાબ આપે.

**મસઅલો ૧૧૫૭** : સલામ કરવી મુસ્તહબ છે, અને ખાસ તાકીદ કરવામાં આવી છે કે જે સવાર હોય તે પગે ચાલનારા ઉપર, જે ઊભો હોય તે બેઠેલા ઉપર અને જે નાના હોય તે બુઝુર્ગ ઉપર સલામ કરે.

**મસઅલો ૧૧૫૮** : અગર બે જણ એકબીજાને એકી સાથે સલામ કરે, તો એહતીયાતે વાજિબની રૂએ બંનેએ એકબીજાના સલામનો જવાબ આપવો જોઈએ.

**મસઅલો ૧૧૫૯** : નમાઝ સિવાયના સંજોગમાં મુસ્તહબ છે કે સલામનો જવાબ સલામ કરતા વધુ બેહતર રીતે આપે. દાખલા તરીકે જો કોઈ 'સલામુન અલયકુમ' કહે, તો જવાબમાં 'સલામુન અલયકુમ વરહમતુલ્લાહ' કહે.

**(૭)** નમાઝમાં જાણી જોઈને અવાજથી હસવાથી નમાઝ બાતિલ થાય છે; અને અગર હાસ્યનો સંજોગ ઈખ્તીયારથી સર્જાવવામાં આવેલો હોય, તો બેકાબુ થઈને બેઈખ્તીયાર હસવાવાળાની

નમાઝ પણ બાતિલ ગણાશે. બલ્કે એહતીયાત એ છે કે જો હાસ્યનો સંજોગ ઈખ્તીયારથી સર્જાયો ન હોય તો પણ અવાજથી હસવાથી નમાઝ બાતિલ થશે. પણ અગર કોઈ ભૂલથી અવાજથી હસે, અથવા જાણી બુજીને અવાજ વગરનું હાસ્ય કરે, તો નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૧૬૦** : અગર કોઈ માણસ હાસ્યના અવાજને રોકવાનો પ્રયત્ન કરે, અને તેમ કરવા જતાં તેની હાલત બદલે, જેમકે ચહેરાનો રંગ લાલ થઈ જાય, તો એહતીયાતે વાજિબ છે કે ફરીથી નમાઝ પડે.

**(૮)** એહતીયાતે વાજિબની રૂએ નમાઝમાં દુન્યવી કારણોસર અવાજથી યા વગર અવાજે રડવાથી નમાઝ બાતિલ થાય છે. પણ અગર કોઈ શખ્સ ખુદાના ખોફથી અથવા આખેરતના ખ્યાલથી રડે, ચાહે એ રડવું અવાજથી હોય યા અવાજ વગર હોય, તેની નમાઝ સહીહ છે. બલ્કે એ રડવું શ્રેષ્ઠ કાર્યોમાં ગણાશે.

**(૯)** કોઈ પણ એવું કાર્ય જેને પરિણામે નમાઝની સૂરત બદલી જાય, જેમકે, પોતાને પંખો કરવો વી. તો એ જાણી બુજીને કરે અથવા ભૂલી જઈને કરે, નમાઝ બાતિલ થશે. અલબત્ત, અમુક એવું કામ કે જેથી નમાઝની સૂરત બદલતી નથી, જેમકે હાથથી કોઈ મુખ્તસર ઈશારો કરવાથી નમાઝ બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૧૬૧** : અગર કોઈ શખ્સ નમાઝ દરમ્યાન એટલી ખામોશી ધારણ કરે કે જોનાર એમ સમજે કે નમાઝની હાલતમાં નથી, તો નમાઝ બાતિલ થશે.

**મસઅલો ૧૧૬૨** : અગર કોઈ માણસ નમાઝ દરમ્યાન સૂરત બદલી શકે એવું કાર્ય અંજામ આપે, અથવા લાંબી મુદ્દત સુધી શાંત રહે, અને પછી શક કરે કે નમાઝની સૂરત બદલી ગઈ કે નહીં, તો એના માટે હુકમ છે કે ફરીથી નમાઝ પડે, પણ બેહતર એ છે કે એ નમાઝને પૂરી કર્યા બાદ બીજીવાર અદા કરે.

**(૧૦)** નમાઝ દરમ્યાન એવી રીતે ખાવું પીવું કે એવું વર્તાય (લાગે) કે જાણે નમાઝ પડી રહ્યો નથી, ચાહે જાણીબુજીને કરે યા ભૂલી જઈને કરે, એ નમાઝ બાતિલ ગણાશે.

પણ અગર કોઈ શખ્સ રોઝો રાખવા માંગતો હોય, અને સુબ્હે સાદિક થાય એથી પહેલા કોઈ મુસ્તહબ નમાઝ દરમ્યાન એને તરસ લાગે, અને એને એવી બીક હોય કે નમાઝ પૂરી થતાં સુબ્હે સાદિકનો સમય આવી પહોંચશે, તો અગર પાણી બે-ત્રણ કદમ દૂર હોય તો નમાઝ દરમ્યાન પાણી પી શકે છે. પણ તેમ કરવા જતા નમાઝને બાતિલ કરનાર કોઈ કાર્ય ન કરે, જેમકે કિબ્લાથી મોઢું ન ફેરવે.

**મસઅલો ૧૧૬૩** : અગર કોઈ શખ્સ જાણીબુજીને નમાઝ દરમ્યાન ખાય યા પીએ, અને નમાઝની સૂરત ન બદલવા પામે, તો પણ એહતીયાતે વાજિબની રૂએ નમાઝ ફરીથી પઢશે અને મવાલાતમાં ફેર પઢે તો પણ નમાઝ ફરીથી પઢવી જોઈએ.

**મસઅલો ૧૧૬૪** : અગર નમાઝ દરમ્યાન મોઢામાં કે દાંતમાં રહી ગયેલું અનાજ ઉતારી લ્યે તો નમાઝ બાતિલ નથી. એવી જ રીતે સાકર કે ખાંડની ઝીણી કણો રહી ગઈ હોય, જે ધીમે ધીમે ઓગળીને ગળાની નીચે ઉતરી જાય, એથી નમાઝ બાતિલ નહીં થાય.

**(૧૧)** અગર કોઈને બે રકાતવાળી નમાઝ, ત્રણ રકાતવાળી નમાઝ, અને ચાર રકાતવાળી નમાઝની પહેલી બે રકાતોમાં, રકાતની સંખ્યા બારામાં શક થાય, અને એ દૂર ન થાય, તો નમાઝ બાતિલ છે.

**(૧૨)** (અ) અગર કોઈ શખ્સ રૂકની વાજિબ અમલ જાણીજોઈને યા ભૂલી જવાથી ન બજાવી લાવે.

(બ) યા જે વાજિબ રૂકની નથી તેને જાણીજોઈને મૂકી આપે.

(ક) યા નમાઝમાં જાણીજોઈને કાંઈ વધારો કરે.

તો નમાઝ બાતિલ થશે, એવી જ રીતે અગર રૂકની વાજિબ અમલમાં ભૂલથી વધારો કરે, એટલે કે એક રકાતના રૂકૂઅ કે બે સજદામાં ભૂલથી ઉમેરો કરે, તો એહતીયાતે વાજિબની રૂએ તેની નમાઝ બાતિલ છે. પણ ભૂલથી અગર કોઈ તકબીરતુલ એહરામ વધુ બજાવી લાવે તો નમાઝ બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૧૬૫** : અગર કોઈ શખ્સ નમાઝ પૂરી કર્યા બાદ શક કરે કે નમાઝ પડતી વખતે એણે નમાઝને તોડનાર કોઈ કાર્ય કર્યું હતું કે નહીં, તો એની નમાઝ સહીહ છે.

## તે વસ્તુઓ જે નમાઝમાં મકરૂહ છે

**મસઅલો ૧૧૬૬** : નીચે જણાવેલા કાર્યો નમાઝમાં મકરૂહ છે :

**(૧)** નમાઝમાં પોતાનો ચહેરો જમણી યા ડાબી તરફ વાળવો, અગરચે એમ ન કહી શકાય કે કિબ્લાથી ફરી ગયો છે ; કારણ કે જો એમ થાય તો ઉપર જણાવી ગયા તેમ નમાઝ બાતિલ થશે.

**(૨)** નમાઝમાં પોતાની આંખો બંધ રાખવી, અથવા જમણા ડાબા તરફ ડોળાં ફેરવવા.

**(૩)** પોતાની દાઢી કે હાથો સાથે રમત કરવી.

**(૪)** બંને હાથોની આંગળીઓ એકમેકમાં પસાર કરવી.

**(૫)** થુંકવું.

**(૬)** કુરઆન, કોઈ પુસ્તક યા વીંટી ઉપર કોતરેલાં કે લખેલાં લખાણો વાંચવા.

**(૭)** અલહમ્દ કે સૂરો પડતી વેળા કોઈની વાતચીત સાંભળવા મૌન ધારણ કરવું.

**(૮)** દરેક એ કાર્ય જે નમાઝમાં ખુશુઅ અને ખુઝૂઅ (વિનમ્રતા, અલ્લાહનો ખૌફ) થી વિરૂદ્ધ હોય, તેનું અંજામ દેવું.

**મસઅલો ૧૧૬૭** : જયારે ઈન્સાનને ઊંઘ આવતી હોય, અને એ જયારે પેશાબ કે પાયખાનાને રોકી રહ્યો હોય, ત્યારે એવી હાલતમાં નમાઝ પડવી મકરૂહ છે. એવી જ રીતે એવા તંગ મોજાં પહેરવા કે જે પગને દબાવે, મકરૂહ છે. એ સિવાય અન્ય મકરૂહ બાબતોનો ઉલ્લેખ ખુલાસાવાર કીતાબોમાં છે.

## એવા પ્રસંગો કે જેમાં વાજિબ નમાઝ તોડી શકાય છે.

**મસઅલો ૧૧૬૮** : એહતીયાતે વાજિબની રૂએ ઈખ્તીયારની હાલતમાં વાજિબ નમાઝને તોડવી હરામ છે, પણ જાન, માલની હીફાઝત માટે, અથવા જાન, માલની નુકસાની રોકવા માટે એમ કરે તો વાંધો નથી. બલ્કે એ દીની અને દુન્યવી સંજોગ મહત્વની ઝીમ્મેદારી નમાઝ પડનાર ઉપર હોય, તે જો આવી પડે તો નમાઝને તોડી શકે છે.

**મસઅલો ૧૧૬૯** : અગર પોતાની જાનની હીફાઝત, અથવા જેની હીફાઝત તેના ઉપર વાજિબ છે, અથવા એ માલ કે જેનું રક્ષણ વાજિબ હોય, તે નમાઝને તોડયા વિના શક્ય ન હોય, તો નમાઝને તોડવી જોઈએ.

**મસઅલો ૧૧૭૦** : જયારે નમાઝના ટાઈમમાં પૂરી ગુંજાઈશ હોય, અને કોઈ શખ્સ નમાઝ પડી રહ્યો હોય ત્યારે કોઈ લેણદાર પોતાનું લેણું માંગે તો જો નમાઝની હાલતમાં અદા કરી શકતો હોય તો એ જ હાલતમાં અદા કરવું જોઈએ. અને જો નમાઝને તોડયા વિના કરજ ભરપાઈ કરવું મુમ્કીન ન હોય, તો જરૂરી છે નમાઝને તોડીને કરજ અદા કરે, અને પછી નમાઝ પડે.

**મસઅલો ૧૧૭૧** : અગર નમાઝ દરમ્યાન ખબર પડે કે મસ્જિદ નજીસ થઈ છે, અને નમાઝનો સમય તંગ હોય, તો પ્રથમ નમાઝ પૂરી કરે અને જો સમય પૂરતો હોય અને મસ્જિદને પાક કરવા જતાં નમાઝની સૂરત ન બદલતી હોય, તો એ જ સ્થિતિમાં એટલે કે નમાઝની હાલતમાં જ મસ્જિદને પાક કરે, અને નમાઝ પૂરી કરે.

પણ જો પાક કરવા જતાં નમાઝની સૂરત બદલી જતી હોય, તો અગરચે નમાઝ બાદ

મસ્જિદને પાક કરવું શક્ય હોય તો પણ નમાઝને તોડવી જાઈઝ છે, પણ જો એને લાગે કે નમાઝ બાદ મસ્જિદને પાક કરવું શક્ય નહીં થાય, તો જરૂરી છે કે નમાઝને તોડી મસ્જિદની તહારત કરે, અને ત્યાર બાદ નમાઝ પડે.

**મસઅલો ૧૧૭૨** : જે સંજોગમાં નમાઝ તોડવી જરૂરી છે, અગર કોઈ પોતાની નમાઝ પૂરી કરે, તો ગુનેહ્ગાર ગણાશે પણ તેની નમાઝ સહીહ છે. જો કે એહ્તીયાતે મુસ્તહબ છે કે ફરીથી નમાઝ પડે.

**મસઅલો ૧૧૭૩** : અગર નમાઝમાં કિરાઅત શરૂ કર્યા પહેલા અથવા રૂકૂઅમાં ગયા પહેલાં કોઈને યાદ આવે કે અઝાન અને એકામહ અથવા એકામહ ભૂલી ગયો છે, તો અગર નમાઝના ટાઈમમાં હજી ગુંજાઈશ હોય તો મુસ્તહબ છે કે તેના માટે નમાઝને તોડે. બલ્કે નમાઝ પૂરી કર્યા પહેલા કોઈ પણ સમયે યાદ આવે કે અઝાન, એકામહ ભૂલી ગયો હતો, તો મુસ્તહબ છે કે તેના માટે નમાઝને તોડે.

## શક્કિયાત

શક્કિયાત નમાઝના ૨૨ પ્રકારો છે, જેમાથી સાત એવા છે કે જેને પરિણામે નમાઝ બાતિલ થાય છે, અને છ એવા છે કે જેના માટે દરકાર ન કરવી જોઈએ, અને નવ પ્રકાર એવા છે કે જે સહીહ ગણાય છે.

## જે શકથી નમાઝ બાતિલ થાય છે.

**મસઅલો ૧૧૭૪** : નમાઝને બાતિલ કરનાર શક નીચે મુજબ છે :

**(૧)** બે રકાતવાળી વાજિબ નમાઝ, જેમકે નમાઝે સુબ્હ અથવા મુસાફરીની કસર નમાઝમાં જો રકાતની સંખ્યા વિષે શક થાય તો નમાઝ બાતિલ છે, પણ મુસ્તહબ નમાઝો અને નમાઝ ઈહ્તેયાતમાં જો એવો શક થાય તો નમાઝને બાતિલ નહીં કરે.

**(૨)** ત્રણ રકાતવાળી નમાઝમાં રકાતની સંખ્યા બારામાં શક.

**(૩)** ચાર રકાતવાળી નમાઝમાં અગર કોઈ શક કરે કે એક રકાત પડી છે યા એથી વધારે, તો નમાઝ બાતિલ છે.

**(૪)** ચાર રકાતવાળી નમાઝમાં બીજા સજદામાં દાખલ થયા પહેલા અગર કોઈ શક કરે કે બે રકાત પડી છે યા એથી વધારે, તો નમાઝ બાતિલ છે.

**(૫)** અગર શક કરે કે બે રકાત પડી છે યા પાંચ, અથવા બે પડી છે કે પાંચથી વધારે, તો

નમાઝ બાતિલ છે.

**(૬)** અગર શક કરે કે ત્રણ રકાત પડી છે કે છ અથવા ત્રણ પડી છે કે છ થી વધારે, તો નમાઝ બાતિલ છે.

**(૭)** અગર શક થાય કે ચાર રકાત પડી છે કે છ, અથવા છ થી વધારે તો નમાઝ બાતિલ છે; જેનો ખુલાસો આગળ જતાં આવશે.

**<u>મસઅલો ૧૧૭૫</u>** : અગર કોઈ શખ્સ નમાઝ દરમ્યાન નમાઝને બાતિલ કરનારી ઉપરોકત શક્કિયાતમાં મુબ્તેલા થાય, તો બેહ્તર એ છે કે તરત જ નમાઝને તોડી ન નાખે બલ્કે એટલો સમય વિચાર કરે કે જેથી નમાઝની સૂરત બદલી જાય, અથવા યકીન કે ગુમાન હાંસિલ કરવાથી નાઉમેદ થઈ જાય.

## તે શક જેની પરવા ન કરવી જોઈએ

**<u>મસઅલો ૧૧૭૬</u>** : જે શકની દરકાર ન કરવી જોઈએ, એ નીચે મુજબ છે :

**(૧)** એ બાબતસર શક, જેને બજાવી લાવવાનો સમય વીતી ગયો હોય, જેમકે, રૂકૂઅમાં શક કરે કે સૂરએ અલહમ્દ પડયો છે કે નહીં.

**(૨)** નમાઝની સલામ પડી લીધા બાદ શક.

**(૩)** નમાઝનો ટાઈમ વીતી ગયા બાદ શક.

**(૪)** કસીરૂશ્શક, એટલે કે હદ ઉપરાંત શક કરનારનો શક.

**(૫)** જમાઅતની નમાઝ પડાવનાર ઈમામ અગર રકાતની સંખ્યા વિષે શક કરે, અને મામૂમ એ સંખ્યા જાણતો હોય તો ઈમામ પોતાના શકની દરકાર નહીં કરે. એવી જ રીતે મામુમને શક હોય, પણ ઈમામને ગણત્રીની ખાત્રી હોય, તો મામૂમ પોતાના શકને સ્થાન નહીં આપે.

**(૬)** મુસ્તહબ નમાઝોમાં અને નમાઝે એહતીયાતમાં શક.

## (૧) તે વસ્તુમાં શક જેનો સમય વીતી ગયો હોય

**<u>મસઅલો ૧૧૭૭</u>** : અગર નમાઝ દરમ્યાન શક કરે કે કોઈ વાજિબ કાર્ય બજાવી લાવ્યો છે કે નહીં, જેમકે શક કરે કે સૂરએ અલહમ્દ પડી ચૂકયો છે કે નહીં, તો અગર એ પછીનો અમલ બજાવી લાવી રહ્યો હોય, જે અમલ જાણીબુજીને. અલહમ્દને તર્ક કરીને બજાવવાની શરીઅત રજા ન આપતી હોય, જેમકે બીજો સૂરો પડી રહ્યો હોય અને એ દરમ્યાન શક કરે કે અલહમ્દનો સૂરો પડી ચૂક્યો છે કે નહીં, તો એ શકની દરકાર નહીં કરે, એ સિવાયના સંજોગમાં જે બાબતસર શક ઉત્પન્ન થાય તેને

અંજામ આપવું જોઈએ.

**મસઅલો ૧૧૭૮** : અગર કોઈ એક આયત પડતી વખતે શક કરે કે એનાથી પહેલાની આયત પડી હતી કે નહીં, યા આયતના છેલ્લા હિસ્સાને પડતી વખતે શક કરે કે શરૂના હિસ્સાને પડી ચૂક્યો છે કે નહીં, તો એ શકને સ્થાન ન આપવું જોઈએ.

**મસઅલો ૧૧૭૯** : અગર રૂકૂઅ યા સજદા પછી શક કરે કે તેને લગતાં વાજિબ કામોને અંજામ આપી ચૂક્યો કે નહીં, જેમકે શક કરે કે ઝિક્ર પડયો કે નહીં, અથવા શરીર સ્થિર હતું કે નહીં, તો એવા શકની દરકાર ન કરે.

**મસઅલો ૧૧૮૦** : જયારે સજદામાં જઈ રહ્યો હોય ત્યારે જો શક આવે કે રૂકૂઅ કરી ચૂક્યો કે નહીં, અથવા રૂકૂઅ બાદ ઉભો રહ્યો હતો કે નહીં, તો એવા શકનો ભરોસો ન કરે.

**મસઅલો ૧૧૮૧** : અગર ઉભા થતી વખતે શક કરે કે સજદો યા તશહહુદ અદા કર્યો હતો કે નહીં, તો એવા શકની દરકાર નહીં કરે.

**મસઅલો ૧૧૮૨** : જે શખ્સ બેઠા-બેઠા યા સૂતા-સૂતા નમાઝ પડી રહ્યો હોય, તેને કિરઅત યા તસ્બીહાતે અરબા પડતી વખતે શક થાય કે સજદા અથવા તશહહુદ બજાવી લાવ્યો છે કે નહીં, તો પોતાના શકની દરકાર નહીં કરે; પણ અગર કિરઅત અથવા તસ્બીહાતે અરબા પડવાનું શરૂ કરે એથી પહેલા શક જાગે, તો જે બારામાં શક હોય તેને બજાવી લાવે.

**મસઅલો ૧૧૮૩** : અગર કોઈ શખ્સને શક થાય કે કોઈ રૂકની અમલ બજાવી લાવ્યો છે કે નહીં, તો અગર એના પછીના અમલ સુધી પહોંચી ન ગયો હોય તો એ રૂકની અમલ બજાવી લાવે. જેમકે તશહહુદ શરૂ કર્યા પહેલા શક થાય કે સજદાઓ બજાવી લાવ્યો છે કે નહીં, તો સજદાઓ બજાવી લાવે પણ જો તેમ કર્યા બાદ એને ખાત્રી થઈ જાય કે અગાઉએ જ રૂકન બજાવી ચૂક્યો હતો. તો રૂકની અમલમાં વધારો થઈ જવાના કારણે એહતીયાતે લાઝિમની રૂએ એની નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૧૮૪** : અગર કોઈ શખ્સ શક કરે કે કોઈ એવો અમલ જે વાજિબ રૂકન નથી, તેને બજાવી ચૂકયો છે કે નહીં, તો અગર તેના પછીના અમલ સુધી ન પહોંચ્યો હોય તો એ અમલ બજાવી લાવે, જેમકે બીજા સૂરાની શરૂઆત કર્યા પહેલા શક થાય કે સૂરએ અલહમ્દ પડી ચૂકયો છે કે નહીં, તો સૂરએ અલહમ્દ પડી લીએ અને અગર એમ કર્યા પછી ખાત્રી થાય કે એ જ અમલ બજાવી ચૂકયો હોત, તો એ અમલ વાજિબ રૂકન ન હોવાને કારણે નમાઝ સહીહ રહેશે.

**મસઅલો ૧૧૮૫** : અગર કોઈ શખ્સ નમાઝમાં શક કરે કે કોઈ રૂકની અમલ બજાવી લાવ્યો

છે કે નહીં, જેમકે તશહ્હુદ પડી રહ્યો હોય ત્યારે શક આવે કે સજદાઓ કરી ચૂકયો છે કે નહીં, તો એવા શક ઉપર ભરોસો નહીં રાખે. પણ ત્યાર બાદ એને યાદ આવે અને ખાત્રી થાય કે એ સજદાઓ બજાવી લાવ્યો ન હોત, તો અગર ત્યાર પછીના કોઈ બીજા રૂકનમાં દાખલ ન થયો હોય, તો એ સજદાઓ બજાવી લાવે.અને એ પછીના રૂકનમાં દાખલ થઈ ગયો હોય તો એહતીયાતે લાઝિમની રૂએ તેની નમાઝ બાતિલ છે. દાખલા તરીકે, અગર એ પછીની રકાતના રૂકૂઅ પહેલા યાદ આવેકે સજદાઓ બજાવી લાવ્યો નથી, તો સજદાઓ બજાવી લાવશે, પણજો રૂકનમાં યા એ બાદ યાદ આવે તો ઉપર જણાવી ગયા છીએ તેમ તેની નમાઝ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૧૮૬** : અગર એવા અમલની અદાયગી વિષે શક કરે કે જે રૂકન નથી, તો અગર એ પછીના અમલની શરૂઆત કરી ચૂકયો હોય, તો પોતાની એ શંકાની દરકાર નહીં કરે. જેમકે, બીજો સૂરો પડી રહ્યો હોય, અને શક કરે કે અલહમ્દ પડયો હતો કે નહીં, તો એ શકને સ્થાન આપશે નહીં. પણ જો પછીથી યાદ આવે અને ખાત્રી થાય કે સુરએ અલહમ્દ પડયો નથી, તો જો કોઈ રૂકનમાં દાખલ થયો હોય, તો સૂરએ અલહમ્દ પડી લીએ, અને જો રૂકનમાં દાખલ ન થઈ ગયો હોય, તો પણ એની નમાઝ સહીહ ગણાશે. ખુલાસો એ કે જેમકે, અગર ઈન્સાનને કુનૂતમાં યાદ આવે કે સૂરએ અલહમ્દ નથી પડયો, તો પડી લેવું જરૂરી છે, અને જો રૂકૂઅમાં યાદ આવે, તો તેની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૧૮૭** : અગર કોઈ શખ્સ શક કરે કે નમાઝની સલામ પડી છે કે નહીં, તો અગર તઅકીબાત શરૂ કરી ચૂકયો હોય, યા બીજી નમાઝ પડી રહ્યો હોય, યા એવું કાર્ય અંજામ આપી ચૂકયો હોય કે જેને કારણે નમાઝની સૂરત બદલતાં નમાઝની હાલત બાકી ન રહી હોય, તો એવા સંજોગમાં શકની દરકાર નહીં કરે. પણ જો ઉપરોકત કોઈ કાર્ય હજી શરૂ ન કર્યું હોય તો સલામ પડવી જોઈએ. અને જો શક કરે જે સલામ પડી છે એ દુરસ્ત અને સહીહ હતી કે નહીં, તો ગમે એ મવકા ઉપર એ શક થાય, તેનો ભરોસો કરશે નહીં.

## (૨) સલામ પછી શક

**મસઅલો ૧૧૮૮** : અગર સલામ વાળ્યા બાદ કોઈ શક કરે કે એની નમાઝ સહીહ હતી કે નહીં, જેમકે શક કરે કે રૂકૂઅ બજાવી લાવ્યો હતો કે નહીં, અથવા ચાર રકાતવાળી નમાઝની સલામ પઢયા બાદ શક કરે કે ચાર રકાત પઢી હતી કે પાંચ, તો એવા શકને સ્થાન આપશે નહીં.

પરંતુ જો શક એવા પ્રકારનો થાય કે એના બંને વિકલ્પ બાતિલ હોય, જેમકે ચાર રકાતવાળી નમાઝના સલામ બાદ શંકા થાય કે ત્રણ રકાત પડી હતી કે પાંચ, તો નમાઝ બાતિલ છે.

## (3) સમય વિત્યા પછી શક

**મસઅલો ૧૧૮૯** : જો નમાઝનો સમય વીતી ગયા બાદ કોઈ શક કરે કે નમાઝ પડી હતી કે નહીં, અથવા એવો ગુમાન થાય કે કદાચ નથી પડી, તો એ નમાઝ પડવી જરૂરી નથી. પણ સમય વીતી ગયા પહેલા શક કરે કે નમાઝ પડી છે કે નહીં તો અગરચે એવો ગુમાન રહે કે પડી લીધી હશે. તો પણ નમાઝ પડવી જોઈએ.

**મસઅલો ૧૧૯૦** : સમય વીતી ગયા બાદ કોઈને શક થાય કે એણે નમાઝ સહીહ પડી હતી કે નહીં, તો એ શકની દરકાર ન કરે.

**મસઅલો ૧૧૯૧** : નમાઝે ઝોહર અને અસરનો સમય વીતી ગયા બાદ કોઈને એટલું યાદ રહે કે એણે ચાર રકાત નમાઝ પડી હતી, પણ એ નક્કી ન કરી શકે કે ઝોહરની નિય્યતથી પડી હતી કે અસરની નિય્યતથી, તો એવા શખ્સે ચાર રકાત કઝા દેવી જોઈએ, અને નિય્યત એમ કરે કે જે એના ઝીમ્મા ઉપર વાજિબ નમાઝ રહી ગઈ છે, એ પડી રહ્યો છે.

**મસઅલો ૧૧૯૨** : અગર મગરિબ અને ઈશાનો સમય વીતી ગયા બાદ કોઈને એટલું યાદ હોય કે એક નમાઝ પડી હતી, પણ એ યાદ ન હોય કે ત્રણ રકાતવાળી નમાઝ પડી હતી કે ચાર રકાતવાળી, તો એવા સંજોગમાં એ મગરિબ અને ઈશા બંનેની કઝા આપશે.

## (૪) કસીરૂશ્શક (એ શખ્સ કે જે હદ ઉપરાંત શક કરતો હોય)

**મસઅલો ૧૧૯૩** : હદથી વિશેષ શક કરનારને 'કસીરૂશ્શક' કહેવાય છે. એટલે કે સાધારણ અને સામાન્ય લોકો કરતાં વધુ શક કરતો હોય, ચાહે એ કોઈ માનસિક તકલીફને કારણે હોય કે ન હોય. અગર માનસિક તકલીફ કે ભ્રમ ન હોય, અને છતાંય દર ત્રણ નમાઝમાં ઓછામાં ઓછું એક વાર શકમાં ગીરફતાર થતો હોય, તો આવો માણસ પોતાના શક ઉપર ભરોસો ન કરે.

**મસઅલો ૧૧૯૪** : 'કસીરૂશ્શક' માટે હુકમ એ છે કે નમાઝના ભાગોની અદાયગી બારામાં શકમંદ થાયપ તો એમ જ ફેંસલો કરે કે બજાવી લાવ્યો છે. જેમકે, જો શક કરે કે રૂકૂઅ બજાવી લાવ્યો હતો કે નહીં, તો એમ સમજે કે બજાવી લાવ્યો છે. અને જો એવો શક કરે કે એવું કોઈ કાર્ય કર્યું હતું કે નહીં, કે જેને કારણે નમાઝ બાતિલ થતી હોય, તો એમ સમજે કે એણે એવું કાંઈ કર્યું નથી. જેમકે શક કરે કે નમાઝે સુબ્હની બે રકાત પડી હતી કે ત્રણ, તો ફેંસલો કરે કે બે રકાત પડી હતી.

**મસઅલો ૧૧૯૫** : અગર કોઈ શખ્સ નમાઝના ફકત એક જ અમલમાં હંમેશ શકમંદ થતો હોય, એટલે સુધી કે માત્ર એ અમલ પુરતો જ 'કસીરૂશ્શક' ગણાય, તો નમાઝની બીજી બાબતોમાં જો

શક આવે તો એમાં 'કસીરૂશ્શક' પ્રમાણે નહીં વર્તે, બલ્કે એ શક વિષે જે હુકમ હશે એ મુજબ અમલ કરશે. દાખલા તરીકે એ સજદામાં જ 'કસીરૂશ્શક' હોય, તો જયારે રૂકૂઅ બારામાં શક થાય તો તેના હુકમ મુજબ અમલ કરશે. એટલે કે જો સજદામાં દાખલ ન થયો હોય તો રૂકૂઅ બજાવી લાવશે, અને જો સજદા સુધી પહોંચી ગયો હોય તો એ શકની દરકાર નહીં કરે.

**મસઅલો ૧૧૯૬** : અગર કોઈ શખ્સ એક જ નમાઝમાં વધુ શક કરતો હોય, જેમકે ઝોહરમાં જ વધુ શકમંદ થતો હોય, તો અગર બીજી નમાઝ, જેમકે નમાઝે અસરમાં શંકા ઉપસ્થિત થાય તો શક માટે જે અહકામ છે તે મુજબ અમલ કરશે.

**મસઅલો ૧૧૯૭** : અગર કોઈ શખ્સ કોઈ ખાસ જગ્યાએ નમાઝ પડે ત્યારે વધુ શક કરતો હોય, તો એ સિવાયની જગ્યાએ નમાઝ પડતી વખતે શક આવે તો તેના હુકમો મુજબ અમલ કરશે.

**મસઅલો ૧૧૯૮** : અગર કોઈ શખ્સને એવો શક જાગે કે આયા એ 'કસીરૂશ્શક' છે કે નહીં, તો એવો શખ્સ શકના હુકમો પ્રમાણે અમલ કરશે અને જે માણસ ખરેખર 'કસીરૂશ્શક' હોય, તેને જયાં સુધી યકીન ન થાય કે એની હાલત સુધરીને સાધારણ લોકો જેવી થઈ ગઈ છે, ત્યાં સુધી પોતાના શકની દરકાર નહીં કરે.

**મસઅલો ૧૧૯૯** : અગર 'કસીરૂશ્શક'ને શક થાય કે કોઈ રૂકની અમલ બજાવી લાવ્યો છે કે નહીં, તો એ શકની દરકાર નહીં કરે પણ જો પછીથી એને યકીન થાય કે એ રૂકની અમલ ચૂકી ગયો હતો, તો જો એ પછીના રૂકની અમલમાં દાખલ ન થયો હોય, તો એને બજાવી લાવવું જરૂરી છે અને જો એ બાદના રૂકની અમલ સુધી પહોંચી ગયો હોય તો એહતીયાતની રૂએ એની નમાઝ બાતિલ છે.

દાખલા તરીકે જો એ શક કરે કે રૂકૂઅ બજાવી લાવ્યો કે નહીં, તો અગર એ બીજા સજદા પહેલા એને ખાત્રી થાય કે રૂકૂઅ ચૂકી ગયો હતો, તો પાછા ઉભા રહીને રૂકૂઅ બજાવી લાવશે. પણ બીજા સજદામાં એને યકીન થાય તો એહતીયાતની રૂએ એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૨૦૦** : અગર કસીરૂશ્શક એવા અમલની અદાયગી બારામાં શક કરે કે રૂકની નથી, અને તેની દરકાર ન કરે, અને પછીથી યાદ આવે કે એ અમલ બજાવી લાવ્યો ન હતો, તો અગર એનો મવકો વીતી ન ગયો હોય, તો એ અમલ બજાવી લાવવું જરૂરી છે અને જો મવકો વીતી ગયો હોય, તો પણ એની નમાઝ સહીહ ગણાશે.

દાખલા તરીકે એ શક કરે કે અલહમ્દ પડી ચૂકયો કે નહીં, તો એની દરકાર નહીં કરે, પણ પછીથી ખાત્રી થાય કે એ સૂરો ચુકી ગયો હતો, અને કુનૂતમાં યાદ આવે તો સુરએ અલહમ્દ પડશે, પણ

જો રૂકૂઅમાં દાખલ થયા પછી યાદ આવે તો એની નમાઝ સહીહ છે.

### (૫) પેશ નમાઝ અને પાછળ નમાઝ પડનારનો શક

**મસઅલો ૧૨૦૧** : જયારે ઈમામે જમાઅતને રકાતની સંખ્યા બારામાં શક થાય, જેમકે શક કરે કે ત્રીજી રકાત છે કે ચોથી, તો અગર પાછળ નમાઝ પઢનારાઓને યકીન અથવા ગુમાન હોય કે ચોથી છે, અને ઈમામને જણાવે, તો ઈમામ એ પ્રમાણે અમલ કરીને નમાઝ પૂરી કરશે ; અને નમાઝે એહતીયાત પડવી તેના માટે જરૂરી નથી. એવી જ રીતે ઈમામને રકાતની સંખ્યા બારામાં ખાત્રી કે ગુમાન હોય, અને મામુનને તે વિષે શક હોય તો પોતાના શકને સ્થાન ન આપવું જોઈએ.

### (૬) મુસ્તહબ નમાઝમાં શક

**મસઅલો ૧૨૦૨** : જયારે મુસ્તહબ નમાઝમાં રકાતની સંખ્યા વિષે શક આવે, અને વધુ સંખ્યા ઉપર આધાર રાખવાથી નમાઝ બાતિલ થતી હોય, તો ઓછી સંખ્યા માની લેવી જોઈએ. જેમકે નમાઝે સુબ્હની નાફેલા નમાઝમાં શક થાય કે બે રકાત પડી છે કે ત્રણ રકાત, તો એમ જ માની લીએ કે બે રકાત પડી છે. પણ જો વધુ સંખ્યા ઉપર આધાર રાખવાથી નમાઝ બાતિલ ન થતી હોય, જેમકે શક કરે કે બે રકાત પડી છે કે એક રકાત, તો બંનેમાંથી જે વિકલ્પ ઉપર અમલ કરશે તેની નમાઝ સહીહ રહેશે.

**મસઅલો ૧૨૦૩** : નાફેલા નમાઝોમાં અગર રૂકની અમલ મૂકી આપે તો નમાઝ બાતિલ છે, પણ અગર રૂકની અમલમાં વધારો થઈ જાય તો નમાઝ બાતિલ થતી નથી. તો અગર કોઈ શખ્સ નાફીલામાં કોઈ અમલ ભૂલી જાય, અને એવા સમયે યાદ આવે જયારે એ રૂકની અમલમાં દાખલ થયો હોય, તો એ ભૂલી ગયેલા અમલને પ્રથમ અદા કરી ફરી રૂકની અમલ બજાવી લાવશે. દાખલા તરીકે, અગર નાફીલામાં કોઈને રૂકૂઅમાં યાદ આવે કે સૂરએ અલહમ્દ પડતા ભુલાઈ ગયું હતું, તો પાછો ઉભો થઈ સૂરએ અલહમ્દ પડે અને ફરી રૂકૂઅ કરે.

**મસઅલો ૧૨૦૪** : નાફેલા નમાઝમાં અગર કોઈ એકાદ અમલ વિષે શક થાય, ચાહે એ અમલ રૂકની હોય કે ન હોય, તેનો મવકો વીતી ન ગયો હોય, તો તરત બજાવી લાવે; અને જો મવકો પસાર થઈ ગયો હોય તો એ શકની દરકાર ન કરે.

**મસઅલો ૧૨૦૫** : બે રકાતવાળી મુસ્તહબ નમાઝમાં અગર કોઈને એવું ગુમાન થાય કે ત્રણ યા એથી વધુ રકાત થઈ હશે, તો એ ગુમાનને સ્થાન ન આપે, એની નમાઝ સહીહ ગણાશે અને જો ગુમાન એમ થાય કે બે યા એથી ઓછી રકાત પડી છે, તો એહતીયાતે વાજિબ છે કે એ જ ગુમાન

પ્રમાણે અમલ કરે એટલે અગર વધુ ગુમાન હોય કે એક જ રકાત અદા કરી છે, તો એહતીયાતની રૂએ બીજી એક રકાત પડે.

**મસઅલો ૧૨૦૬** : અગર કોઈ શખ્સ નાફેલા નમાઝમાં એવું કાર્ય અંજામ આપે કે જે કાર્ય અગર વાજિબ નમાઝમાં કર્યું હોતે તો તેના માટે સજદાએ સહ્વ વાજિબ થતે. અથવા એક સજદો ભૂલથી ઓછો કરે, તો નમાઝ બાદ સજદ-એ-સહ્વ કરવું યા ભૂલાઈ ગયેલા સજદાની કઝા આપવી જરૂરી નથી.

**મસઅલો ૧૨૦૭** : અગર કોઈને શક થાય કે ફલાણી મુસ્તહબ નમાઝ પડી કે ન પડી, તો અગર એ મુસ્તહબ નમાઝ માટે નમાઝે જઅફરે તય્યારની જેમ, કોઈ નિયુકત સમય ન હોય, તો એમ ધારે કે નથી પડી. એવી જ રીતે જે મુસ્તહબ નમાઝ માટે, રોજની નાફેલા નમાઝોની જેમ, નિયુકત સમય હોય અને વખત પસાર થઈ ગયા પહેલા શક કરે, તો એ જ હુકમ છે, એટલે કે એમ ધારે કે નથી પડી. પણ જો સમય વીતી ગયા બાદ શક કરે કે એ મુસ્તહબ નમાઝ પડી હતી કે નહીં, તો શકની દરકાર ન કરે.

## તે શક જેમાં નમાઝ સહીહ છે

**મસઅલો ૧૨૦૮** : નવ સંજોગ એવા છે કે અગર એમાં ચાર રકાતવાળી નમાઝમાં રકાતની સંખ્યા વિષે શક ઉત્પન્ન થાય, તો પ્રથમ વિચાર કરે, અને જો યકીન થઈ જાય, અથવા એક તરફ વધુ ગુમાન થાય, તો એ મુજબ અમલ કરે, અને નમાઝ પૂરી કરે, પણ જો યકીન કે ગુમાન ન થાય, તો પછી નીચે જણાવેલા હુકમો મુજબ અમલ કરે, એ નવ સંજોગો નીચે મુજબ છે :

**(૧)** જયારે બીજા સજદામાં દાખલ થયા બાદ શક થાય કે બીજી રકાત છે કે ત્રીજી. એવા સંજોગમાં ત્રીજી રકાત કરાર દઈને બાકીની એક રકાત પૂરી કરી નમાઝ તમામ કરે, અને નમાઝ પૂરી થતા એહતીયાતે વાજિબની રૂએ ઉભા-ભા એક રકાત નમાઝે એહતીયાત અદા કરે.

**(૨)** જયારે બીજા સજદામાં દાખલ થયા બાદ શક થાય કે બીજી રકાત છે યા ચોથી, તો ચોથી રકાત કરાર દઈ નમાઝ પૂરી કરે, અને નમાઝ બાદ ઉભા ઉભા બે રકાત નમાઝે એહતીયાત પડે.

**(3)** જયારે બીજા સજદામાં દાખલ થયા બાદ શક આવે કે બીજી રકાત છે, યા ત્રીજી યા ચોથી, તો એવા સંજોગોમાં ચોથી રકાત કરાર દઈ નમાઝ પૂરી કરે, અને નમાઝ બાદ ઉભા ઉભા બે

રકાત નમાઝે એહતીયાત પડે, અને તે પછી બે રકાત બેઠાં બેઠાં પડે.

**(૪)** જયારે બીજા સજદામાં દાખલ થયા બાદ શક આવે કે ચોથી રકાત છે કે પાંચમી, તો ચોથી રકાત કરાર દઈ નમાઝ પૂરી કરે, અને ત્યાર બાદ સજદ-એ-સહ્વ બજાવી લાવે. દરેક એવા સંજોગમાં જેમકે શકની ઓછી સંખ્યા ચાર હોય, જેમકે શક થાય કે ચોથી છે કે છઠ્ઠી રકાત, તો ઉપરોકત હુકમ લાગુ પડશે.

અને જો બીજા સજદામાં દાખલ થયા બાદ એવો શક થાય કે ચાર રકાત પડી છે યા એથી વધુ યા એથી ઓછી, તો ચોથી કરાર દેશે, અને બંને શકનો જે ઉપાય છે તે મુજબ અમલ કરશે. મતલબ કે કદાચ ચારથી ઓછી પડી હોય, તો એ માટે નમાઝે એહતીયાત પડશે, અને કદાચ વધુ પડી હોય, તો એ માટે સજદ-એ-સહ્વ પણ કરશે.

દરેક સંજોગમાં એ યાદ રાખવું જોઈએ કે ઉપર જણાવેલ ચાર શક અગર બીજા સજદામાં દાખલ થયા પહેલા ઉત્પન્ન થાય તો નમાઝ બાતિલ ગણાશે.

**(૫)** નમાઝ દરમ્યાન કોઈ પણ વખતે અગર શક થાય કે ત્રીજી રકાત છે યા ચોથી, તો ચોથી કરાર દઈ નમાઝ પૂરી કરશે, અને ત્યાર બાદ ઉભા ઉભા એક રકાત નમાઝે એહતીયાત પડશે; અથવા બેઠા બેઠા બે રકાત પડશે.

**(૬)** કયામની હાલતમાં જો શક થાય કે ચોથી રકાત છે યા પાંચમી, તો તરત બેસી જાય, અને તશહ્હુદ, સલામ પડી નમાઝ પૂરી કરે. ત્યાર બાદ ઉભા ઉભા એક રકાત નમાઝે એહતીયાત પડશે, અથવા બેઠા બેઠા બે રકાત પડશે.

**(૭)** કયામની હાલતમાં જો શક થાય કે ત્રીજી રકાત છે કે પાંચમી, તો તરત બેસી જઈ નમાઝ પૂરી કરે, અને ત્યાર બાદ ઉભા ઉભા બે રકાત નમાઝે એહતીયાત પડે.

**(૮)** કયામની હાલતમાં જો શક થાય કે ત્રીજી રકાત છે, યા ચોથી, યા પાંચમી, તો તરત બેસી જાય, અને તશહ્હુદ, સલામ પડી નમાઝ પૂરી કરે. ત્યાર બાદ ઉભા ઉભા બે રકાત નમાઝે એહતીયાત પડશે, અને બે રકાત બેઠા બેઠા પડશે.

**(૯)** કયામની હાલતમાં જો શક થાય કે પાંચમી રકાત છે યા છઠ્ઠી,તો તરત બેસી જઈ નમાઝ પૂરી કરે અને ત્યાર બાદ બે સજદ-એ-સહ્વ અદા કરે.

ઉપરોકત ચારેય સંજોગમાં એહતીયાતે મુસ્તહબ છે કે વધારાના કયામ માટે બે સજદ-એ-સહ્વ અદા કરે.

**મસઅલો ૧૨૦૯** : અગર નમાઝ દરમ્યાન ઉપર જણાવેલા સહીહ શકમાંથી કોઈ શક

ઉપસ્થિત થાય, અને જો નમાઝનો સમય તંગ હોય, તો નમાઝ ન તોડવી જોઈએ, અને જણાવેલા હુકમ મુજબ અમલ કરવું જોઈએ, બલ્કે અગર નમાઝનો સમય પૂરતો હોય તો પણ એહતીયાતે મુસ્તહબ છે કે નમાઝને ન તોડે, અને બતાવેલા ઉપાય પ્રમાણે અમલ કરે.

**મસઅલો ૧૨૧૦** : જયારે એવો શક ઉપસ્થિત થાય કે જેના માટે નમાઝે એહતીયાતનો હુકમ છે, તો નમાઝ પૂરી કર્યા બાદ એહતીયાતે મુસ્તહબની રૂએ નમાઝે એહતીયાત પઢવી જોઈએ અને નમાઝે એહતીયાત પઢયા વગર એ જ નમાઝને ફરીથી ન પઢવી જોઈએ.

અને જો વચ્ચે કોઈ એવું કામ ન કર્યું હોય કે જે નમાઝને બાતિલ કરે છે, અને એ જ નમાઝને ફરીથી પડવા શરૂ કરે, તો એ બીજી નમાઝ પણ બાતિલ ગણાશે. અલબત્ત, અગર નમાઝને બાતિલ કરનાર કોઈ અમલ અંજામ આપ્યા બાદ બીજીવાર એ નમાઝને અદા કરે તો એ બીજી નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૨૧૧** : જયારે નમાઝમાં એવો શક થાય કે જે શક નમાઝને બાતિલ કરે છે, અને એ એમ ધારે કે આગળ જતાં બીજા અમલમાં દાખલ થશે ત્યારે એનો એ શક યકીન કે ગુમાનમાં ફેરવાઈ જશે, તો એ નમાઝને એટલો સમય ચાલુ રાખી શકે છે કે તે યકીન યા ગુમાન હાંસિલ થાય. પણ અગર એ શક નમાઝની પહેલી બે રકાતોમાં ઉત્પન્ન થાય તો જાઈઝ નથી કે શકની હાલતમાં નમાઝ ચાલુ રાખે.

દાખલા તરીકે કયામની હાલતમાં શક થાય કે પહેલી રકાત છે યા એથી વધુ, અને એમ ધારીને કે રૂકૂઅમાં યકીન કે ગુમાન પેદા થશે, નમાઝને જારી રાખે, તો જાઈઝ નથી કે એવી હાલતમાં રૂકૂઅ અદા કરે.

**મસઅલો ૧૨૧૨** : અગર પહેલા ઈન્સાનને એક તરફ વધુ ગુમાન હોય, અને ત્યાર બાદ ગુમાનના બંને પાસા સરખાં થઈ જાય, તો શકના હુકમો મુજબ વર્તશે. અને પહેલા ગુમાનના બંને પાસા સરખા હોવાથી શકના હુકમો મુજબ અમલ કરી ઉપાય અપનાવી ચૂકયો હોય, અને ત્યાર બાદ બીજી તરફ ગુમાન વધારે થાય. તો એ જ ઉપાય મુજબ અમલ કરી નમાઝ પૂરી કરશે.

**મસઅલો ૧૨૧૩** : જે માણસ નક્કી ન કરી શકતો હોય કે તેના ગુમાનનું પાસું એક તરફ વધુ નમેલું છે, યા બંને સરખા છે, તો એ શખ્સે શકના હુકમો મુજબ અમલ કરવું જોઈએ.

**મસઅલો ૧૨૧૪** : અગર નમાઝ પૂરી કર્યા બાદ કોઈને ખબર હોય કે નમાઝ દરમ્યાન એ શકની હાલતમાં હતો કે, દાખલા રૂપે, બે રકાત પડી હતી કે ત્રણ, અને એણે ત્રીજી કરાર દીધી હતી પણ

સાથે સાથે એ નક્કી ન કરી શકે કે ત્રીજી માટે એના ગુમાનનું પાસું વધુ નમેલું હતું, યા બંને પાસાં સરખા રહ્યા હતા, તો એવી હાલતમાં જરૂરી નથી કે નમાઝે એહતીયાત પડે.

**મસઅલો ૧૨૧૫** : અગર કોઈ શખ્સને કયામની હાલતમાં શક આવે કે ગઈ રકાતમાં બે સજદાઓ બજાવી લાવ્યો હતો કે નહીં, અને સાથે સાથે એ જ હાલતમાં એવો શક પણ ઉત્પન્ન થાય કે જે બે સજદાઓ બાદ અગર આવે તો એ શક સહીહ જણાય છે, જેમકે શક થાય કે બે રકાત પડી છે કે ત્રણ, તો અગર રકાતની સંખ્યાના હક માટે શરીઅતે જે ઉપાય દર્શાવ્યો છે, એ મુજબ અમલ કરે તો એની નમાઝ સહીહ ગણાશે.

પણ અગર ઉપરોકત શકમાંથી કોઈ પણ એક તશહ્હુદ પડતી વખતે થાય, તો એકસાથે એમ માની લઈએ કે બે સજદાઓ અદા કરી ચૂકયો હતો, હવે કઈ રકાત કરાર દેશે એના ઉપર આધાર રહેશે. અગર એવી રકાત કરાર દેવી પડે જેમાં તશહ્હુદ નથી તો નમાઝ બાતિલ છે, અને અગર એવી કરાર દેવી પડે કે જેમાં તશહ્હુદ છે, જેમકે શક હોય કે બીજી રકાત છે કે ચોથી, તો નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૨૧૬** : અગર તશહ્હુદ શરૂ કર્યા પહેલા, અથવા જે રકાતમાં તશહ્હુદ નથી તે માટે ઉભા થવા પહેલા, કોઈ શક કરે કે એક યા બંને સજદાઓ બજાવી લાવ્યો છે કે નહીં, અને સાથે સાથે એ જ સમયે એવો શક જાગે કે જે શક બે સજદાઓ બજાવી લાવ્યા પછી આવે તો સહીહ ગણાય છે, અને ઈલાજને પાત્ર હોય છે, તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૨૧૭** : અગર ક્યમાની હાલતમાં કોઈને શક આવે કે ત્રીજી રકાત છે કે ચોથી, અથવા ત્રીજી, ચોથી કે પાંચમી રકાત છે, એ સાથે સાથે એને યાદ આવે કે ગઈ રકાતમાં એક યા બંને સજદાઓ અદા કર્યા નથી, તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૨૧૮** : અગર કોઈ શખ્સનો એક શક દૂર થાય, અને એની જગ્યાએ બીજો શક આવે, જેમકે પ્રથમ શક કરે કે આ રકાત બીજી છે કે ત્રીજી, અને એ દૂર થઈ જતાં શક આવે કે ત્રીજી યા ચોથી, તો એ શખ્સ નવા શકના હુકમ મુજબ અમલ કરશે.

**મસઅલો ૧૨૧૯** : અગર નમાઝ બાદ કોઈ શક કરે કે નમાઝ દરમ્યાન જે શક એને થયો હતો એ, દાખલા તરીકે, બે અને ચાર રકાત વચ્ચે હતો અથવા ત્રણ અને ચાર રકાત વચ્ચે હતો. તો બંને શક માટે જે હુકમો છે, તે પ્રમાણે અમલ કરી શકે છે. ઉપરાંત એ નમાઝને તોડી અમુક એવા કાર્યો બજાવી લાવે કે જે નમાઝને બાતિલ કરે છે, અને ત્યાર બાદ નવેસરથી નમાઝ પડી લીએ તો પણ

યોગ્ય ગણાશે.

**મસઅલો ૧૨૨૦** : અગર નમાઝ બાદ કોઈને જણાય કે નમાઝ દરમ્યાન એના મનમાં શંકા હતી, પણ એ યાદ ન હોય કે એ શક સહીહ હતો કે બાતિલ, અથવા જો સહીહ શક હતો, તો યાદ ન હોય કે ક્યા પ્રકારનો હતો, તો એવા સંજોગોમાં જાઈઝ છે કે નમાઝને બાતિલ ગણીને નવેસરથી પડે.

**મસઅલો ૧૨૨૧** : બેઠા બેઠા નમાઝ પડનારને જો એવો શક થાય કે જેના માટે હુકમ છે કે એક રકાત નમાઝે એહતીયાત ઉભા ઉભા અથવા બે રકાત બેઠા બેઠા પડે, તો એ બેઠા બેઠા એક રકાત પડશે અને જો એવો શક થાય કે જેના માટે હુકમ છે કે બે રકાત નમાઝે એહતીયાત ઉભા ઉભા પડે, તો એ બેઠા બેઠા બે રકાત પડશે.

**મસઅલો ૧૨૨૨** : ઉભા ઉભા નમાઝ પડનાર શખ્સ કોઈ કારણસર ઉભા રહીને નમાઝે એહતીયાત અદા કરવા માટે અસમર્થ થાય તો ઉપરોકત મસઅલામાં બેઠા બેઠા નમાઝ પડનાર માટે જે હુકમ બતાડવામાં આવ્યો છે, એ પ્રમાણે અમલ કરે.

**મસઅલો ૧૨૨૩** : બેઠા બેઠા નમાઝ પડનાર શખ્સ અગર નમાઝે એહતીયાત પડવા માટે ઉભા રહેવાની શક્યતા ધરાવે, તો ઉભા ઉભા નમાઝ પડનાર માટે નમાઝે એહતીયાતના જે હુકમો છે, એ મુજબ અમલ કરશે.

## નમાઝે એહતીયાત પઢવાની રીત

**મસઅલો ૧૨૨૪** : જે શખ્સ ઉપર નમાઝે એહતીયાત વાજિબ થઈ હોય, તેના માટે હુકમ એ છે કે નમાઝની સલામ પૂરી થતાં તરત જ નમાઝે એહતીયાતની નિય્યત કરી તકબીર કહે, અને સૂરએ અલહમ્દ પડી રૂકૂઅ અને બંને સજદાઓ બજાવી લાવે.

જો નમાઝે એહતીયાત એક રકાતવાળી હોય, તો બંને સજદાઓ બાદ તશહ્હુદ અને સલામ પડી નમાઝ પૂરી કરે અને જો બે રકાતવાળી હોય, તો પહેલી રકાતના બે સજદાઓ બાદ બીજી રકાત માટે ઉભો થાય, અને પહેલી રકાતની જેમ જ પડીને નમાઝ પૂરી કરે.

**મસઅલો ૧૨૨૫** : નમાઝે એહતીયાતમાં અલહમ્દ પછી બીજો સૂરો પડવાનો હોતો નથી, તેમજ તેમાં કુનૂત નથી, અને એહતીયાતે વાજિબની રૂએ નમાઝે એહતીયાત અવાજથી ન પડે, અને નિય્યતનો શબ્દોમાં ઉચ્ચાર ન કરે. એહતીયાતે મુસ્તહબ છે કે એ નમાઝમાં 'બિસ્મીલ્લાહ' પણ અવાજથી ન પડે.

**મસઅલો ૧૨૨૬** : નમાઝે એહતીયાત શરૂ કર્યા પહેલા અગર કોઈને ખાત્રી થાય કે જે નમાઝ

પડી હતી એ સહીહ હતી, તો પછી નમાઝે એહતીયાત પડવી જરૂરી નથી. અને જો નમાઝે એહતીયાત દરમ્યાન એવી ખાત્રી હાંસિલ થાય, તો નમાઝે એહતીયાતને પૂરી કરવી જરૂરી નથી.

**મસઅલો ૧૨૨૭** : અગર નમાઝે એહતીયાત શરૂ કર્યા પહેલા કોઈને ખાત્રી થઈ જાય કે નમાઝમાં તેની રકાતો ઓછી હતી, તો હજી નમાઝને બાતિલ કરનાર કોઈ કાર્ય ન કર્યું હોય, તો જે રકાતો ન પડી હોય તે અદા કરે અને એહતીયાતે લાઝિમની રૂએ વધારાના સલામ માટે બે સજદ-એ-સહ્વ બજાવી લાવે.

પણ જો નમાઝને બાતિલ કરનાર કાર્ય અંજામ દઈ ચૂકયો હોય, જેમકે કિબ્લા તરફ પીઠ ફેરવી ચૂકયો હોય, તો એ નમાઝ નવેસરથી પડે.

**મસઅલો ૧૨૨૮** : નમાઝે એહતીયાત પડી લીધા બાદ કોઈને ખાત્રી થાય કે નમાઝમાં જેટલી રકાત ઓછી પડી હતી એની ગણત્રી નમાઝે એહતીયાત જેટલી જ હતી, જેમકે, એને ખાત્રી થાય કે નમાઝ ત્રણ રકાત પડી હતી, અને ત્રીજી છે કે ચોથી એ શકના ઈલાજ માટે એ નમાઝે એહતીયાતની એક રકાત પડી છે, તો નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૨૨૯** : નમાઝે એહતીયાત બાદ કોઈને ખાત્રી થાય કે જેટલી રકાત નમાઝે એહતીયાતમાં પડી તેના કરતાં નમાઝમાં ઓછી રકાતો રહી જવા પામી હતી, જેમકે, બીજી છે કે ચોથી, એ શકના હુકમ પ્રમાણે અમલ કરતા એણે બે રકાત નમાઝે એહતીયાત પડી હોય, અને હવે એને ખાત્રી થઈ કે એણે ત્રણ રકાત પડી હતી, તો આવા સંજોગમાં નમાઝ નવેસરથી પડશે.

**મસઅઅલો ૧૨30** : નમાઝે એહતીયાત બાદ અગર કોઈને ખાત્રી થાય કે નમાઝમાં વધુ રકાતો રહી ગઈ હતી, અને નમાઝે એહતીયાતમાં ઓછી રકાત પડી, જેમકે ત્રીજી છે કે ચોથી, એ શકની રૂએ એણે એક રકાત નમાઝે એહતીયાત પડી હોય, જયારે હવે ખાત્રી થાય કે નમાઝમાં માત્ર બે જ રકાત પડી હતી, તો અગર નમાઝને તોડનાર અમલ બજાવી ચૂકયો હોય, જેમકે કિબ્લા તરફથી પીઠ ફેરવી ચૂકયો હોય, તો નમાઝ નવેસરથી પડશે.

બલ્કે, અગર નમાઝ તોડનાર કોઈ અમલ ન બજાવી લાવ્યો હોય, તો પણ એહતીયાતે લાઝિમની રૂએ નમાઝ ફરીથી પડશે; માત્ર ઘટતી રકાતો અદા કરી લેવી કાફી નહીં ગણાય.

**મસઅલો ૧૨૩૧** : જયારે શક થયો હોય કે બીજી રકાત છે, કે ત્રીજી યા ચોથી, અને એના ઉપાય માટે બે રકાત ઉભા-ઉભા નમાઝે એહતીયાત અદા કર્યા બાદ યકીન હાંસિલ થાય કે નમાઝમાં બે રકાત પડી હતી, તો પછી બાકીની બે રકાત નમાઝે એહતીયાત બેઠા બેઠા પડવી જરૂરી નથી.

**મસઅલો ૧૨૩૨** : અગર કોઈને શક થયો હતો કે ત્રીજી રકાત છે યા ચોથી, અને એના ઉપાયરૂપે એ એક રકાત નમાઝે એહતીયાત ઉભા ઉભા પડી રહ્યો હોય ત્યારે એને ખાત્રી થાય કે નમાઝમાં ત્રણ જ રકાત પડી હતી, તો જો એ યકીન રૂકૂઅમાં જવા પહેલા હાંસિલ થાય તો નમાઝે એહતીયાતની નિય્યત તજી દઈ અસલ નમાઝના ભાગ તરીકે જ એ રકાત પૂરી કરે. પછી વધારાના સલામ બાદ એહતીયાતે વાજિબ છે કે બે સજદ-એ-સહ્વ બજાવે.

પણ જો એ ખાત્રી રૂકૂઅમાં દાખલ થયા બાદ આવે તો એહતીયાતની રૂએ એ રકાતને નમાઝ સાથે જોડી લેવું કાફી નહીં ગણાય, અને એ નમાઝને નવેસરથી અદા કરશે.

**મસઅલો ૧૨૩૩** : અગર કોઈને શક હતો કે બીજી રકાત છે, યા ત્રીજી કે ચોથી અને નમાઝે એહતીયાતની બે રકાતો ઉભા ઉભા અદા કરતી વખતે એને યકીન થાય કે નમાઝમાં ત્રણ જ રકાત પડી હતી, તો ઉપરોકત મસઅલામાં જે હુકમ છે એ પ્રમાણે અમલ કરશે.

**મસઅલો ૧૨૩૪** : નમાઝે એહતીયાત દરમ્યાન જો કોઈને ખાત્રી થાય કે અસલ નમાઝમાં જે રકાતોની ખામી રહી ગઈ તે નમાઝે એહતીયાત કરતા વધારે યા ઓછી હતી, તો મસઅલા ૧૨૩૨માં જણાવેલ હુકમ લાગું પડશે.

**મસઅલો ૧૨૩૫** : અગર કોઈ શખ્સ શક કરે કે જે નમાઝે એહતીયાત તેના ઉપર વાજિબ થઈ હતી તે અદા કરી ચૂકયો છે કે નહીં, તો જો નમાઝનો સમય વીતી ગયો હોય તો એ શકની દરકાર નહીં કરે.

પણ નમાઝનો સમય બાકી હોય, તો જો નમાઝ અને શક વચ્ચે લાંબો ગાળો પસાર ન થયો હોય અને વચ્ચે કોઈ એવું કામ અંજામ ન આપ્યું હોય કે જે નમાઝને બાતિલ કરે છે, જેમકે કિબ્લા તરફ પીઠ ન કરી હોય, તો નમાઝે એહતીયાત બજાવી લાવવી જોઈએ, અને જો નમાઝ બાતિલ કરનાર કામ અંજામ આપ્યું હોય, અથવા શક અને નમાઝ વચ્ચે લાંબી મુદ્દત વીતી ગઈ હોય, તો એહતીયાતે લાઝિમ છે કે નમાઝ ફરીથી પડે.

**મસઅલો ૧૨૩૬** : અગર કોઈ શખ્સ નમાઝે એહતીયાતમાં જયાં એક રકાતનો હુકમ છે ત્યાં બે રકાત પડી લીએ તો નમાઝે એહતીયાત બાતિલ ગણાશે. અને હવે તેના માટે વાજિબ થશે કે અસલ નમાઝ ફરીથી અદા કરે. એવી જ રીતે જો નમાઝે એહતીયાતમાં કોઈ રૂકની અમલમાં ઉમેરો કરે, તો એહતીયાતે લાઝિમની રૂએ એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૨૩૭** : નમાઝે એહતીયાતમાં અગર કોઈ અમલ બારામાં શક થાય, તો જો તેનો મૌકો વીતી ગયો હતો તો તે તરફ ધ્યાન ન ધરે અને જો મૌકો બાકી હોય, તો એ અમલને અંજામ

આપે. જેમકે,શક કરે કે સૂરએ અલહમ્દ પડયો છે કે નહીં, તો જો રૂકૂઅમાં હજી ન પહોંચ્યો હોય તો એ સૂરો પડી લીએ, અને જો રૂકૂઅમાં દાખલ થઈ ગયો હોય તો એ શકને સ્થાન નથી.

**મસઅલો ૧૨૩૮** : નમાઝે એહતીયાતમાં અગર રકાતોની સંખ્યા વિષે શક થાય, તો જો વધુ સંખ્યા કરાર દેવાથી નમાઝે એહતીયાત બાતિલ થતી હોય, તો ઓછી સંખ્યા કરાર દીએ પણ જો વધુ સંખ્યા કરાર દેવાથી નમાઝ બાતિલ ન થતી હોય, તો વધુ સંખ્યા કરાર દેવી જોઈએ. જેમકે, જયારે કોઈ બે રકાત નમાઝે એહતીયાત માટે અદા કરતો હોય, અને એને શક થાય કે બીજી રકાત છે યા ત્રીજી, તો ત્રણ રકાતની નમાઝે એહતીયાત હોતી નથી, એટલે બીજી રકાત છે એમ કરાર દીએ, પણ જો શક થાય કે પહેલી છે કે બીજી, તો બીજી રકાત કરાર દેશે.

**મસઅલો ૧૨૩૯** : નમાઝે એહતીયાતમાં અગર કોઈ શખ્સ એવા અમલમાં ભૂલથી વધારો યા ધટાડો કરે કે જે અમલ રૂકની નથી, તો તેના માટે સજદ-એ-સહ્વ નથી.

**મસઅલો ૧૨૪૦** : નમાઝે એહતીયાતની સલામ વાળી લીધા બાદ અગર કોઈને શક થાય કે નમાઝનો ફલાણો ભાગ બજાવી લાવ્યો કે નહીં, અથવા ફલાણી શરત પૂરી કરી કે નહીં, તો એ શકની દરકાર ન કરે.

**મસઅલો ૧૨૪૧** : અગર કોઈ શખ્સ નમાઝે એહતીયાતમાં તશહ્હુદ અથવા એક સજદો ભૂલી જાય, અને ત્યારે જ એને અદા કરી લેવું શક્ય ન હોય, તો વાજિબ છે કે નમાઝ બાદ સજદાની કઝા આપે.

**મસઅલો ૧૨૪૨** : અગર કોઈ શખ્સ ઉપર નમાઝે એહતીયાત સાથે એક સજદાની કઝા અથવા બે સજદાની સહ્વ પણ વાજિબ હોય, તો એવા સંજોગમાં પ્રથમ નમાઝે એહતીયાત પડશે.

**મસઅલો ૧૨૪૩** : જયાં સુધી નમાઝની રકાતોને લાગેવળગે છે, ત્યાં સુધી ગુમાનનો હુકમ યકીન જેવો છે. જેમકે કોઈને શક હોય કે પહેલી છે યા બીજી, અને પછી ગુમાન થાય કે બીજી છે, તો બીજી રકાત કરાર દેશે. એવી જ રીતે ચાર રકાતવાળી નમાઝમાં ગુમાન થાય કે ચાર જ પડી છે, તો તેના ઉપર નમાઝે એહતીયાત વાજિબ નહીં થાય.

પરંતુ જયાં નમાઝના કાર્યોનો સંબંધ છે ત્યાં ગુમાનનો હુકમ શક જેવો છે. અગર કોઈને ગુમાન હોય કે રૂકૂઅ કરી ચૂકયો છે, તો જો હજી સજદામાં દાખલ ન થયો હોય, તો એના માટે હુકમ છે કે રૂકૂઅ બજાવી લાવે, એવી જ રીતે અગર કોઈને ગુમાન થાય કે સૂરએ અલહમ્દ પડયો નથી, અને એ ગુમાન એવા સમયે આવે જયારે એ બીજો સૂરો પડી રહ્યો હોય, તો એ ગુમાનની દરકાર નહીં કરે, અને એની

નમાઝ સહીહ રહેશે.

**મસઅલો ૧૨૪૪** : શક, ગુમાન અને ભૂલી જવાના જે હુકમો દરરોજની વાજિબ નમાઝો માટે છે, એ જ હુકમો સર્વ વાજિબ નમાઝોને લાગુ પડે છે. દાખલા તરીકે, અગર કોઈને નમાઝે આયાતમાં શક થાય કે એક રકાત પડી છે યા બે, તો કારણ કે એ શક બે રકાતવાળી નમાઝમાં ઉત્પન્ન થયો છે, તેની નમાઝ બાતિલ થશે અને જો એને ગુમાન થાય કે એક યા બે રકાત પડી છે, તો ગુમાન મુજબ અમલ કરી નમાઝ પૂરી કરશે.

## સહ્વનો સજદો

**મસઅલો ૧૨૪૫** : **પાંચ** એવા સંજોગ છે જેમાં નમાઝ પૂરી કર્યા બાદ બે સજદ-એ-સહ્વ વાજિબ છે, અને આગળ જતાં એની રીત સમજાવવામાં આવશે.

**(૧)** જયારે ભૂલથી નમાઝમાં વાત કરે

**(૨)** જયાં નમાઝની સલામ ન પડવી જોઈએ, ત્યાં ભૂલથી પડી નાંખે, જેમકે, પહેલી રકાતમાં ભૂલથી સલામ પડે

**(૩)** જયારે તશહ્હુદ ભૂલી જાય

**(૪)** જયારે ચાર રકાતવાળી નમાઝમાં બે સજદા બાદ શક થાય કે ચોથી રકાત છે કે પાંચમી અથવા ચોથી રકાત છે કે છઠ્ઠી, આ વિષે સહીહ શકમાં ઉલ્લેખ થઈ ચૂકયો છે.

**(૫)** જયારે ઈન્સાનને એવો ખ્યાલ હોય કે નમાઝમાં કોઈ બાબત ભૂલથી ઓછી યા વધારે અંજામ આપી છે, અગરચે નમાઝ બાતિલ થતી ન હોય.

એહતીયાતની રૂએ પહેલા, બીજા અને પાંચમાં સંજોગમાં બે સજદ-એ-સહ્વ અદા કરવા જોઈએ, અને અકવા જે કે ત્રીજા અને ચોથા સંજોગમાં પણ એ મુજબ કરે.

એહતીયાતે મુસ્તહબ છે કે અગર કોઈ શખ્સ એક સજદો ભૂલી જાય, અથવા જયાં ઉભા રહેવાનું હોય ત્યાં ભૂલથી બેસી જાય, યા બેસવાનું હોય ત્યાં ભૂલથી ઉભો થઈ જાય, તો બે સજદ-એ-સહ્વ બજાવી લાવે, જેમકે, કિરઅત સમયે ભૂલથી બેસી જાય, અથવા તશહ્હુદ સમયે ભૂલથી :ભો થઈ જાય.

બલ્કે દરેક બાબત જેમાં ભૂલથી વધઘટ કરે, તે માટે સજદ-એ-સહ્વ બજાવી લાવે. આગળ જતાં આવા અમુક સંજોગનો ખુલાસાવાર ઉલ્લેખ થશે.

**મસઅલો ૧૨૪૬** : અગર કોઈ શખ્સ ભૂલથી, યા એમ ધારીને કે એની નમાઝ પૂરી થઈ ગઈ

છે. વાતો કરે, તો એહતીયાત છે કે બે સજદ-એ-સહવ કરે.

**<u>મસઅલો ૧૨૪૭</u>** : ખાંસી ખાતી વખતે જે અવાજ થાય તે માટે સજદ-એ-સહવ નથી, પણ જો કોઈ શખ્સ ભૂલથી નિસાસો મૂકે, ફરીયાદ કરે, 'આહ' શબ્દ ઉચ્ચારે, તો એહતીયાતની રૂએ બે સજદ-એ-સહવ કરશે.

**<u>મસઅલો ૧૨૪૮</u>** : અગર નમાઝમાં કોઈ ઝિક્ર કે આયત ગલત પડે, અને પછી તેને ફરીથી સહીહ રીતે અદા કરે, તો એ દોહરાવવા બદલ સજદ-એ-સહવ વાજિબ નથી.

**<u>મસઅલો ૧૨૪૯</u>** : અગર કોઈ શખ્સ નમાઝમાં ભૂલથી એક સમય સુધી વાતો કરે પણ એ એક જ વાર વાત કરી છે એમ ગણાય, તો સલામ પડયા બાદ બે સજદ-એ-સહવ કાફી છે.

**<u>મસઅલો ૧૨૫૦</u>** : અગર કોઈ શખ્સ ભૂલથી તસ્બીહાતે અરબા ન પડે, તો એહતીયાતે મુસ્તહબ છે કે નમાઝ બાદ બે સજદ-એ-સહવ કરે.

**<u>મસઅલો ૧૨૫૧</u>** : જયાં નમાઝની સલામ ન પડવાની હોય, ત્યાં જો કોઈ ભૂલથી 'અસ્સલામો અલયના વ અલા એબાદીલ્લાહીસ્સાલેહીન' પડે અથવા 'અસ્સલામો અલયકુમ' પડે, ચાહે 'વ રહમતુલ્લાહે વ બરકાતોહ' સાથે પડે કે ન પડે, તેના ઉપર એહતીયાતે વાજિબ છે કે બે સજદ-એ-સહવ અદા કરે.

પણ જો ભૂલથી 'અસ્સલામો અલય્ક અય્યોહન્નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહુ' પડે, તો તે માટે સજદ-એ-સહવ બજાવી લાવવું એહતીયાતે મુસ્તહબ છે.

**<u>મસઅલો ૧૨૫૨</u>** : જયાં નમાઝની સલામ પડવાની ન હોય, ત્યાં અગર કોઈ શખ્સ ભૂલથી ત્રણેય સલામ પડી લીએ, તો બે સજદ-એ-સહવ એ માટે કાફી છે.

**<u>મસઅલો ૧૨૫૩</u>** : અગર કોઈ શખસ તશહ્હુદ અથવા એક સજદો ભૂલી જાય, અને તે પછીની રકાતમાં રૂકૂઅમાં દાખલ થયા પહેલા તેને યાદ આવે, તો એ પાછો ફરીને ભૂલી ગએલા અમલને બજાવી લાવશે, અને એહતીયાતે મુસ્તહબની રૂએ એક વધુ કયામ બદલ બે સજદ-એ-સહવ બજાવી લાવશે.

**<u>મસઅલો ૧૨૫૪</u>** : અગર રૂકૂઅમાં આવી ગયા પછી યા એ બાદ કોઈને યાદ આવે કે ગઈ રકાતમાં એક સજદો અથવા તશહ્હુદ ભૂલાઈ ગયું હતું, તો નમાઝ પૂરી કર્યા બાદ જરૂરી છે કે એ ભૂલાએલા સજદાની કઝા આપે, અને તશહ્હુદ માટે હુકમ છે કે બે સજદ-એ-સહવ બજાવી લાવે.

**<u>મસઅલો ૧૨૫૫</u>** : અગર કોઈ શખ્સ નમાઝ પૂરી કર્યા બાદ જાણી જોઈને સજદ-એ-સહવ ન

બજાવી લાવે તો એ ગુનેહગાર થશે. અને તેના ઉપર એહતીયાતે વાજિબ છે કે બને તેટલા વહેલા સમયમાં બજાવી લાવે, અને જો ભૂલાઈ ગયું હોય તો જયારે યાદ આવે ત્યારે તરત જ બજાવી લાવે, અને એ નમાઝ નવેસરથી પડવી જરૂરી નથી.

**મસઅલો ૧૨૫૬** : અગર કોઈ શક કરે કે દાખલા તરીકે તેના ઉપર બે સજદ-એ-સહ્વ વાજિબ થયા તા કે નહીં, તો બજાવી લાવવા જરૂરી નથી.

**મસઅલો ૧૨૫૭** : અગર દાખલા તરીકે કોઈને શક થાય કે તેના ઉપર બે સજદ-એ-સહ્વ વાજિબ થયા હતા કે ચાર, તો જો એ બે સજદ-એ-સહ્વ બજાવી લાવે તો કાફી ગણાશે.

**મસઅલો ૧૨૫૮** : અગર કોઈને ખાત્રી હોય કે બે સજદ-એ-સહ્વમાંથી એક સજદો કર્યો નથી, તો અગર તરત બજાવી લાવવું શક્ય ન હોય, તો નવેસરથી બે સજદ-એ-સહ્વ કરે. એવી રીતે જો એને ખાત્રી થાય કે બે ને બદલે ત્રણ સજદા કર્યા હતા, તો એહતીયાતે વાજિબ છે બે નવેસરથી કે સજદ-એ-સહ્વ બજાવી લાવે.

## સજદ-એ-સહ્વની રીત

**મસઅલો ૧૨૫૯** : સજદ-એ-સહ્વની રીત એ છે કે સલામ પડયા બાદ તરત જ સજદ-એ-સહ્વની નિય્યત કરીને સજદામાં જાય, અને તે માટે એહતીયાતે જરૂરી છે કે સજદો એવી વસ્તુ ઉપર કરે કે જેના ઉપર સજદો સહીહ છે. ત્યાર બાદ એહતીયાતે મુસ્તહબ છે કે ઝિક્ર પડે, અને અહીં જણાવેલ ઝિક્ર પડવો બેહતર છે :

**બિસમિલ્લાહે વ બિલ્લાહ, અસ્સલામો અલયક અય્યોહન નબીય્યો વ રહમતુલ્લાહે વ બરકાતોહ.**

ત્યાર બાદ બેસીને ફરી સજદામાં જાય, અને ઉપર જણાવેલ ઝિક્ર પડે. ફરી બેસીને તશહ્હુદ પડયા બાદ 'અસ્સલામો અલયકુમ' કહે, અને બેહતર છે કે તેની સાથે 'વરહમતુલ્લાહે વબરકાતોહ' ઉમેરે.

## ભૂલેલા સજદા અને તશહ્હુદની કઝા

**મસઅલો ૧૨૬૦** : ભૂલાઈ ગએલા સજદા અને તશહ્હુદની કઝા જયારે નમાઝ બાદ અદા કરવાની હોય, ત્યારે એ યાદ રાખવું જરૂરી છે કે નમાઝની તમામ શરતો એને લાગુ પડે છે, જેમકે, શરીર, લિબાસનું પાક હોવું કિબ્લા તરફ મોઢું હોવું, અને એ ઉપરાંતની તમામ શરતો મોજૂદ હોવી જોઈએ.

**મસઅલો ૧૨૬૧** : અગર એક નમાઝમાં અનેક સજદાઓ ભૂલાઈ ગયા હોય, જેમકે પહેલી રકાતમાં એક, અને બીજી રકાતમાં એક, એવી રીતે કુલ બે સજદાઓ ભૂલાઈ ગયા હોય, તો નમાઝ ખત્મ કર્યા બાદ બંને સજદાઓની કઝા આપવી પડશે અને બેહતર છે કે એહતીયાત ઉપર અમલ કરી દરેક ભૂલાઈ ગએલા સજદા બદલ બે સજદ-એ-સહ્વ કરે.

**મસઅલો ૧૨૬૨** : અગર કોઈ શખ્સ એક સજદો અને તશહ્હુદ ભૂલી જાય તો એહતીયાત છે કે દરેક માટે બે સજદ-એ-સહ્વ બજાવી લાવે.

**મસઅલો ૧૨૬૩** : અગર ઈન્સાન બે રકાતોમાં એક એક સીજદો ભૂલી ગયો હોય, તો તેની કઝા આપતી વખતે તરતીબ જાળવવી જરૂરી નથી. એટલે કે એમ ધારવું જરૂરી નથી કે આ પહેલી રકાતમાં ભૂલાઈ ગએલા સજદાની કઝા છે, અથવા એ પછીની કોઈ રકાતમાં ભૂલાઈ ગએલા સજદાની કઝા છે.

**મસઅલો ૧૨૬૪** : અગર કોઈ શખ્સ નમાઝ પૂરી કર્યા બાદ સજદાની કઝા આપે એથી પહેલા કોઈ એવું કામ કરે કે જે કામ જાણી જોઈને કે ભૂલથી અંજામ આપતા નમાઝ બાતિલ થાય છે, જેમકે કિબ્લા તરફ પીઠ ફેરવે, તો એહતીયાતે મુસ્તહબ છે કે સજદાની કઝા આપ્યા બાદ નવેસરથી નમાઝ પડે.

**મસઅલો ૧૨૬૫** : અગર કોઈને સલામ પડી લીધા બાદ યાદ આવે કે છેલ્લી રકાતનો એક સીજદો યા તશહ્હુદ ભૂલી ગયો હતો, તો તરત જ નમાઝની હાલતમાં ફરી દાખલ થઈ ભૂલાઈ ગએલા અમલને અંજામ આપે, અને નમાઝ પૂરી થતાં વધારાના સલામ બદલ એહતીયાતે વાજિબની રૂએ બે સજદ-એ-સહ્વ કરે.

**મસઅલો ૧૨૬૬** : અગર કોઈ શખ્સ નમાઝ બાદ કઝાનો સજદો કર્યા પહેલા એવું કામ કરે કે જેથી સજદ-એ-સહ્વ વાજિબ થાય છે, જેમકે ભૂલથી વાતો કરે, તો એહતીયાતે વાજિબ છે કે પહેલે સજદાની કઝા આપે અને ત્યારબાદ બે સજદ-એ-સહ્વ બજાવી લાવે.

**મસઅલો ૧૨૬૭** : અગર કોઈ શખ્સને યાદ ન હોય કે નમાઝમાં સજદો ભૂલી ગયો હતો કે તશહ્હુદ, તો તે સજદાની કઝા આપીને બે સજદ-એ-સહ્વ કરશે. અને એહતીયાતે મુસ્તહબ છેકે તશહ્હુદની પણ કઝા આપશે.

**મસઅલો ૧૨૬૮** : અગર કોઈ શખ્સને એ વિશે શક હોય કે સજદો અથવા તશ્હુદ ભુલાઈ ગયો હતો કે નહી, તો તેના માટે કઝા અથવા સજદ-એ-સહ્વ બજાવી લાવવું જરૂરી નથી.

**મસઅલો ૧૨૬૯** : અગર કોઈ શખ્સ ખાત્રી ધરાવે કે એક સજદો ભૂલાઈ ગયો હતો, પણ એ સાથે એને શક હોય કે એ પછીની રકાતમાં રૂકૂઅથી પહેલા યાદ આવી જતાં એણે સજદો કર્યો હતો કે નહીં, તો એહતીયાતે મુસ્તહબ છે કે એ સજદાની કઝા આપે.

**મસઅલો ૧૨૭૦** : જે શખ્સ ઉપર સજદાની કઝા વાજિબ હોય, અને તે બાદ એવું કામ પણ કરે કે જેથી સજદ-એ-સહ્વ વાજિબ થાય, તો નમાઝ પૂરી કર્યા બાદ એહતીયાતની રૂએ પહેલા સજદાની કઝા આપશે, અને ત્યારબાદ સજદ-એ-સહ્વ બજાવી લાવશે.

**મસઅલો ૧૨૭૧** : અગર કોઈને શક હોય કે નમાઝ બાદ ભૂલાઈ ગએલા સજદાની કઝા આપી હતી કે નહીં, તો જો નમાઝનો સમય વીતી ન ગયો હોય તો સજદાની કઝા આપે. બલ્કે જો સમય વીતી ગયો હોય તો પણ એહતીયાતે વાજિબ છે કે એ સજદાની કઝા બજાવી લાવે.

## નમાઝના ભાગો અથવા શરતોને વધઘટ કરવા વિષે

**મસઅલો ૧૨૭૨** : વાજીબાતે નમાઝમાં અગર કોઈ શખ્સ જાણીજોઈને ઉમેરો યા કમી કરે, ચાહે એ એક અક્ષર જેટલું હોય, તો એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૨૭૩** : અગર કોઈ મસઅલાથી અજાણ હોવાને કારણે નમાઝના વાજીબાતે રૂકનીમાં ઘટાડો કરે, તો એની નમાઝ બાતિલ છે.

પરંતુ જે શખ્સ જાહીલે કાસીર હોય, એટલે કે જેની જહાલત યા મસઅલાથી અજાણ હોવું તેની લાપરવાઈને કારણે ન હોય, અને એ શખ્સ કે જે કોઈ શરઈ દલીલ મુજબ અમલ કરતો હોય, તે વાજીબાતે ગયરે રૂકનીમાં વધઘટ કરે તો નમાઝ બાતિલ નહીં થાય.

અગર કોઈ શખ્સ મસઅલાથી અજાણ હોવાને કારણે, ચાહે એ અજાણતા બેદરકારી અને લાપરવાઈને કારણે હોય, નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશામાં સુરએ અલહમ્દ અને બીજો સૂરો આસ્તે પડે, એટલે કે અવાજથી ન પડે, અથવા એથી ઉલ્ટું નમાઝે ઝોહર અસરમાં કિરઅત અવાજથી પડે, અથવા સફરમાં હોવા છતાં ચાર રકાતી નમાઝો પૂરી પડે, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૨૭૪** : અગર કોઈ શખ્સને નમાઝ દરમયાન યાદ આવે કે તેનું વઝુ અથવા ગુસ્લ બાતિલ હતું, અથવા એ કે વઝુ યા ગુસ્લ વગર નમાઝ પડી રહ્યો છે, તો તરત નમાઝને તોડી લીએ, અને વઝુ યા ગુસ્લ કરીને ફરીથી નમાઝ પડે, એવી જ રીતે જો નમાઝ પૂરી કર્યા બાદ યાદ આવે, તો વઝુ યા ગુસ્લ કરીને ફરીથી નમાઝ પડે, અને જો સમય વીતી ગયો હોય તો નમાઝની કઝા આપે.

**<u>મસઅલો ૧૨૭૫</u>** : અગર રૂકૂઅમાં દાખલ થઈ ગયા બાદ કોઈને યાદ આવે કે ગઈ રકાતના બંને સજદાઓ ભૂલાઈ ગયા હતા, તો એહતીયાતની રૂએ એની નમાઝ બાતિલ છે.

પણ જો રૂકૂઅમાં દાખલ થયા પહેલા એને યાદ આવે, તો એ પાછો ફરીને ગઈ રકાતના બે સજદાઓ અદા કરશે, અને પાછા ઉભા થઈ સૂરા કે તસ્બીહાત પડશે. નમાઝ પૂરી કર્યા બાદ એહતીયાતે મુસ્તહબની રૂએ વધારાના કયામ બદલ સજદ-એ-સહ્વ બજાવી લાવશે.

**<u>મસઅલો ૧૨૭૬</u>** : અગર 'અસ્સલામો અલયના' અને 'અસ્સલામો અલયકુમ' પડયા પહેલા કોઈને યાદ આવે કે છેલ્લી રકાતના બંને સજદાઓ ભૂલાઈ ગયા છે, તો તરત એ સજદાઓ બજાવી લાવી, ફરીથી તશહ્હુદ અને સલામ પડે.

**<u>મસઅલો ૧૨૭૭</u>** : અગર નમાઝની સલામ પહેલા કોઈને યાદ આવે કે નમાઝની છેલ્લી એક રકાત યા એથી વધુ ભૂલાઈ ગઈ છે, તો તરત ભૂલાઈ ગએલા અમલને અંજામ આપે.

**<u>મસઅલો ૧૨૭૮</u>** : અગર સલામ પડી લીધા બાદ કોઈને યાદ આવે કે નમાઝની છેલ્લી એક રકાત યા એથી વધુ રહી ગઈ હતી, તો જો કોઈ એવો અમલ અંજામ આપ્યો હોય કે જે જાણીબુજીને યા ભૂલથી કરવાથી નમાઝ બાતિલ થાય છે, જેમકે કિબ્લા તરફ પીઠ ફેરવી હોય, તો નમાઝ બાતિલ ગણાશે.

પણ જો નમાઝને તોડનાર કોઈ અમલ બજાવી ન લાવ્યો હોય, તો તરત જ ભૂલાઈ ગએલા અમલને બજાવી લાવે, અને વધારાના સલામ બદલ એહતીયાતે લાઝિમની રૂએ બે સજદ-એ-સહ્વ બજાવી લાવે.

**<u>મસઅલો ૧૨૭૯</u>** : નમાઝ પૂરી કર્યા બાદ કોઈ શખ્સ એવું કાર્ય કરે કે જે જાણીબુજીને યા ભૂલથી કરવાથી નમાઝ બાતિલ થાય છે, જેમકે કિબ્લા તરફ પીઠ ફેરવે, અને ત્યારે એને યાદ આવે કે છેલ્લી રકાતના બંને સજદાઓ ભૂલી ગયો હોત, તો એની નમાઝ બાતિલ છે, પણ જો નમાઝ તોડનાર અમલ ન બજાવી લાવ્યો હોય, તો તરત જ ભૂલાઈ ગએલા સજદાઓ કરી, ફરીથી તશહ્હુદ અને સલામ પડે, અને એહતીયાતે વાજિબની રૂએ જે સલામ પડી ચૂકયો હતો તે બદલ બે સજદ-એ-સહ્વ અદા કરે.

**<u>મસઅલો ૧૨૮૦</u>** : અગર કોઈને ખાત્રી થાય કે સમય દાખલ થાય એથી પહેલા નમાઝ પડયો હતો, તો ફરીથી પડે, અને જો સમય વીતી ગયા બાદ જણાય, તો એ નમાઝની કઝા આપે. અને અગર એને ખબર પડે કે નમાઝ કિબ્લાને પીઠ આપીને પડી હતી, તો જો નમાઝનો સમય બાકી હોય તો

ફરીથી કિબ્લા તરફ મોઢું રાખીને પડે. અને જો કિબ્લાની દિશા બારામાં પૂરી તહકીક કરીને ખાત્રી ન કરી શક્યો હતો, તો નમાઝનો સમય વીતી ગયા બાદ એ નમાઝની કઝા જરૂરી છે, નહીંતર કઝા જરૂરી નથી.

એવી જ રીતે જો એને ખબર પડે કે કિબ્લાની જમણી યા ડાબી દિશાએ નમાઝ પડી હતી, તો જો નમાઝનો સમય વીતી ગયો હોય તો તેની કઝા નથી. પણ જો નમાઝનો સમય બાકી હોય, તો જો કિબ્લાથી હટી જવા માટે કોઈ ઉઝર ન હતો, જેમકે, એણે સહીહ દિશા જાણવા માટે પૂરી કોશિષ ન કરી હતી, તો એહતીયાત છે કે ફરીથી નમાઝ પડે.

## મુસાફરની નમાઝ

મુસાફર માટે જયારે નીચે જણાવેલી આઠ શરતો પૂરી થાય ત્યારે વાજિબ છે કે ચાર રકાતવાળી નમાઝો કસર પડે. એટલે કે તે માટે બે રકાત અદા કરે.

**પહેલી શરત** : એની સફર આઠ શરઈ ફરસખથી ઓછી ન હોવી જોઈએ, અને શરઈ ફરસખ લગભગ સાડા પાંચ કિલોમીટર છે.

**મસઅલો ૧૨૮૧** : જે શખ્સની મુસાફરીમાં આવવા જવાનો કુલ ફાસલો આઠ ફરસખ હોય, ચાહે આવવાનો કે જવાનો રસ્તો ચાર ફરસખ જેટલો હોય કે ન હોય, એ શખ્સ કસર નમાઝ પડશે. એટલે જો જવાનો રસ્તો દાખલા તરીકે ત્રણ ફરસખ જેટલો હોય, પણ પાછા વળવાનો રસ્તો પાંચ ફરસખ હોય, અથવા એથી ઉલટું હોય, તો એ માણસ કસર નમાઝ પડશે.

**મસઅલો ૧૨૮૨** : અગર કોઈ શખ્સની મુસાફરી આઠ ફરસખ જેટલી જ હોય, તો અગરચે એ જ દિવસે યા રાત પડતાં પાછો ન આવે, તો પણ કસર નમાઝ પડશે. પણ આવા સંજોગમાં બેહતર છે કે એહતીયાતની રૂએ પૂરી ચાર રકાત પણ પડે.

**મસઅલો ૧૨૮૩** : અગર ટુંકી મુસાફરી હોય, જેમાં આઠ ફરસખ પુરાં ન થતાં હોય, અથવા કોઈને ખાત્રી ન હોય કે એની સફરમાં આઠ ફરસખ પૂરા થાય છે નહીં, તો એવા શખ્સે કસર નમાઝ ન પડવી જોઈએ. અને જો એ વિષે શક હોય, તો પણ નમાઝ પૂરી પડશે, અને તે માટે તહકીક કરવી જરૂરી નથી.

**મસઅલો ૧૨૮૪** : અગર એક આદીલ અથવા ભરોસાપાત્ર શખ્સ જણાવે કે સફરમાં આઠ ફરસખ પુરાં થાય છે, અને એના કહેવાથી ઈત્મિનાન હાંસિલ થાય, તો નમાઝ કસર પડવી જોઈએ.

**મસઅલો ૧૨૮૫** : અગર કોઈ શખ્સને ખાત્રી હોય કે એની સફર આઠ ફરસખની છે, અને

કસર નમાઝ પડે, ત્યાર બાદ જો એને જાણ થાય કે આઠ ફરસખની મુસાફરી ન હતી, તો એ નમાઝની ચાર રકાતો બજાવી લાવશે, અને જો સમય વીતી ગયો હતો તો એની કઝા આપશે.

**મસઅલો ૧૨૮૬** : અગર કોઈને ખાત્રી હોય કે જે મંઝીલ તરફ એ સફરમાં જઈ રહ્યો છે, એ મંઝીલ આઠ ફરસખથી દૂર નથી, અથવા એ બારામાં શક ધરાવતો હોય, અને રસ્તામાં એને ખાત્રી પૂર્વક જાણ થાય કે મુસાફરી આઠ ફરસખની છે, તો અગરચે થોડોક અંતર બાકી હોય, નમાઝ કસર પડશે. અને જો પૂરી નમાઝ પડી ચૂકયો હોય, તો નવેસરથી કસર નમાઝ પડશે. પણ જો એ નમાઝનો સમય વીતી ગયો હોય, તો તેની કઝા જરૂરી નથી.

**મસઅલો ૧૨૮૭** : અગર બે જગ્યાઓ વચ્ચેનો ફાંસલો ચાર ફરસખથી ઓછો હોય, અને કોઈ શખ્સ એ વચ્ચે અનેકવાર આવજાવ કરે, તો અગરચે કુલ મળીને મુસાફરી આઠ ફરસખની થઈ જાય તો પણ નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૨૮૮** : અગર બે જગ્યાઓ વચ્ચે મુસાફરીના બે રસ્તાઓ હોય, એક રસ્તો આઠ ફરસખથી ઓછો હોય, અને બીજો રસ્તો આઠ ફરસખ જેટલો યા એથી વધુ હોય, તો જયારે લાંબો રસ્તો ઈખ્તીયાર કરશે ત્યારે કસર પડશે, અને જયારે આઠ ફરસખથી ઓછા ફાંસલાવાળો રસ્તો લેશે ત્યારે નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૨૮૯** : આઠ ફરસખની શરૂઆત એવા સ્થળેથી થશે કે જયાંથી પસાર થયા બાદ એ મુસાફર ગણાય. ઘણે ભાગે આવી જગ્યા શહેરના છેડે હોય છે, પણ બહુ જ વિસ્તૃત શહેરોમાં મુમ્કીન છે કે પોતાના મોહલ્લાના છેડાથી હિસાબ કરશે.

**બીજી શરત** : મુસાફીરના દીલમાં સફરની શરૂઆતથી જ આઠ ફરસખની નિય્યત હોવી જોઈએ. એટલે કે એને એવી જાણ હોવી જોઈએ. અગર કોઈ શખ્સ એવી જગ્યા સુધી સફર કરે કે જે આઠ ફરસખથી ઓછી હોય, અને ત્યાં પહોંચ્યા બાદ આગળ વધવાનો ઈરાદોકરે, કે જેને પરિણામે કુલ ફાસલો આઠ ફરસખનો થઈ જાય, તો કારણ કે પહેલેથી આઠ ફરસખ જવાનો ઈરાદો ન હતો, એ નમાઝ પૂરી પડશે. પણ જો એ ત્યાંથી બીજા આઠ ફરસખ સુધી સફર કરવાનો ઈરાદો કરે, અથવા દાખલા તરીકે એવો ઈરાદો કરે કે ચાર ફરસખ આગળ જઈને બાકીના ચાર ફરસખના રસ્તેથી વતન પહોંચે, અથવા એવી જગ્યાએ પહોંચે જયાં દસ દિવસ રહેવાનો ઈરાદો હોય, તો એવા સંજોગમાં નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૨૯૦** : જે શખ્સને પહેલેથી ખબર ન હોય કે કેટલે દૂર જવું પડશે, જેમકે, એ કોઈ

ખોવાયેલી વસ્તુની શોધમાં નીકળે, અને કેટલે દૂર સુધી જવું પડશે એ નક્કી ન હોય, તો નમાઝ પૂરી પડશે. પરંતુ પાછા ફરતાં જો વતન સુધીનો, યા જયાં દસ દિવસ રહેવા માંગતો હોય ત્યાં સુધીનો ફાંસલો આઠ ફરસખ યા વધુ થાય તો નમાઝ કસર પડશે. એવી જ રીતે જો સફર દરમ્યાન એ નિય્યત કરે કે ચાર ફરસખ સુધી જશે, અને એટલો જ અંતર પાછા વળતાં કાપશે, તો નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૨૯૧** : મુસાફર ફકત એ જ સંજોગમાં નમાઝ કસર પડશે, જયારે કે એ ચોક્કસ રીતે ઈરાદો કરી ચૂક્યો હોય કે આઠ ફરસખ જશે. તો દાખલા તરીકે, કોઈ શખ્સ શહેરની બહાર નીકળે, અને એમ વિચારે કે જો કોઈ સાથી મળશે તો આઠ ફરસખની મંજીલ કાપશે, એવા સંજોગમાં જો સાથી મળવા સંબંધી ઈત્મિનાન ધરાવતો હોય તો નમાઝ કસર પડશે, અને જો ઈત્મિનાન ધરાવતો ન હોય તો નમાઝ પૂરી પડશે.

**મસઅલલો ૧૨૯૨** : જે શખ્સ આઠ ફરસખ સુધી જવાનો નિશ્ચય કરી ચૂક્યો હોય, અને એ રોજ થોડો અંતર કાપતો હોય, તો જયારે હદ્દે તરખ્ખુસ (જેની વિગત મસઅલા નંબર ૧૩૨૭માં આવશે) પહોંચશે, ત્યારથી નમાઝ કસર પડશે. પણ જો રોજની મુસાફરી તદ્દન ઓછી હોય, તો એહતીયાતે લાઝિમ છે કે એ પૂરી તેમજ કસર, બંને રીતે નમાઝ અદા કરે.

**મસઅલો ૧૨૯૩** : જે માણસની મુસાફરીનો આધાર અને ઈખ્તીયાર બીજાના હાથમાં હોય, જેમકે, નોકર હોય કે જે પોતાના માલિક સાથે સફર કરી રહ્યો હોય, તો જો એને માલૂમ હોય કે એની સફર આઠ ફરસખની છે, તો નમાઝ કસર પડશે અને જો માલૂમ ન હોય તો નમાઝ પૂરી પડશે, અને એ વિષે પૂછવું તેના ઉપર જરૂરી નથી.

**મસઅલો ૧૨૯૪** : જે માણસની મુસાફરીનો ઈખ્તીયાર બીજાના હાથમાં હોય, અને એ જાણતો હોય, અથવા એને એવો ગુમાન હોય કે ચાર ફરસખ પહોંચવા પહેલા એ વિખૂટો પડી જવાનો છે, અને સફર નહીં કરે, તો એવા શખ્સે નમાઝ પૂરી પડવી જોઈએ.

**મસઅલો ૧૨૯૫** : જે શખ્સની મુસાફરીનો ઈખ્તેયાર બીજાના હાથમાં હોય અને એને ચાર ફરસખ પહોંચવા પહેલા વિખૂટો પડવા બારામાં ઈત્મિનાન ન હોય, અને એ મુસાફરી કરે તો નમાઝ પૂરી પડશે પણ જો ઈત્મિનાન અને હોય, અથવા એવી કમજોર શક્યતા જણાય કે સફરમાં કોઈ અવરોધ નડશે, તો એ નમાઝ કસર પડશે.

**ત્રીજી શરત** : સફર દરમ્યાન એ પોતાનો ઈરાદો ન બદલાવે. અગર કોઈ મુસાફીર ચાર ફરસખ પહોંચ્યા પહેલા પોતાનો ઈરાદો ફેરવી નાખે, અથવા એ બારામાં અચોક્કસ થાય, તો એ નમાઝ

પૂરી પડશે.

**મસઅલો ૧૨૯૬** : અગર કોઈ શખ્સ સફરમાં એટલે દૂર આવી ગયો હોય કે ત્યાંથી પાછો ફરે તો કુલ આઠ ફરસખ થતા હોય, અને એ જગ્યાએ સફરનો ઈરાદો બદલી નાખે, તો જો એ ત્યાં જ રોકાવવા માંગતો હોય, અથવા દસ દિવસ બાદ પાછા આવવાનો ઈરાદો ધરાવતો હોય, અથવા રોકાવવા અને પાછા ફરવા બારામાં અનિશ્ચિત હોય, તો એ પૂરી નમાઝ પડશે.

**મસઅલો ૧૨૯૭** : અગર કોઈ શખ્સ મુસાફરીમાં એટલે દૂર આવી ગયો હોય કે ત્યાંથી જો પાછો ફરે તો કુલ આઠ ફરસખ થતા હોય, અને ત્યાં સફરનો ઈરાદો ત્યજી દીએ, તો પાછા વળવા માટે નિશ્ચય કરી લીએ તો નમાઝ કસર પડશે, અગરચે ત્યાં એ દસ દિવસથી ઓછું રહેવા માંગતો હોય.

**મસઅલો ૧૨૯૮** : અગર કોઈ શખ્સ નિશ્ચિત જગ્યાએ પહોંચવા માટે આઠ ફરસખવાળી મુસાફરી કરે, અને થોડે દૂર જઈને ઈરાદો કરે કે બીજી જગ્યાએ જવું છે, તો જ્યાંથી એણે મુસાફરી કરી ત્યાંથી બીજી જગ્યા સુધી આઠ ફરસખ થતા હોય, તો નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૨૯૯** : અગર કોઈ શખ્સ આઠ ફરસખ પસાર થયાં પહેલા અચોક્કસ થઇ જાય કે બાકીનો રસ્તો પૂરો કરવો કે નહીં, અને જે સમય દરમ્યાન એ અચોક્કસ હોય, આગળ ન વધે અને ત્યારબાદ નક્કી કરી કે બાકીનો રસ્તો પૂરો કરવો છે, તો સફર પૂરી થાય ત્યાં સુધી કસર નમાઝ પઢશે.

**મસઅલો ૧૩૦૦** : અગર કોઈ શખ્સ આઠ ફરસખ સુધી પહોંચ્યા પહેલા અનિશ્ચિત થાય કે બાકીની સફર પૂરી કરવી કે નહીં, અને જો એ જ અચોક્કસ હાલતમાં આગળ વધે, અને તે પછી નિશ્ચય કરે કે બીજા આઠ ફરસખની મુસાફરી કરવી છે, અથવા એટલે દૂર છે કે આવવા-જવામાં આઠ ફરસખ પૂરાં થશે, તો એવા સંજોગમાં, ચાહે એ જ દિવસે કે રાત્રે પાછો ફરે યા ન ફરે, અને ત્યાં દસ દિવસથી ઓછું રહેવા માગે, એ શખ્સ સફર પૂરી થાય ત્યાં સુધી કસર નમાઝ પડશે.

**મસઅલો ૧૩૦૧** : અગર કોઈ શખ્સ આઠ ફરસખ સુધી પહોંચ્યા પહેલા અનિશ્ચિત થાય કે બાકીની સફર પૂરી કરવી કે નહીં, અને એ જ અચોક્કસ હાલતમાં આગળ વધતો રહે, અને ત્યાર બાદ નક્કી કરે કે સફર પૂરી કરશે, તો જો બાકી રહેલો ફાંસલો આઠ ફરસખથી ઓછો હોય તો હવે નમાઝ પૂરી પડશે, પણ જો અનિશ્ચિત થયા પહેલા જેટલો રસ્તો કાપી ચૂક્યો હોય તે અને બાકી રહેલો રસ્તો કુલ મળીને આઠ ફરસખ થતાં હોય, તો એવા સંજોગમાં નમાઝ કસર પડશે.

**ચોથી શરત** : મુસાફરી દરમ્યાન આઠ ફરસખ પહોંચ્યા પહેલા વતનમાંથી પસાર થવાનો ઈરાદો ન હોવો જોઈએ. અથવા ત્યાં રોકાવવાનો ઈરાદો ન હોય, અથવા કોઈ સ્થળે દસ દિવસ યા

એથી વધુ રોકાણ ન કરે, તો જે શખ્સ સફર દરમ્યાન આઠ ફરસખ પહોંચ્યા પહેલા વતનમાંથી થઈને પસાર થવાનો કસદ કરે, અથવા ત્યાં રોકાવવા માગે, અથવા કોઈ સ્થળે દસ દિવસ રહેવા માંગતો હોય, તે નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૩૦૨** : જે શખ્સને માલૂમ ન હોય કે આઠ ફરસખ પહોંચ્યા પહેલા એ વતનમાંથી પસાર થશે કે નહીં, અને ત્યાં રોકાણ કરશે કે નહીં, અથવા કોઈ સ્થળે દસ દિવસ રહેવાની નિય્યત કરશે કે નહીં, તો એ શખ્સ નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૩૦૩** : જે શખ્સે પહેલેથી નક્કી કર્યું હોય કે આઠ ફરસખ પસાર થયા પહેલા વતનમાંથી થઈને જશે, અને ત્યાં રોકાશે, અથવા કોઈ સ્થળે દસ દિવસ રોકાણ કરશે અને ત્યાર બાદ વતનમાંથી પસાર થવાનો કે દસ દિવસ રોકાવવાનો ઈરાદો બદલી નાંખે તો પણ નમાઝ પૂરી પડશે. અને એ જ હુકમ એવા શખ્સને લાગુ પડશે જે વતનમાંથી થઈને અથવા કોઈ સ્થળે દસ દિવસ રોકાઈને આગળ જવા સંબંધી અનિશ્ચિત હોય, પણ ત્યાર પછી જે ફાસલો બાકી હોય તે આઠ ફરસખ હોય, અથવા આવવા જવાનું કુલ અંતર આઠ ફરસખ થતું હોય, તો એ નમાઝ કસર પડશે.

**પાંચમી શરત** : મુસાફરી કોઈ હરામ કાર્ય માટે ન હોવી જોઈએ, અને જો હરામ કાર્ય માટે, જેમકે, ચોરી કરવા માટે, સફર કરે તો નમાઝ પૂરી પડશે. એવી જ રીતે જો ખુદ સફર જ હરામ હોય, જેમકે એ સફરમાં એવા નુકસાનનો સંભવ હોય કે જે શરીઅતની નજરે હરામ છે, અથવા ઔરત પોતાના શવહરની રજા વિના એવી સફર કરે કે જે એના ઉપર વાજિબ ન હોય, તો નમાઝ પૂરી પડશે. અલબત્ત, અગર હજ સફરની જેમ વાજિબ હોય તો નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૦૪** : અગર વાજિબ સફર ન હોય, અને એ સફર કરવાથી માબાપની એવી નારાજગી થતી હોય, જે નારાજગી શફક્ત અને વાત્સલ્ય પ્રેમને કારણે હોય, તો એ સફર હરામ છે, અને એ મુસાફરીમાં ઈન્સાન પૂરી નમાઝ પડશે અને રોઝા પણ રાખશે.

**મસઅલો ૧૩૦૫** : જે સફર હરામ ન હોય, અને કોઈ હરામ કાર્ય માટે પણ એ સફર કરવામાં ન આવી હોય, પણ સફર દરમ્યાન ગીબત, શરાબખોરી, વીગેરે જેવા ગુનાહના કામો થાય, તો એ સફરમાં નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૦૬** : અગર કોઈ શખ્સ કોઈ વાજિબ અમલને તર્ક કરવાની નિય્યતથી સફર કરે, ચાહે એ નિય્યતની સાથે સફરનો બીજો આશય પણ હોય, તો એ પૂરી નમાઝ પડશે. જેમકે, અગર કોઈ શખ્સ કરજવાન હોય, અને લેણદાર પોતાનું લેણું માંગતો હોય, અને પોતે એ કરજ અદા કરવા

શક્તિશાળી હોય, ઉપરાંત એ જાણતો હોય કે સફર દરમ્યાન લેણું ભરપાઈ નહીં કરી શકે, તે છતાં કરજની અદાયગીથી ભાગવા માટે સફર કરે, તો નમાઝ પૂરી પડશે. પણ જો એની સફરનો આશય પહેલેથી જુદો હતો, અને સફર દરમ્યાન કોઈ વાજિબ અમલ તર્ક થઈ જાય, તો નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૦૭** : અગર કોઈ શખ્સ ગસ્બી વાહન કે સવારીમાં મુસાફરી કરે, અને એનો ઈરાદો એ હોય કે માલિકથી ભાગતો રહે, તો એ નમાઝ પૂરી પડશે. એ જ હુકમ ગસ્બી જમીનમાં સફર કરનારને લાગુ પડશે.

**મસઅલો ૧૩૦૮** : અગર કોઈ શખ્સ કોઈ ઝાલિમ સાથે મજબૂરી વિના મુસાફરી કરે અને એને સાથ આપવાથી એના ઝુલ્મને પ્રોત્સાહન મળતું હોય, તો એ શખ્સ નમાઝ પૂરી પડશે. પણ જો મજબૂર હોય, અથવા કોઈ મઝલૂમના છૂટકારા માટે તેની સાથે મુસાફરી કરતો હોય, તો કસર પડશે.

**મસઅલો ૧૩૦૯** : અગર કોઈ શખ્સ આનંદ યા ફરવા માટે સફર કરે, તો એ સફર હરામ નથી, અને નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૧૦** : અગર કોઈ શખ્સ કોઈ આશય વિના, આનંદમય સમય ગાળવા માટે શિકાર કરવા જાય, તો જતી વખતે નમાઝ પૂરી પડશે; પણ પાછા ફરતાં કસર પડશે, અગર એ ફાસલો મુસારફી (આઠ ફરસખ) જેટલો હોય, અને તેમાં શિકાર કરવાનો ઈરાદો ન હોય, અલબત્ત, જો કોઈ શખ્સ પોતાની આજીવિકા માટે શિકારની સફરે જાય, તો એ કસર પડશે. એવી જ રીતે અગર કોઈ શખ્સ કમાણી માટે અને વધુ ધન પ્રાપ્ત કરવાના આશયથી શિકાર કરે, તો નમાઝ કસર પડશે, પણ આ સંજોગમાં એહતીયાત છે કે કસર અને પૂરી, બંને રીતે નમાઝ અદા કરે.

**મસઅલો ૧૩૧૧** : જે શખ્સે ગુનાહ કરવાના ઈરાદાથી સફર કરી હોય, તે જયારે સફસરથી પાછો વળતો હોય, અને એ પાછા ફરવામાં આઠ ફરસખની રાહ હોય, તો હવે કસર નમાઝ પડશે, અને જો એણે પોતાના ગુનાહની તોબા ન કરી હોય, તો એહતીયાતે મુસ્તહબ છે કે તો પાછા ફરતાં કસર અને પૂરી, બંને રીતે નમાઝ પડે.

**મસઅલો ૧૩૧૨** : જે માણસની સફર ગુનાહના કાર્ય માટે હોય, તે અગર સફર દરમ્યાન ગુનાહનો ઈરાદો ત્યજી દીએ, તો બાકી રહેલો રસ્તો યા આવવા જવાનું કુલ અંતર આઠ ફરસખ હોય કે ન હોય, નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૧૩** : જે માણસે ગુનાહના ઈરાદાથી સફર ન કરી હોય, પણ સફર દરમ્યાન ઈરાદો કરે કે બાકી રહેલી સફર ગુનાહ માટે કરશે, તો નમાઝ પૂરી પડશે. અલબત્ત, ત્યાર સુધીમાં

જેટલી નમાઝો કસર પડયો હોય, એ સહીહ ગણાશે.

**છઠ્ઠી શરત** : મુસાફર એવી ભટકતી જાતીનો ન હોય કે જેનું કોઈ નિયુકત ઠેકાણું ન હોય. અથવા એવો ન હોય કે જે ખાનાબદોશ હોય, જંગલમાં ભટકતા લોકોની જેમ જયાં પાણી કે અનાજ જુએ ત્યાં રાતવાસો કરીને ફરી આગળ વધે; મતલબ કે આવા લોકો જે સતત મુસાફરીમાં હોય છે, તેમના માટે પોતાની મુસાફરીમાં પૂરી નમાઝનો હુકમ છે.

**મસઅલો ૧૩૧૪** : અગર આવી રીતે ભટકતો શખ્સ પોતાના જાનવર માટે ચરવાની જગ્યા કે ગોચરની શોધમાં નીકળી પડે, અને એની સાથે માલ, સામાન, સામગ્રી સાથે હોય, તો નમાઝ પૂરી પડશે. પણ જો એ રીતે માલસામાન સાથે ન નીકળી પડયો હોય, અને આઠ ફરસખ જેટલી સફર કરે, તો નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૧૫** : એ રીતે ભટકતો શખ્સ અગર દાખલા તરીકે, હજ, ઝિયારત યા વેપાર વીગેરે માટે મુસાફરી કરે તો નમાઝ કસર પડશે.

**સાતમી શરત** : એનું કામ મુસાફરીનું ન હોય. જે શખ્સનું કામ એ રીતે મુસાફરીનું હોય કે એ સિવાય બીજું કામ ન હોય, એટલે સુધી કે એની ગણત્રી કસીરૂસ્સફરમાં થાય, તો એ નમાઝ પૂરી પડશે. એવી જ રીતે જે શખ્સે એવું કામ પોતાની આજીવિકા માટે પસંદ કર્યું હોય કે જેનો આધાર મુસાફરી ઉપર છે. જેમકે ગાડી હાંકનાર, ખલાસી, ગોવાળ, વીગેરે તો પણ એ નમાઝ પૂરી પડશે. આ બંને લોકો પોતાના અંગતકામ માટે, જેમકે, પોતાના ઘરસામાનને કે બાલબચ્ચઓને સ્થાન પલટા કે પરિવહન માટે, સફર કરે, તો પણ પૂરી નમાઝ પડશે.

એવી જ રીતે જે લોકોનો કામ કે ધંધો બીજી જગ્યાએ હોય, અને રોજ અથવા એકાત્રે એક વાર ત્યાં જઈને પાછા આવવાનું હોય, દાખલા તરીકે એક જગ્યાએ રહેતો હોય, અને બીજી જગ્યાએ વેપાર કે ભણતર માટે સફર ઉપર જવું પડતું હોય, તો નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૩૧૬** : જે માણસનું કામ મુસાફરી હોય,એ અગર કોઈ બીજા આશયથી સફર કરે, જેમકે, ઝિયારત કે હજ માટે સફર કરે, તો નમાઝ કસર પડશે, સિવાય કે એ કસીરૂસ્સફર તરીકે ઓળખાતો હોય. પણ દાખલા તરીકે જો ડ્રાયવર પોતાની ગાડી ઝિયારતો માટે ભાડે આપે, અને પોતે પણ સાથે એ બહાને ઝિયારત કરી આવે, તો દરેક સંજોગમાં એ નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૩૧૭** : જે માણસનો ધંધો પ્રવાસીઓની વ્યવસ્થા, સગવડ જાળવવાનો હોય, જેમકે હાજીઓને મકકા સુધી લઈ જવા સફર કરે, તો જો મુસાફરી એનો ધંધો હોય તો નમાઝ પૂરી પડશે. પણ

જો મુસાફરી એનો ધંધો ન હોય, અને માત્ર હજના દિવસોમાં જ એ ધંધો અપનાવતો હોય, તો એહતીયાતે વાજિબ છે કે એ કસર અને પૂરી બંને રીતે નમાઝ પડે. પણ જો એ સફરની મુદ્દત ટૂંકી હોય, જેમકે બે ત્રણ અઠવાડિયા પૂરતી હોય, તો નમાઝ કસર જ પડશે.

**મસઅલો ૧૩૧૮** : જે શખ્સનો ધંધો પ્રવાસીઓની વ્યવસ્થા અને સગવડ સાચવવાનો હોય અને એ હાજીઓને દૂર દૂરથી મક્કા લઈ જતો હોવાથી વર્ષમાં ગણનાપાત્ર દિવસો મુસાફરીમાં ગાળતો હોય, તો એ શખ્સ નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૩૧૯** : જે શખ્સ વર્ષના અમુક દિવસોમાં જ સફરનો ધંધો કરતો હોય, જેમકે, ડ્રાયવર ફકત શિયાળા કે ઉનાળામાં જ પોતાની ગાડીઓ ભાડે આપતો હોય, અને મુસાફરો જોડે એ દિવસોમાં સફરમાં નીકળતો હોય, તો એ શખ્સ પૂરી નમાઝ પડશે, અને એહતીયાતે મુસ્તહબ છે કે એ શખ્સ કસર અને પૂરી બંને નમાઝ પડે.

**મસઅલો ૧૩૨૦** : જે ડ્રાયવર કે હાથગાડી વીગેરે ચલાવનાર માત્ર શહેરની અંદર બેત્રણ ફરસખ વચ્ચે આવજાવ કરતો હોય, એને જો અચાનક કોઈ દિવસે આઠ ફરસખ સુધી જવું પડે, તો એ સફર ગણાશે, અને નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૨૧** : જે ધંધાદારી મુસાફર પોતાના વતનમાં દસ દિવસ યા એથી વધુ રહે, ચાહે પહેલેથી એ માટે ઈરાદો કર્યો હોય કે ન હોય, જયારે દસ દિવસ બાદ પહેલી વાર સફર કરે ત્યારે એ સફરમાં પૂરી નમાઝ પડશે. એવી જ રીતે વતન સિવાયની જગ્યાએ, ઈરાદાથી યા ઈરાદા વગર, દસ દિવસ રોકાયા બાદ સફર કરે, તો એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૩૨૨** : ભરવાડ, ગોવાળ કે જે સતત મુસાફરીમાં હોય, અગર વતનમાં યા વતન સિવાયની જગ્યાએ, પૂર્વ ઇરાદાથી યા પૂર્વ ઈરાદા વગર, દસ દિવસ રોકાય, તો એહતીયાતે મુસ્તહબ છે કે એ બાદ પહેલી સફરમાં કસર અને પૂરી બંને રીતે નમાઝ અદા કરે.

**મસઅલો ૧૩૨૩** : ભરવાડ, ગોવાળ કે જે પોતાના ધંધાના કારણે સતત પ્રવાસમાં હોય છે, તે જયારે સામાન્ય અંતર કરતા વધુ દૂર સુધી સફર કરે, અને એેને કારણે અસહ્ય તકલીફ ભોગવવી પડે, તો એવા સંજોગમાં કસર નમાઝ પડશે.

**મસઅલો ૧૩૨૪** : જે શખ્સ સતત પ્રવાસી તરીકે શહેર-શહેર અને ગામોગામ ફરતો જ રહેતો હોય, અને પોતાના માટે કોઈ વતન ઈખ્તીયાર ન કરે, તો એ નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૩૨૫** : જે માણસનો મૂળ ધંધો મુસાફરીનો ન હોય, તેને જો એક ગામ કે શહેરથી

બીજા શહેર સુધી માલ વીગેરે લઈ જવા માટે અનેક્વાર ઉપરાઉપરી સફર કરવી પડે, તો એ કસર નમાઝ પડશે. અલબત્ત, અગર એને એવી સફરો ચાલુ કરવી પડતી હોય, જેને પરિણામે એ 'કસીરૂસ્સફર' તરીકે ઓળખાતો હોય, તો પછી નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૩૨૬** : જે માણસ પોતાનું વતન તર્ક કરી બીજુ વતન ઈખ્તીયાર કરે, તો જો એનો ધંધો મુસાફરીનો ન હોય, તો એ સ્થાનપલટો કરવા માટે જે મુસાફરી કરે તેમાં કસર નમાઝ પડશે.

**આઠમી શરત** : સફરની શરૂઆત 'હદ્દે તરખ્ખુસ' પહોંચ્યા બાદ ગણે. અલબત્ત, વતન સિવાયની જગ્યાએ 'હદ્દે તરખ્ખુસ'નો પ્રશ્ન લાગુ પડતો નથી; ત્યાં તો એ જયાં રહેતો હોય એ મોહલ્લાથી નીકળતાની સાથે જ કસર નમાઝ પડશે.

**મસઅલો ૧૩૨૭** : 'હદ્દે તરખ્ખુસ' એ જગ્યાને કહેવાય છે કે જયાં શહેરના રહેવાસીઓ મુસાફરને ન જોઈ શકે, અને તેની નિશાની એ છે કે મુસાફર શહેરવાસીઓને ન જોઈ શકે.

**મસઅલો ૧૩૨૮** : જે મુસાફર પોતાના વતને પાછો આવી રહ્યો હોય, તે જયાં સુધી વતનમાં દાખલ ન થાય ત્યાં સુધી નમાઝ કસર પડશે. એવી જ રીતે જે સ્થળે મુસાફર દસ દિવસ રોકાવા માંગતો હોય, તે સ્થળે ન પહોંચે ત્યાં સુધી એ કસર નમાઝ પડશે.

**મસઅલો ૧૩૨૯** : અગર કોઈ શહેર ઘણી ઊંચાઈ ઉપર હોય, જેને પરિણામે ત્યાંના રહેવાસીઓ દૂર દૂર સુધી જોઈ શકતા હોય, અથવા નીચાણમાં હોવાને કારણે થોડેક દૂર જતાં ત્યાંના લોકો ન જોઈ શકાતા હોય, તો સામાન્ય શહેરો કે જે સપાટ જમીન ઉપર હોય છે, તેમાં જેટલે અંતરે શહેરવાસીઓ ન દેખાય, તેટલા અંતર સુધી પહોંચીને ત્યાંનો મુસાફીર કસર નમાઝ પડવી શરૂ કરશે. એવી જ રીતે જો મુસાફરીનો પંથ અસામાન્ય પ્રમાણમાં ઊંચો કે નીચો હોય, તો સામાન્ય સંજોગને ખ્યાલમાં રાખશે.

**મસઅલો ૧૩૩૦** : અગર કોઈ એવી જગ્યાએથી મુસાફરી કરે કે જયાં કોઈ ન હોય, તો એમ ધારીને કે જો લોકોના વસવાટ હોત, તો જે અંતરે એ એમને ન જોઈ શક્તે, એ અંતર કાપ્યા બાદ નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૩૧** : જે શખ્સ વહાણ, સ્ટીમ્બર કે રેલગાડીમાં સફર કરી રહ્યો હોય, અને 'હદ્દે તરખ્ખુસ' પહોંચ્યા પહેલા પૂરી નમાઝ પડવા માંડે, પણ ત્રીજી રકાતના રૂકૂઅ પહેલા 'હદ્દે તરખ્ખુસ' સુધી પહોંચી જાય, તો એણે કસર નમાઝ પડવી જોઈએ.

**મસઅલો ૧૩૩૨** : ઉપરોકત સંજોગમાં જો એ ત્રીજી રકાતના રૂકૂઅ બાદ 'હદ્દે તરખ્ખુસ'

પહોંચે, તો એ નમાઝ તોડી શકે છે અને કસર નમાઝ પડશે.

**મસઅલો ૧૩૩૩** : અગર કોઈને ખાત્રી થઈ જાય કે 'હદ્દે તરખ્ખુસ' પહોંચી ગયો છે, અને કસર નમાઝ પડયા બાદ એને જાણ થાય કે નમાઝ પડતી વેળા 'હદ્દે તરખ્ખુસ' પહોંચ્યો ન હતો, તો નમાઝ નવેસરથી પડશે. જો એ સમયે 'હદ્દે તરખ્ખુસ' ન આવી હોય, તો પૂરી નમાઝ પડશે, અને જો હદ ઓળંગી ગયો હોય તો કસર પડશે, અને જો નમાઝનો સમય વીતી ગયો હોય, તો પૂરી યા કસર જે નમાઝ એના ઉપર વાજિબ હતી, તેની કઝા આપશે.

**મસઅલો ૧૩૩૪** : અગર કોઈ શખ્સની નજર અસાધારણ રીતે તેજ હોય, તો સામાન્ય નજરવાળા જયાંથી શહેરવાસીઓને ન જોઈ શકતા હોય, ત્યાંથી એ કસર નમાઝ શરૂ કરશે.

**મસઅલો ૧૩૩૫** : સફરમાં જો કોઈને શક થાય કે 'હદ્દે તરખ્ખુસ' પહોંચ્યો છે કે નહીં, તો એ પૂરી નમાઝ પડશે.

**મસઅલો ૧૩૩૬** : જે મુસાફર સફર દરમ્યાન પોતાના વતનમાંથી પસાર થાય તે અગર ત્યાં રોકાણ કરે તો પૂરી નમાઝ પડશે, અને જો રોકાણ ન કરે, તો એહતીયાતે લાઝિમ છે કે કસર અને પૂરી, બંને રીતે નમાઝ પડે.

**મસઅલો ૧૩૩૭** : જે મુસાફર સફર દરમ્યાન પોતાના વતને પહોંચે અને ત્યાં રોકાણ કરે, તો જયાં સુધી એ ત્યાં રોકાશે ત્યાં સુધી નમાઝ પૂરી પડશે, પણ જો એ ત્યાંથી આઠ ફરસખ જવા માંગતો હોય, અથવા દાખલા તરીકે, ચાર ફરસખ જઈને પાછો ચાર ફરસખ વળવા માગે, તો જયારે હદદે તરખ્ખુસ પહોંચે ત્યારે કસર નમાઝ પડશે.

**મસઅલો ૧૩૩૮** : જે સ્થળને ઈન્સાન પોતાના કાયમી વસવાટ માટે ઈખ્તીયાર કરે એ એનું વતન ગણાશે, ચાહે એ જગ્યા એનું જન્મસ્થાન હોય અને એના માતા-પિતાનું વતન હોય, યા એણે પોતે સ્વેચ્છાએ એ જગ્યાની પસંદગી કરી હોય.

**મસઅલો ૧૩૩૯** : જે શખ્સ એવા સ્થળે ટૂંક સમય માટે વસવાટ કરવા માગે કે જે એનું અસલી વતન ન હતું, અને ત્યાર બાદ બીજી જગ્યાએ જઈને વસવાટ કરવાનો ઈરાદો ધરાવે, તો એ સ્થળ એનું વતન નહીં ગણાય.

**મસઅલો ૧૩૪૦** : જે જગ્યાને ઈન્સાન પોતાની જિંદગી વીતાડવા ઈખ્તીયાર કરે, ચાહે એ ત્યાં હંમેશ રહેવાનો ઈરાદો ન ધરાવતો હોય, અને પ્રસંગોપાત બીજી જગ્યાએ ટૂંક સમય માટે દસ યા એથી વધુ દિવસો માટે રહી આવતો હોય, પણ લોકો એને એ જગ્યાએ મુસાફીર ન ગણતા હોય અને

જાણતા હોય કે એ જ જગ્યા એના કાયમી વસવાટ માટે છે, તો એ પ્રથમ ઈખ્તીયાર કરેલી જગ્યાને જ વતનનો હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૩૪૧** : જે શખ્સ બે જગ્યાએ વસવાટ કરતો હોય, જેમકે ૬ મહિના એક શહેરમાં, અને બાકીના ૬ મહિના બીજા શહેરમાં વીતાડે, તો બંને જગ્યાઓ એનું વતન ગણાશે. એવી જ રીતે જો બેથી વધુ જગ્યાએ જીવન ગાળતો હોય, તો એ સર્વે જગ્યાઓ એનું વતન લેખાશે.

**મસઅલો ૧૩૪૨** : અમુક ફકીહોનું કહેવું છે કે અગર કોઈ જગ્યાએ રહેણાંક માટે પોતાની માલિકીનું મકાન ધરાવતો હોય, અને વસવાટની નિય્યતથી ત્યાં લાગલાગટ (સતત) છ માસ સુધી રહે, તો જયાં સુધી એ મકાન એની માલિકીમાં હોય ત્યાં સુધી એ જગ્યા એનું વતન ગણાશે, પરિણામે જયારે પણ સફર દરમ્યાન એ જગ્યાએ પહોંચશે ત્યારે પૂરી નમાઝ પડશે. પરંતુ આ હુકમ સાબિત નથી.

**મસઅલો ૧૩૪૩** : જયારે મુસાફીર એવી જગ્યાએ વારીદ થાય કે જે એનું વતન હતું, પણ એ વતનને તર્ક કરી ચૂક્યો હોય, તો ત્યાં પૂરી નમાઝ ન પડવી જોઈએ, અગરચે હજી બીજું વતન ઈખ્તીયાર ન કરી શક્યો હોય.

**મસઅલો ૧૩૪૪** : જયારે મુસાફીર કોઈ જગ્યાએ લાગલાગટ (સતત) દસ દિવસ રહેવાની નિય્યત કરે, અથવા એને ખબર હોય કે એ જગ્યાએ બેઈખ્તીયારીથી દસ દિવસ ગુજારવા પડશે, તો એ જગ્યાએ નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૩૪૫** : અગર કોઈ સ્થળે મુસાફર દસ દિવસ રોકાવાનો ઈરાદો ધરાવતો હોય, તો એના માટે જરૂરી નથી કે પહેલી રાતથી અગિયારમી રાત સુધી રોકાવવાની નિય્યત કરે. બલ્કે એટલો જ ઈરાદો કે પહેલા દિવસે સવારથી દસમે દિવસે સાંજે સૂર્યાસ્ત સુધી રોકાશે, કાફી છે, અને નમાઝ પૂરી પડશે.એવી જ રીતે જો કસદ કરે કે દાખલા તરીકે પહેલા દિવસથી લઈને અગિયારમા દિવસ સુધી રોકાશે, તો નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૩૪૬** : જે મુસાફીર એક જગ્યાએ દસ દિવસ રોકાવવાનો ઈરાદો રાખતો હોય, તે માત્ર એ જ સંજોગમાં પૂરી નમાઝ પડશે કે એક જ જગ્યાએ રહે. અગર એનો ઈરાદો હોય બે જગ્યાઓ વચ્ચે દસ દિવસ પૂરાં કરશે, જેમકે, નજફ અને કુફા વચ્ચે યા તેહરાન અને શમીરાન વચ્ચે દસ દિવસ ગાળશે, તો નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૪૭** : જે શખ્સ એક જગ્યાએ દસ દિવસ રહેવાનો હોય, પણ પહેલેથી જ એની નિય્યત હોય કે દિવસ દરમ્યાન અતરાફના ગામો કે જે 'હદ્દે તરખ્ખુસ' યા એથી વધુ દૂર હોય ત્યાં પણ

જશે, તો જો આવવા જવાની મુદત એટલી ન હોય કે દસ દિવસના રહેણાંકનો સિલસિલો તૂટી ગયેલો લેખાય, તો નમાઝ પૂરી પડશે. પણ જો મુદ્દત લાંબી હોય, અને દસ દિવસનું રોકાણ ન કહી શકાય તો નમાઝ કસર પડશે. દાખલા તરીકે, અગર એનો ઈરાદો એમ હતો કે એક આખો દિવસ અથવા એક આખી રાત એ જગ્યાથી બહાર રહેશે, તો દસ દિવસનો સિલસિલો બાકી રહેશે નહીં, અને એ કસર નમાઝ પડશે. પણ જો એનો ઈરાદો એમ હતો કે અડધો દિવસ બહાર રહીને પાછો આવતો રહેશે, તો ચાહે એ રાત પડી ગયા બાદ પાછો આવવાનો હોય, તો એ નમાઝ પૂરી પડશે. અલબત્ત, જો એવી રીતે વારંવાર સફર કરે, અને એમ જણાય કે જાણે બે સ્થળો વચ્ચે દસ દિવસ પૂરા કરી રહ્યો છે, તો પછી નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૪૮** : જે માણસે કોઈ સ્થળે દસ દિવસ રહેવાનો ચોક્કસ નિર્ણય ન કર્યો હોય, અને ફકત એમ ધારે કે જો એનો મિત્ર ત્યાં આવશે, અથવા જો ત્યાં રહેણાંક માટે સારા મકાનની સગવડ પ્રાપ્ય હશે, તો દસ દિવસ રહેશે. તો એવા સંજોગમાં નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૪૯** : અગર કોઈ શખ્સ કોઈ સ્થળે દસ દિવસ રોકાવાનો નિર્ણય કરી ચૂક્યો હોય, પણ સાથે સાથે એને મનમાં એવા ગુમાન રહે કે મુદ્દતના રોકાણમાં કાંઈને કાંઈ અવરોધ નડશે, અને જો એ ગુમાન સમજદાર વર્ગની નજરે વ્યાજબી હોય, તો એ શખ્સ નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૫૦** : અગર કોઈ મુસાફરને ખબર હોય કે મહિનાની આખર સુધીમાં દસ યા એથી વિશેષ દિવસ બાકી છે, અને એ નિય્યત કરે કે મહિનાની આખર સુધી એક સ્થળે રહેશે, તો નમાઝ પૂરી પડશે. પણ જો એને ખબર ન હોય કે મહિનાની આખર સુધી કેટલા દિવસો બાકી છે, અને નિય્યત કરે કે મહિનાની આખર સુધી ત્યાં રહેશે, તો નમાઝ કસર પડશે, અગરચે નિય્યતના દિવસથી મહિનાની આખર તારીખ સુધી દસ યા એથી વધારે દિવસો થઈ જાય.

**મસઅલો ૧૩૫૧** : અગર કોઈ શખ્સે એક સ્થળે દસ દિવસ રહેવાની નિય્યત કરી હોય, અને ચાર રકાતવાળી એક નમાઝ પડયા પહેલા પોતાનો ઈરાદો ફેરવી નાખે, અથવા એ બારામાં અનિશ્ચિત થઈ જાય, કે ત્યાં રહેશે અથવા બીજે ક્યાંય જશે, તો નમાઝ કસર પડશે. પણ જો ચાર રકાતવાળી એક નમાઝ પડી ચૂકયો હોય, અને તે પછી પોતાનો ઈરાદો બદલે, અથવા અનિશ્ચિત થાય, તો જેટલો સમય ત્યાં રહેશે, નમાઝ પૂરી પડશે.

**મસઅલો ૧૩૫૨** : અગર કોઈ મુસાફર એક જગ્યાએ દસ દિવસની નિય્યત કર્યા બાદ રોઝો રાખે, અને ઝોહરના સમય બાદ વિચાર બદલાવી નાખે, તો જો ચાર રકાતવાળી એક નમાઝ પડી

ચૂક્યો હોય તો જયાં સુધી ત્યાં રહેશે, નમાઝ પૂરી પડશે, અને તેના રોઝાઓ પણ સહીહ ગણાશે, અને અગર ચાર રકાતવાળી એક નમાઝ પડયા પહેલા વિચાર ફેરવે, તો એહતીયાત છે કે એ દિવસનો રોઝો પૂરો કરે, અને ત્યાર બાદ તેની કઝા પણ આપે. અને નમાઝો પણ કસર પડશે, અને બાકીના દિવસોમાં રોઝા પણ રાખી નહીં શકે.

**મસઅલો ૧૩૫૩** : અગર કોઈ મુસાફર એક સ્થળે દસ દિવસ રહેવાનો ઈરાદો કર્યા બાદ પોતાનો વિચાર બદલાવી નાખે, અને એમ કર્યા પહેલા એને શક થાય કે ચાર રકાતવાળી કોઈ નમાઝ પડી ચૂક્યો છે કે નહીં, તો એ કસર નમાઝો પડશે.

**મસઅલો ૧૩૫૪** : અગર કોઈ કસરની નિય્યતથી નમાઝ શરૂ કરે, અને નમાઝ દરમ્યાન નિશ્ચય કરે કે દસ દિવસ યા એથી વધુ રોકાવું છે, તો એ નમાઝની ચાર રકાતો પૂરી પડશે.

**મસઅલો ૧૩૫૫** : જે મુસાફરે એક સ્થળે દસ દિવસ રોકાવાની નિય્યત કરી હોય, અને પહેલી ચાર રકાતવાળી નમાઝ દરમ્યાન પોતાનો વિચાર ફેરવે, તો ત્રીજી રકાત શરૂ ન કરી હોય, તો બે રકાત પડીને નમાઝ પૂરી કરશે, અને ત્યાર પછીની નમાઝો પણ કસર પડશે. એવી જ રીતે જો ત્રીજી રકાત માટે ઉભો થઈ ગયો હોય પણ રૂકૂઅમાં દાખલ ન થયો હોય, તો તરત બેસી જાય, અને કસરની નિય્યતથી નમાઝને પૂરી કરશે. પણ જો રૂકૂઅમાં દાખલ થઈ ગયો હોય, તો એ પોતાની નમાઝ તોડીને નવેસરથી કસર નમાઝ શરૂ કરશે. અને જેટલો સમય ત્યાં રોકાય, કસર નમાઝ પડતો રહેશે.

**મસઅલો ૧૩૫૬** : અગર કોઈ મુસાફરે એક જગ્યાએ દસ દિવસ રહેવાનો ઈરાદો કર્યો હોય, અને દસ દિવસથી વધારે ત્યાં રોકાય, તો જયાં સુધી ફરીથી સફર ન કરે ત્યાં સુધી એ પૂરી નમાઝ પડશે અને બીજીવાર દસ દિવસની નિય્યત કરવાની જરૂરત નથી.

**મસઅલો ૧૩૫૭** : જે મુસાફર એક સ્થળે દસ દિવસ રોકાવાની નિય્યત કરી હોય, એ મુસાફરને તે સ્થળે વાજિબ રોઝા રાખવા જોઈએ. એ પ્રમાણે ત્યાં મુસ્તહબ રોઝા પણ રાખી શકશે, અને ઝોહર અસર તથા ઈશાની નાફેલા પણ પઢી શકશે.

**મસઅલો ૧૩૫૮** : જે મુસાફર એક સ્થળે દસ દિવસ રહેવાની નિય્યત કરી હોય, તે ચાર રકાતવાળી એક અદા નમાઝ પડી લીધા બાદ જો ચાર ફરસખથી ઓછા ફાસલા સુધી પ્રવાસ કરે અને પાછો ફરે, અને ફરી જયાં હતો ત્યાં દસ યા એથી ઓછા દિવસો રહે, તો પ્રવાસની શરૂઆતથી લઈને પાછો ફરે ત્યાં સુધી, અને ફરી રહેણાંક દરમ્યાન એ પૂરી નમાઝ પડશે. એવી જ રીતે જો કોઈ દસ દિવસ પૂરાં કર્યા બાદ એવો પ્રવાસ કરે, ચાહે એણે એક પણ ચાર રકાતવાળી નમાઝ ન પડી હોય, તો

પણ એ જ હુકમ લાગુ પડશે.

પણ જયારે પ્રવાસથી પાછો ફરે ત્યારે જે જગ્યાએ એ હતો ત્યાં રહેવાનો ઈરાદો ન હોય, બલ્કે માત્ર સફરના રસ્તામાં એ જગ્યા આવતી હોય, અને જો એની સફર આઠ ફરસખ યા એથી વધુ થતી હોય, તો એવા સંજોગમાં જયારથી પ્રવાસ માટે નીકળે, ત્યારથી પાછા ફરતાં એ જગ્યાએ પસાર થાય, ત્યાં સુધી કસર નમાઝ પડશે.

**મસઅલો ૧૩૫૯** : અગર મુસાફરે એક સ્થળે દસ દિવસ રહેવાની નિય્યત કરી હોય, અને ચાર રકાતવાળી એક અદા નમાઝ પડયા બાદ એ બીજી જગ્યાએ જવા માગે કે જે આઠ ફરસખથી ઓછા અંતરે હોય, અને ત્યાં દસ દિવસ રહેવાનો ઈરાદો ધરાવતો હોય, તો ત્યાં જતી વેળા અને ત્યાં રોકાણ દરમ્યાન નમાઝ પૂરી પડશે.

પણ જે બીજી જગ્યાએ જવા માંગતો હોય એ જગ્યા આઠ ફરસખ યા એથી વધુ અંતરે હોય, તો એ તરફ જતી વેળા કસર નમાઝ પડશે, અને જો ત્યાં દસ દિવસ રોકાવાનો ઈરાદો ન હોય, તો જેટલો સમય ત્યાં રહે, કસર નમાઝ પડશે.

**મસઅલો ૧૩૬૦** : જે મુસાફરે એક જગ્યાએ દસ દિવસ રોકાવાની નિય્યત કરી હોય, અને ચાર રકાતવાળી એક અદા નમાઝ બાદ એવી જગ્યા સુધી પ્રવાસ કરવા માગે કે જે ચાર ફરસખથી ઓછા અંતરે હોય, પણ એ નિર્ણય ન કરી શકે કે પાછો એ જ જગ્યાએ આવશે કે નહીં, અથવા એ જ જગ્યાએ પાછા આવવા વિષે બીલકુલ ગાફીલ હોય, તો એ પ્રવાસ શરૂ કરે ત્યારથી, પાછો ફરે ત્યાં સુધી, અને ત્યાર બાદ પણ પોતાની નમાઝો પૂરી પડશે, એવી જ રીતે જો એ અનિશ્ચિત હોય કે એ જ જગ્યાએ પાછા આવીને દસ દિવસ રહેવું કે નહીં, અથવા ત્યાં દસ દિવસ રહેવા વિષે કે ત્યાંથી સફર કરવા બારામાં તદ્દન ગાફીલ હોય, તો એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૩૬૧** : અગર કોઈ શખ્સે એમ ધારીને કે એના સાથીઓએ દસ દિવસની નિય્યત કરી છે, દસ દિવસ રોકાવાની નિય્યત કરી હોય, અને ચાર રકાતવાળી એક અદા નમાઝ પડી લીધા બાદ એને જાણ થાય કે સાથીઓએ એવી નિય્યત કરી ન હતી, અને પોતે પણ ત્યાં દસ દિવસ ન રોકાવા માગે, તો પણ જેટલો સમય રહેશે એ સમયમાં પોતાની નમાઝો પૂરી પઢશે.

**મસઅલો ૧૩૬૨** : અગર કોઈ શખ્સ કોઈ જગ્યાએ અણધારી રીતે ત્રીસ દિવસ વીતાડે, જેમકે એ હંમેશા રોકાવવા અને સફર કરવા સંબંધી અનિશ્ચિત હોય, તો ત્રીસ દિવસ પૂરા થયા બાદ થોડોક સમય પણ જો ત્યાં રહે, એ સમય દરમ્યાન નમાઝ પૂરી પડશે.

**<u>મસઅલો ૧૩૬૩</u>** : જે શખ્સ એક સ્થળે નવ દિવસ યા એથી ઓછા દિવસો માટે રહેવા ધારે, અને એ મુદ્દત પૂરી થયા બાદ બીજા નવ દિવસ યા એથી ઓછા દિવસો માટે રોકાઈ જાય, અને ફરીથી એવી જ રીતે નવ દિવસ યા એથી ઓછી મુદ્દત ત્રીસ દિવસ સુધી વધારતો રહે, તો એકત્રીસમા દિવસની નમાઝ પૂરી પડશે.

**<u>મસઅલો ૧૩૬૪</u>** : ઉપરોકત સંજોગનો મુસાફર ફકત એ જ હાલતમાં ત્રીસ દિવસ પછી પૂરી નમાઝ પડશે કે જો એ એક જ જગ્યાએ રહ્યો હોય. અગર થોડોક સમય એક જગ્યાએ રહીને બીજી જગ્યાએ થોડોક સમય વીતાડતો રહે, તો ત્રીસ દિવસ પૂરાં થયા બાદ પણ કસર નમાઝ પડશે.

## મુસાફરની નમાઝ વિષે જુદા જુદા મસાઈલ

**<u>મસઅલો ૧૩૬૫</u>** : મસ્જિદુલ હરામમાં, મસ્જિદે નબવીમાં અને મસ્જિદે કુફામાં મુસાફર પૂરી નમાઝ પડી શકે છે, બલ્કે મકકા, મદીના અને કુફાના આખાય શહેરમાં પોતાની નમાઝો પૂરી પડી શકશે. ઉપરાંત હઝરત સય્યદુશ્શોહદા ઈમામ હુસૈન અલય્હિસ્સલામના હરમમાં એમની કબ્રે મુબારકથી પચ્ચીસ હાથના અંતર સુધી પૂરી નમાઝ પડી શકે છે.

**<u>મસઅલો ૧૩૬૬</u>** : જે શખ્સ જાણતો હોય કે પોતે મુસાફર હોવાને કારણે નમાઝ કસર પડવી જોઈએ, તે છતાં ઉપર જણાવેલી ચાર જગ્યાઓ સિવાય કોઈ જગ્યાએ જાણીબુજીને પૂરી નમાઝ પડે, તો નમાઝ બાતિલ છે. એવી જ રીતે જો ભૂલી જાય કે નમાઝ કસર પડવાની છે, અને પૂરી પડે તો નમાઝ બાતિલ છે. પણ જો એ ભૂલી ગયો હોય, અને નમાઝનો સમય વીતી જાય ત્યાર બાદ યાદ આવે તો એની કઝા લાઝિમ નથી.

**<u>મસઅલો ૧૩૬૭</u>** : અગર કોઈ શખ્સ જાણતો હોય કે પોતે મુસાફર છે, અને નમાઝ કસર પડવાની છે, પણ ભૂલથી પૂરી પડે, તો જો સમય દરમ્યાન એનું ધ્યાન ખેંચાય તો નવેસરથી નમાઝ પડશે; અને જો વખત વીતી ગયા બાદ ધ્યાન ખેંચાય, તો એહતીયાત છે કે કઝા આપે (પઢે).

**<u>મસઅલો ૧૩૬૮</u>** : જે મુસાફર જાણતો ન હોય કે નમાઝ કસર પડવી જોઈએ, તે જો પૂરી નમાઝ પડે, તો એની નમાઝ સહીહ છે.

**<u>મસઅલો ૧૩૬૯</u>** : જે મુસાફરને એટલી જાણ હોય કે નમાઝ કસર પડવાની હોય છે, પણ તેની વિગતો ન જાણતો હોય, જેમકે, એને ખબર ન હોય કે આઠ ફરસખની સફર હોય તો કસર નમાઝ પડવી જોઈએ, અને પૂરી નમાઝ પડી લીએ, તો જો સમયની અંદર ખબર પડે તો વાજિબ છે કે નવેસરથી નમાઝ પડે, અને જો એણે નવેસરથી ન પડી હોય તો તેની કઝા આપે. પણ જો નમાઝનો સમય વીતી

ગયા બાદ એને વિગતોની જાણ થાય, તો કઝા નથી.

**મસઅલો ૧૩૭૦** : જે મુસાફર જાણતો હોય કે નમાઝ કસર પઢવી જોઈએ, પણ એમ ધારીને કે એની સફર આઠ ફરસખથી ઓછી હતી, પૂરી નમાઝ પડી લીએ, તો જો સમયની અંદર જાણ થાય કે સફર આઠ ફરસખની હતી, તો જે નમાઝ પડી હતી, એને ફરીથી કસર પડવી જોઈએ. પણ જો સમય વીતી ગયા બાદ જાણ થાય તો કઝા જરૂરી નથી.

**મસઅલો ૧૩૭૧** : અગર કોઈ શખ્સ ભૂલી જાય કે પોતે મુસાફર છે, અને નમાઝ પૂરી પડી લીએ, તો જો સમયની અંદર યાદ આવે તો એ જ નમાઝ કસર પડશે, અને જો સમય પસાર થઈ ગયા બાદ યાદ આવે તો એ નમાઝની કઝા વાજિબ નથી.

**મસઅલો ૧૩૭૨** : જે શખ્સે પૂરી નમાઝ પડવી જોઈએ, એ અગર કસર પડે, તો દરેક સંજોગમાં તેની નમાઝ બાતિલ છે. અગરચે એ એવો મુસાફર હોય કે જે એક સ્થળે દસ દિવસ રહેવાનો ઈરાદો રાખતો હોય, પણ મસઅલાથી અજાણ હોવાથી કસર પડે, તો પણ એહતીયાતની રૂએ તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૩૭૩** : અગર કોઈ શખ્સ ચાર રકાતવાળી નમાઝ પડી રહ્યો હોય, અને એ દરમ્યાન એને યાદ આવે કે પોતે મુસાફર છે, અથવા એનું ધ્યાન ખેંચાય કે આઠ ફરસખની સફર કરી છે, તો જો ત્રીજી રકાતના રૂકૂઅમાં ન પહોંચ્યો હોય, તો નમાઝ બે રકાતવાળી, એટલે કે કસર પડશે, અને ત્રીજી રકાતના રૂકૂઅમાં દાખલ થઈ ગયો હોય, તો એહતીયાતની રૂએ તેની નમાઝ બાતિલ છે, અને જો નમાઝ કઝા થાય એ પહેલા સમયની અંદર એક રકાત પડવા પૂરતી પણ આવશ્યકતા હોય, તો નવેસરથી કસર રીતે નમાઝ પડશે.

**મસઅલો ૧૩૭૪** : અગર કોઈ મુસાફરને નમાઝે કસરના હુકમને લગતી અમુક વિગતોની જાણ ન હોય, જેમકે એને ખબર ન હોય કે ચાર ફરસખ જવાના ચાર ફરસખ પાછા આવવાના પૂરા થતાં હોય તો નમાઝ કસર પડવી જોઈએ, અને એ ચાર રકાતવાળી નમાઝની નિય્યતથી નમાઝ પડવી શરૂ કરે, તો જો ત્રીજી રકાતના રૂકૂઅ પહેલા મસઅલાની જાણ થઈ જાય, તો નમાઝને કસર રીતે પડશે, અને જો એ રકાતના રૂકૂઅમાં ખબર પડે તો એહતીયાતની રૂએ એની નમાઝ બાતિલ છે. અને જો નમાઝ કઝા થયા પહેલા સમયની અંદર એક રકાત પડવા પૂરતી પણ આવશ્યકતા હોય, તો નવેસરથી કસર નમાઝ પડશે.

**મસઅલો ૧૩૭૫** : જે મુસાફર ઉપર પૂરી નમાઝ વાજિબ હોય, અને એ મસઅલાથી અજાણ

હોવાને કારણે બે રકાતની નિય્યતથી નમાઝ શરૂ કરે, અને નમાઝ દરમ્યાન મસઅલાથી વાકેફ થાય, તો એ ચાર રકાતો પૂરી કરશે. એહતીયાતે મુસ્તહબ એ છે કે નમાઝ પૂરી કર્યા બાદ એ ચાર રકાતવાળી નમાઝ ફરીથી અદા કરે.

**મસઅલો ૧૩૭૬** : જે મુસાફરે હજી નમાઝ અદા ન કરી હોય, અને નમાઝ કઝા થાય એથી પહેલા પોતાના વતને પહોંચી જાય, અથવા એવી જગ્યાએ આવી જાય કે જયાં દસ દિવસ રોકાવવાનો ઈરાદો હોય, તો એ નમાઝ પૂરી પડશે. જે શખ્સ મુસાફર ન હોય અને અવ્વલે વખત નમાઝ ન પડે, અને જો એ સફર ઈખ્તીયાર કરે તો નમાઝ કસર પડશે.

**મસઅલો ૧૩૭૭** : જે મુસાફર ઉપર કસર નમાઝ હોય, અને એની ઝોહર, અસર કે ઈશાની નમાઝ કઝા થઈ જાય, તો એ કસર કઝા આપશે, અગરચે એ કઝા સફર સિવાયના સંજોગમાં આપવા માંગે, અને અગર કોઈ શખ્સ કે જે મુસાફર નથી, તેની ઉપરોકત ત્રણ નમાઝોમાંથી એક કઝા થાય, તો પૂરી કઝા આપશે, અગરચે એ કઝા સફરની હાલતમાં આપવા માગે.

**મસઅલો ૧૩૭૮** : મુસાફર માટે મુસ્તહબ છે કે દરેક કસર નમાઝ બાદ 'તસ્બીહાતે અરબા' ત્રીસ વખત પઢે :

**સુબ્હાનનલ્લાહે વલ હમ્દોલિલ્લાહે વ લા એલાહ ઈલ્લાલ્લાહો વલ્લાહો અકબર.**

અને એ માટે નમાઝે ઝોહર, અસર અને ઈશા બાદ તઅકીબાતમાં પડવાની ઘણી તાકીદ થઈ છે. બલ્કે બેહતર છે કે એ ત્રણ નમાઝોની તઅકીબાતમાં સાંઈઠ (૬૦) વખત પડે.

**કઝા નમાઝો :**

**મસઅલો ૧૩૭૯** : જે શખ્સ રોજની વાજિબ નમાઝ સમયના અંદર ન પડે, તેના ઉપર તેની કઝા દેવી વાજિબ છે, અગરચે એ નમાઝના પૂરા સમય દરમ્યાન નિંદ્રાવશ રહ્યો હોય, અથવા નશા અને મસ્તીને કારણે નમાઝ ન પડી હોય, અને આ હુકમ દરેક વાજિબ નમાઝ કે જે સમયે ન પડી હોય, તેને લાગુ પડે છે. એટલે સુધી કે જો મુઅય્યન અને નક્કી સમયે નમાઝ પઢવાની પોતાએ નઝર કરી હોય, તો તેની પણ કઝા એહતીયાતે વાજિબની રૂએ આપવી જોઈએ. પણ નમાઝે ઈદુલફીત્ર અને ઈદુલ અઝહાની કઝા નથી. એવી જ રીતે એ નમાઝો કે જે ઓરતો હયઝ અને નિફાસની હાલતમાં નથી પઢતી, ચાહે એ રોજની નમાઝ હોય, અથવા એ સિવાયની હોય, તેની કોઈ કઝા નથી.

**મસઅલો ૧૩૮૦** : નમાઝનો સમય વીતી ગયા બાદ જો કોઈ ને જાણ થાય કે જે નમાઝ પડી

હતી એ બાતિલ હતી, તો તેની કઝા પડવી જોઈએ.

**મસઅલો ૧૩૮૧** : જે શખ્સ ઉપર કઝા નમાઝ હોય, તેના માટે જરૂરી છે કે કઝા આપવામાં ઢીલ ન કરે, પણ તરત જ કઝા બજાવી લાવવી વાજિબ નથી.

**મસઅલો ૧૩૮૨** : જે શખ્સ ઉપર નમાઝની કઝા હોય, એ મુસ્તહબ નમાઝ પઢી શકે છે.

**મસઅલો ૧૩૮૩** : અગર કોઈ શખ્સને એવું ગુમાન હોય કે એના ઉપર કઝા નમાઝ બાકી છે, અથવા એ કે જે નમાઝ પડી છે, તે સહીહ ન હતી, તો મુસ્તહબ છે કે એહતીયાતની નિય્યતથી એ નમાઝોની કઝા આપે.

**મસઅલો ૧૩૮૪** : રોજની નમાઝોની કઝા આપતી વખતે તરતીબ કે ક્રમ જાળવવાની જરૂરત નથી, પણ જો એક જ દિવસની ઝોહર અને અસર યા મગરિબ અને ઈશાની કઝા આપવી હોય, તો તરતીબ જરૂરી છે, એટલે કે પહેલા ઝોહર પડશે અને પછી અસર પડશે અને બેહતર એ છે કે દરેક સંજોગમાં તરતીબનો ખ્યાલ રાખે.

**મસઅલો ૧૩૮૫** : અગર કોઈ શખ્સ રોજની વાજિબ નમાઝો સિવાય બીજી નમાઝોની કઝા આપવા માંગતો હોય, જેમકે નમાઝે આયાતની કઝા આપવા માંગતો હોય, તો તેમાં તરતીબની જરૂરત નથી. અથવા, દાખલા તરીકે તેના ઉપર એક દિવસની નમાઝ કઝા હોય, અને અમુક એ સિવાયની નમાઝોની કઝા હોય, તો લાઝિમ નથી કે એને ક્રમવાર અદા કરે.

**મસઅલો ૧૩૮૬** : અગર કોઈ શખ્સને યાદ ન હોય કે જે નમાઝો પડી નથી, તેની તરતીબ કેવી રીતે હતી, જેમકે, એના ઉપર એક નમાઝે ઝોહર અને એક નમાઝે મગરિબ કઝા હોય, પણ એને યાદ ન હોય કે પહેલે કઈ નમાઝ કઝા થઈ હતી, તો બેહતર એ છે કે એવી રીતે કઝા આપે કે એને યકીન થાય કે તરતીબ જળવાઈ ગઈ છે. એટલે પહેલા નમાઝે મગરિબ પડે, પછી ઝોહર પડે અને ત્યાર પછી ફરી મગરિબ પડે. અથવા પહેલા નમાઝે ઝોહર, પછી નમાઝે મગરિબ અને ફરી નમાઝે ઝોહર પડે. આમ કરવાથી એને યકીન થશે કે જે નમાઝ પેહલા કઝા થઈ હતી તે એને પહેલે અદા કરી છે.

**મસઅલો ૧૩૮૭** : અગર એક દિવસની નમાઝે ઝોહર અને બીજા દિવસની નમાઝે અસર કઝા હોય, અથવા બે નમાઝે ઝોહર યા બે નમાઝે અસર કઝા હોય, અને એ બેમાં કઈ નમાઝ પહેલે કઝા થઈ હતી તે યાદ ન હોય, તો જો ચાર રકાતવાળી બે નમાઝો એ નિય્યતથી પડે કે પહેલી કઝા પહેલા દિવસની અને બીજી કઝા બીજા દિવસની છે, તો તરતીબ પ્રાપ્ત કરવા માટે કાફી ગણાશે.

**મસઅલો ૧૩૮૮** : અગર એક નમાઝે ઝોહર અને એક નમાઝે ઈશા, અથવા એક નમાઝે અસર અને એક નમાઝે ઈશા કઝા થઈ હોય, અને એમાં કઈ પહેલે કઝા થઈ હતી તે યાદ ન હોય, તો બેહતર છે કે એ રીતે પડે કે ક્રમની ખાત્રી થાય, દાખલા તરીકે, એક નમાઝે ઝોહર અને એક નમાઝે ઈશાની કઝા હોય, અને પહેલે કઈ કઝા થઈ હતી તેની જાણ ન હોય, તો પહેલા ઝોહર, પછી ઈશા પડી ફરીથી ઝોહરની નમાઝ પડે, અથવા પહેલા ઈશા, પછી ઝોહર અને ફરી ઈશાની નમાઝ પડશે.

**મસઅલો ૧૩૮૯** : જે શખ્સને ખાત્રી હોય કે એક ચાર રકાતવાળી નમાઝની કઝા બાકી છે, પણ તે ઝોહરની છે કે ઈશાની, એ યાદ ન હોય, તો જો એ એક ચાર રકાતવાળી નમાઝ એ નિય્યતથી પડે કે જે નમાઝ ની કઝા છે તે અદા કરી રહ્યો છે, તો કાફી ગણાશે અને એમાં તેને ઈખ્તીયાર રહશે કે એ નમાઝ અવાજથી પડે યા આસ્તે પડે.

**મસઅલો ૧૩૯૦** : જે શખ્સની પાંચ નમાઝો લાગલાગટ (સતત) કઝા થઈ હોય, અને એને યાદ ન હોય કે પહેલે કઈ નમાઝ કઝા થઈ હતી, જો ક્રમવાર નવ નમાઝો પડે, એટલે કે જો નમાઝે સુબ્હથી શરૂ કરી ઝોહર અસર, મગરિબ અને ઈશાની કઝા આપે, અને ફરી નમાઝે સુબ્હ, ઝોહર, અસર, મગરિબ અને ઈશાની પડી લેશે, તો તરતીબ હાંસિલ થઈ જશે.

**મસઅલો ૧૩૯૧** : અગર કોઈ શખ્સ જાણતો હોય કે પંજગાના વાજિબ નમાઝોમાંથી એક નમાઝ દરરોજ કઝા થઈ હતી પણ તેની તરતીબ યાદ ન હોય કે કઈ નમાઝ પહેલે કઝા થઈ હતી, તો બેહતર છે કે એ શખ્સ પાંચ દિવસની પંજગાના નમાઝોની કઝા આપે, અને જો છ દિવસ સુધી પંજગાના નમાઝોમાંથી એક નમાઝ કઝા થતી આવી હોય અને તરતીબ યાદ ન હોય તો છ દિવસની પંજગાના નમાઝોની કઝા પડે. એવી રીતે જો કઝા નમાઝોમાં ઉમેરો થાય, તો પંજગાના નમાઝોની સંખ્યા વધારતો રહે, એટલે જો સાત દિવસ સુધી પંજગાના નમાઝમાંથી કોઈ એક કઝા થઈ, અને તરતીબ યાદ ન હોય, તો સાત દિવસની પંજગાના નમાઝોની કઝા આપે.

**મસઅલો ૧૩૯૨** : જે શખ્સ ઉપર અમુક દિવસોની નમાઝે સુબ્હ અથવા નમાઝે ઝોહરની કઝા હોય, પણ ખબર ન હોય અથવા ભૂલી ગયો હોય કે કેટલી નમાઝો કઝા થઈ હતી, તો જે ક્રમ સંખ્યા ઉપર એનું અનુમાન હોય તેટલી અદા કરે તો કાફી ગણાશે. પણ બેહતર છે કે એટલી નમાઝો પડે કે યકીન થાય કે બાકી રહેલી કઝાઓ પૂરી થઈ ગઈ છે. જેમકે, એ ભૂલી ગયો હોય કે કેટલી નમાઝે સુબ્હ કઝા થઈ હતી, પણ ખાત્રી હોય કે દસથી વધુ નહી હોય, તો દસ નમાઝો પડી લીએ.

**મસઅલો ૧૩૯૩** : જેના ઉપર આગલા દિવસની કોઈ નમાઝ કઝા થઈ હોય, તેના માટે

બેહતર છે કે જો નમાઝની ફઝીલતનો સમય નીકળી ન જતો હોય, તો આજના દિવસે પહેલા ગઈકાલની કઝા આપે, અને પછી આજની નમાઝો શરૂ કરે. એવી જ રીતે જો આગલા દિવસની કઝા ન હોય, પણ આજની એક યા એથી વધુ નમાઝો કઝા થઈ હોય, તો જો ફઝીલતનો સમય પસાર થઈ જતો ન હોય, તો બેહતર છે કે પહેલા આજની કઝા આપે, અને પછી અદા નમાઝો શરૂ કરે.

**મસઅલો ૧૩૯૪** : અગર નમાઝ દરમ્યાન કોઈને યાદ આવે કે એક યા વધુ નમાઝો એ જ દિવસની કઝા બાકી છે, અથવા આગલા દિવસની માત્ર એક નમાઝ બાકી છે, તો જો નમાઝનો પુરતો સમય હોય, અને શક્યતા હોય કે નિય્યત ફેરવે, તો બેહતર છે કે કઝા નમાઝની નિય્યત કરે, પણ એ શરત છે કે ફઝીલતનો સમય હાથમાંથી જતો ન રહે. દાખલા તરીકે, ઝોહરની નમાઝમાં ત્રીજી રકાતના રૂકૂઅ પહેલા યાદ આવે કે એ જ દિવસની નમાઝે સુબ્હ કઝા થઈ છે, તો જો નમાઝે ઝોહરનો સમય તંગ ન હોય, તો પોતાની નિય્યતને નમાઝે સુબ્હ માટે ફેરવી બે રકાતો બજાવી લાવે, અને ત્યાર પછી નમાઝે ઝોહર અદા કરે. પણ જો સમય તંગ હોય, અથવા નિય્યતને કઝા નમાઝ માટે ન બદલી શકાય, જેમકે, એ નમાઝે ઝોહરની ત્રીજી રકાતના રૂકૂઅ સુધી પહોંચી ગયો હોય, અને યાદ આવે કે નમાઝે સુબ્હની કઝા બાકી છે, તો જો હવે નિય્યતને ફેરવે તો એક રૂકૂઅ કે જે રૂકને વાજિબ છે તેનો વધારો થઈ જશે, તો એવા સંજોગમાં નિય્યતને નમાઝે સુબ્હની કઝા માટે ન બદલવી જોઈએ.

**મસઅલો ૧૩૯૫** : અગર કોઈના ઉપર આગલા દિવસની અમુક કઝા નમાઝો બાકી હોય, અને એક યા એથી વધુ કઝાઓ એ જ દિવસની પણ હોય, તો જો એ બધી કઝાઓ અદા કરવા માટે એની પાસે સમય ન હોય, અથવા એ બધી કઝાઓ એ જ દિવસે ન આપવા માંગતો હોય, તો મુસ્તહબ છે કે એ જ દિવસની કઝાઓ પડીને પછી વાજિબ અદા નમાઝો શરૂ કરે, અને બેહતર છે કે જયારે આગલા દિવસની કઝાઓ આપે, ત્યારે એ જ દિવસે જે અદા નમાઝ પહેલા કઝાઓ આપી હતી તે ફરીથી બજાવી લાવે.

**મસઅલો ૧૩૯૬** : જયાં સુધી ઈન્સાન જીવે છે, ત્યાં સુધી કોઈ બીજો શખ્સ તેના વતી તેની કઝા નમાઝો અદા કરી શકતો નથી, અગરચે એ પોતે કઝાઓ આપવાને અશક્ત હોય.

**મસઅલો ૧૩૯૭** : કઝા નમાઝો જમાતની સાથે પડી શકાય છે, ચાહે નમાઝ પડાવનારની નમાઝ અદા હોય કે કઝા હોય; અને એ પણ લાઝિમ નથી કે પડાવનાર અને પડનારની એક જ નમાઝ હોય, જેમકે, અગર નમાઝે જમાઅત પડનાર નમાઝે સુબ્હની કઝા આપી રહ્યો હોય, જયારે ઈમામની નમાઝે ઝોહર કે અસર હોય, તો તેમા વાંધો નથી.

**મસઅલો ૧૩૯૮** : જો બાળક સારા-નરસા સમજવાની વયે પહોંચ્યું હોય, એટલે કે નેક અને બદની તમીઝ કરી શકતો હોય, અગરચે હજી બાલીગ ન હોય, તેને નમાઝો અને અન્ય ઈબાદતની ટેવ પાડવી મુસ્તહબ છે. બલ્કે મુસ્તહબ છે કે એવા બાળકને રહી ગયેલી નમાઝોની કઝા આપવાનું પ્રોત્સાહન આપે.

## મોટા દીકરા પર બાપની કઝા નમાઝો વાજિબ છે

**મસઅલો ૧૩૯૯** : અગર ગુજરી ગયેલા બાપની કોઈ નમાઝો રહી ગઈ હોય, અને એ પોતે તેની કઝા આપવા શક્તિશાળી હોવા છતાં કઝા ન આપી હોય, તો મોટા દીકરા ઉપર એહતીયાતે વાજિબની રૂએ તેની કઝા આપવી વાજિબ છે, અથવા તેની અદાયગી માટે કોઈને ઉજરત આપી શકે છે. પણ તેમાં શરત એ છે કે બાપે પોતાની નમાઝો નાફરમાનીની નિય્યતે તર્ક ન કરી હોય, અને માની કઝા નમાઝો એના ઉપર વાજિબ નથી, પણ બેહતર છે કે તેની અદાયગી પણ કરે.

**મસઅલો ૧૪૦૦** : અગર મોટા દિકરાને શક હોય કે બાપની કોઈ કઝા હતી કે નહીં, તો તેના ઉપર કોઈ અદાયગી વાજિબ નથી.

**મસઅલો ૧૪૦૧** : અગર મોટા દિકરાને ખબર હોય કે બાપની કઝા નમાઝો હતી, પણ એ વિષે શક હોય કે પિતાએ એ કઝાઓ આપી હતી કે નહીં, તો એહતીયાતે વાજિબની રૂએ તે કઝાની અદાયગી કરશે.

**મસઅલો ૧૪૦૨** : અગર એ બાબતે નિશ્ચિત ન હોય કે મોટો દિકરો કોણ છે, તો બાપની કઝા નમાઝો કોઈ પણ દિકરાઓ ઉપર વાજિબ નહીં થાય, પણ અહતિયાતે મુસ્તહબ એની કઝા નમાઝો દિકરાઓ પોતાના વચ્ચે વહેંચણી કરી ને અદા કરે. અથવા તેના માટે કુરો નાખીને અંજામ આપે.

**મસઅલો ૧૪૦૩** : અગર મરનારે વસીયત કરી હોય કે તેની કઝા નમાઝો માટે કોઈને ઉજરત આપીને રોકવામાં આવે, તો જયારે એ ઉજરત લેનાર સહીહ રીતે કઝા નમાઝો અદા કરી લીએ, ત્યારે મોટા દિકરા ઉપર કોઈ ફરજ બાકી નહીં રહે.

**મસઅલો ૧૪૦૪** : અગર મોટો દિકરો પોતાની માની કઝા નમાઝો અદા કરવા માગે, તો અવાજથી અને આસ્તેથી કિરઅતનો જે હુકમ છે તેમાં પોતાની ફરજ મુજબ અમલ કરશે, તો માની નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશાની કઝા આપતી વખતે કિરઅત અવાજથી પડશે.

**મસઅલો ૧૪૦૫** : જે શખ્સ ઉપર પોતાની કઝા નમાઝો બાકી હોય, તે અગર પોતાના માતાપિતાની કઝાઓ પણ અદા કરવા માંગતો હોય, તો બંનેમાંથી જે પહેલા અદા કરશે એ સહીહ

ગણાશે.

**<u>મસઅલો ૧૪૦૬</u>** : અગર મોટો દિકરો બાપના મરણ સમયે નાબાલીગ હતો, અથવા દીવાનો હતો, તો બાલીગ થાય, અથવા દીવાનગી દૂર થતાં, તેના ઉપર બાપની કઝા નમાઝોની અદાયગી વાજિબ નથી.

**<u>મસઅલો ૧૪૦૭</u>** : અગર મોટો દિકરો બાપની કઝા નમાઝો આપે એથી પહેલા મરી જાય, તો બીજા દિકરા ઉપર અદાયગી વાજિબ નથી.

# જમાઅતની નમાઝ

**મસઅલો ૧૪૦૮** : મુસ્તહબ છે કે વાજિબ નમાઝો, તેમાં ખાસ કરીને રોજની પંજગાના નમાઝો, જમાઅતની સાથે પઢવામાં આવે. અને નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશા માટે વધુ તાકીદ થઈ છે, તેમાં ખાસ કરીને એવા લોકો માટે કે જે મસ્જિદના પાડોશમાં રહેતા હોય અને મસ્જિદની અઝાન સાંભળી શકતા હોય.

**મસઅલો ૧૪૦૯** : મોઅતબર હદીસોમાં છે કે જમાઅત સાથે પડવામાં આવેલી નમાઝ, ફુરાદા એટલે કે એકલા પડવામાં આવેલી નમાઝ કરતા પચ્ચીસ દરજ્જે બેહતર છે.

**મસઅલો ૧૪૧૦** : લાપરવાઈ અને બેદરકારીની રૂએ નમાઝે જમાઅતમાં હાજર ન રહેવું જાઈઝ નથી, અને કોઈ પણ ઉઝર વગર નમાઝે જમાઅતને તર્ક કરવું તદ્દન યોગ્ય નથી.

**મસઅલો ૧૪૧૧** : અગર નમાઝે જમાઅતમાં જોડવવા માટે થોડીવાર સબ્ર કરવી પડે તો એ સબ્ર કરવી મુસ્તહબ છે, અને જે નમાઝે જમાઅત મુખ્તસર પડાતી હોય, તે લાંબી ફુરાદા નમાઝ કરતાં બેહતર છે, એવી જ રીતે નમાઝના અવ્વલ વખતે પડાતી જમાઅતની નમાઝ ફુરાદા કરતાં બેહતર છે. અલબત, ફઝીલતના સમય બાદ પડાતી નમાઝે જમાઅતનું, ફઝીલત સમયે પડાતી ફુરાદા કરતાં બેહતર હોવું સાબિત નથી.

**મસઅલો ૧૪૧૨** : જયારે નમાઝે જમાઅત શરૂ થઈ હોય, ત્યારે જે શખ્સે પોતાની નમાઝ ફુરાદા પડી લીધી હોય, તેના માટે ફરીવાર એ જ નમાઝ જમાઅતની સાથે પડવી મુસ્તહબ છે, અને જો એને જાણ થાય કે એની પહેલી નમાઝ બાતિલ હતી, તો એની બીજી નમાઝ કાફી ગણાશે.

**મસઅલો ૧૪૧૩** : અગર નમાઝ પડાવનાર અથવા પડનાર એક વાર જમાઅતની સાથે નમાઝ અદા કરી લીએ, અને બીજી વાર એ જ નમાઝ જમાઅતની સાથે પડવા માગે, તો તેનું મુસ્તહબ હોવું સાબિત નથી. અલબત, 'રજાઅ' એટલે કે સારા કાર્યની ઉમ્મીદથી પડે તો વાંધો નથી.

**મસઅલો ૧૪૧૪** : જે શખ્સને નમાઝમાં એટલે હદ સુધી વસવસો થતો હોય કે એની નમાઝ બાતિલ થઈ જતી હોય, અને માત્ર નમાઝે જમાઅતમાં જ એ વસવસાથી મુક્તિ પામતો હોય, તો તેના માટે જરૂરી છે કે જમાઅતની સાથે નમાઝ પડે.

**મસઅલો ૧૪૧૫** : અગર મા અથવા બાપ પોતાની અવલાદને નમાઝે જમાઅતની સાથે પડવાનો હુકમ કરે છે, તો મુસ્તહબ છે કે અવલાદ એ હુકમ મુજબ વર્તે. હકીકત એ છે કે જયારે માબાપ

શફક્ત અને વાત્સલ્ય પ્રેમથી હુકમ કરે, અથવા કોઈ બાબતની મના કરે, અને એમનો વિરોધ કરવાથી એમને દુ:ખ થતું હોય, તો અવલાદ ઉપર હરામ છે કે એમના ફરમાનનું ઉલંઘન કરે, અગરચે આક થઈ જવાનો ભય ન હોય.

**મસઅલો ૧૪૧૬** : એહતીયાતની રૂએ કોઈ પણ નમાઝે મુસ્તહબ જમાઅતની સાથે પડી શકાતી નથી. પણ 'નમાઝે ઈસ્તીસ્કા' કે જે વરસાદ માટે પડાય છે, તે જમાઅતની સાથે પડી શકાય છે, એવી જ રીતે જે નમાઝ વાજિબ હતી, પણ અમુક કારણસર હાલ મુસ્તહબ છે, જેમકે, નમાઝે ઈદુલ ફીત્ર અને ઈદુલ અઝહા, કે જે ઈમામ અલય્હિસ્સલામના જમાનામાં વાજિબ હતી, એમની ગયબતનાં ઝમાનામાં મુસ્તહબ છે.

**મસઅલો ૧૪૧૭** : જયારે નમાઝ પડાવનાર રોજની વાજિબ નમાઝ પડી રહ્યો હોય, ત્યારે તેની સાથે રોજની કોઈ પણ વાજિબ નમાઝ પડી શકાય છે.

**મસઅલો ૧૪૧૮** : અગર જમાઅત પડાવનાર પોતાની પંજગાના નમાઝની કઝા પડતો હોય, અથવા કોઈ ગુજરી ગયેલા શખ્સની કઝા આપી રહ્યો હોય, તો તેની સાથે નમાઝે જમાઅત પડી શકાય છે. પણ જો એ પડાવનાર પોતાની યા બીજાની કઝા એહતીયાત અથવા માત્ર ઝીમ્મામાંથી મુક્ત થવાની નિય્યતે પડતો હોય, તો એની સાથે નમાઝ નહી પડી શકાય, સિવાયકે ઈમામ અને મામૂમ (પડાવનાર અને પડનાર) બંને એહતીયાતની નિય્યતે નમાઝ પડતા હોય, અથવા ઈમામ એ જ એહતેયાતને કારણે પડતો હોય, જે કારણ મામુમને પણ લાગુ પડતો હોય, અલબત, મામૂમ માટે એ જરૂરી નથી કે તેના એહતેયાત માટે બીજુ કોઈ કારણ ન હોય.

**મસઅલો ૧૪૧૯** : અગર કોઈને ખબર ન હોય કે જે નમાઝ ઈમામ પડી રહ્યો છે તે વાજિબ પંજગાના નમાઝ છે યા મુસ્તહબ, તો તેની સાથે નમાઝ નહીં પડી શકે.

**મસઅલો ૧૪૨૦** : નમાઝે જમાઅત સહીહ હોવાની શરતોમાંની એક એ છે કે ઈમામ અને મામૂમ વચ્ચે કોઈ અંતરાય કે અવરોધ ન હોય, એવી રીતે જે મામુમના વાસ્તાથી ઈમામ સાથે જોડાણ હોય એ મામૂમ અને બીજા મામૂમ વચ્ચે પણ કોઈ અવરોધ ન હોવો જોઈએ. અવરોધથી મુરાદ દરેક એ વસ્તુ છે કે જે એકને બીજાથી છુટા પાડે, ચાહે એ અવરોધને કારણે બીજાને જોઈ ન શકે, જેમકે વચ્ચે પડદો કે દિવાલ હોય, અથવા જોઈ શકે, જેમકે, વચ્ચે કાચની દિવાલ હોય, અગર પૂરી નમાઝે જમાઅતમાં યા તે દરમ્યાન કોઈ પણ સમયે, ઈમામ અને મામૂમ વચ્ચે, યા જે મામૂમ ઈમામ સાથે મુત્તસીલ (જોડયેલ) હોય તેના અને બીજા મામૂમ વચ્ચે, કોઈ અવરોધ હશે તો જમાઅત બાતિલ ગણાશે. અલબત ઓરતોને એ હુકમ લાગુ પડતો નથી, અને તેની વિગત આગળ જતા આપવામાં

આવશે.

**મસઅલો ૧૪૨૧** : અગર નમાઝે જમાઅતની સફ લાંબી હોવાને કારણે બંને છેડે ઊભા રહેલાઓ ઈમામને ન જોઈ શકે, તો વાંધો નથી, પણ એ ઈમામ સાથે નમાઝ પડી શકશે. ઉપરાંત પાછળની સફ લાંબી હોય, અને એને બંને છેડાએ ઊભા રહેલાઓ આગલી સફના નમાઝીઓને ન જોઈ શકે, તો પણ જમાઅતમાં જોડાઈ શકશે.

**મસઅલો ૧૪૨૨** : અગર જમાઅતની સફો એટલી હોય કે મસ્જિદના દરવાજા સુધી પહોંચી જાય, તો જે શખ્સ દરવાજાની સામે સફની પાછળ ઉભો હશે તેની નમાઝ સહીહ છે. એવી જ રીતે જે લોકો એની પાછળ ઉભા રહીને જમાઅતમાં જોડાશે, એ લોકોની પણ નમાઝ સહીહ છે. બલ્કે જે લોકો બે છેડાએ ઊભા હોય, અને કોઈ બીજા મામૂમ મારફતે ઈમામ સાથે એમનો સિલસિલો જોડાતો હોય, તો એમની નમાઝે જમાઅત પણ સહીહ ગણાશે.

**મસઅલો ૧૪૨૩** : જે શખ્સ કોઈ થાંભલા પાછળ ઊભો હોય, અને જમણા કે ડાબા હાથ તરફ કોઈ બીજા મામૂમ મારફતે ઈમામ સાથે જોડાએલો ન હોય, તો એ જમાઅતની નમાઝ નહીં પડી શકે.

**મસઅલો ૧૪૨૪** : ઈમામના ઊભા રહેવાની જગ્યા મામુમની જગ્યાથી ઊંચી ન હોવી જોઈએ. જો જમીન ઢાળવાળી હોય, તો ઈમામ એવી જગ્યાએ ઉભો રહે કે જે બાકીની જગ્યાઓ કરતા ઉંચી ન હોય, પણ અગર એ ઉંચાણ નહીવત હોય તો વાંધો નથી, અને તે લગભગ સપાટ જમીનની ગણત્રીમાં હોય, તો વાંધો નથી.

**મસઅલો ૧૪૨૫** : અગર મામુમની જગ્યા ઈમામની જગ્યા કરતા ઊંચી હોય તો વાંધો નથી, પણ અગર એટલી ઊંચી હોય કે જમાઅત તરીકે ન ગણી શકાય તો નમાઝે જમાઅત સહીહ નથી.

**મસઅલો ૧૪૨૬** : નમાઝે જમાઅતની સફમાં ઊભેલા લોકો વચ્ચે, અગર કોઈ મુમચ્ચીઝ બાળક કે જે સારૂં નરસું સમજી, પારખી શકતો હોય, ઊભો રહે, અને જો એ બાળકની નમાઝ બાતિલ હોવાની ખાત્રી ન હોય, તો નમાઝે જમાઅત સહીહ ગણાશે.

**મસઅલો ૧૪૨૭** : ઈમામ જયારે તકબીરતુલ એહરામ કહી ચૂકયો હોય, અને આગળની સફ વાળાઓ નમાઝ માટે ઊભા થઈને તકબીર કહેવાની તૈયારીમાં હોય, ત્યારે તેની પાછળની સફવાળા તકબીર કહી શકે છે, પણ એહતીયાતે મુસ્તહબ છે કે પાછલી સફવાળાઓ, આગળની સફવાળાઓ તકબીર કહી લીએ, ત્યાં સુધી ઈન્તેઝાર કરે.

**મસઅલો ૧૪૨૮** : અગર ખબર હોય કે આગળની સફોમાં એક સફની નમાઝ બાતિલ છે, તો

પાછળની સફમાં જોડાઈને જમાઅત નહીં પડી શકાય, પણ જો ખાત્રી ન હોય કે એ લોકોની નમાઝ સહીહ છે કે નહીં, તો જમાઅતમાં જોડાઈ શકાશે.

**મસઅલો ૧૪૨૯** : જયારે કોઈને ખબર હોય કે ઈમામની નમાઝ બાતિલ છે, જેમકે, એ જાણતો હોય કે ઈમામનું વઝુ બાકી નથી, ચાહે એ તરફ ઈમામનું પોતાનું ધ્યાન ન રહ્યું હોય, તો એ ઈમામ સાથે જમાઅતમાં નહીં જોડાઈ શકે.

**મસઅલો ૧૪30** : અગર નમાઝે જમાઅત બાદ મામુમને જાણ થાય કે ઈમામ આદીલ ન હતો, અથવા કાફિર હતો, અથવા કોઈ કારણસર એની નમાઝ બાતિલ હતી, જેમકે, વઝુ વગર નમાઝ પડી રહ્યો હતો. તો મામુમની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૪૩૧** : નમાઝ દરમ્યાન જો કોઈ ને શક થાય કે એ જમાઅતની નિય્યતથી નમાઝ પડે છે કે નહીં, તો જો પોતાની નમાઝમાં જમાઅતની નિશાની જોઈને ઈત્મિનાન પામે, જેમકે, ઈમામની કિરઅતને શાંતીથી સાંભળી રહ્યો હોય, તો એ જમાઅતની નમાઝ સમજીને નમાઝ પૂરી કરશે. એ સિવાયના સંજોગમાં પોતાની નમાઝને ફુરાદા સમજી ને પૂરી કરશે.

**મસઅલો ૧૪૩૨** : અગર જમાઅત દરમ્યાન મામૂમ છુટા પડીને ફુરાદાની નિય્યત કરે, તો તેની જમાઅતની નમાઝ સહીહ હોવામાં ઈશ્કાલ છે, પણ તેની નમાઝ સહીહ રહેશે, સિવાય એવા સંજોગમાં કે જયારે ફુરાદા નમાઝ માટે જે ફરજ છે તેણે અદા ન કરી હોય, અથવા જે અમલ, ભૂલથી પણ જો કરવામાં આવે, તો ફુરાદા નમાઝને બાતિલ કરે છે, એ અમલ બજાવી લાવે, જેમકે, એક રૂકૂઅ વધારે કરે. બલ્કે અમુક હાલતમાં ફુરાદા નમાઝની ફરજ ન બજાવી હોય, તો પણ નમાઝ સહીહ રહેશે. જેમકે, અગર પહેલેથી છુટા પડીને ફુરાદાનો ઈરાદો ન હોય અને એ કારણે કિરઅત ન પડી હોય, પણ રૂકૂઅમાં પહોંચીને છુટા પડવાનો ઈરાદો ઉપસ્થિત થાય, તો નમાઝને ફુરાદા તરીકે પૂરી કરી શકશે, અને નવેસરથી નમાઝ પડવાની જરૂરત નથી.

**મસઅલો ૧૪33** : અગર ઈમામ અલહમ્દ અને બીજો સૂરો પડી લીએ ત્યાર બાદ કોઈ ઉઝરને કારણે મામૂમ ફુરાદાની નિય્યત કરે, તો તેના માટે કિરઅત પડવી લાઝિમ નથી. પણ ઈમામની કિરઅત પૂરી થવા પહેલાં ફુરાદાની નિય્યત કરે, તો એહતીયાતે વાજિબની રૂએ જેટલી કિરઅત ઈમામ પડી ચૂક્યો હોય, તેટલું પડવું તેના ઉપર પણ વાજિબ થશે.

**મસઅલો ૧૪૩૪** : જે શખ્સ એક વાર જમાઅતની નમાઝ દરમ્યાન ફુરાદાની નિય્યત કરી લીએ તે ફરીથી એ જ જમાઅતની નિય્યત નહી કરી શકે, પણ જો નક્કી ન કરી શક્યો હોય કે ફુરાદાની

નિય્યત કરે કે નહી અને પછી નિશ્ચય કરે કે જમાઅતની સાથે નમાઝ પૂરી કરશે, તો તેની નમાઝે જમાઅત સહીહ છે.

**મસઅલો ૧૪૩૫** : અગર કોઈ શક કરે કે નમાઝે જમાઅત દરમ્યાન એણે ફુરાદની નિય્યત કરી હતી કે નહી,તો એમ જ સમજે કે ફુરાદાની નિય્યત કરી નથી.

**મસઅલો ૧૪૩૬** : અગર કોઈ શખ્સ એવા સમયે નમાઝે જમાઅતમાં જોડાય કે જયારે ઈમામ રૂકુમાં હોય, અગરચે ઈમામ ઝિક્ર પૂરો કરી ચૂકયો હોય, તો પણ એની નમાઝ સહીહ ગણાશે, અને એની એક રકાત અદા થઈ ગણાશે. પણ જો એ રૂકૂઅ માટે હજી નમી રહ્યો હોય અને ઈમામ રૂકૂઅમાંથી માથું ઉંચકી લીએ. તો એ પોતાની નમાઝને ફુરાદા નિય્યતથી પૂરી કરી શકે છે.

**મસઅલો ૧૪૩૭** : જે મામૂમ એવા સમયે જમાઅતમાં જોડાય કે ઈમામ રૂકુમાં હોય, પણ શક કરે કે ઈમામના રૂકૂઅ સમયે પોતે રૂકૂઅ સુધી પહોંચી ગયો હતો કે નહીં; તો જો સમય અને મવકો વીતી ગયો હોય, જેમકે રૂકૂઅ પૂરી કર્યા બાદ શક કરે, તો એની નમાઝે જમાઅત સહીહ છે. એ સિવાયના સંજોગમાં એ મામૂમ ફુરાદાની નિય્યતથી નમાઝ પૂરી કરી શકશે.

**મસઅલો ૧૪૩૮** : અગર કોઈ શખ્સ એવા સમયે જમાઅતમાં જોડાય કે જયારે ઈમામ રૂકુમાં હોય, પણ એ પોતે રૂકૂઅ સુધી પહોંચે તેથી પહેલાં ઈમામ માથું ઊંચકી લીએ, તો એને ઈખ્તીયાર છે કે ચાહે ફુરાદાની નિય્યત કરીને નમાઝ પૂરી કરે, યા ચાહે તો કુરબતની નિય્યતથી ઈમામની સાથે સજદામાં જાય, અને જયારે ઈમામ પાછો ઉભો થાય ત્યારે એ તકબીરતુલ એહરામ સિવાય એક ઝિક્ર રૂપે બીજી તકબીર કહીને નમાઝે જમાઅત પડે.

**મસઅલો ૧૪૩૯** : અગર કોઈ શખ્સ પહેલેથી યા કિરઅત સમયે નમાઝે જમાઅતમાં જોડાય, અને પછી એવું બને કે પોતે રૂકૂઅમાં જાય એથી પહેલા ઈમામ રૂકૂઅમાંથી માથું ઊંચકી લે, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૪૪૦** : અગર કોઈ શખ્સ એવા સમયે પહોંચે કે ઈમામ છેલ્લી તશહ્હુદ પડી રહ્યો હોય, તો જો એ જમાતનો સવાબ હાંસિલ કરવા માંગતો હોય તો નિય્યત અને તકબીરતુલ એહરામ કહીને બેસી જાય, અને કુરબતની નિય્યતથી ઈમામની સાથે તશહ્હુદ પડે, પણ સલામ ન પડે, ઈમામ સલામ પૂરી કરે ત્યાં સુધી સબ્ર કરી ઉભો થાય, અને બીજી વાર નિય્યત કે તકબીર કહ્યા વગર કિરઅત શરૂ કરી પોતાની પહેલી રકાત ગણે.

**મસઅલો ૧૪૪૧** : મામૂમ માટે જરૂરી છે કે ઈમામની આગળ ન ઊભો રહે, બલ્કે એહતીયાતે

વાજિબ છે કે જો ઘણા મામૂમ હોય તો એ લોકો ઈમામની સાથે એક જ હરોળ કે સફમાં ઊભા ન રહે. પણ જો એક જ પુરૂષ મામૂમ હોય અને એ ઈમામની હારમાં ઉભો રહી જાય, તો વાંધો નથી.

**મસઅલો ૧૪૪૨** : અગર ઈમામ પુરૂષ અને મામૂમ સ્ત્રી હોય એમના વચ્ચે કોઈ પડદો કે દિવાલરૂપે અવરોધ હોય તો વાંધો નથી એવી જ રીતે એ સ્ત્રી અને બીજા પુરૂષ મામૂમ વચ્ચે અવરોધ હોય, અગરચે સ્ત્રીને એ પુરૂષ મામૂમ મારફતે ઈમામ સાથે સિલસિલો મળતો હોય, તો પણ વાંધો નથી.

**મસઅલો ૧૪૪૩** : અગર નમાઝ શરૂ કર્યા બાદ ઈમામ અને મામૂમ વચ્ચે અવરોધ ઉપસ્થિત થાય, અથવા જે મામુમથી ઈમામ સાથે જોડાણ થાય છે, એના અને બીજા મામૂમ વચ્ચે અવરોધ થાય, તો નમાઝે જમાઅત બાતિલ થશે, અને મામૂમ માટે જરૂરી છે કે ફુરાદા નમાઝની ફરજો મુજબ અમલ કરે.

**મસઅલો ૧૪૪૪** : એહતીયાતે વાજિબ છે કે મામુમની સજદાની જગ્યા અને ઈમામના ઉભા રહેવાની જગ્યા વચ્ચે એક કદમથી વધુ ફાસલો ન હોવો જોઈએ, એવી જ રીતે જે મામૂમ વડે ઈમામ સાથે જોડાણ થાય છે, તેના અને તેની પાછળ ઊભા રહેવા વચ્ચે વધુમાં વધુ એટલો જ ફાંસલો હોવો જોઈએ. બલ્કે એહતીયાતે મુસ્તહબ છે કે જ્યાં મામૂમ ઉભો હોય, ત્યાંથી સામેના મામુમના ઊભા રહેવાની જગ્યા વચ્ચે, સજદાની હાલતમાં ઈન્સાનનું શરીર જેટલી જગ્યા રોકે એથી વધારે અંતર ન હોવું જોઈએ.

**મસઅલો ૧૪૪૫** : અગર કોઈ મામૂમ નમાઝે જમાઅતમાં પોતાની ડાબી યા જમણી બાજુએ ઊભેલા નમાઝીઓ મારફતે ઈમામ સાથે જોડાયેલો હોય, અને એની આગળની સફમાં કોઈ મારફતે ઈમામ સાથે જોડાયેલો ન હોય, તો એહતીયાતે વાજિબની રૂએ તેની ડાબી યા જમણી બાજુએ નમાઝી અને તેના પોતાના વચ્ચે વધુમાં વધુ એક કદમથી વિશેષ ફાંસલો ન હોવો જોઈએ.

**મસઅલો ૧૪૪૬** : અગર નમાઝ દરમ્યાન ઈમામ અને મામૂમ વચ્ચે એક કદમથી વધુ ફાસલો થઈ જાય, તો મામૂમ છુટો પડી પોતાની નમાઝને ફુરાદાની નિય્યતથી પૂરી કરી શકશે. એવી જ રીતે જે મામૂમ મારફતે ઈમામ સાથે સિલસિલો જોડાતો હોય, તેના અને બીજા મામૂમ વચ્ચેનો ફાસલો એક કદમથી વધી જાય, તો એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૪૪૭** : અગર આગલી સફના તમામ નમાઝીઓની નમાઝ પૂરી થઈ જાય, અને તરતજ બીજી નમાઝ માટે ઈમામ સાથે ન જોડાય, તો પાછલી સફમાં ઊભા રહેલાઓની જમાઅત બાતિલ થશે. બલ્કે ઉપરોકત સંજોગમાં જો આગલી સફવાળાઓ તરત જ બીજી નમાઝ માટે

જમાઅતમાં જોડાય જાય, તો પણ પાછળથી સફમાં ઊભા રહેલાઓની નમાઝે જમાઅત સહીહ હોવામાં ઇશ્કાલ છે.

**મસઅલો ૧૪૪૮** : અગર કોઈ શખ્સ ઈમામની બીજી રકાતમાં જોડાય, તો કિરઅત પડવી જરૂરી નથી. પણ કુનૂત અને તશહ્હુદ સાથે પડી શકશે અને એહતીયાત છે કે તશહ્હુદ વેળા હાથની આંગળીઓ અને પગના તળીયાને જમીન ઉપર ટેકી, ગોઠણ ઊંચા કરે, અને ઈમામ તશહ્હુદ પડી લીએ ત્યારે એની સાથે ઉભા થઈને અલહમ્દ અને બીજો સૂરો પડે, જો બંને સુરા પડવા માટે પૂરતો સમય ન હોય, તો માત્ર અલહમ્દ પડી ઈમામના રૂકૂઅ સુધી પહોંચી જાય, અને જો અલહમ્દ માટે પણ સમય ન હોય તો તેને અધુરો મૂકીને ઈમામ સાથે રૂકૂઅમાં પહોંચી જાય. પણ એહતીયાતે મુસ્તહબ છે કે આવા સંજોગમાં નમાઝને ફુરાદા નિય્યતથી પૂરી કરે.

**મસઅલો ૧૪૪૯** : જ્યારે ઈમામની ચાર રકાતવાળી નમાઝ હોય, અને કોઈ શખ્સ બીજી રકાતમાં જોડાય, તો પોતાની બીજી અને ઈમામની ત્રીજી રકાતમાં બે સજદા બાદ બેસીને વાજિબ તશહ્હુદ પડે, અને પછી ઉભા થઈને ત્રણ વાર તસ્બીહાતે અરબા પડે, પણ જો ત્રણ વાર પડવા જેટલો સમય ન હોય, તો એક જ વાર પડીને ઈમામના રૂકૂઅ સુધી પહોંચી જાય.

**મસઅલો ૧૪૫૦** : અગર ઈમામની ત્રીજી યા ચોથી રકાત હોય, અને મામૂમ જાણતો હોય કે જો એ વખતે કયામની હાલતમાં જોડાશે તો અલહમ્દ અને સૂરો પડવો પડશે, અને ઈમામના રૂકૂઅ સુધી નહીં પહોંચાય, તો એહતીયાતે વાજિબ છે કે ઈમામ રૂકૂઅમાં જાય ત્યાં સુધી સબ્ર કરીને જોડાય.

**મસઅલો ૧૪૫૧** : અગર કોઈ શખ્સ ઈમામની ત્રીજી યા ચોથી રકાતમાં કયામની હાલતમાં જોડાય, તો તેના માટે અલહમ્દ અને બીજો સૂરો પડવો જરૂરી છે, અને જો બીજો સૂરો પડવા જેટલો સમય ન હોય, તો માત્ર અલહમ્દનો સૂરો પડીને ઈમામ સાથે રૂકૂઅમાં પહોચી જાય, અને જો સુરએ અલહમ્દ માટે પણ સમય તંગ હોય તો તેને અધૂરો મૂકીને રૂકૂઅમાં શામીલ થઈ જાય. પણ આ સંજોગમાં એહતીયાતે મુસ્તહઅબ છે કે ફુરાદાની નિય્યત કરીને નમાઝ ખતમ કરે

**મસઅલો ૧૪૫૨** : જે શખ્સ જાણતો હોય કે બીજો સૂરો યા કુનૂત કરવા જતાં ઈમામ સાથે રૂકૂઅમાં શામીલ નહીં થઇ શકે, તો અગર જાણી બુજીને એ પ્રમાણે વર્તે અને રૂકૂઅ સુધી ન પોહચે, તો તેની જમાઅત બાતિલ છે, અને એને ફુરાદા નમાઝના હુકમ પ્રમાણે અમલ કરવો પડશે.

**મસઅલો ૧૪૫૩** : જે શખ્સને ઇત્મીનાન હોય કે જો સૂરો શરૂ કરશે, અથવા એને પૂરો કરશે તો ઇમામ સાથે રૂકૂઅમાં જોડાઈ શકશે, તો જો બહુ વાર લાગવાની ન હોય તો બેહતર છે કે સૂરાને શરૂ

કરે, અને જો શરૂ કરી ચૂકયો હોય, તો પૂરો કરે. પણ જો ઘણી વાર લાગવાની હોય, એટલે સુધી કે જમાઅતનું સ્વરૂપ બાકી ન રહેવા પામે, તો બહેતર છે કે શરૂ ન કરે, અને જો શરૂ કરી ચૂકયો હોય તો તેને મૂકી આપે.

<u>**મસઅલો ૧૪૫૪**</u> : જે શખ્સ ને ખાતરી હોય કે સૂરો પડીને ઇમામ સાથે રૂકૂઅમાં શામીલ થઇ શકશે. અને જમાઅતનું સ્વરૂપ જળવાશે, પણ સૂરો પડતા એ રૂકૂઅ સુધી ન પહોંચી શક્યો તો તેવા સંજોગની તેની જમાઅત સહીહ છે.

<u>**મસઅલો ૧૪૫૫**</u> : ઇમામ કયામની હાલતમા હોય, અને મામૂનને જાણ ન હોય કે કઈ રકાઅતમાં છે, તો એ જોડાઇ શકે છે, પણ કુરબતની નિય્યતથી અલ હમ્દ અને સૂરો પડશે, અગરચે બાદમાં ખબર પડે કે ઇમામની એ પહેલી યા બીજી રકાત હતી.

<u>**મસઅલો ૧૪૫૬**</u> : અગર કોઇ શખ્સ એમ ધારીને કે ઇમામની પહેલી યા બીજી રકાત છે, કિરઅત ન પડે અને રૂકૂઅ બાદ એને ખબર પડે કે એ ત્રીજી યા ચોથી રકાત હતી. તો તેની નમાઝ સહી છે. પણ જો રૂકૂઅ પહેલાં ખબર પડે, તો કિરઅત પડી લેવી જોઇએ, અને જો તે માટે સમય ન હોય તો મસઅલો ૧૪૫૧માં જણાવ્યા મુજબ અમલ કરે.

<u>**મસઅલો ૧૪૫૭**</u> : અગર કોઇ શખ્સ એમ ધારીને કે ઇમામની ત્રીજી યા ચોથી રકાત છે, કિરઅત પડી નાખે અને રૂકૂઅ પહેલા યા પછી ખબર પડે કે પહેલી યા બીજી રકાત હતી, તો એની નમાઝ સહીહ છે, અને કિરઅત દરમ્યાન ખબર પડે, તો કિરઅતને જારી રાખવું લાઝિમ નથી.

<u>**મસઅલો ૧૪૫૮**</u> : અગર કોઇ શખ્સ મુસ્તહબ નમાઝ પડી રહ્યો હોય અને ત્યારે જો નમાઝે જમાઅત બરપા થાય, અને એને ઈત્મિનાન ન હોય કે મુસ્તહબ નમાઝે પૂરી કરીને નમાઝ જમાઅતમાં જોડાઇ શકશે, તો મુસ્તહબ છે કે નમાઝને મૂકી આપી નમાઝે જમાઅતમાં જોડાય, બલ્કે એને ઈત્મિનાન ન હોય કે જમાઅતની પહેલી રકાઅત એને નસીબ થશે કે નહીં, તો પણ મુસતહબ છે કે ઉપર જણાવેલ રીતે અમલ કરે.

<u>**મસઅલો ૧૪૫૯**</u> : અગર કોઇ શખ્સ ત્રણ યા ચાર રકાતવાળી નમાઝમાં હોય અને એજ સમયે નમાઝે જમાઅત બરપા થાય, તો અગર ત્રીજી રકાતના રૂકૂઅ સુધી ન પહોંચ્યો હોય, અને નમાઝ ખત્મ કરવા જતાં નમાઝે જમાઅતમાં શરીક થવાની આશા ન હોય, તો મુસ્તહબ છે કે મુસ્તહબ નમાઝ માટે નિય્યત ફેરવી બે રકાતો પૂરી કરે, અને પોતાને નમાઝે જમાઅત માં શામીલ કરે.

<u>**મસઅલો ૧૪૬૦**</u> : અગર ઇમામની નમાઝ પૂરી થઇ ગઇ હોય, પણ મામૂન હજી તશહ્હુદ કે

પહેલી સલામ પડી રહ્યો હોય, તો ફુરાદાની નિય્યત કરવી જરૂરી નથી.

**મસઅલો ૧૪૬૧** : જે માણસની એક રકાઅત હજી પડવાની બાકી હોય, તેના માટે બેહતર છે. કે જયારે ઇમામ છેલ્લી રકાઅતની તશહહુદ પડી રહ્યો હોય ત્યારે એ બંને હાથની આંગળીઓ અને પગના તળીયાને જમીન ઉપર ટેકાવી ગોઠણો ઊંચા રાખે, અને ઇમામ સલામ પડી લીએ ત્યા સુધી ઈન્તેઝાર કરીને પછી ઉભો થાય, અલબત અગર એ ઈન્તેઝાર કર્યા વગર તરતજ ઉભો થઇને ફુરાદાની નિય્યત કરવા માંગતો હોય, તો તેમાં વાંધો નથી.

## ઈમામે જમાઅતની શરતો

**મસઅલો ૧૪૬૨** : નમાઝે જમાઅતના ઈમામ માટે નીચે જણાવેલી શરતો પૂરી થવી જોઈએ:

**(૧)** એ બાલીગ અને અક્કલમંદ હોવો જોઈએ.

**(૨)** શિયા ઈશનાઅશરી હોવો જોઈએ.

**(૩)** આદીલ હોવો જોઈએ.

**(૪)** હલાલઝાદો હોવો જોઈએ.

**(૫)** નમાઝ સહીહ રીતે પડતો હોવો જોઈએ.

**(૬)** મામૂમ અગર પુરૂષ હોય, તો ઈમામ માટે પણ પુરૂષ હોવું જરૂરી છે.

દસ વર્ષની વયનો નવયુવાન નમાઝ પઢાવી શકે એવો પ્રસ્તાવ થયો છે, પણ તે મારી નજરે ઈશ્કાલથી ખાલી નથી.

**મસઅલો ૧૪૬૩** : જે ઈમામને કોઈ આદીલ તરીકે જાણતો હતો, પછી શક થાય કે હજી પોતાની અદાલત ઉપર એ બાકી હશે કે નહીં, તો એવા ઈમામ સાથે જમાઅત પડી શકાય છે.

**મસઅલો ૧૪૬૪** : જે શખ્સ ઊભા ઊભા નમાઝ પડી શકતો હોય, તે બેસી યા સૂઈને નમાઝ અદા કરનાર ઈમામની સાથે જમાઅત નહીં પડી શકે, અને જે બેસીને નમાઝ અદા કરતો હોય, તે સુતા સુતા નમાઝ પડનાર ઈમામ સાથે નહીં જોડાઈ શકે.

**મસઅલો ૧૪૬૫** : જે શખ્સ બેસીને નમાઝ પડી રહ્યો હોય, એ બેસીને નમાઝ અદા કરનાર ઈમામ સાથે જમાઅત પડી શકે છે. પણ જે સૂતા સૂતા નમાઝ અદા કરતો હોય, તેના માટે બેસી કે સૂઈને નમાઝ પડનાર ઈમામ સાથે જમાઅત પડવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૪૬૬** : અગર ઈમામ કોઈ ઉઝરને કારણે નજીસ લિબાસ સાથે, અથવા તયમ્મુમ કરીને, અથવા જબીરા વઝુ સાથે નમાઝ અદા કરતો હોય તો તેની સાથે જમાઅતની નમાઝ થઈ શકે

છે.

**મસઅલો ૧૪૬૭** : અગર ઈમામ એવી બીમારીમાં મુબ્તેલા હોય કે જેને કારણે એ પેશાબ કે પાયખાનાને રોકી ન શકતો હોય, તેની સાથે નમાઝે જમાઅત પડી શકાય છે. એવી જ રીતે અગર મુસ્તહાઝા ઓરત ઈમામ તરીકે જમાઅત પડાવતી હોય, તો તેની સાથે જે ઓરત મુસ્તહાઝા ન હોય, નમાઝ પડી શકે છે.

**મસઅલો ૧૪૬૮** : જે શખ્સ કોઢ યા રક્તપિતની બીમારીથી પીડિત હોય, તેના માટે બેહતર છે કે જમાઅતનો ઈમામ ન થાય, અને જેના ઉપર શરીઅત મુજબ કોઈ હદ જારી થઈ હોય તેવા ઈમામ સાથે એહતીયાતે વાજિબની રૂએ નમાઝે જમાઅત ન પડવી જોઈએ.

## નમાઝે જમાઅતના એહકામ

**મસઅલો ૧૪૬૯** : જયારે મામૂમ નિય્યત કરે ત્યારે જે ઈમામ સાથે નમાઝ પડી રહ્યો હોય, તેને નક્કી કરે, અગરચે તેનું નામ જાણવું જરૂરી નથી. અગર એમ નિય્યત કરે કે જે ઈમામે જમાઅત મોજૂદ છે તેની સાથે પડી રહ્યો છે, તો એની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૪૭૦** : નમાઝે જમાઅતમાં કિરઅત સિવાય મામુમે દરેક ઝિક્ર વીગેરે પોતે પડવું જોઈએ. પણ જો ઈમામની ત્રીજી યા ચોથી રકાત હોય, અને પોતાની પહેલી યા બીજી રકાત હોય, તો મામૂમ અલહમ્દ અને બીજો સૂરો પડશે.

**મસઅલો ૧૪૭૧** : ઈમામની નમાઝે સુબ્હ, મગરિબ અને ઈશામાં અગર મામૂમ કિરઅત સાંભળી શકતો હોય, અગરચે એ બહુ સ્પષ્ટપણે ન હોય, તો પણ શાંતીથી સાંભળવું જોઈએ, અને કિરઅત ન પડવી જોઈએ, અને જો ઈમામની કિરઅત ન સંભળાતી હોય, તો મુસ્તહબ છે કે પોતે કિરઅત પડે, પણ તદ્દન ધીમે અવાજે પડે. અલબત, જો ભૂલથી અવાજ ઊંચો થઈ જાય તો વાંધો નથી.

**મસઅલો ૧૪૭૨** : અગર મામૂમ ઈમામની કિરઅતમાં ફકત અમુક ભાગ સાંભળી શકતો હોય, તો જેટલો ભાગ સંભળાતો ન હોય એટલો ભાગ પોતે પડી શકે છે.

**મસઅલો ૧૪૭૩** : અગર કોઈ શખ્સ ભૂલથી કિરઅત પડે, અથવા એમ ધારીને કે જે અવાજ એ સાંભળી રહ્યો છે, એ ઈમામનો નથી, કિરઅત પડી નાખે, અને પછીથી ખબર પડે કે એ ઈમામનો જ અવાજ હતો, તો એની નમાઝ સહીહ છે.

**મસઅલો ૧૪૭૪** : અગર કોઈને શક હોય કે ઈમામનો અવાજ એને સંભળાય છે કે નહીં,

અથવા અવાજ સંભળાતો હોય, પણ એને જાણ ન હોય કે એ અવાજ ઈમામનો છે યા બીજા કોઈનો, તો એવી હાલતમાં પોતે કિરઅત પડી શકે છે.

**મસઅલો ૧૪૭૫** : નમાઝે ઝોહર અને અસરની પહેલી અને બીજી રકાતમાં એહતીયાત છે કે મામૂમ કિરઅત ન પડે, અને મુસ્તહબ છે કે એની જગ્યાએ ઝિક્ર કરે.

**મસઅલો ૧૪૭૬** : મામૂમે ઈમામથી પહેલા તકબીરતુલ એહરામ ન કહેવું જોઈએ. બલ્કે એહતીયાતે વાજિબ છે કે જયાં સુધી ઈમામની તકબીર પૂરી ન થાય ત્યાં સુધી પોતે તકબીર ન કહે.

**મસઅલો ૧૪૭૭** : અગર મામૂમ ભૂલથી ઈમામની પહેલા સલામ પડી લીએ તો એની નમાઝ સહીહ છે. અને ફરીથી ઈમામની સાથે સલામ પડવી લાઝિમ નથી. બલ્કે જો જાણીજોઈને પણ ઈમામની પહેલાં સલામ પડે, તો ઈશ્કાલ નથી.

**મસઅલો ૧૪૭૮** : તકબીરતુલ એહરામ સિવાય બાકીની વસ્તુઓ અગર ઈમામથી પહેલા પડે તો તેમાં વાંધો નથી, પણ જો એ ઈમામ સાંભળતો હોય, અથવા એને ખબર હોય કે ઈમામ ક્યારે ફલાણી વસ્તુ પડશે, તો એહતીયાતે મુસ્તહબ છે કે ઈમામથી પહેલાં ન પડે.

**મસઅલો ૧૪૭૯** : નમાઝમાં પડાતી વસ્તુઓને બાદ કરતા, નમાઝમાં જેટલા કાર્યો અને અમલ છે, જેમકે રૂકૂઅ, સજદા વીગેરે, તે માટે જરૂરી છે કે મામૂમ ઈમામની સાથે યા થોડીક વાર બાદ અંજામ આપે. અગર કોઈ મામૂમ જાણીબુજીને ઈમામથી પહેલાં અથવા ઘણી ઢીલ બાદ બજાવી લાવે, તો તેની જમાઅત બાતિલ ગણાશે. પણ જો ફુરાદાના હુકમો મુજબ નમાઝ જારી રાખે, તો તેની નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૪૮૦** : અગર કોઈ શખ્સ ભૂલથી ઈમામથી પહેલાં રૂકૂઅમાંથી માથું ઊંચકી લીએ, તો અગર ઈમામ હજી રૂકૂઅમાં હોય, તો એના માટે એહતીયાત છે કે પાછો રૂકૂઅમાં જાય, અને ઈમામની સાથે માથું ઊંચકે, આવા સંજોગમાં જો કે રૂકુનમાં વધારો થશે, પણ એથીં નમાઝ બાતિલ નહીં થાય, પણ જો એ રૂકૂઅમાં જવા માટે જુકે, અને ઈમામ સાથે જોડાઈ શકે એથી પહેલાં ઈમામ રૂકૂઅથી ઉભો થઈ જાય, તો મામુમની નમાઝ એહતીયાતની રૂએ બાતિલ છે.

**મસઅલો ૧૪૮૧** : અગર કોઈ શખ્સ ભૂલથી માથું ઉપાડે, અને જુએ કે ઈમામ હજી સજદામાં છે, તો એહતીયાતની રૂએ એ પાછો સજદામાં જશે. અને બંને સજદામાં એવું બને. તો અગરચે બે સજદા સાથે મળીને રૂકન છે, પણ એની નમાઝ બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૪૮૨** : જે શખ્સે ઈમામથી પહેલાં ભૂલથી માથું ઉપાડી લીધુ હોય, અને ફરી સજદો

કરે ત્યારે એને જણાય કે ઈમામે માથું ઉપાડી લીધુ છે, તો એની નમાઝ સહીહ છે. પણ જો એ રીતે બંને સજદામાં બને, તો એહતીયાતની રૂએ એની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૪૮૩** : અગર કોઈ શખ્સ ભૂલથી સજદા યા રૂકૂઅમાંથી ઈમામથી પહેલાં માથું ઉચકી લીએ, અને પછી એમ ધારીને કે ફરી ઈમામ સાથે નહીં જોડાઈ શકે એ રૂકૂઅ યા સજદામાં પાછો ન જાય, તો એની જમાઅત અને નમાઝ સહીહ ગણાશે.

**મસઅલો ૧૪૮૪** : અગર કોઈ શખ્સ ઈમામથી પહેલા સજદામાંથી માથું ઉપાડી લીએ, અને જુએ કે ઈમામ હજી સજદામાં છે, એ એમ ધારીને કે ઈમામનો પહેલો સજદો છે, ઈમામ સાથે જોડાવવા માટે સજદામાં જાય, પણ ત્યારે એને જાણ થાય કે એ ઈમામનો બીજો સજદો હતો, તો પોતાના માટે પણ એ બીજો સજદો ગણશે.

જો એમ ધારીને કે ઈમામનો બીજો સજદો છે, સજદામાં પાછો જાય, અને ત્યારે ખબર પડે કે એ તો ઈમામનો પહેલો સજદો હતો, તો ઈમામ સાથે સજદો અદા કરવાની નિય્યતે સજદો જારી રાખે, અને ફરીવાર ઈમામની સાથે બીજો સજદો પણ અદા કરે.

ઉપરોકત બંને સંજોગમાં બેહતર છે કે નમાઝે જમાઅત પૂરી કર્યા બાદ નવેસરથી પડે

**મસઅલો ૧૪૮૫** : અગર કોઈ શખ્સ ભૂલથી ઈમામથી પહેલા રૂકૂઅમાં દાખલ થાય, અને એને જણાય કે જો પાછો ઉભો થઈને ઈમામ સાથે જોડાશે તો કિરઅતનો થોડો ભાગ મળશે, અને માથું ઊંચકીને ફરી ઈમામની સાથે રૂકૂઅમાં જાય, તો નમાઝ સહીહ ગણાશે, અને એ સંજોગમાં જો જાણીબુજીને પાછો ઉભો ન થાય, તો તેની નમાઝ બાતિલ છે.

**મસઅલો ૧૪૮૬** : અગર કોઈ શખ્સ ભૂલથી ઈમામથી પહેલાં રૂકૂઅમાં જાય, અને અને જણાય કે જો પાછો ઉભો થશે તો પણ ઈમામની કિરઅત સુધી નહીં પહોંચે, તે છતાં ઈમામની સાથે રહેવાની નિય્યતે એ પાછો ઉભો થઈને ઈમામ સાથે રૂકૂઅમાં જાય તો એની જમાઅત અને નમાઝ સહીહ રહેશે અને એ જાણીબુજીને પાછો ઊભો ન થાય, તો નમાઝ સહીહ છે, પણ એ ફુરાદા થઈ જશે.

**મસઅલો ૧૪૮૭** : જે શખ્સ ઈમામથી પહેલાં ભૂલથી સજદામાં જાય, અને ઈમામની સાથે રહેવાની નિય્યતે માથું ઊંચકી ફરી વાર ઈમામની સાથે સજદો કરે તેની જમાઅત અને નમાઝ સહીહ છે. અને જો જાણી બુજીને પાછો ન બેસે, તો નમાઝ સહીહ છે, પણ ફુરાદા ગણાશે.

**મસઅલો ૧૪૮૮** : અગર ઈમામ ભૂલથી જે રકાતમાં કુનૂત નથી, કુનૂત પડી નાખે, અથવા જે રકાતમાં તશહ્હુદ નથી, તશહ્હુદ શરૂ કરી લીએ, તો મામૂમ કુનૂત કે તશહ્હુદ ન પડે. પણ ઈમામથી

પહેલા એ રૂકૂઅમાં નહીં જઈ શકે, યા એનાથી પહેલાં ઊભો નહીં થઈ શકે. બલ્કે એ ઈન્તેઝાર કરશે કે કુનૂત અથવા તશહહુદથી ફારીગ થાય ત્યારે બાકી રહેલી નમાઝ તેની સાથે અદા કરે.

## જમાઅતમાં પેશ ઈમામ અને મામૂમની ફરજો

**મસઅલો ૧૪૮૯** : અગર મામૂમમાં એક જ પુરૂષ હોય તો મુસ્તહબ છે કે ઈમામની જમણી બાજુએ ઊભો રહે અને જો મામૂમ એક જ સ્ત્રી હોય, તો તેના માટે પણ મુસ્તહબ છે કે જમણી બાજુએ ઊભી રહે, પણ ઈમામથી સ્હેજ પાછળ રહે, એવી રીતે કે કમમાં કમ સજદાની હાલતમાં એની સજદાની જગ્યા ઈમામના ગોઠણની હારમાં હોય.

અગર મામુમમાં એક પુરૂષ અને એક સ્ત્રી હોય, અથવા એક પુરૂષ અને ઘણી સ્ત્રીઓ હોય, તો મુસ્તહબ છે કે પુરુષ ઈમામની જમણી તરફ ઊભો રહે, અને એક યા એથી વધુ સ્ત્રીઓ ઈમામની પાછળ ઊભી રહે, અને જો ઘણા પુરુષ હોય, અને સાથે એક યા વધુ સ્ત્રીઓ હોય, તો મુસ્તહબ છે કે પુરૂષો ઈમામની પાછળ ઊભા રહે, અને સ્ત્રીઓ પુરુષોની પાછળ ઊભી રહે.

**મસઅલો ૧૪૯૦** : અગર ઈમામ અને મામૂમ બંને સ્ત્રીઓ હોય, તો એહતીયાતે વાજિબ છે કે બંને એક જ હરોળમાં ઊભી રહે, ઈમામ બીજી સ્ત્રીઓની આગળ ન ઊભી રહે.

**મસઅલો ૧૪૯૧** : મુસ્તહબ છે કે ઈમામ સફની વચ્ચોવચ ઊભો રહે, અને પરહેઝગાર અને ઈલ્મ વાળા પહેલી સફમાં હોય.

**મસઅલો ૧૪૯૨** : મુસ્તહબ છે કે નમાઝે જમાઅતની સફો વ્યવસ્થિત હોય, અને એક સફમાં ઉભા રહેનારાઓ વચ્ચે કોઈ ફાસલો ન હોવો જોઈએ, એવી રીતે કે એક બીજાના ખંભા મળેલાં હોય.

**મસઅલો ૧૪૯૩** : મુસ્તહબ છે કે 'કદ કામતીસ્સલાત' પડયા બાદ મામૂમ ઊભા થાય.

**મસઅલો ૧૪૯૪** : મુસ્તહબ છે કે ઈમામ મામુમમાં જે લોકો બીજા કરતા કમજોર યા વયોવૃધ્ધ હોય તેનો ખ્યાલ રાખે, અને કુનૂત, રૂકૂઅ અને સજદાને ન લંબાવે. સિવાય કે તેની સાથે નમાઝ પડનારાઓની એ મુજબ ઇચ્છા હોય.

**મસઅલો ૧૪૯૫** : ઈમામ માટે મુસ્તહબ છે કે કિરઅત અને ઝિક્ર અવાજથી પડાય છે, તેને એવા સાદે પડે કે બીજા સાંભળી શકે, પણ હદ ઉપરાંત અવાજ ઊંચો ન હોવો જોઈએ.

**મસઅલો ૧૪૯૬** : અગર ઈમામને રૂકૂઅની હાલતમાં ખબર પડે કે નવો આવેલો શખ્સ જમાઅતમાં આવવા માગે છે, તો મુસ્તહબ છે કે રૂકૂઅમાં જેટલી વાર લાગતી હોય, તેની કરતાં બમણી વાર લગાડે, અને ઊભો થઈ જાય, અને એ પછી નવા આવેલાઓ માટે ઇન્તેઝાર ન કરે.

## નમાઝે જમાઅતમાં મકરૂહ વાતો

**મસઅલો ૧૪૯૭** : અગર નમાઝે જમાઅતની સફોમાં ખાલી જગ્યા પડી હોય, તો તે મૂકીને જમાઅતમાં એકલા ઊભુ રહેવું મકરૂહ છે.

**મસઅલો ૧૪૯૮** : મકરૂહ છે કે મામૂમ નમાઝનો ઝિક્ર એવી રીતે પડે કે ઈમામને સંભળાય.

**મસઅલો ૧૪૯૯** : જે મુસાફર કસર નમાઝ પડતો હોય, તેના માટે કસર નમાઝોમાં એવા ઈમામ સાથે જોડાવવું મકરૂહ છે કે જે મુસાફર ન હોય, એવી જ રીતે જે મુસાફર ન હોય, તેના માટે મુસાફર ઈમામની કસર નમાઝોમાં જોડાવવું મકરૂહ છે.

# નમાઝે આયાત

**મસઅલો ૧૫૦૦** : નમાઝે આયાત નીચે મુજબ **ત્રણ** કારણોસર વાજિબ થાય છે, એ નમાઝની રીત હવે પછીના મસાઈલમાં સમજાવવામાં આવશે.

**(૧)** સૂર્ય ગ્રહણ, **(૨)** ચંદ્ર ગ્રહણ, અગરચે ચંદ્રના થોડાક ભાગને લાગેલું હોય, અને લોકો ભયભીત ન થયા હોય, **(૩)** ધરતીકંપ થાય તો એહતીયાતે વાજિબની રૂએ નમાઝે આયાત વાજિબ છે, અગરચે લોકો ભયભીત ન થાય.

પરંતુ મેઘગર્જના યા વીજળીના કડાકા, વાવાઝોડાં, અથવા આસમાન ઉપર દેખાતી અમુક બીહામણી નિશાનીઓને કારણે અગર લોકોમાં ખોફ ફેલાય, તો એહતીયાતે મુસ્તહબ છે કે નમાઝે આયાત મૂકી ન દે. એવી રીતે જમીન ઉપર એવી નિશાનીઓ ઉપસ્થિત થાય, સમુદ્ર યા નદીનું પાણી જમીનમાં સમાઈ જાય, યા પહાડ તુટીને પડવા માંડે, તો એવા બિહામણા સંજોગમાં પણ એહતીયાતે મુસ્તહબ છે કે નમાઝે આયાત મૂકી ન દે.

**મસઅલો ૧૫૦૧** : જે ઘટનાઓને પરિણામે નમાઝે આયાત વાજિબ છે, તે ઘટનાઓમાં જો એકથી વધુ ઘટના સર્જાય, જેમકે સૂર્ય ગ્રહણ થાય, અને ધરતીકંપ પણ થાય, તો દરેક ઘટના માટે જુદી નમાઝે આયાત પડવી જોઈએ.

**મસઅલો ૧૫૦૨** : અગર કોઈ શખ્સ ઉપર અનેક નમાઝે આયાતની કઝાઓ વાજિબ હોય, ચાહે એ એક કારણસર વાજિબ થઈ હોય, યા એકથી વધારે કારણસર થઈ હોય, જેમકે, ત્રણવાર સુર્યગ્રહણની નમાઝે આયાત ન પડી હોય, અથવા સુર્ય ગ્રહણ ચંદ્ર ગ્રહણ અને ધરતીકંપની નમાઝે આયાત કઝા હોય, તો જયારે કઝા આપે ત્યારે ક્યા કારણસર નમાઝે આયાતની કઝા આપી રહ્યો છે તે નિય્યતમાં નક્કી કરવું લાઝિમ નથી.

**મસઅલો ૧૫૦૩** : જે ઘટનાને કારણે નમાઝો વાજિબ થાય છે, તે ઘટના જે જગ્યાએ અમલમાં આવી હોય તે જ જગ્યાના રહેવાસીઓ ઉપર નમાઝે આયાત વાજિબ થશે. બીજી જગ્યાના લોકો ઉપર વાજિબ નહીં થાય.

**મસઅલો ૧૫૦૪** : જયારે સૂર્ય યા ચંદ્રને ગ્રહણ લાગે ત્યારે જ નમાઝે આયાતનો સમય શરૂ થાય છે, અને ફરી અસલી હાલતમાં આવી જાય ત્યાં સુધી એનો સમય બાકી રહે છે. જો કે બેહતર છે કે ગ્રહણમાંથી છુટવાનું શરૂ થાય ત્યાં સુધી નમાઝે આયાત અદા કરવામાં ઢીલ ન કરવામાં આવે,

અલબત્ત, જયારે સૂર્ય કે ચંદ્ર ગ્રહણમાંથી છુટી જાય ત્યારે નમાઝે આયાત ખતમ થતી હોય તો કોઈ વાંધો નથી.

**મસઅલો ૧૫૦૫** : અગર કોઈ શખ્સ નમાઝે આયાત પડવામાં એટલી ઢીલ કરે કે સુર્ય યા ચંદ્ર ગ્રહણમાંથી છુટવા લાગે, તો એ અદાની નિય્યત કરી શકે છે, પણ જો પૂરેપૂરી નમાઝે આયાત ગ્રહણમાંથી છુટી ગયા બાદ પડે, તો કઝાની નિય્યત કરવી જોઈએ.

**મસઅલો ૧૫૦૬** : અગર ગ્રહણની મુદ્દત એટલી જ હોય કે ઈન્સાન નમાઝે આયાતની એક રકાત યા એથી કમ પડી શકે, તો જે નમાઝ પડશે એ અદાની નિય્યતથી પડશે. એવી જ રીતે જો ગ્રહણની મુદ્દત લાંબી હોય, પણ ઈન્સાન તરત નમાઝ ન પડે અને ગ્રહણની મુદ્દતમાં એક યા એથી કમ રકાત પડવાનો સમય બાકી રહે તો પણ અદાની નિય્યત પડશે.

**મસઅલો ૧૫૦૭** : જયારે ધરતીકંપ, મેઘગર્જના કે વીજળીના કડાકા વગેરે થાય, અને એ ઘટના પૂરતા સમય સુધી રહે, તો તરત જ નમાઝે આયાત પડવી લાઝિમ નથી. પણ એ સિવાયના સંજોગમાં તરત જ નમાઝે આયાત પડવી જોઈએ, જેથી એમ ન જણાય કે નમાઝ મોડેથી પડી છે. અને જો એટલી ઢીલ કરે, તો એહતીયાતે મુસ્તહબ છે કે ત્યાર બાદ નમાઝે આયાતને અદા કે કઝાની નિય્યત કર્યા વગર પડે.

**મસઅલો ૧૫૦૮** : અગર કોઈને સૂર્ય યા ચંદ્ર ગ્રહણની જાણ ન હોય, અને ગ્રહણ ખતમ થયા બાદ તેને ખબર પડે કે પૂરૂં ગ્રહણ લાગ્યું હતું, તો તેની કઝા આપવી જરૂરી છે; પણ જો પૂરૂં ગ્રહણ લાગ્યું ન હોય, તો કઝા વાજિબ નથી.

**મસઅલો ૧૫૦૯** : અગર અમુક લોકો ખબર આપે કે ગ્રહણ લાગ્યું છે, પણ ઈન્સાનને અંગત રીતે એમના કહેવા ઉપર ઈત્મિનાન ન હોવાથી એ નમાઝે આયાત ન પડે, અને બાદમાં ખબર પડે કે વાત સાચી હતી, તો જો સંપૂર્ણ ગ્રહણ લાગેલું હોય તો નમાઝે આયાત પડશે, અને જો સંપૂર્ણ ગ્રહણ ન હોય, તો તેના ઉપર નમાઝે આયાત પડવી વાજિબ નથી. એવી જ રીતે જો એ શખ્સો ગવાહી આપે, પણ એમની અદાલત સંબધી ઈત્મિનાન ન હોય, અને બાદમાં ખબર પડે કે તેઓ આદિલ હતા, તો એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૫૧૦**: અગર ખગોળવિદ્યાના નિષ્ણાંતો કહે કે ગ્રહણ છે, અને ઈન્સાનને તેમના ઉપર વિશ્વાસ હોય, તો ગ્રહણ સમયે નમાઝે આયાત પડવી જોઈએ, એવી જ રીતે જો કોઈ નિષ્ણાંત આગાહી આપે કે ફલાણા સમયે સૂર્ય યા ચંદ્ર ગ્રહણ થશે, અને ફલાણા સમય સુધી એ ગ્રહણ રહેશે, તો

ઈત્મિનાન હોય તો એમના કહેવા મુજબ અમલ કરી નમાઝે આયાત પડશે.

**મસઅલો ૧૫૧૧** : અગર કોઈને ખાત્રી થાય કે જે નમાઝે આયાત પડી હતી તે બાતિલ હતી, તો ફરીથી પડવી જોઈએ, અને જો સમય વીતી ગયો હોય, તો તેની કઝા આપે.

**મસઅલો ૧૫૧૨** : જો પંજગાના નમાઝના સમયે નમાઝે આયાત પણ ઈન્સાન ઉપર વાજિબ થાય, અને બંને નમાઝો માટે પૂરતો સમય હોય, તો બેમાંથી જે ચાહે એ પહેલા પડી શકે છે. પણ જો એ બેમાંથી એકનો સમય તંગ હોય, તો પહેલા એ નમાઝ પડશે કે જેનો સમય તંગ છે. અને જો બંને નમાઝનો સમય તંગ હોય, તો પહેલા પંજગાના નમાઝે વાજિબને અદા કરવી જોઈએ.

**મસઅલો ૧૫૧૩** : રોજની વાજિબ નમાઝ અદા કરતી વખતે કોઈનું ધ્યાન ખેંચાય કે નમાઝે આયાતનો સમય તંગ છે, તો અગર રોજની વાજિબ નમાઝ પણ કઝા થવાની હોય, તો પહેલા એ રોજની નમાઝ પૂરી કરશે અને ત્યાર બાદ નમાઝે આયાત પડશે. પણ જો એ રોજની નમાઝ માટે સમય પૂરતો હોય, તો એને તોડીને પ્રથમ નમાઝે આયાત પડશે.

**મસઅલો ૧૫૧૪** : અગર નમાઝે આયાત પડતી વખતે કોઈનું ધ્યાન ખેંચાય કે રોજની વાજિબ નમાઝ કઝા થઈ જવાની છે, તો એ નમાઝે આયાત તર્ક કરીને નમાઝે પંજગાના પડશે અને એ નમાઝ પૂરી કરી, નમાઝ તોડનાર કોઈ પણ કામ કર્યા પહેલા જયાંથી નમાઝે આયાત મૂકી હતી, ત્યાંથી જ શરૂ કરી બાકી રહેલી નમાઝે આયાતને પૂરી કરશે.

**મસઅલો ૧૫૧૫** : જયારે સ્ત્રી હયઝ કે નિફાસમાં હોય, તે દિવસોમાં જો સુર્ય કે ચંદ્ર ગ્રહણ થાય, અથવા ધરતીકંપ થાય તો તેના ઉપર નમાઝે આયાત વાજિબ નથી, તેમજ તેની કઝા પણ નથી.

## નમાઝે આયાત પઢવાની રીત

**મસઅલો ૧૫૧૬** : નમાઝે આયાતમાં બે રકાતો પડવાની હોય છે, અને દરેક રકાતમાં પાંચ રૂકૂઅ છે. નિય્યત અને તકબીર કહ્યા બાદ ઈન્સાન સૂરએ અલહમ્દ અને બીજો સૂરો પડી રૂકૂઅમાં જાય, અને જયારે રૂકૂઅમાંથી ઊભો થાય, ત્યારે ફરી અલહમ્દ અને સૂરો પડી બીજી વાર રૂકૂઅમાં જાય, એવી રીતે પાંચ રૂકૂઅ બજાવી લાવ્યા બાદ બે સજદા અદા કરશે. બીજી રકાતમાં પણ પહેલી રકાતની જેમ અમલ કરીને બે સજદા બાદ તશહહુદ અને સલામ પડી નમાઝ પૂરી કરશે.

**મસઅલો ૧૫૧૭** : નમાઝે આયાતમાં નિય્યત, તકબીર બાદ સૂરએ અલહમ્દ પડીને બીજા સૂરાની આયતોને પાંચ ભાગમાં તકસીમ (વહેંચણી) કરીને પડવી હોય તો એ પણ મુમ્કીન છે; અને રૂકૂઅ પહેલા એક આયત યા એથી ઓછુ પડી શકે છે, પણ એહતીયાત એ છે કે જેટલું પડે એ એક

વાકયથી ઓછું ન હોય, પહેલા રૂકૂઅ બાદ જયારે ઊભો થાય ત્યારે ફરીથી અલહમ્દ ન પડે પણ બીજા સૂરાની આયતોને બીજો ભાગ પડી પાછો રૂકૂઅ કરે. એવી રીતે પાંચમાં રૂકૂઅ પહેલા એ બીજા સુરાની તિલાવત પૂરી થઈ જાય.

દાખલા તરીકે જો સૂરએ ફલક પડવો હોય તો પહેલા

**બિસ્મીલ્લાહીર રહમાનીર રહીમ, કુલ અઉઝો બીરબ્બીલ ફલક**

પઢીને રૂકૂઅમાં જાય, પાછો ઊભો થાય ત્યારે

**મીન શર્રે મા ખલક**

પઢે. ફરી રૂકૂઅમાં જઈને ઊભો થાય ત્યારે

**વ મીન શર્રે ગાસેકિન એઝા વકબ**

પઢીને ફરી રૂકૂઅમાં જાય, ફરી ઊભા થઈને

**વ મીન શર્રીર્ન નફ્ફાસાતે ફિલ ઓકદ**

પઢે અને રૂકૂઅમાં જાય, પાછો ઊભો થાય ત્યારે

**વ મિન શર્રે હાસેદિન એઝા હસદ**

પઢે, અને પાંચમી રૂકૂઅમાં જાય, તે બાદ રૂકૂઅમાંથી માથું ઊંચકીને ઊભો થાય, અને પછી બે સજદાઓ અદા કરે. બીજી રકાતમાં પણ પહેલી રકાતની જેમ અમલ કરીને બે સજદા બાદ તશહ્હુદ અને સલામ પડી નમાઝ પૂરી કરે.

અગર કોઈ શખ્સ પાંચ ભાગો કરતા સૂરાની ઓછી તકસીમ કરવા માગે તો એ પણ જાઈઝ છે. પણ જયારે બીજો સૂરો પૂરો થાય, ત્યારે રૂકૂઅ પહેલા સૂરએ અલહમ્દ પડવો લાઝિમ થશે.

**મસઅલો ૧૫૧૮** : અગર કોઈ શખ્સ નમાઝે આયાતની એક રકાતમાં પાંચ વાર સુરએ અલહમ્દ અને બીજો સૂરો પડે, અને બીજી રકાતમાં એક સૂરએ અલહમ્દ પડી બીજા સૂરાને પાંચ ભાગોમાં તકસીમ કરીને પડે, તો વાંધો નથી.

**મસઅલો ૧૫૧૯** : નમાઝે પંજગાનામાં જે અમલ વાજિબ કે મુસ્તહબ છે, તે સર્વે અમલ નમાઝે આયાતમાં પણ વાજિબ કે મુસ્તહબ છે, પણ જો નમાઝે આયાત જમાઅત સાથે પડાવવાની હોય તો અઝાન અને ઈકામહની જગ્યાએ 'રજાઅન' (સારા અમલની ઉમ્મીદથી) ત્રણ વાર અસ્સલાત કહેવામાં આવે, અને જો જમાઅત સાથે પડાવવાની ન હોય તો તે માટે અઝાન, એકામહ નથી.

**<u>મસઅલો ૧૫૨૦</u>** : નમાઝે આયાતમાં મુસ્તહબ છે કે રૂકૂઅ પહેલા અને બાદ તકબીર કહે, અને પાંચમાં તેમજ દસમા રૂકૂઅ બાદ તકબીર કહ્યા પહેલા **'સમેઅલ્લાહો લેમન હમેદહ'** પડે.

**<u>મસઅલો ૧૫૨૧</u>** : નમાઝે આયાતમાં મુસ્તહબ છે કે બીજા, ચોથા, છઠ્ઠા, આઠમા અને દસમા રૂકૂઅ પહેલા કુનૂત પડવામાં આવે, અને જો માત્ર દસમા રૂકૂઅ પહેલા કુનૂત પડે તો પણ કાફી છે.

**<u>મસઅલો ૧૫૨૨</u>** : અગર કોઈ શખ્સ નમાઝે આયાતમાં શક કરે કે કેટલી રકાત થઈ છે, અને કોઈ જાતનો નિર્ણય ન કરી શકે, તો તેની નમાઝ બાતિલ છે.

**<u>મસઅલો ૧૫૨૩</u>** : અગર કોઈ શખ્સ શક કરે કે તે પહેલી રકાતની છેલ્લી રૂકૂઅમાં છે, અથવા બીજી રકાતની પહેલી રૂકૂઅમાં,અને કોઈ નિર્ણય ઉપર ન આવી શકે, તો એની નમાઝ બાતિલ છે.

પણ દાખલા તરીકે, જો એમ શક કરે કે ચાર રૂકૂઅ કરી છે કે પાંચ, તો જો એ શક સજદામાં ગયા પહેલા આવે તો એ રૂકૂઅ બજાવી લાવે, અને જો સજદા માટે ઝૂકી ગયો હોય તો એ શકની દરકાર ન કરે.

**<u>મસઅલો ૧૫૨૪</u>** : નમાઝે આયાતમાં દરેક રૂકૂઅ એક રૂકન છે, અને એમાં જો કોઈ શખ્સ જાણીબુજીને વધઘટ કરે તો નમાઝ બાતિલ છે, અને જો ભૂલથી ઘટાડો કરે તો પણ નમાઝ બાતિલ છે. બલ્કે એહતીયાત છે કે ભૂલથી ઉમેરો કરે તો પણ બાતિલ છે.

# ઈદુલ ફીત્ર અને ઈદે કુરબાની નમાઝ

**<u>મસઅલો ૧૫૨૫</u>** : ઈમામ અલય્હિસ્સલામની મોજૂદગી અને હાજરીમાં નમાઝે ઈદુલ ફીત્ર અને નમાઝે ઈદે કુરબાં બંને નમાઝો વાજિબ છે, અને આ નમાઝો જમાઅતથી પઢાવવી જોઈએ, પણ આપણા જમાનામાં જયારે કે ઈમામ અલય્હિસ્સલામ ગૈબતમાં છે, ત્યારે એ મુસ્તહબ છે, અને જમાઅત તેમજ ફુરાદા બંને રીતે પઢી શકાય છે.

**<u>મસઅલો ૧૫૨૬</u>** : બંને નમાઝોનો સમય સૂર્ય ઉગે ત્યારથી લઈને ઝોહર સુધી હોય છે.

**<u>મસઅલો ૧૫૨૭</u>** : ઈદુલ અઝહા માટે મુસ્તહબ છે કે સૂરજ ઉગ્યા બાદ અદા કરવામાં આવે અને ઈદુલ ફિત્ર મુસ્તહબ છે કે સૂર્યોદય બાદ ઈફતાર કરી પછી ઝકાતે ફિત્ર અદા કરે અને ત્યાર બાદ નમાઝે ઈદ પઢે.

**<u>મસઅલો ૧૫૨૮</u>** : નમાઝે ઈદ બે રકાત છે, પહેલી રકાતમાં સૂરએ અલ્હમદ અને બીજો સૂરો પડયા બાદ બેહતર પાંચ તકબીર છે. દરેક બે તકબીર દરમ્યાન કુનૂત પડવું જોઈએ, તકબીર બાદ એક બીજી તકબીર કહે અને રૂકૂઅમાં જાય, બે સજદા બાદ બીજી રકાત માટે ઉભો થાય, જેમાં કિરઅત બાદ ચાર તકબીર બેહતર છે. દરેક બે તકબીર વચ્ચે કુનૂત પડે, અને ચોથી તકબીર બાદ એક બીજી તકબીર પડીને રૂકૂઅમાં જાય, ત્યાર બાદ બંને સજદાઓ કરી તશહ્હુદ અને સલામ પડીને નમાઝ પૂરી કરે.

**<u>મસઅલો ૧૫૨૯</u>** : નમાઝે ઈદના કુનૂતમાં કોઈ પણ દુઆ કે ઝિક્ર પડી શકાય છે, પણ બેહતર છે કે આ દુઆ પઢે:

**અલ્લાહુમ અહલલ કિબરેયએ વલ અઝમતે વ અહલલ જૂદે વલ જબરૂતે વ અહલલ અફવે વર રહમતે વ અહલત તક્વા વલ મગફેરતે અસઅલોક બે હકે હાઝલ યવમિલ લઝી જઅલતહુ લિલ મુસલેમીન ઈદન વલે મોહમ્મદિન સલ્લલ્લાહો અલયહે વ આલેહી ઝુખરન વ મઝીદન અન તોસલ્લેય અલા મોહમ્મદિન વ આલે મોહમ્મદિન વ અન તુદખેલની ફી કુલ્લે ખયિરન અદખલત ફીહે મોહમ્મદન વ આલ**

**મોહમ્મદિન વ અન તુખરેજની મિન કુલ્લે સુઈન અખરજત મિનહુ મોહમ્મદન વ આલ માહમ્મદિન. સલવોતોક અલયહે વ અલયહિમ. અલ્લાહુમ ઈન્ની અસઅલોક ખયર મા સઅલક એબાદોકસ્સ સાલેહુન વ અઉઝો બેક મિમ્મસ તઆઝ મિનહૂ એબાદોકસ્સ સાલેહુન.**

**<u>મસઅલો ૧૫૩૦</u>** : ઈમામ અલય્હિસ્સલામની ગૈબતમાં જમાનામાં જો જમાઅતની સાથે નમાઝે ઈદ પડવામાં આવે તો એહતીયાતે લાઝિમ છે કે તે બાદ બે ખુત્બાએ પડવામાં આવે છે, અને બેહતર છે કે ઈદુલ ફિત્રના ખુત્બામાં ઝકાતે ફિત્રના અહકામ અને ઈદુલ અઝહાના ખુત્બામાં કુરબાનીના એહકામ નો ઉલ્લેખ કરવામાં આવે.

**<u>મસઅલો ૧૫૩૧</u>** : નમાઝે ઈદમાં કોઈ ખાસ સૂરો પડવાનો હોતું નથી, પણ બેહતર છે કે પહેલી રકાતમાં સૂરએ વશ્શમ્સ (નંબર ૯૧) અને બીજી રકાતમાં સૂરએ ગાશીયહ (નંબર ૮૮) પડે, અથવા પહેલી રકાતમાં સૂરએ સબ્બેહીસ્મ (નંબર ૮૭) અને બીજી રકાતમાં સૂરએ વશ્શમ્સ પડે.

**<u>મસઅલો ૧૫૩૨</u>** : મુસ્તહબ છે કે નમાઝે ઈદ શહેરની બહાર ખુલ્લા મેદાનમાં કે જંગલમાં પડવામાં આવે. પણ મક્કામાં મુસ્તહબ છે કે મસ્જિદુલ હરામમાં પડાય.

**<u>મસઅલો ૧૫૩૩</u>** : મુસ્તહબ છે કે નમાઝે ઈદ પડવા માટે ઉઘાડે પગે અને વિનમ્રતા સાથે જવું, નમાઝે ઈદ પહેલાં ગુસ્લ કરવું, અને માથા ઉપર સફેદ પાઘડી પહેરવી.

**<u>મસઅલો ૧૫૩૪</u>** : નમાઝે ઈદમાં જમીન ઉપર સજદો કરવો, તકબીરો પડતી વખતે હાથો ઊંચા કરવા મુસ્તહબ છે, અને જો જમાઅત સાથે પડાતી હોય તો ઈમામ માટે મુસ્તહબ છે કે કિરઅત અવાજથી પડે, એવી જ રીતે જે ફુરાદા પડતો હોય તેના માટે પણ અવાજથી પડવી મુસ્તહબ છે.

**<u>મસઅલો ૧૫૩૫</u>** : ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ, ઈશાની નમાઝ બાદ, અને ઈદના દિવસે નમાઝે સુબ્હ તેમજ નમાઝે ઈદુલ ફિત્ર બાદ નીચે મુજબ તકબીર પઢવી સુન્નત છે : **અલ્લાહો અકબર, અલ્લાહો અકબર, લાએલાહ ઈલ્લલ્લાહો વલ્લાહો અકબર, અલ્લાહો અકબર, વલિલ્લાહિલ હમ્દ, અલ્લાહો અકબર, અલા મા હદાના,**

<u>મસઅલો ૧૫૩૬</u> : મુસ્તહબ છે કે ઈદુલ અઝહા પ્રસંગે તે દિવસની નમાઝે ઝોહરથી લઈને ઝિલ્હજની બારમી તારીખે નમાઝે સુબ્હ સુધી, દસ નમાઝો બાદ, ઉપરોકત તકબીરો સાથે નીચે મુજબ

વધારે પઢે : **અલ્લાહો અકબર, અલા મા રઝકના મિન બહીમતિલ અનઆમ, વલ્હમ્દો લિલ્લાહે અલા મા અબલાના.**

પણ જો એ ઈદુલ અઝહાના દિવસે મીનામાં હોય તો ઈદના દિવસે ઝોહરની નમાઝથી લઈ ઝિલ્હજની તેરમી તારીખની નમાઝે સુબ્હ સુધી, પંદર નમાઝો બાદ, ઉપરોકત તકબીરો સાથે નીચે પડે.

**મસઅલો ૧૫૩૭** : એહતીયાતે મુસ્તહબ છે કે ઓરતો નમાઝે ઈદ માટે ન જાય, પણ ઘરડી ઓરતો માટે એ એહતીયાત લાગુ પડતો નથી.

**મસઅલો ૧૫૩૮** : નમાઝે ઈદમાં મામૂમ બીજી નમાઝોની જેમ, કિરઅત સિવાય બાકીના તમામ ઝિક્ર વીગેરે પોતે પડશે.

**મસઅલો ૧૫૩૯** : અગર મામૂમ ઈદની નમાઝમાં એવા વખતે જોડાય કે ઈમામ અમુક તકબીરો કહી ચૂકયો હોય, તો જયારે ઈમામ રૂકૂઅમાં જાય, ત્યારે જે તકબીરો અને કુનૂત રહી ગઈ હોય, અને ઈમામ સાથે ન પડી હોય, તે પોતે પડી લીએ, અને દરેક કુનૂતમાં ફકત એક વાર અલ્હમદોલિલ્લાહ અથવા સુબ્હાનલ્લાહ કહે તો કાફી છે.

**મસઅલો ૧૫૪૦** : અગર મામૂમ નમાઝે ઈદમાં એવા સમયે પહોંચે કે ઈમામ રૂકૂઅમાં હોય, તો એ નિય્યત અને તકબીરતુલ એહરામ કહીને રૂકૂઅમાં જોડાઈ શકશે.

**મસઅલો ૧૫૪૧** : અગર કોઈ શખ્સ નમાઝે ઈદમાં એક સજદો ભૂલી જાય, તો લાઝિમ છે કે નમાઝ બાદ એ સજદાની કઝા આપે. એવી જ રીતે જે જે સંજોગમાં રોજની વાજિબ નમાઝમાં બે સજદ-એ-સહ્વ લાઝિમ છે, નમાઝે ઈદમાં જો એ સંજોગ ઉપસ્થિત થાય તો બે સજદ-એ-સહ્વ કરવા જરૂરી છે.

# મહેનતાણું આપીને નમાઝ પઢાવવી

**મસઅલો ૧૫૪૨** : ઈન્સાન પોતાની હયાતીમાં જે નમાઝો યા બીજી ઈબાદતો બજાવી ન લાવ્યો હોય, તો પોતાની મરી જવા પછી તે અદા કરવા માટે કોઈને ઉજરત આપીને રોકી શકે છે, એટલે કે એ શખ્સને મહેનતાણું અપાવી રહી ગયેલી ઈબાદત માટે ઈન્તેઝામ કરી શકે છે, અને અગર કોઈ શખ્સ મહેનતાણું લીધા વિના ઈબાદતો અંજામ આપવા માગે, તો પણ સહીહ છે.

**મસઅલો ૧૫૪૩** : ઈન્સાન અમુક મુસ્તહબ ઈબાદતો જેમકે સુન્નત હજ, ઉમરા, માઅસુમીન અ.સ. ની ઝીયારતો માટે જીવતા લોકો વતી ઉજરત લઈ શકે છે, અને તેમના વતી એ મુસ્તહબ ઈબાદતો બજાવી શકે છે. તે ઉપરાંત એવા સુન્નતી કામો પણ અંજામ આપી શકે છે, જેનો સવાબ ગુજરી ગયેલા અથવા જીવતાઓને હદીયો કરે.

**મસઅલો ૧૫૪૪** : જે શખ્સ કોઈ ગુજરી ગયેલા વતી કઝા નમાઝ પડવાની ઉજરત લીએ, તેના માટે જરૂરી છે કે યા તો પોતે મુજતહેદ હોય, અથવા તકલીદ પ્રમાણે સહીહ રીતે નમાઝ અંજામ આપે, અથવા એહતીયાતના સર્વે સંજોગોથી વાકેફ હોય, તો એ મુજબ અમલ કરે.

**મસઅલો ૧૫૪૫** : ઉજરત લેનાર જયારે નિય્યત કરે ત્યારે જે મય્યત માટે ઈબાદત બજાવી લાવતો હોય તેને મુઅય્યન (નક્કી) કરી લીએ, અગરચે તે મય્યતનું નામ જાણવું જરૂરી નથી. એટલે જો એમ જ નિય્યત કરે કે જે મય્યત વતી મેં ઉજરત લીધી છે, તેની નમાઝ વીગેરે પડુ છું, તો એ કાફી ગણાશે.

**મસઅલો ૧૫૪૬** : નિય્યત કરતી વેળા ઉજરત લેનારે એ વસ્તુ ખ્યાલમાં રાખવો જોઈએ કે એ મય્યતનો ઝીમ્મો ઉતારી રહ્યો છે. અગર એ અમલ બજાવી લાવી અને માત્ર કહે કે ફલાણી મય્યતને તેનો સવાબ પહોંચે, તો એ કાફી નહી ગણાશે.

**મસઅલો ૧૫૪૭** : હંમેશા ઉજરત એવા શખ્સને આપવી જોઈએ, કે જેના ઉપર વિશ્વાસ હોય કે એ અમલ બજાવી લાવશે.

**મસઅલો ૧૫૪૮** : અગર કોઈ એવા શખ્સને ઉજરત આપે કે જે મય્યત વતી અમલ ન બજાવી લાવે, અથવા ખબર પડે કે જે અમલ બજાવી લાવ્યો તે બાતિલ હતો, તો નવેસરથી ઉજરત દઈને વ્યવસ્થા કરવી પડશે.

**મસઅલો ૧૫૪૯** : અગર શક થાય કે ઉજરત લેનારે અમલ અંજામ આપ્યો છે કે નહીં,

અગરચે એ કહેતો હોય કે આપી ચૂકયો છે, પણ એના કહેવા ઉપર વિશ્વાસ ન બેસે, તો નવેસરથી ઉજરત આપીને વ્યવસ્થા કરવી જોઈએ, પણ એ જો એ શક થાય કે ઉજરત લેનાર અમલ અંજામ આપ્યા એ સહીહ હતો કે નહી, તો એને સહીહ ગણે.

**મસઅલો ૧૫૫૦** : જે શખ્સને ઉઝર હોય, જેમકે તયમ્મુમથી યા બેસીને નમાઝ પડતો હોય, તેને કોઈ પણ સંજોગોમાં, એહતીયાતની રૂએ મય્યત વતી ઈબાદતોની અદાયગી માટે ઉજરત નહી આપી શકાય. અગરચે ખુદ મય્યતની નમાઝો એવી જ રીતે કઝા થઈ હોય.

**મસઅલો ૧૫૫૧** : પુરૂષ ગુજરી ગએલી સ્ત્રી વતી, અને સ્ત્રી ગુજરી ગયેલા પુરૂષ વતી ઉજરત લઈ શકે છે, અને અવાજથી કે ધીમેથી નમાઝ અદા કરવાનો કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય, તો ઉઝરત લેનાર પોતાની ફરજ મુજબ અમલ કરશે.

**મસઅલો ૧૫૫૨** : મય્યતની કઝા નમાઝો અદા કરવા માટે તરતીબનું જાળવવું જરૂરી નથી, સિવાય એવી નમાઝો કે જેની અદાયગી વેળા તરતીબ જરૂરી છે, જેમકે એક જ દિવસની નમાઝે ઝોહર, અસર, અથવા મગરિબ અને ઈશાની કઝા હોય, આ વિષે ખુલાસો અગાઉ આપી ચૂક્યા છીએ.

**મસઅલો ૧૫૫૩** : અગર ઉજરત લેનાર સાથે એવી શરત થઈ હોય કે એક ખાસ રીતે અમલ અંજામ અપાય, તો ઉજરત લેનાર ઉપર એ શરત મુજબ વતવું જરૂરી છે. પણજો કોઈ એવી શરત ન થઈ હોય, તો ઉજરત લેનાર પોતાની ફરજ મુજબ અમલ કરશે. જો કે એહતીયાતે મુસ્તહબ છે કે પોતાના અને મય્યતના અમલમાં જે એહતીયાતથી વધુ નજીક હોય, તે મુજબ કરે. દાખલા તરીકે અગર મય્યતના હિસાબે ત્રણ વાર તસ્બીહાતે અરબા પડવાની હોય, અને પોતાના હિસાબે એક જ વાર કાફી હોય, તો ત્રણ વાર પડે.

**મસઅલો ૧૫૫૪** : અગર ઉજરત લેનાર સાથે નમાઝના મુસ્તહબ ભાગોના પ્રમાણ વિષ કોઈ પણ શરત ન મૂકવામાં આવી હોય, તો સામાન્ય રીતે જેટલા મુસ્તહબ ભાગો નમાઝમાં અદા કરવામાં આવે છે, તેટલા બજાવી લાવે.

**મસઅલો ૧૫૫૫** : અગર કોઈ શખ્સ મય્યતની કઝા નમાઝ માટે અનેક માણસોને ઉજરત આપીને રોકે, તો મસઅલો ૧૫૫૨માં સમજાવવામાં આવ્યું છે, તેને અનુલક્ષી, લાઝિમ નથી કે દરેક માટે કોઈ વખત નક્કી કરવામાં આવે.

**મસઅલો ૧૫૫૬** : અગર ઉજરત લેનાર દાખલા તરીકે, એક વર્ષ માં મય્યતની કઝા નમાઝો અદા કરવાનોં હોય, એ વર્ષ પુરૂ થાય એથી પહેલાં ગુજરી જાય, તો જે નમાઝો બાકી રહી ગયાની જાણ

હોય, તેની અદાયગી માટે નવેસરથી ઉજરત આપીને વ્યસ્થા કરવી જોઈએ અને જો ગુમાન હોય કે નમાઝો અદા નહી હોય, તો પણ એહતીયાતે વાજિબની રૂએ નવેસરથી ઉજરત આપશે.

**મસઅલો ૧૫૫૭** : જે માણસે ઉજરત આપી રોકવામાં આવ્યો હોય, તે નમાઝો પૂરી કર્યા વગર જો ગુજરી જાય, અને એણ પૂરેપૂરી ઉજરત વસૂલ કરી લીધી હોય, તો જો એવી શરત થઈ હોય, કે પોતે જ બધી નમાઝો પડશે, તો બાકી રહી ગયેલી નમાઝો માટે પ્રમાણસર હિસાબ કરીને ઉજરત પાછી લઈ શકશે. અથવા ઈજારોને રદ્દ કરી સામાન્ય રીતે કરેલી મહેનત બદલ જેટલુ આપવું જોઈએ, તેટલુ આપી દેવું જોઈએ. પણ જો એવી શરત કરવામાં ન આવી હોય કે પોતે નમાઝો પડશે, તો ઉજરત લેનારના વારીસો ઉપર જરૂરી થશે કે તેના માલમાંથી નાણા આપી કોઈને રોકે. પણ એ માલ ન હોય તો વારીસો ઉપર ચીજ વાજિબ નથી.

**મસઅલો ૧૫૫૮** : અગર ઉજરત લેનાર મય્યતની નમાઝોની પૂરી કઝા આપ્યા પહેલા ગુજરી જાય, અને એના પોતા ઉપર પણ કઝાઓ બાકી હોય, તો ઉપરોકત મસઅલા મુજબ અમલ કર્યા બાદ અગર એના માલમાંથી કાંઈ વધે, તો જો એણે વસિયત કરી હોય, અને વારીસો રજામંદ હોય, તો એની નમાઝો માટે ઉજરત આપીને કોઈને રોકવામાં આવે અને જો વારીસે રજામંદ ન હોય તો એના (૧/૩) સુલુસને નમાઝની અદાયગી માટે વાપરવામાં આવે.

# રોઝાના એહકામ

રોઝા એટલે ઈન્સાન ખુદાના હુકમ પ્રમાણે અમલ કરી સુબ્હે સાદિકથી માંડી મગરિબ સુધી હવે પછી જણાવવામાં આવેલી નવ બાબતોથી પરહેઝ કરે.

## નિય્યત

**મસઅલો ૧૫૫૯** : જરૂરી નથી કે ઈન્સાન રોઝાની નિય્યત માટે દીલમાં ધારણા કરે, અથવા એમ કહે કે આવતી કાલે રોઝો રાખીશ બલ્કે જો એટલો જ ઈરાદો ધરાવતો હોય કે ખુદાની ખુશ્નુદી અને તેના હુકમ મુજબ અમલ કરી સુબ્હે સાદિકથી મગરિબ સુધી રોઝાને બાતિલ કરનાર કોઈ પણ કાર્ય નહીં કરે, તો કાફી ગણાશે, અને એ મુદ્દત વિષે ખાત્રી હાસીંલ થાય તે માટે સુબ્હે સાદિકથી થોડોક સમય પહેલા અને મગરિબથી થોડાક સમય બાદ રોઝાને તોડનાર અમલથી પરહેઝ કરે.

**મસઅલો ૧૫૬૦** : ઈન્સાન અગર ચાહે તો માહે રમઝાનની દરેક રાતે બીજા દિવસની રોઝાની નિય્યત કરે અને બેહતર છે કે માહે રમઝાનની પહેલી રાતે આખા મહિનાના રોઝાની નિય્યત કરે.

**મસઅલો ૧૫૬૧** : માહે રમઝાના રોઝાની નિય્યત કરવા માટે છેલ્લો સમય નમાઝે સુબ્હની અઝાનના સમયથી અમુક પળો પહેલાં સુધી છે જેનો અર્થ એ કે સુબ્હે સાદિકથી પહેલા રોઝાનો ઈરાદો હોવો જોઈએ, ચાહે નીંદર વીગેરેને કારણે એ તરફ ઈન્સાનનું ધ્યાન ન હોય.

**મસઅલો ૧૫૬૨** : અગર કોઈ શખ્સે રોઝો તોડનાર કોઈ અમલ ન કર્યો હોય, અને મુસ્તહબ રોઝો રાખવા માગે, તો દિવસના કોઈ પણ ભાગમાં નિય્યત કરી શકે છે, બલ્કે અગર મગરિબથી થોડાક સમય પહેલા પણ નિય્યત કરી લીએ તો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૫૬૩** : અગર કોઈ શખ્સ માહે રમઝાનમાં, અથવા કોઈ એવા વાજિબ રોઝામાં કે જેનો દિવસ મુઅય્યન હોય, સુબ્હે સાદિકથી પહેલા નિય્યત વગર સૂતો હોય, અને જો એ ઝોહર પહેલા જાગીને નિય્યત કરી લીએ, તો અનો રોઝો સહીહ છે. પણ જો ઝોહરના સમય બાદ જાગૃત થાય તો એહતીયાત એ છે કે કુરબતની નિય્યતથી ઈમાસક (પરહેઝ) જારી રાખે, એટલે કે રોઝાને તોડનાર કોઈ પણ અમલ ન બજાવી લાવે, અને તે બાદ એ રોઝાની કઝા પણ આપે.

**મસઅલો ૧૫૬૪** : માહે રમઝાન સિવાયના રોઝા રાખવા હોય, તો એ રોઝોના પ્રકારને મંઅય્યન (નક્કી) કરવા જોઈએ, જેમકે, નિય્યત કરે કે કઝા અથવા કફ્ફાનો રોઝો રાખે છે. પણ માહે

રમઝાનમાં એ રીતે મુઅય્યન (નક્કી) કરવું કે માહે રમઝાનના રોઝો રાખી રહ્યો છે લાઝિમ નથી. બલ્કે અગર કોઈ શખ્સને ખબર ન હોય કે માહે રમઝાન છે, અથવા ભૂલી જાય અને કોઈ બીજી નિય્યતથી રોઝો રાખે, તો પણ આપોઆપ એ માહે રમઝાનનો રોઝો ગણાશે.

**મસઅલો ૧૫૬૫** : એક શખ્સ જાણીબુજીને માહે રમઝાનમાં કોઈ બીજી નિય્યતથી રોઝો રાખે તો જે બીજી નિય્યત કરી છે, તેનો રોઝો સહીહ નહીં થાય, બલ્કે માહે રમઝાનના રોઝા તરીકે પણ એનો શુમાર નહીં થાય, ચાહે તેનો એ અમલ કુરબતનની નિય્યતથી વિરૂધ્ધ હોય યા ન હોય. બલ્કે વિરૂધ્ધ ન હોય તો પણ એ રોઝો માહે રમઝાનના રોઝા તરીકે એહતીયાતની રૂએ શુમાર (ગણતરી) નહીં થાય.

**મસઅલો ૧૫૬૬** : અગર કોઈ શખ્સ પહેલી તારીખની નિય્યતથી રોઝો રાખ્યો હોય, અને પછીથી જાણ થાય કે એ બીજો યા ત્રીજો દિવસ હતો, તો એનો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૫૬૭** : અગર કોઈ શખ્સ સુબ્હે સાદિકથી પહેલા રોઝાની નિય્યત કર્યા બાદ બેહોશ થઈ જાય, અને દિવસ દરમ્યા પાછો હોશમાં આવે, તો એહતીયાતે વાજિબ છે કે એ દિવસનો રોઝો પૂરો કરે, અને જો પૂરો ન કરે, તો જરૂરે છે કે રોઝાની કઝા આપે.

**મસઅલો ૧૫૬૮** : અગર કોઈ શખ્સ સુબ્હે સાદિકથી પહેલા રોઝાની નિય્યત કર્યા બાદ મસ્ત થઈ જાય, અને નશો કરે, અને દિવસના ભાગમાં પાછો હોશમાં આવે, તો એહતીયાતે વાજિબ છે કે એ દિવસનો રોઝો પૂરો કરી તેની કઝા પણ આપે.

**મસઅલો ૧૫૬૯** : અગર કોઈ શખ્સ સુબ્હે સાદિકથી પહેલા રોઝોની નિય્યત કરીને સૂઈ જાય, અને મગરિબ પછી જાગૃત થાય, તો તેનો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૫૭૦** : અગર કોઈને ખબર ન હોય કે માહે રમઝાન છે, અથવા એ વિષે ભૂલી ગયો હોય, અને ઝોહરના સમય પહેલા તેને જાણ થાય અથવા યાદ આવે, તો જો રોઝાને તોડનાર કોઈ અમલ બજાવી ચૂકયો હોય તો એ દિવસનો રોઝો બાતિલ છે, પણ મગરિબ સુધી રોઝાને તોડનાર કોઈ કાર્ય નહીં કરી શકે, અને માહે રમઝાન બાદ તેની કઝા પણ આપશે. અને જો ઝોહરના સમય બાદ જાણ થાય અથવા યાદ આવે, તો એહતીયાતની રૂએ એ જ હુકમ લાગુ પડશે.

પણ ઝોહરના સમય પહેલા જાણ થાય અથવા યાદ આવે, અને રોઝો તોડનાર કોઈ કાર્ય બજાવી લાવ્યો ન હોય તો એ દિવસનો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૫૭૧** : અગર કોઈ બાળક માહે રમઝાનમાં સુબ્હ સાદિકથી પહેલા બાલીગ થઈ જાય, તો એ દિવસનો રોઝો રાખવો વાજિબ થશે. પણ જો સુબ્હે સાદિક બાદ બાલીગ થાય તો એ

દિવસનો રોઝો વાજિબ નથી. પણ જો એ બાળકે એ દિવસે મુસ્તહબ રોઝો રાખવાની નિય્યત કરી લીધી હોય તો એહતીયાતની રૂએ એ દિવસનો રોઝો પૂરો કરવો જરૂરી છે.

**મસઅલો ૧૫૭૨** : જે શખ્સે કોઈ મય્યત વતી રોઝાઓ રાખવા માટે ઉજરત લીધી હોય, અથવા જેના ઉપર કફ્ફારાના રોઝાઓ હોય, એ અગર મુસ્તહબ રોઝો રાખવા ચાહે તો રાખી શકે છે.
પણ જે શખ્સ ઉપર પોતાના કઝા રોઝાઓ બાકી હોય, તે મુસ્તહબ રોઝો રાખી શકશે નહીં. અને જો એ ભૂલથી મુસ્તહબ રોઝો રાખે, અને ઝોહર પહેલાં એને યાદ આવે તો એ મુસ્તહબ રોઝો આપોઆપ બાતિલ થશે; અલબત એ કઝા રોઝાની નિય્યતમાં એ રોઝાને ફેરવી શકશે. અને જો એને ઝોહરના સમય બાદ યાદ આવે એહતીયાતની રૂએ એનો રોઝો બાતિલ છે. એવી જ રીતે જો મગરિબ બાદ યાદ આવે તો એ રોઝાનું સહીહ હોવું (વાંધા) ઈશકાલથી ખાલી નથી.

**મસઅલો ૧૫૭૩** : માહે રમઝાન સિવાય જો ઈન્સાન ઉપર કોઈ બીજો મુઅય્યન (નક્કી) દિવસનો રોઝો વાજિબ હોય, જેમકે નઝર કરી હોય કે ફલાણા દિવસે રોઝો રાખશે, અને જાણીબુજીને સુબ્હે સાદિક પહેલા તે માટે નિય્યત ન કરે તો રોઝો બાતિલ ગણાશે. અગર એને જાણ ન હોય, અથવા ભૂલી ગયો હોય કે એ દિવસે તેના ઉપર રોઝો વાજિબ છે, અને ઝોહરના સમય પહેલા યાદ આવે, તો જો રોઝો તોડનારે કોઈ કામ અંજામ આપ્યું ન હોય, તો નિય્યત કરી લીએ અને તેના રોઝો સહીહ ગણાશે. પણ જો ઝોહર બાદ યાદ આવે તો માહે રમઝાનના રોઝાઓ માટે જે એહતીયાતના મસાઈલ ઉપર જણાવી ગયા છીએ એ મુજબ અમલ કરે.

**મસઅલો ૧૫૭૪** : જે વાજિબ રોઝાનો દિવસ મુઅય્યન (નક્કી) ન હોય, જેમકે કફ્ફારાના રોઝા, તે માટે ઝોહરના ટાઈમની નજીક સુધી કોઈ જાણીબુજીને નિય્યત ન કરે તો વાંધો નથી. બલ્કે નિય્યત કર્યા પહેલાં તેનો ઈરાદો રોઝો રાખવાનો ન હોય, અથવા એ વિષે અનિશ્ચિત હોય, તો જો રોઝો તોડનાર કોઈ અમલ ન કરી ચૂકયો હોય, તો ઝોહર પહેલાં નિય્યત કરી લેવાથી તેનો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૫૭૫** : અગર માહે રમઝાનમાં ઝોહરના સમય પહેલાં કોઈ કાફિર મુસલમાન થઈ જાય, અને સુબ્હે સાદિકથી માંડીને એ ટાઈમ સુધી એણે રોઝો તોડનાર કોઈ કાર્ય ન કર્યુ હોય, તો એહતીયાતે વાજિબ છે કે નિય્યત કરી એ દિવસે રોઝો રાખે, અને જો એ દિવસે રોઝો ન રાખે, તો એની કઝા આપશે.

**મસઅલો ૧૫૭૬** : અગર કોઈ બીમાર શખ્સ માહે રમઝાનમાં ઝોહરના સમય પહેલાં સાજો

થઈ જાય, અને તે સમય સુધી રોઝો તોડનાર કોઈ અમલ બજાવી લાવ્યો ન હોય, તો વાજિબ છે કે નિય્યત કરી એ દિવસનો રોઝો રાખે, પણ જો ઝોહર બાદ સાજો થાય તો એ દિવસનો રોઝો તેના ઉપર વાજિબ નથી.

**<u>મસઅલો ૧૫૭૭</u>** : જે દિવસે ઈન્સાનને શક હોય કે શાઅબાનનો છેલ્લો દિવસ છે કે માહે રમઝાનનો પહેલો દિવસ છે, એ દિવસે રોઝો રાખવો વાજિબ નથી, અને જો રોઝો રાખે તો માહે રમઝાનની નિય્યત નહીં કરી શકે. પણ જો એવી નિય્યત કરે કે અગર માહે રમઝાન હોય તો એ રોઝો માહે રમઝાનનો ગણાય, અને નહીં તો કઝા અથવા એવા કોઈ પ્રકારના રોઝામાં તેનો શુમાર (ગણતરી) થાય, તો એવી નિય્યતનું રોઝા માટે સહીહ હોવું અસંભવિત નથી. પણ બેહતર એ છે કે તે દિવસે કઝા વીગેરેની નિય્યતથી રોઝો રાખે, અને જો પછીથી ખબર પડે કે માહે રમઝાન છે, તો આપોઆપ એ મુજબ શુમાર (ગણતરી) થશે. અને જો માત્ર આમ રોઝાની નિય્યત કરી હોય અને પછીથી સાબિત થાય કે માહે રમઝાન છે, તો પણ કાફી ગણાશે.

**<u>મસઅલો ૧૫૭૮</u>** : જે દિવસે ઈન્સાનને શક હોય કે શાઅબાનનો છેલ્લો દિવસ છે, યા માહે રમઝાનનો પહેલો દિવસ છે, અને એ દિવસે કઝા અથવા મુસ્તહબ રોઝો રાખી લીધા બાદ ખબર પડે કે માહે રમઝાન છે, તો જરૂરી છે કે માહે રમઝાનના રોઝાની નિય્યત કરે.

**<u>મસઅલો ૧૫૭૯</u>** : વાજિબ મુઅય્યન રોઝાઓ જેમકે માહે રમઝાનના રોઝાઓમાં, અગર કોઈ શખ્સ રોઝો ચાલુ રાખવા યા તોડવા વિષે અચોક્કસ થઈ જાય, અથવા તોડવાનો ઈરાદો કરી લીએ, તો એહતીયાતની રૂએ તરત જ રોઝો બાતિલ ગણાશે, ચાહે પછીથી એ પોતાનો ઈરાદો બદલી નાંખે, અને જે કાર્યો રોઝાને તોડે છે તેને અંજામ પણ ન આપે.

**<u>મસઅલો ૧૫૮૦</u>** : મુસ્તહબ રોઝા અને એવા વાજિબ રોઝા કે જે માટે દિવસો મુઅય્યન નથી, જેમકે કફ્ફારાના રોઝાઓ, તેમાં અગર કોઈ રોઝોને તોડવાની નિય્યત કરે, અથવા ચાલુ રાખવા ન રાખવા વિષે અનિશ્ચિત થઈ જાય, પણ રોઝાને ન તોડે, તો વાજિબ રોઝા માટે હુકમ છે કે જો ઝોહર પહેલાં નવેસરથી નિય્યત કરી લીએ તો રોઝો સહીહ ગણાશે અને મુસ્તહબ રોઝા માટે હુકમ છે કે મગરિબ પહેલાં જો નવેસરથી નિય્યત કરશે તો તેનો રોઝો સહીહ છે.

## જે વસ્તુઓથી રોઝો તૂટી જાય છે

**<u>મસઅલો ૧૫૮૧</u>** : અમુક બાબતો રોઝાને બાતિલ કરે છે :

**(૧)** ખાવું અને પીવું **(૨)** સ્ત્રી સમાગમ **(3)** ઈસ્તીમ્ના - એટલે કે ઈન્સાન પોતાની સાથે યા

અન્ય સાથે સંભોગ સિવાય, એવા ચેનચાળા કરે કે જેથી વીર્ય સ્ખલન થાય **(૪)** ખુદા, રસૂલ (સ લ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) તથા રસુલના જાનશીનોનો હવાલો આપીને જૂઠ બોલવું, એટલે કે જૂઠાણાની નીસ્બત એમના તરફ દેવી. **(૫)** ધૂળ, માટી કે અનાજની ભૂકી વીગેરેના ગુબારને ગળાથી નીચે ઉતારવું. **(૬)** મશ્હૂર કોલ પ્રમાણે માથાને પાણીમાં ડુબાડવું. **(૭)** જનાબત, હયઝ અને નિફાસની હાલતમાં સુબ્હે સાદિક સુધી બાકી રહેવું **(૮)** એનીમા લેવું, અથવા એવી રીતે મળશુદ્ધિ માટે પાછળ વાટે કોઈ પ્રવાહી શરીરમાં દાખલ કરવું, **(૯)** ઉલટી કરવી.

ઉપરોકત સર્વેના વિગતવાર એહકામ નીચે મુજબ છે :

## (૧) ખાવું અને પીવું.

**મસઅલો ૧૫૮૨** : અગર કોઈ રોઝદાર જાણીબુજીને, રોઝાનો ખ્યાલ હોવ છતાં, કાંઈ ખાય અથવા પીએ, તો રોઝો બાતિલ થશે, ચાહે એ ખાવાની વસ્તુ સામાન્ય રીતે આહારમાં લેવાતી હોય, જેમકે, રોટલી, પાણી વીગેરે અથવા ન લેવાતી હોય, જેમકે માટી યા ઝાડના થડમાંથી નીકળતો રસ વીગેરે, અને ચાહે એ ઓછા પ્રમાણમાં હોય યા વધારે, એટલે સુધી કે દાતણ કરતી વેળા દાતણને મોઢામાંથી બહાર લઈ આવી ફરી મોઢામાં મૂકે અને એની ભીનાશને ગળાથી નીચે ઉતારી લીએ, તો રોઝો બાતિલ ગણાશે. અલબત, અગર દાતણની ભીનાશ મોઢાંની લાળ (થૂંક) સાથે એવી રીતે મળી ગઈ હોય કે એ તરીને બહારની ભીનાશ ન ગણવામાં આવે તો વાંધો નથી.

**મસઅલો ૧૫૮૩** : અગર કોઈ રોઝેદારને ખાતી વેળા જાણ થાય કે સવાર થઈ ગઈ છે, એટલે કે સુબ્હે સાદિક થઈ છે, તો વાજિબ છે કે તરત જ લુકમાને મોઢામાંથી બહાર કાઢે અને જો જાણી જોઈને એ લુકમો ઉતારી લીએ તો તેનો રોઝો બાતિલ થશે, અને આગળ જતાં જણાવવામાં આવશે એ મુજબ તેના ઉપર કફ્ફારો પણ વાજિબ થશે.

**મસઅલો ૧૫૮૪** : અગર રોઝેદાર ભૂલથી કાંઈ ખાઈ લીએ અથવા પીવ, તો રોઝો બાતિલ નહી થાય.

**મઅસલો ૧૫૮૫** : જે ઈન્જેકશન શરીરના ભાગને જડ અથવા નિશ્ચેતન (ચેતન વગરનું) કરે છે, અથવા બીજા કોઈ કારણસર અપાય છે, તે રોઝાને બાતિલ નહી કરે, પણ બહેતર છે કે દવા અથવા ખોરાક પહોંચાડવા માટે જે ઉપયોગમાં લેવાય છે, તેનાથી પરહેઝ કરે.

**મસઅલો ૧૫૮૬** : દાંતમાં રહી ગએલી કોઈ પણ વસ્તુને જો રોઝેદાર જાણી જોઈને ઉતારી લીએ તો રોઝો બાતિલ ગણાશે.

**<u>મસઅલો ૧૫૮૭</u>** : રોઝા રાખનાર માટે લાઝિમ નથી કે સુબ્હ સાદિક પહેલાં પોતાના દાંતોને ખોતરવા માટે ખિલાલ વીગેરે કરે, પણ જો એ જાણતો હોય કે દિવસ દરમ્યાન દાંતમાં રહી ગએલુ અનાજ ગળાની નીચે ઉતરશે, તો ખિલાલ કરવું જોઈએ.

**<u>મસઅલો ૧૫૮૮</u>** : થૂંક (લાળ) જે મોઢામાં ભેગી થાય છે, તેને ઉતારી લેવાથી રોઝો બાતિલ નથી, અગરચે લાળ કે મોમાં પાણી આવવું કોઈ સ્વાદિષ્ટ ખોરાક કે ખટાશ વીગેરેની કલ્પનાને કારણે હોય,

**<u>મઅસલો ૧૫૮૯</u>** : બલગમ, કફ વીગેરે જયાં સુધી મોઢામાં ન આવે ત્યાં સુધી ઉતારી લેવામાં વાંધો નથી પણ એક્વારમોઢામાં જો આવી જાય, તો એહ્તીયાતે વાજિબ છે કે તેને બહાર ફેકી દીએ.

**<u>મસઅલો ૧૫૯૦</u>** : અગર રોઝેદાર એટલો બધો પ્યાસો થઈ જાય કે મરી જવાની અણીએ પહોંચે, અથવા કોઈ અસહ્ય તકલીફ કે નુકસાનનો સંભવ હોય, તો એટલું જ પાણી પી શકે છે જેથી એ ભય ટળી જાય, પણ રોઝો બાતિલ ગણાશે. અને જો માહે રમઝાન હોય તો એહ્તીયાતે વાજિબ છે કે એ બીકને ટાળવા માટે જેટલા પાણીની જરૂરત હોય, એથી વધારે ન પીએ, અને દિવસના બાકી સમય દરમ્યાન રોઝાને તોડનાર કોઈ પણ અમલ ન બજાવી લાવે.

**<u>મસઅલો ૧૫૯૧</u>** : નાના બચ્ચાઓ કે પક્ષીઓ માટે અનાજનો લુકમો વીગેરે ચાવવો, અથવા રાંધેલો ખોરાક ચાખવો, કે જે સામાન્ય રીતે ગળાની નીચે ઉતારવામાં આવતો નથી. તેમાં કશો વાંધો નથી, અને જો કોઈ વાર અચાનક ગળાથી નીચે જાય તો પણ વાંધો નથી. પણ જો કોઈ શખ્સ પહેલેથી જાણતો હોય કે એમ કરવાથી ખોરાક કે અનાજ અવશય ગળા સુધી પહોંચશે, તો રોઝો બાતિલ થશે, અને એ રોઝોની કઝા આપીને કફ્ફારો પણ આપશે.

**<u>મસઅલો ૧૫૯૨</u>** : સામાન્ય કમજોરીને બહાનું બનાવી રોઝાને તર્ક કરવો જાઈઝ નથી. અલબત, અગર એવી કમજોરી હોય કે જેથી રોઝો અસહ્ય થઈ પડે તો રોઝાને તર્ક કરવામાં વાંધો નથી.

## (૨) સંભોગ- સ્ત્રી સમાગમ

**<u>મસઅલો ૧૫૯૩</u>** : સ્ત્રી સમાગમ રોઝાને બાતિલ કરશે, ચાહે ખત્નાની જગ્યા જેટલો જ યોની પ્રવેશ થયો હોય, અને ચાહે વીર્ય સ્ખલન ન થયું હોય.

**<u>મસઅલો ૧૫૯૪</u>** : અગર ખત્નાની જગ્યાથી ઓછો પ્રવેશ થયું હોય, અને મની બહાર ન આવ્યું હોય તો રોઝો બાતિલ નહીં થાય, પણ જે લોકો ખત્નાની જગ્યા ન ધરાવતા હોય, તેમના માટે

હુકમ એ છે કે માત્ર એટલો પ્રવેશ કે જેને સંભોગ કહી શકાય, રોઝાને બાતિલ કરશે.

**મસઅલો ૧૫૯૫** : અગર કોઈ રોઝાની હાલતમાં જાણીબુજીને સંભોગનો ઈરાદો કરે, અને શક કરે કે ખત્નાની જગ્યા જેટલો પ્રવેશ થયો હતો કે નહી, તો એહતીયાતે વાજિબની રૂએ તેનો રોઝો બાતિલ છે, અને તેની કઝા આપવી લાઝિમ થશે, પણ કોઈ કફ્ફારો વાજિબ નહી થાય.

**મસઅલો ૧૫૯૬** : અગર કોઈ શખ્સ પોતે રોઝામાં છે, એ ભૂલી જઈ સંભોગ કરે, અથવા એ માટે એને એવી રીતે મજબુર કરવામાં આવે કે છુટકારો શક્ય ન હોય, તો રોઝો બાતિલ નહી થાય, પણ અગર સંભોગ દરમ્યાન એને યાદ આવે કે રોઝો રાખેલો હતો, અથવા જે જબરજસ્તી હતી એ દૂર થઈ જાય, તો તરત અલગ થઈ જવું જોઈએ. અને જો એ હાલતથી અલગ નહીં થાય તો રોઝો બાતિલ ગણાશે.

### (3) ઈસ્તિમના

**મસઅલો ૧૫૯૭** : અગર કોઈ રોઝેદાર ઈસ્તિમના કરે, (ઈસ્તિમનાનો અર્થ મસઅલા ૧૫૮૧માં જણાવી ચૂક્યા છીએ), તો એનો રોઝો બાતિલ છે.

**મસઅલો ૧૫૯૮** : અગર ઈન્સાનની બેઈખ્તીયારની હાલતમાં મની ખારીજ થાય, તો એનો રોઝો બાતિલ નથી.

**મસઅલો ૧૫૯૯** : રોઝેદાર જાણતો હોય કે દિવસના ભાગમાં સૂવાથી એને એહતલામ થશે (એટલે કે વીર્યસ્ખલીત થશે), તો પણ એના માટે સૂવું જાઈઝ છે, અગરચે ન સૂવાથી કોઈ તકલીફ થવાનો સંભવ ન હોય. એવા સંજોગમાં જો એ મુહતલીમ (જુનુબની હાલતમાં) થઈ જાય, તો રોઝો બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૬૦૦** : અગર રોઝેદાર મની નીકળતી વેળા જાગૃત થાય, તો તેના માટે વાજિબ નથી કે સ્ખલનને રોકે.

**મસઅલો ૧૬૦૧** : જે રોઝેદારને સ્વપ્નદોષ થયો હોય, તેના માટે પેશાબ કરવું જાઈઝ છે, અગરચે એને ખબર હોય કે પેશાબ કરવાથી નળીમાંથી બાકી રહેલું મની પણ ખારીજ થશે.

**મસઅલો ૧૬૦૨** : જે રોઝાદારને મુહતલિમ થયો હોય અને તેને ખબર હોય કે પેશાબની નળીમાં મનીના ટીપા છે, અને અગર ગુસ્લ કર્યા પહેલાં પેશાબ નહી કરે, તો ગુસ્લ બાદ એ ટીપાં બહાર આવશે, તો એવા સંજોગમાં એહતીયાતે મુસ્તહબ છે કે ગુસ્લ કર્યા પહેલાં પેશાબ કરી લીએ.

**મસઅલો ૧૬૦૩** : અગર કોઈ શખ્સ રોઝાની હાલતમાં વીર્ય બહાર લાવવાની નિય્યતથી

પ્રેમ, પ્રણયના ચાળાં કરે, તો અગરચે મની ખારીજ ન થાય, તો પણ એહતીયાતે વાજિબની રૂએ એ દિવસનો રોઝો પૂરો કર્યા બાદ કઝા પણ આપશે.

**મસઅલો ૧૬૦૪** : અગર કોઈ રોઝેદાર વીર્ય સ્ખલિત કરવાની નિય્યત વિના, પ્રેમ, પ્રણયના ચાળાં કરે, જેમકે પોતાની ઓરત સાથે એવો વર્તાવ કરે, અને એને ઈત્મિનાન હોય કે મની ખારીજ નહી થાય, તો એવા સંજોગમાં જો અણધાર્યુ સ્ખલન થાય તો રોઝો સહીહ રહેશે. પણ જો એને વિશે પહેલેથી ઈત્મિનાન ન હોય, તો સ્ખલન થતાં એનો રોઝો બાતિલ થઈ જશે.

## (૪) ખુદા અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તરફ જુઠી નિસ્બત દેવી

**મઅસલો ૧૬૦૫** : અગર કોઈ રોઝેદાર, વાતચીતથી, લખાણથી યા ઈશારા વીગેરેથી અલ્લાહ, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને એમના મઅસૂમ જાનશીનો તરફ જાણીબુજીને કોઈ જૂઠાણાની નીસ્બત આપે, તો એહતીયાતે વાજિબની રૂએ એનો રોઝો બાતિલ છે; અગરચે તેમ કર્યા પછી તરત પોતે જૂઠું બોલ્યા હોવાનો એકરાર કરે, અથવા તોબા કરે. અને એહતીયાતે મુસ્તહબની રૂએ જનાબે ફાતેમા ઝેહરા સલામુલ્લાહે અલય્હા તથા તમામ પયગમ્બરો અને તેમના જાનશીનો તરફ જૂઠાણાની નિસ્બત આપવા માટે એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૬૦૬** : અગર રોઝેદાર કોઈ એવી રિવાયત યા હદીસ બયાન કરવા ધારે કે જેની સત્યતા બારામાં એની પાસે દલીલ ન હોય, અથવા ન જાણતો હોય કે એ રિવાયત કે હદીસ સાચી છે કે નહીં, તો એહતીયાતે વાજિબ છે કે જે શખ્સે એ રિવાયત કરી હોય તેના હવાલાથી બયાન કરે, અથવા જે કિતાબમાં એ લખેલું હોય તેનો ઉલ્લેખ કરે.

**મસઅલો ૧૬૦૭** : જે રિવાયત કે હદીસ સંબંધી એને યકીન હોય કે સાચી છે, એ બયાન કર્યા બાદ એને ખબર પડે કે સાચી ન હતી, તો એનો રોઝો બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૬૦૮** : જે રિવાયત કે હદીસ બારામાં એને ખાત્રી હોય કે સાચી નથી, તે છતાં ખુદા, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તરફ તેની નિસ્બત આપીને બયાન કરે, અને ત્યાર બાદ ખબર પડે કે એ રિવાયત વીગેરે સાચી હતી, તો એહતીયાતે વાજિબની રૂએ એ દિવસનો રોઝો પૂરો કરશે, તેની કઝા પણ આપશે.

**મસઅલો ૧૬૦૯** : અગર કોઈ બીજાએ ઘડી કાઢેલી રીવાયત કે હદીસને જાણીબુજીને ખુદા, રસુલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તથા રસૂલના મઅસૂમ જાનશીનો તરફ તેની નિસ્બત

આપેને બયાન કરે, તો એહતીયાતે વાજિબની રૂએ તેનો રોઝો બાતિલ છે. પણ અગર જે શખ્સે એ વાત ઘડી કાઢી હતી, તેના હવાલાથી નકલ કરે તો રોઝા ઉપર અસર નહીં પડે.

**મસઅલો ૧૬૧૦**: અગર રોઝેદારને કોઈ પુછે કે શું રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમેં ફલાણી વાત કરી હતી ? અને જયાં નકારનો જવાબ દેવો જોઈએ ત્યાં જાણી જોઈને હકારમાં જવાબ આપી, અથવા એથી ઉલટું જયાં હકારમાં જવાબ દેવો જોઈએ ત્યાં જાણીજોઈને નકારમાં જવાબ આપે, તો, તો એહતીયાતે વાજિબની રૂએ તેનો રોઝો બાતિલ થશે.

**મસઅલો ૧૬૧૧** : અગર રોઝેદાર ખુદા, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના કોઈ સહીહ કોલને બયાન કર્યા બાદ પછીથી કહે કે મેં ખોટું કહ્યું હતું, અથવા રાત્રે એમના તરફ જૂઠાણાની નિસ્બત આપી દિવસના રોઝાની હાલતમાં કહે કે ગઈ રાત્રે જે કહ્યું હતું કે એ સત્ય હતું તો એનો રોઝો બાતિલ ગણાશે, સિવાય કે એને જે ખબર પડી છે, અને હકીકત જાણવા મળી છે. એ પહોંચાડવાનો મકસદ હોય.

### (૫) ગર્દો - ગુબારનું હલકમાં પહોંચાડવું

મસઅલો ૧૬૧૨ : એહતીયાતે વાજિબની રૂએ ઘટ ગુબાર ને ગળા સુધી પહોચાડવાથી રોઝો બાતિલ થાય છે, ચાહે એ ગુબાર હલાલ ખોરાકીનો હોય, જેમકે આટાનો ગુબાર, અથવા હરામ આહાર હોય, જેમકે ધૂળ, માટીનો ગુબાર હોય.

**મઅસલો ૧૬૧૩** : અગર ગુબાર ઘટ ન હોય, તો અકવાની રૂએ હલકા ગુબારને ગળા સુધી પહોંચાડવાથી રોઝો બાતિલ થતો નથી.

**મઅસલો ૧૬૧૪** : અગર જોરદાર પવન ફુંકવાથી ઘટ ગુબાર ઉપસ્થિત થાય, અને ઈન્સાન જાણીબુજીને પોતાને એથી સુરક્ષિત ન રાખે, અને ગુબાર ગળા સુધી પહોંચી જાય, તો રોઝો એહતીયાતે વાજિબની રૂએ બાતિલ થશે.

**મસઅલો ૧૬૧૫** : રોઝેદાર માટે એહતીયાતે વાજિબ છે કે સિગારેટ, તમાકુ વીગેરેના ધુમાડાને ગળા સુધી ન પહોંચાડે.

**મસઅલો ૧૬૧૬** : અગર રોઝેદારે સુરક્ષા (કાળજી) ન કરી હોય અને એના ગળા સુધી ઘટ ગુબાર કે ધુમાડો દાખલ થઈ જાય, તો બે સૂરતો છે. અગર અગાઉથી એને ખાત્રી કે ઈત્મિના હોય કે એ ગળા સુધી નહીં પહોંચે, તો એનો રોઝો સહીહ છે. પણ જો એને માત્ર ગુમાન રહ્યું હોય કે ગળા સુધી નહીં પહોંચે, તો બેહતર છે કે એ રોઝાની કઝા આપે.

**મસઅલો ૧૬૧૭** : અગર કોઈ રોઝેદારે ભૂલી જાય કે રોઝાથી છે, અને પૂરી સુરક્ષા (કાળજી) ન કરે, અથવા બેઈખ્તીયારીથી ઘટ ગુબાર વીગેરે એના ગળામાં દાખલ થઈ જાય તો રોઝો બાતિલ નહીં થાય.

## (૬) આખું માથું પાણીમાં ડુબાડવું

**મસઅલો ૧૬૧૮** : મશહૂર છે કે અગર રોઝેદાર પોતાનું પૂરૂં માથું પાણીમાં ડુબાડે, અગરચે શરીરનો બાકીનો ભાગ પાણીની બહાર હોય, તો એનો રોઝો બાતિલ છે, પણ અસંભવિત નથી કે તેમ કરવાથી રોઝો બાતિલ નથી. અલબત, તેમ કરવું સખત મકરૂહ છે, અને શક્ય સંજોગમાં પરહેઝ કરવું બહેતર છે.

**મસઅલો ૧૬૧૯** : અગર કોઈ શખ્સ એકવાર માથાનો અડધો ભાગ પાણીમાં ડુબાડે, અને ત્યાર બાદ બીજી વાર અડધો ભાગ ડુબાડે, તો રોઝામાં કોઈ વાંધો નથી.

**મસઅલો ૧૬૨૦** : અગર રોઝેદાર માથાને પાણીમાં ડુબાડે, પણ માથાના વાળનો થોડો ભાગ પાણીની બહાર રહી જાય, તો એ જ હુકમ છે કે જે મસઅલા ૧૬૧૮માં જણાવી ચૂક્યા છીએ.

**મસઅલો ૧૬૨૧** : પાણી સિવાય કોઈ બીજી પ્રવાહી વસ્તુમાં માથું ડુબાડવાથી રોઝા ઉપર કોઈ અસર નહીં પડે, જેમકે દૂધમાં માથું ડુબાડે. એવી જ રીતે મુઝાફ પાણીમાં પણ માથું ડુબાડવામાં વાંધો નથી.

**મસઅલો ૧૬૨૨** : અગર રોઝેદાર બેઈખ્તીયારીની હાલતમાં પાણીમાં એવી રીતે પડી જાય કે તેનું આખુંય માથું પાણીમાં ડૂબી જાય, અથવા એ ભૂલી ગયો હોય કે રોઝાથી છે, અને પોતાનું માથું પાણીમાં ડુબાડે, તો રોઝા ઉપર કોઈ અસર નહીં પડે.

**મસઅલો ૧૬૨૩** : અગર રોઝેદાર, પાણીમાં એમ ધારીને પડે કે તેનું માથું પાણીમાં નહીં ડૂબે, અને તે છતાં જો ડુબી જાય તો રોઝા ઉપર કોઈ અસર નહીં થાય.

**મસઅલો ૧૬૨૪** : અગર કોઈ શખ્સ ભૂલી જાય કે રોઝેદાર છે. અને માથાને પાણીમાં ડુબાડયા બાદ એને યાદ આવે, તો બેહતર છે કે તરત માથું બહાર કાઢે, પણ જો તેમ ન કરે તો એનો રોઝો બાતિલ નહીં થાય.

**મસઅલો ૧૬૨૫** : અગર કોઈ શખ્સ રોઝેદારના માથાને જબરદસ્તીથી પાણીમાં ડુબાડે તો રોઝો સહીહ રહેશે. પણ અગર એ પાણીમાં ડુબેલો હોય તેજ હાલતમાં જબરદસ્તી કરનાર પોતાનો હાથ ઉપાડી લીએ, તો બેહતર છે કે તરત પોતાનું માથું પાણીની બહાર લઈ આવે.

**મસઅલો ૧૬૨૬** : અગર રોઝેદાર ગુસ્લ કરવાની નિય્યતથી પોતાનું માથું પાણીમાં ડુબાડે, તો રોઝો અને ગુસ્લ બંને સહીહ ગણાશે.

**મસઅલો ૧૬૨૭** : અગર કોઈ રોઝેદાર ડૂબતાં શખ્સને બચાવવા માટે પોતાનું માથું પાણીમાં ડુબાડે, અગરચે એ શખસને બચાવવો વાજિબ હોય, તો પણ એહતીયાતે મુસ્તહબ છે કે રોઝાની કઝા આપે.

## (૭) સુબ્હે સાદિક સુધી જનાબત, હયઝ અને નિફાસ પર બાકી રહેવું

**મઅસલો ૧૬૨૮** : અગર કોઈ શખ્સ માહે રમઝાનમાં જાણીબુજીને સુબ્હે સાદિક સુધી જનાબતની હાલતમાં રહે અને ગુસ્લ ન ઉતારે, તો તેનો રોઝો બાતિલ છે. અને જેના પર ગુસ્લને બદલે તયમ્મુમ વાજિબ હોય. એ જાણી જોઈને તયમ્મુમ ન કરે, તો તેનો રોઝો બાતિલ છે. એજ હુકમ માહે રમઝાનના કઝા રોઝાઓને પણ લાગુ પડશે.

**મઅસલો ૧૬૨૯** : માહે રમઝાનના રોઝા અથવા એની કઝાના રોઝા સિવાય અમુક વાજિબ રોઝાઓ છે કે જે મુઅય્યન (નક્કી) દિવસે રાખવાના છે, એમાં અગર કોઈ શખ્સ જાણીબુજીને સુબ્હે સાદિક સુધી ગુસ્લ ન કરે, તો એનો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૬૩૦** : જે શખ્સ માહે રમઝાનની કોઈ રાત્રે જુનુબની હાલતમાં હોય, અને જાણી જોઈને સમય તંગ થઈ જાય ત્યાર સુધી ગુસ્લ ન ઉતારે, તો એના ઉપર વાજિબ છે કે તયમ્મુમ કરીને રોઝો રાખે, અને એહતીયાતે મુસ્તહબ છે કે એ રોઝાની કઝા પણ આપે.

**મઅસલો ૧૬૩૧** : અગર કોઈ શખ્સ માહે રમઝાનમાં જનાબતનું ગુસ્લ કરવાનું ભૂલી જાય, અને એક દિવસ વીતી ગયા પછી તેને યાદ આવે, તો એ એક દિવસના રોઝાની કઝા આપશે. અને જો અમુક દિવસો બાદ યાદ આવે, તો જેટલા દિવસો જનાબતની હાલતમાં વીતાડવા સંબંધી યકીન હોય, તેટલા દિવસોના રોઝાની કઝા આપશે. દાખલા તરીકે, જો એને જાણ ન હોય કે ત્રણ દિવસ જુનુબમાં રહ્યો કે ચાર દિવસ, તો એ ત્રણ દિવસના રોઝાઓની કઝા આપે.

**મસઅલો ૧૬૩૨** : જે શખ્સ માહે રમઝાનની રાત્રે જાણતો હોય કે એની પાસે ગુસ્લ કે તયમ્મુમ માટે સમય બાકી નથી, તે છતાંય પોતાને જનાબતમાં દાખલ કરે, તો એનો રોઝો બાતિલ ગણાશે, અને એના ઉપર કઝા સાથે કફ્ફારો પણ વાજિબ થશે.

**મસઅલો ૧૬૩૩** : અગર એક માણસે પૂરી તપાસ કરીને એવું ગુમાન કર્યું હોય કે ગુસ્લ માટે સમય છે, અને એ આધારે પોતાને જનાબતની હાલતમાં દાખલ કરે, પણ ત્યાર બાદ જાણ થાય કે

સમય તંગ છે, અને ગુસ્લને બદલે તયમ્મુમ કરી લીએ તો એનો રોઝો સહીહ ગણાશે.

પણ જો સરખી તપાસ કર્યા વગર ધારણા કરી હોય કે પૂરતો સમય છે, અને જનાબતની હાલતમાં દાખલ થયા બાદ વખત તંગ જણાતા તયમ્મુમ કરીને રોઝો રાખે, તો એહતીયાતે મુસ્તહબ છે કે એ રોઝાની કઝા આપે.

**મસઅલો ૧૬૩૪** : જે શખ્સ માહે રમઝાનની રાતમાં જનાબતની હાલતમાં હોય, અને એ જાણતો હોય કે જો સૂઈ જશે તો સવાર સુધી જાગશે નહીં, તો એવા શખ્સે ગુસ્લ ઉતાર્યા વગર ન સૂવું જોઈએ, પણ જો ગુસ્લ કર્યા પહેલાં ઈખ્તીયારની હાલતમાં સૂઈ જાય, અને સુબ્હે સાદિક સુધી જાગૃત ન થાય તો એના રોઝો બાતિલ છે, અને કઝા સાથે કફ્ફારો પણ વાજિબ થશે.

**મસઅલો ૧૬૩૫** : જે શખ્સ જુનુબની હાલતમાં માહે રમઝાનની રાતે સૂઈ ગયા બાદ એક વાર જાગી ઉઠે, તો અગર એને ઈત્મિનાન ન હોય કે ફરી સમયસર જાગૃત થશે, તો અહતિયાતે વાજિબ છે કે ગુસ્લ કર્યા વગર ન સુએ. અને એને એવી નહીવત આશા કે ગુમાન હોય કે ફરી સૂઈ જવા બાદ સુબ્હે સાદિક પહેલાં જાગી જશે, તો પણ એહતીયાતે વાજિબની રૂએ ગુસ્લ કર્યા વિના ન સુએ.

**મસઅલો ૧૬૩૬** : જે શખ્સ માહે રમઝાનની રાતમાં જનાબતની હાલતમાં હોય, અને ખાત્રી ધરાવતો હોય કે અગર એ જ હાલતમાં સૂઈ જશે તો સુબ્હે સાદિક પહેલાં જાગી શકશે, તો એવા સંજોગમાં જો જાગીને ગુસ્લ કરવાનો મક્કમ ઈરાદો રાખતો હોય, અને સુબ્હ સાદિક સુધી નિંદ્રાવશ રહે તો એનો રોઝો સહીહ ગણાશે એવી જ રીતે અગર કોઈ શખ્સ ઈત્મિનાન ધરાવતો હોય કે સુબ્હે સાદિક પહેલા જાગી જશે તો એને પણ એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૬૩૭** : જે શખ્સ માહે રમઝાનની રાતે જુનુબની હાલતમાં હોય, અને એને ખાત્રી અથવા ગુમાન હોય કે એ જ હાલતમાં સૂઈ જશે તો સુબ્હે સાદિક પહેલાં જાગી શકશે, પણ જાગૃત થયા બાદ ગુસ્લ કરવાની જરૂરત વિષે ગાફીલ હોય, તો એવા સંજોગમાં જો એ સુબ્હે સાદિક સુધી નિંદ્રાવશ રહે, તો એહતીયાત છે કે એ દિવસેના રોઝાની કઝા આપે.

**મસઅલો ૧૬૩૮** : જે શખ્સ માહે રમઝાનની રાતે જુનુબની હાલતમાં હોય, અને એને ખાત્રી યા ગુમાન હોય કે એ જ હાલતમાં જો સૂઈ જશે તો સુબ્હ સાદિક પહેલાં જાગી શકશે, પણ જાગીને ગુસ્લ કરવાનો ઈરાદો ન ધરાવતો હોય, તો જો એ સુબ્હે સાદિક સુધી નિંદ્રાવશ રહે, તો એ દિવસનો રોઝો બાતિલ ગણાશે, અને તેના ઉપર કઝા અને કફ્ફારો બંને વાજિબ થશે. એવી જ રીત જાગીને ગુસ્લ કરવા સંબંધી અનિશ્ચિત હોય, તો એ હુકુમ લાગુ પડશે.

<u>**મસઅલો ૧૬૩૯**</u> : અગર કોઈ શખ્સ માહે રમઝાનની રાતે જુનુબની હાલતમાં સૂઈ જાય, જાગૃ્ત થયા બાદ એવી ખાત્રી કે ગુમાન સાથે બીજીવાર સૂઈ જાય કે સુબ્હ સાદિક પહેલાં જાગશે, અને ત્યારે ગુસ્લ કરવાનો મકકમ ઈરાદો ધરાવતો હોય, તો અગર એ બીજી નિંદ્રામાંથી સુબ્હે સાદિક સુધી જાગૃત ન થાય, તો એ દિવસનો રોઝો કઝા આપશે. અને જો બીજી નિંદ્રામાંથી જાગી ઉઠયા બાદ ત્રીજી વાર સૂઈ જાય, અને સુબ્હે સાદિક સુધી ન ઉઠે, તો એ દિવસના રોઝાની કઝા ઉપરાંત એહતીયાતે મુસ્તહબ છે કે કફ્ફારો પણ આપે.

<u>**મસઅલો ૧૬૪૦**</u> : જે શખ્સને ઊંઘની હાલતમાં એહતેલામ થયો હોય, તે જાગીને જયારે ફરી સુવે ત્યારે એ એની પહેલી નિંદર ગણાશે, અને એ બાદની ઊંઘ ક્રમવાર બીજીને ત્રીજી ગણવામાં આવશે. જે ઊંઘ દરમ્યાન મુહતલીમ થયો હોય, એ પહેલી નિંદર તરીકે હિસાબ નહીં થાય.

<u>**મસઅલો ૧૬૪૧**</u> : જો રોઝેદારને દિવસ દરમ્યાન એહતેલામ થયો હોય, તેના ઉપર તરત જ ગુસ્લ ઉતારવું વાજિબ નથી.

<u>**મસઅલો ૧૬૪૨**</u> : અગર કોઇ શખ્સ માહે રમઝાનમાં સુબ્હે સાદિક બાદ જાગે, અને પોતાને એહતેલામની હાલતમાં જુએ, તો એનો રોઝો સહીહ છે, અગરચે એને માલૂમ થાય કે સુબ્હે સાદિકથી પહેલા એહતેલામ થયું હતું.

<u>**મસઅલો ૧૬૪૩**</u> : જે શખ્સ માહે રમઝાનના રોઝાની કઝા આપવા માંગતો હોય, તે અગર સુબ્હે સાદિક સુધી જાણીબુજીને જનાબતની હાલતમાં રહે, તો એ દિવસે રોઝો નહી રાખી શકે. પણ જો જાણીબુજીને એમ ન કર્યુ હોય તો રાખી શકશે, પણ એહતીયાત છે કે એ તર્ક કરે.

<u>**મસઅલો ૧૬૪૪**</u> : જે શખ્સ માહે રમઝાનના રોઝાની કઝા આપવા માંગતો હોય, તે અગર સુબ્હે સાદિક બાદ જાગૃત થતા જુએ કે એહતેલામની હાલતમાં છે. અને એને માલૂમ થાય મે સુબ્હે સાદિક પહેલા મોહતલિમ થયો છે, તો પણ અકવાની રૂએ એ દીવસે રોઝો રાખી શકશે.

<u>**મસઅલો ૧૬૪૫**</u> : અગર કોઈ શખ્સ માહે રમઝાનની કઝા સિવાય કોઈ બીજા વાજિબ રોઝા રાખવા માંગતો, જે વાજિબ રોઝા માટે ખાસ દિવસ નિયુકત નથી, જેમકે કફ્ફારાના રોઝા, અને એ જાણીબુજીને સુબ્હે સાદિક સુધી જનાબતની હાલતમાં રહે, તો એનો રોઝો સહીહ છે, પણ બહેતર એ છે કે એ દિવસ સિવાય બીજા કોઈ દિવસ રોઝો રાખે.

<u>**મસઅલો ૧૬૪૬**</u> : અગર કોઈ સ્ત્રી માહે રમઝાનમાં સુબ્હે સાદિક પહેલાં હયઝ કે નિફાસથી પાક થઈ જાય, અને જાણીબુજીને ગુસ્લ ન કરે, અથવા સમય તંગ હોવાના સંજોગમાં ઈખ્તયારની

હાલતમાં તયમ્મુમ ન કરે, તો તેનો રોઝો બાતિલ થશે. અને એ જ હુકમ માહે રમઝાનના રોઝાની કઝાનો પણ છે. પણ એ બે સિવાય બીજા રોઝામાં જો એ મુજબ વર્તે તો રોઝો બાતિલ નથી, પણ એહતીયાત છે કે ગુસ્લ કરી લીએ. અને જે સ્ત્રી ઉપર હયઝ કે નિફાસને લીધે તયમ્મુમ વાજિબ હોય, તે માહે રમઝાનના રોઝામાં જાણી જોઈને સુબ્હે સાદિક પહેલાં તયમ્મુમ ન કરે તો રોઝો બાતિલ છે. અને એહતીયાતની રૂએ એ જ હુકમ માહે રમઝાનના રોઝાની કઝા માટે પણ લાગુ પડશે.

**મસઅલો ૧૬૪૭** : અગર માહે રમઝાનમાં સુબ્હે સાદિક પહેલાં કોઈ સ્ત્રી હયઝ યા નિફાસથી પાક થઈ જાય, પણ ગુસ્લ માટે તેની પાસે સમય ન હોય, તો લાઝિમ છે કે તયમ્મુમ કરે. પણ સુબ્હે સાદિક સુધી જાગૃત રહેવું તેના માટે લાઝિમ નથી. એ જ હુકમ એવા જુનુબને લાગુ પડે છે કે જેના ઉપર તયમ્મુમ વાજિબ હોય.

**મસઅલો ૧૬૪૮** : અગર કોઈ સ્ત્રી માહે રમઝાનમાં સુબ્હે સાદિક સમયે હયઝ અથવા નિફાસથી પાક થાય, અને તેની પાસે ગુસ્લ કે તયમ્મુમ માટે સમય ન હોય, તો એ દિવસનો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૬૪૯** : અગર કોઈ સ્ત્રી સુબ્હે સાદિક બાદ હયઝ કે નિફાસથી પાક થાય, અથવા દિવસના ભાગમાં હયઝ કે નિફાસનું લોહી જણાય, તો એ રોઝો બાતિલ છે, અગરચે મગરિબની નજીક હોય.

**મસઅલો ૧૬૫૦** : અગર કોઈ સ્ત્રી હયઝ યા નિફાસનું ગુસ્લ ઉતારતા ભૂલી જાય, અને એને એક યા અમુક દિવસો બાદ યાદ આવે, તો એ સમય દરમ્યાનમાં જે રોઝાઓ રાખ્યા હોય એ સર્વે સહીહ ગણાશે.

**મસઅલો ૧૬૫૧** : અગર કોઈ સ્ત્રી માહે રમઝાનમાં સુબ્હે સાદિકથી પહેલાં હયઝ યા નિફાસથી પાક થઈ જાય, પણ ગુસ્લ ઉતારવામાં સુબ્હે સાદિક સુધી જાણીબુજીને લાપરવાહી કરે, અને ગુસ્લ ન ઉતારે તો રોઝો બાતિલ થશે. એવી જ રીતે સમય તંગ હોવાના સંજોગમાં લાપરવાહીથી વર્તીને સુબ્હે સાદિક પહેલાં તયમ્મુમ ન કરે, તો રોઝો બાતિલ છે.

પણ જો લાપરવાહીને કારણે ઢીલ ન કરે, જેમકે હમ્મામ સ્ત્રીઓ માટે ખાલી થાય ત્યા સુધી રાહ જોતી હોય, તો એવા સંજોગમાં અગરચે ત્રણ વાર નિંદ્રાવશ થાય અને સુબ્હે સાદિક સુધી ગુસ્લ ન ઉતારી શકે તો પણ તેનો રોઝો સહીહ છે, એ જ હુકમ એ સ્ત્રીઓને છે કે જેણે તયમ્મુમ બજાવી લાવવામાં કોતાહી ન કરી હોય.

**મસઅલો ૧૬૫૨** : જે સ્ત્રી ઈસ્તેહાઝા કસીરાની હાલતમાં હોય, અને મસઅલા નં ૪૦૨ માં જણાવ્યા મુજબ તેના ઉપર ગુસ્લો વાજિબ છે, તેને ન ઉતારે તો પણ એનો રોઝો સહીહ છે. એવી રીતે ઈસ્તેહાઝા મુતવસ્સેતાવાળી સ્ત્રી જો ગુસ્લ ન ઊતારે તો પણ તેનો રોઝો સહીહ છે.

**મસઅલો ૧૬૫૩** : જે શખ્સ ઉપર મય્યતને અડવાને કારણે ગુસ્લે મસે મય્યત વાજિબ થયું હોય, તે એ ગુસ્લ ઉતાર્યા વિના રોઝો રાખી શકે છે. અને અગર કોઈ રોઝાની હાલતમાં મય્યતને અડે તો રોઝો બાતિલ નથી.

## (૮) એનીમા (પીચકારી)

**મસઅલો ૧૬૫૪** : એનીમા લેવાથી, અથવા મળશુધ્ધિ માટે કોઈ પ્રવાહી પાછળથી લેવાથી રોઝો બાતિલ થાય છે, ચાહે એ લાચારી કે ઈલાજને કારણે હોય.

## (૯) કય (ઉલટી કરવી)

**મસઅલો ૧૬૫૫** : અગર રોઝેદાર જાણીબુજીને ઉલટી કરે, અગરચે કોઈ બીમારી વીગેરેને કારણે લાચારીથી કરવી પડે, તો એનો રોઝો બાતિલ છે. પણ અગર કોઈ ભૂલથી યા બેકાબુ થઈને ઉલટી કરે તો વાંધો નથી.

**મસઅલો ૧૬૫૬** : અગર કોઈ શખ્સ રાત્રે એવા ખોરાક લીએ કે જેને પરિણામે એને ખાત્રી હોય કે દિવસે બેઈખ્તીયારથી ઉલટી થશે, તો એવા સંજોગમાં એહતીયાતે મુસ્તહબ છે કે એ દિવસના રોઝાની કઝા આપે.

**મસઅલો ૧૬૫૭** : જે સંજોગમાં રોઝેદાર ઉલટી રોકી શકતો હોય, અને તેમ કરવા જતાં કોઈ નુકસાન કે અસહ્ય તકલીફનો સંભવ ન હોય, તો બેહતર છે કે ઉલટી રોકે.

**મસઅલો ૧૬૫૮** : અગર રોઝેદારના ગળામાં માખી ઘુસી જાય, અને એટલે સુધી ઉતરી ગઈ હોય કે એને ગળી જવાથી કોઈ એમ ન કહી શકે કે આહાર કર્યો છે, તો એ માખીને બહાર કાઢવી લાઝિમ નથી, અને રોઝો સહીહ ગણાશે. પણ જો એટલે ઊંડે ન ઉતરી હોય, તો એને બહાર ફેંકવી જરૂરી છે, અગરચે તેમ કરવા માટે ઉલટી કરવી પડે, સિવાય કે ઉલટી કરવાથી નુકસાન કે અસહ્ય તકલીફ થતી હોય. પણ જો એ શક્ય સંજોગમાં ઉલટી ન કરે અને ગળી જાય, તો રોઝો બાતિલ છે.

**મસઅલો ૧૬૫૯** : અગર કોઈ શખ્સ ભૂલથી કોઈ વસ્તુ ગળી જાય, અને પેટમાં પહોંચે એથી પહેલાં એને યાદ આવે કે રોઝાથી છે, તો એ ગળેલી વસ્તુને બહાર કાઢવી લાઝિમ નથી, અને રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૬૬૦** : અગર કોઈને ખાત્રી હોય કે ઓડકાર લેવાથી કોઈ વસ્તુ ગળાની બહાર આવશે, તો એહતીયાત છે કે જાણીબુજીને ઓડકાર ન લીએ, પણ જો એ બારામાં ખાત્રી ન હોય તો વાંધો નથી.

**મસઅલો ૧૬૬૧** : અગર કોઈ શખ્સ ઓડકાર લીએ અને કોઈ વસ્તુ ગળાની બહાર અથવા મોઢામાં આવી જાય, તો તેને બહાર ફેંકવી જોઈએ. પણ જો બેઈખ્તીયારીની હાલતમાં ફરી ગળાની નીચે ઉતરી જાય, તો રોઝો સહીહ છે.

## રોઝો તોડનારી વસ્તુઓ વિષેના એહકામ

**મસઅલો ૧૬૬૨** : અગર ઈન્સાન જાણીબુજીને યા ઈખ્તીયારથી રોઝાને બાતિલ કરનાર અમલ બજાવી લાવે તો એનો રોઝો બાતિલ છે. પણ જો જાણીબુજીને ન હોય તો રોઝો બાતિલ નથી. પરંતુ જે શખ્સ જુનુબની હાલતમાં સૂઈ જાય, અને મસઅલા નં ૧૬૩૯માં આપેલી વિગતો મુજબ સુબ્હે સાદિક સુધી ગુસ્લ ન ઉતારે, તો એનો રોઝો બાતિલ થશે.

અગર કોઈ ઈન્સાન મસઅલાથી અજાણ હોવાને કારણે રોઝાને બાતિલ કરનાર અમલ બજાવી લાવે, એ શરતે કે એની જહાલત લાપરવાહીને કારણે ન હોય, અને એ વિષે એને કોઈ શંકા પણ ન હોય, તો રોઝો બાતિલ નથી. એ પ્રમાણે અગર કોઈ શરઈ દલીલ ઉપર આધાર રાખીને એવો અમલ બજાવી લાવે તો પણ રોઝો બાતિલ નથી. પણ તેમાં ખાવું પીવું અને સ્ત્રીસંભોગનો સમાવેશ થતો નથી.

**મસઅલો ૧૬૬૩** : અગર કોઈ શખ્સ ભૂલથી રોઝાને તોડનાર અમલ બજાવી લાવ્યા બાદ, એમ ધારીને કે રોઝો બાતિલ છે, ફરી જાણીજોઈને કોઈ એવો અમલ કરે કે જે રોઝાને તોડે છે, તો અલબત્ત રોઝો બાતિલ થશે.

**મસઅલો ૧૬૬૪** : અગર રોઝેદારના ગળામાં જબરદસ્તીથી કોઈ વસ્તુ ઉતારવામાં આવે તો એ રોઝેદારનો રોઝો બાતિલ નહીં થાય, પણ જો એવી રીતે મજબુર કરવામાં આવે કે જો નહીં ખાય તો એને માલ યા જાનની નુકસાની ભોગવવી પડશે, જેને પરિણામે એ પોતે નુકસાનીથી બચવા ખાતર ખાઈ લીએ, તો રોઝો બાતિલ છે

**મસઅલો ૧૬૬૫** : અગર રોઝેદારને ખાત્રી હોય કે ફલાણી જગ્યાએ જશે તો જબરદસ્તીથી તેના ગળામાં કોઈ વસ્તુ ઉતારવામાં આવશે, અથવા પોતાનો રોઝો તોડવા માટે તેને મજબુર કરવામાં આવશે, તો એવી જગ્યાએ ન જવું જોઈએ. તે છતાં અગર જાય અને તેને પોતાનો રોઝો બાતિલ કરવા માટે મજબુર કરવામાં આવે તો રોઝો બાતિલ થશે. બલ્કે જો તેના ગળામાં જબરદસ્તી કોઈ વસ્તુ

ઉતારવામાં આવે તો પણ એહતીયાતે લાઝિમની રૂએ રોઝો બાતિલ ગણાશે.

## એ કામો જે રોઝેદારોના માટે મકરૂહ છે

**મઅસલો ૧૬૬૬** : નીચે જણાવેલી અમુક બાબતો રોઝેદાર માટે મકરૂહ છે:

**(૧)** આંખમાં એવી દવા ટપકાવવી કે એવો સુરમો આંજવો, જેનો સ્વાદ અને ખુશ્બુ ગળા સુધી પહોંચે;

**(૨)** શરીરમાં કમજોરી પેદા થાય એવું કોઈ પણ કામ કરવું, જેમકે, ગરમ હમામ જવું લોહીની શિરા નસ ખોલાવવી વીગેરે

**(૩)** છીંકણી સૂંઘવી, અગર એ ખબર ન હોય કે તેની અસર ગળા સુધી પહોંચશે. અને જો પહેલેથી ખબર હોય કે અસર થશે તો જાઈઝ નથી.

**(૪)** સુગંધવાળી વનસ્પતિ કે છોડવા વીગેરે સૂંઘવા.

**(૫)** સ્ત્રીને માટે પાણીમાં બેસવું મકરૂહ છે.

**(૬)** પાયખાના વાટે કોઈ સૂકી દવા વીગેરે લેવી.

**(૭)** શરીર ઉપરના કપડા ભીના કરવા.

**(૮)** દાંત ખેંચી કઢાવવા, અથવા કોઈ પણ એવું કામ કરવું કે જેથી મોઢામાંથી લોહી પડે.

**(૯)** ભીની ડાંખળીથી દાતણ કરવું.

**(૧૦)** કોઈ પણ કારણસર પાણી યા કોઈ પ્રવાહી મોઢામાં મૂકવું.

એવી જ રીતે મની ખારીજ કરવાની નિય્યત વગર પોતાની પત્ની સાથે પ્રેમચેષ્ટા કે પ્રણય કરવો, ચુંબન કરવું, અથવા શેહવતને ઉશ્કેરે તેવી રીતે વર્તવું મકરૂહ છે. અને જો મની સ્ખલીત કરવાના ઈરાદાથી એવું કરે, તો અગરચે મની ખારીજ ન થાય, તો પણ એહતીયાતની વાજિબની રૂએ તેનો રોઝો બાતિલ છે.

## જે સંજોગોમાં કઝા અને કફ્ફારો બંને વાજિબ છે

**મસઅલો ૧૬૬૭** : અગર કોઈ શખ્સ માહે રમઝાનનો રોઝો ખાવાથી, પીવાથી, સ્ત્રીસંભોગથી, ઈસ્તિમના કરીને અથવા સુબ્હે સાદિક સુધી જનાબત ઉપર બાકી રહીને બાતિલ કરે, અને તે માટે કોઈ લાચારી કે જબરદસ્તી કારણરૂપ ન હોય, બલ્કે પોતે ઈખ્તીયારથી અને જાણીબુજીને એવું કરે, તો કઝા ઉપરાંત તેના ઉપર કફ્ફારો પણ વાજિબ થાય છે અને એહતીયાત. મુસ્તહબ છે કે જો ઉપરોકત કાર્યો સિવાય બીજા કાર્યોથી પોતાનો રોઝો બાતિલ કરે, તો પણ કઝા ઉપરાંત કફ્ફારો આપે.

**<u>મસઅલો ૧૬૬૮</u>** : અગર કોઈ શખ્સ ઉપરોકત કાર્યોમાંથી કોઈ પણ કાર્યને અંજામ આપતી વેળા સંપૂર્ણ ખાત્રી ધરાવતો હોય કે એ રોઝાને તોડનાર કાર્ય નથી, તો તેના ઉપર કફ્ફારો વાજિબ નહીં થાય.

## રોઝાનો કફ્ફારો

**<u>મસઅલો ૧૬૬૯</u>** : માહે રમઝાનમાં રોઝો ન રાખનાર ઉપર જે કફ્ફારો શરીઅતે નિયુકત કરેલ છે, તે નીચે મુજબ છે:

(અ) એક ગુલામને આઝાદ કરવો, અથવા

(બ) બે મહિના રોઝા રાખવા, જેની વિગત હવે પછી આવશે, અથવા,

(ક) સાઠ (૬૦) ફકીરોને પેટ ભરીને જમાડવા, અથવા દરેક ને ૩/૪ કિલો અનાજ આપવું, એટલે કે ઘઉં, જવ અથવા રોટલીઓ વિગેરે આપવી.

અને જો એ કફ્ફારો આપવા શક્તિશાળી ન હોય, તો શક્ય તેટલો સદકો આપે અને જો એ પણ ન કરી શકે તો તોબા, ઈસ્તિગફાર કરે, અને એહતીયાતે વાજિબ છે કે જયારે પણ શક્તિશાળી થાય ત્યારે કફ્ફારો અદા કરે.

**<u>મસઅલો ૧૬૭૦</u>** : જે શખ્સ રોઝાના કફ્ફારા રૂપે બે મહિના રોઝા રાખવા માંગતો હોય, તે પહેલાં મહિનામાં લાગલગાટ દરરોજ રોઝા રાખશે, અનેસાથે બીજા મહિનાનો પહેલો દિવસ પણ ઉમેરાશે, ત્યાર પછી બાકીના રોઝા જો લાગલગાટ નહીં રાખે તો વાંધો નથી.

**<u>મસઅલો ૧૬૭૧</u>** : જે શખ્સ બે માસ રોઝા રાખવાનો કફ્ફારો આપવા માગે, તો તેણે રોઝાઓ એવા સમયે શરૂ ન કરવા જોઈએ કે એક માસ અને એક દિવસ દરમ્યાન એવો દિવસ આવે કે જે દિવસે રોઝો રાખવો હરામ છે; જેમકે ઈદુલ ફીત્ર યા ઈદુલ અઝહા.

**<u>મસઅલો ૧૬૭૨</u>** : જયારે ઈન્સાન ઉપર વાજિબ હોય કે કફ્ફારાના લાગલગાટ રોઝા રાખે, ત્યારે અગર ઉઝર વગર વચ્ચે એક દિવસ પણ રોઝો તર્ક કરશે, તો એને નવેસરથી રોઝાઓ શરૂ કરવા પડશે.

**<u>મસઅલો ૧૬૭૩</u>** : જયારે ઈન્સાન ઉપર કફ્ફારાના લાગલગાટ રોઝા રાખી રહ્યો હોય, ત્યારે જો વચ્ચે એવો ઉઝર ઉપસ્થિત થાય કે જેના ઉપર તેનો ઈખ્તીયાર ન હોય, જેમકે, હયઝ, નિફાસ યા જરૂરી મુસાફરીમાં જવું, તો ઉઝર બરતરફ થયા બાદ વાજિબ નથી કે નવેસરથી રોઝા શરૂ કરે. બલ્કે જેટલા બાકી રહ્યા હોય તેટલા જ રોઝા રાખશે.

**મસઅલો ૧૬૭૪** : અગર કોઈ શખ્સ હરામ વસ્તુથી પોતાનો રોઝો બાતિલ કરે, ચાહે એ વસ્તુ કે બાબત અસલથી હરામ હોય, જેમકે દારૂ અથવા ઝીના, યા કોઈ કારણસર હરામ હોય જેમકે કોઈ એવી હલાલ ખોરાકી જે કોઈના માટે અમુક બીમારીને કારણે નુકસાન ર્ક્તા હોય, અથવા પોતાની પત્ની સાથે હયઝની હાલતમાં સંભોગ કરવો, તો એવા સંજોગમાં એહતીયાતે મુસ્તહબ છે કે ત્રણેય કફ્ફારા આપે. એટલે કે એક ગુલામને આઝાદ કરે, બે માસ રોઝા રાખે, અને સાઈઠ ફકીરોને જમાડે અથવા દરેકને એક મુદ (પોણો કિલો) અનાજ, ઘઉં, જવ કે રોટલીઓ વીગેરે આપે. અને જો ત્રણેય કફ્ફારા આપી ન શકે, તો એમાંથી જે કાંઈ શક્ય હોય તે આપે.

**મસઅલો ૧૬૭૫** : અગર રોઝેદાર જાણીબુજીને કોઈ જૂઠાણની ખુદા અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને નિસ્બત આપે, તો એહતીયાતે મુસ્તહબ છે કે મસઅલામાં જણાવ્યા મુજબ ત્રણેય કફ્ફારા દીએ.

**મસઅલો ૧૬૭૬** : અગર કોઈ રોઝેદાર માહે રમઝાનના એક દિવસમાં અનેકવાર સંભોગ કરે, અથવા ઈસ્તિમના કરે, તો તેનો એક કફ્ફારો વાજિબ થશે, પણ અહવતે મુસ્તહબ છે કે દરેક વાર બદલ એક કફ્ફારો આપે

**મસઅલો ૧૬૭૭** : જો સંભોગ અને ઈસ્તિમના સિવાય કોઈ બીજા કાર્યથી કોઈ રોઝેદાર પોતાના માહે રમઝાનના એક રોઝાને બાતિલ કરે, તો એક જ કફ્ફારો કાફી છે.

**મસઅલો ૧૬૭૮** : અગર રોઝેદાર સંભોગ સિવાય કોઈ બીજા અમલથી પોતાનો રોઝો બાતિલ કરે, અને ત્યાર બાદ પોતાની પત્ની સાથે સંભોગ કરે, તો બંને માટે એક કફ્ફારો કાફી છે.

**મસઅલો ૧૬૭૯** : અગર રોઝેદાર હલાલ કાર્યથી પોતાનો રોઝો બાતિલ કરે, જેમકે, પાણી પીવે, અને ત્યાર પછી રોઝો તોડનાર કોઈ હરામ કાર્ય અંજામ આપે, જેમકે હરામ વસ્તુ ખાઈ લીએ, તો એક જ કફ્ફારો કાફી ગણાશે.

**મસઅલો ૧૬૮૦** : અગર ઓડકાર લેવાથી, રોઝેદારના મોઢામાં કોઈ વસ્તુ બહાર આવે, અને એને જાણીબુજીને ગળી લીએ તો રોઝો બાતિલ છે, અને કઝા ઉપરાંત કફ્ફારો પણ તેના ઉપર વાજિબ થશે. અગર મોઢામાં આવેલી વસ્તુ એવી હોય કે જેનું ખાવું હરામ છે, જેમકે, ઓડકારને કારણે લોહી નીકળે અથવા ખાધેલી વસ્તુ એવી હાલતમાં બહાર આવે કે તેને ખોરાક ન કહીં શકાય, અને એને જાણીને ગળી લીએ, તો એ રોઝાની કઝા આપશે, અને અહવતે મુસ્તહબની રૂએ ત્રણેય કફ્ફારા આપશે.

**મસઅલો ૧૬૮૧** : અગર કોઈ શખ્સ એવી નઝર કે મન્નત રાખે કે ફલાણે દિવસે રોઝો

રાખીશ, અને એ દિવસે જાણીજોઈને પોતાના રોઝાને બાતિલ કરે, તો એને કફ્ફારો લાગુ પડશે, પણ એ મન્નત તોડવાનો કફ્ફારો છે, જેની વીગતો એના પ્રકરણમાં આવશે.

**મસઅલો ૧૬૮૨** : અગર રોઝેદાર કોઈ અવિશ્વાસપાત્ર શખ્સની વાત ઉપર આધાર રાખે કે મગરિબનો સમય થઈ ગયો છે, અને ઈફતાર કરી લીએ, અને ત્યાર બાદ એને ખબર પડે કે મગરિબનો સમય દાખલ થયો જ ન હતો, અથવા એ વિષે શકમંદ થાય, તો એને કઝા સાથે કફ્ફારો લાગુ પડશે.

**મસઅલો ૧૬૮૩** : જે શખ્સ પોતાનો રોઝો જાણીબુજીને બાતિલ કર્યો હોય, અને તે બાદ ઝોહરથી પહેલાં યા પછી સફર ઈખ્તીયાર કરે કે જેથી કફ્ફારા લાગુ ન પડે, તો એમ કરવાથી કફ્ફારો માફ નહીં થાય, બલ્કે જો એને ઝોહરથી પહેલાં સફર કરવી પડે, તો એનો પણ કફ્ફારો લાગુ પડશે.

**મસઅલો ૧૬૮૪** : અગર કોઈ શખ્સ જાણીજોઈને પોતાનો રોઝો બાતિલ કરે, અને ત્યાર બાદ કોઈ ઉઝર ઉપસ્થિત થાય, જેમકે, હયઝ, નિફાસની હાલતમાં દાખલ થાય, યા કોઈ બીમારી નો ભોગ બને, તો અહ્વતે મુસ્તહબ છે કે કફ્ફારો આપે.

**મસઅલો ૧૬૮૫** : અગર કોઈને ખાત્રી હોય કે પહેલી માહે મુબારક રમઝાન છે, તે છતાંય જાણીબુજીને પોતાનો રોઝો બાતિલ કરે, અને ત્યાર બાદ નક્કી થાય કે એ તો શાબાનની છેલ્લી તારીખ હતી,તો એના ઉપર કફ્ફારો વાજિબ નથી.

**મસઅલો ૧૬૮૬** : અગર ઈન્સાનને શક હોય કે માહે મુબારકની છેલ્લી તારીખ છે, યા શવ્વાલની પહેલી છે, અને જાણીબુજીને પોતાનો રોઝો તોડી નાખે, અને ત્યારબાદ નક્કી થાય કે શવ્વાલની પહેલી હતી, તો તેના ઉપર કફ્ફારો વાજિબ નથી.

**મસઅલો ૧૬૮૭** : અગર કોઈ રોઝેદાર શખ્સ માહે રમઝાનમાં પોતાની રોઝેદાર પત્નીને સંભોગ માટે મજબુર કરે, તો પોતાના રોઝાના કફ્ફારા ઉપરાંત, એહતીયાતની રૂએ પત્નીના રોઝાના કફ્ફારા પણ આપશે. પણ જો પત્ની સંભોગ માટે સંમત થઈ હોય, તો બંને ઉપર કફ્ફારો વાજિબ થશે.

**મસઅલો ૧૬૮૮** : અગર કોઈ સ્ત્રી પોતાના રોઝેદાર શવહરને સંભોગ માટે મજબુર કરે, તો તેના ઉપર શવહરના રોઝાનો કફ્ફારો વાજિબ નહીં થાય.

**મસઅલો ૧૬૮૯** : અગર કોઈ રોઝેદાર માહે રમઝાનમાં પોતાની પત્નીને સંભોગ માટે મજબૂર કરે, અને સંભોગ દરમ્યાન પત્નીની સંમંત થાય, તો એહતીયાતે વાજિબની રૂએ પુરુષ બે કફ્ફારા આપશે. અને પત્ની એક કફ્ફારો આપશે.

**મસઅલો ૧૬૯૦** : અગર કોઈ રોઝેદાર માહે રમઝાનમાં પોતાની રોઝેદાર પત્ની સાથે એવી

હાલતમાં સંભોગ કરે કે પત્ની નિંદ્રાવશ હોય, તો તેના ઉપર એક કફ્ફારો વાજિબ થશે; પણ પત્નીનો રોઝો સહીહ રહેશે, અને તેના ઉપર કોઈ કફ્ફારો વાજિબ નહીં થાય.

**મસઅલો ૧૬૯૧** : અગર શવહર પત્નીને યા પત્ની શવહરને સંભોગ સિવાય કોઈ એવા બીજા કાર્ય માટે મજબુર કરે કે જે રોઝાને તોડનાર છે, તો બંનેમાંથી કોઈ ઉપર કફ્ફારો વાજિબ નહીં થાય.

**મસઅલો ૧૬૯૨** : જે શખ્સ સફરના કારણે યા બીમારીના લીધે રોઝો ન રાખ્યો હોય, તો પોતાની રોઝેદાર સ્ત્રીને સંભોગ માટે મજબૂર કરી શકશે નહીં. પણ જો મજબૂર કરે, તો પણ શવહર ઉપર કફ્ફારો વાજિબ નથી.

**મસઅલો ૧૬૯૩** : કફ્ફારાની અદાયગીમાં લાપરવાહી કે ઢીલ ન કરવી જોઈએ, પણ તેની તુરંત અદાયગી લાઝિમ નથી.

**મસઅલો ૧૬૯૪** : અગર કોઈ શખ્સ કફ્ફારો વાજિબ થયા બાદ વર્ષો સુધી તેની અદાયગી ન કરે, તો તેમાં કોઈ ઉમેરો વધારો થતો નથી.

**મસઅલો ૧૬૯૫** : જે શખ્સ કફ્ફારા પેટે સાઠ ફકીરોને જમાડવા માંગતો હોય, અને જો એ સાઠ ફકીરો સર્વે મોજૂદ હોય, તો દરેકને એક મુદથી વધાર. અનાજ વીગેરે દઈ શકશે નહીં, એવી જ રીતે એક જ ફકીરો એક ટંકથી વધારે જમાડીને વધારાની ખર્ચાએલી રકમને કફ્ફારામાં ગણી શકશે નહીં. અલબત એક ફકીરના પરિવારની જુદી જુદી વ્યક્તિને એક એક મુદ અનાજ આપી શકે છે, ચાહે એ વ્યક્તિ સગીર વયની હોય.

**મસઅલો ૧૬૯૬** : જે શખ્સ માહે રમઝાનના રોઝાની કઝા રાખી હોય, અને જાણીજોઈને ઝોહર બાદ એવું કાર્ય અંજામ આપે કે જે રોઝાને બાતિલ કરે છે, તો તેના ઉપર વાજિબ છે કે દસ ફકીરોને દરેકને એક મુદ અનાજ આપે. અને જો તેમ ન કરી શકતો હોય, તો ત્રણ દિવસ રોઝા રાખે.

## તે સંજોગોમાં માત્ર રોઝાની કઝા વાજિબ છે

**મસઅલો ૧૬૯૭** : ઉપરોકત દર્શાવેલા સંજોગો સિવાય, અમુક એવા સંજોગો છે કે જેમા ઈન્સાન ઉપર ફકત રોઝાની કઝા વાજિબ છે, અને કફ્ફારો લાગુ પડતો નથી.

**(૧)** અગર માહે રમઝાનની રાતમાં જનાબતની હાલતમાં હોય, અને મસઅલા નંબર ૧૬૩૯માં જણાવ્યા મુજબ સુબ્હે સાદિક સુધી જાગૃત ન થાય;

**(૨)** અગર કોઈ શખ્સ રોઝાને બાતિલ કરનાર કોઈ અમલ ન બજાવી લાવે, પરતું રોઝાની નિય્યત ન કરે, અથવા રીયાકારીનો રોઝો રાખે, અથવા એવો ઈરાદો કરે કે રોઝો નહીં રાખે,

અથવા ઈરાદો ધરાવે કે રોઝો તોડનાર કોઈ કાર્ય કરશે, તો એહતીયાતે વાજિબ છે કે એ દિવસની કઝા આપે;

**(૩)** અગર માહે રમઝાનમાં ગુસ્લે જનાબત ભૂલી જાય, અને જનાબતની હાલતમાં એક યા એકથી વિશેષ રોઝાઓ રાખે;

**(૪)** અગર માહે રમઝાનમાં તપાસ કર્યા વિના કે સુબ્હે સાદિકનો સમય થઇ ગયો છે કે નહી, રોઝાને બાતિલ કરનાર કાર્ય કરે, અને ત્યાર બાદ ખબર પડે કે સમય દાખલ થઈ ગયો હતો, તો એહતીયાત છે કે એ દિવસે, કુરબતની નિય્યતથી રોઝો તોડનાર તમામ કાર્યોથી પરહેઝ કરે, અને એ દિવસની રોઝાની કઝા આપે.

**(૫)** અગર કોઈના કહેવાથી કે સુબ્હ સાદિક થઈ નથી, કોઈ શખ્સ રોઝાને તોડનાર અમલ બજાવી લાવે, અને ત્યાર બાદ જાણ થાય કે સવાર થઈ ગઈ હતી;

**(૬)** અગર કોઈ કહે કે સુબ્હ સાદિકનો સમય થઈ ગયો છે, પણ ઈન્સાન તેની વાત ઉપર ભરોસો ન કરે, અથવા એમ સમજે કે મશ્કરી કરી રહ્યો છે, અને પોતે તેહકીક કર્યા વિના રોઝાને બાતિલ કરનાર કોઈ કાર્ય કરે, અને જો ત્યાર પછી ખબર પડે કે સુબ્હે સાદિકનો સમય થઈ ગયો હતો;

**(૭)** અગર કોઈ આંધળો યા કોઈ એવો માઝુર શખ્સ બીજાના કહેવા ઉપર એવો ભરોસો રાખતો હોય કે જે ભરોસો શરીઅતની રૂએ તેના માટે હુજ્જત હોય, અને એ મુજબ અમલ કરી ઇફતાર કર્યા બાદ એને જાણ થાય કે મગરિબનો વખત દાખલ થયો ન હતો;

**(૮)** અગર કોઈને ખાત્રી અથવા ઈત્મિનાન હોય બે મગરિબનો સમય થઈ ગયો છે, અને ઈફતાર કર્યા બાદ એને જાણ થાય કે સમય થયો ન હતો, તો માત્ર કઝા આપે. પણ જો હવામાનમાં ઘેરાયેલાં વાદળાં વગેરેને કારણે એવું ગુમાન થયું હોય તો કઝાનું વાજિબ હોવું એહતીયાતની રૂએ છે.

**(૯)** અગર કોઈ શખ્સ પ્યાસને કારણે કોગળા કરે, એટલે કે મોઢામાં પાણી ફેરવે, અને બેઈખ્તીયારીથી પાણી ગળામાં ઉતરી જાય, તો રોઝાની કઝા આપશે. એવી જ રીતે જો એ કોગળા વાજિબ નમાઝ સિવાયના વઝુ માટે કરતો હોય, અને પાણી બેઈખ્તીયારીની હાલતમાં ગળાથી નીચે ઉતરે તો એહતીયાતે મુસ્તહબ છે કે કઝા આપે.

પણ અગર કોઈ શખ્સ ભૂલી જાય કે રોઝાની હાલતમાં છે, અને પાણી ગળાથી નીચે ઉતારી લીએ, તો કઝા નથી. એવી જ રીતે પ્યાસ સિવાયના સંજોગમાં જયાં કોગળાં મુસ્તહબ છે,

જેમકે વુઝુ કરતી વેળા, ત્યારે કોગળા કરતી વેળા બેઈખ્તીયારીથી પાણી ગળાની નીચે ઉતરી જાય તો કઝા નથી.

**(૧૦)** અગર કોઈ શખ્સ જબરદસ્તીને વશ થઈ, યા મજબૂરીને કારણે, યા તકીય્યાને લીધે ઈફતાર કરી લીએ, તો કઝા આપવી લાઝિમ છે, પણ કફ્ફારો લાગુ પડશે નહીં.

**મસઅલો ૧૬૯૮** : અગર કોઈ શખ્સ પાણી સિવાય કોઈ બીજી વસ્તુ મોઢામાં મૂકે, અને એ બેઈખ્તીયારીની હાલતમાં ગળાની નીચે ઉતરી જાય, અથવા અગર એ નાક વાટે પાણી લીએ, અને બેઈખ્તીયારીમાં એ પાણી ગળા સુધી આવીને ઉતરી જાય, તો તેના ઉપર કઝા વાજિબ નથી.

**મસઅલો ૧૬૯૯** : રોઝેદાર માટે વધુ પડતા કોગળા કરવા મકરૂહ છે, અને કોગળા કર્યા પછી થુંક ગળાની નીચે ઉતારવા માંગતો હોય તો બેહતર છે કે પહેલા ત્રણ વાર બહાર થૂંકે.

**મસઅલો ૧૭00** : અગર ઈન્સાનને ખાત્રી હોય, અથવા એવો ગુમાન રહે કે કોગળાં કરવાથી બેઈખ્તીયાર પાણી ગળા નીચે ઉતરી જશે, તોએવા શખ્સે કોગળાથી પરહેજ કરવી જોઈએ. એ પ્રમાણે જો એ જાણતો હોય કે કોગળાં કરવા જતાં ભૂલથી એ પાણી ગળામાં ઉતરી જશે. તો એહતીયાતે વાજિબ છે કે પરહેઝ કરે.

**મસઅલો ૧૭0૧** : અગર માહે રમઝાનમાં કોઈ શખ્સ પૂરી તેહકીક કર્યા બાદ નક્કી નકરી શક્યો હોય કે સુબ્હ સાદિકનો સમય દાખલ થયો છે નહી, અને રોઝો તોડનાર કોઈ અમલ બજાવી લાવ્યા બાદ એને જાણ થાય કે સમય દાખલ થઈ ચૂકયો હતો, તો તેના ઉપર રોઝાની કઝા લાઝિમ નથી.

**મસઅલો ૧૭0૨** : અગર ઈન્સાનને શક હોય કે મગરિબનો સમય દાખલ થઈ ગયો છે કે નહીં, તો એ સ્થિતિમાં એ ઈફતાર નહીં કરી શકે. પણ જો એને શક હોય કે સુબ્હ સાદિક થઈ છે કે નહીં તો તેહકીક કર્યા પહેલાં પણ એ રોઝાને તોડનાર અમલ અંજામ આપી શકે છે.

## કઝા રોઝાના એહકામ

**મસઅલો ૧૭03** : અગર કોઈ દીવાનો શખ્સ સાજો થઈ જાય, તો દીવાનગીની હાલતમાં જે રોઝાઓ રહી ગયા હોય તેની કઝા તેના ઉપર વાજિબ નથી.

**મસઅલો ૧૭0૪** : અગર કોઈ કાફિર મુસલમાન થાય, તો કુફરની હાલતમાં જે રોઝાઓ રાખ્યા ન હોય, તેની કઝા તેના ઉપર વાજિબ નથી. પરંતુ અગર કોઈ મુસલમાન કાફિર થઈ જાય, અને પાછો મુસલમાન થાય, તો જયારે કાફિર હતો ત્યારે મૂકેલા રોઝાઓની કઝા તેના ઉપર વાજિબ છે.

**મસઅલો ૧૭૦૫** : જે રોઝાઓ ઈન્સાનને મસ્તી અને નશામાં મૂક્યા હોય, તેની કઝા વાજિબ છે. સિવાય કે એ કેફ કે નશો ઈલાજ માટે આપેલી દવાના કારણે હોય.

**મસઅલો ૧૭૦૬** : અગર કોઈ શખ્સે ઉઝરને કારણે અમુક રોઝાઓ ન રાખ્યા હોય, અને આગળ જતાં એને એ વિષે શક થાય કે ઉઝર કેટલા દિવસ પછી બરતરફ થયો હતો, તો વધુ સંખ્યા ઉપર, યા વધારે દિવસો ઉપર ગુમાન કરવું વાજિબ નથી. દાખલા તરીકે, અગર કોઈ શખ્સે માહે રમઝાનથી પહેલા સફર કરી હોય. અને હવે તેને શક ઉપસ્થિત થાય કે પાંચમી રમઝાનના પાછો આવ્યો હતો કે છઠી; અથવા માહે રમઝાનની છેલ્લી તારીખોમાં મુસાફરી કરી હોય, અને માહે રમઝાન બાદ પાછો આવ્યો હોય, પણ એને શક હોય કે ૨૫મી તારીખે મુસાફરી કરી હતી કે ૨૬મી તારીખે, તો બંને સંજોગમાં ઓછી સંખ્યા કરાર દઈને પાંચ રોઝાઓની કઝા આપશે, અગરચે એહતીયાતે મુસ્તહબ છે કે વધુ સંખ્યાની એટલે કે છ રોઝાની કઝા આપે.

**મસઅલો ૧૭૦૭** : અગર કોઈ શખ્સ ઉપર એકથી વધુ રમઝાન મહિનાઓની કઝા બાકી હોય, તો તે મહિનાઓમાંથી જેની કઝા શરૂ કરવા ધારે, એ કરી શકે છે. પણ જયારે છેલ્લા માહે રમઝાનના કઝા રોઝાઓનો સમય તંગ હોય, જેમકે, છેલ્લા માહે રમઝાનના પાંચ રોઝાઓ કઝા હોય અને સામે માહે રમઝાનને પાંચ જ દિવસ બાકી હોય, ત્યારે બેહતર છે કે છેલ્લા રમઝાનની કઝા પહેલાં આપે.

**મસઅલો ૧૭૦૮** : અગર કોઈ શખ્સ ઉપર અનેક માહે રમઝાનની કઝા બાકી હોય, અને કઝા રોઝાઓ રાખતી વળા નિય્યતમાં મુઅય્યન ન કરે કે ક્યા માહે રમઝાનની કઝા આપી રહ્યો છે; તો એ છેલ્લા માહે રમઝાનની કઝા તરીકે ગણવામાં નહી આવે.

**મસઅલો ૧૭૦૯** : માહે રમઝાનના રોઝાની કઝા આપનાર શખ્સ અગર ઝોહરની પહેલા પોતાનો રોઝો તોડવા માગે, તો તોડી શકે છે. પણ જો કઝા રોઝાઓનો સમય તંગ હોય, તો બેહતર છે કે રોઝાને બાતિલ ન કરે.

**મસઅલો ૧૭૧૦** : અગર કોઈ શખ્સ મય્યીત વતી ઈજારાના રોઝા રાખતો હોય, તો બેહતર છે કે ઝોહર બાદ રોઝાને બાતિલ ન કરે.

**મસઅલો ૧૭૧૧** : અગર કોઈ શખ્સે બીમારી, હયઝ યા નિફાસને કારણે માહે રમઝાનમાં રોઝા ન રાખ્યા હોય, અને કઝા આપવાનો મૌકો મળે એથી પહેલા ગુજરી જાય, તો એના ઉપર રોઝાની કઝાઓ વાજિબ નથી.

**<u>મસઅલો ૧૭૧૨</u>** : અગર કોઈ શખ્સે બીમારીને કારણે માહે રમઝાનમાં રોઝાઓ ન રાખ્યા હોય, અને એ બીમારી આવતા માહે રમઝાન સુધી લંબાય, તો તેના ઉપર મૂકેલા રોઝાઓની કઝા વાજિબ નથી. પણ દરેક રોઝાને બદલે એક મુદ .પોણો કિલો. અનાજ, જેમકે, ઘઉ, જવ, કે રોટલીઓ, મુસ્તહીક ફકીરને આપવું જોઈએ.

પણ જો બીમારી સિવાય કોઈ બીજા ઉઝરને કારણે માહે રમઝાનમાં રોઝા ન રાખ્યા હોય, જેમકે મુસાફરીને લીધે રોઝા ન રાખી શક્યો હોય, અને એ ઉઝર આવતા માહે રમઝાન સુધી કાયમ રહે, તો મૂકેલા રોઝાઓની કઝા આપવી પડશે; ઉપરાંત એહતીયાતે વાજિબની રૂએ દરેક મૂકેલા રોઝાને બદલે એક મુદ અનાજ ફકીરને આપશે.

**<u>મસઅલો ૧૭૧૩</u>** : અગર કોઈ શખ્સે બીમારીને કારણે માહે રમઝાનમાં રોઝાઓ ન રાખ્યા હોય, અને માહે મુબારક રમઝાન બાદ એ સાજો થઈ જાય, પણ કોઈ બીજો ઉઝર ઉપસ્થિત થતાં આવતા માહે રમઝાન સુધી કઝા રોઝા ન રાખી શકે, તો એ મૂકી આપેલા રોઝાઓની કઝા વાજિબ રહેશે, એવી જ રીતે અગર કોઈ શખ્સે અન્ય ઉઝરને કારણે માહે રમઝાનમાં રોઝા ન રાખ્યા હોય, અને માહે રમઝાન બાદ એ ઉઝર દૂર થઈ જાય, પણ આવતા માહે રમઝાન સુધી બીમારીને લીધે કઝા રોઝા ન રાખી શકે, તો પણ કઝા રોઝાઓ વાજિબ રહેશે; અને એહતીયાતે વાજિબની રૂએ દરેક મૂકેલા રોઝા બદલે એક મુદ અનાજ ફકીરને આપશે.

**<u>મસઅલો ૧૭૧૪</u>** : જે શખ્સે કોઈ ઉઝરને કારણે માહે રમઝાનમાં રોઝાઓ ન રાખ્યા હોય, અને માહે રમઝાન બાદ એ ઉઝર બરતરફ થઈ જાય, તે છતાંય જાણીજોઈને આવતા માહે રમઝાન સુધી કઝા ન આપે, તો એ રોઝાઓની કઝા વાજિબ રહેશે, અને દરેક રોઝા બદલ એક મુદ અનાજ ફકીરને આપશે.

**<u>મસઅલો ૧૭૧૫</u>** : જે શખ્સ રોઝાની કઝા આપવામાં એટલી લાપરવાહી અને ઢીલ કરે, કે સમય તંગ થઈ જાય, અને એ તંગ સમય દરમ્યાન ઉઝર ઉપસ્થિત થાય, તો એ શખ્સ ઉપર કઝા વાજિબ રહેશે, અને એહતીયાત છે કે દરેક રોઝા બદલ એક મુદ અનાજ ફકીરને આપશે.

એવી જ રીતે અગર ઉઝર બરતરફ થયા ગયા બાદ એણે નિર્ણય લીધો હોય કે કઝા આપશે, પણ કઝા આપે એથી પહેલાં સમયની તંગી દરમ્યાન ઉઝર ઉપસ્થિત થાય, તો એજ હુકમ લાગું પડશે.

**<u>મસઅલો ૧૭૧૬</u>** : અગર કોઈ શખ્સની બીમારી વર્ષો સુધી લંબાય, તો જયારે સાજો થાય ત્યારે તેના ઉપર છેલ્લા માહે મુબારક રમઝાનના રોઝાની કઝા વાજિબ છે અને એ પહેલાંના વર્ષોમાં

જેટલા રોઝા મૂકવા પડયા હોય, તે દરેક બદલ એક મુદ અનાજ ફકીરને આપશે.

**મસઅલો ૧૭૧૭** : જે શખ્સ ઉપર વાજિબ હોય કે દરેક રોઝાને બદલે એક મુદ અનાજ ફકીરને આપે, એ એકથી વધુ દિવસનો કફ્ફારો એક જ ફકીરને દઈ શકે છે.

**મસઅલો ૧૭૧૮** : અગર કોઈ શખ્સે અનેક વર્ષોના માહે રમઝનાની કઝાઓ આપવામાં ઢીલ કરી હોય, તો તેના ઉપર વાજિબ છે કે એ સર્વે રોઝાઓની કઝા આપે, તે સાથે પહેલાં વર્ષમાં માહે રમઝાનના જેટલા કઝા રોઝાઓની ઢીલ થઈ હોય, તે દરેક બદલ એક મુદ અનાજ ફકીરને આપે. એ પછીના વર્ષોની કઝામાં જે ઢીલ થઈ હોય, તે બદલ કાંઈ દેવું વાજિબ નથી.

**મસઅલો ૧૭૧૯** : જે શખ્સે જાણીબુજીને માહે રમઝાનના રોઝા ન રાખ્યા હોય, તેના ઊપર મૂકેલા રોઝાઓની કઝા વાજિબ છે; ઉપરાંત દરેક મૂકેલા રોઝા બદલ વાજિબ છે કે બે મહિના રોઝા રાખે, યા સાંઈઠ ફકીરોને જમાડે, યા એક ગુલામને આઝાદ કરે અને જો આવતા માહે રમઝાન સુધી રોઝાની કઝા ન આપે, તો એહતીયાતે વાજિબની રૂએ દરેક રોઝા બદલ એક મુદ અનાજ કફ્ફારા રૂપે પણ આપશે.

**મસઅલો ૧૭૨૦** : અગર કોઈ શખ્સ જાણી જોઈને માહે રમઝાનના રોઝા ન રાખે, અને દિવસ દરમ્યાન અનેકવાર સ્ત્રીસંભોગ યા ઈસ્તિમના કરે, તો અકવાની રૂએ તેના ઉપર એકથી વધુ કફ્ફારો લાગુ નહીં પડે. એવી જ રીતે જો કોઈ બીજો એવો અમલ વારંવાર બજાવી લાવે કે જે રોઝાને તોડે છે, જેમકે અનેકવાર ખોરાક ખાય, તો પણ એક જ કફ્ફારો કાફી છે.

**મસઅલો ૧૭૨૧** : બાપના ગુજરી ગયા બાદ મોટા દિકરા ઉપર બાપના કઝા રોઝાઓ એહતીયાતે વાજિબની રૂએ વાજિબ છે, જેનો ખુલાસો મસઅલો ૧૩૯૯માં આપવામાં આવ્યો છે.

**મસઅલો ૧૭૨૨** : અગર માહે રમઝાનના રોઝાઓ સિવાય કોઈ બીજા વાજિબ રોઝાની કઝા બાપ ઉપર રહી ગઈ હોય, જેમકે નઝરનો રોઝો બાપે ન રાખ્યો હોય, તો એહતીયાતે મુસ્તહબ છે કે મોટો દિકરો એની કઝા આપે. પણ જો બાપે કોઈ મય્યત વતી રોઝા રાખવાની ઉજરત લીધી હોય, અને એ રોઝા ન રાખ્યા હોય, તો મોટા દિકરા ઉપર એ રોઝાની કઝા વાજિબ નથી.

## મુસાફરના રોઝાના એહકામ

**મસઅલો ૧૭૨૩** : જે મુસાફર ઉપર વાજિબ હોય કે ચાર રકાતવાળી નમાઝો કસર પડે, તે મુસાફરે રોઝા ન રાખવા જોઈએ. પણ જે મુસાફરી માટે પૂરી નમાઝનો હુકમ હોય, જેમકે શખ્સનો ધંધો મુસાફરી હોય, અથવા હરામ સફર કરી રહ્યો હોય, તો તેવા મુસાફર ઉપર રોઝો રાખવો વાજિબ છે.

**મસઅલો ૧૭૨૪** : માહે રમઝાન દરમ્યાન સફર કરવી જાઈઝ છે, પણ રોઝાથી ભાગવાની નિય્યત હોય તો સફર કરવી મકરૂહ છે. એવી જ રીતે માહે રમઝાનની ચોવીસ તારીખ પહેલાં સામાન્ય મુસાફરી કરવી મકરૂહ છે; પણ હજ, ઉમરા માટે યા કોઈ જરૂરત ઉપસ્થિત થતાં સફર કરવી મકરૂહ નથી.

**મસઅલો ૧૭૨૫** : માહે રમઝાનના રોઝાઓ સિવાય અગર કોઈ મુઅય્યન દિવસનો રોઝો કોઈ શખ્સ ઉપર વાજિબ હોય, જેમકે એ રોઝો ઈજારા યા એવા કોઈ કારણે વાજિબ થયો હોય, અથવા એઅતેકાફના ત્રીજા દિવસનો રોઝો હોય, તો એ દિવસે એ મુસાફરી નહીં કરી શકે અને જો સફરમાં હોય, તો જો મુમ્કીન હોય તો એ જગ્યાએ દસ દિવસ રોકાવાની નિય્યત કરે, અને એ દિવસે રોઝો રાખે.

પણ જો એ રોઝો નઝરને કારણે વાજિબ થયો હોય, તો એ દિવસે સફર કરવી જાઈઝ છે, અને સફરમાં હોય તો દસ દિવસ રોક્વવાની નિય્યત કરવી વાજિબ નથી. જો કે બેહતર છે કે ઈન્સાન લાચાર ન થાય ત્યાં સુધી સફર ન કરે, અને જો સફરમાં હોય તો દસ દિવસ રોકવવાની નિય્યત કરે.

**મસઅલો ૧૭૨૬** : અગર કોઈ મુસ્તહબ રોઝો રાખવાની નઝર કરે, અને એ માટે કોઈ દિવસ મુઅય્યન કરે, તો સફરમાં એ મુસ્તહબ રોઝો નહીં રાખી શકે.પણ જો એમ નઝર કરી હોયકે ફલાણે દિવસે સફરમાં રોઝો રાખશે, તો પછી સફરમાં એ રોઝો વાજિબ થશે. એવી જ રીતે જો એમ નઝર કરી હોય કે ચોક્કસ દિવસે રોઝો રાખશે, ચાહે એ મુસાફરીમાં હોય કે ન હોય, તો એ દિવસે મુસાફરીમાં હોવા છતાય રોઝો રાખશે.

**મસઅલો ૧૭૨૭** : મદીને મુનવ્વરામાં પોતાની હાજત તલબ કરવા માટે મુસાફર ત્રણ દિવસના મુસ્તહબ રોઝાઓ રાખી શકે છે, અને એ એહતીયાત છે કે એ ત્રણ દિવસો બુધવાર, ગુરૂવાર અને શુક્રવાર હોય.

**મસઅલો ૧૭૨૮** : જે શખ્સ ન જાણતો હોય કે મુસાફરીમાં રોઝો બાતિલ છે, અને સફરમાં રોઝો રાખી લીએ, તો જો રોઝા દરમ્યાન એને મસઅલાની ખબર પડે તો રોઝો બાતિલ થશે પણ જો મગરિબ સુધી એણે જાણ ન થાય, તો એનો રોઝો સહીહ ગણાશે.

**મસઅલો ૧૭૨૯** : અગર કોઈ શખ્સ ભૂલી જાય કે પોતે સફરમાં છે, અથવા મસઅલો ભૂલી જાયકે મુસાફરીમાં રોઝો રાખવો બાતિલ છે, અને સફર દરમ્યાન રોઝાઓ રાખે તો એ રોઝાઓ બાતિલ ગણાશે.

**મસઅલો ૧૭૩૦** : અગર રોઝેદાર ઝોહર બાદ સફર કરે તો એહતીયાતેની રૂએ પોતાનો રોઝો

પૂરો કરશે; અને જો ઝોહર પહેલાં સફર કરે, અને જો આગલી રાતે સફરની નિય્યત કરી હોય, તો એ દિવસે રોઝો નહી રાખી શકે. બલ્કે જો આગલી રાતે સફરની નિય્યત ન કરી હોય, તો પણ એહતીયાતની રૂએ એ દિવસે રોઝો નહી રાખી શકે. પણ દરેક સંજોગમાં હદ્દે તરખ્ખુસ સુધી પહોંચ્યા પહેલાં કોઈ એવો અમલ બજાવી લાવી નહીં શકે કે જે રોઝાને બાતિલ કરે છે, નહીંતર એના ઉપર કફ્ફારો વાજિબ થશે.

**મસઅલો ૧૭૩૧** : અગર કોઈ મુસાફર માહે રમઝાનમાં સુબ્હે સાદિક પહેલાં સફરમાં હોય, યા એ રોઝા રાખ્યા પછી સફર કરે, અને ઝોહર પહેલાં પોતાને વતન પહોંચી જાય, યા એવી જગ્યાએ પહોંચે કે જયાં દસ દિવસ રોકાવવાનો ઈરાદો રાખતો હોય, તો અગર રોઝો તોડનાર કોઈ કાર્ય બજાવી લાવ્યો ન હોય, તો એ દિવસે રોઝો રાખવો વાજિબ છે. પણ જો રોઝો તોડનાર કાર્ય અંજામ આપી ચૂકયો હોય, તો એ દિવસે રોઝામાં રહેવું વાજિબ નથી.

**મસઅલો ૧૭૩૨** : અગર મુસાફર ઝોહર બાદ પોતાના વતન પર પહોંચે, અથવા એવા સ્થળે પહોંચે કે જયાં દસ દિવસ રોકાવવાનો ઈરાદો રાખતો હોય, તો એ દિવસે રોઝો નહીં રાખી શકે.

**મસઅલો ૧૭૩૩** : જે માણસ સફરને કારણે યા કોઈ બીજા ઉઝરને લીધે માહે રમઝાનમાં રોઝા રાખી ન શકે, તેના માટે દિવસ દરમ્યાન સ્ત્રીસંભોગ મકરૂહ છે, એવી જ રીતે પેટ ભરી ખાવું, પીવું પણ મકરૂહ છે.

## જે લોકો ઊપર રોઝા વાજિબ નથી

**મસઅલો ૧૭૩૪** : જે શખ્સ ઘડપણને કારણે યા અસહ્ય તકલીફ અને ઝેહમતને લીધે રોઝા ન રાખી શકતો હોય, તેના ઉપર રોઝો રાખવો વાજિબ નથી. પણ અસહ્ય તકલીફને કારણે રોઝો ન રાખનાર ઉપર વાજિબ છે કે દરેક રોઝા બદલ એક મુદ અનાજ, જેમકે ઘઉં, જવ યા રોટલીઓ વીગેરે ફકીરને આપે.

**મસઅલો ૧૭૩૫** : જે શખ્સ ઘડપણને કારણે રોઝા ન રાખ્યા હોય, તે અગર માહે રમઝાન બાદ કોઈ સમયે રોઝા રાખવા સશક્ત હોય, તો એહતીયાતે મુસ્તહબ છે કે રોઝાઓની કઝા આપે.

**મસઅલો ૧૭૩૬** : જે શખ્સને વધુ પડતી પ્યાસની બીમારી હોય, કે જેને કારણે એ પ્યાસ સાંખી ન શકે, અથવા વધુ પડતી ઝેહમત થતી હોય, તો તેના ઉપર રોઝો વાજિબ નથી, પણ વધુ પડતી ઝેહમત થતી હોય, તો દરેક રોઝા બદલે એક મુદ અનાજ ફકીરને દેવુ જોઈએ, એહતીયાતે મુસ્તહબ છે કે જરૂરતથી વધુ પાણી ન પીએ, અને જો આગળ જતા એવો સંજોગ થાય કે રોઝો રાખી

શકે, તો એહતીયાતે મુસ્તહબ છે કે કઝા આપે.

**<u>મસઅલો ૧૭૩૭</u>** : જે હામેલા ઓરત માટે બાળકને જન્મ આપવાનો સમય નજીક હોય, અને રોઝાથી એને અથવા એના હમલને નુકસાન પહોચવાનો સંભવ હોય, તેના ઉપર રોઝો વાજિબ નથી. અને એ દરેક રોઝા બદલ ફકીરને એક મુદ અનાજ આપશે. ઉપરાંત બંને સંજોગમાં એ મૂકેલા રોઝાઓની કઝા પણ આપશે.

**<u>મસઅલો ૧૭૩૮</u>** : જે ઓરત બચ્ચાને ધવરાવતી હોય, ચાહે એ માતા હોય, યા ઉજરત લઈ કે ઉજરત વગર દૂધ પીવડાવનાર અન્ય સ્ત્રી હોય, અને એને દૂધ ઓછું આવતું હોય, તો જો રોઝાને કારણે એને યા બચ્ચાને નુકસાન થતું હોય, તો એના ઉપર રોઝા વાજિબ નથી. પણ દરેક મૂકી આપેલા રોઝા બદલ ફકીરને એક મુદ અનાજ આપશે. ઉપરાંત બંને સંજોગમાં રોઝાની કઝા પણ આપશે.

પરંતુ એહતીયાતે વાજિબની રૂએ આ હુકમ ફકત એવા સંજોગમાં લાગું પડે છે કે જયારે બચ્ચાને દૂધ પીવડાવવાનો એ એક જ રસ્તો હોય. પણ જો બીજો એવો ઉપાય હોય, જેમકે અનેક સ્ત્રીઓ એ બચ્ચાને દૂધ પીવડાવવામાં શીરક્ત કરે, તો પછી આ હુકમનું સાબિત હોવું ઈશ્કાલથી ખાલી નથી.

## ચાંદ સાબિત થવાની રીતો

**<u>મસઅલો ૧૭૩૯</u>** : મહિનાની પહેલી તારીખ ચાર રીતે સાબિત થશે :

**(૧)** જયારે ઈન્સાન પોતે ચાંદ જુએ:

**(૨)** જયારે લોકોનો એક સમુહ કહે કે તેઓ એ ચાંદ જોયો છે, પણ તેમાં એ શરત છે કે તેમના કહેવાથી યકીન કે ઈત્મિનાન પેદા થાય. એવી જ રીતે દરેક એ વસ્તુ કે જેને કારણે યકીન કે ઈત્મિનાન હાંસિલ થાય;

**(૩)** જયારે બે આદીલ પુરૂષો એમ ગવાહી આપે કે તેઓ એ રાત્રે ચાંદ જોયો હતો. પણ ચાંદના વર્ણનમાં બે વચ્ચે તફાવત હોય, તો મહિનાની પહેલી તારીખ સાબિત નહીં થાય.

અને જો એ બે આદીલોની ગવાહી સામે સ્પષ્ટ યા સૂચિત વિરોધ હોય, જેમકે, શહેરના એક સમુહે ચાંદ જોવાની કોશિશ કરી હોય, અને એ બે આદીલો સિવાય કોઈએ ચાંદ જોયા હોવાનો દાવો ન કર્યો હોય, અથવા એક ગીરોહે ચાંદ જોવાની કોશીષ કરી હોય, અને એ બે આદીલો સિવાય કોઈ ચાંદ જોયાનો દાવો ન કરે, હાલાકે એ ગીરોહમાં બીજા એવા બે આદીલો એમના જેવા જ જાણકાર અને ગુણો ધરાવનાર મોજૂદ હોય, તો એવા સંજોગોમાં એ બે આદીલોની

ગવાહી માન્ય નહીં રહે.

**(૪)** જયારે માહે શાબાનની પહેલી તારીખથી ત્રીસ દિવસ પૂરાં થઈ જાય ત્યારે માહે રમઝાનની પહેલી તારીખ સાબિત થશે; એવી જ રીતે માહે રમઝાનની પહેલી તારીખથી ત્રીસ દિવસ પસાર થઈ જતાં શવ્વાલની પહેલી તારીખ સાબિત થઈ જશે.

**મસઅલો ૧૭૪૦** : હાકીમે શરઅના હુકમથી મહિનાની પહેલી તારીખ સાબિત થતી નથી, અને એ વિષે એહતીયાત કરવું બેહતર છે.

**મસઅલો ૧૭૪૧** : નજુમીઓની આગાહીથી કે ભવિષ્યવાણીથી મહિનાની પહેલી તારીખ સાબિત નહીં થાય. પણ જો ઈન્સાનને એમની ગણત્રીથી યકીનકે ઈત્મિનાન હાંસિલ થાય, તો તે મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૧૭૪૨** : ચાંદ અગર ઊંચો હોય, અથવા આથમવામાં મોડું થાય, તો એથી એમ સાબિત નહીં થાય કે ગઈ રાત ચાંદ રાત હતી. એ પ્રમાણે ચાંદની આસપાસ ફરતું તેજનું વર્તુળ દેખાય, તો એમ નહીં કહી શકાય કે ગઈ રાતનો ચાંદ છે.

**મસઅલો ૧૭૪૩** : અગર કોઈ શખ્સ માટે માહે રમઝાન સાબિત ન થાય, અને એ રોઝો ન રાખે, અને ત્યાર બાદ સાબિત થાય કે મહિનાની પહેલી તારીખ હતી. તો એના ઉપર એ દિવસની કઝા વાજિબ છે.

**મસઅલો ૧૭૪૪** : અગર એક શહેરમાં ચાંદ સાબિત થાય, તો જેટલા શહ્રેની ક્ષિતિજ એ શહેરની ક્ષિતિજ સાથે હરોળમાં હોય, ત્યાં પણ ચાંદ સાબિત ગણાશે. ક્ષિતિજનું એક હોવું કે હરોળમાં હોવાનો અર્થ આ મસઅલામાં એ છે કે અગર એક શહેરમાં ચાંદ દેખાય તો બીજા શહેરમાં, જો કોઈ અંતરાય ન હોય, તો ચાંદની રૂઅયત થઈ શકે.

**મસઅલો ૧૭૪૫** : ટેલીગ્રામથી મહિનાની પહેલી તારીખે સાબિત નહી થાય, સિવાય કે ઈન્સાનને ખાત્રી હોય કે ટેલીગ્રામ બે આદીલોની સાક્ષી ઉપર યા બીજા શરઈ મોઅતબર રીત ઉપર આધાર રાખીને કરવામાં આવ્યો છે.

**મસઅલો ૧૭૪૬** : જયારે ઈન્સાનને ખબર ન હોય કે માહે રમઝાનનો છેલ્લો દિવસ છે કે માહે શવ્વાલનો પહેલો છે, ત્યારે એ દિવસે રોઝો રાખવો જોઈએ. પણ જો દિવસ દરમ્યાન સાબિત થાય કે શવ્વાલની પહેલી તારીખ છે, તો તરત ઈફતાર કરવી જરૂરી છે.

**મસઅલો ૧૭૪૭** : અગર કોઈ કેદી માહે રમઝાન સંબંધી ખાત્રી ન કરી શકે, તો અનુમાન

મુજબ અમલ કરશે, પણ તેમાં જે અનુમાન પ્રત્યે વધુ ભારપૂર્વક વલણ હોય તે મુજબ અમલ કરે; કમઝોર અનુમાન ઉપર અમલ નહી કરી શકે.

જે સંજોગમાં એ કેદી અનુમાન પણ ન કરી શકે, ત્યારે કોઈ એકાદ મહિનાને માહે રમઝાન તરીકે ધારીને રોઝો રાખે, અને એ મહિનાનો ખ્યાલ રાખે, આગળ જતાં જો એને માલૂમ થાય કે એ મહિનો રમઝાનનો હતો, યા એ પછીનો હતો, તો તેના ઉપર કોઈ ઝીમ્મો નહી રહે. પણ જો એમ માલૂમ થાય કે એ મહિનો રમઝાન પહેલાંનો હતો, તો રોઝાઓની કઝા આપશે.

## હરામ અને મકરૂહ રોઝા

**મસઅલો ૧૭૪૮** : ઈદુલ ફીત્ર અને ઈદુલ અઝહાના દિવસે રોઝો રાખવો હરામ છે. એવી રીતે અગર ઈન્સાનને ખબર ન હોય કે શાઅબાનનો છેલ્લો દિવસ છે યા માહે રમઝાનનો પહેલો છે, તો એ દિવસે માહે રમઝાનની પહેલીની નિય્યતથી રોઝો રાખવો હરામ છે.

**મસઅલો ૧૭૪૯** : અગર કોઈ સ્ત્રીના મુસ્તહબ રોઝાથી તેના શવહરનો હક જળવાતો ન હોય, તો એનો રોઝો હરામ ગણાશે. અને એહતીયાતે વાજિબ એ છે કે હક જળવાતો હોય તો પણ શવહરની રજા વગર મુસ્તહબ રોઝો ન રાખે.

**મસઅલો ૧૭૫૦** : અગર ભાવના અને મમતાના કારણે માબાપને દુ:ખ પહોચતું હોય તો અવલાદ માટે મુસ્તહબ રોઝો રાખવો હરામ છે.

**મસઅલો ૧૭૫૧** : અગર પુત્ર પોતાના બાપની રજા વિના મુસ્તહબ રોઝો રાખે, અને દિવસ દરમ્યાન બાપ તેને રોઝાની મનાઈ કરે, તો અગર એની વિરૂધ્ધ વર્તવાથી બાપની ભાવના દુ:ખાતી હોય, તો તરત ઈફતાર કરી લેવું જોઈએ.

**મસઅલો ૧૭૫૨** : અગર કોઈ શખ્સને ખાત્રી હોય કે રોઝાથી એને કોઈ નોંધપાત્ર નુકસાની થવાની નથી, તો અગરચે ડોકટર મનાઈ કરે તો પણ રોઝો રાખવો જોઈએ. અને અગર એને યકીન કે અનુમાન હોય કે રોઝો એના માટે નુકસાન ક્ર્તા છે, તો ડોકટર હા પાડે તો પણ રોઝો ન રાખવો જોઈએ. અને જો એવા સંજોગમાં રોઝો રાખે કે ખરેખર વાસ્તવમાં નુકસાનકારક હોય, અથવા એ રોઝામાં કુરબતનની નિય્યત સાબિત ન થતી હોય, તો રોઝો સહીહ ન ગણાય.

**મસઅલો ૧૭૫૩** : અગર ઈન્સાનને એવું ગુમાન હોય કે રોઝા તેના માટે નુકસાનકર્તા છે, અને એ ગુમાનથી તેના મનમાં બીક પેસી જાય, તો અગર એ અનુમાન લોકોની નજરે સામાન્ય રીતે વ્યાજબી હોય, તો એવા સંજોગમાં એ રોઝો ન રાખે, અને તે છતાંય જો રોઝો રાખે, તો ઉપરોકત

મસઅલામાં જણાવેલ સંજોગમાં તેનો રોઝો સહીહ નહીં ગણાય.

**મસઅલો ૧૭૫૪** : જે શખ્સનું માનવું હોય કે રોઝાથી એને કોઈ નુકસાન નહીં થાય, અને રોઝો રાખ્યા બાદ મગરિબ થતાં એને જાણ થાય કે રોઝો નોંધપાત્ર રીતે નુકસાનકારક સાબિત થયો છે, તો એહતીયાતે વાજિબની રૂએ એ રોઝાની કઝા આપશે.

**મસઅલો ૧૭૫૫** : ઉપર જણાવ્યા રોઝાઓ ઉપરાંત, બીજા હરામ રોઝાઓ પણ છે, જેનો ઉલ્લેખ કિતાબોમાં સવિસ્તાર થયો છે.

**મસઅલો ૧૭૫૬** : આશુરાના દિવસે રોઝો મકરૂહ છે, એવી જ રીતે જે દિવસે ઈન્સાનને શક હોય કે અરફાનો દિવસ છે યા ઈદુલ અઝહા, તો એ દિવસે રોઝો મકરૂહ છે.

## મુસ્તહબ રોઝા

**મસઅલો ૧૭૫૭** : ઉપર જણાવેલા હરામ અને મકરૂહ રોઝા સિવાય વર્ષ દરમ્યાન કોઈ પણ દિવસે રોઝો રાખવો મુસ્તહબ છે, અલબત્ત અમુક દિવસો માટે ભારપૂર્વક સિફારસ અને તાકીદ થઈ છે જેનો અહી ઉલ્લેખ કરીએ છીએ :

**(૧)** દર મહિનાનાં પહેલા અને છેલ્લા ગુરૂવારે અને દસમી તારીખ બાદ પહેલાં બુધવારે રોઝો મુસ્તહબ છે, અગર કોઈ એ રોઝાઓ ન રાખી શકે, તો કઝા આપવી મુસ્તહબ છે. અને જે શખ્સ બીલકુલ ન રાખી શકતો હોય, તેના માટે મુસ્તહબ છે કે દરેક રોઝાની બદલ એક મુદ અનાજ અથવા શરીયતમાં નિયુકત પ્રમાણમાં ચાંદીના સિક્કાઓ ફકીરને આપે.

**(૨)** દરેક મહિનાની ૧૩, ૧૪ અને ૧૫ તારીખે;

**(૩)** રજબ અને શાઅબાનના મહિનાના રોઝાઓ; જો પૂરા મહિનામાં રોઝા ન રાખી શકે તો અમુક રાખે, અગરચે એક જ દિવસ હોય;

**(૪)** ઈદે નવરોઝનો રોઝો;

**(૫)** ૪થી અને ૯મી શવ્વાલનો રોઝો;

**(૬)** ૨૫મી અને ૨૯મી ઝિલ્કાદનો રોઝો;

**(૭)** પહેલીથી નવમી ઝિલ્હજના રોઝાઓ; પણ જો રોઝાને કારણે એટલી કમજોરી થાય કે અરફાના દિવસની દુઆઓ વીગેરે ન પઢી શકે, તો એ દિવસનો રોઝો મકરૂહ છે;

**(૮)** ઈદે ગદીરના મુબારક દિવસનો; (૧૮મી ઝિલ્હજ);

**(૯)** મુબાહેલાના દિવસે રોઝો; (૨૪ ઝિલ્હજ);

**(૧૦)** ૧લી, ૩જી અને ૭મી મોહરમનો રોઝો;

**(૧૧)** હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની વિલાદતના મુબારક દિવસે રોઝો;(૧૭ રબીઉલ અવ્વલ;)

**(૧૨)** ૧૫મી જમાદીલ અવ્વલનો રોઝો;

એવી જ રીતે ૨૭મી રજબ, પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની બઅસતના દિવસે રોઝો મુસ્તહબ છે.

જે શખ્સે મુસ્તહબ રોઝો રાખ્યો હોય, તેના માટે રોઝો પૂરો કરવો વાજિબ નથી. બલ્કે જો કોઈ મોઅમીન બિરાદર ખાણા માટે તેની દાવત કરે, તો મુસ્તહબ છે કે એની દાવત કબૂલ કરે, અને દિવસ દરમ્યાન ખાઈ લીએ, અગરચે એ દાવત ઝોહર બાદ હોય.

## રોઝો તોડનાર વસ્તુઓથી બચવું જયાં મુસ્તહબ છે

**મસઅલો ૧૭૫૮** : **પાંચ** પ્રકારના લોકો માટે મુસ્તહબ છે કે માહે રમઝાનમાં રોઝેદાર ન હોવા છતાં રોઝાને તોડનાર અમલ ન બજાવી લાવે :

**(૧)** જે મુસાફર સફર દરમ્યાન રોઝો તોડી નાખ્યો હોય, અને ઝોહર પહેલાં પોતાના વતને અથવા એવી જગ્યાએ પહોંચે કે જયાં દસ દિવસ રોકાવાનો ઈરાદો રાખતો હોય;

**(૨)** જે મુસાફર ઝોહર બાદ પોતાના વતને પહોંચે,અથવા એવી જગ્યાએ પહોંચે કે જયાં દસ દિવસ રોકાવા માંગતો હોય, એવી જ રીતે જો ઝોહરથી પહેલાં પહોંચે, અને પહેલેથી સફર દરમ્યાન રોઝો તોડી ચૂકયો હોય;

**(૩)** જે બીમાર ઝોહર બાદ સાજો થાય, અથવા ઝોહર પહેલાં તંદુરસ્ત થાય, પણ રોઝાને બાતિલ કરનાર અમલ બજાવી લાવી ચૂકયો હોય;

અગર ઝોહર પહેલાં સાજો થાય, અને કોઈ એવો અમલ બજાવી લાવ્યો ન હોય કે જે રોઝાને તોડે છે, તો પછી ૧૫૭૬ મસઅલા પ્રમાણે અમલ કરશે.

**(૪)** જે સ્ત્રી દિવસ દરમ્યાન હૈઝ અથવા નિફાસથી પાક થઈ જાય.

**મસઅલો ૧૭૫૯** : મુસ્તહબ છે કે રોઝેદાર નમાઝે મગરિબ અને ઈશા ઈફતારથી પહેલાં પડે પણ અગર કોઈ એની રાહ જોઈ રહ્યો હોય, અથવા પોતે ભૂખને કારણે ખાવા પ્રત્યે બેહદ વલણ ધરાવતો હોય, જેથી મનને પરોવી નમાઝ પડવા અશક્ત હોય, તો બેહતર છે કે પહેલાં ઈફતાર કરી લીએ, પણ બની શકે ત્યાં સુધી નમાઝને તેની ફઝીલતના વખતમાં અદા કરે.

# ખુમ્સના એહકામ

**<u>મસઅલો ૧૭૬૦</u>** : **સાત** વસ્તુઓ ઉપર ખુમ્સ વાજિબ થાય છે :

**(૧)** કમાણીથી થયેલ નફા ઉપર;

**(૨)** ખનીજ ઉપર;

**(૩)** જમીનમાં દટાયેલા ખજાના ઉપર;

**(૪)** જે હલાલ માલમાં હરામ માલની ભેળસેળ થઈ હોય તે ઉપર;

**(૫)** સમુદ્રમાં ડુબકી મારીને કાઢવામાં આવેલા ઝવેરાત ઉપર;

**(૬)** લડાઈને કારણે મેળવેલ દુશ્મનના માલ ઉપર;

**(૭)** મશ્હૂર કોલ પ્રમાણે એ જમીન ઉપર કે જે ઝિમ્મી કાફિરે મુસલમાન પાસેથી ખરીદી હોય;

એ સર્વેની વિગતો નીચે મુજબ છે :

## ૧. ધંધા વિગેરેનો નફો

**<u>મસઅલો ૧૭૬૧</u>** : જયારે ઈન્સાન વેપાર, ઉધોગ કે હુન્નર વીગેરેથી કમાણી હાંસિલ કરે, ચાહે એ કમાણી કોઈ મય્યીતની ઈજારાની નમાઝ પડીને કે રોઝા રાખીને પ્રાપ્ત કરી હોય, તેમાં વર્ષ દરમ્યાન પોતાના તેમજ પોતાના પરિવારનો ખર્ચ બાદ કરતા જે વધે તેના ઉપર પાંચમો ભાગ, જેને ખુમ્સ કહેવાય છે, વાજિબ થાય છે, તેની વિગતો હવે પછીના મસાઈલમાં આવતી રહેશે.

**<u>મસઅલો ૧૭૬૨</u>** : અગર ઈન્સાનને કોઈ માલ કમાણી સિવાય બીજે રસ્તે હાંસિલ થાય, જેમકે કોઈ એને ભેટ કે તોહફો રૂપે આપે, તો વર્ષના ખર્ચ પછી જો તેમાંથી કાંઈ વધે, તો તેના ઉપર ખુમ્સ વાજિબ થશે.

**<u>મસઅલો ૧૭૬૩</u>** : પત્નીને શવહર તરફથી મહરની રકમ મળે, અથવા ખુલઆની તલાક આપવાથી પતિ તરફથી પત્ની જે માલ મેળવે, તેના ઉપર ખુમ્સ નથી. એવી જ રીતે જે વારસો ઈન્સાનને શરીઅતના વારસા માટેના નિયુકત કાયદાઓ મુજબ મળે તેના ઉપર ખુમ્સ નથી.

પણ અગર એક ઈન્સાન શિયા મુસલમાન હોય, અને એને એવો વારસો મળે કે જે ફીકહે જઅફરી મુજબ નથી, જેમકે તઅસીબ ની રૂએ એહલે સુન્નતની ફીકહ પ્રમાણે વારસો મળે, તો એને નફો ગણાશે, અને તેના ઉપર ખુમ્સ દેશે. એવી જ રીતે જો બાપ યા દીકરા સિવાય કોઈ બીજા તરફથી અણધારી રીતે વારસો પામે, તો એહતીયાતે વાજિબ છે કે વર્ષનો ખર્ચ બાદ કરતાં તેમાં જે વધે તેના

ઉપર ખુમ્સ અદા કરે.

**મસઅલો ૧૭૬૪** : અગર કોઈ શખ્સને વારસામાં માલ મળે, અને એને ખબર હોય કે જેનો વારસો મળ્યો છે તે શખ્સે આ માલમાંથી ખુમ્સ અદા કર્યું ન હતું, તો મળેલ વારસામાંથી ખુમ્સ આપવું વાજિબ છે.

અગર વારીસને જે વારસો મળ્યો છે તે માલ ઉપર ખુમ્સ ન હોય, પણ એને ખબર હોય કે જે શખ્સનો વરસો મળ્યો છે તેનાં ખુમ્સનું કરજ બાકી હતું, તો વાજિબ છે કે એના માલમાંથી પહેલાં ખુમ્સ અદા કરે.

પણ બંને સંજોગમાં જો એવું હોય કે જેને વારસો મળ્યો છે તે શખ્સ કોઈ કાળે ખુમ્સ કાઢતો જ ન હતો, અથવા ખુમ્સ વિષે અકીદો ધરાવતો ન હતો, તો વારીસ ઉપર વાજિબ નથી કે એના ઉપર રહી ગયેલ ખુમ્સ અદા કરે.

**મસઅલો ૧૭૬૫** : અગર કરકસર કરવાથી કોઈ શખ્સ પાસે વર્ષના ખર્ચ બાદ કાંઈ વધારો રહે, તો તેના ઉપર ખુમ્સ વાજિબ થશે.

**મસઅલો ૧૭૬૬** : જે શખ્સનો બધો ખર્ચ કોઈ બીજાએ ઉપાડી લીધો હોય, તે શખ્સ ઉપર વાજિબ છે કે તેની પૂરેપૂરી કમાણી ઉપર ખુમ્સ આપે.

**મસઅલો ૧૭૬૭** : અગર કોઈ શખ્સ મિલકતને અમુક લોકો માટે, જેમકે પોતાની અવલાદ માટે, વકફ કરે, અને એ મિલકત એવી હોય કે તેમાં ખેતીવાડી કરીને એમને કમાણી થતી હોય તો વર્ષનો ખર્ચ બાદ કર્યા બાદ એમાંથી જે વધે તેનાં ઉપર તેઓ ખુમ્સ આપશે. અને ખેતીવાડી સિવાય બીજી રીતે એ મિલકતથી નફો મળતો હોય, જેમકે ભાડે આપેલી હોય, તો પણ વર્ષનો ખર્ચ બાદ કરીને તેમાંથી ખુમ્સ દેવું વાજિબ છે.

**મસઅલો ૧૭૬૮** : અગર કોઈ ફકીરને વાજિબ યા મુસ્તહબ સદકો મળતો હોય, અને તેમાં વર્ષનો ખર્ચ કાઢવા બાદ વધારો રહે તો તેના ઉપર ખુમ્સ વાજિબ થશે. એ પ્રમાણે જો તેને કોઈ એવો માલ આપવામાં આવ્યો હોય કે જેમાંથી આવક થતી હોય, જેમકે, એને કોઈ ઝાડ આપવામાં આવ્યું, જેના ફળોની વહેંચણીથી ગુજરાન ચલાવતો હોય, તો જો વર્ષનો ખર્ચ કાઢવા બાદ વધારો રહે તો તેના ઉપર ખુમ્સ વાજિબ થશે. પણ જો એ ફકીરને ખુમ્સ કે ઝકાત તરીકે માલ આપવામાં આવ્યો હોય, તો એ માલ ઉપર ખુમ્સ દેવું લાઝિમ નથી.

**મસઅલો ૧૭૬૯** : અગર કોઈ શખ્સ એવી મુઅય્યન રકમથી માલ ખરીદે કે જેમાંથી ખુમ્સ

આપવામાં ન આવ્યું હોય, એટલે કે વહેંચનારને એમ જણાવે કે હું આ માલ આ રકમથી ખરીદી રહ્યો છું, અને વહેંચનાર શિયા ઈસ્નાઅશરી હોય, તો એ મામલો આખાય માલ માટે દુરસ્ત ગણાશે અને હવે એ રકમથી જે માલ ખરીદયો છે, તેના ઉપર ખુમ્સ લાગુ પડશે. આ મામલાતની દુરસ્ત માટે મુજતહેદની રજા કે સહીની જરૂરત નથી.

**મસઅલો ૧૭૭૦** : અગર કોઈ શખ્સ માલ યા જણસ ખરીદી લીએ, અને મામલો નક્કી થયા બાદ તેની કિંમત એવા નાણામાંથી ભરપાઈ કરે કે જેનું ખુમ્સ આપ્યું ન હોય, તો મામલો સહીહ ગણાશે, પણ વહેંચનારને જે પેસા આપ્યા છે તે પેટે ખુમ્સના મુસ્તહેકોનો પોતે કરજદાર ગણાશે.

**મસઅલો ૧૭૭૧** : અગર કોઈ શિયા ઈસ્નાઅશરી મુસલમાન એવો માલ એવો માલ ખરીદે કે જેનું ખુમ્સ અદા ન થયું હોય, તો ખુમ્સનો ઝિમ્મો વેચનાર ઉપર છે, ખરીદનાર ઉપર કોઈ ઝિમ્મો નથી.

**મસઅલો ૧૭૭૨** : અગર કોઈ શખ્સ એક શિયા ઈસ્નાઅશરી મુસલમાનને એવી ભેટ કે બક્ષીસ આપેકે જેનું ખુમ્સ અદા ન કર્યુ હોય, તો તેનો ઝિમ્મો ભેટ આપનાર ઉપર છે, લેનાર ઉપર નહી.

**મસઅલો ૧૭૭૩** : અગર કોઇ શખ્સને કાફિર અથવા એવા શખ્સ પાસેથી માલ પ્રાપ્ત થાય કે જેનો ખુમ્સ સંબંધી અકીદો ન હોય, તો એ માલ ઉપર ખુમ્સ નથી.

**મસઅલો ૧૭૭૪** : વેપારી ઉધોગી કે હુન્નર કળા ધરાવનાર વીગેરે જયારથી ધંધો કે કમાણી શરૂ કરે, ત્યારથી વર્ષ વીતી ગયા બાદ, વર્ષનો ખર્ચ હિસાબ કરીને જે વધે તેના ઉપર ખુમ્સ કાઢશે. અને જે શખ્સ કમાણી ન કરતો હોય, તેને જો અણધારી રીતે કોઇ નફો મળે, તો નફા મળવાની તારીખથી વર્ષ વિતી ગયા સુધી, ખર્ચ બાદ કરી જે વધે તેના ઉપર ખુમ્સ કાઢશે.

**મસઅલો ૧૭૭૫**: અગર કોઇ શખ્સ ચાહે કે વર્ષ દરમીયાન જયારે પણ નફો હાંસિલ કરે ત્યારે તેનું ખુમ્સ અદા કરે, તો એ મુજબ કરી શકે છે, અને જો ખુમ્સની અદાયગી વર્ષની આખરીએ કરવા માંગેતો પણ જાએઝ છે, એવીજ રીતે ખુમ્સની અદાયગી માટે રોમન કેલેન્ડર મુજબ વર્ષ નિયુકત કરે તો પણ વાંધો નથી.

**મસઅલો ૧૭૭૬** : અગર કોઇ વેપારી કે કમાણી કરનાર શખ્સ ખુમ્સની અદાયગી માટે વર્ષની મુદ્દત રાખતો હોય, તે નફો હાંસિલ કરે અને વર્ષ દરમીયાન ગુજરી જાય તો તેના મરણ સુધીના ખર્ચનો હિંસાબ કરી નફા માથી બાદ કરવામા આવશે, અને બાકી રહેલા માલમાંથી ખુમ્સ આપશે.

**મસઅલો ૧૭૭૭** : અગર કોઇ શખ્સ વેપાર માટે કોઇ જણસ ખરીદે, અને તેનો ભાવ ઉપર જતા એ ન વહેચેં, અને વર્ષ દરમ્યાન ભાવ પાછા નીચા થાય, તો ભાવમાં જેટલો વધારો થયો હતો

તેટલા વધારા ઉપર ખુમ્સ વાજિબ નથી.

**મસઅલો ૧૭૭૮** : અગર વેપાર માટે ખરીદેલ જણસની કિંમત વધે, પણ એ આશાએ ન વહેંચે કે હજી ભાવ વધશે, અને વર્ષ પૂરૂં થવા બાદ સુધી ન વેચે, અને ભાવ હેઠાં પડે, તો જેટલા પ્રમાણમાં ભાવ ઊંચા ગયા હતા, તેટલા પ્રમાણમાં ખુમ્સ આપવું વાજિબ છે.

**મસઅલો ૧૭૭૯** : અગર કોઇ શખ્સને વેપાર માટેની માલમતા સિવાય, ખરીદ કરવાથી યા બીજે કોઈ રસ્તે, માલ હાંસિલ થાય, જેનું ખુમ્સ આપી ચૂકયો હોય, અને એ માલની કિંમત વધી જાય, તો વહેંચી નાખ્યા બાદ જે નફો પ્રાપ્ત થાય તેના ઉપર ખુમ્સ વાજિબ છે, દાખલા તરીકે ખરીદેલ ઝાડમાં ફળ લાગે, અથવા સાચવેલાં ઘેંટાં બકરાં માંસલ અને માતેલાં થાય, તો જો એ રીતે એમાંથી નફો કમાવવાનો પહેલથી ઈરાદો હતો, તો નફા ઉપર ખુમ્સ લાગુ પડશે; બલ્કે જો નફો મેળવવાનો પહેલથી ઈરાદો ન હોય, તો પણ નફા ઉપર ખુમ્સ છે.

**મસઅલો ૧૭૮૦** : અગર કોઈ શખ્સ બાગ અથવા વાડીમાં વાવેતર કરે, અને એવો ઈરાદો રાખે કે તેની કિંમત વધી જતાં એ વહેંચી નાંખશે, તો એના ઉપર વાજિબ છે કે ફળો વૃક્ષોના વિકાસ અને બાગની વધેલી કિંમત ઉપર ખુમ્સ આપે. પણ જો એનો ઈરાદો હતો કે ફળોને વહેંચીને નફો હાંસિલ કરશે, તો માત્ર ફળો ઉપર ખુમ્સ લાગુ પડશે.

**મસઅલો ૧૭૮૧** : અગર કોઈ શખ્સ નેતર અથવા એવી જાતના વૃક્ષ ઉગાડે, તો દર વર્ષે તેમં જે વિકાસ થાય તેના ઉપર ખુમ્સ કાઢવું જોઈએ. એવી જ રીતે દાખલા તરીકે, એ વૃક્ષની ડાળીઓ કે જે સામાન્ય રીતે કપાય છે, એકલા તેના વેચાણથી, યા બીજા નફાઓ સાથે, એની કમાણી વર્ષના ખર્ચથી વધે, તો વર્ષની આખરે તેના ઉપર ખુમ્સ દેવું જોઈએ.

**મસઅલો ૧૭૮૨** : અગર કોઈ શખ્સની એકથી વધુ આવક હોય, જેમકે ભાડાની આવક હોય, અને સાથે વેપાર પણ કરતો હોય, તો જયાં સુધી એ એક જ આવકનું સાધન તરીકે ગણાતું હોય, એટલે કે વેપારની જ આવક ગણાતી હોય, અને એનો હિસાબ કિતાબ એક જ હોય, તો વર્ષની આખરે ખર્ચ બાદ કર્યા પછી જે બાકી રહે, તેના ઉપર ખુમ્સ વાજિબ થશે. આ સંજોગમાં જો એક આવકમાં નફો રહે, અને બીજી આવકમાં નુકસાની થાય, તો નુકસાનીને નફામાંથી વળતર આપી શકશે.

પરતું જો આવકના સાધનો અલગ અલગ હોય, જેમકે વેપાર કરતો હોય, અને ખેતીવાડી પણ કરતો હોય, તો એહતીયાતે વાજિબની રૂએ એક વિભાગને થયેલી નુકસાનીને બીજા વિભાગમાં નફામાંથી વળતર નહી આપી શકે છે.

**મસઅલો ૧૭૮૩** : નફો હાંસિલ કરવા માટે ઈન્સાન જે ખર્ચ કરે, જેમકે દલાલી કે માલ સામાનના પરિવહન માટે ચુકવણી કરે, તે ખર્ચ નફામાંથી બાદ કરી શકે છે, અને એ ખર્ચ ઉપર ખુમ્સ લાગુ નહી થાય.

**મસઅલો ૧૭૮૪** : વર્ષ દરમ્યાન કમાણીમાં જે નફો થાય, તે નફો ખાધા, ખોરાકી, પહેરવેશ, ઘરસામ્રગી, રહેવા માટે મકાન ખરીદ, દીકરાની શાદી, દીકરીનો દહેજ, ઝિયારતો માટે, એવા અન્ય કામો માટે વાપરી શકાય છે, અને તેના ઉપર ખુમ્સ વાજિબ નથી, પણ એમાં શરત એ છે ક પોતાની હેસીયતથી વધુ ન વાપરે, અને ફુઝુલ ખર્ચી ન કર.

**મસઅલો ૧૭૮૫** : જે ધન ઈન્સાન નઝર અને કફ્ફારાની અદાયગી માટે આપે, તે વર્ષના ખર્ચમાં આવી જાય છે, એવી જ રીતે પોતાની હેસીયતની હદમાં રહી જે ભેટ સોગાદ આપે, તેનો પણ વર્ષ દરમ્યાનાન ખર્ચામાં સમાવેશ થશે.

**મસઅલો ૧૭૮૬** : અગર કોઈ શખ્સ શાદી પ્રસંગ દીકરીનું દહેજ એકી સાથે તૈયાર ન કરી શકતો હોય, બલ્કે એ માટે આસ્તે આસ્તે અમુક વર્ષ એને ત્યારી કરવી પડે, અને દહેજ ન દેવું એના સામાજિક મોભાની વિરૂધ્ધ હોય, તો જો વર્ષ દરમ્યાન નફામાંથી દહેજનો અમુક ભાગ ખરીદે, કે જે એની હેસીયત મુજબ હોય, તો એના ઉપર ખુમ્સ લાગુ નહી પડે. પણ જો પોતાની હેસીયતથી વધારે ખર્ચ કરે, યા એ વર્ષના નફામાંથી પછીના વર્ષોમાં દહેજ માટે વસ્તુઓ ખરીદે, તો ખુમ્સ દેવું વાજિબ છે.

**મસઅલો ૧૭૮૭** : જે ધન ઈન્સાન હજ અથવા બીજી પવિત્ર ઝીયારતો માટે વાપરે, તે જે વર્ષે ખર્ચ કર્યો હોય, એ વર્ષની જાવકમાં ગણાશે, અને જો એ સફર એવી રીતે લંબાય કે બીજા વર્ષમાં દાખલ થાય, તો બીજા વર્ષે જે ખર્ચે તેના ઉપર ખુમ્સ લાગુ પડશે.

**મસઅલો ૧૭૮૮** : જે શખ્સ પાસે વેપાર વિગેરેથી મેળવેલ નફા ઉપરાંત બીજો એવો માલ પણ હોય કે જેના ઉપર ખુમ્સ વાજિબ ન હોય, તો પણ પોતાના વર્ષના ખર્ચને માત્ર નફામાંથી બાદ કરી શકે છે.

**મસઅલો ૧૭૮૯** : જે ખાધ સામગ્રી કે પુરવઠો ઈન્સાન પોતાના નફામાંથી વર્ષ દરમ્યાન વપરાશ માટે ખરીદે, તે વર્ષના છેડે જો વધી પડે, તો તેના ઉપર ખુમ્સ વાજિબ છે અને જો એની કિમત અદા કરવા માગે, તો અગર તેની કિંમત પડતર કરતા વધી ગઈ હોય, તો વર્ષના છેડે જે કિમત હોય તે મુજબ અદા કરશે.

**મસઅલો ૧૭૯૦** : અગર કોઈ શખ્સ ખુમ્સ આપ્યા પહેલાં નફામાંથી ઘર સામગ્રી ખરીદે અને

એ જ વર્ષ પુરૂ થયા બાદ એ સામગ્રીની જરૂરત બાકી ન રહે, તો તેના ઉપર ખુમ્સ દેવું લાઝિમ નથી.

એવી જ રીતે જો વર્ષ દરમ્યાન તેની જરૂરત ન રહે, તો તેના ઉપર ખુમ્સ નથી, પણ એ સામગ્રી એવી હોવી જોઈએ કે જે સામાન્ય રીતે આવતા વર્ષ માટે રાખવામાં આવે છે, જેમકે ઉનાળાના અને શિયાળાના કપડાં વીગેરે એ સિવાયના સંજોગમાં જયારે પણ તેની જરૂરત ખલાસ થાય ત્યારે એહતીયાતે વાજિબની રૂએ તેનું ખુમ્સ આપવું વાજિબ છે. એ જ પ્રમાણે જયારે કોઈ ઓરતના ઘરેણા, દાગીનાથી સુસજ્જ થવાનો ઝમાનો વીતી ગયો હોય, ત્યારે એ જ હુકમ છે.

**મસઅલો ૧૭૯૧** : અગર કોઈ શખ્સ એક વર્ષ નફો હાંસિલ ન કરે, તો એ વર્ષના ખર્ચને આવતા વર્ષના નફામાંથી વાળી નહી શકે.

**મસઅલો ૧૭૯૨** : અગર કોઈ શખ્સ વર્ષની શરૂઆતમા નફો હાંસિલ ન કરે, અને પોતાની મૂડીમાં વાપરે, અને વર્ષ ખલાસ થતાં પહેલાં નફો પ્રાપ્ત કરે તો મૂડીમાંથી લીધેલી રકમને નફામાંથી બાદ કરી શકશે.

**મસઅલો ૧૭૯૩** : અગર વેપાર વીગેરેમાં મૂડીની અમુક રકમ ખર્ચાઈ જાય, તો મૂડીમાં પડેલી ખાધને એ જ વર્ષના નફામાંથી પાછી લઈ શકશે.

**મસઅલો ૧૭૯૪** : મૂડી સિવાય અગર કોઈ બીજી માલમતા ખોવાઈ જાય કે બરબાદ થાય, તો તેને નફામાંથી વળતર આપીને ફરી હાંસિલ નહી કરી શકે; પણ જો તેને એ બરબાદ થયેલી વસ્તુની એ જ વર્ષ દરમ્યાન જરૂરત પડે, તો એ જ વર્ષના નફામાંથી પુન:હાંસિલ કરી શકે છે.

**મસઅલો ૧૭૯૫** : અગર કોઈ શખ્સ આખાય વર્ષમાં કોઈ નફો ન કરે, અને પોતાના ખર્ચને પહોચી વળવા કરજ લીએ, તો એ પછીના વર્ષમાં પામેલા નફામાંથી એ કરજની રકમને નહીં વાળી શકે. પણ જો વર્ષ ની શરૂઆતમાં પોતાના ખર્ચ માટે કરજ લીએ, અને વર્ષ પૂરૂં થાય એથી પહેલાં નફો પામે, તો એ નફામાં કરજની રકમ બાદ કરી શકશે. એવી જ રીતે પહેલાં સંજોગમાં જો વર્ષ દરમ્યાન વખતો વખત નફો પામતો રહ્યો હોય, તો તેમાંથી પોતાના કરજની ભરપાઈ કરી શકશે, અને તેના ઉપર ખુમ્સ લાગુ નહીં પડે.

**મસઅલો ૧૭૯૬** :અગર કોઈ શખ્સ પોતાના માલમાં વધારો કરવા માટે, અથવા એવી મિલકત ખરીદવા માટે કે જેની જરૂરત ન હોય, કરજ લ્યે, તો વર્ષના નફામાંથી એ કરજને વાળી નહીં શકે. અલબત, જો માલ અથવા ખરીદેલી મિલકત વીગેરે ખોવાય જાય કે બરબાદ થઈ જાય, તો એવા સંજોગમાં એ જ વર્ષના નફામાંથી પોતાનું કરજ અદા કરી શકશે.

**મસઅલો ૧૭૯૭** : જે માલમતા કે વસ્તુ ઉપર ખુમ્સ વાજિબ થયું હોય, એ જ માલમતામાંથી ખુમ્સની અદાયગી થઈ શકે છે. અથવા એ માલની કિંમત કરી નાણાં રૂપે પણ ખુમ્સ આપી શકાય છે. પણ એ માલ કે જણસ સિવાય બીજા કોઈ જણસમાંથી ખુમ્સ દેવા માગે, અને એ જણસ ઉપર ખુમ્સ લાગુ ન હોય, તો ઈશ્કાલ છે, સિવાય કે હાકીમે શરઅ પાસેથી તે માટે રજા લીધી હોય.

**મસઅલો ૧૭૯૮** : જે માલ ઉપર ખુમ્સ વાજિબ થઈ ગયું હોય, અને ઈન્સાન વર્ષ વીતી ગયા બાદ ખુમ્સ અદા ન કરે, અને અદા કરવાનો ઈરાદો ન રાખતો હોય, તો તે માલ ઉપર તેની મરજીનો કોઈ હક રહેતો નથી. બલ્કે એહતીયાતે વાજિબ એ છે કે ખુમ્સ અદા કરવાનો ઈરાદો ધરાવતો હોય તો પણ એ માલમાં વહીવટનો હક ધરાવતો નથી.

**મસઅલો ૧૭૯૯** : જે શખ્સ ઉપર ખુમ્સનું લેણુ હોય, તે પોતાને ખુમ્સનો દેવાદાર કરાર દઈ શકતો નથી. એટલે કે ખુમ્સના હકદાર લોકોનો દેવાદાર સમજીને પૂરા માલ ઉપ મરજીનો હક ધરાવે અને ફાવે તે રીતે વહીવટ કરે. બલ્કે જો એવી રીતે છુટથી વહીવટ કરે, અને એ માલ બરબાદ થઈ જાય, તો એનું ખુમ્સ વાજિબ રહેશે.

**મસઅલો ૧૮00** : અગર કોઈ શખ્સ ખુમ્સનો દેવાદાર હોય, અને હાકીમે શરઅની પરવાનગીથી ખુમ્સનો ઝીમ્મો લઈ લ્યે, તો એવા સંજોગમાં એ પૂરા માલ ઉપર મરજી મુજબનો હક ધરાવશે; અને એ પરવાનગી બાદ જે નફો પામશે એની માલિકીની ગણાશે.

**મસઅલો ૧૮0૧** : જે શખ્સ ભાગીદારીમાં હોય, અને પોતે નફા ઉપર ખુમ્સ અદા કરે, પણ તેનો ભાગીદાર ખુમ્સ ન આપે, અને બીજે વર્ષે એ ભાગીદાર મુડીમાં ખુમ્સ ન દિધેલી રકમનું રોકાણ કરે, તો એ શખ્સ અગર શિયા ઈશ્નાઅશરી મુસ્લિમ હોય તો એ માલ ઉપર વહીવટનો મરજી મુજબ હક રાખે છે.

**મસઅલો ૧૮0૨** : અગર સગીર વયનું બાળક પોતાની મૂડી ઉપર નફો પામે, તો અક્વા એ છે કે તેના ઉપર ખુમ્સ લાગુ પડશે, અને એ સગીર વયના વાલી ઉપર વાજિબ છે કે એ ખુમ્સ અદા કરે. જો વાલી ખુમ્સ ન આપે, તો સગીર જયારે બાલીગ થાય ત્યારે એના ઉપર એ ખુમ્સની અદાયગી વાજિબ થશે.

**મસઅલો ૧૮03** : અગર કોઈ શખ્સ બીજા પાસેથી માલ હાંસિલ કરે, અને શક કરે કે એ બીજાએ ખુમ્સ આપ્યું છે કે નહીં; તો એ માલમાં મરજી મુજબ વહીવટનો હક ધરાવે છે. બલ્કે જો યકીન હોય કે બીજાએ એ માલ ઉપર ખુમ્સ આપ્યું નથી, અને માલ લેનાર શખ્સ શિયા ઈશ્નાઅશરી મુસ્લિમ

હોય તો એ માલ ઉપર વહીવટનો હક ધરાવશે.

**મસઅલો ૧૮૦૪** : અગર કોઈ શખ્સ પોતાની કમાણીના નફામાંથી વર્ષ દરમ્યાન એવી મિલકત ખરીદે કે જેનો સમાવેશ વર્ષ દરમ્યાનના ખર્ચ કે જરૂરીયાતમાં ન થતો હોય, તો વાજિબ છે કે વર્ષ પૂરૂં થતાં તેનું ખુમ્સ અદા કરે. અગર ખુમ્સ ન આપે, અને એ મિલકતની કિંમતમાં વધારો થાય, તો લાઝિમ છે કે એની હાલની કિંમત ઉપર ખુમ્સ અદા કરે. એ જ હુકમ મિલકત સિવાયની ચીજોને લાગુ પડે છે; જેમકે ગાલીચા વીગેરે.

**મસઅલો ૧૮૦૫** : જે શખ્સે કોઈ કાળે ખુમ્સ ન આપ્યું હોય, તે દાખલા તરીકે કોઈ મિલકત ખરીદે અને એ મિલકતની કિંમત ઊંચે જાય, તો જો એ મિલકત એ ઈરાદાથી ન લીધી હોય કે તેની કિમત વધતા તે વેચી દેશે, તો જે કિંમતે ખરીદ કરી હોય, તેના ઉપર ખુમ્સ લાગું પડશે, જેમકે કોઈ ખેતર એવા નાણાંથી ખરીદે કે જે નાણામાંથી ખુમ્સ આપ્યું નહોય, તો ખરીદીની કિંમત ઉપર ખુમ્સ આપશે.

પણ જો ખરીદ સમયે વેચનારને એવા નાણાંમાંથી ચૂકવે કે જેનું ખુમ્સ આપ્યું ન હોય, અને ખરીદતી વેળા એમ કહે કે હું આ નાણાંથી આ મિલકત લઉ છું; તો પછી મિલકતની મોજૂદા કિંમત ઉપર ખુમ્સ દેશે.

**મસઅલો ૧૮૦૬** : જે શખ્સ કોઈ કાળે ખુમ્સ ન આપ્યું હોય, તે અગર કમાણીના નફાથી કોઈ એવી વસ્તુ ખરીદે કે જેની તેને જરૂરત ન હોય, અને તેના ઉપર નફો હાંસિલ થયા બાદ વર્ષ વીતી જાય, તો તે ઉપર ખુમ્સ દેવું વાજિબ છે.

અને જો ઘર સામગ્રી ઉપરાંત અન્ય જરૂરી વસ્તુઓ કે જેની જરૂરત હોય, પોતાની હેસીયત મુજબ ખરીદે, અને એ જાણતો હોય, કે એ જ વર્ષના નંફાથી એ જે વર્ષ દરમ્યાન ખરીદ કરી હતી, તો એ વસ્તુઓ ઉપર ખુમ્સ લાગુ નહી પડે પણ જો એ બારામાં ચોક્કસ જાણ ન હોય તો એહતીયાતે વાજિબ છે કે હાકીમે શરઅ સાથે સમાધાન કરે.

## ૨. ખાણ

**મસઅલો ૧૮૦૭** : સોનું, ચાંદી, સીસું, ત્રાંબું, લોઢું, તેલ, કોલસો, ફીરોઝા, અકીક, ફટકડી, નીમક,અને ખાણામાંથી નીકળતું અન્ય ખનીજ અનફાલમાંથી ગણાય છે, એટલે એ કે ઈમામ અલય્હિસ્સલામની માલિકીની છે. પણ અગર કોઈ એ પદાર્થ શરઈ અંતરાય વિના જમીનમાંથી બહાર લઈ આવે, તો એને પોતાની માલિકીમાં લઈ શકે છે. જો એ ખનિજ નિયુકત પ્રમાણમાં હોય તો તેના

ઉપર ખુમ્સ આપવું વાજિબ થશે.

**મસઅલો ૧૮૦૮** : ખાણમાંથી નીકળેલ ખનિજનું પ્રમાણ એટલે કે નિયુકત નિસાબ ૧૫ મિસ્કાલ પ્રચલિત સોનાના સિક્કા જેટલું છે. એનો અર્થ એ કે અગર બહાર આવેલા ખનિજ પદાર્થની કિંમત ૧૫ મિસ્કાલ સિક્કેદાર સોના જેટલી થાય, તો તેમાંથી ખર્ચ બાદ કર્યા પછી જે બાકી રહે, તેના ઉપર ખુમ્સ વાજિબ છે.

**મસઅલો ૧૮૦૯** : ખાણમાંથી બહાર આવેલા ખનિજ પદાર્થની કિંમત જો ૧૫ મિસ્કાલ સીક્કેદાર સોનાથી વધારે ન હોય, તો ખુમ્સ ફકત એ જ સંજોગમાં વાજિબ થશે કે ખાણથી હાંસિલ કરેલો એકલો નફો, યા બીજા નફાઓ કુલ મળીને, વર્ષના ખર્ચને બાદ કર્યા પછી વધી પડે.

**મસઅલો ૧૮૧૦** : જીપ્સમ, ચૂનો, ચીકણી માટી કે લાલ માટીનો હુકમ એહતીયાતે વાજિબની રૂએ ખનીજ પદાર્થનો છે. તો અગર એ ઉપરોકત નિસાબના પ્રમાણ સુધી પહોંચે, તો વર્ષના ખર્ચને બાદ કર્યા પહેલાં તેનું ખુમ્સ દેવું વાજિબ છે.

**મસઅલો ૧૮૧૧** : જે શખ્સ ખનિજ પદાર્થ હાંસિલ કરે તેના ઉપર તેનું ખુમ્સ દેવું વાજિબ છે, ચાહે એ જમીનની ઉપર હાંસિલ થયું હોય, યા ખોદકામથી હાંસિલ થયું હોય, અને ચાહે એ જમીન માલિકીની હોય, યા કોઈની માલિકીની ન હોય.

**મસઅલો ૧૮૧૨** : અગર કોઈ શખ્સ ન જાણતો હોય હાંસિલ કરેલ ખનીજની કિંમત ૧૫ મિસ્કાલ સિક્કેદાર સોના જેટલી છે કે નહી, તો એહતીયાતે વાજિબ છે કે જો શક્ય હોય તો તેની કિંમત વજન કરાવી યા અન્ય રીતે નક્કી કરાવીને જાણી લીએ.

**મસઅલો ૧૮૧૩** : અગર એકથી વધુ લોકો ખનીજનું ખોદકામ કરીને પદાર્થ બહાર લઈ આવે, અને એની કિંમત ૧૫ મિસ્કાલ સિક્કેદાર સોના જેટલી હોય, પણ દરેક ભાગે એટલી કિંમતનું ખનીજ ન આવે, તો એહતીયાતે મુસ્તહબ છે કે તેઓ તેનું ખુમ્સ આપે.

**મસઅલો ૧૮૧૪** : અગર કોઈ બીજાની જમીનમાંથી તેની રજા વગર ખોદકામ કરીને કોઈ શખ્સ ખનીજ બહાર લઈ આવે, તો મશહૂર કોલ પ્રમાણે એ ખનીજ જમીનના માલિકની મિલકત ગણાશે. પણ એ બાબત ઈશ્કાલથી ખાલી નથી. બેહતર એ છે કે બંને સમાધાન કરે, અને જો સમાધાન ન કરી શક, તો હાકીમે શરઅ તરફ રૂજુઅ કરે, જેથી એનો ફેસલો થાય.

### 3. દફીના (ખજાનો)

**મસઅલો ૧૮૧૫** : ખજાનોએ ધનને રહેવાય છે કે જે જમીનમાં અથવા, વૃક્ષ, પહાડ યા કોઈ

દિવાલમાં દટાયેલું યા છુપાયેલું મળી આવે, અને એટલા પ્રમાણમાં હોય કે તેને ખજાનો કહી શકાય.

**મસઅલો ૧૮૧૬** : અગર કોઈ શખ્સને એવી જમીનમાંથી ખજાનો મળી આવે કે જે જમીનમાં કોઈ માલિક નથી, તો ખજાનાનો કબજો લઈ શકે છે, મતલબ કે પોતાની માલિકીમાં લઈ શકે છે, પણ તેના ઉપર ખુમ્સ વાજિબ છે.

**મસઅલો ૧૮૧૭** : ખજાનાનું પ્રમાણ એટલે કે નિસાબ ૧૦૫ મિસ્કાલ સિક્કેદાર ચાંદી અથવા ૧૫ મીસકાલ સીક્કેદાર સોનું છે. એટલે કે ખજાનાની કિંમત જયારે બેમાંથી કોઈ પણ એક જેટલી હોય, ત્યારે તેના ઉપર ખુમ્સ વાજિબ થશે.

**મસઅલો ૧૮૧૮** : અગર કોઈ શખ્સને બીજા પાસેથી ખરીદેલી જમીનમાંથી ખજાનો હાંસિલ થાય, અને એ જાણતો હોય કે જમીનના અગાઉના માલિકોનું એ ધન નથી, તેમજ એને ખબર ન હોય કે એ ખજાનો કોઈ મુસલમાન યા ઝિમ્મી કાફિરનો છે, અને અથવા તેમના જીવતા વારસદારોનો છે. તો એવાં સંજોગમાં એ ખજાનાનો કબ્જો લઈ શકે છે, પણ તેમાંથી ખુમ્સ અદા કરવું વાજિબ થશે.

પણ જો એનું એવું અનુમાન હોય કે જમીનનો અગાઉનો માલિક, જમીન તથા ખજાનો અથવા ખજાનાની જગ્યા ઉપર સંપૂર્ણ હક ધરાવતો હોવાથી એ ખજાનાનો ખરો માલિક છે, તો એને ખબર આપવી જરૂરી છે. અને જો ખબર પડે કે એની માલિકીનું ધન નથી, તો એથી પહેલાના માલિકને કે જેના કબ્જામાં જમીન હતી, તેને જાણ કરવી જરૂરી છે. એવી રીતે અગાઉના સર્વ માલિકો કે જેમના કબ્જામાં એ જમીન હતી, તેમને જણાવવું જરૂરી છે. છેવટે જયારે ખબર પડે કે એ સર્વે માલીકોનું એ ધન નથી, ત્યારે એ ખજાનાનો કબ્જો લઈ શકે છે, અને તેમાંથી ખુમ્સ આપવું વાજિબ થશે.

**મસઅલો ૧૮૧૯** : અગર એકથી વધુ પાત્રોમાં કે જે એક જ જગ્યાએ દફન હોય, ખજાનો મળી આવે, અને એની કુલ કિંમત ૧૦૫ મિસ્કાલ ચાંદી યા ૧૫ મિસ્કાલ સોના જેટલી હોય, તો તેના ઉપર ખુમ્સ લાગું પડશે, પણ જો એ પાત્રો જુદે જુદે સ્થળેથી મળે, તો જે પાત્રમાં ખજાનાની કિંમત નિસાબ મુજબ હોય, તેના ઉપર ખુમ્સ વાજિબ થશે અને જેમાં ખજાનાની કિંમત એથી ઓછી હોય તેનાં પર ખુમ્સ નથી.

**મસઅલો ૧૮૨૦** : અગર બે જણ ને ખજાનો મળી આવે, કે જેની કુલ કિંમત જણાવેલી નિસાબ મુજબ હોય, પણ દરેક ને ભાગે નિસાબથી ઓછું આવતું હોય, તો તેમના ઉપર તેનું ખુમ્સ દેવું વાજિબ નહી થાય.

**મસઅલો ૧૮૨૧** : અગર કોઈ શખ્સ કોઈ જાનવર ખરીદે, અને તેના પેટમાંથી ધન નીકળી

આવે, તો જો અનુમાન હોય કે વેચનાર યા એથી અગાવના માલિકો એ જાનવર અને તેના પેટમાંથી પ્રાપ્ત થયેલા ધન પર સંપૂર્ણ માલિકી ધરાવતા હોવાથી તેના ખરા હકદાર ગણાય, તો જરૂરી છે કે એમને ખબર આપે. અગર એવી જાણ થાય કે એ માલિકોમાંથી કોઈનો માલ નથી, તો એહતીયાતે વાજિબની રૂએ તેમાંથી ખુમ્સ આપવું વાજિબ છે, અગરચે એ ધનની કિંમત ૧૦૫ મિસ્કાલ ચાંદી યા ૧૫ મિસ્કાલ સોના જેટલી ન હોય.

એ જે હુકમ માછલી અને એવા અન્ય પ્રાણીઓને લાગું પડશે, પણ એ શરતે કે એમની પરવરીશ એક ખાસ જગ્યાએ થઈ હોય, અને કોઈ એમની ખોરાકી વીગેરે માટે જવાબદાર રહ્યો હોય, પણ જો નદી કે સમુમાંથી પકડે હોય તો કોઈને ખબર આપવી જરૂરી નથી.

## ૪. જે હલાલ માલમા હરામ માલની ભેળસેળ થઈ હોય

**મસઅલો ૧૮૨૨ :**

અગર હલાલ માલ સાથે હરામ માલ એવી રીતે ભળી જાય કે ઈન્સાન દરેકની સંખ્યા કે પ્રમાણ નક્કી ન કરી શકતો હોય. અને જે માલ એના માટે હરામ છે, તેના ધણીની ખબર ન હોય, અને એ પણ ન જાણતો હોય કે જે માલે હરામ છે તેનું પ્રમાણ ખુમ્સ કરતા વધારે છે કે ઓછું છે. તો એવા સંજોગોમાં પૂરા માલ માંથી કુરબતનની નિય્યતથી ખુમ્સ તેના હકદારને આપે, અથવા એવા મુસ્તહકને આપે કે જે મજહુલુલ માલિક (જે માલનો ધણી માલૂમ ન હોય) માલ લઈ શકતો હોય.ખુમ્સ લીધા બાદ બાકીનો માલ હલાલ ગણાશે.

**મસઅલો ૧૮૨૩** : અગર હલાલ માલ સાથે હરામ માલ એવી રીતે ભળી જાય કે ઈન્સાન દરેકની સંખ્યા કે પ્રમાણ જાણતો હોય, ચાહે એ પ્રમાણે ખુમ્સથી વધારે હોય કે ઓછું, પણ તેના ધણીની તેને ખબર ન હોય, તો એ માલ ને તેના ધણી વતી સદકો આપશે, પણ એહતીયાતે વાજિબની રૂએ તેના માટે હાકીમે શરઅ પાસે રજા મેળવી લીએ.

**મસઅલો ૧૮૨૪** : અગર હલાલ માલ સાથે હરામ માલ ભળી જાય અને તેની સંખ્યા કે પ્રમાણ જાણ ન હોય, પણ ઈન્સાન એ માલના માલિકને જાણતો હોય, તો અગર એ બે વચ્ચે રજામંદીથી સમાધાન ન થઈ શકે, તો ઈન્સાન માટે જરૂરી છે કે પોતાને ખાત્રી હોય તેટલો માલ તેના ધણીને સુપરત કરી આપે.

બલ્કે જો એ ભેળસેળ પોતાની બેદરકારી અને કોતાહીને પરિણામે થયું હોય, તો એહતીયાતે વાજિબ છે કે જેટલો એનો અંદાજ હોય કે બીજાનો માલ છે, તેના કરતા વધારે એને માલ આપે.

<u>**મસઅલો ૧૮૨૫**</u> : અગર કોઈ શખ્સ એવી રીતે ભેળસેળ થયેલ માલમાંથી ખુમ્સ આપે, અને તે પછી એને જાણ થાય કે હરામનો ભાગ ખુમ્સ કરતા વધારે હતો, તો જેટલા વધારાની એને જાણ હોય તેટલો માલ તેના ધણી વતી સદકો આપશે.

<u>**મસઅલો ૧૮૨૬**</u> : અગર હરામ હલાલથી ભેળસેળ થયેલા માલમાંથી ખુમ્સ અદા કરે, અથવા જે ધણીની ખબર ન હોય તેના વતી સદકો આપી દીએ, અને ત્યાર બાદ એ માલનો ધણી નક્કી થાય, તો તેની રજામંદી મેળવવી પડશે. અને જો એ રજામંદ ન થાય તો એહતીયાતે વાજિબની રૂએ એ ધણીને એના માલની કિંમત આપવી જોઈએ.

<u>**મસઅલો ૧૮૨૭**</u> : અગર ભેળસેળ થયેલા માલમાં કેટલો હરામ માલ છે તેની ખબર હોય, અને સાથે એ ખબર હોય કે એનો ધણી અમુક ખાસ વ્યક્તિઓમાંનો એક છે,પણ તેમાંનો કોણ છે એ નક્કી ન કરી શકે, તો જરૂરી છે કે જેટલી વ્યક્તિ વિષે અનુમાન છે, તેમને એ વિષે જાણ કરે.

અગર એમાંનો એક શખ્સ કહે કે એ માલ મારો છે, અને બાકી એ માલના ધણી હોવાનો દાવો ન કરે, અથવા એ વિષે અજાણતા દર્શાવે, તો પહેલા જ દાવેદારને એ માલ સુપરત કરી દીએ.

પણ જો બે યા એથી વધુ દાવેદાર નીકળી આવે, તો સમાધાન વીગેરેથી એમના વચ્ચે ફેસલો કરવો જોઈએ. અને જો એમ ન થાય તો હાકીમે શરઅ ફેંસલા માટે રૂજુઅ કરવું જોઈએ.

અગર એ સર્વે વ્યક્તિઓ અજાણતા દર્શાવે, અને સમાધાન માટે પણ તૈયાર ન થતા હોય, તો ઝાહેર એ છે કે એમના નામોનો કુરઓ કાઢીને માલનો ધણી નક્કી થશે, અને એહતીયાત એ છે કે હાકીમે શરઅ અથવા એમનો વકીલ એ કુરઓ કાઢે.

## ૫. એ ઝવેરાતથી જે સમુદ્રમાંથી ડુબકી મારી કાઢવામાં આવે

<u>**મસઅલો ૧૮૨૮**</u> : જો ડુબકી મારીને કે પાણીમાં ઊંડે ઉતરીને મોતી, મરજાન અથવા એવી જાતની કિંમતી ઝવેરાત બહાર લઈ આવવામાં આવે, ચાહે એ કિંમતી ઝવેરાત ખાણની ઉપજ હોય યા સમુદ્રપટ ઉપર ઉગતી હોય, અગર તેની કિંમત ૧૮ ચણા સોના જેટલી હોય (આસરે સાડા ત્રણ ગ્રામ) તો તેના ઉપર ખુમ્સ વાજિબ થશે, અને એ કિંમતી ઝવેરાતએક જ વાર ડુબકી કે ઊંડે ઉતરવાથી પ્રાપ્ત થઈ હોય યા અનેક વાર ઉતરવાથી થઈ હોય, તેમાં ફેર નથી. અલબત્ત, જો બે અલગ મોસમમાં પ્રાપ્ત થયા હોય, તો એનો હુકમ એ છે કે અગર દરેક ડુબકીમાં પ્રાપ્ત થયેલ ઝવેરાત જો નિસાબથી કમ હોય, તો તેના ઉપર ખુમ્સ વાજિબ નહીં થાય.

એવી જ રીતે ડુબકી મારનાર ભાગીદારોના ભાગે એ નિસાબથી ઓછું આવે, તો તેમના ઉપર

એ ઝવેરાતનું ખુમ્સ લાગું નહીં પડે.

**<u>મસઅલો ૧૮૨૯</u>** : અગર ડુબકી કે સમુદ્ર વીગેરેમાં ઊંડે ઉતર્યા વગર કોઈ સાધન વડે ઝવેરાત પ્રાપ્ત કરવામાં આવે, તો તેના ઉપર એહતીયાતની રૂએ ખુમ્સ વાજિબ થશે, પણ જો પાણી ઉપર યા કાંઠે ઝવેરાત મળે, તો તે એકલાનો નફો, યા કમાણીના બીજા નફાઓ સાથે મળીને, જયારે વર્ષના ખર્ચ કરતાં વધી પડે, ત્યારે તે વધારા ઉપર ખુમ્સ વાજિબ થશે.

**<u>મસઅલો ૧૮૩૦</u>** : માછલી વીગેરે કે જે ઈન્સાન પાણીમાં ઉતર્યા વિના પકડી લ્યે છે. તેના ઉપર એ સંજોગમાં ખુમ્સ છે કે જયારે તેનો નફો એકલો, યા કમાણીના બીજા નફાઓ મળીને, વર્ષના ખર્ચ કર્યા પછી વધી પડે.

**<u>મસઅલો ૧૮૩૧</u>** : અગર ઈન્સાન કોઈ ઝવેરાત પ્રાપ્ત કરવાના ઈરાદા વગર ડુબકી મારે, યા પાણીમાં ઊંડે ઉતરે, અને અચાનક તેને કોઈ ઝવેરાત મળી જાય, જેને પોતાની માલિકીમાં લેવા ધારે, તો તેનું ખુમ્સ દેવું વાજિબ થશે. બલ્કે એહતીયાતે વાજિબની રૂએ દરેક સંજોગમાં તેનું ખુમ્સ દેવું વાજિબ છે.

**<u>મસઅલો ૧૮૩૨</u>** : અગર ઈન્સાન ડુબકી મારીને કે પાણીમાં ઉતરીને એવું જાનવર પકડી લાવે કે જેના પેટમાં ઝવેરાત હોય, તો જો એ જાનવર છીપ સમાન હોય કે જેમાં સામાન્ય રીતે મોતી વીગેરે પેદા થાય છે, તો નિસાબ સુધી તેની કિંમત પહોંચતા તેના ઉપર ખુમ્સ દેવું વાજિબ થશે. પણ જો એ જાનવરે અણધારી રીતે એ ઝવેરાત ગળી લીધું હોય, તો એહતીયાતે લાઝિમની રૂએ તેના ઉપર વાજિબ છે, ચાહે તેના કિંમત નિસાબ જેટલી હોય કે ન હોય.

**<u>મસઅલો ૧૮૩૩</u>** : અગર કોઈ શખ્સ મોટી નદી, જેમકે ફુરાત, દજલા, વીગેરેમાં ઉતરીને ઝવેરાત બહાર લઈ આવે, તો જો એ નદીમાંથી સામાન્ય રીતે ઝવેરાત પ્રાપ્ત થતા હોય, તો તેના ઉપર ખુમ્સ દેવું વાજિબ થશે.

**<u>મસઅલો ૧૮૩૪</u>** : અગર કોઈ શખ્સ પાણીમાં ઉતરી અંબર લઈ આવે, અને તેની કિંમત નિસાબ જેટલી યા એથી વધારે હોય, તો તેનું ખુમ્સ વાજિબ છે, બલ્કે પાણી ઉપર યા કાંઠે અંબર હાંસિલ કરે, તો પણ એ જ હુકમ લાગું પડશે.

**<u>મસઅલો ૧૮૩૫</u>** : જે શખ્સ ડુબકી મારવાનો ધંધો કરતો હોય, અથવા ખનીજ બહાર લાવવાનો ધંધો કરતો હોય, તે એના ઉપર લાગુ પડેલ ખુમ્સ અદા કરે, અને ત્યાર પછી એના વર્ષના ખર્ચ ઉંપરાત કાંઈ વધી પડે, તો તેના ઉપર બીજી વાર ખુમ્સ દેવું લાઝિમ નથી.

**<u>મસઅલો ૧૮૩૬</u>** : અગર કોઈ બાળક ખનીજ પદાર્થ બહાર લાવે, અથવા ખજાનો શોધી કાઢે, અથવા ડુબકી વીગેરે મારીને પાણીમાંથી ઝવેરાત બહાર લઈ આવે, તો તેના વલી ઉપર વાજિબ છેકે એનું ખુમ્સ આપે. અગર વલી ન આપે તો પોતે બાળક જયારે બાલીગ થશે ત્યારે તેના ઉપર તેનું ખુમ્સ અદા કરવું વાજિબ થશે. એવી જ રીતે અગર બાળકની માલિકીમાં હલાલ અને હરામથી ભેળસેળ થયેલો માલ હોય, તો વલી ઉપર વાજિબ છે કે એ માલને પાક કરે.

## ૬. માલે ગનીમત

**<u>મસઅલો ૧૮૩૭</u>** : મુસલમાનોએ ઈમામ અલય્હિસ્સલામના હુકમથી કાફિરો સામે લડાઈ કરીને જે માલમતા મેળવી હોય, તે માલને માલે ગનીમત કહેવાય છે. એ માલે ગનીમતમાં તેના સુરક્ષણ, પિરવહન વીગેરે માટે થએલ ખર્ચ બાદ કરવામાં આવે, અને ઈમામ અ.સ. પોતાની મસ્લેહત સમજી તેમાં જેટલો ખર્ચ કરે, તે પણ બાદ કરવામાં આવ્યા પછી જે વધે તેના ઉપર ખુમ્સ વાજિબ છે. તે ઉપરાંત ખુમ્સ આપ્યા પહેલાં જે પ્રાપ્ત થયેલો માલ ખાસ ઈમામ અલય્હિસ્સલામનો હક છે, તે પણ અલગ કરવામાં આવે. ખુમ્સ લાગુ પડવા માટે સ્થાવર કે જંગમ (અસ્થાવર) મિલકત વચ્ચે કોઈ ફરક નથી અલબત, જે જમીનો "અન્ફાલ" રૂપે ગણાય છે, તેમાં તમામ મુસ્લીમ જનતાનો હક છે, અગરચે ઈમામ અ.સ. ની રજાથી એ લડાઈ લડવામાં ન આવી હોય.

**<u>મસઅલો ૧૮૩૮</u>** : અગર મુસલમાનો ઈમામ અલય્હિસ્સલામની રજા વગર કાફિરો સામે લડીને માલે ગનીમત હાંસિલ કરે, તો એ તમામ માલ ઈમામ અલય્હિસ્સલામનો ગણાશે, અને લડનારાનો કોઈ હક નથી.

**<u>મસઅલો ૧૮૩૯</u>** : જે માલ કાફિરો પાસે હોય, તે અગર મુસલમાનો યા ઝિમ્મી કાફિરોની મીલકીય્યત હોય, તો તેના ઉપર ગનીમતનો હુકમ લાગુ નહી પડે.

**<u>મસઅલો ૧૮૪૦</u>** : કાફિરોની ચોરી ખયાનત, નિતીભંગ અને શાંતિભંગ ગણાતું હોવાથી તેમ કરવું હરામ છે; અને એ રસ્તે હાંસિલ કરલો એમનો માલ એહતીયાતની રૂએ તેમને પરત કરવો જોઈએ.

**<u>મસઅલો ૧૮૪૧</u>** : મશ્હૂર કોલ એ છે કે નાસીબી (અહલેબેત અલય્હેમુસ્સલામના દુશ્મનો)નો માલ મોઅમીન પોતા માટે કબ્જે કરીને તે ઉપર ખુમ્સ આપી શકે છે, પણ એ હુકમ ઈશ્કાલથી ખાલી નથી.

---

**સ્થાવર** = જે મિલકતની જગ્યા બદલી શકાય / **અસ્થાવર** = જે મિલકતની જગ્યા ન બદલી શકાય.

## ૭. જે જમીન ઝિમ્મી કાફિરે મુસલમાન પાસેથી ખરીદી હોય

**મસઅલો ૧૮૪૨** : મશ્હૂર કોલ એ છે કે અગર કાફિરે ઝિમ્મી મુસલમાન પાસેથી જમીન ખરીદી હોય, તો એનું ખુમ્સ એ જ જમીનમાંથી યા એના બીજા માલમાંથી અદા કરે. પણ સામાન્ય અર્થમાં ખુમ્સનું વાજિબ થવું આ સંજોગમાં, ઈશ્કાલ ધરાવે છે.

## ખુમ્સની રકમ કોને આપવામાં આવે

**મસઅલો ૧૮૪૩** : ખુમ્સની રકમના બે ભાગ સરખા કરવા જોઈએ, એક ભાગ સેહ્મે સાદાતનો છે, અને બીજો ભાગ સેહ્મે ઈમામનો છે.

સેહ્મે સાદાત ફકીર સૈયદને, અથવા યતીમ સૈયદને, યા તો એવા સૈયદને આપવો જોઈએ કે જે નાણાભીડને કારણે સફર દરમ્યાન સંકટમાં આવી પડે.

સેહ્મે ઈમામ આ ઝમાનામાં જામેઉશ્શરાઈત મુજતહિદને આપવો જોઈએ, યા એવા કાર્યો માટે વાપરવા જોઈએ કે જેના માટે એણે રજા આપી હોય, અને એહતીયાતે વાજિબની રૂએ એ અઅલમ, મરજઅ હોવા ઉપરાંત આમ લોક સમસ્તની જરૂરીયાતોથી વાકેફ હોવો જોઈએ.

**મસઅલો ૧૮૪૪** : જે યતીમ સૈયદને ખુમ્સ દેવામાં આવે તે ફકીર હોવો જોઈએ, પણ સફરમાં નાણાભીડને લીધે સંકટમાં મુકાયેલા સૈયદ પોતાના વતનમાં ફકીર ન હોય, તો પણ એને ખુમ્સ આપી શકાશે.

**મસઅલો ૧૮૪૫** : અગર જે સફરમાં સૈયદ નાણાભીડના કારણે સંકટમાં આવી પડયો હોય. એ સફર મઅસીયત અને ગુનાહની સફરમાં હોય, તો એહતીયાતે વાજિબ એ છે કે તેને ખુમ્સ ન આપવામાં આવે.

**મસઅલો ૧૮૪૬** : જે સૈયદ આદીલ ન હોય તેને ખુમ્સ આપી શકાય છે, પણ જે સૈયદ શિયા ઈસ્નાઅશરી ન હોય, તેને ખુમ્સ નહી દઈ શકાય.

**મસઅલો ૧૮૪૭** : જે સૈયદ ફાસીક હોય, અને ગુનાહના બારામાં લાપરવા હોય, તેને ખુમ્સ આપવાથી જો ગુનાહ કરવામાં પ્રોત્સાહન મળતું હોય, તો તેને ખુમ્સ આપી નહિં શકાય; એહતીયાત છે કે જે સૈયદ શરાબી હોય, અથવા નમાઝ ન પડતો હોય, અથવા છડેચોક ગુનાહો કરતો હોય, તેને ગુનાહ કરવા માટે પ્રોત્સાહન મળતું હોય કે ન મળતું હોય, કોઈ પણ સંજોગોમાં ખુમ્સ ન દેવામાં આવે.

**મસઅલો ૧૮૪૮** : અગર કોઈ દાવો કરે કે એ સૈયદ છે, તો એને ખુમ્સ નહીં આપી શકાય, સિવાય કે તેના સૈયદ હોવા બારામાં બે આદીલો સાક્ષી પૂરે, અથવા લોકો વચ્ચે સૈયદ તરીકે જાણીતો

હોય, કે ઈન્સાનને યકીન અથવા ઈત્મિનાન થાય કે એ સૈયદ છે.

**મસઅલો ૧૮૪૯** : જે શખ્સ પોતાના વતનમાં સૈયદ તરીકે મશ્હુર હોય, અને ઈન્સાન એની વિરૂધ્ધ કોઈ યકીન કે ઈત્મિનાન ન હોય, તો એને ખુમ્સ આપી શકશે.

**મસઅલો ૧૮૫૦** : જે ગેરસૈયદ શખ્સની ઘરવાળી સૈયદાણી હોય, તે શખ્સને એહતીયાતે વાજિબની રૂએ પોતાના ઘરખર્ચને પહોંચી વળવા માટે ખુમ્સમાંથી ન આપવું જોઈએ, પણ જો એ સૈયદાણી ઉપર બીજાઓનો ખર્ચ વાજિબ હોય, જો એ ન પહોંચી વળતી હોય, તો તે ઓરતને ખુમ્સ આપવું જાઈઝ છે, કે જેથી એ પોતાની જવાબદારી પૂરી કરે. એવી રીતે એ સૈયદાણીને બીજી જરૂરીયાત કે જે વાજિબ ન હોય તે માટે પણ ખુમ્સ આપી શકાશે.

**મસઅલો ૧૮૫૧** : અગર કોઈ શખ્સ ઉપર કોઈ સૈયદનું ભરણપોષણ વાજિબ હોય, અથવા કોઈ એવી સૈયદાણી કે જે એની પત્ની ન હોય, તેનો નિભાવ વાજિબ હોય, તો એહતીયાતે વાજિબની રૂએ તેનો ખોરાક, પોષાક અને અન્ય વાજિબ ખર્ચ માટે ખુમ્સ માંથી નહી આપી શકે. પણ બીજી એવી જરૂરીયાતો કે જેનો ઝિમ્મો એના ઉપર વાજિબ ન હોય તે માટે ખુમ્સમાંથી અમુક રકમ આપે તો વાંધો નથી.

**મસઅલો ૧૮૫૨** : જે ફકીર સૈયદનું ભરણપોષણ કે નિભાવ બીજા શખ્સના ઝિમ્મે વાજિબ હોય, અને એ શખ્સ સૈયદને કાંઈ ન આપતો હોય, અથવા ન આપી શકતો હોય, તો એવા સૈયદને ખુમ્સ આપી શકાય છે.

**મસઅલો ૧૮૫૩** : એહતીયાતે વાજિબ છે કે કોઈ એક ફકીર સૈયદને તેના એક વર્ષના ખર્ચથી વધારે ખુમ્સમાંથી ન આપવામાં આવે.

**મસઅલો ૧૮૫૪** : અગર કોઈ શહેરમાં મુસ્તહક સૈયદ ન હોય, અને એવી ખાત્રી કે ઈત્મિનાન હોય કે નજીકના ભાવીમાં કોઈ ઉપસ્થિત નહીં થાય, અથવા મુસ્તહક ઉપસ્થિત થાય ત્યાં સુધી ખુમ્સની રકમ સુરક્ષિત રાખવી મુમ્કીન ન હોય, તો ખુમ્સને બીજી જગ્યાએ જયાં મુસ્તહક હોય ત્યાં પહોંચાડવું જોઈએ અને એ પહોંચાડવા માટે જે ખર્ચ થાય તેને ખુમ્સમાંથી બાદ કરી શકશે.

અગર બીજે સ્થળે પહોંચાડવા જતાં એ ખોવાય જાય, કે બરબાદ થાય, અને તેમાં એની લાપરવાઈ રહી હોય, તો ફરી દેવું જોઈએ. પણ જો કોઈ લાપરવાઈ કે કોતાહી ન કરી હોય છતાં ખોવાય જાય, તો તેના ઉપર કાંઈ વાજિબ નથી.

**મસઅલો ૧૮૫૫** : અગર પોતાના શહેરમાં મુસ્તહક ન હોય, પણ એવી ખાત્રી હોય કે

નજીકના ભાવીમાં ઉપસ્થિત થશે, અને એ મુસ્તહક ઉપસ્થિત થાય ત્યાં સુધી ખુમ્સને સુરક્ષિત રાખવું મુમ્કીન હોય, તે છતાં અગર ચાહે તો બીજી જગ્યાએ લઈ જઈ શકે છે અને જો એની સુરક્ષામાં કોતાહી ન કરી હોય, અને એ ખુમ્સ ખોવાય જાય કે બરબાદ થાય, તો તેના ઉપર કોઈ ઝીમ્મો નથી. પણ જો આ સંજોગમાં ખુમ્સને બીજી જગ્યાએ લઈ જવા કે પહોંચાડવાનો ખર્ચ ખુમ્સમાંથી બાદ નહી કરી શકે.

**મસઅલો ૧૮૫૬** : પોતાના શહેરમાં મુસ્તહક મોજૂદ હોવા છતાં અગર કોઈ શખ્સ બીજા શહેરના મુસ્તહક સુધી ખુમ્સ પહોંચાડવા માગે, તો તેમ કરી શકે છે, પણ એ શરતે કે એમાં એટલી ઢીલ ન થાય કે જેથી એવું જણાય કે મુસ્તહક સુધી તેનો હક પહોંચાડવામાં ગફલત કરી છે. અને આ સંજોગમાં ખુમ્સ લઈ જવા કે પહોંચાડવાનો ખર્ચ પોતે ઉપાડી લેશે, અને કોતાહી કે લાપરવાઈ ન કરી હોય તે છતાં જો ખુમ્સ ખોઈ નાખે યા બરબાદ થાય, તો તે એનો જવાબદાર રહેશે.

**મસઅલો ૧૮૫૭** : અગર કોઈ શખ્સ હાકીમે શરઅના હુકમથી ખુમ્સ બીજી જગ્યાએ લઈ જાય યા પહોંચાડે, અને એ ખોવાય જાય યા બરબાદ થાય, તો ફરીથી દેવું વાજિબ નથી. એવી જ રીતે અગર કોઈ શખ્સ હાકિમે શરઅના એવા વકીલને કે જેને ખુમ્સ વસૂલ કરવાનો અધિકાર હોય, બીજી જગ્યાએ લઈ જવા માટે ખુમ્સ સુપરત કરે, અને એ ખોવાય જાય યા બરબાદ થાય, તો ફરીથી આપવું વાજિબ નહી થાય.

**મસઅલો ૧૮૫૮** : કોઈ પણ વસ્તુ કે જણસની જે અસલી કિંમત હોય, તેના કરતા વધુ કિંમત કરાર દઈ ખુમ્સ પેટે તેની અદાયગી કરવી જાએઝ નથી. એવી રીતે પૈસા, સોનું, ચાંદી વીગેરે સિવાય, મસઅલા નં ૧૭૯૭માં જણાવ્યા મુજબ જે જણસ ઉપર ખુમ્સ વાજિબ થયું હોય, તેને મૂકીને બીજી જણસમાંથી ખુમ્સની અદાયગી કરવામાં તદ્દન ઈશ્કાલ છે.

**મસઅલો ૧૮૫૯** : જે શખ્સ કોઈ મુસ્તહકનો લેણદાર હોય, અને એ ઈચ્છે કે પોતાનું લેણું ખુમ્સમાંથી વસૂલ કરે, તો એહતીયાતે વાજિબ છે કે યા તો હાકીમે શરઅની તે માટે રજા લીએ, અથવા પહેલાં મુસ્તહકને ખુમ્સ આપી દીએ, અને ત્યાર બાદ મુસ્તહક પોતાનું લેણું ચૂકવવાને ઈરાદે એને પાછું આપે અને જો એ મુસ્તહક પાસેથી વકાલત લઈ તેના વતી પોતાનું લેણું ખુમ્સમાંથી વસૂલ કરે, તો પણ થઈ શકે છે.

**મસઅલો ૧૮૬૦** : જે શખ્સ ઉપર ખુમ્સ વાજિબ હોય, એ મુસ્તહક સાથે એવી શરત નથી કરી શકતો કે જે ખુમ્સની રકમ તેને આપશે, એ તેને પાછી આપે.

પણ જો મુસ્તહક ખુમ્સ લીધા બાદ રજામંદ હોય કે એ રકમ દેનારને પરત કરે, તો તેમાં વાંધો

નથી.

દાખલા તરીકે, અગર કોઈના ઉપર મોટી રકમ ખુમ્સની બાકી હોય અને પોતે ફકીર થઈ ગયો હોય, પણ ખુમ્સનો ઝિમ્મો પોતા ઉપર રાખવા ન માંગતો હોય, તો જો મુસ્તહક રજામંદ હોય કે ખુમ્સ વસૂલ કરી તેને પાછું આપશે, તો તેમાં ઈશ્કાલ નથી.

# ઝકાતના એહકામ

**<u>મસઅલો ૧૮૬૧</u>** : અમુક વસ્તુઓ ઉપર ઝકાત વાજિબ છે :

**(૧)** ઘઉં, **(૨)** જવ, **(૩)** ખજૂર, **(૪)** કિસમિસ (સુકી દ્રાક્ષ), **(૫)** સોનું, **(૬)** ચાંદી, **(૭)** ઊંટ, **(૮)** ગાય, **(૯)** ઘેટાંબકરાં, **(૧૦)** એહતીયાતે વાજિબની રૂએ વેપારના માલ ઉપર.

અગર કોઈ શખ્સની માલિકીમાં ઉપર જણાવેલી એક વસ્તુ હોય, તો આગળ જણાવવામાં આવશે તે મુજબ નિયુકત પ્રમાણમાં નિયુકત કાર્ય માટે ઝકાત દેવી જોઈએ.

**<u>મસઅલો ૧૮૬૨</u>** : "સુલ્ત" કે જે ઘઉંની જેમ અનાજ છે, અને તેમાં જવની ખાસીયત હોય છે, તેમજ અલસ કે જે પણ ઘઉંની જેમ છે, અને "સનઆ" (યમન)ના લોકોની ખોરાકી છે, તે બંને ઉપર એહતીયાતે વાજિબની રૂએ ઝકાત વાજિબ થશે.

## ઝકાત વાજિબ થવાની શરતો

**<u>મસઅલો ૧૮૬૩</u>** : ઉપરોકત દસ ચીજો ઉપર ઝકાત વાજિબ છે, પણ એ શરતે કે દરેક ચીજ નક્કી કરવામાં આવેલ પ્રમાણ એટલે નિસાબ મુજબ હોવી જોઈએ, અને વસ્તુ ઈન્સાનની માલિકીમાં હોવી જોઈએ, અને એ માલિક આઝાદ હોવો જોઈએ. નિસાબની વિગતો હવે પછી રજુ થશે.

**<u>મસઅલો ૧૮૬૪</u>** : અગર કોઈ શખ્સ પાસે તેની માલિકીમાં અગિયાર મહિના સુધી ગાય, ઘેટાં, બકરાં, ઊંટ સોનું અને ચાંદી હોય, તો બારમા મહિનાની પહેલી તારીખે તેના ઉપર ઝકાત વાજિબ થશે. પણ બીજા વર્ષની શરૂઆત બારમો મહિનો પૂરો થાય તે પછી કરશે.

**<u>મસઅલો ૧૮૬૫</u>** : સોનું, ચાંદી અને વ્યપારના માલમાં ઝકાત વાજિબ થવા માટે શરત છે કે માલિક અક્કલમંદ અને બાલીગ હોય, પણ ઘઉં, જવ, ખજૂર, કિસમિસ, અને એ પ્રમાણે ઊંટ, ગાય અને ઘેટાબકરાં માટે શરત નથી કે માલિક બાલીગ અને અક્કલમંદ હોય.

**<u>મસઅલો ૧૮૬૬</u>** : ઘઉં અને જવ જયારે એ રીતે ઓળખાવવા લાગે, એટલે કે જોનાર એમ કહે કે ઘઉં યા જવ છે, ત્યારે તેના ઉપર ઝકાત વાજિબ થાય છે. કિસમિસ જયારે દ્રાક્ષરૂપે થઈ જાય, અને ખજૂર જયારે પાકીને "તમર" તરીકે ઓળખાય, ત્યારે તેના ઉપર ઝકાત વાજિબ થાય છે.

પણ નિસાબ નક્કી કરીને ઝકાત અદા કરવાનો સમય ઘઉં અને જવ માટે એ સમયે આવશે જયારે તેની લણણી કરી દાણા છુટા કરવામાં આવે, અને ખજૂર અને કિસમિસ માટે જયારે ચુંટીને ઉતારવામા આવે, ત્યારે અદાયગી સમય આવશે, અને એ સમયને સૂકાવવાનો સમય પણ કહેવાય છે.

**મસઅલો ૧૮૬૭** : ઘઉં, જવ, કિસમિસ અને ખજૂર ઉપર ઝકાત લાગુ થવા માટે એ શરત નથી કે એ માલિકના કબ્જામાં હોય, કે જેથી એ પોતાની મરજી મુજબ તેમાં વહીવટ ચલાવી શકે. બલ્કે જો માલિક ગાયબ હોય, અને માલ તેના કે તેના વકીલના કબ્જામાં ન હોય, જેમકે, કોઈએ ગસ્બ કરી લીધું હોય, તો પણ ઉપરોકત માલ ઉપર ઝકાત લાગુ પડશે.

**મસઅલો ૧૮૬૮** : સોનું, ચાંદી અને વેપારના માલ ઉપર ઝકાત લાગુ થવા માટે શરત છે કે તેનો માલિક અક્કલમંદ હોય. અગર આખાય વર્ષ માટે યા વર્ષના અમુક સમય માટે અક્કલહીન યા દીવાનો રહ્યો હોય, તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૮૬૯** : અગર ગાય, ઘેટાં બકરાં, ઊંટ, સોનું અને ચાંદી, એ વસ્તુઓનો માલિક વર્ષના અમુક સમય દરમ્યાન મસ્ત અથવા બેહોંશ રહ્યો હોય, તો તેના ઉપર ઝકાત માફ નહીં થાય. એ જ હુકમ એ શખ્સ માટે પણ છે કે જે જયારે ઘઉં, જવ, ખજૂર અને કિસમિસ ઉપર ઝકાત વાજિબ થવાનો સમય આવી લાગે ત્યારે મસ્ત યા બેહોંશ હોય.

**મસઅલો ૧૮૭૦** : ઘઉં, જવ, ખજૂર અને કિસમિસ સિવાય બીજી વસ્તુઓ ઉપર ઝકાત લાગુ પડવા માટે એ જરૂરી છે કે તે માલિકના કબ્જામાં હોય, અને તેમાં વપરાશ ઉપયોગનો સંપૂર્ણ હક ધરાવતો હોય, અગર કોઈએ એ વસ્તુ ગસ્બ કરી હોય, કે જેથી માલિક તેમાં કોઈ વહીવટ ન કરી શકે, તો ઝકાત લાગુ નહીં પડે.

**મસઅલો ૧૮૭૧** : અગર કોઈ શખ્સ સોનું, ચાંદી યા એવી કોઈ વસ્તુ કે જે ઝકાતને પાત્ર છે, કરજરૂપ લીએ, અને બાર મહિના સુધી એની પાસે એ વસ્તુ રહે, તો તેના ઉપર ઝકાત વાજિબ છે, કરજ દેનાર ઉપર કાંઈ વાજિબ નથી.

## ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષની ઝકાત

**મસઅલો ૧૮૭૨** : ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષ ઉપર ઝકાત એ સમયે વાજિબ થશે કે જયારે એ નિયુકત થયેલા પ્રમાણમાં હોય અને એ પ્રમાણ કે નિસાબ ત્રણસો સાઅ છે, જે અમુકના કહેવા પ્રમાણે આસરે ૮૪૭ કિલો થાય છે.

**મસઅલો ૧૮૭૩** : જયારે દ્રાક્ષ, ખજૂર ઘઉં અને જવ ઉપર ઝકાત વાજિબ થઈ ગઈ હોય, ત્યારે અગર કોઈ ઝકાત અદા કર્યા પહેલાં એ ખાઈ જાય, યા પરીવારને ખવડાવી દીએ, અથવા કોઈ ફકીરને ઝકાતના ઈરાદા સિવાય બીજી રીતે આપી દીએ, તો જેટલું અનાજ એ રીતે ઉપયોગમાં લઈ લીધું હોય તેના ઉપર ઝકાત અદા કરવી વાજિબ છે.

**મસઅલો ૧૮૭૪** : ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષ ઉપર ઝકાત વાજિબ થઈ ગયા બાદ જો તેનો માલિક ગુજરી જાય, તો તેના માલ માંથી ઝકાત અદા કરવી વાજિબ છે. પણ જો ઝકાત વાજિબ થયા પહેલાં ગુજરી જાય, તો જે જે વારસદારને નિસાબના અંદાજે વારસો મળ્યો હોય, તે પોતાના ભાગમાંથી ઝકાત આપશે.

**મસઅલો ૧૮૭૫** : જયારે ઘઉં, જવની લણણી થઈ રહી અને દાણા છુટા પડતા હોય, અને જયારે ખજૂર અને દ્રાક્ષની સૂકવણીનો સમય હોય, ત્યારે હાકીમે શરઅ તરફથી નીમાયેલો માણસ ઝકાતની માંગણી કરી શકે છે, અને જો એ સમયે માલિક ઝકાત ન આપે, અને ઝકાતને માત્ર કોઈ વસ્તુ ખોવાય જાય, યા બરબાદ થઈ જાય, તો માલિકને તેના બદલામાં દેવી પડશે.

**મસઅલો ૧૮૭૬** : અગર ખજૂર, દ્રાક્ષના ઝાડ કે વેલાને ખરીદી લીધા બાદ તેના ઉપર ઝકાત વાજિબ થાય અથવા ઘઉં, જવના ખેતરને ખરીદયાબાદ તેના ઉપર ઝકાત વાજિબ થાય, તો નવા માલિક ઉપર ઝકાત વાજિબ થશે.

**મસઅલો ૧૮૭૭** : અગર ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષ ઉપર ઝકાત વાજિબ થઈ ગઈ હોય અને ત્યારે એના ખેતર કે ઝાડને વેચવા માગે, તો વેચનાર ઉપર વાજિબ છે કે તેની ઝકાત આપે. જો એ ઝકાત આપી દીએ, તો ખરીદનાર ઉપર કોઈ ચીજ વાજિબ નહી રહે.

**મસઅલો ૧૮૭૮** : અગર કોઈ શખ્સ ઘઉં, અથવા જવ, યા ખજૂર અથવા દ્રાક્ષ ખરીદે, અને એ યકીન ધરાવતો હોયકે વેચનારે ઝકાત અદા કરી છે, અથવા શક કરે કે વેચનારે ઝકાત આપી હતી કે નહી, તો એવા સંજોગમાં તેના ઉપર કાંઈ વાજિબ નથી. પણ જો એ જાણતો હોય ક વેચનારે ઝકાત આપી નથી, તો વાજિબ છે કે ખરીદનાર ઝકાત અદા કરે. અલબત, અગર વેચનારે તેની સાથે છેતરપીંડી કરી હોય, તો ઝકાત દીધા બાદ તેની પાસે ઝકાતની વસૂલાતનો દાવો કરી શકે છે.

**મસઅલો ૧૮૭૯** : અગર ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષનું વજન સૂકવણી પહેલાં કે તાજગી ટાણે નિસાબ સુધી પહોંચે, પણ સુકવ્યા બાદ વજન ઘટી જાય, તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૮૮૦** : અગર કોઈ શખ્સ ઘઉં,જવ અને ખજૂરને સુકવણીના સમય પહેલાં ઉપયોગમાં લઈ લ્યે, તો જો સૂકવ્યા પછી તેનું પ્રમાણ નિસાબ જેટલું થતું હોય, તો તેના ઉપર ઝકાત વાજિબ છે.

**મસઅલો ૧૮૮૧** : ખજુરના **ત્રણ** પ્રકાર છે :

**(૧)** એ ખજૂર જેને સૂકવવામાં આવે છે. તેના ઝકાતનો હુકમ ઉપર જણાવી ચૂક્યા છીએ.

**(૨)** એ ખજૂર કે જે રૂતબ તરીકે પાકી, રસદાર ખવાય છે.

**(૩)** એ ખજૂર કે જે કાચી ખવાય છે.

બીજા પ્રકારની ખજૂર માટે હુકમ એ છે કે અગર સૂકાયા બાદ તેનું વજન નિસાબ સુધી પહોંચતું હોય તો એહતીયાતે મુસ્તહબ છે કે તેના ઉપર ઝકાત અદા કરે. પણ ત્રીજા પ્રકારની ખજૂર માટે ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૮૮૨** : જે ઘઉં, જવ, ખજૂર અને કિસમિસ ઉપર ઝકાત દેવાઈ ગયું હોય, તે અગર માલિક પાસે અમુક વર્ષો સુધી રહે, તો પણ તેનાં ઉપર ઝકાત લાગું નહીં પડે.

**મસઅલો ૧૮૮૩** : જે ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષનો પાક વરસાદના પાણીથી, યા નહેરથી તૈયાર થાય, યા મીસરના ખેતરની જેમ જમીનની ભીનાશથી પાક તૈયાર થાય, તો તેની ઝકાત દસમો ભાગ (૧૦%) છે અને જો ડોલ વીગેરેથી પાણી સીચવામાં આવી હોય તો ઝકાતનો વીસમો ભાગ (૫%) છે.

**મસઅલો ૧૮૮૪** : અગર ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષના પાકને બંને રીતે સીંચવામાં આવી હોય, એટલે કે વરસાદ વીગેરેથી પણ લાભ થયો હોય, અને ડોલ વીગેરેથી પણ પાણી આપવામાં આવ્યું હોય, તો જે રીતે વધુ લાભ થયો હોય, તે પ્રમાણે ઝકાત દેવાશે. અગર વરસાદનો મોટો ભાગ હોય તો દસ ટકા અને જો ડોલ વીગેરેથી વધુ મહેનત થઈ હોય તો પાંચ ટકા ઝકાત વાજિબ ગણાશે. અને જો એમ કહેવાય કે બંને રીતે સરખેસરખો ફાયદો થયો છે તો સાડા સાત ટકા ઝકાત લાગુ થશે.

**મસઅલો ૧૮૮૫** : અગર વાસ્તવિક રીતે એવો શક ઉપસ્થિત થાય કે પાણીની સીંચવણી બંને રીતે થઈ છે, કે વરસાદ, નહેર વીગેરેથી વધુ ફાયદો પહોંચ્યો છે, તો એવા સંજોગમાં સાડા સાત ટકા ઝકાત કાફી ગણાશે.

**મસઅલો ૧૮૮૬** : અગર એવો શક ઉપસ્થિત થાય કે બંને રીતે સીંચવણી થઈ છે એમ કહીં શકાય કે નહીં, યા એ કે કદાચ ડોલ વીગેરે હાથ મહેનતથી વધુ સીંચવણી થઈ હોય એમ કહીં શકાય, તો એવી સુરતમાં પાંચ ટકા ઝકાત કાફી ગણાશે. એવી જ રીતે જો માત્ર અનુમાન થાય કે કદાચ વરસાદ વીગેરેની સીચવણી વધુ કહી શકાય તો એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૧૮૮૭** : અગર ઘઉં, જવ, ખજૂર કે દ્રાક્ષની મૂળ સીંચવણી વરસાદ કે નહેરના પાણીથી થઈ હોય, અને એ પછી ડોલ વીગેરેથી પાણી આપવાની જરૂરત ન હોય, એ છંતા એ રીતે પણ સીંચવણી થઈ હોય, અને એથી પાકમાં કોઈ વધારો ન થયો હોય, તો ઝકાત દસ ટકા લાગુ પડશે.

અને જો તેની મૂળ સીંચવણી ડોલ વીગેરેથી થઈ હોય, અને તે બાદ વરસાદ, નહેર વીગેરેની જરૂરત ન રહી હોય, તે છતાં તેનો પણ લાભ થયો હોય, પણ એથી પાકમાં કોઈ વધારો ન થયો હોય, તો પાંચ ટકા લાગુ પડશે.

**મસઅલો ૧૮૮૮** : અગર એક ખેતરમાં ડોલ વીગેરેથી પાણી સીંચવવામાં આવે, અને એની બાજુના ખેતરમાં જમીનમાં રહેલી રૂતુબત કે ભેજને આધારે ખેતી કરવામાં આવે, અને ત્યાં સીંચવણીની કોઈ જરૂરત ન હોય, તો જે પાક ડોલ વીગેરેથી પાણી સીંચીને તૈયાર થાય તેના ઉપર પાંચ ટકા ઝકાત ગણાશે, અને જે પાક બાજુની જમીનમાં સીંચવણી વિના તૈયાર થાય, તેના ઉપર એહતીયાતની રૂએ દસ ટકા ઝકાત વાજિબ થશે.

**મસઅલો ૧૮૮૯** : ઘઉં, જવ, ખજૂર અને દ્રાક્ષ માટે ઈન્સાને જે ખર્ચ કર્યા હોય, તેને ફસલમાંથી બાદ કરીને ઝકાતના નિસાબનો હિસાબ મુકરર કરવો જાઈઝ નથી. બલ્કે એ વસ્તુઓમાંથી કોઈ પણ એક, ખર્ચનો હિસાબ કર્યા પહેલાં, જો વજન નિસાબ સુધી પહોંચી જાય તો તેના ઉપર ઝકાત વાજિબ થશે.

**મસઅલો ૧૮૯૦** : જે બીજનો ઉપયોગ વાવેતરમાં કર્યો હોય, ચાહેએ ખરીદીને લીધેલું બીજ હોય યા પોતાની માલિકીનું હોય, તેનો હિસાબ ફસલમાંથી બાદ કરીને મુકરર નહી કરી શકે. બલ્કે નિસાબનો હિસાબ આખી ફસલને ધ્યાનમાં રાખીને કરશે.

**મસઅલો ૧૮૯૧** : અસલ માલ ઉપર હુકુમત તરફથી જે કરવેરો વસૂલ થાય તેના ઉપર ઝકાત નથી. દાખલા તરીકે જો ૨૦૦૦ કિલોની ફસલ થઈ હોય, અને તેના ઉપર સરકાર ૧૦૦ કિલો કરવેરા તરીકે લઈ લીએ, તો ફકત ૧૯૦૦ કિલો ઉપર ઝકાત વાજિબ થશે.

**મસઅલો ૧૮૯૨** : અગર ઈન્સાન ઝકાત લાગુ પડે એથી પહેલાં જે ખર્ચ કરી ચૂકયો હોય અને તેને ફસલમાંથી બાદ કરીને બાકીની ફસલ ઉપર ઝકાત દેવા માગે તો એ એહતીયાતે વજુબીની રૂએ જાઈઝ નથી.

**મસઅલો ૧૮૯૩** : ઝકાત લાગુ પડી ગયા બાદ ઈન્સાન જો ખર્ચ કરે, તો ઝકાતના જથ્થા સામે જે ખર્ચ થયો હોય, તેને ફસલમાંથી બાદ નહી કરી શકે. અગરચે એહતીયાત પ્રમાણે એ ખર્ચ માટે એણે હાકીમે શરઅ કે એમના વકીલની રજા લઈ લીધી હોય.

**મસઅલો ૧૮૯૪** : ઝકાત અદા કરવા માટે વાજિબ નથી કે ઈન્સાન એટલી રાહ જુએ કે ઘઉં અને જવની લાણી થાય, અથવા ખજૂર કે દ્રાક્ષની ચૂંટણી થઈ જાય, બલ્કે ઝકાત વાજિબ થતાની સાથે

જાઈઝ છે કે ઈન્સાન ઝકાતની કિંમત આંકી તેને ઝકાતરૂપે અદા કરે.

**મસઅલો ૧૮૯૫** : ઝકાત લાગુ પડી ગયા પછી ઈન્સાન તૈયાર ફસલને, યા ખજૂર, અને દ્રાક્ષને ચૂંટયા પહેલાં મુસ્તહક યા હાકીમ શરઅ યા એમના વકીલને સહભાગી તરીકે સુપરત કરી શકે છે અને ત્યારે પછી તેઓ ખર્ચમાં ભાગીદાર બને.

**મસઅલો ૧૮૯૬** : જે સંજોગમાં માલીકે તૈયાર ફસલ, અથવા ખજૂર, દ્રાક્ષની સોંપણી હાકીમે શરઅ, યા મુસ્તહક, યા એમના વકીલને કરી આપી હોય, તો પછી લાઝિમ નથી કે સહભાગી તરીકે એની મફત દેખરેખ રાખે; બલ્કે ચૂંટવાનો અને સૂકવણીનો સમય આવે, ત્યાં સુધી એ માલ તેની જમીન ઉપર હોવા બદલ ભાડું માગી શકશે.

**મસઅલો ૧૮૯૭** : અગર ઈન્સાન એકથી વધુ શહેરોમાં ઘઉં, જવ, ખજૂર કે દ્રાક્ષનું વાવેતર કર્યુ હોય, અને એ જુદીજુદી જગ્યા ફસલ પાકવાનો સમય પણ જુદો હોય, અને એકી સાથે તેની લાણી કે ચુન્તવી ન થતી હોય, તો જો એ સર્વે એક જ વર્ષની કમાણીમાં ગણાતું હોય, તો જે ફસલ પ્રથમ પાકે, અને એ ઝકાતના નિસાબના પ્રમાણમાં હોય, તેના ઉપર પાકતાની સાથે જ ઝકાત આપવી જોઈએ. અને બાકીની ઝકાત જેમ જેમ ફસલ હાંસિલ થાય તેમ અદા કરતો રહેશે.

પણ જો પ્રથમ હાંસિલ થયેલો પાક ઝકાતના નિસાબ સુધી ન પહોંચે, તો એ બાકીની ફસલ તૈયાર થાય ત્યા સુધી ઈન્તેઝાર કરશે અને જયારે એ તૈયાર થાય ત્યારે કુલ મળીને જો નિસાબ સુધી પહોચે તો ઝકાત વાજિબ થશે, અને જો ન પહોંચે તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૮૯૮** : અગર ખજુરના ઝાડ ઉપર યા દ્રાક્ષના વેલા ઉપર વર્ષમાં બે વાર ફળ લાગતા હોય, અને એ બે પાક સાથે મળીને નિસાબ સુધી પહોંચતા હોય, તો એહતીયાતની રૂએ એની ઝકાત વાજિબ છે.

**મસઅલો ૧૮૯૯** : અગર કોઈ પાસે લીલી ખજુર, અથવા દ્રાક્ષ હોય કે જે અગર સુકવવામાં આવે તો નિસાબ પ્રમાણ સુધી પહોંચે, અને એમાંથી ઝકાતની નીય્યત કરીને અદા કરવા માગે, તો જો એનું પ્રમાણ એ ફળોને સૂકવ્યા બાદ ઝકાત વાજિબ થાય તેટલું હોય, તો ઈશ્કાલ નથી.

**મસઅલો ૧૯૦૦** : જેના ઉપર સૂકવેલી ખજૂર યા કિસમિસ માટે ઝકાત વાજિબ હોય, તે એ ઝકાત પેટે તાજી ખજૂર યા દ્રાક્ષ નહી આપી શકે; એટલે કે કિંમત આંકીને તે અંદાજ પ્રમાણે દ્રાક્ષ યા તાજી ખજૂર અથવા બીજા માલમાંથી કિસમિસ યા સૂકવેલી ખજૂર કિંમતરૂપે આપે, તો તેમાં ઈશ્કાલ છે.

એવી જ રીતે જો એના ઉપર તાજી ખજૂર અથવા દ્રાક્ષની ઝકાત વાજિબ હોય. તો એ ઝકાત

પેટે સૂકી ખજૂર યા કિસમિસ નહીં આપી શકે. બલ્કે જો તેની કિંમત આંકી એ મુજબ બીજા માલમાંથી ખજૂર કે દ્રાક્ષ આપે, અગરચે એ તાજી હોય, તો પણ તેમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૧૯૦૧** : અગર કોઈ શખ્સ ઉપર કરજ હોય, અને સાથે તેની પાસે એવો માલ પણ હોય કે જેના ઉપર ઝકાત વાજિબ થઈ ચૂકી હોય, તે અગર ગુજરી જાય તો પ્રથમ જે માલ ઉપર જેટલી ઝકાત વાજિબ હોય તે અદા કરી દેવી જોઈએ, અને ત્યાર બાદ તેના કરજની અદાયગી થશે.

**મસઅલો ૧૯૦૨** : અગર મરનાર ઉપર કરજ હતું અને સાથે તેની પાસે ઘઉં, અથવા જવ કે ખજૂર યા દ્રાક્ષ પણ હોય, તો એ વસ્તુઓ ઉપર ઝકાત વાજિબ થાય એથી પહેલાં જો વારસદારોએ બીજા માલમાંથી એનું કરજ ચૂકવી આપ્યું હોય, તો જે વારસદારોને નિસાબ ના પ્રમાણસર એ વસ્તુઓ ભાગમાં મળે એ તેના ઉપર ઝકાત આપશે.

પણ જો ઝકાત વાજિબ થાય એથી પહેલાં વારસદારોને કરજ ન ચુકવ્યું હોય, અને મરનાર એટલો જ માલ મૂકી ગયો હોય જેમાં કરજ અદા કરી શકાય. તો વાજિબ નથી કે જકાત આપે.

પણ જો મય્યતનો માલ કરજની અદાયગી થઈ શકે એથી વધારે હોય, પણ કરજ એટલું હોય કે માલમાંથી આપ્યા પછી અમુક પ્રમાણમાં ઘઉં, જવ, ખજૂર કે દ્રાક્ષ પણ લેણદારને આપવું પડે, તો જેટલો ભાગ લેણદારને આપશે તેના ઉપર ઝકાત નથી. બાકી રહેલા માલમાં જે વારસદારના ભાગમાં નિસાબ અંદાજે માલ આવે, તેના ઉપર એ ઝકાત કાઢશે.

**મસઅલો ૧૯03** : જે શખ્સ પાસે ઊંચી અને નીચી જાતની વસ્તુઓ હોય, એટલેકે બંને જાતના ઘઉં, જવ, ખજૂર અને કિસમિસ હોય, તો તેના ઉપર ઝકાત વાજિબ થાય તો એહતીયાતે વાજિબની રૂએ ઊંચી કોટિમાંથી અલગ અને નીચી કોટિમાંથી અલગ લાગુ પડેલી ઝકાત આપશે.

## સોનું અને તેનો નિસાબ

**મસઅલો ૧૯૦૪** : સોના માટે **બે** નિસાબ નિયુકત છે :

**(૧)** જયારે સોનાનો વજન વીસ શરઈ મિસ્કાલ સુધી પહોંચે (દરેક મિસ્કાલનું વજન ૩, ૪૫૬ ગ્રામ હોય છે), ત્યારે ઉપરોકત શરતો પૂરી થતા તેના ઉપર ચાલીસમો ભાગ ઝકાત (૧.૭૨૮ ગ્રામ) વાજિબ થશે. (સામાન્ય મિસ્કાલ કે જે શરઈ મિસ્કાલથી જુદું છે, તે પ્રમાણે પંદર મિસ્કાલ પહોંચતા સોનું ઝકાતને પાત્ર થશે) અગર એ પ્રમાણે તે અંદાજ સુધી સોનું ન પહોંચે તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

**(૨)** જયારે સોનું શરઈ વીસ મિસ્કાલ સુધી પહોંચે, અને તેમાં ચાર શરઈ મિસ્કાલમાં વધારો

થાય, તો તમામ સોના ઉપર અઢી ટકા ઝકાત વાજિબ થશે. પણ જો ચાર શરઈ મિસ્કાલથી ઓછું વધે તો ફકત વીસ શરઈ મિસ્કાલ ઉપર ઝકાત આપશે, અને વધારા ઉપર ઝકાત લાગુ નહીં પડે.

એજ હુકમ વધારાને લાગુ પડશે. એટલે કે જયારે પણ ચાર મિસ્કાલ શરઈ વધે ત્યારે તમામ સોના ઉપર ઝકાત દેશે, અને જો એથી ઓછું વધે તો વધારા ઉપર ઝકાત નથી (ચાર મિસ્કાલ શરઈનો અંદાજ સામાન્ય ધોરણે ત્રણ મિસ્કાલ છે.)

## ચાંદીનો નિસાબ

**મસઅલો ૧૯૦૫** : ચાંદીના નિસાબના **બે** પ્રકારો છે:

**(૧)** જયારે ચાંદીનું વજન ૧૦૫ સામાન્ય મિસકાલ હોય, અને બાકી જણાવેલ શરતો પૂરી થાય, તો તેના ઉપર અઢી ટકા ઝકાત વાજિબ થશે. અને જો એટલુ વજન ન થાય, તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

**(૨)** અગર ૧૦૫ મિસ્કાલમાં ૨૧ મિસ્કાલનો વધારો થાય, તો પૂરા ૧૨૬ મિસ્કાલ ઉપર જણાવ્યા મુજબ ઝકાત આપવી વાજિબ થશે. પણ જો ૨૧ મિસ્કાલથી ઓછો વધારો થાય, તો ફક્ત ૧૦૫ મિસ્કાલને ઝકાત લાગુ પડશે અને વધારા ઉપર ઝકાત વાજિબ નથી, એવી જ રીતે જેમ જેમ ૨૧ મિસ્કાલના ધોરણે વધારો થતો જાય, તેમ કુલ ચાંદી ઉપર ઝકાત લાગુ પડતી જશે અને જો ૨૧ મિસ્કાલથી ઓછો વધારો થતો રહે, તો વધારા ઉપર ઝકાત નથી.

આ રીતે ઈન્સાન પાસે જેટલું સોનું ચાંદી હોય, તેના અઢી ટકા ઝકાત આપે, તો વાજિબ ઝકાતનો ઝીમ્મો અદા કર્યા ગણાશે. કોઈક્વાર એવું એ બને કે વધારે આપે, જેમકે અગર કોઈ પાસે ૧૧૦ મિસ્કાલ ચાંદી હોય અને તેના અઢી ટકા અદા કરે, તો ૧૦૫ મિસ્કાલનું ઝકાત વાજિબ ગણાશે, અને પાંચ મિસ્કાલ ઉપર જે અદા કરશે એ વાજિબ ઝકાત નહીં ગણાય.

**મસઅલો ૧૯૦૬** : જે શખ્સ પાસે નિસાબમાં નિયુકત વજન જેટલો સોનું કે ચાંદી હોય, અને તેમાથી ઝકાત અદા કરી ચૂકયો હોય, તો જયાં સુધી તેમાં ઘટાડો ન થાય ત્યાં સુધી દર વર્ષે તેમાંથી ઝકાત આપવી વાજિબ રહેશે.

**મસઅલો ૧૯૦૭** : સોનું અને ચાંદી ઉપર એ સંજોગે ઝકાત વાજિબ થાય છે કે જયારે એ સિક્કારૂપે હોય, અને એ સિક્કા લેવડ દેવડમાં પ્રચલિત હોય, અને જો એ સિક્કા ઉપરથી છાપ ભુસાય કે ઘસાય ગઈ હોય, તો પણ ઝકાત વાજિબ થશે.

**મસઅલો ૧૯૦૮** : સોના ચાંદીના જે સિક્કા ઔરતો આભુષણ રૂપે શોભા માટે ઉપયોગમાં લ્યે છે, તો અગર પ્રચલિત હોય, એટલે કે લેવડદેવડ અને મામલાતમાં વપરાતો હોય, તો તેના ઉપર અહવતની રૂએ ઝકાત વાજિબ છે. પણ જો એ પ્રચલિત ન હોય તો ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૯૦૯** : અગર એક શખ્સ પાસે સોનું ચાંદી હોય, પણ બેમાંથી એકેય પ્રાથમિક નિસાબમાં જણાવેલા વજન પ્રમાણ ન હોય, જેમકે, ૧૦૪ મિસ્કાલ ચાંદી અને ૧૪ મિસ્કાલ સોનું હોય, તો તેના ઉંપર ઝકાત વાજિબ નહી થાય.

**મસઅલો ૧૯૧૦** : અગાઉ જણાવી છીએ તે મુજબ અગર ઈન્સાન અગિયાર મહિના સુધી નિસાબમાં જણાવેલ વજન જેટલું સોનું અને ચાંદી ધરાવતો હોય તો તેના ઉપર ઝકાત વાજિબ છે, અને અગર અગિયાર માસ દરમ્યાન પ્રાથમિક નિસાબમાંથી કાંઈ ઘટવા પામ્યું હોય, તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૯૧૧** : અગર કોઈ શખ્સ અગિયાર માસ દરમ્યાન સોના ચાંદીના સિક્કાને બદલી નાંખે, યા પીગળાવી દયે, તો તેના ઉપર ઝકાત લાગુ નહીં પડે. પણ જો ઝકાતથી બચવા માટે સિક્કામાંથી બીજા રૂપમાં ફેરવે, જેમકે સોનાના સિક્કાને સાદા સોના યા ચાંદીમાં ફેરવે, અથવા ચાંદીના સિક્કાને સાદા સોના યા ચાંદીનું રૂપ આપી દીએ, તો એહતીયાતે વાજિબ છે કે ઝકાત અદા કરે.

***નોંધ****: લે-વેચ કરી સોનાને ચાંદીમાં કે ચાંદીને સોનામાં બદલે.*

**મસઅલો ૧૯૧૨** : અગર કોઈ શખ્સ બારમા મહિનામાં સોના ચાંદીને પીગળાવી દીએ, તો તેના ઉપર ઝકાત વાજિબ છે. અને જો પીગળવવાથી તેનું વજન યા તેની કિમંત ઘટી જાય, તો પીગળવ્યા પહેલાં જે ઝકાત વાજિબ હતી તે મુજબ અદાયગી કરે.

**મસઅલો ૧૯૧૩** : અગર કોઈ શખ્સ પાસે જે સોનું ચાંદી હોય તેમાં અમુક ઊંચી કોટિ હોય, અને અમુક ઉતરતી કોટીનું હોય, તો પૂરેપૂરી ઝકાત ઉચ્ચ કોટિમાંથી આપી શકશે, પણ જો તેમ ન કરવા માંગતો હોય તો ઉતરતી કોટિના સોના ચાંદીની ઝકાત તેમાંથી આપી શકશે. અહવતની રૂએ પૂરેપૂરી ઝકાત ઉતરતી કોટિના ધાતુમાંથી નહીં આપી શકે, બલ્કે બેહતર એ છે કે તમામ ઉચ્ચ કોટિમાંથી અદા કરે.

**મસઅલો ૧૯૧૪** : સોના ચાંદીના સિક્કામાં બીજી ધાતુની મિલાવટ સામાન્ય રીતે હોય, પણ તે છતાં જો એ સિક્કાઓ સોનું યા ચાંદી તરીકે ઓળખતા હોય તો તેના ઉપર ઝકાત વાજિબ થશે, અગરચે તેમાં રહેલું ચોખ્ખું નિર્ભેળ સોનું યા ચાંદીનું વજન નિસાબ જેટલું ન હોય, પણ જો એ

મિલાવટને કારણે સોના કે રૂપા તરીકે ન ઓળખાતા હોય, તો તેના ઉપર ઝકાતનું લાગુ પડવું ઈશ્કાલ ધરાવે છે, અગરચે તેમાં રહેલું નિર્ભેળ સોનું ચાંદીના નિસાબના વજન જેટલું હોય.

**મસઅલો ૧૯૧૫** : સોના ચાંદીમાં બીજી ધાતુની મિલાવટ હોય છે, અને અગર ઈન્સાન તેની ઝકાત એવા સિક્કામાંથી આપવા માગે કે જેમાં મિલાવટ ઓછી અને સોના ચાંદીનો ભાગ વધારે છે, તો તેમાં વાંધો નથી, અને જો એવા નાણાંમાંથી દેવા માગે કે જે સોના ચાંદી ન હોય, તો સોના ચાંદી ઉપર જેટલી ઝકાત વાજિબ થઈ હોય તેની પૂરી કિમંત આંકીને અદા કરે તો વાંધો નથી.

## ઉંટ, ગાય, ઘેટાં, બકરાની ઝકાત

**મસઅલો ૧૯૧૬** : આ જાનવરો ઉપર લાગુ પડતી ઝકાત માટે ઉપર જણાવેલી શરતો સિવાય એક વધારાની શરતો છે, અને તે એ કે જાનવર આખા વર્ષ દરમ્યાન જંગલમાં ઘાસ ચરતું રહ્યું હોય, તો અગર એ જાનવર વર્ષ દરમ્યાન યા અમુક સમય સુધી કાપવામાં આવેલું યા ઉખાડવામાં આવેલું ઘાસ ચારા તરીકે ખાય, અથવા માલિક યા માલિક સિવાય બીજાના ખેતરમાં ચરતું રહે, તો તેના ઉપર ઝકાત વાજિબ નથી. અલબત, જો વર્ષ દરમ્યાન માત્ર એકાદ દિવસ માલિકે મૂકેલા ચારામાંથી ખાધું હોય, તો ઝકાત વાજિબ છે.

પણ ઊંટ, ગાય અને ઘેટાં બકરાં ઉપર ઝકાત લાગુ પડવા માટે અહ્‌વતની રૂએ શરત નથી કે આખા વર્ષ દરમ્યાન જાનવર નવરાં અને બેકાર રહ્યા હોય, બલ્કે અગર પાણી સીંચવા માટે યા હળ ચલાવવામાં અથવા એવા અન્ય કાર્ય માટે તેમનો ઉપયોગ થયો હોય તો પણ અહ્‌વતની રૂએ એમની ઝકાત દેવી જોઈએ.

**મસઅલો ૧૯૧૭** : અગર ઈન્સાન ઊંટ, ગાય કે ઘેટાં બકરાને ચારવા માટે એવું ખેતર કે જમીનનો વિસ્તાર ખરીદે કે ભાડે લ્યે, જેમાં કોઈએ વાવેતર ન કર્યુ હોય, તો એવા સંજોગમાં ઝકાતનો વાજિબ થવું મુશ્કીલ છે, જો કે અહ્‌વત છે કે ઝકાત આપે. પણ જો ત્યાં ચારવા માટે કરવેરો દેવો પડતો હોય, તો ઝકાત દેવી વાજિબ છે.

## ઉંટનું નિસાબ

**મસઅલો ૧૯૧૮** : ઊંટ માટે **બાર** નિસાબ છે :

**(૧)** પાંચ ઊંટ ઉપર એક ઘેટું ઝકાતમાં દેવું વાજિબ છે, અને જયાં સુધી ઊંટની સંખ્યા એટલી ન થાય ત્યાં સુધી ઝકાત વાજિબ નથી.

**(૨)** દસ ઊંટ ઉપર બે ઘેટાં ઝકાતરૂપે વાજિબ થશે.

**(૩)** પંદર ઊંટ ઉપર ત્રણ ઘેટાં વાજિબ થશે.

**(૪)** વીસ ઊંટ ઉપર ચાર ઘેટાં વાજિબ થશે.

**(૫)** પચ્ચીસ ઊંટ ઉપર પાંચ ઘેટાં વાજિબ થશે.

**(૬)** છવ્વીસ ઊંટ ઉપર એક એવું ઊંટ કે જે બીજા વર્ષમાં દાખલ થઈ ચુક્યુ હોય.

**(૭)** છત્રીસ ઊંટ ઉપર એક એવું ઊંટ કે જે ત્રીજા વર્ષમાં દાખલ થઈ ચૂકયો હોય.

**(૮)** છેંતાલીસ ઊંટ ઉપર એક એવું ઊંટ કે જે ચોથા વર્ષમાં દાખલ થઈ ચૂકયો હોય.

**(૯)** એકસઠ ઊંટ ઉપર એક એવું ઊંટ કે જે પાંચમાં વર્ષમાં દાખલ થઈ ચૂકયો હોય.

**(૧૦)** છોંતેર ઊંટ ઉપર બે ઊંટ કે જે ત્રીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યા હોય.

**(૧૧)** એકાણું ઊંટ ઉપર બે ઊંટ કે જે ચોથા વર્ષમાં દાખલ થઈ ચૂકયો હોય.

**(૧૨)** એકસો એકવીસ ઊંટ અને એથી વધુ ઉપર ઝકાત આપવાની અનેક રીતો છે. યા તો ચાળીસ ચાળીસના જુથ બનાવી હિસાબ કરી દરેક ચાળીસ ઊંટ ઉપર એક ઊંટ આપે, કે જે ત્રીજા વર્ષમાંદાખલ થઈ ચૂકયો હોય, અને યા તો પચાસ પચાસનું જુથ હિસાબ કરી દરેક પચાસ ઉંટે એક ઊંટ આપે કે જે ચોથા વર્ષમાં દાખલ થઈ ચૂકયો હોય. અથવા ચાલીસ અને પચાસ બંને જુથના હિસાબને અપનાવે, પણ દરેક સંજોગમાં એવી રીતે હિસાબ કરે કે કોઈ શેષભાગ બાકી ન રહે, અથવા જો રહે તો નવની સંખ્યાથી વધુ ન હોય.

દાખલા તરીકે જો ૧૪૦ ઊંટ હોય, તો બે ઊંટ કે જે ચાર વર્ષમાં પ્રવેશ કરી ચૂકયો હોય, તે ૧૦૦ ઉપર ઝકાત આપે, અને બાકીના ૪૦ ઉપર ઊંટ કે જે ત્રીજા વર્ષમાં દાખલ થઈ ચૂકયો હોય, ઝકાત તરીકે આપે. જે ઊંટ ઝકાત તરીકે અપાય તે માદા હોવી જરૂરી છે.

**મસઅલો ૧૯૧૯** : બે નિસાબ વચ્ચેની સંખ્યા ઉપર ઝકાત વાજિબ નહીં થાય. જેમકે અગર કોઈ શખ્સ ઊંટ માટે નિયુકત પ્રથમ નિસાબ, કે જે પાંચ ઊંટ છે, તે પસાર કરી લીએ, પણ બીજા નિસાબ એટલે કે દસ સુધી ઊંટની સંખ્યા ન પહોંચી હોય, તો માત્ર પાંચ ઉપર ઝકાત દેશે. અને એજ હુકમ દરેક નિસાબને લાગુ પડશે.

## ગાયનું નિસાબ

**મસઅલો ૧૯૨૦** : ગાય માટે **બે** પ્રકારના નિસાબ છે :

**(૧)** જયારે ગાયની સંખ્યા ત્રીસની થાય, અને ઝકાતની બાકીની શરતો પૂરી થાય, ત્યારે એક વાછરડું કે જે બીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યું હોય, ઝકાત તરીકે આપવું વાજિબ છે, અને એહ્તીયાતે વાજિબની રૂએ વાછરડું નર હોવું જોઈએ.

**(૨)** જયારે ગાયની સંખ્યા ચાળીસ સુધી પહોંચે ત્યારે એક વાછરડું કે જે માદા હોય, અને ત્રીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યું હોય, ઝકાત રૂપે આપવું વાજિબ છે.

ત્રીસ અને ચાળીસની વચ્ચેની સંખ્યા ઉપર ઝકાત વાજિબ નથી. જેમકે અગર કોઈ પાસે ૩૯ ગાયો હોય, તો તેમાંથી ત્રીસ ઉપર ઝકાત આપશે, એવી જ રીતે જો ચાળીસથી વધુ ગાયો હોય, તો જયાં સુધી સંખ્યા સાઈઠ સુધી ન પહોંચે, ફકત ચાળીસ ઉપર ઝકાત અદા કરશે.

જયારે સંખ્યા સાઈઠ સુધી પહોંચે, તો એ પહેલાં નિસાબની બમણી સંખ્યા થઈ ગઈ હોવાથી, બે વાછરડાં કે જે બીજા વર્ષમાં દાખલ થઈ ગયા હોય, ઝકાત તરીકે આપશે. એ પ્રમાણે જેમ સંખ્યા વધતી જાય, તેમ ૩૦ ના જુથ પ્રમાણે વહેંચણી કરે યા ચાળીસના જુથ મુજબ હિસાબ કરે, યા ત્રીસ અને ચાળીસના જુથ પ્રમાણે હિસાબ કરીને ઝકાત ચૂકવી આપે. પણ દરેક સંજોગમાં એવી રીતે વેહ્ંચણી કરે કે શેષભાગ બાકી ન રહે, અથવા જો વધે તો નવની સંખ્યાથી વધુ ન હોય.

દાખલા તરીકે જો ૭૦ ગાયો હોય, અને ૩૦ તથા ૪૦ બંનેના જુથ કરાર દેવા માગે, તો ૩૦ માટે તેના હુકમ મુજબ અને બાકીના ૪૦ ઉપર તેના હુકમ મુજબ ઝકાત આપશે. કારણકે જો ફકત ૩૦ ના જુથ મુજબ હિસાબ કરશે, તો ૧૦ ગાયો ઝકાત અદા કર્યા વિનાની રહી જશે.

## ઘેટાં બકરાનો નિસાબ

**મસઅલો ૧૯૨૧** : ઘેટાં બકરાં માટે પાંચ પ્રકારના નિસાબ છે :

**(૧)** જયારે ઘેટાં બકરાંની સંખ્યા ૪૦ સુધી પહોચીં જાય, ત્યારે એક ઘેટું-બકરું ઝકાત રૂપે આપવું વાજિબ છે. જયાં સુધી ૪૦ ની સંખ્યા પૂરી ન થાય ત્યાં સુધી તેના ઉપર ઝકાત નથી;

**(૨)** જયારે સંખ્યા ૧૨૧ સુધી પહોંચે, ત્યારે તેના ઉપર બે ઘેટાં-બકરા ઝકાત રૂપે વાજિબ છે;

**(૩)** જયારે સંખ્યા ૨૦૧ સુધી પહોંચે, ત્યારે તેના ઉપર ત્રણ ઘેટાં-બકરા ઝકાત રૂપે વાજિબ થશે;

**(૪)** જયારે સંખ્યા ૩૦૧ સુધી પહોંચે, ત્યારે તેના ઉપર ચાર ઘેટાં-બકરા ઝકાત રૂપે વાજિબ છે;

**(૫)** જયારે સંખ્યા ૪૦૦ સુધી યા એથી વિશેષ થાય, તો તેની ૧૦૦ ના જુથમાં વહેંચણી કરી, દરેક ૧૦૦ ઉપર એક ઘેટું-બકરું ઝકાત રૂપે આપે.

અને ઝકાતની અદાયગી માટે એ લાઝિમ નથી કે એ જ ઘેટાં બકરામાંથી અપાય, બલ્કે એ સિવાય બીજા કોઈ ધણમાંથી આપવા માગે તો આપી શકે છે; અથવા જો ઘેટાંની કિમંત આંકીને તેના બદલે નાણા આપવા ચાહે તો આપી શકે છે.

**મસઅલો ૧૯૨૨** : બે નિસાબ વચ્ચેની સંખ્યા ઉપર ઝકાત વાજિબ નહીં થાય, જેમકે, અગર કોઈ શખ્સ પાસે પહેલાં નિસાબમાં ચાળીસ ઘેટાંથી વધારે હોય, તો જયાં સુધી બીજા નિસાબ મુજબ ૧૨૧ સંખ્યા ન પહોંચે, માત્ર ૪૦ ઉપર ઝકાત આપશે. અને બાકી ઉપર ઝકાત લાગુ નહીં પડે. એ જ હુકમ તમામ નીસાકોને લાગુ પડશે.

**મસઅલો ૧૯૨૩** : ઉંટ, ગાય અને ઘેટાં બકરાની સંખ્યા જયારે નિસાબના અંદાજ સુધી પહોંચે,ચાહે એ બધાય નર હોય કે માદા હોય, અથવા અમુક નર હોય અને અમુક માદા હોય, ત્યારે તરત ઝકાત લાગુ પડી જશે.

**મસઅલો ૧૯૨૪** : ઝકાતમાં ગાય અને ભેંસ એકજ પ્રકારના ગણાશે, અને એવી રીતે અરબી ઊંટ અને ગેર અરબી ઊંટ એક જ પ્રકાર ગણાશે. ઉંપરાંત ઘેટાં બકરાં વચ્ચે કોઈ ફેર નથી.

**મસઅલો ૧૯૨૫** : જયારે ઘેટાં બકરાં ઉપર ઝકાત આપે ત્યારે એહતીયાતે વાજિબની રૂએ ઘેટું ઓછામાં ઓછા બે વર્ષમાં દાખલ થઈ ચુક્યું હોવું જોઈએ, અને જો બકરુ આપે તો અહવતની રૂએ ત્રીજા વર્ષમાં દાખલ થઈ ચૂક્યું હોવું જોઈએ.

**મસઅલો ૧૯૨૬** : જે ઘેટું ઝકાતરૂપે આપવા માગે તેની કિંમત બીજા ઘેટાં કરતાં નજીવા પ્રમાણમાં ઓછી હોય તો વાંધો નથી, પરંતુ બેહતર છે કે જે ઘેટાંની કિંમત બાકીના ઘેટાંઓ કરતા વધારે હોય તે ઝકાતરૂપે આપે; અને એજ હુકમ ઊંટ અને ગાય માટે છે.

**મસઅલો ૧૯૨૭** : અગર અમુક લોકો ભાગીદારીમાં હોય, તો જે જે ભાગીદારીના ભાગમાં આવતી સંખ્યા નિસાબના પહેલા પ્રકાર સુધી પહોંચી જાય, તેના ઉપર ઝકાત વાજિબ થશે અને જેના ભાગમાંએવી ઓછી સંખ્યા આવે તો તેના ઉપર ઝકાત વાજિબ નથી.

**મસઅલો ૧૯૨૮** : અગર એક શખ્સ પાસે અનેક જગ્યાએ ગાય, યા ઉટ, યા ઘેટાં બકરા હોય, તો અગર કુલ મળીને નિસાબમાં જણાવેલી સંખ્યા સુધી પહોંચ, તો તેના ઉપર ઝકાત વાજિબ છે.

**મસઅલો ૧૯૨૯** : અગર ગાય, ઘેટાં બકરાં અને ઊંટ બિમાર કે ખોડખાંપણવાળા હોય, તો પણ તેના ઉપર ઝકાત વાજિબ થશે.

**મસઅલો ૧૯૩૦** : અગર કોઈ શખ્સ પાસે ઉપરોકત ઢોરના ધણમાં બધાય બિમાર યા ખોડખાંપણવાળા યા બુઢા હોય, તો એજ ધણમાંથી જાનવર ઝકાત રૂપે આપી શકશે. પણ જો બધાય તંદુરસ્ત અને ખોડખાંપણ વિનાના હોય, તો તેના ઉપર વાજિબ થયેઈ ઝકાત રૂપે બિમાર યા ખોડખાંપણવાળું યા બુઢ્ઢં જાનવર નહીં આપી શકશે. બલ્કે જો તેમાં અમુક બિમાર બુઢા યા ખોડવાળા

હોય, અને બાકીના સલામત હોય, તો એહતીયાતે વાજિબ છે કે ઝકાત રૂપે તંદુરસ્ત અને અયબ વગરનું જાનવર આપે.

**મસઅલો ૧૯૩૧** : અગર કોઈ શખ્સ અગિયાર મહિના પૂરાં થાય એથી પહેલાં પોતાની ગાયો યા ઊંટ, ઘેટાં બકરાને કોઈ બીજી વસ્તુના બદલામાં આપી દયે, અથવા પોતાની પાસે નિસાબની સંખ્યમાં જેટલા જાનવર હોય તેટલી જ સંખ્યામાં બીજા જાનવરો સામે અદલબદલ કરે. જેમકે પોતાના ૪૦ ઘેટાં આપી બીજા ૪૦, ઘેટાં લઈ લ્યે, તો જો એમ કરવામાં ઝકાતથી બચવાનો ઈરાદો ન હોય, તો ઝકાત વાજિબ નહીં થાય.

પણ જો નિય્યત ઝકાતથી બચવાની હોય, તો અગર અદલ-બદલ થયેલ પ્રાણીઓમાં એક જ જાતનો ફાયદો હોય, જેમકે, બંને દૂધ દેતી ગાયો કે ઘેટીઓ હોય તો એહતીયાતે વાજિબ છે તેના ઉપર ઝકાત આપે.

**મસઅલો ૧૯૩૨** : જે શખ્સ ઉપર ઉંટ, ઘેટાં બકરાં અને ગાયોની ઝકાત વાજિબ હોય, તે અગર પોતાના બીજા માલમાંથી એ ઝકાતની અદાયગી કરે, તો જયાં સુધી એ ઘણની સંખ્યા નિસાબથી ઓછી નહીં થાય, ત્યાં સુધી દર વર્ષે એના ઉપર ઝકાત વાજિબ થશે. પણ જો એ ઘણમાંથી જ ઝકાત આપી હોય, અને પ્રથમ નિસાબથી સંખ્યા ઓછી થાય, તો તેના ઉપર ઝકાત વાજિબ નહીં થાય.

જેમકે કોઈ શખ્સ પાસે ચાળીસ ઘેટાં હોય, તેના ઉપર ઝકાત વાજિબ થઈ છે તે પોતાના બીજા માલમાંથી અદા કરે, તો જયાં સુધી ઘેટાંની સંખ્યા ચાળીસ રહેશે ત્યાં સુધી દર વર્ષે તેના ઉપર ઝકાત તરીકે એક ઘેટું આપતો રહેશે, પણ જો એમાંથી જ ઝકાતની અદાયગી કરી હોય, તો જયાં સુધી સંખ્યા ચાળીસ ન થાય ત્યાં સુધી ઝકાત આપવી વાજિબ નથી.

## વેપારના માલ ઉપર ઝકાત

જયારે ઈન્સાન કિંમત અદા કરીને યા બદલ પધ્ધતી વીગેરેથી માલનો માલિક થાય, અને એનો ઈરાદો હોય કે એ માલથી વેપાર કરીને નફો મેળવશે, તો અહવતની રૂએ, અમુક શરતો પૂરી થતા, એની ઝકાત અદા કરશે; જે અઢી ટકા છે. એ શરતો નીચે મુજબ છે :

**(૧)** માલિક બાલીગ અને અકલમંદ હોવો જોઈએ (દીવાનો ન હોય);

**(૨)** માલનું પ્રમાણ નિસાબ સુધી પહોંચી ગયું હોય, અને તે સોનું યા ચાંદીના નિસાબ જેટલું હોય;

**(૩)** નફો મેળવવાની જે નિય્યત હતી તેને એક વર્ષ વીતી ગયું હોય;

**(૪)** નફો મેળવવાની નિય્યત આખા વર્ષ દરમ્યાન બાકી હોવી જોઈએ. તો અગર વર્ષ

દરમ્યાન એ માલમાંથી નફો હાંસિલ કરવાનો ઈરાદો ફેરવી નાખે અને તેને પોતાના અંગત ખર્ચ યા ઉપયાગમાં લઈ લ્યે, તો તેના ઉપર ઝકાત વાજિબ નહીં થાય.

**(૫)** આખા વર્ષ દરમ્યાન માલિક એ માલમાં મરજી મુજબ વહીવટ કરવાનો સંપૂર્ણ હક ધરાવતો હોય.

**(૬)** આખા વર્ષ દરમ્યાન એ માલ સામે થયેલ મૂડી રોકાણ જેટલી કિંમતે, યા એથી વધુ કિંમતે ખરીદવવાળા હોવા જોઈએ. અગર વર્ષ દરમ્યાન એવા ખરીદવવાળા મળે કે જે મૂડી રોકાણથી ઓછી કિંમતે લેવા માંગતા હોય, તો તેના ઉપર ઝકાત વાજિબ નહીં થાય.

## ઝકાતનો ઉપયોગ

**મસઅલો ૧૯૩૩** : ઝકાત **આઠ** જગ્યાએ ઉપયોગમાં લઈ શકાય છે :

**(૧)** ફકીરને દેવા માટે વાપરી શકાય, અને ફકીરથી મુરાદ એ છે કે જે પોતાનું અને પોતાના પરિવારનું આખા વર્ષમાં ગુજરાન ન ચલાવી શકે, પણ જેની પાસે ઉધોગ, મિલકત યા મૂડી હોય અને પોતાના વર્ષનું ગુજરાન ચલાવી શકતો હોય, તો ફકીર નહીં કહેવાય.

**(૨)** મીસ્કીનને આપી શકાય છે, અને તે એ છે કે જેની આર્થિક હાલત ફકીર કરતાં વધારે ખરાબ હોય.

**(૩)** એ શખ્સને સુપરત કરી શકાય છે કે જે ઈમામ અલય્હિસ્સલામ તરફથી યા એમના નાઈબ તરફથી વસૂલાત અને તેની હિફાઝત માટે નીમાએલા હોય, કે જે તેનો હિસાબ કિતાબ જાણવે, અને રકમ ઈમામ અલય્હિસ્સલામ યા એમના નાઈબ યા ફકીરો સુધી પહોંચાડે.

**(૪)** એ ફકીરોને આપી શકાય કે જેને પરિણામે તેમનામાં ઈસ્લામ પ્રત્યે પ્રેરણા અને અને અભિરૂચી જાગૃત થાય, અથવા એથી લડાઈમાં યા અન્ય સંજોગમાં મુસલમાનોની મદદ કરવા પ્રેરાય.

એવી જ રીતે ઝકાત એવા મુસ્લિમોને પણ આપી શકાય કે જેમનું ઈમાન કમજોર હોય, પણ ઝકાત આપવાથી એમની આસ્થા અને એમના ઈમાનને સમર્થન મળે, અથવા એવા મુસલમાનોને અપાય કે જેમનું ઈમાન હઝરત અમીરૂલ મુઅમીનીન અલય્હિસ્સલામની વિલાયત ઉપર નથી, પણ ઝકાત વડે એમની વિલાયત પ્રત્યે અભિરૂચી જગાડી શકાતી હોય કે જેથી ઈમાન લઈ આવે.

**(૫)** ગુલામોને ખરીદેને આઝાદ કરવા માટે વાપરી શકાય છે. એનો વિગત વાર ખુલાસો અન્ય સ્થળે અપાયો છે.

**(૬)** જે કરજદાર કે દેવાદાર પોતાનું કરજ અદા કરવા શક્તિશાળી ન હોય, તેને આપી શકાય છે.

**(૭)** અલ્લાહની રાહમાં વાપરી શકાય, એટલે કે એવા કામોમાં કે જેથી આમ મુસલમાન જનતાને ફાયદો પહોંચે જેમકે, મસ્જિદ બનાવવી, યા ઈલ્મેદીનના અભ્યાસ અર્થે મદ્રેસો સ્થાપવો, શહેરની સફાઈ કરવી, રસ્તાઓ પાકા કરવા, ડામર પાથરવું યા રસ્તા પહોળો કરવા માટે, વાપરી શકાય.

**(૮)** એ મુસાફરની મદદ માટે અપી શકાય છે કે જે સફર દરમ્યાન નાણાભીડના સંકટમાં મળી જાય. આ સંજોગમાં ઝકાત વાપરી શકાય છે, પરતું ત્રીજા, ચોથા અને એહતીયાતે વાજિબની રૂએ સાતમા સંજોગમાં ઝકાતનો માલિક ઈમામ અલય્હિસ્સલામ યા એમના નાયબની રજા વિના નહીં વાપરી શકે. એ સંજોગોને લાગતા એહકામ હવે પછી જણાવવામાં આવશે.

**<u>મસઅલો ૧૯૩૪</u>** : એહતીયાતે વાજિબ છે કે ફકીર યા મિસ્કીન પોતાના અને પોતાના પરિવારના વર્ષના ખર્ચથી વિશેષ ઝકાત ન લ્યે, અને જો એની પાસે થોડું નાણું યા થોડી ઘણી જણસ હોય, તો વર્ષની જરૂરીયાતમાં જેટલું ઓછું પડતુ હોય તેટલી જ ઝકાત લ્યે.

**<u>મસઅલો ૧૯૩૫</u>** : જે શખ્સ પાસે વર્ષના ખર્ચ પૂરતું હોય, અને તેમાંથી અમુક ભાગ વાપર્યા બાદ શક કરે કે જે બાકી રહ્યું છે, તે વર્ષના આખર સુધી પરતું છે કે નહી, તો એ શખ્સ ઝકાત નહી લઈ શકે .

**<u>મસઅલો ૧૯૩૬</u>** : અગર એક શખ્સ પોતાના ઉદ્યોગ, મિલકત યા વેપારથી જેટલું કમાતો હોય, એ વર્ષના ખર્ચ કરતા ઓછું હોય, તો જેટલું ઓછું પડતું હોય તેટલા પ્રમાણમાં ઝકાત લઈ શકે છે, અને લાઝિમ નથી કે પોતાના ઓજાર, મિલકત કે મૂડી વહેંચી યા વાપરીને ખર્ચ પૂરો કરે.

**<u>મસઅલો ૧૯૩૭</u>** : જે ફકીર પાસે પોતાના માટે અને પોતાના પરિવાર માટે વર્ષ જેટલું ન હોય, પણ તેની પાસે રહેવા માટેનું પોતાનું મકાન હોય, જેમાં એ રહેતો હોય. અથવા એની પાસે વાહન હોય કે જે વગર જીવન નિર્વાહ મુશ્કીલ હોય, અગરચે એ પોતાની આબરૂ અને મોભાની જાળવણી માટે હોય, તો એ ઝકાત લઈ શકેછે. એ જ હુકમ ઘરવખરી, ઠામવાસણ, શિયાળા ઉનાળાના વસ્ત્રો અને બીજી જરૂરીયાતની વસ્તુંઓને લાગું પડે છે; અને જે ફકીર પાસે ઉપરોકત વસ્તું ન હોય, અને એની જરૂરીયાત હોય, તો ઝકાતમાંથી ખરીદી શકે છે,

**<u>મસઅલો ૧૯૩૮</u>** : જે ફકીર આસાનીથી હુન્નર ઉદ્યોગ શીખી શકતો હોય, તે એહતીયાતે

વાજિબની રૂએ ઝકાત લઈ ગુજરાન ચલાવી શકતો નથી, પણ જે સમય દરમ્યાન એ શીખી રહ્યો હોય, એ ઝકાત લઈ શકશે.

**મસઅલો ૧૯૩૯** : અગર એક શખ્સ વિષે જાણ હોયકે અગાવ એ ફકીર હતો, અને એ હજી એમ કહે કે ફકીર છું, તો અગરચે તેના કહેવાથી ઈત્મિનાન પેદા ન થાય, તો પણ તેને ઝકાત આપી શકાય છે. પણ જેના વિષે જાણ ન હોય કે અગાવ ફકીર હતો કે નહી, તેના માટે અહ્વત છે કે જયાં સુધી તેના ફકીર હોવા બારામાં ઈત્મિનાન હાંસિલ ન થાય, ત્યાં સુધી તેને ઝકાત ન આપવામાં આવે.

**મસઅલો ૧૯૪૦** : જે શખ્સ કહેતો હોય કે ફકીર છું, પણ ભૂતકાળમાં એ ફકીર ન હતો, અગર એના કહેવાથી ઈત્મિનાન હાંસિલ ન થાય, તો એહતીયાત વાજિબ છે કે એને ઝકાત ન આપવામાં આવે.

**મસઅલો ૧૯૪૧** : જે શખ્સ ઉપર ઝકાત વાજિબ હોય, તે અગર કોઈ ફકીરનો લેણદાર હોય, તો જેટલું કરજ હોય તેટલું ઝકાતમાંથી વાળી શકશે.

**મસઅલો ૧૯૪૨** : અગર કોઈ ફકીર ગુજરી જાય, અને એની પાસે રહેલી માલમતા એટલી ન હોયકે એથી કરજ વસૂલ થાય, તો ઈન્સાન એ ફકીર ઉપર જેટલું કરજ માંગતો હોય, તેટલી રકમ ઝકાત વાળી શકે છે. બલ્કે અગર એની માલમતા કરજ અદા કરવા પુરતી હોય, પણ વારસદારો એ કરજ ચૂકવવા માંગતા ન હોય, યા કોઈ પણ બીજા કારણસર લેણદાર વસૂલાત કરવા સમર્થ ન હોય, તો જેટલું કરજ તેના ઉપર માંગતો હોય, તેટલું જ ઝકાતમાંથી વળતર લઈ શકશે.

**મસઅલો ૧૯૪૩** : ઈન્સાન જે વસ્તું ઝકાતરૂપે આપી રહ્યો હોય, તેના માટે એ જરૂરી નથી કે ફકીરને જણાવે કે ઝકાત છે. બલ્કે અગર ફકીર શરમીંદો થતો હોય, તો મુસ્તહબ છે કે ઝકાતની નિય્યતથી આપેલી વસ્તું વિષે એ ફકીરને ન જણાવે કે ઝકાત છે.

**મસઅલો ૧૯૪૪** : અગર કોઈ શખ્સ એમ ધારીને કે ફલાણો ફકીર છે, એને ઝકાત આપે, અને ત્યાર બાદ જાણ થાય કે એ ફકીર ન હતો, અથવા મસઅલાથી નાવાકિફ હોવાના કારણે એવાને ઝકાત આપી દયે કે જે ફકીર નથી; તો કાફી નહી ગણાય, એવા સંજોગમાં જે વસ્તુ ઝકાત તરીકે અપાય હોય તે જે઼ા બાકી હોય, તો પાછી લઈ લેવી જોઈએ, અને મુસ્તહીકને સુપરત કરવી જોઈએ. પણ જો એ વસ્તુ બાકી ન રહી હોય, તો **બે** સૂરત છે:

**(અ)** અગર ઝકાત લેનારને ખબર હતી કે એને આપવામાં આવેલી વસ્તુ ઝકાત હતી, તો ઈન્સાન એના બદલામાં લેનાર પાસેથી બીજી વસ્તુ માગી શકે છે, અને મુસ્તહેકને પહોંચાડે.

**(બ)** અગર લેનારને ખબર ન હતી કે આપવામાં આવેલી વસ્તુ ઝકાત હતી, તો એની પાસેથી બદલામાં કાંઈ લઈ નહીં શકાય, અને ઈન્સાન ઉપર વાજિબ થશે કે એના બદલામાં પોતે અદા કરીને મુસ્તહેક સુધી પહોંચાડે.

**મસઅલો ૧૯૪૫** : અગર કોઈ શખ્સ દેવાદાર હોય, અને કરજની ભરપાઈ ન કરી શકતો હોય, તે અગરચે વર્ષના ખર્ચ પૂરતી આવક ધરાવતો હોય, તે છતાંય પોતાના કરજની અદાયગી ખાતર ઝકાત લઈ શકશે. પણ તેમાં શરત એ છે કે માલ કરજરૂપે લીધો હતો તે કોઈ ગુનાહના રસ્તે ઉપયોગમાં ન લીધો હોય.

**મસઅલો ૧૯૪૬** : અગર કોઈ શખ્સ એવાને ઝકાત આપે કે કરજદાર હોય, અને પોતાનું કરજ અદા ન કરી શકતો હોય, અને પાછળથી એને ખબર પડે કે એ શખ્સે જે કરજ લીધું હતું તે ગુનાહના કામ માટે ખર્ચવવામાં આવ્યું હતું, તો જો એ કરજદાર ફકીર હોય, તો આપેલી રકમને ફકીરોની સહાયતારૂપે ગણાશે.

**મસઅલો ૧૯૪૭** : અગર કોઈ શખ્સ કરજદાર હોય, અને પોતાનું કરજ અદા ન કરી શકતો હોય, તે અગરચે ફકીર ન હોય, તો પણ ઈન્સાન તેના ઉપર જે કરજ માંગતો હોય તે લેણું વસૂલવા માટે ઝકાતમાંથી લઈ શકે છે.

**મસઅલો ૧૯૪૮** : જે મુસાફર પાસે ખર્ચ ખલાસ થઈ જાય, યા એની સવારી ઉપયોગ કરવાને લાયક ન રહે. તો એની સફર ગુનાહ માટે ન હોય, અને એ કરજ લઈ યા કોઈ વસ્તુને વેચીને પોતાને સ્થળે ન પહોંચી શકતો હોય, તો એવા સંજોગમાં ઝકાત લઈ શકશે, અગરચે પોતાના વતનમાં એ ફકીર ન હોય.

પણ જો એને એમ જણાય કે સફરની એક જગ્યાથી નીકળીને જો બીજી જગ્યાએ જાય તો ત્યાં કરજ લઈને, યા વસ્તુને વેચીને એટલું નાણું હાંસિલ કરી શકશે કે જેથી વતને પહોંચી જાય, તો ફકત એ બીજી જગ્યાએ પહોંચવા માટે ઝકાતમાંથી મદદ લઈ શકશે.

**મસઅલો ૧૯૪૯** : જે મુસાફરે સફર દરમ્યાન નાણાભીડને કારણે ઝકાત લીધી હોય, તે વતન પહોંચ્યા બાદ જુએ કે લીધેલી રકમ કાંઈ વધ્યું છે, તો અગર ઝકાત દેનારને ન પહોંચાડી શકતો હોય તો હાકીમે શકઅને પહોંચાડીને જણાવે કે એ ઝકાત છે.

## ઝકાતના મુસ્તહક હોવાની શરતો

**મસઅલો ૧૯૫૦** : માલિક એ શખ્સને ઝકાત આપી શકશે કે જે શિયા ઈસ્નાઅશરી હોય, અગર

કોઈ શખ્સને શિયા ઈસ્નાઅશરી સમજીને ઝકાત આપ્યા બાદ જાણ થાય કે એ શિયા ન હતો, તો ઝકાત ફરીથી આપશે.

**મસઅલો ૧૯૫૧** : અગર કોઈ નાનું શિયા બાળક, યા કોઈ દીવાનો શિયા ફકીર હોય, તો ઈન્સાન એના વલીને ઝકાત એ નિય્યતથી આપી શકે છે કે એ ઝકાત બાળક યા દીવાનાની મિલકીય્યત ગણાશે.

**મસઅલો ૧૯૫૨** : અગર કોઈ શખ્સ બાળક યા દીવાનાના વલી સુધી ન પહોંચાડી શકે, તો પોતે યા પોતાના વિશ્વાસુ શખ્સ મારફત ઝકાત એ બાળક યા દીવાનાના લાભાર્થે ઉપયોગમાં લઈ શકે છે, અને જયારે એવી રીતે ઉપયોગ કરી તેમને પહોંચાડે ત્યારે ઝકાતની નિય્યત કરે.

**મસઅલો ૧૯૫૩** : જે ફકીર ભીખ માંગતો હોય તેને ઝકાત આપી શકાય છે. પણ જે ઝકાત ને ગુનાહના કાર્યોમાં વાપરતો હોય, તેને ઝકાત ન આપવી જોઈએ. બલ્કે અહવત છે કે અગર ઝકાત આપવાથી લેનારને ગુનાહના કામો કરવામાં ઉતેજન મળતું હોય, અગરચે ઝકાતની રકમને ગુનાહમાં ન વાપરતો હોય, તો તેવાને ઝકાત ન દેવામાં આવે.

**મસઅલો ૧૯૫૪** : જે શખ્સ શરાબી હોય, અથવા નમાઝ ન પડતો હોય (તારીકુસ્સલાતહોય) એવી જ રીતે અગર છડેચોક ગુનાહે કબીરા બજાવી લાવતો હોય, તેને એહતીયાતે વાજિબની રૂએ ઝકાત ન દેવી જોઈએ.

**મસઅલો ૧૯૫૫** : જે શખ્સ ઉપર કરજ હોય, અને પોતાનુ કરજ ભરપાઈ કરવા અશક્ત હોય, તેનું કરજ અગર ઈન્સાન ઝકાતમાંથી આપીને અદા કરવા માંગે તો કરી શકે છે, અગરચે એ કરજદારનું ભરણપોષણ તેના ઉપર વાજિબ હોય.

**મસઅલો ૧૯૫૬** : જે લોકોનું ભરણપોષણ અને નિર્વાહ ઈન્સાન ઉપર વાજિબ હોય, જેમકે અવલાદ વીગેરે, તેમના ભરણપોષણ વીગેરેનું ખર્ચ ઝકાતમાંથી નહી આપી શકે. પણ જો એ પોતાની જવાબદારી પૂરી ન કરે, તો બીજા લોકો અવલાદ વીગેરે, ને ઝકાતમાંથી આપી મદદરૂપ થઈ શકે છે.

**મસઅલો ૧૯૫૭** : અગર ઈન્સાન પોતાના દીકરાને ઝકાત આપે કે જેથી એ એની પત્ની યા નોકર કે ચાકરનો ખર્ચ ઉપાડી શકે, તો તેમાં વાંધો નથી.

**મસઅલો ૧૯૫૮** : ઝકાતમાં જે અલ્લાહની રાહમા ખર્ચ કરવાની જોગવાઈ છે, તે પેટે બાપ પોતાના ફરઝંદો માટે દીની પુસ્તકો ઝકાતમાંથી ખરીદીને તેમના અભ્યાસ અર્થે નહી આપી શકે, સિવાય કે તેમાં આમ મસ્લેહતનો તકાજો હોય; પણ તે માટે હાકીમે શરઅની રજા લેવી જોઈએ.

**<u>મસઅલો ૧૯૫૯</u>** : અગર બાપ પાસે દીકરાને પરણાવવા માટે નાણાની સગવડ ન હોય, તો ઝકાતમાંથી પોતાના દીકરાને પરણાવી શકે છે, એવી જ રીતે એ સંજોગમાં દીકરો બાપની શાદીનો ઈન્તેઝામ ઝકાતથી કરી શકશે.

**<u>મસઅલો ૧૯૬૦</u>** : જે સ્ત્રીનું ભરણપોષણ અને ખર્ચ તેનો ધણી આપતો હોય, તેને ઝકાત નહી આપી શકાય; એવી જ રીતે જે સ્ત્રીને તેનો ખર્ચ ધણી ન આપતો હોય, પરતું હાકીમે શરઅ મારફત તેને ખર્ચ આપવા મજબુર કરી શકતી હોય તો તેને ઝકાત નહીં દઈ શકાય.

**<u>મસઅલો ૧૯૬૧</u>** : જે ઓરતે મુત્આ કર્યા હોય તે અગર ફકીર હોય, તો તેનો શવહર અને બીજાઓ તેને ઝકાત આપી શકશે. પણ અગર તેના શવહરે અકદ પ્રસંગે તેના ખર્ચની જવાબદારી શરતરૂપે સ્વીકારી હોય, અથવા બીજા કોઈ કારણસર એ ઓરતનો નિભાવ તેના ઉપર વાજિબ હોય, તો એ સ્ત્રીને ઝકાત નહી આપી શકાય.

**<u>મસઅલો ૧૯૬૨</u>** : ઓરત પોતાના ફકીર શવહરને ઝકાત આપી શકે છે, અગરચે શવહર એ ઝકાતને એ જ ઓરતના નિભાવ ખર્ચમાં વાપરે.

**<u>મસઅલો ૧૯૬૩</u>** : સૈયદ ગૈરસૈયદ પાસેથી ઝકાત નહી લઈ શકે, પણ જો ખુમ્સ અને બીજા ધાર્મિક હક્કોથી એનું ખર્ચ પુરૂં ન પડતું હોય, અને લાચારીએ ગૈરસૈયદ પાસેથી ઝકાત લેવી પડતી હોય, તો તેના માટે તે લેવું જાએઝ છે.

**<u>મસઅલો ૧૯૬૪</u>** : જે શખ્સ વિષે ન જાણ હોય કે એ સૈયદ છે કે નહીં, તેને ઝકાત આપી શકાય છે.

## ઝકાતની નિય્યત

**<u>મસઅલો ૧૯૬૫</u>** : ઝકાત દેતી વેળા ઈન્સાનને કુરબતનની નિય્યત કરવી જોઈએ. એટલે કે ખુદાની મરજી અને એના હુકમનું પાલન કરીને આ કાર્ય અંજામ આપી રહ્યો છે, એવી ધારણા હોવી જરૂરી છે. ઉપરાંત એ પણ નક્કી કરવું જરૂરી છે કે જે ઝકાત દઈ રહ્યો છે તેમાલની ઝકાત છે યા ઝકાતે ફિત્રા છે. બલ્કે અગર એના ઉપર ઘઉં અને જવની ઝકાત વાજિબ હોય, અને ઝકાત રૂપે તેની કિંમત આંકીને નાણા આપવા ધારે, તો તે વખતે નક્કી કરવું જરૂરી થશે કે ઘઉંની ઝકાત છે. યા જવની છે.

**<u>મસઅલો ૧૯૬૬</u>** : જે શખ્સ ઉપર વિવિધ માલની ઝકાત વાજિબ હોય, તે થોડી વસ્તુ ઝકાત આપે, પણ કોઈ ચીજની નિય્યત ન કરે, તો અગર એ ઝકાતમા આપેલી વસ્તુ માલના કોઈ પ્રકારમાંથી હોય, તો જે પ્રકારની હશે એ જ પ્રકારની ઝકાત ગણાશે. દાખલા તરીકે કોઈના ૪૦ ઘેટાની અને ૧૫

મિસ્કાલ સોનાની ઝકાત વાજિબ થાય, અને તે બંનેમાંથી કોઈ પણ નિય્યત કર્યા વગર એક ઘેટું ઝકાત તરીકે આપે, તો એ ઘેટાની ઝકાત ગણાશે.

પણ જો એ ચાંદીના સિક્કા યા નોટો ઝકાતરૂપે આપે કે જે બંનેમાંથી કોઈ પ્રકારમાં ન ગણાય, તો અમુક ઉલમાનું માનવું છે કે એ બંને વસ્તુઓ વચ્ચે તેની વહેચણી થાય. પણ એ ઈશ્કાલથી ખાલી નથી. બલ્કે સંભવિત છે કે કોઈ પણ જાતની માલિકીની મિલ્કીયતમાં એમ ને એમ બાકી રહે.

**મસઅલો ૧૯૬૭** : અગર કોઈ શખ્સ કોઈને વકીલ નીમે કે તેના ઝકાતની અદાયગી કરી આપે, તો વકીલને સુપરત કરતી વેળા નિય્યત કરવી જરૂરી છે કે વકીલ ત્યાર બાદ મુસ્તહકને જે આપશે તે ઝકાત હશે. બલ્કે અહવત છે કે ફકીર સુધી ઝકાત પહોંચે ત્યાં સુધી પોતાની નિય્યત કાયમ રાખે.

**મસઅલો ૧૯૬૮** : અગર કોઈ શખ્સ ઝકાતની નિય્યત કરે, પણ કુરબતનની નિય્યત કર્યા વગર હાકીમે શરઅ કે ફકીરને ઝકાત સુપરત કરે, તો અથવા એ છે કે ઝકાત તરીકે સહીહ ગણાશે, પણ કુરબતની નિય્યત કરેલ ન હોવથી ગુનેહગાર થયો ગણાશે.

## ઝકાત બારામાં જુદા જુદા મસાઈલ

**મસઅલો ૧૯૬૯** : અહવત છે કે જયારે ઈન્સાન ઘઉ અને જવને લાણી કરીને છુટા દાણા પાડે, અને જયારે ખજૂર અને દ્રાક્ષની સૂકવણી કરી લ્યે, ત્યારે તેની ઝકાત ફકીરને આપી દીએ, અથવા એને પોતાના માલમાંથી જુદી રાખી લ્યે. એવી જ રીતે સોનું, ચાંદી, ગાય, ઘેટાં, બકરા અને ઊંટને અગિયાર મહિના જો વીતી જાય, તો તેની ઝકાત ફકીરને આપી દયે, અથવા પોતાના માલમાંથી અલગ રાખે.

પણ જો કોઈ ખાસ ફકીરની રાહ જોતો હોય, અથવા એવા ફકીરને આપવા માંગતો હોય કે જે અમુક વિશિષ્ટતાઓને કારણે બીજા ફકીરો ઉપર સરસાય ધરાવતો હોય, તો ઝકાતને માલમાંથી જુદી ન કરે તો વાંધો નથી.

**મસઅલો ૧૯૭૦** : ઝકાતને માલમાંથી અલગ કર્યા બાદ તરત જ મુસ્તહકને દઈ દેવી લાઝિમ નથી. પણ અગર ઝકાતને પાત્ર કોઈ શખ્સ મોજૂદ હોય, અને તેને ઝકાત આપી શકતો હોય, તો મુસ્તહબ છે કે ઝકાતની અદાયગીમાં ઢીલ ન કરે.

**મસઅલો ૧૯૭૧** : અગર કોઈ શખ્સ મુસ્તહકને ઝકાત પહોંચાડી શકતો હોય, પણ ન પહોંચાડે, અને તેની લાપરવાઈને કારણે એ ઝકાત ગુમ થાય, યા બરબાદ થઈ જાય, તો એના ઉપર વાજિબ છે કે તેનો બદલો આપે.

<u>**મસઅલો ૧૯૭૨**</u> : અગર કોઈ શખ્સ મુસ્તહકને ઝકાત પહોંચાડી શકતો હોય, પણ ન પહોંચાડે, અને તેની હિફાઝતમાં કોઈ જાતની કચાશ ન કરી હોય તે છતાં એ ગુમ અથવા બરબાદ થઈ જાય તો જો ઢીલ કરવા પાછળ કોઈ વ્યાજબી આશય ન હોય તો તેના અવેજી પૂરી પાડવી વાજિબ થશે. પણ જો કોઈ વ્યાજબી કારણ હોય, જેમકે, એની નજરમાં કોઈ ખાસ ફકીર હોય, અથવા એની ઈચ્છા હોય કે ધીરે ધીરે ફકીરોને આપતો રહે, તો એવા સંજોગમાં એની જવાબદારી સાબિત નથી.

<u>**મસઅલો ૧૯૭૩**</u> : અગર જે માલ ઉપર ઝકાત લાગુ પડી હોય, એ જ માલમાંથી ઝકાત અલગ પાડી લ્યે, તો બાકીના માલ ઉપર તેને વહીવટનો પૂરો હક છે. અને જો એ ઝકાત પોતાના બીજા માલમાંથી અદા કરે, તો જે માલ ઉપર ઝકાત લાગુ પડી હતી તે પૂરેપૂરા માલ ઉપર વહીવટનો હક ધરાવશે.

<u>**મસઅલો ૧૯૭૪**</u> : જે ઝકાતને ઈન્સાને માલમાંથી જુદી કરી લીધી હોય, તેને પોતાની જરૂરત માટે વાપરી તેની જગ્યાએ બીજી વસ્તુ મૂકવી જાએઝ નથી.

<u>**મસઅલો ૧૯૭૫**</u> : અલગ અલગ રાખેલ ઝકાતમાંથી કોઈ નફો હાંસિલ થાય, જેમકે ઘેટીને ઝકાતરૂપે અલગ રાખી હોય, અને એ વીંયાઈને જન્મ આપે, તો ફકીરનો માલ ગણાશે.

<u>**મસઅલો ૧૯૭૬**</u> : જે સમયે ઈન્સાન ઝકાતને અલગ કરી રહ્યો હોય, ત્યારે જો મુસ્તહક હાજર હોય, તો બેહતર છે કે તેને આપી દયે. સિવાય કે એ કોઈ એવા ફકીરની ઈન્તેઝારીમાં હોય કે જેને ઝકાત દેવી અમુક કારણોસર બહેતર હોય.

<u>**મસઅલો ૧૯૭૭**</u> : અગર હાકીમે શરઅની રજા વગર કોઈ શખ્સ અલગ રાખેલ ઝકાતના માલથી વેપાર કરે, અને તેમાં નુકસાની ભોગવે તો ઝકાતમાંથી કોઈ પણ ચીજ બાદ નહીં કરી શકે. પણ જો તેમાં નફો હાંસિલ કરે, તો એહતીયાતે વાજિબ છે કે એ નફો પણ મુસ્તહકને આપે

<u>**મસઅલો ૧૯૭૮**</u> : અગર કોઈ શખ્સ તેના ઉપર ઝકાત વાજિબ થાય એથી પહેલાં કોઈ વસ્તુ ફકીરને આપી દીએ, તો એને ઝકાત તરીકે નહીં ગણી શકે. અને ઝકાત વાજિબ થયા પછી, અગર ફકીરને આપેલી વસ્તુ એમ ને એમ બાકી હોય, અને ફકીર પણ પોતાની ફકીરીની હાલતમાં બાકી હોય, તો એને આપેલી વસ્તુને ઝકાત તરીકે ગણી શકશે.

<u>**મસઅલો ૧૯૭૯**</u> : જે ફકીર જાણતો હોય કે ફલાણા શખ્સ ઉપર ઝકાત વાજિબ થઈ નથી, તે છતાં ઝકાતરૂપે એની પાસેથી કોઈ વસ્તુ સ્વીકારે, અને એ વસ્તુ એ ફકીર પાસેથી જતી રહે અથવા બરબાદ થાય તો ફકીર જવાબદાર ગણાશે. તો જયારે એ શખ્સ કે જેણે વસ્તુ આપી હતી, તેના ઉપર

ઝકાત વાજિબ થાય, અને ફકીર ફકીરીની હાલતમાં હજી બાકી હોય, તો એ શખ્સ આપેલી વસ્તુની અવેજી ઝકાતમાં ગણી શકશે.

**મસઅલો ૧૯૮૦** : જે ફકીરને ખબર ન હોય કે ફલાણા શખ્સ ઉપર ઝકાત વાજિબ થઈ નથી,અને એ ઝકાતરૂપે એની પાસેથી કોઈ વસ્તુ સ્વીકારે, જો એ ફકીર પાસે એ વસ્તુ ગુમ કે બરબાદ થાય તો ફકીર જામીન નહીં ગણાય, અને એ શખ્સ કે જેણે વસ્તુ આપેલી તે વસ્તુની અવેજી ઝકાતમાંથી નહી વાળી શકે.

**મસઅલો ૧૯૮૧** : ગાય, ઘેટાં, બકરાં અને ઊંટની ઝકાતમાં મુસ્તહબ છે કે એ એવા ફકીરને અપાય કે જે આબરૂદાર હોય; અને ઝકાત આપતી વેળા પોતાના સગાંસ્નેહીઓને અન્ય ઉપર, ઉલમાં અને એહલે કમાલને એ ગુણો ન ધરાવનાર લોકો ઉપર, અને ન માંગવાવાળોઓને માંગવાવાળાઓ ઉપર તરજીહ આપે. પણ જો કોઈ બીજા કારણોસર કોઈ ફકીરને આપવામાં બેહતરી હોય, તો મુસ્તહબ છે કે ફકીરને આપે.

**મસઅલો ૧૯૮૨** : ઝકાત માટે બેહતર છે કે જાહેરમાં અપાય, અને મુસ્તહબ સદકા માટે બહેતર છે કે છાની રીતે આપવા માં આવે.

**મસઅલો ૧૯૮૩** : અગર પોતાના શહેરમાં કોઈ મુસ્તહક ન હોય અને ઝકાત માટે નિયુકત બીજા કાર્ય માટે પણ આપવાની શક્યતા ન હોય, અને એવી આશા પણ ન હોય કે નજીકના ભાવિમાં કોઈ મુસ્તહક ઉપસ્થિત થશે, તો એવા સંજોગમાં ઝકાત દેનાર ઝકાતને બીજા સ્થળે લઈ જઈ તેના દર્શાવવામાં આવેલા કાર્ય માટે વાપરી શકશે, અને હાકીમે શરઅની રજાથી સ્થાન પલટાને કારણે જે ખર્ચ થાય તે ઝકાતમાંથી લઈ શકશે; અને જો તેમ કરવા જતાં ઝકાત ગુમ કે બરબાદ થાય, તો એ ઝિમ્મેદાર નહીં થાય.

**મસઅલો ૧૯૮૪** : અગર પોતાના શહેરમાં કોઈ મુસ્તહક હોય, તો પણ ઝકાત દેનાર ઝકાતને બીજે સ્થળે લઈ જઈ શકે છે, પણ તેમાં જે ખર્ચ થાય તે પોતે ભોગવશે; અને અગર ઝકાત ગુમ કે બરબાદ થઈ જાય તો એ જામીન રહેશે, સિવાય કે હાકીમે શરઅના હુકમથી બીજે લઈ ગયો હોય.

**મસઅલો ૧૯૮૫** : ઘઉં, જવ, કિસમિસ અને ખજૂર ઉપર જે ઝકાત વાજિબ થઈ હોય, તેના માપતોલ અને વજન કરવાનો સર્વે ખર્ચ ઝકાત દેનાર પોતે ભોગવશે.

**મસઅલો ૧૯૮૬** : જે શખ્સ ઉપર બે મિસ્કાલ અને ૧૫ ગ્રામ ચાંદી યા એથી વધારે ઝકાત વાજિબ હોય, તેના માટે એહતીયાતે મુસ્તહબ છે કે બે મિસ્કાલ અને ૧૫ ગ્રામથી ઓછું એક ફકીરને ન

આપે, એવી જ રીતે ઘઉં જવ વીગેરે ચાંદી સિવાયની બીજી જણસની ઝકાત વાજિબ હોય, અને એની કિંમત ૨ મિસ્કાલ અને ૧૫ ગ્રામ ચાંદી જેટલી થતી હોય, તો એહતીયાતે મુસ્તહબ છે કે એક ફકીરને એથી ઓછું ન આપે.

**મસઅલો ૧૯૮૭** : ઝકાત દેનાર માટે મકરૂહ છે કે મુસ્તહકને એવી દરખાસ્ત કરે કે તેને ઝકાતમાં દીધેલી વસ્તુ પાછી વેચી આપે. પણ જો મુસ્તહક પોતે ઝકાતમાં લીધેલી વસ્તુને વેચે, અને એની કિંમત નક્કી કરી લ્યે. તો ત્યાર બાદ બીજા ખરીદારો કરતાં ઝકાત દેનાર ને એ વસ્તુ ખરીદવાનો પહેલો હક છે.

**મસઅલો ૧૯૮૮** : અગર કોઈને શક થાય કે તેના ઉપર જે ઝકાત વાજિબ હતી તે અદા થઈ હતી કે નહીં, તો અગર એ માલ કે જેના ઉપર ઝકાત લાગુ થઈ હતી એ મોજૂદ હોય, તો ઝકાત દેવી વાજિબ છે, અગરચે એ શખ્સ ભૂતકાળના વર્ષોના ઝકાત સંબધી હોય, પણ જો એ માલ ખતમ થઈ ગયો હોય, યા બરબાદ થઈ ગયો હોય, તો તેવા સંજોગમાં ઝકાત દેવી વાજિબ નહી થાય, અગરચે એ શખ્સે ચાલુ વર્ષની ઝકાત સંબધી હોય.

**મસઅલો ૧૯૮૯** : ઝકાત લેવા પહેલાં, ફકીર વાજિબ થયેલ મીકદાર કે પ્રમાણથી ઓછું સ્વીકારવાની સમજૂતી નહી કરી શકે, એવી રીતે વસ્તુની ખરી કિંમત કરતાં વધુ કિંમત કરાર દઈ તેને ઝકાતરૂપે નહીં સ્વીકારી શકે, અને માલિક પણ જો મુસ્તહક ને ઝકાત દઈને એવી શરત નથી મૂકી શકતો કે એ વસ્તુ એને પાછી આપે. પણ જો મુસ્તહેક ઝકાત વસૂલ કર્યા બાદ ખુદ રાજી હોય કે એને એ વસ્તુ પાછી આપી દયે, તો તેમાં વાંધો નથી. જેમકે, કોઈના ઉપર ઝકાતની મોટી રકમ વાજિબ હોય, અને પોતે ફકીર થઈ ગયો હોવાથી એટલી મોટી ઝકાત આપવા સમર્થ ન હોય, અને હવે એણે તવબા કરી લીધી હોય, તો જો ફકીર રજામંદ હોય એ ઝકાત લઈ ને તેને પાછી બક્ષી આપે, તો વાંધો નથી.

**મસઅલો ૧૯૯૦** : અગર કોઈ શખ્સ ઝકાતની રકમ અલ્લાહની રાહમાં વાપરી કુરઆન, દીની કિતાબો યા દુઆની કિતાબ વીગેરે ખરીદીને વકફ કરવા માંગે તો એ જાએઝ નથી; સિવાય કે તેમ કરવામાં આમ જનતાની કોઈ મસ્લેહત હોય; અને એહતીયાતે વાજિબની રૂએ હાકીમે શરઅ પાસેથી તેની રજા મેળવી હોય.

**મસઅલો ૧૯૯૧** : અગર ઈન્સાન ઝકાતના પૈસાથી મિલકત ખરીદી પોતાની અવલાદ માટે અથવા એવા લોકો કે જેનું ભરણપોષણ તેના ઉપર વાજિબ હોય તેમના માટે વકફ કરે, કે જેથી એની આવકામાંથી તેમનું જીવન નિર્વાહ થતુ રહે, તો એ જાએઝ નથી.

**<u>મસઅલો ૧૯૯૨</u>** : ઈન્સાન હજ, ઝિયારત વીગેરે જવા માટે ઝકાત લઈ શકે છે, અગરચે પોતે ફકીર ન હોય, અથવા વર્ષનાં ખર્ચ પૂરતી ઝકાત લઈ ચૂકયો હોય. પરંતુ એ માટે શરત એ છે કે તેનું હજ, ઝિયારત વીગેરે માટે જવું આમ જનતા માટે ફાયદા રૂપ હોય, અને અહ્વતની રૂએ તે માટે ઝકાતના ઉપયોગની રજા હાકીમે શરઅ પાસેથી મેળવી હોય.

**<u>મસઅલો ૧૯૯૩</u>** : અગર ઝકાતનો માલિક કોઈ ફકીરને વકીલ નીમી ઝકાતનું વિતરણ સોપે, તો જો એ ફકીરને એવું અનુમાન હોય કે માલિકનો ઈરાદો એ હતો કે એ ફકીર પોતે તેમાંથી કાંઈ ન લ્યે, તો તેમાંથી પોતાના માટે કાંઈ પણ લઈ નહીં શકે. અગર એને ખાત્રી હોય કે માલિકનો એવો કોઈ ઈરાદો ન હતો, તો પોતાના માટે પણ તેમાંથી લઈ શકશે.

**<u>મસઅલો ૧૯૯૪</u>** : અગર કોઈ ફકીર ઊંટ, ગાય, ઘેટાં, બકરાં, સોનું ચાંદી ઝકાતરૂપે વસૂલ કરે, અને એ સર્વમાં ઉપર જણાવેલ શરતો મુજબ જો ઝકાત વાજિબ થઈ જાય, તો એ ફકીર ઉપર ઝકાત આપવી વાજિબ થશે.

**<u>મસઅલો ૧૯૯૫</u>** : જે માલ ઉપર ઝકાત વાજિબ થઈ ગઈ હોય, તેમાં અગર કોઈ ઈન્સાન ભાગીદાર હોય, અને પોતે પોતાના ભાગની ઝકાત અદા કરી લ્યે, અને ત્યાર બાદ એમના વચ્ચે માલની વહેંચણી થાય, તો અગરચે એ જાણતો હોય કે તેના ભાગીદારે ઝકાત આપી ન હતી, અને આપશે પણ નહીં, તે છતાં પોતાના હિસ્સાના માલમાં વહીવટ કરવાનો સંપૂર્ણ હક ધરાવશે.

**<u>મસઅલો ૧૯૯૬</u>** : જે શખ્સ ખુમ્સ યા ઝકાતનો દેવદાર હોય, ઉપરાત તેના ઉપર કફ્ફારા નઝરનો ઝિમ્મો બાકી હોય, અને કરજવાન પણ હોય, અને એ સર્વેની ભરપાઈ કરવાની શક્તિ ન ધરાવતો હોય, તો જે માલ ઉપર ખુમ્સ અથવા ઝકાત વાજિબ હોય કે માલ હજી બાકી હોય, તો પહેલાં ખુમ્સ અને ઝકાત અદા કરશે. પણ જો એ માલ ખતમ થઈ ગયો હોય, તો ઝકાત, અને ખુમ્સ અને કરજની અદાયગી પહેલાં કરશે. અને ત્યાર બાદ કફ્ફારા અને નજર અદા કરશે.

**<u>મસઅલો ૧૯૯૭</u>** : અગર કોઈ શખ્સ ઉપર ખુમ્સ અને ઝકાતનું લેણું હોય, અને તેના ઉપર હજ વાજિબ હોય, ઉપરાંત કરજવાન પણ હોય, અને એવી હાલતમાં ગુજરી જાય કે તેના માલમાં એ સર્વની અદાયગી માટે જોગવાય ન થઈ શકતી હોય, તો અગર જે માલ ઉપર ખુમ્સ અને ઝકાત વાજિબ થયું હતું એ માલ મોજૂદ હોય, તો વાજિબ છે કે ખુમ્સ અને ઝકાતની અદાયગી કરવામાં આવે, અને બાકીના માલમાંથી તેનું કરજ અદા કરવામાં આવે, પણ જો એ માલ કે જેના ઉપર ખુમ્સ અને ઝકાત વાજિબ થયું હતું કે તે બાકી રહેવા ન પામ્યું હોય, તો માલમાંથી કરજ અદા કરવામાં આવે, અને

જો કાંઈ વધે તો હજની અદાયગી માટે આપવામાં આવે, અને ત્યાર પછી જો કાંઈ વધે તો ખુમ્સ અને ઝકાતનો ભાગ અદા થાય.

**મસઅલો ૧૯૯૮** : જે શખ્સ ઈલ્મ હાંસિલ કરી રહ્યો હોય, અને જો એ ઈલ્મ હાંસિલ ન કરે તો કમાઈને પોતાનો ગુજારો કરી શકતો હોય, તેને ફકીરના ભાગનું ઝકાત માત્ર એ જ સંજોગમાં આપી શકાશે જો એ ઈલ્મનું હાંસિલ કરવું વાજિબે અયની હોય; અને જો એ ઈલ્મ હાંસિલ કરવામાં આમ જનતાનો ફાયદો હોય, યા એમની મસ્લેહત જળવાતી હોય, તો અલ્લાહની રાહમાં ઝકાતના ખર્ચની જે રજા છે, તે પેટે અહવતની રૂએ હાકીમે શરઅની રજાથી આપી શકશે. આ બે સંજોગ સિવાય તેને ઝકાતમાંથી આપવું જાએઝ નથી.

## ઝકાતે ફીત્રા

**મસઅલો ૧૯૯૯** : ઈદુલ ફીત્રની રાત્રે સૂર્યાસ્ત સમયે જે શખ્સ બાલીગ અને આકીલ હોય, અને બેહોશ, ફકીર કે કોઈનો ગુલામ ન હોય, તો તેના ઉપર વાજિબ છે કે પોતાનો અને તથા જેમનો નિભાવ અને નિર્વાહ તેના ઉપર વાજિબ હોય, તેમનો ફિત્રો અદા કરીને મુસ્તહકને આપે. દરેક માથા દીઠ એક સાઅ, એટલે આશરે ત્રણ કિલો અનાજ, જેમકે ઘઉં, અથવા જવ અથવા ખજૂર અથવા કિસમિસ, અથવા ચાંવલ અથવા જુવાર મુસ્તહકને આપે. અને જો એની જગ્યાએ કિંમત આંકીને નાણાં આપવામાં આવે તો પણ કાફી છે.

એહતીયાતે વાજિબ છે કે જે અનાજનો એના શહેરમાં રિવાજ ન હોય, એટલે કે ખાવામાં વપરાતું ન હોય, તેમાંથી ફિત્રો ન આપે, અગરચે એ ઘઉં, જવ, ખજૂર કે કિસમિસ હોય.

**મસઅલો ૨૦૦૦** : જે શખ્સ પોતાનો તેમજ પોતાના પરિવારનો વર્ષનો ખર્ચ ન ધરાવતો હોય અને કોઈ એવો મદદગાર ન હોય કે જે એને ખર્ચ ઉપાડવામાં મદદ કરતો હોય, તો એ શખ્સ ફકીર છે, અને એના ઉપર ઝકાતે ફિત્રા દેવું વાજિબ નહી થાય.

**મસઅલો ૨૦૦૧** : ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ સમયે જે જે લોકો ઈન્સાનના આશ્રિતો ગણાતા હોય, તે ચાહે નાની વયના હોય કે મોટી વયના, મુસ્લમાન હોય કે ફકીર, તેનો નિભાવ ઈન્સાન ઉપર વાજિબ હોય કે ન હોય, શહેરમાં હાજર હોય કે ન હોય, એનો સૌનો ફિત્રો આપવો તેના ઉપર વાજિબ છે.

**મસઅલો ૨૦૦૨** : અગર કોઈ શખ્સ પોતાના કોઈ આશ્રિતને, કે બીજે સ્થળે હોય, વકીલ કરાર દઈને કહે કે એના માલમાંથી પોતાનો ફિત્રો આપી દે, તો જો ઈત્મિનાન હાંસિલ થાય કે એ

આશ્રિત પોતાનો ફિત્રો અદા કરી લેશે, તો તેનો ફિત્રો આપવો લાઝિમ નહીં થાય.

**મસઅલો ૨૦૦૩** : જે મહેમાન ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ થાય એથી પહેલાં મેઝબાનની રજામંદીથી વારીદ થાય, અને અમુક સમય માટે તે મેઝબાનનો આશ્રિત બને, તો મેઝબાન ઉપર એ મેહમાનનો ફિત્રો વાજિબ છે.

**મસઅલો ૨૦૦૪** : જે મહેમાન ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ થાય એથી પહેલાં મેઝબાનની રજામંદી વગર વારીદ થાય, અને અમુક મુદ્દત સુધી તેના પાસે રહે, તો એહતીયાતે વાજિબની રૂએ તેનો ફિત્રો મેઝબાન ઉપર વાજિબ છે. એ જ હુકમ એવા શખ્સના ફિત્રોનો છે કે જેનો ઘરખર્ચ માટે ઈન્સાનને મજબુર કરવામાં આવ્યો હોય.

**મસઅલો ૨૦૦૫** : જે મહેમાન ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ બાદ વારીદ થાય, તે અગર મેહઝબાનના આશ્રિત તરીકે ગણાતો હોય, તો અહવતની રૂએ તેનો ફિત્રો મેહઝબાન ઉપર વાજિબ છે, અને આશ્રિત ન હોય, તો વાજિબ નહીં થાય, અગરચે મગરિબ પહેલાં એને ઘરે ઈફતાર કરવા આવવાનું આમંત્રણ આપ્યું હોય.

**મસઅલો ૨૦૦૬** : અગર ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ સમયે કોઈ શખ્સ દીવાનો હોય, અને જો એની દીવાનગી ઈદુલ ફીત્રના દીવસે ઝોહર સુધી બાકી રહે, તો તેના ઉપર ઝકાતે ફિત્રો વાજિબ નહીં થાય; નહીંતર એહતીયાતે વાજિબની રૂએ લાઝિમ છે કે ફિત્રો આપે.

**મસઅલો ૨૦૦૭** : અગર મગરિબ પહેલાં કોઈ બાળક બાલીગ થાય, અથવા દીવાનો સાજો થઈ અકલમંદ થાય, અથવા ફકીર અમીર થઈ જાય, તો જો ફિત્રો વાજિબ થવાની શરતો ધરાવતો હોય તો વાજિબ છે કે ઝકાતે ફિત્રો આપે.

**મસઅલો ૨૦૦૮** : જે માણસ ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ સમયે એવી હાલતમાં હોય તેના ઉપર ફિત્રાની ઝકાત વાજિબ ન હોય, પણ ઈદના દિવસે ઝોહર પહેલાં કોઈ પલટો થતાં, તેમાં ફિત્રો વાજિબ થવાની શરતો ઉપસ્થિત થાય, તો એહતીયાતે વાજિબ છે કે ફિત્રો અદા કરે.

**મસઅલો ૨૦૦૯** : જે કાફિર ઈદુલ ફિત્રની રાત્રે મગરિબ બાદ મુસલમાન થાય, તેના ઉપર ફિત્રો વાજિબ નથી, પણ જે મુસલમાન શિયા ન હતો, અને ઈદના ચાંદ બાદ શિયા થયો હોય, તો વાજિબ છે કે ફિત્રો અદા કરે.

**મસઅલો ૨૦૧૦** : જે શખ્સ પાસે માત્ર એક સાઅ પુરતું ઘઉં યા એવી જાતનું અનાજ હોય, તો મુસ્તહબ છે કે ઝકાતે ફિત્રા આપે, અને જો એનું કુટુંબ પરિવાર હોય અને એમના વતી પણ ફિત્રો

આપવા માગે, તો એમ કરી શકે છે કે ફિત્રાની નિય્યતથી કુટુંબના એક જણને એ એક સાઅ આપે, અને એ જણ ફિત્રાની નિય્યતથી કુટુંબના બીજા સભ્યને આપે, એટલે સુધી કે છેલ્લા સભ્યના હાથમાં પહોંચે, અને બેહતર છે કે છેલ્લો સભ્ય એ ફિત્રો એવાને આપે કે જે કુટુંબી ન હોય. હવે જો કુટુંબીમાં કોઈ સગીર વયનો હોય, તો એના વતી એનો વલી લઈ શકશે. અને એહતીયાત એ છે કે જે વસ્તું સગીર વય વતી લ્યે તે કોઈને ન આપે.

**<u>મસઅલો ૨૦૧૧</u>** : અગર ઈદુલ ફીત્રની રાત્રે મગરિબ બાદ કોઈને ત્યાં બચ્ચું જન્મે તો તેનો ફિત્રો આપવો વાજિબ નથી. પણ એહતીયાતે વાજિબ છે કે મગરિબ બાદથી લઈને ઈદના દિવસે ઝોહર સુધીમાં જેટલા જણ ઈન્સાનના આશ્રિતો ગણાતા હોય, તેમનો ફિત્રો આપે.

**<u>મસઅલો ૨૦૧૨</u>** : અગર કોઈ શખ્સ કોઈ ઈન્સાનનો આશ્રિત હોય, અને મગરિબ પહેલાં કોઈ બીજાનો આશ્રિત બની જાય, તો જેનો આશ્રિત બને તેના ઉપર એનો ફિત્રો વાજિબ ગણાશે. જેમકે દીકરી મગરિબ પહેલાં પોતાના શવહરના ઘરે પહોંચી જાય તો શવહર તેનો ફિત્રો આપશે.

**<u>મસઅલો ૨૦13</u>** : જે શખ્સનો ફિત્રાનો ઝિમ્મો બીજા ઉપર હોય, તેના ઉપર વાજિબ નથી કે પોતાનો ફિત્રો આપે .

**<u>મસઅલો ૨૦૧૪</u>** : જે શખ્સનો ફિત્રો બીજાને ઝિમ્મે હોય, પણ એ તેનો ફિત્રો ન આપે, તો એ શખ્સ ઉપર એહતીયાતે વાજિબ છે કે પોતાનો ફિત્રો અદા કરે, અગર તે માટે મસઅલો ૧૯૯૯માં જણાવેલી શરતો મોજૂદ હોય.

**<u>મસઅલો ૨૦૧૫</u>** : જે શખ્સનો ફિત્રો બીજાને ઝિમ્મો હોવા છતાં પોતે પોતાનો ફિત્રો અદા કરે, તો તેના ઉપર ઝિમ્મે હતો એ તેમાંથી મુક્ત નહી થાય.

**<u>મસઅલો ૨૦૧૬</u>** : જે પત્નીને ધણી નિભાવ ખર્ચ ન આપતો હોય, અને એ કોઈ બીજા શખ્સની આશ્રિત તરીકે હોય, તો તેની આશ્રિત હોય તેના ઉપર તેનો ફિત્રો વાજિબ થશે. અને અગર એ કોઈ બીજાની આશ્રિત ન હોય, તો જો એ ફકીર ન હોય તો પોતાનો ફિત્રો પોતે દેશે.

**<u>મસઅલો ૨૦૧૭</u>** : જે શખ્સ સૈયદ ન હોય, તે પોતાનો ફિત્રો સૈયદને નહીં આપી શકે, અગરચે કોઈ સૈયદ અનો આશ્રિત હોય, તો પણ આશ્રિત સૈયદનો ફિત્રો સૈયદને નહી આપી શકે.

**<u>મસઅલો ૨૦૧૮</u>** : જો બચ્ચું મા યા દાયાનું દૂધ પીતું હોય, તો એ ધવરાવનારનો ખર્ચ જે કોઈ આપતો હોય તે ખર્ચ આપનાર ઉપર એ બચ્ચાંનો ફિત્રો વજિબ થશે પણ જો એ ધવરાવનાર મા કે દાયા ખુદ બચ્ચાના માલમાંથી પોતાનો ખર્ચ લેતી હોય, તો બચ્ચાનો ફિત્રો કોઈના ઉપર વાજિબ

નહી થાય.

**મસઅલો ૨૦૧૯** : ઈન્સાન અગર પોતાના પરિવારનું ભરણપોષણ અને નિભાવ હરામ માલથી કરતો હોય, તો પણ તેના ઉપર વાજિબ છે કે હલાલ માલમાંથી ફિત્રો અદા કરે.

**મસઅલો ૨૦૨૦** : અગર ઈન્સાન કોઈને મહેનતાણું આપીને કોઈ કામ માટે રોકે, જેમકે, સુથાર, ચણતર કરનાર, યા નોકરને એવી રીતે રોકે કે એના આશ્રિતો તરીકે ગણાતા હોય, તો એમનો ફિત્રો વાજિબ ગણાશે, પણ જો માત્ર પગારદાર તરીકે રોક્યા હોય, તો તેમનો ફિત્રો તેમના ઉપર વાજિબ નહીં થાય.

**મસઅલો ૨૦૨૧** : અગર કોઈ શખ્સ ઈદની રાતે મગરિબ પહેલાં ગુજરી જાય, તો એનો અને એના કુટુબ પિરવારનો ફિત્રો એના માલમાંથી અદા કરવું વાજિબ નથી. પણ જો મગરિબ બાદ ગુજરી જાય તો અગરચે મશહૂર એ છે કે માલમાંથી એનો અને એના કુંટુબીજનનો ફિત્રો આપવામાં આવે, પણ એ હુકમ ઈશ્કાલથી ખાલી નથી, અને એ મસઅલોમાં એહતીયાત તર્ક ન કરવામાં આવે.

## ઝકાતે ફીત્રાનો ઉપયોગ

**મસઅલો ૨૦૨૨** : એહતીયાતે વાજિબ છે કે ઝકાતે ફિત્રા ફકત શિયા ઈસ્નાઅશરી ફકીરને આપવામાં આવે, કે જે ફકીરમાં ઝકાતના મુસ્તહક બારામાં જણાવેલી શરતો મોજૂદ હોય. પણ જો શહેરમાં શિયા ફકીરોમાંથી કોઈ ન હોય, તો બીજા મુસલમાન ફકીરોને આપી શકાય છે. પણ કોઈ સંજોગે નાસીબી એટલે કે એહલેબૈત અ.સ ના દુશ્મનોને નહીં આપી શકાય.

**મસઅલો ૨૦૨૩** : અગર કોઈ ના બાલીગ શિયા બચ્ચું ફકીર હોય, તો ઈન્સાન તેના લાભાર્થે ફિત્રો વાપરી શકે છે, અથવા તેના વલીને આપીને એ બચ્ચાંની મિલકીય્યતમાં પહોંચાડી શકે છે.

**મસઅલો ૨૦૨૪** : જે ફકીરને ફિત્રો અપાય, તેના માટે આદીલ હોવું જરૂરી નથી. પણ એહતીયાતે વાજિબની રૂએ શરાબી, બેનમાઝી અને છડેચોક ગુનાહ કરનારને ફિત્રો ન આપવો જોઈએ.

**મસઅઓ ૨૦૨૫** : જે શખ્સ ફીત્રાનો ઉપયોગ ગુનાહના કામમાં કરતો હોય તેને ફિત્રો ન આપવો જોઈએ.

**મસઅલો ૨૦૨૬** : એહતીયાતે મુસ્તહબ છે કે એક ફકીરને એક સાઅથી ઓછો ફિત્રો ન દેવામાં આવે, પણ જો એક સાઅથી વધુ આપે તો વાંધો નથી.

**મસઅલો ૨૦૨૭** : અગર કોઈ જણસની કિંમત એ જે જણસની ઉતરતી કોટિ કરતા બમણી હોય, જેમકે, ઊંચી જાતના ઘઉંની કિંમત સામાન્ય ઘઉં કરતા બમણી હોય, અને એ રીતે હિસાબ કરીને

અડધો સાઅ આપે તો કાફી નથી. બલ્કે નાણારૂપે ફીત્રાની કિંમત એ આધારે ચૂકવે તો પણ કાફી નથી.

**મસઅલો ૨૦૨૮** : અગર કોઈ શખ્સ એક જણસામાંથી અડધો સાઅ, અને બીજા જણસામાંથી અડધો સાઅ લીએ, જેમકે અડધો સાઅ ઘઉંનો અને બાકીનો અડધો સાઅ જવમાંથી લઈને ફિત્રો આપવા માંગે, તો એ જાએઝ નથી. બલ્કે એ રીતે જો ફીત્રાની કિંમત આંકીને આપે તો પણ કાફી નથી.

**મસઅલો ૨૦૨૯** : ઝકાતે ફિત્રા આપતી વેળા પોતાના સગાંસ્નેહીનેઓમાં, અને પાડોશીઓમાં જે ફકીર હોય તેને તરજીહ આપવી મુસ્તહબ છે, અને યોગ્ય એ છે કે ઈલ્મ, તક્વા અને સરસાઈવાળાઓને અન્ય ઉપર તરજીહ આપે.

**મસઅલો ૨૦30** : અગર ઈન્સાન કોઈને ફકીર ધારીને ઝકાતે ફિત્રા આપે, અને પછી ખબર પડે કે એ ફકીર ન હતો, તો જો તેને અપાયેલ માલ હજી બાકી હોય, તો એના પાસેથી પાછો લઈને મુસ્તહકને આપે. પણ જો પાછો ન લઈ શકે, તો પોતાના માલમાંથી ફિત્રાની અવેજી આપે. પણ જો એ આપેલો માલ ગુમ યા બરબાદ થયો હોય યા વપરાઈ ગયો હોય, તો બે સૂરત છેઃ

**(૧)** અગર લેનારને ખબર હતી કે જે વસ્તુ લઈ રહ્યો છે એ ફિત્રો છે, તો તેના ઉપર વાજિબ છે કે અવેજી આપે.

**(૨)** અગર લેનારને એ બારામાં ખબર ન હતી, તો તેના ઉપર કાંઈ વાજિબ નથી અને એ સુરતમાં ઈન્સાન પોતે ફીત્રાના અવેજી અદા કરશે.

**મસઅલો ૨૦3૧** : જે શખ્સ દાવો કરે કે એ ફકીર છે, તો માત્ર દાવા ઉપર તેને ઝકાતે ફિત્રા નહીં આપી શકાય, સિવાય કે તેના કહેવાથી ઈત્મિનાન હાંસિલ થાય, યા ઈન્સાનને જાણ હોય કે એ શખ્સ ભૂતકાળમાં ફકીર હતો.

## ઝકાતે ફીત્રાને લગતા જુદાજુદા એહકામ

**મસઅલો ૨૦3૨** : ઝકાતે ફિત્રા માટે કુરબતનની નિય્યત જરૂરી છે, એટલે કે ઈન્સાન એવો ઈરાદો કરે, કે અલ્લાહના હુકમને આધિન થઈને, તેની ખુશ્નુદી માટે ફિત્રો અદા કરી રહ્યો છે. અને તેની નિય્યત ફિત્રો દેતી વેળા કરવી જોઈએ.

**મસઅલો ૨૦33** : અગર કોઈ શખ્સ માહે રમઝાનથી પહેલાં ફિત્રો આપે તો એ સહીહ નહીં ગણાય; બલ્કે બહેતર છે કે માહે રમઝાન દરમ્યાન પણ ફિત્રો ન આપે. પણ અગર એણે માહે મુબારકથી પહેલાં કોઈ ફકીરને કરજ આપ્યું હોય, અને ફિત્રો વાજિબ થઈ ગયા બાદ અગર એ ચાહે કે પોતાના લેણાને ફિત્રાના હિસાબમાં લઈ લીએ, તો વાંધો નથી.

**<u>મસઅલો ૨૦૩૪</u>** : ઘઉં યા એવી બીજી જણસ જયારે ફિત્રા રૂપે દેવાય, ત્યારે તેમાં કોઈ બીજી જણસ સાથે યા માટી, ધૂળ, સાથે ભેળસેળ ન હોવું જોઈએ અને જો ભેળસેળ હોય, પણ નિર્ભળ જણસનું વજન એક સાઅ થતું હોય, અને મિલાવટ દૂર કર્યા વિના ઉપયોગમાં લઈ શકાતી હોય, અથવા મિલાવટને દૂર કરવું કે છુટ્ટુ પાડવું હદ ઉપરાંત મુશ્કીલ ન હોય, અથવા ભેળસેળનું પ્રમાણ એટલું ઓછુ હોય કે એ તરફ ધ્યાન ધરવાની જરૂરત ન જણાતી હોય, તો વાંધો નથી.

**<u>મસઅલો ૨૦૩૫</u>** : અગર કોઈ ખામીવાળી યા ખોડખાપણવાળી વસ્તુ ફિત્રા તરીકે દેવાય, તો એ કાફી નહીં ગણાય.

**<u>મસઅલો ૨૦૩૬</u>** : જે શખ્સ અનેક લોકો વતી ફિત્રો અદા કરી રહ્યો હોય, તેના માટે જરૂરી નથી કે દરેક એકજ પ્રકારના જણસથી હોય, જેમકે, અગર અમુકનો ફિત્રો ઘઉંમાં અને અમુકનો ફિત્રો જવમાં અદા કરે, તો કાફી ગણાશે.

**<u>મસઅલો ૨૦૩૭</u>** : જે શખ્સ નમાઝે ઈદે ફિત્ર પડવાનો હોય, તો તેના માટે એહતીયાત વાજિબ છે કે નમાઝ પહેલાં ફિત્રો આપી દીએ, પણ જો એ નમાઝે ઈદ ન પડવાનો હોય, તો ઝોહરના સમય સુધી ફિત્રાની અદાયગીમાં ઢીલ કરે શકે છે.

**<u>મસઅલો ૨૦૩૮</u>** : અગર ઝકાતે ગિત્રાની નિય્યતથી અમુક માલ પોતાના માલમાંથી અલગ કરી લ્યે, અને ઈદના દિવસે ઝોહર સુધીમાં મુસ્તહકને ન આપે, તો જયારે પણ આપે, ત્યારે ફિત્રાની નિય્યત કરે.

**<u>મસઅલો ૨૦૩૯</u>** : અગર કોઈ શખ્સ ફિત્રો વાજિબ થતા તેની અદાયગી ન કરે, અને પોતાના માલમાંથી અલગ પણ ન કરે, તો ત્યાર બાદ અહવતની રૂએ કઝા કે અદાની નિય્યત વિના ફિત્રો આપશે.

**<u>મસઅલો ૨૦૪૦</u>** : અગર ફીત્રાને પોતાના માલમાંથી અલગ કરી લ્યે, તો તેમાંથી કાંઈ પણ લાભાર્થે નહીં વાપરી શકે, અને તેની અવેજી નહીં આપે શકે.

**<u>મસઅલો ૨૦૪૧</u>** : અગર કોઈ શખ્સ પાસે અમુક અંદાજે માલ હોય કે જેની કિમંત ફીત્રાથી વધારે હોય અને એ ન આપે, પણ નિય્યત કરે કે એ માલ દઈ રહ્યો છે તેમાં ફીત્રાનો પણ સમાવેશ છે, તો એ ઈશ્કાલથી ખાલી નથી.

**<u>મસઅલો ૨૦૪૨</u>** : અગર જે માલ ફીત્રારૂપે અલગ મૂકવામાં આવ્યો હોય, તે ગુમ યા બરબાદ થઈ જાય, તો જો ફકીર મોજૂદ હોવા છતાં આપવામાં ઢીલ કરી હોય, અથવા તેની હિફાઝતમાં કચાશ

કરી હોય, તોતેના બદલામાં ફરી દેવું પડશે. પણ જો ફકીર મોજૂદ ન હતો, અને તેની સુરક્ષામાં કોઈ લાપરવાહીથી ન વર્તર્યો હોય, તો એ જામીન નથી.

**મસઅલો ૨૦૪૩** : અગર પોતાના મુકામની જગ્યાએ મુસ્તહક હોય, તો એહતીયાતે વાજિબ છે કે ફીત્રાને બીજી જગ્યાએ ન લઈ જવામાં આવે, અને જો કોઈ શખ્સ એવા સંજોગમાં બીજે લઈ જાય, અને તેમ કરવાથી માલ ગુમ થાય યા બરબાદ થાય, તો એના બદલામાં ફરી ફિત્રો દેવો પડશે.

# હજના એહકામ

**<u>મસઅલો ૨૦૪૪</u>** : હજ એટલે ખાને ખુદા, કઅબાની ઝીયારત કરવી, અને શરીઅતમાં જણાવવામાં આવેલા આમાલ ત્યાં જઈને બજાવી લાવવા.

અને જે શખ્સ ઉપર નીચે જણાવેલી શરતો પૂરી થાય, તેના ઉપર જિંદગીમાં એક વાર હજ વાજિબ છે:

**(૧)** બાલીગ હોવો જોઈએ;

**(૨)** આકીલ અને આઝાદ હોય;

**(૩)** હજ માટે જવાથી એ એવા હરામ કાર્ય કરવા માટે લાચાર ન થાય, કે જેને તર્ક કરવું વાજિબ કરતાં વધુ મહત્વપૂર્ણ હોય, અથવા એવા વાજિબ કાર્યને તર્ક કરવાને મજબૂર ન થાય કે જે હજ કરતા વધુ અગત્યનું હોય;

**(૪)** મુસ્તતીઅ હોવો જોઈએ, અને તે નીચે જણાવેલી રીતે સાબિત થશે :

(અ) રસ્તાનું ભાથુ, સફરખર્ચ, જરૂરત જણાતા સવારી, અથવા એ જરૂરીઆતોને પૂરી પાડવા માટે માલ હોવો જોઈએ;

(બ) તંદુરસ્તી અને શક્તિહોય, કે જેથી વધુ પડતી ઝેહમત વગર મક્કા જઈને હજ અદા કરી શકે;

(જ) રસ્તો ખુલ્લો હોવો જોઈએ, અગર રસ્તો બંધ હોય, યા એવો ખોફ હોય કે ઈન્સાનને જાન યા ઈઝઝતની નુકસાની ભોગવવી પડશે, અથવા એનો માલ લુંટાશે, તો તેના ઉપર હજ કરવા જવું વાજિબ નથી. પણ જો બીજો સલામતીભર્યો રસ્તો હોય, તો અગરચે દૂર હોય છતાં એ રસ્તે જવું જોઈએ. અલબત્ત, અગર એ રસ્તો એટલો વધારે દૂર હોય કે તેનાથી અસહ્ય અને અસામાન્ય ઝેહમત થતી હોય, અને એમ કહેવાતું હોય કે હજનો રસ્તો બંધ છે, તો જવું વાજિબ નથી;

(દ) હજના આમાલ બજાવી શકે તેટલો સમય હોવો જોઈએ;

(હ) પોતાના પરિવાર એટલે કે પત્ની, બચ્ચાઓનો ખર્ચ ધરાવતો હોય, અને જે લોકોનો નિર્વાહ તેના ઉપર વાજિબ હોય, તેમનો પણ ખર્ચ ધરાવતો હોવો જોઈએ;

(વ) હજથી પાછો આવે, ત્યારે તેની પાસે ગુજરાન ચલાવવા માટે કમાણી, ખેતીવાડી, મિલકતની આવક અથવા બીજો કોઈ એવો વસીલો હોવો જોઈએ, એટલે કે એવું ન બને કે હજ

કરીને પાછો ફરે ત્યારે પોતાનું ગુજરાન ન ચલાવી શકે, અથવા સંકટમાં આવી પડે.

**મસઅલો ૨૦૪૫** : જે શખ્સની જરૂરીયાત અને મોહતાજી, જયાં સુધીકે રહેણાંક માટે પોતાનું મકાન ન હોય, ત્યાં સુધી દૂર ન થઈ શકતી હોય, તો એવા શખ્સ પર ત્યારે જ હજ વાજિબ થશે જયારે એની પાસે મકાન લેવા માટે પણ પૈસા હોય.

**મસઅલો ૨૦૪૬** : જે ઓરત મકકા જઈ શકતી હોય, તે અગર પાછી આવે ત્યારે એની પાસે કાંઈ માલ બાકી ન રહેવા પામે, અને દાખલા તરીકે તેનો પતિ પણ ફકીર હોય અને એને ખર્ચ ન આપે, જેને કારણે જીવન નિર્વાહમાં સંકટ અને સખતી ઉપસ્થિત થાય, તો તેના ઉપર હજ વાજિબ નથી.

**મસઅલો ૨૦૪૭** : જે શખ્સ પાસે સફર ખર્ચ, ભાતું, સવારી, વાહન ન હોય, અને કોઈ બીજો શખ્સ એને હજ જવાની પ્રેરણા આપી વાયદો કરે કે તેનો ખર્ચ અને તેના પરિવારનો ખર્ચ આપશે તો અગર એના કહેવા ઉપર વિશ્વાસ કહેવા ઉપર વિશ્વાસ બેસે, તેના ઉપર હજ વાજિબ થશે.

**મસઅલો ૨૦૪૮** : અગર કોઈ શખ્સ ઈનસાનને હજ માટે આવવા જવાનો, તેમજ એ પાછો ફરે ત્યાં સુધી તેના પરિવારનો ખર્ચ, ભેટરૂપે, આપે તો એ ઈન્સાન ઉપર હજ વાજિબ થશે, અગરચે પોતા ઉપર લેણું હોય, અને આવ્યા પછી ગુજરાન માટે એની પાસે કોઈ માલ કે વસીલો ન હોય.

પણ જો એવી રીતે હોય કે હજના દિવસો એના કામના અને કમાણીના હોય, અને હજ જવાથી પોતાનું કરજ સમયસર અદા ન કરી શકે, અથવા વર્ષના બાકી દીવસોમાં જીવન નિર્વાહ ચલાવવા માટે મુશ્કેલીમાં મુકાય જાય, તો તેના ઉપર હજ વાજિબ નથી.

**મસઅલો ૨૦૪૯** : અગર ઈન્સાનને હજ માટે આવવા જવાનો ખર્ચ, અને હજ દરમ્યાન તેના કુટુબીંઓનો ખર્ચ આપવામાં આવે, અને હજ કરવા માટે આમાદા કરે, પણ એ રકમ તેની મીલકીય્યતમાં ન આપે, તો એવા સંજોગમાં જો લેનારને ખાત્રી હોય કે મળેલી રકમ પાછા માંગવામાં નહીં આવે તો તેના ઉપર હજ વાજિબ થશે.

**મસઅલો ૨૦૫૦** : અગર કોઈ શખ્સને હજ પૂરતી રકમ એ શરતે આપવામાં આવે કે સફર દરમ્યાન દેનારની ચાકરી, ખિદમત કરે, તો તેના ઉપર હજ વાજિબ નહીં થાય.

**મસઅલો ૨૦૫૧** : અગર કોઈ શખ્સને પૂરતી રકમ આપી તેના ઉપર હજ વાજિબ કરવામાં આવે, અને એ હજ કરીને પાછો આવે, ત્યાર બાદ અલ્લાહના ફઝલથી પોતે માલદાર થઈ જાય, તો એના ઉપર બીજી વાર હજ પર જવું વાજિબ નથી.

**મસઅલો ૨૦૫૨** : અગર કોઈ શખ્સ દાખલા તરીકે વેપાર અર્થે જીદાહ સુધી જાય, અને ત્યાર

બાદ એટલી કમાણી હાંસિલ કરે કે મક્કા સુધી જવા માટે મુસ્તતીઅ થઈ જાય, તો તેના ઉપર હજ વાજિબ થશે, અને અગર એ હજ કરે, એના આગળ જતાં એટલું ધન કમાય કે પોતાના વતનથી મક્કા જઈ શકે, તો પણ બીજી વાર હજ વાજિબ નહીં થાય.

**મસઅલો ૨૦૫૩** : અગર ઈન્સાનને કોઈની નીયાબતમાં પોતે હજ કરવા ઉજરત આપવામાં આવી હોય, અને એ જઈ ન શકતો હોય, પણ પોતાના વતી કોઈ બીજાને મોકલવા માગે, તો ઉજરત લેનારની રજા લેવી જોઈએ.

**મસઅલો ૨૦૫૪** : અગર કોઈ શખ્સ મુસ્તતીઅ હોવા છતાં હજ ન કરે, અને ફકીર થઈ જાય, તો તેના ઉપર વાજિબ છે કે મુશ્કેલીઓ ભોગવીને પણ હજ અદા કરે. અને જો કોઈ રીતે હજ જવા સમર્થ ન હોય, તો જો કોઈ એના કોઈના વતી હજ અદા કરવાની ઉજરત આપે, તો જઈને તેના વતી નીયાબતની હજ અદા કરે, અને મુમ્કીન હોય તો બીજા વર્ષ સુધી ત્યાં જ રોકાઈને પોતાની હજ અદા કરે.

પણ જો શક્ય હોય તો ઉજરત દેનારને એમ રાજી કરે કે તેના તરફથી હજ બીજા વર્ષે કરશે, અને તેની પાસેથી રોકડા લઈ લીએ; અગર એને ઈત્મિનાન ન હોય કે બીજા વર્ષે પોતાની હજ કરી શકશે, તો પહેલા વર્ષે પોતાની હજ કરે, અને ઉજરત આપનારની હજ બીજા વર્ષે અદા કરે.

**મસઅલો ૨૦૫૫** : જે શખ્સ મુસ્તતીઅ થઈને મકકા જાય, અને શરીઅતમાં હુકમ છે તે પ્રમાણે સમયસર અરફાત કે મશઅરૂલ હરામ સુધી ન પહોંચે, તો તે પછીના વર્ષોમાં જો એ મુસ્તતીઅ ન રહે તો એના ઉપર હજ વાજિબ નથી. પણ જો એના ઉપર હજ વાજિબ થઇ ચુકી હોય, પણ ન ગયો હોય, તો એવા સંજોગમાં મુશ્કેલીઓ વેઠીને પણ હજ માટે જવું જોઇએ.

**મસઅલો ૨૦૫૬** : જે શખ્સ મુસ્તતીઅ થઈ ગયા બાદ હજ ન કરે, અને તે બાદ ઘડપણ કે બીમારી કે કમજોરી ને કારણેહજ અદા ન કરી શકતો હોયઅને પોતે કોઈ કાળે હજ માટે જઈ શકે તે પ્રત્યેનિરાશ થઈ ગયો હોય, તો વાજિબ છે કે પોતાના વતી બીજાને હજ માટે મોકલે. બલ્કે અગર તદ્રન નિરાશ ન થયો હોય તો પણ એહતીયાતની રૂએકોઈને ઉજરત આપીને મોકલે, અને ત્યાર બાદ જો પોતે હજ માટે જવા શક્તિશાળી થાય તો પોતે પણ હજ અદા કરશે.

એવી જ રીતે જે વર્ષ મુસ્તતીઅ થાય એ જ વર્ષે ઘડપણ, બીમારી કે કમજોરીને કારણે હજ માટે જવા અશક્ત હોય, અથવા પોતે અદા કરી શકવા પ્રત્યે નિરાશ થઈ ગયો હોય, તો પણ ઉપરોકત હુકમ લાગુ પડશે.

ઉપરોકત દરેક સંજોગમાં એહતીયાતે મુસ્તહબ છે કે અગર નીયાબત દેનાર પુરૂષ હોય, તો

નીયાબત લેનારની પહેલી હજ હોય.

**<u>મસઅલો ૨૦૫૭</u>** : અગર કોઈ શખ્સ ઉજરત લઈને બીજા વતી હજ કરે, તો તેના ઉપર તવાકુન્નીસઅ પણ ઉજરત દેનાર વતી બજાવી લાવવું વાજિબ છે. અને જો ન બજાવી લાવે તો ઉજરત લેનાર ઉપર તેની પત્ની હરામ થશે.

**<u>મસઅલો ૨૦૫૮</u>** : અગર કોઈ શખ્સ તવાકુન્નીસાઅને સહીહ રીતે અંજામ ન આપે, અથવા ભૂલી જાય, અને અમુક દિવસો બાદ યાદ આવતા એ પાછો ફરીને તે બજાવી લાવે, તો સહીહ ગણાશે, અને જો પાછા ફરવું મુશ્કીલ હોય, તો તે માટે નાયબ નક્કી કરી શકશે.

# ખરીદ, વેચાણના એહકામ

**મસઅલો ૨૦૫૯** : વેપાર કરનાર તેમજ કમાવનારને માટે જરૂરી છે કે ખરીદ, વેચાણના રોજીંદા મસઅલાથી વાકેફ હોય, બલ્કે અગર એને લગતા એહકામથી અજાણ હોવાને કારણે વાજિબ હુકમોનું ઉલંઘન થવાનો સંભવ હોય, તો એ જાણી લેવા વાજિબ છે અને હજરત ઈમામ જાઅફર સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું કે જે શખ્સ લેવડદેવડના મામલામાં સંડોવાયેલ હોય, તેના માટે જરૂરી છે કે તેના સંબધીત એહકામથી આગાહી મેળવી લ્યે, નહીંતર બાતિલ અને શકાંસ્પદ મામલાને કારણે ગુનાહમાં દાખલ થઈને હલાક થઈ જશે.

**મસઅલો ૨૦૬૦** : અગર કોઈ શખ્સ મસઅલાથી નાવાકેફ હોવાને કારણે ન જાણે કે જે મામલો એણે કર્યા તે સહીહ છે કે બાતિલ, તો એ મામલાથી હાંસિલ કરેલા માલ ઉપર તેનો કોઈ અધીકાર નથી, સિવાય કે એ સામે પક્ષને એ બારામાં રાજી કરે, અગરચે મામલો બાતિલ હોય.

**મસઅલો ૨૦૬૧** : જે શખ્સ પાસે માલ ન હોય, પણ તેના ઉપર અમુક ખર્ચની ઝિમ્મેદારી હોય, જેમકે બાલ બચ્ચાનું ભરણપોષણ, તો એના માટે કમાવવું વાજિબ છે. અને મુસ્તહબ કામો માટે કમાવવું, જેમકે અન્ય કુટુંબીઓને તેમજ ફકીરોને મદદરૂપે થવા માટે કમાણીમાં વધારો કરવો મુસ્તહબ છે.

## ખરીદ, વેચાણની મુસ્તહબ વાતો

ખરીદ, વેચાણમાં અમુક બાબતો મુસ્તહબ છે :

**(૧)** વસ્તુની કિંમત દરેક ગ્રાહક માટે એક સરખી રાખવી, સિવાય કે કોઈ ખરીદનાર તંગસ્દત યા ફકીર હોય.

**(૨)** વસ્તુની કિંમત બારામાં આગ્રહ ન રાખે, સિવાય કે એને એમ જણાય કે એને કોઈ છેતરી રહ્યો છે.

**(૩)** વેચાણ સમયે જણસ વધારીને આપવી, અને ખરીદ સમયે ઓછી લેવી.

**(૪)** જે શખ્સ સાથે મામલો, સોદો કર્યો હોય, તે અગર સોદાને રદ કરવા મટે માંગણી કરે, તો તે માટે હાજર રહેવું.

## જે ખરીદ, વેચાણ મકરૂહ છે

**મસઅલો ૨૦૬૨** : જે ખાસ ધંધાઓ મકરૂહ જણાવવામાં આવેલા છે, તે નીચે પ્રમાણે છે:

**(૧)** જમીન વેચવી, સિવાય કે એના વેચાણમાંથી બીજી જમીન ખરીદવાનો ઈરાદો હોય;

**(૨)** કસાઈનો ધંધો;

**(૩)** અગર કોઈ શખ્સ કફન વેચવાને પોતાનો ધંધો બનાવી લે;

**(૪)** એવા લોકો સાથે સોદો કરવો જે હલકટ પ્રકારના હોય;

**(૫)** સુબ્હે સાદિક અને સૂર્યોદય વચ્ચેના સમયમાં સોદાબાજી,

**(૬)** અગર કોઈ શખ્સ પોતાનો ધંધો ઘઉં, જવ અને એવી વસ્તુંઓને વેચવાનો કરાર દયે.

**(૭)** જયારે કોઈ મુસ્લમાન કોઈ વસ્તુ ખરીદી રહ્યો હોય, ત્યારે તે સોદામાં દખલગીરી કરવી.

## હરામ ધંધાઓ

**મસઅલો ૨૦૬૩** : ઘણાં ધંધાઓ એવા છે કે જે હરામ છે, જેમાંથી અમુક નીચે જણાવવામાં આવે છે;

**(૧)** નશો આપનાર પીણાનું ખરીદવું, વહેચવું હરામ છે, એવી રીતે જે કુતરા શિકારી ન હોય, અને સુવ્વર અને અહવતની રૂએ નજીસ મુરદારનું વેચાણ અને ખરીદ જાએઝ નથી.

ઉપરોકત સિવાય બીજા નજીસુલ અયન વિષે એ હુકમ છે કે અગર તેનાથી કોઈ હલાલ ફાયદો મેળવી શકતો હોય, જેમકે પાયખાનાથી ખાતર બનાવવામાં આવે, તો તેનું ખરીદવું, વેચવું જાએઝ છે, અગરચે અહવત છે કે તેને તર્ક કરે.

**(૨)** ગસ્બી માલનું ખરીદવું, વેચવું હરામ છે.

**(૩)** અહવતની રૂએ એ વસ્તુંની લેવડદેવડ, ખરીદ, વેચાણ જાએઝ નથી કે જે સામાન્ય રીતે માલ તરીકે ન ગણાતી હોય, જેમકે જંગલી, ફાડી ખાનાર પ્રાણીઓ; જયારે કે તેમાં કોઈ નોંધપાત્ર હલાલ ફાયદો ન હોય.

**(૪)** એ વસ્તુની લેવડદેવડ કે જેનો મૂળ ફાયદો હરામ કાર્ય સિવાય કાંઈ ન હોય, જેમકે જુગારના સાધનો.

**(૫)** એ લેવડદેવડનો મામલો કે જેમાં વ્યાજ હોય.

**(૬)** જે લેવડદેવડના મામલામાં છેતરપીંડી કે ઠગાઈ હોય, જેમકે કોઈ ચીજમાં મિલાવટ એવી રીતે કરીને વેચવી કે એ મિલાવટની પરખ ન થઈ શકે. અને વેચનાર ખરીદ કરનારને એ વિષે કાંઈ ન જણાવે, જેમકે, ઘીમાં ચરબીની મિલાવટ કરીને વેચવું હરામ છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું કે જે શખ્સ લેવડદેવડના મામલામાં મુસલમાનોને છેતરે. યા એમને નુકસાન આપે, યા ફરેબ, દગો કરે, અને માલમાં મિલાવટ

કરીને વેચે, એ મારી ઉમ્મતમાંથી નથી, અને ખુદાવંદ કરીમ તેના માલમાંથી બરક્ત ઉપાડી લ્યે છે, તેને તંગદસ્તીની હાલતમાં મૂકી આપે છે.

**મસઅલો ૨૦૬૪** : જે પાક વસ્તુ નજીસ થઈ ગઈ હોય, પણ તેને પાક કરવી શક્ય હોય, તો તેને વેચવામાં કોઈ વાંધો નથી. અગર તેને ધોઈને પાક કરવી શક્ય ન હોય, પણ એ વસ્તુથી હલાલ ફાયદો હાંસિલ કરવા માટે તેનું પાક હોવું જરૂરી ન હોય, જેમકે અમુક જાતના તેલ, તો પણ તેના વેચાણમાં વાંધો નથી.

બલ્કે અગર તેનું પાક હોવું જરૂરી હોય, (તે ઉપરાંત) પણ તેનાથી ઉપસ્થિત (બીજા) હલાલ ફાયદાઓ નોંધપાત્ર હોય, તો વેચાણ જાએઝ છે.

**મસઅલો ૨૦૬૫** : અગર કોઈ શખ્સ નજીસ વસ્તુ વેચવા માગે, અને એ જાણતો હોય કે જો ખરીદનારને નહીં જણાવે કે એ વસ્તુ નજીસ છે, તો એ અલ્લાહના કોઈ વાજિબ હુકમની મુખાલિફતમાં મુબ્તેલા થશે, તો એને જણાવી દેવું વાજિબ છે. જેમકે, નજીસ પાણી વુઝુ યા ગુસલ માટે ઉપયોગમાં લેશે; અને એથી વાજિબ નમાઝ પણ પડશે, અથવા એ નજીસ વસ્તુ ખાવા પીવા માટે ઉપયોગમાં લેશે.

અલબત્ત, અગર એ જાણતો હોય કે જણાવી દેવાથી કોઈ ફાયદો નથી. જેમકે ખરીદનાર શખ્સ કોઈ લાપરવા માણસ હોય, જેને નજીસ, પાકની પડી ન હોય, તો તેને કહેવું વાજિબ નથી.

**મસઅલો ૨૦૬૬** : નજીસ દવાઓનું વેચવું, ચાહે તે ખાવાપીવાની હોય યા ન હોય, જાએઝ છે, પણ ઉપરોકત મસઅલામાં જણાવેલ સંજોગમાં ખરીદનારને જણાવી દેવું જરૂરી છે.

**મસઅલો ૨૦૬૭** : ગેર ઈસ્લામી દેશોથી જે તેલ આયાત કરવામાં આવે છે, તેનું નજીસ હોવું અગર માલૂમ ન હોય, તો તેનું ખરીદવું, વેચવું જાએઝ છે.

ઉપરાંત જે તેલ ચરબી જાનવરની મરી ગયા પછી કાઢવામાં આવે છે, તે અગર કાફિર પાસેથી યા ગેર ઈસ્લામી દેશોથી હાંસિલ કરવામાં આવે, તો જો એવો અનુમાન હોય કે ઈસ્લામી રીતે ઝબ્હ કરેલા જાનવરમાંથી લેવામાં આવ્યું છે, તો એ પાક છે, અને તેની ખરીદ, વેચાણ જાએઝ છે. પરંતુ ખાવા માટે ઉપયોગ હરામ છે, અને વેચનાર માટે વાજિબ છે કે ખરીદનારને એ વિષે માહિતગાર કરે, કે જેથી મસઅલા ૨૦૬૫માં જણાવ્યા મુજબ અલ્લાહના કોઈ વાજિબ હુકમની મુખાલિફતમાં મુબ્તેલા ન થઈ જાય.

**મસઅલો ૨૦૬૮** : શિયાળ, અથવા એવા પ્રકારના અન્ય પ્રાણીઓને શરીઅતમાં નિયુકત રીતે મારવામાં ન આવે, યા પોતે મરી જાય, તો અહવતની રૂએ તેની ચામડી ખરીદવી કે વેચવી જાએઝ

નથી.

**મસઅલો ૨૦૬૯** : જે ચામડી ગેરઈસ્લામી દેશોથી આયાત થાય છે, અથવા કાફિર પાસેથી લેવામાં આવે, તેના માટે અગર એવું અનુમાન થાય કે શરીઅત મુજબ ઝબ્હ કરેલા હયવાનની છે, તો તેનું ખરીદવું વેચવું જાએઝ છે, અને અકવાની રૂએ તેમાં જો નમાઝ પડવામાં આવે તો સહીહ ગણાશે.

**મસઅલો ૨૦૭૦** : જે તેલ, ચરબી જાનવરની મરી ગયા પછી કાઢવામાં આવે છે, અથવા ચામડી અગર મુસલમાન પાસેથી લેવામાં આવે, અને ઈન્સાન જાણતો હોય કે મુસલમાને એ વસ્તુ કાફિર પાસેથી લીધી છે, અને હયવાન ઈસ્લામી શરીઅત પ્રમાણે ઝબ્હ થયું હતું કે નહીં તે વિષે કોઈ તેહકીક કરી નથી, તો અગરચે એ પાક છે, અને તેનું ખરીદવું વેચવું જાએઝ છે, પણ એ તેલ, ચરબીનું ખાવું જાએઝ નથી.

**મસઅલો ૨૦૭૧** : નશાશીલ પીણાં (દારૂ વી.)નો ધંધો, તેની લેવડદેવડના મામલાઓ હરામ અને બાતિલ છે.

**મસઅલો ૨૦૭૨** : ગસ્બી માલ વેચવું એ બાતિલ મામલત છે, અને વેચનાર ઉપર વાજિબ છે કે ખરીદનાર પાસે તે માટે જે નાણું વસૂલ કર્યું હોય તે તેને પાછું આપી દે.

**મસઅલો ૨૦૭૩** : અગર ખરીદનાર ખરેખર ગંભીરપણે મામલત અથવા સોદો કરવા માંગતો હોય, પણ સાથે એની એવી નિય્યત હોય કે ખરીદેલી જણસની કિંમત નહીં ચૂકવે, તો આવી નિય્યતથી સોદાને કાંઈ આંચ નહીં આવે, અને તેના ઉપર વાજિબ છે કે તેની કિંમત વેચનારને સુપરત કરે.

**મસઅલો ૨૦૭૪** : અગર ખરીદનારે કોઈ જણસ ઉધાર ખરીદી હોય, અને દિલમાં એમ નક્કી કરે કે ચૂક્વતી વેળા હરામ માલમાંથી ભરપાઈ કરશે, સોદો સહીહ રહેશે, પણ તેના ઉપર વાજિબ છે કે પોતાના ઝિમ્મામાંથી મુકત થવા માટે જે લેણું છે તે હલાલ માલમાંથી ભરપાઈ કરે.

**મસઅલો ૨૦૭૫** : સંગીત અને મનોરંજનના સાધનો, જેમકે, ગીતાર, તંબુરો વી. ખરીદવા અને વેચવા હરામ છે, ખને અહવતની રૂએ સંગીતના એ નાના સાધનો કે જે બચ્ચાઓના મનોરંજન તરીકે વપરાય છે, એનો પણ એ જ હુકમ છે.

પરંતુ જે સાધનોનો હલાલ અને હરામ, બંને ઉપયોગમાં થતો હોય, જેમકે, રેડીયો, ટેપરેકોર્ડર વી. તે અગર હરામની નિય્યત ન હોય તો વેચવો અને ખરીદવો જાએઝ છે.

**મસઅલો ૨૦૭૬** : જે વસ્તુ જો હલાલ રીતે વપરાશ થઈ શકતો હોય, તેને એ નિય્યતથી જો વેચવામાં આવે તે હરામ કામ માટે ઉપયોગમાં લેવાય છે. જેમકે દ્રાક્ષને એ નિય્યતથી વેચે કે તેમાંથી

દારૂ ગાળવામાં આવે, તો એ સોદો હરામ છે. બલ્કે અહવતની રૂએ બાતિલ પણ છે, પણ વેચનારની એવી નિય્યત ન હોય, પણ એને ખબર હોય કે ખરીદનાર એ દ્રાક્ષને દારૂ ગાળવા માટે ઉપયોગમાં લેશે, તો એવા સોદામાં કોઈ ઈશ્કાલ નથી.

**<u>મસઅલો ૨૦૭૭</u>** : કોઈ પણ જાનદારનું પુતળું ઘડવું અહવતની રૂએ હરામ છે; પણ તેને વેચવું કે ખરીદવું વાંધાજનક નથી; અગરચે તર્ક કરવું અહવત છે, પણ જાનદારના ચિત્ર ચીતરવામાં કોઈ વાંધો નથી.

**<u>મસઅલો ૨૦૭૮</u>** : જે વસ્તુ જુગાર, ચોરી યા બાતિલ સોદાથી પ્રાપ્ત થઈ હોય, તે ખરીદવું હરામ છે, અને અગર કોઈ શખ્સ એવો માલ વેચનાર પાસેથી ખરીદી લીએ, તો વાજિબ છે કે તેનાં અસલી માલિકને પાછી આપી દે.

**<u>મસઅલો ૨૦૭૯</u>** : મિલાવટવાળું ઘી, જેમાં ચરબીનો ભાગ હોય, વેચનાર અગર દેખાડી, નક્કી કરીને કહે કે હું આ એક મણ ઘી વહેચું છું તો જો તેમાં ચરબીનો ભાગ વધારે હોય, અને એ ઘી કહેવાડવવા લાયક ન હોય, સોદો બાતિલ છે. પણ જો ચરબીનો ભાગ ઓછો હોય, અને ઘી તરીકે ઓળખાવી શકાતું હોય, તો મામલો સહીહ છે પરંતુ ખરીદનારને હક રહેશે કે માલમાં એબ કે ક્ષતિ હોવાના કારણે સોદાને રદ કરી પોતાના નાણાં પાછા માંગી લ્યે, અને જો ઘી અને ચરબી એક બીજાથી જુદા હોય, તો જે સોદો ચરબીના પ્રમાણમાં કર્યો હોય તો બાતિલ ગણાશે, અને ખ્રીદનાર પાસેથી તે માટે જે પૈસા લીધા હોય તે તેને પાછા આપી વેચનાર ચરબીનો માલિક ગણાશે, આવા સંજોગમાં ખરીદનાર ચાહે તો સમાવિષ્ટ ચોખ્ખા ઘીનો સોદો પણ રદ કરી શકે છે.

પણ અગર વેચનાર નક્કી ન કરે, અને માત્ર એમ કહે કે ઘી વેચું છું અને પછી ચરબી વાળું ઘી ખરીદનારને આપે, તો એ હાલતમાં ખરીદનાર એ ઘી પાછું આપી ચોખ્ખું ઘી માગી શકે છે.

**વ્યાજ**

**<u>મસઅલો ૨૦૮૦</u>** : જે વસ્તુ વજનથી યા માપતોલથી વહેંચાતી હોય, તે અગર કોઈ શખ્સ એજ વસ્તુના વધુ વજન યા તોલ સામે વેચે, તો સોદો વ્યાજ અને હરામ છે. જેમકે એક મણ ઘઉં ને દોઢ મણ ઘઉં સામે વેચે, તો એ વ્યાજ ગણાશે, અને સોદો હરામ છે, બલ્કે એક વસ્તુના બે પ્રકારો હોય, જેમકે એક સલામતહોય, બીજી તૂટેલી હોય, યા એક ઊંચી જાતની હોય અને બીજીઉતરતી કોટિની હોય, યા એક બીજાની કિમંતમાં ફેર હોય, તો અગર જેટલું આપ્યું હોય તેના કરતા વધારે વસૂલે, તો એ પણ વ્યાજ અને હરામ છે, જેમકે, સલામત ત્રાંબા સામે વધુ તૂટેલું ત્રાંબુ લ્યે, યા ઉચ્ચા પ્રકારના ચાવલ સામે

ઉતરતી કોટિના વધુ ચાવલ માગે, યા ઘડેલા સોના સામે વધુ કાચું સોનું લ્યે, તો એ વ્યાજ અને હરામ છે.

**મસઅલો ૨૦૮૧** : અગર જે વસ્તુ વધારામાં લઈ રહ્યો હોય, તે જુદા પ્રકારની હોય, અને જે માલ વેચી રહ્યો હોય તે જુદા પ્રકારનો હોય, જેમકે, એક મણ ઘઉં સામે એક મણ ઘઉં અને અમુક રોકડ નાણાં લ્યે, તો એ પણ વ્યાજ અને હરામ છે. બલ્કે અગર કોઈ વસ્તુ વધારામાં ન માગે, પણ એવી શરત કરે કે ખરીદનાર તેનું કોઈ કામ કરી આપે, તો એ પણ વ્યાજ અને હરામ છે.

**મસઅલો ૨૦૮૨** : અગર વેચનાર જેટલું ઓછું આપી રહ્યો હોય, તેમાં કોઈ બીજી વસ્તુનો ઉમેરો કરે, જેમકે, એક મણ ઘઉં અને એક રૂમાલને દોઢ મણ ઘઉં સામે વેચે, તો તેમાં વાંધો નથી, પણ તેમાં **બે** શરતો છે :

**(૧)** એ લેવડ-દેવડમાં બંને નિય્યત એ હોય કે રૂમાલને વધારાના ઘઉંની કિંમત તરીકે ગણવામાં આવે;

**(૨)** સોદો ઉધાર ન હોય;

એવી જ રીતે બંને પક્ષકોઈ વસ્તુનો ઉમેરો કરે, જેમકે એક મણ ઘઉં અને રૂમાલ સામે દોઢ મણ ઘઉં અને રૂમાલ વેચે, તો જો બંનેની નિય્યત એ હોય કે એકમેકની કિંમત રૂપે અપાય છે, તો તેમાં વાંધો નથી.

**મસઅલો ૨૦૮૩** : જે વસ્તુ કાપડની જેમ, મીટર કે ગજમાં વેચાતી હોય, અથવા અખરોટ, ઈંડાની જેમ ગણીને સોદો થતો હોય, તેમાં વેચીને વધારે વસૂલ કરવામાં કોઈ વાંધો નથી; પણ તેમાં **બે** શરતો છે:

**(૧)** બંને વસ્તુઓ એકજ પ્રકારની ન હોવી જોઈએ;

**(૨)** સોદો અમુક મુદ્દત સુધી ઉધાર ન હોય.

દાખલા તરીકે કોઈ દસ અખરોટ વેચે, અને તેની સામે એક માસની મુદ્દત આપી બાર અખરોટ વસૂલ કરવાનું નક્કી કરે, તો એ જાએઝ નહીં ગણાય.

એ જ હુકમ ચલણી નાણાંનો છે, તો અગર કોઈ તુમાનને દીનાર યા ડોલર સામે રોકડ અથવા ઉધાર વેચે તો તેમાં વાંધો નથી,પણ અગર કોઈ ચાહે કે ચલણી નાણાંને વેચી રહ્યો હોય તે જ પ્રકાર સામે વેચીને વધારો લીએ, તો તેમાં ઉધાર સોદો ન હોવો જોઈએ, નહિંતર એ સોદો ઈશ્કાલથી ખાલી નથી. જેમકે, અગર કોઈ સો તુમાન રોકડ આપીને છ મહિના બાદ એક સો દસ તુમાન વસુલ કરે.

**મસઅલો ૨૦૮૪** : અગર કોઈ વસ્તુ કે જણસ ઘણે ભાગે શહેરોમાં વજન અથવા માપતોલથી વેચાતી હોય, અને કોઈ એક શહેરમાં સંખ્યામાં રૂપમાં લેવડ-દેવડ થતી હોય, એ જણસને વધુ કિંમતે વેચવું જાએઝ છે. એવી જ રીતે જો શહેર જુદાજુદા હોય,અને વેચવાની રીત જુદી જુદી હોય (અને એમ ન કહી શકાય વધારે પડતાં શહેરોમાં આ જણસ વજન અથવા માપતોલથી વહેચાય છે), તો દરેક શહેરમાં જે પ્રમાણે રીવાજ હોય, તે પ્રમાણે અમલ કરી શકશે.

**મસઅલો ૨૦૮૫** : જે વસ્તુ વજન અથવા તોલમાપથી વહેંચાતી હોય, તે વેચીને તેની સામે વસ્તુ વધુ પ્રમાણમાં લેવામાં આવે,તોઅગર બંને વસતુઓ એક જ પ્રકારની ન હોય,અને સોદો ઉધાર ન હોય, તો તેમાં કોઈ વાંધો નથી.પણ જો સોદો ઉધાર હોય, તો તેમાં ઈશ્કાલ છે. જેમકે અગર કોઈ શખ્સ એક મણ ચાવલ અને બે મણ ઘઉં સામે એ શરતે વેચે કે એક મહિના પછી માલ હાંસિલ કરશે,તો એ મામલો શરઈ રીતે સહીહ હોવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૦૮૬** : અગર કોઈ શખ્સપાકા ફળને કાચા ફળ સામે વેચે,તો બદલામાં વધારે સંખ્યામાં કાચા ફળ નહીં લઈ શકે.અને મશહૂર છે કે લેવડદેવડમાં જો બંને જણસની ઉત્પતિ એકજ હોય,તો તેમાં વધુ ઉપાડ નહીં કરી શકાય.જેમકે અગર કોઈ શખ્સ એક મણ ગાયના દૂધમાંથી બનેલું ઘી, દોઢ મણ ગાયના દૂધથી બનેલાં પનીર સામે વેચે,તો એ વ્યાજ અને હરામ ગણાશે.પણ દરેક સંજોગમાં આ હુકમ લાગુ પાડવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૦૮૭** : વ્યાજના મામલામાં ઘઉં અને જવ એક જ પ્રકારની જણસ ગણાશે.તો અગર કોઈ શખ્સ એક મણ ઘઉં સામે એક મણ અને પાંચ શેર જવ લ્યે,તો એ વ્યાજ અને હરામ સોદો ગણાશે. એવી જ રીતે દાખલા તરીકે કોઈ શખ્સ દસ મણ જવ એ શરતે ખરીદે કે તેના બદલામાં લણણીની મોસમમાં દસ મણ ઘઉં આપશે, તો એ પણ હરામ સોદો ગણાશે, કારણકે જવ તત્કાળ લઈને મુદ્દત બાદ ઘઉં આપશે, એટલે એ ફાયદો વ્યાજ રૂપે ગણાશે.

**મસઅલો ૨૦૮૮** : બાપ દીકરો અને પતિ પત્ની એક બીજાથી વ્યાજ લઈ શકે છે, એવી જ રીતે મુસલમાન એ કાફિર પાસેથી વ્યાજ લઈ શકે છે જે ઈસ્લામની પનાહમાં ન હોય. અગર કાફિર ઈસ્લામની પનહમાં હોય તો તેની સાથે વ્યાજનો સોદો હરામ છે, અલબત્ત એક વાર સોદો પતાવ્યા બાદ, અગર એ કાફિરની શરીઅતમાં વ્યાજ દેવું જાએઝ હોય, તો તેની પાસેથી વ્યાજ લઈ શકે છે.

## વેચનાર અને ખરીદનારની શરતો

**મસઅલો ૨૦૮૯** : વેચનાર અને ખરીદનાર માટે **૭** શરતો છે :

**(૧)** બંને બાલીગ હોવા જોઈએ.

**(૨)** બંને અક્કલમંદ હોવા જોઈએ.

**(૩)** અણસમજુ ન હોવા જોઈએ,એટલે કે મૂર્ખ ન હોય કેપોતાનો માલ વેડફી નાખે.

**(૪)** વેચાણ યા ખરીદની ખરી નિય્યત ધરાવતો હોય,એટલે કે અગર કોઈ મશ્કરીરૂપે કહે કે મે મારો માલ વહેંચ્યો, તો એ સોદો બાતિલ ગણાશે.

**(૫)** બંને કોઈ રીતે મજબૂર ન હોવો જોઈએ.

**(૬)** જે વસ્તુ વેચતો હોય, યા તેના બદલામાં દઈ રહ્યો હોય, તે તેની માલિકીની હોવી જોઈએ. આ વિષે વધુ હુકમો હવે પછી સવિસ્તાર આવશે.

**મસઅલો ૨૦૯૦** : જે નાબાલીગ બાળક સ્વતંત્રપણે મામલો કરે, તેની સાથે સોદો બાતિલછે; સિવાય કે એ મામલો સામાન્ય ઝીણી ઝીણી અને કમ કિંમતની વસ્તુઓનો હોય, જેમાં સમજદાર નાબાલીગ બચ્ચાઓ સાથે સોદો થઈ જાય છે.પણ જો અસલ મામલો વલી સાથે હોય અને સમજદાર બાળક વચ્ચે માત્ર મામલાનો સીગો જારી કરી રહ્યો હોય, તો દરેક સંજોગમાં એ સોદો સહી ગણાશે.

બલ્કે અગર માલ યા નાણાનો ધણી કોઈ બીજો શખ્સ હોય, અને બાળક વકીલ તરીકે ધણી વતી માલ વેચે, યા નાણાથી કોઈ વસ્તુ ખરીદે, તો ઝાહેરન એ મામલો સહીહ છે. અગરચે એ સમજદાર બાળક સ્વતંત્રપણે એ માલમાં હક ધરાવતો હોય. એવી જ રીતે અગર કોઈ બાળક વસીલારૂપે દરમ્યાનમાં હોય કે નાણાં વેચનારને સુપરત કરી માલ ખરીદનારને પહોંચાડે, અથવા માલ ખરીદનારને સોંપી તેના નાણા વેચનાર સુધી પહોંચાડ,તો એ મામલો સહીહ છે, અગરચે એ બાળક સમજદાર ન હોય, કારણ કે હકીકતમાં એ સોદો બે બાલીગ વચ્ચેનો ગણાશે.

**મસઅલો ૨૦૯૧** : જે નાબાલીગ બાળક સાથે સોદો જાએઝ નથી. તેની પાસેથી અગર કોઈ શખ્સ કોઈ વસ્તુ ખરીદે અથવા એને કોઈ વસ્તુ વેચે, તો અગર એ માલ કે નાણાં એ બચ્ચાની માલિકીની હોય, તો એના વલી સુધી પહોંચાડવું જોઈએ, એ જો એ બચ્ચાની માલિકી ન હોય, તો એ માલ કે નાણાનો જે અસલ ધણી હોય તેને સુપરત કરવું જોઈએ; અથવા તેની રજામંદી લેવી જોઈએ.

પણ જો એના અસલ ધણીને ન જાણતો હોય, અથવા તેને ઓળખવાની શક્યતા ન હોય, તો જે વસ્તુ એ નાબાલીગ પાસેથી લીધી હોય તે અસલ ધણી વતી રદ્દે મઝાલિમ તરીકે ફકીરને આપવું જોઈએ. અને એહતીયાતે લાઝિમ છે કે આ કામ માટે હાકીમે શરઅની રજા મેળવી જોઈએ.

**મસઅલો ૨૦૯૨** : અગર કોઈ શખ્સ કોઈ સમજદાર બાળક સાથે એવા પ્રકારનો સોદો કરે કે જે સહીહ ન હોય, અને એ બાળકને સુપરત કરવામાં આવેલ જણસ યા નાણું ખોવાઈ જાય યા બરબાદ

થઈ જાય, તો જાહેર એ છે કે બાળક જયારે બાલીગ થાય ત્યારે એની પાસેથી ઉઘરાણી કરી શકે છે, અથવા એના વલી પાસેથી પણ ઉઘરાવી શકે છે. પણ અગર બાળક સમજદાર ન હોય, તો ઉઘરાણીનો કોઈ હક નહીં રહે.

**મસઅલો ૨૦૯૩** : અગર કોઈ ખરીદનાર અથવા વેચનારને સોદો કરવા માટે મજબૂર કરવામાં આવે, અને સોદો પતી ગયા બાદ એ રજામંદ થઈ જાય, જેમકે, એ કહે કે હું રાજી છું, તો એ મામલો સહીહ ગણાશે, પણ એહતીયાતે મુસ્તહબ છે કે એ સોદા માટે નવેસરથી સીગો જારી કરવામાં આવે.

**મસઅલો ૨૦૯૪** : અગર કોઈ શખ્સ બીજા કોઈનો માલ તેની પરવાનગી વિના વેચી નાખે, તે અગર માલનો ધણી એ વેચાણ સંબંધી રજામંદ ન હોય, અને પરવાનગી ન આપે, તો એ મામલો બાતિલ છે.

**મસઅલો ૨૦૯૫** : સગીર વયના બાળક વતી તેનો બાપ, દાદો અથવા બાપ અને દાદા તરફથી બાળક માટે નીમાએલ વસી, બાળકનો માલ વેચી શકે છે. એવી જ રીતે જરૂરત જણાંતા, આદીલ મુજતહીદ પણ કોઈ દીવાના કે સગીર વય બાળકનો કે લાપતા શખ્સનો માલ વેચી શકે છે.

**મસઅલો ૨૦૯૬** : અગર કોઈ શખ્સ કોઈનો માલ ગસબ કરીને વેચી નાખે, અને વેચાણ બાદ માલનો અસલ ધણી એ સોદાને મંજુર રાખે, તો એ મામલો સહીહ ગણાશે અને ગસબ કરનારે જે વસ્તુ વેચી, અને સોદાના સમયથી તેમાં જે કાંઈ નફો હાંસિલ થયો હોય, તે સર્વ ખરીદનારની માલિકી ગણાશે. એજ રીતે ખરીદનારે બદલામાં જે વસ્તુ આપી હોય, અને સોદાના સમગથી તેમાં જે કાંઈ નફો પ્રાપ્ત થયો હોય, તે અસલ ધણીની મિલકીયત ગણાશે.

**મસઅલો ૨૦૯૭** : અગર કોઈ શખ્સ માલ ગસબ કરીને વેચી નાંખે, અને એવી ધારણા ધરાવે કે એમાંથી ઉપજેલું નાણું પોતે રાખશે, તો જો અસલ ધણી એ સોદાને મંજુર રાખે તો મામલો સહીહ થશે, પણ નાણું અસલ ધણીની મિલકીયત ગણાશે, ગસબ કરનારની નહીં.

## વસ્તુ અને તેના બદલાની શરતો

**મસઅલો ૨૦૯૮** : જે જણસ કે વસ્તુ વેચવામાં આવે, અને તેના બદલામાં જે વસ્તુ પ્રાપ્ત કરવામાં આવે, તે માટે પાંચ શરતો છે :

**(૧)** એ વસ્તુનું પ્રમાણ વજનરૂપે, માપતોલ વડે, સંખ્યારૂપે વી. નક્કી હોવું જોઈએ.

**(૨)** એ વસ્તુ સામેવાળાના કબ્જામાં સુપરત કરવામાં શક્તિમાન હોય, નહીંતર એ સોદો સહી

નહીં ગણાય, સિવાય કે એ વસ્તુ સાથે બીજી કોઈ એવી વસ્તુનો ઉમેરો કરે કે જે વેચીને કબ્જામાં દઈ શકે. પણ જાહેર ે છે કે અગર ખરીદનાર એ વસ્તુ કબ્જો મેળવવા માટે શક્તિશાળી હોય, અગરચે વેચનાર શક્તિશાળી ન હોય, તો એ સોદો સહીહ છે. દાખલા તરીકે અગર કોઈ શખ્સ એવો ઘોડો વેચે કે જે નાસી છુટયો હોય, અને ખરીદનાર એ ઘોડાને શોધીને મેળવી શકતો હોય, તો એ મામલામાં ઈશ્કાલ નથી, અને એ સોદો સહીહ ગણાશે. અને એ સંજોગમાં બીજી કોઈ વસ્તુનો ઉમેરો જરૂરી નથી.

**(૩)** સોદામાં અદલાબદલીની વસ્તુઓના એવા સર્વે ગુણદોષ નક્કી થવા જોઈએ જે વિગતો ઉપર સામાનય રીતે સોદો કરનારાઓની પસંદ, નાપસંદનો આધાર હોય છે.

**(૪)** એ માલમાં કોઈ બીજાનો હક સમાએલો ન હોવો જોઈએ, અને એવું ન થવા પામે કે માલિકની મિલકીયતમાંથી એ માલ નીકળી જતાં બીજા કોઈનો હક બરબાદ થઈ જાય.

**(૫)** વેચવાવાળો જણસ કે વસ્તુને વેચે, નફાને નહીં, દાખલા તરીકે અગર કોઈ શખ્સ મકાનનો એક વર્ષનો નફો વેચે તો સહીહ નથી. પરંતુ ખરીદનાર જો નાણાને બદલે પોતાની મિલકતનો નફો આપે, જેમકે કોઈ પાસેથી ગાલીચો ખરીદે અને તેના બદલામાં પોતાના મકાનનો એક વર્ષનો નફો આપી દીએ, તો તેમાં વાંધો નથી, આ મસાએલની વિગતો હવે પછી આપવામાં આવશે.

**મસઅલો ૨૦૯૯** : જે શહેરમાં પ્રચલીત હોય કે કોઈ જણસ વજન યા માપતોલથી વેચવામાં આવતું હોય, તો જરૂરી છે કે એ શહેરમાં વજન અથવા માપતોલથી વસ્તુ ખરીદે અને જે શહેરમાં ફકત માલ જોઈને મામલો થતો હોય, તે શહેરમાં એ રીતે ખરીદે.

**મસઅલો ૨૧૦૦** : જે વસ્તુ વજનથી વેચાતી હોય, તે માપથી પણ વેચી કે ખરીદી શકાય છે. જેમકે; અગર કોઈ શખ્સ દસ મણ ઘઉં વેચવા માંગતો હોય, તો એ એ એક મણના પાત્રમાં માપસર ભરી દસ વખત આપી શકે છે.

**મસઅલો ૨૧૦૧** : ઉપરોકત જણાવેલી પાંચ શરતોમાંથી, ચોથી શરત સિવાય કોઈ શરત જો મામલામાં મોજૂદ ન હોય, અને એને કારણે સોદો બાતિલ હોય, પણ ખરીદનાર અને વેચનાર એક બીજાના માલમાં હક ધરવવા બારામાં રજામંદ થઈ ગયા હોય, તો તે ઉપયોગમાં વાંધો નથી.

**મસઅલો ૨૧૦૨** : જે વસ્તુ વકફ થઈ ગઈ હોય, તે વસ્તુનો સોદો બાતિલ છે, પણજો એ વફક વસ્તુની હાલત એટલી કફોડી થઈ ગઈ હોય કે જે આશયથી એને વકફ કરવામાં આવી હોય તે ફાયદો તેમાંથી હાંસિલ ન થઈ શકે, અથવા એવા બગાડાની શરૂઆત થઈ હોય, જેમકે મસ્જિદની સાદડી એવી

રીતે ફાટી ગઈ હોય કે તેના ઉભા રહીને નમાઝ ન પડી શકાય, તો તેના મુતવલ્લીઓ અથવા મુતવલ્લીના અધિકાર ધરાવનારાઓ તેને વેચી નાંખે તો વાંધો નથી, અને શક્ય સંજોગમાં અહવતની રૂએ એ વેચાણમાંથી હાંસિલ થયેલું નાણું એ જ મસ્જિદમાં એવા કામ માટે વપરાવવું જોઈએ કે જે વકફ કરનારના આશય સાથે મળતું હોય.

**મસઅલો ૨૧૦૩** : જે લોકો માટે કોઈ વસ્તુ કે માલ વકફ કરવામાં આવ્યું હોય, એ લોકો વચ્ચે એવો વરવાંધો ઉપસ્થિત થાય કે વકફ થયલ વસ્તુને ન વેચવાથી જાનમાલની હાનિનો સંભવ રહે. તો અમુક ફૂકહાનું કથન છે કે એ વકફ માલને વેચી શકાય છે, અને તેની ઉપજ એવા કામ માટે વાપરી શકે છે કે જે વકફ કરનારના આશય અને ઉદ્દેશને મળતું હોય, પણ આ હુકમમાં ઈશ્કાલ છે. અલબત્ત, અગર વકફ કરનારે પહેલેથી શરત કરી હોય કે જયારે વકફ મિલકતને વેચવામાં મસ્લેહત જણાય ત્યારે વેચી નાંખવામાં આવે. તો ઉપરોકત સંજોગમાં તેને વેચવામાં કોઈ વાંધો નથી.

**મસઅલો ૨૧૦૪** : જે મિલકત કોઈને ભાડે આપેલી હોય, તેને ખરીદવા કે વેચવામાં કોઈ વાંધો નથી. પરંતુ જેટલી મુદ્દત માટે એ ભાડે લીધી હોય, તેટલી મુદ્દત સુધી એ મિલકતનો ઉપયોગ ભાડૂતના હકમાં રહેશે અને જો ખરીદનારને જાણ ન હોય કે એ મિલકત ભાડે આપેલી છે, અથવા એમ ધારીને ખરીદી હોય કે ભાડાની મુદ્દત ઓછી છે, અને પછીથી જાણ થાય કે તેમ નથી, તો એને હક છે કે સોદાને રદ્દબાતલ કરે.

## ખરીદ વેચાણના સમયે પઢવાનો સીગો

**મસઅલો ૨૧૦૫** : ખરીદ વેચાણ માટે જરૂરી નથી કે અરબી ભાષામાં સીગો પડવામાં આવે. દાખલા તરીકે વેચનાર પોતાની ભાષામાં કહે કે ફલાણી વસ્તુ કિંમતે વેચી છે, અને ખરીદનાર કહે કે મેં સોદો કબૂલ રાખ્યો છે, તો એ મામલો સહીહ ગણાશે, પરંતુ જરૂરી છે કે વેચનાર અને ખરીદનાર કસ્દે ઈન્શાઅ (ખરીદ-વેચાણનો ઈરાદો) ધરાવે, એટલે ખરીદ અને વેચનાર સંબંધી ખરો ઈરાદો ધરાવતા હોય.

**મસઅલો ૨૧૦૬** : અગર સોદો પતાવતી વેળા બંનેમાંથી કોઈ સીગો ન પડે, પણ વેચનાર પોતાના માલ સામે કિમંત સ્વીકારી ખરીદનારને માલ સુપરત કરી તેની માલિકીમાં આપી દીએ, તો મામલો સહીહ ગણાશે, અને દરેક મેળવેલી વસ્તુનો માલિક ગણાશે.

## ફળોના ખરીદ - વેચાણના એહકામ

**મસઅલો ૨૧૦૭** : જે ફળદાયી વૃક્ષમાંથી ફુલ ખરી જાય, અને બીજ બંધાઈ જાય, જેથી કેટલા

ફળો સલામત છે તેની ખબર પડી જાય, અને એ વુક્ષમાંથી કેટલા ફળો મેળવી શકશે તેનો અંદાજો થઈ જાય,તો એવા વુક્ષને ફળ ચૂંટ્યા પહેલાં વેચવું સહીહ ગણાશે. બલ્કે કેટલા ફળો નુકસાનીથી સલામત છે તેની જાણ ન હોય, પણ અગર બે વર્ષ યા એથી વધુની પેદાશ હોય, અથવા જેટલા ફળ લાગી ગયા હોય તેની નોંધપાત્ર માલી કિંમત હોય, તો તેનું વેચાણ પણ સહીહ ગણાશે. એવી જ રીતે અગર જમીનમાંથી ઉગતી વસ્તુ યા બીજી કોઈ વસ્તુ ઉમેરો તરીકે એની સાથે વેચે તો એ સોદો સહીહ છે, પણ એહતીયાતે લાઝિમ છે કે એવા સંજોગમાં ઉમેરો એટલા પ્રમાણમાં હોવો જોઈએ કે જો વુક્ષમાં ફળ ન લાગે તો ખરીદનારની મૂકી બચાવી શકે.

**મસઅલો ૨૧૦૮** : જે ફળદાયી વુક્ષમાં ફળ લાગી ગયા હોય પણ ફુલ ખરી ન ગયા જાય, અને બીજ ન બંધાયું હોય, તો એ ફળોનું વેચાણ પણ જાએઝ નથી; સિવાય કે તેની સાથે અન્ય વસ્તુ ઉપરાંત તરીકે વેચાયેલી હોય. અને તે માટે એ જ શરત છે કે અગાવના મસઅલામાં જણાવી ચૂક્યા છીએ. એવી જ રીતે જો ફળોની પેદાશ એક વર્ષથી વધુ મુદ્દતની હોય. તો એ ફળો વેચી શકાય છે.

**મસઅલો ૨૧૦૯** : જે ખજૂર પીળા યા લાલ થઈ ગયા હોય, તેને વૃક્ષ ઉપર લાગેલી હાલતમાં વેચવું સહીહ છે, પણ તેના બદલામાં એ જ વૃક્ષના યા બીજી વૃક્ષના ખજૂર ન લેવામાં આવે.પણ જો કોઈનું વૃક્ષ બીજા કોઈના ઘરમાં હોય, અને તેમાં લાગેલી ખજુરનો અંદાજો લગાવી શકાય તેમ હોય,તો અગર એ વૃક્ષનો ધણી ઘરના માલિકને એ વેચી આપી બદલામાં ખજૂર લ્યે તો વાંધો નથી.

**મસઅલો ૨૧૧૦** : કાકડી રીંગણા અને એવી જાતની શાકભાજી વી. કે જેનો પાક વર્ષમાં અનેક્વાર ઉતરતો હોય, તે અગર ઉગી નીકળ્યા હોય, અને તેના માટે એમ નક્કી કરવામાં આવ્યું હોય કે ખરીદનાર વર્ષ દરમ્યાન કેટલીવાર પાક ઉતરશે, તો તેના વેચાણમાં વાંધો નથી, પણ જો એ ઉગી નીકળીને જાહેર ન થયા હોય, તો તેના વેચાણમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૧૧૧** : અગર ઘઉંના કણસલામાં દાણા ઊગી ચૂક્યા હોય, તો એને એ જ પાકના ઘઉં સામે યા બીજા કણસલાના બદલામાં વેચવામાં આવે, તો એ મામલો સહીહ નહીં ગણાય.

## રોકડા અને ઉધાર વિષે

**મસઅલો ૨૧૧૨** : જયારે કોઈ જણસ રોકડાથી વેચાય, ત્યારે સોદો નક્કી થઈ જતાં વેચનાર અને ખરીદનાર નાણા અને જણસની સામેસામે માંગણી કરી પોતાના કબજામાં લઈ શકશે. લેવા માટે સ્થાવર કે જંગમ મિલકત ઉપરથી વેચનારનો હક નીકળી જવું જરૂરી છે, એટલે જંગમ મિલકત જેમ કે ગાલીચો, કપડા, અને સ્થાવર મિલકત જેમકે મકાન, જમીન વી. ઉપરથી પોતાનો કબ્જો વેચનાર

હટાવી લીએ, અને ખરીદનારને હવાલે એવી રીતે આપી દીએ કે જેથી એ એના ઉપયોગનો સંપૂર્ણ હક ધરાવી શકે. અલબત્ત એ તસર્રૂફ અને હક ધરાવવાનો મતલબ સંજોગો અનુસાર જુદો જુદો અર્થ ધરાવશે.

**મસઅલો ૨૧૧૩** : જે સોદો ઉધારનો હોય, તેમાં મુદ્દત સ્પષ્ટપણે નક્કી કરવું જરૂરી છે. તો અગર કોઈ શખ્સ કોઈ જણસ વેચીને એમ સમજૂતી કરે કે પાકની લણણી સમયે નાણું વસૂલ કરશે. તો મુદ્દત પૂરી રીતે નિયુકત ન હોવોને કારણે એ સોદો બાતિલ ગણાશે.

**મસઅલો ૨૧૧૪** : અગર કોઈ શખ્સ પોતાનો માલ કે જણસ ઉધાર વેચે, તો જે મુદ્દતની સમજુતી થઈ હોય, એથી પહેલા ખરીદનાર પાસેથી તેની કિંમત કે અવેજ માંગી શકતો નથી. પણ અગર ખરીદનાર મરી જાય, અને તેની પાસે પોતાનો માલ હોય, તો વેચનાર મુદ્દત પહેલાં ખરીદનારના વારસો પાસેથી પોતાનું લેણું વસૂલ કરી શકે છે.

**મસઅલો ૨૧૧૫** : અગર કોઈ શખ્સ પોતાનો માલ યા જણસ ઉધાર વેચે, તો નક્કી થયેલી મુદ્દત પૂરી થયા બાદ ખરીદનાર પાસેથી કિંમત કે અવેજ માગી શકશે. પણ જો ખરીદનાર એ અદાયગી કરવા અશકત હોય, તો તેને મોહલત આપવી જોઈએ, અથવા સોદો રદ કરી લ્યે, અને જો વેચેલો માલ મોજૂદ હોય, તો તેને પાછો લઈ લીએ.

**મસઅલો ૨૧૧૬** : અગર ખરીદનારની જણસની કિંમતની જાણ ન હોય, અને તેને કોઈ શખ્સ કિંમત જણાવ્યા વગર અમુક માલ ઉધાર વેચી આપે, તો એ મામલો બાતિલ છે. પણ અગર ખરીદનારને ખબર હોય કે રોકડથી ખરીદ કરવામાં આવે તો જણસની કેટલી કિંમત છે. અને એને કોઈ વેચનાર એ જણસ ઉધારમાં મોંઘી કિંમત વેચે તો વાંધો નથી. જેમકે, અગર વેચનાર કહે કે આ વસ્તુ હું તને ઉધાર જે કિંમતે આપું છું તે કિંમત રોકડ ખરીદ કરતા રૂપયો કે તુમાન વધારે છે, તો તેમા કાંઈ વાંધો નથી.

**મસઅલો ૨૧૧૭** : અગર કોઈ શખ્સ પોતાનો માલ કે જણસ ઉધાર વેચે, અને તેની કિંમતની વસૂલાત માટે મુદ્દત નક્કી કરે, પણ દાખલા તરીકે અડધી મુદ્દત વીતી ગયા બાદ કિંમત ઘટાડીને પોતાનું લેણું ઓછું કરે, અને બાકીના નાણાં રોકડા વસૂલ કરી લીએ તો તેમાં કોઈ વાંધો નથી.

## પેશગીની શરતો અને સોદો

**મસઅલો ૨૧૧૮** : પેશગીને સોદાને "સલફ" કહેવાય છે, જેનો અર્થ એ કે કોઈ શખ્સ રોકડાના નાણાં સામે મુદ્દતના વાયદા ઉપર પોતાનો પૂરો માલ વેચે. તો અગર ખરીદનાર એમ કહે કે હું આ

નાણાં એ સમજૂતી ઉપર ચૂકાવું છું કે મને (દાખલારૂપે) છ મહિના બાદ માલ મળશે, અને વેચનાર એ કબૂલ રાખે તો મામલો સહીહ છે. એવી જ રીતે જો વેચનાર નાણા લઈને કહે કે મેં ફલાણી વસ્તું વેચી છે, કે જે છ માસ બાદ સુપરત કરીશ, તો પણ મામલો સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૧૯** : અગર સોના અથવા ચાંદીના સિક્કાના બદલામાં સલફ વેચવામાં આવે તો મામલો બાતિલ છે, પણ જે વસ્તુ યા સિક્કાઓ સોના ચાંદીથી ઘડેલી ન હોય, તેને પેશગીની વેચી તેના બદલામાં બીજી વસ્તુ યા સોના ચાંદીના સિક્કા લેવામાં આવે, તો હવે પછીના મસઅલામાં જણાવેલી સાતમી શરતની રૂએ એ મામલો સહીહ ગણાશે અને એહતીયાતે મુસ્તહબ છે કે જે જણસ વેચવામાં આવે, તેને બદલે નાણા લેવામાં આવે, અને બીજી જણસ ન લેવામાં આવે.

**મસઅલો ૨૧૨૦** : પેશગીના સોદા માટે **સાત** શરતો છે :

**(૧)** જે માલ વેચવામાં આવે તેના એવા સર્વ ગુણદોષ સ્પષ્ટ થવા જોઈએ. જે ગુણદોષને કારણે કિંમતમાં સામાન્ય રીતે ફેર પડી જાય છે. પણ તેમાં વધુ ઝીણવટની જરૂરત નથી; માત્ર એટલું જો કહી શકાય કે તે માલની વિગત જાહેર થઈ છે, તો કાફી ગણાશે.

**(૨)** વેચનાર અને ખરીદનાર એકબીજાથી છુટા પડે એથી પહેલાં ખરીદનારે પૂરી કિંમત અદા કરી દેવી જોઈએ. અથવા જો વેચનાર ઉપર તેનું તત્કાળ લેણું હોય, તો એ લેણાને માલની કિંમત પેટે હિસાબ કરીને વાળી શકશે. પણ જો કિંમતનો અમુક ભાગ ભરપાઈ કરે, તો અગરચે એટલા પ્રમાણમાં સોદો સહીહ છે. પણ વેચનારને હક રહેશે કે સોદો રદ કરી નાખે.

**(૩)** મુદ્દત પૂરી રીતે નક્કી થઈ જવી જોઈએઅગર વેચનાર ફકત એટલું કહે કે પાકની લણણી સમયે માલ સુપરત કરીશ, તો મુદ્દત સ્પષ્ટ રીતે નિયુકત ન થવાને કારણે સોદો બાતિલ ગણાશે.

**(૪)** માલ સુપરત કરવા માટે એવો સંજોગ નક્કી કરવું જોઈએ કે જે સમયે વેચનાર માલ સુપરત કરી શકે, ચાહે એ સમયમાં એ માલની અછત હોય યા ન હોય.

**(૫)** અહવતની રૂએ માલ કબજે દેવા માટે સ્થળ નક્કી થવું જોઈએ,પણ જો વેચનાર અને ખરીદનારની વાતો ઉપરથી સ્થળ સમજી શકાય એમ હોય, તો એ સ્થળનું નામ લેવું જરૂરી નથી.

**(૬)** માલનું વજન યા માપ નક્કી હોવું જોઈએ. અને જે માલનો સોદો સામાન્ય રીતે ફકત જોઈને થાય છે, તે અગર સલફમાં વેચાય તો તેમાં વાંધો નથી. પણ અખરોટ કે મુરઘીના ઈંડાના અમુક પ્રકારની જેમ પ્રત્યેક તફાવત એટલો ઓછો હોવો જોઈએ કે લોકો તેને મહત્વતા

આપતા ન હોય.

**(૭)** જે માલ કે જણસ સલફ રીતે વેચાય, તો જો વજન અથવા માપથી વેચાતું હોય તો તેના બદલામાં એ જ માલ કે જણસ ન હોવું જોઈએ. બલ્કે એહતીયાતે લાઝિમની રૂએ બીજી એવી વસ્તુ પણ ન હોવું જોઈએ કે જે વજન યા માપથી વેચાતી હોય. અને જો માલ એવા પ્રકારનો હોય કે જે ગણીને વેચાતો હોય, તો અહવતની રૂએ જાએઝ નથી કે તેના બદલામાં એ જ માલ સલફમાં વધં સંખ્યા કરાર દઈને લ્યે.

## સલફ સોદાના એહકામ

**મસઅલો ૨૧૨૧** : અગર કોલ ખરીદનાર સલફનો સોદો કરે, તો મુદ્દત પાકે એથી પહેલાં ખરીદેલ માલ વેચનાર સિવાય કોઈને વેચી નહીં શકે, અલબત, મુદત પાક્યા બાદ, અગરચે માલનો કબજો ન લીધો હોય, એ ખરીદનાર માલ વેચી શકશે. પરંતુ ફળો સિવાયના, બાકીનું અનાજ- જેમકે ઘઉં, જવ અને એ જણસ કે જે વજન યા માપથી વેચાય છે, તે કબ્જે હસ્તગત કર્યા પહેલાં વેચવું જાએઝ નથી; સિવાય કે ઈન્સાન એ માલને પડતર ભાવે યા એથી ઓછી કિંમતે વેચે.

**મસઅલો ૨૧૨૨** : સલફના સોદામાં વેચનાર અગર નિયુકત માલ સમય ઉપર હવાલે કરે, તો ખરીદનારને એ સ્વીકારી લેવું જોઈએ, અગરચે એ માલ નિયુકત કરતા બેહતર હોય. જો એ માલનો પ્રકાર ન બદલ્યો હોય, તો સ્વીકારી લેવું જોઈએ.

**મસઅલો ૨૧૨૩** : અગર વેચનાર એવો માલ હવાલે આપે કે જે નક્કી થયેલા માલ કરતા હલકા પ્રકારનો હોય, તો ખરીદનાર નામંજૂર કરી શકશે.

**મસઅલો ૨૧૨૪** : અગર વેચનાર નક્કી થયેલ માલને બદલે બીજો માલ આપે, અને ખરીદનાર એ માટે રજામંદ હોય, તો તેમાં વાંધો નથી.

**મસઅલો ૨૧૨૫** : અગર વેચનાર મુદ્દત પાક્તા માલ અભાવેને કારણે સુપરત ન કરી શકે તો ખરીદનાર ચાહે તો માલ પ્રાપ્ત થાય ત્યાં સુધી મોહલત આપી શકે છે, અને ચાહે તો એ સોદાને રદ કરી આપેલી કિંમત પાછી લઈ શકે છે. પણ અહવતની રૂએ વેચનારને એ જ માલ વધુ કિંમતે વેચી નહી શકે.

**મસઅલો ૨૧૨૬** : અગર કોઈ શખ્શ માલને સલફ રીતે વેચી મુદ્દત કરાર કરે, અને સાથે એમ નક્કી કરે કે તેની કિંમત પણ મુદ્દત બાદ વસૂલ કરશે તો એ મામલો બાતિલ ગણાશે.

## સોના- ચાંદીની સાથે સોના- ચાંદીની લેવડ દેવડ

**<u>મસઅલો ૨૧૨૭</u>** : અગર સોના સામે સોનું અને ચાંદી સામે ચાંદી વેચવામાં આવે, ચાહે એ સિક્કારૂપે હોય યા ન હોય, અગર એકનું વજન બીજા કરતા વધારે હોય તો એ મામલો બાતિલ અને હરામ ગણાશે.

**<u>મસઅલો ૨૧૨૮</u>** : અગર સોનાને ચાંદી સામે અથવા ચાંદીને સોના સામે રોકડ સોદા તરીકે વેચવામાં આવે, તો એ મામલો સહીહ ગણાશે, અને બંનેના વજન એકસરખા હોવા જરૂરી નથી. પણ જો એ સોદો ઉધાર ઉપર મુદ્દત કરાર દઈને વહેંચાય, તો બાતિલ છે.

**<u>મસઅલો ૨૧૨૯</u>** : જયારે સોનું યા ચાંદીનું સોના અથવા ચાંદી સામે વેચાણ થાય, ત્યારે જરૂરી છે કે વેચનાર અને ખરીદનાર એકબીજાથી છૂટાં પડે એથી પહેલાં માલ અને તેની કિમંતની અરસપરસ લેવડદેવડ કરી આપે. અને તેમાંથી અમુક ભાગ પણ જો તત્કાળ સુપરત ન કરવામાં આવે તો મામલો બાતિલ ગણાશે.

**<u>મસઅલો ૨૧૩૦</u>** : અગર વેચનાર યા ખરીદનાર પોતાનો માલ કે અવેજ સંપૂર્ણ હવાલે કરી આપે, પણ સામે પક્ષવાળો અમુક જ ભાગ સુપરત કરે, અને એકબીજાથી છૂટા પડી જાય, તો જેટલો ભાગ સુપરત થયો છે, તેટલા જ પ્રમાણમાં સોદો સહીહ ગણાશે. પરંતુ જે પક્ષને સંપૂર્ણ માલ ન મળ્યો હોય તેને હક રહેશે કે સોદો રદ કરી નાખે.

**<u>મસઅલો ૨૧૩૧</u>** : અગર ધૂળ સાથે ભેળસેળ થયેલી ખાણની ચાંદી ખાલીસ ચાંદી સામે વેચવામાં આવે, અથવા ધૂળ સાથે મળેલ ખાણનું સોનું ખાલીસ સોના સામે વેચવામાં આવે, તો એ સોદો બાતિલ છે; સિવાય કે એ બાબતની ખાત્રી હોય કે (દાખલા તરીકે) બંનેમાં ચાંદીનું પ્રમાણ સરખું છે. પણ અગાઉ જણાવી ગયા છીએ તે મુજબ જો ધૂળ સાથે ભળેલ ચાંદીને સોના સામે યા સોના સાથે ભળેલ ધૂળને ચાંદી સામે વેચે તો તેમાં કોઈ વાંધો નથી.

## તે જગ્યાઓ જયાં લેવડ-દેવડ રદ કરી શકાય છે

**<u>મસઅલો ૨૧૩૨</u>** : સોદો કે મામલાને રદબાતલ કરાર દેવાના હકને ખીયાર કહેવયા છે, અગિયાર સંજોગોમાં વેચનાર અને ખરીદ કરનાર સોદાને રદ કરી શકે છે.

**(૧)** જયારે વેચનાર અને ખરીદનાર એકબીજાથી છૂટાં ન પડયા હોય, અગરચે સોદો જયાં પત્યો હોય તે જગ્યાએથી હટી ગયા હોય, ત્યારે સોદાને રદ કરવાનો હક બાકી રહે છે. આને ખીયારે મજલીસ કહેવાય છે.

**(૨)** અગર સોદામાં વેચનાર યા ખરીદનાર, અથવા કોઈ પણ મામલામાં પ્રત્યેક પક્ષ સાથે

દગો થાય તો સોદો રદ્દ કરી શકાશે, આને ખાયીરે ગબન કહેવાય છે. આ હક સાબિત થવા માટે શરત એ છે કે પહેલેથી બંને પક્ષના દિલમાં એ બાબત નિશ્ચિત હોય કે જે માલ વસૂલ કરે તે અને જે માલ સુપરત કરે તે વચ્ચે કિમંતમાં નોંધપાત્ર ઘટાડો ન હોવો જોઈએ, અને જો એવો ફેર હશે તો પ્રત્યેકને સોદો રદ કરવાનો અધિકાર રહેશે.

પરંતુ એવા સંજોગો પણ હોય શકે કે જેમાં એવો કરાર હોય કે જો હાંસિલ કરેલા માલની કિમંત આપેલામાંથી ઓછી હશે, તો જે ફેર હશે તે સામે પક્ષથી વસૂલ કરવામાં આવશે, તો તે મુજબ વર્તવુ જોઈએ, પણ જો એ શક્ય ન હોય તો પછી સોદો રદ બાતિલ કરી શકશે. આવા ખાસ સંજોગોમાં એ ખાસ રીત અપનાવવી જોઈએ.

**(૩)** અગર સોદો કરતી વેળા પહેલેથી એવી શરત મૂકવામાં આવી હોય કે અમુક મુદ્દત સુધી બંને પક્ષને યા કોઈ પણ પક્ષને સોદો બાતિલ કરાર દેવાનો હક રહેશે. તો એ મુજબ વર્તી શકશે. આને ખીયારે ર્શત કહેવાય છે.

**(૪)** જે સંજોગમાં બંને પક્ષમાંથી કોઈ પણ એક પોતાના માલને હકીકતથી વિશેષ આકર્ષક અને બેહતર બતાવે, જેને કારણે સામે પક્ષ એ તરફ આકર્ષાય, તે માટે તેની રગબત વધે, તો હકીકતની જાણ થતા સોદો રદ કરી શકશે. આને ખીયારે તદલીસ કહેવાય છે.

**(૫)** અગર બંને પક્ષમાંથી એક પક્ષ સામેવાળા સાથે એવી શરત કરે કે ફલાણું કાર્ય અંજામ આપશે, અને એ શરત મુજબ અમલ ન થાય; અથવા એવી શરત કરી હોય કે નક્કી કરેલો માલ ખાસ પ્રકારનો સુપરત કરશે, અને એ માલના જણાવેલ ગુણ ન હોય તો એવા સંજોગમાં શરત મૂકનાર સોદાને બાતિલ કરાર દઈ શકશે, આને ખીયારે તખેલ્લુફે શર્ત કહેવાય છે.

**(૬)** અગર વસ્તુમાં યા તેના અવેજમાં કોઈ ઐબ હોય- તો સોદો રદ કરી શકશે. આને ખીયારે ઐબ કહેવાય છે.

**(૭)** અગર એવી ખબર પડે કે જે વસ્તુ કે માલનો સોદો કર્યો છે, તેમાં અમુક માલ કોઈ બીજા શખ્સની માલિકીનો છે, તો જો એ માલનો ધણી સોદા માટે રજામંદ ન હોય, તો ખરીદનાર એ સોદોને રદ કરી શકે છે. અથવા એટલા માલ માટે એણે જે અદાયગી કરી હોય, તે સામે પક્ષ પાસેથી પાછી લઈ શકે છે. આને ખીયારે શીરક્ત કહેવાય છે.

**(૮)** અગર માલનો ધણી પોતાના નિયુકત માલની વિગતો આપે, પણ એ માલને ખરીદનારે જોયો ન હોય, પણ પછીથી જાણ થાય કે જે વિગતો વેચનારે આપી હતી તે ખાસીયતો માલમાં નથી, તો સોદાને રદ કરી શકે છે. એવી જ રીતે જો ખરીદનારે અગાઉ માલ જોઈ લીધો હોય,

અને એની ધારણા હોય કે હજી એ જ ખાસીયાતો માલમાં બાકી હશે, અને પછીથી જણાય કે માલમાં એ ખાસીયતો બાકી રહેવા પામી નથી, તો એ સોદો રદબાતલ કરી શકે છે. આને ખીયારે રૂયઅત કહેવાય છે.

**(૯)** અગર ખરીદનાર ત્રણ દિવસ સુધી માલની કિંમત ન ચૂક્વે, અને વેચનારે પણ માલ સુપરત ન કર્યો હોય, તો વેચનાર સોદો રદ કરી શકે છે,પણ આ એ સંજોગમાં થઈ શકશે કે વેચનારે ખરીદનારને નાણાની ભરપાઈ માટે મુદ્દત નક્કી કર્યા વગર મોહ્લત આપી હોય,પણ જો વેચનારે મૂળત્વે કોઈ મોહ્લત આપી જ ન હોય, તો એને હક રહેશે કે કિંમતની ભરપાઈમાં જરાક પણ ઢીલ થાય તો મામલાને રદ કરી નાંખે અને જો વેચનારે ત્રણ દિવસથી વધુની મોહ્લત આપી હોય, તો મુદ્દત પાક્યા પહેલા સોદાને રદ નહીં કરી શકે. આ ઉપરથી સમજી શકાશે કે અગર એવી નાશંવત વસ્તુ વેચવામાં આવી હોય જે એક દિવસથી વધુ ટકી ન શકે, અને સડી કે ચીમળાઈ જાય, જેમકે ફળ વી. તો જો ખરીદનાર રાત સુધી તેની કિંમત ન ચૂક્વે, અને શરતરૂપે કોઈ મોહ્લત પણ માગી ન હોય, તો વેચનાર સોદો રદ કરી શકશે. આને ખીયારે તાખીર કહેવાય છે.

**(૧૦)** જે શખ્સે જાનવર ખરીદયું હોય, તેને ત્રણ દિવસ સુધી સોદો રદ કરવાનો હક છે.અને જો કોઈ શખ્સ પોતાની વસ્તુ વેચી તેના બદલામાં જાનવર લ્યે, તો વેચનારને ત્રણ દિવસ સુધી હક રહેશે કે ચાહે તો સોદો રદ કરે. આને ખીયારે હયવાન કહેવાય છે.

**(૧૧)** અગર વેચનાર વેચેલો માલ સુપરત ન કરી શકે, જેમકે એણે જે ઘોડો વહેંચ્યો હોય એ નાસી છૂટે, તો એવા સંજોગમાં એ સોદાને રદ કરી શકે છે, અને આને ખીયારે તઅઝઝુરે તસ્લીમ કહેવાય છે. આ વિષે વધુ વિગતો હવે પછી જણાવવામાં આવશે.

**મસઅલો ૨૧૩૩** : અગર ખરીદનારને કોઈ વસ્તુની કિંમતની જાણ ન હોય, અથવા ગફલતથી એ વસ્તુ સામાન્ય કિંમત કરતા મોંઘી કિંમતે ખરીદે, તો જો કિંમતમાં નોંધપાત્ર ફેર હોય, તો એ સોદોને રદ કરી શકે છે,પણ તેમા શરત એ છે કે સોદાને રદ કરતી વેળા હજી ભાવમાં જણાવેલ ફેર બાકી હોય; નહીંતર એ હક હોવું સાબિત નથી.

એવી જ રીતે અગર વેચનારને કિંમતની જાણ ન હોય, અથવા ગફલતથી સોદો કરતી વેળા એ વસ્તુને તેની સામાન્ય કિંમત કરતા ઓછા ભાવે વેચે, તો જો ભાવફેર નોંધપાત્ર હોય, તો ઉપરોકત શરતે સોદાને રદ કરી શકશે.

**મસઅલો ૨૧૩૪** : જે સોદો શરતની સાથે પત્યો હોય, જેમકે લાખ રૂપીયાનુ મકાન પચાસ

હઝાર રૂપિયામાં એ શરતે વેચવામાં આવ્યું હોય કે અગર વેચનાર મુદ્દત પાકના નાણા ભરપાઈ ન કરે તો સોદો રદ કરવાનો હક ધરાવશે તો એ સોદો સહીહ છે, પણ તેમાં એ શરત છે કે સોદો કરતી વેળા વેચનાર અને ખરીદનાર વેચવા અને ખરીદવાનો ખરો ઈરાદો ધરાવતા હોય.

**મસઅલો ૨૧૩૫** : જે સોદો શરતની સાથે થયો હોય, તેમાં વેચનારને એવો ઈત્મિનાન હોય કે મુદ્દત પાક્તા જો એ નાણાની ભરપાઈ નહીં કરે તો પણ ખરીદનાર મિલકત તેને સુપરત કરી આપશે, તો અગરચે સોદો સહીહ છે, પણ મુદ્દત ઉપર ચૂકવણી જો ન કરે તો ખરીદનાર પાસેથી મિલકત માંગવાનો હક નહીં ધરાવે, અને જો ખરીદનાર મરી જાય તો એના વારીસો પાસેથી પણ મિલકત માંગી નહીં શકે.

**મસઅલો ૨૧૩૬** : અગર ઊંચા પ્રકારની ચાઈમાં હલકા પ્રકારની ચાઈની ભેળસેળ અને મિલાવટ કરી તેને ઊંચા પ્રકારની ચાઈ તરીકે વેચવામાં આવે. તો ખરીદનાર સોદાને રદ કરી શકશે.

**મસઅલો ૨૧૩૭** : અગર ખરીદનારને જાણ થાય કે એણે જે નિયુકત માલ લીધો, તેમાં ખોડ કે એબ છે, જેમકે જાનવર ખરીદયું હોય અને જણાય કે જાનવર એક આંખે કાણું છે, તો અગર એ ખોડ પહેલેથી હોય, અને ખરીદનારને એની ખબર ન હોય તો સોદાને રદ કરી શકે છે, અને એ માલ વેચનારને પાછો આપી દેશે. પણ જો માલ વેચનારને પાછો આપવો મુમ્કીન ન હોય, જેમકે, તેમાં કોઈ ફેરફાર થઈ ગયો હોય, અથવા તેનો એવી રીતે વપરાશ થયો હોય કે પાછો દઈ શકાય તેમ ન હોય તો એવા સંજોગમાં ખોડ વિના એ ખોડ સાથે એ માલની કિંમત નક્કી કરી જેટલા નાણાનો ફેર પડતો હોય, તેટલા નાણા વેચનાર પાસેથી પરત લઈ શકશે.

જેમકે, અગર એણે એ માલ ચાર રૂપિયામાં લીધો હોય, ને તેમાં ખોડ જણાઈ, તો જો ખોડ વિના એ માલની કિંમત આઠ રૂપિયા હોય, અને ખોડ સાથે તેની કિંમત છ રૂપિયા હોય, તો પચીસ ટકાનો ભાવ ફેર હિસાબ કરી પોતે જે રકમ આપી હતી, એટલે કે ચાર રૂપિયા તેની સામે ૧રૂપિયો વેચનાર પાસેથી પરત લઈ લેશે.

**મસઅલો ૨૧૩૮** : અગર વેચનારને ખબર પડે કે પોતાના માલના બદલામાં જે નિયુકત અવેજી લીધી હતી તેમાં એબ છે, તો જો એબ એ માલમાં પહેલેથી હોય અને એ વિષે જાણ ન હોય, તો મામલો રદ કરી એ અવેજી તેના માલિકને પરત સુપરત કરશે. પણ જો એમાં ફેરફારને કારણે કે ઉપયોગને પરિણામે એ પરત ન આપી શકે તો ખોડ વિના અને ખોડ સાથે એ માલની જે કિંમત હોય, તેમાં તફાવતનો હિસાબ ઉપરોકત મસઅલા મુજબ કરી પોતાનો હક માંગી લેશે.

**મસઅલો ૨૧૩૯** : અગર સોદો પતી ગયા બાદ, પણ માલની સોંપણી થાય એથી પહેલાં, માલમાં કોઈ ખોડ ઉપસ્થિત થાય, તો ખરીદનાર સોદો રદ કરી શકે છે. એવી જ રીતે જે માલ અવેજી તરીકે હોય, તેમાં સોદા બાદ, પણ સોંપણી પહેલાં ખોડ ઉપસ્થિત થાય, તો વેચનારને સોદો રદ કરવાનો અધિકાર છે. અને જો બંનેનો ઈરાદો હોય એકબીજાથી ભાવ ફેર વસુલ કરી લીએ, તો માત્ર એ જ સંજોગમાં જાએઝ છે કે એ માલ પરત દેવાની શક્યતા ન હોય.

**મસઅલો ૨૧૪૦** : અગર સોદો થઈ ગયા બાદ માલમાં એબ કે ખોડની જાણ થાય, અને એ સોદાને રદ કરવો હોય, તો જરૂરી છે કે તરત જ વિલંબ વિના રદ કરવામાં આવે. અને અગર સામાન્ય મુદ્દતથી વધુ ઢીલ કરવામાં આવે, તો સોદો રદ નહીં કરી શકાય. અલબત્ત, સામાન્ય મુદ્દત માટે જુદા જુદા સંજોગ લક્ષમાં રાખવું જરૂરી છે.

**મસઅલો ૨૧૪૧** : માલ ખરીદયા બાદ અગર એબ દેખાય, તો વેચનાર મોજૂદ ન હોય તો પણ ખરીદનાર સોદો રદ કરી શકે છે અને એ જ હુકમ સર્વે ખીયારમાં છે.

**મસઅલો ૨૧૪૨** : ચાર સંજોગો એવા છે કે જેમાં ખરીદનાર ખોડખાંપણ કે એબને કારણે ન સોદો રદબાતલ કરી શકે છે, અને ન ભાવફેરનો દાવો કરી શકે છે :

**(૧)** અગર માલ ખરીદતી વેળા તેને એબ વિષે ખબર હોય;

**(૨)** અગર એ ખોડખાંપણ મંજૂર રાખે;

**(૩)** અગર મામલો કરતી વેળા એણે એમ કહ્યું હોય કે એ માલમાં કોઈ એબ હશે તો પાછો નહીં દઉં; અને ભાવ ફેરનો દાવો નહીં કરૂં;

**(૪)** અગર વેચનાર સોદો કરતી વેળા કહે કે આ માલને, તેમાં જે કાંઈ એબ કે ખોડ હોય, તેની સાથે વેચી રહ્યો છું;

પણ અગર વેચતી વેળા કોઈ ખોડ કે એબ નક્કી કરે, અને એમ કહે કે આ માલને ફલાણા એબની સાથે વેચી રહ્યો છું, અને પછીથી ખબર પડે કે એ સિવાય બીજા એબો પણ એ માલમાં છે, તો ખરીદનાર એ માલને છુપાવેલા એબને કારણે પાછો આપી શકે છે. અને જે સંજોગમાં એ માલ પાછો ન દઈ શકે, તો કિંમતમાં જે તફાવત હોય તે પાછી માંગી શકશે.

**મસઅલો ૨૧૪૩** : જો ખરીદનાર જાણતો હોય કે માલમાં કોઈ ખોડ છે, અને માલ કબ્જે લીધા બાદ તેમાં કોઈ બીજો એબ ઉપસ્થિત થાય તો તેવા સંજોગમાં સોદો રદ નહીં કરી શકે, પણ ખોડ વિનાની અને ખોડવાળી વસ્તુનો જે ભાવ ફેર હોય તે વસુલ કરી શકશે.

પણ જો ખોડવાળું જાનવર ખરીદે, અને તેમાં ત્રણ દિવસ પૂરા થયા પહેલાં કોઈ બીજી ખોડ ઉપસ્થિત થાય, તો એ જાનવર પોતાના કબ્જામાં લઈ લીધા બાદ પણ એને પરત કરી શકે છે. એવી જ રીતે જે સંજોગમાં માત્ર ખરીદનારે એક મુદ્દત સુધી સોદો રદ કરી શકવાની શરત મૂકી હોય, એ મુદ્દત દરમ્યાન જો માલમાં બીજો કોઈ એબ જણાય, તો કબ્જો લઈ લીધા બાદ પણ ખરીદનાર સોદો રદ્દ કરી શકે છે.

**મસઅલો ૨૧૪૪** : અગર ઈન્સાન પાસે કોઈ એવો માલ હોય કે જે એણે પોતે જોયો ન હોય, પણ બીજા કોઈના કહેવાથી એ માલમાં અમુક ગુણદોષ છે એમ ધારી લીધું હોય, અને એજ માલને વહેંચતી વેળા ખરીદનાર સામે એ ગુણદોષ રજુ કરીને વેચે. વેચ્યા બાદ જો એને ખબર પડે કે એ ધારતો હતો એના કરતા એ માલ બેહતર હતો તો સોદો રદબાતલ કરી શકે છે.

## જુદા જુદા મસઅલાઓ

**મસઅલો ૨૧૪૫** : વેચનાર અગર ખરીદનારને કોઈ માલની પડતર કિંમત જણાવે, તો સાથે એવી તમામ વિગતો પણ જણાવી દેવી જોઈએ કે જેથી કિંમત ઉપર ઉતાર ચડાવની અસર થાય છે, અગરચે એ જ કિંમતે વેચી આપે. જેમકે, એ જણાવવું જોઈએ કે માલ રોકડે લીધો છે યા ઉધાર, અને જો અમુક વિગતો બયાન ન કરે, અને ખરીદનારને પછીથી જાણ થાય તો એ સોદો રદ કરી શકશે.

**મસઅલો ૨૧૪૬** : અગર ઈન્સાન કોઈ બીજાને માલની કિંમત નક્કી કરીને તે વેચવા આપે, અને કહે કે જેટલું વધારે વેચીશ તેટલા પ્રમાણમાં તને મહેનતાણું મળશે; તો એવા સંજોગમાં અગર મોંઘી કિંમતે વેચે તો જેટલી વધુ કમાણી થાય તે માલના ધણીનો હક છે, અને વેચનાર શખ્સ માત્ર પોતાની મહેનતનો હક ધણી પાસેથી લઈ શકશે.

પણ અગર એવી રીતે કરાર કરે કે આ માલને તેની નક્કી કરેલ કિંમત કરતા જેટલી ઊંચી કિંમતે વેચીશ, એ વધારો તારો હક થશે, તો તેમાં કોઈ ઈશ્કાલ નથી.

**મસઅલો ૨૧૪૭** : અગર કસાઈ કોઈ નર જાનવરનું ગોશ્ત વેચી રહ્યો હોય, અને કોઈને તેના બદલામાં માદાનું ગોશ્ત આપે, તો એ કસાઈ ગુનેહગાર છે. અગર ગોશ્ત વેચતી વેળા નક્કી કરે કે આ નર જાનવરનું ગોશ્ત વેચી રહ્યો છું અને પછી દગો કરે તો ખરીદનાર સોદો રદ કરી શકશે. પણ જો નક્કી ન કરે, તો અગર ખરીદનાર ખરીદેલ ગોશ્તથી રજામંદ ન થયો હોય તો કસાઈ ઉપર વાજિબ છે કે તેને નર જાનવરનું ગોશ્ત આપે.

**મસઅલો ૨૧૪૮** : અગર ખરીદનાર કાપડ વેચનારને કહે કે મને એવા પાકા રંગનું કાપડ

જોઈએ કે જેનો રંગ જાય નહીં; અને તે છતાં કાપડ વેચનાર એને કાચા રંગનું કાપડ આપી દીએ, તો ખરીદનાર એ સોદાને રદ કરી શકે છે.

**મસઅલો ૨૧૪૯** : સોદો કરતી વેળા અગર કોઈ સાચા કસમ ખાય તો એ મકરૂહ અમલ છે, અને જો જૂઠા કસમ ખાય તો એ હરામ અમલ છે.

## ભાગીદારીના એહકામ

**મસઅલો ૨૧૫૦** : અગર બે શખ્સ આપસમાં કરાર કરે કે પોતાના સયુંક્ત માલથી વેપાર કરશે અને તેમાંથી જે નફો હાંસિલ થશે તે પોતાના વચ્ચે તકસીમ કરશે,અને અરબી યા કોઈ બીજી ભાષામાં ભાગીદારીનો સીગો અદા કરે, અથવા એવો વર્તાવ કરે કે જેથી જાહેર થાય કે ભાગીદારીમાં ધંધો કરવાનો ઈરાદો ધરાવે છે, તો એમની ભાગીદારી સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૫૧** : અગર અમુક માણસો પોતાની મજૂરી જે હાંસિલ કરે તેમાં એકબીજાની સાથે ભાગીદારી કરે, જેમકે, અમુક હજામો એવા કરાર કરે કે જેટલી મજૂરી પ્રાપ્ત થશે તે આપસમાં તકસીમ કરશે, તો એ ભાગીદારી સહીહ નથી. પણ અગર એ લોકો આપસમાં એવી સમાધાની કરે કે દરેક પોતાની અડધી મજૂરી, અમુક મુદ્દત સુધી, બીજાની અડધી મજૂરીના બદલામાં આપશે, તો એ સમાધાની સહીહ છે, અને એ રીતે એકબીજાની મજૂરીમાં ભાગીદાર ગણાશે.

**મસઅલો ૨૧૫૨** : અગર બે જણ એ રીતે ભાગીદારી કરે કે દરેક પોતાની જવાબદારીથી માલ લીએ, અને પોતે એની કિંમતનો કરજદાર રહે, પણ તેમાંથી જે નફો હાંસિલ થાય તેમાં એકમેકના ભાગીદાર હશે, તો એ ભાગીદારી સહીહ નથી.

પરંતુ જો દરેક બીજાને પોતાનો વકીલ નીમે, અને જે ઉધાર માલ લીએ તેમાં બીજાને ભાગીદાર ગણે, એટલે કે પોતાના અને પોતાના ભાગીદાર વતી માલ લીએ કે જેથી બંને કરજદાર શુમાર થાય, તો માલમાં બંનેની ભાગીદારી રહેશે.

**મસઅલો ૨૧૫૩** : જે લોકો ભાગીદારીમાં દાખલ થવા માંગતા હોય, તેઓ માટે બાલીગ અને અકલમંદ હોવું જરૂરી છે, અને એ પણ જરૂરી છે કે સ્વેચ્છાએ પોતાના ઈરાદાથી દાખલ થતાં હોય, ઉપરાંત તેમને પોતાના માલના ઉપયોગનો પૂરો હક હોવો જોઈએ. એટલે અગર કોઈ મૂર્ખ ફુઝુલ ખર્ચ માણસ કે જેને પોતાના માલ ઉપર સંપૂર્ણ અધિકાર હોતો નથી, ભાગીદાર બને, તો એ સહીહ નથી.

**મસઅલો ૨૧૫૪** : અગર ભાગીદારીમાં એવી શરત મૂકવામાં આવે કે જે ભાગીદાર કામ કરે છે, અથવા બીજા ભાગીદાર કરતા વધુ મહેનત કરે છે, અથવા એના કામની મહત્વતા વધારે છે, તેને

નફાનો વધુ ભાગ મળશે, તો એ શરત મુજબ અમલ કરીને ભાગીદારને તેનો હક આપવો જોઈએ. એવી જ રીતે જો એવી શરત મૂકવામાં આવી હોય કે જે ભાગીદાર કામ કરતો નથી, અથવા વધુ મહેનત કરતો નથી, અથવા બીજાના કામ કરતા એના કામની મહત્વતા ઓછી છે, તેને નફાનો વધુ ભાગ અપાશે, તો એ શરત પણ સહીહ ગણાશે, અને એ મુજબ વર્તવું જોઈએ.

**મસઅલો ૨૧૫૫** : અગર એવી સમજૂતી હોય કે પૂરો નફો એક જણ લઈ જશે, અથવા પૂરી નુકસાનીનો એક જ શખ્સ જવાબદાર રહેશે, તો એવી ભાગીદારીનું સહીહ હોવું મુશ્કેલ છે.

**મસઅલો ૨૧૫૬** : અગર એવી શરત ન હોય કે એક ભાગીદાર બીજા કરતા વધુ નફો મેળવશે, તો જો ભાગીદારોની મૂડી એકસરખી હોય, તો નફા નુકસાનમાં પણ એકસરખા ભાગીદાર રહેશે. પણ જો દરેકની મૂડી એકસરખી ન હોય, તો પછી નફા નુકસાનની વહેંચણી મૂડીના પ્રમાણમાં થશે. દાખલા તરીકે અગર બે જણ વચ્ચે ભાગીદારી હોય, અને એકની મૂડી બમણી હોય, તો નફાનુકસાનમાં પણ તેનો બમણો ભાગ રહેશે, ચાહે બંને એકસરખી મહેનત કરતા હોય, યા એકબીજા કરતા ઓછું કામ કરતો હોય, યા તદ્દન કામ ન કરતો હોય.

**મસઅલો ૨૧૫૭** : અગર ભાગીદારના કોલ કરારમાં એવી શરત હોય કે બંને ભાગીદારો સાથે મળીને ખરીદ અને વેચાણ કરશે, અથવા એ દરેકને ખરીદ અને વેચાણનો હક રહેશે, અથવા બેમાંથી માત્ર એક જ મામલો પતાવશે, અથવા એ કે સોદો પતાવવા કોઈ ત્રીજાને પગારદાર તરીકે રોકવામાં આવશે, તો એ શરત મુજબ વર્તવું જોઈએ.

**મસઅલો ૨૧૫૮** : અગર એ નક્કી ન કરવામાં આવ્યું હોય કે ભાગીદારોમાંથી કોણ રોકાએલી મૂડીથી ખરીદ વેચાણ કરશે, તો તેમાંનો કોઈ પણ બીજાની રજા વગર એ મૂડીથી સોદો નહીં કરી શકે.

**મસઅલો ૨૧૫૯** : ભાગીદારીની મૂડી જે ભાગીદારના ઈખ્તીયારમાં સુપરત થઈ હોય, તેના માટે જરૂરી છે કે ભાગીદારીની શરતો, સમજૂતી ઉપર અમલ કરે. દાખલા તરીકે જો એ મુજબ કોલ કરાર હોય કે માલ ઉધાર ખરીદે યા રોકડેથી, યા માલને નિયુકત સ્થળેથી ખરીદે, તો એ પ્રમાણે અમલ કરે.

પણ અગર કોઈ એવી જાતના કોલ કરાર ન હોય, તો પછી સામાન્ય અને પ્રચલિત રીતે ધંધો કરે, અને પૂરી કોશિશ કરે કે ભાગીદારીને કોઈ નુકસાન ન થાય, અને ભાગીદારીના માલને બીનજરૂરી અને અસામાન્ય સંજોગમાં મુસાફરીમાં સાથે ન લઈ જાય.

**મસઅલો ૨૧૬૦** : જે ભાગીદાર ભાગીદારીમાં રોકવામાં આવેલી મૂડીનું વહીવટ ચલાવતો

હોય, તે અગર તેની સાથે કરવામાં આવેલ કોલ કરારની વિરૂદ્ધ વર્તીને ખરીદ કે વેચાણ કરે. અથવા કોલ કરાર ન હોય, પણ સામાન્ય પદ્ધતિથી વિરૂદ્ધ જઈને કોઈ મામલો કરે, તો અગરચે અક્વાની રૂએ એ મામલો સહીહ છે, પણ જો તેમાં કોઈ નુકસાની થાય, અથવા પૂંજી બરબાદ થાય, તો કોલ કરારની વિરૂદ્ધ અથવા અસામાન્ય રીતે વર્તનાર ભાગીદાર જવાબદાર ગણાશે.

**મસઅલો ૨૧૬૧** : જે ભાગીદાર ભાગીદારીની મૂડીનું વહીવટ કરતો હોય, તે અગર સત્તાની હદ બહાર ન ગયો હોય, અને એણે મૂડીના રક્ષણમાં કોતાહી ન કરી હોય, અને સંજોગવશાત મૂડીમાં થોડી યા પૂરી નુકસાની થાય, તો એ ભાગીદાર જવાબદાર નથી.

**મસઅલો ૨૧૬૨** : અગર ભાગીદારનો વહીવટ ચલાવનાર ભાગીદાર એમ કહે કે મૂડી બરબાદ થઈ ગઈ છે, તો અગર બાકીના ભાગીદારોની નજરમાં એ વિશ્વાસપાત્ર હોય, તો તેની વાત માન્ય રાખશે. પણ જો એમ ન હોય, તો તેઓને હક રહેશે કે હાકીમે શરઅ પાસે તેની વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી શરીઅતના હુકમ મુજબ ફેંસલો મેળવે.

**મસઅલો ૨૧૬૩** : અગર તમામ ભાગીદારો એકબીજાના હકમાં આપેલી રજામંદી પાછી ખેંચી લીએ, તો કોઈ પણ ભાગીદાર ભાગીદારીના માલમાં ઉપયોગ, મામલા વી. નો હક નહીં ધરાવે. ને જો એમાંનો એક પોતાની રજામંદી પાછી ખેંચી લીએ, તો બાકીના ભાગીદારો વપરાશનો હક નહીં ધરાવે, પણ રજામંદી ખેંચી લેનાર અગર ચાહે તો ભાગીદારીના માલમાં વપરાશ કરી શકશે.

**મસઅલો ૨૧૬૪** : જયારે એક ભાગીદાર બાકીના ભાગીદારોને અરજ કરે કે ભાગીદારીમાંથી પુંજી તકસીમ કરી નાખવામાં આવે, ત્યારે અગરચે ભાગીદારીની મુદ્દત બાકી હોય તો પણ બીજા ભાગીદારોએ એ અરજ માન્ય રાખવી પડશે; સિવાય એ કે કોલ કરાર સમયે એવી શરત થઈ હોય કે એવી રીતે તકસીમ નહીં થાય, અથવા તકસીમ કરી દેવાથી જબરદસ્ત નુકસાનીનો સંભવ હોય.

**મસઅલો ૨૧૬૫** : અગર એક ભાગીદાર ગુજરી જાય, યા દીવાનો કે બેહોશ થઈ જાય, તો બાકીના ભાગીદારોને ભાગીદારીના માલમાં લેવડદેવડ અને વપરાશનો હક નહીં રહે. એવી જ રીતે જો એમાંનો એક બીનજવાબદાર મૂર્ખ થઈ જાય, એટલે કે પોતાના માલને બીનજવાબદારી અને મૂર્ખાઈને પરિણામે વેડફી નાંખતો હોય.

**મસઅલો ૨૧૬૬** : અગર ભાગીદાર કોઈ માલ પોતાના વતી ઉધાર લીએ, તો તેમાં નફા નુકસાનનો એ પોતે માલિક ગણાશે. પણ જો ભાગીદારી વતી લીએ, અને ભાગીદારીના કરારમાં ઉધાર માલ ખરીદવાની રજા હોય, તો તેમાં ઉપજેલ નફો નુકસાન ભાગીદારીના હકમાં જશે.

**મસઅલો ૨૧૬૭** : અગર અમુક લોકો સાથે રહીને ભાગીદારીમાં ધંધો કરે, અને પછીથી ખબર પડે કે એમની ભાગીદારી બાતિલ હતી, તો અગર પહેલેથી એમની નિય્યત હોય કે ભાગીદારી સહીહ ન હોય તો પણ એકબીજાના માલમાં વહીવટ કરવા માટે રજામંદ રહેશે, તો એ ધંધો કે વહીવટ સહીહ ગણાશે, અને તેમાંથી ઉપસ્થિત નફાના ભાગીદાર ગણાશે. પણ જો પહેલેથી એવો કોઈ ઈરાદો ન હોય, તો ભાગીદારી બાતિલ હોવાની જાણ થયા બાદ એકબીજાને રજામંદી આપે તો મામલો સહીહ છે, નહીંતર બાતિલ ગણાશે.

દરેક સંજોગમાં જે ભાગીદારોએ વહીવટમાં મહેનત કરી હોય,તેઓએ જો મફત કામ કરવાનો ઈરાદો ન રાખ્યો હોય, તો સામાન્ય ધોરણે, બીજા ભાગીદારોના ભાગને ધ્યાનમાં રાખી, મહેનતાણું લઈ શકશે. પણ અગર મહેનતાણું સહીહ ભાગીદારીના નફા કરતા વિશેષ હોય, તો ફકત એટલા જ પ્રમાણમાં નફાનો ભાગ લઈ શકશે.

## સુલ્હ સમજૂતીના એહકામ

**મસઅલો ૨૧૬૮** : સમાધાન-સુલ્હનો અર્થ એ છે કે ઈન્સાન બીજા સાથે એવી સમજૂતી કરે કે તેને પોતાના માલ યા નફાનો અમુક ભાગ આપી દે, અથવા પોતાનું લેણું યા હક માફ કરે, અને સામે પક્ષ પણ પોતાના માલ યા અમુક ભાગ તેને આપી દીએ અથવા પોતાનું લેણું યા હક માફ કરી આપે. બલ્કે સામે પક્ષથી કોઈ પણ અવેજ લીધા વગર અગરસમજૂતી કરે કે પોતાના માલ યા નફાનો હીસ્સો તેને આપશે, અથવા પોતાનું લેણું કે હક માફ કરી દેશે, તો સુલ્હની એ રીત પણ સહીહ છે.

**મસઅલો ૨૧૬૯** : જે શખ્સ સુલેહ કરી પોતાનો માલ સુપરત કરી રહ્યો હોય, તેના માટે બાલીગ અને આકીલ હોવું જરૂરી છે. ઉપરાંત એ સુલહની નિય્યત ધરાવતો હોવો જોઈએ, અને તેમ કરવામાં કોઈએ તેને મજબૂર ન કર્યો હોવો જોઈએ. સાથે એ પણ જરૂરી છે કે સુલેહ કરનાર કોઈ બીનજવાબદાર, મૂર્ખ શખ્સ ન હોય અને દેવાળિયો પણ ન હોય, કારણ કે એવાઓને પોતાના માલમાં લેવડદેવડ-તસરરૂફ (વપરાશ)નો કોઈ અધિકાર હોતો નથી.

**મસઅલો ૨૧૭૦** : સુલ્હ અને સમાધાન માટે જરૂરી નથી કે અરબી ભાષામાં સીગો પડાય, બલ્કે કોઈ પણ ભાષામાં જો સુલ્હની સમજૂતી થાય તો સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૭૧** : અગર કોઈ શખ્સ પોતાના ઢોરઢાંખર કોઈ રખેવાળને દાખલા તરીકે એક વર્ષની મુદ્દત સુધી રખેવાળી માટે આપે, અને તેનું દૂધ પણ ઉપયોગમાં લેવાની રજા આપે, પણ એવી શરત મૂકે કે થોડું ઘી માલિકને આપશે, તો અગર એ દૂધને રખેવાળી અને ઘીના મહેનતાણારૂપે

મુસાલેહત અને સમાધાન કરે તો એ મામલો સહીહ ગણાશે. બલ્કે ઉપર જણાવ્યા મુજબ એક વર્ષ સુધી રખેવાળી અને દૂધના ઉપયોગની રજા સાથે કોઈ રખેવાળને ઢોરઢાંખર ભાડે આપે, અને સામે બદલામાં ઘી માગે કે જે માટે એવી શરત ન મૂકે કે ઘી એજ ઢોરઢાંખર ના દૂધથી બનેલું હોય, તો એ મામલો પણ સહીહ ગણાશે.

**<u>મસઅલો ૨૧૭૨</u>** : અગર કોઈ શખ્સ પોતાના લેણા કે હક સંબંધી બીજા સાથે લેવડદેવડથી સુલ્હ કરવા માગે તો તે સહીહ થવા માટે સામે પક્ષની સંમતિ જરૂરી છે. પણ જો પોતાનું લેણું કે હક માફ કરવા માંગતો હોય, તો સંમંતિની જરૂરત નથી.

**<u>મસઅલો ૨૧૭૩</u>** : અગર કરજદારને કરજની રકમની જાણ હોય, પણ લેણદારને તેની ખબર ન હોય, અને એ કરજની રકમ કરતા ઓછી રકમ ઉપર સુલ્હ કરે, જેમકે, પચાસ રૂપિયા નું કરજ હોય, અને લેણદાર દસ રૂપીયા ઉપર સુલેહ કરે, તો બાકી વધતી રકમ કરજદાર માટે હલાલ નહીં ગણાય; સિવાય કે લેણદારને હકીકત જણાવીને તેને રાજી કરે. અથવા એવો સંજોગ હોય કે અગર લેણદારને ખબર હોય કે કેટલું લેણું છે, તો પણ એટલી જ રકમ ઉપર સંમત થતે.

**<u>મસઅલો ૨૧૭૪</u>** : અગર બે વ્યક્તિઓ પાસે માલ મોજૂદ હોય, અથવા અરસપરસ એકબીજાને માલ કરજરૂપે માંગી રહ્યો હોય, અને બંનેને જાણ હોય કે એક માલ બીજા કરતાં પ્રમાણમાં વધારે છે, તો જે કારણસર એ માલને એકબીજાની સામે વેચવું વ્યાજનો સોદો હોવાથી હરામ છે, એ જ કારણસર એ માલનું એકબીજાની સામે સમાધાન અને સુલ્હ પણ હરામ ગણાશે. બલ્કે અગર એક માલનું પ્રમાણમાં બીજા કરતા વધારે હોવાની ખાત્રી ન હોય, પણ અનુમાન હોય, તો એહતીયાતે વાજિબની રૂએ એ બે માલનું અરસપરસ સમાધાન કે સુલ્હ કરવું જાએઝ નથી.

**<u>મસઅલો ૨૧૭૫</u>** : અગર બે વ્યક્તિઓનું કોઈ એક શખ્સ ઉપર લેણું હોય, અથવા બે વ્યક્તિઓનું કોઈ બીજા બે શખ્સ ઉપર લેણું હોય, અને એ વ્યક્તિઓ પોતપોતાના લેણાને આધારે અરસપરસ સમાધાન કે સુલ્હ કરવા ધારે, તો ઉપરોકત સંજોગમાં જણાવ્યા મુજબ વ્યાજનો સોદો થતો ન હોય તો વાંધો નથી, જેમકે, અગર બંને વ્યક્તિઓ દસ મણ ઘઉંના લેણદાર હોય (જેમાં એક ઊંચા પ્રકારનું અને બીજું હલકા પ્રકારનું હોય) અને બંને લેણાની ભરપાઈની મુદ્દત પાકી ગઈ હોય, તો એમના વચ્ચે એ આધારે સમાધાન અને મુસાલેહત સહીહ ગણાશે.

**<u>મસઅલો ૨૧૭૬</u>** : અગર કોઈ શખ્સે કોઈને એવું કરજ આપ્યું હોય કે જે ચોક્કસ મુદ્દત બાદ વસૂલ કરવાનું હોય, અને એ ઓછી રકમ લઈને પોતાના લેણાં પેટે સમાધાન કરવા માંગે, અને એનો

મકસદ એ હોય કે લેણાનો અમુક ભાગ માફ કરી બાકી રકમ મુદ્દતથી પહેલાં રોકડ લઈ લીએ, તો તેમાં કોઈ વાંધો નથી. અને આ હુકમ એ સંજોગમાં લાગુ પડશે કે જયારે લેણું સોના, ચાંદી યા એવા જણસનું હોય કે જે માપતોલથી વેંચાય છે. એ સિવાયના સંજોગમાં લેણદાર માટે જાએઝ છે કે પોતાના લેણા પેટે કરજદાર સાથે યા બીજા સાથે ઓછી રકમ ઉપર સમાધાન કરે, અથવા પોતાના લેણાને વેચી આપે, જેનો ખુલાસો મસઅલા ૨૨૯૭ માં આવશે.

**મસઅલો ૨૧૭૭** : અગર બે વ્યક્તિઓ કોઈ એક વસ્તુ સંબંધિત મુસાલેહત અને સમાધાન કરે, અને ત્યાર બાદ એ સમાધાનને રદ કરવા માગે, તો એકબીજાનો રાજીપો મેળવીને કરી શકશે, એવી જ રીતે અગર સોદો કરતી વેળા એવી શરત મૂકાઈ હોય કે બંનેને યા એકને એ સોદો રદ કરવાનો હક રહેશે, તો જેને એ હક અપાયો હોય તે મુસાલેહત રદ કરી શકશે.

**મસઅલો ૨૧૭૮** : જયાં સુધી ખરીદનાર અને વેચનાર એક બીજાથી છુટા ન પડયા હોય ત્યાં સુધી તેઓ સોદો રદ કરી શકે છે. એવી જ રીતે જેણે જાનવર ખરીધ્યું હોય, તેને ત્રણ દિવસ સુધી સોદો રદ કરવાનો અધિકાર હોય છે, ઉપરાંત મસઅલા ૨૧૩૨ માં જણાવી ગયા છીએ તેમ અગર કોઈ ખરીદેલી વસ્તુની કિંમત ત્રણ દિવસ સુધી અદા ન કરે અને એ માલનો કબ્જો ન લીએ, તો વેચનાર સોદો રદ કરી શકશે. પરંતુ જે શખ્સે કોઈ માલ બારામાં મુસાલેહત કરી હોય, તે ઉપરોકત ત્રણ સંજોગોમાં મુસાલેહતને રદ કરવા કે તોડવાનો હક નહીં ધરાવે.

અલબત્ત, અગર સમાધાનમાં સામે પક્ષ મુસાલેહતનો માલ આપવામાં હદ ઉપરાંત, અસામાન્ય ઢીલ કરે, અથવા જો એવી શરત થઈ હોય કે મુસાલેહતનો માલ તત્કાળ આપશે, અને તે પ્રમાણે અમલ ન કરે, તો એ સંજોગમાં મુસાલેહતને રદ કરી શકશે. તે ઉપરાંત ખરીદ અને વેચાણના મસાઈલમાં જે બાકીના સંજોગો બ્યાન થયા છે, એ સંજોગોમાં મુસાલેહતને તોડી શકશે, સિવાય કે મુસાલેહતમાં એક પક્ષને કોઈ છેતરપીંડી ને કારણે નુકસાની ભોગવવી પડે, તો એ સૂરતમાં મુસાલેહત તોડી શકશે કે નહીં એ હુકમ સાબિત નથી.

**મસઅલો ૨૧૭૯** : અગર મુસાલેહતમાં સામે પક્ષ પાસેથી ખોડખાંપણવાળી વસ્તુ મેળવે, તો મુસાલેહતને રદ કરી શકાશે. પણ અગર એ ખોડવાળી અને ખોડ વિનાની વસ્તુ વચ્ચેનો ભાવ ફેર વસૂલ કરવા માંગે તો તેમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૧૮૦** : જયારે કોઈ શખ્સ પોતાના માલ સંબંધી સુલહ, સમાધાન કરે, અને સાથે શરત મૂકે કે એના ગુજરી ગયા બાદ સમાધાનમાં જે માલ આપ્યો છે તેને નિયુકત રીતે ઉપયોગમાં લીએ, જેમકે એમ કહે કે મારા મરી ગયા બાદ જે માલ ઉપર તારી સાથે મુસાલેહત કરી છે તેને વકફ

કરી દેજે, અને સામે પક્ષ પણ એ શરતને સ્વીકારે, તો એ શરત મુજબ અમલ કરવું જોઈએ.

## મજૂરી અને ભાડાના એહકામ

**મસઅલો ૨૧૮૧** : ભાડે આપનાર અને ભાડૂત બંને માટે જરૂરી છે કે બાલીગ અને આકીલ હોય, અને ભાડા સંબંધી સમજૂતી પોતાની મરજી અને ઈખ્તેયારીથી અંજામ આપે. ઉપરાંત બંનેને પોતાના માલમાં તસરરૂફ (વપરાશ) અને ઉપયોગનો અધિકાર હોવો જોઈએ. એટલે કે જે શખ્સ મૂર્ખ અને બીનજવાબદાર હોય, એ કોઈ વસ્તુને ભાડે દઈ શકતો નથી, તેમ ભાડે લઈ શકતો નથી. એવી જ રીતે જે દેવાળિયો હોય, તે જે માલમાં તસરરૂફ (વપરાશ)નો હક ધરાવતો ન હોય એ માલને ભાડે આપી નહીં શકે, અથવા એ માલથી કોઈ ચીજ ભાડે લઈ નહીં શકે. અલબત્ત પોતાની જાતને વેતન સામે રોકી શકે છે.

**મસઅલો ૨૧૮૨** : ઈન્સાન બીજા વતી વકીલ થઈને માલને ભાડે આપી શકે છે, અથવા એના વતી માલ ભાડે લઈ શકે છે.

**મસઅલો ૨૧૮૩** : અગર કોઈ સગીર વયનો વલી અથવા એનો વહીવટકર્તા એ બચ્ચાના માલને ભાડે આપી દીએ, અથવા ખુદ એ બાળકને વેતન સામે કામમાં આપે, તો તેમાં વાંધો નથી અને જો એવી શરત હોય કે બાલીગ થઈ ગયા બાદ પણ અમુક મુદ્દત સુધી એ કામ કરવા બંધાએલો રહેશે, તો પણ એ બાળક બાલીગ થઈ ગયા બાદ એ કોલકરારને રદબાતલ કરી શકશે, અગરચે એ શરત મૂક્તી વેળા બાળકનું હીત તેમાં સમાએલું હોય.

અલબત્ત, અગર એ શરતમાં એવી મસ્લેહત સમાએલી હતી કે જે શરીઅતની નજરે જરૂરી હતી, એટલે કે એ શરતને તર્ક કરવામાં અલ્લાહ રાજી ન હોય, અને જો એ કરાર હાકીમે શરઅની રજાથી થયો હોય, તો બાલીગ થયા બાદ પણ એ બાળક કામ માટે થએલ કરારને તોડી નહીં શકે.

**મસઅલો ૨૧૮૪** : જે સગીર વય બાળકોનો કોઈ વલી ન હોય, તેને મુજતહીદની રજા વગર કામ માટે રોકાવું જાએઝ નથી, અને જે મુજતહીદ સુધી ન પહોંચી શકતો હોય, તે એક આદીલ મોઅમીનથી રજા લઈ એ સગીરવયને કામ ઉપર રોકી શકશે.

**મસઅલો ૨૧૮૫** : ભાડે દેનાર અને ભાડૂત માટે જરૂરી નથી કે અરબી ભાષામાં એ માટે સીગો જારી કરે. બલ્કે અગર માલિક કહી દીએ કે હું મારી મિલકત તને ભાડે આપું છું, અને ભાડૂત તેનો સ્વીકાર કરે, તો એ મામલો સહીહ છે. બલ્કે જો બંને કાંઈ પણ ઉચ્ચાર ન કરે, પણ માલિક ભાડાના ઈરાદે પોતાની મિલકત ભાડૂતને આપે, અને એ જ નિય્યતથી ભાડૂત એ મિલકત લઈ લીએ, તો પણ

મામલો સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૮૬** : અગર ઈન્સાન કોઈ પણ સીગાના ઉચ્ચાર વગર કોઈ કામ માટે નોકરીએ બંધાઈ જવા માગે, તો એ કામમાં ગૂંથાઈ જતાં એ કરાર સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૮૭** : જે શખ્સ મુંગો હોય, તે અગર ઈશારાથી સમજાવી દીએ કે એણે કોઈ માલ ભાડે દીધો છે, યા ભાડે લીધો છે, તો એ સહીહ ગણાશે.

**મસઅલો ૨૧૮૮** : અગર કોઈ શખ્સ મકાન, અથવા વહાણ અથવા દુકાન અથવા કોઈ ઓરડો ભાડે લીએ, અને માલિક એવી શરત મૂકે કે એ ભાડૂત જ તેને ઉપયોગમાં લઈ શકશે, તો ભાડૂત એ વસ્તુ કે જગ્યાને બીજા કોઈના ઉપયોગ માટે ભાડે નહીં આપી શકે; સિવાય કે એવો સંજોગ થાય કે બીજાને ભાડે આપવા છતાં એમ જ કહેવાય કે પોતે ભાડૂત જ ઉપયોગ લઈ રહ્યો છે. દાખલા તરીકે, અગર કોઈ ઓરત ભાડૂત હોય, અને એ ઓરત શાદી કરે, અને એ ઓરડો કે મકાન ધણી સાથે રહેવા માટે ધણીને જ ભાડે આપે, તો તેમાં વાંધો નથી.

અને જો માલીકે કોઈ એવી શરત ન મૂકી હોય, તો ભાડૂત એ વસ્તુ કે જગ્યા બીજાને ભાડે આપી શકશે, અલબત્ત એ માટે અહવત છે કે માલિકની રજા લીએ. પણ જે ભાડેથી એણે લીધું હોય, એ કરતા વધારે ભાડું વસૂલ કરવા માંગતો હોય, અગરચે એ વધારો કોઈ બીજી વસ્તુરૂપે હોય (જેમકે રોકડ નાણા ન હોય), તો ફકત એ જ સંજોગમાં વધારે ભાડું લઈ શકાશે કે જો એણે તેમાં કાંઈ સમારકામ કે રંગરોગાન કરાવ્યું હોય, અથવા તેની દેખરેખમાં કોઈ ખર્ચ ભોગવ્યો હોય.

**મસઅલો ૨૧૮૯** : અગર કોઈ મજૂર યા પગારદાર શખ્સ એવી શરત કરે કે જેણે તેને પગાર અને વેતન સામે રોક્યો છે, માત્ર તેના જ માટે એ કામ કરશે, તો રોકનાર એ મજૂર કે પગારદારને બીજા કોઈની નોકરી કે મજૂરી કરવા માટે આપીને મહેનતાણું વસૂલ નહીં કરી શકે; સિવાય કે ઉપર જણાવેલ મસઅલા મુજબ અમલ થયો હોય, અને જો એવી શરત ન કરી હોય, તો બીજાને હવાલે આપી મહેનતાણું લઈ શકશે, પણ મહેનતાણું મજૂર સાથે નક્કી કરેલા વેતનથી વધારે ન હોવું જોઈએ.

એવી જ રીતે અગર કોઈ શખ્સ પોતે કોઈની મજૂરી સ્વીકારે, અને પછી એ જ કામને અંજામ આપવા માટે બીજા કોઈને રોકે, તો એને પોતા માટે નક્કી કરેલા વેતનથી ઓછી મજૂરી નહીં આપી શકે. અલબત્ત, અગર એ કાર્યને અંજામ આપવામાં પોતે પણ અમુક હદે હિસ્સો લીએ, તો એવા સંજોગોમાં બીજાને ઓછું વેતન આપી શકશે.

**મસઅલો ૨૧૯૦** : મકાન, દુકાન, ઓરડો, વહાણ, હોડી અને મજૂર સિવાય અગર કોઈ શખ્સ

બીજી કોઈ વસ્તુ ભાડે લીએ, જેમકે જમીન ભાડે લીએ, અને એ જમીનનો ધણી એવી શરત ન મૂકે કે ફકત ભાડૂત એ જમીનને ઉપયોગમાં લેશે, તો એવા સંજોગમાં જો ભાડૂત વધારે ભાડું લઈ, બીજા કોઈને એ જમીન ભાડે આપી દીએ, તો એ મામલામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૧૯૧** : અગર કોઈ શખ્સ મકાન અથવા દુકાનને દાખલા તરીકે એક વરસ માટે સો રૂપિયાના હિસાબે ભાડે લીએ, અને તેનો અડધો હિસ્સો ઉપયોગમાં લઈને બાકીનો અડધો હિસ્સો સો રૂપિયામાં ભાડે દયે, તો તેમાં કોઈ વાંધો નથી, પણ અગર એ અડધા હિસ્સા માટે સો રૂપિયાથી વધુ ભાડુ લેવા માંગે તો ફકત એ જ સંજોગમાં જાએઝ છે કે જેમાં એણે એ હિસ્સામાં કોઈ સમારકામ વી. કરાવ્યું હોય.

## ભાડાના માલની શરતો

**મસઅલો ૨૧૯૨** : જે માલ ભાડે દેવામાં આવે, તેમાટે અમુક શરતો છે :

**(૧)** એ માલ નક્કી અને ચોક્કસ પણે નિયુકત હોવો જોઈએ. અગર કોઈ શખ્સ માત્ર એટલું જ કહે કે મારા મકાનોમાંથી કોઈ પણ એક તને ભાડે આપું છું. તો એ મામલો સહીહ નહીં ગણાય.

**(૨)** ભાડૂત એ માલને પોતે જોઈ લીએ, અથવા ભાડે આપનાર એ માલની સંપૂર્ણ માહિતી અને વિગત આપે, જેથી ભાડૂતને પૂરી જાણ થઈ જાય.

**(૩)** એ માલનું સુપરત કરવું શક્ય હોવું જોઈએ. અગર કોઈ શખ્સ, દાખલા તરીકે નાસી છૂટેલો ઘોડો ભાડે આપે, અને ભાડૂત એ ઘોડાને હાંસિલ ન કરી શકતો હોય, તો મામલો બાતિલ છે, અલબત્ત, અગર ભાડૂત એ ઘોડો હાંસિલ કરી શકતો હોય તો મામલો સહીહ ગણાશે.

**(૪)** ભાડે અપાયેલી વસ્તુ એવી ન હોવી જોઈએ કે ઉપયોગમાં લેવાથી એ ખતમ થઈ જતી હોય, જેમકે, અગર કોઈ ફળ, રોટલી અથવા ખાવાની વસ્તુ માટે ભાડે આપે, તો એ સહીહ નથી.

**(૫)** જે માલ ભાડે અપાય, તે માલથી ફાયદારૂપ ઉપયોગ મુમ્કીન હોવો જોઈએ, અગર કોઈ શખ્સ, દાખલા તરીકે, ખેતી વાડી માટે એવી જમીન ભાડે આપે કે જેના માટે વરસાદનું પાણી કાફી ન હોય, અથવા નદી નાળાનું પાણી ત્યાં ન પહોંચી શક્તું હોય, તો એ મામલો સહીહ નથી.

**(૬)** જે માલ ભાડે આપતો હોય તે માલ તેની માલિકીનો હોવો જોઈએ. પારકો માલ જો ભાડે આપે, તો ફકત એ જ સંજોગમાં સહીહ ગણાશે કે એ માલનો ધણી રજામંદ હોય.

**મસઅલો ૨૧૯૩** : ફળ માટે એવા ઝાડને ભાડે આપવું કે જેમાં ફળ લાગ્યા ન હોય, સહીહ છે.

એવી જ રીતે કોઈ જાનવરને દૂધ માટે ભાડે આપવું સહીહ છે.

**મસઅલો ૨૧૯૪** : કોઈ ઓરત અગર બાળકને ધવરાવવા માટે વેતન સ્વીકારે તો જાએઝ છે, અને તે પોતાના પતિની રજા લેવાની જરૂરત નથી, પણ જો એ દૂધ પીવડાવવાથી શવહરના હકને હાનિ પહોંચે તેમ હોય, તો રજા વિના એ કામ નહીં સ્વીકારી શકે.

## જે ભાડાના હેતુસર કોઈ વસ્તુ આપવામાં આવે તેની શરતો

**મસઅલો ૨૧૯૫** : જે માલ ભાડે અપાય અથવા જેને મજૂરી સામે રોકવામાં આવે, તેના ઉપયોગ માટે **ચાર** શરતો છે :

**(૧)** પહેલી બાબત એ કે ઉપયોગ હલાલ હોવો જોઈએ, એ શરતની રૂએ અગર કોઈ શખ્સ દારૂ વેંચવા માટે, અથવા દારૂના વખાર તરીકે, દુકાન ભાડે આપે, યા દારૂનો હેરફેર કે પરિવહન માટે વાહન-જાનવર વી. ભાડે આપે, તો એ મામલો બાતિલ છે.

**(૨)** બીજી બાબત એ કે એવું કાર્ય ન હોવું જોઈએ કે જેનું વેતન શરીઅતની રૂએ નાજાએઝ હોય, જેમકે, અહવતની રૂએ, હલાલ હરામના મસાઈલ શીખવાડવા અને મય્યતને ગુસલ, કફન આપવા માટેનું વેતન ન હોવું જોઈએ. બલ્કે અહવત છે કે કોઈ પણ એવું કામ ન હોવું જોઈએ કે જેનું વેતન આપવું વહેવારની રૂએ નિરર્થક હોય.

**(૩)** અગર ભાડે આપવામાં આવતી વસ્તુ એવી હોય કે જેનો અનેક ઉપયોગ થઈ શકે તેમ હોય, તો જે ઉપયોગની ભાડૂતને રજા આપવી હોય તે મુઅય્યન કરી લેવું જોઈએ. જેમકે અગર કોઈ એવા જાનવરને ભાડે આપે કે જે સવારી માટે તેમજ બોજ ઉપાડવા માટે કામ આવી શકે, તો ભાડે આપતી વેળા નક્કી કરવું જોઈએ કે ભાડૂત માત્ર સવારી માટે યા બોજ ઉપાડવા માટે તેનો ઉપયોગ કરશે, યા બંને રીતે ઉપયોગમાં લઈ શકશે.

**(૪)** ભાડે અપાયેલી વસ્તુના ઉપયોગનું પ્રમાણ પણ નક્કી થવું જોઈએ અને એ યા તો મુદ્દત નક્કી કરીને થઈ શકે છે, જેમકે મકાન યા દુકાન ભાડે આપી હોય, અને યા તો ખાસ કામ નિયુકત કરીને થઈ શકે છે, જેમકે દરજી સાથે એવો કરાર થાય કે લિબાસ ખાસ નક્કી કરેલી રીતે સીવે.

**મસઅલો ૨૧૯૬** : અગર કોઈ શખ્સ ભાડાની મુદ્દતની શરૂઆત નક્કી ન કરે, તો જયારે તે માટે સીગો જારી થાય, ત્યારથી મુદ્દતની શરૂઆત ગણાશે.

**મસઅલો ૨૧૯૭** : અગર કોઈ શખ્સ મકાન ભાડે લીએ કે દયે, અને નક્કી થાય કે સીગો

પડાઈ જતા એક મહિનો પૂરો થયા બાદ ભાડાની મુદ્દત શરૂ થશે તો એ સહીહ ગણાશે, અગરચે સીગો પડાતી વેળા એ મિલકત કોઈ બીજાને ભાડે અપાએલી હોય.

**મસઅલો ૨૧૯૮** : અગર ભાડાની મુદ્દત નક્કી ન કરવામાં આવે, અને ભાડે આપનાર એમ કહે કે જયારે તું મકાનમાં રહેવાનું શરૂ કરે ત્યારથી માસિક ભાડું દસ રૂપિયા થશે, તો એ મામલો સહીહ નહીં ગણાય.

**મસઅલો ૨૧૯૯** : અગર કોઈ શખ્સ ભાડૂતને એમ કહે કે આ મકાન તને મેં માસિક દસ રૂપિયાના ભાડે આપ્યું છે, અથવા કહે કે એક મહિના માટે દસ રૂપિયાના ભાડે આપ્યું છે અને ત્યાર બાદ જેટલો સમય તું તેમાં રહે, ભાડું દર માસ દસ રૂપિયા રહેશે, તો અગર ભાડાની મુદ્દતની શરૂઆત નક્કી કરવામાં આવી હોય, અથવા તેની ચોક્કસ જાણ હોય, તો પહેલાં મહિના માટેનો એ મામલો સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૦૦** : જે મકાનમાં કોઈ મુસાફર કે ઝવ્વાર રહેવા આવ્યો હોય, અને તેમને ખબર ન હોય કે કેટલો સમય રોકાણ કરશે, તો અગર એવો કરાર કરે કે દાખલા તરીકે દરેક રાતનો એક રૂપિયો આપશે, અને જો ઘરધણી રાજી હોય, તો તે મકાનમાં રહેવામાં કોઈ વાંધો નથી, પણ કારણ કે કેટલો સમય રહેશે તે નક્કી નથી, એટલે પહેલી રાત સિવાય બાકીની રાતોનો મામલો સહીહ નહીં ગણાય, અને ઘરધણી પહેલી રાત બાદ ગમે ત્યારે એ મુસાફરો કે ઝવ્વારને ઘર ખાલી કરાવી શકે છે.

## ભાડા અને મજૂરીને લગતા જુદા જુદા મસઅલાઓ

**મસઅલો ૨૨૦૧** : જે માલ ભાડૂત ભાડા રૂપે આપવા માંગતો હોય, તેની વિગતો સ્પષ્ટ હોવી જોઈએ, જેમકે ઘઉં જેવી જણસ હોય કે જે વજનથી વેચાય છે, તો એનું વજન નક્કી કરવું જોઈએ, અને અગર પ્રચલિત નાણારૂપે હોય, તો તેની સંખ્યા અને રકમ નક્કી કરવી જોઈએ, અને જો ઘોડા કે ઢોરઢાંખર રૂપે હોય તો જરૂરી છે કે ભાડે આપનાર એ જાનવરોને જોઈ, તપાસી લ્યે, અથવા ભાડૂત તેની ખાસિયતો બતાવી આપે.

**મસઅલો ૨૨૦૨** : અગર કોઈ શખ્સ ખેતીવાડી માટે જમીન ભાડે આપે, અને એ જમીન ઉપર ઉગનાર પાક કે જે તે સમયે મોજૂદ ન હોય, તેને ભાડું કરાર દીએ, અથવા એવી શરતે ભાડૂતને જવાબદાર કરાર દીએ કે એ જમીન ઉપર ઉગનાર પાકમાંથી ભાડું ભરશે, તો એ મમલો સહીહ નહીં ગણાય, અલબત્ત, અગર ભાડારૂપે આપવાની વસ્તુ મોજૂદ હોય તો વાંધો નથી.

**મસઅલો ૨૨૦૩** : જે શખ્સ કોઈ ચીજ ભાડે આપે, તો તે જયાં સુધી એ ચીજ ભાડૂતને હવાલે

ન કરે ત્યાં સુધી તેનું ભાડું માંગી શકતો નથી. એવી જ રીતે જે શખ્સ ઉજરત સામે કોઈ અમલ અંજામ આપવાનું મંજૂર કરે, તો એ કર્યા પહેલાં પોતાનો હક નહીં માંગી શકે, સિવાય એવા સંજોગોમાં કે જયારે સામાન્ય રીતે ઉજરત અમલને અંજામ આપ્યા પહેલાં દેવાય છે, જેમકે હજ પડવા જવાની નીયાબત વી.

**<u>મસઅલો ૨૨૦૪</u>** : જયારે ભાડે આપનાર શખ્સ પોતાની ચીજ ભાડૂતને સુપરત કરી દીએ, ત્યારે અગર ભાડૂત એ ચીજને કબ્જે ન લીએ, અથવા કબ્જે લીએ પણ ભાડાની નિયુક્ત મુદ્દત સુધી તેનો ઉપયોગ ન કરે, તો પણ ભાડૂત ઉપર ભાડૂ અદા કરવું વાજિબ રહેશે.

**<u>મસઅલો ૨૨૦૫</u>** : જયારે ઈન્સાન વેતન સામે કોઈ કામ મુઅય્યન કરેલા દિવસે અંજામ આપવાનો કરાર કરે, અને વાયદા મુજબ એ દિવસે કામ કરવા હાજર રહે, પણ વેતનથી રોકનાર શખ્સ એને એ દિવસે કોઈ કામ ન આપે, તો પણ એનું વેતન આપવું વાજિબ છે. જેમકે, કોઈ દરજી સાથે કરાર કરે કે ફલાણે દિવસે કપડા સીવવા માટે આવે, અને એ દિવસે દરજી કામ માટે હાજર રહે, પણ તેને સીવવા માટે કપડાં ન આપે, તો એની મજૂરી આપવી જોઈએ, ચાહે એ દરજી તદ્દન બેકાર રહે, યા પોતાનું કે બીજાનું કામ કરવા ગૂંથાઈ જાય.

**<u>મસઅલો ૨૨૦૬</u>** : જો ભાડાની મુદ્દત ખતમ થયા બાદ જાણ થાય કે એ મામલો અને કરાર બાતિલ હતો, તો ભાડૂત માટે જરૂરી છે કે ધણીને, જે સામાન્ય અને પ્રચલિત ભાડું લેખાતું હોય, તે આપી દયે. જેમકે કોઈ મકાન એક વર્ષ માટે સો રૂપિયાના ભાડા ઉપર લ્યે, અને પછીથી જાણ થાય કે એ મામલો બાતિલ હતો, તો અગર એ મકાનનું સામાન્ય ભાડું પચાસ રૂપિયા લેખાતું હોય, તો ઘરધણીને પચાસ રૂપિયા આપે, અને જો બસો રૂપિયા લેખાતું હોય, તો અગર ભાડે આપનાર પોતે ધણી હોય, યા એનો સત્તાવાર એજન્ટ હોય, અને એને પ્રચલિત ભાડાની જાણ હતી, તો પછી જરૂરી નથી કે સો રૂપિયાથી વધુ અદા કરે, પણ જો એ સિવાયના સંજોગોમાં તો બસો રૂપિયા આપવા જોઈએ.

એવી જ રીતે ભાડાની મુદ્દતનો અમુક સમય વીતી ગયા બાદ જાણ થાય કે મામલો બાતિલ હતો. તો જેટલી મુદ્દત વીતી ગઈ તેના ભાડા માટે પણ એ જ હુકમ છે.

**<u>મસઅલો ૨૨૦૭</u>** : અગર ભાડે લીધેલી કોઈ ચીજ ખોવાઈ જાય,યા બરબાદ થઈ જાય, તો જો ભાડૂતે તેની ધ્યાન રાખવામાં અને રક્ષા કરવામાં કોઈ કચાશ ન રાખી હોય, અને તેના ઉપયોગમાં કોઈ બેદરકારી ભર્યો વર્તાવ ન રાખ્યો હોય, તો ભાડૂત જવાબદાર નહીં ગણાય. એવી જ રીતે દાખલા તરીકે, દરજીને કાપડ આપ્યું હોય, અને એ કાપડ ખોવાઈ જાય, તો જો દરજીએ બેદરકારી ન રાખી હોય, અને એની હિફાઝતમાં કચાશ ન કરી હોય, તો એની પાસેથી કોઈ અવેજ કે બદલો ન માંગવો જોઈએ.

**મસઅલો ૨૨૦૮** : અગર કોઈ કારીગર કોઈ વસ્તુ કે ઓજાર લ્યે અને તેને ખોઈ નાંખે તો એ જવાબદાર ગણાશે.

**મસઅલો ૨૨૦૯** : અગર કોઈ કસાઈ જાનવરની ગરદન કાપી નાખે, અને એને હરામ કરી દયે, તો એ જાનવરની કિંમત જાનવરના માલિકને આપશે, ચાહે એ કામ માટે એણે મહેનતાણું લીધું હોય યા ન લીધું હોય.

**મસઅલો ૨૨૧૦** : અગર કોઈ શખ્સ જાનવર ભાડે લ્યે, અને પહેલેથી નક્કી કરે કે તેના ઉપર કેટલો બોજ લાદવામાં આવશે. તો જો એથી વધુ બોજ લાદવાથી એ જાનવર મરી જાય, યા તેમાં કોઈ ખોડ ઉપસ્થિત થાય, તો એ શખ્સ જવાબદાર ગણાશે. અને જો પહેલેથી નક્કી ન કરે કે કેટલો બોજ લાદશે, પણ સામાન્ય રીતે જેટલો ભાર મૂક્વો જોઈએ એથી વધુ બોજ લાદે, જેને પરિણામે જાનવર મરી જાય યા તેમાં ખોડ પેદા થાય, તો પણ ભાડૂત જવાબદાર છે. અને બંને સંજોગમાં જે પ્રચલિત હોય એ પ્રમાણે વધુ ભાડું પણ આપશે.

**મસઅલો ૨૨૧૧** : અગર કોઈ શખ્સ જાનવરને એવો સામાન ઉપાડવા માટે ભાડે આપે કે જે બટકણું, જલદી તૂટી જાય તેવો હોય તો એ જાનવર લપસી જાય, યા કુદે અને સામાન તૂટી જાય, તો માલિક જવાબદાર નથી. પણ જો વધુ પડતી માર મારવાથી અથવા એવા કોઈ કાર્યને પરિણામે જાનવર પડી જાય, અને સામાન તૂટે, તો એ જવાબદાર ગણાશે.

**મસઅલો ૨૨૧૨** : અગર કોઈ શખ્સ બાળકનું ખત્ના કરે, અને એની બેદરકારી યા ભૂલથી બાળક ગુજરી જાય, જેમકે, જોઈએ એથી વધુ પ્રમાણમાં ચામડી કાપી નાખી હોય, અથવા એ બાળકને નુકસાન થાય, તો ખત્ના કરનાર જવાબદાર છે, પણ જો એની કોઈ બેદરકારી કે ભૂલ ન હોય, પણ બાળક ખત્નાને કારણે જ ગુજરી જાય યા એને કોઈ નુકસાન થાય, તો જો એ વિષે પહેલેથી એની સલાહ ન લેવામાં આવી હોય, અને એને એ બાબતની ખબર ન હોય કે બાળકને નુકસાન થશે કે કેમ, તો એવા સંજોગમાં એ જવાબદાર નથી.

**મસઅલો ૨૨૧૩** : અગર કોઈ ડોકટર, વૈદ પોતાના હાથે બીમારને કોઈ દવા આપે, અથવા તેના માટે દવા સૂચવે, અને એ દવા ખાવા કે પીવાથી એ બીમારને નુકસાન થાય, યા ગુજરી જાય, તો ચાહે ઈલાજમાં કોતાહી કરી હોય કે ન હોય, એ ડોકટર જવાબદાર ગણાશે.

**મસઅલો ૨૨૧૪** : અગર ડોકટર કોઈ બીમારને પહેલેથી એમ કહી દીએ કે જો તને કોઈ નુકસાન થાય તો હું જોખમદાર નથી, અને ત્યાર બાદ પોતે પૂરી ચીવટ અને સાવચેતથી ઈલાજ કરે, તે

છતાંય બીમાર શખ્સને નુકસાન થાય અથવા મરી જાય, તો ડોકટર જવાબદાર નહીં ગણાય.

**મસઅલો ૨૨૧૫** : ભાડે આપનાર અને ભાડૂત એક બીજાની રજામંદીથી મામલાને રદ કરી શકે છે. એવી જ રીતે જો પહેલેથી મામલામાં શરત મૂકવામાં આવી હોય કે બંને પક્ષને, યા તેમાંના કોઈ પણ એકને, મામલો રદ કરવાનો હક રહેશે, તો એ કરાર મુજબ અમલ કરી મામલાને રદ કરી શકશે.

**મસઅલો ૨૨૧૬** : અગર ભાડે આપનાર યા ભાડૂતને જાણ થાય કે મામલામાં એની સાથે દગો થયો છે, અને એને નુકસાની થઈ છે, તો જો મામલો કરતી વેળા તેને એ વિષે જાણ ન હતી, તો મામલો રદ કરી શકે છે, જેનો ખુલાસો મસઅલા ૨૧૩૨ માં અપાઈ ચૂક્યો છે, પણ જો મામલો નક્કી કરતી વેળા યા સીગો પડાય ત્યારે જો શરત મૂકવામાં આવી હોય કે દગો યા અન્યાય ને કારણે નુકસાની ભોગવવી પડે તો પણ મામલો રદ નહીં કરી શકે, તો પછી મામલો બાકી રહેશે.

**મસઅલો ૨૨૧૭** : અગર કોઈ શખ્સ ભાડે દીધેલી વસ્તુ ભાડૂતને હવાલે કરી શકે એથી પહેલાં કોઈ ત્રીજો આવીને એ વસ્તુ પડાવી જાય અને ગસબ કરે, તો એવા સંજોગોમાં ભાડૂત સોદો રદ કરી શકે છે, અને જે ભાડું એણે માલિકને આપ્યું હોય તે પરત માંગી શકશે. અથવા એમ પણ કરી શકે છે કે રદ ન કરે,અને પડાવી લેનાર શખ્સે જેટલો સમય એ માલ પોતના ઉપયોગમાં રાખ્યો હોય તેની પાસેથી તેનું સામાન્ય ધોરણે ભાડું લીએ. દાખલા તરીકે, અગર એણે એક મહિના માટે કોઈ જાનવર દસ રૂપિયાના ભાડે લીધો હોય, અને એ જાનવર ગસ્બ કરનારે દસ દિવસ સુધી પોતાના અધિકારમાં રોક્યો હોય, ને સામાન્ય રીતે દસ દિવસનું ભાડૂં પંદર રૂપિયા લેખાતું હોય, તો એ ગસ્બ કરનાર પાસેથી પંદર રૂપિયા વસૂલ કરી શકશે.

**મસઅલો ૨૨૧૮** : અગર કોઈ શખ્સ કોઈ ચીજ ભાડે લીએ, પણ વચ્ચે બીજો કોઈ શખ્સ એ ભાડૂતને એ ચીજ કબ્જે ન લેવા દીએ, અથવા કબ્જે લીધા પછી આવીને એ શખ્સ ગસ્બ કરે અથવા ઉપયોગ કરવાથી રોકે, તો ભાડૂત મામલાને રદ નહીં કરી શકે. એને ફકત એટલો જ હક રહે કે સામાન્ય ધોરણે એ વસ્તુ નું ભાડું ગસ્બ કરનાર પાસેથી વસૂલ કરે.

**મસઅલો ૨૨૧૯** : અગર જે મુદ્દત માટે વસ્તુ ભાડે અપાઈ હોય એ મુદ્દત ખલાસ થવા પહેલાં માલિક પોતાની એ વસ્તુ ભાડૂતને વેચી આપે, તો ભાડાનો સોદો બાકી રહેશે, અને ભાડૂતે પૂરૂં ભાડું દેવું જોઈએ. અને જો માલિક ભાડૂત સિવાય કોઈ બીજાને એ વસ્તુ વેચી આપે, તો પણ એ જ હુકમ પડશે.

**મસઅલો ૨૨૨૦** : ભાડે આપેલી વસ્તુની મુદ્દત શરૂ થાય એથી પહેલાંજો એ વસ્તુનો ભાડૂત

માટે ઉપયોગ ન રહેવા પામે, તો મામલો બાતિલ થઈ જશે અને જો એણે માલિકને ભાડું ચૂકવ્યું હોય, તો એ પાછું માંગી શકશે. અને જો એ વસ્તુ માત્ર અમુક અંશે ઉપયોગી થઈ શકે તેમ હોય, તો પણ એ ચાહે તો મામલો રદ કરી શકશે.

**મસઅલો ૨૨૨૧** : અગર કોઈ શખ્સ કોઈ વસ્તુ ભાડે આપે, અને મુદ્દતનો અમુક સમય વીતી ગયા બાદ, ભાડૂતે જે કામ અને ઉપયોગ માટે લીધી હતી એ કામ માટે નકામી નીવડે, તો બાકી રહેલી મુદ્દતનો મામલો બાતિલ ગણાશે, અને વીતી ગયેલી મુદ્દતના મામલાને પણ એ રદ્દ કરી શકશે અને એ મુદ્દત માટે મામલો સામાન્ય ધોરણે જે ભાડું લેખાતું હોય તે માલિકને અદા કરશે.

**મસઅલો ૨૨૨૨** : અગર કોઈ શખ્સ કોઈ મકાન ભાડે આપે, જેમાં દાખલા તરીકે, બે ઓરડા હોય, અને તેમાંનો એક ઓરડો ખંડિત થઈ જાય, અને તેમાં થોડું ઘણું સમારકામ કરાવીને એવી રીતે આપે કે પહેલી હાલત કરતાં ઘણો ફેર જણાય, તો એવા સંજોગમાં એ જ હુકમ લાગુ પડશે જે ઉપરોકત મસઅલામાં જણાવી ચૂક્યા છીએ.

પણ જો ભાડે આપનાર તરત જ સરખી રીતે સમારકામ કરાવીને અસલી હાલત ઉપર લઈ આવે, જેથી ભાડૂતને તેના ઉપયોગમાં કોઈ ફેર ન જણાય, તો મામલો બાતિલ નહીં થાય, અને ભાડૂત પણ મામલાને રદ નહીં કરી શકે.

અલબત્ત, જો સમારકામ કરાવવામાં એટલી ઢીલ કરે કે ભાડૂતને મકાનનો જોઈતો ફાયદો હાંસિલ ન થાય, તો એટલી મુદ્દતનો મામલો રદ ગણાશે, અને ભાડૂત જો ચાહે તો આખી મુદ્દતનો મામલો રદ કરાર દઈ, જેટલો ઉપયોગ અને ફાયદો એણે લીધો તેના બદલામાં જે સામાન્ય ભાડું લેખાતું હોય તે માલિકને આપે.

**મસઅલો ૨૨૨૩** : અગર ભાડે આપનાર યા ભાડૂત મરી જાય, તો મામલો રદ નહીં થાય, પણ જો એવું હોય કે ભાડે આપનારને ફકત મકાનનું ભાડું એની હયાતી દરમ્યાન મળશે, તો મામલો બાતિલ ગણાશે, જેમકે, અગર કોઈ બીજાએ વસિયત કરી હોય કે ફલાણો શખ્સ જયાં સુધી જીવે છે ત્યાં સુધી મકાનનું ભાડું પામશે, હવે એ ફલાણો શખ્સ એક મુદ્દત માટે મકાન ભાડે આપી દીએ, અને મુદ્દત પાકે એથી પહેલાં ગુજરી જાય, તો મરી જવાના સમયથી એ મામલો બાતિલ થઈ જશે, પણ જો અસલી માલિક ભાડે આપવા સંબંધી ફરી રજામંદ હોય તો સહીહ ગણાશે, અને ફલાણા શખ્સના મૃત્યુ બાદથી બાકી રહેલું ભાડું અસલ માલિકને આપશે.

**મસઅલો ૨૨૨૪** : અગર કોઈ શખ્સ મકાન ચણતર કરનારને વકીલ કરાર દઈને કહે કે મજૂરો રોકે, અને એ ચણતર કરનાર ધણી પાસેથી મજૂરો માટે જેટલા નાણા લેતો હોય, એથી ઓછું

વેતન મજૂરોને ચૂક્વે, તો જે વધારાનો હોય એ ચણતર કરનાર માટે હરામ છે, અને એની ફરજ થશે કે ધણીને એ પૈસા આપે.

પણ જો કોઈ શખ્સ એવો ઠેકો લીએ કે ચણતરના સર્વે કામો પોતાના ઈખ્તીયારમાં રહેશે, કે જેથી ચાહે તો પોતે બનાવે યા બીજાને સોંપે, તો જો તેમાં અમુક કામ પોતે કરી બીજાઓને બાકીનું કામ આપે, અને પોતે લીધેલી મજૂરી કરતાં તેઓને ઓછું વળતર આપે, તો એ વધારો એના માટે હલાલ ગણાશે.

**મસઅલો ૨૨૨૫** : અગર કપડાંઓને રંગનાર એવો કરાર કરે કે ફલાણો રંગ ઉપયોગમાં લેશે, જેમકે કહે કે ગળીથી રંગશે, પણ એને બદલે બીજી વસ્તુ ઉપયોગમાં લઈને રંગી આપે, તો એ માટે મહેનતાણું માંગવાનો હક નહીં ધરાવે.

## જુઆલહના એહકામ

**મસઅલો ૨૨૨૬** : જુઆલહ એ કોલ કરારને કહેવાય છે કે જેમાં ઈન્સાન પોતાનું કામ કરી આપનારને મહેનતાણું આપવાનો વાયદો કરે. જેમકે, એવી જાહેરાત કરે કે જે શખ્સ મારી ફલાણી ગુમ થયેલી વસ્તુ શોધી આપશે, તેને હું દસ રૂપિયા આપીશ. કરાર કરનારને જાઈલ કહેવાય છે, અને કાર્ય અન્જામ આપનારને આમિલ કહેવાય છે.

જુઆલહ અને પગાર કે વેતનથી રોકવા વચ્ચે અમુક ફર્ક છે, જેમાં એક ફરક એ છે કે પગાર યા વેતનથી કોઈને રોકવામાં આવે તો સીગો પડાઈ ગયા બાદ પગારદાર યા વેતનથી કાર્ય કરનારની ફરજ થઈ પડે છે કે એ કાર્યને અન્જામ આપે, અને સાથે સાથે કામ દેનાર ઉપર ઉજરતનો ઝિમ્મો સાબિત થઈ જાય છે. પરંતુ જઆલામાં અગરચે કાર્યને અંજામ આપનાર નક્કી હોય, તો પણ એ ચાહે તો કામને અન્જામ ન આપે; જે માટે એને ઈખ્તીયાર છે. અને જયાં સુધી એ કામને પૂરૂં ન કરે ત્યાં સુધી જાઈલ તેનો કરજદાર નહીં થાય.

**મસઅલો ૨૨૨૭** : જાઈલ માટે શરત છે કે એ બાલીગ અને આકીલ હોય, અને જે કરાર કરે, તે સ્વેચ્છાએ, કોઈ પણ દબાણ વિના કરે, તેમજ શરીઅતની નજરે એ શખ્સને પોતાના માલમાં ઉપયોગ અને વપરાશનો હક હોવો જોઈએ. એટલે જે શખ્સ મૂર્ખ અને બીનજવાબદાર હોય, જે પોતાના માલને નકામી રીતે વેડફી નાંખતો હોય તે અગર જાઈલ થાય, તો એ સહીહ નથી. એવી જ રીતે જે શખ્સ દેવાળિયો હોય, તો પોતાના માલના એ ભાગમાંથી જુઆલા નહીં કરી શકે, જે ભાગમાં તેને તસરરૂફ (વપરાશ) કે ઉપયોગ કે વહીવટનો અધિકાર ન હોય.

**મસઅલો ૨૨૨૮** : જાઈલ જે કામ માટે મહેનતાણું સામે પૂરૂં કરાવવા માંગતો હોય એ કામ શરીઅતની નજરે હરામ અથવા નિરર્થક અને ફાયદા વગરનું ન હોવું જોઈએ. તેમ એવું વાજિબ કામ પણ ન હોવું જોઈએ કે જે શરીઅતની નજરે મહેનતાણા વગર અન્જામ આપવું લાઝિમ છે. દાખલા તરીકે, અગર એમ કહે કે જે શખ્સ દારૂ પીશે અથવા લેવાદેવા વગર અંધકારમય સ્થળે દાખલ થશે. અથવા પોતાની વાજિબ નમાઝો અદા કરશે તેને દસ રૂપિયા આપીશ, તો એ જુઆલહ સહીહ નહીં ગણાય.

**મસઅલો ૨૨૨૯** : જુઆલહમાં જે મહેનતાણું કે વેતન નિયુકત કરે, તે માટે જરૂરી નથી કે તેની તમામ ખાસિયતો અને વિગતો નક્કી થાય. બલ્કે માત્ર એટલું જ હોય કે આમીલને જાણ હોય કે જે કામ પૂરૂં કરવાની જવાબદારી લીધી છે, તે પૂરૂં કરવાથી એ મૂર્ખ નહીં ગણાય, તો કાફી છે. જેમકે, જાઈલ અગર કહે કે આમિલ જેટલો માલ દસ રૂપિયાથી વધુ કિંમતે વહેંચશે તે વધારો આમિલનો હક ગણાશે, તો એ જુઆલહ સહીહ છે. અથવા એમ કહે કે જે મારો ઘોડો શોધી લાવશે તે ઘોડાની માલિકીમાં અડધો ભાગ ધરાવશે, યા તેને હું દસ મણ ઘઉં આપીશ, તો પણ જુઆલહ સહીહ છે.

**મસઅલો ૨૨૩૦** : અગર કોઈ શખ્સ વેતન બીલકુલ નક્કી ન કરે, જેમકે જાઈલ કહે કે જે મારા બાળકને શોધી લાવશે તેને હું એક રકમ આપીશ, અને એની સંખ્યા નક્કી ન કરે, તો જે આમીલ એ કામ અન્જામ આપે તેને વ્યાજબી અને પ્રચલિત રીતે જે એનો હક લેખાય, તેટલી રકમ આપવી જોઈએ.

**મસઅલો ૨૨૩૧** : અગર આમીલ કરાર નક્કી થાય એ પહેલાં કાર્ય ને અન્જામ આપે, અથવા કરાર બાદ એ નિય્યતે કામ પૂરૂં કરે કે તેના બદલામાં કોઈ રકમ નહીં લીએ, તો તેવા સંજોગમાં વેતન માંગવાનો હક નહીં ધરાવે.

**મસઅલો ૨૨૩૨** : આમિલ કામ પૂરૂં કરે એથી પહેલાં અગર જાઈલ ચાહે કે કરારને રદ કરે, તો એ કરી શકે છે.

**મસઅલો ૨૨૩૩** : આમિલ કરાર મુજબ કામ શરૂ કરી દીએ, ત્યાર બાદ જો જાઈલ ચાહે કે જઆલાને રદ કરે તો તેમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૨૩૪** : આમિલ અગર ચાહે તો માથે લીધેલું કામ અધુરૂં મૂકી શકે છે. પણ અગર એમ કરવાથી જાઈલને નુકસાન થતું હોય, અથવા જેના માટે એ અમલ અન્જામ દઈ રહ્યો હોય તેને હાનિ પહોંચતી હોય, તો એ કામને પૂરૂં કરવું જરૂરી થશે. દાખલા તરીકે, અગર કોઈ કહે કે જે શખ્સ

મારી આંખનું ઓપરેશન કરશે તેને હું ફલાણી રકમ આપીશ, અને ડોકટર શસ્ત્રક્રિયા શરૂ કર્યા બાદ અધવચ્ચેથી કામ છોડી આપે, તો જો એમ કરવાથી આંખમાં ખોડ રહી જતી હોય તો તેના માટે એ કામ પૂરૂં કરવું લાઝિમ છે, તે છતાં જો એ અધુરૂં મૂકી આપે, તો જાઈલ ઉપર તેનો કોઈ હક નહીં રહે.

**મસઅલો ૨૨૩૫** : અગર કોઈ આમિલ કામને અધુરૂં મૂકી આપે, તો અગર એ કાર્ય અધુરૂં મુક્વાથી જાઈલનો કોઈ હેતુ પાર ન પડતો હોય, જેમકે, એમ કહ્યું કે ઘોડી શોધી આપે, તો એ શોધી ન લાવવાથી જાઈલનું કામ પૂરૂં થયું ન ગણાય, તો એવા સંજોગમાં આમીલ કોઈ વેતન કે મહેનતાણું નહીં માંગી શકે, એવી જ રીતે જાઈલે પહેલેથી એવી શરત મૂકી હોય કે કામ પૂરૂં થતાં વેતન આપીશ, જેમકે, એમ કહ્યું હોય કે જે મારા કપડાં સીવી દેશે તેને હું દસ રૂપિયા આપીશ, તો એવા સંજોગમાં પણ એ હુકમ લાગુ પડશે.

પણ અગર જાઈલની મુરાદ એ હોય કે જેટલું કામ કરશે તેટલા પ્રમાણમાં વેતન આપશે, તો એટલા પ્રમાણમાં મહેનતાણું આમિલને આપવું જોઈએ. જો કે અહવત એ છે કે બંને મુસાલેહત કરી એકબીજાને રાજી કરે.

## જમીનની ઉપજની વહેંચણી (મઝારેઅત)ના એહકામ

**મસઅલો ૨૨૩૬** : મઝારેઅતના કંઈક પ્રકારી છે, જેમાંથી એક એ છે કે માલિક અને ખેડૂત બંને વચ્ચે એવો કરાર થાય કે જમીન ખેડૂતના ઈખ્તીયારમાં ખેતી માટે આપી દેશે, અને તેમાંથી જે ઉપજ કે પાક થશે તેનો અમુક ભાગ માલિકને આપશે.

**મસઅલો ૨૨૩૭** : મઝારેઅતની અમુક શરતો છે :

**(૧)** એ કે જમીનનો માલિક ખેડૂતને કહે કે જમીન તને ખેતીવાડી માટે આપું છું. અને ખેડૂત સામેથી તેનો સ્વીકાર કરે. અથવા કોઈ પણ ઉચ્ચાર વગર માલિક ખેડતને ખેતીવાડી માટે પોતાની જમીન હવાલે કરી આપે, અને ખેડૂત તેનો સ્વીકાર કરે.

**(૨)** જમીનનો માલિક અને ખેડૂત બંને બાલીગ, આકીલ હોવા જોઈએ, અને અરસપરસની સમજૂતી સ્વેચ્છાએ, કોઈ પણ દબાણ વિના કરે. ઉપરાંત જરૂરી છે કે બંને બીનજવાબદાર, મૂર્ખ ન હોય કે જેઓ પોતાની મિલકત વેડફી નાખતા હોય. એવી રીતે જમીન માલિક દેવાળિયો ન હોવો જોઈએ, પણ ખેડૂત જો દેવાળિયો હોય, અને મઝારેઅતની સમજૂતી કરવા જતાં જે માલમાં વહવટનો તેને હક ન હોય, એ માલ સંડોવાતો ન હોય, તો તેમાં વાંધો નથી.

**(3)** જમીન માલિક અને ખેડૂત બંનેને પાકમાંથી નિયુકત હિસ્સો મળવો જોઈએ, જેમકે અડધો

યા ત્રીજો ભાગ વી. અગર એવી રીતે હિસ્સો નક્કી ન થાય, જેમકે, માલિક કહે કે ખેતી કર, અને તારી મરજીમાં આવે તેટલો ભાગ મને આપજે;તો એ સહીહ નહીં ગણાય, એવી જ રીતે હિસ્સો નક્કી કરવાને બદલે ફકત એક નિયુકત પ્રમાણની સમજૂતી કરે, જેમકે, માલિક યા ખેડૂત એ પાકમાંથી માત્ર દસ મણ અનાજ વી; જે ઉપજ હોય તે, નક્કી કરે,તો એ સહીહ નહીં ગણાય.

**(૪)** અહવત એ છે કે માલિક અને ખેડૂત બંનેનો હિસ્સો જમીનની પૂરી ઉપજમાં હોય,અગરચે આ શરત મોઅતબર નથી. પરિણામે, દાખલા તરીકે, જો માલિક ખેડનાર સાથે એવો કરાર કરે કે લણણી થશે તેમાં પહેલાં અડધો ભાગ ખેડનારને અને બીજો અડધો ભાગ માલિકનો હશે, તો મઝારેઅત સહીહ ગણાશે.

**(૫)** ખેડનારના કબ્જામાં જેટલી મુદ્દત સુધી જમીન આપી હોય, તેની ચોક્કસ મુદ્દત નક્કી થવી જોઈએ, અને એ મુદ્દત એટલી હોવી જોઈએ કે એ દરમ્યાન પાક હાંસિલ થઈ શકે. તો અગર કોઈ માલિક ખેડનારને જે ઈખ્તીયાર આપે એ દિવસને મુદ્દતનો પહેલો દિવસ ગણે, અને પાક ઉતારવાના દિવસને છેલ્લો દિવસ કરાર દીએ, તો એ કાફી છે.

**(૬)** જમીન ખેડવા માટે અનુકુળ હોવી જોઈએ. અથવા જો હાલમાં ખેડાણને લાયક ન હોય, પણ તેમાં અમુક કામ કરાવીને તેને ખેડવા લાયક બનાવી શકાય તેમ હોય, તો મઝારેઅત સહીહ ગણાશે.

**(૭)** જે પાક માટે વાવેતર કરવાનો ઈરાદો હોય, તે ખેડનાર સાથે સ્પષ્ટપણે નક્કી કરી લેવું જોઈએ. જેમકે ચોખા યા ઘઉંનું વાવેતર કરવું હોય, અથવા જો ચોખા હોય, તો કઈ જાતના ચોખા હોવા જોઈએ, તે વગેરે નક્કી કરી લેવું જોઈએ. પણ જો ખાસ વસ્તુ વાવવાનો મકસદ ન હોય, તો નક્કીન કરવાની જરૂરત નહીં રહે. એવી જ રીતે જો પહેલેથી જાણ હોય કે કઈ જાતનું વાવેતર કરવાનો ઈરાદો છે, તો પછી તેને સ્પષ્ટ કરવાની જરૂરત નથી.

**(૮)** અગર માલિક પાસે જમીનના અનેક ટુકડાઓ હોય, અને દરેકમાં ખેડવા માટેની જરૂરીઆતો જુદી જુદી હોય, તો એવા સંજોગમાં જરૂરી છે કે માલિક જમીનના ટુકડાને નક્કી કરે. પણ જો એ ટુકડાઓ વચ્ચે કોઈ ફેર ન હોય તો નક્કી કરવાની જરૂરત નથી. પરિણામે અગર માલિક ખેડનારને કહે કે મારી આ જમીનોમાંથી કોઈ પણ એક ટુકડા ઉપર ખેતી કર, તો મઝારેઅત સહીહ ગણાશે.

**(૯)** દરેકના શિરે કેટલા ખર્ચની ઝિમ્મેદારી રહેશે તેની ચોખવટ થઈ જવી જોઈએ, પણ અગર એ જાણીતી બાબત હોય તો ચોખવટની જરૂરત નથી.

**<u>મસઅલો ૨૨૩૮</u>** : અગર જમીનનો માલિક ખેડનાર સાથે એવી સમજૂતી કરે કે જે પાક ઉતરશે તેના અમુક હિસ્સામાં બેમાંથી એકનો હક થશે અને બાકી રહેલા હિસ્સામાં બંનેનો ભાગ રહેશે, તો એ મુઝારેઅહ બાતિલ છે, અગરચે બંનેને ખબર હોય કે એ બાકીના હિસ્સામાં કાંઈ ને કાંઈ બાકી રહેશે. અલબત્ત, અગર એવો કરાર કરે કે જેટલા પ્રમાણમાં બીજ રોપણ થયું છે, તે અથવા સરકારી કર બાદ કરીને જે પાક બાકી રહેશે તેની બંને વચ્ચે વહેંચણી કરવામાં આવશે, તો તેમાં વાંધો નથી, અને મઝારેઅત સહીહ છે.

**<u>મસઅલો ૨૨૩૯</u>** : અગર મઝારેઅત માટે નક્કી કરેલી મુદ્દત પૂરી થાય, અને સંજોગવશાત એ મુદ્દત દરમ્યાન પાક હાંસિલ ન થાય, તો જો જમીનનો માલિક અને ખેડૂત રાજી હોય કે વાવેતર જમીન ઉપર, ભાડા વિના, બાકી રહે તો તેમાં વાંધો નથી. પણ તેમાં શરત એ છે કે સમજૂતી કરતી વેળા બંનેએ મંજૂર રાખ્યું હોય કે પાક હાંસિલ થાય યા ન થાય, મુદ્દત પૂરી થતાં મઝારેઅતનો અંત આવી જશે. અને જો માલિક રાજી ન હોય, તો ખેડુતને ફસલ ઉખેડવા માટે ફરજ પાડી શકે છે, અને તેમ કરવા જતાં ખેડુતને જો નુકસાની થાય તો તેનો ઝિમ્મો જમીનના માલિક ઉપર નથી અને જો ખેડૂત માલિકને ભાડું વી. આપવા રાજી હોય, તો પણ માલિકને તે માટે મજબૂર નહીં કરી શકે.

**<u>મસઅલો ૨૨૪૦</u>** : અગર કોઈ અણધાર્યા સંજોગને કારણે જમીન ખેડવી અશક્ય થઈ જાય, જેમકે જમીનમાંથી પાણીનું વહેણ બંધ થઈ જાય, તો મુઝારેઅહની સમજૂતી રદબાતલ થઈ જશે.પણ જો ખેડૂત વિના કારણે ખેતીવાડી ન કરે, અને જમીન એના ઈખ્તીયારમાં હોય, અને માલિકને એ જમીન ઉપર કોઈ ઈખ્તીયાર ન હોય, તો ખેડૂત માટે જરૂરી છે કે એટલી મુદ્દતનું ભાડું ચાલુ ધોરણ મુજબ માલિકને ચૂક્વે.

**<u>મસઅલો ૨૨૪૧</u>** : મઝારેઅહની જે સમજૂતી થઈ હોય, તેને જમીનનો માલિક અને ખેડૂત એકબીજાની રજામંદી વિના રદ્દ બાતલ નહીં કરી શકે. પણ જો પહેલેથી એવી શરત મૂકવામાં આવી હોય કે બંનેને યા એમાંથી કોઈ પણ એકને, મામલો રદ્દ કરવાનો હક રહેશે, તો પછી કોલકરાર મુજબ મામલો રદ્દ કરી શકશે. એવી જ રીતે બંને પક્ષમાંથી કોઈ પણ એક જો નક્કી કરવામાં આવેલી શરતોનું ઉલંઘન કરે, તો સામે પક્ષને મામલો રદ્દ કરવાનો અધિકાર રહેશે.

**<u>મસઅલો ૨૨૪૨</u>** : મઝારેઅત માટે સમજૂતી થઈ ગયા બાદ, બે પક્ષમાંથી કોઈ પણ એકના મરણથી મઝારેઅત રદ્દ નહીં થાય, બલ્કે તેમના વારીસો એમની જગ્યા લેશે. પણ જો ખેડૂત મરણ પામે, અને મઝારેઅત કરારમાં એવી શરત મુકાઈ હોય કે એ ખેડૂત પોતે ખેડવાની ફરજો અંજામ

આપશે, તો મઝારેઅત રદ્દ ગણાશે. અલબત્ત, અગર ખેડૂત પોતાની જવાબદારી મુજબ કામ પૂરૂં કરી ગયો હોય તો મામલો રદ્દ નહીં ગણાય, અને તેનો જે હિસ્સો હોય તેના વારસોને આપવું જોઈએ અને એ સિવાય પણ કરાર મુજબ જે ખેડૂતના હકકો હોય, તે તેના વારીસને મળશે.એવી જ રીતે મઝારેઅતની મુદ્દત પૂરી થાય ત્યાં સુધી વાવેતરને જમીન ઉપર બાકી રાખવા માટે વારસદાર માલિકને ફરજ પાડી શકશે.

**મસઅલો ૨૨૪૩** : અગર જમીનમાં ખેતીવાડી કર્યા બાદ ખબર પડે કે મઝારેઅતની જે સમજૂતી હતી તે બાતિલ હતી, તો અગર બીજ માલિકની મિલકીય્યત હતી તો પાક અને કમાણી વી. પણ માલિકની મિલકીય્યત ગણાશે. અલબત્ત, ખેડનારની મજૂરી અને એણે જે ખર્ચ કામને અંજામ આપવા માટે કર્યો હોય તે, તેમજ ખેડવા માટે એના જાનવરો, જેમકે ગાય વી. નો ઉપયોગ થયો હોય તેનું ભાડું માલિક ખેડનારને આપશે.

પણ જો બીયાં ખેડનારના હતાં, તો જે પાક ઉતરે અને કમાણી થાય તે ખેડનારની માલિકી ગણાશે. અલબત્ત, જમીનનું ભાડું, અને ઉપરાંત માલિકે જે ખર્ચ કર્યો હોય તે, અથવા પોતાના જાનવર વી. ખેડવા માટે ઉપયોગમાં આપ્યા હોય, તેનું ભાડું ખેડનાર માલિકને ચૂકવશે.

બંને સંજોગમાં કોલકરાર જેટલો હક નિયુકત થયો હોય તેટલો જ અદા કરવું વાજિબ છે, અગરચે સામાન્ય રીતે એથી વધુ હક થતો હોય, અને સામે પક્ષને તેની જાણ હોય.

**મસઅલો ૨૨૪૪** : જે સંજોગમાં બીજ ખેડૂતની મિલકીય્યત હોય, અને વાવેતર બાદ જણાય કે મુઝારેઆની સમજૂતી બાતિલ હતી, તો જો માલિક અને ખેડનાર બંને રાજી હોય કે વેતન સાથે યા વેતન વગર પાક જમીનમાં બાકી રહે તો તેમાં કોઈ ઈશ્કાલ નથી.

પણ જો માલિક રજામંદ ન હોય, તો અમુક ફોકહાનું માનવું છે કે પાક તૈયાર થાય એથી પહેલાં માલિક ખેડનારને વાવેતર ઉખેડી લેવાની ફરજ પાડી શકે છે અને એ ખેડનાર અગરચે માલિકને કાંઈ ભાડું દેવા તૈયાર હોય, તો પણ માલિકને જમીન ઉપર પાક બાકી રાખવા મજબૂર નહીં કરી શકે.

પણ આ કોલ ઈશ્કાલથી ખાલી નથી. દરેક સંજોગમાં માલિક ખેડનારને ફસલ કે પાક જમીન ઉપર રહેવા દેવા માટે ભાડું ભરવા મજબૂર નહીં કરી શકે, બલ્કે જમીનનું ભાડું તલબ કર્યા વગર પણ પાક બાકી રહેવા દેવા ફરજ પાડી શકશે નહીં.

**મસઅલો ૨૨૪૫** : અગર પાક ઉતારી લીધા બાદ અને મુદ્દત પૂરી થયા પછી અમુક મૂળીયા જમીનમાં રહી જવા પામે, જે બીજે વર્ષ ફરીવાર ઉગી નીકળતાં નવો પાક આપે, તો અગર માલિક અને ખેડનાર વચ્ચે એ મૂળીયાં સંબંધી કોઈ ભાગીદારીની સમજૂતી ન થઈ હોય, તો એ બીજા વર્ષનો પાક

માલિકનો ગણાશે.

## મુસાકાત અને મુગારીસહ (ફળોની ભાગીદારી)ના એહકામ

**મસઅલો ૨૨૪૬** : અગર કોઈ શખ્સ સામે પક્ષ સાથે એવો કોલકરાર કરે કે જે ફળદાયી વૃક્ષો તેની માલિકીની છે, યા તેના ઈખ્તીયારમાં છે, તે નક્કી કરેલી મુદ્દત માટે તેને સુપરત કરે છે કે જેથી એ તેને પાણી સીંચે અને સંભાળ રાખે, અને એની સામે વેતનરૂપે એમાંથી અમુક ફળોનો હિસ્સો આપે એ કોલકરારને મુસાકાત કહેવાય છે.

**મસઅલો ૨૨૪૭** : અગર ફળદાયી વૃક્ષો ન હોય, પણ તેની બીજા પ્રકારની ઉપજ હોય, જેમકે, પાંદડાં, ફુલ, એવા હોય કે જેની નોંધપાત્ર કિંમત થતી હોય, (દાખલા તરીકે હીના (મેંદી)નો છોડ કે જેના પાંદડાંનું વેચાણ થાય છે,) તો તે માટે પણ મુસાકાતનો મામલો સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૪૮** : મુસાકાત માટે કોઈ સીગો ઉચ્ચાવાની જરૂરત નથી. બલ્કે અગર વૃક્ષોનો માલિક મુસાકાતની નિય્યતથી સામે પક્ષને વૃક્ષોસોંપી દીએ, અને કાર્ય ને અંજામ આપનાર પણ એજ નિય્યતથી પોતાના કામમાં મશ્ગૂલ થઈ જાય, તો એ કોલકરાર અને મામલો સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૪૯** : મુસાકાતના મામલામાં વૃક્ષોનો માલિક અને સામે પક્ષ, બંને બાલીગ અને આકીલ હોવા જરૂરી છે, તેમ કોલકરાર માટે તેમના ઉપર કોઈ જાતનું દબાણ થયું ન હોવું જોઈએ. ઉપરાંત એવો શખ્સ ન હોવો જોઈએ કે જે નાદાની કે બેવકુફીના કારણે પોતાનો માલ વેડફી નાખતો હોય. બીજું એ કે માલિક દેવાળિયો ન હોવો જોઈએ, પણ વૃક્ષોની સંભાળ રાખી પાણી સીંચનાર માળી અગર દેવાળિયો હોય તો વાંધો નથી, પણ કામને અંજામ દેતી વેળા એવા સરસામાન ઉપયોગમાં ન લીએ કે જેના ઉપર તેનો ઈખ્તીયાર બાકી રહ્યો ન હોય.

**મસઅલો ૨૨૫૦** : મુસાકાત માટે પહેલેથી મુદ્દત નક્કી થવી જોઈએ, અને એ મુદ્દત એટલી હોવી જોઈએ કે એ દરમ્યાન પાકની નીપજ તૈયાર થઈ શકે. હવે જો એમ નક્કી કરે કે ફલાણી તારીખથી લઈને પાક તૈયાર થાય ત્યાં સુધી મુદ્દત રહેશે, તો એ સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૫૧** : મુસાકાતમાં માલિક અને કામ કરનાર વચ્ચે પાકનો હિસ્સો, ભાગ નક્કી થવો જોઈએ, એટલે કે અડધો, યા ત્રીજો ભાગ-એ રીતે કરાર થવો જોઈએ. એને બદલે જો એમ નક્કી થાય કે, દાખલા તરીકે, સો મણ ફળના માલિકને મળશે, અને બાકી કામ કરનારને ફાળે જશે, તો એ મામલો બાતિલ ગણાશે.

**મસઅલો ૨૨૫૨** : એ જરૂરી નથી કે મુસાકાત માટેનો કોલકરાર પાક જાહેર થવા પહેલાં

નક્કી થઈ જાય, બલ્કે પાક દેખાવા લાગે તે પછી પણ મામલો નક્કી થઈ શકે છે, પણ શરત એ કે પાકની સંભાળ, તેમાં ઉમેરો અને વિકાસ કરવા તેને નુકસાનથી બચાવવા વી. માટે હજી જરૂરી કામ કરવાનો અવકાશ રહ્યો હોય. એવા સંજોગમાં મામલો સહીહ ગણાશે. પણ જો એવા મહત્વના કામો માટે અવકાશ ન રહ્યો હોય, અને માત્ર પાણી સીંચવા, ફળ ચૂંટવા અથવા સંભાળ રાખવાના કામો બાકી રહ્યા હોય, તો એવા સંજોગમાં મામલો સહીહ થવામાં ઈશ્કાલ છે.

**<u>મસઅલો ૨૨૫૩</u>** : તરબૂચ કે કાકડી વી. ના વેલાં માટે મુસાકાતની સમજૂતી કરવામાં આવે, તો એ સહીહ ગણાશે.

**<u>મસઅલો ૨૨૫૪</u>** : જે વૃક્ષો વરસાદ યા જમીનની અંદર રહેલી ભીનાશથી ઉગતા હોય, અને પાણી સીંચવાની જરૂરત ન હોય, તે માટે ઉપર મસઅલા ૨૨૫૨માં જણાવેલા બીજા અગત્યના કામો કરવાનો અવકાશ રહેતો હોય, તો મુસાકાતની સમજૂતી સહીહ ગણાશે.

**<u>મસઅલો ૨૨૫૫</u>** : મુસાકાત માટે જે બે પક્ષ વચ્ચે સમજૂતી થઈ હોયતે બંને એકબીજાની સંમતિથી એ મામલો રદ કરી શકે છે. એવી જ રીતે જો મુસાકાત માટે કોલકરાર કરતી વેળા તેમાં એવી શરત મૂકે કે બંને પક્ષ અથવા એમાંથી કોઈ પણ એકને મામલો રદ કરવાનો હક રહેશે, તો એ કરાર મુજબ જો મામલો રદ થાય તો તેમાં કોઈ વાંધો નથી. અને જયારે કોલકરારમાં કોઈ શરત હોવા છતાં તે મુજબ ન વર્તવામાં આવે અથવા તેને અમલી સ્વરૂપ ન આવામાં આવે, તો જેના હિતમાં એ શરત મૂકાઈ હોય તેને મામલો રદ કરવાનો અધિકાર રહેશે.

**<u>મસઅલો ૨૨૫૬</u>** : અગર માલિક ગુજરી જાય તો મુસાકાત માટે કરવામાં આવેલ કરાર રદ બાતલ નહીં થાય, અને તેની જગ્યા તેના વારસદારો લેશે.

**<u>મસઅલો ૨૨૫૭</u>** : અગર એ બાગ કે વૃક્ષોની સંભાળ રાખનાર ગુજરી જાય, અને તેની સાથે કરવામાં આવેલ કરારમાં એવી શરત ન હોય કે એ પોતે સંભાળ રાખશે, પાણી સીંચશે-વી; તો તેની જગ્યાએ તેના વારસદારો કરાર મુજબ કામ કરશે. અને જો તેઓ પોતે આ કામ ન કરી શકે, તો પગાર દઈ ને તે કોઈને રોકશે. પણ જો બંનેમાંથી કાંઈ પણ ન કરે, તો હાકીમે શરઅ મરી ગએલા જણની મિલકતમાંથી પગારદારને રોકીને કામ કરાવશે, અને જે પાક કે કમાણી હાંસિલ થશેતે માલિક અને ગુજરી ગયેલા જણના વારસદારો વચ્ચે તકસીમ કરશે. પણ જો મામલામાં પહેલેથી એવી શરત હતી કે એ પોતે સંભાળ રાખશે અને સીંચન વી.ને લગતા સર્વે કામો સ્વહસ્તે કરશે તો એના મરણ પામવાથી મામલો રદબાતલ થઈ જશે.

**મસઅલો ૨૨૫૮** : અગર મુસાકાતમાં એવી સમજૂતી થાય કે પૂરેપૂરા પાક અને તમામ નીપજ માલિકને મળશે, તો એ સમજૂતી બાતિલ છે, પણ છતાં હાંસિલ થએલી નીપજ ઉપર માત્ર માલિકનો જ હક રહેશે, અને તેમાં મહેનત મજૂરી કરનારને (સીંચન-સંભાળ માટે) વેતન કે ઉજરત માંગવાનો હક નહીં રહે.

પણ જો મુસાકાતનો કરાર કોઈ બીજા કારણસર બાતિલ થાય, તો પછી માલિક ઉપર ફરજ છે કે મહેનત મજૂરી કરનારને સામાન્ય સંજોગમાં જેટલું આપવામાં આવતું હોય, તેટલું વેતન આપે. પણ જો સામાન્ય સંજોગમાં અપાતું મહેનતાણું કરારમાં જણાવવામાં આવેલ મહેનતાણા કરતા વધારે હોય, અને એ પક્ષને આ વિષે પૂર્વ જાણ હોય, તો વધુ આપવું લાઝિમ નથી.

**મસઅલો ૨૨૫૯** : મુગારેસહ એટલે કે કોઈ શખ્સ પોતાની જમીન બીજાને સોંપે કે જેથી તેમાં વાવેતર કરે, અને તેમાં જે નીપજ થાય, તેમાં બંનેનો હક હોય. આ મામલો જાહેર રીતે સહીહ છે, પણ તેને તર્ક કરવામાં એહતેયાત છે. અલબત્ત, ઉપરોકત હેતુ હાંસિલ કરવા માટે બીજા પ્રકારનો મામલો થાય તો કોઈ પણ ઈશ્કાલ વિના સહીહ ગણાશે. જેમકે, બંને પક્ષ અરસપરસ પોતાના કરજ વી. માટે એ મુજબ મુસાલેહત અને સમાધાન કરે. અથવા બીજી રીત એ કે નવા ઉગી આવેલા ઝાડ કે છોડમાં ભાગીદાર થાય, અને પછી ખેડનાર કે વાવેતર કરનાર જમીનના માલિક સાથે એવો કરાર કરે કે એ ઝાડની સંભાળ અને તેનું સીંચન વી. નિયુકત મુદ્દત માટે કરશે, ને તે માટે જમીનમાંથી થએલી નીપજની અડધી કિંમત જેટલું મહેનતાણું લેશે.

## જેમને પોતાના માલમાંથી વાપરવાની મનાઈ છે

**મસઅલો ૨૨૬૦** : જે બાળક બાલીગ ન થયું હોય, તેને શરીઅત પ્રમાણે તેના ખાતે કે જમે રહેલ માલમાં વાપરવાનો હક નથી, અગરચે એ બાળક સમજદાર અને પીઢ હોય, અને એ માટે વલીની રજાથી પણ કોઈ ફાયદો નથી.

પણ અમુક સંજોગો એવા છે કે જેમાં નાબાલીગ બાળકનું માલનું વાપરવું સહીહ છે, જેમકે, જયારે એ નજીવી કિંમતની કોઈ વસ્તુ ખરીદે યા વેચે. એ વિષે મસઅલા ૨૦૯૦માં ખુલાસો થઈ ગયો છે. એવી જ રીતે જો પોતાના માલમાંથી પોતાના સગાંઓ અને કુટુંબીઓ માટે વસીયત કરે, જેનો ખુલાસો મસઅલા ૨૭૦૯ માં અપાશે.

બાળા માટે બાલીગ થવાની નિશાની એ છે કે તેના ચાંદના હિસાબે (કમરી કેલેન્ડર) નવ વર્ષ પૂરાં થાય, અને બાળક માટે **ત્રણ** નિશાનીઓ છે :-

**(૧)** પેટ નીચે શરમગાહની ઉપર જાડા વાળ ઉગવા.

**(૨)** વિર્ય સ્ખલન- (મનીનું નીકળવું).

**(૩)** ચાંદને હિસાબે (કમરી કેલેન્ડર) પંદર વર્ષ પૂરા થવા.

**મસઅલો ૨૨૬૧** : અગર ચહેરા અને હોંઠ ઉપર દાઢી મૂછોના જાડા વાળ ઉગવા માંડે, તો અસંભવ નથી કે તે પણ બાલીગ હોવાની નિશાની હોય. પણ છાતી ઉપર અને બગલની નીચે જાડા વાળ હોવા બાલીગ થવાની નિશાની નથી. એવી જ રીતે અવાજ ભારે થાય તો એ બાલીગ થયાની નિશાની નહીં ગણાય, સિવાય એ કે ઈન્સાનને પોતાને એ નિશાનીઓ દેખાતાં બાલીગ હોવાની ખાત્રી થઈ જાય.

**મસઅલો ૨૨૬૨** : જે શખ્સ દીવાનો હોય, તેને પોતાના માલમાં કોઈ અધિકાર હોતો નથી. એવી જ રીતે દેવાળિયાને તેના ઉપર બાકી રહેલ કરજને કારણે માલ ઉપર અધિકાર નથી. કારણ કે તેના ઉપર હાકીમે શરઅ તરફથી અંકુશ હોય છે. અલબત્ત, અગર એના લેણદારો રજા આપે તો ઉપયોગમાં લઈ શકશે.ઉપરાંત એ બેવકુફ શખ્સ કે જે પોતાના માલનો વ્યર્થ રીતે દુર્વ્યય કરતો હોય, તે વલીની રજા વગર પોતાના માલને વાપરવાનો હક ધરાવતો નથી.

**મસઅલો ૨૨૬૩** : જે શખ્સ અમુક દિવસે દીવાનો અને અમુક દિવસે સાજો હોય, તે દીવાનગીની હાલતમાં પોતાના માલમાંથી જે કાંઈ વાપરે તેન સહીહ નહીં ગણવામાં આવે.

**મસઅલો ૨૨૬૪** : જ્યારે ઈન્સાન બીમારીની હાલતમાં મરણ પથારીએ પડયો હોય, ત્યારે પોતાના માલમાંથી પોતા માટે, પોતાના કુટુંબ, મહેમાનો માટે, અને બીજા તમામ એવા કાર્યો માટે કે જે ઈસરાફ તરીકે ન ગણાતા હોય, પોતાની ઈચ્છા મુજબ વાપરી શકે છે. એવી જ રીતે જો પોતાની મિલકત વેચી નાખે યા ભાડે આપે, તો તેમાં ઈશ્કાલ નથી.

પરંતુ અગર પોતાનો માલ કોઈને ભેટરૂપે બક્ષી આપે, અથવા સામાન્ય કિંમત કરતાં સસ્તી કિંમતે વેચી નાખે, તો જો આપેલ ભેટ યા કિંમતનો કરેલો ઘટાડો તેના માલના ત્રીજા ભાગ (સુલુસ) જેટલો હોય યા એથી ઓછો હોય, તો જ એ વાપરવું સહીહ લેખાશે, પણ જો ત્રીજા ભાગના માલ કરતાં વધારે હોય તો તેનાં માટે વારસદારોની રજા મેળવવી જરૂરી છે. અને જો એ વારસદારો રાજી ન થાય, તો સુલુસ કરતા જેટલો વધારો હોય તેમાં કરવામાં આવેલુ તસરરૂફ (વપરાશ) બાતિલ છે.

## વકાલતના એહકામ

વકાલતનો અર્થ એ છે કે જે કાર્ય ઈન્સાન પોતે અંજામ આપી શકતો હોય, જેમકે, મામલો,

સોદો, વગેરે તે કાર્યને અંજામ આપવા માટે બીજા કોઈને નીમે. દા.ત. કોઈને વકીલ નીમે કે પોતાવતી મકાન વેચી આપે, અથવા નિકાહ પડી આપે.

તો જે શખ્સ બેવકુફ અને સફીહ હોય, તેને અગાઉ જણાવ્યા મુજબ પોતાના માલમાં તસરરૂફ (વપરાશ)નો હક હોતો નથી, પરિણામે એ કોઈને વેચાણ માટે વકીલ નહીં નીમી શકે.

**મસઅલો ૨૨૬૫** : વકાલતમાં સીગાંનો ઉચ્ચાર લાઝિમ નથી, બલ્કે અગર કોઈ ને જણાવી દએ કે એને નીમયો છે, અને સામે પક્ષ સમજી જાય કે વકીલ તરીકે નીમાયો છે, અને તેનો સ્વીકાર કરી લીએ તો વકાલત સહીહ છે, જેમકે, વેચવા માટે પોતાનો માલ કોઈને સુપરત કરે, અને સામે વાળો માલનો સ્વીકાર કરે, તો વકાલત સાબિત થયેલ ગણાશે.

**મસઅલો ૨૨૬૬** : અગર ઈન્સાન કોઈ એવા શખ્સ ને વકીલ નીમે કે જે બીજા શહેરમાં વસતો હોય, અને તે બાદ તેના માટે વકાલતનામું મોકલે, તો અગર એ શખ્સે મંજૂર રાખ્યું હોય, તો વકાલત સહીહ ગણાશે, અગરચે મોકલેલ વકાલત નામું મોડેથી પહોંચે.

**મસઅલો ૨૨૬૭** : વકીલ નીમનાર (મુવકકીલ) અને વકીલ થનાર, બંને માટે અક્કલમંદ હોવું જરૂરી છે, અને તે માટે કોઈ દબાણને વશ થયા ન હોવા જોઈએ. સાથે સાથે વકીલ નીમનાર માટે જરૂરી છે કે બાલીગ હોવો જોઈએ, સિવાય એ કામો માં કે જે સમજદાર અને તમીઝ ધારવતું બાળક અંજામ આપી શકે.

**મસઅલો ૨૨૬૮** : જે કામ ઈન્સાન પોતે ન કરી શકતો હોય, અથવા એ કામ શરીઅતની રૂએ જાએઝ ન હોય, તે માટે એ વકીલ નહીં થઈ શકે. દા.ત; જે શખ્સ હજના એહરામમાં હોય, તેના માટે નિકાહ પડવું જાએઝ ન હોવાથી. એ બીજા તરફથી વકીલ બનીને નિકાહ નહીં પડી શકે.

**મસઅલો ૨૨૬૯** : અગર ઈન્સાન કોઈ શખ્સને તેના તમામ કાર્યોને અંજામ આપવા માટે વકીલ નીમે તો એ વકાલત સહીહ ગણાશે. પણ અગર અમુક કામોને અંજામ આપવાની વકાલત આપી એ કામોને નક્કી ન કરે, તો વકાલત સહીહ નથી. અલબત્ત, અગર કોઈ એક નક્કી કરેલ કામ સોંપી તેમા વર્તવા માટે ઈખ્તીયાર આપે, જેમકે, વકીલ નીમે કે મકાન વેચે અથવા ભાડે આપે, તો એ વકાલત સહીહ ગણાશે.

**મસઅલો ૨૨૭૦** : અગર કોઈ શખ્સ વકીલને બરતરફ કરે, તો વકીલને તેની જાણ થઈ જાય ત્યાર પછી એ કોઈ કામ એના વતી અંજામ નહીં આપી શકે, પણ એને જાણ થાય એથી પહેલાં સુપરત થએલ વકાલત મુજબ કામ કર્યું હોય તો એ સહીહ છે.

**<u>મસઅલો ૨૨૭૧</u>** : વકીલ પોતાને વકાલત માંથી મુક્ત કરી શકે છે, અગરચે તેને વકીલ નીમનાર હાજર ન હોય.

**<u>મસઅલો ૨૨૭૨</u>** : જે કામ માટે વકીલને વકાલત આપવામાં આવી હોય, તે માટે એક વકીલ કોઈ બીજા ને વકીલ નીમી શકતો નથી, પણ વકીલ નીમનારે જો રજા આપી હોય કે બીજાને વકીલ નીમે, તો જે પ્રકારની રજા આપી હોય તે મુજબ અમલ કરશે. તો જો નીમનારે કહ્યું હોય કે મારા માટે કોઈ બીજો વકીલ નીમીઆપ, તો એ મુવકકીલ (વકીલ નીમનાર) વતી વકીલની નિમણૂક કરી શકશે. પોતા વતી નહી.

**<u>મસઅલો ૨૨૭૩</u>** : અગર વકીલ વકાલત આપનારની રજાથી તેના વતી બીજો વકીલ નીમી આપે, તો એ (પહેલો) વકીલ બીજા વકીલને બરતરફ નહી કરી શકે. એવીજ રીતે પહેલા વકીલના મરી જવાથી, યા બરતરફ થઈ જવાથી, બીજા વકીલની વકાલત બાતિલ નહીં થાય.

**<u>મસઅલો ૨૨૭૪</u>** : અગર વકાલત આપનાર કોઈ વકીલને રજા આપે કે એ પોતાના વતી કોઈ ને વકીલ બનાવે, તો એ બીજા વકીલને, વકાલત આપનાર અને પહેલો વકીલ, બંને બરતરફ કરી શકે છે. અને જો પહેલો વકીલ મરણ પામે તો બીજા વકીલની વકાલત બાતિલ થઈ જશે.

**<u>મસઅલો ૨૨૭૫</u>** : અગર કોઈ શખ્સ એક થી વધુ વકિલો નીમે અને દરેકને વ્યક્તિગત રીતે કાર્ય અંજામ આપવાની વકાલત આપે, તો દરેક વકીલ વકાલત મુજબ અમલ કરી શકશે, અને તેમાંથી કોઈ એક ના મરણથી બાકીનાઓની વકાલત રદ નહીં થાય, પણ જો એમ કહ્યું હોય કે એ સર્વે વકિલો સાથે રહીને કાર્ય અંજામ આપે, તો કોઈને પણ વ્યક્તિગત રીતે કામ અંજામ આપવાનો હક નહીં રહે. અને જો તેમાંથી કોઈ પણ એક વકીલ ગુજરી જાય તો બાકી રહેલાઓની વકાલત બાતિલ ગણાશે.

**<u>મસઅલો ૨૨૭૬</u>** : વકીલ અથવા વકીલ નીમનાર જો મરણ પામે, તો વકાલત બાતિલ થઈ જાય છે. એવીજ રીતે જે ખાસ વસ્તુ અંજામ આપવાની વકાલત હોય તે નાબૂદ થઈ જાય, જેમકે, ઘેંટાં, બકરાં વેચવા આપ્યા હોય, એ મરી જાય તો વકાલત બાતિલ થઈ ગણાશે. ઉપરાંત વકાલત આપનાર અને વકીલ, બે માંથી કોઈપણ એક હંમેશ માટે દીવાનો અથવા બેહોશ થઈ જાય, તો વકાલત બાતિલ થઈ જશે. પણ જો પ્રસંગોપાત દીવાનગી કે બેહોશી રહેતી હોય, તો એ સ્થિતિમાં યા સાજા હોવાની સ્થિતિમાં વકાલત બાતિલ થવા વિષે ઈશ્કાલ છે.

**<u>મસઅલો ૨૨૭૭</u>** : અગર કોઈ શખ્સ બીજા ને વકીલ નીમે અને એ કાર્ય અંજામ આપવા બદલ કાંઈ વળતર નક્કી કરે, તો એ કામ અંજામ અપાયાબાદ નક્કી કરેલ વળતર આપવું લાઝિમ છે.

**<u>મસઅલો ૨૨૭૮</u>** : અગર વકીલ પોતાના કબજામાં રહેલ માલની સરખી હિફાઝતમાં કોઈ કોતાહી ન કરે, અને એને આપવામાં આવેલી રજા સિવાય કોઈ બીજી રીતે એ માલને ઉયોગમાં ન લીધો હોય તે છતાં જો એ માલ યોગાનુયોગ ગુમ કે નાબૂદ થઈ જાય, તો વકીલ ઉપર જરૂરી નથી કે તેના બદલામાં કાંઈ આપે.

**<u>મસઅલો ૨૨૭૯</u>** : અગર વકીલ પોતાના કબજામાં રહેલ માલની સરખી હિફાઝત ન કરે, અથવા આપવામાં આવેલી રજા સિવાય કોઈ બીજા ઉપયોગમાં લીએ, અને એ માલ ગુમ કે નાબૂદ થાય, તો એ વકીલ જવાબદાર ગણાશે. દા.ત; જે લિબાસ એને વેંચવા માટે આપ્યું હોય, તે એ પહેરી લીએ, અને એને પરિણામે લીબાસમાં કોઈ એબ કે ખામી ઉત્પન્ન થાય, તો એના બદલામાં દેવું જરૂરી છે.

**<u>મસઅલો ૨૨૮૦</u>** : અગર વકીલને માલમા જેવા ઉપયોગની રજા હોય, તે સિવાયનો ઉપયોગ કરે, જેમકે, વેંચવા માટે આપેલું લિબાસ પહેરી લીએ, અને તે બાદ રજા મુજબ તેનો ઉપયોગ લીએ, તો એ ઉપયોગ (જેના માટે રજા આપેલ હતી તે) સહીહ ગણાશે.

## ઉધાર આપવાના અને લેવાના એહકામ

મોઅમીન ભાઈઓને, તેમાં ખાસ કરી હાજતમંદોને કરજ આપવું મુસ્તહબ છે, અને તે માટે હદીસોમાં ધણી સીફારિશ થઈ છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી રિવાયત થઈ છે જે શખ્સ પોતાના મુસલમાન ભાઈને કરજ આપે છે તેના માલમાં ખુદા વધારો કરી આપે છે, અને તેના ઉપર ફરિશ્તાઓ રહેમત મોકલે છે. અને જે શખ્સ પોતાના કર્ઝદાર સાથે નમ્રતાથી વર્તે છે, તે વગર હિસાબે અને ધણી ઝડપથી પૂલે સિરાત ઉપરથી પસાર થશે. અને જે શખ્સ માંગનાર મુસલમાન ભાઈને કર્ઝ ન આપે, તેના ઉપર બેહિશ્ત હરામ થાઈ છે.

**<u>મસઅલો ૨૨૮૧</u>** : કરજ માટે કોઈ સીગોના ઉચ્ચારની જરૂરત નથી. બલ્કે અગર કોઈ વસ્તુ કરજરૂપે કોઈને આપે, અને લેનાર એજ નિય્યતની તેનો સ્વીકાર કરે, તો એ સહીહ ગણાશે.

**<u>મસઅલો ૨૨૮૨</u>** : જયારે કરજદાર કરજની રકમ અદા કરે, ત્યારે લેણદારે એ સ્વીકારી લેવી જોઈએ. પણ નો રકમની અદાયગી માટે લેણદાર અથવા બંને તરફથી કોઈ મુદ્દત નક્કી થઈ હોય, તે એવા સંજોગમાં લેણદાર મુદ્દત તમામ થયા પહેલા રકમ સ્વીકારવા માટે મનાઈ કરી શકશે.

**<u>મસઅલો ૨૨૮૩</u>** : અગર કરજના સીગામાં કે કરારમાં ભરપાઈ માટે મુદ્દત નક્કી થઈ હોય,

તો અગર એ મુદ્દત કરજદારના પ્રસ્તાવથી યા બંનેની દરખાસ્તથી થઈ હોય, તો લેણદાર મુદ્દત પૂરી થાય એથી પહેલાં ભરપાઈ માટે માંગણી નહીં કરી શકે. પણ જો એ મુદ્દત લેણદારે નક્કી કરી હોય, અથવા ભરપાઈ વિષે સદંતર કોઈ મુદ્દત નિયુકત ન થઈ હોય તો લેણદાર ચાહે ત્યારે ભરપાઈ માટે માંગણી કરી શકે છે.

**મસઅલો ૨૨૮૪** : અગર લેણદાર પોતાનું લેણું માંગે, અને કરજદાર ભરપાઈ કરવાની શક્તિ ધરાવતો હોય, તો તરતજ ભરપાઈ કરી દેવું જોઈએ અને જો તેમાં ઢીલ કરે તો એ ગુનેહગાર થશે.

**મસઅલો ૨૨૮૫** : અગર કરજદાર પોતાના રહેવાના મકાન અને બીજી જરૂરીઆતની સામગ્રીઓ સિવાય કાંઈ ધરાવતો ન હોય, એવી સામગ્રીઓ કે જે વિના એ મુશકેલીમાં મૂકાઈ જતો હોય, તો એવા સંજોગમાં લેણદાર તકાજો નહીં કરી શકે, બલ્કે એને એટલી વાર સબર કરવું જોઈએ કે જેથી કરજદાર લેણું ભરપાઈ કરે શકે.

**મસઅલો ૨૨૮૬** : જે કરજદાર પોતાનું કરજ અદા ન કરી શકતો હોય, પણ એ પોતાની લાયકાત મુજબ કમાણી કરવા સશક્ત હોય, તો એહતીયાતે વાજિબ એ છે કે કમાણી કરીને લેણું ભરાઈ કરી આપે. ખાસ કરીને જો એ આસાનીથી કમાણી કરી શકતો હોય. યા એ ધંધાદારી હોય, તો તે મુજબ વર્તવું એના માટે વાજિબ છે.

**મસઅલો ૨૨૮૭** : જે માણસ પોતાના લેણદારને પામી શકતો ન હોય, અને ભવિષ્યમાં તેની યા તેની વારસદારોની મુલાકાતની આશા કે ઉમેદ ધરાવતો ન હોય, તો એવા સંજોગમાં એ લેણદાર વતી લેણાની રકમ કોઈ ફકીરને આપી દીએ, અને એહતીયાતની રૂએ તેમ કરવા પ્રથમ હાકીમે શરઅની રજા મેળવે. અને જો એનો લેણદાર સૈયદ ન હોય, તો એ એહતીયાતે મુસ્તહબ છે કે એનું લેણું સૈયદ ફકીરને ન આપે.

પણ જો એવી ઉમેદ હોય કે લેણદાર યા તેના વારસદારોને મળી શકશે, તો તે માટે ઈન્તેઝાર કરવું જોઈએ, અને તેની શોધ કરવી જોઈએ. અને જો એ ન મળે તો વસિયત કરે કે અગર એ મરણ પામે અને લેણદાર યા તેના વારસદારો ઉપસ્થિત થાય, તો તેના માલ માંથી એ લેણું ભરપાઈ કરવામાં આવે.

**મસઅલો ૨૨૮૮** : અગર મરણ પામનારના માલમાં ફકત દફનના વાજિબ ખર્ચ અને કરજની રકમ કરતાં વધુ ન હોય, તો એ કામમાં જ માલનો ઉપયોગ કરવામાં આવશે. અને વારીસોને કાંઈ નહીં મળે.

**<u>મસઅલો ૨૨૮૯</u>** : અગર કોઈ શખ્સ નાણું, સોનું, યા ચાંદી કરજ રૂપે લીએ, અને આગળ જતાં તેની કિંમત ઘટી જાય, તો જે પ્રમાણમાં કરજ લીધું હોય તે પ્રમાણમાં પાછું આપે તો કાફી ગણાશે, અને જો તેની કિંમત વધી ગઈ હોય, તો લાઝિમ છે કે જે પ્રમાણમાં લીધુ હતું એજ પ્રમાણમાં પાછું આપે. પણ બંને સંજોગમાં લેણદાર અને કરજદાર એ સિવાયની સમજૂતી ઉપર રજા મંદ હોય, તો તેમાં ઈશ્કાલ નથી.

**<u>મસઅલો ૨૨૯૦</u>** : જે માલ કરજ રૂપે લેવામાં આવ્યો હોય, તે માલ અગર સલામત રહ્યો હોય, અને લેણદારે પાછું માંગે તો એહતીયાતે મુસ્તહબ છે કે કરજદાર એ જ માલ પાછો આપે.

**<u>મઅસલો ૨૨૯૧</u>** : જે શખ્સ કરજ આપતી વેળા શરત કરે કે ભરપાઈ વેળા વધુ લેશે, જેમકે, એક મણ ઘઉંના બદલામાં એક મણ અને પાંચ શેર માંગે, અથવા દસ ઈંડા સામે અગિયાર માંગે, તો એ વ્યાજ અને હરામ ગણાશે, બલ્કે જો એવી શરત કરે કે કરજદાર કરજ ઉપરાંત તેના માટે કોઈ કામ અંજામ આપે, અથવા જે કરજ લીધું છે, તેની ભરપાઈ વેળા કોઈ બીજી વસ્તુ અમુક પ્રમાણમાં દેશે, જેમકે, એવી શરત કરે કે એક તુમાન કરજ ભરપાઈ કરતી વેળા સાથે એક બાકસ આપશે, તો એ પણ વ્યાજ અને હરામ ગણાશે, ઉપરાંત, જો એવી શરત કરે કે જે વસ્તુ કરજ રૂપે આપી છે, તે ભરપાઈ વેળા બીજા ખાસ સ્વરૂપમાં આપશે, જેમકે, કાચું સોનું કરજ રૂપે આપી શરત કરે કે ભરપાઈ વેળા ઘડેલું સોનું આપશે, તો એ પણ વ્યાજ અને હરામ છે.

પણ જો કોઈપણ શરત વિના પોતે કરજદાર કરજ કરતા વધુ ભરપાઈ કરે, તો તેમાં ઈશ્કાલ નથી, બલ્કે તેમ કરવું મુસ્તહબ છે.

**<u>મસઅલો ૨૨૯૨</u>** : વ્યાજ આપવું, વ્યાજ લેવાની જેમ હરામ છે અને અગર કોઈ શખ્સ વ્યાજ સામે કરજ ઉપાડે તો અગરચે જાહેર રીતે એ માલનો ધણી થઈ જાય છે, પણ બેહતર છે કે એ માલને ઉપયોગમાં ન લીએ. પણ જો એવી સુરત હોય કે વ્યાજની સમજૂતી ન હોવા છતાં કરજદેનાર રાજી હતો કે કરજદારે નાણાનો ઉપયોગ કરે, તો પછી કોઈ પણ ઈશ્કાલ વિના એ ઉપયોગ કરી શકશે.

**<u>મસઅલો ૨૨૯૩</u>** : અગર કોઈ શખ્સ ઘઉં યા એવી વસ્તુ વ્યાજવાળા કરજ રૂપે લીએ અને વાવેતર કરે તો જાહેર એ છે કે તેમાંથી હાંસિલ કરેલા પાકનો એ માલિક છે. અગરચે બહેતર છે એ પાક ઉપર કોઈ જાતનો તસરરૂફ (વપરાશ) ન કરે.

**<u>મસઅલો ૨૨૯૪</u>** : અગર કોઈ શખ્સ લિબાસ ખરીદે, અને તે બાદ વેંચનાર જે વ્યાજનો પૈસો યા એ હલાલ નાણું કે જેમાં વ્યાજનું ભેળસેળ હોય. કિંમત રૂપે આપે તો એ લિબાસનું પહેરવું અને એ

સાથે નમાઝ પડવી જાએઝ છે, પણ જો વેંચનારને એમ કહે કે આ કપડું હું આ નાણાંથી ખરીદી રહ્યો છું તો એ કપડું કહેરવું હરામ છે, તેવા કપડાંમાં નમાઝ પડવા સંબંધી જે હુકમ છે તે નમાઝ પડનારના લિબાસના પ્રકરણમાં બયાન થઈ ચૂકયો છે.

**મસઅલો ૨૨૯૫** : અગર કોઈ શખ્સ વેપારીને કોઈ રકમ કરજરૂપે આપીને કહે કે બીજા શહેરમાં તેની પાસેથી ઓછી રકમ વસૂલ કરશે, તો તેમાં વાંધો નથી અને એને "સરફએ બરાઅત" કહેવાય છે.

**મસઅલો ૨૨૯૬** : અગર ઈન્સાન કોઈ શખ્સને એક રકમ એ શરતે આપે કે અમુક દિવસો બાદ બીજા શહેરમાં એથી વધુ વસૂલ કરશે, જેમકે નવસો નેવું તુમાન દઈને દસ દિવસ બાદ બીજે સ્થળે હજાર તુમાન વસૂલ કરશે, તો જો એ નાણું સોના ચાંદીથી બનેલું હોય, તો વ્યાજ હરામ ગણાશે. પણ જો વધુ વસૂલ કરનાર એ વધારના મુકાબલામાં કોઈ જણસ આપે અથવા કોઈ કાર્ય અંજામ આપે, તો પછી તેમાં કોઈ વાંધો નથી. અને જો એ નાણાં ગણતરી ચલણી નોટો રૂપે હોય તો વધારે વસૂલવામાં વાંધો નથી. અલબત્ત, અગર કોઈએ ચલણી નાણું કરજ રૂપે આપે અને વધુ વસૂલ કરવાની શરત મૂકે, તો એ હરામ છે, અથવા જો ઉધારનો સોદો કરે, અને આપેલું તેમજ વસૂલ કરેલું જણસ એક જ પ્રકારનું હોય, તો આવા સંજોગમાં સોદો સહીહ હોવું ઈશ્કાલથી ખાલી નથી.

**મસઅલો ૨૨૯૭** : અગર કોઈ લેણદાર પોતાનું કરજ કે જે સોના, ચાંદી યા માપતોલની વસ્તુ ન હોય, તેને કરજદાર પાસે યા બીજા કોઈ શખ્સ પાસે ઓછી કિંમતે વેંચી, તેની રોકડ કિંમત વસૂલ કરવા માંગે તો તેમ કરી શકે છે. એ હિસાબે વર્તમાન કાળમાં વચનપત્રો, હૂંડીઓ કે જે કરજદાર પાસેથી લેણદારો લીએ છે, તેને બેન્કમાં યા કોઈ બીજા પાસે પોતાના લેણા કરતા ઓછી કિંમતે વેંચીને બાકી રકમ રોકડ વસૂલ કરી શકે છે; કારણ કે ચલણી નોટોનો મામલો માપતોલથી થતો નથી.

## હવાલાના એહકામ

**મસઅલો ૨૨૯૮** : અગર કોઈ શખ્સ પોતાના લેણદારને હવાલો આપે કે એનું લેણું બીજા કોઈ પાસેથી વસૂલ કરે, અને લેણદાર એ મંજૂર રાખે, જો હવાલા માટેની જે શરતો આગળ જતાં જણાવવામાં આવશે તે પૂરી જઈ જાય, તો જેને નામે હવાલો થાય એ કરજદાર ગણાશે. ત્યાર બાદ લેણદાર પોતાનું લેણું અસલ દાવેદાર પાસેથી નહીં માંગી શકે.

**મસઅલો ૨૨૯૯** : કરજદાર, લેણદાર અને જેને નામે હવાલો દેવામાં આવે, એ ત્રણેયનું બાલીગ, આકીલ હોવું જરૂરી છે, અને તે માટે કોઈ દબાણ થયો ન હોવો જોઈએ. એવી જ રીતે એમાં

કોઈસફીહ એટલે કે એવો મૂર્ખ ન હોવો જોઈએ કે જે પોતાના માલને વેડફી નાખતો હોય, ઉપરાંત જરૂરી છે કે કરજદાર અને લેણદાર દેવાળિયો ન હોય, અલબત્ત, અગર જેને નામે હવાલો દેવાતો હોય તે કરજમુક્ત હોય, તો હવાલો આપનાર દેવાળિયો હોય તો તેમાં ઈશ્કાલ નથી.

**મસઅલો ૨૩૦૦** : અગર જેના નામે હવાલો દેવાઈ રહ્યો હોય તેના ઉપર હવાલો આપનારનું કરજ ન હોય, તો જો એ મંજૂર ન કરે તો હવાલો સહીહ નહીં ગણાય. એવી જ રીતે હવાલો આપનારનું જે વસ્તુનું કરજ હોય, તે સિવાય કોઈ બીજી વસ્તુનો હવાલો આવે તો હવાલો લેનાર માન્ય ન રાખે તો સહીહ નહીં ગણાય.જેમકે જવનું કરજ હોય અને ઘઉં વસૂલ કરવાનો હવાલો આપે, તો એ સહીહ નથી. બલ્કે દરેક સંજોગમાં જેને નામે હવાલો દેવાનો હોય તેની મંજૂરી લેવી જોઈએ, નહીંતર એ સહીહ નથી.

**મસઅલો ૨૩૦૧** : જે સમયે ઈન્સાન હવાલો આપી રહ્યો હોય, ત્યારે વાસ્તવમાં કરજવાન હોવો જોઈએ, એટલે કે અગર કોઈ કરજ લેવાનો ઈરાદો ધરાવતો હોય, તો જયાં સુધી કરજ ન લીએ, ત્યાં સુધી થનાર લેણદારને કહી નહીં શકે કે ફલાણાના નામે હવાલો આપું છું.

**મસઅલો ૨૩૦૨** : હવાલામાં માલનો પ્રકાર, અને તેનું પ્રમાણ નક્કી હોવું જરૂરી છે, તો અગર કોઈ શખ્સ ઉપર દસ મણ ઘઉં અને દસ તુમાન રોકડાનું કરજ હોય, અને એ લેણદારને કહે કે બેમાંથી એક વસ્તુ ફલાણા પાસેથી લઈ લેજો, અને એ વસ્તુ નક્કી ન કરે તો હવાલો દુરસ્ત નહીં ગણાય.

**મસઅલો ૨૩૦૩** : અગર કરજ નક્કી હોય, પણ હવાલો દેતી વેળા લેણદાર અને કરજદાર તેનું પ્રમાણ કે તેના પ્રકારની માહિતી ન હોય, તો હવાલો સહીહ ગણાશે. જેમકે, એ લેણાની નોંધ ચોપડામાં હોય, અને ચોપડામાં જોયા પહેલાં હવાલો સહીહ ગણાશે. જેમકે, એ લેણાની નોંધ ચોપડામાં જોઈ કરજનું પ્રમાણ લેણદારને જણાવે, તો હવાલો સહીહ છે.

**મસઅલો ૨૩૦૪** : લેણદારને હક છે કે હવાલો મંજૂર ન કરે, અગરચે જેને નામે હવાલો હોય એ શખ્સ પૈસાદાર હોય, અને હવાલા મુજબ ભરપાઈ કરી દેવામાં કોતાહી ન કરતો હોય.

**મસઅલો ૨૩૦૫** : અગર જે શખ્સને નામે હવાલો અપાતો હોય, તે હવાલો દેનારનો કરજદાર ન હોય, અને હવાલો સ્વીકારી લીએ, તો હવાલો ભરપાઈ કરવા પહેલાં પણ હવાલો દેનાર પાસેથી હવાલા પેટે અમુક રકમ માંગી શકે છે, પણ જે લેણાનો હવાલો તેને આપવામાં આવ્યો હોય, તેની મુદ્દત હજી પૂરી ન થઈ હોય, તો મુદ્દત પૂરી થયા પહેલાં એ હવાલા દેનાર પાસેથી કાંઈ માંગી શકશે નહીં, અગરે પોતે ભરપાઈ કરી ચૂક્યો હોય. એવી જ રીતે જો લેણદારે પોતાના કરજ કરતા ઓછી રકમની સમજૂતી કરી હોય, તો એ હવાલો દેનાર પાસેથી માત્ર એટલી જ રકમ માંગી શકશે.

**<u>મસઅલો ૨૩૦૬</u>** : હવાલો જયારે સર્વે શરતો સાથે તૈયાર થાય, તે બાદ હવાલો આપનાર અને હવાલો સ્વીકારનાર એ હવાલાને રદબાતલ નહીં કરી શકે.

અને હવાલો આપતી વેળા હવાલો લેનાર જો ફકીર ન હોય, પણ આગળ જતાં નાદાર, ફકીર થઈ જાય, તો લેણદાર પણ એ હવાલાને રદ નહીં કરી શકે. અને અગર હવાલો લેતી વેળા એ ફકીર હોય, અને લેણદારને તેની ફકીરીની જાણ હોય, તો પણ હવાલો તૈયાર થઈ ગયા બાદ તેને રદ્દ નહીં કરી શકે. પણ જો લેણદારને તેના ફકીર હોવાની ખબર ન હોય, અને પછીથી તેને જાણ થાય, તો અગર હજુ સુધી એ માલદાર ન થયો હોય, તો લેણદારને હક છે કે એ હવાલો રદ કરાર દઈ હવાલા દેનાર પાસેથી લેણું વસૂલ કરે, પણ જો હવાલો લેનાર માલદાર થઈ ગયો હોય, તો હવાલાને રદ કરી શકાય કે નહીં, તે માલૂમ નથી.

**<u>મસઅલો ૨૩૦૭</u>** : અગર કરજદાર, લેણદાર અને હવાલો સ્વીકારનાર, અથવા તેમાંથી કોઈ પણ એક પોતા માટે હવાલાને રદ કરવાનો અધિકાર શરતરૂપે મૂકે, તો પછી જે રીતે કરાર થયો હોય, તે મુજબ હવાલાને રદ કરી શકશે.

**<u>મસઅલો ૨૩૦૮</u>** : અગર હવાલો દેનાર પોતે લેણદારનું લેણું ચૂક્વી દીએ, તો જેને નામે હવાલો દીધો હતો અને જેના ઉપર એનું કરજ પણ હતું, તે પાસેથી લેણદારને જે આપ્યું હતું તે પરત મેળવી શકે છે, પણ તેમાં શરત એ કે હવાલો સ્વીકારનારે એવી વિનંતી કરેલી હોય, પણ જો એવી વિનંતી ન કરેલી હોય, અથવા એ હવાલો લેનાર તેનો કરજવાન ન હોય, તો તેની પાસેથી કોઈ વસ્તુ માંગી નહીં શકે.

## ગીરવી રાખવાના એહકામ

**<u>મસઅલો ૨૩૦૯</u>** : 'રેહન' એટલે ગીરો, એને કહેવાય કે ઈન્સાન કોઈ પાસે કરજ સામે, યા કોઈ એવા માલ સામે કે જેની ઝિમ્મેદારી એને શીરે હોય, કોઈ માલ મૂકે; કે જેથી અગર એ લેણું યા માલ અદા ન થાય તો એ માલમાંથી તેનું અવેજ હાંસિલ કરી શકે.

**<u>મસઅલો ૨૩૧૦</u>** : ગીરો માટે સીગાનો ઉચ્ચાર જરૂરી નથી, અગર ગીરો મૂકનાર માલને એ નિય્યતથી ગીરો લેનાર પાસે મૂકે, અને લેનાર પણ એજ ઈરાદે તેનો સ્વીકાર કરી લીએ, તો ગીરો સહીહ ગણાશે.

**<u>મસઅલો ૨૩૧૧</u>** : ગીરો મૂકનાર અને લેનાર બંને માટે બાલીગ, આકીલ હોવું જરૂરી છે, અને એ મામલામાં કોઈ દબાણને વશ ન થયા હોવા જોઈએ. ઉપરાંત ગીરો મૂકનાર દેવાળિયો યા સફીહ ન

હોવો જોઈએ (એ બંનેના અર્થ મસઅલા ૨૨૮૨માં સમજાવવામાં આવ્યા છે) અગર દેવાળિયો હોય, પણ જે માલ ગીરવે મૂક્તો હોય તે એનો માલ ન હોય, યા એવો માલ ન હોય કે જેમાં તસરરૂફ (વપરાશ) કરવાથી તેને રોકવામાં આવ્યો હોય, તો કોઈ વાંધો નથી.

**મસઅલો ૨૩૧૨** : ઈન્સાન માત્ર એ જ માલને ગીરો રાખી શકે છે કે જેનો ઉપયોગ, વહીવટ વી. શરીઅત મુજબ જાએઝ હોય. અને અગર પારકા માલને તેના માલિકને રજાથી ગીરો મૂકે તો એ સહીહ ગણાશે.

**મસઅલો ૨૩૧૩** : જે વસ્તુ ગીરો મૂકાય તે માટે શરત છે કે તેનું ખરીદ,વેચાણ શરીઅત પ્રમાણે સહીહ હોય, અગર કોઈ શખ્સ દારૂ યા એવી જાતની વસ્તુ ગીરો મૂકે તો એ સહીહ નહીં ગણાય.

**મસઅલો ૨૩૧૪** : ગીરો મૂકેલી વસ્તુમાંથી જે કાંઈ નફો કે ફાયદો થાય, તે વસ્તુના માલિકની મિલકીયત ગણાશે, ચાહે એ માલિક ગીરો મૂકનાર પોતે હોય, યા કોઈ બીજો શખ્સ હોય.

**મસઅલો ૨૩૧૫** : ગીરો રાખનાર શખ્સને હક નથી કે તેની પાસે ગીરો રાખેલી વસ્તુ તેના માલિકની રજા વગર કોઈ બીજાની માલિકીમાં ભેટરૂપે યા વેચીને આપે; ચાહે એ વસ્તુનો માલિક પોતે ગીરો મૂકનાર હોય, યા કોઈ બીજો શખ્સ હોય, તેની રજા લેવાની જરૂરત છે, અને અગર ભેટરૂપે આપી યા વેચી નાખીને પછીથી રજા મેળવી લીએ તો વાંધો નથી.

**મસઅલો ૨૩૧૬** : અગર ગીરો રાખનાર શખ્સ પોતા પાસે ગીરવે પડેલી વસ્તુ તેના માલિકની સંમંતિથી વેચી નાખે, તો તેમાંથી હાંસિલ થએલ રોકડ નાણા માલની જેમ ગીરવી નહીં ગણાય. એવી જ રીતે જો ધણીની રજા વગર વેચી નાંખે અને પછીથી તેની સંમંતિ મેળવી લીએ, તો પણ રોકડ નાણું ગીરવી નહીં ગણાય.

પણ જો ગીરો મૂકનાર શખ્સ ગીરો લેનારની રજાથી એ શરતે વેચે કે તેના બદલામાં જે મળશે એ પણ ગીરો રહેશે, તો પછી એ મુજબ વર્તવુ જરૂરી રહેશે, નહીંતર એ મામલો બાતિલ ગણાશે, સિવાય કે ગીરો લેનારે રજા આપી હોય.

**મસઅલો ૨૩૧૭** : જયારે કરજ અદા કરવાનો સમય પાકી ગયો હોય, અને લેણદાર માંગણી કરે, પણ કરજ અદા ન કરે, તો લેણદાર પોતા પાસે કરજદારની પડેલી ગીરવી વસ્તુ વેચીને જેટલું લેણું હોય તે વસૂલ કરી શકશે, પણ તેમાં શરત એ છે કે લેણદારને તેમ કરવા માટે કરજદારે પહેલેથી વકાલત સોંપી હોય.

અને જો પહેલેથી વકાલત આપી ન હોય, તો લાઝિમ છે કે પ્રથમ કરજદારની રજા મેળવે,

અને જો એ કરજદારનો ભેટો ન થતો હોય, અથવા એને શોધવું મુશ્કેલ હોય, તો હાકીમે શરઅની રજા લઈને ગીરવી વસ્તુને વહેંચશે, અને પોતાનું લેણું વસૂલ કરશે.

અલબત્ત, દરેકમાં સંજોગમાં લેણું વસૂલ કર્યા બાદ જે વધારો રહે તેનો હક કરજદારનો છે, માટે તેને સુપરત કરી દેવું જોઈએ.

**મસઅલો ૨૩૧૮** : અગર કરજદાર પાસે પોતાના રહેવાના મકાન અને જરૂરીઆતની ઘર સામગ્રી સિવાય કાંઈ ન હોય, તો એવા સંજોગમાં લેણદાર પોતાનું લેણું તેની પાસેથી તલબ નહીં કરી શકે. પણ જો એ કરજદારે તેની પાસે ગીરવે માલ રાખ્યો હોય,ચાહે એ માલ મકાન અને તેની સામગ્રીઓ રૂપે હોય. લેણદાર તેનું વેચાણ કરી પોતાનું લેણું વસૂલ કરી શકશે.

## જામીન થવાના એહકામ

**મસઅલો ૨૩૧૯** : જયારે ઈન્સાન કોઈનું કરજ અદા કરવા માટે જામીનગીરી લેવા તૈયાર થાય, ત્યારે તેના માટે શરત છે કે લેણદારને ગમે તે ભાષાના સ્પષ્ટ શબ્દોમા, યા અમલરૂપે, ખાત્રી આપે કે એ જામીન થયો છે અને કરજ અદા કરી આપશે. સાથે સાથે લેણદારની પણ રજામંદી હોવી જોઈએ. અલબત્ત, કરજદારની રજામંદીની શરત નથી.

**મસઅલો ૨૩૨૦** : જામીન અને લેણદાર બંને બાલીગ અને આકીલ હોવા જોઈએ, અને કોઈએ એમના ઉપર દબાણ કોઈએ કર્યુ ન હોવું જોઈએ. ઉપરાંત, જરૂરી છે કે તેઓ સફીહ ન હોય, એટલે કે બેવકુફીથી પોતાનો માલ વેડફી નાંખનારા ન હોય, તેમજ લેણદાર દેવાળિયો ન હોવો જોઈએ.

પરંતુ આ શરતો કરજદારને લાગુ પડશે નહીં, દાખલા તરીકે કોઈ શખ્સ એવી જામીનગીરી લીએ કે બાળકનું, યા કોઈ દીવાનાનું, યા કોઈ સફીહનું કરજ ભરી આપશે, તો એ જામીનગીરી સહીહ છે.

**મસઅલો ૨૩૨૧** : અગર કોઈ શખ્સ એવી શરતે જામીનગીરી લીએ કે જો કરજદાર તારૂં લેણું નહીં ભરે તો હું ભરી આપીશ, તો એવી જામીનગીરીનું કાયદેસર હોવું ઈશ્કાલ ધરાવે છે.

**મસઅલો ૨૩૨૨** : જે શખ્સ વતી જામીનગીરી લેવાનો ઈરાદો હોય, તે શખ્સનું વાસ્તવમાં કરજદાર હોવું જરૂરી છે. એટલે કે અગર કોઈ શખ્સ માત્ર કરજ ઉપાડવાનો ઈરાદો ધરાવતો હોય, તો જયાં સુધી કરજ ન લીએ ત્યાં સુધી તેની જામીનગીરી લઈ નહીં શકાય.

**મસઅલો ૨૩૨૩** : જામીન થવા લેણદાર, કરજદાર કોણ છે, તે નિયુકત થવા જોઈએ, અને જે વસ્તુનું લેણું છે તે વસ્તુની પૂરે પૂરી પીછાન થઈ ગઈ હોવી જોઈએ. અગર કોઈ શખ્સના બે લેણદારો હોય અને જામીન થવાવાળો એમ કહે કે એ બે લેણદારોમાંથી એકનું લેણું ભરપાઈ કરશે, તો નક્કી ન

કરવાના કારણે આ જમીનગીરી બાતિલ છે.

એવી જ રીતે અગર કોઈ શખ્સના બે કરજદારો હોય, અને જામીન થવાવાળો કહે કે બેમાંથી એક કરજદારનું કરજ ભરી આપશે,તો નક્કી ન કર્યા હોવાના કારણે તેની જામીનગીરી નહીં ગણાય.

એજ હિસાબે અગર કોઈ શખ્સના લેણામાં દસ મણ ઘઉં અને દસ તુમાન રોકડા હોય, અને જામીન થવાવાળો કહે કે એ બે લેણામાંથી એક ભરી આપશે, અને નિયુકત ન કરે કે ઘઉં ભરશે યા રોકડા નાણા, તો એ જામીનગીરી બાતિલ છે.

**મસઅલો ૨૩૨૪** : અગર લેણદાર પોતાનું લેણું જમાનત લેવાવાળાને બક્ષી આપે, તો પછી જામીન કરજદાર પાસેથી કોઈ માંગણી નહીં કરી શકે, અને જો લેણાનો અમુક ભાગ બક્ષી આપે, તો એટલો ભાગ કરજદાર પાસેથી જામીન નહીં માંગી શકે.

**મસઅલો ૨૩૨૫** : અગર કોઈ શખ્સ કોઈના વતી કરજ ભરપાઈ કરવા માટે જામીન થઈ જાય, તો પછી એમાંથી ફરી શકશે નહીં.

**મસઅલો ૨૩૨૬** : લેણદાર અને જામીન પોતાના કરારમાં, અહવતની રૂએ, એવી શરત રાખી નથી શકતા કે ચાહે ત્યારે જામીનની જામીનગીરી રદ કરી શકશે.

**મસઅલો ૨૩૨૭** : અગર જામીન થતી વેળા લેણદારનું લેણું ભરપાઈ કરવાની શક્તિ ધરાવતો હોય, અગરચે આગળ જતા એ ફકીર થઈ જાય, તો લેણદાર એની જામીનગીરી રદ કરીને અસલ કરજદાર પાસેથી પોતાનું લેણું નહીં માંગી શકે. એવી જ રીતે અગર લેણદારને જાણ હોય કે જામીન લેણું ભરવા અશક્ત છે, પણ એ છતાં એણે માન્ય રાખ્યું હોય,તો જામીનને મૂકીને અસલ કરજદાર પાસેથી તલબ નહીં કરી શકે.

**મસઅલો ૨૩૨૮** : અગર ઈન્સાન જામીન થતી વેળા લેણદારનું લેણું ભરવાની તાક્ત ન ધરાવતા હોય, અને લેણદારને એ હકીકતની જાણ ન હતી, તો એવા સંજોગમાં અગર લેણદાર જામીનની જામીનગીરીને રદ કરવા માંગે તેમાં ઈશ્કાલ છે, ખાસ કરીને જો એવું બન્યું હોય કે લેણદારને ખરી હકીકતની ખબર પડે એથી પહેલાં જામીન શખ્સ શક્તિશાળી થઈ ગયો હોય.

**મસઅલો ૨૩૨૯** : અગર કોઈ શખ્સ કરજદારની રજા કે સંમતિ વિના તેના કરજ માટે જામીન થાય, તો પછી એ કરજદાર પાસેથી કોઈ માંગણી નહીં કરી શકે.

**મસઅલો ૨૩૩૦** : અગર કોઈ શખ્સ કરજદારની રજાથી તેનું કરજ ભરવાની જામીનગીરી લીએ, તો જેટલી જમાનત આપી હોય તે લેણદારને આપ્યા પહેલાં કરજદાર પાસેથી ઉઘરાવી શકે છે.

પરંતુ અગર કરજદારનું કરજ જે પ્રકારનું હોય, તેથી હટીને કોઈ બીજા પ્રકારની વસ્તુ લેણદારને ભરે, તો એ બીજી વસ્તુ કરજદાર પાસેથી તલબ નહીં કરી શકે. દાખલા તરીકે કરજદાર ઉપર દસ મણ ઘઉંનું કરજ હતું, અને જામીને લેણદારને તે ઘઉંના બદલામાં દસ મણ ચોખા-ચાવલ આપી દીધા, તો એ જામીન કરજદાર પાસેથી ચોખા નહીં માંગી શકે.

અલબત્ત, અગર કરજદાર પોતે રાજી હોય કે ચોખા આપશે તો તેમાં કોઈ ઈશ્કાલ નથી.

## કિફાલતના અહકામ

**મસઅલો ૨૩૩૧** : કિફાલતનો અર્થ એ છે કે ઈન્સાન એવી જામીનગીરી આપે કે જયારે પણ લેણદાર તકાજો કરે ત્યારે તરત જ કરજદારને હાજર કરીને તેને સુપરત કરી આપે. આવી જાતની જામીનગીરી લેનારને કફીલ કહેવાય છે.

**મસઅલો ૨૩૩૨** : કિફાલત માટે શરત છે કે કફીલ ગમે તે ભાષામાં સ્પષ્ટ ઉચ્ચારથી, યા અમલીરૂપે, લેણદારને ખાત્રી આપે કે જયારે પણ એ તલબ કરશે ત્યારે કરજદારને હાજર કરી સુપરત કરી આપવાની જવાબદારી એણે લીધી છે, સાથે સાથે શરત છે કે લેણદાર એ ખાત્રીનો સ્વીકાર કરે. અહવતની રૂએ કિફાલતના સહીહ હોવામાં કરજદારની રજામંદી પણ હોવી જોઈએ; બલ્કે અહવત એ છે કે કોલકરારના પક્ષમાં કરજદારનો સમાવેશ થવો જોઈએ. એટલે કે કરજદાર અને લેણદાર બંને કિફાલતની સંમતિ આપે.

**મસઅલો ૨૩૩૩** : કફીલ માટે જરૂરી છે કે બાલીગ, આકીલ હોય,કોઈ પણ જાતના દબાણ હેઠળ ન હોય, અને જેના માટે કફીલ બન્યો હોય તેને હાજર કરી આપવા શક્તિમાન હોય, ઉપરાંત કફીલ બનનાર દેવાળિયો કે સફીહ (પોતાનો માલ મૂર્ખાઈ અને બેવકુફીથી વેડફી નાખનારો ન હોવો જોઈએ), ખાસ કરીને જયારે કરજદારને હાજર કરી સુપરત કરી આપવા માટે પોતાના માલમાંથી ખર્ચવાની જરૂરત પડે તેમ હોય.

**મસઅલો ૨૩૩૪** : નીચે જણાવેલ પાંચ સંજોગોમાંથી કોઈ પણ એક સંજોગમાં કિફાલત રદ બાતલ થઈ જાય છે :-

**(૧)** જયારે કફીલ કરજદારને લેણદારને લેણદારના કબ્જામાં આપી દીએ, અથવા એ કરજદાર પોતે આવીને લેણદારને શરણે થઈ જાય.

**(૨)** જયારે લેણદારનું લેણું ભરાઈ જાય.

**(૩)** જયારે લેણદાર પોતાનું લેણું માફ કરી દીએ. અથવા એ લેણું બીજાને નામે તબદીલ કરે.

**(૪)** કફીલ અથવા કરજદાર મરણ પામે.

**(૫)** જયારે લેણદાર કફીલને તેની જવાબદારીથી મુક્ત કરે.

**મસઅલો ૨૩૩૫** : જે શખ્સ જબરદસ્તીથી કરજદારને તેના લેણદારથી છોડાવે, જેને પરિણામે લેણદાર એ કરજદાર સુધી ન પહોંચી શકે, તો જે શખ્સે કરજદારને છોડાવ્યો, એના માટે જરૂરી છે કે યા તો એને લેણદારને હવાલે કરે, અને યા તેનું કરજ ભરપાઈ કરી આપે.

## અમાનત સંબંધેના એહકામ

**મસઅલો ૨૩૩૬** : અગર ઈન્સાન કોઈને માલ સુપરત કરીને કહે કે આ માલ તારી પાસે અમાનત રહેશે; અને સામે પક્ષ મંજૂરી આપે, તો તેના ઉપર અમાનત/વદીઅતના સર્વે હુકમો લાગુ પડશે, જે હવે પછી સવિસ્તાર જણાવવામાં આવશે. બલ્કે અગર માલનો ધણી કાંઈ બોલ્યા વિના કોઈ શખ્સ પાસે એવી રીતે માલ રાખે કે જેથી એની સુરક્ષા થાય, અને રાખી આપનાર પણ એ જ નિય્યતથી સ્વીકારી લીએ, તો અમાનત/વદીઅતના એહકામ લાગુ પડશે.

**મસઅલો ૨૩૩૭** : અમાનત આપનાર અને સ્વીકારનાર બંને માટે જરૂરી છે કે બાલીગ, આકીલ હોય, અને કોઈએ તેમને મજબૂર ન કર્યો હોય. તો અગર કોઈ શખ્સ દીવાના કે બાળક પાસે અમાનત મૂકે, અથવા દીવાનો કે બાળક આવીને કોઈ પાસે અમાનત મૂકી જાય, તો એ સહીહ નહીં ગણાય, અલબત્ત, કોઈ સમજદાર બાળક કે જે સારૂં નરસું સમજવા લાયક થયો હોય, તે પારકો માલ તેના ધણીની રજાથી કોઈ પાસે અમાનત મૂકે તો જાએઝ છે.

એવી જ રીતે અમાનત મૂકનાર માટે જરૂરી છે કે દેવાળિયો યા સફીહ ન હોવો જોઈએ, પણ અગર દેવાળિયો શખ્સ એવો માલ અમાનતરૂપે ન મૂકી જાય, જેમાં તસરરૂફ (વપરાશ) કરવાથી એને રોકવામાં ન આવ્યો હોય તો વાંધો નથી.સાથે સાથે એ પણ જરૂરી છે કે અમાનત સ્વીકારનાર દેવાળિયો કે સફીહ ન હોય, ખાસ કરીને જયારે અમાનતના રક્ષણ માટે તેને પોતાના માલમાંથી ખર્ચ કરવાની જરૂરત પડે.

**મસઅલો ૨૩૩૮** : અગર કોઈ બાળક પાસેથી કોઈ ચીજ અમાનતરૂપે લીએ, અને એ ચીજના માલિકની રજા મેળવી ન હોય, તો એ વસ્તુને તેના માલિક સુધી પહોંચાડી દેવું જોઈએ. પણ અગર એ ચીજ ખુદ બાળકની માલિકીની હોય, તો તેના વલી સુધી પહોંચાડી દેવું જોઈએ અને અગર માલિક સુધી યા બાળકના વલી સુધી માલ પહોંચાડે એથી પહેલાં એ માલને નુકસાન થાય, નાબૂદ થઈ જાય, તો તેનું અવેજ દેવું જોઈએ.

અલબત્ત, અગર એ વસ્તુ બગડે નહીં, અથવા તેમાં ખામી કે ખોડ પેદા ન થાય અને જલદીથી તેના માલિક સુધી પહોંચાડવા માટે પોતા પાસે રાખી હોય, અને તેની રક્ષામાં કોઈ કમી ન કરી હોય, તો એવા સંજોગમાં (નુકસાની કે બગાડો વી. માટે) એ જામીન કે જવાબદાર નથી અને અગર અમાનત મૂકનાર દીવાનો હોય તો એને પણ એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૨૩૩૯** : જે શખ્સ અમાનતની દેખરેખ અને સુરક્ષા ન કરી શકતો હોય, અને અમાનત રાખનારને તેની એવી હાલતની જાણ ન હોય, તો એવા સંજોગમાં એ શખ્સે અમાનતનો સ્વીકાર ન કરવો જોઈએ.

**મસઅલો ૨૩૪૦** : અગર કોઈ શખ્સ માલના માલિકને સ્પષ્ટ જણાવી દીએ કે તેની સંભાળ કે દેખરેખ રાખવા તૈયાર નથી, અને માલ પણ હસ્તગત ન કરે, તે છતાં એ માલનો માલિક માલ તેની પાસે મૂકીને ચાલતો થાય, અને એ માલને કાંઈ નુકસાન પહોંચે યા નાબૂદ થઈ જાય, તો એ શખ્સે અમાનતનો અસ્વીકાર કર્યો હોવાથી જામીન કે જવાબદાર નહીં ગણાય. પણ એહતીયાતે મુસ્તહબ એ છે કે અગર શક્ય હોય તો માલની હિફાઝત કરે.

**મસઅલો ૨૩૪૧** : જે શખ્સ અમાનત મૂક્તો હોય, તે જયારે ચાહે ત્યારે અમાનત પાછી લઈ જઈ શકે છે. એવી રીતે જેણે અમાનતનો સ્વીકાર કર્યો હોય, તે પણ જયારે ઈચ્છે ત્યારે તેનો અસ્વીકાર કરી અમાનત પાછી સુપરત કરી શકે છે.

**મસઅલો ૨૩૪૨** : અગર ઈન્સાન માલની સંભાળ રાખવા તૈયાર ન હોય, અને અમાનતની સમજૂતીને રદ કરી નાખે, તો લાઝિમ છે કે માલ તેના ધણી, વકીલ યા વલી સુધી કોઈ પણ ઢીલ વગર પહોંચાડી આપે. અથવા એમને ખબર પાડી દીએ કે એ માલની સંભાળ રાખવા માટે તૈયાર નથી. અને જો કોઈ પણ કારણ કે ઉઝર વિના ધણી સુધી યા પ્રતિનિધિઓ સુધી માલ ન પહોંચાડે અને તેમને ખબર પણ ન આપે, અને તેમાં કોઈ ખામી, બગાડ કે નુકસાની થાય તો તેનું અવેજ દેવું પડશે.

**મસઅલો ૨૩૪૩** : અગર કોઈ શખ્સ અમાનતને સ્વીકર કરે, તો અગર એના માટે તેની પાસે મુનાસીબ જગ્યા ન હોય તો જરૂરી છે કે અનુકુળ જગ્યા બનાવે યા મેળવે, અને એ અમાનતની એવી સંભાળ રાખે કે જેથી લોકો એમ ન કહે કે એણે કોઈ કચાશ રાખી હતી. અને અગર સંભાળ રાખવમાં કોઈ કચાશને કારણે અમાનતને નુકશાન પહોંચે યા બરબાદ થઈ જાય, તો તેનું અવેજ દેવું પડશે.

**મસઅલો ૨૩૪૪** : અગર કોઈ શખ્સ અમાનત સ્વીકારી તેની સંભાળમાં કોઈ કચાશ ન રાખે, યા નિયમની હદો ન ઓળંગી જાય, અને અનાયાસે માલ બગડે કે નાબૂદ થાય, તો જવાબદાર નહીં

ગણાય.

પણ જો સંભાળ રાખવામાં કચાશ દાખવે, જેમકે એવા સ્થળે મૂકે કે જે સુરક્ષિત ન હોય, અને કોઈ જાલિમને ખબર પડી જતાં એ ત્યાં આસાનીથી પહોંચી શકે એમ હોય, અથવા નિયમની હદો વટાવી જાય, એટલે કે અમાનતનો એવો ઉપયોગ કરે કે જેની માલિકે પરવાનગી ન આપી હોય, જેમકે, લિબાસ હોય તો પહેરવા માંડે, જાનદાર હોય તો તેના ઉપર સવારી કરે, અને તેને કારણે બગાડ કે નુકસાન થાય તો તેનું અવેજ માલિકને આપવું જોઈએ.

**મસઅલો ૨૩૪૫** : અગર અમાનત મૂકનાર માલિક પોતાના માલની સંભાળ માટે જગ્યા નક્કી કરી જાય, અને અમાનત સ્વીકારનારને સ્પષ્ટ જણાવી દીએ કે માલ ફલાણી જગ્યાએ સુરક્ષિત રાખે, અને કોઈ પણ સંજોગે, નુકસાનનો ખોફ હોવા છતાં, ત્યાંથી માલ હટાવવામાં ન આવે, તો એવા સંજોગમાં અમાનત લેનાર માલને બીજી જગ્યાએ નહીં તબદીલ કરી શકે. અને અગર તબદીલ કરે અને માલને નુકસાન થાય તો એ જવાબદાર અને જામીન ગણાશે.

**મસઅલો ૨૩૪૬** : અગર માલનો ધણી પોતાના માલની સંભાળ માટે કોઈ જગ્યા નક્કી કરે, પણ એની વાતનો સાર એ હોય કે જગ્યા માટેની જીદ નથી, બલ્કે એની નજરે સુરક્ષીત જગ્યાઓમાંની એક છે. તો એવા સંજોગમાં અમાનત કબૂલ કરનાર એ માલને બીજી એવી જગ્યાએ તબદીલ કરી શકે છે કે જે એટલી જ યા એથી વધુ હિફાઝતવાળી હોય. અને ત્યાં જો માલને કોઈ નુકસાન થાય તો તેના માટે એ જવાબદાર નહીં ગણાય.

**મસઅલો ૨૩૪૭** : અગર અમાનત મૂકનાર ધણી હંમેશ માટે દીવાનો કે બેહોશ થઈ જાય, તો વદીઅતની સમજૂતી રદ થઈ જશે અને અમાનત સ્વીકારનાર ઉપર લાઝિમ છે કે તરત જ વલી સુધી અમાનત પરત પહોંચાડી આપે, અથવા એને ખબર આપે. અને અગર શરઈ નજરે મંજૂર રહી શકે એવા ઉઝર વગર જો એ શખ્સ ન વલીને માલ પહોંચાડે અને ન તો એને ખબર આપે, અને માલને કોઈ નુકસાન થાય તો તેનું અવેજ દેવું પડશે.

પણ જો માલના ધણીની દીવાનગી યા બેહોશી પ્રસંગોપાત હોય, તો આ સંજોગમાં વદીઅતની સમજૂતીનું બાતિલ થવું ઈશ્કાલથી ખાલી નથી.

**મસઅલો ૨૩૪૮** : અગર માલનો ધણી ગુજરી જાય, તો વદીઅત બાતિલ થઈ જશે. અને એ માલ ઉપર અગર કોઈ બીજાનો હક ન હોય, તો અમાનતદાર તરત જ વારસદારોને માલ સુપરત કરશે, અથવા એમને ખબર આપશે. પણ શરઈ ઉઝર વિના જો માલ વારીસોને ન આપે, અથવા ખબર આપવામાં પણ કચાશ રાખે અને એવા સંજોગમાં માલને નુકસાની થાય, તો એ જવાબદાર અને

જામીન ગણાશે.

પણ અગર એ રીતે ઢીલ થાય કે મય્યતના વારીસો હોવાનો જે દાવો કરે છે, તે સાચા છે કે નહીં; તેની તપાસ કરવાની હોય, અથવા એ કે મય્યતના બીજા કોઈ વારસદારો પણ છે કે નહીં તે તપાસવું હોય, જેને કારણે માલ સુપરત ન કરે અથવા ખબર આપવામાં વિલંબ કરે, અને એ માલને નુકસાની પહોંચે તો એ જામીન નહીં ગણાય.

**મસઅલો ૨૩૪૯** : જયારે માલનો ધણી ગુજરી જાય, અને માલ તેના વારસદારોને મળવાનું હોય, તો અમાનતદાર માટે જરૂરી છે કે તમામ વારીસોને માલ સુપરત કરે. અથવા એને સોંપે કે જેને તમામ વારીસોએ માલ સ્વીકારવાની રજા આપી હોય. તો અગર તમામ વારીસોની રજા વગર કોઈ એક વારીસને સુપરત કરી નાખે, તો એ અમાનતદાર બાકીના વારીસોને ભાગો માટે જામીન રહેશે.

**મસઅલો ૨૩૫૦** : અગર અમાનત સ્વીકારનાર (અમાનતદાર) ગુજરી જાય, અથવા દાયમી દીવાનો કે બેહોશ થઈ જાય, તો વદીઅત બાતિલ થઈ જશે, અને તેનો વારીસ યા વલી માટે લાઝિમ છે કે તરત જ માલના ધણીને ખબર આપી દયે યા અમાનત તેમના સુધી પહોંચાડી આપે.

પણ જો દીવાનગી યા બેહોશી પ્રસંગોપાત હોય તો આ સૂરતમાં વદીઅતનું બાતિલ થવું ઈશ્કાલ ધરાવે છે.

**મસઅલો ૨૩૫૧** : અગર અમાનતદાર પોતામાં મોતની નિશાનીઓ જુએ, તો અગર શક્ય હોય તો અહવતની રૂએ અમાનત તેના ધણી, વલી કે વકીલ સુધી પહોંચાડે, અથવા એને ખબર કરે અને જો તે શક્ય ન હોય તો એવી બધી વ્યવસ્થા કરે કે જેથી એને ઈત્મેનાન થાય કે એના મરણ બાદ અમાનત ધણી સુધી પહોંચાડવામાં આવશે, જેમકે, વસિયત કરી સાક્ષીઓ નીમે, અને પોતાના વસીને તેમજ સાક્ષીને અમાનતના માલિકનું પૂરૂં નામઠામ અને અમાનત કઈ જાતની છે, અને ક્યાં પડી છે, તેની વિગત આપી દે.

**મસઅલો ૨૩૫૨** : અગર ઈન્સાન મરણ પથારીએ પડયો હોય, તે છતાં ઉપરોકત મસઅલામાં જણાવેલી વ્યવસ્થા ન કરે તો તે જામીન ગણાશે, અને અમાનતને નુકસાન થતાં તેનું અવેજ દેવું જરૂરી થશે. અલબત્ત અગર એ સાજો થઈ જાય, ત્યારે અથવા ત્યાર પછી અમુક મુદ્દતે તેને પસ્તાવો થાય, અને ઉપરોકત મસઅલા મુજબ પૂરી વ્યવસ્થા કરે તો પછી જામીન નથી.

## આરીયતના એહકામ (ઉછીનું લેવું-આપવું તેનાં એહકામ)

**મસઅલો ૨૩૫૩** : આરીયત એટલે કે ઈન્સાન પોતાનો માલ ઉપયોગ અને વપરાશ માટે

બીજા કોઈને સોંપે, અને તેના બદલામાં કોઈ વળતર ન લ્યે.

**મસઅલો ૨૩૫૪** : આરીયત આપવા માટે સીગાના ઉચ્ચારની જરૂરત નથી. દાખલા તરીકે અગર કોઈ શખ્સ આરીયતની નિય્યતથી કોઈને કપડું આપે, અને લેનાર એ જ નિય્યતને સમજીને લીએ, તો સહીહ ગણાશે.

**મસઅલો ૨૩૫૫** : અગર કોઈ વસ્તુ ગસ્બી હોય, અથવા માલિકે તે વસ્તુ કોઈને ભાડે આપી દીધી હોય, તો એવી વસ્તુ આરીયતમાં ન આપી શકાય, સિવાય એવા સંજોગમાં કે ગસ્બી વસ્તુનો માલિક અથવા જેને વસ્તુ ભાડે આપી હોય, તે આરીયત માટે રજામંદ થાય.

**મસઅલો ૨૩૫૬** : અગર કોઈ શખ્સે કોઈ વસ્તુ ભાડે લીધી હોય, તો એ વસ્તુને આરીયત તરીકે આપી શકશે, પણ અહવતની રૂએ એ વસ્તુના અસલ માલિકની રજા વિના આરીયત લેનારને સુપરત નહીં કરી શકે, અથવા એને હવાલે નહીં કરી શકે.

**મસઅલો ૨૩૫૭** : અગર કોઈ દીવાનો, બાળક, દેવાળિયો યા સફીહ પોતાની વસ્તુ કે માલ આરીયત આપે, (ઉછીનું આપે), તો એ સહીહ નથી. પણ અગર કોઈ વલી મસ્લેહત સમજીને, એની દેખરેખ હેઠળ રહેલ માલ ઉછીનું આપે તો તેમાં ઈશ્કાલ નથી. એવી જ રીતે અગર ઉછીનું લેનાર સુધી માલ પહોંચાડવા માટે કોઈ બાળક દરમ્યાનમાં હોય તો કોઈ વાંધો નથી.

**મસઅલો ૨૩૫૮** : અગર આરીયત લીધેલી વસ્તુના ધ્યાન સંભાળમાં કોઈ કચાશ ન રાખી હોય, અને તેના ઉપયોગમાં વિવેક જાળવ્યો હોય,તે છતાં અનાયાસે એને નુકસાન, બગાડ થાય, તો આરીયત લેનાર જામીન નથી. પણ જો પહેલેથી એવી શરત મૂકાઈ હોય કે આરીયતના માલમાં કોઈ પણ ખામી કે નુકસાન થતાં ઉછીનું લેનાર જોખમદાર રહેશે. તો તેનું અવેજ દેવું જોઈએ. એવી જ રીતે અગર આરીયત લીધેલી વસ્તુ સોનું યા ચાંદી હોય, તો તેનું અવેજ દેવું જોઈએ.

**મસઅલો ૨૩૫૯** : સોનું અને ચાંદી આરીયત લેતી વેળા અગર એવી શરત મૂકવામાં આવે કે તેમાં જો કાંઈ નુકસાની, ખામી ઉપસ્થિત થાય તો ઉછીનું લેનાર જોખમદાર નહીં રહે, તો એવા સંજોગમાં એ જામીન નથી.

**મસઅલો ૨૩૬૦** : અગર ઉછીનું આપનાર મરણ પામે, તો આરીયત લેનારે, મસઅલા ૨૩૪૮ માં અમાનત લેનાર માટેની જે ફરજો દર્શાવવામાં આવી છે, તે મુજબ અમલ કરવું જોઈએ.

**મસઅલો ૨૩૬૧** : અગર ઉછીનું આપનાર એવી હાલતમાં મુબતેલા થાય કે એ પોતાના માલમાં કોઈ તસરરૂફ (વપરાશ) ન ધરાવતો હોય, જેમકે, દીવાનો યા બેહોશ થઈ જાય, તો આરીયત

લેનારે, મસઅલો ૨૩૪૭ માં અમાનત સંબંધી જે માર્ગદર્શન આપવામાં આવી છે, તે મુજબ અમલ કરવું જોઈએ.

**મસઅલો ૨૩૬૨** : ઉછીનું લેનાર ને આપનાર બંનેને અધિકાર રહે છે કે ચાહે ત્યારે આરીયત સંબંધી થયેલ કરારને રદ કરી નાખે.

**મસઅલો ૨૩૬૩** : જે વસ્તુનો ઉપયોગ હલાલ ન હોય, જેમકે સંગીતના વાજીંત્રો, જુગારના સાધનો, યા સોના ચાંદીના પાત્રો કે જે ખાવા પીવા માટે વપરાશમાં આવતા હોય, તેને આરીયત દેવું બાતિલ છે, બલ્કે એહતીયાતે વાજિબ છે કે ખાવા પીવાના ઉપયોગમાં ન લેવાતા હોય તો પણ સોના ચાંદીના વાસણો આરીયત દેવાય તો બાતિલ છે. અલબત્ત, ફકત શોભા માટે આરીયત આપી હોય તો વાંધો નથી, પણ અહવત છે કે એ પણ ન કરે.

**મસઅલો ૨૩૬૪** : દૂધ કે ઊન વી.થી ફાયદો હાંસિલ કરવાના હેતુથી ઘેટાંબકરાં આરીયત દેવા સહીહ છે. ઉપરાંત કોઈ નર પ્રાણી માદાને ગર્ભવન્ત કરવાના હેતુથી ઉછીનું આપે તો એ સહીહ છે.

**મસઅલો ૨૩૬૫** : અગર જે વસ્તુ આરીયતમાં લીધી હોય, તે તેના માલિક અથવા માલિકના વલી કે વકીલને સુપરત કરી લીએ, અને ત્યાર બાદ તેમાં કોઈ નુકસાન યા ખામી ઉપસ્થિત થાય, તો આરીયત લેનાર જામીન નથી. પણ જો માલિક કે તેના વલી યા વકીલની રજા વગર એ વસ્તુ કોઈ જગ્યાએ રાખે, અગરચે માલિક પોતે પણ એ વસ્તુ ત્યાં જ રાખતો હોય, જેમકે, ઘોડો હોય, અને માલિક હંમેશા એ જ તબેલામાં એને બાંધી રાખતો હોય, અને તેમાં કોઈ નુકસાની કે ખોડખામી ઉપસ્થિત થાય અથવા કોઈ એને હાનિ પહોંચાડે, તો આરીયત લેનાર જામીન ગણાશે.

**મસઅલો ૨૩૬૬** : અગર જે વસ્તુ આરીયત અપાતી હોય તે નજીસ હોય, તો મસઅલા ૨૦૬૫માં જણાવ્યા મુજબ આરીયત લેનારને (ઉછીનું લેનાર) એ વસ્તુની નજાસત સંબંધી જાણ કરવી જોઈએ.

**મસઅલો ૨૩૬૭** : જે વસ્તુ આરીયત રૂપે લીધી હોય તે માલિકની રજા વિના કોઈ બીજાને ભાડે આપી શકાશે નહીં, તેમ બીજાને આરીયત તરીકે પણ નહીં દઈ શકાય.

**મસઅલો ૨૩૬૮** : અગર કોઈ શખ્સ આરીયત લીધેલી વસ્તુ તેના માલિકની રજાથી બીજા કોઈને આરીયત આપે, અને પ્રથમ આરીયત લેનાર મરી જાય અથવા દીવાનો થઈ જાય, તો બીજી આરીયત બાતિલ થતી નથી.

**મસઅલો ૨૩૬૯** : અગર આરીયત (ઉછીનું) લેનારને જાણ થઈ જાય કે જે વસ્તુ એ આરીયત

લઈ આવ્યો છે કે તે ગસ્બી છે, તો તેની ફરજ છે કે વસ્તુ અસલ માલિકને સોંપે, આરીયત આપનારને નહીં.

**મસઅલો ૨૩૭૦** : અગર કોઈ શખ્સ જાણતો હોય કે જે વસ્તુ આરીયત લીધી છે તે ગસ્બી છે, અને તેનો ઉપયોગ પણ કરે, અને હજી જયારે એના કબ્જામાં હોય ત્યારે એ બરબાદ કે ગુમ થઈ જાય, તો એ વસ્તુનો અસલ માલિક તેની પાસેથી યા ગસબ કરનાર પાસેથી, એ વસ્તુનું તેમજ તેમાંથી હાંસિલ કરેલ ફાયદાનું અવેજ માંગી શકશે. પણ જો આરીયત લેનાર પાસેથી અવેજ લીએ, તો આરીયત લેનાર તેના માટે આરીયત દેનાર પાસેથી તકાજો નહીં કરી શકે.

**મસઅલો ૨૩૭૧** : અગર કોઈ શખ્સ જણતો ન હોય કે આરીયત લીધેલી વસ્તુ ગસ્બી છે, અને એના કબ્જામાં હોય ત્યારે ખોવાઈ જાય યા બરબાદ થઈ જાય, તો માલનો અસલ માલિક એની પાસેથી જે અવેજ લીએ તે અવેજનો તકાજો આરીયત દેનાર પાસે કરી શકશે, પણ જો આરીયત(ઉછીનું) સોના ચાંદીની હોય, અથવા જો ઉછીનું આપનારે પહેલેથી શરત મૂકી હોય કે વસ્તુ ખોવાઈ જાય નુકસાન કે ખોડ ખામી ઉપસ્થિત થાય તો ઉછીનું લેનાર જવાબદાર રહેશે કે તેનું અવેજ આપે, તો એવા સંજોગમાં જે માલના માલિકને અવેજ આપે તેનો તકાજો ઉછીનું આપનાર પાસે નહીં કરી શકે.

# નિકાહના એહકામ

નિકાહનો સીગો પડાઈ જતા સ્ત્રી મરદ માટે અને મરદ સ્ત્રી માટે હલાલ થાય છે; અને એ સીગા બે પ્રકારના છે ; એક દાઈમી અને બીજો ગૈર દાઈમી.

અકદે દાઈમીમાં શાદીની કોઈ મુદ્દત હોતી નથી, બલ્કે એ હંમેશ માટે હોય છે. અને એ રીતે ન સ્ત્રી કોઈની પત્ની બને છે, તેને દાઈમી કહેવાય છે.

ગૈર દાઈમી અકદમાં શાદીની મુદ્દત નક્કી કરવામાં આવે છે, જેમકે, એક કલાક, એક દિવસ, એક માસ યા એક વર્ષ યા એથી વધુ મુદ્દત માટે સીગો પડે, પણ એ મુદ્દત મરદ અને સ્ત્રીની ઉંમરથી વિશેષ ન હોવી જોઈએ, નહીંતર એ અકદ બાતિલ ગણાશે. એ રીતે જે અકદ થાય છે, તેને મુત્આ પણ કહેવામાં આવે છે.

## અકદના એહકામ

**મસઅલો ૨૩૭૨** : નિકાહ ચાહે દાયમી હોય કે ગૈર દાઈમી, બંનેમાં શરીઅતે બતાડેલ સીગો પઢવાની જરૂરત છે. સ્ત્રી-પુરૂષની માત્ર રજામંદી, અથવા લેખિત સંમતિ કાફી નથી. નિકાહનો સીગો યા તો પરણતા સ્ત્રી-પુરૂષ પોતે પઢી શકશે, યા તે માટે કોઈ બીજાને વકીલ નીમી સત્તા આપશે કે એમના વતી સીગો પઢે.

**મસઅલો ૨૩૭૩** : વકીલ માટે લાઝિમ નથી કે પુરૂષ હોય, સ્ત્રી પણ બીજા વતી વકીલ તરીકે નિકાહ પઢી શકે છે.

**મસઅલો ૨૩૭૪** : સ્ત્રી અને પુરૂષને જયાં સુધી ઈત્મિનાન હાંસિલ ન થાય કે એમના વકીલે સીગો પડયો છે, ત્યાં સુધી તેઓ એકબીજા સાથે મેહરમ તરીકે વર્તાવ નહી રાખી શકે ; અને માત્ર એવો ભાસ કે ગુમાન હોય કે વકીલે સીગો પડી આપેલ હશે, તો કાફી નહીં ગણાય. બલ્કે અગર વકીલ પોતે કહે કે સીગો પડી આપેલ છે, પણ એનું કહેવું ભરોસાપાત્ર ન જણાય, અને સંતોષકારક ન હોય, તો તે ઉપર કીફાયત કરવું ઈશ્કાલથી ખાલી નથી.

**મસઅલો ૨૩૭૫** : અગર કોઈ સ્ત્રી વકીલને એવી સત્તા આપે કે એના અકદ દસ દિવસ માટે ફલાણા પુરૂષ સાથે પડી આપે, અને એ દસ દિવસોની શરૂઆત ક્યારે થાય તે નક્કી ન કરે, તો એ વકીલ જયારથી ચાહે ત્યારથી દસ દિવસો માટે એ પુરૂષ સાથે એના અકદ પડી શકશે. પણ જો એ વકીલને ખબર હોય કે એ સ્ત્રીએ દિવસ યા ઘડી નક્કી કરી છે. તો વકીલની ફરજ રહેશે કે સ્ત્રીની ઈચ્છા અનુસાર સીગો જારી કરે.

**<u>મસઅલો ૨૩૭૬</u>** : અકદે દાઈમ અને ગૈરે દાઈમ, બંનેમાં એક જ શખ્સ બે પક્ષનો વકીલ થઈને સીગો પડી શકે છે. એવી જ રીતે જે સ્ત્રી સાથે એ પોતાના દાઈમી યા ગૈરદાઈમી અકદ કરતો હોય, તેનો પણ વકીલ થઈ શકે છે. પણ એહતીયાતે મુસ્તહબની રૂએ અકદ પ્રસંગે બે વકિલો હોવા બેહતર છે.

## નિકાહ પઢવાની રીત :

**<u>મસઅલો ૨૩૭૭</u>** : અગર દાઈમી અકદ પોતે સ્ત્રી પુરૂષ પઢવાના હોય, તો મહેરની રકમ નક્કી કર્યા બાદ પ્રથમ સ્ત્રી કહે :

**ઝવ્વજતોક નફસી અલસ સિદાકિલ મઅલૂમ**

(એટલે કે હું મારી જાતને તારી પત્ની તરીકે આપું છું, અને મહેરની ફલાણી રકમ માન્ય રહી છે.) તરતજ, કોઈ પણ નોંધપાત્ર ઢીલ વગર પુરૂષ જવાબ આપે :

**કબિલ્તુત્તઝવીજ**

(એટલે મેં આ શાદી માન્ય રાખી છે ).

આમ પડી લેવાથી અકદ સહીહ થશે, અને જો તેઓ બંને કોઈ બીજાને વકીલ નીમતા હોય કે તેમના વતી નિકાહનો સીગો જારી કરે, તો પ્રથમ સ્ત્રીનો વકીલ પડશે : (દાખલ તરીકે સ્ત્રીનું નામ ફાતેમા હોય ને પુરૂષનું નામ એહમદ હોય.)

**ઝવ્વજતો મોવકકેલક અહમદ મોવકકેલતી ફાતેમત અલસ સિદાકિલ મઅલૂમ**

અને તરત પુરૂષનો વકીલ કોઈ પણ ઢીલ વિના જવાબ આપે :

**કબીલ્તુત્તઝવીજ લેમોવકકેલી અહમદ અલસ સિદાકિલ મઅલૂમ**

તો એ અકદ સહીહ ગણાશે.

એહતીયાતે મુસ્તહબ છે કે જે શબ્દ મરદ સીગામાં જારી કરે, એ સ્ત્રીના જારી કરેલા શબ્દ મુજબ જ હોવા જોઈએ. જેમકે, અગર સીગામાં સ્ત્રીએ કહ્યું હોય "ઝવ્વજતુ" તો મરદે પણ "કબીલ્તુ ત્તઝવીજ" કહેવું જોઈએ. ન કે "કબીલ્તુન્નિકાહ"

**<u>મસઅલો ૨૩૭૮</u>** : અગર સ્ત્રી પુરૂષ ગૈરદાઈમી (મુત્આ)નો સીગો જારી કરવા માંગે તો મુદ્દત અને મહેર નક્કી કર્યા બાદ સ્ત્રી કહે :

**ઝવ્વજતોક નફસી ફીલ મુદ્દતિલ મઅલૂમહ અલલ મહિરલ મઅલૂમ**

ત્યાર બાદ કોઈ પણ ઢીલ વગર પુરૂષ કહે :

**કબીલતો.**

તો એ અકદ સહીહ થશે.

અને જો તેઓ વકીલ નીમે, તો પ્રથમ સ્ત્રીનો વકીલ કહે :

**ઝવ્વજતો મોવકકેલતી મોવકકેલક ફીલ મુદ્દતિલ મઅલૂમહ અલલ મહિરલ મઅલૂમ**

અને કોઈ પણ ઢીલ વગર પુરૂષનો વકીલ કહે :

**કબીલતુત તઝવીજ લી મુવકકેલી હાકઝા.**

તો એ અકદ સહીહ ગણાશે.

## અકદની શરતો

**<u>મસઅલો ૨૩૭૯</u>** : નિકાહના અકદ માટે અમુક શરતો છે :

**(૧)** એહતીયાત છે કે સીગો સહીહ અરબીમાં પડાય. અને જો જાતે પોતે સ્ત્રી પુરૂષ સહીહ અરબીમાં સીગો જારી કરવા અશક્ત હોય, તો અરબી સિવાય બીજી ભાષામાં નિકાહ પડી શકે છે, અને અરબીમાં જ પડાવવા ખાતર વકીલ નીમવાની જરૂરત નથી, પણ એ બીજી ભાષામાં એ વસ્તુનો ખ્યાલ રહે કે "ઝવ્વજતો" અને "કબીલ્તુ"ના અર્થ જળવાય.

**(૨)** સ્ત્રી પુરૂષ યા તેમના વકીલ માટે અત્યંત જરૂરત છે કે, નિકાહનો સીગો જારી કરતી વેળા "કસ્દે ઈન્શાઅ" કરે, જેનો અર્થ એ કે અગર સ્ત્રી પોતે કહે ઝવ્વજતુક નફસી, તો તે કહેતી વેળા તેનો કસ્દ હોય કે પોતાની જાતને ફલાણા પુરૂષની પત્ની તરીકે અર્પણ કરે છે, અને પુરૂષ "કબીલ્તુ ત્તઝવીજ" કહેતી વેળા એવા કસ્દ ધરાવે કે ફલાણી સ્ત્રીને પોતાની પત્ની તરીકે સ્વીકારે છે અને જો બંને વતી વકીલ નિકાહ પડતા હોય, તો બંને વકિલો જયારે "ઝવ્વજતુ-કબીલ્તુ" કહે ત્યારે તેમના મનમાં એ કસ્દ હોવો જોઈએ કે જે સ્ત્રી પુરૂષે તેમને વકીલ બનાવ્યા છે તે વાસ્તવમાં પતિ-પત્ની થઈ રહ્યા છે.

**(૩)** નિકાહ પડનારા માટે જરૂરી છે કે અકલમંદ હોય, અને એહતીયાતની રૂએ બાલીગ પણ હોય, ચાહે એ પોતાના માટે નિકાહ પડતો હોય યા બીજા વતી વકીલરૂપે હોય.

**(૪)** અગર સ્ત્રી પુરૂષ વતી વકીલ નિકાહ પડે, અથવા એમનો વલી પડે, તો જરૂરી છે કે સીગો જારી કરતી વેળા થનાર પતિ પત્નીને નક્કી કરે. જેમકે, સીગામાં એમના નામો દર્શાવે, અથવા

એમના તરફ ઈશારો કરે.

અગર કોઈ શખ્સની અનેક દીકરીઓ હોય, અને એ કોઈ પુરૂષને એમ કહે કે હું મારી દીકરીઓમાંથી એકને પત્ની તરીકે તને નિકાહમાં આપું છું. અને પહેલો પુરૂષ કબીલ્તો કહે, તો દીકરી નક્કી થઈ ન હોવાથી અકદ બાતિલ ગણાશે.

**(૫)** સ્ત્રી પુરૂષ બંને શાદી માટે રજામંદ હોવા જોઈએ. પણ સ્ત્રી જો બાહ્યરૂપે નાપસંદગી જાહેર કરે, અને ખબર હોય કે મનમાં રાજી છે, તો અકદ સહીહ ગણાશે.

**મસઅલો ૨૩૮૦** : અગર અકદ પડતી વેળા એક શબ્દ કે અક્ષર ગલત પડાય, કે જેને કારણે અર્થ બદલી જાય, તો એ અકદ બાતિલ ગણાશે.

**મસઅલો ૨૩૮૧** : અકદનો સીગો પડનાર અગર તેના અર્થની સાધારણ સમજણ ધરાવતો હોય, અને એટલું જાણતો હોય કે તેના કસદને એ સીગાઓ વડે કેવી રીતે અદા કરી લીએ છે, તો તે કાફી ગણાશે. સવિસ્તર અરબી ભાષાનું જ્ઞાન ધરાવવું જરૂરી નથી, તેમ સીગાનો એક એક બોલનો અર્થ જાણવો પણ લાઝિમ નથી.

**મસઅલો ૨૩૮૨** : અગર કોઈ સ્ત્રી પુરૂષના નિકાહ તેમની રજા વગર પડી લેવામાં આવે, અને પછીથી એ સ્ત્રી પુરૂષ એ નિકાહની સંમતી આપે, તો એ નિકાહ સહીહ ગણાશે.

**મસઅલો ૨૩૮૩** : અગર સ્ત્રી પુરૂષને, યા બેમાંથી કોઈ પણ એકને શાદી માટે મજબૂર કરવામાં આવે, અને નિકાહ પડી લીધા બાદ તેઓ સંમતિ આપે, તો નિકાહ સહીહ ગણાશે. પણ એ સંજોગમાં બેહ્તર છે કે નિકાહ ફરીથી પડવામાં આવે.

**મસઅલો ૨૩૮૪** : બાપ તેમજ દાદાને હક છે કે પોતાના દીકરા યા દીકરી, કે જે નાબાલીગ હોય, અથવા દીવાનગીની હાલતમાં બાલીગ થયો કે થઈ હોય, તેના નિકાહ કરે. અને દીકરો કે દીકરી બાલીગ થયા બાદ, અથવા દીવાનો સાજો થયા બાદ, બાપ કે દાદાને એ નિકાહમાં કોઈ ખરાબી જણાય તો ચાહે તેને બરકરાર રાખે યા રદ કરે, તેનો ઈખ્તીયાર રહેશે. પણ જો એમાં કોઈ ખરાબી ન જાણય, અને નાબાલીગ દીકરો કે દીકરી એ નિકાહને રદબાતલ કરી નાખે, તો સંજોગ મુજબ તલાક યા નવા નિકાહનું એહતીયાત તર્ક ન કરવામાં આવે.

**મસઅલો ૨૩૮૫** : જે કન્યા બાલીગ અને સમજદાર હોય, એટલે પોતાના હકમાં સારૂં નરસું પારખી શકતી હોય, તે અગર શાદી કરવા માગે અને કુંવારી હોય, તો પોતાના બાપ યા દાદાની રજા લેવી જોઈએ. અગરચે એ પોતાના કામો અને નિર્ણયોમાં આઝાદ કેમ ન હોય, અલબત્ત, માની રજા કે

ભાઈની રજા લેવી લાઝિમ નથી.

**મસઅલો ૨૩૮૬** : નીચે જણાવેલા સંજોગોમાં બાપ કે દાદાની રજાની જરૂરત નથી :

**(૧)** અગર સ્ત્રી કુંવારી ન હોય.

**(૨)** અગર સ્ત્રી કુંવારી હોય, પણ બાપ દાદા સુસંગત અને શરીઅત તેમજ સમાજની નજરે જે લાયક અને કુફ્વ પુરૂષ હોય, તેની સાથે શાદી કરવાથી રોકે,

**(૩)** અગર કન્યા (દીકરી)ની શાદીમાં કોઈ પણ જાતનો ભાગ લેવા હાજર ન હોય.

**(૪)** અગર રજા આપવાની કાબેલીય્યત બાકી ન રહી હોય, જેમકે દીવાનો હોય, અથવા એવા કોઈ ઉઝરને કારણે હોય.

**(૫)** અગર એમની ગેરહાજરીને કારણે અથવા કોઈ બીજા સંજોગે એમની રજામંદી મેળવવી શક્ય ન હોય.

**મસઅલો ૨૩૮૭** : અગર બાપ યા દાદા પોતાના નાબાલીગ ફરઝંદની શાદી કરાવે, તો એ ફરઝંદ જયારે બાલીગ થાય ત્યારે તેના ઉપર જે સ્ત્રી સાથે તેની શાદી કરવામાં આવી હોય તેનું ભરણપોષણ વાજિબ છે. બલ્કે બાલીગ ન થયો હોય, પરંતુ જાતીય લિજ્જત હાંસિલ કરવા સમર્થ હોય, અને કન્યા પણ એટલી નાની ન હોય કે જેની સાથે તેનો શવહર જાતીય લિજ્જત ન મેળવી શકે, તો પણ ફરઝંદ ઉપર તેની પત્નીનું ભરણપોષણ વાજિબ છે. આ સિવાયના સંજોગમાં પણ ભરણપોષણનું વાજિબ હોવું અને પત્નીનું તે માટે મુસ્તહક હોવું બહુ જ સંભવિત છે, માટે અરસપરસ સમજૂતીથી સમાધાન કરવું જોઈએ.

**મસઅલો ૨૩૮૮** : અગર બાપ યા દાદા પોતાના નાબાલીગ ફરઝંદની શાદી કરાવે, અને નિકાહ પડાવવા સમયે એ ફરઝંદ પાસે કોઈ માલ ન હોય, તો બાપ અથવા દાદાએ એ ફરઝંદની પત્નીનું મહેર અદા કરવું જોઈએ. એવી જ રીતે જો ફરઝંદ માલદાર હોય, અને તેના બાપ યા દાદાએ મહેર માટે જવાબદારી લીધી હોય, તો તેઓ મહેર અદા કરી આપશે. આ સિવાયના સંજોગમાં અગર મહેરની રકમ સામાન્ય રીતે પ્રચલીત મહેર જેટલી જ હોય, યા મસ્લેહતને વશ થઈને વધારે મહેર દેવી પડતી હોય, તો બાપ યા દાદા ફરઝંદના માલમાંથી એ મહેર અદા કરી શકશે. પણ જો એવી કોઈ મસ્લેહત વીગેરે ન હોય, તો બાપ યા દાદા સામાન્ય રીતે જે પ્રચલિત મહેર હોય એથી વધારે ફરઝંદના માલમાંથી આપી શકશે નહીં, સિવાય એ કે બાલીગ થયા બાદ એ ફરઝંદ એના બાપ યા દાદાને એ માટે સંમતિ આપે.

## જે અયબોને કારણે અકદને તોડી શકાય છે

**<u>મસઅલો ૨૩૮૯</u>** : અગર પુરૂષને અકદ બાદ ખબર પડે કે જે સ્ત્રી સાથે તેના અકદ થયા છે, તે સ્ત્રીમાં અકદ પડાતી વેળા નીચે મુજબના **૭** એબોમાંથી કોઈ એક એબ હતું, તો એ અકદને રદ કરી શકે છે.

**(૧)** દીવાનગી- ચાહે એ પ્રાસંગિક હોય.

**(૨)** રક્તપિતથી પીડિત હોય,(જેને અંગ્રેજીમાં લેપ્રસી કહેવાય છે).

**(૩)** કોઢ અને સફેદ દગની બીમારી ધરાવતી હોય.

**(૪)** આંધળી હોય.

**(૫)** અપંગ હોય, અગરચે તદ્દન પથારીવશ કે નિશ્ચલ ન હોય.

**(૬)** સ્ત્રીના ગર્ભાશયમાં હાડકું યા માસ હોય, ચાહે એને કારણે સંભોગ અશક્ય હોય કે ન હોય, અને ચાહે એ ગર્ભને રોકે યા ન રોકે. અને જો પુરૂષને જાણ થાય કે સ્ત્રીને ઈફઝાની તકલીફ છે, કે જેને કારણે, પેશાબ અને હયઝ નીકળવાની જગ્યાઓ, યા હયઝ અને પાયખાનાની જગ્યાઓ એક થઈ ગઈ છે, તો એવા એબને કારણે અકદને રદ્દ કરી શકવામાં ઈશ્કાલ છે અને એહતીયાતે લાઝિમ છે કે જો શાદીને રદ્દ કરવા માંગે તો તલાક પણ પડે.

**<u>મસઅલો ૨૩૯૦</u>** : સ્ત્રીને નીચે જણાવેલા સંજોગોમાં તલાક લીધા વગર અકદને રદ કરવાનો હક છે :

**(૧)** અગર અકદ બાદ જાણ થાય કે પુરૂષને લીંગ નથી.

**(૨)** અથવા અકદ બાદ, સંભોગ પહેલા યા બાદ, એને જાણ થાય કે પુરૂષનું લીંગ કપાયેલું છે.

**(૩)** અથવા સ્ત્રીને જાણ થાય કે એ પુરૂષ કોઈ બીમારીના કારણે સંભોગ કરવા અશક્ત છે, ચાહે એ બીમારી અકદ બાદ, સંભોગ પહેલા યા બાદ ઉપસ્થિત થઈ હોય.

ઉપરોકત સંજોગોમાં સ્ત્રીને હક છે કે તલાક લીધા વગર અકદને રદબાતલ કરી નાખે.

નીચે જણાવેલ સંજોગોમાં જો સ્ત્રી લગ્નસંબંધ ચાલુ રાખવા ન માંગતી હોય, તો એહતીયાતે વાજિબ છે કે શવહર યા તેનો વલી તેને તલાક આપી દીએ :

**(૧)** અગર સ્ત્રીને જાણ થાય કે તેનો પતિ અકદ પહેલા દીવાનો હતો, અથવા જો એ પુરૂષ અકદ બાદ, સંભોગ પહેલાં યા પછી દીવાનો થઈ જાય.

**(૨)** અથવા એને ખબર પડે કે અકદ વેળા એનો થનાર પતિ ખસી હતો એટલે કે તેનું અંડ ખેચી લેવામાં આવ્યું હતું વીગેરે.

**(૩)** યા એવી જાણ થાય કે અકદ સમયે એના ધણીને રક્તપિત્ત યા કોઢની તકલીફ હતી.

જે સંજોગમાં પતિ સંભોગ કરવા અશક્ત હોય અને પત્ની અકદને રદ્દ કરવા માંગે, તે સંજોગમાં લાઝિમ છે કે પહેલાં હાકીમે શરઅ તરફ યા એના વકીલ તરફ રજુઅ કરવામાં આવે, જેથી હાકીમે શરઅ શવહરને બાર મહિનાની મોહલત આપશે. અને અગર એ ગાળામાં એ પુરૂષ પોતાની પત્ની યા બીજી કોઈ સ્ત્રી સાથે સંભોગ ન કરી શકે, તો એ બાદ સ્ત્રી એ અકદને રદ કરી શકશે.

**<u>મસઅલો ૨૩૯૧</u>** : અગર પુરૂષ સંભોગ નથી કરી શકતો એ કારણે સ્ત્રી અકદને રદ કરે તો શવહર ઉપર જરૂરી છે કે અડધી મહેર અદા કરે.

પણ તે સિવાય બીજા એબોને કારણે પુરૂષ યા સ્ત્રી અકદ રદ કરે, અને અગર પુરૂષે પત્ની સાથે સંભોગ ન કર્યો હોય તો મહેરની અદાયગી લાગુ નહીં પડે. પણ જો સંભોગ કર્યો હોય, તો પૂરી મહેર દેવી જોઈએ.

ઉપરાંત મસઅલો ૨૩૮૯ માં જણાવ્યા મુજબ સ્ત્રીના એબોને કારણે પુરૂષ અકદને રદ્દ કરે, અને એણે એ સ્ત્રી સાથે સંભોગ ન કર્યો હોય, તો મહેર અદા કરવાની જરૂરત નહીં રહે. પણ અગર સંભોગ કર્યા બાદ અકદ રદ કરે તો પૂરી મહેર અદા કરશે.

**<u>મસઅલો ૨૩૯૨</u>** : અગર સ્ત્રી યા પુરૂષના એવા ગુણ બયાન કરવામાં આવે કે જે હકીકતથી વિશેષ હોય, અને જો એવા ગુણો, ચાહે અકદ પહેલાં યા અકદ સમયે બયાન કરીને સામે પક્ષને પરણવા માટે પ્રોત્સાહીત કરે, અને એ જ ગુણોને આધારે અકદ થાય, તો અગર અકદ બાદ સામે પક્ષને જાણ થાય કે એવી કોઈ વિશિષ્ટતા કે એવા કોઈ ગુણો મોજૂદ નથી. તો એ અકદને રદ કરી શકે છે. આ મસઅલાનો વધુ ખુલાસો એહકામની બીજી કિતાબોમાં આપવામાં આવ્યો છે.

## જેમની સાથે લગ્ન કરવા હરામ છે તે સ્ત્રીઓ

**<u>મસઅલો ૨૩૯૩</u>** : જે સ્ત્રી ઈન્સાન માટે મહેરમ ગણાય છે, જેમકે, મા, બહેન, દીકરી, ફઈ, માસી, ભત્રીજી, ભાણેજી અને સાસુ, તેમની સાથે શાદી કરવી હરામ છે.

**<u>મસઅલો ૨૩૯૪</u>** : જે સ્ત્રી સાથે ઈન્સાન નિકાહ કરે, ચાહે તેની સાથે સંભોગ ન કરે, તો પણ એ સ્ત્રીની મા, નાનીમા, દાદીમા, અને વંશનો સિલસિલો જેમ ઉપર જતો રહે, સર્વ ઓરતો મહેરમ થઈ જશે.

**<u>મસઅલો ૨૩૯૫</u>** : જે સ્ત્રી સાથે ઈન્સાન નિકાહ કરી સંભોગ કરે, એ સ્ત્રીની દીકરી, દોહીત્રી, પૌત્રી અને વંશનો સિલસિલો જેમ ઉતરતો રહે, તે સર્વે ઓરતો ચાહે અકદ સમયે મોજૂદ હોય યા એ

બાદ જન્મે, તેના માટે મહેરમ ગણાશે.

**મસઅલો ૨૩૯૬** : અગર કોઈ શખ્સે એક સ્ત્રી સાથે અકદ કર્યો હોય, પણ સંભોગ ન કર્યો હોય, તો એહતીયાતે વાજિબ છે કે જયાં સુધી એ સ્ત્રી અકદમાં બાકી હોય ત્યાં સુધી તેની દીકરી સાથે શાદી ન કરે.

**મસઅલો ૨૩૯૭** : ઈન્સાનની ફઈ અને માસી, એના બાપની ફઈ, માસી, દાદાની ફઈ અને માસી,દાદીમા, માની ફઈ અનેમાસી,નાનીમા, નાના બાપાની ફઈ અને માસી, અને જેમ જેમ વંશ ઉપર જતો રહે, સર્વે ઓરતો તેના માટે મહેરમ ગણાશે.

**મસઅલો ૨૩૯૮** : શવહરના બાપા અને દાદા અને જેમ જેમ સિલસિલો ઉપર જતો રહે, પત્ની માટે મહેરમ ગણાશે. એવી જ રીતે શવહરનો દીકરો, પૌત્ર અને દોહીત્ર અને જેમ જેમ વંશ ઉતરતો જાય, એ સર્વ પત્ની માટે મહેરમ છે, ચાહે નિકાહ સમયે તેઓ મોજૂદ હોય, યા પછીથી જન્મે.

**મસઅલો ૨૩૯૯** : જે સ્ત્રી સાથે ઈન્સાન નિકાહ કરે, ચાહે એ દાયમી હોય યા મુત્આ હોય, જયાં સુધી એ સ્ત્રી તેના હકમાં હોય ત્યાં સુધી તેની બહેન સાથે શાદી નહીં કરી શકે.

**મસઅલો ૨૪૦૦** : તલાકના પ્રકરણમાં જણાવવામાં આવશે એ રીતે અગર કોઈ શખ્સ પોતાની પત્નીને તલાકે રજઈ આપે, તો ઈદ્દાની મુદ્દત દરમ્યાન એ પત્નીની બહેન સાથે શાદી નહીં કરી શકે. પણ જો એ તલાકે બાઈન હોય, તો પોતાની પત્નીની બહેન સાથે ઈદ્દા દરમ્યાન શાદી કરી શકશે અને મુત્આના ઈદ્દા દરમ્યાન એહતીયાતે વાજિબ છે કે એ બહેનને ન પરણે.

**મસઅલો ૨૪૦૧** : ઈન્સાન પોતાની પત્નીની રજા વગર પત્નીની ભત્રીજી યા ભાણેજી સાથે શાદી નહીં કરી શકે. પણ અગર પત્નીની રજા વગર એમને પરણે, અને ત્યાર બાદ તેની પત્ની તેને રજા આપે, તો વાંધો નથી.

**મસઅલો ૨૪૦૨** : અગર પત્નીને જાણ થાય કે તેના શવહરે તેની ભત્રીજી યા ભાણેજી સાથે અકદ કર્યા છે, અને ખામોશ રહે, તો અગર ત્યાર બાદ સંમંતિ આપે તો અકદ સહીહ ગણાશે. અને સંમતિ ન આપે તો અકદ બાતિલ ગણાશે.

**મસઅલો ૨૪૦૩** : અગર ઈન્સાન પોતાની માસીની કે ફઈની દીકરી સાથે પરણ્યા પહેલા એ દીકરીની મા સાથે ઝિના કરે, તો એહતીયાતની રૂએ તે દીકરીની સાથે શાદી નહીં કરી શકે.

**મસઅલો ૨૪૦૪** : અગર ઈન્સાન પોતાની માસી કે ફઈની દીકરીને પરણી, સંભોગ બાદ, એ દીકરીની મા સાથે ઝિના કરે, તો દીકરી સાથેનો અકદ તૂટશે નહીં, એવી જ રીતે અકદ પડાઈ ગયા

બાદ પણ સંભોગ પહેલાં એ દીકરીની મા સાથે ઝીના કરે તો અકદ નહીં તૂટે પણ આવા સંજોગમાં એહતીયાતે મુસ્તહબ છે કે એ દીકરીને તલાક આપી અકદમાંથી છૂટી કરે.

**મસઅલો ૨૪૦૫** : અગર ઈન્સાન પોતાની માસી અને ફઈ સિવાય કોઈ બીજી સ્ત્રી સાથે ઝિના કરે, તો એહતીયાતે મુસ્તહબ છે કે એ સ્ત્રીની દીકરી સાથે શાદી ન કરે. બલ્કે અગર કોઈ સ્ત્રીને પરણે, અને તેની સાથે સંભોગ કરે એથી પહેલાં એ સ્ત્રીની મા સાથે ઝિના કરે, તો એહતીયાતે મુસ્તહબ છે કે એ સ્ત્રીથી છૂટો થઈ જાય, પણ જો એ સ્ત્રી સાથે સંભોગ કરી ચૂક્યા બાદ તેની મા સાથે ઝિના કરે, તો લાઝિમ નથી કે એ સ્ત્રીને છૂટી કરે.

**મસઅલો ૨૪૦૬** : મુસલમાન ઔરત કાફિરને પરણી નહીં શકે, એવી જ રીતે મુસલમાન મરદ એહલે કિતાબ સિવાય કાફિર ઔરત સાથે અકદ નહીં કરી શકે. પરંતુ એહલે કિતાબ, એટલે કે યહૂદી અને ઈસાઈ ઔરત સાથે મુત્આ કરવામાં કોઈ વાંધો નથી, પણ એહતીયાતે વાજિબ છે કે તેમની સાથે દાએમી અકદ ન કરે.

એવી જ રીતે અમુક ફીરકાઓ જે પોતાને મુસલમાન કહે છે, જેમકે નાસીબી વીગેરે તેમનો હુકમ કાફિર જેવો છે ને મુસલમાન મરદ યા ઔરત એમની સાથે દાએમી યા મુત્આનો અકદ નહીં કરી શકે.

**મસઅલો ૨૪૦૭** : અગર ઈન્સાન એવી ઔરત સાથે ઝિના કરે કે જે રજઈ તલાકના ઈદ્દામાં હોય, તો એહતીયાતની રૂએ એ ઔરત તેના માટે હરામ થઈ જશે. અને જો ઔરત મુત્આના ઈદ્દામાં હોય, યા તલાકે બાઈનના ઈદ્દામાં હોય, યા પતિની વફાતના ઈદ્દામાં હોય, અને તે દરમ્યાન કોઈ તેની સાથે ઝીના કરે તો ઈદ્દા પૂરી થયા બાદ તેને પરણી શકે છે, જો કે એહતીયાતે મુસ્તહબ છે કે તેને ન પરણે.

તલાકે રજઈ, બાઈન, મુત્આના ઈદ્દા, પતિની વફાતના ઈદ્દા એ સર્વે બાબતો તલાકના પ્રકરણમાં સમજાવવામાં આવશે.

**મસઅલો ૨૪૦૮** : અગર ઈન્સાન કોઈ એવી ઓરત સાથે ઝિના કરે જે અપિરણીત હોય અને ઈદ્દાની હાલતમાં ન હોય, તો એહતીયાત છે કે તૌબા કર્યા પહેલાં તેની સાથે શાદી ન કરે. પણ અગર કોઈ બીજા જણ (ઝિના કરનાર સિવાય) એ સ્ત્રીને પરણવા માંગે તો વાંધો નથી.

પણ જો એ વ્યભિચારી સ્ત્રી તરીકે મશ્હૂર હોય તો જયાં સુધી એ તૌબા ન કરે ત્યાં સુધી એહતીયાતની રૂએ તેને પરણવું જાએઝ નથી. એવી જ રીતે કોઈ મરદ ઝાની (વ્યભિચારી) તરીકે મશ્હૂર હોય, તો જયાં સુધી એ તૌબા ન કરે ત્યાં સુધી તેને પરણવું એહતીયાતની રૂએ જાએઝ નથી.

એહતીયાતે મુસ્તહબ છે કે ઝિનાકાર ઓરતને પરણનાર એટલીવાર સબર કરે કે એ સ્ત્રી હયઝ જોઈ લીએ, અને પછી પોતાના અકદમાં તેને લીએ; ચાહે એ ઓરત સાથે એણે પોતે ઝિના કરી હોય યા કોઈ બીજાએ કરી હોય.

**મસઅલો ૨૪૦૯** : અગર ઈન્સાન કોઈ એવી સ્ત્રીને પરણે કે જે બીજાના ઈદ્દામાં હોય, અને જો બંનેને, યા તેમાંથી એકને, જાણ હોય કે ઓરતનો ઈદ્દો હજી પૂરો થયો નથી, અને એ પણ ખબર હોય કે ઈદ્દાની હાલતમાં જો સ્ત્રી હોય તો તેને પરણવું હરામ છે, તો એવા સંજોગમાં એ ઓરત મરદ ઉપર હંમેશ માટે હરામ થશે; અગરચે એ મરદે અકદ બાદ એ સ્ત્રી સાથે સંભોગ ન કર્યો હોય.

**મસઅલો ૨૪૧૦** : અગર કોઈ શખ્સ એવી સ્ત્રીને પરણે કે જે બીજાના ઈદ્દામાં હોય, અને તેની સાથે સંભોગ પણ કરે, તો એ ઓરત તેના ઉપર હંમેશ માટે હરામ થઈ જશે; અગરચે તેને ખબર ન હતી કે એ ઓરત ઈદ્દામાં હતી, યા એ ઈદ્દા દરમ્યાન ઓરતને પરણવું હરામ છે.

**મસઅલો ૨૪૧૧** : અગર કોઈ શખ્સ જાણતો હોય કે એણે શવહરદાર સ્ત્રી સાથે શાદી કરી છે, તો પ્રથમ તો તેના ઉપર વાજિબ છે કે તેને તરત જ છૂટી કરે. અને તે બાદ પણ એ સ્ત્રી સાથે નિકાહ નહીં કરી શકે. એવી જ રીતે અગર એ અજાણ્યે શવહરદાર સ્ત્રી સાથે અકદ કરે અને તેની સાથે સંભોગ કરે તો એહતીયાતની રૂએ ઉપર જણાવ્યા મુજબ વર્તશે.

**મસઅલો ૨૪૧૨** : શવહરદાર ઓરત અગર ઝિના કરે, તો એહતીયાતની રૂએ તેની સાથે ઝિના કરનાર પુરૂષ તેના ઉપર હંમેશને માટે હરામ થઈ જાય છે, પણ પોતાના અસલ શવહર ઉપર એ હરામ નહીં થાય. અને અગર એ સ્ત્રી તોબા ન કરે, અને પોતાના બૂરા અમલ ઉપર બાકી રહે, તો બેહતર છે કે શવહર તેને તલાક આપી દીએ. પણ એની મહેર અદા કરે.

**મસઅલો ૨૪૧૩** : જે ઓરતને તલાક થઈ હોય, અથવા જે મુત્આમાં હતી અને તેના શવહરે બાકી રહેલી મુદ્દત તેને બક્ષીને આઝાદ કરી હોય, અથવા મુત્આની મુદ્દત પૂરી થઈ હોય, તે અમુક સમય બાદ જયારે બીજીવાર પરણે, ત્યારે શક કરે કે બીજીવાર પરણતી વેળા પહેલાં શવહરની ઈદ્દાની મુદ્દત પૂરી થઈ હતી કે નહીં; તો તે શક ઉપર ભરોસો નહીં કરે.

**મસઅલો ૨૪૧૪** : અગર કોઈ બાલીગ શખ્સ બાલીગ છોકરા સાથે લવાત કરે, તો એ છોકરાની મા, બહેન અને દીકરી લવાત કરનાર માટે હરામ થઈ જશે. અને એહતીયાતની રૂએ જો લવાત કરાવનાર પુખ્ત વયનો હોય, અથવા લવાત કરનાર નાબાલીગ હોય તો પણ એ જ હુકમ લાગું પડશે, પણ ઇન્દ્રિયનો પ્રવેશ થયો હતો તેનું અનુમાન હોય, અથવા શક હોય તો હરામ નહીં થાય.

**<u>મસઅલો ૨૪૧૫</u>** : અગર કોઈ છોકરાની મા યા બહેન સાથે કોઈએ શાદી કરી હોય, અને ત્યાર બાદ એ છોકરા સાથે લવાતા કરે, તો એહતીયાતની રૂએ એ મા યા બહેન તેના ઉપર હરામ થઈ જશે.

**<u>મસઅલો ૨૪૧૬</u>** : અગર કોઈ શખ્સ એહરામની હાલતમાં કે જે હજના અઅમાલમાંથી એક છે, કોઈ સ્ત્રી સાથે પરણે તો એ અકદ બાતિલ ગણાશે. અને જો એને જાણ હતી કે એ હાલતમાં શાદી કરવી જાએઝ નથી, તો એ જ સ્ત્રીને ફરી નહીં પરણી શકે.

**<u>મસઅલો ૨૪૧૭</u>** : અગર કોઈ ઓરત એહરામની હાલતમાં એવા પુરૂષને પરણે કે જે એહરામની હાલતમાં ન હોય, તો એ અકદ બાતિલ ગણાશે, અને જો એ સ્ત્રીને જાણ હતી કે એહરામની હાલતમાં શાદી જાએઝ નથી, તો એહતીયાતે વાજિબની રૂએ ફરી એ જ પુરૂષને નહીં પરણી શકે.

**<u>મસઅલો ૨૪૧૮</u>** : અગર કોઈ શખ્સ તવાફુન્નિસાઅ, કે જે હજ અને ઉમરએ મુફરદાના આમાલમાંથી છે, ન બજાવી લાવે, તો તેના માટે તેની પત્ની અને અન્ય સ્ત્રીઓ હલાલ નહીં થઈ શકે. એવી જ રીતે જો કોઈ ઓરત તવાફુન્નીસાઅ ન બજાવી લાવે તો તેના માટે તેનો પતિ યા અન્ય પુરૂષો હલાલ નહીં થઈ શકે. પણ જો મોડેથી તવાફુન્નીસાઅ બજાવી લાવે, તો હલાલ થઈ શકશે.

**<u>મસઅલો ૨૪૧૯</u>** : અગર કોઈ શખ્સ નાબાલીગ કન્યા સાથે અકદ કરે, તો તેની નવ વરસની ઉમર પૂરી થાય તે પહેલાં તેની સાથે સંભોગ કરવો હરામ છે. અને અગર સંભોગ કરે, તો જાહેર એ છે કે બાલીગ થતા એ કન્યા તેના માટે હરામ નહીં થાય, અગરચે કન્યાને ઈફઝાની તકલીફ ઉપસ્થિત થાય. (ઈફઝાના અર્થ મસઅલા ૨૩૮૯ માં આપી ચૂક્યા છીએ). પણ એહતીયાત એ છે કે કન્યાને તલાક આપી દીએ.

**<u>મસઅલો ૨૪૨૦</u>** : જે ઓરતને ત્રણવાર તલાક અપાઈ ગઈ હોય, તે તેના પતિ માટે હરામ થઈ જાય છે. પણ જે શરતો આગળ જતાં તલાકના પ્રકરણમાં જણાવવામાં આવશે તે શરતોની સાથે એ સ્ત્રી બીજા પુરૂષને પરણે, અને એ બીજો પુરૂષ ગુજરી જાય, યા તેને તલાક આપે, તો ઈદ્દાની મુદ્દત પૂરી થતાં એ પોતાના પહેલા પતિ સાથે ફરી અકદ કરી શકશે.

## દાયમી અકદના એહકામ

**<u>મસઅલો ૨૪૨૧</u>** : જે ઓરત અકદે દાઈમની રૂએ પરણી હોય, તેના માટે પોતાના શવહરની રજા વગર ઘરમાંથી બહાર નીકળવું હરામ છે, અગરચે તેમ કરવાથી શવહરના હકને કોઈ હાનિ ન પહોંચે. એવી રીતે જયારે શવહરને જાતીય સમાંગમ માટે ઈચ્છા થાય, ત્યારે તેને મંજૂર રાખે, અને

શરઈ ઉઝર વગર જાતીય સમાંગમથી ઈન્કાર ન કરે.

એવી જ રીતે ફરમાબરદાર પત્નીનું ભરણપોષણ, કપડાં લત્તા, મકાન અને અન્ય જરૂરીયાતની વસ્તુઓ પૂરી પાડવી શવહર ઉપર વાજિબ છે. અને તે એ પૂરી ન પાડે તો પત્ની કરજદાર રહેશે, ચાહે શક્તિ ધરાવતો હોય યા ન ધરાવતો હોય.

**મસઅલો ૨૪૨૨** : અગર કોઈ પત્ની પોતાના પતિ પ્રત્યેની ફરજો ઉપર અમલ ન કરે તો પછી એ ભરણપોષણ, મકાન વીગેરેનો હક ધરાવશે નહીં, અગરચે એ પતિની સાથે રહેતી હોય, પણ જો કોઈ વાર પ્રાસંગિક નાફરમાની કરતી હોય, તો ફોકહા વચ્ચે મશ્હૂર છે કે એવા સંજોગમાં પણ એને ભરણપોષણ વિગેરેનો હક નહીં રહે, પરંતુ એ હુકમ ઈશ્કાલ ધરાવે છે. અલબત્ત દરેક સંજોગોમાં ઓરતનો મહેરનો હક બાકી રહેશે.

**મસઅલો ૨૪૨૩** : પતિને હક નથી કે પત્નીને ઘરના કામકાજ માટે મજબૂર કરે.

**મસઅલો ૨૪૨૪** : સફર દરમ્યાન અગર પત્નીનો નિભાવ ખર્ચ વતનમાં થતા ખર્ચ કરતા વધારે હોય, અને એ સફર પતિની રજાથી કરી હોય, તો એ ખર્ચની જવાબદારી શવહરને ઝિમ્મે રહેશે. પણ વાહન વીગેરેનો ખર્ચ તેમ સફર ભાડું વીગેરે માટે એ પત્ની પોતે જવાબદાર રહેશે.અલબત્ત, અગર પતિ પોતે પોતાની પત્નીને સાથે લઈ જતો હોય, તો તેના ઉપર વાજિબ છે કે તેનો ખર્ચ પણ આપે.

**મસઅલો ૨૪૨૫** : જો પત્નીનો નિભાવ ખર્ચ શવહરને શિરે હોય, પણ એ અદા ન કરે તો પોતાના શવહરના મલમાંથી તેની રજા વગર નિભાવ પૂરતું લઈ શકે છે.

પણ જો તેમ કરવું શક્ય ન હોય, અને પોતાના નિભાવ માટે લાચાર હોય અને હાકામે શરઅ સુધી શીકાયત પહોંચાડી શવહરને ખર્ચ આપવા માટે મજબૂર પણ ન કરી શકતી હોય, તો જેટલો સમય એ પોતાની આજીવિકા કે નિભાવ માટે મશ્ગૂલ હોય, એટલા સમયમાં તેના ઉપર શવહરની ફરમાબરદારી વાજિબ નથી.

**મસઅલો ૨૪૨૬** : દાખલા તરીકે અગર ઈન્સાનની બે પત્નીઓ અકદે દાઈમથી હોય, અને એક પાસે રાત વીતાડે, તો વાજિબ છે કે ચાર રાતોમાંથી એક રાત બીજી પત્ની પાસે પણ વીતાડે. એ સિવાયના સંજોગમાં પત્ની પાસે રહેવું વાજિબ નથી. અલબત્ત લાઝિમ છે કે પત્નીને તદ્દન તજી ન દયે, અને બેહતર બલ્કે એહતીયાત છે કે પતિ દર ચાર રાતે એક રાત પોતાની અકદે દાઈમની પત્ની પાસે ગુજારે.

**મસઅલો ૨૪૨૭** : શવહરે પોતાની યુવાન પત્ની સાથે ચાર મહિનાથી વિશેષ મુદ્દત સુધી

સોહબત તર્ક નહીં કરવી જોઈએ, સિવાય એ કે સંભોગથી તેને કોઈ અનિવાર્ય નુકસાન કે તકલીફ થવાની બીક હોય, અથવા એ કે પોતે પત્ની તે માટે રજામંદ હોય, અથવા અકદ પડતી વેળા એવી શરત પહેલેથી મૂકવામાં આવી હોય.

એહતીયાતની રૂએ ઉપરોકત હુકમ, શવહર ચાહે સફરમાં હોય કે વતનમાં હાજર હોય અને ચાહે પત્ની દાઈમી હોય કે મુત્આથી હોય, દરેક સંજોગમાં લાગુ પડશે.

**મસઅલો ૨૪૨૮** : અગર અકદે દાઈમ વેળા મહેર નક્કી ન થાય તો પણ અકદ સહીહ ગણાશે. એવા સંજોગમાં જો પુરૂષ તેની પત્ની સાથે સંભોગ કરે, તો તેના માટે જરૂરી છે કે સામાન્ય રીતે જે પ્રચલિત મહેર હોય તે મહેર પત્નીને આપે. પરંતુ મુત્આમાં જો મહેર નક્કી ન કરવામાં આવે તો મુત્આ બાતિલ ગણાશે.

**મસઅલો ૨૪૨૯** : અગર અકદ પડાતી વેળા મહેરની અદાયગી માટે કોઈ સમય કે મુદ્દત નક્કી ન કરવામાં આવી હોય, તો પત્ની સંભોગ માટે રજામંદ થતા પહેલાં શવહર પાસેથી મહેરની માંગણી કરી શકશે. અને ચાહે શવહર મહેર અદા કરવા શક્તિશાળી હોય કે ન હોય એ પત્ની જાતીય સમાંગમનો ઈન્કાર કરી શકશે.

પણ જો મહેર લીધા પહેલાં જાતીય સમાંગમ માટે રજામંદ થઈ જાય, અને તેનો પતિ તેની સાથે સંભોગ કરી લીએ, તો ત્યાર પછી શરઈ ઉઝર વગર શવહરને સંભોગથી નહીં રોકી શકે.

## મુત્આના એહકામ (મર્યાદિત મુદ્દત માટેના લગ્ન)

**મસઅલો ૨૪૩૦** : સ્ત્રી સાથે મુત્આનો સીગો પડવો જાએઝ છે. અગરચે જાતીય સુખસંતોષનો ઈરાદો ન હોય.

**મસઅલો ૨૪૩૧** : એહતીયાતે વાજિબ છે કે જે સ્ત્રી સાથે મુત્આ કર્યા હોય, તેની સાથે પતિ ચાર માસથી વધુ મુદ્દત માટે સ્ત્રી સમાંગમનો ત્યાગ ન કરે.

**મસઅલો ૨૪૩૨** : અગર મુત્આનો સીગો પડાતો હોય ત્યારે સ્ત્રી એવી શરત મૂકે કે પતિ તેની સાથે જાતીય સમાંગમ નહીં કરે, તો એ શરત સાથે સીગો સહી ગણાશે. પરિણામે પતિ સંભોગ સિવાયની લિજ્જત એ સ્ત્રીથી મેળવી શકશે. પણ જો આગળ જતાં સ્ત્રી પોતે રજામંદ થાય તો પતિ તેની સાથે જાતીય સમાંગમ કરી શકશે. દાયમી નિકાહની પણ આવો જ હુકમ છે.

**મસઅલો ૨૪૩૩** : મુત્આથી પરણેલી સ્ત્રી અગરચે ગર્ભવંતી થઈ જાય, તો પણ નિભાવ ખર્ચની હકદાર થતી નથી.

**મસઅલો ૨૪૩૪** : મુત્આથી પરણેલી સ્ત્રીને શવહર સાથે લગ્નશૈયા ઉપર હક નથી, તેમ એ પતિથી કોઈ વારસો પણ પામશે નહીં. અને પતિ પણ તેનાથી વારસામાં કંઈ નહીં મેળવે. અને જો સીગો પડાતી વેળા એવી શરત મૂકાઈ હોય કે બંને એક બીજાનો વારસો પામી શકશે, તો એ શરતનું સહીહ હોવું જો કે ઈશ્કાલથી ખાલી નથી. પણ સાથે એહતીયાતને પણ તર્ક ન કરવામાં આવે.

**મસઅલો ૨૪૩૫** : મુત્આથી પરણેલી સ્ત્રીને જો જાણ ન હોય કે તેને નિભાવ ખર્ચનો હક નથી, અને એ શવહરના લગ્નશૈયા ઉપર સુવાનો હક ધરાવશે નહીં તો એથી સીગો સહીહ રહેશે, અને એવી અજ્ઞાનતાને કારણે શવહર સામે એ હક તલબ નહીં કરી શકે.

**મસઅલો ૨૪૩૬** : મુત્આથી પરણેલી સ્ત્રી પતિની રજા વગર જો ઘર બહાર નીકળે, અને તેમ કરવાથી પતિના કોઈ હકનો અનાદર થતો હોય, તો તેના માટે ઘરથી બહાર નીકળવું હરામ છે. બલ્કે એહતીયાતે મુસ્તહબ છે કે પતિનો હક કોઈ રીતે બરબાદ ન થતો હોય, તો પણ રજા વગર બહાર ન જાય.

**મસઅલો ૨૪૩૭** : અગર કોઈ સ્ત્રી એક શખ્સને વકીલ નીમે કે નિયુકત મુદ્દત અને મહેરની શરતે તેની સાથે મુત્આનો સીગો પડે, અને એ શખ્સ મુત્આને બદલે દાયમી નિકાહ પડે, અથવા કોઈ પણ મુદ્દત કે મહેરની નક્કી કર્યા વગર સીગો પડે, તો જયારે સ્ત્રીને એ વિષે જાણ થાય ત્યારે અગર રજામંદી આપે તો અકદ સહીહ ગણાશે. નહીંતર બાતિલ ગણાશે.

**મસઅલો ૨૪૩૮** : અગર ફકત મહેરમ થવા માટે, દાખલા તરીકે, બાપ યા દાદા પોતાની દીકરી યા નાબાલીગ પુત્રને કોઈ સાથે ટૂંક સમય માટે મુત્આથી પરણાવે, તો અગર તેમ કરવાથી નિતિમત્તાનો કોઈ દોષ થતો ન હોય, તો એ અકદ સહીહ છે. પરંતુ મુત્આની મુદ્દત દરમ્યાન દીકરો જાતીય સમાંગમ કરવાને બિલ્કુલ કાબીલ ન હોય, અથવા દીકરીથી કોઈ જાતીય સુખસંતોષ મેળવવું તદ્દન અશક્ય હોય, તો એવી જાતનું અકદ સહીહ હોવું મુશ્કિલ છે.

**મસઅલો ૨૪૩૯** : અગર બાપ યા દાદા પોતાની એવી દીકરીને કે જે હાજર ન હોય, અને એ જીવે છે કે નહીં તેની ખબર ન હોય, ફકત મહેરમ બનવાના આશયથી કોઈ સાથે મુત્આથી પરણાવે, તો જો મુદ્દત દરમ્યાન એ દીકરી જાતીય સમાંગમ માટે કાબિલ હોય તો મહેરમ થવાનો આશય સાબિત થઈ શકશે. અને જો પછીથી જાણ થાય કે એ દીકરી અકદ ટાણે ગુજરી ગઈ હતી તો અકદ બાતિલ ગણાશે, અને અકદને કારણે જે પક્ષો જાહેર રીતે મહેરમ થયા હતા, એ નામહેરમ ગણાશે.

**મસઅલો ૨૪૪૦** : અગર પુરૂષ મુત્આની મુદ્દત સ્ત્રીને બક્ષી આપી તેને વહેલી છૂટી કરવા

ધારે, તો જો તેની સાથે સંભોગ કરી ચૂક્યો હોય તો લાઝિમ છે કે જે કરાર હોય તે મુજબ તમામ વસ્તુઓ તેને આપી દીએ. પણ જો સંભોગ ન કર્યો હોય, તો વાજિબ છે કે મહેરની અડધી રકમ તેને આપે. અને એહતીયાતે મુસ્તહબ છે કે મહેરની પૂરેપૂરી રકમ આપી દીએ.

**મસઅલો ૨૪૪૧** : જે સ્ત્રી સાથે કોઈ શખ્સ મુત્આથી પરણ્યો હોય, તેની ઈદ્દત પૂરી થાય એથી પહેલાં તેની સાથે ફરીવાર મુત્આ કરી શકે છે, તેમ ચાહે તો એને અકદે દાયમમાં પણ લઈ શકે છે.

## નામહેરમ સ્ત્રી પર નઝર નાખવા વિષે

**મસઅલો ૨૪૪૨** : મરદ માટે નામહેરમ સ્ત્રીના શરીર ઉપર અને તેના વાળ તરફ નઝર કરવી હરામ છે, ચાહે એ નઝર લિજ્જતના હેતુથી હોય કે ન હોય, અને ચાહે તેમ કરવાથી હરામ કાર્યમાં સપડાઈ જવાનો ભય હોય કે ન હોય. એવી જ રીતે નામહેરમ સ્ત્રીના ચેહરા ને કાંડા સુધી હાથ તરફ લિજ્જતના હેતુથી નઝર કરવી, અથવા જો તેમ કરવાથી હરામ કાર્યમાં સપડાઈ જવાનો ભય હોય, તો એ પણ હરામ છે. બલ્કે એહતીયાતે મુસ્તહબ છે કે લિજ્જત મેળવવાના હેતુ વગર અને હરામ કાર્યમાં સપડાવવાની બીક વિના પણ નઝર ન કરે.

એવી જ રીતે સ્ત્રી માટે નામહેરમ મરદના શરીર ઉપર નઝર કરવી હરામ છે. સિવય શરીરના એ ભાગો કે જે સામાન્ય રીતે ખુલ્લા હોય છે, જેમકે, માથું, હાથો, પગની ઘુંટી, તેની તરફ લીઝઝતના હેતુથી યા હરામ કાર્યમાં સપડાવવાની બીક ન હોય તો તેમાં ઈશ્કાલ નથી.

**મસઅલો ૨૪૪૩** : જે સ્ત્રીઓ પડદાની લાપરવાહી કરતી હોય, અને તે તરફ કોઈ જાતની દરકાર ન કરતી હોય, તેમના શરીર ઉપર નઝર કરવી હરામ નથી, પણ શરત એ કે તેમ કરવામાં લિજ્જતનો હેતુ ન હોય, અથવા હરામ કાર્યમાં પડી જવાનો ભય ન હોય. આ હુકમમાં કાફિર અને કાફિર સિવાયની ઓરતો વચ્ચે ફેર નથી. અને એવી જ રીતે હાથ, ચહેરો અને શરીરના બીજા ભાગો કે જેને તેઓ સામાન્ય રીતે ઢાંકતા નથી, તેમાં કોઈ ફેર નથી.

**મસઅલો ૨૪૪૪** : સ્ત્રીએ પોતાના શરીર અને માથાના વાળને ચહેરો અને હાથ સિવાય નામહેરમથી છુપાવવા જોઈએ. અને એહતીયાતે લાઝિમની રૂએ નાબાલીગ છોકરાઓથી પણ છુપાવવા જોઈએ કે જે એટલો સમજદાર થઈ ગયો હોય કે સ્ત્રીના શરીર પર નઝર પડતાં તેની જાતીય ખ્વાહીશ જાગૃત થાય. પણ પોતાના ચહેરા તેમજ કાંડા સુધી હાથને નામહેરમ સામે ખુલ્લો રાખી શકે છે, સિવાય કે એને એવો ડર હોય કે તેમ કરવા જતાં હરામ કાર્યમાં સપડાઈ જશે. અથવા જો પોતે સ્ત્રીનો મકસદ એ હોય કે મરદને હરામ નઝરમાં ફસાવે, તો એવા સંજોગમાં ચહેરો અને હાથને ન ઢાંક્વો જાએઝ

નથી.

**<u>મસઅલો ૨૪૪૫</u>** : બાલીગ મુસલમાનની શરમગાહ ઉપર નઝર કરવી હરામ છે. ચાહે એ અરીસામાં હોય, યા કાચ કે સાફ પાણીમાં પ્રતિબીંબ રૂપે હોય. એવી જ રીતે એહતીયાતે લાઝિમની રૂએ કાફિરની શરમગાહ તરફ નઝર કરવી, અને એવા નાબાલીગની શરમગાહ તરફ નઝર કરવી કે જે સારૂં નરસું સમજી શકે તેમ હોય, હરામ છે. અલબત્ત, પતિ પત્ની એક બીજાના શરીરના દરેક ભાગો તરફ નઝર કરી શકે છે.

**<u>મસઅલો ૨૪૪૬</u>** : જે પુરૂષ અને સ્ત્રી એકબીજા માટે મહેરમ હોય અને લિજ્જત મેળવવાનો કોઈ મકસદ ધરાવતા ન હોય, તેઓ શરમગાહ સિવાય એકબીજાના શરીરને જોઈ શકે છે.

**<u>મસઅલો ૨૪૪૭</u>** : પુરૂષે લિજ્જત મેળવવાના હેતુથી બીજા પુરૂષના શરીર તરફ નઝર ન કરવી જોઈએ. એવી જ રીતે સ્ત્રી માટે હરામ છે કે બીજી સ્ત્રીના શરીર તરફ લિજ્જત મેળવવાના આશયથી ન જુએ.

**<u>મસઅલો ૨૪૪૮</u>** : અગર પુરૂષ કોઈ નામહેરમ સ્ત્રીને ઓળખતો હોય, તો તેના ફોટા વીગેરે તરફ જોવું એહતીયાતની રૂએ જાએઝ નથી, સિવાય કે એ ઓરત લાપરવાહ અને નિર્લજ્જ હોય.

**<u>મસઅલો ૨૪૪૯</u>** : અગર કોઈ સ્ત્રી બીજી સ્ત્રીને, યા પોતાના પતિ સિવાય અન્ય પુરૂષને, એનીમા આપી મળાશયની પીચકારી દેવા માંગે, અથવા એની શરમગાહને ધોવા માગે, તો હાથમાં એવા હાથમોજાં વગેરે પહેરે કે જેથી શરમગાહને હાથ ન અડે. એજ હુકમ મરદને લાગુ પડશે, અગર એ બીજા મરદને, યા પત્ની સિવાય બીજી કોઈ સ્ત્રીને એનીમાની પીચકારી આપે, યા તેના શરમગાહને ધોવે.

**<u>મસઅલો ૨૪૫૦</u>** : જે સંજોગમાં સ્ત્રી પોતાની બીમારીના ઈલાજ માટે મજબૂર થાય કે નામહેરમ પુરૂષ પાસે ઈલાજ માટે જાય, તો જાએઝ છે. અને જો એ પુરૂષ ઈલાજના હેતુથી તેની તરફ નઝર કરે અથવા તેને હાથ લગાડે, તો તેમાં ઈશ્કાલ નથી. પણ જયાં સુધી ઈલાજ માટે માત્ર નઝર કરવી કાફી હોય, તો હાથ ન લગાડે. અને જો શરીર પર હાથ લગાડવું ઈલાજ અર્થે કાફી હોય, તો નઝર ન કરે.

**<u>મસઅલો ૨૪૫૧</u>** : અગર ઈન્સાન કોઈના ઈલાજ માટે તેની શરમગાહ તરફ નઝર કરવા મજબૂર થાય, તો એહતીયાતે વાજિબ છે કે તેની સામે અરીસો રાખે અને તેમાં નઝર કરે. પણ જો ઈન્દ્રીય તરફ નઝર કર્યા સિવાય વિકલ્પ ન હોય, અથવા તેની તરફ જોવાની મુદ્દત અરીસામાં જોવાની

મુદ્દત કરતા ઓછી હોય, તો તેમાં ઈશ્કાલ નથી.

## પતિ-પત્ની સંબંધે શાદીના જુદા જુદા મસઅલાઓ

**મસઅલો ૨૪૫૨** : જે શખ્સ શાદી ન કરવાથી હરામ કાર્યમાં પડી જતો હોય, તેના માટે વાજિબ છે કે શાદી કરે.

**મસઅલો ૨૪૫૩** : અગર દાખલા તરીકે અકદમાં પતિએ એવી શરત મૂકી હોય કે કન્યા કુંવારી હોવી જોઈએ, ને અકદ બાદ જાણ થાય કે એ કુંવારી ન હતી, તો એ પતિ અકદને રદ કરી શકશે. અને એ રદ કરી નાખે તો કુંવારી અને ગૈર કુંવારી વચ્ચે મહેરનો જે તફાવત હોય, તે પોતે નક્કી કરેલા મહેરમાંથી પરત લઈ શકશે.

**મસઅલો ૨૪૫૪** : નામહેરમ પુરૂષ સ્ત્રીનું એકાંતની જગ્યાએ સાથે રહેવું, કે જેથી હરામ કામમાં સપડાઈ જવાનો સંભવ રહેતો હોય, હરામ છે; અગરચે ત્યાં કોઈ અન્યનું આવી જવું મુમ્કીન હોય. પણ જો હરામમાં મુબતેલા થવાનો સંભવ કે ભય ન હોય તો વાંધો નથી.

**મસઅલો ૨૪૫૫** : અગર પુરૂષ નિકાહ સમયે સ્ત્રીની મહેર નક્કી કરે, પણ તેનો ઈરાદો મહેર અદા કરવાનો ન હોય, તો અગરચે નિકાહ સહીહ રહેશે પણ તેના ઉપર મહેરનો ઝિમ્મો રહેશે, જે અદા કરવી જરૂરી છે.

**મસઅલો ૨૪૫૬** : જે મુસલમાન ઈસ્લામ ધર્મનો ત્યાગ કરે, અને કુફર ઈખ્તીયાર કરે તે મુરતદ કહેવાય છે, અને તેના બે પ્રકાર છે: એક ફિત્રી અને બીજું મિલ્લી. ફિત્રી એ છે કે જેના જનૂમ વખતે તેના માબાપ યા તેમાંથી એક મુસલમાન હોય, અને પોતે સમજદાર થયા બાદ મુસલમાન હોય, અને ત્યાર બાદ કાફિર થયો હોય. મુરતદે મિલ્લી એથી બિલકુલ વિરૂધ્ધ હોય છે.

**મસઅલો ૨૪૫૭** : અગર શાદી બાદ સ્ત્રી મુરતદ થઈ જાય તો તેના નિકાહ બાતિલ થશે. અને જો પતિએ તેની સાથે જાતીય સમાંગમ ન કર્યો હોય, તો તેની ઈદ્દત પણ નથી. અને જો જાતીય સમાંગમ થઈ ગયા બાદ એ મુરતદ થઈ હોય, અને એ એવી અવસ્થામાં હોય કે જેમાં સાધારણ સ્ત્રીઓ હયઝ જુએ છે, તો તલાકના એહકામમાં જણાવવામાં આવશે એ રીતે ઈદ્દત પાળવી જોઈએ. પણ જો એ સગીર વયની હોય અથવા યાઈસા હોય, એટલે એવી ઉમરે કે હયઝ બંધ થઈ ગયું હોય, તો ઈદ્દતની જરૂરત નહીં રહે. ફોકહા વચ્ચે મશહૂર એ છે કે અગર ઈદ્દત દરમ્યાન એ મુસલમાન થઈ જાય, તો તેના નિકાહ સલામત બાકી રહેશે, પણ એ હુકમ ઈશ્કાલથી ખાલી નથી.અગરચે એહતીયાત તર્ક ન કરવું જોઈએ.યાઈસા ઓરત એને કહેવાય કે જેના પચાસ વર્ષ પૂરા થઈ ગયા હોય, અને ઉંમર વધી જવાના

કારણે હયઝ બંધ હોય, અને ફરી હયઝ શરૂ થવાની આશા ન હોય.

**મસઅલો ૨૪૫૮** : અગર કોઈ પુરૂષ નિકાહ બાદ મુરતદે ફિત્રી થઈ જાય, તો તેની પત્ની તેના ઉપર હરામ થઈ જશે. અને એહકામે તલાકમાં સમજાવવામાં આવશે તે મુજબ એ સ્ત્રીને ઈદ્દતે વફાત પાળવી જોઈશે.

**મસઅલો ૨૪૫૯** : અગર કોઈ પુરૂષ નિકાહ બાદ મુરતદે મીલ્લી થઈ જાય, તો તેનું અકદ બાતિલ ગણાશે, અને જો એણે પોતાની સ્ત્રી સાથે સંભોગ ન કર્યો હોય, અથવા એ સગીર વયની યા યાઈસા હોય, તો ઈદ્દતની જરૂરત નહીં રહે. પણ જો સંભોગ બાદ મુરતદ થયો હોય, અને તેની પત્ની હજી એ અવસ્થામાં હોય કે જેમાં હયઝ જારી હોય છે, તો એહકામે તલાકમાં સમજાવવામાં આવશે એ પ્રમાણે સ્ત્રીને તલાકની ઈદ્દત પાળવી જોઈશે. અને મશહૂર એ છે કે ઈદ્દતની મુદ્દત પૂરી થયા એથી પહેલા શવહર મુસલમાન થઈ જાય તો અકદ સલામત બાકી રહેશે, પણ આ હુકમ પણ ઈશ્કાલથી ખાલી નથી, માટે એહતીયાત કરવું બેહતર ગણાશે.

**મસઅલો ૨૪૬૦** : અગર સ્ત્રી અકદ વેળા પુરૂષ સાથે એવી શરત કરે કે એને પોતાના શહેરથી બહાર નહીં લઈ જાય, અને પુરૂષ એ શરતનો સ્વીકાર કરે, તો સ્ત્રીની રજામંદી વગર તેને એ શહેરથી બહાર નહીં લઈ જવી જોઈએ.

**મસઅલો ૨૪૬૧** : અગર કોઈ સ્ત્રીને આગલા ધણીથી દીકરી હોય, અને તેના હાલના ધણીનો દીકરો હોય કે જે બીજી સ્ત્રીથી અવતર્યો હોય, તો એ બે એક બીજાને પરણી શકે છે. એવી જ રીતે અગર એ કોઈ કન્યાના અકદ પોતાના દીકરા વેરે કરે, તો એ કન્યાની માને પોતે પરણી શકે છે.

**મસઅલો ૨૪૬૨** : અગર કોઈ સ્ત્રી ઝિનાથી હામેલા થાય, તો તેના માટે એ હમલને પાડી નાખવું જાએઝ નથી.

**મસઅલો ૨૪૬૩** : અગર કોઈ શખ્સ એવી સ્ત્રી સાથે ઝિના કરે કે જેનો કોઈ પતિ ન હોય, અથવા કોઈના ઈદ્દતની મુદ્દતમાં ન હોય, અને ત્યાર બાદ શરઈ રીતે તેની સાથે નિકાહ કરી નાખે, અને જે બચ્ચું જન્મે એ માટે યકીન ન હોય કે હલાલા નુત્ફાથી છે યા હરામથી, તો એ બચ્ચું હલાલઝાદો ગણાશે.

**મસઅલો ૨૪૬૪** : અગર કોઈ પુરૂષને ખબર ન હોય કે જે સ્ત્રી સાથે એણે શાદી કરી છે એ ઈદ્દતમાં છે, અને સ્ત્રીને પણ તેની ખબર ન હોય, તો એવા સંજોગમાં જે બચ્ચું જન્મે એ હલાલઝાદો ગણાશે, અને એ બંનેની ઓલાદ ગણાશે. પણ જો સ્ત્રીને ખબર હતી કે પોતે ઈદ્દતમાં છે, અને ઈદ્દત

દરમ્યાન પરણવું જાએઝ નથી, તો શરીઅતની રૂએ એ બાળક બાપની અવલાદ ગણાશે. ઉપરોકત બંને સંજોગમાં નિકાહ બાતિલ ગણાશે, અને ઉપર જણાવ્યા મુજબ એકબીજા માટે હરામ ગણાશે.

**મસઅલો ૨૪૬૫** : અગર સ્ત્રી કહે કે એ યાઈસા થઈ ગઈ છે, તો તેની વાત મંજૂર નહીં રહે. પણ જો એ કહે કે તેને કોઈ પતિ નથી, તો તેની વાત માન્ય રાખવામાં આવશે. સિવાય કે એ સ્ત્રીનું ચારિત્ર્ય શકમંદ હોય, તો એવા સંજોગમાં એહતીયાતની રૂએ ખરી પરિસ્થિતિની તપાસ કરવી જોઈએ.

**મસઅલો ૨૪૬૬** : અગર કોઈ શખ્સ એવી સ્ત્રીને પરણે કે જેણે એમ કહ્યું હોય કે તેનો કોઈ પતિ નથી, અને ત્યાર બાદ કોઈ જણ દાવો કરે કે એ સ્ત્રી તેની પત્ની છે, તો જયાં સુધી શરીઅતની રૂએ તેનો દાવો સાબિત ન થાય ત્યાં સુધી તેની વાતની સ્વીકાર નહીં કરવામાં આવે.

**મસઅલો ૨૪૬૭** : બાળક યા બાળાને બે વર્ષ પૂરા ન થયા હોય ત્યાં સુધી બાપ બચ્ચાને માથી જુદા નહીં કરી શકે. અને એહતીયાત તેમજ બેહતર એ છે કે બચ્ચાને સાત વર્ષ સુધી માથી છૂટા ન કરે.

**મસઅલો ૨૪૬૮** : અગર દીકરી ઉપર માંગુ મોકલનાર અખ્લાક અને દીનદારીની રૂએ પસંદ કરવા જોગ હોય, તો બેહતર છે કે તેની વાત રદ ન કરવામાં આવે. પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમેં ફરમાવ્યું છે કે જયારે તમારી દીકરી ઉપર એવા શખ્સની વાત આવે કે જે અખ્લાક, ચારિત્ર્ય અને દીનદારીની રૂએ પસંદ કરવા લાયક હોય, તો તેની સાથે દીકરીને પરણાવી દીયો. અને જો તેમ નહીં કરો તો આ દુન્યામાં અસામાન્ય રીતે ફસાદ ફેલાઈ જશે.

**મસઅલો ૨૪૬૯** : અગર પત્ની પોતાના મહેર સંબંધી પોતાના શવહર સાથે એ શરતે સમાધાન કરે કે તે બીજી સ્ત્રીને નહીં પરણે તો વાજિબ છે કે શવહર બીજી સ્ત્રીને ન પરણે, અને પત્નીને પણ મહેર લેવાનો હક બાકી નહીં રહે.

**મસઅલો ૨૪૭૦** : જે શખ્સ ઝિનાના પરિણામે જનમ્યો હોય, તે જયારે પરણે ત્યારે તેની અવલાદ હલાલઝાદા ગણાશે.

**મસઅલો ૨૪૭૧** : અગર કોઈ શખ્સ માહે રમઝાનના રોઝા દરમ્યાન યા સ્ત્રીની હયઝની હાલતમાં સોબત કરે, તો એ ગુનાહનું કાર્ય ગણાશે. પણ એથી અવતરેલી અવલાદ હલાલઝાદા ગણાશે.

**મસઅલો ૨૪૭૨** : જે સ્ત્રીને યકીન હોય કે તેનો શવહર મુસાફરીમાં ગુજરી ગયો છે, અને ઈદ્દતે વફાત પાળ્યા બાદ એ બીજા લગ્ન કરે, અને ત્યાર બાદ તેનો પહેલો શવહર પાછો ફરે, તો નવા શવહરથી તરત જુદી થઈ જાય, અને પહેલા શવહર માટે એ હલાલ ગણાશે.

પણ જો નવા શવહરે તેની સાથે જાતીય સમાંગમ કરી લીધું હોય, તો તેના ઉપર ઈદ્દતની મુદ્દત પાળવી જરૂરી રહેશે અને નવો શવહર તેની મહેર અદા કરશે, પણ ઈદ્દત દરમ્યાન ખર્ચ આપવાનો ઝિમ્મો નહીં રહે.

## દૂધ પીવડાવવાના એહકામ

**મસઅલો ૨૪૭૩** : મસઅલા નંબર ૨૪૮૩ માં જણાવ્યા મુજબ શરતો પ્રમાણે અગર કોઈ સ્ત્રી બાળકને દૂધ પીવડાવે, તો એ બચ્ચું નીચે જણાવેલ લોકો માટે મહેરમ ગણાશે :

**(૧)** પોતે દૂધ પીવડાવનાર સ્ત્રી, કે જે રઝાઈ (દૂધમા) માતા તરીકે ઓળખાશે.

**(૨)** દૂધ પીવડાવનાર સ્ત્રીનો પતિ, કે હકીકતમાં દૂધ તેનું છે. અને તે રઝાઈ બાપ તરીકે ઓળખાશે.

**(૩)** દૂધ પીવડાવનાર સ્ત્રીના માતા પિતા, અને જેમ જેમ સિલસિલો ઉપર જાય; અને તેમાં રઝાઈ માતા પિતાનો પણ સમાવેશ થઈ જશે.

**(૪)** દૂધ પીવડાવનારી સ્ત્રીના બચ્ચાઓ જે તે વખતે મોજૂદ હોય, ને જે ત્યારબાદ જન્મે.

**(૫)** દૂધ પીવડાવનાર સ્ત્રીની અવલાદના વંશજો, અને જેમ જેમ વંશનો સીલસીલો નીચે જતો રહે, ચાહે એ અવલાદથી અવતર્યા હોય, યા તેની અવલાદે એ બચ્ચાઓને દૂધ પાયું હોય.

**(૬)** દૂધ પીવડાવનારી સ્ત્રીના ભાઈ બહેનો, ચાહે એ રઝાઈ ભાઈ બહેન કેમ ન હોય, એટલે કે એક જ માતાનું દૂધ ધાવવાને કારણે ભાઈ બહેન થયા હોય.

**(૭)** દૂધ પીવડાવનાર સ્ત્રીના કાકા અને ફઈ, અગરચે એ રઝાઈ હોય.

**(૮)** દૂધ પીવડાવનાર સ્ત્રીના મામા અને મામી, અગરચે એ રઝાઈ હોય.

**(૯)** દૂધ પીવડાવનારી સ્ત્રીના જે શવહરનું દૂધ હોય, એ શવહરની તમામ અવલાદ, અને જેમ જેમ વંશવેલો ઉતરતો જાય; અગરચે એ અવલાદ રઝાઈ હોય.

**(૧૦)** દૂધ પીવડાવનારી સ્ત્રીના જે શવહરનું દૂધ હોય, એ શવહરના માબાપ અને જેમ જેમ વંશ ઉપર જતો રહે.

**(૧૧)** દૂધ પીવડાવનારી સ્ત્રી ના જે શવહરનું દૂધ હોય તે શવહરના ભાઈ બહેનો અગરચે એ રઝાઈ હોય.

**(૧૨)** દૂધ પીવડાવનારી સ્ત્રીના જે શવહરનું દૂધ હોય તે શવહરના કાકા, ફઈ, મામા અને મામી, અને જેમ જેમ વંશ ઉપર જતો રહે, અગરચે એ રઝાઈ હોય.

તે ઉપરાંત બીજા અમુક દૂધ પીવડાવવાના કારણે મહેરમો છે કે જે હવે પછીના મસાઈલમા

જણાવવામાં આવશે.

**મસઅલો ૨૪૭૪** : અગર કોઈ સ્ત્રી બાળકને મસઅલા ૨૪૮૩માં જણાવવામાં આવેલી શરતો અનુસાર દૂધ પીવરાવે, તો એ બાળકનો બાપ દૂધ પીવડાવનારી સ્ત્રીના પેટે અવતરેલી દીકરીઓને નહીં પરણી શકે. અને જો એવો સંજોગ હોય કે એ સ્ત્રીની કોઈ દીકરી તેના નિકાહમાં હોય, તો એ અકદ બાતિલ થઈ જશે. પરંતુ દૂધ પીવડાવનારી સ્ત્રીની રઝાઈ દીકરીઓને પરણી શકશે, અગરચે એહ્તીયાતે મુસ્તહબ છે કે ન પરણે.

એવીજ રીતે એહ્તીયાત છે કે જે શવહરનું દૂધ હોય તે શવહરની દીકરીને પણ બાળકોનો બાપ ન પરણે, અગરચે એ રઝાઈ દીકરી હોય અને જો એવો સંજોગ હોય કે એવી દીકરી સાથે પરણી ચૂકયો હોય, તો એહ્તીયાતની રૂએ એ અકદ બાતિલ ગણાશે.

**મસઅલો ૨૪૭૫** : અગર કોઈ સ્ત્રી બાળકને મસઅલા ૨૪૮૩માં જાણાવેલી શરતો મુજબ દૂધ પીવરાવે તો એ સ્ત્રીનો ધણી કે જેનું એ દૂધ છે, બાળકની બહેનોનો મહેરમ નહીં થાય. પણ એહ્તીયાતે મુસ્તહબ છે કે તેમને ન પરણે. એવી જ રીતે એ શવહરના સગાવ્હાલાઓ એ બાળકના ભાઈ બહેનોના મહેરમ નહીં થાય.

**મસઅલો ૨૪૭૬** : અગર કોઈ સ્ત્રી બાળકને દૂધ પીવરાવે તો એ સ્ત્રી બાળકના ભાઈઓ માટે મહેરમ નહીં થાય. એવી જ રીતે એ સ્ત્રીના સગાં સ્નેહીઓ એ બાળકના ભાઈ બહેનોનાં મહેરમ નહીં ગણાય.

**મસઅલો ૨૪૭૭** : અગર ઈન્સાન એવી સ્ત્રીને પરણે કે જેણે કોઈ બાળાને પોતાનું પૂરૂં દૂધ આપ્યું હોય અને એ સ્ત્રી સાથે જાતીય સમાંગમ પણ કરી ચૂકયો હોય, તો એ શખ્સ એ બાળાને કોઈ કાળે પરણી નહીં શકે.

**મસઅલો ૨૪૭૮** : અગર ઈન્સાન કોઈ સ્ત્રીને પરણે, તો જે સ્ત્રીએ એની એ પત્નીને પૂરૂં દૂધ આપ્યું હોય, તે સ્ત્રીને કોઈ કાળે નહીં પરણી શકે.

**મસઅલો ૨૪૭૯** : જે સ્ત્રીને ઈન્સાનની માતાએ અથવા દાદીએ પૂરૂં દૂધ પાયું હોય, તે સ્ત્રીને એ ઈન્સાન પરણી નહીં શકે. એવી જ રીતે જો સાવકી માતાએ ઈન્સાનના બાપનું દૂધ કોઈ બાળાને પીવરાવ્યું હોય, તો તે ઈન્સાન એ બાળાને પરણી નહીં શકે. અગર સંજોગોવશાત, દૂધ પીતી બાળા સાથે કોઈએ પોતાનો અકદ કર્યો હોય, અને તે પછી એ બાળાને એ શખ્સની મા, યા દાદી અથવા સાવકી માતા દૂધ પીવરાવે, તો અકદ બાતિલ થઈ જશે.

**મસઅલો ૨૪૮૦** : અગર કોઈ બાળાને ઈન્સાનની બહેને અથવા ભાભીએ ભાઈનું દૂધ ધાવણરૂપે પાયું હોય, તો એ બાળાને તે ઈન્સાન નહીં પરણી શકે. એવી જ રીતે જો ઈન્સાનની ભાણેજી, ભત્રીજી અથવા ભાઈ બહેનની પૌત્રી કે દોહીત્રીએ એ બાળાને દૂધ પાયું હોય, તો એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૨૪૮૧** : અગર કોઈ સ્ત્રી પોતાની દોહીત્રીને પૂરૂં દૂધ પાય, તો દીકરી પોતાના શવહર માટે હરામ થઈ જશે. એવી જ રીતે અગર કોઈ સ્ત્રી પોતાના જમાઈની બીજી પત્ની (પોતાની દીકરી સિવાય) થી અવતરેલી દીકરીને દૂધ પાય, તો એ જ હુકમ લાગુ પડશે.

પરંતુ અગર કોઈ સ્ત્રી પોતાના પૌત્ર કે પૌત્રીને દૂધ પાય, તો દીકરાની પત્ની કે જે એ બચ્ચાઓની મા છે, એ સ્ત્રીના શવહર માટે હરામ થતી નથી.

**મસઅલો ૨૪૮૨** : અગર કોઈ સ્ત્રીની સાવકી માતા એના ધણીના બાળકને એ સ્ત્રીના બાપનું દૂધ ધવડાવે, તો મસઅલો ૨૪૭૪માં જણાવેલ એહતીયાતની રૂએ એ સ્ત્રી પોતાના ધણી માટે હરામ થઈ જશે, ચાહે એ બચ્ચુ એ સ્ત્રીનું પોતાનું હોય, યા બીજી પત્નીનું હોય.

## દૂધ પીવડાવવાના કારણે મહેરમ થઈ જવાની શરતો

**મસઅલો ૨૪૮૩** : જે દૂધ પીવડાવવાના કારણે મહેરમ થવાય છે તેની **આઠ** શરતો નીચે મુજબ છે :

**(૧)** બાળકે જીવતી સ્ત્રીના સ્તનથી દૂધ પીધું હોવું જોઈએ. અગર મુડદા સ્ત્રીથી દૂધ પીધું હોય, તો તેનો કોઈ અર્થ નથી.

**(૨)** સ્ત્રીનું દૂધ હલાલથી હોવું જોઈએ અગર કોઈ સ્ત્રીને ત્યાં ઝિનાથી બચ્ચું જનમ્યું હોય, એ સ્ત્રી કોઈ બીજા બચ્ચાને દૂધ પીવડાવે, તો એ હરામના દૂધ થી બચ્ચું કોઈનું મેહરમ નહીં થાય.

**(૩)** બાળકે સ્ત્રીના સ્તનથી દૂધ પીધુ હોવું જોઈએ. અગર દૂધ કાઢીને બાળકના ગળામાં રેડવામાં આવે, તો એથી કોઈ અસર નહીં થાય.

**(૪)** દૂધ ચોખ્ખું હોવું જોઈએ. કોઈ બીજી વસ્તુ સાથે મિશ્રિત ન હોવું જોઈએ.

**(૫)** એક જ શવહરનું દૂધ હોવું જોઈએ. તો દાખલા તરીકે અગર કોઈ શખ્સ દૂધ પીવડાવનાર પત્નીને તલાક આપી દીએ, અને ત્યાર બાદ એ સ્ત્રી બીજા લગ્નથી હામેલા થાય, તો નવું બચ્ચું જન્મે ત્યા સુધી પહેલાં શવહરનું દૂધ અને ત્યાર બાદ બીજા શવહરનું દૂધ બચ્ચાને પાય, તો એ બચ્ચું કોઈનું મહેરમ નહીં થાય, જેમકે પ્રથમ શવહરના દૂધથી આઠ વાર ધવડાવે અને

બીજા શવહરના દૂધ વડે સાત વાર ધવડાવે, તો એ બચ્ચું કોઈનું મહેરમ નહીં ગણાય.

**(૬)** બચ્ચું ધાવ્યા બાદ, કોઈ બીમારીને કારણે ઉલટી કરી દૂધ બહાર ન કાઢે. અગર એ પ્રમાણે ઉલટી કરતું રહે, તો કોઈ અસર નહીં થાય.

**(૭)** દૂધ એટલું ધવડાવવું જોઈએ કે એથી બાળકના હાડકા મજબૂત થાય, અને શરીર માંસલ બને. અને જો એ નક્કી ન કરી શકાતું હોય, તો અગર બચ્ચું એક દિવસ રાત પેટ ભરીને ધાવે, યા હવે પછીના મસઅલામાં જણાવવામા આવશે એ રીતે પંદર વાર પૂરૂં ધાવણ લ્યે, તો કાફી ગણાશે. પણ જો યકીન હોય કે એક દિવસ રાત યા પંદર વખત દૂધ ધાવ્યા છતાં બચ્ચાના શરીરમાં કોઈ અસર ઉત્પન્ન નથી તો એવા સંજગોમાં એહતીયાત તર્ક ન કરવું જોઈએ.

**(૮)** બાળકને બે વર્ષ પૂરાં ન થયા હોવા જોઈએ. અને જો બે વર્ષ પૂરાં થયા બાદ તેને ધવડાવવામાં આવ્યું હોય, તો એ બાળકનું કોઈનું મહેરમ નહીં થાય. બલ્કે, જો બે વર્ષ પુરાં થયા પહેલા આઠેક વાર ધવડાવવામાં આવ્યું હોય, અને બે વર્ષ પુરાં થયા બાદ સાતેક્વાર ધવડાવવામાં આવ્યું હોય, તો પણ એ બાળક કોઈનું મહેરમ નહીં બને. પરંતુ જો ધવડાવનાર સ્ત્રી, માતા બની ત્યારથી બે વર્ષ બાદ સુધી દૂધ ધવડાવતી હોય અને એ દુધથી કોઈ બચ્ચાને ધવડાવે તો ઉપરોકત જણાવેલા લોકો માટે એ બાળક મહેરમ થઈ જશે.

**<u>મસઅલો ૨૪૮૪</u>** : એક દિવસ રાત દરમ્યાન જયારે બચ્ચું ધાવતું હોય, ત્યારે જરૂરી છે કે એ દરમ્યાન કોઈ બીજી સ્ત્રીનું દૂધ ન પીધું હોય, તેમ ખોરાકી પણ ન લીધી હોય, અલબત્ત, તદ્દન થોડા પ્રમાણમાં ખોરાકી આપવામાં આવી હોય કે જે ખાસ નોંધપાત્ર ન હોય, તો વાંધો નથી.

એવી જ રીતે પંદર વાર એક જ સ્ત્રીના સ્તનથી ધાવે, એવી શરત છે, અને એ દરમ્યાન કોઈ બીજી સ્ત્રીનું દૂધ ન પીએ.

દૂધ ધાવતી વેળા બાળકે એકી સાથે કોઈપણ જાતના ફાસલા વિના દૂધ પીધું હોવું જોઈએ. અલબત્ત, ધાવતી વેળા દરમ્યાનમાં શ્વાસ લેવા માટે યા બીજા કારણસર થંભી જાય, પણ એમ કહી શકાય કે એક વારમાં દૂધ પીધું છે તો વાંધો નથી.

**<u>મસઅલો ૨૪૮૫</u>** : અગર કોઈ સ્ત્રી પોતાના પહેલાં શવહરના દુધથી કોઈ બાળકને ધવડાવે. અને ત્યાર બાદ સંજોગોવશાત બીજા શવહરના દૂધથી બીજા બાળકને ધવડાવે, તો એ બે બાળકો એક બીજાના મહેરમ નહીં થાય, જો કે બેહતર છે કે એ બંને એક બીજાને ન પરણે.

**<u>મસઅલો ૨૪૮૬</u>** : અગર કોઈ સ્ત્રી એક જ શવહરના દૂધથી અનેક બચ્ચાઓને ધવડાવે, તો એ તમામ બચ્ચાઓ એક બીજા માટે મહેરમ થઈ જશે, અને સાથે સાથે ધવડાવનારી સ્ત્રી અને તેના

શવહરના પણ મહેરમ બનશે.

**મસઅલો ૨૪૮૭** : અગર કોઈ શખ્સની અનેક પત્નીઓ હોય, અને એ સર્વ પત્નીઓ ઉપર જણાવેલી શરતો મુજબ એકેક બચ્ચાને ધવડાવતી હોય, તો એ સર્વ બચ્ચાઓ એક બીજાના મેહરમ કરાર થશે, ઉપરાંત એ શવહર અને તેની તમામ પત્નીઓના મહેરમ બનશે.

**મસઅલો ૨૪૮૮** : અગર કોઈ શખ્સની બે પત્નીઓ ધવડાવનારી હોય, અને એમાંથી એક પત્ની કોઈ બચ્ચાને, દાખલા તરીકે આઠ વાર ધવડાવે અને બીજી પત્ની એ જ બચ્ચાને સાત વાર ધવડાવે, તો એ બચ્ચું કોઈનું મહેરમ નહીં લેખાય.

**મસઅલો ૨૪૮૯** : અગર કોઈ સ્ત્રી એક બાળક અને એક બાળાને પોતાના એક જ શવહરનું પૂરી રીતે દૂધ ધવડાવે, તો એ બાળાના ભાઈ-બહેન, બાળકના ભાઈ-બહેન માટે મહેરમ નહીં બને.

**મસઅલો ૨૪૯૦** : દૂધ ધવડાવવાને કારણે જે સ્ત્રીઓ ભાણેજી કે ભત્રીજી થઈ હોય, તે સ્ત્રીઓ સાથે ધવડાવનાર પત્નીની રજા વગર ઈન્સાન અકદ નહીં કરી શકશે.

એવી જ રીતે અગર ઈન્સાન કોઈ મરદ સાથે જાતીય સમાંગમ કરે, (લવાત કરે) તો એ મરદની દૂધ દીકરી, બહેન, મા અને દાદીને નહીં પરણી શકે. એટલે કે દૂધ ધાવણથી જે સ્ત્રીઓ એ મરદના ઉપરોકત રીશ્તામાં જોડાઈ હોય, તેની સાથે શાદી નહીં કરી શકે. અને એહતીયાતની રૂએ, ચાહે લવાત કરનાર બાલીગ હોય કે ન હોય, અથવા લાવાત કરાવનાર બાલીગ હોય, તો પણ એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૨૪૯૧** : જે શખ્સના ભાઈ ને કોઈ સ્ત્રીએ ધાવણ આપ્યું હોય, તે શખ્સ ધવડાવનારી માટે મહેરમ નહીં થાય; અગરચે એહતીયાતે મુસ્તહબ છે કે તેની સાથે શાદી ન કરે.

**મસઅલો ૨૪૯૨** : બે બહેનો સાથે એક ઈન્સાન એકી સાથે લગ્ન નથી કરી શકતો, અગરચે એ બે બહેનો રઝાઈ હોય, એટલે કે ધાવણની નિસ્બતથી બેહનો બની હોય. અને જો કોઈ શખ્સની બે પત્નીઓ હોય, અને પછી થી તેને જાણ થાય કે એ બંને બહેનો હતી. અગર બંનેના અકદ સાથે પડાયા હોય તો બંને અકદ બાતિલ ગણાશે, અને જો બંને અકદ સાથે ન પડાયા હોય, તો જે અકદ પહેલાં પડાયા હોય, એ સહીહ અને બીજા અકદ બાતિલ થશે.

**મસઅલો ૨૪૯૩** : અગર કોઈ ધવડાવનારી સ્ત્રી નીચે જણાવેલાઓને ધવડાવે, તો તેનો શવહર તેના ઉપર હરામ નહીં થાય, અગરચે એહતીયાત કરવું બેહતર છે.

**(૧)** પોતાના ભાઈ બહેનને,

**(૨)** પોતાના કાકા, ફઈ, મામા કે માસીને,

**(૩)** પોતાના કાકા, ફઈ, મામાની અવલાદને,

**(૪)** પોતાના ભત્રીજાને,

**(૫)** પોતાના જેઠ, દેર કે નણંદને,

**(૬)** પોતાના ભાણેજ યા પોતાના શવહરના ભાણેજને,

**(૭)** પોતાના શવહરના કાકા, ફઈ, મામા, માસીને,

**(૮)** પોતાના શવહરની બીજી પત્નીના નવાસા, નવાસીને.

**મસઅલો ૨૪૯૪** : અગર કોઈ સ્ત્રી ઈન્સાનને કાકાની દીકરી યા માસીની દીકરીને પૂરી રીતે ધવડાવે, તો એથી એ ઈન્સાન તેના માટે મહેરમ નહીં થાય, પણ એહતીયાતે મુસ્તહબ છે કે તેની સાથે લગ્ન ન કરે.

**મસઅલો ૨૪૯૫** : જે શખ્સની બે પત્નીઓ હોય, અને તેમાંથી એક પત્ની જો બીજી પત્નીના કાકાના દીકરાને ધવડાવે, તો જે પત્નીના કાકાના દીકરાએ દૂધ પીધું હોય એ પત્ની પોતાના શવહર માટે હરામ નહીં થાય.

## દૂધ પીવડાવવાના આદાબ

**મસઅલો ૨૪૯૬** : બચ્ચાને દૂધ પીવડાવવા માટે સૌથી શ્રેષ્ઠ પસંદગી તેની માતાની છે, અને યોગ્ય એ છે કે માતા પોતાના બચ્ચાને દૂધ પીવડાવવા માટે પોતાના શવહર પાસેથી કોઈ જાતનું વેતન ન માગે, જો કે બેહતર છે કે શવહર સ્વેચ્છાએ તે માટે વેતન આપે. પણ જો માતા સાધારણ દૂધ પીવડાવનારી દાયા કરતાં વધુ વેતન માગે તો શવહરને હક છે કે બચ્ચું તેની પાસેથી લઈને દાયાને સુપરત કરે.

**મસઅલો ૨૪૯૭** : મુસ્તહબ છે કે દાયાની પસંદગી કરતી વેળા એ વાતનો ખ્યાલ રહે કે દાયા શિયા ઈસ્નાઅશરી, અકલમંદ, પાકદામન અને નેક સૂરત હોય. કોઈ બેઅકલ, અથવા ગૈર શિયા ઈસ્નાઅશરી, યા બદઅખ્લાક અને બદસૂરત અથવા ઝિનાઝાદા દાયાને ધવડાવવા માટે બચ્ચું આપવું મકરૂહ છે. એવી જ રીતે એવી દાયાને બચ્ચું સોંપવું મકરૂહ છે કે જેનું દૂધ એવા બચ્ચાને કારણે હોય કે જે બચ્ચું ઝિનાથી જનમ્યું હોય.

## દૂધ પીવડાવાને લગતા બીજા મસઅલાઓ

**મસઅલો ૨૪૯૮** : ઓરતો માટે બેહતર છે કે તે દરેક બચ્ચાને દૂધ ન પીવરાવે, કારણકે એ

યાદ રાખવું મુશ્કેલ છે કે કોણે કોણે તેમનું દૂધ પીવરાવ્યું છે, જેને પરિણામે મુમ્કીન છે કે બે મહેરમ એક બીજાને પરણી જાય.

**મસઅલો ૨૪૯૯** : જયાં મુમ્કીન હોય ત્યાં મુસ્તહબ છે કે બચ્ચાને પૂરા એક્વીસ મહિના સુધી પૂરૂં પીવરાવવામાં આવે. બે વર્ષથી વધુ ધવડાવું યોગ્ય નથી.

**મસઅલો ૨૫૦૦** : અગર ધવડાવવાથી શવહરના હકને કોઈ હાનિ ન પહોંચતી હોય, તો સ્ત્રી પોતાના શવહરની રજા વગર અન્ય બચ્ચાઓને ધવડાવી શકે છે.

**મસઅલો ૨૫૦૧** : અગર કોઈ ઓરતનો ધણી નાની દૂધ પીતી બાળા સાથે પોતાના અકદ કરે, અને એ ઓરત એ જ બાળાને ધવડાવે, તો મશ્હૂર કોલ પ્રમાણે એ ઓરત પોતાના ધણીની સાસુ થઈ જવાથી તેના ઉપર હરામ થઈ જાય છે. પણ એ હુકમ ઈશ્કાલથી ખાલી નથી,અગરચે એહતીયાત તર્ક ન કરવું જોઈએ.

**મસઅલો ૨૫૦૨** : અગર કોઈ શખ્સ ઈચ્છે કે એની ભાભી એના માટે મહેરમ થઈ જાય, તો અમુક ફકીહોએ કહ્યું છે કે એ શખ્સ કોઈ દૂધ પીતી બાળા સાથે, દાખલા તરીકે બે દિવસ માટે મુત્આનો સીગો જારી શકે, અને પછી એની ભાભીને એ બાળાને ધવડાવવા કહે તો મસઅલો ૨૪૮૩ માં જણાવેલી શરતો અનુસાર જો એ ધવડાવે, તો ભાભી એ શખ્સની સાસુ બની જતાં મહેરમ થઈ જશે. પરંતુ કારણ કે ભાભી જે દૂધ આપી રહી છે, એ ભાઈનું છે, તો આવા સંજોગમાં આ હુકમમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૫૦૩** : અગર કોઈ શખ્સ અકદ પહેલા કહી દીએ કે જે ઓરતને પરણે છે તે એની રઝાઈ બહેન હોવાને કારણે તેના માટે હરામ છે, તો જો એવા કથનની તહકીક શક્ય હોય તો એ શખ્સ એ ઓરતને નહીં પરણી શકે. અને જો અકદ બાદ એ કહે અને ઓરત પણ તેની વાતને ટેકો આપે, તો નિકાહ બાતિલ ગણાશે.

તો અગર એ શખ્સે એ ઓરત સાથે સોહબત કરી ન હોય, અથવા સોહબત કરી હોય પણ ઓરતને ખબર હોય કે એ મરદ તેના માટે હરામ છે. તો એવા સંજોગમાં મહેર આપવાની રહેશે નહીં.

પણ જો સોબત બાદ સ્ત્રીને ખબર પડી હોય કે એ મરદ તેના માટે હરામ હતો તો શવહર માટે જરૂરી છે કે પ્રચલિત મહેર જે હોય, તે આપે.

**મસઅલો ૨૫૦૪** : અગર કોઈ ઓરત અકદ પહેલા કહે કે જે મરદ તેને પરણી રહ્યોછે, તે દૂધ ભાઈ હોવાને કારણે તેના માટે હરામ છે, તો જો એના કથનની તહકીક થઈ શકે તેમ હોય તો એની સાથે શાદી નહીં કરી શકે. પણ જો અકદ બાદ એમ કહે, તો ઉપરોકત મસઅલામાં જેમ પુરૂષે કહ્યું કે એ

સ્ત્રીના માટે હરામ છે એ જ હુકમ અહીં લાગુ પડશે.

**<u>મસઅલો ૨૫૦૫</u>** : ધાવણને કારણે મહેરમ થયા હોવાની સાબિતી **બે** રીતે હાંસિલ થઈ શકે:

**(૧)** અમુક માણસોનું જુથ ખબર આપે, કે જેમના કહેવાથી સંતોષ અથવા ખાત્રી થઈ જાય.

**(૨)** બે આદીલ પુરૂષોની ગવાહી. પણ એ ગવાહીમાં ધાવણ સંબંધી પૂરી વિગતો આપેલી હોવી જોઈએ. જેમકે, એમ જણાવે કે અમે જોયું કે ફલાણા બાળકે ચોવીસ કલાક દરમ્યાન સતત ફલાણી સ્ત્રીનું ધાવણ પીધું હતું, અને દરમ્યાનમાં અન્ય ખોરાકી લીધી ન હતી. ઉપરાંત એવી તમામ શરતોનો ઝિક્ર હોવો જોઈએ કે જેનો ઉલ્લેખ મસઅલા ૨૪૭૩ માં થઈ ગયો છે.

પણ જો એક પુરૂષ અને બે સ્ત્રીઓ અથવા ચાર સ્ત્રીઓ કે જે સર્વે આદીલ પણ હોય ગવાહી આપે તો એનું માન્ય ઈશ્કાલથી ખાલી નથી.

**<u>મસઅલો ૨૫૦૬</u>** : અગર કોઈને શક હોય કે બચ્ચાએ જેટલી મિકદારમાં મહેરમ થવા માટે જોઈએ તેટલું પીધું હતું કે નહીં, અથવા માત્ર અનુમાન ધરાવે કે એટલું દૂધ પીધું હશે; તો એ બચ્ચું કોઈનું મહેરમ નહીં થાય. પણ એહતીયાતથી વર્તવું બહેતર છે.

## તલાકના એહકામ

**<u>મસઅલો ૨૫૦૭</u>** : જે પુરૂષ પોતાની પત્નીને તલાક દેવા ઈચ્છતો હોય તેના માટે જરૂરી છે કે બાલીગ અને આકીલ હોય પણ જો દસ વર્ષની ઉંમરનો સમજદાર બાળક પોતાની પત્નીને તલાક આપે, તો એ સંજોગમાં એહતીયાત તર્ક ન કરવું જોઈએ. એવી જ રીતે શરત છે કે પુરૂષ પોતાની સ્વેચ્છાએ તલાક આપે, અને જો એને પત્નીને તલાક આપવા માટે મજબુર કરવામાં આવ્યો હોય, તો એ તલાક બાતિલ ગણાશે. ઉપરાંત તલાક દેતી વેળા તે માટે કસદઅને ચોક્કસ ઈરાદો હોવો જરૂરી છે, એટલે અગર કોઈ શખ્સ મશ્કરીમાં તલાકનો સીગો જારી કરે, તો એ સહીહ નથી.

**<u>મસઅલો ૨૫૦૮</u>** : તલાક આપતી વેળા પત્ની માટે હયઝ અને નિફાસથી પાક હોવું જરૂરી છે, અને સાથે એ પણ શરત છે કે એ પાક દિવસોમાં તેના પતિએ તેની સાથે સંભોગ ન કર્યો હોય. આ બંને શરતોનો વધુખુલાસો આગળ જતાં આપવામાં આવશે.

**<u>મસઅલો ૨૫૦૯</u>** : હયઝ અને નિફાસની હાલતમાં પત્નીને આપેલી તલાક નીચે જણાવેલા **ત્રણ** સંજોગોમાં સહીહ ગણાશે :

**(૧)** અગર પતિએ શાદી બાદ તેની સાથે સંભોગ ન કર્યો હોય;

**(૨)** અગર એવી જાણ હોય કે પત્ની હામેલા છે. અગર એવી જાણ ન હોય, અને પતિ તેને

હયઝની હાલતમાં તલાક આપે, ત્યાર બાદ જાણ થાય કે એ હામેલા હતી, તો તલાક બાતિલ છે, જો કે એહતીયાતે મુસ્તહબ છે કે ફરીથી તલાક આપે.

**(૩)** અગર પુરૂષ ગેરહાજર હોવાને કારણે યા એવા બીજા કારણસર પત્નીથી એવી રીતે અલગ રહ્યો હોય કે એ ખાત્રી ન કરી શકતો હોય કે પત્ની હયઝ અને નિફાસથી પાક છે કે નહીં, પણ આવા સંજોગમાં એહતીયાતે વાજિબ છે કે પુરૂષ એટલી સબ્ર કરે કે પત્નીથી જુદા હોવાને કમમાં કમ એક માસ વીતી જાય, અને ત્યાર બાદ તલાક આપે.

**મસઅલો ૨૫૧૦** : અગર પતિ એમ ધારીને કે પત્ની હયઝથી પાક છે તેને તલાક આપે, અને પછીથી જાણ થાય કે તલાક દેતી વેળા એ હયઝમાં હતી, તો એ તલાક બાતિલ છે અને જો એમ ધારીને કે પત્ની હયઝમાં છે, તેને તલાક આપે, અને પછીથી ખબર પડે કે એ હયઝની હાલતમાં ન હતી, તો તલાક સહીહ છે.

**મસઅલો ૨૫૧૧** : અગર પતિને ખબર હોય કે પત્ની હયઝ અથવા નિફાસની હાલતમાં છે, અને એવા સંજોગમાં એનાથી જુદો થાય, જેમકે, સફર ઉપર ચાલ્યો જાય, અને ત્યારે પોતાની પત્નીને તલાક આપવા માંગે, તો જરૂરી છે કે એટલો સમય સબર કરે કે જેથી એને યકીન અથવા ઈત્મિનાન હાંસિલ થાય કે પત્ની હયઝ અથવા નિફાસથી પાક થઈ ગઈ હશે. અને જયારે એને જાણ થાય કે પાકીઝગીની હાલતમાં છે, તો તેને તલાક દઈ શકે છે. એવી જ રીતે અગર શક હોય, તો ગેરહાજર સંબંધી મસઅલા ૨૫૦૯માં જે શરતો છે તે મુજબ અમલ કરવામાં આવે.

**મસઅલો ૨૫૧૨** : જે પતિ પોતાની પત્નીથી જુદો થઈ ગયો હોય, અને એ પત્નીને તલાક દેવા માંગે, તો જરૂરી છે કે શક્ય રીતે જાણ કરે કે એ હયઝ અથવા નિફાસમાં છે કે નહીં. ચાહે એ પત્નીને હયઝની આદતની રૂએ ખાત્રી કરે, અથવા બીજી નિશાનીઓ કે જે શરીઅતમાં નક્કી છે તે મુજબ જાણ હાંસિલ કરે. પણ છતાં જો તલાક આપ્યા બાદ ખબર પડે કે પત્ની હયઝ યા નિફાસની હાલતમાં હતી, તો તલાક બાતિલ ગણાશે.

**મસઅલો ૨૫૧૩** : અગર કોઈ શખ્સે પોતાની પત્ની સાથે પાકીઝગીની હાલતમાં સંભોગ કર્યો હોય, અને તેને તલાક દેવા માંગે, તો જરૂરી છે કે એ બીજીવાર હયઝની હાલતમાં દાખલ થઈને પાક થાય ત્યાં સુધી સબર કરે. પણ જે પત્નીની ઉમર નવ વરસની થઈ ન હોય, અથવા જેના વિષે ખબર હોય કે હામેલા છે, અથવા એ યાએસા હોય, અને તેને સંભોગ કર્યા બાદ તલાક આપે, તો વાંધો નથી. યાએસાનો અર્થ ૨૪૫૭માં આવ્યો છે.

**મસઅલો ૨૫૧૪** : અગર કોઈ શખ્સ પત્નીને પાકીઝગીની હાલતમાં સંભોગ કર્યા બાદ એજ પાકીઝગીની હાલતમાં તલાક આપે, અને પછીથી ખબર પડે કે તલાક વેળા એ હામેલા હતી, તો તલાક બાતિલ ગણાશે જો કે એહતીયાતે મુસ્તહબ છે કે ફરીથી તલાકનો સીગો જારી કરે.

**મસઅલો ૨૫૧૫** : અગર કોઈ શખ્સ પત્ની સાથે પાકીઝગીની હાલતમાં સંભોગ કરે, ત્યાર બાદ સફર વીગેરે ઉપર જવાથી તેનાથી જુદો થઈ જાય અને એવી હાલતમાં તલાક દેવા માંગે, તો જો એવી જાણ ન કરી શકતો હોય કે એ કઈ હાલતમાં છે તો એટલો સમય સબર કરવું જરૂરી છે કે પત્ની ફરી હયઝની હાલતમાં દાખીલ થઈને પાક થઈ જાય, અને એહતીયાતે વાજિબ એ છે કે એ મુદ્દત એક મહિનાથી ઓછી ન હોય.

**મસઅલો ૨૫૧૬** : અગર કોઈ શખ્સની પત્નીને બીમારીને કારણે યા જન્મથી આદત મુજબ તદ્દન હયઝની હાલતમાં ન રહેતી હોય, પણ તેની ઉંમરની બીજી સ્ત્રીઓ સ્વભાવિક રીતે હયઝ જોતી હોય, એવી પત્ની સાથે જાતીય સમાંગમ બાદ તેને તલાક દેવા માંગે તો સંભોગથી ત્રણ મહિના સુધી સબર કર્યા બાદ તલાક આપે, અને એ ત્રણ મહિનાની મુદ્દતમાં તેની સાથ સંભોગ ન કરે.

**મસઅલો ૨૫૧૭** : તલાકનો સીગો સહીહ અરબીમાં, "તાલિક" શબ્દના પ્રયોગ સાથે પડાવો જોઈએ, અને એ સીગાને બે આદીલ પુરૂષો સાંભળે. અગર પતિ પોતે તલાક પડવા માંગતો હોય, અને દાખલા તરીકે, તેની પત્નીનું નામ ફાતેમહ હોય, તો એ કહેશે : "ઝવજતી ફાતેમહ તલિક", એટલે કે "મારી પત્ની ફાતેમહ લગ્નથી છુટી થઈ છે." અને જો કોઈ ને વકીલ નીમે, તો વકીલ કહેશે : "ઝવજતો મુવકકેલી ફાતેમહ તાલિક" અલબત્ત, જે સંજોગમાં પત્ની નક્કી હોય તેમાં તેનું નામ લેવું જરૂરી નથી. અગર પતિ અરબીમાં તલાકનો સીગો અદા ન કરી શકતો હોય, અથવા વકીલ ન મેળવી શકતો હોય, તો પછી અરબી સીગાના શબ્દાર્થને લક્ષમાં રાખી તે પ્રમાણે કોઈ પણ ભાષામાં તલાક દઈ શકે છે.

**મસઅલો ૨૫૧૮** : જે સ્ત્રી સાથે મુત્આ થયા હોય, જેમકે, એક મહિના યા એક વર્ષ માટેની મુદ્દત હોય, તો તે માટે તલાક નથી, બલ્કે મુદ્દત પૂરી થતાં એ આપો આપ છુટી થઈ જશે. અથવા મુદ્દતમાં બાકી રહેલો સમય જો પતિ તેને બક્ષી આપી વહેલી છુટી કરે અને આ મુજબ ઉચ્ચાર કરે : મેં બાકીની મુદ્દત તને બક્ષી આપી છે, તો કાફી છે, એ માટે સ્ત્રીનું હયઝથી પાક હોવું જરૂરી નથી.

## તલાકનો ઈદ્દો

**મસઅલો ૨૫૧૯** : જે પત્નીની ઉંમરના નવ વર્ષ પૂરા ન થયા હોય, અને જે સ્ત્રી યાએસા હોય, તેના માટે ઈદ્દાનો હુકમ નથી. એટલે અગરચે તેના પતિએ તેની સાથે જાતીય સમાંગમ કર્યો હોય,

તો પણ તલાક બાદ એવી સ્ત્રી તરત બીજી શાદી કરી શકશે.

**<u>મસઅલો ૨૫૨૦</u>** : જે પત્નીના નવ વર્ષ પૂરા થયા હોય, અથવા એ યાએસા ન હોય, અને તેની સાથે પતિએ સંભોગ કર્યો હોય, તે પત્નીને જો તલાક અપાય તો જરૂરી છે કે તલાક બાદ તેનો ઈદ્દો પાળે. આઝાદ પત્નીનો ઈદ્દો એ છે કે પતિ તેની પાકીઝગીની હાલતમાં તલાક આપે ત્યાર બાદ એટલો સમય સબર કરે કે બે વાર હયઝની હાલતમાં પ્રવેશ કરીને પાક થાય. જયારે ત્રીજી વાર હયઝ જુએ ત્યારે તેનો ઈદ્દો પૂરો થયો ગણાશે, અને તે બાદ ફરી શાદી કરી શકશે.

પણ જો પતિ તેની સાથે સંભોગ કર્યા પહેલા તલાક આપે, તો એ તલાકનો કોઈ ઈદ્દો નથી, એટલે કે એ તલાક બાદ સ્ત્રી તરત જ પુનઃલગ્ન કરી શકશે. પણ ઇન્દ્રિય પ્રવેશ વગર પતિનું વીર્ય શોષણ થઈ જવા પામ્યું હોય, તો એવા સંજોગમાં જાહેર એ છે કે ઈદ્દો પાળવો જોઈશે.

**<u>મસઅલો ૨૫૨૧</u>** : જે સ્ત્રી હયઝ જોતી ન હોય, પણ એવી સ્ત્રીઓના વયની હોય કે જે સ્વભાવિક રીતે હયઝ જુએ છે, તેને અગર તેનો પતિ સંભોગ બાદ તલાક આપે, તો એ બાદ ત્રણ મહિનાઓ સુધી ઈદ્દો પાળવો જરૂરી છે.

**<u>મસઅલો ૨૫૨૨</u>** : જે પત્ની ઉપર ત્રણ મહિનાનો ઈદ્દો હોય, તેને જો મહિનાની શરૂઆતમાં તલાક અપાઈ હોય, તો એ ચાંદના હિસાબે ત્રણ માસ સુધી ઈદ્દો પાળશે. એટલે કે ચાંદ દેખાયો હોય ત્યારથી ત્રણ મહિના સુધી ઈદ્દાની મુદ્દત ગણશે. અને જો માસ દરમ્યાન તલાક થઈ હોય, તો એ માસના બાકીના દિવસો, તે પછીના બે પૂરાં મહિનાઓ, અને ચોથા મહિનામાં પહેલા માસના રહી ગએલા દિવસો ઉમેરીને ત્રણ મહિનાની મુદ્દત પૂરી કરશે. દાખલા તરીકે, જો વીસમી તારીખે મગરિબ બાદ તલાક થઈ હોય, અને એ મહિનાના ૨૯ દિવસો થયા હોય, તો એ નવ દિવસ, તે પછીના બે મહિનાઓ, અને ચોથા મહિનાના વીસ દિવસો સુધી ઈદ્દો રાખશે. બલ્કે એહતીયાતે વાજિબ છે કે ચોથા મહિનામાં એક્વીસ દિવસ ઈદ્દો પાળે જેથી પહેલા મહિનામાં જેટલાં દિવસનો ઈદ્દો પાળ્યો હોય, તેને સાથે ઉમેરીને ત્રીસ દિવસ પૂરા થાય.

**<u>મસઅલો ૨૫૨૩</u>** : અગર હામેલા પત્નીને તલાક આપવામાં આવી હોય, તો એનો ઈદ્દો બાળક જન્મે, અથવા કસુવાવડ થાય ત્યાં સુધી છે. તો દાખલા તરીકે અગર તલાક બાદ એક જ કલાકમાં બચ્ચું જન્મે, તો એનો ઈદ્દો પૂરો થયો ગણાશે. પણ તેમાં શરત એ છે કે બચ્ચું શવહરની શરઈ અવલાદ હોય, એટલે અગર ઓરત ઝિનાને પરિણામે હમેલા થઈ હોય, તો તેના પતિના તલાક દેવા બાદ બચ્ચાના જન્મથી તલાકનો ઈદ્દો પૂરો થયો નહીં ગણાય.

**મસઅલો ૨૫૨૪** : જે સ્ત્રીની ઉંમરના નવ વર્ષ પૂરાં થયા હોય, અને યાએસા ન હોય, તો અગર અમુક મુદ્દત માટે મુત્આ કરે, જેમકે મહિના કે વર્ષ માટે મુત્આમાં હોય, અને તેના શવહરે તેની સાથે સંભોગ કર્યો હોય, તો મુદ્દત પૂરી થયા બાદ, યા શવહરે મુદ્દતના દિવસો બક્ષી આપીને તેને છુટી કરી હોય, તે બાદ, તેના માટે ઈદ્દો પાળવો જરૂરી છે. તો અગર એ હયઝ જોતી હોય તો એહતીયાત છે કે બે હયઝ પૂરાં થાય ત્યાં સુધી ઈદ્દો પાળે, અને એ અરસામાં લગ્ન ન કરે. અને જો હયઝ ન જોતી હોય તો પીસ્તાળીસ દિવસ સુધી ફરી લગ્ન ન કરે. અને અગર એ હામેલા હોય, તો જાહેર એ છે કે બચ્ચું જન્મે યા કસુવાવડ થાય ત્યાં સુધી તેનો ઈદ્દો રહેશે, જો કે એહતીયાતે મુસ્તહબ છે કે બચ્ચાના જન્મ અને ૪૫ દિવસ વચ્ચે જે મુદ્દત વધારે હોય ત્યાં સુધી ઈદ્દો પાળે.

**મસઅલો ૨૫૨૫** : તલાકનો સીગો પડાઈ જાય એટલે ત્યારથી ઈદ્દાની મુદ્દત શરૂ થઈ જાય છે, ચાહે પત્નીને ખબર હોય કે તેને તલાક અપાઈ છે યા ખબર ન હોય. તો અગર ઈદ્દાની મુદ્દત પૂરી થયા બાદ તેને તલાકની જાણ થાય, તો ફરી ઈદ્દો પાળવો જરૂરી નથી.

## જે સ્ત્રી બેવા થઈ હોય તેનો ઈદ્દો

**મસઅલો ૨૫૨૬** : જે સ્ત્રીનો શવહર ગુજરી જાય. તો અગર એ આઝાદ હોય,(કનીઝ ન હોય)અને હામેલા ન હોય તો તેના માટે જરૂરી છે કે ચાર મહિના અને દસ દિવસનો ઈદ્દો પાળે, એટલે કે એ મુદ્દત દરમ્યાન લગ્ન ન કરે, અગરચે એ યાએસા હોય અથવા મુત્આમાં હોય, અને શવહરે તેની સાથે સંભોગ ન કર્યો હોય.

અગર એ હામેલા હોય તો બચ્ચું જન્મે ત્યાં સુધી ઈદ્દો પાળશે. પણ જો ચાર મહિના અને દસ દિવસ પહેલાં બાળકનો જન્મ થાય, તો શવહરના ગુજરી જવાના દિવસથી ચાર મહિના અને દસ દિવસ સુધી રાહ જોવી જોઈએ. આ ઇદ્દાને ઇદ્દએ વફાત કહેવાય છે.

**મસઅલો ૨૫૨૭** : જે ઓરત ઈદ્દએ વફાતમાં હોય તેના માટે રંગીન વસ્ત્રો પહેરવા, સુરમો આંજવો, અને એવી જાતની ઝિનત વીગેરે હરામ છે.

**મસઅલો ૨૫૨૮** : અગર કોઈ સ્ત્રીને ખાત્રી હોય કે તેનો પતિ ગુજરી ગયો છે, અને વફાતનો ઈદ્દો પાળ્યા બાદ તે પુનઃલગ્ન કરે, અને પછી એને જાણ થાય કે તેનો પતિ મોડેથી ગુજરી ગયો હતો, તો તેના માટે જરૂરી છે કે નવા શવહરથી તરતજ જુદી થઈ જાય, અને જો હામેલા થઈ હોય તો એહતીયાત છે કે બાળકને જન્મ થાય ત્યાં સુધી નવા શવહરનો ઈદ્દો કે જેનો હુકમ તલાકના ઈદ્દા જેવો છે.(એ ઈદ્દાને વતી બિશ્શુબ્બહ નો ઈદ્દો કહેવાય છે, એટલે કે ગફલત યા ભૂલથી જાતીય સમાંગમનો

ઈદ્દો), અને ત્યારબાદ પહેલા શવહરનો ઈદ્દએ વફાત પણ પાળે. અને જો હામેલા ન હોય, તો પહેલા શવહરની વફાતનો ઈદ્દો પાળીને બીજા શવહરનો વતી બિશ્શુબ્બહનો ઈદ્દો પાળશે.

**મસઅલો ૨૫૨૯** : જે સજોગમાં શવહર ગેરહાજર યા લાપતા હોય, તે સંજોગમાં ઈદ્દએ વફાતની શરૂઆત પત્નીને શવહરના ગુજરી જવાની ખબર પડે ત્યારથી થશે,અને શવહરના ગુજરી જવાના દિવસથી નહીં. પણ આ હુકમ નાબાલીગ પત્ની અથવા જે દીવાનગીની હાલતમાં હોય તેને લાગુ પાડવામાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૫૩૦** : અગર ઓરત એમ કહે કે મારો ઈદ્દો પૂરો થયો છે, તો એનું કહેવું મંજૂર રહેશે; સિવાય કે એનું કહેવું શકમંદ હોય, તો એવા સંજોગમાં એહતીયાતની રૂએ તેની વાત માન્ય રહેશે નહીં. જેમકે, અગર એવો દાવો કરે કે એક માસમાં એણે ત્રણ વાર હયઝનું લોહી જોયું છે, તો એ દાવો સ્વીકાર્ય નહીં થાય, સિવાય કે એના કુંટુંબની સ્ત્રીઓ સાક્ષી આપે કે એ ઓરતની એવી માસિક આદત છે.

## બાઈન અને રજઈ તલાક

**મસઅલો ૨૫૩૧** : તલાકે બાઈન એટલે કે તલાક આપ્યા પછી પુરૂષને હક નથી કે પોતાની પત્નીને પાછી લઈ શકે, એટલે કે નિકાહ પડયા વિના એને પત્ની તરીકે સ્વીકારે. અને તેના **૭** પ્રકારો છે :

**(૧)** એવી પત્નીને તલાક આપી હોય કે જેના નવ વર્ષ પૂરાં ન થયા હોય,

**(૨)** એવી પત્નીને તલાક આપી હોય કે એ યાએસા હોય.

**(૩)** એવી પત્નીને તલાક આપી હોય કે જેની સાથે નિકાહ કર્યા બાદ જાતીય સમાંગમ ન કર્યો હોય.

**(૪)** જયારે પત્નીને ત્રણ વાર તલાક આપી હોય, તો ત્રીજી તલાક બાદ એ બાઈન ગણાશે.

**(૫)** ખુલા અને મુબારાત રૂપે તલાક આપી હોય.

**(૬)** જયારે હાકીમે શરઅ પત્નીને એવા સંજોગમાં તલાકથી છૂટી કરે કે તેનો પતિ ન તેનો ખર્ચ આપવા તૈયાર હોય, અને ન તેને તલાક આપતો હોય.

આ સર્વેના એહકામ આગળ જતાં આપવામાં આવશે. આ સિવાય અપાએલી તલાકને રજઈ કહેવાય છે, જેનો અર્થ એ છે કે જયારે પત્ની હજી ઈદ્દામાં હોય ત્યારે શવહર તેને ફરી પાછી લઈ શકે છે.

**<u>મસઅલો ૨૫૩૨</u>** : જયારે કઈ પોતાની પત્નીને રજઈ તલાક આપે, ત્યારે પત્ની જે મકાનમાં નિવાસ કરી કહી હોય તેમાંથી તેને બહાર કાઢવું હરામ છે; સિવાય અમુક સંજોગોમાં, જેમાંનો એક સંજોગ એ કે પત્ની ઝિના કરે, તો તેને ઘરની બહાર કાઢવામાં ઈશ્કાલ નથી. એવી જ રીતે રજઈ તલાકના ઈદ્દા દરમ્યાન પતિની રજા વગર બીન જરૂરી કામો માટે ઘરની બહાર જવું પત્ની માટે હરામ છે.

## રજુઅ કરવાના એહકામ

**<u>મસઅલો ૨૫૩૩</u>** : તલાકે રજઈના સંજોગમાં પુરૂષ **બે** રીતે પોતાની પત્નીને પાછી લઈ શકે છે.

**(૧)** એવા ઉચ્ચારથી કે જેનો અર્થ એ થાય કે એ પોતાની પત્નીને પાછી લઈ રહ્યો છે,

**(૨)** એવું કાર્ય કે જેથી રજુઅનો ઈરાદો સાબિત થાય. અને જાહેર એ છે કે અગર તેની સાથે જાતીય સમાંગમ કરે, તો રજુઅ સાબિત થઈ જશે, અગરચે રજુઅનો ઈરાદો ન રાખ્યો હોય. બલ્કે અમુક ફોકહાનું માનવું છે કે અડવાથી યા ચુંબનથી, રજુઅના ઈરાદા વગર, રજુઅ સાબિત થશે, પણ એ ઈશ્કાલથી ખાલી નથી.

**<u>મસઅલો ૨૫૩૪</u>** : રજુઅ માટે સાક્ષીની જરૂરત નથી, અથવા પત્નીને તેની જાણ કરે. બલ્કે કોઈને પણ જણાવ્યા વિના પોતે રજુઅ કરે, તો એ સહીહ ગણાશે. પરંતુ ઈદ્દાની મુદ્દત થઈ ગયા બાદ પતિ દાવો કરે કે ઈદ્દા દરમ્યાન એણે રજુઅ કરી લીધું હતું, તો લાઝિમ છે કે પુરાવો આપે.

**<u>મસઅલો ૨૫૩૫</u>** : જે પુરૂષે પોતાની પત્નીને તલાકે રજઈ આપી હોય, અને તેની પાસેથી અમુક માલ લઈને એમ સમાધાન કર્યું હોય કે તેના તરફ રજુઅ નહીં કરે. તો આ સમાધાન સહીહ છે, અને તે પુરૂષ ઉપર વાજિબ થશે કે રજુઅ ન કરે. પરંતુ તેમ છતાં રજુઅ માટે તેનો હક અને અધિકાર બાકી રહેશે, અને જો રજુઅ કરી લીએ તો જે તલાક આપી હતી તેને કારણે વિખુટા નહીં થાય.

**<u>મસઅલો ૨૫૩૬</u>** : અગર કોઈ શખ્સ પોતાની પત્નીને બે વાર તલાક આપીને રજુઅ કરે, અથવા બે વાર તલાક આપી દરેક તલાક બાદ નિકાહથી પરણે, અથવા એક તલાક બાદ રજુઅથી અને બીજી તલાક બાદ નિકાહથી તેને પાછી લીએ, તો દરેક સંજોગમાં જયારે ત્રીજીવાર તલાક આપે, ત્યારે એ ઓરત તેના માટે હરામ થઈ જશે. પણ અગર એ ઓરત ત્રીજી વાર તલાક બાદ બીજા પુરૂષ સાથે લગ્ન કરે તો **પાંચ** શરતે પહેલા શવહર માટે ફરી વાર હલાલ થઈ શકશે.

**(૧)** બીજા શવહર સાથે અકદે દાઈમ કર્યા હોવા જોઈએ. અગર એક માસ કે વર્ષ માટે એણે

મુત્આ કર્યા હોય, તો તેને મુદ્દત પૂરી થતાં પહેલો શવહર તેને નહીં પરણી શકે.

**(૨)** બીજા શવહરે તેની સાથે જાતીય સમાંગમ કર્યો હોવો જોઈએ. જેમાં યોનિપ્રવેશ થયો હોવો જોઈએ.

**(૩)** બીજો શવહર તેને તલાક આપે, યા ગુજરી જાય.

**(૪)** બીજા શવહરને આપેલી તલાકનો ઈદ્દો પૂરો કરે, યા મરણનો સંજોગ હોય તો ઈદ્દએ વફાત પાળ્યો હોવો જોઈએ.

**(૫)** એહતીયાતની રૂએ બીજો શવહર જાતીય સમાંગમ વેળા બાલીગ હોવો જોઈએ.

## તલાકે ખુલઅ

**મસઅલો ૨૫૩૭** : જયારે ઓરતને પોતાના પતિ તરફ કોઈ લાગણી, ભાવના કે પ્રેમ ન હોય, બલ્કે એનાથી નફરત કરતી હોય, અને તેની પાસેથી તલાક મેળવવા માટે પોતાનું મહેર અથવા પોતાના માલમાંથી કાંઈ અર્પણ કરી પતિને તલાક દેવા માટે તૈયાર કરવા માંગે, તો એ તલાકને ‘ખુલઅ’ કહેવાય છે. ‘ખુલઅ’ની તલાક માટે પત્નીની પોતાના પતિ તરફ નફરત એ હદે પહોંચી હોવી જોઈએ કે પત્ની તરીકેના હકો અદા નહીં કરવાની ધમકી આપે.

**મસઅલો ૨૫૩૮** : અગર ધણી પોતે તલાક પડવા માગે, તો અગર પત્નીનું નામ દાખલા તરીકે ફાતેમહ હોય, તો ખુલઅ માટે અપાએલ અવેજ સ્વીકાર્યા બાદ એ કહેશે :

**“ઝવજતી ફાતમત ખાલઅતોહા અલા મા બઝલત”** અને એહતીયાતે મુસ્તહબ છે કે સાથે એમ પણ કહે : **હીય તાલિક**. એટલે કે મારી પત્ની ફાતેમહને જે અવેજ એણે આપ્યું છે તે બદલ તલાકે ખુલા મેં આપી છે. અને હવે એ છૂટી થઈ ગઈ. જે સંજોગમાં પત્ની નક્કી હોય, તેમાં ખુલા કે મુબારાતની તલાકમાં નામ લેવાની જરૂરત નથી.

**મસઅલો ૨૫૩૯** : અગર પત્ની કોઈને વકીલ નીમી તેની મારફતે ધણીને મહેર બક્ષે, કે અદા કરે, અને એ જ શખ્સને પતિ વકીલ નીમી સત્તા આપે કે તલાક પડી આપે, તો અગર પતિનું નામ, દાખલા તરીકે મુહમ્મદ, ને પત્નીનું નામ ફાતેમહ હોય, તો વકીલ આ રીતે સીગો પડશે :

**અન મુવકકેલતી ફાતેમત બઝલતો મહેરહા લેમોવકકેલી મોહમમદિન લેયખલઓહા અલયહ.**

અને તે બાદ ઢીલ વગર કહે :

**ઝવજતો મોવકકેલી ખાલઅતોહા અલા મા બઝલત, હીય તાલેક.**

અને જો પત્ની મહેર સિવાય કોઈ બીજો માલ વકીલ મારફત ધણીને બક્ષે કે અદા કરે, અને

તલાક પડવા કહે, તો વકીલ સીગામાં **મહેરહ્ના**ની જગ્યાએ જે માલ અપાયો હોય તેનો ઝિક્ર કરશે. જેમકે સાથે સો તુમાન અપાયા હોય, તો **“બઝલત મિઅત તુમાન”** કહેશે.

## તલાકે મુબારાત

**મસઅલો ૨૫૪૦** : જયારે પતિ પત્ની બંને એક બીજાથી છૂટા પડવા માંગે, અને એક બીજા પ્રત્યે નફરત ધરાવે, અને એવા સંજોગમાં પત્ની પોતાના ધણીને કાંઈ માલ અર્પણ કરીને તલાક મેળવવા માંગે, તો એ તલાકને મુબારાત કહેવાય છે.

**મસઅલો ૨૫૪૧** : અગર ધણી પોતે મુબારાતની તલાક માટે સીગો પડવા માંગે, તો જો, દાખલા તરીકે, પત્નીનું નામ ફાતેમહ હોય, તો એ આ રીતે પડશે:

**બારઅતો ઝવજતી ફાતેમત અલામા બઝલત** અને એહતીયાતે વાજિબની રૂએ આ ઉમેરો પણ કહે: **ફહેય તાલેક** એટલે કે હું અને મારી પત્ની એણે આપેલ માલના અવેજ સામે એકાબીજાથી છૂટા પડયા છીએ, અને હવે એ મારાથી છૂટી ગઈ.અને જો એ તલાક પડવા માટે કોઈને વકીલ નીમે,તો વકીલ આમ કહેશે:

**અન કિબલે મોવકકેલી બારઅતો ઝવજતહુ ફાતેમત અલા માં બઝલત ફહેય તાલેક**

બંને સંજોગમાં **અલામા બઝલત**ને બદલે અગર **બીમા બઝલત** કહે, તો વાંધો નથી.

**મસઅલો ૨૫૪૨** : ખુલા અને મુબારાતની તલાકનો સીગો શક્ય સંજોગમાં સહીહ અરબીમાં પડાવો જોઈએ. પણ જો એ મુમ્કીન ન હોય, તો મસઅલા ૨૫૧૭માં તલાક માટે જે હુકમ સમજાવવામાં આવ્યો છે, એ હુકમ લાગુ પડશે. પણ પત્ની તલાક મેળવવા માટે પોતાના માલમાંથી પતિને અર્પણ કરતી વેળા કોઈ પણ ભાષામાં કહે કે તલાક મેળવવા માટે તને ફલાણો માલ અર્પણ કરૂં છું, તો તેમાં હરજ નથી.

**મસઅલો ૨૫૪૩** : તલાકે ખુલઅ અને મુબારાતના ઈદ્દા દરમ્યાન પત્ની અગર પોતે માલ આપવાથી ફરી જાય, તો પતિ રૂજુઅ કરી શકશે, અને અકદ પડયા વિના ફરીથી તેને પોતાની પત્ની તરીકે કરાર દઈ શકશે.

**મસઅલો ૨૫૪૪** : મુબારાતની તલાકમાં અવેજ રૂપે જે માલ પતિ લીએ, તેનું પ્રમાણ મહેરની રકમથી વધુ ન હોવું જોઈએ. પરંતુ તલાકે ખુલઅમાં અગર મહેર કરતા વધુ હોય તો ઈશ્કાલ નથી.

## તલાકને લગતા જુદા જુદા મસાઈલ

**મસઅલો ૨૫૪૫** : અગર કોઈ શખ્સને ગુમાન હોય કે ફલાણી સ્ત્રી તેની પત્ની છે, અને તેની સાથે સંભોગ કરે, ચાહે સ્ત્રીને ખબર હોય કે એ તેનો પતિ નથી યા એને પણ ગુમાન હોય કે તેનો પતિ હશે, તો અવા સંજોગમાં એ સ્ત્રી માટે જરૂરી છે કે ઈદ્દો પાળે.

**મસઅલો ૨૫૪૬** : અગર એક શખ્સને જાણ હોય કે ફલાણી સ્ત્રી તેની પત્ની નથી, અને તેની સાથે ઝિના કરે, અને જો સ્ત્રીને પણ જાણ હોય કે એ પુરૂષ તેનો પતિ નથી, તો તેના માટે ઈદ્દો રાખવો લાઝિમ નથી. પણ જો એને એવો ગુમાન હોય કે એ પુરૂષ તેનો પતિ હોઈ શકે, તો એહતીયાતે લાઝિમ છે કે ઈદ્દો પાળે.

**મસઅલો ૨૫૪૭** : અગર કોઈ શખ્સ કોઈ સ્ત્રીને એવી રીતે ફરેબની જાળમાં ફસાવે કે જેથી એ એના શવહરના જાતીય હકો અને પત્ની તરીકેની ફરજો અદા ન કરે, જેને પરિણામે એ શવહર તેને તલાક આપી દીએ, અને જેથી એ ફરેબ આપનાર શખ્સ એ સ્ત્રીને પરણી શકે, તો આવા સંજોગમાં અકદ સહીહ છે, પણ બંનેએ મોટો ગુનો કર્યો ગણાશે.

**મસઅલો ૨૫૪૮** : અગર કોઈ સ્ત્રી અકદ હેઠળ પોતાના શવહર સાથે એવી શરત મૂકે કે અગર શવહર મુસાફરીએ જશે, અથવા દાખલા તરીકે, છ માસ એને ભરણપોષણનો ખર્ચ ન આપે, તો તેને તલાકનો ઈખ્તીયાર રહેશે, તો એ શરત બાતિલ છે. પણ જો શરત કરતી વેળા ત્યારથી જ વાસ્તવમાં શવહરની વકીલ બને કે જેથી અગર શવહર મુસાફરી ઉપર જાય, અથવા છ મહિનાનો ખર્ચ ન આપે તો પોતાને તલાક આપી શકશે, તો તેમાં વાંધો નથી.

**મસઅલો ૨૫૪૯** : જે સ્ત્રીનો શવહર લાપતા થઈ ગયો હોય, તે અગર બીજી વાર લગ્ન કરવા માંગતી હોય, તો તેના માટે જરૂરી છે કે એ માટે આદીલ મુજતહેદ પાસે જઈ તેના હુકમ મુજબ અમલ કરે.

**મસઅલો ૨૫૫૦** : દીવાના ફરઝંદના બાપ અને દાદાને હક છે કે તેની પત્નીને તલાક આપે.

**મસઅલો ૨૫૫૧** : અગર બાપ યા દાદા પોતાના નાબાલીગ ફરઝંદના મુત્આ કોઈ સ્ત્રી સાથે કરે, અને તે માટે ઠરાવેલ મુદ્દત દરમ્યાન એ ફરઝંદ બાલીગ થઈ જવાનો હોય, જેમકે, ચૌદ વર્ષના દીકરાના બે વર્ષની મુદ્દત માટે મુત્આ કર્યા હોય, તો અગર એ ફરઝંદની ભલાઈ અને મસ્લેહતનો પ્રશ્ન ઉપસ્થિત હોય, તો ઠરાવેલ મુદ્દત એ સ્ત્રીને બક્ષીને બાપ દાદા મુત્આનો અંત લાવી શકે છે. પણ દીકરાની અકદે દાઈમથી પરણેલી સ્ત્રીને તેઓ તલાક નહીં આપી શકે.

**મસઅલો ૨૫૫૨** : અગર કોઈ શખ્સ, શરીઅતમાં નિયુકત નિશાનીઓ મુજબ, બે શખ્સને

આદીલ જાણી તેમની રૂબરૂમાં તલાક આપે, તો બીજો જણ કે જેની નજરમાં એ બે શખ્સો આદીલ ન હોય, એ તલાક દેવાએલી સ્ત્રીને ઈદ્દા ખતમ થયા બાદ, પોતે પરણી શકશે, અથવા કોઈ ત્રીજા જોડે પરણાવી શકશે. પણ એહતીયાતે મુસ્તહબ છે કે એ સ્ત્રીને ન પરણે, તેમ કોઈ બીજા સાથે તેના અકદ ન કરી આપે.

**મસઅલો ૨૫૫૩** : અગર કોઈ શખ્સ પોતાની પત્નીને તેને જણાવ્યા વગર તલાક આપી દીએ, અને તે બાદ સામાન્ય રીતે, તલાક આપ્યા પહેલાની જેમ, તેનો ખર્ચ વીગેરે આપતો રહે, અને પછી, દાખલા તરીકે એક વર્ષ વીત્યા બાદ એને જણાવે કે એક વર્ષ પહેલા તેને તલાક આપી ચૂકયો છે; અને શરીઅત મુજબ તેનો પુરાવો પણ આપે, તો વર્ષ દરમ્યાન આપેલ સામાન સામગ્રી કે જે પત્નીએ ઉપયોગમાં ન લીધો હોય તે પાછી લઈ શકે છે. પણ જે વસ્તુઓ પત્નીએ ઉપયોગમાં લીધી હોય, તે પાછી નહીં માંગી શકે.

# ગસબ સંબંધેના એહકામ

ગસબ એટલે ઈન્સાન ઝુલ્મ અને જબરદસ્તીથી કોઈનો માલ કે હક ઉપર કબ્જો મેળવે; અને તે ગુનાહે કબીરામાંથી છે. અગર કોઈ એવો વર્તાવ કરે તો કયામતના દિવસે સખ્ત અઝાબમાં ગિરફતાર થશે. આપણા પયગમ્બર સ.અ.વ.થી રિવાયત છે કે આપે ફરમાવ્યું : જે શખ્સ એક વેંતભર બીજાની જમીન ગસબ કરશે. કયામતના દિવસે એ જમીનના સાતે સાત તબકકાઓને તૌકરૂપે તેની ગરદનમાં નાખી દેવામાં આવશે.

**<u>મસઅલો ૨૫૫૪</u>** : અગર કોઈ શખ્સ સાર્વજનિક મસ્જિદ, મદ્રેસા, પુલ અને એવા અન્ય સ્થળોથી ફાયદો મેળવવા લોકોને અટકાવે, તો લોકોનો હક ગસબ કર્યો ગણાશે. એવી જ રીતે અગર કોઈ શખ્સે મસ્જિદમાં પોતાની સાધારણ જગ્યા બનાવી રાખી હોય, અને કોઈ બીજો આવીને તેને ત્યાંથી હાંકી કાઢે, અને એ જગ્યાનો વપરાશ ન કરવા દીએ, તો ગુનેહગાર ગણાશે.

**<u>મસઅલો ૨૫૫૫</u>** : ગીરવી મૂકનાર અને લેનાર વચ્ચે જો સમજૂતી થઈ હોય કે ગીરવે મૂકેલી વસ્તુ યા તો ગીરવી લેનારના કબ્જામાં હશે. યા કોઈ ત્રીજા જણ પાસે રહેશે, તો એવા સંજોગમાં ગીરવે મૂકનાર પોતા ઉપર રહેલ કરજ અદા કર્યા પહેલાં એ વસ્તુને પાછી લઈ શકતો નથી, અને અગર પાછી લીધી હોય તો તરત જ પરત કરવી જોઈએ.

**<u>મસઅલો ૨૫૫૬</u>** : જે માલ ગીરવી મૂકવામાં આવ્યો હોય, તે અગર કોઈ બીજો આવીને ગસબ કરે, તો માલનો અસલ ધણી અને ગીરવી લેનાર, બંનેને અધિકાર છે કે ગસબ કરનાર પાસેથી એ માલની ઉઘરાણી કરે, અને જો વસૂલ કરે તો એ માલ ગીરવી તરીકે જારી રહેશે, અને જો એ માલ બરબાદ થઈ ગયો હોય, તો તેના અવેજ રૂપે હાંસિલ કરેલ માલ પણ ગીરવી ગણાશે.

**<u>મસઅલો ૨૫૫૭</u>** : અગર ઈન્સાન કોઈ ચીજ ગસબ કરે, તો તેની ફરજ છે કે એ ચીજ તેના માલિક સુધી પહોંચાડી આપે, અને જો એ ગસબ કરેલી વસ્તુ ગુમ કે બરબાદ થઈ જાય, અને એ કોઈ કિંમત ધરાવતી વસ્તુ હોય, તો તેના બદલામાં માલિકને કિંમત ચૂકવે.

**<u>મસઅલો ૨૫૫૮</u>** : અગર કોઈ શખ્સ ગસબ કરેલી વસ્તુથી નફો હાંસિલ કરે. જેમકે, ગસબ કરેલી બકરી, ઘેટીથી બચ્ચું થાય, તો એ માલના અસલ ધણીનો હક ગણાશે. એવી જ રીતે અગર કોઈ શખ્સ મકાન ગસબ કરે, તો ચાહે તેમાં એ રહે કે ન રહે તેના ઉપર વાજિબ છે કે તેનું ભાડું માલિકને

ચૂકવે.

**મસઅલો ૨૫૫૯** : અગર કોઈ શખ્સ બચ્ચા પાસેથી યા દીવાના પાસેથી એનો માલ ગસબ કરે, તો જરૂરી છે કે એના વાલી સુધી એ માલ પાછો પહોંચાડે, અને જો એ માલ ગુમ કે બરબાદ થયો હોય, તો તેનું અવેજ આપે.

**મસઅલો ૨૫૬૦** : અગર બે જણ સાથે મળીને કોઈ ચીજ ગસબ કરે, અને બંને જણનો એ ચીજ ઉપર પૂરો કબ્જો હોય, તો બંને એ ચીજ માટે પૂરાં જોખમદાર ગણાશે; અગરચે એવું હોય કે એમાંથી કોઈ એકલો એ ગસબ ન કરી શક્યો હોત.

**મસઅલો ૨૫૬૧** : અગર ગસબ થએલી ચીજમાં બીજી વસ્તુ ભેળસેળ કરવામાં આવે, જેમકે ગસબ કરવામાં આવેલ ઘઉંમાં જવ ભેળવી દેવામાં આવે, તો જો છૂટા પાડવાની શક્યતા હોય, તો એમ કરીને અસલ માલ ધણીને સુપરત કરવું જોઈએ. ચાહે છૂટા પાડવા માટે ઝેહમત ભોગવવી પડે.

**મસઅલો ૨૫૬૨** : અગર કોઈ શખ્સ ઘડેલ સોનું ગસબ કરે, જેમકે, સોનાની એરીંગ હોય, અને તેને પીગળાવી દીએ, તો ધણીને તેની વસ્તુ પરત આપતી વેળા એ પીગળાવેલું સોનું સાથે, પીગળાવ્યા પહેલાં અને પછી કિંમતમાં જે ફેર હોય, તે ઉમેરીને આપવું જોઈએ. હવે જો એ ભાવફેર આપવાને બદલેએ કહે કે હું એ સોનું અસલી સ્વરૂપમાં ફેરવીને (એરીંગ તરીકે આપીશ), તો ધણી એ સ્વીકારવા મજબૂર નથી. એવી જ રીતે ધણી પણ ગસબ કરનારને મજબૂર નહીં કરી શકે કે એ અસલ સ્વરૂપમાં ફેરવે.

**મસઅલો ૨૫૬૩** : અગર કોઈ શખ્સ ગસબ કરેલી વસ્તુને એવી રીતે બદલે કે તેની હાલત પહેલા હતી એના કરતા બેહતર થઈ જાય, જેમકે સોનાને ઘરેણામાં ફેરવે, તો જો અસલધણી એ જ સ્વરૂપમાં પોતાના માલની ઉઘરાણી કરે તો તેને સુપરત કરી દેવું જોઈએ, અને તે માટે ઘડામણીનો ખર્ચ ગાસિબ તલબ નહીં કરી શકે. એવી જ રીતે તે ગાસીબને હક નથી કે એ ગસબ કરેલા માલને માલિકની રજા વિના પાછી અસલી હાલતમાં ફેરવી નાંખે. પણ જો માલિકની રજા વિના અસલી હાલતમાં યા બીજા સ્વરૂપમાં ફેરવી નાંખે, તો એ હાલત વચ્ચેના ભાવ ફેરનો એ ગાસીબ જોખમદાર થશે કે નહીં એ માલૂમ નથી.

**મસઅલો ૨૫૬૪** : અગર ગસબ કરનાર ચીજને એવી રીતે બદલે કે તેની અસલી હાલત કરતા બેહતર થાય, પણ માલનો અસલ ધણી એમ કહે કે એના અસલ સ્વરૂપમાં લઈ આવવામાં આવે, તો વાજિબ છે કે ગાસીબ તે વસ્તુને અસલી સ્વરૂપમાં ફેરવે. અને જો એમ કરવાથી વસ્તુની કિંમત ઘટી

જાય, તો કિંમતનો જે તફાવત હોય તે ધણીને ચૂકવે. જેમકે, સોનું ગસબ કરી તેના એરીંગ ઘડે, અને અસલ માલિક આગ્રહ રાખે કે તેને અસલી હાલતમાં ફેરવી નાખે, તો પીગળાવ્યા બાદ જો સોનાની કિંમત, એરીંગ બનાવ્યા પહેલાં જેટલી હતી, તેનાથી ઓછી થાય, તો તફાવત ચૂકવવો જોઈશે.

**મસઅલો ૨૫૬૫** : અગર કોઈ શખ્સ ગસબ કરેલી જમીનમાં ખેતીવાડી કરે, અથવા તેમાં કોઈ ઝાડ વાવે, તો ખેતીવાડી, ઝાડ, ફળ વીગેરે ગસબ કરનારનો જ માલ ગણાશે; અને જો જમીનનો ધણી રજામંદ ન હોય કે તેની જમીન ઉપર વાવેતર કરે, તો ગસબ કરનારની ફરજ રહેશે કે તરત જ ખેતી અને વાવેતરના ઝાડો વીગેરે ઉખેડી નાખે. અગરચે તેમ કરવા જતા તેને નુકસાની ભોગવવી પડે. ઉપરાંત જેટલો સમય એ જમીન ઉપર ખેતીવાડી અને વાવેતર વીગેરે રહેવા પામ્યું હોય, તેનું ભાડું જમીનના માલિકને ચૂકવે, અને જમીનમાં જે બગાડ થયો હોય તેને દૂર કરે; જેમકે જયાં ઝાડ વીગેરે કારણે ખોદકામ થયું હોય, કે ખાડા થઈ ગયા હોય, તેને ભરીને સપાટ કરી આપે. અને જો એ ખેતીવાડીને લીધે જમીનની કિંમતમાં પહેલા કરતા ઘટાડો થયો હોય, તો ભાવફેર જે હોય તેની ચૂકવણી પણ કરે. અને જમીનના માલિકને મજબૂર નહીં કરી શકે કે એ જમીન એને વહેંચી આપે અથવા ભાડે આપે. એવી જ રીતે જમીનનો માલિક એ ગાસીબને મજબૂર નહીં કરી શકે કે ખેતીવાડી કે રોપેલા ઝાડ વીગેરે તેને વહેંચી આપે.

**મસઅલો ૨૫૬૬** : અગર જમીનનો માલિક એ ખેતીવાડી અને વાવેતરને બરકરાર રાખવા રજામંદ થાય, તો ગસબ કરનાર માટે લાઝિમ નથી કે કરેલું વાવેતર ઉખેડી નાખે. પરંતુ જે સમયથી એણે જમીન ગસબ કરી ત્યારથી માલિકની રજામંદી હાંસિલ કરી, ત્યાં સુધીનું ભાડું અદા કરવું જોઈએ.

**મસઅલો ૨૫૬૭** : અગર ગસબ કરેલી વસ્તુ ગુમ કે બરબાદ થઈ જાય, તો અગર એ ગાય, બકરાં ઘેટાં વીગેરે હોય કે જેમાં એક એકની કિંમત એની ખુસુસીયત અને વિશિષ્ટતાને કારણે અલગ હોય છે, તો તેની કિંમત ચૂકવવી જોઈએ. અને જો એ વખતે બજારમાં માંગ અને જરૂરત વીગેરેને કારણે ભાવમાં ફેર પડયો હોય તો જે વખતે એ ગુમ કે બરબાદ થયા હોય, તે વખતની કિંમત અદા કરવી જોઈએ. અને એહતીયાતે મુસ્તહબ છે કે એ વસ્તુ ગસબ કરી ત્યારથી લઈને બરબાદ કે ગુમ થઈ ત્યાર સુધીમાં કિંમતનો જે ઊંચામાં ઊંચો આંકડો રહ્યો હોય તે મુજબ ચૂકવણી કરે.

**મસઅલો ૨૫૬૮** : અગર ગસબ કરેલી વસ્તુ ગુમ કે બરબાદ થાય,અને એ ઘઉં કે જવના પ્રકારની હોય, કે જેમાં વ્યક્તિગત અલગ અલગ ભાવ ફેરનો પ્રશ્ન નથી, તો પછી જે વસ્તુ ગસબ કરી હતી એ જ વસ્તુ પાછી દેવી જોઈએ પણ તેમાં એટલો ખ્યાલ રહે કે તેની સર્વ ખાસિયતો ગસબ અને ગુમ કરેલી વસ્તુ જેવી જ હોવી જોઈએ. જેમકે, જો ઊંચા પ્રકારના ચાવલ ગસબ કર્યા હોય, તો નીચલા

પ્રકારના ચાવલ નહીં દઈ શકે.

**મસઅલો ૨૫૬૯** : અગર બકરાં ઘેટાં અથવા એ પ્રકારનો માલ ગસબ કરે અને તે ગુમ થાય કે બરબાદ થઈ જાય, અને બજારમાં તેની કિંમતમાં કોઈ ફેર ન પડયો હોય, પણ જેટલી મુદ્દત ગસબ કરનાર પાસે એ રહ્યા હોય એ અરસામાં દાખલા તરીકે, ખુબ માતેલાં થયા હોય, અને ત્યાર પછી ગુમ કે બરબાદ થયા હોય તો એ માતેલા હતાં એ વખતની કિંમત અદા થવી જોઈએ.

**મસઅલો ૨૫૭૦** : અગર કોઈ ગાસીબ પાસેથી બીજો કોઈ આવીને એ વસ્તુ ગસબ કરે, અને એ વસ્તુ ગુમ કે બરબાદ થઈ જાય, તો અસલ માલનો ધણી બંને પાસેથી ઉઘરાણી કરવાનો હક ધરાવશે. અથવા બંને પાસેથી અવેજ રૂપે અલગ અલગ અમુક ભાગ ઉઘરાવી શકશે. એ માલના અવેજ રૂપે પહેલો ગાસીબ જે કાંઈ ધણીને આપે, તો પહેલો ગાસીબ બીજા ગાસીબ પાસેથી લઈ શકશે, પણ જો બીજો ગાસીબ ધણીને અવેજ રૂપે ચૂકવે, તો એણે જે કાંઈ આપ્યું હોય તે પહેલાં ગાસિબ પાસેથી નહીં ઉઘરાવી શકે.

**મસઅલો ૨૫૭૧** : અગર કોઈ વસ્તુ એવી રીતે વહેંચવામાં આવે કે તેમાં મામલાની એકાદ જરૂરી શરત ન હોય, જેમકે જે વસ્તુનું વજન રૂપે ખરીદ વહેંચાણ થતું હોય, તે વસ્તુ માટે વજનનો ઉલ્લેખ ન કરવામાં આવે, તો એ મામલો બાતિલ છે. અલબત્ત, અગર ખરીદનાર અને વહેંચનાર એવી અવગણના કરીને સોદાથી રજામંદ થાય, કે એકબીજાના માલમાં વહીવટ કરે, તો તેમાં હરજ નથી. અગર રજામંદ ન હોય તો એકબીજા પાસેથી હાંસિલ કરેલા માલનો હુકમ ગસ્બી જેવો થશે; અને બંનેની ફરજ થશે કે એકબીજાનો માલ પાછો આપી દીએ. અને જો બંનેના કબજામાં આવેલો એવો માલ ગુમ કે બરબાદ થઈ જાય તો તેનો બદલો દેવો પડશે, ચાહે એ મામલો બાતિલ હોવાની જાણ તેમને હોય કે ન હોય.

**મસઅલો ૨૫૭૨** : અગર કોઈ શખ્સ માલ વહેંચનાર પાસેથી તપાસ કરવા માટે માલ લીએ, અથવા અમુક સમય પોતા પાસે રાખે કે જો પસંદ પડશે તો ખરીદશે, અને તેમાં એ માલ ગુમ કે બરબાદ થાય તો મશ્હૂર કોલ પ્રમાણે એની ફરજ છે કે માલના ધણીને તેનો બદલો અવેજ રૂપે આપે.

## જડી આવેલી વસ્તુ વિષે

**મસઅલો ૨૫૭૩** : અગર જાનવર સિવાય કોઈ બીજા પ્રકારની ખોવાએલી વસ્તુ ઈન્સાનને જડે, અને તેના ઉપર કોઈ એવી નિશાની ન હોય કે જે વડે માલિક જાણી શકાય, તો ચાહે તેની કિંમત ૧ દીરહમ (૧૨ ચણાના વજન જેટલી સિક્કેદાર ચાંદી) થો ઓછી હોય કે ન હોય, ઈન્સાન પોતાના માટે એ

વસ્તુ લઈ શકશે. પણ એહતીયાતે મુસ્તહબ છે કે તેના માલિક વતી ફકીરોને સદકારૂપે આપી દીએ.

**મસઅલો ૨૫૭૪** : અગર ઈન્સાનને કોઈની એવી વસ્તુ જડે કે જેની કિંમત એક દીરહમથી ઓછી હોય, તો જો એના માલિકની જાણ હોય પણ ઈન્સાનને ખબર ન હોય કે માલિક રજામંદ છે કે નહીં, તો રજા વગર એ વસ્તુ નહીં લઈ શકે, પણ જો માલિકની જાણ ન હોય તો એહતીયાતે વાજિબ એ છે કે તેના વતી સદકારૂપે આપી દીએ અને જયારે પણ માલિક ઉપસ્થિત થાય અને એ સદકારૂપે આપવા સંબંધી રજામંદ ન હોય, તો તેના માલનો બદલો અવેજ રૂપે આપે.

**મસઅલો ૨૫૭૫** : જયારે કોઈને એવી વસ્તુ જડે કે જેના ઉપર એવી નિશાની હોય કે જે વડે તેના માલિકની ઓળખ થઈ શકતી હોય, તો જો તેની કિંમત એક દીરહમ સુધી થતી હોય, તો જે દિવસથી એ જડે તે દિવસથી એક વર્ષ સુધી જયાં લોકો એકત્રિત થતા હોય ત્યાં એલાન કરવુ જોઈએ, અગરચે એને જાણ હોય કે એનો માલિક એવો ગેરમુસ્લીમ છે કે જેનો માલ ઈસ્લામમાં સુરક્ષિત છે.

**મસઅલો ૨૫૭૬** : અગર ઈન્સાન પોતે એલાન ન કરવા માંગે, તો પોતા વતી કોઈ પણ વિશ્વાસુ શખ્સ મારફતે એલાન કરાવી શકે છે.

**મસઅલો ૨૫૭૭** : અગર એક વર્ષ સુધી એલાન બાદ માલનો માલિક ન જડે, તો અગર એ માલ મક્કાના હરમ સિવાયની જગ્યાએ જડયો હોય, તો એ માલને માલિક વતી પોતા પાસે એ નિય્યતે રાખી શકે છે કે જયારે માલિક જડશે, ત્યારે તેને સુપરત કરી આપશે, અથવા માલિક વતી એ માલ ફકીરો વચ્ચે સદકો આપી દીએ. અને અહવતે લાઝિમ છે કે એ માલને પોતા માટે ન લ્યે. અગર એ માલ હરમમાં જડયો હોય તો એહતીયાતે વાજિબ છે કે તેને સદકારૂપે આપી દીએ.

**મસઅલો ૨૫૭૮** : અગર એક વર્ષ સુધી એલાન કર્યા બાદ માલિકનો પતો ન મળે, અને ઈન્સાને એ માલને માલિક વતી પોતા પાસે રાખ્યો હોય, પણ એ દરમ્યાન માલ ગુમ કે બરબાદ થઈ જાય, તો જો માલની હીફાઝતમાં એણે કોઈ કોતાહી ન કરી હોય, તેમ બીનજરૂરી અતિશયતા ન કરી હોય, તો એ જોખમદાર નહીં થાય. પણ જો માલિકવતી સદકારૂપે આપી દીધો હોય, તો માલિકને ઈખ્તેયાર રહેશે કે ચાહે તો તે પ્રત્યે રજામંદી દર્શાવે, યા માલનો બદલો અવેજમાં તલબ કરે, એવા સંજોગોમાં સદકાનો સવાબ સદકો દેનાર માટે લેખાશે.

**મસઅલો ૨૫૭૯** : જે શખ્સને માલ જડયો હોય, તે જાણીબુજીને જણાવેલા હુકમ અનુસાર એ઼લાન ન કરે, તો એ ગુનેહગાર ગણાશે. તે ઉપરાંત જયારે પણ એને લાગે કે એલાન કરવામાં ફાયદો છે, ત્યારે એલાન કરવું વાજિબ થશે.

**મસઅલો ૨૫૮૦** : અગર નાબાલીગ બચ્ચાને અથવા દિવાનાને કોઈ માલ જડે, કે જેના ઉપર નિશાની હોય, અને તેની કિંમત એક દીરહમ થતી હોય, તો એનો જે વલી હોય તે એલાન કરી શકશે. બલ્કે વાજિબ છે કે એલાન કરે, જો એ વસ્તુ એના કબજામાં પહોંચી ગઈ હોય. અગર એક વર્ષ એઅલાન કર્યા બાદ માલનો ધણી ઉપસ્થિત ન થાય તો મસઅલા ૨૫૭૭ માં જણાવ્યા અનુસાર વર્તે.

**મસઅલો ૨૫૮૧** : અગર ઈન્સાન વર્ષ દરમ્યાન એલાન કરીને માલના ધણીને પામવા સંબંધી નાઉમેદ થઈ જાય, તો પછી હાકીમે શરઅની રજા લઈને એહતીયાતની રૂએ તે માલ સદકારૂપે આપી દયે.

**મસઅલો ૨૫૮૨** : અગર કોઈ શખ્સ વર્ષ દરમ્યાન એલાન કરતો રહ્યો હોય, અને તે અરસામાં માલ ગુમ કે નાબૂદ થઈ જાય, તો જો તેના રક્ષણમાં કચાશ કરી હોય, અથવા તે વિષે અતિશયતા કરી હોય, તો તેનો બદલો આપવા માટે જોખમદાર બનશે, અને એલાન કરવાનું જારી રાખશે. પણ જો એણે કચાશ કે અતિશયતા ન કરી હોય તો તેના ઉપર કોઈ વસ્તુ વાજિબ નથી.

**મસઅલો ૨૫૮૩** : અગર કોઈ શખ્સને નિશાનદાર વસ્તુ કે જેની કિંમત એક દીરહમની થતી હોય, એવી જગ્યાએ જડે કે જયાં ખબર હોય કે વર્ષ સુધી એલાન કરવા છતાં એનો માલિક નહીં મળે, તો પછી પહેલે જ દિવસે એના માલિક વતી, એહતીયાતે વાજિબની રૂએ હાકીમે શરઅની રજા લઈને, સદકારૂપે ફકીરોને આપી દેવું જોઈએ, અને વર્ષ તમામ થાય ત્યાં સુધી વાટ ન જોવી જોઈએ.

**મસઅલો ૨૫૮૪** : અગર કોઈ શખ્સને વસ્તુ જડે, અને એમ સમજીને કે એની પોતાની માલિકની છે, એ લઈ લીએ, અને પછીથી જણાય કે એ પારકી વસ્તુ છે, તો ઉપરોકત જણાવેલા મસાઈલમાં જે હુકમો છે તે લાગુ પડશે.

**મસઅલો ૨૫૮૫** : જયારે ખોવાયેલી વસ્તુ જડે, ત્યારે એવી રીતે એલાન કરવું જોઈએ કે અગર તેનો માલિક સાંભળે તો એને એ અનુમાન ઉદભવે કે એનો માલ હોઈ શકે. અલબત્ત, જુદા જુદા સંજોગોમાં જુદી જુદી રીતે એલાન થઈ શકશે. ઘણીવાર એલાનમાં એટલુંજ કહેવું કાફી છે કે મને એક ખોવાયેલી વસ્તુ જડી છે. પણ બીજા સંજોગોમાં એ વસ્તુના પ્રકારને જણાવવું પડે છે, જેમકે, કહેવું પડે કે મને સોનાનો ટુકડો જડયો છે. એથી વિશેષ અમુક સંજોગોમાં વસ્તુની વિશિષ્ટતા પણ બયાન કરવી પડે. જેમકે, મને સોનાની એરીંગની જોડી મળી છે. પણ એટલો ખ્યાલ રહે કે દરેક સંજોગમાં જડેલી વસ્તુના સર્વ ગુણો બયાન ન કરવા જોઈએ, કે જેથી એ વસ્તુ નક્કી થઈ જાય.

**મસઅલો ૨૫૮૬** : અગર કોઈને વસ્તુ જડે, અને બીજો આવીને દાવો કરે કે એનો માલ છે,

અને તેની નિશાનીઓ પણ બયાન કરે, તો પણ એવા સંજોગોમાં તેને દેશે જયારે એને સંપુર્ણ ખાત્રી થાય કે એ ખરો માલિક છે, અને તે માટે એવી ઝીણવટભરી નિશાનીઓ માંગવાની જરૂરત નથી કે જેના તરફ સામાન્ય રીતે માલના માલિકનું પણ લક્ષ ખેંચાતું નથી.

**મસઅલો ૨૫૮૭** : અગર કોઈ શખ્સને એવી વસ્તુ જડે કે જેની કીંમત એક દીરહમ થતી હોય, પણ એઅલાન કરવાને બદલે એ વસ્તુને મસ્જિદમાં, અથવા એવી જગ્યાએ રાખે કે જયાં લોકો ભેગાં થતા હોય, જેને પરિણામે એ ગુમ કે નાબૂદ થઈ જાય, અથવા કોઈ બીજો લઈ જાય તો એ શખ્સ જોખમદાર રહેશે.

**મસઅલો ૨૫૮૮** : અગર ઈન્સાનને એવી વસ્તુ જડે કે જે એક વર્ષ સુધી સલામત ન રહી શકતી હોય, તો જેટલો સમય રહી શકે ત્યાં સુધી સંપૂર્ણ રીતે રક્ષણ કરે, કે જેથી તેની એ વિશિષ્ટતાઓ કે જેના ઉપર તેની કિંમતનો આધાર છે, તેમાં કશો ફેર ન પડે. અને એ મુદ્દત દરમ્યાન એહતીયાતે વાજિબ છે કે એ વિષે એલાન કરે. અને જો તેમ કર્યા બાદ માલિક ઉપસ્થિત ન થાય તો એહીતયાત છે કે હાકીમે શરઅ અથવા તેના વકીલની રજાથી તેની કિંમત આંકે અને વહેંચી નાખે. જે પૈસા ઉપજે તેને સંભાળી રાખી તે વિષે એક વર્ષ સુધી એઅલાન જારી રાખે. અને જો તે બાદ પણ માલિક ન જડે, તો મસઅલા ૨૫૭૭ મુજબ અમલ કરે.

**મસઅલો ૨૫૮૯** : અગર કોઈ શખ્સ જડેલી વસ્તુ વુઝુ કરતી વેળા યા નમાઝ પડતી વેળા પોતાની પાસે રાખતો હોય, અને તેનો માલિક જયારે જડે ત્યારે તેને સુપરત ન કરવા માંગતો હોય, તો તેનું વુઝુ કે નમાઝ બાતિલ નહીં થાય.

**મસઅલો ૨૫૯૦** : અગર કોઈ શખ્સના જોડાં, બૂટ કોઈ લઈ જાય. અને તેની જગ્યાએ બીજી બૂટની જોડી રાખવામાં આવી હોય, તો અગર એને ખબર હોય કે રાખવામાં આવેલી જોડી ફલાણાની છે કે જે એના જોડાં પહેરી ગયો છે, અને એ રાજી છે કે તેના બદલામાં સામે પડેલી જોડી પહેરી લીએ, તો તે પહેરી શકશે. એવી જ રીતે જો એને જાણ હોય કે એના જોડાં નાહક રીતે યા ઝુલમના હેતુથી ઉપાડી લેવામાં આવ્યા છે, પણ તે સંજોગમાં એટલો ખ્યાલ રાખે કે રાખેલી જોડીની કિંમત પોતાના જોડાં કરતા વધારે ન હોય, નહીંતર ભાવફેરના વધારા ઉપર મજહુલુલ માલિકનો હુકમ લાગુ પડશે. અને ઉપરોકત બે સંજોગો સિવાય એ જોડાં ઉપર મજહુલુલ માલિકનો હુકમ લાગુ પડશે.

**મસઅલો ૨૫૯૧** : અગર ઈન્સાનના કબ્જામાં મજહુલુલ માલિક માલ હોય, કે જેનો ધણી માલૂમ ન હોય, તો એ ખોવાએલી વસ્તુના હુકમમાં નહીં ગણાય. એવા સંજોગમાં જો એને ઈત્મેનાન

હોય કે માલનો માલિક રાજી હશે કે તે માલનો ઉપયોગ કરે, તો જાએઝ છે; અને એ ઈત્મેનાન ગમે એ રીતે એણે હાંસિલ કર્યો હોય, કાફી છે. નહીંતર લાઝિમ છે કે માલના માલિકની શોધ કરે, અને જયાં સુધી એને અનુમાન હોય કે શોધ ફળદાયી નીવડશે ત્યાં સુધી શોધ કરતો રહે. જયારે માયુસ થાય, ત્યારે એ માલને ફકીરોમાં સદકારૂપે આપી દીએ. પણ એહતીયાતે વાજિબ છે કે હાકીમે શરઅની રજાથી આપે. અને જો ત્યાર પછી માલિક ઉપસ્થિત થાય, તો જો અપાએલ સદકા માટે રજામંદ ન થાય તો એહતીયાતની રૂએ તેને માલનો બદલો આપે.

# શિકાર અને ઝિબ્હ કરવાના એહકામ

<u>મસઅલો ૨૫૯૨</u> : જાનવર ચાહે જંગલી હોય કે પાલતું, તેને જો હવે પછી જણાવવામાં આવેલ હુકમ અનુસાર ઝિબ્હ કરવામાં આવે, તો એ જાનવરના મરી ગયા બાદ તેનું ગોશ્ત હલાલ અને તેનું શરીર પાક છે. સિવાય એ હરામ જાનવરો કે જેનું ગોશ્ત શરીઅતે હરામ કરી દીધું છે, કે જેનો સવિસ્તાર ઉલ્લેખ ખાવા પીવાના મસાઈલમાં આવશે. ઉપરાંત ઊંટ, માછલી અને તીડ હલાલ થવા માટે ઝિબ્હનો હુકમ નથી, જેના મસાઈલ આગળ જતાં આવશે.

**<u>મસઅલો ૨૫૯૩</u>** : જે જંગલી પશુઓ કે પક્ષીઓનું ગોશ્ત હલાલ છે, જેમકે હરણ, ચકોર અને પહાડી બકરા વીગેરે, અથવા એ પાલતું જાનવરો કે જે જંગલી થઈ જાય, જેમકે, ગાય, ઊંટ કે જે જંગલમાં નાસી છુટયા હોય તેનો હવે પછી જણાવેલા હુકમો અનુસાર શિકાર કરવામાં આવે, તો એ પાક અને હલાલ ગણાશે. પણ પાલતું જાનવરો, જેમકે ઘેટાં બકરાં, મુરઘી, અથવા એવા જંગલી પ્રાણીઓ કે જેનું ગોશ્ત હલાલ છે, તેને પાળીને તરબીયત કરીને, પાલતું બનાવવામાં આવે, તેનો શિકાર કરવાથી એ પાક હલાલ નહીં થાય.

**<u>મસઅલો ૨૫૯૪</u>** : જે જંગલી પ્રાણીનું હલાલ ગોશ્ત હોય, તેનો જો શિકાર કરવામાં આવે, તો ફકત એ સંજોગમાં પાક અને હલાલ ગણાશે કે તેમાં નાસી છૂટવા કે ઉડી જવાની શસક્ત હોય. પરિણામે અગર કોઈ હરણનું નાનું બચ્ચું શિકાર કરે કે જે ભાગી ન શકે, અથવા નાનકડાં ચકોરનો શિકાર કરે કે જેમાં ઉડી જવાની શક્તિ ન હોય, તો એ પાક, હલાલ નહીં થાય. જો હરણ અને તેના બચ્ચાનો એક જ તીર કે ગોળીથી શિકાર કરે, અને એ બચ્ચામાં ભાગી જવાની શક્તિ ન હોય, તો હરણ હલાલ ગણાશે, પણ બચ્ચું હરામ છે.

**<u>મસઅલો ૨૫૯૫</u>** : હલાલ ગોશ્તવાળું પ્રાણી કે જેનું લોહી ઉછળીને ન નીકળતું હોય, જેમકે, માછલી, તે અગર આપમેળે મરી જાય, તો એ પાક છે, પણ તેનું ગોશ્ત નહીં ખાઈ શકાય.

**<u>મસઅલો ૨૫૯૬</u>** : હરામ ગોશ્તવાળું પ્રાણી કે જેનું ખૂન ઉછળીને ન નીકળતું હોય, જેમકે, સાંપ, તેનું મુડદું પાક છે, પણ તેને ઝિબ્હ કરવાથી એ હલાલ નહીં થાય.

**<u>મસઅલો ૨૫૯૭</u>** : કુતરો અને સુવ્વર ઝિબ્હ કરવાથી કે શિકાર કરવાથી પાક થતા નથી, અને એ બંનેનું ગોશ્ત પણ હરામ છે. પરંતુ હરામ ગોશ્તવાળા ફાડી ખાનાર જાનવરો, જેમકે વરૂ, ચીતો વીગેરે ઝિબ્હ કે શિકારથી મારવામાં આવે તો તેમનું શરીર પાક છે, પણ ગોશ્ત હલાલ નહીં થાય. અને

જો શિકારી કુતરાથી એ ફાડી ખાનાર જાનવરોનો શિકાર કરવામાં આવે તો તેમના શરીરનું પાક હોવું ઈશ્કાલ ધરાવે છે.

**મસઅલો ૨૫૯૮** : હાથી, રીંછ અને વાંદરા માટે જંગલી ફાડી નાખનાર પ્રાણીનો જે હુકમ જણાવવામાં આવ્યો છે, એ જ લાગુ પડશે, પણ કીડામકોડા અને એ નાના પ્રાણીઓ કે જે દરોમાં રહે છે, જેમકે ઉંદર વીગેરે, તે અગર ઉછળતું લોહી ધરાવતા હોય તો ઝિબ્હ કરવાથી, યા શિકારથી તેનું ગોશ્ત કે ખાલ પાક નહીં થાય.

**મસઅલો ૨૫૯૯** : અગર જીવતા જાનવરના પેટથી મુડદા બચ્ચું જન્મે, અથવા બહાર કાઢવામાં આવે તો તેનું ગોશ્ત હરામ છે.

## ઝિબ્હ કરવાના એહકામ

**મસઅલો ૨૬૦૦** : જાનવરને ઝિબ્હ કરવાની રીત એ છે કે તેની ગરદનની ચાર ધોરી નસોને પૂરી રીતે કાપવામાં આવે, તો જો તેમને ફકત ચીરી નાખે, અથવા આખી ડોક કાપી નાખે, તો એહતીયાતની રૂએ એ કાફી નથી. અને એ ચાર ધોરી નસોનું કાપવું ત્યારે શક્ય બને કે જયારે ગળાની નીચે ઉપસેલી ગાંઠને એવી રીતે કાપે કે જેને પરિણામે શ્વાસની નળી, ખોરાકની નળી અને શ્વાસની નળીની બંને બાજુએ બે જાડી નળીઓ કપાઈ જાય.

**મસઅલો ૨૬૦૧** : અગર એ ચાર ધોરી નસોમાંથી અમુકને કાપે અને પછી ઈન્તીજાર કરે કે હયવાન મરી જાય, ત્યાર પછીની બાકીની નસો કાપે, તો ફાયદો નથી. પણ જો ચારેય નળીઓને જાનવર મરી જાય એથી પહેલાં કાપી નાખે. અગરચે સામાન્ય રીતે એકધારૂ ન હોય, તો પણ એ હયવાન પાક અને હલાલ ગણાશે. જે કે એહતીયાતે મુસ્તહબ છે કે એકધારી રીતે એ નળીઓ કાપવામાં આવે.

**મસઅલો ૨૬૦૨** : અગર વરૂ કોઈ ઘેટાં બકરાની ગરદન એવી રીતે ફાડે, કે જે ચારનળીઓને કાપવાની જરૂરત છે તેમાંથી કાંઈ પણ બાકી ન રહેવા પામે, તો એ ઘેટું બકરૂં હરામ ગણાશે. અને જો ડોક બાકી જ ન રહેવા પામે તો એ જ હુકમ લાગુ પડશે. બલ્કે જો ગરદનનો અમુક ભાગ ચીરી નાખે, અને એ ચાર નસો માથામાં કે શરીર સાથે લટક્તી રહી જાય, તો પણ એહતીયાતની રૂએ એ જાનવર હરામ ગણાશે. પણ અગર એ શરીરના કોઈ બીજા ભાગને ફાડી ખાય, અને હજી ઘેટું કે બકરામાં જીવ બાકી હોય, તો શરીઅતમાં જણાવ્યા અનુસાર ઝિબ્હ થવાથી એ હલાલ અને પાક ગણાશે.

## ઝિબ્હ કરવા માટેની શરતો

**મસઅલો ૨૬૦૩** : ઝિબ્હ કરવા માટેની અમુક શરતો છે :

**(૧)** હયવાનને ઝિબ્હ કરનાર પુરૂષ કે સ્ત્રીનું મુસલમાન હોવું જરૂરી છે. અને જો મુસ્લિમ બાળક સારૂં નરસું સમજી શકે એ વયે પહોંચ્યું હોય, તો એ પણ ઝિબ્હ કરી શકે છે. પરંતુ એહલે કિતાબ સિવાયના કાફરો, અથવા પોતાને મુસલમાન કહેવડાવતા અમુક ફિરકાઓ કે જેમનો હુકમ કાફિરનો છે, જેમકે, નાસબી, તેઓ જો ઝિબ્હ કરે તો હયવાન હલાલ નહીં થાય, બલ્કે એહલે કિતાબ કાફર જો ઝિબ્હ કરે અને બિસ્મીલ્લાહ પણ પડે, તો પણ એહતીયાતની રૂએ એ હયવાન હલાલ નહીં ગણાય.

**(૨)** ઝિબ્હ વેળા હયવાનનું માથું એ ઓજારથી કાપવું જોઈએ કે જે લોખંડ, પોલાદ ધાતુથી બન્યું હોય. પણ અગર એ ઉપસ્થિત ન હોય, તો કોઈ પણ તેજ ધારદાર વસ્તુ, જેમકે, ધારવાળા પત્થર યા કાંચથી ઝિબ્હ કરી શકાશે. અગરચે ઝિબ્હ કરવા માટે તાત્કાળીક જરૂરત ઉભી થઈ ન હોય.

**(૩)** ઝિબ્હ વેળા હયવાનનું મોઢું કિબ્લા તરફ હોવું જોઈએ, અને બેઠેલા કે ઉભેલા પ્રાણીનું કિબ્લા તરફ હોવું એ જ રીતે હોય છે, જેમકે, નમાઝમાં ઇન્સાન એ બે હાલતમાં કિબ્લા તરફ હોય છે. અગર હયવાનને જમણી યા ડાબી બાજુએ સુવડાવવામાં આવ્યું હોય. તો પછી તેની ઝિબ્હની જગ્યા અને પેટ કિબ્લા તરફ હોવું જોઈએ. તેનું પગ, હાથ કે ચહેરો કિબ્લા તરફ હોવા જરૂરી નથી.

જે શખ્સ જાણતો હોય કે જાનવરને ઝિબ્હ વેળા કિબ્લા ભણી કરવું જરૂરી છે, તે જાણીબુજીને તેમ ન કરે, તો હયવાન હરામ ગણાશે; પણ જો ભૂલી જાય, અથવા મસઅલાથી અજાણ હોય, અથવા કિબ્લાને નિયુકત કરવામાં ભૂલ કરે, અથવા કિબ્લો કઈ તરફ છે એ ન જાણતો હોય, અથવા કોઈ કારણસર હયવાનને કિબ્લા તરફ રાખવો અશક્ત હોય તો વાંધો નથી. એહતીયાતે મુસ્તહબ છે કે ઝિબ્હ કરનારનું મોઢું કિબ્લા તરફ હોય.

**(૪)** જયારે ઝિબ્હ કરવું હોય ત્યારે, અથવા ઝિબ્હ કરવાની સાથે, ખુદાનું નામ લેવું જરૂરી છે અને જો માત્ર બિસ્મીલ્લાહ કહે, તો કાફી છે, બલ્કે ફકત અલ્લાહ કહે તો પણ કાફી થવામાં શક્યતા રહે છે.તો અગર કોઈ શખ્સ અલ્લાનું નામ લીએ, પણ ઝિબ્હના કસદ માટે ન હો તો એ હયવાન પાક નહીં થાય, અને તેનું ગોશ્ત હરામ ગણાશે. પણ અગર કોઈ શખ્સ ભૂલી જવાને કારણે અલ્લાહનું નામ ન લીએ તો વાંધો નથી.

**(૫)** ઝિબ્હ બાદ ગરદનની નસો કપાઈ જવા પછી જાનવરમાં હરક્ત રહેવી જોઈએ, ચાહે એ

આંખના ડોળાં યા પૂછડીને હરક્ત આપે, અથવા પોતાના પગ જમીન ઉપર પછાડે, પણ આ હુકમ એવા સંજોગ માટે છે કે જેમાં ઝિબ્હ વેળા હયવાનનું જીવંત હોવું શક ભરેલું હોય, અગર શક ન હોય તો આ શરત લાઝિમ નથી.

**(૬)** ઝિબ્હ બાદ હયવાનના શરીરમાંથી સામાન્ય રીતે જેટલું લોહી વહી જવું જોઈએ, તે માટે કોઈ અટકાયત ન હોવી જોઈએ. અગર કોઈ શખ્સ લોહીને તેની નસોમાં અટકાવી દીએ કે જેથી એ વહેવા ન પામે, અથવા એવું જણાય કે એ પ્રકારના હયવાનમાંથી સામાન્ય રીતે જે પ્રમાણમાં લોહી વહી જવું જોઈએ તેટલું વહી ગયું નથી, તો એ હયવાન હલાલ નહીં થાય. અલબત્ત, જે લોહીનું ઓછું નીકળવું એ કારણસર હોય કે ઝિબ્હ પહેલા હયવાનના શરીરમાંથી ગમે તે કારણસર લોહી નીકળી જવા પામ્યું હોય, તો વાંધો નથી.

**(૭)** ઝિબ્હ ડોકની આગળના ભાગમાં કરે, અને એહતીયાતે મુસ્તહબ છે કે ચાર નસોને ગરદનના આગલા ભાગથી કાપે, અને ડોકની પાછળના હિસ્સામાં છૂરી ઘોંચીને આગળ ન ખેંચે, કે જેથી ડોકની પાછળનો હિસ્સો કપાઈ જાય.

**મસઅલો ૨૬૦૪** : એહતીયાતની રૂએ હયવાન મરી જાય એથી પહેલાં તેનું માથું શરીરથી જૂદું કરી લેવું જાએઝ નથી, અગરચે તેમ કરવાથી તેનું ગોશ્ત હરામ નહીં થઈ જાય. પણ અગર ગફલતને કારણે યા છૂરી તિક્ષ્ણ હોવાને કારણે માથું ધડથી જુદું થઈ જાય તો વાંધો નથી. એવી જ રીતે એહતીયાત છે કે હયવાનનું દમ નીકળી જાય એથી પહેલાં તેનું ગળું ચીરીને તેની સફેદ નસ કે જે કરોડકજજુ વડે પુછડી સાથે પહોંચે છે. કાપી નાખવી જાએઝ નથી.

## ઊંટને નહર કરવાની રીત

**મસઅલો ૨૬૦૫** : અગર કોઈ શખ્સ ઊંટને નહર કરવા માંગે કે જેથી એ એના માટે પાક અને હલાલ થઈ શકે, તો એ તમામ શરતો જે બાકીના પ્રાણીઓને ઝિબ્હ માટે બ્યાન થયા છે તે પૂરી કર્યા બાદ છુરી યા કોઈ તિક્ષ્ણ હથિયારને ઊંટની ગરદન અને છાતી વચ્ચેના ઊંડા ભાગમાં ઘોંચે. બેહતર એ છે કે ઊંટ એ વખતે ઉભું હોય. પણ જો બેઠું હોય અથવા સુતું હોય, અને કિબ્લા તરફ હોય, તો ફકત ગરદનના ઊંડાણમાં ઘોંચે, તો વાંધો નથી.

**મસઅલો ૨૬૦૬** : અગર કોઈ શખ્સ ગરદનની ઊંડાણમાં છુરી ઘોંચવાને બદલે ઊંટનું માથું ધડથી જુદું કાપી નાખે, અથવા ઘેટાં,બકરાં, ગાય વીગેરેને ઊંટની જેમ નહર કરે તો એ સર્વેનું ગોશ્ત હરામ થઈ જશે, અને તેમનું શરીર પણ નજીસ ગણાશે. પણ જો ઊંટની ગરદનની ચાર ધોરી નસોને

કાપ્યા બાદ ઊંટ અગર હજી જીવતું હોય, અને એ હાલતમાં તેના ગરદનના ઊંડાણમાં છૂરી ઘોંચી દીએ, તો એ હલાલ અને પાક ગણાશે. એવી જ રીતે જો ઘેટાં બકરાં, ગાય વીગેરેની ગરદનમાં છુરી વિગેરે ઘોંચવામાં આવે, અને એ જીવતા હોય તે જ હાલતમાં તેમને ઝિબ્હ કરવામાં આવે તો એ હલાલ અને પાક છે.

**મસઅલો ૨૬૦૭** : અગર કોઈ હયવાન મસ્ત અને તોફાની બની જાય, જેને પરિણામે એ કાબુમાં ન આવે અને એને શરીઅતના હુકમ પ્રમાણે ઝિબ્હ કરવું શક્ય ન હોય. અથવા દાખલા તરીકે, એ કુવામાં પડી જાય, અને એવો અનુમાન થાય કે એ તેમાં મરી જશે, અને એને શરઈ રીતે ઝિબ્હ કે નહ્રર નહીં કરી શકાય, તો એવા સંજોગમાં તેના શરીરના ગમે તે ભાગને જખ્મી કે ઘાયલ કરે કે જેથી એ ઘાને પરિણામે મરી જાય, તો એ હલાલ ગણાશે, અને તે માટે કિબ્લા તરફ તેનું હોવું લાઝિમ નથી, પણ એ સિવાયની શરતો જે ઝિબ્હમાં આલેખવામાં આવી છે, તે મોજૂદ હોવી જોઈએ.

## ઝિબ્હ માટે મુસ્તહબ બાબતો

**મસઅલો ૨૬૦૮** : ફોકહાએ (ખુદા એમના ઉપર પોતાની રજામંદી ઉતારે) અમુક બાબતોને ઝિબ્હ વેળા મુસ્તહબ કરાર આપેલ છે, જે નીચે મુજબ છે :

**(૧)** ઘેટાં બકરાંને ઝિબ્હ કરતી વેળા તેના બે હાથો અને એક પગને બાંધી લેવા જોઈએ, અને બીજા પગને છુટો મૂકવો જોઈએ, અને ગાયને ઝબ્હ કરતી વખતે હાથ અને પગને સાથે બાંધવા જોઈએ અને પુછડી છુટી મૂકવી જોઈએ. ઊંટને નહ્રર કરતી વેળા, અગર એ બેઠું હોય, તો તેના બે હાથોને નીચે ગોઠણ અથવા તેના બગલની નીચેના ભાગ સાથે બાંધી લેવા જોઈએ, ને તેના પગો છુટા રાખવા જોઈએ. મુસ્તહબ છે કે મુરઘીને ઝિબ્હ કર્યા બાદ છુટી મૂકી દેવામાં આવે કે જેથી પાંખ પીછાં ફફડાવી શકે.

**(૨)** ઝિબ્હ કર્યા પહેલાં હયવાન સામે પાણી મૂકવું જોઈએ.

**(૩)** ઝિબ્હ એવી રીતે કરે કે પ્રાણીને ઓછામાં ઓછી તકલીફ થાય, જેમકે, છુરી વીગેરેની ધાર તેજ અને તિક્ષ્ણ રાખે, અને ઝિબ્હનું કામ શક્ય તેટલી ઉતાવળે પતાવે.

## જે બાબતો ઝિબ્હ વેળા મકરૂહ છે.

**મસઅલો ૨૬૦૯** : અમુક રિવાયતો મુજબ નીચે મુજબના કાર્યો ઝિબ્હ સમયે મકરૂહ છે.

**(૧)** હયવાનનું દમ નીકળે એથી પહેલાં તેની ખાલ ઉતારવી વીગેરે

**(૨)** એવી જગ્યાએ જાનવરને ઝિબ્હ કરવું કે જયાં એના જ પ્રકારનું બીજું જાનવર તેને જોઈ

રહ્યું હોય.

**(૩)** જુમેરાતના અથવા જુમ્આના ઝોહરની નમાઝના સમય પહેલાં ઝિબ્હ કરવું. પણ જરૂરતના સંજોગમાં કોઈ વાંધો નથી.

**(૪)** જે જાનવરને ઈન્સાને પોતે પાળ્યો હોય તેને પોતાને હાથે ઝિબ્હ કરવું.

## હથિયાર વડે શિકાર કરવાના એહકામ

**<u>મસઅલો ૨૬૧૦</u>** : અગર હલાલ ગોશ્તવાળું જંગલી પશુનો હથિયાર વડે શિકાર કરવામાં આવે, અને પરિણામે એ મરી જાય, તો **પાંચ** શરતે એ હલાલ અને પાક ગણાશે.

**(૧)** શિકાર માટેનું હથિયાર છુરી યા તલવારની જેમ ધારદાર કાપનાર વસ્તુ હોય, યા નેઝા કે તીરની જેમ અણીદાર હોય, કે જે હયવાનના બદનને ચીરી નાખે, તો અગર કોઈ શખ્સ જાળ પાથરી, કે લાકડી યા પત્થરથી મારીને શિકાર કરે, તો એ રીત મરેલું જાનવર પાક નહીં ગણાય, અને એનું ગોશ્ત ખાવું હરામ થશે. અગર બંદુકથી શિકાર કરે, અને તેમાંથી નીકળતી ગોળીઓ એટલી તેજ હોય કે હયવાનના શરીરમાં પેસીને તેને ચીરી નાખે, તો એ હયવાન પાક અને હલાલ છે. પણ જો ગોળી તેજ ન હોય, પણ માત્ર ટકકર ને દબાણના વેગથી શરીરમાં પેસીને હયવાનને મારી નાંખે, અથવા તેની ગરમી અને આંચને પરિણામે જાનવરના શરીરને બાળી નાખે, અને એ બળતરાને કારણે હયવાન મરી જાય, તો તેના માટે હલાલ અને પાક હોવામાં ઈશ્કાલ છે.

**(૨)** શિકાર કરનાર મુસલમાન હોવો જોઈએ, અથવા એ મુસ્લિમ બાળક કે જે સારૂં નરસું પારખી શકવાની વયે પહોંચ્યું હોય તે શિકાર કરે. અગર એહલે કિતાબ સિવાયના કાફરો, યા ફીરકાઓ કે જે કાફરનો હુકમ ધરાવે છે, જેમકે, નાસબી વીગેરે શિકાર કરે, તો એ હલાલ નથી. બલ્કે અહલે કિતાબ કાફર શિકાર કરે, અને ખુદાનું નામ પણ ઉચ્ચારે, તો પણ એહતીયાતની રૂએ એ હયવાન હલાલ નહીં ગણાય.

**(૩)** હથિયારનો ઉપયોગ એ હયવાનને મારવા માટે થયો હોવો જોઈએ. અગર કોઈ બીજા નિશાન તરફ ચીંધ્યો હોય, અને અનાયાસે હયવાનને લાગતાં એ મરી જાય, તો એ હયવાન પાક અને હલાલ નહીં ગણાય.

**(૪)** હથિયારના ઉપયોગ સમયે અલ્લાહનું નામ લેવું જોઈએ. અને નિશાન ઉપર ઘા લાગે એથી પહેલા પણ જો અલ્લાહનું નામ ઉચ્ચારી લીએ તો અક્વાની રૂએ કાફી છે. પણ જો જાણી જોઈને અલ્લાહનું નામ ન લીએ, તો શિકાર હલાલ નહીં થાય. અલબત્ત, જો ભૂલી જવાથી એમ

થાય તો વાંધો નથી.

**(૫)** એવા સમયે શિકાર પાસે પહોંચે કે તે મરી ગયું હોય; અથવા જો જીવતું હોય તો એટલો સમય ન હોય કે તેને ઝિબ્હ કરી શકે. અગર ઝિબ્હ કરવા જેટલો સમય હોય અને તે છતાં ઝિબ્હ ન કરે, અને જાનવર મરી જાય, તો હરામ ગણાશે.

**મસઅલો ૨૬૧૧** : અગર બે જણ સાથે મળીને એક હયવાનનો શિકાર કરે અને તેમાંનો એક શરીઅતે મૂકેલી શરતો મુજબ અમલ કરે, જયારે બીજો તે મુજબ અમલ નકરે, જેમકે, એક અલ્લાહનું નામ લીએ, અને બીજો જાણી જોઈને નામ ન લ્યે, તો એ હયવાન હલાલ નહીં ગણાય.

**મસઅલો ૨૬૧૨** : અગર શિકાર કરેલા હયવાનને તીર કે ગોળી લાગી ગઈ હોય,અને તે બાદ, દાખલા તરીકે, એ પાણીમાં પડી જાય અને ઈન્સાનને ખબર હોય કે એ તીર કે ગોળી લાગવાથી અને પાણીમાં પડી જવાથી હયવાન મરી ગયું છે, તો એ હલાલ નથી. બલ્કે જો એને ખાત્રી ન હોય કે માત્ર તીર કે ગોળી લાગવાથી એમ મરણ પામ્યું છે, તો એ પણ હલાલ નહીં ગણાય.

**મસઅલો ૨૬૧૩** : અગર ગસબ કરેલા શિકારી કુતરા યા ગસ્બી હથિયાર વડે શિકાર કરવામાં આવે, તો શિકાર હલાલ ગણાશે, અને શિકારી એ હયવાનનો માલિક ગણાશે. પણ તે છતાં શિકારી ગુનેહગાર થશે, અને તેની ફરજ છે કે ગસબ કરેલા કુતરા યા હથિયારના ઉપયોગ બદલ તેના ધણીને ઉજરત આપે.

**મસઅલો ૨૬૧૪** : અગર શિકાર માટેના હથિયાર વડે, જેમકે, તલવારથી, હયવાનના કોઈ અંગને કાપી નાખે, જેમકે, તેના હાથ યા પગ જુદા કરી નાખે, તો એ જુદો પડેલો અંગ હરામ ગણાશે. પણ જો હયવાનને મસઅલા ૨૬૧૦માં જણાવેલ પૂરી શરતો સાથે ઝિબ્હ કરે, તો શરીરના બાકી રહેલા ભાગો હલાલ ગણાશે.

એવી જ રીતે ઉપરોકત શરતો સાથે અગર શિકારી હયવાનના શરીરના બે ટુકડા કરી નાખે, અને તેમાં એક ભાગમાં માથું અને ગરદન હોય, અને શિકાર જયારે એની નઝદીક પહોંચે ત્યારે એનું દમ નીકળી ગયું હોય, તો એ બંને ભાગો હલાલ ગણાશે. અને જો એ સમયે હયવાનમાં જીવ બાકી હોય, પણ ઝિબ્હ કરવા માટે પૂરતો સમય ન હોય, તો પણ એ જ હુકમ છે.

અલબત્ત, અગર ઝિબ્હ કરવા માટે સમય હોય અને જેટલી વાર હયવાન જીવતો રહે એ શક્ય હોય, તો જે ભાગમાં માથું, ગરદન નથી એ હરામ ગણાશે અને જે ભાગમાં માથું અને ગરદન હોય તેને શરીઅત મુજબ ઝિબ્હ કરે તો હલાલ થશે. નહીંતર એ પણ હરામ ગણાશે.

**મસઅલો ૨૬૧૫** : અગર કોઈ હયવાનનો શિકાર એવી વસ્તુથી કરે કે જે જાએઝ નથી. જેમકે પત્થર, લાકડી-વીગેરે અને એને પરિણામે હયવાનના શરીરના બે ટુકડા થઈ જાય, તો જે ભાગમાં માથું અને ગરદન ન હોય તે ભાગ હરામ ગણાશે અને જે ભાગમાં માથું અને ગરદન હોય, અને તેમાં જીવ બાકી હોય, અને ઝિબ્હ કર્યા સુધી જીવતા રહેવાની શક્યતા હોય, અને તેને શરઈ હુકમ પ્રમાણે ઝિબ્હ કરે, તો એ હલાલ થશે. નહીંતર એ બીજો ભાગ પણ હરામ ગણાશે.

**મસઅલો ૨૬૧૬** : અગર કોઈ જાનવરનો શિકાર કરવામાં આવે, અથવા તેને ઝિબ્હ કરે, અને તેના પેટમાંથી જીવતું બચ્ચું નીકળે તો એને જો શરઈ હુકમ અનુસાર ઝિબ્હ કરવામાં આવે તો હલાલ ગણાશે, નહીં તો હરામ છે.

**મસઅલો ૨૬૧૭** : અગર શિકાર યા ઝિબ્હ કરેલા જાનવરના પેટમાંથી મુડદા બચ્ચું નીકળે, તો જો તે બચ્ચું હયવાનના મરી ગયા પહેલાં મરેલું ન હોય, યા તો પેટમાંથી બહાર લઈ આવવામાં થએલી ઢીલને કારણે મરેલું ન હોય, અને એ બચ્ચું કામીલ જન્મે, એટલે કે તેના રૂવાં અથવા ઊન વીગેરે ઉગી નીકળયા હોય, તો એ પાક અને હલાલ છે.

## શિકારી કુતરા વડે શિકારના એહકામ

**મસઅલો ૨૬૧૮** : અગર કોઈ હલાલ ગોશ્તવાળા જંગલી પ્રાણીનો શિકાર શિકારી કુતરા વડે કરવામાં આવે, તો તેના પાક અને હલાલ થવા માટે **૭** શરતો છે :

**(૧)** કુતરાની એવી કેળવણી અને તરબીયત થઈ હોવી જોઈએ કે જયારે તેને શિકાર માટે મોકલવામાં આવે, તો જાય, અને જયારે રોકવામાં આવે, તો અટકી જાય. પણ જો શિકાર કરેલા પ્રાણી સુધી પહોંચી ગયા બાદ, અને તેને જોઈ લીધા બાદ તેની ઉત્સુક્તા રોકી ન શકાય, તો તેમાં વાંધો નથી. અને એ પણ જરૂરી નથી કે શિકારી કુતરાને એવી રીતે કેળવે કે જયાં સુધી પોતે શિકારી હયવાન પાસે ન પહોંચે ત્યાર સુધીમાં તેમાંથી કશુંય ન ખાય. બલ્કે જો એની ટેવ પડી હોય કે શિકારી પોતે આવી પહોંચે એથી પહેલા તેમાંથી થોડું ખાઈ લેતો હોય, તો વાંધો નથી. અને જો શિકાર કરેલા પ્રાણીનું લોહી ચાટી જવાની ટેવ પડી હો તો પણવાંધો નથી.

**(૨)** કુતરાને શિકારી ધણીએ શિકાર માટે મોકલ્યો હોવો જોઈએ. અગર કુતરો પોતે પ્રાણીની પાછળ દોડી તેનો શિકાર કરે, તો એ હયવાન હરામ થશે. બલ્કે અગર કુતરો પોતાની ઈચ્છાએ કોઈ હયવાનની પાછળ દોડી રહ્યો હોય, અને એ સમયે તેનો ધણી બૂમ પાડી ઝડપથી શિકાર તરફ દોડવા માટે પ્રેરે, તો અગરચે એ માલિકની બૂમને કારણે ઝડપથી દોડયો હોય, તો પણ

એહતીયાતે વાજિબની રૂએ એ હયવાનનું ગોશ્ત ખાવાથી પરહેઝ કરવું જોઈએ.

**(૩)** શિકારમાટે કુતરાને મોકલનાર મુસલમાન હોવો જોઈએ, જેની પૂરી વિગતો, હથિયાર વડે ઝિબ્હ કરવાના મસાઈલમાં, આપી ચૂક્યા છીએ.

**(૪)** જયારે કુતરાને મોકલે ત્યારે શિકારી અલ્લાહનું નામ લીએ; અને જો જાણીબુજીને ન લીએ તો હયવાન હરામ ગણાશે, પણ જો ભૂલી જાય તો વાંધો નથી.

**(૫)** શિકાર થએલો હયવાન કુતરાના દાંત વડે લાગેલા જખ્મથી મરી ગયો હોવો જોઈએ. અગરકુતરો શિકારને ગળું દબાવીને મારી નાખે, અથવા એ પ્રાણી ખૂબ દોડવાને કારણે, યા ખોફને કારણે મરી ગયું હોય, તો એ હલાલ નહીં ગણાય.

**(૬)** શિકારી જયારે શિકાર થએલા હયવાન સુધી પહોંચે ત્યારે એ મરી ગયું હોવું જોઈએ, અથવા જો હજી તેમાં જીવ બાકી હોય, તો ઝિબ્હ કરવા જેટલો સમય બાકી ન રહ્યો હોવો જોઈએ. અલબત્ત એનું કારણ એ ન હોય કે શિકાર કર્યા બાદ ત્યાં સુધી પહોંચવામાં અસાધારણ ઢીલ કરી હોય.

પણ અગર શિકારી એવા સમયે પહોંચે કે ઝિબ્હ કરવા જેટલો સમય હોય, તે છતાં ઝિબ્હ ન કરે, અને હવાન એમ જ મરી જાય, તો એ હલાલ નથી.

**<u>મસઅલો ૨૬૧૯</u>** : જે ઈન્સાન શિકારી કુતરા વડે શિકાર કરે, અને એવા સમયે હયવાન પાસે પહોંચે કે તેને ઝિબ્હ કરવા જેટલો સમય હોય, પણ એ માટે પૂર્વ તૈયારીમાં એ સમય નીકળી જાય, જેમકે, છુરી વીગેરે બહાર કાઢવામાં એટલો સમય વીતે, કે એ અરસામાં હયવાન મરી જાય, તો એ હલાલ ગણાશે. પણ જો એની પાસે કોઈ એવી વસ્તુ જ ન હોય કે જેના વડે એ હયવાનને ઝિબ્હ કરી શકે, અને એ મરી જાય. તો એહતીયાતની રૂએ એ હલાલ નહીં થાય. અલબત્ત, એવા સંજોગમાં જો એ હયવાનને છુટો મૂકે કે જેથી શિકારી કુતરો તેને મારી નાખે, તો હલાલ ગણાશે.

**<u>મસઅલો ૨૬૨૦</u>** : અગર એકથી વધુ શિકારી કુતરાઓ વડે શિકાર કરે, અને તેઓ સાથે મળીને હયવાનનો શિકાર કરે, તો જો મસઅલા ૨૬૧૮ માં જણાવેલ શરતો તે સર્વેમાં હોય, તો હયવાન હલાલ ગણાશે; પણ જો એમાંથી એક પણ કુતરામાં જણાવેલી શરતો પૂરી ન થતી હોય, તો શિકાર થએલ પ્રાણી હરામ ગણાશે.

**<u>મસઅલો ૨૬૨૧</u>** : અગર શિકારી કુતરાને કોઈ એક પ્રાણીના શિકાર માટે છોડયો હોય, અને એ બીજા પ્રાણીનો શિકાર કરે, તો એ હલાલ અને પાક ગણાશે, અને જો એ જ હયવાન સાથે બીજાનો પણ શિકાર કરે, તો બંને પાક અને હલાલ ગણાશે.

**મસઅલો ૨૬૨૨** : અગર એકથી વધુ શિકારીઓ સાથે મળીને એક શિકારી કુતરાને શિકાર કરવા માટે મોકલે,અને તેમાંથી એક શિકારી જાણીબુજીને અલ્લાહનું નામ ન લીએ તો એ હયવાન હરામ ગણાશે. એવી જ રીતે અગર મોકલેલા કુતરાઓમાં એક એવો હોય કે જેની તરબીયત મસઅલા ૨૬૧૮ માં જણાવ્યા મુજબ ન થઈ હોય, તો એ હયવાન હરામ ગણાશે.

**મસઅલો ૨૬૨૩** : અગર બાજપક્ષી વડે યા શિકારી કુતરા સિવાય કોઈ બીજા પશુ કે પક્ષી વડે શિકાર કરવામાં આવે, તો એ હયવાન હલાલ નહીં થાય. પણ જો શિકારી હયવાન પાસે એવા સમયે પહોંચી જાય કે એમાં હજી જીવ બાકી હોય, અને તેને શરીઅતના હુકમ પ્રમાણે ઝિબ્હ કરી લીએ, તો હલાલ ગણાશે.

## માછલી અને તીડના શિકારના એહકામ

**મસઅલો ૨૬૨૪** : અગર માછલી ઉપર કુદરતી રીતે ભીંગડાં હોય, અગરચે કોઈ કારણસર એ તેના શરીર ઉપરથી ખરી પડ્યા હોય, અને તેને પાણીમાંથી જીવતી પકડી હોય, અને એ પાણીની બહાર મરે, તો તેનું ખાવું હલાલ છે. અલબત્ત જો પાણીમાં જ મરી જાય, તો તેનું શરીર પાક છે, પણ ખાવું હરામ છે. પણ જો માછીમારના જાળમાં ફસાયા બાદ પાણીમાં મરી જાય તો એ માછલી ખાવી હલાલ છે.

જે માછલીમાં કુદરતી રીતે ભીંગડાં ન હોય, તેને અગરચે જીવતી પકડવામાં આવે, અને પાણીની બહાર આવીને એ મરે, તો પણ એ ખાવી હરામ છે.

**મસઅલો ૨૬૨૫** : અગર માછલી પાણીની બહાર આવી પડે, અથવા મોજાં એને ઉછાળીને બહાર ફેંકે, અથવા પાણી ઉતરી જતાં એ પાણીની બહાર પડી રહે, તો અગર કોઈ શખ્સ, એ મરી જાય એથી પહેલાં, હાથે યા કોઈ પણ સાધન વડે એને પકડી લીએ, તો મરી જવા બાદ એ હલાલ ગણાશે.

**મસઅલો ૨૬૨૬** : માછીમાર માટે જરૂરી નથી કે મુસલમાન હોય, અને એ પણ જરૂરી નથી કે માછલી પકડતી વેળા અલ્લાહનું નામ લેવાય. પણ જરૂરી છે કે મુસલમાને ગેરમુસ્લિમ પાસેથી માછલી ખરીદવા પહેલાં પોતે જોયું હોય, યા બીજી રીતે ઈત્મેનાન મેળવ્યું હોય કે માછલી પાણીમાંથી જીવતી પકડવામાં આવી હતી, યા એ કે માછીમારના જાળમાં ફસાઈને પાણીમાં મરી ગઈ હતી.

**મસઅલો ૨૬૨૭** : જે માછલી માટે માલૂમ ન હોય કે પાણીમાંથી જીવતી પકડવામાં આવી હતી કે મુડદા, તો અગર મુસલમાન પાસેથી લેવાની હોય, તો હલાલ ગણાશે. અને જો ગેરમુસ્લિમ પાસેથી લેવાની હોય, તો અગરચે એ એમ કહે કે માછલી જીવતી પાણીમાં પકડવામાં આવી હતી, તો

હરામ છે, સિવાય કે ઈન્સાનને ઈત્મેનાન થઈ જાય કે જીવતી પકડી હતી, યા એક માછીમારની જાળમાં ફસાઈને પાણીમાં મરી હતી.

**મસઅલો ૨૬૨૮** : માછલી હજી જીવતી હોય તો એ ખાઈ શકાય છે, પણ બેહતર છે કે તેમ કરવાથી પરહેઝ કરવામાં આવે.

**મસઅલો ૨૬૨૯** : અગર જીવતી માછલી શેક્વામાં આવે, અથવા પાણીની બહાર એ પોતે મરી જાય, એથી પહેલા મારી નાખવામાં આવે, તો એ ખાઈ શકાય છે. પણ બેહતર છે કે તેમ કરવાથી પરહેઝ કરવામાં આવે.

**મસઅલો ૨૬૩૦** : અગર પાણીમાંથી કાઢયા બાદ માછલીને બે ટુકડા કરવામાં આવે અને એક ભાગ કે જેમાં હજી જીવ બાકી હોય તે પાણીમાં પડી જાય, તો પાણીની બહાર રહી ગએલો ભાગ જાએઝ છે, પણ એહતીયાતે મુસ્તહબ છે કે તેમ કરવાથી પરહેઝ કરે.

**મસઅલો ૨૬૩૧** : અગર તીડને હાથો વડે યા બીજા કોઈ સાધનથી જીવતી પકડવામાં આવે, તો એના મરી ગયા પછી એ હલાલ ગણાશે, અને તેના માટે શરત નથી કે પકડનાર મુસલમાન હોય, અથવા પકડતી વેળા અલ્લાહનું નામ લીધું હોય. પણ જો કાફર પાસે મુડદા તીડ હોય, અને એને જીવતી પકડી હતી કે નહીં તેની જાણ ન હોય, તો અગરચે એ એમ કહેતો હોય કે જીવતી પકડી હતી, તે હરામ ગણાશે.

**મસઅલો ૨૬૩૨** : જે તીડના પાંખ ઉગ્યા ન હોય, અને ઉડી ન શકે, તો તેનું ખાવુ હરામ છે.

## ખાવા પીવાની વસ્તુઓને લગતા એહકામ

**મસઅલો ૨૬૩૩** : જે પક્ષીઓ ફાડી ખાનાર હોય, જેમકે ગીધ, ગરૂડ કે બાજ, અને તેના નહોરવાળા પંજા હોય, તે હરામ છે; અને ઝાહેર એ છે કે જે પક્ષીઓ ઉડતી વેળા પાંખો ઓછી મારે, અને હવામાં ખુલ્લી પાંખો સાથે સરક્તા હોય, તેમ નહોરદાર પંજા ધરાવતા હોય, એ હરામ છે. એથી ઉલટું જે પક્ષીઓ ઉડતી વેળા પાંખો વધુ મારતા હોય, અને સરક્વું ઓછા પ્રમાણમાં હોય, તે હલાલ છે. આ સિદ્ધાંતની રૂએ ઉડવાની રીત ઉપરથી હલાલ અને હરામ ગોશ્ત પક્ષીઓ વચ્ચે તમીઝ કરી શકાય. પણ જો એથી સ્પષ્ટ રીતે નિર્ણય ન લઈ શકાય, તો જે પક્ષીને બીજું જઠર (જેમાં પત્થરની કાંકળીઓ પડે ખોરાકનો છુંદો થાય છે) હોય, અથવા તેના પગના પાછલા હિસ્સામાં કાંટારૂપે એડી હોય તો એ હલાલ છે; અને જો એમાંથી કાંઈ પણ ન હોય તો એ હરામ છે.

એહતીયાતે લાઝિમની રૂએ કાગડાઓના સર્વે પ્રકારથી પરહેઝ કરવું જોઈએ; પરંતુ બીજા

પક્ષીઓ, ઉપરોકત સિવાય, જેમકે મુરઘી, કબુતર, ચકલીઓ, એટલે સુધી કે શાહમૃગ અને મોર પણ હલાલ છે.પણ હુદહુદ અને અમુક પ્રકારની ચકલીઓને મારી નાખવું મકરૂહ છે.

અને જે પક્ષીઓને ઉડ્ડયન શક્તિ છે, પણ પાંખો નથી, જેમકે ચામાચિડીયું, તો એ હરામ છે, અને એવી જ રીતે મધમાખી, ભમરો, મચ્છર અને બીજા સર્વે ઉડતા જંતુઓને પણ એહતીયાતે વાજિબની રૂએ એ જ હુકમ છે.

**મસઅલો ૨૬૩૪** : અગર જીવતા હયવાનના શરીરનો એ ભાગ કે જેમાં જીવ છે, તેને કાપવામાં આવે, જેમકે ચરબીવાળી પુંછડી કે અમુક ગોશ્ત જીવતા હયવાનમાંથી કાપવામાં આવે, તો એ નજીસ અને હરામ ગણાશે.

**મસઅલો ૨૬૩૫** : હલાલ ગોશ્તવાળા પ્રાણીના શરીરના અમુક ભાગો હરામ છે, અને તે **ચૌદ** છે :

**(૧)** ખૂન, **(૨)** પાયખાનું, **(૩) અને (૪)** નર કે માદાની પેશાબની નળી અને શરમગાહ, **(૫)** બચ્ચાદાની, **(૬)** ગ્રંથિઓ, **(૭)** વૃષણ અથવા અંડ, **(૮)** મગજમાં જે ચણાના રૂપમાં ગ્રંથિ હોય છે તે, **(૯)** હરામ મેદ કે જે કરોડરજજુ વચ્ચેથી પસાર થાય છે, **(૧૦)** ચરબીવાળી નળીઓ જે કરોડરજજુની બંને બાજુએથી પસાર થાય છે, **(૧૧)** પિત્તાશય, **(૧૨)** જલીહ્રા કે બરોળ, **(૧૩)** મૂત્રાશય, **(૧૪)** આંખના ડોળાં.

આ સર્વે ભાગો હરામ છે, સિવાય કે હલાલ ગોશ્તવાળા પક્ષીઓ કે જેમાં ખુન અને પાખાનું તો વિના શંકાએ હરામ છે, પણ તે સિવાયના ઉપરોકત ભાગો એહતીયાતની રૂએ હરામ છે.

**મસઅલો ૨૬૩૬** : હરામ ગોશ્તવાળા પ્રાણીઓનું પેશાબ પીવું હરામ છે, બલ્કે હલાલ ગોશ્તવાળા પ્રાણીનું - ઊંટ સહીત-પેશાબ પીવું પણ એહતીયાતે વુજુબીની રૂએ હરામ છે. પણ જો ઊંટ, ગાય કે ઘેટાં બકરાંનું પેશાબ ઈલાજ અર્થે પીવું પડે તો વાંધો નથી.

**મસઅલો ૨૬૩૭** : માટી ખાવી હરામ છે, અને એહતીયાતે વાજિબની રૂએ ધૂળ, રેતી ખાવી પણ હરામ છે.અલબત્ત, મજબૂરીની હાલતમાં ઈલાજ અર્થે દાગસ્તાન કે અરમેનીયાની માટી ખાવી જાએઝ છે. તેમજ થોડીક ખાકે શિફા ઈમામ હુસૈન અલય્હિસ્સલામની મઝાર મુબારકની માટી શફા ખાતર ખાવી જાએઝ છે. બેહતર છે કે એ ખાક શિફાનો થોડોક ભાગ પાણીમાં એવી રીતે ઘોળીને પીએ કે જેથી પાણી સાથે એકરસ થઈ જાય.

**મસઅલો ૨૬૩૮** : નાકની લીંટ, સડેખમ કે બલગમ મોઢામાં આવી પછી ઉતારી લેવું હરામ

નથી. દાંત ખોતરતી વેળા જે અનાજનો ભાગ બહાર આવે તેને ઉતારી લેવામાં વાંધો નથી.

**મસઅલો ૨૬૩૯** : જે વસ્તુ ખાવાથી મૃત્યુ નીપજે, અથવા ઈન્સાનને સંપૂર્ણ રીતે નુકસાનકારક હોય, તેનો આહાર (ખોરાક) હરામ છે.

**મસઅલો ૨૬૪૦** : ઘોડા, ખચ્ચર અને ગધેડાનું ગોશ્ત ખાવું મકરૂહ છે, અને અગર કોઈ એ જાનવરો સાથે બદફેલી કરે, તો એ જાનવરો હરામ થઈ જશે. બલ્કે એહતીયાતની રૂએ બદફેલી બાદ એ જાનવરોની નસલ પણ હરામ ગણાશે. તેમજ એનું પેશાબ, પાખાનું નજીસ છે. અને જરૂરી છે કે એ જાનવરોને શહેરથી બહાર લઈ જઈ કોઈ બીજી જગ્યાએ વહેંચી નાખે, અગર જે જાનવર સાથે બદફેલી કરી હોય એ એની પોતાની માલિકીનું ન હોય, તો જે એનો માલિક હોય તેને બદફેલી કરનાર એ જાનવરની કિંમત ચૂકવશે.

અગર કોઈ શખ્સ હલાલ ગોશ્તવાળા પ્રાણીઓ, જેમકે ગાય, ઘેટાં બકરાં સાથે બદફેલી કરે, તો એ પ્રાણીઓનું પેશાબ, પાયખાનું નજીસ ગણાશે, અને એમનું ગોશ્ત ખાવું હરામ થશે. બલ્કે એમનું દૂધ એહતીયાતની રૂએ પીવું હરામ છે, અને બદફેલી બાદ એ જાનવરોની નસલ પણ હરામ ગણાશે. એવા જાનવરોને તરત જ મારી નાખીને બાળી મૂકવા જોઈએ; અને જો એ જાનવરો બદફેલી કરનારની માલિકીના ન હોય, તો જે માલિક હોય તેને બદફેલી કરનાર કિંમત ચૂક્વી આપે.

**મસઅલો ૨૬૪૧** : જે બકરીનું બચ્ચું સુવ્વરનું એટલું દૂધ ધાવી લીએ કે તેથી તેના શરીરમાં માંસ અને હાડકાં મજબૂત થાય, તો એ બકરૂં અને તેની નસલ હરામ ગણાશે. પણ જો એથી ઓછા પ્રમાણમાં ધાવ્યું હોય, તો એહતીયાતે વાજિબની રૂએ તેનો ઈસ્તબરા થવો જોઈએ, જે બાદ એ હલાલ ગણાશે, અને એ ઈસ્તબરા એ છે કે સાત દિવસ સુધી પાક દૂધ પીએ, અને જો દૂધ પીતું બચ્ચું ન હોય, તો તેને સાત દિવસ સુધી ઘાંસચારો આપવો જોઈએ.

એહતીયાતે વાજિબની રૂએ એ જ હુકમ ઘેટાંના બચ્ચાંને, ગાયના વાછરડાને અને તમામ હલાલ ગોશ્ત પ્રાણીઓના બચ્ચાઓને લાગુ પડશે. ઉપરાંત નજીસખોર હયવાનનું ગોશ્ત પણ હરામ છે, સિવાય કે તેના હલાલ થવા માટે ઈસ્તબરા થાય, જેની પૂરી કેફીયત મસઅલા ૨૨૬માં બયાન થઈ છે.

**મસઅલો ૨૬૪૨** : દારૂ પીવું હરામ છે, અને અમુક હદીસોમાં એ તમામ ગુનાહો કરતા બદતર ગુનાહ તરીકે વર્ણવામાં આવ્યું છે. હઝરત ઈમામ જાફર સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું : દારૂ તમામ બદીઓનું મૂળ છે, અને ગુનાહોનું જન્મસ્થાન છે. જે શખ્સ શરાબ પીએ છે, તે ભાન, અકલ ગુમાવી બેસે છે, અને એ પળોમાં પોતાના પરવરદીગારને ભૂલાવી દીએ છે. નશાની પળોમાં કોઈ નાફરમાની કરવાથી ડરતો નથી, અને કોઈના એહતેરામની પરવા કરતો નથી, એટલે સુધી કે પોતાના કુટુંબીઓ

અને સ્વજનોના હકો પણ જાળવતો નથી. જાહેર બદીઓથી મોઢું ફેરવતો નથી, જેથી અંતે ઈમાનની રૂહ અને ખુદાશનાસી એના શરીરમોથી નીકળી જાય છે, અને ખબીસ, નાપાક રૂહ, જે અલ્લાહની રહેમતથી દૂર હોય છે, તે તેના શરીરમાં બાકી રહે છે, તે ખુદા ફરિશ્તાઓ અને મુઅમીનો તરફથી લઅનતનો પાત્ર બને છે, અને ચાળીસ દિવસ સુધી તેની નમાઝ કબૂલ થતી નથી. કયામતના દિવસે તેનું મોઢું કાળું હશે, અને જીભ બહાર લટક્તી રહેશે, જેથી મોંની લાળ તેની છાતી ઉપર ટપકશે, અને સતત પ્યાસની ફરિયાદ કરતો રહેશે.

**મસઅલો ૨૬૪૩** : જે સુફરા ઉપર દારૂ પીવાઈ રહ્યું હોય, તે સુફરા ઉપર બેસીને કાંઈ પણ ખાવું હરામ છે. એવી રીતે એ સુફરા ઉપર માત્ર બેસવું, કે જયાં શરાબની મહેફીલ હોય, અને બેસવાથી બદનામીનો ભય હોય કે એ લોકોમાં તેનો શુમાર થઈ શકશે, એહતીયાતની રૂએ હરામ છે.

**મસઅલો ૨૬૪૪** : દરેક મુસલમાન ઉપર વાજિબ છે કે મૃત્યુને આંગણે પહોંચેલ ભૂખ્યા તરસ્યા મુસ્લિમ બિરાદરને ખોરાક અને પાણી આપી મોતથી નજાત અપાવે.

### જમવાના આદાબ

**મસઅલો ૨૬૪૫** : ખોરાક લેતી વેળા અમુક બાબતો મુસ્તહબ ગણાય છે :

**(૧)** ખાવા પહેલા બંને હાથો ધોઈ લેવા. **(૨)** ખાઈ લીધા પછી બંને હાથ ધોઈ, ટુવાલ વીગેરેથી લુંછી લેવા. **(3)** મેજબાન સૌથી પહેલાં ખાવાની શરૂઆત કરે, પણ સૌથી છેલ્લે પોતાનો હાથ ખેંચે, અને સૌથી પ્રથમ પોતાનો હાથ ધોએ, અને તે પછી જમણી બાજુએ બેઠેલાઓ હાથ ધોએ, એવી રીતે એક પછી એક આગળ વધીને છેલ્લે તેની ડાબી બાજુએ બેઠેલા મહેમાન હાથ ધોએ. જમી પરવારીને હાથ ધોવા માટે મેજબાનની ડાબી બાજુએ બેઠેલો મહેમાન પ્રથમ આગળ વધે, એવી રીતે એક પછી એક છેલ્લો જણ હાથ ધોશે કે જે મેજબાનની જમણી બાજુએ હોય. **(૪)** ખાવાનું શરૂ કર્યા પહેલાં બિસ્મીલ્લાહ કહેવું, અને જો સુફરા ઉપર જાતજાતની વાનગીઓ હોય, તો દરેક વાનગી ખાવા પહેલા બિસ્મીલ્લાહ કહેવું મુસ્તહબ છે. **(૫)** જમણા હાથે ખાવું. **(૬)** લુકમો ત્રણ આંગળીઓ યા એથી વધુ વડે ખાવો. બે આંગળીઓ વડે ન ખાવો. **(૭)** અગર સુફરા ઉપર ઘણા જમવાવાળા સાથે બેઠાં હોય, તો દરેક તેની સામે રહેલી વાનગીમાંથી ખાવું. **(૮)** લુકમો નાનો રાખવો. **(૯)** સુફરા ઉપર લાંબા સમય સુધી બેસવું, અને આહાર સમયે ઉતાવળ ન કરવી. **(૧૦)** ખોરાકને પૂરી રીતે ચાવીને ખાવું. **(૧૧)** ખાઈ લીધા બાદ ખુદાનો શુક્ર અદા કરવો. **(૧૨)** જમી પરવારીને આંગળીઓ ચાટવી. **(૧૩)**

ખાઈ લીધા બાદ દાંત ખોતરવા, પણ તે માટે રયહાની ખુશ્બુદાર કાંઠીઓ કે ખજૂરના પાંદડાનો ઉપયોગ ન કરવો. **(૧૪)** સુફરાની બહાર ખોરાકીનો જે હિસ્સો દાણો પડી ગયો હોય, તે એકઠું કરીને ખાઈ લેવું. પણ જો જંગલમાં કે વાડી વીગેરેમાં ખાધું હોય, તો જે દાણો ખોરાકનો ભાગ સુફરાની બહાર પડી જાય, તેને પક્ષીઓ અને અન્ય જાનવરો માટે મૂકી આપવું મુસ્તહબ છે. **(૧૫)** દિવસની શરૂઆતમાં અને રાતની પ્રાથમિક ભાગમાં ખાવું અને એ દરમ્યાન દિવસમાં કે રાતમાં કોઈ પણ આહાર ન લેવો. **(૧૬)** જમી પરવારીને પીઠ ઉપર સૂવું, અને જમણા પગને ડાબા પગ ઉપર મૂકવું. **(૧૭)** ખાવા પહેલા અને પછી નીમક લેવું. **(૧૮)** ફળ ખાતા પહેલાં ફળને પાણીથી ધોઈ લેવા.

## જે વાતો જમતી વખતે ખરાબ છે

**<u>મસઅલો ૨૬૪૬</u>** : આહાર સમયે અમુક વસ્તુઓ અનિચ્છનીય ગણાવવામાં આવી છે :

**(૧)** પેટ ભરેલું હોય ત્યારે જમવું. **(૨)** પેટ ભરીને જમવું. હદીસમાં છે કે અલ્લાહની નજરમાં એ સૌથી અગમ્ય વસ્તુ છે. **(૩)** જમતી વેળા બીજાઓના ચહેરા સામે જોવું. **(૪)** ગરમ ખોરાક ખાવો. **(૫)** ખાવાની કે પીવાની વસ્તુ ઉપર ફુંક મારવી વીગેરે. **(૬)** સુફરા ઉપર રોટલી આવી જાય તે બાદ અન્ય વાનગીની રાહ જોવી. **(૭)** રોટલીને છુરીથી ટુકડા કરવી. **(૮)** રોટલી વાનગીનાં પાત્ર નીચે રાખવી. **(૯)** હાડકાં ઉપર ચોંટેલું માંસ એવી રીતે ખાવું કે તેના ઉપર કાંઈ ન રહેવા પામે. **(૧૦)** જે ફળો છાલ સાથે ખવાય છે તેની છાલ ઉતારવી. **(૧૧)** ફળને પૂરી રીતે ખાધા વગર ફેંકી દેવું.

## પાણી પીવાના આદાબ

**<u>મસઅલો ૨૬૪૭</u>** : પીવાના અમુક આદાબો છે :

**(૧)** પાણીને ચૂસીને પીવું. **(૨)** દિવસના ભાગમાં પાણી ઉભા રહીને પીવું. **(૩)** પાણી પીવા પહેલાં બિસ્મીલ્લાહ, અને બાદમાં અલ્હમ્દોલીલ્લાહ કહેવું. **(૪)** ત્રણ શ્વાસે પાણી પીવું. **(૫)** પાણીની તલબ થાય ત્યારે પીવું. **(૬)** પાણી પી લીધા બાદ હઝરત ઈમામ હુસૈન અલય્હિસ્સલામ અને તેમના એહલેબૈત અલય્હેમુસ્સલામને યાદ કરી, આપના કાતીલો ઉપર લઅનત કરવી વીગેરે.

## એ વાતો જે પાણી પીતી વખતે ખરાબ છે

**<u>મસઅલો ૨૬૪૮</u>** :

**(૧)** વધુ પ્રમાણમાં પીવું. **(૨)** ચરબી, તેલ-ઘી વાળો ખોરાક ખાધા બાદ પાણી પીવું. **(૩)** રાતના સમયે ઉભા રહીને પીવું. **(૪)** ડાબા હાથે પાણી પીવું. **(૫)** જે કુજામાં તડ પડી હોય, અને જયાં તેનો હાથો હોય ત્યાંથી પીવું.

## નઝર અને અહદના એહકામ

**મસઅલો ૨૬૪૯** : નઝર એટલે ઈન્સાન ખુદાની ખુશ્નુદી ખાતર પોતાના ઉપર કોઈ કારે ખૈર બજાવી લાવવું વાજિબ કરે, અથવા જે કામ ન કરવા લાયક હોય તેને તર્ક કરવું.

**મસઅલો ૨૬૫૦** : નઝરમાં સીગો પડવો જોઈએ, અને તે માટે લાઝિમ નથી કે અરબીમાં પડાય. અગર કોઈ એમ જ કહી દીએ કે "જો મારો બીમાર તંદુરસ્ત થઈ જશે, તો હું ખુદાની ખાતર મારા ઉપર વાજિબ કરૂં છું કે દસ તુમાન ફકીરને આપીશ." તો એ નઝર સહીહ ગણાશે.

**મસઅલો ૨૬૫૧** : નઝર કરાર બાલીગ અને આકીલ હોવો જોઈએ, અને પોતાની સ્વેચ્છા અને સ્વતંત્રપણે નઝર કરી હોવી જોઈએ. અગર કોઈને મજબૂર કરવામાં આવે કે ફલાણી નઝર કરે, અથવા કોઈએ કસ્દ વિના ગુસ્સાના આવેશમાં નઝર કરી હોય. અથવા બેઈખ્તીયારીની હાલતમાં નઝર કરી હોય, તો એ સહીહ નથી.

**મસઅલો ૨૬૫૨** : જે શખ્સ સફીહ હોય, એટલે કે પોતાના માલને બેવકુફીભરી રીતે વેડફી નાખતો હોય, તે અગર નજર કરે કે, દાખલા તરીકે, ફકીરને કાંઈ આપશે, તો એ નઝર સહીહ નથી. એવી જ રીતે જે દેવાળીયો હોય, તો જે માલના તસરરૂફ (વપરાશ)માં તેના ઉપર અંકુશ હોય તે માલમાંથી નઝરરૂપે કાંઈ વાપરવાની નિય્યત કરે તો એ પણ સહીહ નથી.

**મસઅલો ૨૬૫૩** : પત્ની પોતાના શવહરની રજા વગર જો એવી નઝર કરે કે જેમાં શવહરના હકની જાળવણી ન હોય તો એ નજર સહીહ નહીં ગણાય.

એવી જ રીતે પત્ની પોતાના માલમાંથી શવહરની રજા વિના નઝરરૂપે કાંઈ વાપરવાની નિય્યત કરે, તો તેમાં ઈશ્કાલ છે, સિવાય કે હજ, ઝકાત, સદકો, અથવા પોતાના માતા પિતાની તેમ નઝદીકના સગાંઓની મદદ માટે નઝર કરી હોય.

**મસઅલો ૨૬૫૪** : અગર પત્ની પોતાના શવહરની સંમતિથી નજર કરે, તો શવહરને હક રહેતો નથી કે તેની નઝરને રદબાતલ કરે, અથવા તે મુજબ વર્તવાથી રોકે.

**મસઅલો ૨૬૫૫** : અગર અવલાદ બાપની રજા વગર યા રજાથી નઝર કરે, તો તે મુજબ અમલ કરવું જરૂરી છે પણ અગર મા અથવા બાપ એ નઝર પ્રમાણે અમલ કરવાથી રોકે, અને તે બાદ

તે પ્રમાણે વર્તવામાં અવલાદ માટે કોઈ હિત ન હોય, તો નઝર આપો આપ રદ થઈ જશે.

**<u>મસઅલો ૨૬૫૬</u>** : ઈન્સાન માત્ર એવા અમલ માટે નઝર કરી શકે છે કે જેને બજાવી લાવવું શક્ય હોય. દાખલા તરીકે, અગર કોઈના માટે કરબલા પગે જવું અશક્ય હોય, અને તે છતાં એવી નઝર કરે, તો એ સહીહ નહીં ગણાય.

**<u>મસઅલો ૨૬૫૭</u>** : અગર કોઈ શખ્સ એવી નજર કરે કે હરામ યા મકરૂહ કાર્ય કરશે, અથવા વાજિબ યા મુસ્તહબ કાર્યને તર્ક કરશે, તો એ નઝર બાતિલ છે.

**<u>મસઅલો ૨૬૫૮</u>** : અગર કોઈ શખ્સ એવી નઝર કરે કે એક મુબાહ અમલ બજાવી લાવશે, અથવા તરક કરશે, તો જો એ બજાવી લાવવા અને તર્ક કરવામાં દરેક રીતે સમાનતા હોય અને કંઈ ફેર ન પડતો હોય, તો એ નજર સહીહ નથી. પણ જો તેનું બજાવી લાવવું અમુક કારણસર બેહતર હોય. અને એ જ વસ્તુને લક્ષમાં રાખી નિય્યત કરી હોય, જેમકે, નઝર કરે કે એવી ખોરાકી ખાશે કે જેથી ઈબાદત માટે કુવ્વત હાંસિલ કરે, તો એ નઝર સહીહ છે.

એવી જ રીતે એ અમલને તર્ક કરવામાં બેહતરી હોય, અને ઈન્સાન એ જ બાબતને લક્ષમાં રાખીને નિય્યત કરે, જેમકે, નઝર કરે કે તંબાકુ નુકસાનકારક છે. એટલે તેને તર્ક કરશે, તો નઝર સહીહ છે. પણ જો પછીથી તંબાકુના ઉપયોગને તરક કરવું તેના માટે નુકસાનકારક સાબિત થાય, તો નજર આપોઆપ રદ થઈ જશે.

**<u>મસઅલો ૨૬૫૯</u>** : અગર કોઈ શખ્સ નઝર કરે કે પોતાની વાજિબ નમાઝો એવી જગ્યાએ અદા કરશે કે જે જગ્યાએ નમાઝ પડવામાં વધારે સવાબ નથી, જેમકે, નઝર કરે કે નમાઝો પોતાના ઓરડામાં પડશે, અને તેમાં અમુક કારણોસર બેહતરી હોય, જેમકે, એકાંત હોવાને કારણે વધુ ધ્યાન દઈને ખુશઅ ખુઝુઅ સાથે નમાઝ પડી શકશે, તો જો એ કારણને લક્ષમાં લઈને નઝર કરી હોય તો નઝર સહીહ છે.

**<u>મસઅલો ૨૬૬૦</u>** : જે રીતે નઝર કરી હોય તે જ મુજબ વર્તવું જરૂરી છે. અગર કોઈએ નઝર કરી હોય કે મહિનાના પહેલા દિવસે સદકો આપશે, યા રોજો રાખશે યા પહેલી તારીખની મુસ્તહબ નમાઝ પડશે, તો એ દિવસથી પહેલા યા બાદ એ અમલ બજાવી લાવે તો કાફી નહીં ગણાય. એવી જ રીતે અગર નઝર કરી હોય કે બીમાર તંદુરસ્ત થઈ જતાં સદકો આપશે, અને એ સાજો થાય એથી પહેલા સદકો આપી દીએ, તો કાફી નથી.

**<u>મઅસલો ૨૬૬૧</u>** : અગર કોઈ શખ્સ વખત કે સંખ્યા નક્કી કર્યા વિના નઝર રાખે કે રોઝો

રાખશે, તો ગમે ત્યારે એક રોઝો રાખવાથી નઝર અદા થશે. એવી જ રીતે સંખ્યા કે બીજી વિગતો નક્કી કર્યા વિના નમાઝની નઝર કરે, તો એકવાર બે રકાતવાળી નમાઝ કાફી ગણાશે. અગર નઝર કરે કે સદકો આપશે, પણ સંખ્યા કે જણસ નક્કી ન કરે, તો કોઈ પણ વસ્તુ સદકારૂપે આપે કે જેથી કહી શકાય કે સદકો આપ્યો છે, કાફી ગણાશે. અગર કોઈ શખ્સ એવી નઝર કરે કે કોઈ કાર્ય અલ્લાહની ખુશ્નુદી ખાતર બજાવી લાવશે, તો અગર નમાઝ પડે, રોઝા રાખે, યા સદકો આપે, તો નઝર મુજબ અમલ કરેલું ગણાશે.

**મસઅલો ૨૬૬૨** : અગર કોઈ નઝર કરે કે ફલાણા દિવસે રોઝો રાખશે, તો પછી એ મુજબ વર્તવું જરૂરી છે. અને જો એ નિયુકત દિવસે જાણી જોઈને રોઝો ન રાખે, તો તેની કઝા ઉપરાંત કફ્ફારો પણ આપશે. અને તે કફ્ફારો કસમ તોડવા માટેનો કફ્ફારો છે, જેની વિગતો હવે પછી આવશે. અલબત્ત, જે દિવસે રોઝો રાખવાની નઝર કરી હોય, એ દિવસે ઈખ્તીયારની સાથે સફર કરી શકશે,અને રોઝો નહીં રાખે. અને એ સફરમાં દસ દિવસ રોકાવવાનો ઈરાદો કરવો લાઝિમ નથી કે જેથી રોઝો રાખી શકે. અગર સફર અથવા બીમારી વીગેરે જેવા ઉઝરને કારણે, યા હયઝને કારણે, એ દિવસે રોઝો ન રાખી શકે, તો તેની કઝા છે,પણ કફ્ફારો નથી.

**મસઅલો ૨૬૬૩** : અગર કોઈ શખ્સ કોઈ લાચારી વિના, ઈખ્તીયારની હાલતમાં નઝર મુજબ અમલ ન કરે તો કફ્ફારો દેવો જોઈશે.

**મસઅલો ૨૬૬૪** : અગર કોઈ એવી નઝર કરે કે અમુક સમય સુધી ફલાણું કાર્ય તર્ક કરશે, તો વખત વીતી ગયા બાદ એ કાર્યને ફરી કરી શકશે. અને સમય વીતવા પહેલાં ભૂલથી યા લાચારીથી એ કામ અંજામ દીએ, તો તેના ઉપર કાંઈ વાજિબ નથી. પણ તે બાદ નિયુકત સમય સુધી એ અમલને તર્ક કરવાનું જારી રાખે, અને જો બીજી વાર કોઈ પણ ઉઝર વગર સમય વીતી ગયા પહેલાં એ અમલને અંજામ આપશે, તો તેના ઉપર કફ્ફારો લાગુ પડશે.

**મસઅલો ૨૬૬૫** : અગર કોઈ શખ્સ સમયની હદ નક્કી કર્યા વિના નઝર કરે કે ફલાણું કાર્ય અંજામ નહીં આપે, તો જો ભૂલી જવાથી, લાચારીથી યા ગફલતથી એ કામ બજાવી લાવે, તો તેના ઉપર કફ્ફારો વાજિબ નથી. પણ જયારે પણ એ ઈખ્તીયારની હાલતમાં એ કાર્ય બજાવી લાવે ત્યારે કફ્ફારો દેવો પડશે.

**મસઅલો ૨૬૬૬** : અગર એવી નઝર કરી હોય કે દર અઠવાડિયે એક દિવસ રોઝો રાખશે, જેમકે શુક્રવારનો દિવસ રોઝા માટે નક્કી કરે, અને એ દિવસે ઈદુલ ફીત્ર કે ઈદુલ હજનો પ્રસંગ આવે,

અથવા સફર યા હયઝ વીગેરે જેવા ઉઝર ઉપસ્થિત થાય, તો એ દિવસે રોઝો નહીં રાખે, પણ તેની કઝા આપશે.

**મસઅલો ૨૬૬૭** : અગર કોઈ શખ્સ નઝર કરે કે એક નિયુકત પ્રમાણમાં સદકો આપશે, પણ એ સદકો આપે એથી પહેલાં તેનું મરણ થાય, તો એના માલમાંથી એ સદકો આપવો લાઝિમ નથી. બેહતર એ છે કે વારસદારો એ સદકાને નિયુકત પ્રમાણસર પોતાના હિસ્સામાંથી મરહૂમ વતી આપે.

**મસઅલો ૨૬૬૮** : અગર એવી નઝર કરી હોય કે એક ખાસ ફકીરને સદકો આપશે, તો એ સિવાય કોઈ બીજા ફકીરને નહીં આપી શકે. અને જો એ ફકીર ગુજરી જાય, તો એહતીયાતે મુસ્તહબ છે કે તેના વારીસોને આપે.

**મસઅલો ૨૬૬૯** : અગર એવી નઝર કરી હોય કે ફલાણા ઈમામ અ.ની ઝિયારત માટે જશે, જેમકે, હઝરત ઈમામ હુસૈન અલય્હિસ્સલામની ઝિયારત માટે જશે, તો અગર એમ ન કરતાં બીજા ઈમામની ઝિયારત માટે જાય, તો કાફી નથી. અને જો કોઈ ઉઝરને કારણે ન જઈ શકે, તો તેના ઉપર કાંઈ વાજિબ નથી.

**મસઅલો ૨૬૭૦** : જે શખ્સે ઝિયારત જવા માટેની નઝર કરી હોય, પણ તેમાં ગુસલ કે નમાઝે ઝિયારત શામીલ ન કરી હોય, તો એ અમલો બજાવી લાવવાની ફરજ નહીં રહે.

**મસઅલો ૨૬૭૧** : અગર ઈમામો યા ઈમામઝાદાઓના હરમમાં કાંઈ દેવા માટે નઝર કરી હોય, પણ કેવી જાતનો ઉપયોગ થાય તે નક્કી ન કર્યું હોય, તો પછી હરમના સમારકામ, દીવાબત્તી, ફરશ વીગેરે માટે વાપરે.

**મસઅલો ૨૬૭૨** : અગર કોઈ શખ્સ કોઈ ઈમામ અ.સ.ના નામની નઝર કરે, અને તેમાં કોઈ ખાસ વપરાશનો કસ્દ કર્યો હોય, તો પછી એ મુજબ વાપરવું જોઈએ. પણ જો કોઈ કસ્દ ન હોય, તો એવા કાર્યમાં વાપરે કે તેની નિસ્બત એ ઈમામ અલય્હિસ્સલામ સાથે હોય. જેમકે એ ઈમામ અલય્હિસ્સલામના ફકીર ઝવ્વારને આપે, યા એમના હરમ માટે ઉપયોગમાં લીએ, યા એવા કાર્ય માટે વાપરે કે જેમાં એ ઈમામ અલય્હિસ્સલામની શાનમાં વધારો થાય, અને એમનું નામ જલવંત રહે. એ જ હુકમ ઈમામઝાદાઓના નામે કરેલ નઝરને લાગુ પડશે.

**મસઅલો ૨૬૭૩** : જે હયવાન, જેમકે, ઘેટાં બકરાં સદકારૂપે યા ઈમામ અ. ના નામે નઝરરૂપે આપવામાં આવ્યું હોય, તે કુરબાની પહેલાં જો દૂધ આપે, યા તેનું બચ્ચું જન્મે, તો એ નઝર કરનારની મિલકત ગણાશે, સિવાય કે એણે નિય્યતમાં બધી વસ્તુઓ પહેલેથી શામીલ કરી હોય, પણ ઊન, અને

હયવાન જેટલું માતેલું થાય, અને તેમાં માંસ વધે, એ સર્વે નઝરનો જ હિસ્સો ગણાશે.

**મસઅલો ૨૬૭૪** : અગર કોઈ શખ્સ નઝર કરે કે જો બીમાર તંદુરસ્ત થઈ જશે, અથવા જો મુસાફર સલામત પાછો ફરશે, તો ફલાણું કાર્ય અંજામ આપશે, અને જો તેને એ અરસામાં ખબર પડી કે નઝર માની એથી પહેલાં બીમાર સાજો થઈ ગયો હતો, અથવા મુસાફર પાછો આવી ગયો હતો, તો એ નઝર મુજબ વર્તવું લાઝિમ નથી.

**મસઅલો ૨૬૭૫** : અગર માતા યા પિતા એવી નઝર માને કે પોતાની દીકરીને સૈયદ સાથે પરણાવશે, તો એ દીકરી જયારે બાલીગ થાય ત્યારે તેને પોતાને સંપૂર્ણ ઈખ્તયાર રહેશે કે નિર્ણય લ્યે. અને માતા કે પિતાની નઝર નિરર્થક ગણાશે.

**મસઅલો ૨૬૭૬** : જયારે કોઈ ખુદા સાથે અહ્દ કરે કે તેની શરઈ હાજત પૂરી થઈ તો એ ફલાણું કાર્ય અન્જામ આપશે, તો હાજત પૂરી થતા એ કાર્યને અંજામ દેવું જરૂરી થશે. એવી જ રીતે હાજત વિના પણ જો અલ્લાહ સાથે અહ્દ કરે કે ફલાણું કાર્ય કરશે, તો એ અમલને અંજામ દેવું વાજિબ થશે.

**મસઅલો ૨૬૭૭** : અહ્દમાં નઝરની જેમ સીગો જારી કરવું જરૂરી છે, અને મશ્હૂર એ છે કે જે કાર્ય માટે અહ્દ કરે તે યા તો કોઈ પ્રકારની ઈબાદત હોય, જેમકે વાજિબ નમાઝો, મુસ્તહબ નમાઝો વીગેરે અને યા તો એવું કામ હોય કે જે શરીઅતની નઝરે તેનું બજાવી લાવવું તર્ક કરતા બેહતર હોય. પણ જાહેર એ છે કે એ વાત મોતબર નથી, બલ્કે મસઅલા ૨૬૮૦ માં કસમ બારામાં જે જણાવશું તે મુજબ હોય, તો અહ્દ સહીહ ગણાશે, અને તે પ્રમાણે વર્તવું વાજિબ થશે.

**મસઅલો ૨૬૭૮** : અગર કોઈ શખ્સ આપેલ અહ્દ પ્રમાણે અમલ ન કરે, તો તે માટે તેને કફ્ફારો આપવો પડશે, એટલે કે ૬૦ ફકીરોને પેટ ભરીને જમાડે, અથવા બે માસ લગોલગ રોઝા રાખે, યા એક ગુલામને આઝાદ કરે.

## કસમ ખાવાના એહકામ

**મસઅલો ૨૬૭૯** : અગર કોઈ શખ્સ કસમ ખાય કે ફલાણું કામ કરશે, અથવા તર્ક કરશે, જેમકે, કસમ ખાય કે રોઝો રાખશે યા તંબાકુનો ત્યાગ કરશે, તો જો જાણી જોઈને તેથી વિરૂદ્ધ કરે, તો તેનો કફ્ફારો આપવો પડશે; એટલે કે એક ગુલામને આઝાદ કરે. યા દસ ફકીરોને પેટ ભરી જમાડે, અથવા એમને વસ્ત્રો આપે. પણ જો એ શક્ય ન હોય તો ત્રણ દિવસ લાગલાગટ રોઝા રાખે.

**મસઅલો ૨૬૮૦** : કસમ માટે અમુક શરતો છે.

**(૧)** કસમ ખાનાર આકીલ, બાલીગ હોવો જોઈએ, અને પોતાની મરજીથી સ્વતંત્રપણે કસમ ખાય, નાનું બચ્ચું કે દીવાનો શખ્સ, યા નશામાં મસ્ત, યા મજબૂર શખ્સ જો કસમ ખાય, તો એ સહીહ નહીં ગણાય. એવી રીતે ગુસ્સાના આવેશમાં કોઈ કસ્દ વગર અથવા બેઈખ્તીયારની હાલતમાં કસમ ખાય તો સહીહ નથી.

**(૨)** જે કાર્ય માટે કસમ ખાય, તે હરામ કે મકરૂહ ન હોવું જોઈએ; અને જે કાર્યને ત્યજી દેવા માટે સોગંદ લીએ તે વાજિબ યા મુસ્તહબ ન હોવું જોઈએ. અને જો કોઈ મુબાહ અમલ બજાવી લાવવા માટે કસમ ખાય, તો જો વહેવારૂ રીતે એ કાર્ય બજાવી લાવવું તેને તર્ક કરવા કરતાં બેહતર હોય, તો એ કસમ સહીહ છે. એ પ્રમાણે અગર કોઈ કસમ ખાય કે ફલાણું કામ તરક કરશે તો જો વ્યવહારૂ રીતે તર્ક કરવું તેના બજાવી લાવવા કરતા બેહતર લેખાતું હોય, તો કસમ સહીહ ગણાશે. બલ્કે જો વહેવારૂ રીતે બંને સંજોગોમાં અન્જામ આપવું યા તર્ક કરવું બેહતર ન હોય, પણ અંગત તેના માટે બેહતરી હોય, તો પણ કસમ સહીહ છે.

**(૩)** ખુદાના નામોમાંથી કોઈ એક એવા નામની કસમ ખાય, કે જે નામ ખુદા સિવાય કોઈ બીજા માટે ઉપયોગમાં ન લઈ શકાય, જેમકે, ખુદા, અલ્લાહ, એવી રીતે જો અલ્લાહના એ નામની કસમ ખાય કે જે અગરચે ખુદા સિવાય બીજા માટે વપરાતું હોય, પણ વધારે પડતા સંજોગમાં એથી ખુદાની જાત જ મુરાદ લેવાતી હોય, જેમકે, ખાલીક, રાઝીક, તો પણ એ સહીહ કસમ છે. બલ્કે અગર એવા નામની કસમ ખાય કે જેથી માત્ર અલ્લાહની મુકદ્દસ જાત મુરાદ ન લેવાતી હોય, પણ જયારે કસમ માટે એ વપરાય ત્યારે ફકત અલ્લાહની જાત સમજવામાં આવે, જેમકે, સમીઅ, બસીર, તો પણ એ સહીહ કસમ છે.

**(૪)** કસમનો ઉચ્ચાર થવો જોઈએ, પણ મૂંગો શખ્સ જો ઈશારાથી કસમ ખાય તો સહીહ છે. એવી રીતે જે શખ્સ બોલી ન શકતો હોય, તેના માટે અગર લખવામાં આવે અને એ પોતાના મનમાં તેનો કસ્દ રાખે, તો કાફી ગણાશે. બલ્કે એ સિવાયના સંજોગમાં પણ કાફી છે. પણ એહતીયાત તર્ક ન કરવામાં આવે.

**(૫)** કસમ મુજબ વર્તવું તેના માટે શક્ય હોય. પણ જો કસમ ખાતી વેળા એ શક્ય હોય, પણ પછીથી એ અશક્ય થઈ જાય, તો અગર પોતાને જાણી જોઈને એ કાર્યને અંજામ દેવા અશક્ત ન કર્યો હોય, તો જયારથી એ અશક્ત થયો ત્યારથી જ કસમ રદબાતલ ગણાશે. એવી જ રીતે નઝર, કસમ યા અહદ મુજબ અમલ કરવામાં અસહ્ય તકલીફ હોય, તો એ જ હુકમ લાગુ પડશે.

**મસઅલો ૨૬૮૧** : અગર બાપ દીકરાને કસમ ખાવાથી રોકે, અથવા પતિ પત્નીને કસમ ખાવાથી રોકે, તો એમની કસમો સહીહ નહીં ગણાય.

**મસઅલો ૨૬૮૨** : અગર દીકરો પોતાના બાપની રજા વગર અને પત્ની પોતાના શવહરની રજા વગર કસમ ખાય, તો બાપ અને પતિ એમની કસમોને રદબાતલ કરી શકે છે.

**મસઅલો ૨૬૮૩** : અગર કોઈ શખ્સ ભૂલી જવાને કારણે યા લાચારી યા ગફલતને લીધે કસમ પ્રમાણે ન વર્તે, તો તેના ઉપર કફ્ફારો નથી.એવી જ રીતે જો એને કસમ પ્રમાણે ન વર્તવા માટે મજબૂર કરવામાં આવે, તો એ જ હુકમ લાગુ પડશે. અને અગર વસવસાનો શિકાર માણસ કસમ ખાય, જેમકે, એમ કહે કે વલ્લાહ, હમણાં જ નમાઝ શરૂ કરૂં છું; અને પછી વસવસાને કારણે શરૂ ન કરે, તો જો એ વસવસા ઉપર કોઈ કાબૂ ન હોય, અને બેઈખ્તીયારીને લીધે કસમ મુજબ અમલ ન કરે, તો તેના ઉપર કોઈ કફ્ફારો નથી.

**મસઅલો ૨૬૮૪** : અગર કોઈ શખ્સ કસમ ખાઈને કહે કે મારી વાત સાચી છે, તો જો ખરેખર એની વાત સત્ય હોય, તો તેના માટે કસમ ખાવી મકરૂહ છે, અને જો એ જુઠીકસમ હોય તો હરામ છે. બલ્કે ઝઘડાનો ફેંસલો આણવા માટે જે ખોટી કસમો ખાવામાં આવે છે તે ગુનાહે કબીરામાંથી છે. પણ જો ઈન્સાન પોતાને યા બીજા મુસલમાનને ઝાલિમના શરથી બચાવવા માટે ખોટી કસમ ખાય તો તેમાં વાંધો નથી, બલ્કે અમુક સંજોગોમાં તેમ કરવું વાજિબ છે. પણ જો તવરીયહ કરી શકતો હોય, એટલે કે કસમ ખાતી વેળા એના જાહેર અર્થ સિવાય શબ્દાના બીજા અર્થ મુરાદ લીએ, અને તે મુજબ નિય્યત કરે, તો તવરીયહ કરવું જોઈએ. જેમકે, અગર ઝાલિમ કોઈને ઈજા પહોંચાડવા માંગતો હોય, અને કોઈને પૂછે કે તેં એને જોયો છે? અને એ ઈન્સાને એને એકાદ કલાક પહેલા જોયો હોય, તે છતાં કહે કે ના, મેં નથી જોયો. અને એથી મુરાદ મનમાં લીએ કે પાંચ મીનીટ પહેલાં જોયો નથી.

# વકફના એહકામ

**<u>મસઅલો ૨૬૮૫</u>** : અગર કોઈ શખ્સ કોઈ વસ્તુને વકફ કરે, તો એ વસ્તુ એની મિલકીય્યતમાંથી નીકળી જાય છે, અને ત્યાર પછી પોતે કે કોઈ બીજાઓ એ વસ્તુને અર્પણ નહીં કરી શકે, વહેંચી નહીં શકે, તેમ એ માલનો કોઈ વારીસ પણ નહીં બને. પણ અમુક સંજોગો જે મસઅલા ૨૧૦૨ અને ૨૧૦૩ માં જણાવવામાં આવ્યા છે, તે ઉપસ્થિત થતા એને વહેંચવામાં કોઈ ઈશ્કાલ નથી.

**<u>મસઅલો ૨૬૮૬</u>** : એ જરૂરી નથી કે વકફનો સીગો અરબીમાં પડાય, બલ્કે અગર, દાખલા તરીકે, કોઈ પણ ભાષામાં એમ કહે કે 'આ કિતાબ હું તાલીબે ઈલ્મો માટે વકફ કરૂં છું.' તો એ વકફ સહીહ ગણાશે. ઉપરાંત વકફ અમલ અને વર્તનથી સાબિત થઈ શકે છે, જેમકે, ચટાઈને મસ્જિદમાં વકફની નિય્યતથી પાથરી લીએ, અથવા કોઈ ઈમારતને મસ્જિદના રૂપમાં બનાવીને મસ્જિદના કસ્દથી ખુલ્લી મૂકે, તો એ વકફ સાબિત ગણાશે. અને આમ જનતા માટે થએલ વકફ, જેમકે, મસ્જિદ, મદ્રેસા, અથવા બીજી એવી શરત નથી કે જે આમ જનતાના લાભાર્થે હોય, અથવા ફકીરો કે સાદાતો માટે વકફ હોય, તેમાં શરત નથી તેને જો સ્વીકારવામાં આવે તો જ એ વકફ સહીહ ગણાય. બલ્કે ખાસ વકફ, જેમકે, પોતાની અવલાદ માટે વકફ કરે, તો પણ મંજૂરી કે સ્વીકારવાની શરત નથી.

**<u>મસઅલો ૨૬૮૭</u>** : અગર કોઈ શખ્સ પોતાની અમુક મિલકતને વકફ કરવાની ધારણા કરે, પણ એથી પહેલાં કે તેને વકફ કરે, એ મરી જાય, અથવા પસ્તાવો કરે, તો વકફ સાબિત નહીં થાય.

**<u>મસઅલો ૨૬૮૮</u>** : જે શખ્સ કોઈ માલ વકફ કરતો હોય,તો જરૂરી છે કે ત્યારથી જ હંમેશા માટે વકફ કરી નાખે. અગર દાખલા તરીકે, એ એમ કહે કે આ માલ મારા મરી જવા પછી વકફ થશે, તો જો સીગો પડયા ત્યારથી તેના મૃત્યુના સમય સુધીમાં મિલકત વકફ ન હોય તો એ સહીહ નથી. એવી જ રીતે અગર કોઈ માલને દસ વર્ષ માટે વકફ કરે, અને ત્યાર પછી વકફ ન રહેવા પામે. અથવા એમ કહે પહેલા દસ વર્ષ સુધી વકફ રહેશે ત્યાર બાદ પાંચ વર્ષ માટે વકફ નહીં હોય, અને તે બાદ ફરી વકફ થઈ જશે, તો એ વકફ સહીહ નથી.

**<u>મસઅલો ૨૬૮૯</u>** : ખાસ વકફ એ સંજોગમાં સહીહ ગણાશે કે મોજૂદા તબકકાના લોકો કે જે જેના માટે માલ વકફ કર્યો હોય, તેમને યા તેમના વકીલ કે વલીને એ માલ ઉપયોગ માટે સુપરત કરી આપે, પણ અગર કોઈ શખ્સ પોતાની સગીર વયની અવલાદ માટે કોઈ માલ વકફ કરે, અને એ

નિય્યતે કે તેઓ મોટા થઈ જાય ત્યારે તેમને માલિકીમાં સુપરત કરી આપશે, અને દરમ્યાનમાં એમના વતી પોતે દેખરેખ કરશે, તો વકફ સહીહ ગણાશે.

**મસઅલો ૨૬૯૦** : જાહેર એ છે કે આમ જનતા માટે કરવામાં આવેલો વકફ, જેમકે, મદ્રેસાઓ, મસ્જિદો વીગેરે માટે કોઈ સામે પક્ષને અર્પણ કરે એવી શરત નથી. વકફ તરીકે તેની માત્ર જાહેરાત કરે, તો કાફી છે.

**મસઅલો ૨૬૯૧** : વકફ કરનાર માટે બાલીગ, આકીલ, હોવું જરૂરી છે, અને તેમાં તેના ઉપર કોઈ દબાણ કે મજબૂરી ન હોય, બલ્કે સ્વેચ્છાએ કસ્દ રાખેલો હોવો જોઈએ. સાથે સાથે વકફ કરનાર માટે શરત છે કે તેને પોતાના માલમાં શરઈ રીતે તસરરૂફ (વપરાશ) અને વહીવટની સત્તા હોવી જોઈએ; એનો અર્થ એ કે જે શખ્સ બેવકુફીભરી રીતે ઉડાઉ અને માલને વેડફી નાખાનાર હોય, જેને સફીહ કહેવાય છે, તે અગર માલ વકફ કરે તો સહીહ નહીં ગણાય.

**મસઅલો ૨૬૯૨** : અગર કોઈ શખ્સ એવા બચ્ચા માટે માલ વકફ કરે કે જેનો હજી જન્મ થયો ન હોય, પણ માના પેટમાં હોય, તો એ વકફનું સહીહ હોવું ઈશ્કાલ ધરાવે છે, અને તેમાં લાઝિમ છે કે એહતીયાત કરવામાં આવે. પણ અગર એવા લોકો માટે વકફ કરે કે જે મોજૂદ હોય, અને તેમની બાદ અન્ય લોકો માટે વકફ કરે કે જે હજી જન્મયા ન હોય, ચાહે એ હજી માના પેટમાં પણ ન હોય, તો વકફ સહીહ છે. દાખલા તરીકે, કોઈ શખ્સ પોતાની અવલાદ માટે વકફ કરે, અને એમના પછી એમની અવલાદ, એટલે કે પૌત્ર નવાસા માટે વકફ કરે, એવી રીતે એક પ્રજા બાદ બીજી પ્રજા ફાયદો મેળવે, તો એ વકફ સહી ગણાશે.

**મસઅલો ૨૬૯૩** : અગર કોઈ શખ્સ માલને પોતાના માટે વકફ કરે, જેમકે,કોઈ દુકાન વકફ કરે કે એની જે આવક હોય તેનાથી એના મરણ બાદ એનો મકબરો ચણવામાં આવે, તો એ વકફ સહીહ નથી. અલબત્ત, અગર એણે ફકીરો માટે માલ વકફ કર્યો હોય, અને યોગાનુયોગ પોતે ફકીર બની જાય, તો એ વકફના નફામાંથી મદદ લઈ શકશે.

**મસઅલો ૨૬૯૪** : અગર કોઈ શખ્સ વકફ કરેલ માલ માટે મુત્તવલ્લી નીમે, તો એના ઉપર વાજિબ છે કે વકફ પેટે થયેલ કરાર મુજબ અમલ કરે. ને જો મુત્તવલ્લી ન હોય, તો જે ખાસ લોકો માટે વકફ કરેલ હોય, જેમકે પોતાની અવલાદ માટે હોય, તો એ વકફના ઉપયોગ માટે એમને ઈખ્તીયાર રહેશે, અને જો અવલાદ નાબાલીગ હોય, તો તેમના વલીને અધિકાર છે. વકફના ઉપયોગ માટે હાકીમે શરઅની રજાની જરૂરત હોતી નથી. પરંતુ વકફના હિતો અને આવતી નસલ અને પ્રજાના હિતોની

જાળવણી માટે હાકીમે શરઅનો અધિકાર છે; જેમકે, એ વકફમાં સમારકામ યા પુન:બાંધકામ માટે, અથવા આવતી પ્રજાના હિતમાં તેને ભાડે દઈ દેવા સંબંધી નિર્ણય લેવાનું હોય.

**મસઅલો ૨૬૯૫** : અગર કોઈ શખ્સ દાખલા તરીકે, પોતાની મિલકત ફકીરો યા સાદાત માટે વકફ કરે, અથવા આમ ધર્માદા માટે વકફ કરે, તો જો તેના માટે મુતવલ્લી નીમયો ન હોય, તો તેનો ઈખ્તીયાર હાકીમે શરઅના હાથમાં રહેશે.

**મસઅલો ૨૬૯૬** : અગર મિલકતને ખાસ વ્યક્તિઓ માટે, જેમકે પોતાની અવલાદ માટે વકફ કરે, કે જેથી વંશ પરંપરા તેનો લાભ બાકી રહે, અને વકફનો મુતવલ્લી આવક ઉપજાવવા માટે એ ભાડે દઈ દીએ, અને ત્યાર બાદ ગુજરી જાય, તો એ ભાડાચીઠી કે પટ્ટો રદબાતલ નહીં થાય. પણ જો મુત્તવલ્લી ન હોય, અને એક તબકકો કે જેમના માટે એ વકફ હોય, એ મિલકત ભાડે ચડાવી દીએ અને ભાડાના નિયુકત પટ્ટા દરમ્યાન તેઓ ગુજરી જાય, તો તેમના બાદની પ્રજા અને વંશ અગર એ ભાડાચીઠી કે પટ્ટા માટે સંમંત ન હોય તો એ ભાડાનો પટ્ટો આપોઆપ રદબાતલ થઈ જશે. હવે જો ભાડુતે પૂરી મુદ્દતનું ભાડું આપી દીધું હોય, તો ગત તબકકાના સભ્યો જયારથી ગુજરી ગયા હોય, ત્યારથી મુદ્દત ખત્મ થાય ત્યાં સુધીનું આપેલું ભાડું એમના જ માલમાંથી પરત મેળવશે.

**મસઅલો ૨૬૯૭** : અગર વકફ કરેલી મિલકત ખંડેર કે ખરાબ હાલતમાં હોય, તો એથી વકફનો અંત આવતો નથી, સિવાય કે જે હેસીયત માટે એ વકફ કરવામાં આવેલ હોય એ હેસીયત બાકી ન રહે. જેમકે, કોઈ વાડીને વાડી તરીકે જ વકફ કરેલ હોય અને એ વાડી ખંડેર થઈને વાડીની હેસીયતમાં ન રહે, તો વકફ બાતિલ થશે, અને વકફ કરનારાના વારીસોને એ મળશે.

**મસઅલો ૨૬૯૮** : જે મિલકતનો અમુક ભાગ વકફ હોય, અને અમુક ભાગ વકફ ન હોય, અને તેના નક્કી ભાગલા પાડવામાં આવ્યા ન હોય, તો જેના હાથમાં એ વકફનું વહીવટ હોય, જેમકે, હાકીમે શરઅ, મુત્તવલ્લી અથવા જેમના માટે વકફ થયેલું હોય, તેઓ જાણકાર લોકોની સલાહથી તેના ભાગલા પાડી શકશે.

**મસઅલો ૨૬૯૯** : અગર વકફનો મુતવલ્લી ખિયાનત કરે, જેમકે, વકફની આવકનો ઉપયોગ નક્કી કરેલાં કાર્યો માટે ન કરે, તો હાકીમે શરઅ તેની સાથે એક બીજા વિશ્વાસુ શખ્સની નિમણુંક કરશે કે જેથી એ ખિયાનતને અટકાવે. પણ જો એ મુમ્કીન ન હોય, તો હાકીમે શરઅને હક છે કે એ મુત્તવલ્લીને બરતરફ કરી તેની જગ્યાએ બીજા વિશ્વાસુ શખ્સની નિમણુંક કરે.

**મસઅલો ૨૭૦૦** : જે ગાલીચો ઈમામવાડા માટે વકફ થયો હોય, તેને મસ્જિદ માટે

ઉપયોગમાં નહીં લઈ શકાય, અગરચે એ મસ્જિદ ઈમામવાડાની પાસે હોય.

**મસઅલો ૨૭૦૧** : અગર કોઈ મિલકત ખાસ મસ્જિદના સમારકામ માટે વકફ થઈ હોય, પણ એ મસ્જિદને સમારકામની જરૂરત ન હોય, અને એવી આશા પણ ન હોય કે નજીકના ભાવિમાં તેમાં કોઈ સમારકામની જરૂરત રહેશે. ઉપરાંત એ પણ મુમ્કીન ન હોય કે તેની આવક ભેગી કરવામાં આવે કે જેથી ભવિષ્યમાં મસ્જિદના સમારકામમાં વાપરી શકાય, તો એવા સંજોગમાં એહતીયાતે વાજિબ છે કે એ મિલકતની આવકને એવા કાર્યમાં વાપરે કે જે વાકીફના ઈરાદા સાથે સુસંગત હોય, જેમકે, એ મસ્જિદની બીજી જરૂરીઆતમાં, અથવા કોઈ બીજી મસ્જિદના સમારકામમાં વાપરે.

**મસઅલો ૨૭૦૨** : અગર કોઈ મિલકત વકફ થઈ હોય કે તેની આવક મસ્જિદના સમારકામ અને ઈમામે જમાઅત ત્થા અઝાન આપનાર (મુઅઝઝીન)ને અપાય, તો જો દરેક માટે હિસ્સો નિયુકત કર્યો હોય, તો એ મુજબ વર્તવું જોઈએ. પણ જો હિસ્સો નક્કી ન કર્યો હોય તો પહેલાં મસ્જિદના સમારકામમાં વપરાશે, અને જો તેમાંથી કાંઈ વધારો બાકી રહે તો એ ઈમામે જમાઅત અને મુઅઝઝીન વચ્ચે યોગ્ય ગણાય એ રીતે તકસીમ થશે. બેહતર એ છે કે આ બે જણ તકસીમ વેળા આપસમાં એક બીજાનો રાજીપો મેળવી સમાધાન કરે.

# વસિયતના એહકામ

**<u>મસઅલો ૨૭૦૩</u>** : વસિયત એટલે ઈન્સાન એવી દોરવણી આપે કે તેના મરી ગયા બાદ તેના માટે કોઈ કાર્યો અંજામ દેવામાં આવે, અથવા કહે કે તેના મરણ બાદ તેનો અમુક માલ ફલાણાનો છે, અથવા એ કે તેના માલનો અમુક ભાગ ફલાણાને માલિકીમાં આપવામાં આવે, અથવા ધર્માદામાં વપરાય. અથવા પોતાની અવલાદ અને આશ્રીત લોકો માટે કોઈ દેખરેખ રાખનાર યા સરપરસ્ત નીમે. જે શખસને વસિયત કરવામાં આવે એને વસી કહેવાય છે.

**<u>મસઅલો ૨૭૦૪</u>** : જે શખ્સ મૂંગો હોય, તે જો ઈશારાથી પોતાનો મકસદ સમજાવી શકતો હોય, તો દરેક કાર્ય માટે વસિયત કરી શકે છે. બલ્કે જે બોલી શકતો હોય, તે પણ જો ઈશારા વડે પોતાનો મકસદ સમજાવી શકે, તો એની વસિયત સહીહ ગણાશે.

**<u>મસઅલો ૨૭૦૫</u>** : અગર મય્યતની સહી કે સીલ સાથેનું લખાણ મળે, કે જેમાં તેનો મકસદ જાહેર થતો હોય, અને એ ખાત્રી હોય કે વસિયત માટે જ એ લખાણ લખેલું હતું, તો તે મુજબ વર્તવું વાજિબ છે. પણ જો એ ખબર હોય કે એ લખાણ તેની મુરાદ વસિયત ન હતી, બલ્કે માત્ર અમુક બાબતો ટાંકી હતી કે જેના ઉપરથી આગળ જતાં વસિયત કરવાનો હતો, તો એ લખાણ વસિયત માટે કાફી નથી.

**<u>મસઅલો ૨૭૦૬</u>** : વસિયત કરનાર બાલીગ, આકીલ હોવો જોઈએ, અને સફીહ કે મજબૂર ન હોવો જોઈએ. નાબાલીગ બચ્ચાની વસિયત સહીહ નથી, સિવાય એ કે એની ઉમર દસ વર્ષની હોય અને એણે પોતાના નજદીકના સગાંઓ માટે અથવા ધર્માદા માટે વસિયત કરી હોય. ઉપરોકત બે સંજોગોમાં તેની વસિયત સહીહ ગણાશે.

તો જો એની વસિયત નઝદીકના સગાંઓ માટે ન હોય, અથવા એ બાળકની ઉમર, દાખલા તરીકે, સાત વર્ષની હોય, અને એ વસિયત કરે કે એના માલનો થોડોક ભાગ ફલાણાને આપવામાં આવે, તો એ વસિયતને અમલી સ્વરૂપ આપવામાં ઈશ્કાલ રહેશે. અને બંને સંજોગમાં એહતીયાતની પૂરો ખ્યાલ રાખવો જોઈએ. અને જો વસિયત કરનાર સફીહ હોય, તો એ પણ પોતાના માલ બારામાં વસિયત કરે, તો એ મોઅતબર નથી, સિવાય કે બીજી એવી બાબતસર વસિયત કરે, જેમકે, એના મરણ પછી મય્યત માટે સામાન્ય રીતે જે વિધીઓ કરવામાં આવે છે,તે માટે વસિયત કરે, તો એ મોતબર ગણાશે.

**<u>મસઅલો ૨૭૦૭</u>** : જે શખ્સે જાણી જોઈને પોતાને ઘાયલ કર્યો હયો, અથવા ઝેર પીધુ હોય, કે જેને પરિણામે યકીન કે ગુમાન થાય કે એ કામ મૃત્યુ પામવા માટે બજાવી લાવ્યો હતો. અગર એ વસિયત કરે કે એનો માલ ફલાણી રીતે વાપરવામાં આવે, અને તે બાદ તરતજ મરી જાય, તો તેની વસિયત સહીહ નથી.

**<u>મસઅલો ૨૭૦૮</u>** : અગર ઈન્સાન વસિયત કરે કે તેના માલનો અમુક ભાગ ફલાણાની મિલકીય્યત થશે અને જેના હકમાં એ વસિયત થઈ હોય, તે એ મંજૂર રાખે, અગરચે એણે વસિયત કરનારની જિંદગીમાં એ મંજૂરી આપી હોય, તો એ વસિયત કરનારના મરણ પછી એ શખ્સ જણાવેલ માલનો માલિક બનશે.

**<u>મસઅલો ૨૭૦૯</u>** : જયારે ઈન્સાન પોતામાં મૃત્યુના ચિહ્નો જુએ, ત્યારે એની ફરજ છે કે તરતજ તેની પાસે રહેલી અમાનતો માલિકો સુધી પરત પહોંચાડે, યા તો એમને તેમની ખબર આપે જેની વિગતો મસઅલા ૨૩૫૧ માં જણાવી ચૂક્યા છીએ. અને અગર તેના ઉપર લોકોનું લેણું હોય જેની અદાયગીનો સમય પાકી ગયો હોય, અને લેણદાર પણ તકાજો કરી રહ્યો હોય, તો તે કરજ અદા કરીલ્યે. અગર પોતે એ કરજ ભરાપાઈ ન કરી શકે, અથવા અદાયગીનો સમય હજી પાક્યો ન હોય, અથવા લેણદારે કોઈ તકાજો ન કર્યો હોય, તો એવી વ્યવસ્થા કરે કે જેથી એને ઈત્મિનાન થાય કે તેના મરી જવા પછી તેના ઉપરનું લેણું લેણદારોને અદા થશે. જેમકે, એના ઉપરનું જે લેણું હોય તેની કોઈને ખબર ન હોય, તો એ માટે વસિયત કરી તેના સાક્ષીઓ રાખે.

**<u>મસઅલો ૨૭૧૦</u>** : જે શખ્સ પોતામાં મૃત્યુના ચિહ્નો જુએ, તેના ઉપર જો ખુમ્સ, ઝકાત અને રદ્દે મઝાલીમનું લેણું હોય, અને તરત તેની અદાયગી ન કરી શકે, તો જો એ પોતાના માલ વારસા રૂપે મૂકી જતો હોય, યા એને ગુમાન હોય કે કોઈ એના વતી એનો કરજો અદા કરી આપશે, તો ફરજ એ છે કે એ માટે વસિયત કરે. એવી જ રીતે જો તેના ઉપર વાજિબ હજ રહી ગઈ હોય, તો તે હુકમ લાગુ પડશે.

પણ અગર કોઈ શખ્સ શરીઅતના નિયુકત હકકો તરતજ અદા કરી શકતો હોય, તો વાજિબ છે કે તરતજ અદા કરે, અગરચે પોતાના મૃત્યુના ચિન્હો ન જોતો હોય;

**<u>મસઅલો ૨૭૧૧</u>** : જે શખ્સ પોતાના મૃત્યુના ચિહ્નો જુએ, તેના ઉપર જો કઝા નમાઝો અને રોઝા હોય, તો તેની ફરજ છે કે વસિયત કરે કે એના માલમાંથી મહેનતાણું આપી ને કોઈ ને તે અદા કરવા માટે રોકવામાં આવે. બલ્કે જો એની પાસે માલ ન હોય, પણ એને એવો ગુમાન હોય કે કોઈ

મહેનતાણા વગર એની કઝા નમાઝો રોઝાને અંજામ આપશે, તો પણ વાજિબ છે કે તે માટે વસિયત કરે.

પણ જો કોઈ એવો શખ્સ હોય, જેમકે એનો મોટો દિકરો હોય, અને એને ખબર હોય કે જાણ થઈ જતાં તેની કઝાઓ અદા કરી આપશે, તો માત્ર જાણ આપવું કાફી રહેશે. અને વસિયત કરવી લાઝિમ નહીં થાય.

**મસઅલો ૨૭૧૨** : જે શખ્સ પોતાના મૃત્યુના ચિહ્નો જુએ, તો તેની પાસે એવો માલ હોય, અથવા એ માલને એવા સ્થળે છુપાવી રાખ્યો હોય, કે જેની જાણ વારસદારોને ન હોય, અને એ જાણ ન હોવાને કારણે એમનો હકક બરબાદ થતો હોય, તો જરૂરી છે કે વારસદારોને જાણ કરે. અને સગીર વયની અવલાદ માટે જરૂરી નથી કે કોઈ સરપરસ્ત આ માલની સંભાળ રાખનાર નક્કી કરે, પણ જો તેમ ન કરવાથી એમનો માલ બરબાદ થઈ જવાનો ભય હોય, યા એ માલ આપો આપ બગડી જવાની બીક હોય, તો પછી વિશ્વાસુ શખ્સની નિમણુંક કરવી જોઈએ.

**મસઅલો ૨૭૧૩** : વસિયતનામાનો વહીવટ કર્તા માટે જરૂરી છે કે આકીલ હોય, અને વસિયત કરનાર માટે, તેમજ એહતીયાતની રૂએ, બીજા ઓની નજરે વિશ્વાસ પાત્ર હોય. મુસલમાન મરનારનો વહીવટ ક્ર્તા મુસલમાન હોવો જરૂરી છે, અને એકલા ના બાલીગ બચ્ચાને કરેલી વસિયત એહતીયાતની રૂએ સહીહ નહીં ગણાય. અગર વસિયત કરનારનો ઈરાદો હોય કે એ વલીની રજા વગર સગીર વયમાં માલનો વપરાશ કે વહીવટ કરે. પણ જો મરનારનો ઈરાદો હોય કે એ બાલીગ થઈ ગયા બાદ અથવા વલીની સંમંતિ મેળવીને વહીવટ કરે, તો તેમાં ઈશ્કાલ નથી.

**મસઅલો ૨૭૧૪** : અગર મરનાર એક થી વધુ વહીવટ કર્તાઓને નીમે, અને રજા આપે કે દરેક અલગ રહીને વસિયત પ્રમાણે અમલ કરે, તો જરૂરી નથી કે તેઓ એક બીજાની સંમંતિ મેળવે પણ જો એવી રજા મરનારે ન આપી હોય, અથવા બંનેને સાથે રહીને વસીયત મુજબ અમલ કરવાનું કહ્યું હોય, અથવા કાંઈ ન કહ્યું હોય, તો પછી એક બીજાની સલાહ લઈને વર્તવું જોઈશે.

પણ જો વહીવટ કર્તાઓ એક બીજા ની સાથે રહીને વસિયત પ્રમાણે અમલ કરવા તૈયાર ન હોય અને એમના વચ્ચે વિચારોનો સુમેળ ન થવા માટે કોઈ શરઈ કારણ ન હોય, તો હાકિમે શરઅ તેમને મજબૂર કરી શકશે, અને જો તેઓ હાકિમે શરઅની ફરમાબરદારી ન કરે, અથવા જો વિચારોનો સુમેળ એટલા માટે ન થતો હોય કે દરેકને શરઈ રૂકાવટ હોય, તો પછી હાકીમે શરઅ તેમાંથી એકને બરતરફ કરી બીજાને નક્કી કરી શકશે.

**મસઅલો ૨૭૧૫** : અગર ઈન્સાન પોતાની વસિયત પાછી ખેંચી લીએ, જેમકે પહેલા કહ્યું હોય

કે એના માલનો ત્રીજો ભાગ ફલાણાને અપાય, અને પછી કહે કે ન આપવામાં આવે, તો વસિયત બાતિલ થઈ જશે. અને જો વસિયત બદલી નાખે, જેમકે, પહેલા કોઈને પોતાની અવલાદ માટે વહીવટકર્તા નીમ્યો હોય, અને પછી બીજા કોઈને નિમણુંક કરે, તો પહેલી વસિયત બાતિલ થશે, અને બીજી વસિયત મુજબ અમલ કરવો જોઈએ.

**મસઅલો ૨૭૧૬** : અગર કોઈ શખ્સ એવું કામ કરે કે જેથી સાબિત થાય કે એણે પોતાની વસિયત પાછી ખેંચી લીધી છે, જેમકે, પહેલાં કોઈ મકાન માટે વસિયત કરી હોય કે ફલાણાને અપાય, એ પછી એજ મકાનને વહેંચી નાખે, અથવા પોતાની આગલી વસિયત યાદ હોવા છતાં, બીજા ને વકીલ નીમે કે એ મકાન વહેંચી આપે, તો વસિયત બાતિલ થઈ જશે.

**મસઅલો ૨૭૧૭** : અગર કોઈ શખ્સે વસિયત કરી હોય કે ફલાણી વસ્તુ કોઈને આપવામાં આવે, અને ત્યાર પછી વસિયત કરે કે એ જ વસ્તુમાંથી અડધો ભાગ બીજાને અપાય, તો એ વસ્તુના બે ભાગ કરવા પડશે, અને દરેકને તેમાંથી એક ભાગ અપાશે.

**મસઅલો ૨૭૧૮** : અગર કોઈ શખ્સ એ બીમારીમાં કે જેમાં એનું મૃત્યુ થાય, પોતાના માલમાંથી અમુક ભાગ કોઈને અર્પણ કરે, અને સાથે વસિયત કરે કે મરી જવા પછી અમુક ભાગ બીજાને પણ આપવામાં આવે, તો જો તેના માલનો ત્રીજો ભાગ જેને 'સુલુસ' કહેવાય છે, એ બે બક્ષીસો માટે કાફી ન હોય, અને વારીસો પણ સુલ્સથી વધુ આપવા માટે રજામંદ ન હોય, તો જે પહેલી બક્ષીસ કરી હતી તે સુલ્સમાંથી કાઢીને પહેલા શખ્સને અપાશે, અને તેમાં જે કાંઈ બાકી રહે, તેમાંથી બીજી વસિયત મુજબ અમલ થશે.

**મસઅલો ૨૭૧૯** : અગર કોઈ શખ્સ વસિયત કરે તેના મલનો ત્રીજો ભાગ વહેંચવામાં ન આવે, બલ્કે તેની આવક ફલાણા કામ માટે ઉપયોગમાં લેવાય, તો તે પ્રમાણે અમલ કરવું જોઈએ.

**મસઅલો ૨૭૨૦** : જે બીમારીમાં ઈન્સાન મરણ પામે, એ હાલતે જો કહે કે તેના ઉપર કોઈનું લેણું છે, અને એના માટે એવી બદગુમાની થાય કે વારીસોના હકને નુકસાન પહોંચાડવા માટે એવી વસિયત કરી છે, તો જે લેણું એ મરનારે નિયુકત કર્યુ હોય તે એના સુલ્સમાંથી અપાશે. પણ જો બદગુમાની ન હોય, તો એ કરજ અદા કરવું જરૂરી થશે, તેના અસલ માલમાંથી તેની અદાયગી કરવી જોઈશે.

**મસઅલો ૨૭૨૧** : જે શખ્સ માટે ઈન્સાને વસિયત કરી હોય કે તેના માલમાંથી કાંઈ આપવામાં આવે, તે શખ્સ માટે જરૂરી નથી કે વસિયત સમયે હસ્તિમાં હોય. અગર દાખલા તરીકે, એવી

વસિયત કરે કે અગર ફલાણી ઓરત હામેલા થાય અને બચ્ચાને જન્મ આપે, તો એ બચ્ચાને મજકુર વસ્તુ આપવામાં આવે, તો જો એ બચ્ચું વસિયત કરનારના મરી જવા પછી મવજુદ થાય તો લાઝિમ છે કે તેને વસિયત મુજબ આપવામાં આવે. પણ જો મવજુદ ન થાય, અને વસિયત કરનારના ઈરાદામાં એકથી વધુ મકસદનો ભાસ થાય, તો એના મકસદથી જે નજીકમાં નજીક કાર્યો હોય, તે માટે એ વાપરી શકાશે, નહિતર વારીસોને હક રહેશે કે એ વસ્તુ પોતાની વચ્ચે તકસીમ કરી લીએ.

પણ અગર ઈન્સાન એમ વસિયત કરે કે તેના માલનો અમુક ભાગ તેના મરી ગયા બાદ ફલાણાની મિલકત ગણાશે, તો જો એ શખ્સ વસિયત કરનારના મૃત્યુ સમયે હસ્તિમાં હોય તો વસિયત સહીહ છે. નહિતર બાતિલ ગણાશે, અને તેના માટે જે વસિયત કરી હોય તે વારસો પોતાના વચ્ચે તકસીમ કરી લેશે.

**મસઅલો ૨૭૨૨** : અગર ઈન્સાનને માલૂમ થાય કે ફલાણા શખ્સે તેને પોતાનો વહીવટકર્તા બનાવ્યો છે, તો જો એ વસિયત કરનારને જણાવી દીએ કે એ વહીવટ કરવા માટે તૈયાર નથી, તો વસિયત કરનારના મરી જવા પછી તેના ઉપર વસિયત પ્રમાણે અમલ કરવું જરૂરી નહિ થાય. પણ વસિયત કરનારના ગુજરી જવા પહેલા એ શખ્સને ખબર ન હોય કે એને વસી અથવા વહીવટકર્તા બનાવ્યો છે. અથવા ખબર હોય પણ એણે જણાવ્યું ન હોય કે એ કાર્ય માટે પોતે તૈયાર નથી, તો જો કોઈ તકલીફ કે મશક્કત આડે આવતી ન હોય, તો તે વસિયત મુજબ અમલ કરવું વાજિબ છે. એવીજ રીતે વહીવટકર્તાને વસિયત કરનાર ગુજરી જવા પહેલાં ખબર હોય, પણ એવા સંજોગ હોય કે વસિયત કરનાર સખત બીમારી યા કોઈ બીજા અંતરાય ને કારણે બીજા કોઈને વહીવટકર્તા નીમી ન શકતો હોય, તો એહતીયાત છે કે એ વસિયતને માન્ય રાખે.

**મસઅલો ૨૭૨૩** : અગર વસિયત કરનાર ગુજરી જાય, તો વહીવટકર્તા પોતે અલગ રહી બીજા કોઈને વહીવટકર્તા નહિ નીમી શકે. પણ જો એને જાણ હોય કે વસિયત કરનારનો ઈરાદો એ ન હતો કે પોતે ઉભા રહીને કાર્યો અંજામ આપે, બલ્કે એ મરહૂમનો ઈરાદો માત્ર એ હતો કે કાર્યો અંજામ પામે, તો એવા સંજોગમાં મદદનીશ તરીકે બીજાને પોતાનો વકીલ નીમી શકશે.

**મસઅલો ૨૭૨૪** : અગર મરનાર બે વહીવટકર્તાઓને સાથે નીમે, અને તેમાં એક ગુજરી જાય, યા દીવાનો કે કાફિર થઈ જાય, તો હાકીમે શરઅ એની જગ્યાએ બીજાને નક્કી કરશે. અને જો બંને ગુજરી જાય, યા દીવાના કે કાફિર થઈ જાય, તો હાકીમે શરઅ બીજા બેને નીમશે. પણ જો એક જ શખ્સ વસિયત મુજબ વહીવટ કરવાને શક્તિશાળી હોય તો બે જણનું હોવું જરૂરી નથી.

**મસઅલો ૨૭૨૫** : અગર વહીવટકર્તા પોતે એકલો, યા વકીલ કે પગારદાર મારફતે

મરહૂમના કાર્યોને અંજામ ન આપી શકતો હોય, તો હાકીમે શરઅ તેની મદદ માટે બીજાની નિમણુંક કરશે.

**મસઅલો ૨૭૨૬** : અગર મરનારના માલનો અમુક ભાગ વહીવટકર્તાના હાથે બરબાદ કે ગુમ થઈ જાય, તો જો વહીવટકર્તાએ તેની હિફાઝતમાં કચાશ રાખી હોય, યા હદ વટાવી ગયો હોય, જેમકે, મરહૂમે કહ્યું હોય કે ફલાણો હિસ્સો ફલાણા શહેરના ફકીરોમાં તકસીમ થાય, અને તેને બદલે એ કોઈ બીજા શહેરમાં માલ લઈ જાય, અને રસતામાં એ માલ બરબાદ થઈ જાય, તો વહીવટકર્તા જોખમદાર ગણાશે. પણ જો કચાશ ન રાખી હોય, યા હદ ઓળંગી ન હોય, તો એ જામીન નથી.

**મસઅલો ૨૭૨૭** : અગર મરનાર કોઈને વહીવટકર્તા નીમીને કહે કે તેના મરી જવા બાદ ફલાણો શખ્સ વહીવટકર્તા થશે, તો પહેલા વહીવટકર્તાના મરી જવા બાદ બીજાએ કામ સંભાળવું જોઈએ.

**મસઅલો ૨૭૨૮** : અગર મરનાર ઉપર વાજિબ હજ રહી ગઈ હોય, અથવા લેણું, યા શરઈ હકો (ખુમ્સ, ઝકાત, રદ્દે મઝાલીમ) બાકી હોય, કે જેને અદા કરવું વાજિબ છે, તો એ મરનારના અસલ માલમાંથી દેવાશે, અગરચે મરનારે તે માટે વસિયત ન કરી હોય.

**મસઅલો ૨૭૨૯** : અગર મરનારના માલમાંથી વાજિબ હજ, અને હુકુક, જેમકે ખુમ્સ, ઝકાત રદ્દે મઝાલીમ વીગેરે અદા કર્યા બાદ કાંઈ વધારો રહે, તો અગર એણે પોતાના ત્રીજા ભાગ અથવા એમાંથી અમુક ભાગ માટે વસિયત કરી હોય કે ફલાણા કાજે વપરાય, તો એ મુજબ અમલ થવો જોઈએ. અને જો એણે વસિયત ન કરી હોય, તો એ વધારો વારસદારોનો માલ ગણાશે.

**મસઅલો ૨૭૩૦** : અગર મરનાર કાંઈ ખર્ચ માટે વસિયત કરી ગયો હોય, અને તે એના ત્રીજા ભાગથી વધારે હોય, તો વધારામાં કરેલ વસિયતનું સહીહ હોવું વારસદારોની રજા ઉપર આધાર રાખે છે. અને એ માત્ર રજામંદી કાફી નથી, બલ્કે વારસદારો ઝબાનથી ઉચ્ચારે કે રાજી છે, યા એવું કાર્ય અંજામ આપે કે જેથી એમનો રાજીપો સાબિત થાય. અને જો વસિયત બાદ એક મુદ્દત વીતી ગયા પછી રજા આપે તો પણ સહીહ છે. અને જો અમુક વારીસો સંમંત થાય તો ફકત સંમંત થયેલા વારીસોના હીસ્સામાં એ વસિયત સહીહ ગણાશે; અને તે મુજબ અમલ થશે.

**મસઅલો ૨૭૩૧** : અગર મરનારે પોતાના ત્રીજા ભાગ કરતા વધારે વસિયત કરી હોય, અને વારસદારોએ તેની હયાતીમાં એ માટે રજા આપી દીધી હોય, તો એના મરી જવા પછી વારસદારો આપેલી રજાથી ફરી નહિ જઈ શકે.

**મસઅલો ૨૭૩૨** : અગર કોઈ શખ્સ વસિયત કરે કે એના ત્રીજા ભાગમાંથી ખુમ્સ, ઝકાત અથવા બીજાઓના લેણાં ભરાય, અને તેની કઝા નમાઝો, રોઝા માટે પગારદાર રોકવામાં આવે, અને અમુક મુસ્તહબ કાર્યો, જેમકે ફકીરોને જમાડવું વીગેરે અંજામ અપાય, તો સૌથી પ્રથમ એ ત્રીજા ભાગમાંથી કરજ ભરવામાં આવશે. તે બાદ જો વધારો રહે તો તેની કઝા નમાઝો, રોઝા માટે પગારદાર રોકવામાં આવશે. અને જો હજી વધારો રહેવા પામે, તો નિયુકત કરેલા મુસ્તહબ કાર્યોમાં એ વપરાશે. અગર ત્રીજા ભાગમાંથી ફકત કરજની ભરપાઈ થઈ શકતી હોય,અને વારીસો રાજી ન હોય કે સુલ્સમાંથી વધુ વપરાય, તો એવા સંજોગમાં કઝા નમાઝો, રોઝા તેમજ મુસ્તહબ કાર્ય માટેની વસિયત બાતિલ થઈ જશે.

**મસઅલો ૨૭૩૩** : અગર કોઈ શખ્સ પોતા ઉપર લેણાંની અદાયગી કઝા નમાઝ, રોઝા માટે કોઈને મહેનતાણું આપીને રોકવા, અને તેના માટે નિયુકત મુસ્તહબ કાર્યોને અંજામ આપવા માટે વસિયત કરે, પણ ઉલ્લેખ ન કરે કે એ ખર્ચ ત્રીજા ભાગમાંથી અપાય, તો તેના ઉપર જે રહી ગયેલું લેણું છે, તે તેના પૂરા માલમાંથી દેવાશે. અને જો કાંઈ વધે તો તેનો ત્રીજો ભાગ કઝા નમાઝ રોઝાની અદાયગી અને નિયુકત મુસ્તહબ કાર્યો માટે વપરાશે. અને જો એ ત્રીજો ભાગ કાફી ન હોય, તો જો વારીસો રજા આપે, તો એ વસિયત મુજબ અમલ કરવું જોઈએ. જો રજા ન આપે તો કઝા નમાઝ, રોઝા માટે એ ત્રીજા ભાગમાંથી અપાય. અને તે બાદ જે કાંઈ વધે તેનો નિયુકત મુસ્તહબ કામો માટે ઉપયોગ થાય.

**મસઅલો ૨૭૩૪** : અગર કોઈ શખ્સ દાવો કરે કે મરનારે વસિયત કરી હતી કે ફલાણી રકમ તેને આપવામાં આવે, તો નીચે જણાવેલ સંજોગોમાં એ રકમ તેને સુપરત કરવી જોઈએ :

**(૧)** અગર બે આદિલ પુરૂષો તેના કથનને ટેકો આપે;

**(૨)** અથવા પોતે કસમ ખાય, અને સાથે એક આદિલ પુરૂષ, તેના કથનને ટેકો આપે,

**(૩)** અથવા એક આદિલ પુરૂષ અને બે આદિલ સ્ત્રીઓ અથવા ચાર આદીલ સ્ત્રીઓ તેની વાત ઉપર સાક્ષી પુરે, પણ જો એક આદિલ સ્ત્રી સાક્ષી પુરે, તો તેને એ રકમનો ચોથો ભાગ મળશે; બે સ્ત્રીઓ સાક્ષી પૂરે, તો અડધો ભાગ; ત્રણ સાક્ષી પૂરે તો પોણો ભાગ આપવું જોઈએ.

એવી રીતે જો બે કાફિર અહલે કિતાબ કે જે પોતાના ધર્મ મુજબ આદિલ ગણાતા હોય, સાક્ષી પૂરે તો તેને દાવા મુજબ રકમ આવી જોઈએ, પણ તેમાં શરત એ છે કે મરનાર વસિયત કરવા માટે લાચાર થયો ત્યારે તે સમયે કોઈ મુસલમાન આદિલ સ્ત્રી કે પુરૂષ હાજર ન હતો.

**મસઅલો ૨૭૩૫** : અગર કોઈ શખ્સ મરનારનો વસી, વહીવટકર્તા હોવાનો દાવો કરે, કે જેથી

મય્યતના માલનું વહીવટ કરી શકે, અથવા કહે કે મરનારે તેને તેના સગીરવય બચ્ચાઓનો સરપરસ્ત નીમ્યો હતો, તો અગર બે આદિલ પુરૂષો તેની એ વાતને ટેકો આપે તો માન્ય રહેશે.

**મસઅલો ૨૭૩૬** : અગર ઈન્સાન વસિયત કરે કે તેના માલમાંથી અમુક વસ્તુ ફલાણા શખ્સ માટે છે, અને એ શખ્સ કબૂલ કર્યા પહેલાં યા રદ કર્યા પહેલા ગુજરી જાય, તો જયાં સુધી તેના વારીસોએ વસિયત રદ ન કરી હોય ત્યાં સુધી તેનો સ્વીકાર કરી શકશે. પણ આ હુકમ એ સંજોગોમાં છે કે વસિયત કરનારે પોતાની વસિયત પાછી ખેંચી ન લીધી હોય, નહિતર એ ચીજ ઉપર તેમનો કોઈ હક નહિ રહે.

## વારસાના એહકામ

**મસઅલો ૨૭૩૭** : જે લોકો કુટુંબી સંબંધને આધારે વારસો પામે છે, તેના **ત્રણ** તબક્કાઓ છે:

**પહેલા** તબક્કામાં મા, બાપ અને મરનારની અવલાદ છે. અને જો અવલાદ ન હોય, તો અવલાદની અવલાદ, જેમ જેમ વંશ આગળ વધતો રહે, એમાં જે મરનારની વધુ નજીક હશે તે વારસો પામશે, અને જયાં સુધી આ તબકકામાં એક વ્યક્તિ પણ મોજૂદ હોય, બીજા તબક્કાવાળાઓને કોઈ વારસો નહિ મળે.

**બીજા** તબક્કામાં દાદા, દાદી, ભાઈ અને બહેન છે. અને ભાઈ કે બહેન મોજૂદ ન હોય, તો તેમની અવલાદમાં જે મય્યતથી વધુ નજીક હોય તે વારસો પામશે. અને જયાં સુધી આ તબકકામાં એક વ્યક્તિ પણ મોજૂદ હશે. ત્રીજા તબકકામાં વારસો નહિ પહોંચે.

**ત્રીજા** તબક્કામાં કાકા, ફઈ, મામા અને માસી ત્થા તેમની અવલાદ છે. અને જયાં સુધી કાકાઓ, ફઈઓ, મામાઓ અને માસીઓમાં એક પણ વ્યક્તિ મોજૂદ હશે, ત્યાં સુધી તેમની અવલાદને વારસો નહિ મળે.

પણ જો મરનારનો એવો કાકો હોય કે જે એના બાપનો ઓરમાન ભાઈ હોય,(એટલે કે બાપ એક પણ મા જુદી હોય) અને સાથે તેના સગા કાકાનો દીકરો મોજૂદ હોય, તો વારસો એ સગા ભત્રીજાને મળશે, પણ ઓરમાન કાકાને નહિ મળે. પણ જો એકથી વધુ કાકાઓ અથવા ભત્રીજાઓ હોય, અથવા જો મરનારની પત્ની હયાત હોય, તો આ હુકમ ઈશ્કાલથી ખાલી નથી.

**મસઅલો ૨૭૩૮** : અગર ખુદ મરનારના કાકા, ફઈ, મામા, માસી યા તેમના દીકરા, પૌત્રા કે પરપૌત્રા મોજૂદ ન હોય, તો પછી મરનારના મા બાપના કાકા, ફઈ, મામા, માસી વારસો પામશે, અને જો તેમાંથી કોઈ ન હોય, તો તેમની અવલાદને વારસો મળશે અને જો તેમાંથી પણ કોઈ ન હોય, તો

મરનારના દાદા, દાદીના કાકા, ફઈ, મામા, માસીને વારસો મળશે, અને જો તેઓ પણ ન હોય, તો તેમની અવલાદને વારસો આપવામાં આવશે.

**મસઅલો ૨૭૩૯** : પતિ પત્ની એક બીજાનો વારસો પામશે, પણ તેની વિગત હવે પછી આપવામાં આવશે.

## પહેલા તબકકાનો વારસો

**મસઅલો ૨૭૪૦** : અગર પહેલા તબક્કામાંથી મરનારનો માત્ર એક જ વારીસ હોય, જેમકે મા અથવા બાપ, અથવા એક દીકરો યા એક દીકરી હોય, તો મય્યતનો પૂરો માલ એને મળશે; અને જો દીકરાઓ અને દીકરીઓ હોય, તો બે વચ્ચે એવી રીતે તકસીમ કરવામાં આવશે કે દરેક દિકરાને બે ભાગ અને દરેક દીકરીને એક ભાગ મળશે.

**મસઅલો ૨૭૪૧** : અગર મય્યતના વારીસોમાં ફકત તેનાં મા બાપ હોય, તો માલના ત્રણ ભાગ કરવામાં આવશે, જેમાંથી બે ભાગ બાપને અને એક ભાગ માને મળશે. પણ જો મય્યતના બે ભાઈઓ અને ચાર બહેનો મોજૂદ હોય, યા એક ભાઈ અને બે બહેનો હોય, કે જે સર્વે મુસ્લિમ, આઝાદ અને એક બાપથી હોય, એટલે કે એમનો બાપ અને મય્યતનો બાપ એક હોય, ચાહે મા એક હોય કે ન હોય, તો જોકે મય્યતના મા બાપ મોજૂદ હોવાથી એમને કોઈ વારસો નહિ મળે, પણ એમના હોવાના કારણે માને મય્યતના માલનો છઠો ભાગ મળશે, અને બાકી બાપને આપવામાં આવશે.

**મસઅલો ૨૭૪૨** : અગર મય્યતના વારીસોમાં ફકત મા બાપ અને એક દીકરી હોય, તો ઉપરોકત મસઅલામાં જણાવેલ શરતો મુજબ મય્યતના બે ભાઈઓ અને ચાર બહેનો અથવા એક ભાઈ અને બે બહેનો મોજૂદ ન હોય, તો માલના પાંચ ભાગ થશે. એમાંથી મા અને બાપને અકેક ભાગ અપાશે, અને ત્રણ ભાગ દીકરીને મળશે.

પણ જો ઉપરોકત શરતો સાથે તેનો ભાઈ અને બે બહેનો, અથવા બે ભાઈઓ અને ચાર બહેનો મોજૂદ હોય, તો પણ માલના પાંચ ભાગલા પાડવામાં આવશે, અને એમનું હોવું કોઈ અસર નહીં ધરાવે.

અલબત્ત, મશ્હૂર છે કે આવા સંજોગમાં માલના છ ભાગ થાય, જેમાં મા અને બાપ, દરેક એક ભાગ લેશે, અને બાકી ભાગોમાંથી ૩ ભાગ દીકરીને મળશે. છેલ્લે બાકી રહેલા ભાગના ફરી ચાર ભાગલા પાડી એક ભાગ બાપને અને ત્રણ દીકરીને મળશે. પરિણામે મય્યતના માલના ૨૪ ભાગ થશે, જેમાંથી ૧૫ દીકરીને, પાંચ બાપને અને ચાર માને મળશે. પણ કારણ કે આ કોલ ઈશ્કાલથી ખાલી

નથી, એટલે માના પાંચમાં અને છઠા ભાગ વચ્ચે જે ફેર થશે તેમાં એહતીયાત તર્ક ન કરવામાં આવે.

**મસઅલો ૨૭૪૩** : અગર મય્યતના વારીસોમાં મા બાપ અને એક દીકરો હોય તો માલના છ ભાગ કરવામાં આવશે, જેમાંથી મા અને બાપ દરેકને એકેક ભાગ મળશે, અને બાકીના ચાર ભાગ દીકરાને જશે. અને અગર એકથી વધુ દીકરાઓ અથવા દીકરીઓ હોય, તો એ ચાર ભાગોની પોતા વચ્ચે સરખે ભાગે વહેંચણી કરશે. અને જો દીકરાઓ તેમજ દીકરીઓ સાથે હોય તો એ ચાર ભાગ તકસીમ કરતી વેળા દરેક દીકરાને દીકરી કરતાં બમણું મળશે.

**મસઅલો ૨૭૪૪** : અગર મય્યતના વારીસોમાં માત્ર બાપ, યા મા, અને એક અથવા એકથી વધુ દીકરાઓ હોય, તો માલના ૬ ભાગ થશે, જે એક ભાગ બાપ અથવા મા, જે હોય તેને અપાશે, અને બાકીના પાંચ ભાગ દીકરાને મળશે. જો એકથી વધુ દીકરાઓ હોય તો તેઓએ પાંચ ભાગોની પોતા વચ્ચે સરખે ભાગે વહેંચણી કરશે.

**મસઅલો ૨૭૪૫** : અગર મય્યતના વારીસોમાં ફકત બાપ, અથવા મા, અને દીકરા દીકરી હોય, તો માલના છ ભાગ કરી એક ભાગ મા અથવા બાપને આપવામાં આવશે અને બાકીના ભાગોને એવી રીતે તકસીમ કરવામાં આવશે કે જેથી દરેક દીકરાને બે ભાગ અને દીકરીને એક ભાગ મળશે.

**મસઅલો ૨૭૪૬** : અગર મય્યતના વારીસોમાં ફકત બાપ યા મા, અને એક દીકરી હોય, તો માલના ચાર ભાગ થશે; એક ભાગ બાપ અથવા મા, જે હોય, તેને અપાશે, અને બાકી દીકરીને મળશે.

**મસઅલો ૨૭૪૭** : અગર મય્યતના વારીસોમાં બાપ અથવા મા, અને એકથી વધુ દીકરીઓ હોય, તો માલના પાંચ ભાગ કરી એક ભાગ મા અથવા બાપ, જે હોય, તેને મળશે, અને ચાર ભાગો દીકરીઓ વચ્ચે સરખે ભાગે તકસીમ કરવામાં આવશે.

**મસઅલો ૨૭૪૮** : અગર મરનારની કોઈ અવલાદ ન હોય, તો દીકરાની અવલાદ, અગરચે દીકરી હોય, મય્યતના દીકરા જેટલો ભાગ મેળવશે, અને દીકરીની અવલાદ, અગરચે દીકરો હોય, મય્યતની દીકરી જેટલો ભાગ પામશે. દાખલા તરીકે તેનો એક દોહીત્રો હોય અને એક પૌત્રી હોય, તો માલના ત્રણ ભાગો કરી એક ભાગ દોહીત્રાને અને બે ભાગ પૌત્રીને આપવામાં આવશે.

## બીજા તબક્કાનો વારસો

**મસઅલો ૨૭૪૯** : આ તબક્કામાં જે વારસો મેળવે છે, તે દાદા, દાદી, ભાઈ અને બહેન છે. અને અગર ભાઈ બહેન મોજૂદ ન હોય, તો તેમની અવલાદ વારસો પામશે.

**મસઅલો ૨૭૫૦** : અગર મય્યતના વારીસોમાં ફકત એક જ ભાઈ અથવા એક જ બહેન

હોય, તો પૂરો માલ તેને મળશે. અને જો એકથી વધુ ફકત સગા ભાઈઓ અથવા ફકત સગી બહેન હોય, તો માલ તેમના વચ્ચે સરખે ભગે તકસીમ થશે. જો સગાં ભાઈઓ અને બહેનો બંને હોય, તો દરેક ભાઈને બે ભાગ અને દરેક બહેનને એક ભાગ મળશે. દાખલા તરીકે જો વારીસોમાં બે ભાઈઓ અને એક બહેન હોય,તો માલના પાંચ ભાગ થશે, જેમાંથી દરેક ભાઈને બે, અને બહેનને એક ભાગ મળશે.

**મસઅલો ૨૭૫૧** : જે સંજોગમાં મય્યતના સગાં ભાઈ બહેનો મોજૂદ હોય. એ સંજોગોમાં સાવકા ભાઈ બહેનો, કે જેમની મા જુદી હોય, વારસો નહીં પામે. પણ જો સગાં ભાઈ બહેનો ન હોય, અને માત્ર એક ઓરમાન ભાઈ કે બહેન હોય(મતલબ કે એક જ બાપથી રીશ્તો હોય) તો પૂરો માલ એને મળશે. જો એકથી વધુ ફકત ઓરમાન ભાઈઓ હોય, યા ફકત ઓરમાન બહેનો હોય, તો તેઓ પોતાના વચ્ચે માલને સરખે ભાગે તકસીમ કરશે, પણ જો ઓરમાન ભાઈ બહેનો સાથે હોય, તો દરેક ભાઈને બે અને દરેક બહેનને એક ભાગ મળશે.

**મસઅલો ૨૭૫૨** : અગર મય્યતના વારીસોમાં માત્ર એક ભાઈ કે બહેન હોય કે જેનો બાપ મય્યતના બાપ સિવાય હોય, પણ મા મય્યતની મા જ હોય, તો પૂરો માલ તેને મળશે. અને જો મા થી જોડાયેલા ફકત ભાઈઓ હોય, યા ફકત બહેનો હોય, તો તેનો પોતાના વચ્ચે માલની સરખે ભાગે વહેંચણી કરશે.

**મસઅલો ૨૭૫૩** : અગર મય્યતના **ત્રણ જાત**ના ભાઈ બહેનો હોય.

**(૧)** સગાં ભાઈ બહેન.

**(૨)** એક બાપ પણ જુદી માઓથી એક ભાઈ બહેન.

**(૩)** એક મા પણ જુદા બાપથી એક ભાઈ અથવા એક બહેન. તો જે ભાઈ બહેન સાથે બાપથી રીશ્તો છે, પણ મા જુદી છે, તેને વારસો નહીં મળે. આવા સંજોગમાં માલના છ ભાગ થશે; જેમાંથી એક ભાગ માના રિશ્તાથી જોડાએલ ભાઈ અથવા બહેનને મળશે, અને બાકી સગાં ભાઈ બહેનોને આપવામાં આવશે. દરેક ભાઈને બે ભાગ અને બહેનને એક ભાગ મળશે.

**મસઅલો ૨૭૫૪** : અગર મરનાર સગાં ભાઈ બહેન સાથે બાપના રિશ્તે ભાઈ બહેન અને માના રિશ્તાથી અનેક ભાઈ બહેનો હોય, તો ઉપર જણાવ્યા મુજબ બાપના રિશ્તાથી ભાઈ બહેનને કંઈ વારસો નહીં મળે, અને આ સંજોગમાં માલના ત્રણ ભાગ થશે, જેમાંથી બે ભાગ સગાં ભાઈ બહેન પોતાના વચ્ચે વહેંચણી કરશે, એવી રીતે કે ભાઈને બહેન કરતાં બમણો હક મળશે. અને બાકીનો ભાગ માના રીશ્તાથી ભાઈ બહેનોને મળશે કે જે ભાગની વહેંચણી તેમના વચ્ચે સરખે ભાગે કરવામાં આવશે.

**મસઅલો ૨૭૫૫** : અગર મય્યતના વારસોમાં ફકત બાપના રિશ્તાથી ભાઈ બહેન હોય, અને સાથે એક ભાઈ અથવા બહેન માના રિશ્તાથી હોય, તો માલના ૬ ભાગ થશે. જેમાંથી એક ભાગ માના રીશ્તાથી ભાઈ અથવા બહેનને મળશે, અને બાકીના ભાગો બાપના રિશ્તાથી ભાઈ બહેનોને મળશે જે એમના વચ્ચે એવી રીતે તકસીમ થશે કે દરેક ભાઈને દરેક બહેન કરતાં બમણો હક મળશે.

**મસઅલો ૨૭૫૬** : અગર મય્યતના વારીસોમાં ફકત બાપના રિશ્તાથી જોડાએલ ભાઈ બહેન હોય, અને માના રિશ્તાથી અનેક ભાઈ બહેનો હોય, તો માલના ત્રણ ભાગ થશે, જેમાં ૧ભાગ માના રિશ્તાવાળા ભાઈ-બહેનોને અપાશે, અને તેઓએ ભાગ પોતાના વચ્ચે સરખે ભાગે તકસીમ કરશે. બાકીનો ભાગ બાપના રિશ્તાવાળા ભાઈ બહેનને અપાશે, જે એવી રીતે તકસીમ થશે કે ભાઈને બહેન કરતા બમણું મળશે.

**મસઅલો ૨૭૫૭** : અગર મય્યતના વારીસો ફકત ભાઈ, બહેન અને પત્ની હોય, તો પત્ની પોતાનો હક હવે પછી જણાવવામાં આવશે એ રીતે મેળવશે. અને ભાઈ બહેન ઉપરોકત મસાઈલમાં જણાવી ગયા છીએ એ રીતે પોતાના હકો હાંસિલ કરશે. એવી રીતે અગર પત્ની ગુજરી જાય, અને તેના વારીસોમાં તેના ભાઈ બહેન અને પતિ હોય, તો પતિને માલનો અડધો ભાગ મળશે, અને ભાઈ બહેન ઉપરોકત મસાઈલમાં જણાવ્યા મુજબ વારસો પામશે. પરંતુ પતિ યા પત્નીને વારસો મળતો હોવાથી માના રિશ્તે જોડાયેલાં ભાઈ બહેનના હકમાં ઘટાડો નહીં કરી શકાય, જયારે સગાં ભાઈ બહેનો યા બાપના રિશ્તે જોડાએલા ભાઈ બહેનોના હકમાં કમી કરી શકાશે. દાખલા તરીકે, જો મય્યતના વારીસોમાં શવહર સગાં ભાઈ બહેન તથા માના રિશ્તાથી ભાઈ બહેન હોય, તો અડધો ભાગ શવહરને જશે, અને પૂરા માલના ત્રણ ભાગનો એક ભાગ માના રિશ્તાથી ભાઈ બહેનને મળશે,અને જે બાકી રહે તે સગા ભાઈ બહેનને મળશે. એટલે અગર મય્યતનો પૂરો માલ છ તુમાન હોય, તો ત્રણ તુમાન શવહરને, બે તુમાન માના રિશ્તાથી જોડાએલ ભાઈ બહેનનો અને એક તુમાન સગા ભાઈ બહેનને મળશે.

**મસઅલો ૨૭૫૮** : અગર મય્યતના ભાઈ બહેનો જીવતા મોજૂદ ન હોય, તો તેમના વારસાનો હિસ્સો એમની અવલાદને જશે. હવે જો એ ભાઈ કે બહેન માદરી હોય, એટલે કે મરનાર અને એમની મા એક હોય, પણ બાપ જુદા હોય, તો તેમની અવલાદ વચ્ચે વારસો સરખે ભાગે તકસીમ થશે. પણ જો પીદરી ભાઈ બહેન હોય, એટલે કે મરનાર અને તેમનો બાપ એક હોય, પણ મા જુદી જુદી હોય અથવા સગાં ભાઈ બહેન હોય. તો મશ્હૂર એ છે કે એમની અવલાદમાં દીકરાને દીકરી કરતાં બમણો ભાગ અપાશે. પરંતુ સંભવ છે કે સર્વે વચ્ચે વારસાની તકસીમ સરખે ભાગે થવી જોઈએ, માટે

એહતીયાત છે કે અરસ પરસ સમજૂતી અને મુસાલેહતથી કામ લેવામાં આવે.

**મસઅલો ૨૭૫૯** : અગર મરનારનો ફકત એક દાદો યા એક દાદી વારીસ હોય, અથવા એક નાનો યા એક નાની હોય, તો સર્વે માલ એને મળશે, અને દાદા યા નાનાની મોજૂદગીમાં દાદા કે નાનાના બાપને કાંઈ ભાગ મળશે નહીં. પણ જો વારીસોમાં દાદા અને દાદી, બંને મોજૂદ હોય, તો વારસાનો ત્રણ ભાગ થશે, જેમાંથી બે ભાગ દાદાને અને એક ભાગ દાદીને જશે, અને જો વારીસોમાં ફકત નાના અને નાની બંને હોય, તો એ બે વચ્ચે વારસાને સરખે ભાગે વહેંચવામાં આવશે.

**મસઅલો ૨૭૬૦** : અગર મય્યતના વારીસોમાં માત્ર એક દાદો યા દાદી અને સાથે એક નાના યા નાની હોય તો માલને ત્રણ ભાગમાં તકસીમ કરવામાં આવશે જેમાંથી બે ભાગ દાદા યા દાદીને મળશે, અને એક ભાગ નાના યા નાનીને મળશે.

**મસઅલો ૨૭૬૧** : અગર મય્યતના વારીસોમાં દાદા, દાદી અને નાના, નાની બંને મોજૂદ હોય, તો માલને ત્રણ ભાગમાં તકસીમ કરી તેમાંથી એક ભાગ નાના, નાનીને મળશે, જે તેઓ પોતાના વચ્ચે સરખે ભાગે વહેંચણી કરશે, અને બે ભાગ દાદા,દાદીને જશે, જેમાં દાદો બે ભાગ રાખશે, અને દાદીને એક ભાગ આપશે.

**મસઅલો ૨૭૬૨** : અગર મય્યતના વારીસોમાં તેની પત્ની સાથે દાદા, દાદી અને નાના, નાની મોજૂદ હોય, તો પત્નીને તેનો હક આગળ જણાવવામાં આવશે તે રીતે મળશે. ત્યાર બાદ માલને ત્રણ ભાગમાં તકસીમ કરી એક ભાગ નાના, નાનીને અપાશે જે તેઓ પોતાના વચ્ચે સરખે ભાગે રાખશે.બાકી માલ દાદા, દાદીને મળશે, જેમાં દાદો દાદી કરતા બમણો ભાગ મેળવશે.

અને મય્યતના વારસીસોમાં પતિ સાથે દાદા, દાદી કે નાના નાની હોય, તો પતિને વારસાનો અડધો ભાગ અપાશે, અને બાકી રહેલો માલ દાદા, દાદી કે નાન, નાની વચ્ચે ઉપર જણાવી ગયા છીએ તે પ્રમાણે હીસ્સો અપાશે.

**મસઅલો ૨૭૬૩** : અગર વારીસોમાં ભાઈ બહેન, અથવા ભાઈઓ બહેનોની સાથે દાદા, દાદી નાના, નાની યા દાદાઓ, દાદીઓ, નાનાઓ અને નાનીઓ મોજૂદ હોય, તો તેની વ્યવસ્થાના અનેક પ્રકારો છે.

**(૧)** અગર નાના યા નાની સાથે સર્વે ભાઈ બહેન મરહૂમના માદરી ભાઈ બહેન હોય, એટલે કે તેમની મા એક હોય, પણ બાપ જુદા હોય, તો સર્વેને વારસામાં, નર નારીના ભેદવિના, સરખોભાગ આપવામાં આવશે.

**(૨)** અગર દાદા યા દાદી સાથે સર્વે ભાઈ બહેન મરહૂમના પીદરીભાઈ બહેન હોય. એટલે કે તેમનો બાપ એક હોય પણ મા જુદી હોય, તો જો સર્વે વારીસો પુરૂષ હોય, યા સર્વે વારીસો સ્ત્રી હોય તો માલની તકસીમ સરખેભાગે થશે. પણ જો તેમાં અમુક પુરૂષ અને અમુક સ્ત્રી હોય, તો પુરૂષને સ્ત્રી કરતા બમણો ભાગ આપવામાં આવશે.

**(૩)** અગર યા દાદા યા દાદીની સાથે મરહૂમના સગા ભાઈ બહેન મોજૂદ હોય,એટલે કે એમના એકજ મા બાપ હોય, તો ઉપરોકત જણાવ્યા મુજબ તેનો હુકમ છે, પણ એ જાણવું જોઈએ કે બાપ તરફથી જો ભાઈ અથવા બહેન સાથે સગો ભાઈ અથવા બહેન મોજૂદ હોય તો એકલા પીદરી ભાઈ બહેનને વારસો નહીં મળે, (બલ્કે સર્વેને તેમાંથી હક મળશે.)

**(૪)** અગર વારીસોમાં દાદાઓ અથવા દાદીઓ, યા નાનાઓ અથવા નાનીઓ હોય, ચાહે સર્વે પુરૂષ યા સ્ત્રી, યા બંને હોય, અને સામે ભાઈઓ અથવા બહેનો પણ એજ પ્રકારના હોય, તો મય્યતના માદરી ભાઈ બહેનો અને નાનાઓ, નાનીઓને વારસાનો ત્રીજો ભાગ મળશે ; અને એ તેમના વચ્ચે નર, નારીના ભેદ ભાવ વિના, તેઓ સરખે ભાગે તકસીમ કરશે.

બાકીના ૨/૩ ભાગ દાદાઓ, દાદીઓ અને પીદરી ભાઈ બહેનોને જશે કે જેમાં દરેક પુરૂષને સ્ત્રી કરતાં બમણો ભાગ અપાશે. અને જો સર્વે પુરૂષો કે સર્વે સ્ત્રીઓ જ હોય, તો માલ સરખેભાગે તકસીમ થશે.

**(૫)** અગર વારીસોમાં દાદા યા દાદી સાથે મય્યતના માદરી ભાઈ કે બહેન ઉપસ્થિત હોય, તો જો એકજ ભાઈ યા એકજ બહેન હોય, તો તેને માલનો છઠ્ઠોભાગ (૧/૬ ) આપવામાં આવશે. અને જો એકથી વધુ ભાઈઓ બહેનો હોય, તો તેમને માલનો ત્રીજો ભાગ આપવામાં આવશે કે જેની તેઓ પોતાના વચ્ચે સરખે ભાગે વહેંચણી કરશે. બાકી રહેલો માલ દાદા યા દાદીને જશે. અને જો બંને મોજૂદ હોય તો દાદાને દાદી કરતાં બમણો ભાગ મળશે.

**(૬)** અગર મય્યતના નાના કે નાની સાથે તેનો પીદરી ભાઈ ઉપસ્થિત હોય, તો એ સૂરતમાં નાના યા નાની ને ત્રીજો ભાગ મળશે, અગરચે એકજ હોય, અને બાકીનો ૨/૩ ભાગ ભાઈને જશે, અગરચે એ પણ એકલો જ હોય.

અને જો એ નાના કે નાની સાથે પીદરી બહેન હોય, તો જો એકલી હોય તો તેને વારસાનો અડધો ભાગ મળશે અને જો એકથી વધુ હોય તો તેમને વારસાનો ૨/૩ ભાગ મળશે. દરેક સંજોગમાં નાના અથવા નાનીનો ભાગ ૧/૩ રહેશે. આ હિસાબે અગર એક જ બહેન હોય તો વારસામાં ૧/૬ જેટલો ભાગ વધી પડશે. જેના માટે અહ્વતે વાજિબ છે કે અરસ પરસ

સમજૂતી અને મુસાલેહત કરવામાં આવે.

**(૭)** અગર વારીસોમાં અમુક દાદાઓ યા દાદીઓ અને અમુક નાનાઓ કે નાનીઓ હોય, અને સાથે એક યા એકથી વધુ પીદરી ભાઈ બહેન હોય, તો એ સંજોગમાં નાના કે નાનીને ૧/૩ ભાગ અપાશે, અને જો તેમની સંખ્યા વધુ હોય તો પોતાના વચ્ચે સરખે ભાગે તકસીમ કરશે ; અને તેમાં પુરૂષ સ્ત્રીનો ભેદ ભાવ રહેશે નહીં.

બાકી રહેલો ૨/૩ ભાગ દાદા કે દાદી અને પીદરી ભાઈ બહેનને મળશે. હવે તેમાં જો અમુક પુરૂષ અને અમુક સ્ત્રી હોય, તો પુરૂષને સ્ત્રી કરતાં બમણો ભાગ મળશે, અને જો નર નારીનો પ્રશ્ન ન હોય, તો એ સરખે ભાગે તકસીમ થશે.

અને જો એ દાદાઓ, દાદીઓ કે નાનાઓ સાથે માદરી ભાઈ બહેન ઉપસ્થિત હોય, તો નાના યા નાની તેમજ માદરી ભાઈ બહેનને ૧/૩ ભાગ મળશે, જે સ્ત્રી પુરૂષ પણ ભેદભાવ રાખ્યા વિના પોતાના વચ્ચે સરખે ભાગે તકસીમ કરશે. બાકી રહેલ ૨/૩ ભાગ દાદા કે દાદીને જશે. એકથી વધુ દાદા યા દાદીઓ હોય, તો જો બધા પુરૂષ હોય તો સરખે ભાગે તકસીમ કરશે અને જો અમુક સ્ત્રીઓ પણ સાથે હોય તો પુરૂષને સ્ત્રી કરતા બમણો ભાગ મળશે.

**(૮)** અગર વારીસોમાં અમુક માદરી અને અમુક પીદરી ભાઈ બહેનો સાથે દાદા કે દાદી ઉપસ્થિત હોય, તો એ સંજોગમાં માદરી ભાઈ બહેનને ૧/૬ ભાગ મળશે, જો એક જ હોય, પણ જો એકથી વધુ હોય, તો ૧/૩ મળશે. એ લોકો પોતા વચ્ચે હિસ્સાને સરખે ભાગે તકસીમ કરશે. બાકીનો માલ પીદરી ભાઈ બહેન અને દાદા યા દાદીને જશે. અને જો તેમાં માત્ર પુરૂષ યા માત્ર સ્ત્રીઓ હોય, તો સરખે ભાગે તકસીમ કરશે, નહીંતર પુરૂષને સ્ત્રી કરતાં બમણો ભાગ મળશે.

પણ જો વારીસોમાં એ ભાઈ બહેનો સાથે નાના કે નાની ઉપસ્થિત હોય, તો નાના કે નાની સાથે માદરી ભાઈ બહેનને ૧/૩ ભાગ જશે, જે તેમના વચ્ચે સરખે ભાગે તકસીમ થશે, અને બાકીનો ૨/૩ ભાગ પીદરી ભાઈ બહેનોને મળશે. હવે જો બધાય ભાઈઓ કે બધીય બહેનો જ હોય, તો પોતા વચ્ચે સરખે ભાગે વહેંચણી કરશે. નહીંતર પુરૂષને સ્ત્રી સામે બમણો ભાગ આપશે.

**<u>મસઅલો ૨૭૬૪</u>** : જે સંજોગમાં મય્યતના ભાઈ અથવા બહેન મોજૂદ હોય તે સંજોગમાં ભત્રીજા કે ભાણેજને વારસામાં કોઈ હક મળશે નહીં. પણ જે સંજોગમાં ભાઈ કે બહેનના હક સાથે ભત્રીજા યા ભાણેજનો હક અથડામણરૂપ ન હોય, તે સંજોગમાં આ હુકમ લાગુ નહીં પડે. જેમકે, અગર

વારીસોમાં પીદરી ભાઈ સાથે નાના મોજૂદ હોય, તો ભાઈને ૨/૩ ભાગ મળશે, અને નાનાનો ૧/૩ ભાગ છે. પણ જો મય્યતના માદરી ભાઈનો દીકરો પણ મોજૂદ હોય, તો એ ભત્રીજો નાનાના હિસ્સામાં ભાગીદાર બનશે.

## ત્રીજા તબક્કાનો વારસો

**મસઅલો ૨૭૬૫** : ત્રીજા તબક્કામાં કાકા, કુઈ, મામા અને માસી તથા તેમની અવલાદનો સમાવેશ થાય છે. અને અગાઉ સમજાવી ગયા છીએ તેમ જયાં સુધી પહેલા અને બીજા તબક્કાનો એક પણ વારીસ મોજૂદ હોય, ત્યાં સુધી ત્રીજા તબક્કાને કાંઈ નહીં મળે.

**મસઅલો ૨૭૬૬** : અગર મરનારનો વારીસ માત્ર એક જ કાકો કે એક જ કુઈ હોય, તો ચાહે એ સગો કાકો કે સગી કુઈ હોય, યા પીદરી કે માદરી કાકા કુઈ હોય, તમામ વારસો એને જશે. અને જો એક થી વધુ કાકાઓ અને ફઈઓ હોય, અને સર્વે સગાં કાકાઓ કે સગી કુઈઓ હોય, યા સર્વે પીદરી રિશ્તાના હોય, તો તેમના વચ્ચે વારસાની સરખે ભાગે તકસીમ થશે. પણ જો કાકાઓ એન કુઈઓ બંને ઉપસ્થિત હોય, અને તે સર્વે સગાં યા સર્વે પીદરી રિશ્તાના હોય, તો અક્વા છે કે કાકાઓને કુઈઓ કરતાં બમણો ભાગ આપવામાં આવે, દાખલા તરીકે, અગર મરનારના વારીસોમાં માત્ર બે કાકાઓ અને એક કુઈ હોય, તો વારસાના પાંચ ભાગ કરવામાં આવશે, જેમાંથી કાકાઓને સરખે ભાગે ચાર હિસ્સો મળશે, અને એક ભાગ કુઈ ને આપવામાં આવશે.

**મસઅલો ૨૭૬૭** : અગર મરનારના વારીસોમાં ફકત અમુક માદરી રિશ્તાના કાકાઓ અથવા માદરી રિશ્તાની કુઈઓ હોય, તો વારસો તેમના વચ્ચે સરખે ભાગે તકસીમ થશે. અને જો માદરી કાકાઓ અને માદરી કુઈઓ બંને મોજૂદ હોય, તો કાકાને કુઈઓ કરતાં બમણો ભાગ આપશે, જો કે એહતીયાત એ છે કે કાકાઓને જે વધારે હિસ્સો મળે તે માટે અરસપરસ મુસાલેહત કરવામાં આવે.

**મસઅલો ૨૭૬૮** : અગર મરનારના વારીસોમાં કાકાઓ અને કુઈઓ હોય, જેમાં અમુક પીદરી, અમુક માદરી અને અમુક સગાં કાકાઓ અને સગી કુઈઓ હોય, તો એવા સંજોગમાં પીદરી રિશ્તાના કાકાઓ અને કુઈઓને કોઈ ભાગ નહીં મળે.

અકવા એ છે કે મય્યતના વારીસોમાં એક માદરી કાકો અથવા એક માદરી કુઈ હોય, તો વારસાના ૬ ભાગ કારવામાં આવે, જેમાંથી એક ભાગ (૧/૬) એ માદરી કાકા અથવા કુઈને અપાય, ને બાકીનો વારસો સગા કાકા કે સગી ફઈને આપવામાં આવે. પણ જો સગાં કાકાઓ યા સગી કુઈઓ મોજૂદ ન હોય, તો પાંચ ભાગ પીદરી કાકા અને કુઈનો હક થશે, અને એક ભાગ માદરી કાકા, કુઈને

જશે.

મશહૂર એ છે કે જે ભાગ માદરી કાકા કુઈને મળે, તે તેમના વચ્ચે સરખે ભાગે તકસીમ કરવામાં આવે, પણ સંભવિત છે કે કાકાને કુઈ કરતાં બમણો હક મળવો જોઈએ. બહરહાલ, એહતીયાત એ છે કે આપસમાં મુસાલેહત કરે.

**મસઅલો ૨૭૬૯** : અગર મરનારના વારીસોમાં માત્ર એક મામા યા એક માસી હોય તો તમામ માલ તેને આપશે, અને જો બંને સાથે ઉપસ્થિત હોય, અને એ સર્વે સગા મામા માસી હોય, યા પીદરી યા માદરી રિશ્તાના હોય, તો સંભવિત છે કે મામાને માસી કરતાં બમણો ભાગ મળે, પણ સરખે ભાગે વહેંચણીનો પણ એહતેમાલ હોવાથી એહતીયાત તર્ક ન કરવું જોઈએ.

**મસઅલો ૨૭૭૦** : અગર વારીસોમાં એક યા વધુ માદરી મામા અને માસી હોય, અને તેમની સાથે સગા મામા, સગી માસીઓ તેમજ પીદરી મામા અને પીદરી માસીઓ પણ મોજૂદ હોય, તો આવા સંજોગમાં પીદરી મામા અને પીદરી માસીને વારસામાંથી બાકાત રાખવામાં ઈશ્કાલ છે. અને દરેક સંજોગમાં સંભવિત છે કે મામાને માસી કરતા બમણું મળે. પણ એહતીયાત છે કે મુસાલેહત કરવામાં આવે, અને એ એહતીયાત તર્ક ન કરવું જોઈએ.

**મસઅલો ૨૭૭૧** : અગર વારીસોમાં એક યા વધુ મામાઓ હોય અથવા એક યા વધુ માસીઓ હોય, અથવા બંને ઉપસ્થિત હોય, અને સાથે સાથે એક યા એકથી વધારે કાકાઓ હોય યા કુઈઓ હોય. અથવા કાકાઓ અને કુઈઓ બંને હાજર હોય, તો માલની ત્રણ ભાગમાં વહેંચણી થશે, જેમાંથી એક ભાગ મામાને કે માસીને, યા બંનેને મળશે, અને બાકીના બે ભાગ કાકાને યા કુઈને, યા બંનેને અપાશે.

**મસઅલો ૨૭૭૨** : અગર મય્યતના વારીસોમાં એક મામા અથવા એક માસી હોય, અને સાથે કાકા અને કુઈ પણ મોજૂદ હોય જે સગાં યા પીદરી રિશ્તાના હોય, તો માલના ત્રણ ભાગ થશે, જેમાંથી એક ભાગ મામા યા માસીને મળશે, અને બાકીના માલમાંથી અક્વાની રૂએ કાકાને બે ભાગ અને કુઈને એક ભાગ મળશે. આની રૂએ માલને નવ ભાગોમાં તકસીમ કરવામાં આવશે. જેમાંથી ત્રણ ભાગો મામા કે માસીને, ચાર ભાગ કાકાને અને બે ભાગ કુઈનો આપવામાં આવશે.

**મસઅલો ૨૭૭૩** : અગર વારીસોમાં એક મામા યા એક માસી હોય, અને સાથે એક માદરી કાકા અથવા કુઈ હોય, ઉપરાંત સગા યા પીદરી રિશ્તાના કાકા ફઈઓ હોય, તો માલના ત્રણ ભાગ કરવામાં આવશે, જેમાં એક ભાગ મામા કે માસીને જશે, અને બાકીનો માલ કાકાઓ અને કુઈઓ

પોતાના વચ્ચે સરખે ભાગે તકસીમ કરશે. અને સંભવિત છે કે તેમાં કાકાઓને ફુઈઓ કરતા બમણો હિસ્સો મળે, પણ તેમાં મુસાલેહત બેહતર છે.

**મસઅલો ૨૭૭૪** : અગર વારીસોમાં અમુક મામાઓ અને અમુક માસીઓ હોય, અને સાથે સાથે માદરી, યા પીદરી યા સગાં કાકા ફુઈઓ પણ મોજૂદ હોય, તો માલના ત્રણ હિસ્સાઓ કરવામાં આવશે, જેમાંથી ઉપર જણાવ્યા મુજબ બે ભાગો કાકાઓ અને ફુઈઓને મળશે, અને એક ભાગ મામાઓ અને માસીઓ મસઅલા ૨૭૭૦માં જણાવ્યા મુજબ પોતાના વચ્ચે વહેંચણી કરશે.

**મસઅલો ૨૭૭૫** : અગર મરનારના વારીસોમાં માદરી મામા કે માસી હોય અને સાથે અમુક સગાં મામાઓ, માસીઓ અથવા ફકત પીદરી રિશ્તાના પણ હોય, ઉપરાંત કાકા ફુઈઓ પણ હાજર હોય, તો માલના ત્રણ હિસ્સાઓ થશે, જેમાંથી અગાઉ જણાવ્યા મુજબ કાકા ફુઈઓ બે ભાગ મેળવશે, અને પોતાના વચ્ચે તકસીમ કરશે. અને બાકીનો એક ભાગ બાકી રહેલા વારીસો સરખે ભાગે પોતાના વચ્ચે વહેંચણી કરશે.

**મસઅલો ૨૭૭૬** : અગર મય્યતના વારીસોમાં કાકા, ફુઈ, મામા, માસી કોઈ મોજૂદ ન હોય, તો જે ભાગ કાકા ફુઈનો હોય છે, તે એમની અવલાદને અપાશે. અને જે ભાગ મામા માસીનો હોય છે, તે એમની અવલાદને મળશે.

**મસઅલો ૨૭૭૭** : અગર મય્યતના વારીસોમાં તેના બાપના કાકા, ફુઈ, મામા અને માસી હોય, તેમજ માના કાકા, ફુઈ, મામા અને માસી હોય, તો માલના ત્રણ હિસ્સાઓ થશે, જેમાંથી એક ભાગ માના કાકા, ફુઈ, મામા, માસીને જશે, અને મશહૂર કોલ મુજબ એ માલ એમના વચ્ચે સરખે ભાગે તકસીમ થશે પણ મુસાલેહતના એહતીયાતને તર્ક ન કરવામાં આવે. બાકીના બે ભાગોને ફરી ત્રણ હિસ્સાઓમાં તકસીમ કરવામાં આવશે, જેમાંથી એક હિસ્સો બાપના મામા, માસીને જશે અને એ જ રીતે તકસીમ થશે. અને બાકીના બે હિસ્સાઓ એ જ રીતે તકસીમ કરીને બાપના કાકા અને ફુઈને આપવામાં આવશે.

## પતિ, પત્નીનો વારસો

**મસઅલો ૨૭૭૮** : અગર પત્ની ગુજરી જાય અને તેની કોઈ અવલાદ ન હોય, તો તેનો વારસાનો અડધો ભાગ તેના શવહરને જશે, અને બાકીનો વારસો તેના બીજા વારસદારોમાં તક્સીમમ થશે. પણ જો એ શવહર યા બીજા શવહરથી તેની અવલાદ હોય, તો શવહરને વારસાનો ચોથો ભાગ મળશે, અને બાકીનો વારસો બીજા વારસદારોને મળશે.

**મસઅલો ૨૭૭૯** : અગર પતિ ગુજરી જાય અને તેની કોઈ અવલાદ ન હોય, તો પત્નીને પતિના માલનો ચોથો ભાગ મળશે, અને બાકી બીજા વારસદારોને જશે. પણ જો એ પત્ની યા બીજી પત્નીથી તેની અવલાદ હોય, તો પત્નીને આઠમો ભાગ મળશે, અને બાકી બીજા વારસદારોમાં તકસીમ થશે.

પત્નીને જમીન, મકાન, બાગ,ખેતીવાડી અથવા બીજી જમીનોનો વારસો આપવામાં આવશે નહીં. જયાં સુધી જમીનનો સંબંધ છે, ત્યાં સુધી પત્નીને ન જમીન વારસામાં અપાશે અને ન જમીનની કિંમત અપાશે. એવી જ રીતે મકાનના વાતાવરણમાં થએલ ચણતર, ઉગાડવામાં આવેલ ઝાડ પણ વારસામાં નહીં મળે, પણ તેની કિંમતમાં તેને વારસો મળશે. એ જ હુકમ ખેતીવાડી, અને બાગની જમીન ઉપર તેમજ અન્ય જમીનો ઉપર થએલા ચણતર, અને ઉગાડવામાં આવેલી વસ્તુઓને લાગુ પડશે.

**મસઅલો ૨૭૮૦** : અગર પત્નીની ઈચ્છા હોય કે જે વસ્તુમાં તેનો વારસા હક નથી, જેમકે રહેવાના મકાનની જમીનનો ઉપયોગ કરે, તો બીજા વારીસોની રજા મેળવવી જરૂરી છે.

એવી જ રીતે જયાં સુધી પત્નીને તેનો ભાગ આપી ન દેવામાં આવે, ત્યાં સુધી બીજા વારીસો માટે જાએઝ નથી કે જે વસ્તુની કિંમતમાં પત્ની હક ધરાવે છે, જેમકે ચણતર, ઝાડ, વીગેરે તેમાં વહીવટ કરે.

**મસઅલો ૨૭૮૧** : જયારે ચણતર કે ઝાડ વીગેરેની કિંમત કરવી હોય, ત્યારે સામાન્ય રીતે કિંમત આંકનારઓ જે રીતે કિંમત કરે છે, તે રીતે કિંમત આંકવામાં આવે, અને તેમાં જમીનની ખાસીયત ધ્યાનમાં ન લેવામાં આવે કે તેની કેટલી કિંમત લેખાય. એવી જ રીતે જમીનથી જો વસ્તુઓ ઉખેડી લેવામાં આવે ત્યારે તેની કિંમત કેટલી ગણાય, અથવા કોઈ પણ ભાડા વિના પડયા પડયા જો એ બરબાદ કે ઉજ્જડ થઈ જાય તો તેની શું કિંમત લેખાય, એ બાબતો મુજબ અનુમાન ન કરવામાં આવે.

**મસઅલો ૨૭૮૨** : પાણીના વહેણ માટે ખોદવામાં આવેલી નહેરનો હુકમ જમીનનો છે, અને બાંધકામ માટે મુકવામાં આવેલી ઈંટો વીગેરેનો હુકમ ચણતરનો રહેશે.

**મસઅલો ૨૭૮૩** : અગર મરનારની એકથી વધુ પત્નીઓ હોય, તો જો તેની અવલાદ ન હોય, તો તેમને ચોથો ભાગ, અને જો તેની અવલાદ હોય, તો તેમને ઉપર જણાવ્યા મુજબ આઠમો ભાગ મળશે; અને એ એમના વચ્ચે સરખે ભાગે તકસીમ થશે, ચાહે શવહરે તે સર્વે સાથે યા તેમાંથી અમુક

સાથે નઝદીકી અને જાતીય સમાંગમ ન કર્યું હોય.

પણ જે બીમારીમાં તેનું મૃત્યું થયું હોય, તે દરમ્યાન એણે અકદ કર્યા હોય અને એ સ્ત્રી સાથે જાતીય સમાંગમ ન કરી શક્યો હોય, તો એ સ્ત્રીને તેનો વારસો નહીં મળે; અને મહેરનો હક પણ નહીં પામે.

**મસઅલો ૨૭૮૪** : અગર પત્ની બીમારીની હાલતમાં શાદી કરે, અને એ જ બીમારીમાં મૃત્યુ પામે, તો અગરચે તેના શવહરે તેની સાથે જાતિય સમાંગમ ન કર્યું હોય, તો પણ તેનો વારસો પામશે.

**મસઅલો ૨૭૮૫** : અગર કોઈ પત્નીને શરીઅતમાં જણાવેલ રીતે તલાકે રજઈ અપાઈ હોય, અને ઈદ્દાની મુદ્દત દરમ્યાન પત્ની ગુજરી જાય તો શવહરને તેનો વારસો મળશે અને પતિ ગુજરી જાય તો પત્નીને તેનો વારસો મળશે પણ મુદ્દત ખત્મ થયા બાદ અથવા તલાકે બાઈનના ઈદ્દા દરમ્યાન બંનેમાંથી એક મૃત્યુ પામે, તો અરસપરસને તેનો વારસો નહીં મળે.

**મસઅલો ૨૭૮૬** : અગર શવહર બીમારીની હાલતમાં પોતાની પત્નીને તલાક આપે, અને ચાંદના હિસાબે બાર મહિના પૂરા થાય એથી પહેલા ગુજરી જાય, તો પત્નીને **ત્રણ** શરતે વારસો મળશે:

**(૧)** પહેલી શરત એ કે મુદ્દત દરમ્યાન પત્નીએ બીજી શાદી ન કરી હોય, અગર બીજી શાદી કરી હોય તો વારસો નહીં પામે, પણ એહતીયાત એ છે કે મુસાલેહત કરવામાં આવે.

**(૨)** બીજી શરત એ કે પત્નીએ તલાક માટે દરખાસ્ત ન કરી હોય, અથવા પ્રસ્તાવ ન કર્યો હોય. જો તેમ કર્યું હોય, તો ચાહે તલાક મેળવવા માટે શવહરને કોઈ અવેજ આપ્યું હોય કે ન આપ્યું હોય, એ વારસો નહીં પામે.

**(૩)** ત્રીજી શરત એ કે જે બીમારીમાં શવહરે તલાક આપી હોય, એ જ બીમારી દરમ્યાન એ રોગને કારણે યા બીજા કારણસર શવહરનું મૃત્યુ થયું હોવું જોઈએ. અગર એ બીમારીમાંથી શવહર સાજો થઈ ગયો હોય, અને તે બાદ કોઈ બીજા કારણસર તેનું મરણ નીપજે, તો એ પત્નીને વારસો નહીં મળે.

**મસઅલો ૨૭૮૭** : શવહરે પોતાની સ્ત્રીને પહેરવા માટે જે વસ્ત્રો લીધા હોય, તે અગરચે સ્ત્રીએ પહેર્યા હોય તો પણ શવહરના મરણ બાદ શવહરના માલમાં ગણાશે.

## વારસા સંબંધી જુદા જુદા મસાઈલ

**મસઅલો ૨૭૮૮** : મરનારનું કુરઆને મજીદ, તેની વીંટી, તલવાર અને તેના પહેરેલા કપડાંઓ મોટા દીકરાને મળશે, અને જો મરનાર પાસે ઉપરોકત વસ્તુઓ એકથી વધારે હોય, જેમકે બે

કુરઆન, બે વીંટીઓ યા બે તલવારો હોય, તો એહતીયાતે વાજિબ છે કે એ માટે મોટો દીકરો બાકીના વારીસો સાથે સમજૂતી અને મુસાલેહત કરે. આ ચાર વસ્તુઓમાં કુરઆનનું રહેલ, બંદુક અને ખંજર વીગેરે અન્ય હથિયારોના સમાવેશમાં સંકોચ છે. માટે અહવતે વાજિબની રૂએ તે બાબતે મોટો દીકરો બાકી વારીસો સાથે મુસાલેહત કરશે.

**મસઅલો ૨૭૮૯** : અગર મરનારના એકથી વધુ જયેષ્ઠ પુત્રો હોય, જેમકે, બે પત્નીઓમાંથી એક જ સમયે બે પુત્રો અવતર્યા હોય, તો ઉપરોકત વસ્તુઓની તેમના વચ્ચે સરખે ભાગે વહેંચણી કરવામાં આવશે.

**મસઅલો ૨૭૯૦** : અગર મરનાર ઉપર લેણું હોય, અને એ લેણું તેના મૂકેલા વારસા જેટલું યા એથી વિશેષ હોય, તો પણ ઉપર જણાવેલા મસઅલામાં જે વસ્તુઓ મોટા દીકરાને મળે છે, તે વસ્તુઓ કરજની ભરપાઈ પેટે આપી દેવું મોટા દીકરાની ફરજ છે, અથવા તેની કિંમત આંકી પોતાના માલમાંથી કિંમત અદા કરે.

જો મરનારનું લેણું તેના મૂકેલા વારસા કરતાં ઓછું હોય, અને મોટા દીકરાને જે વસ્તુઓ મળી છે, તે સિવાયનો માલ કરજની અદાયગી માટે કાફી ન હોય, તો મોટા દીકરા ઉપર ફરજ રહેશે કે તેને મળેલી વસ્તુઓમાંથી યા પોતાના માલમાંથી એ લેણું અદા કરે. બલ્કે અગર બાકી રહેલો માલ કરજની ભરપાઈ માટે કાફી હોય, તો પણ એહતીયાતે વાજિબ છે કે મોટો દીકરો ઉપરોકત જણાવેલ મુજબ મરનારના કરજની અદાયગીમાં હિસ્સો આપે, જેમકે, અગર મરનારનો સંપૂર્ણ વારસો સાઈઠ રૂપિયા હોય, જેમાં વીસ રૂપિયા એ વસ્તુઓની કિંમત હોય કે જે મોટા દીકરાને મળી છે, અને મરહુમ ઉપર ત્રીસ રૂપિયાનું લેણું હોય, તો મોટા દીકરાની ફરજ રહેશે કે દસ રૂપિયા એ મેળવેલી વસ્તુઓના હિસાબે મરહુમના કરજ પેટે આપે.

**મસઅલો ૨૭૯૧** : મુસલમાન કાફિરનો વારસો પામી શકશે. પણ કાફિર, ચાહે એ મુસલમાન મરનારનો બાપ કે દીકરો હોય, તેને વારસો નહીં મળે.

**મસઅલો ૨૭૯૨** : અગર કોઈ શખ્સ પોતાના કોઈ સગાંને જાણી જોઈને નાહક મારી નાખે, તો એનો વારસો પામી નહીં શકે. પણ જો ભૂલથી મારી નાખ્યો હોય, જેમકે, હવામાં પત્થર ફેંક્યો હોય અને એ અચાનક કોઈ સગાંને લાગી જતાં તેનું મૃત્યું નીપજયું હોય, તો વારસો પામશે. પણ તે સગાંના કતલના દીયતમાંથી (ખૂનના બદલામાં મળતું શરઈ વળતર) તેને વારસો મળે એમાં ઈશ્કાલ છે.

**મસઅલો ૨૭૯૩** : જયારે વારસાની વહેંચણી કરવી હોય, ત્યારે જે બચ્ચું માના પેટમાં હોય

અને જો એ જીવતું અવતરે તો વારસાનો હકદાર થતો હોય, તો સંજોગમાં જો એકથી વધુ બચ્ચાની સંભાવના ન હોય, અને એવો ઈત્મેનાન પણ ન હોય કે એ બચ્ચું દીકરી છે, તો એહતીયાત છે કે એક દીકરાનો જેટલો ભાગ થતો હોય, તેને અલગ કરે, અને બાકી બીજા વારીસો વચ્ચે તકસીમ કરે. અને જો એવી વધુ પડતી સંભાવના હોય કે એકથી વધુ બચ્ચા અવતરશે, જેમકે બેલડાં હોય, તો એહતીયાતની રૂએ એ બચ્ચાઓ માટેનો હિસ્સો અલગ કરવો જોઈએ. હવે જો માત્ર એક દિકરો યા દીકરી જન્મે, તો બાકી વધતી રકમ વારીસો પોતાના વચ્ચે તકસીમ કરી શકશે.

# સમાપ્ત

# બિસ્મિલ્લા હીર રહમાનીર રહીમ

## આયતુલ્લાહ સૈયદ અલી સીસ્તાની સાહેબનો સંક્ષિપ્ત જીવન પરિચય

### (અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા તેઓને લાંબી આયુષ્ય આપે)

વિલાદત : રબીય્યુલ અવ્વલ - ૧૩૪૮ ઈ.અ. ૧૯૩૦

આયતુલ્લાહ સીસ્તાની સાહેબનો જન્મ ઈલ્મ અને તક્વા માટે જાણિતા એવા પરિવારમાં થયો હતો. તેઓએ તેમના વતન મશ્હદ (ઈરાન) ખાતે પ્રાથમિક તાલીમ મેળવી હતી અને મિરઝા મહદી ઈસ્ફહાની સાહેબના દર્સે ખારિજમાં જોડાયા હતા. હી. ૧૩૬૮માં તેઓ કુમ ગયા અને ત્યાં (ફીકહ અને રિજાલના વિષયોમાં ) આયતુલ્લાહ બુરૂજર્દી અને આયતુલ્લાહ કુહકમરા’ઈ સાહેબના દર્સમાં હાજરી આપી. હી. ૧૩૭૧માં તેઓ નજફ ગયા અને ત્યાં સૈયદ મોહસિન અલ હકીમ, શૈખ હુસૈન અલ હિલ્લી અને સૈયદ અલ ખૂઈના દર્સે ખારીજમાં હાજરી આપી. તેઓને હી.૧૩૮૦માં સૈયદ અલ ખૂઈ અને શૈખ અલ-હિલ્લીએ ઈજતિહાદના ઈજાઝહ આપ્યા. આયતુલ્લાહ સીસ્તાની સાહેબે હી.સ. ૧૩૮૧માં ફીકહના વિષયમાં, અલ મકાસિબ અને અલ ઉરવતુલ વુસ્કાને મુખ્ય વિષય તરીકે લઈ દર્સે ખારિજ આપવાનું શરૂં કર્યુ. હી.સ.૧૩૮૪માં તેઓએ ઉસૂલે ફીકહમાં દર્સે ખારિજ આપવાનું શરૂ કર્યુ. અને હી.સ.૧૪૧૧માં તેઓએ તેનો ત્રીજો તબકકો પુર્ણ કર્યો.

આયતુલ્લાહ સીસ્તાની સાહેબની સાદગી અને પરહેઝગારી તેઓના નજફ ખાતેના ભાડાના મકાનમાં નિવાસથી સ્પષ્ટ થાય છે. હાલમાં (હીજરી ૧૪૨૦ ઈ.અ.૧૯૯૯માં) દુનિયાભરમાં અનેક મુસલમાનો ખાસ કરીને શિયાઓ તેમના મસાએલ/ફતવા મુજબ અમલ કરીને તેઓની તકલીદ કરી રહ્યા છે.

બારગાહે ઈલાહીમાં દુઆ ગુજારીએ છીએ કે : પરવાદિગારે આલમ અમારી ઉપર તેમનો છાંયો કાયમ રાખે. (આમીન)